અલ્લાહકી સર તા બકદમ શાન હંય યેહ
ઈન સા નહીં ઈન્સાન વોહ ઈન્સાન હંય યેહ
કુર્આન તો ઈમાન બતાતા હય ઈન્હેં
ઈમાન યેહ કહેતા હય, મેરી જાન હંય યેહ

# સીરતે મુસ્તફા ﷺ

صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ



★ લેખક ★

**હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી**
رحمة الله عليه

★ અનુવાદક ★

**શેખ ગુલામ રઝિક**

પ્રકાશક
**સુન્ની દા'વતે ઈસ્લામી-દયાદરા શાખા**
GRWB/058/Bharuch/02 મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦ ફોન : (૦૬૨૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧,
મો. ૯૮૨૪૪૮૬૪૪૩




| | | |
|---|---|---|
| પુસ્તકનું નામ | : | સીરતે મુસ્તફા (صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ) |
| મૂળ લેખક (ઉર્દૂ) | : | હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી સાહબ رحمة الله عليه |
| અનુવાદક | : | શેખ ગુલામ રઝિક |
| પેજ | : | ૬૯૬ |
| આવૃતિ | : | ત્રીજી |
| ઈ.સ. | : | ૧૨ રબિઉલ અવ્વલ હિ.સ. ૧૪૨૬<br>એપ્રિલ-૨૦૦૫ |
| હદિયા | : | રૂા. ૧૨૫/- |
| નકલ | : | ૨૦૦૦ |
| કોમ્પયુટર કંપોઝર | : | નૂરાની આર્ટ-દયાદરા, તા. જિ. : ભરૂચ<br>પિન-૩૯૨૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩ |
| મુદ્રક | : | ટેકનો પ્રિન્ટ, કાટવાલા એસ્ટેટ, વડોદરા |
| પ્રકાશક | : | સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)<br>મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ<br>પિન. ૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩<br>ફોન : ૦૨૬૪૨-૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨ |
| પ્રાપ્તિસ્થાન | : | રઝવી કિતાબ ઘર-દયાદરા<br>મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ<br>પિન.૩૯૨૦૨૦, મો. ૯૮૨૪૪૮૬૪૪૩<br>ફોન : ૦૨૬૪૨-૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨ |


સર્વ હક્ક
પ્રકાશકને આધિન

## અનુક્રમણિકા


પ્રકાશકના બે બોલ 017
સંપાદકના બે બોલ 023
પુસ્તક પ્રસ્તાવના 029
કેટલાક સીરત લેખકો 030
સીરત શું છે ? 033
અરબ દેશ 034
હિજાઝ 034
મક્કા મુકર્રમા 035
મદીના મુનવ્વરા 036
ખાતમુન્નબિય્યીન અરબમાં કેમ ? 036
અરબની રાજકીય સ્થિતિ 037
અરબની નૈતિક સ્થિતિ 037
હઝરત ઈબ્રાહીમ عليه السلام નાં સંતાનો 038
હઝરત ઈસ્માઈલ عليه السلام નાં સંતાનો 038
સીરતુન્નબીના વાંચનની રીત 039
હુઝૂર ﷺ નું મક્કી જીવન 042

(પ્રકરણ : ૧)

**કૌટુંબિક હાલત** 042
ખાનદાની શરાફત 043
હુઝૂરના માતા પિતાનો ઈમાન 052
નબુવ્વતની બરકતો 057

(પ્રકરણ : ૨)

**બાળપણ** 060
મૌલુદુન્નબી ﷺ 062
શક્કે સદ્ર (છાતી છેદન) 066
શક્કે સદ્ર કેટલીવાર થયું 067
ઉમ્મે ઐમન 068
બાળપણની અદાઓ 068
હઝરત આમેનાની વફાત 069
અબૂ તાલિબ પાસે 070
આપની દુઆથી વરસાદ 070
ઉમ્મી લકબ 071
સીરિયાનો પ્રવાસ અને બુહેરા 073

(પ્રકરણ : ૩)

**નબુવ્વતના એલાન પૂર્વેના કેટલાંક કારનામાં** 074
હિલ્ફુલ ફુઝૂલ 075
સીરિયાનો બીજો પ્રવાસ 076
નિકાહ 077
કા'બાની તા'મીર (બાંધકામ) 080
કા'બાનું બાંધકામ કેટલી વાર થયું ? 083
આપના ખાસ ચાહકો અને મિત્રો 084
અરબના તૌહીદમાં માનનારા (મુવહ્હિદીન) સાથેના સંબંધો 085
અસામાન્ય ચારિત્ર્ય 088

(પ્રકરણ : ૪)

**નબુવ્વતના એલાનથી ઉકબાની બૈઅત સુધી** 091
ગારેહિરા 091
પહેલી વહી 092
ઈસ્લામની દા'વતના ત્રણ પ્રકાર 094
રહમતે આલમ પર જુલ્મો સિતમ 096
કેટલાક તોફાની કાફિરો 098
મુસલમાનો પર અત્યાચારો 099
બારગાહે રિસાલતમાં કાફિરોનું પ્રતિનિધિમંડળ 103
કુરૈશનું પ્રતિનિધિમંડળ અબૂ તાલિબ પાસે 105






## અનુક્રમણિકા


હબ્શા ભણી હિજરત સન પાંચ નબવી 106
કાફિરોનો દૂત નજ્જાશીના દરબારમાં 108
હઝરત અબૂબક્ર અને ઈબ્ને દગના 110
હઝરત હમ્ઝા મુસલમાન થઈ ગયા 111
હઝરત ઉમરનો ઈસ્લામ 113
હઝરત બીબી ખદીજાની વફાત 120
તાઈફ વગેરેના પ્રવાસો 121

(પ્રકરણ : ૫)

**મદીનામાં આફતાબે રિસાલતની તજલ્લીઓ** 126
મદીનામાં ઈસ્લામ કેવી રીતે ફેલાયો 127
અકબાની પહેલી બયઅત 128
અકબાની બીજી બયઅત 129
મદીના તરફ હિજરત 131
રસૂલની હિજરતની ઘટના 134
કાશાનએ નબુવ્વતનો ઘેરાવ 135
૧૦૦ ઊંટના ઈનામની જાહેરાત 140
ઉમ્મે મા'બદની બકરી 140
સુરાકાનો ઘોડો 142
બુરૈદા અસ્લમની ધ્વજ 142
હઝરત ઝુબૈરના બહુમૂલ્ય કપડાં 143
શહનશાહે રિસાલત મદીનામાં 143
**મદની જિંદગી** 146

(પ્રકરણ : ૬)

**હિજરતનું પહેલું વર્ષ** 146
અબૂ ઐયૂબ અન્સારીનું મકાન 149
હઝરત અબ્દુલ્લાહ બિન સલામનું મુસલમાન થવું 150
હુઝૂરના કુટુંબીજનો મદીનામાં 151
મસ્જિદે નબવીનું બાંધકામ 152
નબીની પુનિત પત્નીઓનાં મકાનો 153
મુહાજિરોનાં ઘર 154
હઝરત આઈશાની રૂખ્સતી (વિદાય) 155
અઝાનની શરૂઆત 155
અન્સાર અને મુહાજિર ભાઈ ભાઈ 156
યહૂદીઓ સાથે કરાર 158
મદીના માટે દુઆ 159
હઝરત સલ્માન ફારસી મુસલમાન બની ગયા 160
નમાઝોની રકાતમાં વધારો 161
ત્રણ જાંનિષારોની વફાત 161

(પ્રકરણ : ૭)

**હિજરતનું બીજું વર્ષ** 164
કિબ્લાનો ફેરફાર 164
લડાઈઓની શ્રૃંખલા 166
"ગઝવહ" અને "સરિય્યહ"નો તફાવત 170
"ગઝવાત" અને "સરાયા" 171
સરિય્યા ઉબૈદા બિન હારિષ 172
સરિય્યા સા'દ બિન અબી વક્કાસ 173
ગઝવએ અબવાઅ્ 173
ગઝવએ ઝિલ ઉશૈરહ 174
સરિય્યએ અબ્દુલ્લાહ બિન જહશ 175
જંગે બદર 176
નાનકડો સૈનિક 179
અબૂ સૂફિયાનની ચાલાકી 180
કુરૈશના કાફિરોનો જોશ 181

## અનુક્રમણિકા


અબૂ સુફયાન બચીને નીકળી ગયો 181
કાફિરોમાં વિવાદ 182
કુરૈશના કાફિરો બદરમાં 182
તાજદારે દો આલમ ﷺ બદરના મેદાનમાં 183
સરવરે કાઈનાતની શબ બેદારી (ઉજાગરો) 184
કોણ ? ક્યારે અને ક્યાં મરશે ?! 184
યુદ્ધ ટળતાં રહી ગયું 184
મુજાહિદોની હરોળબંદી 186
શિકમે (પેટ) મુબારકનું ચુંબન 186
વચનપાલન 187
બંને લશ્કર સામસામે 188
દુઆએ નબવી 188
લડાઈ કેવી રીતે શરૂ થઈ 189
હઝરતે ઉમૈરનો શહાદતનો શોખ 190
કાફિરોનો સેનાપતિ મરાયો 190
હઝરત ઝુબૈરની ઐતિહાસિક બરછી 192
અબૂ જહલ અપમાનિત થઈને મરાયો 192
અબુલ બખ્તરીની કત્લ 194
ઉમૈયહની કત્લ 195
ફરિશ્તાઓની ફોજ 195
કાફિરોએ શસ્ત્રો મૂકી દીધાં 196
બદરના શહીદો 196
કાફિરોના મૃતદેહો સાથે સંબોધન 197
મદીના તરફ વાપસી 199
બદરના મુજાહિદોનું સ્વાગત 199
બંદીઓ સાથે વતૂર્ણક 200
યુધ્ધના બંદીઓનું પરિણામ 200
હઝરત અબ્બાસનો ફિદિયો 201
હઝરત ઝૈનબનો હાર 202
બદરમાં કત્લ થયેલાઓનો માતમ 203
ઉમૈર અને સફવાનનું ભયંકર કાવતરું 205
અબૂ લહબનું ઈબ્રતનાક (બોધદાયક) મૌત 206
બદરના મુજાહિદોની ફઝીલતો 006
ગઝવએ બની કૈનુકાઅ 207
ગઝવએ સવીક 208
હઝરત ફાતિમાના નિકાહ 209
હિ.સ. ૨ (બે)ના વિવિધ બનાવો 209

(પ્રકરણ : ૮)

**હિજરતનું ત્રીજું વર્ષ 211**
જંગે ઓહદ 211
ઓહદના યુધ્ધનું પરિણામ 211
મદીના પર આક્રમણ 213
મુસલમાનોની તૈયારી અને જોશ 213
હુઝૂર ﷺ એ યહૂદીઓની સહાય ફગાવી 214
તરુણોમાં જેહાદનો જોશ 216
યુધ્ધની શરૂઆત 217
અબૂ દુજાનાનું સદ્ભાગ્ય 220
હઝરત હમ્ઝાની શહાદત 221
હઝરત હંઝલાની શહાદત 222
એકાએક યુદ્ધનું પાસું પલટાઈ ગયું 223
હઝરત મુસ્અબ બિન ઉમૈર પણ શહીદ થયા 224
ઝિયાદ બિન સકનની વીરતા






## અનુક્રમણિકા


અને શહાદત 226
ખજૂર ખાતાં ખાતાં જન્નતમાં 227
લંગડાતા લંગડાતા જન્નતમાં 227
તાજદારે દો આલમને ઈજા 228
સહાબાની જાંનિષારીનો ઉત્સાહ 230
અબૂ સુફયાનનો સૂત્રોચ્ચાર અને તેનો જવાબ 233
સા'દ બિન અર્રબીઅની વસિયત 234
મુસ્લિમ મહિલાઓના પરાક્રમો 234
હઝરત ઉમ્મે ઓમારહની જાંનિષારી 234
હઝરત સફિયાનું સાહસ 236
એક અન્સારી મહિલાની ધીરજ 236
શહીદોની કબરોની ઝિયારત 237
શહીદોનું જીવન 238
કઅબ બિન અશરફની કતલ 238
ગઝવએ ગત્ફાન 239
**હિ. સ. ૩ ની વિવિધ ઘટનાઓ 241**

(પ્રકરણ : ૯)

**હિજરતનું ચોથું વર્ષ 242**
સરિય્યએ અબૂ સલમા 242
સરિય્યએ અબ્દુલ્લાહ બિન ઉનૈસ 243
રજીઅનો બનાવ 243
હઝરત ખુબૈબની કબર 246
હઝરત ઝૈદની શહાદત 247
બીરે મઊનાની ઘટના 247
ગઝવએ બનૂ નુઝૈર 249
બદ્રે સુગરા (બદ્રનું નાનું યુદ્ધ) 254
**હિ. સ. ૪ ના અન્ય જુદા જુદા બનાવો 254**

(પ્રકરણ : ૧૦)

**હિજરતનું પાચમું વર્ષ 256**
ગઝવએ ઝાતુર્રિકાઅ 256
ગઝવએ દૂમતુલ જંદલ 257
ગઝવએ મુરૈસીઅ 257
મુનાફિકોની શરારત 258
હઝરત જુવૈરિયા સાથે નિકાહ 260
ઈફકની ઘટના 261
તયમ્મુમની આયતનું ઉતરાણ 269
ખંદકનું યુદ્ધ 270
ખંદકના યુદ્ધનું કારણ 270
મુસલમાનોની તૈયારી 271
એક અજબ શિલા 273
હઝરત જાબિરની દા'વત 274
બરકતવાળી ખજૂરો 275
ઈસ્લામી દળોની મોરચાબંદી 275
કાફિરોનું આક્રમણ 275
બનુ કુરૈઝાનો દંગો 277
અન્સારની ઈમાની વીરતા 278
અમ્ર બિન અબ્દે વુદ મરાયો 279
નૌફલની લાશ 281
હઝરત સા'દ બિન મુઆઝની શરાફત 283
હઝરત સફિયાની વીરતા 285
કાફિરો કેવી રીતે નાઠા ? 286
ગઝવએ બની કુરૈઝા 287
**હિ.સ. ૫ ની વિવિધ ઘટનાઓ 289**

(પ્રકરણ : ૧૧)

**હિજરતનું છઠ્ઠું વરસ રિદવાનની બૈઅત અને હુદૈબિયાની**

અનુક્રમણિકા

**સુલેહ (બયઅતુર્રિદવાન અને**
**સુલહે હુદૈબિયા)** 290
હઝરત અબૂ જંદેલનો મામલો 298
ફતહે મુબીન 300
સુલતાનોને ઈસ્લામની દા'વત 303
નામાએ મુબારક અને કૌષર 304
ખુસરૂ પરવેઝની ધૃષ્ટતા 308
સરિય્યએ નજદ 311
હિ.સ. ૬ ની કેટલીક લડાઈઓ 314
(પ્રકરણ : ૧૨)
**હિજરતનું સાતમું વરસ** 315
જંગે ખૈબર (ખૈબરનું યુદ્ધ) 316
ગઝવએ ખૈબર ક્યારે થયો ? 316
મુસલમાનો ખૈબર ગયા 317
યહૂદીઓની તૈયારીઓ 318
અસ્વદ રાઈની શહાદત 319
ઈસ્લામી લશ્કરનું મુખ્ય મથક 320
હઝરત અલી અને મરહબનું યુદ્ધ 322
ખૈબરની વ્યવસ્થા 339
ફદકની સુલેહ 328
હઝરત હમ્ઝાની સાહબઝાદી 331
હઝરત મૈમુનાના નિકાહ 332
(પ્રકરણ : ૧૩)
**હિજરતનું આઠમું વરસ** 333
જંગે મૌતા 333
નિગાહે નબુવ્વતનો મો'જિઝો 336
એક વિચિત્ર માછલી 339
મક્કા પર વિજય (ફત્હે મક્કા) 339
અન્નબિય્યુ લાકઝિબ અનબનું
અબદિલ મુત્તલિબ 340
હુઝૂરની અમન પસંદી 343
મક્કા પર હુમ્લો 348
માઈલો સુધી આગ જ આગ ! 350
કુરૈશના જાસૂસ 350
અબૂ સુફિયાનનો ઈસ્લામ સ્વીકાર 352
લશ્કરે ઈસ્લામનો જાહોજલાલ 353
ફાતેહે મક્કાનું પહેલું ફર્માન 355
તાજદારે દો આલમનો મક્કામાં પ્રવેશ 357
મક્કામાં હુઝૂરની કયામગાહ 357
બૈતુલ્લાહમાં પ્રવેશ 358
શહનશાહે રિસાલતનો દરબારે આમ 359
મક્કાના કાફિરોથી ખિતાબ 360
અન્સારને રસૂલની જુદાઈનો ગમ 363
કા'બાની છત પર અઝાન 364
બૈઅતે ઈસ્લામ 364
કેટલાક અક્ષમ્ય ગુનેગાર 368
મક્કાનો વહીવટ 371
જંગે હુનૈન 372
જંગે અવતાઅ 475
તાઈફનો ઘેરાવ 377
તાઈફની મસ્જિદ 378
તાઈફના યુદ્ધમાં મૂર્તિઓ
ખંડિત કરાઈ 380
માલે ગનીમતની વહેંચણી 380
અન્સારીઓને સંબોધન 382
કેદીઓની મુક્તિ 384
ગૈબના જ્ઞાની રસૂલ 384
ઉમરહએ જાઅરાના 385





અનુક્રમણિકા

**હિજરી આઠના જુદા**
**જુદા બનાવો** 385
(પ્રકરણ : ૧૪)
**હિજરતનું નવમું વરસ** 387
તખય્યુર અને ઈલાની આયત 387
એક ગેરસમજનું નિવારણ 392
પદાધિકારીઓની નિયુક્તિ 393
બની તમીમનું પ્રતિનિધિ મંડળ 394
હાતિમતાઈની પુત્રી અને પુત્ર
મુસલમાન 397
ગઝવએ તબૂક 398
ગઝવએ તબૂક કારણ 398
ફાળો આપનારાઓની યાદી 399
લશ્કરની તૈયારી 401
તબૂક જવા રવાનગી 402
**માર્ગમાં કેટલાક મો'જિઝાઓ** 403
પવન ઉડાવી લઈ ગયો ! 404
ખોવાયેલી ઊંટણી ક્યાં છે ? 405
તબૂકનું ઝરણું 405
રોમન લશ્કર ડરી ગયું 405
ઝુલબિજા દેનની કબર 407
મસ્જિદે દર્રાર 409
સિદ્દીકે અકબર અમીરુલ્ હજ્જ 410
**હિ. ૯ ના વિવિધ બનાવો** 411
**આરબોના પ્રતિનિધિમંડળો** 412
પ્રતિનિધિ મંડળનું સ્વાગત 414
સકીફનું પ્રતિનિધિમંડળ
(વફદે સકીફ) 414
કિન્દહનું પ્રતિનિધિમંડળ
(વફદે કિન્દહ) 415
બની અશ્અરનું પ્રતિનિધિમંડળ
(વફદે બની અશ્અર) 416
બની અસદનું પ્રતિનિધિમંડળ 417
ફઝારહનું પ્રતિનિધિમંડળ 417
બની મુર્રહનું પ્રતિનિધિમંડળ 418
બની અલ–બુક્કાનું પ્રતિનિધિમંડળ 418
બની કનાનાનું પ્રતિનિધિમંડળ 419
બની હિલાલનું પ્રતિનિધિમંડળ 419
ઝિમામ બિન સા'લબાનું
પ્રતિનિધિમંડળ 420
બલ્લીનું પ્રતિનિધિમંડળ
(વફદે બલ્લી) 422
તુજીબ પ્રતિનિધિમંડળ
(વફદે તુજીબ) 422
મુઝૈના પ્રતિનિધિમંડળ
(વફદે મુઝૈના) 424
દૌસ પ્રતિનિધિમંડળ
(વફદે દૌસ) 425
બની અબ્બસનું પ્રતિનિધિમંડળ
(વફદે બની અબરૂ) 426
દારિમનું પ્રતિનિધિમંડળ
(વફદે દારિમ) 427
ગામિદનું પ્રતિનિધિમંડળ
(વફદે ગામિદ) 427
નજરાનનું પ્રતિનિધિમંડળ
(વફદે નજરાન) 428
(પ્રકરણ : ૧૫)
**હિજરતનું દસમું વર્ષ** 430
હિજરી ૧૦ હજ્જતુલ વિદાઅ 430

## અનુક્રમણિકા


શહનશાહે દો આલમ ﷺ નું રાજસિંહાસન 434
બાલમુબારક (પવિત્ર વાળ) 435
ઝમઝમના કૂવા પર સાકીએ કૌષર 435
ગદીરે ખુમનો ખુત્બો 436
રાફઝીઓની એક આશંકા 437
(પ્રકરણ : ૧૬)
**હિજરતનું અગ્યારમું વર્ષ** 438
જયશે ઓસામા 438
હુઝૂર ﷺ ની વફાત 440
હુઝૂરને પોતાના મૃત્યુની જાણકારી 441
બીમારીની શરૂઆત 443
વફાતની અસર 446
કફન અને દફનવિધિ 448
નમાઝે જનાઝા 449
હુઝૂર ﷺ નો વારસો 450
જમીન 451
સવારીના જાનવર 452
હથિયારો 453
વાસણો અને અન્ય સામગ્રી 453
નબીના પવિત્ર તબર્રુકાત 454
(પ્રકરણ : ૧૭)
**ટેવો અને વિશેષતાઓ** 456
પવિત્ર દેખાવ 458
પવિત્ર શરીર (જિસ્મે અત્હર) 459
નૂરાની શરીરનો પડછાયો ન હતો 460
માખી, મચ્છર અને જૂઓથી મહફૂઝ 460
મુહરે નબુવ્વત 461
મુબારક કદ 461
પવિત્ર મસ્તક 462
પવિત્ર વાળ 462
રૂખે અનવર 463
ભ્રમરની કમાન 465
નૂરાની આંખ 465
મુબારક નાક 467
પવિત્ર કપાળ 467
મુબારક કાન 467
મુબારક મોઢું 468
પવિત્ર જબાન 469
મુબારક થૂંક (લુબાબે દહન) 469
મુબારક અવાજ 470
નૂરાની ગરદન 471
રહમતી હાથ 471
પેટ અને છાતી 472
મુબારક પગો 473
**પોષાક** 473
અમામો 473
ચાદર 474
કમલી (નાની કામળી) 474
નાલૈન મુબારક (પગરખાં) 474
પસંદગીના રંગ 475
વીંટી 475
સુગંધ 475
સુર્મો 476
સવારી 476
સ્વચ્છતા પ્રિયતા 476
પ્રિય ખોરાક 477




સીરતે મુસ્તફા ﷺ

અનુક્રમણિકા


રોજિંદા કાર્યો 477
ઊંઘવું–જાગવું 479
રફતાર (ચાલ) 479
કલામ (વાણી) 480
નબીનો દરબાર 480
**તાજદારે દો આલમના સંબોધનો** 481
**સરવરે કાઈનાતની ઈબાદતો** 484
નમાઝ 485
રોઝા 486
ઝકાત 486
હજ્જ 487
ઝિક્રે ઈલાહી 487
(પ્રકરણ : ૧૮)
**નબીનો શિષ્ટાચાર (અખ્લાક)** 488
હુઝૂર ﷺ ની બુદ્ધિમત્તા 489
નમ્રતા અને દરગુજર 490
વિનમ્રતા 493
સામાજિક સભ્યતા 496
શરમ (લજ્જા) 498
વચન બદ્ધતા 499
ન્યાય 499
પ્રભાવ 501
સંયમી જીવન 501
શૂરવીરતા 503
શક્તિ 503
રુકાના પહેલવાનની સાથે કુસ્તી 504
યઝીદ બિન રુકાના સાથે મુકાબલો 504
અબુલ અસ્વદ સાથે મુકાબલો 505
દાનશીલતા 505
મુબારક નામો 507
આપની કુન્નિયત 509
નબવી ચિકિત્સા શાસ્ત્ર 509
પૈગંબરી દુઆઓ 515
દરેક આફતથી મુક્તિ 516
સૂતી વખતની દુઆ 516
રાત્રે જાગે ત્યારે શું પઢે ? 517
ઘરમાંથી બહાર નીકળતા સમયની દુઆ 517
બજારમાં દાખલ થાય ત્યારે આ દઆ પઢે 517
મુસાફરની દુઆ 518
મુસાફરીમાંથી પાછા આવવાની દુઆ 518
મંઝિલ પર આ દુઆનો વિર્દ કરે 518
બેચેનીના સમયની દુઆ 518
કોઈને મુસીબતમાં જુએ ત્યારે આ દુઆ પઢે 519
કોઈને વિદાય કરવાની દુઆ 519
ભોજન કર્યા બાદ શું પઢે ? 519
આંધીના સમયની દુઆ 519
વીજળીની ગર્જના થાય ત્યારે આ દુઆ પઢે ? 520
કોઈ કૌમથી ડરે તો શું પઢે ? 520
કરજ અદા કરવા માટેની દુઆ 520
જુમ્આના દિવસે પુષ્કળ દુરૂદ શરીફ પઢો 521
જરૂરી ચેતવણી 521

અનુક્રમણિકા


કુકડા (મુર્ગ)નો અવાજ
સાંભળે ત્યારે આ દુઆ પઢે 522
ગધેડો બોલે ત્યારે આ દુઆ પઢો 522
જન્નતનો ખજાનો 522
જન્નતની ટિકિટ 522
સૈયદુલ ઈસ્તિગફાર 523
સહવાસની દુઆ 523
રોગ મુક્તિ માટે દુઆ 523
મુસીબત વખતે વૈકલ્પિક
વસ્તુઓ મેળવવા માટે દુઆ 524

(પ્રકરણ : ૧૯)

**રસૂલના સંબંધીઓ** 525
**પુનિત પત્નીઓ** 525
હઝરત ખદીજા رضی اللہ عنہا 527
હઝરત સૌદા رضی اللہ عنہا 530
હઝરત આઈશા رضی اللہ عنہا 531
હઝરત હફસા رضی اللہ عنہا 535
હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا 536
હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا 539
હઝરત ઝૈનબ બિનતે જહશ رضی اللہ عنہا 542
હઝરત ઝૈનબ બિનતે ખુઝૈમા رضی اللہ عنہا 544
હઝરત મૈમૂના رضی اللہ عنہا 544
હઝરત જુવેરિયા رضی اللہ عنہا 547
હઝરત સફિયા رضی اللہ عنہا 550
**પુનિત દાસીઓ (લૌંડીઓ)** 552
હઝરત મારિયા કિબ્તીયા رضی اللہ عنہا 552
હઝરત રેહાના رضی اللہ عنہا 553
હઝરત નફીસા رضی اللہ عنہا 553
ચોથી દાસી સાહેબા 554
**મુબારક સંતાનો** 554
હઝરત કાસિમ رضی اللہ عنہ 555
હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ 555
હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ 555
હઝરત ઝૈનબ رضی اللہ عنہا 557
હઝરત રુકૈયા رضی اللہ عنہا 559
હઝરત ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا 560
હઝરત ફાતિમા رضی اللہ عنہا 562
**કાકાઓની સંખ્યા** 563
**આપની ફોઈઓ** 564
**ખાસ સેવકો** 565
**મુખ્ય રક્ષકો** 567
**વહી લખનારાઓ** 568
**દરબારે નબુવ્વતના શાયરો** 569
**ખાસ મો'જિઝાઓ** 570

(પ્રકરણ : ૨૦)

**મો'જિઝાતે નબુવ્વત** 571
મો'જિઝાનો અર્થ 571
મો'જિઝાના ચાર પ્રકારો 572
**પૂર્વકાલિન અંબિયા અને**
**અંતિમ નબીના મો'જિઝાઓ** 574
અસંખ્ય મો'જિઝાઓમાંથી કેટલાક 576
**આકાશી મો'જિઝાઓ** 577
ચંદ્રના બે ભાગ થઈ ગયા 577
એક ગેર સમજનું નિવારણ 578
એક સવાલ અને જવાબ 579
સૂર્ય પાછો ફર્યો 581
સૂર્ય થંભી ગયો 585
મેઅ્રાજ શરીફ 585






અનુક્રમણિકા


મેઅ્રાજ ક્યારે થઈ ? 586
મેઅ્રાજ કેટલીવાર અને
કઈ રીતે થઈ 586
અલ્લાહનો દીદાર 587
**મેઅ્રાજનું ટૂંકમાં વર્ણન** 589
મેઅ્રાજની મુસાફરીની સવારીઓ 592
મેઅ્રાજની મુસાફરીની મંઝિલો 592
વાદળાં વિખેરાઈ ગયાં 592
એક જરૂરી સમીક્ષા 593
કુર્આન મજીદ 594
ઈલ્મે ગૈબ (અદશ્યનું જ્ઞાન) 595
વિજેતા પરાજિત થશે 596
હિજરત બાદ કુરૈશની બરબાદી 597
મુસલમાનો એક દિવસ
શહનશાહ થશે 598
મક્કાના વિજયની ભવિષ્યવાણી 600
બદ્રના યુદ્ધમાં વિજયનું એલાન 601
યહૂદીઓ પરાજિત થશે 601
નબવીકાળ બાદનાં યુદ્ધો 602
હદીષોમાં ગૈબની ખબરો 603
ઈસ્લામી વિજયોની ભવિષ્યવાણી 603
કૈસર અને કિસરાની બરબાદી 604
યમન, સીરીયા અને ઈરાક
જીતી લેવાશે 604
મિસરના વિજયની ખુશખબર 605
બૈતુલ મુકદસનો વિજય 606
ભયાનક માર્ગો સલામત થઈ જશે 606
ખૈબરનો વિજેતા કોણ હશે ?! 607
ત્રીસ વર્ષ ખિલાફત પછી બાદશાહી 608
હિજરી ૭૦ અને યુવકોનું શાસન 608
તુર્કીઓ સાથે યુધ્ધ 609
ભારતમાં મુજાહિદો 609
કોણ ક્યાં મૃત્યુ પામશે ? 610
હઝરત ફાતિમાનું મૃત્યુ ક્યારે થશે 611
સ્વંય પોતાની મૌતની ખબર 611
હઝરત ઉમર અને ઉષ્માન
શહીદ થશે 612
હઝરત અમ્મારને શહાદત મળશે 613
હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની
આજમાઈશ 614
હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની
શહાદત 614
હઝરત સઅદ رضی اللہ عنہ માટે
ખુશખબરી 615
અરબસ્તાનની આગ 615
ફિત્નાઓના ધ્વજધારીઓ 616
કયામત સુધીના બનાવો 617
આવશ્યક ચેતવણી 617
નિર્જીવ જગતના મો'જિઝાઓ 618
ચટ્ટાનનું વિખરાઈ જવું 618
ઈશારાથી મૂર્તિઓનું પડી જવું 619
પહાડોનું સલામ કરવું 619
પહાડનું હાલવું 620
મુઠ્ઠીભર માટીનું પરાક્રમ 620
સમીક્ષા 620
**વનસ્પતિ જગતના મો'જિઝાઓ** 621
વૃક્ષ (ગુચ્છ)ના ઉતરી પડવું 621
વૃક્ષ ચાલીને આવ્યું 621

અનુક્રમણિકા


| | |
|---|---|
| તાકીદ | 622 |
| સોટી પ્રકાશિત થઈ | 623 |
| લાકડાની તલવાર | 624 |
| રડનારો સ્તંભ | 624 |
| **પશુ વર્ગના મો'જિઝાઓ** | 627 |
| પશુઓનું સિજદા કરવું | 627 |
| બારગાહે રિસાલત ﷺ માં ઊંટની ફરિયાદ | 628 |
| દૂધ વગરની બકરીએ દૂધ આપ્યું | 628 |
| ઈસ્લામનો પ્રચાર કરનારો વરુ | 629 |
| ઈમાનનું એલાન કરનારી ઘો | 630 |
| પ્રેરણા | 632 |
| **માનવ જગતના મો'જિઝાઓ** | 633 |
| થોડી વસ્તુ અધિક થઈ ગઈ | 633 |
| ઉમ્મે સુલૈમની રોટલીઓ | 633 |
| હઝરત જાબિર رضي الله عنه ની ખજૂરો | 634 |
| હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه ની થેલી | 635 |
| ઉમ્મે માલિકની મોટી કુપ્પી | 635 |
| બરકતી વાટકો | 636 |
| નાનકડા ભાથાની મોટી બરકત | 636 |
| બરકતવાળી કલેજી | 637 |
| હઝરત અબૂ હુરૈરહ્ અને એક પ્યાલો દૂધ | 637 |
| **રોગ મુક્તિ** | 639 |
| આંખનો દુઃખાવો | 639 |
| સાપનું ઝેર ઉતરી ગયું | 639 |
| ભાંગેલો પગ સંધાઈ ગયો | 639 |
| તલવારનો ઘા રૂઝાઈ ગયો | 640 |
| અંધને દૃષ્ટિ મળી | 640 |
| મૂકબધિર (મુંગો) બોલવા લાગ્યો | 640 |
| હઝરત કતાદા رضي الله عنه ની આંખ | 641 |
| ફાયદો | 641 |
| વામિટમાં કાળું ગલુડિયું પડયું | 642 |
| પાગલપણું મટી ગયું | 642 |
| બળેલું બાળક સારું થઈ ગયું | 643 |
| ભૂલી જવાની બીમારી દૂર થઈ | 643 |
| દુઆની સ્વીકૃતિ | 644 |
| કુરૈશના સરદારોનો સર્વનાશ | 645 |
| મદીનાની આબોહવા શુદ્ધ થઈ ગઈ | 645 |
| ઉમ્મે હરામ માટે શહાદતની દુઆ | 646 |
| સિત્તર વર્ષનો યુવાન | 646 |
| ઔલાદ માટે બરકતની દુઆ | 647 |
| હઝરત જરીર માટે દુઆ | 648 |
| દૌસ કબીલાનો ઈસ્લામ સ્વીકાર | 648 |
| એક અહંકારીનું પરિણામ | 648 |
| મૃતકો જીવિત થઈ ગયા | 649 |
| બાળકી કબરમાંથી બહાર આવી | 649 |
| રંધાયેલી બકરી જીવિત થઈ ગઈ | 649 |
| **જિન્નાતોના મો'જિઝાઓ** | 650 |
| જિન્નાતોના સલામ અને સંદેશ | 651 |
| જિન્નાત સાપના રૂપમાં આવ્યો | 651 |
| ચાર તત્વોના જગમાં મો'જિઝાઓ | 652 |
| મુબારક આંગળીથી નહેરો | 652 |
| જમીને લાશને ઠુકરાવી | 653 |
| ખંદક યુદ્ધની આંધી | 653 |






અનુક્રમણિકા


| | |
|---|---|
| આગ બાળી ન શકી | 655 |
| એક જરૂરી તાકીદ | 656 |
| **કેટલીક ઉચ્ચતમ વિશેષતાઓ** | 657 |
| (પ્રકરણ : ૨૧) | |
| **ઉમ્મત પર હુઝૂર ﷺ ના હક્કો** | 669 |
| **રસૂલ પર ઈમાન** | 661 |
| **રસૂલની સુન્નતનું અનુકરણ** | 661 |
| સિદ્દીકે અકબરની અંતિમ ઈચ્છા | 662 |
| હઝરત અબૂ હુરૈરહ અને શેકેલ બકરી | 662 |
| હઝરત અબ્બાસના ઘરનું પરનાળુ | 663 |
| રસૂલનું આજ્ઞાપાલન | 663 |
| સોનાની વીંટી ફેંકી દીધી | 664 |
| **રસૂલનો પ્રેમ** | 664 |
| એક વૃદ્ધાની પ્રેમભાવના | 666 |
| હઝરત સુમામાનું પ્રેમનું એલાન | 666 |
| મરણ પથારીએ રસૂલનો પ્રેમ | 667 |
| હઝરત અલી અને રસૂલનો પ્રેમ | 667 |
| અબ્દુલ્લાહ બિન ઉમરની ચાહના | 667 |
| કોળાથી પ્રેમ | 668 |
| ઊંઘતા સમયે રસૂલની યાદ | 668 |
| **રસૂલના પ્રેમની નિશાનીઓ** | 669 |
| રસૂલનો આદર | 669 |
| હુઝૂરનું અપમાન કરનાર કાફિર છે | 670 |
| માથા પર ચકલીઓ | 672 |
| હઝરત અમ્ર બિન આસના ત્રણ સમયકાળ | 672 |
| કોણ મોટો ? | 673 |
| હઝરત બરાઅનો વિવેક | 673 |
| **આપના અવશેષો (તબર્રુકો)નો આદર** | 673 |
| રસૂલની પ્રશંસા | 676 |
| **દુરૂદ શરીફ** | 677 |
| **કબ્રે અન્વરની ઝિયારત** | 677 |
| જરૂરી સૂચના | 678 |
| ઈબ્ને તૈમિયાનો ફત્વો | 681 |
| લાતુશદદુર્રિહાલ હદીષ | 682 |
| બારગાહે ખુદાવંદીમાં રસૂલનો વસીલો | 683 |
| જન્મ પહેલાં વસીલો | 684 |
| જાહેરી હયાત અકદસમાં વસીલો | 684 |
| દુઆએ નબવીમાં વસીલો | 685 |
| **પવિત્ર મુત્યુબાદનો વસીલો** | 686 |
| વરસાદ માટે મદદ | 686 |
| જીત માટે આપને વસીલો | 686 |
| હઝરત ઉમરની દુઆમાં વસીલો | 687 |
| હુઝૂરે એંસી દીનાર અર્પણ કર્યા | 688 |
| કબ્રે અન્વરમાંથી રોટલી મળી | 688 |
| ઈમામ તિબ્રાનીને કેવી રીતે ભોજન મળ્યું ? | 689 |
| એક જુલ્મીને લકવો થયો | 689 |
| હઝરત ઈમામે આ'ઝમને મદદ માટે પોકાર | 690 |

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ نَحۡمَدُہٗ وَنَسۡتَعِیۡنُہٗ وَ نَسۡتَغۡفِرُہٗ وَ نُؤۡمِنُ بِہٖ وَ نَتَوَكَّلُ عَلَیۡہِ وَنَعُوۡذُ بِاللّٰہِ مِنۡ شُرُوۡرِ اَنۡفُسِنَا وَ مِنۡ سَیِّئَاتِ اَعۡمَالِنَا مَنۡ یَّھۡدِی اللّٰہُ فَلَا مُضِلَّ لَہٗ وَ مَنۡ یُّضۡلِلۡہُ فَلَا ھَادِیَ لَہٗ وَ نَشۡھَدُ اَنۡ لَّآ اِلٰہَ اِلَّا اللّٰہُ وَحۡدَہٗ لَا شَرِیۡكَ لَہٗ وَ نَشۡھَدُ اَنَّ سَیِّدَ نَا وَمَوۡلٰنَا مُحَمَّدًا عَبۡدُہٗ وَ رَسُوۡلُہٗ ط

اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا وَمَوۡلَانَا مُحَمَّدٍ وَّ عَلٰی اٰلِہٖ وَ صَحۡبِہٖ اَجۡمَعِیۡنَ اَبَدًا لَآبِدِیۡن بِرَحۡمَتِكَ یَا اَرۡحَمَ الرَّاحِمِیۡنَ ط

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا سَیِّدِیۡ یَا رَسُوۡلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا سَیِّدِیۡ یَا حَبِیۡبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا سَیِّدِیۡ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡكَ یَا سَیِّدِیۡ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡكَ وَسَلَّمَ





# નબીકી રાહ ગુઝર હૈ ઔર મૈં હૂં

**અઝ : મુફક્કિરે ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના કમરુઝ્ઝમાં ખાં આઝમી** مدظلہ العالی

મુક**દ્દ**ર ઔજ પર હૈ ઔર મૈં હૂં
નબી કી રાહ ગુઝર હૈ ઔર મૈં હૂં નબી કી...

કહાં મૈં ઔર કહાં સરકારે આલી
કરમ ફર્મા નઝર હૈ ઔર મૈં હૂં નબી કી...

તલબસે ભી સિવા મુઝકો મિલેગા
ખુલા બાબે અષર હૈ ઔર મૈં હૂં નબી કી...

મદીના મહ્બિતે અન્વારે રબ હૈ
મુનવ્વર બામો દર હૈ ઔર મૈં હૂં નબી કી...

ફરાઝે અર્શકી હમસાયગી હૈ
કે શહરે મોઅતબર હૈ ઔર મૈં હૂં નબી કી...

જહાંને કુદ્સ ઉતરા હૈ ઝમીં પર
ફરિશ્તા હમ સફર હૈ ઔર મૈં હૂં નબી કી...

ન છૂટે તા કયામત યા ઈલાહી
નબી કા સંગે દર હૈ ઔર મૈં હૂં નબી કી...

સરે મિઝગાં સિતારે ઝિલમિલાએ
નદામત ચશ્મે તર હૈ ઔર મૈં હૂં નબી કી...

નહીં હૈ ખૌફ મંઝિલ ના રસીકા
મહબ્બત રાહબર હૈ ઔર મૈં હૂં નબી કી...

મેરી મંઝિલ હૈ ઉનકા આસ્તાના
મુસલસલ એક સફર હૈ ઔર મૈં હૂં નબી કી...

રહે તયબહ્મેં **'શાકિર'** કહ રહે થે
કે **'રિઝવાં'** હૈ **'કમર'** હૈ ઔર મૈં નબી કી...

(ઔજ–ચઢતી, મહ્બિત–ઉતરવાની જગ્યા, સરે મિઝગાં : પાંપણોના છેડે)

### પ્રકાશકના બે બોલ.....

## મહબ્બતે રસૂલ કોને કહેવાય ?!

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

સબસે અવલા વ આ'લા હમારા નબી-સબસે બાલા વ વાલા હમારા નબી
અપન મૌલાકા પ્યારા હમારા નબી-દોનોં આલમકા દુલ્હા હમારા નબી
સારે ઉંચોમેં ઉંચા સમઝીએ જિસે-હૈ ઉસ ઉંચેસે ઉંચા હમારા નબી
સારે અચ્છોમેં અચ્છા સમઝીએ જિસે-હૈ ઉસ અચ્છેસે અચ્છા હમારા નબી

(صَلَّى اللّٰهُ عَلَيۡهِ وَسَلَّمَ)

અલ્લાહ પાક પરવરદિગારનો બેહદ શુક્રો એહસાન કે આપણને મુસલમાન બનાવ્યા અને તેના સૌથી પ્રિય નબી, મહબૂબ રસૂલ ﷺ ના ઉમ્મતી બનાવ્યા. આપણા સીનાઓને મહબ્બતે રસૂલથી લબરેઝ કરી દીધાં. اَلۡحَمۡدُ لِلّٰهِ

પણ હા ! રસૂલે પાક ﷺ થી મહબ્બતનો દાવો દરેક કલ્મો પઢનાર કરે છે પણ સાચી મહોબ્બત કોને કહેવાય ? તેની પરખ શું ? કેમ કે **મહબ્બતે રસૂલ વિના માણસ મુસલમાન રહી જ નથી શક્તો !** ભલે દાઢી ઝબ્બો પહેરી કલમાનો વિર્દ ૨૪ કલાક કરે ! પણ મહબ્બતે રસૂલ નથી તો સર્વ ચીજો બેકાર છે !

કેમ કે ખૂદ રસૂલે ખુદા ﷺ એ ફર્માવ્યું :–

لَايُؤۡمِنُ اَحَدُكُمۡ حَتّٰى اَكُوۡنَ اَحَبَّ اِلَيۡهِ من وَّالِدِهٖ وَوَلَدِهٖ وَالنَّاسِ اَجۡمَعِيۡنَ.

**(અર્થ) : "તમારામાંનું કોઈ ત્યાં સુધી મો'મિન નથી થઈ શક્તું જ્યાં સુધી હું તેની નજીક તેનાં બાપ, ઔલાદ અને તમામ લોકો કરતાં મહબૂબ ન થઈ જાઉં."** *(બુખારી કિતાબુલ ઈમાન)*

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ ﷺ ને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આપ મારી જાન સિવાય દરેક ચીજથી મને અધિક પ્રિય છો. તો નબી ﷺ એ ફર્માવ્યું : **"તમારામાંથી કોઈ મો'મિન નથી થઈ શક્તું જ્યાં સુધી હું તેની નજીક તેની જાન કરતાં પણ અધિક પ્યારો ન થઈ જાઉં !"** આ સાંભળીને હઝરત ઉમરે અર્ઝ કરી, તે જાતની કસમ !





જેણે આપના ઉપર કિતાબ નાઝિલ ફર્માવી, આપ મને મારી જાન કરતાં પણ અધિક પ્રિય છો. તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "હવે તમારું ઈમાન મુકમ્મલ થયું." *(સહીહ બુખારી શરીફ)*

જેનાથી માણસને મહોબ્બત હોય છે તેની તા'ઝીમમાં, તેનું માન સાચવવા માટે તે મરી ફીટે છે. એટલે જ સહાબાએ કિરામ કે સૌથી વિશેષ મહોબ્બતથી તેમનાં દિલો છલકાતાં હતાં જેથી રસૂલે પાક ﷺ ની તા'ઝીમમાં કોઈ કમી તેમના વાણી વર્તનોમાં જોવા મળતી ન હતી. જ્યારે વર્તમાનકાળમાં નવા ફૂટી નીકળેલા વહાબી ફિર્કા તથા તેની શાખો દેવબંદી, તબ્લીગી, અહલે હદીષ, મૌદૂદી (જમાઅતે ઈસ્લામી), કાદયાની વગેરે આમ તો પોતાને મુસલમાન કહે છે પણ રસૂલે પાક ﷺ ની તૌહીનનો કોઈ મોકો તેઓ જવા દેતા નથી ! માટે જ તેઓ મુસલમાન નથી. કેટલાક ભાઈઓ ભોળપણમાં તેઓને મુસલમાન સમજી બેસે છે અને તેમની સાથે મુસલમાનો જેવો વહેવાર જેમ કે તેમની સાથે દીકરા–દીકરી વહેવાર તથા તેમની નમાઝે જનાઝા પઢવી, તેમની પાછળ નમાઝો પઢવી તેમનાથી અન્ય સંબંધો રાખે છે તેઓની સમજ માટે અહીં **સહાબી** તથા **વહાબી**ની માન્યતા તથા રસૂલે પાક ﷺ થી તેમના વર્તનોની સરખામણી રજૂ કરીએ છીએ જેથી દરેકના ભરમો દૂર થઈ જાય :–

### સહાબી તથા વહાબીના અકીદાની સરખામણ

| સહાબીનો અકીદો | વહાબીઓનો અકીદો |
|---|---|
| ✪ સહાબી તા'ઝીમે રસૂલમાં રસૂલે પાકને કહેતા કે, "મારાં મા બાપ આપના પર કુર્બાન !", "મારી જાન આપના પર નિછાવર !" *(તહકીકુલ ફતાવા)* તેમજ સુલહે હુદૈબિયા વખતે ઉરવહ્ ઈબ્ને મસઊદે જે હજી મો'મિન થયા ન હતા તેમનો રિપોર્ટ તેમની કૌમને રજૂ કર્યો કે, "હે લોકો ! ખુદાની કસમ ! હું બાદશાહોના દરબારોમાં ગયો, કૈસર તથા કિસ્રા અને નજજાશીનાં દરબારોમાં હાજરી આપી ચૂક્યો | ✪ "રસૂલની તા'ઝીમ એટલી જ કરવામાં આવે જેટલી ગામના ચોધરીની." *(તકવિયતુલ ઈમાન)* તથા એક ઠેકાણે જણાવે છે કે : "ઈન્સાન આપસમાં સઘળા ભાઈ છે. જે મોટો બુઝુર્ગ હોય તે મોટો ભાઈ છે, તો તેની તા'ઝીમ (માન સન્માન) "મોટા ભાઈ"ના જેવી કરવી જોઈએ. *(તકવિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)* મોલ્વી રશીદ અહમદ ગંગોહીને આ વાતો માન્ય હતી જેથી એણે લખ્યું કે, |

છું. ખુદાની કસમ ! કોઈ બાદશાહની એટલી તા'ઝીમ થતી નથી જોઈ જેટલી મુહમ્મદ ﷺ ની તેમના સહાબા કરે છે. ખુદાની કસમ ! જ્યારે કદીક તેમના નાકેથી લીંટ કે રતુબત નીકળી તો તે કોઈ ન કોઈ શયદાઈના હાથમાં પડી જેને તેણે પોતાના ચહેરા તથા શરીર પર મસળી લીધી. અને જ્યારે તેઓ કોઈ વાતનો હુકમ આપે છે તો તેઓ તેના પાલન માટે દોડી પડે છે, અને જ્યારે વુઝૂ કરે છે તો વુઝૂના ધોવાણના પાણી માટે (જે આપના અંગોએથી સ્પર્શીને પડે છે) જંગની નોબત આવી જાય એવી પડાપડી કરે છે. અને જ્યારે આપ વાતચીત કરે છે તો ખામોશ અને શાંત પડી જાય છે અને તા'ઝીમ તથા અદબને કારણે તેમના તરફ નજર ઉઠાવીને નથી જોતા. (સહીહ બુખારી શરીફ)

''તકવિયતુલ ઈમાન'' ઘણી જ સારી કિતાબ છે, એને રાખવી, પઢવી, એના પર અમલ કરવો અયન ઈસ્લામ છે. *(ફતાવા રશીદિયહ્, પેજ–૪૧, પ્રેસ : કરાંચી)* એટલે કે દેવબંદી, વહાબી, એહલે હદીષ વગેરેનો આ જ અકીદો છે અને ''તકવિયતુલ ઈમાન''નું તેમને ત્યાં કુર્આનથી અધિક મહત્વ છે ! જેમ કે ઉપરના લખાણમાં મોલ્વી ગંગોહીએ તેને ઘરમાં રાખવું અયન ઈસ્લામ કહ્યું છે.

**ફાયદો** : ઉપરોક્ત સરખામણીમાં તમે જોયું કે સહાબા રસૂલે પાકની કેવી તા'ઝીમ કરતા હતા કે આપના નાકમાંથી નીકળતાં લીંટ મુબારકને પણ પોતાના ચહેરા તથા શરીર પર મસળી લેતા, જમીન પર પડવા ન દેતા, વુઝૂના પાણી માટે લૂંટ પડતી વગેરે ઉપર જણાવ્યું તેવી તા'ઝીમ કોઈ વ્યક્તિ ગામના **''ચૌધરી''** કે **''મોટા ભાઈ''**ની તો નથી જ કરતા, એ તો સૌ સમજે છે. અને **સહાબીથી વધીને ઈમાનવાળા કોણ ?** તો સહાબીની તો તા'ઝીમે રસૂલમાં આ સ્થિતિ છે **જ્યારે વહાબી દેવબંદી નબીની તા'ઝીમ માટે ''માપ'' તથા ''હદ'' બાંધી રહ્યા છે !** તો તમે કોનું માનશો ?! સહાબીનું કે વહાબીનું ?

હા સહાબીના માર્ગે ચાલવામાં જ નજાત છે જેમ કે રસૂલે પાક ﷺ નું જ ફર્માન છે : **''મારા સહાબીઓ સિતારાઓની જેમ છે, તમે જેની પણ પયરવી કરશો ભલાઈ પામશો.''** *(હદીષ)*





તો જેઓ નજાત પામવા ચાહે છે તેમણે જોઈએ કે સહાબાએ કિરામે રસૂલે પાકની કેવી તા'ઝીમ કરી એના માટે તેમનો ઈતિહાસ વાંચે અને વહાબીઓની અસલિયત સમજી તેમનાથી દૂર થાય અને પોતાના ઈમાનને બચાવે. (*સહાબાનો ઈશ્કે રસૂલ* તથા *તોહફાએ નજાત (ભાગ–૬), સહાબાએ કિરામનો કિરદાર અને આપણે*, આ કિતાબો આ સંબંધે **દયાદરા**થી મળી શકશે.)

વહાબી, દેવબંદી, અહલે હદીષ વગેરે તા'ઝીમે નબીના મુન્કિરો છે અને ઈસ્લામ તથા ઈમાનથી ખારિજ છે તે દર્શાવતું એક વધુ લખાણ જોઈએ અને સહાબાનું ઈમાન શું છે તે જોઈએ :–

## સહાબી તથા વહાબીના અકીદાની સરખામણી

| સહાબીનો અકીદો | વહાબીઓનો અકીદો |
|---|---|
| ✪ મહાન સહાબી હઝરત અબૂબક્ર નમાઝમાં ઈમામત કરી રહ્યા હતા. હુઝૂર ﷺ પાછળથી તશરીફ લાવ્યા તો સફમાં ઊભા રહ્યા. સાથી સહાબા નમાઝમાં જે હતા તેમણે જોયું તો હાથ પર હાથ મારી અવાજ કરી અબૂબક્રને જાણ કરી, તો અબૂબક્ર પાછા હટી ગયા, હુઝૂરે ઈશારાથી રોકાવા કહ્યું છતાં ચાલુ નમાઝે પાછા હટી ગયા અને રસૂલે પાક ﷺ એ ઈમામત કરીને તે ચાલુ નમાઝ પૂરી કરાવી. *(આદાબે રસૂલ, પેજ–૬૧)* | ✪ વહાબીનો અકીદો (નમાઝની હાલતમાં) ''ઝિનાના વસવસા, પોતાની પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે અને શયખ (પીર) તથા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ ભલે પછી જનાબ રિસાલત મઆબ (હુઝૂર) પણ કેમ ન હોય ! પોતાના ધ્યાનને લગાડી દેવું પોતાના બળદ, ગધેડાના ખયાલમાં ડૂબી જવાથી બુરું છે.'' *(સિરાતે મુસ્તકીમ, પેજ–૧૩૬)* |

**ફાયદો** : વહાબી અકીદા પ્રમાણે સહાબાનું એ કૃત્ય કે ચાલુ નમાઝે રસૂલને જોયા, તેમના ખયાલને દિલમાં જમાવ્યો, હઝરત અબૂબક્રને ચાલુ નમાઝે સહાબાએ હાથ પર હાથ મારી અવાજ આપ્યો, હઝરત અબૂબક્ર પાછળ હટયા અને રસૂલે પાકે નમાઝ પૂર્ણ કરાવી. આ કૃત્ય સહાબાનું વહાબીના અકીદા મુજબ કેટલું બુરું છે ! તે ફરીથી ઉપરના કોઠામાં વાંચો અને વિચારો ! અને પછી કહો કે જે સહાબાના કૃત્યને બુરું કહે એ મઝહબ પર લઅનત થાય !!

દોસ્તો ! કોઈના જૂઠા સાબિત થવા માટે તેની એક વાત જૂઠી હોય તો પૂરતુ છે કે તે જૂઠો છે. વહાબી, દેવબંદી, અહલે હદીષના મઝહબનાં અસંખ્ય જૂઠાણા જાણવા માટે આપ અમારી પ્રકાશિત કિતાબો રહનુમાએ હક્ક, દા'વતે હક્ક, સુન્ની દેવબંદી મતભેદની ન્યાયી તપાસ, કાફિર ઠરાવવા વિશે મસ્અલો અને ઈમામ અહમદ રઝા, શું ખૂદા જૂઠ બોલી શકે ?! બદ્અકીદગીથી બચો, તા'લીમાતે જાને ઈમાન વગેરે.... ઉપરાંત અત્યબુલ બયાન, સુન્ની કોણ ? વગેરેનો જરૂર અભ્યાસ કરો.

સારાંશ કે સહીહ દિમાગવાળા માટે વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી વગેરેના ઈસ્લામથી ખારિજ હોવા બાબતે આટલી વાતો પૂરતી છે. કારણ કે મહબ્બતે રસૂલનો છાંટો પણ તેમનામાં હોત તો અલ્લાહના રસૂલ માટે આવી હલકી વાતો તેઓ ન લખત તથા એવું લખનારાઓને પોતાના પેશ્વા ન સમજત.

મુહમ્મદ ﷺ કી મુહબ્બત દીને હક્ક કી શર્તે અવ્વલ હૈ
ઈસીમેં હૈ અગર ખામી તો સબકુછ નામુકમ્મલ હૈ

અલ્હમ્દુલિલ્લાહ ! આપણે **"અહલે સુન્નત વ જમાઅત"** હુઝૂર અકરમ ﷺ ની તા'ઝીમમાં સહાબાના પંથે છીએ. અલ્લાહનો શુક્ર છે કે આપણે અકીદાની દૃષ્ટિએ વહાબીપંથીને નફરત કરનારા છીએ. પણ હે સુન્નીઓ ! ભલે તમારો દાવો આશિકે રસૂલ હોવાનો, મહબ્બતે રસૂલમાં હોવાનો રહ્યો, પણ દાવાની સચ્ચાઈ ત્યારે જ પુરવાર થશે જ્યારે કે એક આશિકના જેવા તમારા હાલ હોય, તમારો દેખાવ તમારી વાણી, વર્તન વગેરે "આશિકે રસૂલ"ને શોભે તેવાં હોવાં જોઈએ. માણસ જેને ચાહતો હોય છે તેનું માન સાચવવા માટે તેની દરેક વાતને માનતો હોય છે, **મહોબ્બતનો તકાઝો** છે કે તેનો પડતો બોલ ઝીલી લેતો હોય છે. તો હવે તમે તમારી પરખ કરી લો કે તમે એવું કરો છો ?! હુઝૂર ﷺ નું ફર્માન છે કે :–

**"નમાઝમાં મારી આંખોની ઠંડક છે"** (તો તમે નમાઝના પાબંદ છો ?!)

**"દાઢી વધારો મૂછો કતરાવો અને યહૂદીઓ, મજૂસીઓ, ઈસાઈઓ, મુશ્રિકોની વિરૂધ્ધ કરો !"** (શું તમે દાઢી વધારી છે કે મૂછો વધારી છે ?! તમે રસૂલે પાક ﷺ ને અનુસરો છો કે યહૂદી, ઈસાઈ, મજૂસી કે મુશ્રિકને ?!)

ઉપરાંત જે ફર્માનો રસૂલે પાકનાં છે તેના પર ચાલો છો ?! અગર





"હા !"માં જવાબ છે તો તમારી પાસે મહબ્બતે રસૂલના દાવાની દલીલ છે અને અગર "ના"માં જવાબ છે તો તમારો દાવો ખોખલો છે ! માટે શાંત ચિત્તે વિચારી મનન કરીને તમારી જાતને સુધારવામાં લાગી જાવ.

આશિક પોતાની પ્રિય વ્યક્તિને પોતાનો "આઈડિયલ" તથા "આદર્શ" માને છે, તેની સૂચનાઓ, તેની વાતોને અનુસરે છે, તેના જીવનની પળેપળનો અભ્યાસ કરે છે અને તેના જેવાં કામો કરવા પ્રેરાય છે. જો તમે રસૂલે ખુદા ﷺ ના ચાહવાવાળા છો, રસૂલે ખુદાના આશિક છો તો લો જોઈ લો ! હુઝૂર ﷺ નું જીવન ચરિત્ર તમારી સમક્ષ જ છે, એમાં હુઝૂર ﷺ નું જીવન પણ છે અને આપના સાચા આશિકો સહાબાએ કિરામ તથા સહાબિયાત સ્ત્રીઓનાં જીવન પ્રસંગો પણ છે. એને ધ્યાનપૂર્વક વાંચો અને **સમજો કે ઈસ્લામના ફેલાવા માટે હુઝૂર ﷺ એ નબુવ્વતના એલાનથી લઈને આપના વિસાલ મુબારક સુધી કેવી કેવી તકલીફો ઉઠાવી ? કેટલા જંગો કરવા પડયા ? સહાબીઓએ પોતાના જાન, માલ, ઔલાદ, માં બાપ વગેરેની કેવી કુર્બાનીઓ આપી, તો તમને દીન ઈમાનનું મહત્વ સમજાશે અને તમે દીન ઈમાન બાબતે ગંભીર બની ઈસ્લામ પર અમલી રીતે ચાલવા જરૂર પ્રોત્સાહિત થશો. ઈન્શાઅલ્લાહ ! હુઝૂર ﷺ તથા સહાબા** رضوان الله تعالى عليهم اجمعين **ને જે તકલીફોના પ્રસંગોથી ભેટો થયો તેને ઈમાનની નજરે વાંચશો તો જરૂર તમારી આંખોમાં આંસૂંઓ આવી જશે.**

તમારા ઘરમાં આ કિતાબ હોવી જ જોઈએ ! **કેટલા આશ્ચર્યની વાત કે દાવા તો ભારે ભરખમ, નારાઓ તો ઊંચા ઊંચા અને તેના વિશે કશીય માહિતી નથી જેને સૌથી અધિક, જાનથી પણ અધિક ચાહવાનો દાવો છે !!**

હે ઈમાનવાળાઓ ! તમારી ઔલાદને સાચા માર્ગે રાખવા ચાહતા હોઉ તો આવી કિતાબો ઘરોમાં રાખો અને બાળકોને, ઔરતોને વાંચી સંભળાવો તેમાં જ દરેકની બંને જહાનની ભલાઈ છે. ટી.વી. કે જે યહૂદી, ઈસાઈ ગંદી કૌમની ગંદી સંસ્કૃતિને તમારા ઘરમાં ઠાલવે છે તેના માટે શો કેસ રાખો છો ! તો એક શો કેસ કિતાબો મૂકવા પણ રાખો ! કે જે તમારી દુનિયા તથા આખેરતના માટે નજાતનો સબબ બનશે.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

# સંપાદકના બે બોલ....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہ ખુદાવન્દે કુદૂસ عزوجل ની અસીમ કૃપા છે કે લાંબા સમયની મારી હાર્દિક ઈચ્છા પૂરી થઈ ગઈ અને અનેક અવરોધો છતાં હુઝૂરે અકદસ શહેનશાહે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સીરતે મુકદસા (પવિત્ર જીવન ચરિત્ર)ના કેટલાક મહત્વના વિષયો વિશે આ થોડાંક પાનાં લખવાની ખુશનસીબી મને સાંપડી.

આ પુસ્તક જો કે પોતાના વિષય પ્રમાણે તો અત્યંત સંક્ષિપ્ત છે તેમ છતાં બિ હમ્દિહી તઆલા સીરતે નબવિયા અલા સાહિબુહસ્ સલાતુ વસ્સલામના જરૂરી પાસાંઓની હદ સુધી સર્વાંગ સંપૂર્ણ છે. જેને હું ચમનિસ્તાને સીરતના વિવિધરંગી પુષ્પોનો એક પવિત્ર અને સુંદર પુષ્પગુચ્છ બનાવીને "સીરતુલ મુસ્તફા"ના નામે વાંચકોની સેવામાં રજુ કરવાનો આત્મીય સંતોષ મેળવી રહ્યો છું.

## ★ આ સીરત સંક્ષિપ્ત કેમ ? ★

પહેલાં વિચાર હતો કે સીરતના તમામ પાસાંઓ અને વિષયો પર આધારિત અનેક ભાગોમાં એક વિગતવાર ગ્રંથ લખીને તૈયાર કરું, પરંતુ કેટલાક કારણોસર મારે પુનઃવિચારણા કરવી પડી.

**સર્વ પ્રથમ** તો એ કે મારી અગાઉ દરેક કાળ અને દરેક ભાષામાં હજારો ખુશનસીબોને હુઝૂરે રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર સીરત પર પુસ્તકો લખવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થઈ ચૂક્યું છે, અને ઈન્શાઅલ્લાહ તઆલા ! કયામત સુધી હજારો, લાખો ખુશકિસ્મત મુસલમાનોને આ સદ્‌ભાગ્ય સાંપડતું રહેશે. અસંખ્ય ખુશ કિસ્મત લેખકો હજારો પાનાં પર





આધારિત કેટ કેટલાય ભાગોમાં મોટા મોટા દળદાર ગ્રંથો આ જ વિષય પર લખીને બંને જહાનના સદ્‌ભાગ્યથી સન્માનિત અને દીન–દુનિયાની દૌલતથી માલામાલ થઈ ચૂક્યા છે. અને એમાં સહેજેય શંકાને સ્થાન નથી કે દીનના એ બુઝુર્ગોએ પોતાના એ દળદાર ગ્રંથોમાં અગત્યના તમામ વિષયો વિશે પર્યાપ્ત વિગતો પૂરી પાડી છે. તેમ છતાં એમના પૈકી કોઈ પણ એવો દા'વો કરી શકે નહીં કે અમે શહેનશાહે કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ની સીરતે પાકના તમામ પાસાઓ સંપૂર્ણ કરીને તેમના તમામ અંશોને આવરી લીધા છે. કારણ કે સીરતે નબીનો દરેક વિષય અસીમ સમુદ્ર છે જેને પાર કરવાનું મોટા મોટા આલિમો માટે એટલું જ દુષ્કર છે જેટલું આકાશના ચાંદ તારા તોડીને પોતાના દામનમાં ભરી લેવાનું કાર્ય.

હવે સ્પષ્ટ છે કે જે કાર્ય ઈલ્મો અમલ (જ્ઞાન અને સત્કર્મ)ના એ ઊંચા પર્વતોથી પણ ન થઈ શક્યું તો પછી મારા જેવા વ્યર્થ અને અદના માનવથી એ કામ પૂર્ણ થવાની કલ્પના કેમ કરીને થઈ શકે ?! આથી મને એમાં જ મારું સદ્‌ભાગ્ય જણાયું કે માત્ર થોડાંક પાનાંનું એક પુસ્તક સીરતે નબવી વિશે લખીને સીરત લેખકોની પવિત્ર યાદીમાં મારું પણ નામ નોંધાવી દઉં. અને એ બુઝુર્ગોની સક્રિય હરોળમાં સ્થાન પ્રાપ્તિનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કરું.

**બીજું** એ કે વ્યસ્ત માનવીના આ કાળમાં જ્યારે મુસલમાનોને પોતાની રોજિંદી જીવન જરૂરિયાતમાંથી જ ફુરસદ મળતી નથી અને જ્ઞાન સંબંધી સંશોધનોથી તેમનું સાહસ ટૂંકુ અને રસ નાબૂદ થઈ ચૂક્યાં છે તદ્‌ઉપરાંત દિમાગ તેમ જ યાદ શક્તિઓ પણ કેટલીક હદે કમજોર થઈ ચૂકી છે.

તદ્‌ઉપરાંત આજ કાલના મુસલમાનો વિગતવાર અને દળદાર ગ્રંથો વાંચીને એમના વિવિધ વિષયોને પોતાના મગજમાં સુરક્ષિત રાખી શકશે એવી આશા રાખવાનું અસ્થાને જણાયું આથી જ આ સ્થિતિ અને વાતાવરણનો વિચાર કરતાં મને એ જ યોગ્ય લાગ્યું કે સીરતે નબવી વિશે એક અત્યંત ટૂંકુ પરંતુ સંપૂર્ણ પુસ્તક લખવામાં આવે જેને મુસ્લિમ વર્ગ પોતાની ફુરસદના અલ્પ સમયમાં ગણતરીની બેઠકોમાં જ વાંચી કાઢે અને તેને પોતાના દિમાગ તથા યાદ શક્તિમાં મેહફૂઝ રાખી શકે.

**ત્રીજું** એ કે મારા મતે આ વિષય પર એક વિગતવાર અને સર્વાંગ સંપૂર્ણ પુસ્તકનું સંપાદન કાર્ય તો સરળ છે. પરંતુ મુદ્રણ અને પ્રકાશનની વ્યવસ્થા કરવાનું કાર્ય ગરીબ વર્ગના આલિમો માટે હિમાલયના શિખરો સર કરવા જેટલું જ દુષ્કર છે, **કારણ કે એહલે સુન્નત મુસલમાનોને માલદાર વર્ગ વ્યર્થ કામોમાં તો લાખોનું ધન ખર્ચી નાખવાનું નાક પરથી માખ ઉડાડવા જેટલું સરળ સમજે છે. પણ કોઈ દીની કે ધાર્મિક પુસ્તકનું પ્રકાશન કે તેને ખરીદવા પાછળ એક પૈસો ય ખર્ચવાનું તેમના માટે પોતાનું ચામડું ઉધેડીને નાબૂદ કરવા જેટલું મુશ્કેલ છે !** આ એક કડવું સત્ય છે જેની કડવાશથી વારંવારના અનુભવોનો સ્વાદ બગડી જાય છે, આથી આવા અનુભવોને કારણે મને એ જ યોગ્ય લાગ્યું કે મારે બસ એટલું દળદાર પુસ્તક લખવું જોઈએ જેના મુદ્રણ અને પ્રકાશનનો સમગ્ર ખર્ચ હું પોતે જ કરી શકું અને એના માટે મારે કોઈની આગળ યાચનાર્થે હાથ લંબાવવો ન પડે.

## ★ સંપાદનનું કારણ ★

લાંબા સમયથી એક નેક તમન્ના (ઈચ્છા) મારા મનમાં હિલોળા લેતી હતી કે હું મારી જ કલમે હુઝૂર રહમતે આલમ ﷺ ની હયાતે તૈયબા (પવિત્ર જીવન) વિશે કોઈ પુસ્તક લખીને મિલ્લતના એ બુઝુર્ગોનો જોડા ઉપાડનાર (કફશ બર્દાર) સેવક બની જાઉં કે જેમણે સીરતે નબવિયાના લેખન તથા સંપાદનમાં પોતાના આયુષ્યની પૂંજી ખર્ચીને આખેરતનો એવો વેપાર કર્યો હતો કે એ નફામાંથી તેમને "રદિયલ્લાહુ અન્હુમ વ રદુ અન્હુ" (અર્થાત : અલ્લાહ તઆલા તેમનાથી ખુશ થયો અને તેઓ અલ્લાહ તઆલાથી ખુશ થયા)નો બંને જહાનનો ખજાનો મળી ગયો.

તદ્ઉપરાંત મારી રચનાઓની કદર કરી જાણનાર વાંચકોએ પણ વારંવાર એવી માંગણી કરી કે સીરતે મુબારકા જેવા પવિત્ર વિષય ઉપર પણ કંઈકને કંઈક આપ જરૂર લખી આપો. અને એ દયાવાનોનો આ નિખાલસ આગ્રહ એટલી હદે મારા માથે સવાર થઈ ગયો કે હું એને નકારી કાઢવા કે તેનાથી વિમુખ થવાની હિંમત કરી શક્તો નથી.





પછી "સમંદે નાઝ પે એક ઔર તાઝિયાના હુવા" (**અર્થાત :** તેના પર વધુ એક કોરડો પડયો.) અને પારકા લોકોએ વારંવાર એવા મહેણા માર્યા કે ઉલમાએ એહલે સુન્નત મહોબ્બતે રસૂલનો દા'વો તો કરે છે પણ ઉર્દૂ ભાષામાં સીરતે નબવીના વિષય પર એ લોકોએ ખૂબ ઓછું લખ્યું છે. એનાથી ઉલ્ટું આ દેશની અન્ય જમાઅતોના લેખકોએ આ વિષય ઉપર એટલું બધું લખ્યું છે કે ઉર્દૂ પુસ્તકોના બજારમાં સીરત વિશે સંખ્યાબંધ પુસ્તકો ઉપલબ્ધ છે જે પૈકી મોટા ભાગના પુસ્તકો એમની જ કલમે લખાયેલ છે.

આ છે એ કારણો અને પ્રેરણાઓ જેનાથી પ્રભાવિત થઈ પોતાની ઓછી લાયકાત અને પોતાના કંગાળ જ્ઞાન છતાં મારે કલમ ચલાવવી પડી અને ભારે કામકાજ છતાં કેટલાક પાનાંનો આ સંગ્રહ રજુ કરવો પડયો.

આ પુસ્તકને મેં મારી શક્તિ અનુસાર આકર્ષક અને સંપૂર્ણ તેમજ ટૂંકુ બનાવવા પ્રયત્ન કર્યો છે. મારા પ્રયાસોમાં હું કેટલી હદે સફળ થયો છું એનો નિર્ણય હવે વાંચકોની વિવેચન દષ્ટિ પર આધારિત છે.

## ★ અવરોધ અને વિક્ષેપો ★

૧ લી જમાદિલ આખર હિ.સ. ૧૩૯૫ નો દિવસ મારા જીવનમાં યાદગાર રહેશે કારણ કે "ઈસ્તેખારો" મેળવ્યા પછી એ જ તારીખે મેં આ પુસ્તકની 'બિસ્મિલ્લાહ" લખી હતી. પરંતુ ખુદાની શાન તો જુઓ કે હજી થોડાક જ પાનાં લખ્યાં હતાં કે એકાએક કિડનીમાં એવી તો સખત પીડા ઉપડી કે હું મારી જિંદગીથી નિરાશ થવા લાગ્યો અને ટાંડાથી ઘરે જઈ સતત પથારીવશ રહ્યો. પછી રમઝાન હિ.સ. ૧૩૯૫માં રોગથી મુક્તિ મળતાં નબળાઈની સ્થિતિમાં રોઝો રાખીને આ કામ ફરી શરૂ કર્યું. અને અલહમ્દુલિલ્લાહ ! આ કામની બરકતથી દિવસે દિવસે મારા સ્વાસ્થ્ય અને સામર્થ્યમાં વધારો થતો ગયો. અને કામ આગળ ચાલતુ રહ્યું. પરંતુ ત્રીજી શવ્વાલ હિ.સ. ૧૩૯૫ ના રોજ Conjunctivitivs નામના આંખના રોગમાં સપડાઈ ગયો અને ફરી કામ અટવાઈ પડયું. એક મહિના પછી ફરી લેખન વાંચન કરી શકવાને સમર્થ થયો ત્યારે શિયાળાના નાના નાના દિવસો બે સમયનો મદ્રસો, પત્રોના જવાબો, મિત્રો સાથે મુલાકાતો આ

કામોને લીધે લેખન–સંપાદન જેવા કાર્ય માટે આખો દિવસ પેન પકડવાનો સમય પણ મળતો ન હતો. વિવશ થઈને શિયાળાની રાત્રિઓ દરમ્યાન ધાબળુ ઓઢીને લખવું પડયું. તદ્ઉપરાંત બીજી મોટી મુશ્કેલી એ હતી કે ટાંડામાં જરૂરી સંદર્ભ ગ્રંથો ઉપલબ્ધ ન હતા. અને મદ્રસાની વયસ્તતાને કારણે દેશના અન્ય કોઈ સમૃદ્ધ ગ્રંથાલયમાં જઈ શક્તો ન હતો. લાચાર થઈને મારી પાસે જે કંઈ પુસ્તકો હતાં તેમનાથી જ કામ ચલાવવું પડયું. જેના સંદર્ભો ઠેર ઠેર તમને આ પુસ્તકમાં પણ જોવા મળશે.

ત્યારબાદ સફર હિ.સ. ૧૩૯૬ માં એકા એક મારી જુવાન જોધ પુત્રી આરિફા ખાતૂન "સરસામ"ના રોગમાં સપડાઈ ગઈ અને ૨૭ મી સફર હિ.સ. ૧૩૯૬ ના રોજ એની વફાત થઈ ગઈ આ આઘાતે મને હચમચાવી મૂક્યો. ત્યારબાદ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૯૬ માં સીરતના જલ્સાઓનો સિલસિલો એવો તો શરૂ થયો કે એક માસમાં લગભગ ૧૨ જલ્સામાં મારે તકરીરો કરવી પડી. અને મુસાફરીમાં એટલી મહેતલ જ ન મળી કે હું કંઈક લખી શકું. ટૂંકમાં દિન પ્રતિ દિનની પ્રતિકૂળ સ્થિતિએ ડગલે ને પગલે મને પેન પકડતાં અટકાવ્યો.

પરંતુ બિહમ્દિહી તઆલા તોફાનોના આ વમળમાં પણ મારું સાહસ અને દઢ નિર્ધાર ડગી શક્યાં નહીં અને હું ફુરસદના સમયે ચાલતાં ફરતાં લખતો જ રહ્યો. ખુદાવંદે કુદૂસ અલીમો ખબીર (સર્વજ્ઞ) છે કે આવી ભાન ભૂલાવી દેનારી સ્થિતિ છતાં માત્ર ૧૪ માસની ટૂંકી મુદતમાં આ પુસ્તકનું પૂર્ણ થવું એને ذٰلِكَ فَضْلُ اللّٰهِ يُؤْتِيْهِ مَنْ يَّشَآءُ ؕ وَاللّٰهُ ذُو الْفَضْلِ الْعَظِيْمِ સિવાય બીજું તો શું કહી શકાય ? કારણ કે એ જેને ચાહે છે તેને પોતાના ફઝ્લો કરમથી નવાઝે છે અને અલ્લાહ તઆલા બહુ જ મોટા ફઝ્લવાળો છે.

## ★ નમ્ર વિનંતિ ★

જે વિષય પરિસ્થિતિઓમાં આ પુસ્તકનું લેખન તથા સંપાદન થયું તે આપની સમક્ષ છે. આથી વાંચકોને જો આમાં કોઈ ખામી કે ત્રુટી દેખાય તો મારી સુધારણા કરીને મને આભારી કરે અને આ પુસ્તકના વાંચન પછી એક પોસ્ટકાર્ડ લખીને મને પોતાના પ્રતિભાવોથી વાકેફ કરે જેથી





આગામી આવૃત્તિઓમાં ક્ષતિપૂર્તિ તથા આપના આદેશોનું પાલન કરી શકાય.

## ★ આભાર અને દુઆ ★

છેવટે મારા વ્હાલા શિષ્ય મૌલ્વી મોહમ્મદ ઝહીર આલમ સાહબ આસી કાદરી નેપાળી સલ્લમહુલ્લાહ તઆલાનો આભારી છું કે તેમણે પુસ્તકનું Dictation (શ્રુત લેખત) લેવામાં અને સંદર્ભો શોધી કાઢવામાં અત્યંત નિખાલસતા સાથે મારી મદદ કરી. એ જ રીતે મારા બીજા શિષ્ય મૌલ્વી મોહમ્મદ નઈમુલ્લાહ સાહબ મુજદ્દિદી ફૈઝી સલ્લમહુલ્લાહ તઆલાનો પણ હું આભારી છું કે તેમણે મારી અન્ય રચનાઓની જેમ આ (ઉર્દૂ) પુસ્તકની પ્રતો અને પ્રૂફોની સુધારણા અને એના મુદ્રણ તથા પ્રકાશનના પરિશ્રમમાં મારા ભાગીદાર રહ્યા. મૌલા તઆલા આ બંને પ્રિયજનોને નેઅ્મતે કૌનૈનથી સરફરાઝ ફર્માવે અને દૌલતે દારૈનથી માલમાલ કરે અને મારા આ સંપાદનને મકબૂલ ફર્માવીને એને કુબૂલ ફિલ અર્દની કરામતોથી નવાઝે અને એને ઉમ્મતે મુસ્લિમા માટે રુશ્દો હિદાયત (માર્ગદર્શન)નું માધ્યમ અને મારા જેવા ગુનેગાર માટે ઝાદે આખિરત અને સામાને મગફિરત ફર્માવે.

آمین بجاہ سید المرسلین صلی اللہ تعالیٰ علیہ
وعلیٰ آلہ الطیبین واصحابہ المکرمین و
علیٰ من تبعھم الیٰ یوم الدین برحمتہ
و ھو ارحم الراحمین

**–અબ્દુલ મુસ્તફા આ'ઝમી**

*૧ લી શા'બાન હિ.સ. ૧૩૯૬ ટાંડા (યુ.પી.)*

# પુસ્તક પ્રસ્તાવના

સીરતે નબવિયા અલા સાહિબુસ્સલાતુ વસ્સલામનો વિષય એટલો મનોહર, ઈમાન વર્ધક અને રૂહ પરવર વિષય છે કે આશિકાને રસૂલ માટે આ બગીચાના ફૂલો ચૂંટવા સમાન અને ઈમાનવાળા મન તથા આત્મા (રૂહ) માટે તાજગી અને કૈફની એવી બહિશ્તે ખુલ્દ (ખુલ્દનામી જન્નત) છે કે જન્નતુલ ફિરદૌસના હજારો આકર્ષણો એના એક એક ફળથી રંગ અને ગંધની ભીખ માંગવાને પણ પોતાના માટે ગૌરવપૂર્ણ માને છે. આથી જ તે ઉલ્માએ રબ્બાનીઓની પવિત્ર છાતીઓમાં મહબ્બે રસૂલના હજારો ફૂલ ખીલ્યાં છે. એ હક્ક પરસ્ત રબ્બાની આલિમોએ આ ઈમાની વિષય અને નૂરાની શિર્ષક પર પોતાની જિંદગીના છેલ્લા □ાસ સુધી કલમ ચલાવતાં ચલાવતાં પોતાના જીવ કુર્બાન કરી દીધા છે. આથી જ આજે દરેક ભાષામાં સીરતે નબવીનાં પુસ્તકોનો એટલો મોટો ભંડાર આપણી નજરો સમક્ષ છે કે દુનિયામાં કોઈ મોટામાં મોટા શહેનશાહની આત્મકથા વિશે પણ એનો લાખમો કે કરોડમો અંશ પણ અસ્તિત્વમાં ન આવી શક્યો.

એ આશિકાને રસૂલ કે જેઓ સીરત લેખનને કારણે માન સન્માન, પ્રતિષ્ઠા અને મહાનતામાં આકાશના તારાઓની જેમ ચમકે છે અને ખ્યાતિમાં પુષ્પોની જેમ મહેકે છે. એ ખુશ નસીબ (સદ્ભાગી) આલિમોની યાદી એટલી લાંબી છે કે તેમને આવરી લેવું અને તેમની ગણતરી કરવી એ જ આપણી શક્તિ તથા સામર્થ્ય બહારની વાત છે. ઉદાહરણ સ્વરૂપે અમે અહીં કેટલાક એવા સુવિખ્યાત સીરતે પાક લખનારા આલિમોના પવિત્ર નામોનો એમની વફાતની તારીખો સાથે ઉલ્લેખ કરીએ છીએ કે જે બારગાહે ઈલાહીમાં ઝાકિરે રસૂલ તરીકે એવા સ્વીકૃત છે કે જો દુષ્કાળ વખતે નમાઝે ઈસ્તિસ્કા (વરસાદ માગવા માટેની નમાઝ) બાદ એ બુઝુર્ગોનાં નામોનો વસીલો પકડીને ખુદાથી દુઆ માંગવામાં આવે તો તરત જ વરસાદ પડી જશે અને જો મિજલસોમાં એ નેક રૂહોનું વર્ણન કરવામાં આવે તો રહમતના





ફરિશ્તા પોતાની પવિત્ર પાંખો અને પીંછા ફેલાવી દઈને એ મેહફિલો માટે શામિયાણા બનાવી દે.

## ★ કેટલાક સીરત લેખકો ★

ખુલફાએ રાશિદીન (સર્વ પ્રથમ ચાર ખલીફા) બલ્કે ખલીફએ આદિલ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ઉમવી رضی اللہ تعالیٰ عنہ ના ખિલાફત કાળની થોડાક પહેલાના સમય સુધી હદીષ લેખન પર પ્રતિબંધ ફર્માવવામાં આવ્યો હતો જેથી કરીને કુર્આન અને હદીષમાં ભેળસેળ ન થઈ જાય. આથી જ સીરતે નબવિયાના વિષય પર સહાબાએ કિરામની કોઈ રચના અસ્તિત્વમાં આવી શકી ન હતી. પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં જ્યારે પયગંબર સાહેબની હદીષોનું લેખન સામાન્ય બન્યું તો તાબેઈનના સમયમાં પણ મોહદ્દિષીનની સાથે સાથે સીરત લેખકોનો પણ એક વર્ગ પેદા થઈ ગયો.

હઝરાતે સહાબએ કિરામ સીરતે નબીના વિષય પર પુસ્તકો તો લખી શક્યા ન હતા પરંતુ તેઓ પોતાના સંસ્મરણોને આધારે મૌખિક રીતે પોતાની મજલિસો (સભાઓ), પોતાની દર્સગાહો (શાળાઓ) તથા ખુત્બાત (પ્રવચનો)માં અહાદીષે એહકામ (આદેશો આપતી હદીષો)ની સાથે સાથે સીરતે નબીના વિવિધ મુદ્દાઓનું પણ વર્ણન કરતા રહેતા હતા. આથી અહાદીષની જેમ જ સીરતે નબી સંબંધી રિવાયતોનો મૂળ સ્ત્રોત પણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જ છે.

તાબેઈન કાળથી ૧૧ મી સદી હિજરી સુધીના કેટલાક સુપ્રતિષ્ઠિત મુહદ્દિષીન અને સીરત લેખકોનાં પવિત્ર નામો નીચે પ્રમાણે છે. ૧૧ મી સદી પછીના સીરત લેખકોનાં નામોને અમે અહીં એટલા માટે સ્થાન નથી આપ્યું કે વાસ્તવમાં તો એ લોકો અગાઉના સીરત લેખકોનું જ અનુકરણ કરનારાઓ છે :–

૧. હઝરત ઉરવા બિન ઝુબૈર તાબેઈ (વફાત : હિ.સ. ૯૨)

૨. હઝરત આમિર બિન શરાહીલ ઈમામ શોઅબી (વફાત : હિ.સ. ૧૦૪)

3. હઝરત અબાન બિન અમીરુલ મો'મિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہ

(વફાત : હિ.સ. ૧૦૫)

૪. હઝરત વહબ બિન મુનબ્બા યમની (વફાત : હિ.સ. ૧૧૦)

૫. હઝરત આસિમ બિન અમ્ર બિન કતાદા (વફાત : હિ.સ. ૧૨૦)

૬. હઝરત શરજીલ બિન સઅદ (વફાત : હિ.સ. ૧૨૩)

૭. હઝરત મુહમ્મદ બિન શિહાબ ઝોહરી (વફાત : હિ.સ. ૧૨૪)

૮. હઝરત ઈસ્માઈલ બિન અબ્દુર્રહમાન સુદ્દી (વફાત : હિ.સ. ૧૨૭)

૯. હઝરત અબ્દુલ્લાહ બિન અબૂબક્ર બિન હઝમ (વફાત : હિ.સ. ૧૩૫)

૧૦. હઝરત મૂસા બિન ઉકબા (સાહેબુલ મગાઝી) (વફાત : હિ.સ. ૧૪૧)

૧૧. હઝરત મા'મર બિન રાશિદ (વફાત : હિ.સ. ૧૫૦)

૧૨. હઝરત મુહમ્મદ બિન ઈસ્હાક સાહેબુલ મગાઝી (વફાત : હિ.સ. ૧૫૦)

૧૩. હઝરત ઝિયાદ બુક્કાઈ (વફાત : હિ.સ. ૧૮૩)

૧૪. હઝરત મુહમ્મદ બિન ઉમર વાકેદી સાહેબુલ મગાઝી (વફાત : હિ.સ. ૨૦૭)

૧૫. હઝરત મુહમ્મદ બિન સઅદ સાહેબુત તબ્કાત (વફાત : હિ.સ. ૨૩૦)

૧૬. હઝરત અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન ઈસ્માઈલ બુખારી (બુખારી શરીફના લેખક) (વફાત : હિ.સ. ૨૫૬)

૧૭. હઝરત મુસ્લિમ બિન હજ્જાજ કુશૈરી (મુસ્લિમ શરીફના લેખક) (વફાત : હિ.સ. ૨૬૧)

૧૮. હઝરત અબૂ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન મુસ્લિમ બિન કુતૈબા (વફાત : હિ.સ. ૨૬૭)

૧૯. હઝરત અબૂ દાઊદ સુલૈમાન બિન અશ્અષ સજિસ્તાની સાહિબુસ્ સુનન (વફાત : હિ.સ. ૨૭૫)

૨૦. હઝરત અબૂ ઈસા મુહમ્મદ બિન ઈસા તિર્મિઝી (વફાત : હિ.સ. ૨૭૯)

૨૧. હઝરત અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ યઝીદ બિન માજા કઝવીની (વફાત : હિ.સ. ૨૭૩) સાહિબે સુનન

૨૨. હઝરત અબૂ અબ્દુર્રહમાન અહમદ બિન શોઐબ નસાઈ





(વફાત : હિ.સ. ૩૦૩) સુનને નિસાઈના લેખક

૨૩. હઝરત મુહમ્મદ બિન જરીર તબરી (વફાત : હિ.સ. ૩૧૦)

૨૪. હઝરત હાફિઝ અબ્દુલ ગની બિન સઈદ ઈમામુન્નસબ (વફાત : હિ.સ. ૩૩૨)

૨૫. હઝરત અબૂ નુઐમ અહમદ બિન અબ્દુલ્લાહ (સાહેબુલ હિલ્યા) (વફાત : હિ.સ. ૪૩૦)

૨૬. હઝરત શૈખુલ ઈસ્લામ અબૂ ઉમર હાફિઝ ઈબ્ને અબ્દુલ બર્ર (વફાત : હિ.સ. ૪૬૩)

૨૭. હઝરત અબૂબક્ર અહમદ બિન હુસૈન બૈહકી (વફાત : હિ.સ. ૪૫૮)

૨૮. હઝરત અલ્લામા કાઝી અયાઝ (સાહિબે શિફા) (વફાત હિ.સ. ૫૪૪)

૨૯. હઝરત અબ્દુર્રહમાન બિન અબ્દુલ્લાહ સુહૈલી સાહિબે અર્રવદુલ્ ઉનુફ (વફાત : હિ.સ. ૫૮૧)

૩૦. હઝરત અલ્લામા અબ્દુર્રહમાન ઈબ્નુલ જૌઝી સાહિબે શર્ફુલ મુસ્તફા (વફાત : હિ.સ. ૫૯૭)

૩૧. હઝરત અહમદ બિન મુહમ્મદ બિન અબૂબક્ર કસ્તલાની સાહિબે મવાહિબે લદુન્નિયા (વફાત : હિ.સ. ૯૨૩)

૩૨. હઝરત ઈમામ શરફુદ્દીન અબ્દુલ મો'મિન દિમ્યાતી સાહિબે સીરતે દિમ્યાતી (વફાત : હિ.સ. ૭૦૫)

૩૩. હઝરત ઈબ્ને સૈય્યિદુન નાસ બસરી, સાહિબે ઉયૂનુલ અષર (વફાત : હિ.સ. ૭૩૪)

૩૪. હઝરત હાફિઝ અલાઉદ્દીન મુગલ તાઈ, સાહિબુલ ઈશારતુ ઈલા સીરતિલ મુસ્તફા (વફાત : હિ.સ. ૭૬૨)

૩૫. હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાની (શારેહે બુખારી) (વફાત : હિ.સ. ૮૫૨)

૩૬. હઝરત અલ્લામા બદરુદ્દીન મહમૂદ ઐની શારેહે બુખારી (વફાત : હિ.સ. ૮૫૫)

૩૭. હઝરત અબુલ હસન અલી બિન અબ્દુલ્લાહ અહમદ સમહૂદી સાહેબે વફાઉલ વફા (વફાત : હિ.સ. ૯૧૧)

૩૮. હઝરત મુહમ્મદ બિન યૂસુફ સ્વાલેહી સાહિબુસ્ સીરતુશ્શામિયા (વફાત : હિ.સ. ૯૪૨)

૩૯. હઝરત અલી બિન બુરહાનુદ્દીન સાહિબુસ્ સીરતુલ્ હલબિયા (વફાત :હિ.સ. ૧૦૪૪)

૪૦. હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી સાહિબે મદારિજુન્નબુવ્વત (વફાત : હિ.સ. ૧૦૫૨)

## ★ સીરત શું છે ? ★

જૂના જમાનામાં મોહદ્દિષો અને ફકીહો 'મગાઝી' અને 'સિયર'ના શિર્ષક હેઠળ માત્ર ગઝવાઓ જેમની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ તશરીફ લઈ ગયા હતા તે યુદ્ધ માટેનાં લશ્કરો અને એને સંબંધી વિગતોનું જ વર્ણન કરતા હતા. પરંતુ સીરતે નબવીના લેખકોએ આ શિર્ષકને એટલી વિશાળતા આપી દીધી કે હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતે બા સઆદત (મુબારક જન્મ)થી માંડીને વફાતે અકદસ (પવિત્ર વફાત) સુધીના જીવનનાં તમામ પાસાંઓ, આપની જાત તથા તેની વિશેષતાઓ, આપના રાત દિવસ અને એ તમામ વસ્તુઓ જેમનો આપની પવિત્ર જાત સાથે સંબંધ હોય પછી એ માનવ જીવન સંબંધી બાબતો હોય કે નબુવ્વતના મો'જિઝાઓ હોય એ તમામને "કિતાબે સીરત" (પવિત્ર જીવન ચરિત્ર સંબંધી ગ્રંથો)ના જ અધ્યાયો અને વિભાગો માનવા લાગ્યા.

આથી નબુવ્વતના એલાન પહેલાં અને પછીના તમામ પ્રસંગો, ઘટનાઓ, કાશાનએ નબુવ્વત (નબી સાહેબના નિવાસ)થી હિરા પર્વતની ગુફા સુધી અને હિરા પર્વતની ગુફાથી માંડીને સૌર પર્વતની ગુફા સુધી અને હરમે કા'બાથી તાઈફના બજાર સુધી, અને મક્કાના ગોચરોથી સીરિયાના વેપારી કેન્દ્રો સુધી અને પયગંબર સાહેબની પુનિત પત્નીઓના હુજરાના એકાંતવાસથી માંડીને ઈસ્લામી ગઝવાત (યુદ્ધો)ના રણ સુધી આપના પવિત્ર જીવનની પળેપળમાં આપની પવિત્ર સીરતનો સૂર્ય સમગ્ર વિ□ને તેજોમય બનાવી રહ્યો છે.





એ જ રીતે ખુલફાએ રાશિદીન હોય કે અન્ય સહાબાએ કિરામ, આપની પુનિત પત્નીઓ (અઝવાજે મુતહ્હરાત) હોય કે આપના સર્વોચ્ચ સંતાનો, એ બધાના જીવનગ્રંથોનાં પાનાંઓ પર સીરતે નબવીની ભાત ફૂલોની જેમ મેહકે છે, મોતીઓની જેમ ચમકે છે અને તારાઓની જેમ ઝગમગે છે અને એ તમામ લોકો સીરતે નબવીના વિવિધ વિષયોના જન્નતી વૃક્ષ (શજરતુલ ખુલ્દ)ની જ શાખાઓ, પાંદડાં અને ફૂલ ફળ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમુ)

## ★ અરબ દેશ ★

એ એશિયા ખંડની દક્ષિણ પશ્ચિમે (નેઋત્ય ખૂણે) આવેલું છે. એ દેશ ત્રણ બાજુ સમુદ્રની અને ચોથી બાજુએ યુક્રેટિસ નદી (દરિયાએ ફુરાત)થી ઘેરાયેલો હોવાથી તેને અરબ દ્વીપ (જઝીરતુલ્ અરબ) પણ કહેવામાં આવે છે. એની ઉત્તરે સીરીયા (શામ) અને ઈરાક, પશ્ચિમે રાતો સમુદ્ર (બેહરે અહ્મર કે બુહૈરએ કુલ્ઝુમ) આવેલું છે જે મક્કા મોઅઝ્ઝમાની પશ્ચિમે લગભગ ૭૭ કિ.મી.ના અંતરે આવેલું છે અને દક્ષિણમાં હિંદી મહાસાગર તથા પૂર્વમાં ઓમાનનો અખાત અને ઈરાનનો અખાત આવેલા છે.

અરબ દેશમાં ખેતીલાયક જમીનો પ્રમાણમાં ખૂબ ઓછી છે અને એના મોટા ભાગમાં પર્વતો અને રેતાળ રણપ્રદેશ આવેલો છે. *(તારીખે દવલુલ્ અરબ વલ ઈસ્લામ, ભાગ–૧, પેજ–૩)*

ભૂગોળ શાસ્ત્રીઓએ જમીનોના કુદરતી બંધારણ અનુસાર એ દેશને આઠ ભાગમાં વિભાજિત કર્યો છે.

(૧) હિજાઝ (૨) યમન (૩) હઝરમૌત (૪) મોહરા (૫) અમ્માન (૬) બેહરીન (૭) નજ્દ (૮) અહકાફ *(તારીખે દવલુલ અરબ વલ ઈસ્લામ, ભાગ–૧, પેજ–૩)*

## ★ હિજાઝ ★

આ અરબ દેશના પશ્ચિમ ભાગમાં રાતા સમુદ્ર કાંઠે આવેલું છે. નીચાણવાળા પ્રદેશમાં આવેલા હિજાઝને મળતા દરિયા કાંઠાને 'તિહામા'

અથવા 'ગૌર' (નીચાણવાળી ભૂમિ) કહે છે અને હિજાઝની પૂર્વે આવેલો ભાગ 'નજ્દ' (ઉચ્ચ ભૂમિ) તરીકે ઓળખાય છે. 'હિજાઝ' તિહામા અને નજ્દ વચ્ચે આડશ તરીકે આવેલું હોવાથી અરબના આ ભાગને હિજાઝ કહેવા લાગ્યા. *(દવલુલ્ અરબ વલ્ ઈસ્લામ, ભાગ–૧, પાના–૪)*

હિજાઝના નીચેના સ્થળો ઈસ્લામી ઈતિહાસમાં ખૂબ જ વધારે પ્રખ્યાત છે :–

(૧) મક્કા મુકર્રમા (૨) મદીના મુનવ્વરા (૩) બદ્ર (૪) ઓહદ (૫) ખૈબર (૬) ફિદક (૭) હુનૈન (૮) તાઈફ (૯) તબૂક (૧૦) ગદીરે ખુમ વગેરે.

હઝરત શુઐબ عليه السلام નું શહેર 'મદ્યન' તબૂકના મોરચામાં રાતા સમુદ્ર કાંઠે આવેલું છે. હિજ્ર મુકામે વાદિયુલ કુરા (કુરાનો ખીણ પ્રદેશ) છે ત્યાં હજીયે અઝાબે ઈલાહી દ્વારા ઉલટ પલટ કરવામાં આવેલા સમૂદ જાતિના વસવાટોના અવશેષો જોવા મળે છે. તાઈફ હિજાઝમાં સૌથી વધુ ઠંડું અને ફળદ્રુપ સ્થળ છે. અહીંના ફળો ખૂબ વખણાય છે.

## ★ મક્કા મુકર્રમા ★

હિજાઝનું આ સુવિખ્યાત શહેર પૂર્વે અબૂ કબીસ પર્વત અને પશ્ચિમે કુઐકિઆન એમ બે પર્વતો વચ્ચે આવેલું છે. એની ચારેય બાજુ નાની નાની પહાડીઓ અને રેતાળ મેદાનો દૂર દૂર સુધી ફેલાયેલા છે. આ જ શહેરમાં હુઝૂર શહેનશાહે કૌનૈન ﷺ નો પવિત્ર જન્મ (વિલાદતે બા સઆદત) થયો હતો.

આ શહેર અને તેની આજુબાજુ આવેલા નીચે જણાવેલા સ્થળ ખૂબ પ્રખ્યાત છે.

(૧) કા'બએ મોઅઝ્ઝમા (૨) સફા મર્વા (૩) મિના (૪) મુઝ્દલિફા (૫) અરફાત (૬) ગારે હિરા (૭) ગારે સૌર (૮) તન્ઈમ પર્વત (જબલે તન્ઈમ) (૯) જિઈર્રાના વગેરે.

મક્કા મુકર્રમાનું બંદર અને હવાઈ મથક જિદ્દા છે જે લગભગ ૫૪ કિ.મી.થી થોડાક વધુ અંતરે રાતા સમુદ્ર કાંઠે આવેલું છે.





મક્કા મુકર્રમામાં દર વર્ષે ઝુલ હિજ્જાના મહિનામાં સમગ્ર વિ□ના લાખો મુસલમાનો સમુદ્રી, હવાઈ અને ભૂમિ માર્ગોથી હજ્જ માટે આવે છે.

## ★ મદીના મુનવ્વરા ★

મક્કા મુકર્રમાથી લગભગ ૩૨૦ કિ.મી.ના અંતરે મદીના મુનવ્વરા આવેલું છે જ્યાં હુઝૂરે અકરમ ﷺ મક્કા મુકર્રમાથી હિજરત ફર્માવીને તશરીફ લાવ્યા હતા અને દસ વર્ષ સુધી સ્થાયી બનીને ઈસ્લામનો પ્રચાર (તબ્લીગ) કરતા રહ્યા હતા અને આ જ શહેરમાં આપનો મઝારે મુકદ્દસ છે જે મસ્જિદે નબવીની અંદર ગુંબદે ખિઝરા (લીલા ગુંબદ)ના નામે સુવિખ્યાત છે.

મદીના મુનવ્વરાથી લગભગ ૪.૫ કિ.મી. ઉત્તરે ઊહુદ પર્વત છે. જ્યાં સત્ય અને અસત્યની પ્રખ્યાત લડાઈ 'જંગે ઊહદ' લડવામાં આવી હતી. એ જ પર્વતના ખોળામાં હુઝૂર ﷺ ના કાકા શહીદોના સરદાર હઝરતે હમઝા رضي الله عنه નો મઝારે મુબારક છે. તેઓ જંગે ઓહદમાં શહીદ થયા હતા.

મદીના મુનવ્વરાથી લગભગ પાંચ કિ.મી.ના અંતરે 'મસ્જિદે કુબા' આવેલી છે. આ એ જ પવિત્ર સ્થળ (મુકદ્દસ મુકામ) છે કે જ્યાં હિજરત બાદ હુઝૂરે અકદસ ﷺ એ ઉતારો કર્યો હતો અને પોતાના જ પવિત્ર હાથો (દસ્તે અકદસ)થી આ મસ્જિદનું બાંધકામ કર્યું હતું. ત્યારબાદ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા અને મસ્જિદે નબવીનું બાંધકામ કર્યું હતું. મદીના મુનવ્વરાનું બંદર 'યમ્બૂઅ' છે જે મદીના મુનવ્વરાથી ૧૧૭ કિ.મી.ના અંતરે (બુહૈરએ કુલ્ઝુમને કાંઠે) આવેલું છે.

## ★ ખાતમુન્નબિય્યીન અરબમાં જ કેમ ?! ★

જો આપણે પૃથ્વીના ગોળા પર અરબ દેશને જોઈએ તો એના સ્થાન વિશે જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ અરબ દેશને એશિયા, યૂરોપ અને આફ્રિકા એમ ત્રણ ખંડોની વચ્ચે સ્થાન આપ્યું છે એનાથી સારી પેઠે એ સમજી શકાય છે કે જો આખી દુનિયાના માર્ગદર્શન માટે એક માત્ર કેન્દ્રની સ્થાપ્ના કરવા જો આપણે કોઈ સ્થળની પસંદગી કરવા માંગીએ

તો આરબ દેશ જ એના માટે સૌથી વધુ યોગ્ય સ્થળ છે. ખાસ કરીને હુઝૂર ખાતમુન્ નબિય્યીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનાને નજર સમક્ષ રાખીને આપણે કહી શકીએ છીએ કે જ્યારે આફ્રિકા, યૂરોપ અને એશિયા ત્રણ મોટા મોટા સામ્રાજ્યોનો સંબંધ અરબ દેશ સાથે હતો. તો દેખીતી રીતે જ અરબ દેશથી ઉઠતા અવાજને એ ભૂમિખંડો સુધી પહોંચાડવાના સારા એવા માધ્યમો મૌજૂદ હતા. લગભગ આ જ એ હિક્મતે ઈલાહિયા છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર ખાતમુન્ નબિય્યીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને અરબ દેશમાં પેદા ફર્માવ્યા અને તેમને દુનિયાની તમામ કોમોની હિદાયત (માગદર્શન)નું કામ સોંપ્યું. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## ★ અરબની રાજકીય સ્થિતિ ★

હુઝૂર નબીએ આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના જન્મ સમયે અરબ દેશની રાજકીય સ્થિતિ કંઈક એવી હતી કે દક્ષિણી ભાગમાં હબશી સામ્રાજ્યનો અને પૂર્વીય ભાગ ઉપર ઈરાની સામ્રાજ્યનો કબજો હતો અને ઉત્તરીય ભાગ રોમન સામ્રાજ્યની પૂર્વીય શાખા કોસ્ટેન્ટીનોપલ સામ્રાજ્યને તાબે હતો. આંતરિક રીતે અરબ દેશ સ્વતંત્ર હતું. પરંતુ તેના પર કબજો કરવા દરેક સામ્રાજ્ય પ્રયત્નશીલ રહેતું અને ખરેખર તો એ સામ્રાજ્યોના પરસ્પરના આંતરિક દ્વેષના કારણે જ અરબ દેશ સ્વતંત્ર હતો.

## ★ અરબી નૈતિક સ્થિતિ ★

અરબની નૈતિક સ્થિતિ અત્યંત ખરાબ બલ્કે બદ્થી બદ્તર હતી. અજ્ઞાનતાને કારણે તેઓ મૂર્તિ પૂજા કરવા લાગ્યા હતા અને મૂર્તિ પૂજાની બદીએ તેમના મન ઉપર કબજો જમાવીને તેમને અંધશ્રદ્ધાળુ બનાવી દીધા હતા. તેઓ પ્રકૃતિના દર્શન કરાવતી દરેક વસ્તુ પત્થર, વૃક્ષ, ચાંદ, સૂરજ, પર્વત, નદી વગેરેને પૂજ્ય માનવા લાગ્યા હતા. એટલું જ નહીં પણ આ ઉપરાંત સ્વનિર્મિત માટી અને પત્થરની મૂર્તિઓની પણ પૂજા કરવા લાગ્યા હતા. ધાર્મિક માન્યતાઓ (અકીદાઓ)ની ખરાબીની સાથે સાથે તેમના કૃત્યો અને કર્મો પણ અત્યંત બગડી ગયાં હતાં. ખૂન, લૂટ, જૂગાર, મદીરા પાન, વ્યભિચાર, મહિલાઓનું અપહરણ, નવજાત કન્યાઓને જન્મતાની





સાથે જ દૂધ પીતી કરવી, ઐયાશી, ગાળો ભાંડવી, ટૂંકમાં કયુ ગંદુ અને ધૃણાસ્પદ કૃત્ય એવું હતું જે તેમની પ્રકૃતિમાં નહીં હોય ! નાના મોટા બધા જ અપરાધોના પૂતળા અને પાપના પર્વતો બની ગયા હતા.

## ★ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام નાં સંતાનો ★

ખાનએ કા'બાના સ્થાપક હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ના એક સુપુત્રનું નામ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام છે કે જેઓ હઝરત બીબી હાજરાની પવિત્ર કૂખે જન્મ્યા હતા. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ તેમને અને તેમની માતા હઝરત બીબી હાજરાને મક્કા મુકર્રમા લાવીને વસાવ્યાં હતાં અને અરબની ભૂમિ તેમને એનાયત કરી હતી.

હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ના બીજા સુપુત્રનું નામ હઝરત ઈસ્હાક علیہ الصلوٰۃ والسلام છે જેઓ હઝરત બીબી સારહની પવિત્ર કૂખે પેદા થયા હતા. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ તેમને સીરિયા દેશ એનાયત કર્યો હતો. હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ના ત્રીજાં પત્ની હઝરત કતૂરાની કૂખે જે સંતાનો 'મદ્યન' વગેરે જન્મ્યા તેમને આપે યમનનો વિસ્તાર એનાયત કર્યો હતો.

## ★ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام નાં સંતાનો ★

હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام ને ૧૨ પુત્રો થયા અને તેમના સંતાનોમાં ખુદાવંદે કુદૂસે એટલી બધી બરકત અતા ફર્માવી કે એ લોકો ખૂબ ટૂંકા ગાળામાં સમગ્ર અરબમાં ફેલાઈ ગયા. છેક એટલે સુધી કે પશ્ચિમમાં મિસરની નજીક સુધી તેમના વસવાટો જઈ પહોંચ્યા હતા અને દક્ષિણમાં તેમના તંબુઓ યમન સુધી પહોંચી ગયા હતા અને ઉત્તરમાં તેમના વસવાટો છેક સિરિયા સુધી પહોંચી ચૂક્યા હતા. હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام ના 'કેદાર' નામના એક પુત્રને ભારે ખ્યાતિ મળી હતી અને તેમના સંતાનો ખાસ મક્કામાં જ વસવાટ કરતા રહ્યા. એ લોકો પોતાના પિતાની જેમ હમેશાં કા'બાએ મોઅઝ્ઝમાની સેવા કરતા રહ્યા જેને દુનિયામાં તૌહીદ (એકે□રવાદ)ની સર્વ પ્રથમ દર્સગાહ (પાઠશાળા) હોવાનો ગૌરવ પ્રાપ્ત છે.

એ જ કેદારના સંતાનોમાં અદ્નાન નામક એક અત્યંત સાહસી પુરુષ થયા છે. અને અદ્નાનના સંતાનોમાં કેટલીક પેઢીઓ બાદ અત્યંત

જાહો જલાલીવાળી વ્યક્તિ કુસૈનો જન્મ થયો જેમણે મક્કા મુકર્રમામાં સંયુક્ત સત્તાને આધારે ઈ.સ. ૪૪૦ માં એક સલ્તનતની સ્થાપ્ના કરી હતી. અને એક રાષ્ટ્રીય પરિષદ (પાર્લામેન્ટ)ની રચના કરેલી જે ઈતિહાસમાં દારુન–નદ્‌વાના નામે પ્રખ્યાત છે. અને પોતાનો એક રાષ્ટ્રિય ધ્વજ તૈયાર કર્યો જેને "લિવાઅ" કહેતા હતા. અને નીચે જણાવેલ ચાર હોદ્દાઓ શરૂ કર્યા જેની જવાબદારી ચાર વિવિધ કબીલાઓને સોંપી દીધી હતી :–

**(૧)** રિફાદત (સેવા–સુશ્રુષા)

**(૨)** સિકાયત (જળ વિતરણ)

**(૩)** હિજાબત (દરબાની)

**(૪)** કિયાદત (નેતૃત્વ)

કુસૈ પછી એમના પુત્ર અબ્દે મુનાફ પોતાના પિતાના ઉત્તરાધિકારી બન્યા. પછી તેમના પુત્ર હાશિમ અને ત્યારબાદ તેમના પુત્ર અબ્દુલ મુત્તલિબ એક પછી એક ઉત્તરાધિકારી બનતા રહ્યા. એ જ અબ્દુલ મુત્તલિબના પુત્ર હઝરત અબ્દુલ્લાહ છે જેમના ફરઝંદે અર્જમંદ આપણા પયંગબર હુઝૂર રહ્‌મતુલ્‌લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم છે જેમની મુકદસ સીરતે પાક (પવિત્ર જીવન ચરિત્ર) લખવાનો શર્ફ ખુદાવંદે આલમે પોતાના ફઝ્‌લો કરમથી અમને એનાયત ફર્માવ્યો.

## ★ "સીરતુન્નબી"ના વાંચનની રીત ★

આ પુસ્તકનું વાંચન તમે એવી રીતે ન કરશો જેવી રીતે સામાન્યતઃ લોકો નવલકથાઓ, વાર્તાઓ કે ઐતિહાસિક પુસ્તકોનું વાંચન અત્યંત બેપરવાઈ સાથે પાકી નાપાકીની દરેક હાલતમાં કરતા રહે છે અને અત્યંત બેકાળજીપૂર્વક વાંચીને આમ તેમ નાખી દેતા હોય છે. બલ્કે આપ અકીદતની ભાવના અને મહોબ્બતે રસૂલના ઉમળકા સાથે આ પુસ્તકને વાંચજો, કારણ કે આ બંને જહાનના શહેનશાહ અને મહબૂબે રબ્બુલ મશરિકૈન વલ મગરિબૈનની હયાતે તૈયબા (પવિત્ર જીવન) અને તેમની સીરતે મુકદ્દસા (પવિત્ર ચારિત્ર્ય)નું પવિત્ર વર્ણન છે જે આપણી ઈમાની અકીદતોનું કેન્દ્ર





અને આપણા ઈસ્લામી જીવનની ધરી છે. આ મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ કાબિલે એહતેરામ અદાઓનું વર્ણન છે જેના પર કાઈનાતે આલમ (સમગ્ર સૃષ્ટિ)ની તમામ અઝ્‌મતો (મહાનતાઓ) કુર્બાન છે. આથી જ આ પવિત્ર પુસ્તક વાંચતી વખતે આપને અદબો એહતેરામનો પૈકર બનીને અને તા'ઝીમો તવકીરની સાચી ભાવનાથી પોતાના દિલો દિમાગને પ્રકાશિત કરીને એની એકે એક લીટી વાંચવી જોઈએ. કારણ કે એનો એક એક શબ્દ મારા માટે હસનાતો બરકાત (નેકીઓ અને બરકતો)નો ખજાનો છે અને જાણે કે હું હુઝૂર રહ્‌મતુલ્‌લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર દરબારમાં હાજર છું અને આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ પ્યારી પ્યારી અદાઓને નિરખી રહ્યો છું અને આપની સોહબત (સહવાસ)ના ફૈઝથી અન્વાર પ્રાપ્ત કરી રહ્યો છું. હઝરત અબૂ ઈબ્રાહીમ નખઈ علیہ الرحمۃ والرضوان એ ઈર્શાદ ફર્માવ્યો છે કે;

"દરેક મો'મિન પર વાજિબ છે જ્યારે પણ તે રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું વર્ણન કે ઉલ્લેખ કરે અથવા તેની સમક્ષ આપનો ઝિક્ર કરવામાં આવે તો તેણે શાંત મને ન્યાઝમંદી અને આજિઝી વ્યક્ત કરવી જોઈએ અને પોતાના દિલમાં આપની અઝમત (મહાનતા) અને હૈબતો જલાલ (ભય અને પ્રકોપ)નો એવો પ્રભાવ પેદા કરવો જોઈએ જેવો પ્રભાવ આપની રૂબરૂ હાજર થવાની સ્થિતિમાં આપના જલાલ અને હૈબતથી પેદા થતો હતો. *(કિતાબુશશિફા, ભાગ–૨, પેજ–૩૨)*

અને હઝરત કાઝી અલ્લામા અયાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે, હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર વફાત પછી પણ દરેક ઉમ્મતી માટે આપની એટલી જ તા'ઝીમો તવકીર ફરજિયાત છે જેટલી આપની જાહેરી હયાતમાં હતી. આથી બગદાદનો ખલીફા અબૂ જા'ફર મન્સૂર અબ્બાસી મસ્જિદે નબવીમાં આવીને ઊંચા અવાજે બોલવા લાગ્યો ત્યારે હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ તેને એ કહીને દબડાવ્યો હતો કે હે મુસલમાનોના સરદાર ! અહીં ઊંચા અવાજે બોલશો નહીં ! કારણ કે અલ્લાહ તઆલાએ પવિત્ર કુર્આનમાં પોતાના હબીબના દરબારની એવી અદબ શીખવાડી છે કે, لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِیِّ એટલે કે નબીના દરબારમાં તમારા પોતાના અવાજો ઊંચા ન કરો. وَاِنَّ حُرْمَتَهٗ مَيِّتًا كَحُرْمَتِهٖ حَيًّا અને **આપની**

**વફાતે અકદસ (પડદે થયા) પછી પણ દરેક ઉમ્મતી ઉપર આપની તા'ઝીમ એટલી જ વાજિબ છે જેટલી આપની જાહેરી હયાતમાં હતી.** આ સાંભળી ખલીફા કાંપી ઉઠયો હતો અને નમ્ર બની ગયો હતો. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૩૨, ૩૩)*

ટૂંકમાં સીરતે મુકદસાના પુસ્તકોનું અભ્યાસ કરતી વખતે અદબ અને એહતિરામ જરૂરી છે અને સૌથી વધુ સારું તો એ છે કે જ્યારે આવા પુસ્તકો વાંચવાનું શરૂ કરે ત્યારે દુરૂદ શરીફ પઢીને જ શરૂઆત કરે અને જ્યાં સુધી એકાગ્રતા બાકી રહે ત્યાં સુધી વાંચવાનું ચાલુ રાખે અને જ્યારે સહેજ પણ કંટાળો અનુભવે ત્યારે વાંચવાનું બંધ કરી દે અને બધ્યાનપણે હરગિઝ ! હરગિઝ ! ન વાંચે !

والله تعالیٰ هو الموفق والمعين وصلی الله تعالیٰ عليه وعلیٰ اٰله وصحبه اجمعين -

## દીની મદ્રસાના ટ્રસ્ટીઓને વિનંતી

**કિતાબ "તાલીમાતે જાને ઈમાન" કોર્સમાં દાખલ કરો**

વર્તમાનકાળમાં રોજ નીત નવા બદઅકીદા ધરાવતા લોકો પેદા થતા જાય છે, જેથી કોરા દિમાગવાળા બાળકોને સત્ય પંથ કયો છે, તે સમજવું અતિ મુશ્કેલ બની જાય છે.

એવા નાઝુક સમયે બાળકોને મદ્રસામાં જ આ કિતાબ **"તાલીમાતે જાને ઈમાન"** (પેજીસ–૫૦) ટીચીંગ કરવામાં આવે, તેનાં બાકાયદા તબક્કાવાર પ્રકરણો પઢાઈ દરમ્યાન ચલાવવામાં આવે, તેને યાદ કરાવી તેમના દિમાગમાં આ કિતાબની વાતો બેસાડવામાં આવે અને અંતે તેમની ઈમ્તેહાન પણ આ કિતાબ પઢાવ્યા બાદ લેવામાં આવે તો મદ્રસામાંથી નીકળ્યા બાદ જેમ જેમ તેમનામાં સમજ–શઊર પેદા થશે તેમ તેમ બાતિલ ફિર્કાઓને જલ્દીથી ઓળખી લઈને પોતાના ઈમાનને સલામત રાખી શકશે.

માટે **અમારી નમ્ર વિનંતિ છે કે આ કિતાબને તમામ મદ્રસાના ટ્રસ્ટીઓ તથા મુદર્રિસો મદ્રસાના કોર્સમાં દાખલ કરી સુન્નિયતને સાચવવા તથા મજબૂત કરવાના માટે કોશિશ કરે.** *–લિ. પ્રકાશક*





# હુઝૂર તાજદારે દો આલમ ﷺ નું

# મક્કી જીવન

મુહમ્મદ ﷺ વો કિતાબે કૌનકા તુગરાએ પેશાની
મુહમ્મદ ﷺ વો હરીમે કુદસકા શમ્એ શબિસ્તાની
મુબશ્શિર જિસ્કી બઅષતકા ઝહૂરે ઈસયે મરયમ
મુસદિક જિસકી અઝ્મતકા લબે મૂસાયે ઈમ્રાની
(عَلَيۡهِمُ الصَّلٰوةُ وَالسَّلَامُ)

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اَللّٰهُمَّ لَكَ الۡحَمۡدُ سَرۡمَدًا ۝ عَلٰى حَبِيۡبِكَ الۡمُصۡطَفٰى ۝ وَ اٰلِهٖ وَصَحۡبِهٖ اَبَدًا ۝

حَسۡبِیۡ رَبِّیۡ جَلَّ اللّٰه    نُوۡرِ مُحَمَّدۡ صَلَّى اللّٰه
لَا مَقۡصُوۡدَ اِلَّا اللّٰه    چل مرے خامہ! بِسۡمِ اللّٰه

### (પ્રકરણ-૧)

## કૌટુંબિક હાલાત

### ★ વંશાવાળી (નસબનામા) ★

હુઝૂરે અકદસ ﷺ ની વંશાવળી પિતા તરફથી આ પ્રમાણે છે : (૧) હઝરત મુહમ્મદ ﷺ (૨) એમના પિતા અબ્દુલ્લાહ (૩) એમના પિતા અબ્દુલ મુત્તલિબ (૪) એમના પિતા હાશિમ (૫) એમના પિતા અબ્દે મુનાફ (૬) એમના પિતા કુસૈ (૭) એમના પિતા કિલાબ (૮) એમના પિતા મુર્રહ (૯) એમના પિતા કા'બ (૧૦) એમના પિતા

લુવૈ (૧૧) એમના પિતા ગાલિબ (૧૨) એમના પિતા ફિહર (૧૩) એમના પિતા માલિક (૧૪) એમના પિતા નઝર (૧૫) એમના પિતા કિનાના (૧૬) એમના પિતા ખુઝૈમા (૧૭) એમના પિતા મુદરિકા (૧૮) એમના પિતા ઈલ્યાસ (૧૯) એમના પિતા મુઝર (૨૦) એમના પિતા નઝાર (૨૧) એમના પિતા મઅદ (૨૨) એમના પિતા અદ્‌નાન. *(બુખારી શરીફ, ભાગ–૧, બાબે મબઊષુન્નબિય્ય صلی اللہ تعالیٰ علیہ وسلم )*

અને વાલેદા (માતા) માજેદા તરફથી હુઝૂરની વંશાવળી આ પ્રમાણે છે : હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم બિન આમેના બિન્તે વહાબ બિન અબ્દે મુનાફ બિન ઝોહરા બિન કિલાબ બિન મુર્રા.

આમ હુઝૂરે صلی اللہ تعالیٰ علیہ وسلم ના માતા પિતાની વંશાવળી (નસબનામા) કિલાબ બિન મુર્રહ પર જઈને મળી જાય છે. અને આગળ ચાલીને બંનેનો સિલસિલો એક થઈ જાય છે. અદનાન સુધી આપની વંશાવળી ખરા પુરાવાઓ સાથે ઈતિહાસકારોની સર્વસંમતિ મુજબ સાચી પુરવાર થયેલી છે. ત્યાર પછીના નામોમાં કેટલોક વિરોધભાસ છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે પણ પોતાની વંશાવળીનું વર્ણન કરતા ત્યારે અદનાન સુધી જ એનું વર્ણન કરતા હતા. (કિરમાની હાશિયએ બુખારી, ભાગ–૧, પેજ–૫૩૩ ના સંદર્ભમાં) પરંતુ બધા જ ઈતિહાસકારો એ બાબતે સર્વસમંત છે કે અદ્‌નાન હઝરત ઈસ્માઈલના સંતાનોમાંથી છે અને હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ના ફરઝંદે અરજુમન્દ (સુપુત્ર) છે.

## ★ ખાનદાની શરાફત ★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું કૂળ અને વશાંવળી નજાબત (કુલીનતા) અને શરાફતમાં સમગ્ર દુનિયાના કૂળમાં સર્વશ્રેષ્ઠ અને સર્વોચ્ચ છે અને આ એ હકીકત છે જેનો આપના સૌથી ખરાબ દુશ્મનો એવા મક્કાના કાફિરો પણ ક્યારેય ઈન્કાર કરી શક્યા ન હતા. આથી હઝરત અબૂ સુફયાને જયારે તેઓ કુફ્રની સ્થિતિમાં હતા ત્યારે રોમના સમ્રાટ હિરક્લના (Hercules) ભરચક દરબારમાં આ હકીકતનો એકરાર કર્યો હતો કે ''હુ–વ ફીના ઝૂ નસબ'' એટલે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ઉચ્ચ કૂળના છે. *(બુખારી ભાગ–૧, પાના–૪)*





જો કે ત્યારે તેઓ આપના સૌથી ખરાબ દુશ્મન હતા અને એમ પણ ઈચ્છતા હતા કે જો સહેજ તક મળે તો આપની પવિત્ર જાત પર કોઈક એબ લગાડીને રોમના સમ્રાટની દૃષ્ટિ આપનું માન અને મરતબો ઘટાડી દે. મુસ્લિમ શરીફની રિવાયત છે કે અલ્લાહ તઆલાએ હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والتسلیم ના સંતાનોમાંથી ''કિનાના''ને સન્માનિત બનાવ્યા અને ''કનાના''માંથી કુરૈશની પસંદગી કરી અને કુરૈશમાંથી બની હાશિમને ચૂંટી કાઢયા અને બની હાશિમમાંથી મને ચૂંટી લીધો. *(મિશ્કાત ફઝાઈલે સૈયદુલ મુર્સલીન)*

આ એક સર્વાંગ સંપૂર્ણ સત્ય છે કે;

لَهُ النَّسَبُ الْعَالِیْ فَلَیْسَ کَمِثْلِهٖ
حَسِیْبٌ نَسِیْبٌ مُّنْعَمٌ مُتَکَرَّمٗ

**અર્થાત** : હુઝુરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નું કુળ એટલા બધા ઊંચા દરજજાવાળો છે કે કોઈ પણ હસબ નસબવાળો અને નેઅ્મત તથા બુઝુર્ગીવાળો આપના જેવો નથી.

**કુરૈશ** : હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબુવ્વતના કુળમાં આમ તો બધી જ વ્યક્તિઓ પોતાની અનેકવિધ વિશેષતાઓને કારણે વખણાતી હતી પરંતુ એમાં પણ કેટલીક વિભૂતિઓ એવી છે કે જે ફઝ્લો કમાલના આકાશ પર ચાંદ તારા બનીને ચમકતી હતી. એ બાકમાલ વિભૂતિઓમાંથી એક ફહર બિન માલિક પણ છે. એમનો જ લકબ કુરૈશ છે અને તેમના સંતાનો કુરૈશી અથવા કુરૈશ કહેવાય છે.

ફહર બિન માલિક કુરૈશ એટલા માટે કહેવાતા હતા કે કુરૈશ અત્યંત શક્તિશાળી એવા સમુદ્રના એક પ્રાણીનું નામ છે જે સમુદ્રના બીજા પ્રાણીઓને ખાઈ જાય છે એ સમુદ્રના અન્ય તમામ પ્રાણીઓ ઉપર છવાયેલો રહે છે, ક્યારેય તેમનાથી ભયભીત થતો નથી. ફહર બિન માલિક પણ પોતાની વીરતા અને ખુદાએ અર્પેલી શક્તિ અને બળના આધારે અરબના તમામ કબીલાઓમાં સર્વોપર્રિ હતા આથી આરબો તેમને કુરૈશના લકબથી પોકારવા લાગ્યા હતા. આથી જ આ સંદર્ભમાં શિમરખ બિન અમ્ર હિમયરીનો શે'ર ખૂબ પ્રખ્યાત છે કે;

وَقُرَيْشٌ هِيَ الَّتِيْ تَسْكُنُ الْبَحْرَ
بِهَا سُمِّيَتْ قُرَيْشٌ قُرَيْشًا

**અર્થાત** : કુરૈશ એક પ્રાણી છે, જે સમુદ્રમાં રહે છે. એના જ નામ પરથી કુરૈશ કબીલાનું નામ કુરૈશ પાડવામાં આવ્યું હતું. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પાના–૭૬)*

હુઝૂર ﷺ ના માં બાપ બંનેની વંશાવળી 'ફહર બિન માલિક'થી મળે છે. આથી હુઝૂરે અકરમ ﷺ માં બાપ બંને તરફથી ''કુરૈશી'' છે.

**હાશિમ** : હુઝૂર ﷺ ના પરદાદા 'હાશિમ' ખૂબ માન મરતબો અને વૈભવ ધરાવતા હતા. એમનું મૂળ નામ 'અમ્ર' હતું તેઓ અત્યંત વીર, સાહસી, સખીદાતા અને ઉચ્ચ કક્ષાના મહેમાનનવાઝ હતા. એક વર્ષે અરબસ્તાનમાં સખત દુકાળ પડયો અને લોકો દાણા દાણાના મોહતાજ થઈ ગયા. ત્યારે તેઓ સીરિયાથી સૂકી રોટલીઓ ખરીદીને હજ્જના દિવસોમાં મક્કા પહોંચ્યા અને રોટલીઓનો ચૂરો કરીને ઊંટના માંસના સેરવામાં 'સરીદ' બનાવીને તમામ હાજીઓને ભરપેટ ખવડાવ્યું એ દિવસથી લોકો તેમને હાશિમ (એટલે રોટલીઓનો ચૂરો કરનાર) કહેવા લાગ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પાના–૮)*

તેઓ અબ્દે મુનાફના બધા જ દીકરાઓમાં મોટા અને લાયક હતા. આથી અબ્દે મુનાફ પછી કા'બાના મુતવલ્લી અને સજ્જાદાનશીન (ઉત્તરાધિકારી) થયા હતા. તેઓ અત્યંત સુંદર અને પ્રભાવશાળી હતા. જ્યારે પુખ્ત વયે પહોંચ્યા ત્યારે તેમના લગ્ન ખઝરજ કબીલાના એક સરદાર અમ્રના સુપુત્રી સાથે થયા જેમનું નામ સલમા હતું અને એમના સુપુત્ર અબ્દુલ મુત્તલિબનો જન્મ મદીનામાં જ થયો હતો. પચ્ચીસ વર્ષની વયે જ સીરિયાના માર્ગમાં ગઝ્ઝા મુકામે હાશિમનું અવસાન થયું હતું. આથી અબ્દુલ મુત્તલિબ મદીનામાં પોતાના મોસાળમાં જ ઉછર્યા હતા અને જ્યારે તેઓ સાત કે આઠ વર્ષના થયા ત્યારે મક્કા આવી પોતાના કુટુંબીજનો સાથે રહેવા લાગ્યા હતા.

**અબ્દુલ મુત્તલિબ** : હુઝૂરે અકદસ ﷺ ના દાદાનું





મૂળ નામ 'શૈબહ' છે. તેઓ અત્યંત નેક અને આબિદ (ઈબાદત કરનાર) અને ઝાહિદ (પરહેઝગાર) હતા. ગારે હિરામાં ખાવા પીવાનું સાથે લઈને જતા રમઝાન શરીફના મહિનામાં મોટા ભાગે ગારે હિરામાં એ'તેકાફ કરતા હતા અને ખુદાના ધ્યાનમાં એકાંત વાસમાં રહેતા હતા. રસૂલુલ્લાહ ﷺ ની નબુવ્વતનો નૂર એમની પેશાની (કપાળ)માં ચમક્યા કરતો હતો અને તેમના શરીરમાંથી કસ્તૂરીની સુગંધ આવતી હતી. અરબવાસીઓને ખાસ કરીને કુરૈશના લોકોને એમના પ્રત્યે ભારે અકીદત(શ્રદ્ધા) હતી મક્કાવાસીઓ પર જ્યારે પણ કોઈ આપત્તિ આવી પડતી કે દુકાળ પડતો ત્યારે લોકો અબ્દુલ મુત્તલિબને સાથે લઈને પર્વત ઉપર ચઢી જતા અને બારગાહે ખુદાવંદીમાં એમના વસીલાથી દુઆ માંગતા હતા ત્યારે દુઆ કબૂલ પણ થઈ જતી હતી. તેઓ નવજાત કન્યાઓને જીવતી દફનાવવાની લોકોને સખત મનાઈ ફર્માવતા હતા અને ચોરનો હાથ કાપી નાખતા હતા. પોતાના દસ્તરખ્વાન પરથી પક્ષીઓને પણ ખવડાવતા હતા આથી એમનો લકબ મુતઈમુત–તૈર (પક્ષીઓને ખવડાવનાર) છે. દારૂ અને વ્યભિચારને હરામ સમજતા હતા. અને અકીદાની રૂએ તેઓ મુવહ્હિદ (એકે□રવાદી) હતા. એકદમ પુરાઈ ગયેલો ઝમઝમ શરીફનો કૂવો નવેસરથી ખોદાવીને આપે જ દુરુસ્ત કરાવ્યો હતો. અને આપે જ આબે ઝમઝમનો લાભ લોકો માટે આમ કર્યો હતો ''અસ્હાબે ફીલ''નો ઐતિહાસિક બનાવ પણ આપના સમયમાં જ થયો હતો. એકસો વીસ વર્ષની વયે આપનું અવસાન થયું હતું. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૭૨)*

## ★ અસ્હાબે ફીલનો બનાવ ★

હુઝૂરે અકરમ ﷺ ના પવિત્ર જન્મથી માત્ર ૫૫ દિવસ પૂર્વે યમનના બાદશાહ અબ્રહાએ હાથીઓના લશ્કર સાથે કા'બાને ધ્વસ્ત કરવાના બદ્ઈરાદાથી મક્કા પર હુમ્લો કર્યો હતો. એનું કારણ એ હતું કે અબ્રહાએ યમનના પાટનગર 'સન્સાઅ'માં એક અત્યંત વૈભવશાળી દેવળ બંધાવ્યું હતું અને તે એવા પ્રયાસો કરવા લાગ્યો હતો કે અરબના લોકો ખાનએ કા'બાને બદલે યમન આવી એ દેવળની હજ્જ કરે. જ્યારે મક્કાવાસીને આ વાતની જાણ થઈ ત્યારે કનાના નામક કબીલાનો એક

માણસ ગુસ્સે થઈને યમન ગયો અને ત્યાંના દેવળમાં મળત્યાગ કરીને એને ગંદકીથી લથપથ કરી નાંખ્યું. અબ્રહાને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તે અત્યંત ખીજાયો અને કોપાયમાન સ્થિતિમાં ખાનએ કા'બાને ધ્વસ્ત કરવા હાથીઓના લશ્કર સાથે મક્કા ઉપર હુમ્લો કર્યો અને તેની સેનાની અગ્ર ટુકડીએ મક્કાવાસીઓના તમામ ઊંટો અને અન્ય ઢોરો છીનવી લીધાં એમાં બસો (૨૦૦) કે ચારસો (૪૦૦) ઊંટ અબ્દુલ મુત્તલિબનાં પણ હતાં. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૮૫)*

અબ્દુલ મુત્તલિબને આ વાતનું ખૂબ દુઃખ થયું આથી આપ આ બાબતે વાટાઘાટો કરવા માટે એના લશ્કરમાં તશરીફ લઈ ગયા. જ્યારે અબ્રહાને ખબર પડી કે કુરૈશના સરદાર તેની મુલાકાતે આવ્યા છે તો એણે આપને પોતાના તંબુમાં બોલાવ્યા અને જ્યારે અબ્દુલ મુત્તલિબને જાયા કે તેઓ એક ઊંચા કદના રુઆબદાર તથા અત્યંત સુંદર અને પ્રતિભાશાળી વ્યક્તિ છે જેમના કપાળે નબુવ્વતના નૂરનો જાહોજલાલ ઝળહળી રહ્યો છે, તો આપની શકલ જોતાં જ અબ્રહા આપથી પ્રભાવિત થઈ ગયો અને અનાયાસે શાહી તખ્ત પરથી ઉતરીને આપના માનમાં ઊભો થઈ ગયો અને ત્યારબાદ પોતાની પડખે બેસાડીને પૂછયું, હે કુરૈશના સરદાર ! કહો, અહીં આવવાનો આપનો હેતુ શો છે ? અબ્દુલ મુત્તલિબે જવાબ આપ્યો, તમારા લશ્કરના સૈનિકો અમારા ઊંટો અને બકરીઓ હંકારી લાવ્યા છે. તમે એ બધા જ ઢોરો અમને પાછાં સોંપી દો. આ સાંભળીને અબ્રહાએ કહ્યું કે, "હે કુરૈશના સરદાર ! હું તો એમ સમજતો હતો કે તમે અત્યંત સાહસી અને વીર પુરુષ છો ! પરંતુ ઊંટોનો સવાલ કરીને તમે મારી દૃષ્ટિમાં તમારો મર્તબો ઘટાડી દીધો છે. ઊંટ અને બકરીની હકીકત શી છે ? હું તો તમારા કા'બાને ધ્વસ્ત કરી નષ્ટ કરવા આવ્યો છું, એના વિશે તો તમે કશું જ બોલ્યા નથી. અબ્દુલ મુત્તલિબે જવાબ આપ્યો કે મને તો મારાં ઊંટોથી મતલબ ! કા'બા મારું ઘર નથી બલ્કે એ તો ખુદાનું ઘર છે. એ પોતે જ પોતાના ઘરને બચાવી લેશે. મને કા'બાની સહેજે ય ચિંતા નથી ! એ સાંભળીને અબ્રહા પોતાની શૈતાની શૈલીમાં કહેવા લાગ્યો, હે મક્કાના સરદાર ! સાંભળી લ્યો, હું કા'બાને ધ્વસ્ત કરી પૃથ્વી પરથી તેનો નામો નિશાન મિટાવી દઈશ ! કારણ કે મક્કાવાસીઓએ મારા દેવળનું અપમાન કર્યું છે,





આથી હું તેનું વેર વાળવા માટે કા'બાને ધ્વસ્ત કરવાનું જરૂરી સમજું છું. અબ્દુલ મુત્તલિબે જવાબમાં જણાવ્યું કે તો તમે જાણોને ખુદા જાણે ! હું તમને ભલામણ કરવાવાળો કોણ ?! આ વાતચીત પછી અબ્રહાએ ઊંટો અને બકરીઓ સહિત તમામ જાનવરો પરત કરવાનો આદેશ આપી દીધો અને અબ્દુલ મુત્તલિબ તમામ ઊંટ અને બકરીઓ લઈને પોતાના ઘરે જતા રહ્યા અને મક્કાવાસીઓને જણાવ્યું કે તમે લોકો તમારો માલ સામાન અને ઢોરઢાંખર લઈને મક્કાની બહાર નીકળી જાવ ! અને પહાડોના શિખરો ઉપર ચડી જઈને તેના કોતરો કે ગુફાઓમાં આશ્રય મેળવો. મક્કાવાસીઓને આ જણાવ્યા પછી પોતે પોતાના કુટુંબના કેટલાક માણસો સાથે ખાનએ કા'બામાં ગયા અને દરવાજાનો આંકડો પકડીને અત્યંત બેચેની અને કાકલૂદી સાથે અલ્લાહના દરબારમાં આ રીતે દુઆ માંગવા લાગ્યા;

لَاهُمَّ اِنَّ الْمَرْءَ یَمْنَعُ رَحْلَهٗ فَامْنَعْ رِحَالَكْ
وَانْصُرْ عَلٰی اٰلِ الصَّلِیْبِ وَعَابِدِیْهِ الْیَوْمَ اٰلَكْ

હે અલ્લાહ ! નિઃશંક ! દરેક વ્યક્તિ પોતપોતાના ઘરનું રક્ષણ કરે છે આથી તું પણ પોતાના ઘરનું રક્ષણ ફર્માવ અને સલીબ (ક્રોસ) વાળાઓ તથા સલીબના પૂજારીઓના મુકાબલામાં પોતાના ફર્માંબરદાર બંદાઓની મદદ ફર્માવ. અબ્દુલ મુત્તલિબે આ દુઆ માંગી અને પોતાના કુટુંબીજનોને સાથે લઈને પહાડના શિખરો પર ચડી ગયા અને ખુદાની કુદરતનો જલ્વો જોવા લાગ્યા. બીજી સવારે જ્યારે અબ્રહા કા'બા શરીફ ધ્વસ્ત કરવા માટે વિશાળ લશ્કર અને હાથીઓની હરોળ સાથે આગળ વધ્યો અને 'મુગમ્મિસ' નામના સ્થળે પહોંચ્યો ત્યાં ખૂદ એના જ હાથી જેનું નામ "મહમૂદ" હતું બેસી ગયો, એને ઢોર માર મારવામાં આવ્યો અને વારંવાર લલકારવામાં આવ્યો પરંતુ હાથી કોઈ કિંમતે ઉઠયો નહીં. એ જ સ્થિતિમાં અબાબીલો (પક્ષીઓનાં ઝુંડ) સ્વરૂપે અલ્લાહનો પ્રકોપ આવી પહોંચ્યો અને જેમની ચાંચ તથા પંજામાં ત્રણ ત્રણ કાંકરા હતા તેવાં નાનાં નાનાં પક્ષીઓનાં અસંખ્ય ઝુંડ સમુદ્ર તરફથી હરમે કા'બા તરફ આવવા માંડયાં. અબાબીલોના એ લશ્કરે અબ્રહાની સેના પર એટલા જોશથી પત્થર મારો (કાંકરાનો વરસાદ) શરૂ કર્યો કે જોતજોતામાં અબ્રહાની સેના અને તેના હાથીઓનો ખુર્દો બોલાઈ ગયો. અબાબીલોની પત્થરવર્ષા ખુદાવંદે કહ્હારો જબ્બારના

કેર અને પ્રકોપની એવી માર હતી કે જ્યારે કોઈ કાંકરો કોઈક હાથી સવારના માથે પડતો ત્યારે એ તે માણસને છેદી શરીરની આરપાર નીકળી જતો હતો. આમ અબ્રહાના લશ્કરનો એક પણ માણસ જીવતો બચી શક્યો નહીં અને બધા જ અબ્રહા અને તેના હાથીઓ સહિત એ રીતે હલાક અને બર્બાદ થયા કે એમના શરીરના માંસના ટુકડે ટુકડા જમીન પર ચારેકોર વિખેરાઈ ગયા હતા. આથી જ કુર્આન મજીદની સૂરએ ફીલમાં ખુદાવંદે કુદુસ આ બનાવનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવ્યો છે;

اَلَمْ تَرَ كَيْفَ فَعَلَ رَبُّكَ بِاَصْحٰبِ الْفِيْلِ ۝ اَلَمْ يَجْعَلْ
كَيْدَهُمْ فِيْ تَضْلِيْلٍ ۝ وَّ اَرْسَلَ عَلَيْهِمْ طَيْرًا اَبَابِيْلَ ۝
تَرْمِيْهِمْ بِحِجَارَةٍ مِّنْ سِجِّيْلٍ ۝ فَجَعَلَهُمْ كَعَصْفٍ مَّاْكُوْلٍ ۝

**અર્થાત** : (હે મહબૂબ !) શું આપે ન જોયું કે આપના પાલનહારે એ હાથીવાળાઓનો શો હાલ કર્યો હતો ? શું એમના દાવને વિનાશમાં ન હતો નાખ્યો ! અને તેમના પર પક્ષીઓની ટુકડીઓ મોકલી જેથી તેમને પત્થરના કાંકરાઓથી મારે. તો તેમને ચાવેલા ભૂસા જેવા બનાવી નાખ્યા.

જ્યારે અબ્રહા અને તેના લશ્કરનો આવો અંજામ થયો ત્યારે અબ્દુલ મુત્તલિબ પહાડથી નીચે ઊતર્યા અને ખુદાનો શક્ર અદા કર્યો. તેમની આ કરામતની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાઈ અને ચારેકોર એની ચર્ચા થઈ અને તમામ અરબવાસીઓ ખુદા સુધી પહોંચેલા એક વડીલ તરીકે તેમનો આદર કરવા લાગ્યા.

## ★ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ★

હઝરત અબ્દુલ્લાહ હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વાલિદે માજિદ (પિતા) છે. તેઓ અબ્દુલ મુત્તલિબના તમામ પુત્રોમાં પિતાના સૌથી વધુ લાડકવાયા અને વ્હાલા પુત્ર હતા. એમના કપાળમાં નૂરે મુહમ્મદી પોતાની પૂરી શાનો શૌક્ત સાથે દશ્યમાન હતું. આથી તેઓ હુસ્નો ખૂબીના પૈકર, સુંદરતા અને ઉચ્ચ પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા હતા. શીલ અને પારસાઈ (પવિત્રતા)માં અદ્વિતીય હતા. કુરૈશ કબીલાની તમામ સુંદર સ્ત્રીઓ તેમના સૌંદર્ય અને પ્રતિભા પર વારી જતી અને એમની





સાથે લગ્નની મનોકામના ધરાવતી હતી. પરંતુ અબ્દુલ મુત્તલિબ તેમના માટે સુંદર અને સુશીલ ઉપરાંત ખાનદાની અને સંસ્કારી પણ હોય તેવી કન્યાની શોધમાં હતા. સંજોગોવશાત એક દિવસે હઝરત અબ્દુલ્લાહ શિકાર કરવા માટે જંગલમાં (તશરીફ લઈ) ગયા હતા. સીરિયાના યહૂદીઓ કેટલીક નિશાનીઓથી ઓળખી ગયા હતા કે નબીએ આખિરુઝ્ઝમાં (અંતિમ નબી)ના વાલિદે માજિદ તેઓ જ છે. આથી એ યહૂદીઓએ હઝરત અબ્દુલ્લાહનું ખૂન કરવાના અનેક પ્રયાસો કર્યા હતા. આ વખતે પણ યહૂદીઓનો એક મોટો સમૂહ શસ્ત્ર સજ્જ થઈને હઝરત અબ્દુલ્લાહને એકલા જોઈ દગાથી તેમને કતલ કરવાના ઈરાદે જંગલમાં ગયો હતો પરંતુ અલ્લાહ તઆલાના રક્ષણે આ વખતે પણ તેમને આબાદ બચાવી લીધા હતા. ગયબી રીતે આ દુનિયાના લોકો સાથે સહેજેય સમાનતા ન ધરાવતા કેટલાક ઘોડે સવારો ત્યાં એકાએક દેખાયા હતા. એ ઘોડે સવારોએ આવીને યહૂદીઓને મારી ભગાડયા હતા અને હઝરત અબ્દુલ્લાહને સુરક્ષિત રીતે તેમના મકાન સુધી પહોંચાડયા હતા. વહબ બિન મુનાફ પણ એ દિવસે જંગલમાં હતા અને તેમણે પોતાની નજરે આ બધું જોયું હતું. આથી તેમનામાં પણ હઝરત અબ્દુલ્લાહ પ્રત્યે અત્યંત શ્રદ્ધા અને અપાર પ્રેમ જાગ્યો હતો અને તેમણે ઘરે આવીને એવો દઢ નિર્ધાર કર્યો હતો કે મારી સુપુત્રી 'આમેના''નાં લગ્ન અબ્દુલ્લાહ સાથે જ કરીશ. આથી તેમણે પોતાની આ મનોકામના પોતાના કેટલાક મિત્રો મારફત અબ્દુલ મુત્તલિબ સુધી પહોંચાડી હતી. ખુદાની શાન તો જુઓ કે અબ્દુલ મુત્તલિબ પોતાના સુપુત્ર અબ્દુલ્લાહ માટે જેવી કન્યાની શોધમાં હતા એ તમામ ખૂબીઓ વહબના સુપુત્રી હઝરત આમેનામાં હતી જ. અબ્દુલ મુત્તલિબે સગપણની એ દરખાસ્ત રાજીખુશીથી સ્વીકારી લીધી. આમ ૨૪ વર્ષની વયે હઝરત અબ્દુલ્લાહનો નિકાહ હઝરત બીબી આમેના સાથે થઈ ગયો અને નૂરે મુહમ્મદી હઝરત અબ્દુલ્લાહ પાસેથી તબદીલ થઈને હઝરત બીબી આમેનાની પવિત્ર કુખમાં આવી ગયું અને એ પવિત્ર ગર્ભને જ્યારે બે મહિના પૂરા થયા ત્યારે અબ્દુલ મુત્તલિબે હઝરત અબ્દુલ્લાહને ખજૂરો લેવા માટે મદીના મોકલ્યા અથવા વેપાર અર્થે સીરિયા મોકલ્યા હતા

ત્યાંથી પાછા ફરતાં મદીના શરીફમાં પોતાના પિતાના મોશાળ ''બનૂ અદી બિન નજ્જાર''માં એક મહિના સુધી માંદા રહીને પચ્ચીસ વર્ષની વયે વફાત પામ્યા હતા અને ત્યાં જ ''દારે નાબગા''માં તેમને દફન કરવામાં આવ્યા હતા. *(ઝુર્કાની અલ્‌લ મવાહિબ, ભાગ–૧, પેજ–૧૦૧ તથા મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૪)*

કાફલાવાળાઓએ જયારે મક્કા પાછા ફરીને અબ્દુલ મુત્તલિબને હઝરત અબ્દુલ્લાહની માંદગીના સમાચાર આપ્યા ત્યારે તેમણે એમની ખબર કાઢવા માટે પોતાના સૌથી મોટા પુત્ર હારિષને મદીના મોકલ્યા હતા. તેમના મદીના પહોંચતા પહેલાં જ હઝરત અબ્દુલ્લાહ હમેશાંની દુનિયા ભણી રવાના થઈ ચૂક્યા હતા. હારિષે મક્કા પાછા ફરીને જયારે એમની વફાતના સમાચાર સંભળાવ્યા તો આખું ઘર માતમ બની ગયું અને બનૂ હાશિમના દરેક ઘરમાં માતમ છવાઈ ગયો હતો. ખૂદ હઝરત આમેનાએ પોતાના મર્હૂમ પતિનો એવો દર્દ ભરેલો મર્ષિયો કહ્યો છે જેને સાંભળીને આજે પણ દર્દથી દિલ દ્રવી ઉઠે છે. રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહની વફાત પ્રસંગે ફરિશ્તાઓએ ગમગીન થઈને અત્યંત હસરત સાથે એમ કહ્યું કે, યા ઈલાહી ! તારો નબી યતીમ (અનાથ) થઈ ગયો ! ત્યારે અલ્લાહ તઆલા عزوجل એ ફર્માવ્યું, તો શું થયું ?! હું એનો સમર્થક અને રક્ષક છું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૪)*

હઝરત અબ્દુલ્લાહે છોડેલા વારસામાં એક દાસી 'ઉમ્મે ઐમન' જેમનું નામ બર્કા હતું. કેટલાક ઊંટ અને કેટલીક બકરીઓ હતી. એ વારસો હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મળ્યો. ઉમ્મે ઐમન હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના બાળપણમાં તેમની દેખરેખ રાખતાં હતાં. હુઝૂરને ખવડાવતાં, કપડાં પહેરાવતાં તથા પાલન પોષણની તમામ આવશ્યક્તાઓ પૂરી પાડતાં હતાં. આથી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સમગ્ર જીવનકાળ દરમ્યાન ઉમ્મે ઐમનનો ખ્યાલ રાખતા રહ્યા. પોતાના સૌથી પ્રિય અને દત્તકપુત્ર જેવા દાસ (ગુલામ) હઝરત ઝૈદ બિન હારિષા સાથે એમના નિકાહ કરી દીધા હતા અને તેમની (ઉમ્મે ઐમનની) કૂખે હઝરત ઓસામાનો જન્મ થયો હતો.





## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માતા પિતાનું ઈમાન ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વાલિદૈન કરીમૈન (દયાવન માતા પિતા) વિશે આલિમોમાં એ બાબતે મતભેદ પ્રવર્તે છે કે બંને જણા મો'મિન છે કે નહીં. કેટલાક આલિમો એ બંને જણાને મો'મિન (ઈમાન લાવનાર) નથી માનતા અને કેટલાક આલિમોએ આ બાબતે મૌન સેવ્યું છે અને ફર્માવ્યું છે કે એ બંને જણાને મો'મિન કે કાફિર કહેવાથી જીભને રોકવી જોઈએ અને એનો ઈલ્મ (જ્ઞાન) ખુદાને સોંપવું જોઈએ. પરંતુ **એહલે સુન્નતના આલિમો અને સંશોધકો દા.ત. ઈમામ જલાલુદ્દીન સિયૂતી, અલ્લામા બિન હજર હૈતમી, ઈમામ કુર્તબી, હાફિઝ અશ્શામ ઈબ્ને નાસિરુદ્દીન, હાફિઝ શમ્સુદ્દીન દમિશ્કી, કાઝી અબૂ બક્ર ઈબ્નુલ અરબી માલિકી, શૈખ અબ્દુલ હક્ક મોહદ્દિષ દહેલ્વી અને સાહિબુલ ઈકલીલ મૌલાના અબ્દુલ હક્ક મુહાજિર મદની** قُدِّسَتْ اَسْرَارُهُمْ **વગેરેનો અકીદો અને કૌલ છે કે હુઝૂર** صلی اللہ تعالیٰ علیہ وسلم **નાં માતા પિતા બંને નિશ્ચિત અને નિઃશંકપણે મો'મિન છે.** આથી હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નો આ વિશે ઈર્શાદ છે કે :

હુઝૂરના માતા પિતાને મો'મિન ન માનવા એ અગાઉના આલિમોનો મસ્લક છે પરંતુ પછીના આલિમોએ સંશોધન સાથે પુરવાર કર્યું છે કે હુઝૂરના માતા પિતા બલ્કે હુઝૂરના તમામ પૂર્વજો હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم સુધી બધા જ મો'મિન છે.

અને એમનો ઈમાન પુરવાર કરવા માટે પછીના અનુગામી આલિમોની ત્રણ પદ્ધતિઓ છે. સર્વ **પ્રથમ** તો એ કે હુઝૂરના માતા પિતા અને પૂર્વજો બધા જ હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم ના દીન પર હતા. આથી તેઓ મો'મિન છે.

**બીજું** એ કે એ તમામ હઝરાત હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ના નબુવ્વતના એલાન પહેલાં જ એવા સમયમાં વફાત પામ્યા હતા જેને ''જમાનએ ફિતરત'' કહેવામાં આવે છે અને તેમના સુધી હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ની ઈમાનની દા'વત પહોંચી જ નથી. આથી તેમને હરગિઝ હરગિઝ કાફિર કહી શકાય નહીં,

બલ્કે એ લોકોને મો'મિન જ કહેવામાં આવશે.

**ત્રીજું** એ કે અલ્લાહ તઆલાએ (એ હઝરાત) એમને જીવતા ફર્માવી કબરોમાંથી ઉઠાવ્યા અને એ લોકોએ કલિમા પઢીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની તસ્દીક (સમર્થન) કરી હતી.

અને હુઝૂરના માતા પિતાને જીવતા કરવાની હદીષે જો કે પોતે ઝઈફ છે પણ એની સનદો એટલા પુષ્કળ પ્રમાણમાં છે કે આ હદીષ 'સહીહ' અને 'હસન'ના દરજ્જા સુધી પહોંચી ગઈ છે.

અને આ એ ઈલ્મ છે કે જે પુરોગામી આલિમોથી ગુપ્ત રહ્યો જેને હક્ક તઆલાએ અનુગામી આલિમો પર જાહેર ફર્માવ્યો અને અલ્લાહ તઆલા જે કોઈને ઈચ્છે છે તેને પોતાના ફઝ્લથી પોતાની રહમત સાથે ખાસ ફર્માવી લે છે. અને શૈખ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ મસ્અલામાં કેટલાક રિસાલા (પુસ્તિકાઓ) લખ્યા છે અને આ મસ્અલો દલીલોથી સાબિત કર્યો છે અને વિરોધીઓની તમામ શંકા કુશંકાઓનો જવાબ આપ્યો છે. *(અશ્અતુલ્ લમ્આત, ભાગ–૧, પેજ–૭૧૮)*

એ જ પ્રમાણે ખાતિમતુલ્ મુફસ્સિરીન હઝરત શૈખ ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہનું બયાન છે કે ઈમામ કુર્તબીએ પોતાના પુસ્તક તઝકિરામાં લખ્યું છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે હજ્જતુલ વિદાઅમાં અમે લોકોને સાથે લઈને ચાલ્યા અને હજૂનની ઘાટી પરથી પસાર થયા ત્યારે રંજ અને ગમમાં રડવા લાગ્યા અને હુઝૂરને રડતા જોઈને હું પણ રડવા લાગી. પછી હુઝૂર પોતાની ઊંટણી પરથી ઉતરી પડયા અને થોડીક વાર પછી ફરી વાર મારી પાસે પાછા તશરીફ લાવ્યા ત્યારે ખુશ ખુશ અને મલકાતા મલકાતા તશરીફ લાવ્યા. મેં પૂછયું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ પર મારા માતા પિતા કુર્બાન ! શી વાત છે ?! કે આપ રંજ અને ગમમાં ડૂબેલા ઊંટણી પરથી ઉતર્યા અને પાછા ફર્યા ત્યારે ખુશ ખુશ અને મલકાતા મલકાતા પાછા તશરીફ લાવ્યા ?! ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે હું મારી વાલેદા (માતા) હઝરત આમેનાની કબરની ઝિયારત માટે ગયો હતો અને મેં અલ્લાહ તઆલાને સવાલ કર્યો કે એ તેમને જીવતા ફર્માવી દે ! તો ખુદા તઆલાએ તેમને જીવતા ફર્માવ્યા અને તેઓ ઈમાન લાવ્યા.





અને અલ્ ઈશ્બાહ વન્નઝાઈરમાં છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના માતા પિતા સિવાય કુફ્રની હાલત મરી ગયેલ દરેક વ્યક્તિ પર લા'નત કરવી જાઈઝ છે. કારણ કે એ વાતના પુરાવા મૌજૂદ છે અલ્લાહ તઆલાએ એ બંને જણા (માતા પિતા)ને જીવતાં ફર્માવ્યાં અને એ બંને ઈમાન લાવ્યાં.

અને એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના માતા પિતાની કબરો પાસે રડયા અને એક સૂકું વૃક્ષ જમીનમાં વાવી દીધું અને ફર્માવ્યું કે જો આ વૃક્ષ લીલુ થઈ જશે તો આ એ વાતની નિશાની હશે કે એ બંનેનું ઈમાન લાવવું શક્ય છે. આથી એ વૃક્ષ લીલુ થઈ ગયું. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆની બરકતથી એ બંને જણા પોત પોતાની કબરોમાંથી બહાર નીકળીને ઈસ્લામ લાવ્યાં અને ફરી પોત પોતાની કબરોમાં પાછાં તશરીફ લઈ ગયાં.

અને બંને જણાનું જીવતા થઈને ઈમાન લાવવું એ ન તો બૌદ્ધિક રીતે અશક્ય છે કે ન તો શરીઅતની રૂએ અશક્ય છે કારણે કુર્આન શરીફથી સાબિત થયેલું જ છે કે બની ઈસ્રાઈલની એક મૃતકે જીવતા થઈને પોતાના ખૂનીનું નામ જણાવ્યું હતું. એ જ રીતે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ના પવિત્ર હાથ (દસ્તે મુબારક)થી પણ કેટલાક મુડદાં જીવતાં થઈ ગયાં હતાં. જ્યારે આ બધી જ વાતો સાબિત થઈ ચૂકેલી છે તો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માતા પિતાનું જીવતા થઈને ઈમાન લાવવામાં કઈ વસ્તુ આડે આવી શકે છે ?! અને જે હદીષ શરીફમાં એવો ઉલ્લેખ છે કે, "મેં મારી વાલેદા (માતા) માટે મગફિરતની દુઆ કરવાની પરવાનગી માગી તો મને એની પરવાનગી આપવામાં ન આવી." આ હદીષ હુઝૂરના માતા પિતા જીવતાં થઈને ઈમાન લાવ્યાં એના ખૂબ પહેલાંની છે. કારણ કે હુઝૂરના માતા પિતાનું જીવતાં થઈને ઈમાન લાવવાની ઘટના "હજ્જતુલ વિદાઅ" પ્રસંગે બની હતી. (જે હુઝૂરના વિસાલથી થોડાક જ મહિના પહેલાંનો બનાવ છે) અને હુઝૂરના મર્તબાઓ અને દરજ્જાઓ હર હંમેશ વધતા જ રહ્યા છે. તો શક્ય છે કે એ અગાઉ હુઝૂરને ખુદાવંદે તઆલાએ શરફ નહીં અતા ફર્માવ્યો હોય કે આપના માતા પિતા મુસલમાન થાય. પરંતુ પાછળથી આપને એ ફઝ્લો શરફ (સન્માન)થી પણ આપને નવાઝવામાં આવ્યા હોય કે આપના માતા પિતાને ઈમાનવાળાં બનાવી દેવાયાં. અને કાઝી ઈમામ અબૂબક્ર ઈબ્નુલ અરબી

માલિકીને જ્યારે આ પ્રશ્ન કરવામાં આવ્યો કે એક વ્યક્તિ એમ કહે છે કે હુઝૂર ﷺ ના પૂર્વજો જહન્નમ (નર્ક)માં છે. તો આપે ફર્માવ્યું કે એ વ્યક્તિ મલઊન (જેના પર લા'નત કરવામાં આવી હોય) છે, કારણ કે અલ્લાહ તઆલાએ કુર્આનમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

اِنَّ الَّذِیْنَ یُؤْذُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ لَعَنَهُمُ اللّٰهُ فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ (અહ્ઝાબ)–

**અર્થાત** : જે લોકો અલ્લાહ અને તેના રસૂલને ઈજા પહોંચાડતા રહે છે. અલ્લાહ તઆલા દુનિયા અને આખેરતમાં તેમના પર લા'નત કરશે.

હાફિઝ શમ્સુદીન દમિશ્કી رحمۃ اللہ علیہ એ આ મસ્અલો પોતાની નઅત શરીફમાં આ રીતે બયાન ફર્માવ્યો છે :–

حَبَا اللّٰهُ النَّبِیَّ مَزِیْدَ فَضْلٍ عَلٰی فَضْلٍ وَ کَانَ بِهٖ رَءُوْفًا

અલ્લાહ તઆલાએ નબીને ફઝ્લ ઉપર ફઝ્લ કરતાં પણ વધુ ફઝીલત અતા ફર્માવી છે અને અલ્લાહ તઆલા એમના પર ખૂબ મહેરબાન છે.

فَاَحْیَا اُمَّهٗ وَ کَذَا اَبَاهُ لِاِیْمَانٍ بِهٖ فَضْلًا لَطِیْفًا

કારણ કે ખુદાવંદ તઆલાએ હુઝૂરનાં માતા પિતાને હુઝૂર પર ઈમાન લાવવા માટે પોતાના ''ફઝ્લે લતીફ''થી જીવતાં ફર્માવી દીધા હતાં.

فَسَلِّمْ فَالْقَدِیْمُ بِهٖ قَدِیْرٌ وَ اِنْ کَانَ الْحَدِیْثُ بِهٖ ضَعِیْفًا

તો તમે આ વાત માની લ્યો કારણ કે ખુદાવંદે કરીમ આ વાતની કુદરત ધરાવે છે. જો કે આ હદીષ ઝઈફ (નબળી) છે.

ઈન્નિહા મુલ્ત-ક-તન.

*(તફસીરે રૂહુલ બયાન, ભાગ–૧, પેજ ૨૧૭, ૨૧૮)*

સાહિબુલ ઈકલીલ હઝરત અલ્લામા શૈખ અબ્દુલ હક્ક મુહાજિર મદની قدس سرہ એ લખ્યું છે કે :–

''અલ્લામા ઈબ્ને હજર હૈતમીએ મિશ્કાતની શરહ (માર્ગદર્શિકા)માં ફર્માવ્યું છે કે, ''હુઝૂર ﷺ ના માતા પિતાને અલ્લાહ તઆલાએ ફરી જીવતાં ફર્માવ્યાં એટલે સુધી કે એ બંને જણા ઈમાન લાવ્યાં અને ફરી વફાત પામ્યાં.'' આ હદીષ સહીહ છે અને જે મુહદ્દિષોએ આ





હદીષ સહીહ ગણાવી છે એમનામાં ઈમામ કુર્તબી અને સીરિયાના હાફિઝુલ હદીષ ઈબ્ને નાસિરુદ્દીન પણ છે અને એમાં મહેણા મારવાનું અસ્થાને અને નિરર્થક છે. કારણ કે કરામતો અને વિશેષતાઓની શાન એ જ છે કે તેઓ નિયમો અને ટેવો વિરૂદ્ધ હોય છે. આથી હુઝૂર ﷺ નાં માતા પિતાનું મૌત પછી પુનઃ જીવતાં થઈને ઈમાન લાવવું આ ઈમાન એમના માટે લાભદાયક છે. જો કે અન્ય લોકોને માટે આ ઈમાન લાભદાયક નથી. એનું કારણ એ છે કે હુઝૂરનાં માતા પિતાને નિસ્બતે રસૂલને લીધે જે કમાલ (પૂર્ણતા) પ્રાપ્ત છે એ અન્ય લોકો માટે નથી. અને હુઝૂરની હદીષ ''لیت شعری ما فعل ابوای'' (કાશ ! મને ખબર હોત કે મારા માતા પિતા સાથે કેવો મામલો કરવામાં આવ્યો) વિશે ઈમામ સિયૂતીએ દુર્રે મન્સૂરમાં ફર્માવ્યું છે કે આ હદીષ મુર્સલ અને ઝઈફુલ અસ્નાદ (નબળા પુરાવાવાળી) છે. *(ઈકલીલ અલા મદારિકુત તન્ઝીલ, ભાગ–૨, પેજ–૧૦)*

પ્રમાણભૂત પુસ્તકોમાંથી લેવામાં આવેલા ઉપરોક્ત અવતરણો વાંચી લીધા બાદ હુઝૂરે અકદસ ﷺ સાથેની દિલી અકીદત અને ઈમાની મહોબ્બતની અપેક્ષા એ જ છે કે હુઝૂરનાં માતા પિતા અને તમામ પૂર્વજો બલ્કે તમામ સગા સંબંધીઓ સાથે અદબ અને એહતેરામનો ખયાલ રાખવામાં આવે, સિવાય કે જે સગા સંબંધીઓનું કાફિર અને જહન્નમી હોવાનું કુર્આન અને હદીષથી પૂરવાર થયેલ છે, જેમ કે અબૂ લહબ અને તેની પત્ની ''હમ્મા લતલ હતબ'' એ સિવાય બાકીના તમામ નજીકનાં સગા સંબંધીઓનો માન મલાજો જાળવવો જરૂરી છે. કારણ કે જે લોકોને હુઝૂર ﷺ સાથે નિસ્બતે કરાબત (નજીકનું સગપણ) છે એમની બેઅદબી અને ગુસ્તાખી નિશ્ચિતપણે હુઝૂર ﷺ ને ઈજા પહોંચાડવાનું નિમિત્ત બનશે અને તે દુનિયા તથા આખેરતમાં મલઊન થશે.

આ મસ્અલામાં આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાન સાહબ કિબ્લા બરેલ્વી رحمۃ اللہ علیہ ની એક સંશોધન પુસ્તિકા (મોહક્કિકાના રિસાલા) પણ છે જેનું નામ ''શુમૂલુલ્ ઈસ્લામ લિ આબાઈહિલ્ કિરામ'' છે. જેમાં આપે અત્યંત વિગતવાર અને દલીલપૂર્વક એમ લખ્યું છે કે હુઝૂર ﷺ નાં માતા પિતા અને પૂર્વજો મુવહ્હિદ (એક અલ્લાહને માનનારા) અને મુસ્લિમ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## ★ નબુવ્વતની બરકતોનું પ્રદર્શિત થવું ★

જે રીતે સૂરજ ઉગતાં પહેલાં લુપ્ત થતા તારા, સુબ્હે સાદિકની સફેદી અને આકાશની લાલિમા સૂર્યોદયની ખુશખબર આપવા માંડે છે, એ જ રીતે જ્યારે રિસાલતના સૂર્યનો ઉગવાનો સમય નજીક આવ્યો ત્યારે ચારેબાજુ એવી સંખ્યાબંધ અજબ ગજબની ઘટનાઓ અને માનવીની નિયમતિ ટેવો વિરૂધ્ધની સંખ્યાબંધ નિશાનીઓ જાહેર થવા લાગી અને સમગ્ર બ્રહ્માંડને એ ખુશખબર આપવા લાગી કે હવે સંપૂર્ણ ચમક દમક સાથે રિસાલતના સૂર્યનો ઉદય થઈ રહ્યો છે.

આથી જ અસ્હાબે ફીલના મૃત્યુ પામવાની ઘટના, એકાએક રહમતોની વર્ષાથી અરબની ભૂમિનું લીલીછમ થઈ જવું અને વર્ષોનો દુકાળ દૂર થઈને સમગ્ર દેશમાં ખુશાલી થઈ જવી, મૂર્તિઓનું ઊંધા મોંઢે પડી જવું, ઈરાનના મજૂસી (પારસી)ઓની એક હજાર વરસની સતત બળતી આગનું એક ક્ષણમાં ઓલવાઈ જવું, કિસરાના મહેલમાં ધરતીકંપ અને તેના ચૌદ કંગૂરાનું તૂટીને પડી જવું, 'હમ્દાન' અને 'કુમ' વચ્ચે આવેલા છ માઈલ લાંબા અને છ માઈલ પહોળા સરોવર 'બુહૈરએ સાદા'નું એકાએક સૂકાઈ જવું, સીરિયા અને કૂફા વચ્ચેના પ્રદેશમાં સમાવહ નામની સૂકી નદીનું એકાએક વહેવા લાગવું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાલિદાના પવિત્ર શરીરમાંથી એક એવા નૂરનું નીકળવું જેનાથી બસરાના મહેલ પ્રકાશિત થઈ ગયા. આ બધી જ ઘટનાઓ અને બનાવો એક જ શ્રૃંખલાની વિવિધ કડીઓ છે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તશરીફ આવરી (આગમન) પૂર્વે જ ''મુબશ્શેરાત (ખુશખબર) બનીને આલમને ખુશખબર આપવા લાગ્યા કે :–

મુબારક હો વો શાહ પર્દેસે બાહર આનેવાલા હય
ગદાઈકો ઝમાના જિસ્કે દર પે આનેવાલા હય

હઝરત અંબિયાએ કિરામ علیہم السلام એ (એટલે કે નબીઓ) દ્વારા તેમની નબુવ્વતના એલાન પહેલાં સામાન્ય માનવ ટેવ વિરૂદ્ધ અને બુદ્ધિને આશ્ચર્ય ચક્તિ કરી મૂકનારી જે ઘટનાઓ ઘટે છે તેમને શરીઅતની પરિભાષામાં 'ઈર્હાસ' કહે છે. અને નબુવ્વતની જાહેરાત કે તેના એલાન





પછી એ જ ઘટનાઓને 'મો'જિઝા' કહેવામાં આવે છે. આથી જ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબુવ્વતના એલાન પહેલાં ઘટેલી ઉપરોક્ત તમામ ઘટનાઓ 'ઈર્હાસ' છે. નબુવ્વતની બરકતના શિર્ષક હેઠળ જેમનું અમે વર્ણન કર્યું છે. 'ઈર્હાસ' પ્રકારના બનાવોની સંખ્યા ખૂબ વધારે છે એમાંથી કેટલાકનો ઉપર ઉલ્લેખ થઈ ગયો. હવે બીજા પણ કેટલાક પ્રસંગો વાંચી લઈએ :–

**(૧)** મુહદ્દિષ અબૂ નુઐમે પોતાના પુસ્તક (દલાઈલુન નબુવ્વતમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતથી આ હદીષ બયાન કરી છે કે જે કે રાત્રે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નૂરે નબુવ્વત હઝરત અબ્દુલ્લાહની પવિત્ર પીઠમાંથી હઝરત આમેનાની પવિત્ર કૂખમાં તબદીલ થયું ત્યારે પૃથ્વીના બધા જ ચોપગાં પ્રાણીઓ ખાસ કરીને કુરૈશના જાનવરોને અલ્લાહ તઆલાએ વાચા આપી હતી. અને તેમણે સ્પષ્ટ ભાષામાં એલાન કર્યું હતું કે આજે અલ્લાહના રસૂલ માતાની કૂખે જલવા અફરોઝ થયા છે. જેમના માથે સમગ્ર વિ□ની ઈમામત (નેતૃત્વ)નો તાજ છે, અને જે સમગ્ર વિ□ને અજવાળનાર ચિરાગ છે. પૂર્વના જાનવરોએ પશ્ચિમના જાનવરોને આ ખુશખબરી આપી એ જ રીતે સમુદ્ર અને નદીઓના જાનવરોએ પણ એકબીજાને આ ખુશખબરી સંભળાવી કે હઝરત અબૂ કાસિમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિલાદતે બા સઆદત (મુબારક જન્મ)નો સમય નજીક આવી ગયો છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભા. ૧, પેજ–૮૦૧)*

**(૨)** ખતીબ બગદાદીએ પોતાની સનદ (પ્રમાણ) સાથે આ હદીષ શરીફ રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં વાલિદા માજેદા હઝરત બીબી આમેનાએ ફર્માવ્યું કે જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો જન્મ થયો ત્યારે મેં જોયું કે એક બહું જ મોટુ વાદળ આવ્યું જેમાંથી પ્રકાશ સાથે ઘોડાઓનો હણહણાટ અને પક્ષીઓના ઉડવાનો અવાજ સંભળાતો હતો. ત્યાર પછી એકાએક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મારી સામેથી ગાયબ થઈ ગયા અને મેં સાંભળ્યું કે એક એલાન કરનાર એલાન કરી રહ્યો છે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂર્વ અને પશ્ચિમમાં ફેરવો અને એમને સમુદ્રોની સહેલ કરાવો જેથી સમગ્ર કાઈનાત (બ્રહ્માંડ)ને એમનું નામ એમની સૂરત શક્લ અને એમની

વિશેષતાઓની ખબર પડી જાય. અને એમને બધા જ સજીવો સમક્ષ રજુ કરો એટલે કે જિન, માનવ, ફરિશ્તા અને પશુ પક્ષીઓ સમક્ષ રજુ કરો અને એમને હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની સૂરત, હઝરત શીશ علیہ الصلوٰۃ والسلام ની માઅ્રેફત, હઝરત નૂહ علیہ الصلوٰۃ والسلام ની શુજાઅત (વીરતા), હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ની ખુલ્લત (મિત્રતા), હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام ની ભાષા, હઝરત ઈસ્હાક علیہ الصلوٰۃ والسلام ની રઝા, હઝરત સ્વાલેહ علیہ الصلوٰۃ والسلام ની ફસાહત (વાકપટુતા), હઝરત લૂત علیہ الصلوٰۃ والسلام ની હિક્મત, હઝરત યાકૂબ علیہ الصلوٰۃ والسلام ની બશારત (ખુશખબર), હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ની શિદ્દત (તીવ્રતા) હઝરત ઐયૂબ علیہ الصلوٰۃ والسلام નો સબ્ર (ધીરજ), હઝરત યૂનુસ علیہ الصلوٰۃ والسلام ની તાઅત, હઝરત યૂશઅ علیہ الصلوٰۃ والسلام નો જેહાદ, હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام નો અવાજ, હઝરત દાનિયાલ علیہ الصلوٰۃ والسلام ની મહોબ્બત (પ્રેમ), હઝરત ઈલ્યાસ علیہ الصلوٰۃ والسلام નો વકાર (મોભો), હઝરત યહ્યા علیہ الصلوٰۃ والسلام ની ઈસ્મત, હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام નો ઝોહદ (પરહેઝગારી) એનાયત કરીને એમને બધા જ પયંગબરોના કમાલાત (નિપૂણતા અને કૌશલ્યો) અને અખ્લાકે હસના (શિષ્ટ આચરણ)થી શણગારી દો. ત્યાર પછી એ વાદળું જતું રહ્યું પછી મેં જોયું કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم રેશમના લીલા કપડામાં લપેટાયેલા છે અને આ કપડામાંથી પાણી ટપકી રહ્યું છે અને કોઈ એલાન કરનારો એલાન કરી રહ્યો છે કે વાહ ! વાહ ! કેવું સરસ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સમગ્ર દુનિયાનો કબજો આપી દેવામાં આવ્યો છે. અને બ્રહ્માંડની કોઈ વસ્તુ એવી નથી જે એમના પ્રભુત્વના કબ્જામાં અને આજ્ઞાકારીઓના વૃંદમાં ન હોય. હવે જ્યારે મેં ચેહરએ અન્વર (નૂરથી ઝગમગતો ચેહરો) જોયો તો એ ૧૪ મીના ચાંદની જેમ ચમકી રહ્યો હતો અને શરીરમાંથી કસ્તૂરીની સુગંધ આવી રહી હતી. ત્યાર પછી ત્રણ જણા જોવામાં આવ્યા. એકના હાથમાં ચાદીનો લોટો, બીજાના હાથમાં લીલા ઝમર્રુદનો થાળ, ત્રીજાના હાથમાં એક ચમકદાર અંગૂઠી હતી, અંગૂઠીને સાત વાર ધોઈને તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના બંને ખભા વચ્ચે નબુવ્વતની મહોર લગાડી દીધી. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રેશમી કાપડમાં લપેટીને ઉપાડયા અને એક ક્ષણ બાદ મને સોંપી દીધા.

*–(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભા. ૧, પેજ–૧૧૩ થી ૧૧૫)*





(પ્રકરણ-૨)

# બાળપણ

**વિલાદતે બાસઆદત:** હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જન્મ તારીખ વિશે મતભેદ છે પરંતુ મશ્હૂર કૌલ એ જ છે કે 'અસ્હાબે ફીલ'ની ઘટનાના ૫૫ દિવસ બાદ ૧૨ મી રબીઉલ અવ્વલ ઈ.સ. પ્રમાણે ૨૦ મી એપ્રિલ ઈ.સ. ૫૭૧ આપની વિલાદતે બા સઆદત (પવિત્ર જન્મ)ની તારીખ છે. મક્કવાસીઓ પણ એના પર જ અમલ કરે છે. એ લોકો રબીઉલ અવ્વલની બારમી તારીખે જ દરબારે નબવીની ઝિયારત માટે જાય છે અને ત્યાં મીલાદ શરીફની મેહફિલોનું આયોજન કરે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૧૪)*

વિ□ના ઈતિહાસમાં આ એવો અનોખો અને મહાન દિવસ હતો જ્યારે દુનિયાના અસ્તિત્વના આવિષ્કારનું અને રાત દિવસના ચક્રનું કારણ, માનવ સર્જન અને પૈગંબર નૂહ علیہ الصلوٰۃ والسلام ની હોડીના રક્ષણનું રહસ્ય, કા'બાના સ્થાપકની દુઆ અને ઈબ્ને મરયમ(હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ની) બશારતનું પ્રગટીકરણ થયું. સમગ્ર સૃષ્ટિની ગુંચવાયેલી ઝુલ્ફો ઉકેલનાર, સમગ્ર વિ□ના બગડેલા તંત્રોને સુધારનાર એટલે કે :–

વો નબિયોમેં રહમત લકબ પાનેવાલા
મુરાદેં ગરીબોં કી બર લાનેવાલા

મુસીબતમેં ગૈરોં કે કામ આનેવાલા
વો અપને પરાએ કા ગમ ખાનેવાલા

ફકીરોંકા માવા, ઝઈફોંકા મલ્જા
યતીમોંકા વાલી, ગુલામોંકા મૌલા

**સ–નદુલ અસ્ફિયા, અશ્રફુલ અંબિયા, અહમદે મુજતબા મુહમ્મદ**

મુસ્તફા ﷺ આલમે વજૂદમાં રોનક અફરોઝ થયા અને પવિત્ર શરીર, કપાયેલી ડૂંટી, ખત્ના થયેલી અને સજદાની સ્થિતિમાં, સુગંધમાં લિપ્ત, મક્કા મુકર્રમાની પવિત્ર ધરતીમાં પોતાના પિતાના મકાનમાં જન્મ્યા હતા. પિતા ક્યાં હતા કે એમને બોલાવવામાં આવતા અને પોતાના નવજાત પુત્રને જોઈ ન્યાલ થતા, એ પહેલાં જ એમની તો વફાત થઈ ચૂકી હતી. દાદાને બોલાવવામાં આવ્યા ત્યારે તેઓ કા'બા શરીફના તવાફમાં વ્યસ્ત હતા. આ ખુશખબરી સાંભળીને દાદા અબ્દુલ મુત્તલિબ ખુશ ખુશ હરમે કા'બાથી પોતાના ઘરે આવ્યા અને મહોબ્બતના જોશમાં પોતાના પૌત્રને છાતી સરસો ચાંપી લીધો. પછી કા'બા શરીફમાં લઈ જઈને ખૈરો બરકતની દુઆ માંગી અને 'મુહમ્મદ' નામ રાખ્યું. આપના કાકા અબૂ લહબની દાસી ખુશીમાં દોડીને ગઈ અને અબૂ લહબને ભત્રીજાના જન્મની ખુશખબરી આપી. ત્યારે એણે એ ખુશીમાં ને ખુશીમાં શહાદત (કલ્મા)ની આંગળીના ઈશારે સુવૈબાને આઝાદ કરી દીધી. જેનું ફળ અબૂ લહબને એ મળ્યું કે, એના મોત પછી એના ઘરવાળાઓએ એને ખ્વાબમાં જોયો અને એનો હાલ પૂછયો ત્યારે એણે પોતાની આંગળી ઉપાડીને એમ કહ્યું કે :–

"તમારાથી જુદા થયા બાદ મને ખાવા પીવાનું કશું જ મળ્યું નથી. સિવાય કે ષુવૈબાને આઝાદ કરવા સબબે આ આંગળી મારફત મને થોડુંક પાણી પીવડાવવામાં આવે છે." *(બુખારી, ભાગ–૨, પ્રકરણ : ઉમ્મહાતુકુમુલ્લાતી અર્દઅનકુમ)*

આ પ્રસંગે હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ને એક અત્યંત મનનીય અને બસીરત અફરોઝ વાત લખી છે કે, જે એહલે મહોબ્બત (ચાહકો) માટે અત્યંત આહ્‌લાદક છે. તેઓ લખે છે કે :–

અહીં 'મીલાદ' કરનારાઓ માટે એક સનદ (પ્રમાણ) છે કે તેઓ આં હઝરત ﷺ ની શબે વિલાદત (જન્મની રાત્રિ)માં ખુશી મનાવે છે અને પોતાનો માલ ખર્ચે છે. એટલે કે અબૂ લહબ જે કાફિર હતો અને તેની નિંદામાં કુર્આન નાઝિલ થયું. જ્યારે એને આં હઝરત ﷺ ની વિલાદત (જન્મ) પ્રસંગે ખુશી મનાવવા અને પોતાની બાંદી (દાસી)નું દૂધ ખર્ચ કરવા પર તેનો બદલો આપવામાં આવ્યો તો એ મુસલમાનની શી હાલત હશે કે જે આં હઝરત ﷺ ની અપાર મહોબ્બતમાં ડૂબી જઈને





ખુશી મનાવે છે અને પોતાનો માલ ખર્ચ કરે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૯)*

## ★ મૌલુદુન્નબી ﷺ ★

જે પવિત્ર મકાનમાં હુઝૂરે અકદસ ﷺ નો જન્મ થયો હતો. ઈસ્લામી ઈતિહાસમાં એ સ્થળનું નામ મવલિદુન્નબી (નબીનું જન્મ સ્થળ) છે. આ અત્યંત પવિત્ર સ્થળ છે. ઈસ્લામના સુલ્તાનોએ આ મુબારક યાદગાર પર ખૂબ જ શાનદાર ઈમારત બંધાવી આપી હતી. જ્યાં હરમૈન (મક્કા મદીના) શરીફૈનના લાકો અને વિ□ભરમાંથી આવતા મુસલમાનો રાત દિવસ મેહફિલે મીલાદનું આયોજન કરતા અને સલાતો સલામ પઢતા રહેતા હતા. આથી જ હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાના પુસ્તક ફુયૂઝુલ્ હરમૈનમાં લખ્યું છે કે :–

"હું એકવાર તે મેહફિલે મીલાદમાં હાજર થયો જે મક્કા મુકર્રમહ્‌માં ૧૨ મી રબીઉલ અવ્વલના રોજ મવલિદુન્નબીમાં યોજાયી હતી. જ્યારે વિલાદતનું બયાન વંચાઈ રહ્યું હતું ત્યારે મેં જોયું કે, એકાએક એ મજલિસમાંથી કેટલાક અન્વાર બુંલદ થયા. મેં એ અન્વાર વિશે વિચાર્યું તો ખબર પડી કે એ તો અલ્લાહની રહમત અને એ ફરિશ્તાઓના અન્વાર હતા કે જેઓ આવી મેહફિલોમાં હાજર થયા કરે છે." *(ફુયૂઝુલ્ હરમૈન)*

જ્યારે હિજાઝ ઉપર નજદી શાસકોનું પ્રભુત્વ થયું ત્યારે જન્નતુલ મોઅલ્લા અને જન્નતુલ બકીઅના મકબરાઓના ગુંબજોની સાથે સાથે નજદી હકૂમતે આ મુકદસ યાદગાર પણ તોડી ફોડીને ના'બૂદ કરાવી દીધી હતી અને આ મુબારક સ્થળ વર્ષો સુધી વેરાન રહ્યું હતું. પણ જૂન ૧૯૫૯ માં ખૈરો બરકતના આ કેન્દ્રની ઝિયારત માટે જ્યારે મેં ત્યાં હાજરી આપી ત્યારે મેં એ સ્થળે એક નાનકડી ઈમારત જોઈ હતી. જેમાં તાળુ મારેલું હતું કેટલાક આરબોએ મને જણાવ્યું હતું કે હવે આ બિલ્ડીંગમાં એક નાનકડું પુસ્તકાલય અને એક નાનકડું મક્તબ છે. હવે આ જગ્યાએ ન તો મીલાદ શરીફ થઈ શકે છે કે ન તો સલાતો સલામ પઢવાની પરવાનગી છે. મેં મારા સાથીદારો સહિત એ ઈમારતથી થોડેક દૂર ઊભા રહીને ધીમા અવાજે સલાતો સલામ પઢયા હતા અને ત્યારે મારા પર એવી 'રિક્કત' છવાઈ

ગઈ કે હું થોડીકવાર રડતો રહ્યો.

## ★ દૂધ પીવાનો જમાનો ★

હુઝૂર ﷺ એ સૌ પ્રથમ અબૂ લહબની દાસી ''હઝરત ષુવૈબહ્''નું દૂધ પીધું હતું ત્યારબાદ પોતાની વાલેદા માજેદા (અમ્મી જાન)નું દૂધ પીતા રહ્યા. પછી હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہا અને આપને પોતાની સાથે લઈ ગયાં અને પોતાના કબીલામાં રાખીને આપને દૂધ પીવડાવતા રહ્યાં અને એમની પાસે જ આપનો દૂધ પીવાનો સમગ્ર સમય પસાર થયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૮)*

કુલીન અને ખાનદાની અરબો પોતાનાં બાળકોને દૂધ પીવડાવવા માટે આસપાસના ગામડાઓમાં મોકલી આપતા હતા. ગામડાની સાફ સુથરી આબોહવામાં બાળકોની તંદુરસ્તી અને તેમનું શારીરિક આરોગ્ય વધુ સારું થઈ જતું હતું અને તેઓ વિશુદ્ધ અને ઉચ્ચ કોટિની અરબી ભાષા પણ શીખી જતા હતા. કારણ કે બહારના માણસોની અવરજવર અને તેમની સાથેના સંપર્કને કારણે શહેરની ભાષા વિશુદ્ધ અને ઉચ્ચ કોટિની રહેતી ન હતી.

હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہا નું બયાન છે કે, ''હું બની સઅદની સ્ત્રીઓ સાથે દૂધ પીતા બાળકની શોધમાં મક્કા જવા રવાના થઈ. એ વર્ષે અરબ દેશમાં સખત દુકાળ પડયો હતો. મારા ખોળામાં એક બાળક હતું પરંતુ ગરીબાઈ અને ફાકા (ભૂખ્યા રહેવા)ને કારણે મારા સ્તનોમાં એટલું દૂધ ન હતું કે જે એને પર્યાપ્ત થઈ રહે. આખી રાત એ બાળક ભૂખથી તડપતો અને રડતો રહેતો હતો અને એને છાનું રાખવા અમે આખી આખી રાત બેઠા બેઠા વિતાવી દેતા હતા. અમારી પાસે એક ઊંટણી પણ હતી પણ એનેય દૂધ થતું ન હતું. મક્કા મુકર્રમાની મુસાફરીમાં જે ખચ્ચર ઉપર હું સવાર હતી એ પણ એટલું દૂબળુ હતું કે, કાફલાવાળાઓ સાથે ચાલી શક્તું ન હતું. મારા સાથીદારો પણ એનાથી કંટાળી ગયા હતા. પારાવાર મુશ્કેલીઓ સાથે આ મુસાફરી પૂરી થઈ. જ્યારે આ કાફલો મક્કા મુકર્રમા પહોંચ્યો ત્યારે જે કોઈ સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ને જોતી અને તેઓ યતીમ (અનાથ) હોવાનું સાંભળતી ત્યારે કોઈપણ સ્ત્રી આપને લેવા





માટે તૈયાર થતી ન હતી. કારણ કે બાળક યતીમ હોવાને લીધે ઈનામ–અકરામ વધુ મળવાની આશા ન હતી. અહીં હઝરત હલીમા સઅદિયાના ભાગ્યનો તારો સપ્તર્ષિ કરતાંય ઊંચો અને ચંદ્રમા કરતાં પણ વધુ પ્રજ્વલિત હતો. એમનામાં દૂધની ઉણપ જ એમના માટે રહમતના બાહુલ્યનું નિમિત્ત બની ગઈ. કારણ કે એમને દૂધ ઓછું આવતું હોવાનું જાણીને કોઈને પણ એમને પોતાનું બાળક સોંપવાનું ગમ્યું નહીં. હઝરત હલીમા સઅદિયા رضی اللہ عنہا એ પોતાના પતિ ''હારિષ બિન અબ્દુલ ઉઝ્ઝ''ને કહ્યું કે, હું અહીંથી ખાલી હાથે પાછી જાઉં તે સારું નથી લાગતું, એના કરતાં વધુ સારું તો એ જ છે કે, હું આ યતીમ બાળકને પોતાની સાથે લેતી જાઉં ! એમના પતિએ આ વાત મંજૂર રાખી અને હઝરત હલીમા સઅદિયા એ દુર્રે યતીમ (અનાથ મોતી)ને લઈ આવ્યાં જેના વડે માત્ર હઝરત હલીમા અને હઝરત આમેનાના ઘરમાં જ નહીં પરંતુ સમગ્ર સૃષ્ટિ પૂર્વ અને પશ્ચિમમાં અજવાળુ થવાનું હતું. આ તો ખુદાવંદે કુદ્દૂસની અપાર કૃપા અને ફઝ્લે અઝીમ જ છે કે હઝરત હલીમાનું દુર્ભાગ્ય સદ્ભાગ્યમાં ફેરવાઈ ગયું અને સરવરે કાઈનાત એમના ખોળામાં આવી ગયા. એમને પોતાના તંબુમાં લાવીને જ્યારે દૂધ પીવડાવવા બેઠાં ત્યારે રહમતની વર્ષા અને નબુવ્વતની બરક્તોનું પ્રકટીકરણ શરૂ થઈ ગયું. ખુદાની શાન તો જુઓ કે હઝરત હલીમાના પવિત્ર શુષ્ક સ્તનોમાં એટલું બધું દૂધ ઊતરી આવ્યું કે, રહમતે આલમ ﷺ એ અને એમના દૂધભાઈએ પણ પેટ ભરીને દૂધ પીધું અને બંને જણા આરામથી સૂઈ ગયા. બીજી બાજુ ઊંટણીને જોયું તો એનાય સ્તનો દૂધથી ભરાઈ ચૂક્યા હતા. હઝરત હલીમાના પતિએ તેનું દૂધ દોહ્યું અને પતિ પત્ની બંને જણાએ પેટ ભરીને દૂધ પીધું અને બંને જણાએ આખી રાત સુખ ચેનની ઊંઘ માણી હતી.

હઝરત હલીમાનો પતિ હુઝૂર રહમતે આલમની આ બરક્તો જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો અને કહેવા લાગ્યો કે હલીમા ! તમે બહુ જ મુબારક બાળક લાવ્યાં છો. હઝરત હલીમાએ કહ્યું કે, ખરેખર મને પણ એ જ આશા છે કે આ અત્યંત બરકતવાળું બાળક છે અને ખુદાની રહમત બનીને આપણને મળ્યો છે અને મને એ જ અપેક્ષા છે કે હવે આપણું ઘર ખૈરો બરક્ત (ભલાઈ અને સમૃદ્ધિ)થી ભરાઈ જશે !

હઝરત હલીમા ફર્માવે છે કે, ત્યારાબાદ અમે રહમતે આલમને અમારા ખોળામાં લઈને મક્કા મુકર્રમાથી પોતાના ગામ તરફ રવાના થયા. તો મારો એ જ ખચ્ચર એટલી ઝડપથી ચાલવા લાગ્યો કે અન્ય કોઈ સવારીની ધૂળ પણ એના સુધી પહોંચી શક્તી ન હતી. અમારા કાફલાની સ્ત્રીઓ આ જોઈને આશ્ચર્યપૂર્વક મને કહેવા લાગી કે, હે હલીમા ! શું આ એ જ ખચ્ચર છે ? જેના પર સવાર થઈને તમે આવ્યા હતાં કે પછી બીજો કોઈ ઝડપી ખચ્ચર તમે ખરીદી લીધો છે ? સારાંશ અમે અમારા ઘરે પહોંચ્યાં ત્યાં ભારે દુકાળ પડેલો હતો. બધા જ ઢોરના સ્તનોમાં દૂધ સૂકાઈ ગયું હતું. પરંતુ મારા ઘરમાં પગ મૂકતાંની સાથે જ મારી બકરીઓનાં બાવલાં દૂધથી ભરપાઈ થઈ ગયાં હતાં. હવે દરરોજ મારી બકરીઓ જંગલમાં ચરીને જ્યારે ઘરે પાછી ફરતી ત્યારે એમના સ્તનો દૂધથી ભરેલા જોવા મળતા હતા. જો કે આખી વસ્તીમાં બીજા કોઈનેય પોતાના ઢોરોનું એક ટીપુંય દૂધ મળતું ન હતું. મારા કબીલાવાળાઓએ તેમનાં ગોવાળોને કહ્યું કે, હવેથી તમે પણ પોતાનાં ઢોરોને એ જ જગ્યાએ ચરાવજો જ્યાં હલીમાના જાનવરો ચરે છે. આથી બધા જ લોકો એ જ સ્થળે પોતાનાં જાનવરોને ચારવા લાગ્યા જ્યાં મારી બકરીઓ ચરતી હતી. પરંતુ અહીં તો ચારવાની જગ્યા કે જંગલને કોઈ લેવા દેવા હતી જ નહીં ! એ તો રહમતે આલમની નબુવ્વતની બરકતોનો ફૈઝ હતો જેને હું અને મારા પતિ સિવાય મારી કૌમની કોઈ જ વ્યક્તિ સમજી શકતી ન હતી.

આ રીતે દરેક પળ અને દરેક પગલે અમે આપની બરકતો સતત નિહાળતા રહ્યા. એટલે સુધી કે બે વર્ષ પૂરા થઈ ગયાં અને મેં આપનું દૂધ છોડાવી દીધું. આપની તંદુરસ્તી અને ઉછેરની સ્થિતિ બીજા બાળકો કરતાં એટલી બધી સારી હતી કે, બે વર્ષમાં જ આપ ખૂબ સારા અને મોટા જણાતા હતા. હવે અમે રિવાજ પ્રમાણે રહમતે આલમને એમની મા પાસે લાવ્યાં અને તેમણે પોતાની હસતી અનુસાર અમને ઈનામ અકરામથી નવાજ્યાં.

જો કે રિવાજ પ્રમાણે રહમતે આલમને પોતાની સાથે રાખવાનો હવે અમને કોઈ જ અધિકાર ન હતો. પરંતુ આપની નબુવ્વતની બરકતોને કારણે એક ક્ષણ પૂરતી પણ આપની જુદાઈ અમે સહન કરી શક્તા ન હતા. સંયોગવશ એ વર્ષે મક્કા મોઅઝ્ઝમામાં રોગચાળો ફાટી નીકળ્યો





હતો આથી એ રોગચાળાનું બહાનું બનાવીને અમે હઝરત બીબી આમેનાને પણ રાજી કરી લીધાં હતાં અને આમ અમે રહમતે આલમને ફરીથી અમારા ઘરે લઈ આવ્યાં હતાં અને અમારું મકાન ફરીથી રહમતો અને બરકતોની ખાણ બની ગયું હતું અને આપ અમારી પાસે ખુશ ખુશ રહેવા લાગ્યા. આપ ઘરથી બહાર નીકળતા અને બીજા બાળકોની રમતો નિહાળતા પણ આપ પોતે હંમેશ દરેક પ્રકારની રમતોથી દૂર રહેતા.

એક દિવસ મને કહેવા લાગ્યા કે, અમ્મીજાન ! મારા બીજા ભાઈ બહેનો આખો દિવસ કેમ દેખાતા નથી ? એ લોકો હંમેશ સવારે વહેલા ઉઠીને કયાં જતા રહે છે ? મેં જવાબ આપ્યો કે, એ લોકો બકરીઓને ચારવા જતા રહે છે. આ સાંભળીને આપે ફર્માવ્યું, મારા વ્હાલા અમ્મીજાન ! આપ મને પણ મારા ભાઈ બહેનો સાથે મોકલ્યો કરો. આથી આપના આગ્રહને વશ થઈ વિવશ બનીને હઝરત હલીમાએ આપને બાળકો સાથે બકરીઓ ચારવા જવાની પરવાનગી આપી દીધી અને આમ બકરીઓ ચરતી હતી ત્યાં આપ દરરોજ જવા લાગ્યા અને જંગલ કે ગોચરમાં બકરીઓ લઈ જઈને તેમની દેખરેખ રાખવાની નબીઓ અને રસૂલોની સુન્નત ઉપર બાળપણથી અમલ કરીને આપે નાની વયમાં નબુવ્વતની ખસ્લતો અને વિશેષતાઓ વ્યક્ત કરી દીધી.

## ★ શક્કે સદ્ર (છાતી છેદન) ★

એક દિવસે આપ ગૌચરમાં હતા તેવામાં હઝરત હલીમાના પુત્ર 'ઝમરા' હાંફળા ફાંફળા દોડતા એકાએક પોતાના ઘરે આવ્યા અને પોતાની માં હઝરત બીબી હલીમાને કહ્યું કે, અમ્મીજાન ! બહુ મોટો ગજબ થઈ ગયો ! મુહમ્મદ ﷺ ને સફેદ કપડાં પહેરીને આવેલા ત્રણ જણાએ ચત્તા સૂવાડીને તેમનું પેટ ફાડી નાખ્યું છે અને હું એમને એ જ સ્થિતિમાં મૂકીને દોડી આવ્યો છું. આ સાંભળીને હઝરત હલીમા અને તેમના પતિ બંને બેબાકળા બનીને દોડતાં દોડતાં જંગલ પહોંચ્યાં તો જોયું કે, આપ બેઠા હતા પરંતુ ભય અને ચિંતાથી મોઢું પીળું પડી ગયું હતું અને ચહેરો ઉદાસ હતો. હઝરત હલીમાએ અત્યંત હેતપૂર્વક લાડથી પુકારતાં પૂછયું, ''બેટા ! શું વાત છે ? આપે ફર્માવ્યું કે, ત્રણ વ્યક્તિઓ જેમના વસ્ત્રો અત્યંત

સફેદ અને સાફ સુથરાં હતાં મારી પાસે આવી અને મને ચત્તો સૂવાડીને મારું પેટ ચીરીને એમાંથી કોઈ વસ્તુ કાઢીને બહાર ફેંકી દીધી અને પછી બીજી કોઈ વસ્તુ નાખીને મારી છાતીનો એ છેદ સીવી નાખ્યો અને મને સહેજેય પીડા થઈ ન હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨)*

આ પ્રસંગ સાંભળીને હઝરત હલીમા અને તેમના પતિ બંને જણા ભારે ગભરાયા અને પતિએ કહ્યું કે, હલીમા ! આમને કદાચ કોઈ વળગાડ (આસેબ)ની અસર હોય તેવી મને શંકા છે, આથી તમે ખૂબ જલ્દીથી આમને એમના ઘરવાળાઓ પાસે મૂકી આવો. ત્યારબાદ હઝરત હલીમા આપને લઈને મક્કા મુકર્રમા આવ્યાં. કારણ કે આ ઘટનાથી તેમને એવો ધ્રાસ્કો બેસી ગયો હતો કે, કદાચ અમે જોઈએ તેટલી આપની રક્ષા નહીં કરી શકીએ. મક્કા મોઅઝ્ઝમા પહોંચીને હઝરત હલીમાએ જ્યારે આપને આપની વાલેદા માજેદા (અમ્મીજાન !)ને સુપરત કર્યા તો એમણે પૂછયું કે, હલીમા તમે તો ભારે હેતપૂર્વક મારા લાડકાને પોતાના ઘરે લઈ ગયા હતા. પછી આટલી જલ્દી પાછા આવવાનું કારણ ? જ્યારે હઝરત હલીમાએ છાતી છેદન (શક્કે સદ્ર)ની ઘટના કહી સંભળાવી અને વળગાડ (આસેબ)ની શંકા વ્યક્ત કરી ત્યારે હઝરત બીબી આમેનાએ ફર્માવ્યું કે, હરિગઝ નહીં ! ખુદાના સોંગદ ! મારી આંખના નૂર ઉપર હરિગઝ ! હરગિઝ ! ક્યારેય કોઈ પણ જિન કે શૈતાનની કોઈ જ અસર થઈ શકે જ નહીં. મારા પુત્રની શાન ખૂબ મોટી છે. ત્યારબાદ ગર્ભાવસ્થાના દિવસો અને પ્રસૂતિ પ્રસંગેની આશ્ચર્યજનક ઘટનાઓ સંભળાવીને હઝરત હલીમાને સંતોષ આપ્યો અને આમ હઝરત હલીમા આપને આપની વાલેદા માજેદા (અમ્મીજાન)ને સોંપીને પોતાના ગામ પાછાં આવતાં રહ્યાં અને આપ પોતાની અમ્મીજાનના ખોળામાં ઉછરવા લાગ્યા.

## ★ શક્કે સદ્ર કેટલીયવાર થયું ? ★

હઝરત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ સૂરએ "અલમ નશ–રહ'ની તફસીરમાં લખ્યું છે કે, ચાર વખત આપની છાતી છેદવામાં આવી હતી અને એમાં નૂર તથા હિકમતનો ભંડાર ભરવામાં આવ્યો હતો. પહેલીવાર જ્યારે આપ હઝરત હલીમાના ઘરે હતા જેનો





ઉલ્લેખ થઈ ચૂક્યો છે. એની હિકમત એ હતી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એવા તમામ વસવસાઓ અને વિચારોથી સુરક્ષિત રહે જેમાં સપડાઈને બાળકો ખેલકૂદ અને શરારતો (તોફાન મસ્તી) કરવા પ્રેરાય છે. બીજીવાર દસ વર્ષની વયે થયો કે જેથી આપ જુવાનીની દીવાનગીમય વાસનાઓથી મુક્ત થઈ નિર્ભય બની જાય. ત્રીજીવાર ગારે હિરામાં શક્કે સદ્ર થયો અને આપના હૃદયમાં નૂરે સકીના ભરી દેવામાં આવ્યો. જેથી આપ વહીયે ઈલાહીના મહાન અને ભારે બોજાને સહન કરી શકે. ચોથીવાર મેઅરાજની રાત્રે આપની મુબારક છાતી છેદીને તેને નૂર અને હિક્મતના ભંડારોથી સુસજ્જ કરવામાં આવી જેથી આપના કલ્બે મુબારક (પવિત્ર હૃદય)માં એટલી વિશાળતા અને સક્ષમતા પેદા થઈ જાય કે આપ દીદારે ઈલાહીની તજલ્લીઓ અને કલામે રબ્બાનીની હયબતો અને અઝ્મતોનો ભાર સહન કરી શકે.

## ★ ઉમ્મે ઐમન ★

જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત હલીમાના ઘરથી મક્કા મુકર્રમા પહોંચી ગયા અને પોતાની વાલેદા મોહતરમા પાસે રહેવા લાગ્યા ત્યારે જેઓ આપના પિતા (વાલિદ માજિદ)ના દાસી હતાં એ હઝરત ઉમ્મે ઐમન આપની દેખરેખ અને સેવાચાકરીમાં રાત દિવસ વ્યસ્ત રહેવા લાગ્યાં. (હઝરત) ઉમ્મે ઐમનનું નામ "બર્કત" છે. તેઓ આપને આપના પિતા તરફથી વારસામાં મળ્યાં હતાં. તેઓ જ આપને ખવડાવતાં, કપડાં પહેરાવતાં અને આપનાં કપડાં ધોતાં હતાં. આપે આઝાદ કરેલા પોતાના ગુલામ હઝરત ઝૈદ બિન હારિષા સાથે એમનો નિકાહ કરી દીધો હતો. જેમનાથી હઝરત ઓસામા બિન ઝૈદ પેદા થયા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

## ★ બાળપણની અદાઓ ★

હઝરત હલીમા જણાવે છે કે, આપનું પવિત્ર પારણું ફરિશ્તાઓના હલાવવાથી હાલતુ હતું અને આપ બાળપણામાં ચાંદ તરફ આંગળી ઉઠાવીને ઈશારો ફર્માવતા ત્યારે ચાંદ આપની આંગળીના ઈશારે હલનચલન કરતો હતો. જ્યારે આપ બોલવા લાગ્યા ત્યારે સૌથી પહેલા જે કલામ આપની પવિત્ર જીભે નીકળ્યો તે : **"અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! અલ્ હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન વ**

**સુબ્હાનલ્લાહિ બુકરતંવ વઅસીલા."** બાળકોની ટેવ પ્રમાણે આપે ક્યારેય પણ કુદરતી હાજત (મળ મૂત્ર)થી કપડાં બગાડયાં ન હતાં. બલ્કે હમેશાં એક નિયત સમયે કુદરતી હાજતથી ફારેગ થતા હતા. જો ક્યારેક આપની શર્મગાહ ખુલી જતી ત્યારે આપ રડી રડીને ફરિયાદ કરતા અને જ્યાં સુધી શર્મગાહ ઢંકાઈ ન જતી આપને ચેન પડતું ન હતું, અને જો શર્મગાહ ઢાંકવામાં વિલંબ થતો ત્યારે ગેબથી કોઈ આપની શર્મગાહ ઢાંકી દેતો. જ્યારે આપ પગે ચાલવા લાગ્યા ત્યારે બહાર નીકળીને રમતાં બાળકોને જોયા કરતા પરંતુ પોતે એ રમતમાં સામેલ થતા ન હતા. છોકરાઓ આપને રમવા બોલાવતા ત્યારે આપ એમને જણાવતા કે મને રમવા માટે પેદા કરવામાં આવ્યો નથી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૨૧)*

## ★ હઝરત આમેનાની વફાત ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ની વય જ્યારે છ વર્ષની થઈ ત્યારે આપના વાલેદા માજેદા (અમ્મીજાન) આપને સાથે લઈને મદીના મુનવ્વરા આપના દાદાજીના મોસાળ બનૂ અદી બિન નજ્જારમાં સગા સંબંધીઓને મળવા અથવા પોતાના પતિની કબરની ઝિયારત માટે તશરીફ લઈ ગયાં. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના પિતાના દાસી ઉમ્મે ઐમન પણ આ મુસાફરીમાં આપની સાથે હતાં. ત્યાંથી પાછા વળતાં "અબ્વાઅ્" નામના એક ગામમાં હઝરત બીબી આમેનાની વફાત થઈ ગઈ અને એમને ત્યાં જ દફન કરવામાં આવ્યાં. વાલિદે માજિદ (પિતા)ની છત્રછાયા તો આ અગાઉ જ છીનવાઈ ચૂકી હતી, હવે વાલેદા માજેદાના વાત્સલ્યનો પણ અંત આવ્યો. પણ હઝરત બીબી આમેનાનો આ દુર્રે યતીમ (અનાથ મોતી) રહમતની જે ગોદમાં ઉછરીને મોટો થવાનો છે તે કેળવણીના આવા બધા જ બાહ્ય સબબોથી બેપરવા છે.

હઝરત બીબી આમેનાની વફાત પછી હઝરત ઉમ્મે ઐમન આપને મક્કા મુકર્રમા લાવ્યાં અને આપના દાદા અબ્દુલ મુત્તલિબને આપની સોંપણી કરી અને દાદાએ પોતાના ખોળામાં અત્યંત પ્રેમ અને વહાલ સાથે આપનો ઉછેર કર્યો અને હઝરત ઉમ્મે ઐમન આપની સેવા કરતાં રહ્યાં. જ્યારે આપની ઉંમર આઠ વર્ષની થઈ ગઈ તો આપના દાદ અબ્દુલ મુત્તલિબનો પણ ઈન્તેકાલ થઈ ગયો.





## ★ અબૂ તાલિબ પાસે ★

અબ્દુલ મુત્તલિબની વફાત પછી આપના કાકા અબૂ તાલિબે આપના ઉછેર અને કેળવણીની જવાબદારી સ્વીકારી અને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની નેક આદતો અને બાળપણની મનોહર અને પ્યારી પ્યારી અદાઓએ અબૂ તાલિબને આપના એવા ચાહક બનાવી દીધા કે મકાનમાં અંદર અને બહાર બધે આપને પોતાની સાથે જ રાખતા હતા. પોતાની સાથે જ ખવડાવતા પીવડાવતા. પોતાની પાસે જ આપની પથારી કરાવતા અને એક ક્ષણ માટે પણ આપને પોતાની નજરોથી દૂર થવા દેતા ન હતા.

અબૂ તાલિબનું બયાન છે કે, મેં ક્યારેય જોયું નથી કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم કોઈપણ વખતે કાંઈક જૂઠ બોલ્યા હોય કે ક્યારેય કોઈની સાથે દગો કર્યો હોય કે ક્યારેય કોઈને ઈજા પહોંચાડી હોય કે અશિષ્ટ છોકરાઓ સાથે રમવા ગયા હોય કે ક્યારેય સંસ્કાર વિરુદ્ધની કોઈ વાત કરી હોય. હમેશાં અત્યંત શિષ્ટાચારી, સુટેવધારી, નમ્ર સ્વભાવના, ઉચ્ચ વ્યક્તિત્વના અને ઉચ્ચ કક્ષાના પારસા અને પરહેઝગાર રહ્યા.

## ★ આપની દુઆથી વરસાદ ★

એકવાર અરબ દેશમાં અત્યંત ભયંકર અને વિનાશક દુકાળ પડયો હતો. મક્કાવાસીઓએ મૂર્તિઓને ફરિયાદ કરવાનો ઈરાદો કર્યો પરંતુ એક સુંદર અને સુશીલ વયોવૃદ્ધે કહ્યું કે, હે મક્કાવાસીઓ ! આપણામાં અબૂ તાલિબ મૌજૂદ છે જેઓ કા'બાના સ્થાપક હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والتسلیم ના વંશજ છે અને કા'બાના મુતવલ્લી અને ગાદી (સજ્જાદા) નશીન પણ છે, આપણે એમની પાસે જઈને દુઆની દરખાસ્ત કરવી જોઈએ. આથી અરબના સરદારો અબૂ તાલિબની સેવામાં હાજર થયા અને ફરિયાદ કરવા લાગ્યા કે, હે અબૂ તાલિબ ! દુકાળના અગ્નિએ સમગ્ર અરબ દેશને સૂકાવી મૂક્યો છે, જાનવર ઘાસચારા અને પાણી માટે તરસી રહ્યાં છે, કાફલાઓની અવર જવર બંધ થઈ ચૂકી છે અને ચારેકોર વિનાશક્તા છે, વસવાટો વેરાન થઈ રહ્યા છે. આપ વરસાદ માટે દુઆ કરો. આરબોની ફરિયાદ સાંભળીને અબૂ તાલિબનું મન ભારે થઈ ગયું અને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને પોતાની સાથે લઈને હરમે કા'બામાં ગયા અને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને

કા'બાની દીવાલથી ટેક લગાડીને બેસાડી દીધા અને દુઆ માંગવામાં મશ્ગુલ થઈ ગયા. દુઆ દરમ્યાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની અંગુશ્તે (આંગળી) મુબારક આકાશ તરફ ઉઠાવી. એકાએક ચારેકોરથી વાદળાં ઘેરાઈ આવ્યાં અને જોતજોતામાં રહમતનો એવો વરસાદ થયો કે સમગ્ર અરબ દેશની જમીન જલથલ થઈ. જંગલો અને મેદાનોમાં ચારે બાજુ પાણી જ પાણી દેખાવા લાગ્યાં. સમતલ મેદાનોની જમીનો લીલીછમ થઈ ગઈ. દુકાળ દૂર થઈ ગયો અને કાળ કપાઈ ગયો અને સમગ્ર અરબમાં બધા જ લોકો ખુશ ખુશાલ અને ન્યાલ થઈ ગયા.

આથી જ અબૂ તાલિબે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'રીફમાં લખેલા પોતાના લાંબા કસીદામાં આ પ્રસંગનું વર્ણન એક શેઅરમાં આ રીતે કર્યું છે :–

وَ اَبْيَضَ يُسْتَسْقَى الْغَمَامُ بِوَجْهِهٖ – ثِمَالُ الْيَتَامٰى عِصْمَةٌ لِّلْاَرَامِلِ

**અર્થાત**: તેઓ (હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ) એવા ગોરા રંગના છે કે એમના પુરનૂર ચહેરા મારફત વાદળાં માંગવામાં આવે છે તેઓ અનાથો (યતીમો)ના આશ્રયદાતા અને વિધવાઓની છત્રછાયા છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ)*

## ★ "ઉમ્મી લકબ" ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો લકબ ઉમ્મી છે. આ શબ્દના બે અર્થ છે. કાંતો એ "ઉમ્મુલ કુરા" સાથે નિસ્બત ધરાવે છે. ઉમ્મુલ કુરા મક્કા મુકર્રમા શહેરનો ઈલકાબ છે જેથી 'ઉમ્મી'નો અર્થ મક્કા મુકર્રમાના રહેવાસી થાય છે. અથવા 'ઉમ્મી'નો અર્થ એવો થાય છે કે આપે દુનિયામાં કોઈપણ માણસ પાસે લખવા વાંચવાનું શીખ્યું ન હતું. આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અત્યંત અઝીમુશ્શાન મો'જિઝો છે કે દુનિયામાં કોઈએ પણ આપને લખતા વાંચતાં શીખવાડ્યું ન હતું તેમ છતાં ખુદાવંદે કુદૂસે આપને એટલું બધું જ્ઞાન (ઈલ્મ) એનાયત ફર્માવ્યું હતું કે આપની છાતી અવ્વલીન (પ્રારંભ) અને આખરીન (અંત)ના ઉલૂમો મઆરિફનો ખજાનો બની ગઈ હતી અને આપ પર એવું પુસ્તક નાઝિલ થયું જેની શાન "તિબ્યાનલ લિકુલિલ્ શૈઅ" (દરેકે દરેક વસ્તુનું સુસ્પષ્ટ વર્ણન જેમાં) છે. હઝરત મૌલાના જામી رحمۃ اللہ علیہ એ ખૂબ ફર્માવ્યું છે.

નિગારે મન કે બ-મક્તબ ન-રફ્ત વ ખત ન નવિશ્ત
બે-ગમ્ઝએ સબક આમોઝે સદ મુદર્રિસ શુદ





**અર્થાત** : મારા મહબૂબ صلی اللہ تعالیٰ علیہ وسلم ન તો ક્યારેય મક્તબ (પાઠશાળા)માં ગયા કે ન તો લખવાનું શીખ્યું તેમ છતાં પોતાની આંખના ઈશારે સેંકડો શિક્ષકોને પાઠ ભણાવી દીધા.

સ્પષ્ટ છે કે જેનો ઉસ્તાદ અને તા'લીમ આપનાર ખલ્લાકે આલમ જલ્લ જલાલહૂ હોય પછી તેને બીજા કોઈ ઉસ્તાદથી તા'લીમ મેળવવાની શી જરૂર ? આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે :–

ઐસા ઉમ્મી કિસ લિએ મિન્નત કશે ઉસ્તાદ હો
ક્યા કિફાયત ઉસકો-ઈકરા' રબ્બુકલ અક્રમ નહીં

આપનો ઈલ્કાબ ઉમ્મી હોવાનું મૂળ રહસ્ય શું છે ? તેને ખુદાવંદે અલ્લામુલ ગુયૂબ સિવાય બીજું કોણ બતાવી શકે છે ? પરંતુ એમાં કેટલીક હિકમતો અને ફાયદાઓ રહેલા છે.

**પ્રથમ** : એ કે આખી દુનિયાને ઈલ્મો હિકમત શીખવાડનારા હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હોય અને આપનો ઉસ્તાદ માત્ર ખુદાવન્દે કુદૂસ જ હોય. કોઈ માણસ આપનો ઉસ્તાદ ન હોય જેથી ક્યારેક કોઈ એમ ન કહી શકે કે પયગંબર તો મારા શિષ્ય છે.

**બીજું** : એ કે ક્યારેય કોઈ વ્યક્તિ એમ વિચારી ન શકે કે ફલાણો માણસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઉસ્તાદ હતો તો કદાચ એ صلی اللہ تعالیٰ علیہ وسلم થી વધારે ઈલ્મવાળો હશે.

**ત્રીજું** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વિશે કોઈ એવું વહેમ પણ ન કરી શકે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ભણેલા ગણેલા હતા આથી એમણે પોતે જ કુર્આનની આયતો પોતાના તરફથી ઘડીને રજુ કરી છે અને કુર્આન પણ એમની જ રચના છે.

**ચોથું** : જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આખી દુનિયાને કિતાબ (કુર્આન) અને હિકમત (જ્ઞાન)ની તા'લીમ આપે ત્યારે કોઈ એમ કહી શકે નહીં કે, આગલા અને જૂનાં પુસ્તકો જોઈ જોઈને આ પ્રકારની અણમોલ અને ક્રાંતિકારી (ઈન્કિલાબ આફરીં) તા'લીમાત દુનિયા સમક્ષ રજુ કરી રહ્યા છે.

**પાચમું** : જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કોઈ ઉસ્તાદ હોત તો આપને એનો માન મર્તબો જાળવવો પડત. આથી હઝરત હક્ક જલ્લ શાનહૂને એ

સારું ન લાગ્યું કે મારો મહબૂબ કોઈનો શિષ્ય બને અને કોઈ એમનો ઉસ્તાદ કહેવાય ! વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ સીરિયાનો પ્રવાસ અને બુહૈરા ★

જ્યારે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની ઉંમર ૧૨ વર્ષની થઈ ત્યારે અબૂ તાલિબે વેપાર અર્થે સીરિયાનો પ્રવાસ ખેડયો હતો. અબૂ તાલિબને હુઝૂર صلى الله تعالى عليه وسلم સાથે અનહદ પ્રેમ અને મહોબ્બત હતી આથી તેઓ આપને પણ એ પ્રવાસમાં પોતાની સાથે લેતા ગયા. હુઝૂરે અકદસ صلى الله تعالى عليه وسلم એ નબુવ્વતના એ'લાન પહેલાં ત્રણ વાર વેપાર અર્થે મુસાફરી ફર્માવી હતી. બેવાર સીરિયા તશરીફ લઈ ગયા હતા અને એકવાર યમન તશરીફ લઈ ગયા હતા.

આ સીરિયા દેશનો આપનો સર્વ પ્રથમ પ્રવાસ હતો. આ પ્રવાસ દરમ્યાન 'બુસરા'માં બુહૈરા પાદરી પાસે આપના કાફલાએ ઉતારો કર્યો હતો. એણે તૌરાત અને ઈન્જીલમાં વર્ણવાયેલી અંતિમ નબીની નિશાનીઓથી આપને જોતાં જ ઓળખી લીધા હતા અને અત્યંત અકીદત અને એહતેરામ (સન્માનપૂર્વક) સાથે એણે આપના કાફલાવાળાઓની દા'વત કરી. અને અબૂ તાલિબને કહ્યું હતું, આ સમગ્ર વિ□ના સરદાર અને રબ્બુલ આલમીનની (સૃષ્ટિના પાલનહાર)ના રસૂલ છે જેમને ખુદા તઆલાએ રહ્મતુલ્લિલ્ આલમીન બનાવીને મોકલ્યા છે. મેં જોયું છે કે વૃક્ષો અને પત્થરો એમને સજદા કરે છે, અને વાદળાં (અબ્ર) એમના પર છાંયડો કરે છે અને એમના બંને ખભા વચ્ચે "મોહરે નબુવ્વત" છે આથી હવે તમે એમને વધુ આગળ ન લઈ જાવ એ તમારા અને એમના હક્કમાં વધુ સારું થશે. હવે તમે પોતાનો માલ અહીં જ વેચીને સત્વરે મક્કા પાછા ચાલ્યા જાવ કારણ કે સીરિયા દેશમાં યહૂદી લોકો એમના સૌથી મોટા દુશ્મન છે ત્યાં પહોંચતાં જ એમને શહીદ કરી નાખશે. બુહૈરા રાહિબના કહેવાથી અબૂ તાલિબને પણ ભયનો અણસાર આવી ગયો આથી તેમણે ત્યાં જ પોતાનો માલ વેચી કાઢયો અને સત્વરે હુઝૂર صلى الله تعالى عليه وسلم ને પોતાની સાથે લઈને મક્કા મુકર્રમા પાછા આવી ગયા. બુહૈરા પાદરીએ ત્યાંથી રવાનગી વખતે અત્યંત શ્રદ્ધાપૂર્વક આપને મુસાફરીનું ભાથું પણ આપ્યું હતું. *(તિર્મિઝી, ભાગ-૨, બાબ : મા જા-અ ફી બદ્એ નબુવ્વતુન્નબી صلى الله تعالى عليه وسلم )*





(પ્રકરણ-૩)

# નબુવ્વતના એલાન પૂર્વેનાં કેટલાંક કારનામાં

## ★ જંગે ફિજાર (ગુનાહનો યુદ્ધ) ★

ઈસ્લામ પૂર્વે આરબોમાં લડાઈઓની એક લાંબી પરંપરા ચાલતી હતી. એ લડાઈ પૈકીની એક લડાઈને "જંગે ફિજાર"ના નામે બહોળી પ્રસિદ્ધિ મળી છે. આરબો ઝિ કઅ્દા, ઝિલ હજ્જ, મોહર્રમ અને રજબ એ ચાર મહિનાઓને ખૂબ માન આપતા હતા અને એ મહિનાઓમાં લડાઈ કરવાને પાપ માનતા હતા, એટલે સુધી કે એ મહિનાઓમાં લોકો તલવારો મ્યાનમાં કરી દેતા હતા અને નેજાઓની બરછીઓ ઉતારી લેતા હતા. પરંતુ એમ છતાં ક્યારેક ક્યારેક કેટલીક એવી હંગામી અને કટોકટીપૂર્ણ પરિસ્થિતિઓ સર્જાઈ જતી કે વિવશ થઈને તેમને લડાઈઓમાં ભાગ લેવો પડતો હતો. ત્યારે આવી લડાઈઓને આરબો "હુરૂબે ફિજાર" (ગુનાહની લડાઈઓ) કહેતા હતા. સૌથી છેલ્લી જંગે ફિજાર (ગુનાહની લડાઈ) કે જે "કુરૈશ" અને કૈસ કબીલા વચ્ચે થઈ હતી એ વખતે હુઝૂર صلى الله تعالى عليه وسلم ની પવિત્ર ઉમર વીસ વરસની હતી. "કુરૈશ"ના લોકો એ લડાઈમાં "સત્ય" પર હતા આથી અબૂ તાલિબ અને આપના અન્ય કાકાઓ સાથે આપે પણ એ જંગમાં ભાગ લીધો હતો પરંતુ કોઈની ઉપર શસ્ત્ર ઉગામ્યાં ન હતાં. આપે માત્ર એટલું જ કર્યું હતું કે પોતાના કાકાઓને બાણ ઉપાડીને ઉપાડીને આપતા રહ્યા. આ લડાઈમાં પહેલા "કૈસ" અને પછી "કુરૈશ"નો પલડો ભારે રહ્યો હતો અને છેવટે સમાધાન પર એ લડાઈનો અંત આવ્યો હતો. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ-૨, પેજ નં. ૧૮૬)*

## ★ હિલ્ફુલ ફુઝૂલ ★

રોજ રોજની લડાઈઓથી આરબોના સેંકડો કુટુંબ બરબાદ થઈ ગયાં હતાં, ચારેકોર અરાજકતા અને વારંવારની લૂંટમારથી અરબ દેશની શાંતિ હણાઈ ચૂકી હતી. કોઈ પણ વ્યક્તિ પોતાના જાન માલને સુરક્ષિત સમજી શકતો ન હતો. ન દિવસે ચેન, ન રાત્રે આરામ, એ ભયંકર પરિસ્થિતિથી કંટાળી જઈને કેટલાક શાંતિ પ્રિય લોકોએ જંગે ફિજાર પૂરી થયા બાદ સમાજ સુધારણાની એક ચળવળ શરૂ કરી. આથી બનૂ હાશિમ, બનૂ ઝોહરા, બનૂ અસદ વગેરે કુરૈશના કબીલાઓના મોટા મોટા સરદારો અબ્દુલ્લાહ બિન જુદઆનના ઘરે એકઠા થયા અને હુઝૂર ﷺ ના કાકા ઝુબૈર બિન અબ્દુલ મુત્તલિબે એવો પ્રસ્તાવ રજુ કર્યો કે વર્તમાન પરિસ્થિતિ સુધારવા માટે કોઈ કરાર કરવો જોઈએ, જેથી કુરૈશના સરદારોએ "સહ્ અસ્તિવ"ના સિદ્ધાંત પર "જિયો ઔર જીને દો !" પ્રકારનો એક કરાર કર્યો અને શપથ લઈને એવો દઢ નિર્ધાર કર્યો કે અમે લોકો : (૧) દેશમાંથી અશાંતિ દૂર કરીશુ. (૨) મુસાફરોનું રક્ષણ કરીશું. (૩) ગરીબોની સહાય કરતા રહીશું. (૪) અત્યાચારનો ભોગ બનેલાઓ (મઝલૂમો)ની હિમાયત કરીશું અને (૫) કોઈ અત્યાચારી કે ગાસિબ (ઝુંટવી લેનાર)ને મક્કામાં નહીં રહેવા દઈએ.

આ સંધિમાં હુઝૂર ﷺ પણ જોડાયા હતા અને આપને એ સંધિ એટલી બધી પ્રિય હતી કે નબુવ્વતના એલાન બાદ આપ એમ ફર્માવ્યા કરતા હતા કે એ સંધિથી મને એટલી બધી ખુશી થઈ હતી કે જો એ સંધિના બદલામાં કોઈ મને લાલ રંગના ઊંટો પણ આપત તો મને એટલી ખુશી ન થાત. અને આજે ઈસ્લામમાં પણ અત્યાચારનો ભોગ બનેલો કોઈ મઝલૂમ જો મને "યા આલે હિલ્ફુલ ફુઝૂલ" કહીને મને મદદ માટે પોકારે તો હું એની મદદ માટે તૈયાર છું.

એ ઐતિહાસિક સંધિને હિલ્ફુલ ફુઝૂલ એટલા માટે કહે છે કે કુરૈશની એ સંધિના ઘણા પહેલાં મક્કામાં જુર્હમ કબીલાના સરદારો વચ્ચે પણ આવી જ એક સંધિ થઈ હતી. અને જુર્હમ કબીલાના એ લોકો જેમણે એ સંધિની પ્રેરણા આપી એ તમામ લોકોના નામ "ફઝલ" હતા. એટલે કે "ફઝલ" બિન હારિસ બિન વરાઆ અને ફઝલ બિન ફઝાલા, આથી એ





સંધિનું નામ હિલ્ફુલ ફઝલ રાખવામાં આવ્યું હતું. અર્થાત એ માણસોની સંધિ કે જેમના નામો ફઝલ હતા. *(સીરેત ઈબ્ને હુશ્શામ, ભાગ–૧, પેજ –૩૩૪)*

## ★ સીરિયાનો બીજો પ્રવાસ ★

જ્યારે આપની ઉંમર ૨૫ વર્ષની થઈ ત્યાં સુધીમાં તો આપની નિષ્ઠા અને સત્ય પરાયણતા (અમાનતો સદાકત)ની ચર્ચા દૂર દૂર સુધી પહોંચી ચૂકી હતી. હઝરત ખદીજા رضی اللہ عنہا મક્કાના એક અત્યંત માલદાર મહિલા હતાં, એમના પતિનું અવસાન થઈ ચૂક્યૂં હતું. પોતાના વેપારનો માલ સામાન સીરિયા મોકલવા માટે એમને કોઈ સત્યનિષ્ઠ વ્યક્તિની જરૂર હતી આથી તેમણે આ કામ માટે હુઝૂર ﷺ ઉપર પોતાની પસંદગી ઉતારી, અને કહેવાડયું કે આપ મારો માલ લઈને વેપાર અર્થે સીરિયા જશો, જે મહેનતાણું હું અન્ય લોકોને આપુ છું આપની નિષ્ઠા અને ઈમાનદારીને કારણે આપને એના કરતાં બમણું આપીશ. હુઝૂર ﷺ એ એમની દરખાસ્ત સ્વીકારી લીધી અને વેપારનો માલ લઈને સીરિયા જવા રવાના થઈ ગયા. આ પ્રવાસમાં હઝરત ખદીજા رضی اللہ عنہا એ પોતાના એક અત્યંત વિ□ાસુ ગુલામ "મૈસરા"ને પણ આપની સાથે મોકલી દીધો જેથી એ આપની સેવા કરતો રહે. જ્યારે આપ સીરિયાના સુવિખ્યાત શહેર બુસરાની બજારમાં પહોંચ્યા ત્યારે ત્યાં નસ્તૂરા પાદરીની ખાનકાહ નજીક આપ રોકાયા. નસ્તૂરા મૈસરાને બહુ જ પહેલાંથી ઓળખતો હતો. હુઝૂર ﷺ નું રૂપ જોતાં જ 'નસ્તૂરા' 'મૈસરા' પાસે આવ્યો અને પૂછયું, "હે મૈસરા ! પેલા વૃક્ષ નીચે ઉતારો કરનાર એ વ્યક્તિ કોણ છે ? મૈસરાએ જવાબ આપ્યો કે એ મક્કાના રહેવાસી અને બનૂ હાશિમના કુળના 'ચશ્મો ચિરાગ' છે, એમનું (પવિત્ર) નામ મુહમ્મદ ﷺ અને ઈલકાબ 'અમીન' છે. નસ્તૂરાએ જણાવ્યું કે નબી સિવાયની બીજી કોઈ પણ વ્યક્તિએ આજ દીન સુધી એ વૃક્ષ નીચે ઉતારો કર્યો નથી. આથી મને સંપૂર્ણ વિ□ાસ છે કે નબીયે આખિરુઝ્ઝમાં (અંતિમ નબી) આ જ છે. કારણ કે તૌરાત અને ઈન્જીલમાં મેં વાંચેલી તમામ નિશાનીઓ હું એમનામાં જોઈ રહ્યો છું. કાશ ! જો હું એ સમય સુધી જીવતો રહી શકત જ્યારે તેઓ પોતાની નબુવ્વતનો એલાન કરશે તો હું એમની પૂરેપૂરી મદદ કરત અને પૂરેપૂરી

જાંનિસાર અને વફાદારીથી એમની સેવામાં મારું આયખું વિતાવી શકત. હે મૈસરા ! હું તમને બોધ આપું છું અને તમને વસીયત કરું છું કે ખબરદાર ! એક ક્ષણ માટે પણ તમે એમનાથી જુદા થશો નહીં અને અત્યંત નિખાલસતા અને શ્રદ્ધાપૂર્વક એમની સેવા ચાકરી કરતા રહેજો કારણ કે અલ્લાહ તઆલાએ એમને ''ખાતમુન નબિય્યીન'' હોવાનો શર્ફ એનાયત કર્યો છે.

હુઝૂરે અકદસ ﷺ બસરાની બજારમાં સત્વરે વેપારનો માલ વેચીને મક્કા મુકર્રમા પાછા આવી ગયા. પાછા ફરતાં જ્યારે આપનો કાફલો મક્કા શહેરમાં દાખલ થયો ત્યારે હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એક મકાનની છત પર બેસીને કાફલાના આગમનની વાટ જોઈ રહ્યા હતાં. જ્યારે એમની નજર હુઝૂર ﷺ ઉપર પડી ત્યારે એમને દેખાયું કે બે ફરિશ્તાઓ આપના માથા પર સૂરજનો તડકો પડતો અટકાવવા છાંયડો કરી રહ્યા છે. હઝરત ખદીજા رضی اللہ عنہا ના હૃદય પર એ નૂરાની દશ્યની એક ખાસ અસર પડી અને આપ અકીદતના જોશથી અતિ દીવાનગીભરી મહોબ્બત સાથે એ હસીન જલ્વો જોતાં જ રહ્યાં. થોડાક દિવસ પછી પોતાના ગુલામ મૈસરા સાથે જ્યારે તેમણે એ ઘટનાનું વર્ણન કર્યું ત્યારે મૈસરાએ જણાવ્યું હતું કે હું તો સમગ્ર પ્રવાસમાં આવાં દશ્યો નિહાળતો રહ્યો છું અને આ ઉપરાંત પણ મેં ઘણી બધી આશ્ચર્ય ચકિત કરી દેનારી અજબ ગજબની વાતોનું નિરીક્ષણ કર્યું છે. ત્યારબાદ મૈસરાએ નસ્તૂરા પાદરી સાથે થયેલી વાતચીત અને તેની શ્રદ્ધા અને પ્રેમનો પણ ઉલ્લેખ કર્યો. આ સાંભળીને હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ને આપની સાથે હૃદયપૂર્વકનો સંબંધ અને અત્યંત વધારે અકીદત અને મહોબ્બત થઈ ગઈ અને એ પણ છેક એટલે સુધી કે આપનું દિલ નમી પડયું અને તેમને આપ સાથે નિકાહ પઢવાનું મન થઈ ગયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૭)*

## ★ નિકાહ ★

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا માલદાર હોવા ઉપરાંત અત્યંત શરીફ અને પાકબાઝ ખાતૂન હતાં. મક્કાવાસીઓ એમની પાકદામની અને પારસાઈને કારણે એમને તાહેરા (પાકબાઝ) કહેતા હતા. એમની ઉંમર ૪૦ વર્ષની થઈ ચૂકી હતી. અગાઉ એમનો નિકાહ અબૂ હાલા બિન ઝુરાહ





તમીમી સાથે થયો હતો અને એમનાંથી બે પુત્રો ''હિન્દ બિન અબૂ હાલા'' અને ''હાલા બિન અબૂ હાલા'' પેદા થઈ ચૂક્યા હતા. ત્યારબાદ અબૂ હાલાના ઈન્તેકાલ બાદ હઝરત ખદીજા رضی اللہ عنہا એ બીજો નિકાહ ''અતીક બિન આબિદ મખ્ઝૂમી'' સાથે કર્યો હતો. એમનાથી પણ બે સંતાનો થયાં હતાં, એક પુત્ર ''અબ્દુલ્લાહ બિન અતીક'' અને બીજી પુત્રી ''હિન્દ બિન્તે અતીક.'' હઝરત ખદીજા رضی اللہ عنہا ના બીજા પતિ અતીકનો પણ ઈન્તેકાલ થઈ ચૂક્યો હતો. કુરૈશના મોટા મોટા સરદારો એમની સાથે નિકાહ પઢવાના ઈચ્છુક હતા પરંતુ એમણે નિકાહ માટેની બધાની ઓફરો ફગાવી દીધી હતી. પરંતુ હુઝૂર ﷺ ના પયગંબરી અખ્લાક અને આદતો જોઈને અને આપની આશ્ચર્યજનક વાતો સાંભળીને એમનું હૃદય આપના તરફ નમી પડયું હતું, અને એ પણ એટલે સુધી કે આપમેળે જ આપના મનમાં નિકાહ કરવાની ઈચ્છા પેદા થઈ હતી. ક્યાં તો મોટા મોટા માલદારો અને મક્કા શહેરના સરદારોના પૈગામો રદ કરી ચૂક્યાં હતાં અને એવો નિર્ધાર કરી ચૂક્યા હતાં કે હવે ચાલીસ વર્ષની વયે ત્રીજા નિકાહ કરું, અને ક્યાં પોતે જ હુઝૂર ﷺ ના ફોઈ હઝરત સફિય્યાને બોલાવ્યા કે જેઓ એમના ભાઈ અવ્વામ બિન ખુવૈલદનાં પત્ની હતાં. એમનાથી હુઝૂર ﷺ ની કેટલીક અંગત બાબતો વિશે વધુ માહિતી મેળવી અને ત્યારબાદ ઉમૈયાના પુત્રી નફીસા મારફત હુઝૂર ﷺ પાસે નિકાહનો પયગામ મોકલ્યો. સીરત લેખનના સુવિખ્યાત ઈમામ મુહમ્મદ બિન ઈસ્હાકે લખ્યું છે કે આ રિશ્તો (સંબંધ) પસંદ કરવા પાછળનું જે કારણ ખૂદ હઝરત رضی اللہ عنہا એ હુઝૂર ﷺ ને જણાવ્યું હતું કે એમના પોતાના જ શબ્દોમાં આ પ્રમાણે છે :–

إِنِّي قَدْ رَغِبْتُ فِيكَ لِحُسْنِ خُلُقِكَ وَصِدْقِ حَدِيثِكَ ۔

એટલે મેં આપના સારા અખ્લાક (શિષ્ટાચાર) અને આપની સચ્ચાઈ (સત્યનિષ્ઠા)ને કારણે આપને પસંદ કર્યા છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૦૦)*

હુઝૂર ﷺ એ આ રિશ્તાની વાત પોતાના કાકા અબૂ તાલિબ અને કુટુંબના અન્ય વડીલો સમક્ષ રજુ કરી. હઝરત ખદીજા જેવી પાક દામન, શરીફ, અક્લમંદ અને માલદાર મહિલા સાથે નિકાહ કરવાની કોણ

ના પાડી શકે ?! બધા જ કુટુંબીજનોએ રાજી ખુશી સાથે આ રિશ્તાનો સ્વીકાર કર્યો અને નિકાહની તારીખ નક્કી થઈ. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم, હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને અબૂ તાલિબ સહિત પોતાના કાકાઓ અને કુટુંબની અન્ય વ્યક્તિઓ તેમજ બની હાશિમના અગ્રણીઓ અને મુઝરના સરદારોને પોતાની જાન (બરાત)માં લઈને હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ના મકાન પર તશરીફ લઈ ગયા અને નિકાહ થયા. એ નિકાહ વખતે અબૂ તાલિબે અત્યંત ફસીહ (સુભાષી) અને બલીગ પ્રવચન (ખુત્બો) આપ્યું. આ ખુત્બાથી બહુ જ સારી રીતે એ વાતનો અંદાજ આવી જાય છે કે નબુવ્વતના એલાન પહેલાં આપના કુટુંબના મોટેરાઓ અને વડીલોના આપના વિશે કેવા વિચારો હતા ? અને આપના અખ્લાક અને આપની આદતોએ તેમના પર કેવો પ્રભાવ પાડયો હતો. અબૂ તાલિબના એ 'ખુત્બા'નું ભાષાંતર આ પ્રમાણે છે :–

''તમામ તા'રીફો એ ખુદાના માટે જ છે જેણે અમને હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ના વંશ અને હઝરત ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام ના સંતાનોમાં બનાવ્યા. અને અમને અમદ અને મુઝરના કુળમાં પેદા ફર્માવ્યા. અને પોતાના ઘર (કા'બા)ની જાળવણી કરનારા અને પોતાના 'હરમ'ના વહીવટદાર બનાવ્યા. અને અમને ઈલ્મો હિકમતવાળું ઘર અને અમ્નો અમાનવાળું હરમ એનાયત ફર્માવ્યું અને અમોને લોકો પર હાકેમ બનાવ્યા.

આ મારા ભાઈનો પુત્ર મુહમ્મદ બિન અબ્દુલ્લાહ છે. આ એક એવો યુવક છે કે જો કુરૈશની કોઈ પણ વ્યક્તિની એની સાથે સરખામણી કરવામાં આવે તો આ એનાથી દરેક શાન (વિશેષતા)માં ચઢિયાતો જ રહેશે. હા ! માલ એની પાસે ઓછો છે, પરંતુ માલ તો ઢળતો છાયંડો છે અને અદલ બદલ થનારી વસ્તુ છે. ''અમ્મા બા'દ'' મારો ભત્રીજો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વ્યક્તિ છે કે જેની સાથેના મારા નજીકના સંબંધો અને મહોબ્બતથી તમે લોકો સારી પેઠે વાકેફ છો. એ ખદીજા બિન્તે ખુવૈલદ સાથે નિકાહ કરે છે. અને મારા માલમાંથી વીસ ઊંટ મહેર નક્કી કરે છે. અને એનું ભવિષ્ય અત્યંત પ્રકાશિત, ઝળહળતું, ભવ્યાતિભવ્ય (અઝીમુશ્શાન) અને બહુમૂલ્ય (જલીલુલ કદ્ર) છે.'' *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૦૧)*





જ્યારે અબૂ તાલિબ પોતાનો આ જોશીલો ખુત્બો પૂરો કરી ચૂક્યા ત્યારે હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ના પિતરાઈ ભાઈ વર્કા બિન નૌફિલે પણ ઊભા થઈને એક શાનદાર ખુત્બો આપ્યો હતો જે આ પ્રમાણે હતો :–

''ખુદા તઆલા માટે જ સઘળી તારીફો છે જેણે અમને એવા જ બનાવ્યા જેવા અબૂ તાલિબે જણાવ્યા, અને અમને એ તમામ ફઝીલતો એનાયત ફર્માવી જે આપે ગણાવી. નિઃશંક ! અમે લોકો અરબના પેશ્વા અને સરદાર છીએ અને આપ લોકો પણ તમામ ફઝીલતોને પાત્ર છો. કોઈ પણ કબીલો આપ લોકોની ફઝીલતોનો ઈન્કાર કરી શક્તો નથી અને કોઈ પણ વ્યક્તિ આપ લોકોના ફખ્ર અને શર્ફને રદ કરી શક્તો નથી. અને નિઃશંક ! અમે લોકોએ અતિશય ચાહના સાથે આપ લોકો સાથે મળવા અને સંબંધમાં જોડાવાનું પસંદ કર્યું છે. આથી હે કુરૈશ ! તમે સાક્ષી રહેજો કે ખદીજા બિન્તે ખુવૈલદને મેં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم બિન અબદુલ્લાહના નિકાહમાં ચારસો મિસ્કાલ મહેર બદલ આપ્યાં.''

આમ હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો નિકાહ થઈ ગયો અને હુઝૂર મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઘર લગ્ન સંબંધો સાથે આબાદ થઈ ગયું.

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا લગભગ ૨૫ વર્ષ સુધી હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની સેવામાં રહ્યાં અને એમની હયાતીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈ બીજો નિકાહ ફર્માવ્યો ન હતો. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના એક ફરઝંદ (પુત્ર) હઝરત ઈબ્રાહીમ સિવાય બાકીના તમામ સંતાનો હઝરત ખદીજા رضی اللہ عنہا ની કૂખેથી થયાં જેનું વિગતવાર વર્ણન આગળ આવશે.

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એ પોતાની સમગ્ર દૌલત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમોમાં કુર્બાન કરી દીધી હતી અને પોતાની હયાતી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગમગુસારી અને ખિદમતગુઝારીમાં ન્યોછાવર કરી દીધી હતી જેની વિગતો આગળ આવશે.

## ★ કા'બાની તા'મીર (બાંધકામ) ★

આપની સચ્ચાઈ, નિષ્ઠા અને ઈમાનદારીને કારણે ખુદાવંદે આલમે આપને એટલા બધા લોકપ્રિય બનાવી દીધા અને બુદ્ધિચાતુર્ય તેમ જ સૂઝનો

એવો મૂલ્યવાન મોતી એનાયત ફર્માવ્યો કે નાની ઉંમરમાં જ આપે અરબ દેશના મોટા મોટા સરદારોના ઝઘડાઓનો એવો લાજવાબ ચુકાદો આપ્યો કે મોટા મોટા ચતુરો અને બૌદ્ધિકોએ પણ એમની આગળ પોતાનું માથુ નમાવી દીધું હતું. અને બધાએ આપને સર્વસંમત્તિપૂર્વક પોતાના લવાદ અને સરદાર તરીકે સ્વીકારી લીધા હતા. આવી એક ઘટના તા'મીરે કા'બા (કા'બાના બાંધકામ) વખતે ઘટી હતી જેની વિગતો આ પ્રમાણે છે કે જ્યારે આપની ઉંમર ૩૫ વર્ષની થઈ ત્યારે જોરદાર વરસાદથી કા'બાના હરમમાં એવો પૂર આવી ગયો કે કા'બાની ઈમારત પડી ભાંગી. કારણ કે હઝરત ઈસ્માઈલ અને હઝરત ઈબ્રાહીમ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ એ બનાવેલો કા'બા જૂનો થઈ ચૂક્યો હતો. અમાલેકા, તેમજ જુર્હમ અને કુસૈ... વગેરે કબીલાઓ પોત પોતાના સમયમાં એની તા'મીર કે મરામત કરતા રહ્યા પરંતુ કા'બા શરીફની ઈમારત નીચાણવાળા વિસ્તારમાં આવેલી હોવાથી આસપાસની પહાડીઓ પર થતા વરસાદના પાણીનો જોરદાર વહેણ મક્કાની તળેટીમાંથી પસાર થતો હતો. અને આમ અવારનવાર કા'બાના હરમમાં પૂર આવી જતો હતો. કા'બા શરીફના રક્ષણ માટે કુરૈશના લોકોએ ઉચ્ચ પ્રદેશમાં કેટલાક બંધ પણ બાંધ્યા હતા. પરંતુ એ બંધો વારંવાર તૂટી જતા હતા. આથી કુરૈશે કા'બા શરીફની ઈમારત પાડી દઈને નવેસરથી પાકા પાયે મજબૂત બાંધકામવાળી એવી ઈમારત બાંધવાનો નિર્ણય લીધો હતો કે જેમાં ઊંચો દરવાજો અને છત પણ હોય. આ નિર્ણય થતાં જ કુરૈશ કબીલાના લોકોએ સાથે મળીને એનું બાંધકામ શરૂ કરી દીધું. એ બાંધકામમાં હુઝૂર ﷺ પણ સામેલ થયા હતા અને કુરૈશ કબીલાના સરદારો સાથે ખભે ખભો મિલાવીને પત્થરો ઉઘાડી ઉપાડીને લાવતા રહ્યા. વિવિધ કબીલાઓએ બાંધકામ માટે વિવિધ ભાગોની વહેંચણી કરી લીધી હતી. જ્યારે ઈમારત હજરે અસ્વદ સુધી પહોંચી ગઈ ત્યારે કબીલાઓ વચ્ચે વિવાદ સર્જાયો. દરેક કબીલાના લોકો એમ ઈચ્છતા હતા કે અમે જ "હજરે અસ્વદ" ઉપાડીને દીવલામાં જડી દઈએ, જેથી કરીને અમારા કબીલા માટે આ સન્માનનું કારણ બની રહે. એવી જ મડાગાંઠમાં ચાર દિવસ વીતી ગયા. વાત એટલે સુધી વધી ગઈ કે તલવારો ઉછળી પડી. બનૂ અબ્દુદ્દાર અને બનૂ અદીના કબીલાઓએ તો એ મુદ્દે જાનની બાજી લગાડી દીધી. અને





અજ્ઞાનતાની એક પંરપરા અનુસાર પોતાની શપથ અને નિર્ધારને વધુ દઢ કરવા એક પ્યાલામાં લોહી ભરીને પોતાનાં આંગળાં બોળીને ચાટી લીધાં હતાં. પાંચમા દિવસે કા'બાના હરમમાં અરબના તમામ કબીલાઓ એકઠા થયા અને એ વિવાદ ઉકેલવા એક વયોવૃદ્ધ વ્યક્તિએ એવું સૂચન કર્યું કે આવતી કાલે જે કોઈ વ્યક્તિ વહેલી સવારે સૌથી પહેલાં કા'બાના હરમમાં પ્રવેશે એને જ લવાદ (પંચ) માની લેવામાં આવે, એ જે કોઈ ચુકાદો આપે બધા એને માથે ચડાવે. આથી બધાએ એમની આ વાત માની લીધી. ખુદાની શાન તો જુઓ કે બીજા દિવસે સવારે જે વ્યક્તિએ કા'બાના હરમમાં પ્રવેશ કર્યો એ બીજું કોઈ નહીં પણ હુઝૂર રહમતે આલમ ﷺ જ હતા. આપને જોતાં જ બધા પોકારી ઉઠયા હતા કે વલ્લાહ ! આ "અમીન" છે ! આથી અમે બધા એમનો ચુકાદો રાજીખુશીથી સ્વીકારીશું. એ કજિયાનો ઉકેલ રજુ કરતાં પહેલાં તો આપે એવો હુકમ આપ્યો કે જે જે કબીલાના લોકો હજરે અસ્વદને તેના સ્થળે જડવાના દા'વેદાર છે એ બધા જ કબીલાઓ પોત પોતાનો એક એક સરદાર ચૂંટી કાઢે, આથી દરેક કબીલાવાળાઓએ પોત પોતાનો સરદાર ચૂંટી કાઢયો. ત્યારબાદ હુઝૂર ﷺ એ પોતાની ચાદર મુબારક પાથરીને હજરે અસ્વદને એના પર મૂક્યો અને સરદારોને હુકમ આપ્યો કે બધા લોકો એ ચાદર પકડીને પવિત્ર (મુકદ્દસ) પત્થરને ઉંચકે, આમ બધા જ સરદારોએ ચાદર પકડીને ઊંચક્યું. અને જ્યારે હજરે અસ્વદ પોતાના સ્થળ સુધી પહોંચી ગયું ત્યારે હુઝૂર ﷺ એ પોતાના પવિત્ર હાથ વડે એ મુકદ્દસ (પવિત્ર) પથ્થર ઊંચકીને એની જગ્યાએ જડી દીધો. આ રીતે એવું લોહિયાળ યુદ્ધ ટળી ગયું જેના પરિણામ સ્વરૂપે શી ખબર કેટલું બધું લોહી રેડાયું હોત. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ-૧, પેજ નં. ૧૯૬ થી ૧૯૭)*

ખાનએ કા'બાની ઈમારત બંધાઈ ગઈ પરંતુ બાંધકામ માટે જે સરસામગ્રી એકત્ર કરવામાં આવી હતી તે ખૂટી ગઈ આથી એક બાજુનો કેટલોક ભાગ બહાર છોડીને નવો પાયો નાંખીને કા'બાનું બાંધકામ કરવામાં આવ્યું. કા'બા મુઅઝ્ઝમાનો એ જ ભાગ જેને કુરૈશે ઈમારતની બહાર છોડી દીધો હતો તે "હતીમ" કહેવાય છે જેમાં કા'બા મુઅઝ્ઝમાની છતનો પરનાલો (નિંભણ) પડે છે.

## ★ કા'બાનું બાંધકામ કેટલી વાર થયું ? ★

હઝરત અલ્લામા જલાલુદ્દીન સુયૂતિ رحمة الله عليه એ ''તારીખે મક્કા''માં લખ્યું છે કે ખાનએ કા'બાનું બાંધકામ દસ વખત કરવામાં આવ્યું હતું :–

૧. સૌ પ્રથમવાર ફરિશ્તાઓએ બરાબર ''બૈતુલ–મા'મૂર''સામે જમીન પર ખાનએ કા'બાને બાંધ્યું.

૨. પછી હઝરત આદમ عليه الصلوة والسلام એ એનું બાંધકામ કર્યું.

૩. ત્યારબાદ હઝરત આદમ عليه الصلوة والسلام ના પુત્રોએ એની ઈમારત બાંધી.

૪. ત્યારબાદ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه الصلوة والسلام અને એમના સુપુત્ર હઝરત ઈસ્માઈલ عليه الصلوة والسلام એ પણ પવિત્ર ઘર બાંધ્યું જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં પણ છે.

૫. કૌમે અમાલેકાની ઈમારત.

૬. ત્યારબાદ જુર્હમ કબીલાએ એની ઈમારત બાંધી.

૭. કુરૈશના પૂર્વજ ''કુસૈ બિન કિલાબ''નું બાંધકામ.

૮. કુરૈશનું બાંધકામ જેમાં ખૂદ હુઝૂર صلى الله تعالى عليه وسلم એ પણ શિર્કત ફર્માવી હતી અને કુરૈશની સાથે પોતે પણ પોતાના પવિત્ર ખભા પર પથ્થર ઉપાડી ઉપાડીને લાવતા હતા.

૯. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضى الله عنه એ તેમના ખિલાફત કાળમાં હુઝૂર صلى الله تعالى عليه وسلم એ સૂચવેલા નક્શા પ્રમાણે બાંધકામ કરાવડાવ્યું એટલે કે હતીમની જમીનને કા'બામાં સામેલ કરી દીધી. અને દરવાજો જમીનની સપાટીને સમતલ નીચો રાખ્યો. અને એક દરવાજો પૂર્વમાં અને એક દરવાજો પશ્ચિમમાં બંધાવ્યો.

૧૦. અબ્દુલ માલિક બિન મર્વાન ઉમવીના અત્યાચારી ગવર્નર હજ્જાજ બિન યૂસુફ સકફીએ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضى الله عنه ને શહીદ કરી દીધા. અને એમણે બંધાવેલા કા'બા શરીફને પણ ધ્વસ્ત કરી નાખ્યો, ફરીથી અજ્ઞાનતા કાળના નક્શા પ્રમાણે કા'બા બંધાવ્યું જે આજે પણ મૌજૂદ છે. પરંતુ હઝરત અલ્લામા હલબી رحمة الله عليه એ





પોતાની સીરતમાં લખ્યું છે કે નવેસરથી કા'બા શરીફનું બાંધકામ માત્ર ત્રણ વખત જ થયું હતું.

૧. હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه الصلوة والسلام એ કરેલું બાંધકામ.

૨. અજ્ઞાનતાકાળમાં કુરૈશે બાંધેલી ઈમારત અને બંને બાંધકામો વચ્ચે ૨,૭૩૫ (બે હજાર સાતસો પાંત્રીસ) વર્ષનું અંતર છે.

૩. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضى الله عنه એ કરાવેલું બાંધકામ કે જે કુરૈશના બાંધકામના ૮૨ વર્ષ પછી થયું હતું. ફરિશ્તાઓ અને હઝરત આદમ عليه الصلوة والسلام તેમજ એમના પુત્રોના બાંધકામ વિશે અલ્લામા હલબીએ ફર્માવ્યું છે કે આ સહીહ રિવાયતોથી સાબિત જ નથી બાકીનાં નિર્માણ કાર્યો વિશે તેમણે લખ્યું છે કે આ ઈમારતમાં મામૂલી ફેરફાર અથવા તૂટફૂટની મરામત હતી, નવેસરથી કરવામાં આવેલું બાંધકામ ન હતું. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(હાશિયાએ બુખારી, ભાગ–૧, પેજ–૨૧૫, બાબ ફઝલે મક્કા)*

## ★ આપના ખાસ ચાહકો અને મિત્રો ★

નબુવ્વતના એલાન પહેલાં જે લોકો હુઝૂર صلى الله تعالى عليه وسلم ના ખાસ ચાહકો અને મિત્રો હતો એ બધા જ અત્યંત શિષ્ટાચારી, ઊંચો દરજ્જો ધરાવનાર અને તત્કાલીન સમાજના સન્માનિત અને પ્રતિષ્ઠિત લોકો હતા. એ પૈકી સૌથી વધુ નજીક હઝરત અબૂબક્ર رضى الله عنه હતા. જેઓ વર્ષો સુધી આપની સાથે વતન અને સફરમાં રહ્યા અને વેપાર વાણિજ્ય તેમજ કારોબારી વાતોમાં હંમેશ આપના સહભાગી અને રાઝદાર રહ્યા. એવી જ રીતે હઝરત ખદીજા رضى الله عنها ના પિતરાઈ ભાઈ હઝરત હકીમ બિન હઝામ رضى الله عنه કે જેઓ કુરૈશના અત્યંત સન્માનિત રઈસ હતા અને જેમની એક ખાસ વિશેષતા એ છે કે એમનો જન્મ ખાનએ કા'બાની અંદર થયો હતો. તેઓ પણ હૂઝૂર صلى الله تعالى عليه وسلم ના વિશેષ ચાહકોમાં ખાસ જુદાપણુ ધરાવે છે. હઝરત ઝિમાદ બિન થઅલ્બા رضى الله عنه કે જેઓ અજ્ઞાનતા કાળમાં તબીબ અને શલ્યચિકિત્સક તરીકેનો વ્યવસાય કરતા હતા. તેઓ પણ આપના ખાસ એહબાબ (ચાહકો)માં હતા. હુઝૂર صلى الله تعالى عليه وسلم ના નબુવ્વતના એલાન બાદ તેઓ પોતાના ગામથી મક્કા આવ્યા ત્યારે કુરૈશના કાફરોની જીભે એવો

કુપ્રચાર સાંભળ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મજનૂન (પાગલ) થઈ ગયા છે. પછી જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રસ્તા પર તશરીફ લઈ જઈ રહ્યા છે અને આપની પાછળ છોકરાઓનું એક ટોળું છે જે શોર મચાવી રહ્યું છે આ જોઈને હઝરત ઝિમાદ બિન ષઅલ્બા رضی اللہ عنہ ને શંકા થઈ અને જૂની મૈત્રીને કારણે એમને અત્યંત દુઃખ થયું. આથી તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું તબીબ છું અને જુનૂન (પાગલપણા)નો ઈલાજ કરું છું. આ સાંભળીને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુદાની હમ્દો ષના કર્યા બાદ થોડાંક વાક્યો ઈર્શાદો ફર્માવ્યાં. જેનો હઝરત ઝિમાદ બિન ષઅલ્બા رضی اللہ عنہ ના હૃદય પર એવો પ્રભાવ પડયો કે તેઓ તરત જ મુસલમાન થઈ ગયા. *(મિશ્કાત બાબે અલામાતુન્નબુવ્વત, પેજ–૨૨૫, મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૮૫, કિતાબુલ જુમ્અહ)*

હઝરત કૈસ બિન સાઈમ મખ્ઝુમી رضی اللہ عنہ ધંધાકીય કામકાજમાં આપના સહયોગી રહેતા હતા. અને આપના ગાઢ મિત્રોમાં હતા. તેઓ એમ કહેતા કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ધંધાકીય વ્યવહાર પોતાના સાથીદારો સાથે હમેશાં સાફ સુથરો રહેતો હતો. અને ક્યારેય કોઈ ઝઘડો ન હતો. *(ઈસ્તીઆબ, ભાગ–૨, પેજ નં. ૫૩૭)*

## ★ અરબના તૌહિદમાં માનનારા (મુવહ્હિદીન) સાથેના સંબંધો ★

અરબ દેશમાં જો ચારેય બાજુ શિર્ક ફેલાયેલું હતું અને ઘરે ઘરમાં મૂર્તિ પૂજા થતી હતી તેમ છતાં એ વાતાવરણમાં પણ કેટલાક એવા લોકો હતા કે જેઓ એક□રવાદના ચાહક હતા અને શિર્ક તથા મૂર્તિ પૂજાથી દૂર રહેતા હતા. એવા જ સદ્ભાગીઓમાં ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ પણ છે. તેઓ જાહેરમાં શિર્ક અને મૂર્તિ પૂજાનો ઈન્કાર અને અજ્ઞાનતાકાળના શિર્કથી ભરેલા રીતરીવાજો પ્રત્યે ધિક્કાર વ્યક્ત કરતા હતા, તેઓ હઝરત ઉમર رضی اللہ عنہ ના પિતરાઈ ભાઈ છે. શિર્ક અને મૂર્તિપૂજાને વખોડવા બદલ એમનો કાકો ''ખત્તાબ બિન મુફૈલ'' એમને ભારે કષ્ટ આપ્યા કરતો હતો એ પણ એટલે સુધી કે મક્કા શહેરમાંથી તેમને તડીપાર કરી દીધા હતા અને તેમને શહેર મક્કામાં પ્રવેશવા દેતો ન હતો. પરંતુ તેઓ હજાર ઈજાઓ છતાં





તૌહીદના અકીદા ઉપર પર્વતની જેમ અડીખમ રહ્યા હતા. જેમ કે આપના બે શેઅર (પંક્તિઓ) બહુ જ પ્રખ્યાત છે જેમને તેઓ મુશ્રિકોના મેળાઓ અને સમૂહોમાં ઊંચા અવાજે સંભળાવતા રહેતા હતા :–

أَرَبًّا وَاحِدًا أَمْ أَلْفَ رَبٍّ    أَدِيْنُ إِذَا تُقُسِّمَتِ الْأُمُوْرُ
تَرَكْتُ اللَّاتَ وَالْعُزّٰى جَمِيْعًا    كَذٰلِكَ يَفْعَلُ الرَّجُلُ الْبَصِيْرُ

**અર્થાત** : શું હું એક જ રબ (પાલનહાર)ની ઈતાઅત કરું કે પછી એક હજાર રબની ? જ્યારે લોકોના દીની મામલાઓ વહેંચાઈ ચૂક્યા છે, મેં તો લાત અને ઉઝ્ઝાને છોડી મૂક્યા છે. અને દરેક બસીરતવાળો (દીર્ઘ દૃષ્ટિ) એમ જ કરશે. *(સીરતે ઈબ્ને હુશ્શામ, પેજ–૨૨૬, ભાગ–૧)*

તેઓ મુશ્રિકોના દીનથી વિમુખ થઈને દીને બરહક (સત્ય ધર્મ)ની શોધમાં સીરિયા જતા રહ્યા હતા અને ત્યાં એક યહૂદી વિદ્વાનને મળ્યા હતા. ત્યાર પછી એક નસરાની (ખ્રિસ્તી) પાદરી સાથે મુલાકાત કરી અને જ્યારે આપે યહૂદી અને નસરાની (ખ્રિસ્તી) ધર્મનો સ્વીકાર કર્યો નહીં ત્યારે તે બંને જણાએ આપને ''દીને હનીફ''નું માર્ગદર્શન આપ્યું કે જે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહનો દીન હતો અને એ બંને જણાએ એ પણ જણાવ્યું હતું કે, હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام ન તો યહૂદી હતા કે ન તો નસરાની (ખ્રિસ્તી) અને તેઓ એક ખુદાએ વાહિદ સિવાય અન્ય કોઈનીયે ઈબાદત કરતા ન હતા. આ સાંભળીને ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ સીરિયા દેશથી મક્કા પાછા આવી ગયા અને હાથ ઉપાડી ઉપાડીને મક્કામાં ઊંચા અવાજે એમ કહ્યા કરતા હતા કે, હે લોકો ! સાક્ષી રહેજો કે હું હઝરત ઈબ્રાહીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દીન ઉપર છું. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૧, પેજ–૨૨૫)*

નબુવ્વતના એલાન પૂર્વે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ઝૈદ બિન અમ્ર બિન નુફૈલને ખાસ સંબંધ હતો અને ક્યારેક ક્યારેક બંનેની મુલાકાતો પણ થયા કરતી હતી. જેમ કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે, એકવાર વહી નાઝિલ થતા પહેલાં હુઝૂર ''બલ્દહ્'' નામના સ્થળે ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ સાથે મુલાકાત થઈ ત્યારે એમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ દસ્તર ખ્વાન ઉપર ખાવાનુ પેશ કર્યુ. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખાવાનો ઈન્કાર ફર્માવી દીધો ત્યારે ઝૈદ બિન અમ્ર બિન

નુફૈલ કહેવા લાગ્યા કે, મૂર્તિઓના નામે ઝબહ (વધ) કરાયેલા જાનવરોનું માંસ હું નથી ખાતો, હું માત્ર એ ઝબીહાનું માંસ ખાઉં છું કે, જેને અલ્લાહ તઆલાના નામે ઝબહ કરવામાં આવ્યો હોય. પછી કુરૈશના ઝબીહાઓની બુરાઈનું વર્ણન કરવા લાગ્યા અને કુરૈશને સંબોધીને કહેવા લાગ્યા કે બકરીનું સર્જન તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે અને અલ્લાહ તઆલાએ એના માટે આકાશમાંથી વરસાદ વરસાવ્યો અને જમીનમાંથી ઘાસ ઉગાડી, પછી હે કુરૈશ ! તમે બકરીને અલ્લાહ સિવાયના બુતો (મૂર્તિઓ)ના નામે ઝબહ કરો છો !

હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર رضی اللہ عنہا કહે છે કે, મેં ઝૈદ બિન અમ્ર બિન નુફૈલને જોયેલા કે તેઓ ખાનાએ કા'બાને ટેકો લગાડીને કહેતા હતા કે, હે કુરૈશના સમુદાય ! ખુદાના સોગંદ ! મારા સિવાય તમારામાંથી કોઈપણ હઝરત ઈબ્રાહીમ علیہ السلام ના દીન પર નથી. *(બુખારી, ભાગ–૧, બાબે હદીષ ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ, પેજ–૫૪૦)*

## ★ કારોબારી વ્યસ્તતાઓ ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મૂળ કૌટુંબિક વ્યવસાય વેપાર ધંધો હતો અને આપ બાળપણમાં જ અબૂ તાલિબ સાથે અનેક વાર વેપારી પ્રવાસો ખેડી ચૂક્યા હતા, જેનાથી આપને વેપાર વણજ સંબંધી વ્યવહારનો ખાસો અનુભવ મળી ચૂક્યો હતો. આથી રોજગારના માધ્યમ તરીકે આપે વેપાર ઉપર જ પોતાની પસંદગી ઉતારી હતી અને વેપાર અર્થે આપે સીરિયા, બુસરા અને યમનના પ્રવાસો ખેડયા હતા અને એવી સત્યતા અને ઈમાનદારી તથા નિષ્ઠાપૂર્વક આપે વેપાર કર્યો કે આપના સહયોગીઓ અને બજારના તમામ વેપારી આપને "અમીન"ના ઈલ્કાબથી પોકારવા લાગ્યા.

કોઈપણ સફળ વેપારી માટે અમાનત, સચ્ચાઈ, વચન પાલન, શિષ્ટાચાર એ એના વેપારનો આત્મા હોય છે. આ વિશેષતાઓમાં મક્કાના આ "અમીન" વેપારીએ જે ઉમદા ઐતિહાસિક ઉદાહરણ પૂરું પાડયું એની મિષાલ કે વિ□ના ઈતિહાસમાં એનો જોટો ક્યાંય નહીં જડી શકે. હઝરત અબ્દુલ્લાહ બિન અબિલ હમ્સા સહાબીનું બયાન છે કે, વહીના અવતરણ





(નુઝૂલ) અને નબુવ્વતના એલાન પહેલાં મેં આપની સાથે લે વેચનો વ્યવહાર કર્યો હતો. કેટલીક રકમ મેં ચૂકવી દીધી જ્યારે થોડીક ચૂકવવાની બાકી રહી ગઈ હતી, મેં વચન આપેલું કે હું હમણા હમણા આવીને બાકીની રકમ પણ ચૂકવી આપીશ. સંજોગોવશાત ત્રીજા દિવસે જ્યારે હું એ સ્થળે પહોંચ્યો જ્યાં મેં આવવાનો વાયદો કર્યો હતો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ જ સ્થળે મારી વાટ જોતા જોયા. તેમ છતાં મારા આ વચનભંગથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના માથે સહેજેય કરચલી સુદ્ધાંય પડી ન હતી. બસ માત્ર એટલું જ ફર્માવેલું કે તમે ક્યાં હતા ? હું ત્રણ દિવસથી તમારી ઈન્તેજારીમાં છું ! *(સુનને અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૩૪, બાબ ફિલ્ ઈદ્દત મુજતબાઈ)*

એવી જ રીતે એક સહાબી હઝરત સાઈબ رضی اللہ عنہ જ્યારે મુસલમાન થઈને બારગાહે રિસાલતમાં હાજર થયા અને લોકોએ તેમની સમક્ષ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ભવ્ય શિષ્ટાચાર (ખુલ્કે અઝીમ)નું વર્ણન કરવાનું શરૂ કર્યું ત્યારે એમણે ફર્માવ્યું કે, હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તમારા લોકો કરતાં પણ વધુ જાણું છું. નબુવ્વતના એ'લાન પૂર્વે આપ વેપારમાં મારા ભાગીદાર હતા પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વ્યવહારમાં હમેશાં એટલા બધા ચોખ્ખા રહ્યા કે ક્યારેય કોઈ તકરાર કે હુંસા તુંસીનો અવસર જ આવ્યો ન હતો. *(સુનન અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૧૭, બાબ કિરાહિયતુલ મિરાઈ મુજતબાઈ)*

## ★ અસામાન્ય ચારિત્ર્ય ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બાલ્યવસ્થાનો જમાનો પૂરો થયો. યુવાવસ્થાનો સમય આવ્યો ત્યારે બાળપણની જેમ જ આપની જુવાની પણ સામાન્ય લોકોની સરખામણીએ જુદી અને અનોખી હતી. આપનું યૌવન (શબાબ) લજ્જાથી સંપૂર્ણ સજ્જ અને ચાલચલગત નિર્દોષતા અને પ્રતિષ્ઠાનું ઉમદા ઉદાહરણ હતી. નબુવ્વતના એલાન પહેલાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આખી જિંદગી સર્વોત્તમ શિષ્ટાચાર (બેહતરીન અખ્લાક) અને સર્વોત્કૃષ્ઠ ટેવોના ખજાનાથી સંપન્ન હતી. સચ્ચાઈ, ઈમાનદારી, વફાદારી, વચન પાલન, વડીલોનું સન્માન, નાનકડાઓ પર હેત, સગાં વ્હાલાંની સાથે હમદર્દી, ગરીબો અને મુફલિસોની ખબરગીરી, શત્રુઓ સાથે સદ્વર્તન, ખુદાની મખ્લૂક (સમાન્ય લોકો) પ્રત્યે શુભેચ્છા, ટૂંકમાં તમામ સુટેવો અને

નેક ખસ્લતો અને સારી સારી વાતોમાં આપ એટલા ઉચ્ચ દરજ્જાએ પહોંચી ચૂક્યા હતા કે દુનિયાના મોટા મોટા માણસો માટે પણ ત્યાં સુધી પહોંચવાની તો શું એની કલ્પના કરવી પણ અશક્ય છે.

ઓછું બોલવું, નકામી વાતોથી નફરત કરવી, સ્વસ્થ ચિત્તે ખુલ્લા અને નિખાલસ મને મિત્રો અને શત્રુઓ સાથે મળવું. દરેક વ્યવહારમાં સાદગી અને સફાઈ સાથે વાત કરવી. હુઝૂર ﷺ ની ખાસ પ્રકૃતિ હતી. લાલચ, દગો, ધોકો, જૂઠ, મદીરાપાન, બદ્કારી, નાચગાન, લૂંટમાર, ચોરી બિભત્સ વાતો, પ્રેમનાં લફરાં આ તમામ કુટેવો જે અજ્ઞાનતા કાળના દરેક બાળકમાં તેના ખમીર અને પ્રકૃતિનાં અભિન્ન અંગ સમાન રહેતી હતી પણ હુઝૂર ﷺ ની પવિત્ર જાત (ઝાતે ગિરામી) આવા તમામ દોષો અને ક્ષતિઓથી પાક રહી. આપની સત્યતા, ઈમાનદારી અને નિષ્ઠાની ખ્યાતિ સમગ્ર અરબ દેશમાં ફેલાઈ ગઈ હતી અને મક્કા શહેરના દરેક નાના–મોટાના મનમાં આપના સર્વોત્કૃષ્ઠ શિષ્ટાચારનો વિ□ાસ અને બધાની નજરોમાં આપ ઉચ્ચ પ્રતિષ્ઠા (વકાર) ધરાવતા હતા.

બાળપણથી માંડીને છેક ચાલીસ વર્ષની ઉંમર શરીફ થઈ ગઈ તેમ છતાં અજ્ઞાનતાકાળના દુષિત વાતાવરણમાં રહેવા છતાં મુશ્રિકોના તમામ રીતરિવાજો અને જાહિલોના તોર તરીકાઓથી આપનું દામન હમેશાં પાક રહ્યું. મક્કા શિર્ક તથા મૂર્તિપૂજાનું સૌથી મોટું કેન્દ્ર હતું. ખૂદ ખાનએ કા'બામાં ૩૬૦ મૂર્તિઓની પૂજા થતી હતી. આપના કુટુંબીજનો જ કા'બાના મુતવલ્લી (વહીવટકર્તા) અને સજ્જાદાનશીન હતા, તેમ છતાં આપે ક્યારેય મૂર્તિઓ આગળ માથુ નમાવ્યું ન હતું.

ટૂંકમાં વહીના અવતરણ અને નબુવ્વતના એલાન પૂર્વે પણ આપની પવિત્ર જિંદગી સર્વોત્કૃષ્ઠ શિષ્ટ આચરણ (અખ્લાકે હસના) અને સદ્વર્તનનું પૈકર હતી અને તમામ દોષો અને ક્ષતિઓ રહિત હતી. આથી જ નબુવ્વતના એલાન બાદ આપના દુશ્મનોએ છેવટના પ્રયાસો કર્યા કે કોઈક નાનકડો દોષ અથવા કોઈ નજીવી અસંસ્કારી વાત આપના જીવનના કોઈપણ કાળમાં મળી જાય એને ઉછાળીને આપની પ્રતિષ્ઠા ઉપર હુમલો કરીને લોકોની નજરોમાં આપને અપમાનિત કરી દે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે હજારો શત્રુઓ વિચારી વિચારીને થાકી ગયા પરંતુ કોઈ એક પ્રસંગ પણ તેમને





એવો ન મળી શક્યો જેનાથી તેઓ આપના તરફ આંગળી ચીંધી શકે. આથી જ દરેક માનવી એ હકીકત કબૂલવાને વિવશ અને લાચાર છે કે નિઃશંક ! હુઝૂર ﷺ નું ચારિત્ર્ય માનવતાનું એક એવું અસામાન્ય ચારિત્ર્ય છે કે જે બુદ્ધિને આશ્ચર્યચકિત કરી દે અને જે નબી સિવાય અન્ય કોઈ બીજા માટે શક્ય નથી, કારણ એ છે કે નબુવ્વતના એલાન પછી નેક રૂહો આત્માઓ આપનો કલિમો પઢીને તન, મન, ધન સાથે એ રીતે આપ પર કુર્બાન થવા લાગી કે તેમની જાંનિસારીઓ જોઈને શમ્આના પરવાનાઓએ જાંનિષારીનો પાઠ શીખ્યો અને હકીક્ત શનાસ (વાસ્તવિક્તાના પારખુઓ) અત્યંત શ્રદ્ધા (ફર્તે અકીદત)થી અપના હુસ્ને સદાકત પર પોતાની બુદ્ધિઓ કુર્બાન કરીને આપના દર્શાવેલા ઈસ્લામી માર્ગ ઉપર આશિકાના અદાઓ સાથે એમ કહેતાં ચાલી નીકળે કે :–

ચલો વાદીયે ઈશ્કમેં પા બરહના
યહ જંગલ વહ હૈ જિસમેં કાંટા નહીં હૈ




**★ તર્જુમો ★**

તુમમેંસે કોઈ ઉસ વક્ત તક મો'મિને કામિલ નહીં હો સકતા જબ તકકે વોહ અપની ઔલાદ, વાલિદૈન, ખૂદ અપની જાન ઔર તમામ લોગોંસે જ્યાદા મુઝસે મહોબ્બત ન રખતા હો.

–(હદીષ શરીફ)

(પ્રકરણ-૪)

# નબુવ્વતના એલાનથી ઉકબાની બૈઅત સુધી

જ્યારે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર જીવનનું ચાલીસમુ વર્ષ શરૂ થયું ત્યારે એકાએક આપની પવિત્ર જાતમાં એક નવી ક્રાંતિ દેખાઈ અને આપ એકાએક એકાંતવાસી થઈ ગયા અને એકાંતમાં બેસીને ખુદાની ઈબાદત કરવાનો ઝોક શોખ આપનામાં પેદા થયો. આપ મોટા ભાગે ચિંતન મનન કરતા જોવા મળતા હતા અને આપનો મોટા ભાગનો સમય કુદરતી દશ્યોના નિરીક્ષણ, બ્રહ્માંડની પ્રકૃતિના અધ્યયનમાં પસાર થતો હતો. રાત દિવસ ખાલિકે કાઈનાત (સૃષ્ટિના સર્જક)ની જાત અને તેની સિફતોના તસવ્વુરમાં ડૂબેલો અને પોતાની કૌમની બગડેલી સ્થિતિ કેવી રીતે સુધારવી અને તે અંગેની ચિંતામાં આપ વ્યસ્ત રહેવા લાગ્યા. અને એ દિવસો દરમ્યાન એક નવી વાત એ પણ થઈ હતી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સારા સારા ખ્વાબ દેખાવા લાગ્યા હતા અને આપનો દરેક ખ્વાબ એટલો સાચો પડતો કે ખ્વાબમાં જે કંઈ આપ જોતા અને તા'બીર (સ્વપ્ન ફળ) સવારના અજવાળાની જેમ પ્રકાશિત થઈને જાહેર થયા કરતી હતી. *(બુખારી, ભાગ–૧, પેજ–૨)*

## ★ ગારે હિરા ★

મક્કા મુકર્રમાથી લગભગ ત્રણ માઈલના અંતરે જબલે હિરા નામના પહાડની ઉપર એક ગુફા આવેલી છે જેને ગારે હિરા કહેવામાં આવે છે. મોટા ભાગે આપ કેટલાય દિવસોનું ખાવા પીવાનું સાથે લઈને એ ગુફાના શાંત વાતાવરણની અંદર ખુદાની ઈબાદતમાં વ્યસ્ત રહ્યા કરતા હતા. જ્યારે ખાવાપીવાનું પૂરું થઈ જતું ત્યારે આપ પોતે ઘરે આવીને લઈ જતા અને ક્યારેક હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ખાવા પીવાનું એ ગુફામાં





પહોંચાડી દેતાં હતાં. આજે પણ આ નૂરાની ગુફા પોતાની મૂળ સ્થિતિમાં મૌજૂદ છે અને ઝિયારતનું એક સ્થળ છે.

## ★ પહેલી વહી ★

એક દિવસ આપ હિરાની ગુફામાં ઈબાદતમાં મશ્ગૂલ હતા ત્યારે એકાએક ગુફામાં આપની પાસે એક ફરિશ્તો પ્રકટ થયો. (આ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم હતા કે જેઓ હમેશાં ખુદાનો સંદેશો એના રસૂલો સુધી પહોંચાડતા રહ્યા છે.) એ ફરિશ્તાએ એકદમ કહ્યું કે પઢો ! (ઈકરા) આપે ફર્માવ્યું કે ''હું પઢવાવાળો નથી.'' ફરિશ્તાએ આપને પકડી લીધા અને અત્યંત ગરમજોશી સાથે આપની સાથે જોરદાર મુઆનેકા (ભેટી પડવું) કર્યો, પછી છોડીને કહ્યું કે પઢો ! આપે ફરી ફર્માવ્યું : ''હું પઢવાવાળો નથી.'' ફરિશ્તાએ બીજીવાર આપને પોતાની છાતી સરસા ચાંપી લીધા અને છોડીને કહ્યું કે પઢો ! આપે ફરી એ જ ફર્માવ્યું, ''હું પઢવાવાળો નથી.'' ત્રીજીવાર ફરિશ્તાએ આપને ખૂબ જોરથી પોતાની છાતી સાથે ચોંટાડીને છોડી દીધા અને કહ્યું કે :–

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ۝ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ ۝
اِقْرَاْ وَ رَبُّكَ الْاَكْرَمُ ۝ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِ ۝ عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ یَعْلَمْ ۝

આ જ સૌથી પહેલી વહી હતી જે આપ પર નાઝિલ (અવતીર્ણ) થઈ હતી. એ આયતો યાદ કરીને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના ઘરે તશરીફ લાવ્યા પણ આ ઘટના જે એકાએક ઘટી હતી એનાથી આપના કલ્બે (હૃદય) મુબારક ઉપર ધ્રુજારી ફરી વળી. આપે પોતાના ઘરવાળાઓને ફર્માવ્યું, મને કમલી (કામળો) ઓઢાડી દો ! મને કમલી ઓઢાડી દો ! જ્યારે આપનો ભય દૂર થયો અને કંઈક શાંતિ મળી ત્યારે આપે હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ને ગુફામાં ઘટેલી સમગ્ર ઘટના કહી સંભળાવી અને ફર્માવ્યું કે, ''મને પોતાની જાનનો ભય છે.'' આ સાંભળીને હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એ કહ્યું કે નહીં હરગિઝ નહીં. આપની જાનને કોઈ ભય નથી, ખુદાની કસમ ! અલ્લાહ તઆલા આપને ક્યારેય અપમાનિત નહીં કરે. આપ તો સદા સંબંધીઓ સાથે સર્વ શ્રેષ્ઠ વર્તન કરો છો, બીજાઓનો બોજ પોતે ઉપાડો છો, જાતે કમાઈ કમાઈને મુફલિસો અને

મોહતાજાને એનાયત કરો છો, મુસાફરોની આગતા સ્વાગતા કરો છો અને સત્ય અને ન્યાયની ખાતર બધાની મુસીબતો અને મુશ્કેલીઓમાં કામ આવો છો.

આ પછી હઝરત ખદીજા رضی اللہ عنہا આપને પોતાના પિત્રાઈ ભાઈ વર્કા બિન નવફિલ પાસે લઈ ગયા. વર્કા એ લોકોમાંથી હતા કે જેઓ ''મુવહ્હિદ'' (એકે□રવાદી) હતા અને મક્કાવાસીઓના શિર્ક અને મૂર્તિ પૂજાથી કંટાળીને ''નસરાની'' થઈ ગયા હતા અને ઈન્જીલ (બાઈબલ)નું હિબ્રુ (ઈબરાની) ભાષામાંથી અરબીમાં ભાષાંતર કર્યા કરતા હતા. તેઓ અત્યત વૃદ્ધ અને અંધ થઈ ચૂક્યા હતા. હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એ ગારે હિરાની સમગ્ર ઘટના કહી સંભળાવી. આ સાંભળીને વર્કા બિન નવફિલે કહ્યું કે આ તો એ જ ફરિશ્તો છે જેને અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم પાસે મોકલ્યો હતો. પછી વર્કા બિન નવફિલ કહેવા લાગ્યા કે કાશ ! હું આપની નબુવ્વતના એલાન સમયે જુવાન અને તંદુરસ્ત હોત. કાશ ! હું ત્યાં સુધી જીવતો રહી શકત જ્યારે આપની કોમ આપને મક્કાથી કાઢી મૂકશે. આ સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ (આશ્ચર્યથી) ફર્માવ્યું કે શું મક્કાવાસીઓ મને મક્કાથી કાઢી મૂકશે ?! ત્યારે વર્કાએ કહ્યું કે જી હાં ! જે કોઈ વ્યક્તિ આપની જેમ નબુવ્વત લઈને આવી, લોકો એની દુશ્મની પર ઉતરી આવ્યા હતા.

આના પછી કેટલાક દિવસો સુધી વહી ઉતરવાનો સિલસિલો બંધ થઈ ગયો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વહીની ઈન્તેજારીમાં બેચેન રહેવા લાગ્યા. એટલે સુધી કે એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઘરથી બહાર ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા કે કોઈકે ''યા મુહમ્મદ !'' કહીને આપને પોકાર્યા. આપે આકાશ તરફ નઝર ઉઠાવીને જોયું તો એ જ ફરિશ્તો (હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ) જે ગારે હિરામાં આવ્યો હતો તે આકાશ અને ધરતીની વચ્ચે એક ખુરશી પર બેઠેલો જણાયો. આ દશ્યો જોઈને આપના કલ્બે મુબારકમાં ભયની એક સ્થિતિ પેદા થઈ ગઈ અને આપ મકાન ઉપર આવીને આડા પડયા અને ઘરવાળાઓને કહ્યું કે મને કામળો ઓઢાડી દો ! મને કામળો ઓઢાદી દો ! આથી આપ કામળો ઓઢીને આડા પડયા હતા કે ત્યાં જ એકાએક આપ પર સૂરએ મુદસ્સિરની શરૂઆતની આયાતો નાઝિલ થઈ





અને રબ તઆલાનો ફર્માન આવ્યો કે :–

يٰۤاَيُّهَا الْمُدَّثِّرُ ۙ قُمْ فَاَنْذِرْ ۙ وَرَبَّكَ فَكَبِّرْ ۙ وَثِيَابَكَ فَطَهِّرْ ۙ وَالرُّجْزَ فَاهْجُرْ ۙ

**અર્થાત** : હે કામળો ઓઢનાર ! ઊભા થઈ જાવ, પછી ડર સંભળાવો અને પોતાના રબની મહાનતાનું વર્ણન કરો અને પોતાનાં કપડાં પાક રાખો અને મૂર્તિઓથી દૂર રહો. *(બુખારી, ભાગ–૧, પેજ–૩)*

આ આયતો નાઝિલ થયા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદા તઆલાએ ઈસ્લામની દા'વતનો મન્સબ (હોદ્દો) એનાયત ફર્માવ્યો અને આપ ખુદાવંદે તઆલાના હુકમ પ્રમાણે દા'વતે હક્ક અને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) માટે કટિબદ્ધ થયા.

## ★ ઈસ્લામની દા'વતના ત્રણ દૌર ★

**પહેલો દૌર** : ત્રણ વરસ સુધી હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم અત્યંત ગુપ્ત રીતે ઈસ્લામની તબ્લીગમાં ફરજ અદા કરતા રહ્યા અને આ દરમ્યાનમાં મહિલાઓમાં સર્વ પ્રથમ હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا અને આઝાદ પુરૂષોમાં સૌથી પહેલા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને બાળકોમાં સૌથી પહેલા હઝરત અલી رضی اللہ عنہ અને ગુલામોમાં સૌથી પહેલા હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ ઈમાન લાવ્યા. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની દાવત અને તબ્લીગથી હઝરત ઉષ્માન, હઝરત ઝુબૈર બિન અવ્વામ, હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ, હઝરત સઅદ બિન અબી વક્કાસ, હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ ટૂંક સમયમાં જ ઈસ્લામના દામનમાં આવી ગયા. ત્યારબાદ થોડા દિવસો પછી હઝરત અબૂ ઉબૈદા બિન અલજર્રાહ, હઝરત અબૂ સલમા, અબ્દુલ્લાહ બિન અબ્દુલ અસદ, હઝરત અરકમ બિન અરકમ, હઝરત ઉસ્માન બિન મઝઊન અને તેમના બંને ભાઈઓ હઝરત કુદામા અને હઝરત અબ્દુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ ઈસ્લામમાં દાખલ થઈ ગયા. પછી થોડા સમય બાદ હઝરત અબૂઝર ગફ્ફારી, હઝરત સુહૈબ રૂમી, હઝરત ઉબૈદા બિન અલ્હારિષ બિન અબ્દુલ મુત્તલિબ, સઈદ બિન ઝૈદ બિન અમ્ર બિન નુફૈલ અને તેમનાં પત્ની ફાતેમા બિન્તે અલ ખત્તાબ હઝરત ઉમર رضی اللہ عنہ નાં બહેન رضی اللہ عنہا એ પણ ઈસ્લામ કબૂલ કર્યો અને હુઝૂરનાં કાકી હઝરત ઉમ્મુલ ફઝ્લ, હઝરત અબ્બાસ

બિન અબ્દુલ મુત્તલિબનાં પત્ની અને હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર પણ મુસલમાન થઈ ગયાં. આ ઉપરાંત બીજા પણ સંખ્યાબંધ સ્ત્રી પુરૂષોએ પણ ઈસ્લામ અંગીકાર કરવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૪૬)*

અત્રે એ યાદ રાખવું જોઈએ કે સૌથી પહેલા ઈસ્લામ લાવનારા કે જેમને "સાબિકીને અવ્વલીન"ના લકબથી નવાજવામાં આવ્યા છે એ સદ્નસીબોની યાદી ઉપર નજર કરતાં જાણવા મળે છે કે સૌથી પહેલા ઈસ્લામના દામનમાં આવનારા એ જ લોકો હતા જેઓની પ્રકૃતિ નેક હતી અને જેઓ પહેલેથી જ કોઈ દીને હક્કની શોધમાં હતા અને મક્કાના કાફિરોના શિર્ક, મૂર્તિ પૂજા અને તેમના મુશ્રિકાના રીત રિવાજોથી અત્યંત કંટાળી ચૂક્યા હતા. આથી જ નબિય્યે બર હક્કના દામનમાં દીને હક્કની તજલ્લી જોતાં જ આ સદ્નસીબ લોકો પરવાનાઓની જેમ શમ્એ નબુવ્વત ઉપર નિછાવર થવા લાગ્યા અને ઈસ્લામમાં દાખલ થવાનો ગૌરવ પ્રાપ્ત કર્યો.

**બીજો દૌર** : ત્રણ વર્ષની આ ગુપ્ત દા'વતે ઈસ્લામમાં મુસલમાનોની એક જમાઅત તૈયાર થઈ ગઈ. એના પછી અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم પર સૂરએ શોઅ્રાની આયત :–

وَاَنْذِرْ عَشِيْرَتَكَ الْاَقْرَبِيْنَ ۙ નાઝિલ ફર્માવી અને ખુદાવંદે તઆલાનો હુકમ થયો, હે મહબૂબ ! આપ પોતાના નિકટનાં કુટુંબીજનોને ખુદાથી ડરાવો ! ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક દિવસ સફા પર્વતની ટોચ પર ચઢીને "યા મઅ્શરે કુરૈશ" કહીને કુરૈશ કબીલાના લોકોને પોકાર્યા. જ્યારે બધા જ કુરૈશ એકઠા થઈ ગયા ત્યારે આપે ફર્માવ્યું, હે મારી કૌમ ! જો હું તમને લોકોને એમ કહી દઉં કે આ પર્વતની પાછળ એક સેના સંતાયેલી છે, જે તમારા ઉપર હુમલો કરવાવાળી છે, તો શું તમે લોકો મારી વાતનો વિ□ાસ કરી લેશો ? તો બધાએ એક જીભે એકી સાથે કહ્યું, હા ! હા ! અમે ચોક્કસ આપની વાતનો વિ□ાસ કરી લઈશું, કારણ કે અમે આપને હમેશાં સત્યવાદી અને અમીન તરીકે જ નિહાળ્યા છે. આપે ફર્માવ્યું કે સારું ! તો પછી હું એમ કહું છું કે હું તમને લોકોને અલ્લાહના અઝાબથી ડરાવી રહ્યો છું અને જો તમે લોકો ઈમાન નહીં લાવો તો તમારા ઉપર અલ્લાહનો અઝાબ





ઉતરશે. આ સાંભળીને આપના કાકા અબૂ લહબ સહિત કુરૈશના બધા જ લોકો સખત નારાજ થઈને જતા રહ્યા અને હુઝૂરની શાનમાં એલફેલ બકવા લાગ્યા. *(બુખારી, ભાગ–૨, પેજ–૭૦૨, સામાન્ય તફસીરો)*

**ત્રીજો દૌર** : હવે એ સમય આવી ગયો હતો કે જ્યારે નબુવ્વતના એલાનના ચોથા વર્ષે સૂરએ હિજરની આયત : فَاصْدَعْ بِمَا تُؤْمَرُ નાઝિલ થઈ અને હઝરતે હક્ક જલ્લ શાનહૂએ એ હુકમ ફર્માવ્યો કે હે મહબૂબ ! આપને જે હુકમ આપવામાં આવ્યો છે તે જાહેરમાં બયાન ફર્માવો. આથી આ પછી આપ જાહેરમાં દીને ઈસ્લામની તબ્લીગ ફર્માવવા લાગ્યા અને શિર્ક તથા મૂર્તિ પૂજાની ખુલ્લમ ખુલ્લા બુરાઈ બયાન ફર્માવવા લાગ્યા અને તમામ કુરૈશ બલ્કે તમામ મક્કાવાસીઓ બલ્કે સમગ્ર અરબ આપનો વિરોધ કરવા કટિબદ્ધ થઈ ગયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસલમાનોને ઈજા પહોંચાડવાની એક લાંબી પરંપરાની શરૂઆત થઈ.

## ★ રહમતે આલમ પર જુલ્મો સિતમ ★

મક્કાના કાફિરો બનૂ હાશિમના કુળના વેર અને લડાઈ શરૂ થવાના ભયથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કત્લ તો કરી શક્યા નહીં પરંતુ જાત જાતની તકલીફો અને ઈજાઓ દ્વારા આપ પર જુલ્મો સિતમના પહાડો તોડવા લાગ્યા. આમ સૌથી પહેલાં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ભવિષ્ય વેત્તા, જાદૂગર, કવિ, પાગલ કહેવામાં આવ્યા અને તેના વિશે શેરીએ શેરીએ તથા બજારમાં જોરદાર પ્રચાર કરવામાં આવ્યો. આપની પાછળ શરારતી છોકરાઓની ટુકડીઓ લગાડવામાં આવી જે રસ્તામાં આપને બૂરું ભલું કહેતા, ગાળો દેતા અને આ પાગલ છે અથવા દીવાનો છે એવી બૂમો પાડીને આપ ઉપર પથ્થરો ફેંકતા હતા. મક્કાના કાફિરો ક્યારેક આપના માર્ગમાં કાંટા પાથરતા, ક્યારેક આપના પવિત્ર શરીર પર ગંદકી નાખતા, ક્યારેક આપને ધક્કે ચઢાવતા, ક્યારેક આપની પવિત્ર અને નાઝુક ગરદનમાં ચાદરનો ફાંસો આપીને ગળું દૂંપી દેવાનો પ્રયાસ કરતા.

રિવાયત છે કે એકવાર આપ કા'બાના હરમમાં નમાઝ પઢી રહ્યા હતા કે એકાએક પથ્થર દિલ કાફિર ઉકબા બિન અબી મુઈતે આપના ગળામાં ચાદરનો ફાંસો નાંખીને એટલા જોરથી ખેંચ્યો કે આપનો □ાસ રૂંધાવા

લાગ્યો. આથી આ દશ્ય જોઈને હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ બેકરાર થઈને દોડી પડયા અને ઉકબા બિન અબી મુઈતને ધક્કો મારીને દૂર કર્યો અને એમ કહ્યું કે શું તમે લોકો એવા માણસની કત્લ કરવા માંગે છો કે જે એમ કહે છે કે મારો રબ (પાલનહાર) અલ્લાહ છે. આ ધક્કા મુક્કીમાં હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ કાફિરોને માર્યા પણ ખરા અને કાફિરોની માર પણ ખાધી. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૨૫, બુખારી, ભાગ–૧, પેજ–૫૪૪)*

કાફિરો આપના મો'જિઝાઓ અને આપની રૂહાની તાસીરો તથા તસર્રુફો (અધિકારો)ને જોઈને આપને સૌથી મોટો જાદૂગર કહેતા. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કુર્આન શરીફની તિલાવત ફર્માવતા ત્યારે આ કાફિરો કુર્આન અને કુર્આનને લાવનાર (જિબ્રઈલ) અને કુર્આનને નાઝિલ ફર્માવનાર (અલ્લાહ તઆલા)ને અને આપને ગાળો ભાંડતા અને શેરીઓમાં ચોકી પહેરો કરાવતા જેથી કુર્આનનો અવાજ કોઈના પણ કાન સુધી પહોંચી ન શકે અને તાળીઓ પાડી પાડીને તથા સીટીઓ વગાડીને એટલો શોર બકોર કરતા કે કુર્આનનો અવાજ કોઈ પણ સાંભળી શક્તો ન હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ક્યાંક કોઈ આમ સભામાં કે કાફિરોના મેળાવડામાં કુર્આન વાંચીને સંભળાવતા કે ઈમાનની દા'વતનો વાએઝ ફર્માવતા ત્યારે આપનો કાકો અબૂ લહબ આપની પાછળ બૂમો પાડી પાડીને કહેતો હતો કે હે લોકો ! આ મારો ભત્રીજો જૂઠો છે, આ પાગલ થઈ ગયો છે, તમે લોકો એની વાત સાંભળશો નહીં. (મઆઝલ્લાહ !)

એક વાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઝુલ મજાઝના બજારમાં ઈસ્લામની દા'વતનો વાએઝ ફર્માવવા માટે તશરીફ લઈ ગયા અને લોકોને કલિમએ હક્કની દા'વત આપી ત્યારે અબૂ જહલ આપ પર ધૂળ ઉડાવતો હતો અને કહેતો હતો કે હે લોકો ! આના ધોખામાં આવશો નહીં, આ ઈચ્છે છે કે તમે લોકો લાલચ અને ઉઝ્ઝાની ઈબાદત છોડી દો. *(મુસન્નદે ઈમામ, ભાગ–૪ વગેરે)*

એવી જ રીતે એક વાર જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કા'બાના હરમમાં નમાઝ પઢી રહ્યા હતા ત્યારે નમાઝની સ્થિતિમાં જ અબૂ જહલે કહ્યું, ''છે કોઈ જે ઝબહ કરેલા ઊંટની હોજરી લાવીને સજદાની હાલતમાં એમના ખભાઓ ઉપર મૂકી દે ?! આ સાંભળી ઉકબા બિન અબી મુઈત નામનો





કાફિર ઊભો થયો અને એક હોજરી લાવીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર ખભા મુબારક ઉપર મૂકી દીધી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સજદામાં હતા ઘણી વાર સુધી હોજરી એમના ખભા અને ગરદન ઉપર પડી રહી અને કાફિરો અટ્ટહાસ્ય કરતા રહ્યા અને હસી હસીને એકબીજા પર પડતા રહ્યા અને છેવટે હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا કે જેઓ એ દિવસોમાં હજી સગીર વયના હતાં ત્યાં આવ્યા અને એ કાફિરોને બુરું ભલું કહેતાં કહેતાં એ હોજરી આપના ખભા મુબારક પરથી દૂર કરી દીધી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હૃદય પર કુરૈશના કાફરોની આ શરારતનો ઘેરો આઘાત લાગ્યો અને નમાઝથી ફારેગ થઈને ત્રણ વાર આ દુઆ માંગી اَللّٰھُمَّ عَلَیْكَ بِقُرَیْشٍ એટલે કે હે અલ્લાહ ! તું કુરૈશને પોતાની પક્કડમાં લઈ લે. ત્યારબાદ અબૂ જહલ, ઉતબા બિન રબીઆ, શૈબા બિન રબીઆ, વલીદ બિન ઉતબા, ઉમૈયા બિન ખલફ, ઉમારહ બિન વલીદનાં નામો લઈને દુઆ માંગી કે ઈલાહી ! તું આ લોકોને પોતાની પકડમાં લઈ લે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ ફર્માવે છે કે ખુદાના સોગંદ મેં એ તમામ કાફિરોને જંગે બદરના દિવસે જોયું કે તેમના મૃતદેહો જમીન પર પડયા છે. પછી એ બધા જ કાફિરોના મૃતદેહોને અત્યંત અપમાન સાથે ખેંચીને બદરના એક ખાડામાં નાંખી દેવામાં આવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ખાડાવાળાઓ ઉપર ખુદાની લા'નત છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૭૪, બાબુલ મિતત્તર્રોહ)*

## ★ કેટલાક તોફાની કાફિરો ★

મક્કાના જે કાફિરો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુશ્મનાવટ અને તેમને ઈજા પહોંચાડવામાં ખૂબ જ વધારે સક્રિય હતા એમનામાંથી કેટલાક તોફાની કાફિરોનાં નામો આ પ્રમાણે છે : (૧) અબૂ લહબ (૨) અબૂ જહલ (૩) અસ્વદ બિન અબ્દે યગૂસ (૪) હારિષ બિન કૈસ બિન અદી (૫) વલીદ બિન મુગીરહ (૬) ઉમૈયા બિન ખલફ (૭) ઉબૈય્ય બિન ખલફ (૮) અબૂ કૈસ બિન ફાકેહા (૯) આસ બિન વાઈલ (૧૦) નઝર બિન હારિષ (૧૧) મુનબ્બા બિન અલ્ હુજ્જાહ્ (૧૨) ઝુહૈર બિન અબી ઉમૈયા (૧૩) સાઈબ બિન સૈફી (૧૪) અદી બિન હમરાઅ્ (૧૫) અસ્વદ બિન અબ્દુલઅસદ (૧૬) આસ બિન સઈદ બિન અલઆસ (૧૭) આસ બિન

હાશિમ (૧૮) ઉકબા બિન અબી મુઈત (૧૯) હકમ બિન અબિલ આસ. આ બધાં જ હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પાડોશી હતા અને તેમનામાંથી મોટા ભાગના અત્યંત માલદાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ હતા અને તેમ છતાં એ લોકો રાત દિવસ સરવરે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈજા પહોંચાડવામાં સક્રિય રહેતા હતા. (નઊઝુબિલ્લાહિ મિન્ ઝાલિક)

## ★ મુસલમાનો પર અત્યાચારો ★

હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ગરીબ મુસલમાનો ઉપર પણ મક્કાના કાફિરોએ જુલ્મો સિતમના એવા એવા પહાડો તોડયા કે મક્કાની ધરતી પણ દ્રવી ઉઠી હતી. પણ આનાથી એ કાફિરોનાં વેર શમ્યાં ન હોતાં કે વેર વાળવાનો નશો એનાથી ઉતરી શક્તો નહોતો. કારણ કે એને કાફિરો પોતાની શાન સમજતા હતા કે આ મુસલમાનોને એટલા બધા હેરાન કરવા જોઈએ કે જેથી તેઓ ઈસ્લામ છોડીને ફરીથી શિર્ક અને મૂર્તિ પૂજા કરતા થઈ જાય. આથી કતલ કરવાને બદલે મક્કાના કાફિરો મુસલમાનોને જાત જાતની યાતનાઓ આપતા, સજાઓ કરતા અને ઈજાઓ પહોંચાડતા હતા. પણ ખુદાના સોગંદ ! તૌહીદની શરાબના મસ્તોએ પોતાની દઢતાનું એવું દશ્ય રજુ કર્યું કે પર્વતોના શિખરો પણ માથું ઊંચકીને આશ્ચર્ય સાથે ઈસ્લામના આ વીરોની દઢતાનાં દશ્યો જોતા રહ્યા. પથ્થર દિલ, નિર્દયી અને અમાનુષી કાફિરોએ ગરીબ અને બેકસ મુસલમાનો ઉપર બળજબરી અને જુલ્મો સિતમ તેમજ અત્યાચાર ગુજારવામાં કોઈ જ કસર બાકી છોડી ન હોતી. તેમ છતાં એક પણ મુસલમાન પોતાની દઢતા કે નિર્ધારમાંથી સહેજ પણ વિચલિત થયો ન હોતો અને મુસલમાનનો એક બાળક પણ ઈસ્લામથી મોં ફેરવીને કાફર કે મુર્તદ થયો ન હતો.

મક્કાના કાફિરોએ ગરીબ મુસલમાનો ઉપર જે ભયાનક જુલ્મો સિતમના પર્વતો તોડયા અને આત્મા કંપી ઉઠે તેવા જીવલેણ અઝાબોમાં તેમને નાંખી દીધા એ મુસલમાનોની જગ્યાએ જો કદાચ કોઈ પર્વત પણ હોત તો એ પણ વિચલિત થઈ ચૂક્યો હોત. અરબના ધગધગતા તાપમાં જ્યારે ત્યાંની રેતીના કણો તંદૂરની જેમ ગરમ થઈ જાય છે ત્યારે એ મુસલમાનોની પીઠ ઉપર કોરડાઓ વીંઝીને તેમને ઘાયલ કરીને એ તપતી





રેત ઉપર સૂવડાવી દેવામાં આવતા અને તેમની છાતી પર એવા એવા ભારી પથ્થરો મૂકી દેવામાં આવતા કે જેથી તેઓ પાસુ ફેરવી ન શકે, લોખંડને આગમાં તપાવીને તેનાથી તે મુસલમાનોના શરીરે ડામ દેવામાં આવતા, પાણીમાં એમને એટલી બધી ડૂબકીઓ દેવામાં આવતી કે તેમનું □ાસ રૂંધાવા લાગતું. ચટાઈઓમાં એ મુસલમાનોને લપેટીને એમની નાકમાં ધુમાડો કરવામાં આવતો જેથી એમના માટે □ાસ લેવું પણ મુશ્કેલ બની જતું અને તેઓ પીડા અને બેચેનીથી બેબાકળા બની જતા. હઝરત ખબ્બાબ બિન અલ્ અરુત رضی اللہ عنہ એ જમાનામાં ઈસ્લામ લાવ્યા જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અરકમ બિન અરકમના ઘરે રહેતા હતા અને માત્ર ગણતરીના જ માણસો મુસલમાન થયા હતા. કુરૈશે એમને પણ ખૂબ જ સતાવ્યા એટલે સુધી કે કોલસાના અંગારા ઉપર તેમને ચત્તા સૂવડાવવામાં આવ્યા અને એક માણસ તેમની છાતી ઉપર પગ મૂકીને ઊભો રહ્યો એટલે સુધી કે એમના પીઠની ચરબી અને શરીરમાંથી થયેલા સ્ત્રાવથી કોલસા ઓલવાઈ ગયા. વર્ષો પછી જ્યારે હઝરત ખબ્બાબ رضی اللہ عنہ એ આ ઘટનાનું હઝરત અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہ સમક્ષ વર્ણન કર્યું ત્યારે પોતાની પીઠ ખોલીને દેખાડી. એ પીઠ ઉપર સફેદ ડાઘા પડેલા હતા. એ ઈબ્રત (બોધ)નાં દશ્યો જોઈને હઝરત ઉમર رضی اللہ عنہ નું મન ભરાઈ ગયું હતું અને તેઓ રડી પડયા હતા. *(તબ્કાત ઈબ્ને સઅદ, ભાગ–૩, તઝકિરએ ખબ્બાબ)*

હઝરત બિલાલ رضی اللہ عنہ કે જેઓ ઉમૈયા બિન ખલ્કના ગુલામ હતા. તેમની ગરદનમાં દોરડો બાંધીને તેમને શેરીએ શેરીએ અને બજારમાં ઘસીટવામાં આવતા હતા, તેમની પીઠ પર લાઠીઓનો માર મારવામાં આવતો, બરાબર મધ્યાહન સમયે તેમને ભારે તડકામાં ગરમ રેતી ઉપર સૂવડાવીને તેમની છાતી પર એટલો ભારે પથ્થર મૂકવામાં આવતો કે જેથી તેમની જીભ બહાર નીકળી જતી હતી. ઉમૈયા કાફિર કહેતો હતો કે ઈસ્લામ છોડી દો નહીંતર આ રીતે જ રુંધાઈને મરી જશો. પરંતુ એ સ્થિતિમાં પણ હઝરત બિલાલ رضی اللہ عنہ ઈસ્લામથી સહેજ પણ વિચલિત થતા નહોતા. બલ્કે જોશથી અહદ ! અહદ ! નો સુત્રોચ્ચાર કરતા હતા અને ઊંચા આવાજે કહેતા હતા કે ખુદા એક છે, ખુદા એક છે. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૧, પેજ–૩૧૭ થી ૩૧૮)*

હઝરત અમ્માર બિન યાસર رضی اللہ عنہ ને પણ ગરમ ગરમ રેતી પર ચત્તા સૂવડાવીને કુરૈશના કાફિરો તેમને એટલું બધા મારતા હતા કે તેઓ બેભાન થઈ જતા હતા. તેમની માતા (વાલેદા) હઝરત બીબી સુમૈયા رضی اللہ عنہا ને ઈસ્લામ સ્વીકારવાને કારણે અબૂ જહેલે તેમની નાભિ (ડૂંટી) નીચે નેજાનો એવો ઘા કર્યો કે તેણી શહીદ થઈ ગયાં. એ જ રીતે અમ્માર رضی اللہ عنہ ના પિતા હઝરત યાસર رضی اللہ عنہ પણ કાફિરોની માર ખાતા ખાતા શહીદ થઈ ગયા. હઝરત સુહૈબ રૂમી رضی اللہ عنہ ને મક્કાના કાફિરો એટલી બધી ઈજાઓ આપતા હતા અને તેમને એવો ઢોરમાર મારતા હતા કે તેઓ કલાકો સુધી બેભાન રહેતા. જ્યારે તેઓ હિજરત કરવા લાગ્યા તો મક્કાના કાફિરોએ કહ્યું કે તમે પોતાનો બધો જ માલસામાન અહીં છોડીને મદીના જઈ શકો છો. આમ છતાં આપ રાજીખુશીથી દુનિયાની દોલતને લાત મારીને પોતાના ઈમાનની મૂડી સાથે લઈને મદીના ભણી ચાલી નીકળ્યા હતા.

હઝરત અબૂ ફકીહ رضی اللہ عنہ સફવાન બિન ઉમૈયા કાફિરના ગુલામ હતા. હઝરત બિલાલ رضی اللہ عنہ ની સાથે જ મુસલમાન થયા હતા. જ્યારે સફવાનને તેમના ઈસ્લામની ખબર પડી ત્યારે એણે એમના ગળામાં રસ્સીનો ફાંસો નાંખીને તેમને ખેંચ્યા અને ઘસીટતા ઘસીટતા ગરમ અને તપતી ભૂમિ પર તેમને ચત્તા સૂવડાવીને છાતી પર ભારે પથ્થર મૂકી દીધો. જ્યારે કાફિરો તેમને ઘસડીને લઈ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં સંજોગોવશાત એક ગુબ્રૈલા (ગોબરમાં ઉછરતો એક જીવ કે જંતુ) દેખાયો ત્યારે ઉમૈયા કાફિરે તેમને મ્હેણું મારતાં કહ્યું કે "જોઈ લે ! તારો ખુદા આ તો નથી ને ?!" અબૂ ફકીહે ફર્માવ્યું, "હે કાફિરની ઓલાદ ! ખામોશ ! મારો અને તારો ખુદા અલ્લાહ છે." આ સાંભળી ઉમૈયા કાફિર વધુ ગજબનાક બની ગયો અને એટલા જોશથી એમના ગળે ટૂંપો દીધો કે તેઓ બેભાન થઈ ગયા અને લોકો એમ સમજ્યા કે તેમના પ્રાણ ઉડી ગયા !

આ રીતે જ હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ ને પણ એટલો માર મારવામાં આવતો કે તેમના શરીરના દરેક ભાગમાં સખત દુ:ખાવો થતો હતો.

હઝરત બીબી લુબૈના رضی اللہ عنہا જેઓ દાસી હતાં. હઝરત ઉમર





رضی اللہ عنہ જ્યારે કુફ્રની સ્થિતિમાં હતા ત્યારે એ ગરીબ દાસીને એટલું બધું મારતા હતા કે મારતાં મારતાં તેઓ પણ થાકી જતા હતા, તેમ છતાં હઝરત લુબૈના رضی اللہ عنہا ઉફ પણ કરતા ન હતા. બલ્કે અત્યંત હિંમત અને દઢતા સાથે કહેતા હતા કે હે ઉમર ! જો તમે ખુદાના સાચા રસૂલ પર ઈમાન નહીં લાવો તો ખુદા તમારાથી જરૂર આનો વેર વાળશે.

હઝરત ઝિન્નીરા رضی اللہ عنہا , હઝરત ઉમર رضی اللہ عنہ ના કુટુંબની દાસી હતાં તેઓ મુસલમાન થઈ ગયાં, ત્યારે કાફિરોએ તેમની ઉપર એવો અત્યાચાર ગુજાર્યો જેનાથી તેમને પોતાની આંખો ગુમાવવી પડી હતી, પરંતુ ખુદાવંદે તઆલાએ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆથી તેમની આંખોમાં ફરીથી રોશની (જોવાની શક્તિ) એનાયત ફર્માવી, ત્યારે મુશ્રિકો કહેવા લાગ્યા કે આ તો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાદૂનો અસર છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૭૦)*

એવી જ રીતે હઝરત બીબી નહદિયા અને હઝરત બીબી ઉમ્મે ઉબૈસ رضی اللہ عنہما પણ દાસી હતાં. ઈસ્લામ લાવ્યા પછી મક્કાના કાફિરોએ આ બંને જણાઓને જાત જાતની તકલીફો અને અપાર ઈજાઓ આપી હતી, પણ આ અલ્લાહવાળીઓ સબર અને શુક્ર સાથે આ મોટી મોટી મુસીબતોને સહન કરતી રહી તેમ છતાં ઈસ્લામના માર્ગમાં તેમના પગ સહેજ પણ ડગમગ્યા નહીં !

પૈગંબર સાહબના ગુફાના સાથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ કેવી રીતે ઈસ્લામ પર પોતાનું ધન નિછાવર કર્યું ? તેની એક ઝાંખી આ પ્રમાણે છે કે આપે એ ગરીબ અને વિવશ મુસલમાનોમાંથી મોટા ભાગનાઓની જાન બચાવી. આપે હઝરત બિલાલ, આમિર બિન ફુહૈરા, અબૂ ફકીહ, લુબૈના, જિન્નીરા, નહદિયા, ઉમ્મે ઉબૈસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ તમામ ગુલામોને મોટી મોટી રકમો આપીને ખરીદયા હતા અને આ બધાને મુક્ત કરીને તેમને કાફિરોની ઈજાઓ અને અત્યાચારમાંથી બચાવી લીધા હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ અને સીરત ઈબ્ને હશ્શામ, ભાગ–૧, પેજ નં. ૩૧૯)*

હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ જ્યારે ઈસ્લામમાં દાખલ થયા ત્યારે મક્કામાં એક મુસાફરની જેમ કેટલાય દિવસો સુધી કા'બાના હરમમાં રહ્યા. તેઓ દરરોજ બૂમો પાડી પાડીને પોતાના ઈસ્લામની જાહેરાત કરતા

હતા અને કુરૈશના કાફિરો દરરોજ તેમને એટલું મારતા હતા કે તેઓ માર ખાતા ખાતા લોહી લુહાણ થઈ જતા હતા અને એ દિવસોમાં આબે ઝમ્ઝમ્ સિવાય કશું જ ખાવા પીવા માટે તેમને મળતું ન હતું. *(બુખારી, ભાગ-૧, પેજ-૫૪૪, બાબ ઈસ્લામે અબીઝર)*

અત્રે યાદ રહે કે મક્કાના કાફરોનું આ વર્તન માત્ર ગરીબો અને ગુલામો સુધી સીમિત ન હતું પરંતુ ઈસ્લામ અંગીકાર કરવાના ગુનામાં મોટા મોટા માલદારો અને ધનિકોને પણ એ અત્યાચારીઓએ છોડયા ન હતા. મક્કા શહેરના એક ધનિક અને પ્રતિષ્ઠિત કુટુંબના સભ્ય એવા હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ને પણ કા'બાના હરમમાં કુરૈશના કાફિરોએ એવો માર માર્યો કે એમનું માથું લોહીથી ખરડાઈ ગયું. એ જ રીતે અત્યંત ધનિક અને સન્માનિત તથા પ્રતિષ્ઠિત એવા હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જ્યારે મુસલમાન થયા ત્યારે પારકાઓએ નહીં પણ ખૂદ એમના કાકાએ તેમને દોરડાઓથી બાંધી દઈને ખૂબ ફટકાર્યા હતા. હઝરત ઝુબૈર બિન અલ અવ્વામા رضی اللہ عنہ ભારે રુઆબદાર વ્યક્તિ હતા પણ જ્યારે તેમણે ઈસ્લામ અંગીકાર કર્યો ત્યારે તેમના કાકા તેમને ચટાઈમાં લપેટી દઈને તેમની નાકમાં ધુમાડો કરતા હતા જેનાથી □ાસ રૂંધાવા લાગતો હતો. હઝરત ઉમર رضی اللہ عنہ ના પિત્રાઈ ભાઈ અને બનેવી હઝરત શહીદ બિન ઝૈદ رضی اللہ عنہ કેવા ઈજ્જતદાર સન્માનિત અને પ્રતિષ્ઠિત હતા પરંતુ જ્યારે એમના ઈસ્લામ વિશે હઝરત ઉમર رضی اللہ عنہ ને ખબર પડી ત્યારે એમને દોરડામાં બાંધીને મારવામાં આવ્યા અને સાથે જ હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની બેન હઝરત બીબી ફાતિમા બિન્તે અલ ખત્તાબને પણ એવો જોરદાર તમાચો માર્યો કે તેમના કાનનાં ઝુમખાં પડી ગયાં અને ગાલમાંથી લોહી વહેવા લાગ્યું.

## ★ બારગાહે રિસાલતમાં કાફિરોનું પ્રતિનિધિમંડળ ★

એકવાર કુરૈશના સરદારો કા'બાના હરમમાં બેઠા બેઠા એમ વિચારવા લાગ્યા કે આખરે આટલી બધી તકલીફો અને ઈજાઓ સહન કરવા છતાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાનો પ્રચાર બંધ કેમ નથી કરતા? તેમનો ઉદ્દેશ શું છે ? કદાચ તેઓ માન સન્માન કે સરદારીનું પદ કે ધન ઈચ્છતા





હશે ! આથી બધાએ મળીને ઉતબા બિન રબીઆને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે મોકલ્યો કે તમે ગમે તેમ કરીને એમના મનની ઈચ્છા જાણી આવો. આથી ઉતબા એકાંતમાં આપને મળ્યો અને કહેવા લાગ્યો કે, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્લામ તરફ આમંત્રણ આપવાથી ખરેખર આપનો હેતુ શું છે ? શું આપ મક્કાની સરદારી ઈચ્છો છો ? કે પછી ઈજ્જત અને દોલત મેળવવા માંગો છો ? કે પછી કોઈ ઉચ્ચ કુળમાં લગ્ન કરવા ઈચ્છે છો ? આપના મનમાં જે કોઈ અભિલાષા હોય તે ખુલ્લા મનથી અમને જણાવી દો. હું ખાતરી આપું છું કે જો આપ ઈસ્લામનો પ્રચાર પડતો મૂકશો તો સમગ્ર મક્કા આપના ફર્માન હેઠળ આવી જશે અને આપની દરેક ઈચ્છા અને અભિલાષા પૂરી કરવામાં આવશે. ઉતબાનું આ પ્રવચન સાંભળી હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબમાં કુર્આન મજીદની કેટલીક આયતોની તિલાવત ફર્માવી. જેને સાંભળીને ઉતબા એટલો બધો પ્રભાવિત થયો કે તેના શરીરનો એક એક રૂંવાટો અને એક એક વાળ અલ્લાહના ખૌફ (પ્રકોપ)થી કાંપવા લાગ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મોં પર હાથ મૂકીને તેણે કહ્યું કે હું તમને આપણા સંબંધોનો વાસ્તો આપીને દરખાસ્ત કરું છું કે હવે બસ કરો. મારું હૃદય આ કલામની મહાનતાથી ફાટી રહ્યું છે. ઉતબા બારગાહે રિસાલતમાંથી પાછો ફર્યો. પરંતુ તેમના દિલની દુનિયામાં એક નવી ક્રાંતિ સર્જાઈ ચૂકી હતી. ઉત્બા એક ઘણો જ જાદૂઈ વાણી ધરાવનાર પ્રવચનકર્તા તથા સુભાષી સ્પીચવાળો અને વાક ચાતુર્યમાં નિપૂણ હતો. એણે પાછા ફરીને કુરૈશના સરદારોને કહી દીધું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જે કલામ (વાત) રજુ કરે છે એ ન તો જાદૂ છે ન તો કવિતા બલ્કે બીજી કોઈ વસ્તુ છે, આથી મારો અભિપ્રાય એવો છે કે તમે લોકો એમને એમના હાલ પર છોડી દો. જો તેઓ સફળ થઈને સમગ્ર અરબ પર છવાઈ જશે તો એમાં આપણા કુરૈશીઓની જ ઈજ્જત વધશે, નહીં તો સમગ્ર અરબ એમને પોતે જ નેસ્તોનાબૂદ કરી દેશે. પરંતુ કુરૈશના બળવાખોર કાફિરોએ ઉતબાની આ નિખાલસ દૂરંદેશી પૂર્ણ સલાહ ગણકારી નહીં બલ્કે પોતાનો વિરોધ અને ઈજા પહોંચાડવાનો સિલસિલો વધુ તીવ્ર કરી દીધો. *-(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૨૫૮, સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ-૧, પેજ-૨૯૪)*

## ★ કુરૈશનું પ્રતિનિધિ મંડળ અબૂ તાલિબ પાસે ★

કુરૈશના કાફિરોમાં કેટલાક લોકો સુલેહ શાંતિવાળા હતા, તેઓ ઈચ્છતા હતા કે વાતચીત દ્વારા સુલેહ શાંતિ સાથે આ બાબતનો ઉકેલ આવવો જોઈએ. આથી કુરેશના કેટલાક પ્રતિષ્ઠિત રઈસો અબૂ તાલિબ પાસે આવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈસ્લામની દા'વત અને મૂર્તિ પૂજા વિરૂદ્ધની તકરીરો વિશે ફરિયાદ કરી. અબૂ તાલિબે અત્યંત નરમીપૂર્વક એ લોકોને સમજાવીને વિદાય કર્યા, પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાના ફર્માન فَاصْدَعْ بِمَا تُؤْمَرُ નું પાલન કરતા જાહેરમાં શિર્ક અને મૂર્તિ પૂજાને વખોડી કાઢી તૌહીદની દા'વતનો વાએઝ ફર્માવતા રહ્યા આથી કુરૈશનો ગુસ્સો ફરી ભડકી ઉઠયો અને કુરૈશના બધા જ સરદારો એટલે કે ઉત્બા, શૈબા, અબૂ સુફયાન, આસ બિન હિશામ, અબૂ જહલ, વલીદ બિન મુગીરા, આસ બિન વાઈલ વગેરેબધા એકી સાથે મળીને અબૂ તાલિબ પાસે આવ્યા અને કહ્યું કે તમારો ભત્રીજો અમારા મા'બૂદો (પૂજ્ય મૂર્તિઓ)નો અનાદર કરે છે, આથી ક્યાં તો આપ વચમાંથી ખસી જાવ અને તમારા ભત્રીજાને અમને સોંપી દો, ક્યાં તો તમે પણ ખુલ્લા પડીને એમની સાથે મેદાનમાં આવી જાવ ! જેથી આપણા બંનેમાંથી એકનો ફૈસલો થઈ જાય. અબૂ તાલિબે કુરૈશનું તેવર જોઈને સમજી લીધું કે હવે અત્યંત ખતરનાક અને નાઝુક ઘડી માથે આવી ચૂકી છે. સ્પષ્ટ છે કે હવે કુરૈશ સહન નહીં કરી શકે અને હું અકેલો આખા કુરૈશ કબીલાનો મુકાબલો નહીં કરી શકું.

અબૂ તાલિબે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અત્યંત નિખાલસતા સાથે અને પ્રેમપૂર્વક વાણીમાં સમજાવ્યું કે હે મારા વ્હાલા ભત્રીજા ! પોતાના વૃદ્ધ કાકાની સફેદ દાઢી પર દયા કરો અને ઘડપણમાં મારા ઉપર એટલો બોજા ન નાખો જે હું ઉઠાવી ન શકું. અત્યાર સુધી તો કુરૈશનો એકે એક બાળક મારો મલાજો જાળવતો હતો, પણ આજે કુરૈશના સરદારોની વાણી અને એમનાં તેવર એટલાં બધાં બગડેલાં હતાં કે હવે એ લોકો મારા અને તમારા ઉપર તલવાર ઉઠાવવાથી પણ પાછા નહીં હઠે. આથી મારો એવો અભિપ્રાય છે કે તમે થોડાક દિવસો માટે ઈસ્લામની દા'વતનું કાર્ય મૌકૂફ કરી દો. અત્યાર સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાહેરમાં સહાયક અને મદદગાર





જે કંઈ હતા તે એક માત્ર અબૂ તાલિબ હતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોયું કે હવે તેઓ (અબૂ તાલિબ) પણ નબળી પડી ગયા છે. કાકાની વાતચીત સાંભળીને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લાગણીપૂર્ણ અવાજે ફર્માવ્યું કે ચચાજાન ! ખુદાના સોગંદ ! જો કુરૈશના લોકો મારા એક હાથમાં સૂર્ય અને બીજા હાથમાં ચાંદ લાવીને આપી દેશે તો પણ હું પોતાની આ ફરજથી વિમુખ નહીં થાઉં. ક્યાં તો ખુદા તઆલા આ કાર્ય પૂરુ ફર્માવશે, ક્યાં તો હું પોતે ઈસ્લામના દીન પર કુર્બાન થઈ જઈશ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ લાગણીપૂર્ણ તકરીર સાંભળીને અબૂ તાલિબનું મન દ્રવી ઉઠયું અને તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે એમના લોહીની એકે એક બુંદ ભત્રીજાના પ્રેમમાં ગરમ થઈને ઉકળવા લાગી અને અત્યંત આવેગમાં આવીને તેમણે કહી દીધું કે મારા વહાલા ભત્રીજા ! જાઓ ! હું તમારી સાથે જ છું ! જ્યાં સુધી હું જીવતો રહીશ ત્યાં સુધી કોઈ તમારો વાળ વાંકો નહીં કરી શકે !
*(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૧, પેજ–૨૬૬)*

## ★ હબ્શા ભણી હિજરત સન પાંચ નબવી ★

મક્કાના કાફિરોએ જ્યારે પોતાના જુલ્મો સિતમ દ્વારા મુસલમાનો માટે જીવવાનું મુશ્કેલ બનાવી દીધું ત્યારે હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુસલમાનોને "હબ્શા" જઈ આશ્રય લેવાનો હુકમ કર્યો.

"હબ્શા"નો બાદશાહ કે જેનું નામ "અસ્મેહા" અને લકબ "નજ્જાશી" હતો. તે ખ્રિસ્તી ધર્મનો પાબંદ હતો તેમ છતાં ખૂબ જ ન્યાયી, દયાળુ અને નરમ દિલ હતો. તદ્ઉપરાંત તૌરાત અને ઈન્જીલ (બાઈબલનો જૂનો કરાર અને નવો કરાર) વગેરે આકાશી પુસ્તકોનો નિષ્ણાત વિદ્વાન હતો.

નબુવ્વતના એલાનના પાંચમાં વર્ષે રજબ મહિનામાં અગ્યાર પુરૂષો અને ચાર સ્ત્રીઓએ હબ્શા તરફ હિજરત કરી. એ મુહાજિરીને કિરામનાં નામો નીચે પ્રમાણે છે :–

૧. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પોતાના પત્ની હઝરત રુકૈયા رضی اللہ عنہا ની સાથે કે જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાહેબઝાદી (દિકરી) છે.

૨. હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ પોતાના પત્ની હઝરત સહલા બિન્તે સુહૈલ رضی اللہ عنہا સાથે.

૩. હઝરત અબૂ સલમા رضی اللہ عنہ પોતાના પત્ની હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا સાથે.

૪. હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ પોતાના પત્ની હઝરત લૈલા બિન્તે અબી હશ્મા رضی اللہ عنہا સાથે.

૫. હઝરત ઝુબૈર બિન અલ અવ્વમ رضی اللہ عنہ.

૬. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ.

૭. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ.

૮. હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہ عنہ .

૯. હઝરત અબૂ સબિરા બિન અબી રોહમ અથવા હાતિબ બિન અમ્ર رَضِیَ اللّٰہُ عَنْہُمَا.

૧૦. હઝરત સુહૈલ બિન બૈઝા رضی اللہ عنہ.

૧૧. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ.

*–(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૭૦)*

મક્કાના કાફિરોને જ્યારે આ લોકોની હિજરતની જાણ થઈ ત્યારે એ જાલિમોએ તેમની ધરપકડ કરવા માટે તેમનો પીછો કર્યો. પણ આ લોકો હોડીમાં બેસીને રવાના થઈ ચૂક્યા હતા. આથી કાફિરો નિરાશ થઈને પાછા ફર્યા. મુહાજિરોનો આ કાફલો હબ્શાની ભૂમિમાં ઉતરીને શાંતિપૂર્વક ખુદાની ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયો. થોડાક દિવસો બાદ એકાએક એવી અફવા ફેલાઈ ગઈ કે મક્કાના કાફિરો મુસલમાન થઈ ગયા. આ સાંભળી કેટલાક લોકો હબ્શાથી મક્કા પાછા ફર્યા. પણ અહીં આવીને ખબર પડી કે એ તો સાવ ખોટી વાત હતી. આથી કેટલાક લોકો તો ફરી હબ્શા ચાલ્યા ગયા પણ કેટલાક લોકો મક્કામાં સંતાઈને રહેવા લાગ્યા. પરંતુ મક્કાના કાફિરોએ એ લોકોને શોધી કાઢ્યા અને એમના ઉપર અગાઉ કરતા વધારે અત્યાચારો ગુજાર્યા. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફરીથી લોકોને હબ્શા જતા રહેવાનો હુકમ ફર્માવ્યો. આમ હબ્શાથી પાછા ફરેલા એમની સાથે જુલ્મનો ભોગ બનેલા બીજા મુસલમાનો મળીને કુલ ૮૩ પુરૂષો અને ૧૮ સ્ત્રીઓના કાફલાએ હબ્શા તરફ હિજરત કરી. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૮૭)*





## ★ કાફિરોનો દૂત નજ્જાશીના દરબારમાં ★

બધા જ મુહાજિરો શાંતિપૂર્વક હબ્શામાં રહેવા લાગ્યા પરંતુ મક્કાના કાફિરો એ કેમ કરીને સાંખી લેતા કે તૌહીદના મતવલાઓ ક્યાંય પણ સુખચેનથી રહી શકે ! એ જાલિમોએ કેટલીક ભેટ સોગાદો સાથે "અમ્ર બિન અલ્ આસ" અને "ઉમ્મારા બિન વલીદ"ને હબ્શાના બાદશાહના દરબારમાં પોતાના દૂત બનાવીને મોકલ્યા. એ બંને જણાએ નજ્જાશીના દરબારમાં પહોંચી જઈને એની સેવામાં ભેટ સોગાદો રજુ કરી અને બાદશાહને સજદો કરીને એવી ફરિયાદ કરવા લાગ્યા કે હે બાદશાહ ! અમારા કેટલાક ગુનેહગારોએ મક્કાથી ફરાર થઈને તમારા દેશમાં આશ્રય લીધો છે તમે અમારા એ ગુનેહગારો અમને સોંપી દો. આ સાંભળીને નજ્જાશી બાદશાહે મુસલમાનોને પણ દરબારમાં તેડાવ્યા અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ભાઈ હઝરત જા'ફર رضی اللہ عنہ મુસલમાનના પ્રતિનિધિ તરીકે વાતચીત કરવા માટે આગળ વધ્યા અને દરબારના રીતરિવાજ મુજબ બાદશાહને સજદો કર્યો નહીં, બલ્કે માત્ર સલામ કરીને ઉભા રહી ગયા. દરબારીઓએ એમને ટોકયા પણ ખરા. ત્યારે **હઝરત જા'ફર** رضی اللہ عنہ **ફર્માવ્યું કે અમારા રસૂલ** صلی اللہ تعالیٰ علیہ وسلم **એ ખુદા સિવાય અન્ય કોઈને પણ સજદો કરવા સામે મનાઈ ફર્માવી છે આથી હું બાદશાહને સજદો કરી શક્તો નથી.** *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૮૮)*

ત્યારબાદ હઝરત જા'ફર બિન અબી તાલિબ رضی اللہ عنہ એ શાહી દરબારમાં આ રીતે પ્રવચન શરૂ કર્યું :–

" હે બાદશાહ ! અમે લોકો એક અજ્ઞાની કૌમ હતા. શિર્ક અને મૂર્તિ પૂજા કરતા હતા. લૂટમાર, ચોરી, ધાડ, જુલ્મો સિતમ અને જાત જાતની બદ્કારીઓ અને બુરાઈઓમાં સપડાયેલા હતા. અલ્લાહ તઆલાએ અમારી કૌમમાંથી જ એક વ્યક્તિને પોતાનો રસૂલ બનાવીને મોકલ્યો. જેના વંશ વેલા, જેની સત્યનિષ્ઠા અને ઈમાનદારીને અમે લોકો પહેલાંથી જ જાણતા હતા. એ રસૂલે અમને શિર્ક અને મૂર્તિ પૂજા કરતા અટકાવ્યા અને માત્ર એક ખુદાએ વાહિદની ઈબાદતનો હુકમ કર્યો અને દરેક પ્રકારના જુલ્મો સિતમ અને તમામ બુરાઈઓ અને બદ્કારીઓ સામે અમને મનાઈ

ફર્માવી. એ રસૂલ ઉપર અમે ઈમાન લાવ્યા અને શિર્ક તથા મૂર્તિ પૂજા છોડીને બધાં જ બુરાં કામોથી અમે તૌબા કરી લીધી. બસ ! આ જ અમારો ગુનો છે જેના લીધે અમારી કોમ અમારા જાનની દુશ્મન થઈ ગઈ છે અને એ લોકોએ અમારી એટલી બધી સતામણી કરી છે કે અમારે અમારા વતનને સલામ કરીને આપની સલ્તનતની છત્ર છાયા હેઠળ શાંતિપૂર્વકનું જીવન વીતાવવું પડે છે. હવે આ લોકો અમને મજબૂર કરી રહ્યા છે કે અમે ફરીથી એ જ જૂની ગુમરાહી (પથભ્રષ્ટતા) તરફ પાછા ફરી જઈએ.''

હઝરત જા'ફર رضی اللہ عنہ ની આ તકરીરથી નજજાશી બાદશાહ ખૂબ જ પ્રભાવિત થયો. આ જોઈ મક્કાના કાફિરોના દૂત અમ્ર બિન અલ્ આસે પોતાની પણછનો છેલ્લો બાણ પણ તાકી દીધો. અને કહ્યું કે હે બાદશાહ ! આ મુસલમાન લોકો આપના નબી હઝરત (ઈસા علیہ الصلوٰۃ والسلام ) વિશે પણ કંઈક જુદી જ માન્યતા ધરાવે છે જે આપના અકીદાથી એકદમ વિરૂદ્ધ છે. આ સાંભળી નજજાશી બાદશાહે હઝરત જા'ફર رضی اللہ عنہ ને એના વિશે પ્રશ્ન કર્યો ત્યારે આપે સૂરએ મરયમની તિલાવત ફર્માવી. કલામે રબ્બાનીના પ્રભાવથી નજજાશી બાદશાહના હૃદય પર એવી ઊંડી છાપ પડી કે એના ઉપર રિક્કત (આર્દ્રતા) છવાઈ ગઈ અને એની આંખોમાંથી અશ્રુધારા વહી પડી. હઝરત જા'ફર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમારા રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم એ અમને એ જ બતાવ્યું છે કે હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام ખુદાના બંદા અને તેમના રસૂલ છે કે જેઓ કુંવારી મરયમની પવિત્ર કૂખે પિતા વિના ખુદાની કુદરતના પ્રતીકરૂપે જન્મ્યા છે. નજજાશી બાદશાહે હઝરત જા'ફર رضی اللہ عنہ ની તકરીર ધ્યાનપૂર્વક સાંભળી અને એમ કહ્યું કે નિઃશંક ! ઈન્જીલ (બાઈબલ) અને કુર્આન બંને હિદાયતના એક જ આફતબ (સૂર્ય)ના બે નૂર છે અને ચોક્કસ ઈસા علیہ الصلوٰۃ والسلام ખુદાના બંદા અને તેના રસૂલ છે અને હું ગવાહી (સાક્ષી) આપું છું કે નિઃશંક ! હઝરત મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ખુદાના એ જ રસૂલ છે કે જેમની બશારત હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એ ઈન્જીલ (બાઈબલ)માં આપી છે. અને જો હું સલ્તનતના બંધારણ પ્રમાણે શાહી તખ્ત પર બિરાજવા બંધાયેલો ન હોત તો મેં પોતે રસૂલ અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم ની પવિત્ર જૂતીઓ સીધી કરી હોત અને એમના કદમ મુબારક ધોયા હોત. બાદશાહની તકરીર સાંભળીને તેના કટ્ટર ખ્રિસ્તી પ્રકારના દરબારીઓ





નારાજ અને ગુસ્સે થઈ ગયા. પણ નજજાશી બાદશાહે ઈમાનના ઉત્સાહમાં બધાને ધમકાવીને શાંત કરી દીધા અને મક્કાના કાફિરોની ભેટ સોગાદો પાછી વળાવીને અમ્ર બિન અલ્ આસ અને ઉમ્મારા બિન વલીદને દરબારમાંથી હાંકી કઢાવ્યા અને મુસલમાનોને કહી દીધું કે તમે લોકો મારી સલ્તનતમાં જ્યાં ઈચ્છો ત્યાં સુખ શાંતિપૂર્વક આરામ અને ચેન સાથે રહી શકો છો કોઈ તમારું કશું બગાડી શકશે નહીં. *(ઝુર્કાની, ભાગ-૧૫, પેજ-૨૭૮)*

અત્રે યાદ રહે કે નજજાશી બાદશાહ મુસલમાન થઈ ગયો હતો આથી એમના ઈન્તેકાલ (અવસાન) વખતે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ મદીના મુનવ્વરામાં એમના જનાઝાની નમાઝ અદા કરી હતી. જો કે નજજાશી બાદશાહનું અવસાન હબ્શા મુકામે થયું હતું અને તેઓ હબ્શામાં જ દફન થયા હતા. તેમ છતાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ગાએબાના (અપ્રત્યક્ષ રીતે) એમના જનાઝાની નમાઝ પઢીને એમના માટે મગફિરતની દુઆ ફર્માવી હતી.

## ★ હઝરત અબૂબક્ર અને ઈબ્ને દગિના ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ પણ હબ્શા ભણી હિજરત કરેલી. પરંતુ જ્યારે આપ ''બુર્કલ ગુમાદ'' નામના મુકામે પહોંચ્યા ત્યારે ''કારહ'' કબીલાનો સરદાર માલિક બિન દગના રસ્તામાં મળ્યો અને પૂછ્યું : હે અબૂબક્ર ! ક્યાં ચાલ્યા ? આપે મક્કવાસીઓના અત્યાચારોનું વર્ણન કરતા જણાવ્યું કે, હવે હું મારા વતન મક્કાને છોડીને ખુદાની વિશાળ ભૂમિ ઉપર ફર્યા કરીશ અને ખુદાની ઈબાદત કરતો રહીશ. ઈબ્ને દગિનાએ કહ્યું કે, હે અબૂબક્ર ! આપના જેવો માણસ ન તે શહેરમાંથી નીકળી શકે છે કે ન તો એને કાઢી શકાય છે, આપ બીજાઓના બોજા ઉપાડો છો, હરમના મહેમાનોની મિજબાની કરો છો, પોતે કમાઈ કમાઈને મુફલિસો અને મોહતાજોની આર્થિક મદદ કરો છો, સત્યકાર્યોમાં બધાની સહાય કરો છો આપ મારી સાથે મક્કા પાછા ફરો, હું તમને મારી પનાહમાં લઉં છું. ઈબ્ને દગિના આપને બળજબરીપૂર્વક મક્કા પાછા લાવ્યો અને મક્કાના તમામ કાફિરોને કહી દીધું કે મેં અબૂબક્રને મારી પનાહમાં લઈ લીધા છે. આથી ખબરદાર ! કોઈએ એમને પજવવું નહીં. મક્કાના કાફિરોએ કહ્યું કે, આ

બાબત અમને એ શરતે સ્વીકાર્ય છે કે અબૂબક્ર પોતાના ઘરની અંદર છુપાઈને કુર્આન પઢશે જેથી અમારી મહિલાઓ અને બાળકોના કાનમાં કુર્આનનો અવાજ ન પહોંચે. ઈબ્ને દગિનાએ કાફરોની શરત કબૂલ રાખી અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થોડાક દિવસો સુધી પોતાના ઘરની અંદર જ કુર્આન શરીફ પઢતા રહ્યા. પરંતુ હઝરત અબૂબક્રના ઈમાની જોશને એ સારું ન લાગ્યું કે જૂઠા મા'બૂદો (પૂજય મૂર્તિઓ) લાત અને ઉઝ્ઝાની પૂજા તો જાહેરમાં થાય અને સાચે જ પૂજાને પાત્ર એવા મા'બૂદે બરહક્ક અલ્લાહ તઆલાની ઈબાદત ઘરમાં છુપાઈને કરવામાં આવે. આથી આપે ઘરની બહાર આંગણામાં એક મસ્જિદ બનાવી લીધી અને એ મસ્જિદમાં જાહેરમાં નમાઝોમાં ઊંચા અવાજે કુર્આન શરીફ પઢવા લાગ્યા અને મક્કાના કાફિરોની મહિલાઓ અને બાળકોની ભીડ એકત્ર થઈને કુર્આન સાંભળવા લાગી. આ દશ્ય જોઈને મક્કાના કાફિરોએ દગિનાને મક્કા બોલાવ્યો અને ફરિયાદ કરી કે અબૂબક્ર તેમના ઘરની બહાર કુર્આન પઢે છે જેને સાંભળવા માટે અમારી મહિલાઓ અને બાળકોનો મેળાવડો જામે છે. એનાથી અમને ઘણો કષ્ટ થાય છે. આથી તમે એમને કહી દો કે ક્યાં તો ઘરમાં કુર્આન પઢે, નહીંતર તમે પોતાની પનાહની જવાબદારીમાંથી મુક્ત થઈ જાવ. આથી ઈબ્ને દગિનાએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ને કહી દીધું કે હે અબૂબક્ર ! આપ ઘરની અંદર જ છુપાઈને કુર્આન પઢયા કરો. નહીંતર હું આપને રક્ષણ પૂરું પાડવાની મારી જવાબદારીમાંથી મુક્ત થઈ જઈશ, ત્યારબાદ મક્કાના કાફિરો આપને પજવશે તો હું એના માટે જવાબદાર નહીં હોઉં. આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, ''હે ઈબ્ને દગિના ! તમે મારા રક્ષણની જવાબદારીમાંથી મુક્ત થઈ જાવ. મારા માટે અલ્લાહની પનાહ પૂરતી છે અને હું એની મરજીમાં રાજી છું.'' *(બુખારી શરીફ, ભાગ-૧૫, પેજ ૩૦૭, બાબ જવારે અબીબક્ર સિદ્દીક)*

## ★ હઝરત હમ્ઝા મુસલમાન થઈ ગયા ★

નબુવ્વતના એલાનના છટ્ઠા વર્ષે હઝરત હમ્ઝા અને હઝરત ઉમર رضی اللہ عنہما બે એવી વિભૂતિઓ ઈસ્લામના દામનમાં આવી ગઈ જેમનાથી ઈસ્લામ અને મુસલમાનોની જાહોજલાલી અને એમના માન સન્માન તથા





નસીબનો ઝંડો અત્યંત ઊંચો થઈ ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકાઓમાં હઝરત હમ્ઝા આપના પ્રત્યે ખૂબ હેત રાખતા અને એમણે પણ હઝરત ષુવૈબાનું દૂધ પીધેલું આથી તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દૂધભાઈ પણ હતા. હઝરત હમઝા رضی اللہ عنہ અત્યંત શક્તિશાળી અને બહાદૂર (વીર) હતા અને શિકારના ભારે શોખીન હતા. દરરોજ વહેલી સવારે તીરકામઠુ લઈને ઘરેથી નીકળી પડતા અને સાંજે શિકારથી પાછા ફરીને હરમમાં જતા. ખાનએ કા'બાનો તવાફ કરતા અને કુરૈશના સરદારોની મેહફિલોમાં થોડીકવાર બેસતા હતા. એક દિવસે દરરોજની જેમ શિકાર પરથી પાછા ફર્યા ત્યારે ઈબ્ને જુદઆનની દાસી અને ખૂદ એમના બહેન હઝરત બીબી સૂફયા رضی اللہ عنہا એ જણાવ્યું કે, આજે અબૂ જહલ કેવી કેવી રીતે તમારા ભત્રીજા હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે બેઅદબી અને ગુસ્તાખી કરી છે ! આ સાંભળીને હઝરત હમ્ઝા رضی اللہ عنہ નું લોહી ઉકળવા માંડયું. એકાએક તીરકામઠું લઈને મસ્જિદે હરામમાં પહોંચી ગયા અને પોતાની કમાનથી અબૂ જહલના માથામાં એવો જોરદાર ઘા કર્યો કે એનું માથું ફાટી ગયું અને કહ્યું કે, તું મારા ભત્રીજાને ગાળો ભાંડે છે ? તને ખબર નથી કે હું પણ એ જ દીન પર છું. આ જોઈને કબીલએ બની મખ્ઝૂમના કેટલાક લોકો અબૂ જહલની મદદ માટે ઊભા થઈ ગયા. ત્યાર અબૂ જહલે એમ વિચારીને કે ક્યાંય બનૂ હાશિમથી યુદ્ધ ન શરૂ થઈ જાય, તણે કહ્યું કે, હે બની મખ્ઝૂમ ! તમે લોકો હમ્ઝાને છોડી દો. ખરેખર આજે મેં એમના ભત્રીજાને અત્યંત ખરાબ ભૂંડી ગાળો ભાંડી હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૪૪, ઝુર્કાની, ભાગ-૨, પેજ-૨૫૬)*

હઝરત હમ્ઝાએ મુસલમાન થઈ ગયા પછી મોટા અવાજે આ કાવ્ય પંક્તિઓ બોલવાનું શરૂ કરી દીધું :-

حَمِدْتُ اللّٰهَ حِيْنَ هَدٰى فُؤَادِىْ    اِلَى الْاِسْلَامِ وَالدِّيْنِ الْحَنِيْفِ

**અર્થાત** : હું અલ્લાહ તઆલાની હમ્દ (સ્તુતિ) કરું છું જયારે એણે મારા હદયને ઈસ્લામ અને અને દીને હનીફ તરફ હિદાયત આપી.

اِذَا تُلِيَتْ رَسَائِلُهٗ عَلَيْنَا    تَحَدَّرَ دَمْعُ ذِى اللُّبِّ الْحَصِيْفِ

**અર્થાત** : જયારે ઈસ્લામના આદેશોની તિલાવત (પઠન) અમારી

સામે કરવામાં આવે છે ત્યારે નિપૂર્ણ બૌદ્ધિકોની આંખોમાંથી અશ્રુધારા વહી નીકળી છે.

وَاَحْمَدُ مُصْطَفٰے فِيْنَا مُطَاعٌ ۞ فَلَا تَغْشُوْهُ بِالْقَوْلِ الْعَنِيْفِ

**અર્થાત** : અને ખુદાના સન્માનિત અહ્‌મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા અગ્રણી છે. તો (હે કાફિરો !)) મિથ્યા બકવાસથી એમના પર પ્રભુત્વ મેળવવા મથો નહીં.

فَلَا وَاللّٰهِ نُسْلِمُهٗ لِقَوْمٍ ۞ وَلَمَّا نَقْضِ فِيْهِمْ بِالسُّيُوْفِ

**અર્થાત** : તો ખુદાના સોગંદ ! અમે એમને કાફિરોની કોમને નહીં સોંપીએ. જો કે હજી સુધી અમોએ કાફિરો સાથે તલવારો વડે નિર્ણય કર્યો નથી. *(ઝુર્કાની, ભાગ-૧, પેજ-૨૫૬)*

## ★ હઝરત ઉમરનો ઈસ્લામ ★

હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના ઈસ્લામ લાવ્યા બાદ ત્રીજા જ દિવસે હઝરત ઉમર رضی اللہ عنہ પણ ઈસ્લામની દોલતથી માલમાલ થઈ ગયા. આપના ઈસ્લામ અંગીકાર કરવાની ઘટનાઓ વિશે સંખ્યાબંધ રિવાયતો છે.

એક રિવાયત છે કે આપ એક દિવસે ભારે આવેશમાં ખુલ્લી તલ્વાર લઈને એવા ઈરાદા સાથે ઘરેથી નીકળ્યા કે આજે હું આ તલવારથી પયગંબરે ઈસ્લામને પતાવી દઈશ. સંજોગોવશાત માર્ગમાં હઝરત નુએૈમ બિન અબ્દુલ્લાહ કુરૈશી رضی اللہ عنہ સાથે ભેટો થયો તેઓ મુસલમાન થઈ ચૂક્યા હતા પણ હઝરત ઉમર رضی اللہ عنہ ને એમના ઈસ્લામની ખબર ન હતી. હઝરત નુએૈમ બિન અબ્દુલ્લાહ કુરૈશી رضی اللہ عنہ એ પૂછયું કે કેમ ? હે ઉમર ! આ ભરબપોરે ગરમીમાં ખુલ્લી તલ્વાર લઈને ક્યાં ચાલ્યા ?! જવાબ આપ્યો કે આજે ઈસ્લામના સ્થાપકને પતાવી દેવાના ઈરાદે ઘરેથી નીકળ્યો છું. તેમણે કહ્યું, પહેલા તમારા પોતાના ઘરની ખબર કાઢો ! તમારી બેન ફાતિમા બિન્તે અલ્‌ખત્તાબ અને તમારા બનેવી સઈદ બિન ઝૈદ પણ મુસલમાન થઈ ગયા છે ! આ સાંભળીને આપ બહેનના ઘરે પહોંચ્યા અને બારણું ખખડાવ્યું, ઘરની અંદર કેટલાક મુસલમાનો છુપાઈને કુર્આન શરીફ પઢી રહ્યા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ નો અવાજ સાંભળીને બધા ડરી





ગયા અને કુર્આનનાં વરખાં છોડીને આમ તેમ છુપાઈ ગયા. બહેને ઉઠીને બારણું ઉઘાડયું તો હઝરત ઉમર رضی اللہ عنہ બરોડો પાડીને બોલ્યા કે હે પોતાના જાનની દુશ્મન ! શું તું પણ મુસલમાન થઈ ગઈ છે ?! પછી તેમના બનેવી હઝરત સઈદ બિન ઝૈદ رضی اللہ عنہ પર ઝાપટયા અને એમની દાઢી પકડીને તેમને જમીન પર પછાડી દીધા અને છાતી પર ચડી જઈને તેમને મારવા લાગ્યા. એમના બહેન ફાતિમા પોતાના પતિને બચાવવા દોડી પડયાં ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમને એવો જોરદાર તમાચો માર્યો કે એમના કાનમાંથી ઝૂમર તૂટીને પડી ગયું અને એમનો ચહેરો લોહીલુહાણ થઈ ગયો. બહેને સ્પષ્ટ કહી દીધું કે, હે ઉમર ! સાંભળી લ્યો ! તમારાથી થાય એ કરી લ્યો, પણ હવે મનમાંથી ઈસ્લામ નીકળી નહીં શકે. હઝરત ઉમર رضی اللہ عنہ એ બહેનનો લોહિયાળ ચહેરો જોયો અને સાહસ તેમજ દઢતાપૂર્વકનું તેમનું આ વાક્ય સાંભળ્યું ત્યારે એકદમ નરમ પડી ગયા. થોડીવાર શાંત ઊભા રહ્યા. પછી બોલ્યા, સારું ! તમે લોકો જે વાંચી રહ્યા હતા મને પણ દેખાડો. બહેને કુર્આન શરીફના વરખાં (પાનાં) સામે મૂકી દીધાં. ઉઠાવીને જોયું તો આ આયત ઉપર નજર પડી : سَبَّحَ لِلّٰهِ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ وَهُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ○ આ આયતો એકે એક શબ્દનો સદાકત (સત્યતા)ના પ્રભાવનું તીર બનીને તેમના હૃદયના ઊંડાણોમાં ખૂંપતો ગયો અને શરીરનો એક એક વાળ કંપવા લાગ્યો. જયારે આ આયત ઉપર પહોંચ્યા કે اٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهٖ *(હદીદ)* તો એકદમ જ બેકાબૂ બની ગયા અને અનાયાસે પોકારી ઉઠયા કે :-

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ

આ એ સમય હતો જયારે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અરકમ બિન અરકમ رضی اللہ عنہ ના મકાનમાં રહેતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ બહેનના ઘરેથી નીકળ્યા અને સીધા હઝરત અરકમ رضی اللہ عنہ ના મકાન પર પહોંચ્યા. ત્યારે બારણું બંધ મળ્યું. સાંકળ ખખડાવી, અંદરના લોકોએ તિરાડમાંથી જોયું તો હઝરત ઉમર رضی اللہ عنہ ખુલ્લી તલ્વાર લઈને ઊભા હતા. લોકો ગભરાઈ ગયા અને કોઈનામાં પણ બારણુ ઉઘાડવાની હિમ્મત ન હતી પરંતુ હઝરત હમ્ઝા رضی اللہ عنہ એ ઊંચા અવાજે કહ્યું કે, બારણું ખોલી નાખો અને અંદર આવવા દો ! જો કે નેક નિય્યતી સાથે આવ્યા હશે તો

એમનું સ્વાગત કરવામાં આવશે, નહીંતર એમની જ તલ્વાર વડે એમની ગરદન ઉડાવી દેવામાં આવશે. હઝરત ઉમર رضی اللہ عنہ એ મકાનમાં પ્રવેશ કર્યો. ત્યારે ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આગળ વધીને હઝરત ઉમર رضی اللہ عنہ નો હાથ પકડયો અને ફર્માવ્યું, "હે ખત્તાબના પુત્ર ! તું મુસલમાન થઈ જા ! છેવટે તું ક્યાં સુધી મારી સાથે લડતો રહીશ ?" હઝરત ઉમર رضی اللہ عنہ એ ઊંચા અવાજે કલિમો પઢયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુશ થઈને ના'રએ તકબીર બુલંદ ફર્માવ્યો અને હાજર રહેલા તમામ મુસલમાનોએ એટલા જોશથી **અલ્લાહુ અક્બર**નો ના'રો બુલંદ કર્યો કે, મક્કાની પહાડીઓ ગુંજી ઉઠી. પછી હઝરત ઉમર رضی اللہ عنہ કેહવા લાગ્યા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ રીતે છુપાઈને ખુદાની ઈબાદત કરવાનો શો અર્થ ? ઊભા થાવ ! આપણે કા'બામાં જઈને જાહેરમાં ખુદાની ઈબાદત કરીશું અને ખુદાના સોગંદ કુફ્રની સ્થિતિમાં જ્યાં વિરોધ કરતો રહ્યો છું, હવે હું એ તમામ મેહફિલો અને બેઠકોમાં પોતાના ઈસ્લામની જાહેરાત કરીશ. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સહાબાની જમાઅત (સમૂહ) લઈને બે હરોળમાં રવાના થયા, એક હરોળની આગળ આગળ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ચાલી રહ્યા હતા અને બીજી હરોળની આગળ આગળ હઝરત ઉમર رضی اللہ عنہ ચાલી રહ્યા હતા. આ વૈભવ સાથે મસ્જિદે હરામમાં પ્રવેશ્યા અને નમાઝ અદા કરી અને હઝરત ઉમર رضی اللہ عنہ એ કા'બાના હરમમાં મુશ્રિકો સામે પોતાના ઈસ્લામની જાહેરાત કરી. આ સાંભળીને ચારે બાજુથી કાફિરો દોડી પડયા અને હઝરત ઉમર رضی اللہ عنہ ને મારવા લાગ્યા અને હઝરત ઉમર رضی اللہ عنہ પણ એમની સાથે લડવા લાગ્યા. એવો કોલાહલ થયો જાણે કે તોફાન ! એવામાં હઝરત ઉમર رضی اللہ عنہ નો મામો અબૂ જહલ આવી ગયો. એણે પૂછયું કે, તોફાન શેનું છે ? લોકોએ કહ્યું કે, હઝરત ઉમર رضی اللہ عنہ મુસલમાન બની ગયા છે આથી લોકોએ આક્રોશમાં આવી જઈને તેમના પર હુમલો કર્યો છે. આ સાંભળીને અબૂ જહલે કા'બાના હતીમમાં ઊભા થઈને પોતાની બાંય તરફ ઈશારો કરીને જાહેરાત કરી કે મેં મારા ભાણજાને પનાહ આપી. અબૂ જહલની આ જાહેરાત સાંભળીને બધા લોકો ખસી ગયા. હઝરત ઉમર رضی اللہ عنہ નું બયાન છે કે, ઈસ્લામ લાવ્યા પછી હું હંમેશ કાફિરોને મારતો અને એમની માર ખાતો રહ્યો. એટલે સુધી કે અલ્લાહ તઆલાએ ઈસ્લામને ગાલિબ





(પ્રભુત્વશાળી) ફર્માવી દીધો. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૭૨)*

હઝરત ઉમર رضی اللہ عنہ ના મુસલમાન થવાનું એક કારણ એ પણ દર્શાવવામાં આવે છે કે, ખૂદ હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે કુફ્રની હાલતમાં કુરૈશની મૂર્તિઓ (બુતો) પાસે હાજર હતો એવામાં એક વ્યક્તિ ગાયનું એક વાછરડું લઈને આવી અને મૂર્તિઓના નામે એનો વધ કર્યો. ત્યારબાદ જોશથી ચીસ મારીને કોઈકે એમ કહ્યું : يَا جَلِيْحُ اَمْرٌ نَجِيْحٌ رَجُلٌ فَصِيْحٌ يَقُوْلُ لَآ اِلٰهَ اِلَّا اللّٰه આ અવાજ સાંભળીને બધા જ લોકો ત્યાંથી નાસીપાસ થઈ ગયા પરંતુ મેં દ્રઢ નિર્ધાર કર્યો કે, હું આ અવાજ દેનારની શોધખોળ કર્યા વિના અહીંથી ખસીશ નહીં. ત્યારબાદ ફરી એ જ અવાજ આવ્યો :–

يَا جَلِيْحُ اَمْرٌ نَجِيْحٌ رَجُلٌ فَصِيْحٌ يَقُوْلُ لَآ اِلٰهَ اِلَّا اللّٰه

**અથાર્ત** : હે ખુલ્લી શત્રુતા કરનારા ! સફળતાની એક વસ્તુ છે કે એક ફસાહત (સુભાષીપણ)વાળો માણસ لَآ اِلٰهَ اِلَّا اللّٰه કહી રહ્યો છે, જો કે મૂર્તિઓની આસપાસ મારા સિવાય બીજું કોઈ જ ન હતું. ત્યાર પછી ટૂંક સમયમાં જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની નબુવ્વતનું એલાન ફર્માવ્યું. આ ઘટનાથી હઝરત ઉમર رضی اللہ عنہ અત્યંત પ્રભાવિત થયા હતા. આથી એમના ઈસ્લામ લાવવાના કારણો પાછળ આ ઘટનાની પણ કંઈક અંશે કોઈકને કોઈક ભૂમિકા તો છે જ. *(બુખારી, ભાગ–૧, પેજ–૫૪૬, ઝુર્કાની, ભાગ–૧, પેજ–૨૭૬, બાબ ઈસ્લામે ઉમર)*

હઝરત ઉમર رضی اللہ عنہ ને જ્યારે મક્કાના કાફિરોએ ખૂબ પજવ્યા ત્યારે આસ બિન વાઈલ સહમીએ પણ આપને પોતાની પનાહમાં લઈ લીધા કે જેઓ અજ્ઞાનતા કાળમાં આપના હલીફ (સહકારી) હતા. આમ હઝરત ઉમર رضی اللہ عنہ કાફિરોની માર ધાડથી બચી ગયા. *(બુખારી શરીફ, બાબે ઈસ્લામે ઉમર, ભાગ–૧, પેજ–૫૪૫)*

## ★ અબી તાલિબની ખીણ ★

(નબવી સન : ૭)

નબુવ્વતની જાહેરાતના સાતમા વર્ષે નબવી સન ૭ માં મક્કાના

કાફિરોએ જ્યારે જોયું કે, દિન પ્રતિ દિન મુસલમાનોની સંખ્યા વધતી જ જઈ રહી છે અને હઝરત હમ્ઝા અને હઝરત ઉમર رضی اللہ تعالیٰ عنہما જેવા કુરૈશના શક્તિશાળી વીર પુરૂષો પણ ઈસ્લામના દામનમાં આવી ગયા છે, તો એ લોકો પણ ભારે આક્રોશમાં આવી ગયા અને કુરૈશના તમામ સરદારો અને મક્કાના કાફિરોએ આ યોજના ઘડી કાઢી કે હુઝૂર ﷺ અને આપના કુટુંબીજનોનો સંપૂર્ણ બહિષ્કાર કરવામાં આવે અને એ લોકોને કોઈ અત્યંત સાંકડી અને અંધકારમય જગ્યામાં બંદી બનાવીને એમનું દાણા–પાણી બંધ કરી દેવામાં આવે જેથી આ લોકો સંપૂર્ણપણે બરબાદ થઈ જાય. આ ભયંકર પ્રસ્તાવ પ્રમાણે કુરૈશના તમામ કબીલાઓએ પરસ્પર મળીને આ કરાર કર્યો કે, જ્યાં સુધી બની હાશિમના કુટુંબીજનો ﷺ ની કતલ માટે તેમને અમને ન સોંપી દે ત્યાં સુધી :–

(૧) કોઈ વ્યક્તિએ બનૂ હાશિમના કુટુંબમાં લગ્ન વ્યવહાર કરવો નહીં.

(૨) કોઈપણ વ્યક્તિએ એ લોકોની સાથે કોઈપણ પ્રકારની લે વેચ કરવી નહીં.

(૩) કોઈપણ વ્યક્તિ એ લોકો સાથે સંબંધ, સલામ, મુલાકાત કે વાતચીત ન કરે.

(૪) કોઈપણ વ્યક્તિ એ લોકો પાસે ખાવા પીવાની કોઈ જ સામગ્રી ન જવા દે.

મન્સૂર બિન અક્રમહએ આ કરાર લખ્યો અને કુરૈશના તમામ સરદારોએ એના પર હસ્તાક્ષર કરીને એ દસ્તાવેજ કા'બાની અંદર લટકાવી દીધો. અબૂ તાલિબે વિવશ થઈને હુઝૂર ﷺ અને બીજા બધા જ કુટુંબીજનોને લઈને "શિઅબે અબી તાલિબ" નામની પર્વતની ખીણમાં આશ્રય લીધો. અબૂ લહબ સિવાય બનૂ હાશિમ કુળના કાફિરોએ પણ કૌટુંબિક લાગણીને આધારે આ બાબતે હુઝૂર ﷺ નો સાથ આપ્યો અને એ બધા જ લોકો પર્વતના એ સાંકડી અને અંધકારમય (ખીણ)માં ઘેરાઈને કેદીઓ જેવું જીવન ગુજારવા લાગ્યા અને ત્રણ વર્ષનો આ સમયગાળો એટલો બધો કપરો હતો કે બનૂ હાશિમ વૃક્ષોના પાન અને સૂકા ચામડા રાંધી રાંધીને ખાતા હતા અને તેમનાં બાળકો ભૂખ અને તરસની તીવ્રતાથી તડપી તડપીને રાત દિવસ રડયા કરતા હતા. પથ્થર દિલ જાલિમ





કાફિરોએ ચારે બાજુ કડક પહેરો ગોઠવ્યો હતો કે ક્યાંકથી પણ એ ખીણની અંદર દાણો પાણી ન લઈ જાય. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૨૭૮)*

સળંગ ત્રણ વર્ષ સુધી હુઝૂર ﷺ અને બનૂ હાશિમના કુળના લોકો ભાન ભૂલાવી દેનારી મુસીબતો સહન કરતા રહ્યા, એટલે સુધી કે ખૂદ કુરૈશના કેટલાક દયાવાન લોકોને બનૂ હાશિમની આ મુસીબત ઉપર દયા આવી ગઈ અને એ લોકોએ એ અત્યાચારી કરાર રદ કરવાની ચળવળ હાથ ધરી. જેથી હિશામ બિન અમ્ર આમિરી, ઝુહૈરા બિન ઉમૈયા, મુત્ઈમ બિન અદી, અબુલ બખ્તરી, ઝમ્આ બિન અલ અસ્વદ વગેરે આ બધા જ લોકો સાથે મળીને કા'બાના હરમમાં ગયા અને અબ્દુલ મુત્તલિબના નવાસા (દોહિત્ર) ઝુહૈરે કુરૈશના કાફિરોને સંબોધીને પોતાની જોશીલી તકરીરમાં કહ્યું, "હે લોકો ! આ ક્યાંનો ન્યાય છે ? કે આપણે તો આરામથી જીવન વિતાવી રહ્યા છીએ અને બનૂ હાશિમ કુટુંબના બાળકો ભૂખ અને તરસથી વ્યાકૂળ બનીને તરફડી રહ્યા છે. ખુદાના સોગંદ ! જ્યાં સુધી એ અમાનુષી કરારની દસ્તાવેજ ફાડીને પગ તળે કચડવામાં નહીં આવે હું હરગિઝ ! હરગિઝ ! ચેનથી બેસી શક્તો નથી. આ તકરીર સાંભળીને અબૂ જેહલે તડપીને કહ્યું કે, ખબરદાર ! હરગિઝ ! હરગિઝ તમે એ કરારને અડી શક્તા નથી. ઝમ્આએ અબૂ જહલને પડકાર્યો અને એટલા જોશથી એને ડાટી આપી કે અબૂ જહલની બોલતી બંધ થઈ ગઈ. એવી જ રીતે મુત્ઈમ બિન અદી હિશામ બિન અમ્રએ પણ છાતી ઠોકીને અબૂ જહલની ઝાટકણી કાઢી નાખી અને અબુલ બખ્તરીએ તો સ્પષ્ટ કહી દીધું કે, એ અમાનુષી કરારથી ન તો પહેલાં અમે રાજી હતા કે ન તો હવે એના પાંબદ છીએ !

એ જ સમૂહમાં એક બાજુ અબૂ તાલિબ પણ બેઠેલા હતા તેમણે કહ્યું કે, "હે લોકો ! મારા ભત્રીજા મુહમ્મદ ﷺ કહે છે કે, એ કરારની દસ્તાવેજને ઉધઈ ખાઈ ગઈ છે. આથી મારો અભિપ્રાય એ છે કે તમે લોકો એ દસ્તાવેજ કાઢીને જુઓ તો ખરા. જો ખરેખર ઉધઈએ એને કોરી ખાધું હોય ત્યારે તો એને ફાડીને ફેંકી દો અને જો મારા ભત્રીજાનો કૌલ ખોટો પડયો તો હું મુહમ્મદ ﷺ ને તમારે હવાલે કરી દઈશ. આ સાંભળીને મુત્ઈમ બિન અદી કા'બાની અંદર ગયો અને એ દસ્તાવેજ ઉતારી લાવ્યો અને બધા લોકોએ એને જોયું તો ખરેખર અલ્લાહ તઆલાના નામ સિવાયનો

આખો દસ્તાવેજ ઉધઈએ કોરી ખાધો હતો. મુત્ઈમ બિન અદીએ બધાની સામે એ દસ્તાવેજ ફાડીને ફેંકી દીધો અને કુરૈશના કેટલાક વીરો જો કે એ બધા જ લોકો ત્યારે કુફ્રની હાલતમાં હતા, શસ્ત્રો લઈને એ ખીણમાં પહોંચ્યા અને બની હાશિમ કુટુંબના એકે એક માણસને ત્યાંથી કાઢીને લાવ્યા અને તેમને તેમના પોતાના મકાનોમાં વસાવી દીધા. આ બનાવ નબવી સન ૧૦માં બન્યો હતો. આ દસ્તાવેજ લખનાર મન્સૂર બિન અક્રમહ્ ઉપર અલ્લાહનો એવો કહેર તૂટી પડયો કે તેનો હાથ શિથિલ બનીને સૂકાઈ ગયો હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–ર, પેજ–૪૬)*

## ★ ગમનું વર્ષ : નબવી સન ૧૦ ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم "અબી તાલિબની ખીણ"માંથી નીકળીને પોતાના ઘરે તશરીફ લાવ્યા અને થોડાક જ દિવસોમાં કુરૈશના કાફિરોના જુલ્મો સિતમ અને અત્યાચારથી માંડ રાહત મળી હતી ત્યાં તો આપના કાકા અબૂ તાલિબ માંદા પડી ગયા અને ખીણમાંથી બહાર આવ્યાને આઠ મહિના પછી એમનું અવસાન થઈ ગયું. અબૂ તાલિબનું અવસાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે એક અત્યંત જીવલેણ અને કાળજુ કંપાવનાર બનાવ હતો. કારણ કે બાળપણથી જ જે રીતે પ્રેમ અને વહાલ સાથે અત્યંત હેતપૂર્વક અબૂ તાલિબે આપનો ઉછેર કર્યો હતો અને જિંદગીના દરેક વળાંક પર જે જાંનિષારી સાથે આપની મદદ અને સહાયતા કરી હતી તેમજ આપના દુશ્મનો સાથે ખુલ્લી છાતીએ જે રીતે દુષ્કર પરિસ્થિતિઓનો તેમણે સામનો કર્યો હતો તેને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કેવી રીતે ભૂલી શક્તા હતા.

## ★ અબૂ તાલિબનું અવસાન ★

જ્યારે અબૂ તાલિબ એમની જિંદગીના અંતિમ રોગમાં સપડાયા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમની પાસે તશરીફ લઈ ગયા અને ફર્માવ્યું કે હે કાકા ! આપ કલ્મો પઢી લ્યો. આ એ કલ્મો છે કે જેના લીધે હું ખુદાના દરબારમાં આપની મગેફરત માટે આગ્રહ કરીશ. ત્યારે અબૂ જહલ અને અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયા અબૂ તાલિબ પાસે હાજર હતા. એ બંને જણાએ અબૂ તાલિબને કહ્યું કે, "હે અબૂ તાલિબ ! શું તમે અબ્દુલ મુત્તલિબના દીનથી વિમુખ થઈ જશો અને એ બંને જણા સતત અબૂ તાલિબ





સાથે વાતચીત કરતા રહ્યા એટલે સુધી કે એમણે કલ્મો પઢયો નહીં." બલ્કે એમના જીવનનો અંતિમ બોલ એ હતો કે, "હું અબ્દુલ મુત્તલિબના દીન પર છું." આ કહેતાની સાથે જ એમનું પ્રાણ પંખીડું ઉડી ગયું. હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ વાતનો ઊંડો આઘાત લાગ્યો અને આપે ફર્માવ્યું કે, હું આપના માટે તે સમય સુધી મગફેરતની દુઆ કરતો રહીશ જ્યાં સુધી અલ્લાહ તઆલા મને નહીં અટકાવે, ત્યારબાદ આ આયત નાઝિલ થઈ હતી કે :–

مَاكَانَ لِلنَّبِيِّ وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَنْ يَّسْتَغْفِرُوْا لِلْمُشْرِكِيْنَ وَ لَوْ كَانُوْٓا
اُولِيْ قُرْبٰى مِنْۢ بَعْدِ مَا تَبَيَّنَ لَهُمْ اَنَّهُمْ اَصْحٰبُ الْجَحِيْمِ

**અથાર્ત** : નબી અને ઈમાનવાળાઓ માટે એ જાઈઝ નથી કે તેઓ મુશ્રિકો માટે મગફેરતની દુઆ માંગે પછી ભલેને તેઓ એમના સગા સંબંધીઓ જ કેમ ન હોય. જ્યારે એમને ખબર પડી ચૂકી છે કે, મુશ્રિકો જહન્નમી (દોઝખી) છે. *(બુખારી, ભાગ–૧, પેજ–૫૪૮, બાબ કિસ્સએ અબી તાલિબ)*

## ★ હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ની વફાત ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર હૃદય (કલ્બે મુબારક) પર અબૂ તાલિબની વિદાયનો આઘાત હજી તાજો જ હતો ને અબૂ તાલિબના અવસાનના ત્રણ અથવા પાંચ દિવસ પછી હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا પણ દુનિયાથી વિદાઈ થઈ ગયાં. મક્કામાં અબૂ તાલિબ પછી સૌથી વિશેષ જે હસ્તીએ સૌથી વધુ રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મદદ અને હિમાયતમાં પોતાનું તન, મન, ધન સર્વસ્વ કુર્બાન કરી દીધી હતું એ હસ્તી હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ની ઝાતે ગિરામી હતી. જ્યારે દુનિયામાં કોઈ જ આપનો સલાહકાર કે ગમખ્વાર ન હતો. હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا જ આપની દરેક મુશ્કેલી પ્રસંગે જાંનિષારી સાથે આપની ગમખ્વારી અને દિલદારી કરતાં રહેતાં હતાં. આથી અબૂ તાલિબ અને હઝરત બીબી ખદીજા બંનેની વફાતથી આપના મદદગાર અને ગમખ્વાર બંને જ આ દુનિયાથી ઉઠી ગયા જેનાથી આપના નાઝુક હૃદય પર એટલો મોટો આઘાત લાગ્યો હતો કે, આપે એ વર્ષનું નામ "આમુલ હુઝ્ન" (ગમનો વર્ષ) રાખ્યું હતું.

હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ની વફાત રમઝાન નબવી સન ૧૦ માં થઈ હતી. વફાત વખતે આપની ઉમર ૬૫ વર્ષની હતી. મુકામે જહૂન (જન્નતુલ મુઅલ્લાના કબ્રસ્તાન)માં દફન કરવામાં આવ્યાં. હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે જાતે જ એમની કબરમાં ઉતર્યા અને પોતાના પવિત્ર (મુકદ્દસ) હાથો વડે એમની લાશ મુબારક જમીનને સુપરત ફર્માવી હતી. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧૫, પેજ-૨૯૬)*

## ★ તાઈફ વગેરેના પ્રવાસો ★

મક્કાવાસીઓની દુશ્મની અને તેમના બળવાને જોતાં જ્યારે હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમના ઈમાન લાવવા તરફથી તદ્દન નિરાશા દેખાઈ ત્યારે આપે ઈસ્લામના પ્રચાર (તબ્લીગ) માટે મક્કાની આજુબાજુનાં ગામો અને વસ્તીઓ તરફ ધ્યાન આપ્યું. આથી આ સંદર્ભમાં આપે તાઈફનો પ્રવાસ ખેડયો એ મુસાફરીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુલામ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ પણ આપની સાથે હતા. તાઈફમાં મોટા મોટા માલદારો અને ધનિકો રહેતા હતા એ ધનિકોમાં "ઉમૈર"નું કુટુંબ તમામ કબીલાઓનો સરદાર ગણાતુ હતું. એ લોકો ત્રણ ભાઈ હતા, "અબ્દયા લૈલ", "મસ્ઊદ" અને "હબીબ." હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણેય જણા પાસે તશરીફ લઈ ગયા અને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. એ ત્રણેવ જણાએ ઈસ્લામનો સ્વીકાર કર્યો નહીં બલ્કે અત્યંત ભૂંડો અને ગુસ્તાખીભર્યો અપમાનજનક જવાબ આપ્યો. એ કમનસીબો એટલેથી અટક્યા ન હતા બલ્કે તાઈફના બદમાશો અને ગુંડાઓને પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે દુર્વ્યવહાર કરવા ઉશ્કેર્યા હતા, આથી લુચ્ચા લફંગાઓનું એ તોફાની જૂથ ચારે બાજુથી આપ પર તૂટી પડયું અને તેઓ આપને પથ્થર મારવા લાગ્યા, એટલે સુધી કે આપના પગ લોહીલુહાણ થઈ ગયા અને આપના મોજા તેમજ ના'લૈન મુબારક લોહીથી ખરડાઈ ગયા. જ્યારે આપ અસહ્ય ઈજાઓથી કંટાળીને બેસી જતા ત્યારે એ ક્રૂર, નિર્દયી લોકો અત્યંત નિર્દયતાથી આપનો હાથ પકડીને બળપૂર્વક ફરી ઊભા કરી દેતા હતા અને જ્યારે આપ ચાલવા માંડતા ત્યારે ફરીથી આપની ઉપર પથ્થરોનો વરસાદ વરસાવતા અને સાથે સાથે મહેણા ટોણા માર્યા કરતા હતા. આપને





ભૂંડી ભૂંડી ગાળો ભાંડતા હતા, તાળીઓ વગાડતા અને આપની હંસી ઉડાડતા હતા. હઝરત ઝૈદ બિન હારિષા દોડી દોડીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર દેહ પર પડનારા પથ્થરો પોતાના શરીર પર ઝીલતા હતા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બચાવતા હતા. છેક એટલે સુધી કે તેઓ પોતે પણ લોહીલુહાણ થઈ ગયા હતા અને અસહ્ય ઈજાઓની પીડાથી બેકાબૂ બની ગયા હતા, છેવટે આપે દ્રાક્ષના એક બગીચામાં આશ્રય લીધો હતો. એ બાગ મક્કાના સુવિખ્યાત કાફિર ઉત્બા બિન રબીઆનો હતો અને તેના ભાઈ શૈબા બિન રબીઆને આપ પર દયા આવી ગઈ હતી અને કાફિર હોવા છતાં એની ખાનદાની હમિય્યતે (ગૌરવે) જોશ માર્યો. આમ એ બંને કાફિરોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના બગીચામાં રોક્યા અને પોતાના યહૂદી ગુલામ અદ્દાસના હાથે આપની સેવામાં દ્રાક્ષનું એક ઝુમખું મોકલ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ "બિસ્મિલ્લાહ" પઢીને ઝુમખાને હાથ લગાવ્યો ત્યારે અદ્દાસ આશ્ચર્યથી કહેવા લાગ્યો, આ પ્રદેશના લોકો તો આ કલ્મો બોલતા નથી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને પૂછયું કે, તારું વતન કયાં છે ? અદ્દાસે કહ્યું કે, "હું નૈનવા શહેરનો રહેવાસી છું." આપે ફર્માવ્યું કે, એ હઝરત યૂનુસ બિન મત્તાનો શહેર છે તેઓ પણ મારી જેમ જ ખુદાના પયગંબર હતા. આ સાંભળી અદ્દાસ આપના હાથ પગ ચૂમવા લાગ્યો અને તરત જ કલમો પઢીને મુસલમાન થઈ ગયો. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૩૦૦)*

આ જ પ્રવાસ દરમ્યાન આપ "નખ્લા" મુકામે તશરીફ ફર્મા થયા અને રાત્રે તહજ્જુદની નમાઝમાં કુર્આન મજીદ પઢી રહ્યા હતા ત્યારે નસીબૈનના જિન્નોનો એક સમૂહ (જમાઅત) આપની સેવામાં હાજર થયો અને કુર્આન મજીદ સાંભળીને એ બધા જિન્નો મુસલમાન થઈ ગયા. ત્યારબાદ એ જિન્નોએ પાછા ફરીને પોતાની કોમને જણાવ્યું ત્યારે મોટા મોટા સમૂહોમાં આવીને જિન્નોએ ઈસ્લામ કબૂલ કર્યો. આથી જ કુર્આને મજીદની સૂરએ જિન્નની શરૂઆતની આયતોમાં ખુદાવંદે આલમે આ પ્રસંગનું વર્ણન કર્યું છે. *(ઝુર્કાની અલલ્ મવહિબ, ભાગ-૧, પેજ-૩૦૩)*

"નખ્લા" મુકામે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થોડાક દિવસ રોકાયા પછી આપ "હિરા" મુકામે તશરીફ લાવ્યા અને કુરેશના એક અગ્રણી સરદાર મુત્ઈમ બિન અદી પાસે એવો સંદેશો મોકલ્યો કે, શું તમે મને તમારી પનાહમાં

લઈ શકો છો ? અરબની પરંપરા હતી કે જ્યારે કોઈ વ્યક્તિ સમર્થન કે આશ્રયની માંગણી કરતો ત્યારે ભલેને તે ગમે તેટલો મોટો શત્રુ જ કેમ ન હોય પણ તેઓ પનાહ (આશ્રય) આપવાનો ઈન્કાર કરી શક્તા ન હતા. આમ મુત્ઈમ બિન અદીએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની પનાહમાં લઈ લીધા અને તેણે પોતાના પુત્રોને આદેશ આપ્યો કે તમે લોકો શસ્ત્ર સજ્જ થઈને હરમમાં જાવ ! અને મુત્ઈમ બિન અદી પોતે ઘોડા પર સવાર થઈને ગયો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની સાથે મક્કા લાવ્યો અને કા'બાના હરમમાં પોતાની સાથે લઈ ગયો અને પ્રજાજનોના મોટા સમૂહમાં એવી જાહેરાત કરી હતી કે, મેં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પનાહ આપી છે. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ શાંતિ (ઈત્મિનાન)થી હજરે અસ્વદને ચુંબન આપ્યું અને કા'બાનો તવાફ કરીને હરમમાં નમાઝ અદા કરી અને મુત્ઈમ બિન અદી તેમજ એના પુત્રોએ તલ્વારોની છાયામાં આપને આપના દોલતખાના (ઘર) સુધી પહોંચાડી દીધા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૩૦૬)*

આ પ્રવાસ પછી ઘણા લાંબા સમય બાદ એકવાર ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا એ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું કે, યા રસૂલલ્લાહ ! જંગે ઉહદના દિવસથી પણ વધુ આકરો કોઈ દિવસ આપના પર પસાર થયો છે ખરો ? ત્યારે આપે ઈર્શાદ ફર્માવ્યો, "હા ! હે આઈશા ! એ દિવસ મારા માટે જંગે ઉહદના કરતાં પણ વધુ આકરો દિવસ હતો જ્યારે મેં તાઈફમાં ત્યાંના એક સરદાર "અબ્દયા લૈલ"ને ઈસ્લામની દા'વત આપી હતી. એણે તિરસ્કારપૂર્વક ઈસ્લામની દા'વત ઠુકરાવી દીધી અને તાઈફવાસીઓએ મારી ઉપર પથ્થર મારો કર્યો હતો અને હું એ રંજ અને ગમમાં માથુ નમાવીને ચાલતો રહ્યો છે એટલે સુધી કે "કર્નુસ સઆલિબ" નામના મુકામેં પહોંચીને મારા હાલ હેવાલ દુરુસ્ત થયા હતા. ત્યાં પહોંચીને જ્યારે મેં માથુ ઊંચક્યું તો એક વાદળ મારા ઉપર છવાયેલો હતો. એ વાદળમાંથી હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ મને સાદ પાડયો અને કહ્યું કે, અલ્લાહ તઆલાએ આપની કોમનો કૌલ અને એમનો જવાબ સાંભળી લીધો છે અને હવે આપની સેવામાં પહાડોનો ફરિશ્તો હાજર છે જેથી એ આપનો હુકમ બજાવી લાવે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો બયાન છે કે, પહાડોના ફરિશ્તાએ મને સલામ કરીને અરજ ગુજારી, હે મુહમ્મદ !





صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલાએ આપની કૌમનો કૌલ અને તેમણે જે કંઈ જવાબ આપ્યો છે એ બધું જ સાંભળી લીધું છે અને મને આપની સેવામાં મોકલ્યો છે. જેથી આપ પોતાની ઈચ્છા અનુસાર મને હુકમ આપો અને હું આપના દરેક હુકમનું પાલન કરું, જો આપ ઈચ્છતા હો કે હું અખ્શબૈન (અબૂ કુબૈસ અને કુઐકિઆન નામના બંને પર્વતો) એ કાફરો ઉપર ઊંધા વાળી દઉં, તો હું એમ કરી દઈશ. આ સાંભળીને હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબ આપ્યો કે, "નહીં ! બલ્કે મને આશા છે કે અલ્લાહ તઆલા એમના જ વંશમાં પોતાના એવા બંદાઓ પેદા કરશે જેઓ માત્ર અલ્લાહ તઆલાની જ ઈબાદત કરશે અને શિર્ક નહીં કરે. *(બુખારી શરીફ, બાબ ઝિક્રુલ મલાઈકહ્, ભાગ-૧, પેજ-૪૫૮ અને ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૨૯૭)*

## ★ કબીલાઓમાં ઈસ્લામનો પ્રચાર ★

હુઝૂર નબીયે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રચારની પદ્ધતિ એવી હતી કે હજ્જના સમયમાં જ્યારે દૂર દૂરના આરબ કબીલાઓ મક્કામાં એકઠા થતા હતા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ કબીલાઓની મુલાકાત લઈને એ લોકોને ઈસ્લામની દા'વત આપતા હતા. એવી જ રીતે અરબમાં ઠેર ઠેર મેળાઓ યોજાતા હતા એમાં પણ દૂર દૂરથી અરબ કબીલાઓ એકઠા થતા હતા એ મેળાઓમાં પણ ઈસ્લામના પ્રચાર અર્થે આપ તશરીફ લઈ જતા હતા. આમ ઉક્કાઝ, મજિન્નહ, ઝુલ મજાઝના મોટા મોટા મેળાઓમાં આપે આરબ કબીલાઓ સમક્ષ ઈસ્લામની દા'વત રજુ કરી હતી. આરબ કબીલાઓ પૈકી બનૂ આમિર, મુહારિબ, ફઝારહ, ગસ્સાન, મુર્રહ, સુલૈમ, અબસ, નઝર, કિન્દા, કલ્બ, ઉઝરા, હઝારમાં વગેરે આ બધા જ સુવિખ્યાત કબીલાઓ સમક્ષ આપે ઈસ્લામની દા'વત રજુ કરી હતી, પરંતુ આપનો કાકો અબૂ લહબ દરેક સ્થળે આપની સાથે સાથે જતો હતો અને જ્યારે આપ કોઈ કબીલા સમક્ષ વાએઝ ફર્માવતા ત્યારે અબૂ લહબ બૂમો પાડી પાડીને કહેતો કે, "આ દીનથી વિમુખ થઈ ગયો છે, આ જૂઠ બોલે છે." *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૩૦૯)*

બનૂ ઝહલ બિન શૈબાન નામના કબીલા પાસે જ્યારે આપ તશરીફ લઈ ગયા ત્યારે હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ પણ આપની સાથે જ

હતા. એ કબીલાના સરદાર મફરૂકે આપની તરફ ધ્યાન આપ્યું અને તેણે કહ્યું કે, "હે કુરૈશી બિરાદર (ભાઈ) ! લોકો સમક્ષ તમે કયો દીન રજુ કરો છો ?" આપે ફર્માવ્યું, "ખુદા એક છે અને હું એનો રસૂલ છું." પછી આપે સૂરએ અન્આમની કેટલીક આયતોની તિલાવત ફર્માવી. એ બધા જ લોકો આપની તકરીર અને કુર્આન મજીદની આયતોથી પ્રભાવિત થયા પરંતુ એમ કહ્યું કે, અમે અમારા ખાનદાની (કૌટુંબિક) દીનને એકાએક કેવી રીતે છોડી શકીએ છીએ ? જેની ઉપર અમે વર્ષોથી છીએ ! તદ્ઉપરાંત અમે કિસરા બાદશાહ સિવાય અન્ય કોઈના પ્રભાવ હેઠળ નહીં રહીએ. હુઝૂર ﷺ એ એમની સ્પષ્ટ અને સાફ વાતની પ્રશંસા ફર્માવી અને ઈર્શાદ ફર્માવ્યો, "સારું ખુદા પોતાના દીનની હિમાયત કરનાર અને મદદગાર છે." *(રૌઝુલ અનફ બહવાલા સીરતુન્નબી)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !**

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે "બરકાતે ખ્વાજા" માસિક આપની સેવામાં હાજર છે.

★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**
★ **"બરકાતે ખ્વાજા"** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.
★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

★ લવાજમ ★

★ **વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/–** ★ **વિદેશ માટે £ 15/– ($ 30/–)**
★ **આજીવન રૂા. ૨૫૦૦/–** ★ **પેટ્રન ફી (૧૧ વર્ષ) રૂા. ૧૦૦૦/–**
★ **વિદેશ માટે આજીવન £ 250/–** ★ **વિદેશ માટે પેટ્રન £ 150/–**

સંપર્ક સરનામુ :- **બરકાતે ખ્વાજા** *(માસિક)*, **ઈસ્લામિક વેલ્ફેર મિશન,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા) ✆ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨. મો.૯૮૨૪૪૮૬૪૪૩





(પ્રકરણ-૫)

# મદીનામાં આફતાબે રિસાલતની તજલ્લીઓ

"મદીના મુનવ્વરા"નું જૂનું નામ "યષરબ" છે હુઝૂર ﷺ એ આ શહેરમાં રહેવાનું શરૂ કર્યું ત્યારથી એનું નામ પડયું "મદીનતુન્ નબી" (એટલે નબીનું શહેર) ત્યારબાદ આ નામે ટૂંકાઈને "મદીના" તરીકે ખ્યાતિ મેળવી. ઐતિહાસિક દષ્ટિએ મદીના અત્યંત જૂનું શહેર છે. હુઝૂર ﷺ એ જયારે નબુવ્વતની જાહેરાત ફર્માવી ત્યારે એ શહેરમાં આરબોના બે કબીલા "અવસ" અને ખઝ્રજ" અને કેટલાક યહૂદીઓ વસવાટ કરતા હતા. અવસ અને ખઝ્રજ મક્કાના કાફિરોની જેમ મૂર્તિપૂજક(બુત પરસ્ત) અને યહૂદીઓ એહ્લે કિતાબ (આકાશી પુસ્તકવાળા) હતા. અવસ અને ખઝ્રજ પહેલાં તો ખૂબ જ એકતા અને સંપથી સાથે હળીમળીને રહેતા હતા પરંતુ પાછળથી આરબોની પ્રકૃતિ પ્રમાણે એ બંને કબીલાઓમાં પણ લડાઈઓ શરૂ થઈ ગઈ, તે પણ એટલે સુધી કે અરબના ઈતિહાસમાં "જંગે બુઆષ"ના નામે પ્રખ્યાત બનેલી તેમની છેલ્લી લડાઈ એટલી બધી ભીષણ હતી અને એમાં એટલી બધી ખૂનરેજી થઈ હતી કે અવસ અને ખઝ્રજના લગભગ બધા જ નામવર બહાદુર લડી ઝઘડીને કપાઈ માર્યા ગયા હતા અને આમ એ બંને કબીલા નબળા પડી ગયા. યહૂદીઓ સંખ્યામાં જો કે ખૂબ ઓછા હતા પરંતુ તેઓ શિક્ષિત હતા આથી અવસ અને ખઝ્રજ યહૂદીઓના જ્ઞાનથી હંમેશ પ્રભાવિત રહેતા હતા.

ઈસ્લામ સ્વીકાર્યા બાદ રસૂલે રહમત ﷺ ની પવિત્ર તા'લીમ અને કેળવણીના પ્રતાપે અવસ અને ખઝ્રજના તમામ વિવાદોનો અંત આવી ગયો અને આ બંને કબીલાઓ દૂધ અને સાકરની જેમ એકમેક સાથે હળીમળીને રહેવા લાગ્યા અને એ લોકોએ ઈસ્લામ અને મુસલમાનોની

પોતાના તન, મન અને ધનથી ખૂબ જ વધારે મદદ કરી હોવાથી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ સદ્નસીબોને "અન્સાર" (એટલે સહાયકો)ના પ્રતિષ્ઠિત ઈલ્કાબથી નવાજ્યા હતા. અને પવિત્ર કુર્આને પણ ઈસ્લામના આ જાંનિસારોએ અલ્લાહના રસૂલ અને મુસલમાનોને કરેલી સહાય અંગે એ સદ્નસીબોની મદ્હો ષના (પ્રશંસા)નો ખુત્બો ઠેર ઠેર પઢયો છે. અને શરીઅત પ્રમાણે અન્સારની મહોબ્બત અને એમની જનાબ (સેવા)માં હુસ્ને અકીદત તમામ ઉમ્મતે મુસ્લિમા માટે લાઝિમુલ ઈમાન (ઈમાન માટે જરૂરી) અને વાજિબુલ અમલ (અનિવાર્ય) ઠરાવવામાં આવ્યું. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن)

## ★ મદીનામાં ઈસ્લામ કેવી રીતે ફેલાયો ? ★

જો કે અન્સાર મૂર્તિપૂજક હતા તેમ છતાં યહૂદીઓના સંસર્ગને કારણે એટલુ તો જાણતા હતા કે નબીયે આખિરુઝ્ઝમાંનો ઝહૂર થવાનો છે. અને મદીનાના યહૂદી અવાર નવાર અન્સારના બંને કબીલાઓ અવસ અને ખઝ્રજને ધમકીઓ પણ આપ્યા કરતા હતા કે નબીયે આખિરુઝ્ઝમાંના ઝહૂર વખતે અમે એમના લશ્કરમાં જોડાઈને તમારા જેવા મૂર્તિપૂજકોને દુનિયામાંથી નસ્તો ના'બૂદ કરી દઈશું. આથી નબીયે આખિરુઝ્ઝમાંની તશરીફ આવરીની યહૂદ અને અન્સાર બંને રાહ જોઈ રહ્યા હતા.

નબવી સન : ૧૧ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હંમેશની જેમ હજ્જમાં આવતા આરબ કબીલાઓને ઈસ્લામની દા'વત આપવા માટે મિનાના મેદાનમાં તશરીફ લઈ ગયા અને કુર્આન મજીદની આયતો સંભળાવી સંભળાવીને લોકો સમક્ષ ઈસ્લામ રજુ કરવા લાગ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મિનામાં અકબહ (ખીણ)ની પાસે જ્યાં આજે "મસ્જિદુલ અકબહ"છે તશરીફ ફર્માવતા હતા. એવામાં ખઝ્રજ કબીલાના છ માણસો આપની પાસે આવી ગયા. આપે એમના નામ અને વંશ પૂછયા ત્યારબાદ કુર્આનની કેટલીક આયતો સંભળાવીને એ લોકોને ઈસ્લામની દા'વત આપી જેનાથી એ લોકો અત્યંત પ્રભાવિત થઈ ગયા અને એકબીજાનું મોઢું જોઈને કહેવા લાગ્યા કે યહૂદીઓ જે નબીયે આખિરુઝ્ઝમાંની ખુશખબર આપતા રહ્યા છે નિશ્ચિતપણે એ





નબી આજ છે. આથી ક્યાંક એવું ન બને કે યહૂદીઓ આપણી પહેલાં ઈસ્લામ સ્વીકારી લે એમ કહીને બધા એકી સાથે મુસલમાન થઈ ગયા અને મદીના જઈને પોતાના કુટુંબીજનો અને સગા સંબંધીઓને પણ ઈસ્લામની દા'વત આપી. એ છ સદ્નસીબોનાં નામ આ પ્રમાણે છે : (૧) હઝરત અબુલ હૈષમ બિન તૈહાન. (૨) હઝરત અબૂ ઓષામા અસ્અદ બિન ઝુરારહ્ (૩) હઝરત ઔફ બિન હારિષ (૪) હઝરત રાફેઅ્ બિન માલિક (૫) હઝરત કુત્બા બિન આમિર બિન હદીદ (૬) હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ બિન રિયાબ (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن). *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨ અને ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૧૦)*

## ★ અકબાની પહેલી બૈઅત ★

બીજા વર્ષે નબવી સન ૧૨ માં હજ્જ પ્રસંગે મદીનાના ૧૨ જણા મિનાની એ જ ખીણમાં છુપાઈને ઈસ્લામથી મુશર્રફ થયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથે બૈઅત થયા. ઈસ્લામના ઈતિહાસમાં આ બૈઅતનું નામ બૈઅતે અકબા ઊલા (એટલે અકબાની પહેલી બૈઅત) છે.

આ સાથે જ એ લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈસ્લામના એહકામ (આદેશો)ની તા'લીમ માટે કોઈ મોઅલ્લિમ (શિક્ષક)ને તેમની સાથે મોકલવાની દરખાસ્ત પણ કરી હતી. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ ને એ લોકો સાથે મદીના મુનવ્વરા મોકલી દીધા. તેઓ મદીનામાં હઝરત અસ્અદ બિન ઝુરારહ્ رضی اللہ عنہ ના મકાન પર રોકાયા હતા અને અન્સારના એકે એક ઘરમાં જઈ જઈને ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) કરવા લાગ્યા. અને આમ દરરોજ એક બે નવા માણસો ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા એટલે સુધી કે ધીમે ધીમે મદીનાથી કુબા સુધી ઘેર ઘેર ઈસ્લામ ફેલાઈ ગયો.

અવસ કબીલાના સરદાર હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ અત્યંત બહાદુર અને પ્રભાવશાળી વ્યક્તિ હતા. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ એ જ્યારે એમની સમક્ષ ઈસ્લામની દા'વત રજુ કરી ત્યારે તેમણે તેમણે પહેલાં તો નફરત અને તિરસ્કાર વ્યક્ત કર્યો. પરંતુ જ્યારે હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ એ એમને કુર્આન મજીદની તિલાવત (પઠન)

સંભળાવી ત્યારે એમનું મન એકદમ ભીંજાઈ ગયું અને તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે ઈમાનની સઆદતથી સરફરાઝ થઈ ગયા. એમના મુસલમાન થતાની સાથે જ એમનો કબીલો ''અવસ'' પણ ઈસ્લામમાં દાખલ થઈ ગયો.

મશ્હૂર કૌલ પ્રમાણે એ જ વર્ષે રજબ મહિનાની ર૭ મી રાત્રિએ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને સભાન અને જાગૃત અવસ્થામાં જિસ્માની મેઅ્રાજ (સદેહ મેઅ્રાજ) થઈ અને એ જ મેઅ્રાજની સફરમાં પાંચ નમાઝો ફર્ઝ થઈ. જેનો વિગતવાર ઉલ્લેખ ઈન્શાઅલ્લાહુ તઆલા મો'જિઝાત (મો'જિઝાઓ)ના પ્રકરણમાં આગળ આવશે.

## ★ અકબાની બીજી બૈઅત ★

એના એક વર્ષ પછી નબવી સન ૧૩ માં હજ્જ પ્રસંગે મદીનાના લગભગ ૭૨ માણસોએ મિનાની એ જ ખીણમાં પોતાના મૂર્તિપૂજક સાથીદારોથી છુપાઈને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના દસ્તે હક્ક પરસ્ત પર બૈઅત કરી અને એવું વચન આપ્યું કે અમે લોકો આપનું અને ઈસ્લામનું રક્ષણ કરવા માટે પોતાની જાન પણ કુર્બાન કરી દઈશું. આ પ્રસંગે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ صلی اللہ تعالٰی علیہ وسلم પણ ઉપસ્થિત હતા જેઓ હજી સુધી મુસલમાન થયા ન હતા. એમણે મદીનાવાસીઓને કહ્યું, ''જુઓ! મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم પોતાના ખાનદાન બની હાશિમમાં દરેક રીતે સન્માનિત અને પ્રતિષ્ઠિત છે, અમે લોકોએ ખુલ્લી છાતીએ દુશ્મનોનો મુકબલો કરી કરીને હમેશાં એમનું રક્ષણ કર્યું છે. હવે તમે લોકો એમને પોતાના વતનમાં લઈ જવા માંગો છો ત્યારે સાંભળી લો ! જો તમારા અંતિમ □ાસ સુધી તમે એમને સાથ આપી શકવાના હો તો સારું છે, નહીંતર અત્યારથી જ આ જવાબદારીમાંથી મુક્ત થઈ જાવ. આ સાંભળીને હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ જોશમાં આવી ગયા અને કહેવા લાગ્યા કે, અમે લોકો તલવારોની છાયા હેઠળ ઉછર્યા છીએ. હઝરત બરાઅ બિન આઝિબ હજી આટલું જ બોલી શક્યા હતા ત્યાં તો હઝરત અબુલ હૈષમ رضی اللہ عنہ એ અધવચ્ચેથી વાત કાપી નાખતાં કહ્યું, ''યા રસૂલલ્લાહ! صلی اللہ تعالٰی علیہ وسلم યહૂદીઓ સાથે અમારા જૂના સંબંધો છે. ક્યાંક એવું ન બને કે જ્યારે અલ્લાહ તઆલા





આપને સત્તા અને પ્રભુત્વ અતા ફર્માવે તો આપ અમને છોડીને પોતાના વતન મક્કા જતા રહો. આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ મુસ્કુરાતાં (મલકાતાં) જવાબ આપ્યો કે તમે લોકો વિ□ાસ રાખો કે તમારું લોહી મારું લોહી છે અને મારું જીવન મરણ તમારી સાથે છે. હું તમારો છું અને તમે મારા છો. તમારો શત્રુ મારો શત્રુ છે અને તમારો મિત્ર મારો મિત્ર છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૧૭ અને સીરત ઈબ્ને હિશામ, ભાગ–૪, પેજ–૪૧૧થી ૪૪૨)*

જ્યારે અન્સાર આ બૈઅત કરી રહ્યા હતા ત્યારે હઝરત અસ્અદ બિન ઝુરારહ્ رضی اللہ عنہ એ હઝરત અબ્બાસ બિન નઝલા رضی اللہ عنہ એ કહ્યું કે મારા ભાઈઓ ! શું તમને એની પણ ખબર છે ? કે તમે લોકો કઈ વસ્તુ પર બૈઅત કરી રહ્યા છો ? સારી રીતે સમજી લો કે આ અરબ અને અજમ (બિન અરબ દેશો) સામે જંગનો એલાન છે. અન્સારે જોશમાં આવી જઈને અત્યંત જોશીલા લહેજામાં કહ્યું કે, હા ! અમે લોકો એના પર જ બૈઅત કરી રહ્યા છીએ. બૈઅત થઈ ગયા બાદ આપે એ જમાઅત (સમૂહ)માંથી ૧૨ માણસોને નકીબ (સરદાર) નિયુક્ત ફર્માવ્યા, એ પૈકી નવ જણા ખઝ્રરજ કબીલાના અને ત્રણ જણા અવસ કબીલાના હતા. તેમનાં પવિત્ર નામો આ પ્રમાણે છે : (૧) અબૂ ઉમામહ્ બિન ઝુરારહ્ (૨) સઅદ બિન રબીઅ (૩) અબ્દુલ્લાહ બિન રવાહા (૪) રાફેઅ્ બિન માલિક (૫) બરાઅ બિન મઅ્રૂર (૬) અબ્દુલ્લાહ બિન અમ્ર (૭) સઅદ બિન ઉબાદહ (૮) મુન્ઝર બિન ઉમર (૯) ઉબાદહ બિન ષાબિત. આ નવ જણા ખઝ્રરજ કબીલાના હતા. (૧૦) ઉસૈદ બિન હુઝૈર (૧૧) સઅદ બિન ખૈષમા (૧૨) અબુલ હૈષમ બિન તૈહાન આ ત્રણ જણા અવસ કબીલાના છે. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن) *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૧૭)*

ત્યારબાદ આ બધા જ લોકો પોત પોતાના પડાવોમાં જતા રહ્યા. સવારે જ્યારે કુરૈશને આ વાતની ખબર પડી ત્યારે તેઓ રોષે ભરાયા. અને તેમણે મદીનાવાસીઓને દમદાટી આપીને પૂછયું કે શું તમે લોકોએ અમારી સાથે યુદ્ધ કરવા અંગે મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم સાથે બૈઅત કરી છે. અન્સારના કેટલાક સાથીદારો કે જેઓ હજી મુસલમાન થયા ન હતા તેમણે પોતાની અજ્ઞાનતા પ્રકટ કરી, આ સાંભળીને કુરૈશના લોકો પાછા જતા

રહ્યા. પરંતુ જ્યારે ઊંડી તપાસ બાદ કેટલાક અન્સારની બૈઅત વિશે માલૂમ પડયું ત્યારે કુરૈશ ક્રોધે ભરાઈને પોતાના ઉપરનો કાબૂ ગુમાવી બેઠા અને બૈઅત કરનારાઓને પકડી પાડવા માટે તેમનો પીછો કર્યો. પરંતુ કુરૈશ હઝરત સઅદ બિન ઉબાદહ્ رضی اللہ عنہ સિવાય બીજા કોઈને પણ પકડી શક્યા ન હતા. કુરૈશ હઝરત સઅદ બિન ઉબાદહને પકડીને પોતાની સાથે મક્કા લાવ્યા અને તેમને કેદ કરી દીધા. પરંતુ જ્યારે ઝુબૈર બિન મુત્ઈમ અને હારિષ બિન હરબ ઈબ્ને ઉમૈયાને ખબર પડી ત્યારે એ બંને જણાએ કુરૈશને સમજાવ્યા કે ખુદાને ખાતર સીરિયા સાથેનો તમારો વેપાર ભયમાં મૂકાઈ જશે. આ સાંભળીને કુરૈશે હઝરત સઅદ બિન ઉબાદહને કેદમાંથી મુક્ત કરી દીધા અને તેઓ સકુશળ (ખૈરિયત સાથે) મદીના પહોંચી ગયા. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ-૪, પેજ-૪૪૯, ૪૫૦)*

## ★ મદીના તરફ હિજરત ★

મદીના મુનવ્વરામાં જ્યારે ઈસ્લામ અને મુસલમાનોને એક આશ્રય સ્થાન મળી ગયું. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને સામાન્ય પરવાનગી આપી દીધી કે તેઓ મક્કાથી હિજરત કરીને મદીના ચાલ્યા જાય. આમ સૌથી પહેલાં હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ એ હિજરત કરી. ત્યાર પછી એક પછી એક એમ બીજા લોકો પણ મદીના જવા રવાના થવા લાગ્યા. જ્યારે કુરૈશના કાફિરોને ખબર પડી ત્યારે તેમણે રોકટોક ચાલુ કરી દીધી. તેમ છતાં છુપી રીતે લોકોએ હિજરતનો સિલસિલો ચાલુ જ રાખ્યો. એટલે સુધી કે ધીમે ધીમે સંખ્યાબંધ સહાબાએ કિરામ મદીના મુનવ્વરા જતા રહ્યા. કેવળ એ જ લોકો મક્કામાં રહી ગયા જે કાફિરોની કેદમાં અથવા પોતાની ગરીબાઈથી વિવશ (મજબૂર) હતા.

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હજી ખુદા તરફથી હિજરતનો હુકમ મળ્યો ન હતો. આથી આપ મક્કામાં જ રહ્યા. અને હઝરત અબૂબક્ર સિદ્દીક તેમજ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ને પણ આપે રોકી લીધા હતા. આમ શમ્એ નબુવ્વતના આ બંને પરવાના પણ આપની સાથે મક્કામાં રોકાઈ ગયા હતા.





## ★ કાફિરોની પરિષદ ★

જ્યારે મક્કાના કાફિરોએ જોઈ લીધું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસલમાનોના મદદગારો મક્કાથી બહાર મદીનામાં પણ થઈ ગયા છે અને મદીના ગયેલા મુસલમાનોને અન્સારે પોતાની પનાહ (આશ્રય)માં લઈ લીધા છે ત્યારે મક્કાના કાફિરોને એવા ભયનો એહસાસ થયો કે ક્યાંક એવું ન બને કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ મદીના ચાલ્યા જાય અને ત્યાંથી પોતાના સમર્થકોની સેના લઈને મક્કા ઉપર આક્રમણ કરી દે. અને આ ભયનું બારણુ બંધ કરવા માટે મક્કાના કાફિરોએ પોતાના દારુન્નદ્વહ (પંચાયત ગૃહ)માં એક અત્યંત વિશાળ પરિષદ બોલાવી અને મક્કાના કાફિરોનો આ એવો જબરદસ્ત ઈજ્તેમાઅ હતો કે મક્કાની એક પણ બૌદ્ધિક કે પ્રભાવશાળી વ્યક્તિ એવી ન હતી જેણે આ પરિષદમાં હાજરી ન આપી હોય. ખાસ કરીને અબૂ સુફયાન, અબૂ જહલ, ઉત્બહ, જુબૈર બિન મુત્ઈમ, નઝર બિન હારિષ, અબુલ બખ્તરી, ઝમ્આ બિન અસ્વદ, હકીમ બિન હઝામ, ઉમૈયા બિન ખલફ વગેરે કુરૈશના તમામ સરદારો સભામાં હાજર રહ્યા હતા. શૈતાન લઈન પણ કમ્બલ ઓઢીને એક બુઝુર્ગ શૈખના રૂપમાં ત્યાં આવી ગયો. કુરૈશના સરદારોએ તેના નામ અને વંશ પૂછયા ત્યારે બોલ્યો કે હું નજ્દનો શૈખ છું. હું તમારી બાબતમાં મારો પણ અભિપ્રાય આપવા માટે આવ્યો છું. આ સાંભળી કુરૈશના સરદારોએ ઈબ્લીસને પણ પોતાની પરિષદમાં સામેલ કરી લીધો અને આમ પરિષદની કાર્યવાહી શરૂ થઈ ગઈ. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મામલો રજૂ થયો ત્યારે અબુલ બખ્તરીએ એવું સૂચન કર્યું કે એમને કોઈ કોટડીમાં બંધ કરીને એમના હાથપગ બાંધી દો અને એક કાણામાંથી એમને ખાવા પીવાનું આપી દેજો. નજ્દના શૈખે (શૈતાને) કહ્યું આ સૂચન યોગ્ય નથી. ખુદાના સોગંદ ! જો તમે લોકો એમને કોઈ મકાનમાં કેદ કરી દેશો તો નિશ્ચિતપણે એમના જાંનિસાર સહાબીઓને એમની ભાળ મળી જશે અને તેઓ પોતાની જાન જોખમમાં નાખી એમને કેદમાંથી છોડાવી લેશે.

અબુલ અસ્વદ રબીઆ બિન અમ્ર આમિરીએ એવું સૂચન કર્યું કે એમને મક્કામાંથી કાઢી મૂકો જેથી આ લોકો કોઈક બીજા શહેરમાં જઈને સ્થાયી થઈ જાય. આમ કરવાથી આપણને એમના કુર્આન પઢવાથી અને

ઈસ્લામના પ્રચારમાંથી મુક્તિ મળી જશે. આ સાંભળી નજ્દના શૈખે કહ્યું કે તમારા આ સૂચન ઉપર લા'નત ! શું તમને લોકોને ખબર નથી કે મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ની વાણી કેટલી મીઠી અને કેટલી પ્રભાવશાળી તેમ જ એ કેટલી મનોહર છે ? ખુદાના સોગંદ ! જો તમે લોકો એમને શહેરમાંથી તડીપાર કરીને કાઢી મૂકશો તો તેઓ સમગ્ર અરબમાં લોકોને કુર્આન સંભળાવી સંભળાવીને અરબના તમામ કબીલાઓને પોતાને તાબે કરી લેશે. અને ત્યાર પછી પોતાની સાથે એક વિશાળ લશ્કર લઈને તમારી ઉપર એવો હુમલો કરશે કે તમે એમનો મુકાબલો નહીં કરી શકો અને વિવશ થઈ જશો. અને ત્યારબાદ એમના ગુલામ બનીને રહેવા સિવાયનો અન્ય કોઈ જ ઉપાય તમારી પાસે નહીં હોય. આથી એમને દેશવટો આપવાની તો વાત જ મનમાંથી કાઢી મૂકો.

અબૂ જહલ બોલ્યો કે સાહેબો ! મારા મગજમાં એક યુક્તિ છે કે જે અત્યાર સુધી કોઈને સૂઝી ન હતી. આ સાંભળી બધાએ તેમના કાન સરવા કર્યા અને બધાએ એક સાથે ભારે ઉત્સુક્તાથી પૂછયું કે, કહો ! તે શું છે ? ત્યારે અબૂ જહલે જણાવ્યું કે મારું સૂચન એ છે કે દરેક કબીલાનો એક એક સુવિખ્યાત વીર પુરુષ તલ્વાર લઈને ઊભો થઈ જાય અને બધા એકી સાથે મળીને એકાએક મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ની કતલ કરી નાખે. આ યુક્તિથી ખૂન કરવાનો ગુનો તમામ કબીલાઓને માથે રહેશે. દેખીતી રીતે જ બનૂ હાશિમના કૂળના લોકો પાસે આ ખૂનનો વેર વાળવા તમામ કબીલાઓ સાથે લડવાની તાકાત નથી. આથી નિશ્ચિતપણે તેઓ "ખૂન બહા" (ખૂનના બદલે રકમ) લેવા માટે રાજી થઈ જશે. અને આપણે બધા ભેગા મળીને સરળતાથી "ખૂન બહા"ની રકમ ચૂકવી દઈશું." અબૂ જહલનું આ ખૂની સૂચન સાંભળી નજ્દનો શૈખ આનંદ વિભોર થઈ ઉઠયો અને બોલ્યો, "બેશક ! આ યુક્તિ બરાબર છે. આ સિવાયની બીજી કોઈ જ યુક્તિ સ્વીકારી શકાય નહીં. આમ એ પરિષદમાં ભાગ લેનારા લોકોએ સર્વસંમતિથી ઠરાવ પસાર કરી દીધો અને મજલિસે શૂરા (સલાહ સમિતિ) બરખાસ્ત થઈ ગઈ. અને દરેક જણ આ ભયંકર દુ:સાહસ લઈને પોતાના ઘર ભણી રવાના થયો. ખુદાવંદે કુદૂસે કુર્આન મજીદની એક આયતમાં એ બનાવનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવ્યો છે :–





وَاِذْ يَمْكُرُ بِكَ الَّذِيْنَ كَفَرُوْا لِيُثْبِتُوْكَ اَوْ يَقْتُلُوْكَ اَوْ يُخْرِجُوْكَ وَ يَمْكُرُوْنَ وَ يَمْكُرُ اللّٰهُ وَاللّٰهُ خَيْرُ الْمٰكِرِيْنَ ۝ (سورۃ الانفال)

(હે મહબૂબ ! યાદ કરો !) જયારે કાફિરો આપના વિશે ગુપ્ત રીતે યુક્તિઓ (નો વિચાર) કરી રહ્યા હતા કે આપને કેદ કરી દે અથવા કતલ કરી દે અથવા શહેરમાંથી તડીપાર કરી દે. આ લોકો ગુપ્ત રીતે યુક્તિઓ (નો વિચાર)) કરી રહ્યા અને અલ્લાહ ખુફિયા તદબીર (ગુપ્ત યુક્તિ) કરી રહ્યો હતો. અને અલ્લાહની ગુપ્ત યુક્તિ સૌથી સારી છે. *(સૂરતુલ અન્ફાલ)*

અલ્લાહ તઆલાની એ ગુપ્ત યુક્તિ શી હતી ? આગળના પાનાં ઉપર એનો જલ્વો જુઓ કે કઈ રીતે એણે પોતાના હબીબ صلی اللہ تعالٰی علیہ وسلم નું રક્ષણ કર્યું અને કાફિરોની આખી સ્કીમ ઉપર એ કાદિરો કૈયૂમે (સર્વ શક્તિમાન ખુદાએ) કેવી રીતે પાણી ફેરવી દીધું. *(ઈબ્ને હિશ્શામ)*

## ★ રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم ની હિજરતની ઘટના ★

જયારે કાફિરો હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની કતલ પર સર્વસંમતિ સાધીને પરિષદ પૂરી કરી ચૂક્યા અને પોતપોતાના ઘર તરફ રવાના થઈ ગયા ત્યારે હઝરત જિબ્રઈલે અમીન علیہ الصلوٰۃ والسلام રબ્બુલ આલમીનનો હુકમ લઈને નાઝિલ થઈ ગયા કે હે મહબૂબ ! આજે રાત્રે આપ પોતાના બિસ્તર ઉપર ન સૂઓ અને હિજરત કરીને મદીના શરીફ તશરીફ લઈ જાઓ આથી ભરબપોરે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ઘરે તશરીફ લઈ ગયા અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી ફર્માવ્યું કે ઘરના બધા જ લોકોને હટાવી દો કંઈક પરામર્શ (મશ્વરો) કરવો છે. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ અર્ઝ ગુજારી કે, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم આપ પર મારાં માબાપ કુર્બાન ! અહીં આપના પત્ની (હઝરત આઈશા) સિવાય બીજું કોઈ નથી (એ સમયે હઝરત આઈશા સાથે હુઝૂરની શાદી થઈ ચૂકી હતી), હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું કે, "હે અબૂબક્ર ! અલ્લાહ તઆલાએ મને હિજરતની પરવાનગી આપી દીધી છે. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ અરજ કરી કે મારાં માબાપ આપ પર કુર્બાન ! મને પણ આપની હમરાહીનો શર્ફ એનાયત ફર્માવો. આપે એમની દરખાસ્ત મંજૂર ફર્માવી

લીધી. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ચાર માસથી બે ઊંટણીઓ બાવળના પાન ખવડાવી ખવડાવી તૈયાર કરી રાખી હતી. જેથી હિજરત વખતે એ ઊંટણીઓ સવારી માટે ઉપયોગી થશે. અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ પૈકી એક ઊંટણી આપ કબૂલ (સ્વીકાર) ફર્માવો ! આપે ઈર્શાદ ફર્માવ્યો કે, કબૂલ છે પરંતુ હું એની કિંમત ચૂકવીશ. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માને રિસાલતથી વિવિશ થઈને અનિચ્છાએ એનો સ્વીકાર કર્યો હતો. હઝરત આઈશા رضی اللہ عنہا એ વખતે અત્યંત નાની ઉંમરનાં હતાં. પરંતુ એમનાં મોટા બહેન હઝરત બીબી અસ્મા رضی اللہ عنہا એ મુસાફરીનો સરસામાન તૈયાર કર્યો અને તોશાદાનમાં ભાથુ મૂકીને પોતાનો કમ્મરપટ્ટો ફાડીને એના બે ટુકડા કર્યા, એકથી તોશાદાન બાંધ્યો. આ એ જ કાબિલે ફખ્ર (ગૌરવ લેવા જેવો) શર્ફ છે જેના લીધે એમને "ઝાતુન નત્તાકૈન" (બે પટ્ટાવાળી)ના સમ્માનિત લકબથી યાદ કરવામાં આવે છે.

આ પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક કાફિરને જેનું નામ અબ્દુલ્લાહ બિન ઉરૈકત હતું અને જે માર્ગોનો ભોમિયો હતો તેને માર્ગદર્શન માટે વળતર ઉપર નોકર રાખ્યો. અને એ બંને ઊંટણીઓ એને સોંપીને ફર્માવ્યું કે ત્રણ રાત્રિ પછી તે એ ઊંટણીઓને લઈને ગારે સૌર પાસે આવી જાય. આ સમગ્ર વ્યવસ્થા કરી લીધા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના મકાન પર તશરીફ લાવ્યા. *(બુખારી, ભાગ–૧, પેજ–૫૫૩ થી ૫૫૪, બાબે હિજરતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم )*

## ★ કાશાનએ નબુવ્વતનો ઘેરાવ ★

### (પયગંબર સાહેબના નિવાસનો ઘેરાવ)

મક્કાના કાફિરોએ પોતાના કાર્યક્રમ પ્રમાણે કાશાનએ નબુવ્વતનો ઘેરાવ કરી લીધો અને રાહ જોવા લાગ્યા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સૂઈ જાય તો એમના પર હિંસક હુમલો કરવામાં આવે. એ વખતે ઘરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે માત્ર હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ હતા. મક્કાના કાફિરો જો કે રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સૌથી ખરાબ દુશ્મન હતા તેમ છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અમાનતો દયાનત (નિષ્ઠા અને ઈમાનદારી) ઉપર કાફિરોને એટલો બધો અતૂટ વિ□ાસ હતો કે એ સમયે પણ સંખ્યાબંધ અનામતો (થાપણો) કાશાનએ નબુવ્વતમાં હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી رضی اللہ عنہ ને





ફર્માવ્યું કે તમે મારી સબ્ઝ (લીલા) રંગની ચાદર ઓઢીને મારા બિસ્તર ઉપર સૂઈ રહો અને મારા ચાલ્યા ગયા પછી તમે કુરૈશની તમામ અનામતો (થાપણો) એમના માલિકોને સોંપીને મદીના ચાલ્યા આવજો.

આ અત્યંત ખોફનાક અત્યંત ભયજનક મોકો હતો. હઝરત અલી رضی اللہ عنہ ને ખબર હતી કે મક્કાના કાફિરો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કતલનો નિશ્ચય કરી ચૂક્યા છે. પરંતુ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના એ ફર્માનથી કે તમે કુરૈશની બધી જ અમાનતો (થાપણો) પરત કરીને મદીના ચાલ્યા આવજો. આથી હઝરત અલી رضی اللہ عنہ ને દઢ વિ□ાસ હતો કે હું જીવતો રહીશ અને મદીના પહોંચીશ. આમ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો બિસ્તર જે આજે કાંટાળો બિસ્તર હતો હઝરત અલી رضی اللہ عنہ માટે ફૂલોની સેજ બની ગયો. અને આપ એ બિસ્તરા પર આરામથી મીઠી ઊંઘ માણતા રહ્યા. પોતાના આ જ પરાક્રમનું ગૌરવ લેતાં શેરે ખુદાએ પોતાના અશ્આરમાં જણાવ્યું છે કે :–

وَقَيْتُ بِنَفْسِي خَيْرَ مَنْ وَطِئَ الثَّرٰى    وَمَنْ طَافَ بِالْبَيْتِ الْعَتِيْقِ وَبِالْحِجْرِ

"મેં મારી જાન જોખમમાં નાખીને એ ઝાતે ગિરામીનું રક્ષણ કર્યું છે કે જે જમીન પર ચાલનારા અને ખાનએ કા'બા તથા હતીમનો તવાફ કરનારાઓમાં સર્વશ્રેષ્ઠ અને સર્વોચ્ચ દરજ્જો ધરાવે છે."

رَسُوْلُ اللّٰهِ خَافَ اَنْ يَّمْكُرُوْا بِهٖ    فَنَجَّاهُ ذُوا الطَّوْلِ الْاِلٰهُ مِنَ الْمَكْرِ

"રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવી આશંકા હતી કે મક્કાના કાફિરો એમની સાથે કાવતરું કરશે પરંતુ ખુદાવંદે મહેરબાને એમને કાફિરોની ગુપ્ત યુક્તિઓમાંથી બચાવી લીધા." *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૨)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બિસ્તરે નબુવ્વત (નબીના બિસ્તર) ઉપર જાને વિલાયતને સૂવડાવીને એક મુટ્ઠી માટી હાથમાં લઈને સૂરએ યાસીનની શરૂની આયતોની તિલાવત ફર્માવતા નબુવ્વતના ખાના (ઘર)માંથી બહાર તશરીફ લાવ્યા અને ઘેરાવ કરનારાઓના માથાઓ ઉપર માટી ફેંકીને એમના ટોળામાંથી આબાદ રીતે હેમખેમ બહાર નીકળી ગયા. આપ ન તો કોઈને દેખાયા કે ન તો કોઈને આપના નીકળી જવાની ખબર પડી. તે સમયે એ ટોળામાં હાજર ન રહેલા એક જણાએ એ લોકોને ખબર

આપી દીધી કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم તો અહીંથી નીકળીને જતા રહ્યા અને જતી વખતે તમારા માથાઓ ઉપર માટી નાખતા ગયા છે ! જેથી કમનસીબોએ પોતાના માથે હાથ ફેરવ્યા ત્યારે ખરેખર એમનાં માથાંઓ ઉપર માટી અને ધૂળ હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૫૭)*

રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના દોલત ખાના (નિવાસ સ્થાને)થી નીકળીને ''હુઝૂરા'' મુકામે ઊભા થઈ ગયા અને ભારે હસરત (આશા)ની સાથે ''કા'બા''ને નિરખતા રહ્યા અને ફર્માવ્યું કે હે મક્કા શહેર ! તું મને આખી દુનિયા કરતાં વધુ વહાલુ છે, જો મારી કૌમ મને તારામાંથી ન કાઢતી તો હું તારા સિવાય અન્ય ક્યાંય સ્થાયી થવાનો ન હતો. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ સાથે અગાઉ જ બધું નક્કી થઈ ચૂક્યું હતું. તેઓ પણ ત્યાં જ આવી પહોંચ્યા અને એવી સાવચેતી રાખી કે મક્કાના કાફિરો અમારા પદ્ચિહનોથી અમારો માર્ગ ઓળખી કાઢીને પીછો ન કરે. પછી એ પણ જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાઝુક પગ જખ્મી થઈ ગયા છે, હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ આપને પોતાના ખભે સવાર કરાવી લીધા અને આમ કંટાળી ઝાડીઓ અને અણીદાર પથ્થરોવાળી પહાડીઓને ખૂંદતા એ જ રાત્રે ''ગારે સૌર'' નામની ગુફા સુધી પહોંચ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૫૮)*

હઝરત અબૂબક્ર સિદ્દીક પહેલાં જાતે જ એ ગુફામાં દાખલ થયા અને સારી પેઠે ગુફાની સાફ સૂફી કરી અને પોતાના શરીરનાં કપડાં ફાડી ફાડીને ગુફાના તમામ કાણાં બંધ કર્યાં. ત્યારબાદ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગુફાની અંદર તશરીફ લઈ ગયા અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ખોળામાં પોતાનું સર મુબારક (માથુ) મૂકીને સૂઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ એક કાણું પોતાના પગની પાનીથી બંધ કરી રાખ્યું હતું. એ કાણામાંથી એક સાપે વારંવાર યારે ગાર (હઝરત અબૂબક્ર)ના પગે દંશ દીધો પરંતુ હઝરત સિદ્દીક જેવા જાંનિષારે એ વિચારથી પગ ત્યાંથી ખસેડયો ન હતો કે ક્યાંક રહમતે આલમની ચેન પૂર્વકની ઊંઘમાં ખલેલ ન પડે. પરંતુ અસહ્ય પીડાથી તેમની આંખોમાંથી વહી નીકળેલી અશ્રુધારાના કેટલાક ટીપાં સરવરે કાઈનાત ગાલ મુબારક ઉપર નિછાવર થઈ ગયા. જેના લીધે રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم જાગી ઉઠયા અને એ ગુફામાં પોતાના





સાથીને રડતો જોઈ બેચેન થઈ ગયા. પૂછયું, અબૂબક્ર ! શું થયું ? અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! મને સાપ કરડયો છે. આ સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના ઘા પર પોતાનો લુઆબે દહન (થૂક) લગાવી દીધું જેનાથી તાત્કાલિક એમની સમગ્ર પીડા મટી ગઈ. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્રણ રાતો સુધી એ ગુફામાં રોનક અફરોઝ રહ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના યુવાન પુત્ર હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ દરરોજ રાત્રે ગુફાના પ્રવેશદ્વાર આગળ સૂતા હતા અને વહેલી સવારે થતાં મક્કા જતા રહેતા અને એ જાણવાનો પ્રયત્ન કરતા કે કુરૈશ કેવી યોજનાઓ ઘડી રહ્યા છે ? જે કંઈ સમાચાર મળતા સાંજે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં આવીને રજુ કરી દેતા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ગુલામ હઝરત આમિર બિન ફુહૈરા صلی اللہ تعالیٰ علیہ وسلم રાત્રિનો થોડોક ભાગ પસાર થયા પછી ગોચરમાંથી બકરીઓ લઈને ગુફા પાસે આવી જતા અને એ બકરીઓનું દૂધ બંને આલમના તાજદાર અને એમના ગુફાના સાથીદાર હઝરત અબૂબક્ર પી લેતા હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૯)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો સૌર નામની ગુફામાં તશરીફ ફર્મા થઈ ગયા. ત્યાં કાશાનએ નબુવ્વત (નબીના નિવાસ)નો ઘેરાવ કરનારા કાફિરો સવારે જ્યારે મકાનમાં દાખલ થયા ત્યારે નબીના બિસ્તરા ઉપર તો હઝરત અલી رضی اللہ عنہ હતા. જાલિમોએ થોડીવાર સુધી આપની પૂછપરછ કર્યા પછી આપને છોડી મૂક્યા. ત્યારબાદ ખૂણેખૂણામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શોધખોળ શરૂ કરી એટલે સુધી કે આપને શોધતા શોધતા સૌર ગુફા સુધી પહોંચી ગયા. પરંતુ ત્યારે તો ગુફાના મુખ (પ્રવેશદ્વાર) ઉપર તો ખુદાવંદી સુરક્ષાનો કડક પહેરો ગોઠવાયેલો હતો. એટલે કે ગુફાના મુખ ઉપર કરોળિયાએ જાળુ બનાવી દીધું હતું અને એક બાજુએ કબૂતરીએ ઈંડા મૂકી દીધાં હતાં. આ દ્રશ્ય જોઈને કુરૈશના કાફિરો અંદરો અંદર એકબીજાને કહેવા લાગ્યા કે જો ગુફામાં કોઈ માણસ હોત તો ન તો કરોળિયાએ તેનું જાળુ વણ્યું હોત કે ન તો કબૂતરીએ ઈંડાં મૂક્યાં હોત. કાફિરોનો પગરવ સાંભળીને અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થોડાક ગભરાયા અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! હવે આપણા દુશ્મનો એટલા બધા નજીક આવી ગયા છે કે જો તેઓ પોતાના પગો તરફ નજર કરશે તો આપણને જોઈ લેશે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

لَا تَحْزَنْ إِنَّ اللّٰهَ مَعَنَا "ગભરાશો નહીં ! નિ:શંક ! ખુદા આપણી સાથે છે."

આના પછી અલ્લાહ તઆલાએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના મન ઉપર સુકૂન અને ઈત્મિનાનનો એવો સકીના ઉતારી દીધો કે તેઓ એકદમ નિર્ભય થઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની આ એ જ કુર્બાનીઓ છે જેમના વિશે દરબારે નબુવ્વતના મશ્હૂર શાયર હઝરત હસ્સાન બિન ષાબિત અન્સારી رضی اللہ عنہ એ બહુ જ સરસ કહ્યું છે :–

وَثَانِیَ اثْنَیْنِ فِی الْغَارِ الْمُنِیْفِ وَ قَدْ
طَافَ الْعَدُوُّ بِهٖ اِذْ صَاعَدَ الْجَبَلَا

અને બે પૈકીના બીજા (અબૂબક્ર) જ્યારે પહાડ ઉપર ચઢીને ઉચ્ચ દરજ્જાવાળી ગુફામાં એવી સ્થિતિમાં હતા કે દુશ્મન એમની ફરતે આંટા ફેરા કરી રહ્યો હતો.

وَكَانَ حِبَّ رَسُوْلِ اللّٰهِ قَدْ عَلِمُوْا
مِنَ الْخَلَائِقِ لَمْ يَعْدِلْ بِهٖ بَدَلَا

અને તેઓ (અબૂબક્ર) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મહબૂબ હતા. સર્વ સૃષ્ટિ (તમામ મખ્લૂક) એ વાત જાણે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈને પણ એમની બરાબર ઠેરવ્યા ન હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૭)*

ચોથા દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પહેલી રબીઉલ અવ્વલ સોમવારના રોજ સૌર ગુફામાંથી બહાર તશરીફ લાવ્યા. માર્ગદર્શન માટે જે ભોમિયાની સેવાઓ ભાડે મેળવવામાં આવી હતી તે અબ્દુલ્લાહ બિન ઉરૈકિત અગાઉ નક્કી થયા પ્રમાણે બે ઊંટણીઓ લઈને સૌર ગુફા પર હાજર થઈ ગયો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઊંટણી પર સવાર થયા અને એક ઊંટણી ઉપર હઝરત અબૂબક્ર અને હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہما બેઠા અને અબ્દુલ્લાહ બિન ઉરૈકિત આગળ આગળ પેદલ ચાલવા લાગ્યો અને જાહેર માર્ગ છોડીને દરિયાકાંઠાના અજાણ્યા માર્ગો દ્વારા આગળનો પ્રવાસ શરૂ કર્યો.





## ★ ૧૦૦ ઊંટના ઈનામની જાહેરાત ★

અહીં મક્કાવાસીઓએ એવી જાહેરાત કરી હતી જે કોઈ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પકડી લાવશે તેને ૧૦૦ ઊંટ ઈનામમાં આપવામાં આવશે. આવા બહુમૂલ્ય ઈનામના લોભમાં સંખ્યાંબંધ લાલચુ લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શોધખોળ શરૂ કરી દીધી અને કેટલાક લોકો તો દૂર સુધી એમનો પીછો કરવા ગયા હતા.

## ★ ઉમ્મે મા'બદની બકરી ★

બીજા દિવસે "કુદીદ" નામના સ્થળે ઉમ્મે મા'બદ આતિકા બિન્તે ખાલિદ ખુઝાઈયાના મકાન પાસેથી આપ પસાર થયા. ઉમ્મે મા'બદ એક વૃદ્ધ મહિલા હતી જે પોતાના તંબુના પટાંગણમાં બેસી રહેતી હતી અને મુસાફરોને ખાવા પીવાનું આપ્યા કરતી. હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એની પાસે કંઈક ખાવાનું ખરીદવાનો ઈરાદો કર્યો પરંતુ એ દિવસે એની પાસે કોઈ જ વસ્તુ ન હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોયું કે એના તંબુમાં એક બાજુ અત્યંત દૂબળી એક બકરી છે. પૂછયું, આ બકરી દૂધ આપે છે ? ઉમ્મે મા'બદે કહ્યું, "નહીં !" આપે ફર્માવ્યું કે જો તમે પરવાનગી આપો તો હું એનું દૂધ દોહી લઉં. ઉમ્મે માબઅદે ઈજાઝત આપી દીધી અને આપે "બિસ્મિલ્લાહ" પઢીને એના આંચળને હાથ અડકયો ત્યારે એના આંચળ દૂધથી ભરાઈ ગયા અને એટલું બધું દૂધ નીકળ્યું કે બધા એનાથી ધરાઈ ગયા. અને ઉમ્મે મા'બદના બધાં જ વાસણો દૂધથી ભરાઈ ગયાં. આ મો'જિઝો જોઈને ઉમ્મે મા'બદ અને એમના પતિ બંને જણા મુસલમાન બની ગયા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૧)*

રિવાયત છે કે ઉમ્મે મા'બદની આ બકરી હિ.સ. ૮૧ સુધી જીવંત રહી અને નિયમિત દૂધ આપતી રહી. અને હઝરત ઉમર رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં જ્યારે "આમુર રમાદહ્"નો સખત દુકાળ પડયો અને તમામ જાનવરોના આંચળો સૂકાઈ ગયા એ વખતે પણ એ બકરી સાંજ સવાર નિયમિત દૂધ આપતી રહી. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૪૬)*

## ★ સુરાકાનો ઘોડો ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે ઉમ્મે મા'બદના ઘરેથી રવાના થયા ત્યારે મક્કાનો એક સુવિખ્યાત ઘોડે સવાર સુરાકા બિન માલિક બિન જોઅ્શમ ઝડપી ઘોડા પર સવાર થઈને હુઝૂરનો પીછો કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો. નજીક આવીને જેવો હુમલો કરવાનો ઈરાદો કર્યો ને ત્યાં જ એના ઘોડાને ઠોકર વાગી અને એ ઘોડા ઉપરથી નીચે પટકાઈ ગયો. પરંતુ ૧૦૦ ઊંટોનું ઈનામ એ કંઈ મામૂલી વાત ન હતી. ઈનામની લાલચે એ ફરીવાર ઊભો થયો અને હુમલો કરવાના ઈરાદે આગળ વધ્યો. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆથી પથરાળ ભૂમિમાં એના ઘોડાના પગ ઘૂંટણ સુધી ખૂંપી ગયા. સુરાકા આ મો'જિઝો જોઈને ભય અને દહેશતથી ધ્રૂજવા લાગ્યો અને ''અમાન'' ''અમાન'' પોકારવા લાગ્યો. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું મન તો રહમો કરમનું સમુદ્ર હતું. સુરાકની લાચારી અને રોક્કળ પર આપનો દરિયાએ રહમત જોશમાં આવી ગયો. આપે દુઆ ફર્માવી તો જમીને એનો ઘોડો છોડી દીધો. ત્યારબાદ સુરાકાએ અરજ ગુજારી કે મને ''અમાન''નો પરવાનો લખી આપો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમથી હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ એ સુરાકાને ''અમાન''નું લખાણ લખી આપ્યું. સુરાકાએ એ લખાણને પોતાના તર્કશ (ભાથા)માં રાખી લીધું અને પાછો ફર્યો. જે કોઈ મળતું તેને સુરાકા એમ કહીને પાછો ફેરવી દેતા કે દૂર દૂર સુધી ખૂબ શોધખોળ કરી પરંતુ આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાજુ નથી. પાછા ફરતી વખતે સુરાકાએ મુસાફરી માટેનો કેટલોક સામાન પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નજરાણા તરીકે રજુ કર્યો હતો. પરંતુ આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબૂલ કર્યું ન હતું. *(બુખારી, બાબ હિજરતુન્નબી, ભાગ–૧, પેજ–૫૫૪, ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૪૬ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૨)*

સુરાકા એ વખત તો મુસલમાન થયા ન હતા પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની અઝ્મતે નબુવ્વત (નબુવ્વતની મહાનતા) અને ઈસ્લામની સદાકત (સત્યતા)થી એમનું મન ખૂબ પ્રભાવિત થયું હતું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જયારે મક્કાની ફતહ અને તાઈફ તેમજ હુનૈનના યુદ્ધોથી ફારેગ થઈને જિઈર્રાનામાં પડાવ નાખ્યો હતો ત્યારે સુરાકાએ એ જ





અમાનનો પરવાનો લઈને બારગાહે નબુવ્વતમાં હાજર થયા અને પોતાના કબીલાના બહુ જ મોટા સમૂહ સો ઈસ્લામ કબૂલ કરી લીધો. *(દલાઈલુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૫ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૨)*

અત્રે યાદ રહે કે આ એ જ સુરાકા બિન માલિક رضی اللہ عنہ છે જેમના વિશે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના ઈલ્મે ગૈબથી ગૈબની ખબર આપતાં ઈર્શાદ ફર્માવ્યો હતો કે હે સુરાકા ! તારો શો હાલ થશે ? જયારે તને ફારસ (ઈરાન) દેશના બાદશાહ કિસરાના બંને કંગન પહેરાવવામાં આવશે ! આ ઈર્શાદના વર્ષો પછી જયારે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં ઈરાન પર વિજય પ્રાપ્ત થયો અને કિસરાના કંગન દરબારે ખિલાફતમાં લાવવામાં આવ્યા ત્યારે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ એ તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનની તસ્દીક અને તેહકીક (પુષ્ટિ અને ખરાઈ) માટે એ કંગન હઝરત સુરાકા બિન માલિક رضی اللہ عنہ ને પહેરાવી દીધા અને ફર્માવ્યું કે, હે સુરાકા ! એમ કહો કે અલ્લાહ માટે જ તમામ તા'રીફો છે જેણે આ કંગન ઈરાનના બાદશાહ કિસરાથી છીનવી લઈને સુરાકા બદવીને પહેરાવી દીધા. હિ.સ. ૨૪ માં હઝરત સુરાકા رضی اللہ عنہ ની વફાત થઈ ત્યારે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ખિલાફત પર રોનક અફરોઝ હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૪૬ થી ૩૪૮)*

## ★ બુરૈદા અસ્લમીનો ધ્વજ ★

જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના પાસે પહોંચી ગયા ત્યારે ''બુરૈદા અસ્લમી'' કબીલા બની સહમ કબીલાના સિત્તેર (૭૦) ઘોડે સવાર સાથે કુરૈશ પાસેથી એકસો ઊંટોનું ઈનામ મેળવવાની લાલચમાં આપની ગિરફતારી માટે લાવ્યા. પરંતુ જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ આવ્યા અને પૂછયું કે આપ કોણ છો ? ત્યારે આપે ફર્માવ્યું કે હું અબ્દુલ્લાહનો પુત્ર મુહમ્મદ છું અને ખુદાનો રસૂલ છું. નબુવ્વતના જમાલ અને જલાલનો એમના મન ઉપર એવો પ્રભાવ પડયો કે તરત જ કલિમએ શહાદત પઢીને મુસલમાન થઈ ગયા અને અત્યંત શ્રદ્ધાપૂર્વક દરખાસ્ત રજુ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી તમન્ના છે કે મદીનામાં હુઝૂરનો પ્રવેશ એક

ધ્વજ સાથે થવો જોઈએ. આમ કહીને પોતાનો અમામો માથા ઉપરથી ઉતારીને પોતાના નેજા સાથે બાંધી દીધો. અને હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અલમ બર્દાર (ઝંડાધારી) બનીને મદીના સુધી આગળ આગળ ચાલતા રહ્યા. પછી પૂછયું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મદીનામાં કયાં ઉતરશો ? તાજદારે દો આલમે ઈર્શાદ ફર્માવ્યો, મારી ઊંટણી ખુદાની આજ્ઞાંકિત છે એ જયાં બેસી જશે એ જ મારો ઉતારો છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૨)*

## ★ હઝરત ઝુબૈરના બહુમૂલ્ય કપડાં ★

એ મુસાફરીમાં સંજોગોવશાત હઝરત ઝુબૈર બિન અલ અવ્વામ رضی اللہ عنہ સાથે મુલાકાત થઈ ગઈ. તેઓ હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફોઈ હઝરત સફિયા رضی اللہ عنہا ના પુત્ર છે. તેઓ સીરીયાથી વેપાર અર્થે મુસલમાન થઈને આવી રહ્યા હતા. તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિદમતમાં કેટલાક નફીસ (સુંદર) કપડાં નજરાણામાં આપ્યાં. જે તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કબૂલ ફર્માવ્યા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૩)*

## ★ શહેનશાહે રિસાલત મદીનામાં ★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તશરીફ આવરી (આગમન)ના સમાચાર મદીનામાં અગાઉથી જ પહોંચી ચૂકયા હતા અને મહિલાઓ તથા બાળકો સુદ્ધાંની જીભ ઉપર આપની તશરીફ આવરીની જ ચર્ચા હતી. આથી મદીનાવાસીઓ આપના દીદાર માટે અત્યંત ઉત્સુક અને બેકરાર હતા. દરરોજ સવારથી જ ઘરેથી નીકળીને શહેર બહાર આપના ઈસ્તિકબાલ (સ્વાગત) માટે તૈયાર રહેતા હતા. અને જ્યારે સૂર્યનો પ્રકાશ અને તડકો વધી જતો ત્યારે હસરત અને અફસોસ સાથે પોતપોતાના ઘરે પાછા ફરતા હતા. એક દિવસે પોતાના નિત્યક્રમ મુજબ મદીનાવાસીઓ આપની રાહ જોઈને પાછા જઈ ચૂકયા હતા કે એકાએક એક યહૂદીએ પોતાના કિલ્લા પરથી જોયું કે તાજદારે દો આલમની સવારી મદીના પાસે આવી પહોંચી છે. એણે ઊંચા અવાજે પોકાર કર્યો કે હે મદીનાવાસીઓ !





તમે દરરોજ જેની ઈંતેજારી કરતા હતા રહમતનો એ કારવાં આવી ગયો છે ! આ સાંભળી બધા જ અન્સાર શરીરે શસ્ત્રો સજાવીને વજ્દ અને ઉલ્લાસ સાથે બેકરાર થઈને બંને આલમના તાજદારનું ઈસ્તિકબાલ (સ્વાગત) કરવા માટે પોતાના ઘરોમાંથી નીકળી પડયા અને નારએ તકબીરના અવાજોથી આખું શહેર ગુંજી ઉઠયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૩ વગેરે)*

મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે જ્યાં આજે મસ્જિદે કુબા છે ત્યાં ૧૨ મી રબીઉલ અવ્વલના રોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રોનક અફરોઝ થયા અને અમ્ર બિન ઔફ કબીલાના કુળમાં હઝરત કુલ્સૂમ બિન હિદ્મ رضی اللہ عنہ ના મકાનમાં તશરીફ ફર્મા થયા. એ કુટુંબના લોકોએ બંને આલમના તાજદાર એમના મહેમાન બન્યા હોવાની ખુશીમાં અલ્લાહુ અકબરનો જોરદાર ના'રો લગાડયો. ચારે બાજુથી અન્સારો ઉત્સાહ અને ખુશીમાં આવતા અને બારગાહે રિસાલતમાં સલાતો સલામનો નઝરાનએ અકીદત પેશ કરતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી પહેલાં હિજરત કરીને મદીના મુનવ્વરા આવેલા મોટા ભાગના સહાબીઓ પણ એ જ મકાનમાં રોકાયા હતા. હઝરત અલી رضی اللہ عنہ પણ હુકમે નબવી (નબીના આદેશ) પ્રમાણે કુરૈશની અનામતો અને થાપણો પરત કરીને ત્રીજા દિવસે મક્કાથી રવાના થઈ ચૂકયા હતા તેઓ પણ મદીના આવી પહોંચ્યા અને એ જ મકાનમાં ઉતારો કર્યો. અને હઝરત કુલ્સૂમ બિન હિદ્મ رضی اللہ عنہ અને તેમના કુટુંબીજનો રાત દિવસ આ મુકદ્દસ મેહમાનોની મેહમાનનવાઝીમાં વ્યસ્ત રહેવા લાગ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૩ અને બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૬૦)*

અલ્લાહુ અકબર ! અમ્ર બિન ઔફના કુટુંબમાં હઝરત સૈયદુલ અંબિયા અને સૈયિદુલ ઔલિયા અને સ્વાલેહીન સહાબાના નૂરાની ઈજ્તેમા (સમૂહ)થી એવો સમાં (દશ્ય) બંધાઈ ગયો કે ચાંદ સૂરજ અને તારાઓ પણ આશ્ચર્યથી એ સમૂહ જોઈને ''ઝબાને હાલ''થી કહેતા હશે કે આજે આકાશની સભા (અંજુમને આસ્માન) વધુ પ્રકાશિત અને તેજોમય છે કે હઝરત કુલ્સૂમ બિન હિદ્મનું મકાન ?! એનો નિર્ણય કરવાનું મુશ્કેલ છે. અને કદાચ અમ્ર બિન ઔફના કુટુંબનો એકે એક બાળક ખુશીના જોશમાં

મલ્કાઈ મલ્કાઈને "ઝબાને હાલ" વડે આ ગીત (નગ્મો) ગાતો હશે કે :–

ઉનકે કદમ પે મૈં નિષાર, જિનકે કુદૂમે નાઝને
ઉજળે હુવે દયારકો રશ્કે ચમન બના દિયા

**અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વબારિક અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિંવ વઆલિહી વ સહૃબિહી વબારિક વસલ્લિમ.**

અલ્હમ્દુ લિલ્લાહ ! હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મક્કી જિંદગી આપ વાંચી ચૂક્યા. હવે અમે "મદની જિંદગી" વિશે સન પ્રમાણે (તારીખવાર) ઘટનાઓ લખવાની સઆદત મેળવીએ છીએ. તમે પણ એના વાંચનથી આંખોમાં નૂર અને દિલમાં સુરૂરની દોલત મેળવો.

**–અબ્દુલ મુસ્તફા અલ્ આ'ઝમી ઉફિયો અન્હુ**
૨૮ શા'બાન, હિ.સ. ૧૩૯૫ (ઘૌસી, બીમાર હાલતમાં)

**★ નઅત શરીફ ★**

**અઝ : આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہ

સરવર કહું કે માલિકો મૌલા કહૂં તુઝે
બાગે ખલીલકા ગુલે ઝૈબા કહૂં તુઝે
હિરમાં નસીબ હૂં તુઝે ઉમ્મીદ ગહ કહૂં
જાને મુરાદ કાને તમન્ના કહૂં તુઝે
સુબ્હે વતનપે શામેં ગરીબાંકો દૂં શરફ
બેકસ નવાઝ ગૈસૂઓં વાલા કહૂં તુઝે
અલ્લાહ રે તેરે જિસ્મે મુનવ્વરકી તાબિશેં
એ જાને જાં મૈં જાને તજલ્લા કહૂં તુઝે
મુજરિમ હૂં, અપને અફ્વકા સામાં કરું શહા
યા'ને શફીઅ્ રોઝે જઝા કા કહૂં તુઝે
ઈસ મુર્દા દિલકો મુઝદા હયાતે અબદકા દું,
તાબો તવાને જાને મસીહા કહૂં તુઝે
તેરે તો વસ્ફ ઐબે તનાહી સે હંય બરી
હયરાં હૂં મેરે શાહ મૈં ક્યા ક્યા કહૂં તુઝે
કહ લેગી સબ કુછ ઉનકે સનાખ્વાં કી ખામોશી
ચૂપ હો રહા હૂં કે મૈં કયા કયા કહૂં તુઝે
લેકિન **'રઝા'**ને ખત્મે સુખન ઈસ પે કર દિયા
ખાલિકકા બંદા ખલ્કકા આકા કહૂં તુઝે





# હુઝૂર તાજદારે દો આલમ ﷺ ની
# મદની જિંદગી

તઆલલ્લાહ ઝાતે મુસ્તફાકા હુસ્ને લાષાની
કે યક જા જમા હૈં તમામ અવસાફે ઈમ્કાની
દુઆએ યૂનુસી, ખુલ્કે ખલીલી, સબ્રે ઐયૂબી
જલાલે મૂસવી, ઝોહ્દે મસીહી, હુસ્ને કિન્આની
(ﷺ)

**(પ્રકરણ-૬)**

## હિજરતનું પહેલું વર્ષ

(હિજરી સન : ૧)

**મસ્જિદે કુબા** : કુબામાં સૌથી પહેલું કામ એક મસ્જિદનું બાંધકામ હતું. આ હેતુ માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત કુલ્સૂમ બિન હિદ્મ رضی اللہ عنہ ની એક જમીન પસંદ ફર્માવી હતી જ્યાં અમ્ર બિન ઔફના કુટુંબની ખજૂરો સૂકવવામાં આવતી હતી. આજ સ્થળે આપે પોતાના હાથે એક મસ્જિદનો પાયો નાખ્યો. આ એ જ મસ્જિદ હતી જે આજે પણ મસ્જિદે કુબાના નામે મશહૂર છે અને જેની શાનમાં કુર્આનની આ આયત નાઝિલ (અવતીર્ણ) થઈ :–

لَمَسْجِدٌ اُسِّسَ عَلَى التَّقْوٰى مِنْ اَوَّلِ يَوْمٍ اَحَقُّ اَنْ تَقُوْمَ فِيْهِ ؕ فِيْهِ رِجَالٌ يُّحِبُّوْنَ اَنْ يَّتَطَهَّرُوْا ؕ وَاللّٰهُ يُحِبُّ الْمُطَّهِّرِيْنَ ۝ (توبہ)

**તર્જુમો** : નિશ્ચિતપણે એ મસ્જિદ જેનો પાયો પહેલા જ દિવસથી પરહેઝગારી ઉપર મૂકવામાં આવ્યો છે, તે આ વાતની વધુ હક્કદાર છે કે આપ એમાં ઊભા થાવ, આ (મસ્જિદ)માં એવા લોકો છે જેમને પવિત્રતા (પાકી) બહુ જ ગમે છે અને અલ્લાહ તઆલા પાક રહેવાવાળાઓ

સાથે મહોબ્બત ફર્માવે છે. *(સૂરએ તૌબા)*

આ મુબારક મસ્જિદના બાંધકામમાં સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَની સાથે સાથે ખૂદ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم પણ સ્વયં પોતાના દસ્તે મુબારકથી (પવિત્ર હાથે) એવા મોટા મોટા પથ્થરો ઉપાડતા હતા કે એના બોજથી આપનું શરીર નમી જતું હતું. અને જ્યારે આપના જાં નિષાર અસ્હાબમાંથી કોઈ એવી અરજ ગુજારતો કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم આપ પર અમારાં મા બાપ કુર્બાન ! આપ રહેવા દો ! અમે ઉપાડી લઈશું. ત્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એનું માન રાખવા માટે એ પથ્થર છોડી દેતા પરંતુ ત્યાર પછી એટલા જ વજનનો બીજા કોઈ પથ્થર ઉંચકી લેતા હતા અને જાતે જ એને લાવીને એને ઈમારતમાં લગાડતા અને બાંધકામમાં ઉત્સાહ પેદા કરવા માટે સહાબાએ કિરામની સાથે અવાજ મિલાવીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رَضِیَ اللّٰہُ عَنْھُمَا ના આ અશ્આર (કાવ્ય પંક્તિઓ) પઢતા રહેતા હતા :–

اَفْلَحَ مَنْ یُّعَالِجُ الْمَسْجِدَا
وَیَقْرَءُ الْقُرْاٰنَ قَائِمًا وَّقَاعِدًا
وَلَایَبِیْتُ اللَّیْلَ عَنْهُ رَاقِدًا

**તર્જુમો** : એ સફળ છે જે મસ્જિદનું બાંધકામ કરે છે, અને ઉઠતાં બેસતાં કુર્આન પઢે છે અને સૂવામાં રાત પસાર કરતો નથી.
*(વફાઉલ વફા, ભાગ–૧, પેજ–૧૮૦)*

## ★ મસ્જિદુલ જુમ્આ ★

ચૌદ અથવા ચોવીસ દિવસના રોકાણ દરમ્યાન મસ્જિદે કુબાનું બાંધકામ કરીને જુમ્આના દિવસે આપ કુબાથી મદીના શહેર તરફ રવાના થયા. માર્ગમાં બની સાલિમ કબીલાની મસ્જિદમાં આપે પહેલો જુમ્ઓ પઢયો. આ એ જ મસ્જિદ છે કે જે આજ દિન સુધી મસ્જિદુલ જુમ્આના નામે મશ્હૂર છે. શહેરના લોકોને ખબર પડી ત્યારે ચારે બાજુથી લોકો લાગણીશીલ બનીને ઉત્સુકતાપૂર્વક આપના સ્વાગત (ઈસ્તિકબાલ) માટે દોડી પડયા હતા. આપના દાદા અબ્દુલ મુત્તલિબના મોસાળના સગા સંબંધીઓ "બનૂ નજ્જાર" શસ્ત્રો સજીને કુબાથી શહેર સુધી માર્ગની બંને બાજુ હરોળ બંધ મસ્તીમાં ચાલી રહ્યા હતા. માર્ગમાં આપ તમામ કબીલાઓના લોકોનો આભાર માનતા રહ્યા અને બધાને ખૈરો બરકતની





દુઆઓ દેતા ચાલ્યા જતા હતા અને શહેર નજીક પહોંચ્યા ત્યારે મદીનાવાસીઓના આનંદ અને ઉત્સાહની એ હાલત હતી કે પડદામાં રહેતી મહિલાઓ તેમના મકાનોની છત પર ચઢી જઈને આ ઈસ્તિકબાલિયા અશ્આર (સ્વાગત કરતી કાવ્ય પંક્તિઓ) પઢવા લાગી :–

**ત–લ્–અલ્ બદ્રુ અલૈના મિન ષનિય્યાતિલ વદાઈ**
**વ–જ–બશ શુક્રુ અલૈના મા–દઆ લિલ્લાહિ દાઈ**

**ભાવાર્થ** : વદાઅની ખીણમાંથી અમારા પર ચંદ્રમાનો ઉદય થઈ ગયો જ્યાં સુધી અલ્લાહથી દુઆ માંગનારાઓ દુઆ માંગતા રહે ત્યાં સુધી ખુદાનો શુક્ર અમારા પર વાજિબ છે.

**ઐયુહલ્ મબ્ઊષ ફીના જિઅ્તબિલ અમ્રિલ મુતાઈ**
**અન્ત શર્રફ–તલ્ મદીના મર્હબન યા ખૈ–ર દાઈ**

**ભાવાર્થ** : હે એવી પ્રતિષ્ઠિત વિભૂતિ ! જેને અમારામાં મબ્ઊષ કરવામાં આવ્યા, આપ એવો દીન લાવ્યા છો જે ઈતાઅત (અનુસરણ)ને પાત્ર છે. આપે મદીનાને મુર્શરફ ફર્માવ્યો આથી આપને ખુશ આમદિદ (સુસ્વાગત) છે. હે શ્રેષ્ઠ દા'વત આપનારા !

**ફલબિસ્ના ષૌ–બ યમનિન બા'દ તલ્ફીકિર્રિકાઈ**
**ફ–અલૈ કલ્લાહુ સલ્લા મા સઆ લિલ્લાહિ સાઈ**

**ભાવાર્થ** : (આપ આવ્યા ત્યારે) અમે લોકોએ યમનના વસ્ત્રો પહેર્યા જો કે આ અગાઉ અમે થીંગડ થાગડ કરીને કપડાં પહેરતા હતા. આપ પર અલ્લાહ તઆલા ત્યાં સુધી રહમતો નાઝિલ ફર્માવે જ્યાં સુધી અલ્લાહ માટે પ્રયત્નો કરનારા પ્રયત્નો કરતા રહે.

એવી જ રીતે મદીનાની નાની મા'સૂમ બાળાઓ ઝુમી ઝુમીને અને દફ વગાડી વગાડીને આ ગીત ગાતી હતી :–

**નહ્નુ જવારિમ મિમ બનિન નજ્જારિ**
**યા હબ્બઝા મુહમ્મદુમ મિન જારિ**

**ભાવાર્થ** : અમે બનૂ નજ્જારના કુળની બાળાઓ છીએ, વાહ ! કેટલું સારું થયું કે હઝરત મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم અમારા પાડોશી થઈ ગયા છે.

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાળાઓના આનંદ અને ઉત્સાહ અને તેમની વાલેહાના મહોબ્બત (અતંરમનના નિર્દોષ પ્રેમથી પ્રભાવિત થઈને પૂછયું, ''હે બાળાઓ ! શું તમે મારાથી મહોબ્બત કરો છો ?'' ત્યારે એ નિર્દોષ બાળાઓએ એકી અવાજે કહ્યું, ''જી હા !'' આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખુશ થઈને મલકાતાં ફર્માવ્યું કે, ''હું પણ તમારાથી પ્યાર કરું છું.'' *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૫૯, ૩૬૦)*

નાના નાના છોકરાઓ અને ગુલામોના ટોળે ટોળા આનંદ વિભોર થઈને મદીનાની શેરીઓમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આગમનનો ના'રો લગાડતા દોડતા ફરતા હતા, અલ્લાહના રસૂલના સહાબી હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ ફર્માવે છે કે જે ફર્હતો સુરૂર (તાજગી અને આનંદ) અને અન્વારો તજલ્લિાયત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મદીનામાં તશરીફ લાવવાના દિવસે પ્રકટ થયા. ન તો એના પહેલા ક્યારેક પ્રકટ થયા હતા ન એના પછીફ *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૫૨)*

## ★ અબૂ ઐયૂબ અન્સારીનું મકાન ★

માર્ગમાં આવતા અન્સારના તમામ કબીલાઓના લોકો અત્યંત ઉત્સાહ અને આનંદ સાથે ઊંટણીની લગામ પકડીને અરજ ગુજારતા, ''યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ અમારા ઘરોને શર્ફે નુઝૂલ એનાયત કરો ! (એટલે અમારા ઘરે ઉતારો કરો) પરંતુ આપ એ બધા જ ચાહકોને એમ જ ફર્માવતા કે મારી ઊંટણીની લગામ છોડી દો, જે કોઈ જગ્યા ખુદાને મંઝૂર હશે એ જ જગ્યાએ મારી ઊંટણી બેસી જશે. આથી જે જગ્યાએ આજે મસ્જિદે નબવી છે એની પાસે હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ નું ઘર હતું. એ જ સ્થળે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઊંટણી બેસી ગઈ અને હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ આપની પરવાનગીથી આપનો સામાન ઉપાડીને પોતાના ઘરમાં લઈ ગયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના જ મકાન પર કયામ ફર્માવ્યો (ઉતરો કર્યો). હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ એ ઉપરનો માળ આપની ખિદમતમાં પેશ કર્યો પરંતુ આપે મુલાકાતીઓની સરળતા ખાતર નીચેનો માળ પસંદ ફર્માવ્યો હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ બંને ટાઈમ આપના માટે ખાવાનું મોકલતા અને આપનું વધેલું ખાવાનું તબર્ુક





સમજીને પતિ પત્ની ખાઈ લેતાં. ભોજન કે વાનગીમાં જ્યાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આંગળીઓના નિશાન દેખાતાં બરકત મેળવવા માટે હઝરત અબૂ ઐયૂબ અન્સારી બરોબર ત્યાં જ કોળિયો ઉપાડતા અને પોતાના દરેક કોલ અને ફેઅલ (કર્મ)થી અતિશય અદબ એહતેરામ, અકીદત અને જાંનિષારી વ્યક્ત કરતા હતા. એકવાર મકાનના ઉપરના માળે પાણીનો માટલો ફૂટી ગયો. ત્યારે પાણી વહીને નીચેના માળમાં ન પહોંચી જાય એના ભયથી હઝરત અબૂ ઐયૂબ અન્સારીએ બધું જ પાણી પોતાની રજાઈ (ધાબળા)માં શોષી લીધું. ઘરમાં આ જ એક માત્ર રજાઈ હતી જે પલળી ગઈ હતી. આખી રાત બંને પતિ પત્ની સખત ટાઢમાં ધ્રુજતા રહ્યાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કણ જેટલી પણ તકલીફ થાય એ કબૂલ ન કર્યું. સાત મહિના સુધી હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ એ આ જ શાન (વૈભવ) સાથે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મિજબાનીનો શર્ફ હાંસલ કર્યો. જ્યારે મસ્જિદે નબવી અને તેની આજુબાજુના હુજરાઓ તૈયાર થઈ ગયા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુજરાઓમાં પોતાની પુનિત પત્નીઓ સાથે રહેવા લાગ્યા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૫૭)*

હિજરતનું પહેલું વર્ષ પોતાના દામનમાં જાત જાતના અને ભાત ભાતના સંખ્યાબંધ બનાવો ધરાવે છે. પરંતુ એ પૈકીના કેટલાક મોટા મોટા અને મહત્વના બનાવોનું અમે ટૂંકમાં વર્ણન કરીશું.

## ★ હઝરત અબ્દુલ્લાહ બિન સલામનું મુસલમાન થવું ★

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ મદીનામાં યહૂદીઓના સૌથી મોટા આલિમ (વિદ્વાન) હતા. ખૂદ એમનું જ નિવેદન છે કે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કાથી હિજરત ફર્માવીને મદીના તશરીફ લાવ્યા અને લોકોનાં ટોળે ટોળાં એમની ઝિયારત (દીદાર) માટે ચારે બાજુથી આવવા લાગ્યા ત્યારે હું પણ એ જ સમયે ખિદમતે અકદસમાં હાજર થયો. અને જમાલે નબુવ્વત ઉપર મારી પહેલી નજર પડતાંની સાથે જ મારું મન એ નિર્ણય ઉપર પહોંચી ગયું હતું કે આ ચહેરો કોઈ જૂઠા માણસનો હોઈ શકે જ નહીં.''

ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની વાએઝમાં આ ઈર્શાદ ફર્માવ્યો :–

હે લોકો ! સલામની ચર્ચા કરો ! ભોજન કરાવો ! અને સગાં વહાલાંઓ સાથે નમ્ર વર્તણૂક કરો અને રાત્રે જ્યારે લોકો સૂતા હોય ત્યારે તમે નમાઝ પઢો.

اَیُّھَا النَّاسُ اَفْشُوا السَّلَامَ وَ اَطْعِمُوا الطَّعَامَ وَ صِلُوا الْاَرْحَامَ وَ صَلُّوْا بِاللَّیْلِ وَالنَّاسُ نِیَامٌ۔

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એક નજરે જોયા અને આપના આ ચાર બોલ મારા કાને પડયા ત્યારે હું એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે મારા દિલની દુનિયા જ બદલાઈ ગઈ. અને હું ઈસ્લામથી મુશર્રફ થઈ ગયો. હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ નું ઈસ્લામના દામનમાં આવી જવું આ એટલી બધી મહત્વની ઘટના હતી કે એનાથી મદીનાના યહૂદીઓમાં ખળભળાટ મચી ગયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૬, બુખારી શરીફ વગેરે)*

## ★ હુઝૂરના કુટુંબીજનો મદીનામાં ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હજી હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ ના મકાનમાં જ તશરીફ ફર્મા હતા. આપે પોતાના ગુલામ હઝરત ઝૈદ બિન હારિષા અને હઝરત અબૂ રાફેઅ્ رَضِیَ اللّٰہُ عَنْهُمَا ને પાંચસો દિરહમ અને બે ઊંટ આપીને મક્કા મોકલ્યા જેથી આ બંને સાહેબો પોતાની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કુટુંબીજનોને મદીના લાવે. આથી આ બંને જણાએ જઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બે પુત્રીઓ હઝરત ફાતિમા رضی اللہ عنہا અને હઝરત ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا અને આપનાં ઝૌજએ મુતહ્હરા (પુનિત પત્ની) ઉમ્મુલ મો'મિનીન હઝરત બીબી સૌદા رضی اللہ عنہا અને હઝરત ઉસામા બિન ઝૈદ અને હઝરત ઉમ્મે ઐમન رضی اللہ عنہا ને મદીના લઈ આવ્યા. આપનાં પુત્રી હઝરત ઝૈનબ رضی اللہ عنہا ન આવી શક્યાં કારણ કે તેમના પતિ હઝરત અબુલ આસ બિન રબીઅ رضی اللہ عنہ એ તેમને મક્કામાં જ રોકી લીધાં. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક પુત્રી હઝરત બીબી રુકૈયા પોતાના પતિ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સાથે મક્કામાં હતાં. એમની સાથે જ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના સુપુત્ર હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ પણ પોતાના બધા જ કુટુંબીજનોને





સાથે લઈને મક્કાથી મદીના આવી ગયા એમાં હઝરત બીબી આઈશા رضی اللہ عنہا પણ હતાં. આ બધા લોકો મદીના આવીને પહેલાં હઝરત હારિસા બિન નોઅ્માન رضی اللہ عنہ ઘરે રોકાયા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૭)*

## ★ મસ્જિદે નબવીનું બાંધકામ ★

જ્યાં મુસલમાનો જમાઅત સાથે નમાઝ પઢી શકે તેવી કોઈ જગ્યા મદીનામાં ન હતી. આથી મસ્જિદ નિર્માણની તાતી જરૂર હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની કયામગાહ (ઉતારા) નજીક જ "બનૂ નજ્જાર"નો એક બગીચો હતો. આપે મસ્જિદ બાંધવા માટે એ બગીચો કિંમત આપીને ખરીદવાનો ઈરાદો કર્યો ત્યારે તે લોકોએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે ખુદા પાસેથી એની કિંમત (બદલો અને સવાબ) લઈશું ! અમે કહીને એ લોકોએ આ જમીન બાંધવા માટે વિના મૂલ્યે જ અર્પણ કરી દીધી. પરંતુ વાસ્તવમાં એ જમીન બે યતીમ (અનાથ) બાળકોની હતી આથી આપે એ બંને યતીમ બાળકોને બોલાવ્યાં. એ યતીમ બાળકો પણ જમીન મસ્જિદ માટે અર્પણ કરવા માગતા હતા પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પસંદ ફર્માવ્યું નહીં. આથી હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના માલમાંથી એની કિંમત ચૂકવી દીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૮)*

એ જમીનમાં કેટલાંક વૃક્ષો કેટલાક ખંડેરો અને મુશ્રિકોની કેટલીક કબરો હતી. આપે વૃક્ષો કાપી નાખવાનો અને મુશ્રિકોની કબરો ખોદીને ફેંકી દેવાનો હુકમ આપ્યો. ત્યારબાદ જમીન સમતલ કરાવીને આપ صلی اللہ تعالیٰ علیہ وسلمએ જાતે જ પોતાના દસ્તે મુબારકથી (પવિત્ર હાથે) મસ્જિદનો પાયો નાખ્યો હતો અને કાચી ઈંટોની દીવાલ અને ખજૂરના થડના થાંભલા પર ખજૂરના પાનની છત બનાવી જે વરસાદમાં ટપકતી હતી. એ મસ્જિદના બાંધકામમાં સહાબાએ કિરામની સાથે ખૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمપણ ઈંટો ઉપાડી ઉપાડીને લાવતા હતા અને સહાબાએ કિરામનો ઉત્સાહ વધારવા માટે એમની સાથે અવાજ મિલાવીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રજઝ (યુદ્ધ ગીત)નો આ શેઅર પઢતા જતા હતા :–

અલ્લા હુમ્મ લાખૈર ઈલ્લા ખૈરુલ્ આખિરહ્
ફગ્ફિરિલ્ અન્સાર વલ્ મુહાજિરહ્

હે અલ્લાહ ! ભલાઈ તો માત્ર આખિરતની જ ભલાઈ છે, આથી હે અલ્લાહ ! તું અન્સાર અને મુહાજિરીનને બખ્શી દે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૬૧)*

આ જ મસ્જિદનું નામ મસ્જિદે નબવી છે. આ મસ્જિદ દરેક પ્રકારના દુનિયાવી તલ્લુફાત (ટીપ ટાપ)થી પાક અને ઈસ્લામની સાદગીની સાચી અને ખરી તસવીર છે. એ મસ્જિદની પહેલી ઈમારત ૬૦ (સાઈઠ) વાર પહોળી હતી અને એનો કિબ્લો બૈતુલ મુકદસ તરફ બનાવવામાં આવ્યો હતો. પરંતુ જ્યારે કિબ્લો તબદીલ થઈને કા'બા તરફ થઈ ગયો ત્યારે મસ્જિદની ઉત્તર બાજુ એક નવો દરવાજો તૈયાર કરવામાં આવ્યો ત્યાર પછી વિવિધ જમાનાઓમાં મસ્જિદે નબવીનું નવીનીકરણ અને વિસ્તરણ થતું રહ્યું.

મસ્જિદના એક કિનારે એક ચબૂતરો હતો જેના પર ખજૂરના પાનથી છત બનાવવામાં આવી હતી. આ જ ચબૂતરાનું નામ "સુફ્ફા" છે. જે સહાબા ઘરબાર વિનાના હતા તેઓ આ જ ચબૂતરા ઉપર સૂતા બેસતા હતા અને આજ લોકો "અસ્હાબે સુફ્ફા" કહેવાતા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૬૯ અને બુખારી શરીફ)*

## ★ નબીની પુનિત પત્નીઓ મકાનો ★

મસ્જિદે નબવીની લગોલગ આપે પુનિત પત્નીઓ (અઝવાજે મુતહ્હિરાત) માટે હુજરા (ઓરડા) બનાવડાવ્યા હતા. એ વખતે હઝરત બીબી સૌદા અને હઝરત આઈશા رضی اللہ عنہن નિકાહમાં હતાં. આથી બે જ મકાન તૈયાર કરાવેલાં અને જેમ જેમ બીજી પુનિત પત્નીઓ આવતી ગઈ તેમ તેમ બીજાં મકાનો બનતાં ગયાં. આ મકાનો પણ અત્યંત સાદગી સાથે બનાવવામાં આવ્યાં. આ દસ દસ હાથ લાંબાં છ છ કે સાત સાત હાથ પહોળા, કાચી ઈંટોની દીવાલો, ખજૂરના પાનની છત એ પણ એટલી નીચી કે માણસ ઊભો થઈ છતને અડકી શક્તો, બારણાઓમાં કમાડ સુદ્ધાંય ન હતાં, કમ્બલ કે ટાટના પડદા પડેલા રહેતા હતા.

અલ્લાહુ અકબર ! આ છે શહેનશાહે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો





કાશાનએ નબુવ્વત જેની આસ્તાના બોસી અને દરબાની જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام માટે સઆદતની મૂડી અને ગૌરવપાત્ર હતી.

અલ્લાહ ! અલ્લાહ ! એ શહેનશાહે કૌનેન જેમને સૃષ્ટિના સર્જનહારે પોતાના મેહમાન બનાવીને અર્શે આ'ઝમ પર મસ્નદ નશીન બનાવ્યા અને જેમના શિરે પોતાની મહબૂબિયતનો તાજ પહેરાવ્યો અને જમીનના ખજાનાની ચાવીઓ જેમના હાથોમાં અતા ફર્માવી દીધી. અને જેમને સમગ્ર સૃષ્ટિમાં જાત જાતના તસર્રુફાતના મુખ્તાર બનાવી દીધા, જેમની જીભે અદા થતો દરેક ફર્માન કુન (થઈ જા)ની ચાવી, જેમની નિગાહે કરમના એક ઈશારાએ જેમના હાથમાં ઊંટોની લગામ રહેતી હતી તેમના હાથમાં વિ□ભરની કોમોની લગામ એનાયત કરી દીધી.

અલ્લાહુ અકબર ! રિસાલતના એ તાજદાર જેઓ બંને આલમ (દારૈન)ના સુલ્તાન અને કૌનેનના શહેનશાહ છે, એમની હરમસરા (બીબીઓના રહેઠાણ)ની આવી સ્થિતિ ? હે સૂરજ ! બોલ ! હે ચાંદ ! બતાવ ! કે તમે બંને જણાએ આ પૃથ્વીની અસંખ્ય વાર પ્રદક્ષિણા કરી છે, પરંતુ શું તમારી આંખોએ આવી સાદગીનું કોઈ દશ્ય બીજે ક્યાંય અને ક્યારે પણ જોયું છે ખરું ?

## ★ મુહાજિરોનાં ઘર ★

પોતાનું સર્વસ્વ મક્કામાં મૂકીને મદીના હિજરત કરી ગયેલા મુહાજિરોના રહેવા માટે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મસ્જિદે નબવી નજીક વ્યવસ્થા કરી હતી. અન્સારે બહુ મોટો ત્યાગ આપીને મુક્ત મને પોતાના મુહાજિર ભાઈઓ માટે પોતાનાં મકાનો અને જમીનો ફાળવી આપી એટલું નહીં પણ મકાનોના બાંધકામ માટે પણ દરેક પ્રકારની સહાય પૂરી પાડી, જેથી મુહાજિરોના પુનઃવસવાટનું કામ અત્યંત સરળ બની ગયું હતું.

સૌથી પહેલાં જે અન્સારીએ પોતાનું મકાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ભેટ રૂપે રજુ કર્યું એ ખુશનસીબનું નામ હઝરત હારિષા બિન નોઅ્માન છે. જેનાથી હુઝૂરના પુનિત પત્નીઓનાં મકાનો હઝરત હારિષા બિન નોઅ્માનની જમીનમાં બનાવવામાં આવ્યા હતા. (رضی اللہ عنہ)

## ★ હઝરત આઈશાની રુખ્સતી (વિદાઈ) ★

હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નિકાહ તો હિજરત પહેલાં જ મક્કામાં થઈ ચૂક્યો હતો પરંતુ એમની રુખ્સતી (વિદાઈ) હિજરતના પહેલાં જ વર્ષે મદીનામાં થઈ હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ દૂધના એક પ્યાલાથી લોકોની દા'વતે વલીમા ફર્માવી હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૭૦)*

## ★ અઝાનની શરૂઆત ★

મસ્જિદે નબવીનું બાંધકામ તો પૂરું થઈ ગયું પરંતું નમાઝ વખતે લોકોને એકઠા કરવા માટેનું બીજું કોઈ જ માધ્યમ ન હતું કે જેથી જમાઅત સાથે નમાઝની વ્યવસ્થા થઈ શક્તી, આ સંદર્ભમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામ સાથે મસલત કરી. કેટલાકે નમાઝ વખતે આગ બાળવાની સલાહ આપી તો વળી કેટલાકે નાકૂસ (શંખ) વગાડવા સૂચન કર્યુ પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ બિન મુસ્લિમ પદ્ધતિઓ પસંદ ન કરી. હઝરત ઉમર رضی اللہ عنہ એ એવું સૂચન કર્યું કે દરેક નમાઝ વખતે કોઈ માણસને મોકલવામાં આવે જે સમગ્ર મુસ્લિમ વસ્તીમાં નમાઝનુ એ'લાન કરી દે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ સૂચન ગમ્યું અને હઝરત બિલાલ رضی اللہ عنہ ને હુકમ ફર્માવ્યો કે તેઓ નમાઝો વખતે લોકોને પોકાર્યા કરે. આથી તેઓ "અસ્સલાતુ જામિઅતુન" કહીને પાંચેય નમાઝ વખતે એલાન કર્યા કરતા હતા. આ દરમ્યાન એક સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ અન્સારી رضی اللہ عنہ એ ખ્વાબમાં જોયું કે કોઈ શરઈ અઝાનના શબ્દો સંભળાવી રહ્યો છે. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત ઉમર અને બીજા સહાબા رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ ને પણ આવા જ ખ્વાબ (સ્વપ્નાં) દેખાયાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તરફથી સમજીને સ્વીકારી લીધું અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝૈદ رضی اللہ عنہ ને હુકમ કર્યો કે તમે બિલાલને અઝાનના શબ્દો શીખવાડી દો કારણ કે એમનો અવાજ તમારા કરતાં વધુ બુલંદ છે. આમ એ જ દિવસથી અઝાનની શરઈ રીતે શરૂ થઈ જે આજે પણ ચાલુ છે અને કયામત સુધી ચાલુ જ રહેશે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ-૧, પેજ-૩૭૬ અને બુખારી)*





## ★ અન્સાર અને મુહાજિર ભાઈ ! ભાઈ ! ★

મુહાજિરો પોતાના સગા સંબંધીઓને છોડીને એકદમ ખાલી હાથે મદીના આવ્યા હતા. આથી પરદેશમાં મુફલિસીની સાથે સાથે ભય એકલતા આપ્તજનોની જુદાઈના આઘાતનો તેઓ અનુભવ કરતા હતા. એમાં કોઈ શંકા નથી કે અન્સારે એ મુહાજિરોની મેહમાન નવાજી અને દિલજૂઈમાં (દિલ ખુશ કરવામાં) કોઈ કસર બાકી છોડી ન હતી. તેમ છતાં મુહાજિરો વધુ લાંબા સમય સુધી પારકા સહારે જીવન વિતાવવાનું પસંદ કરતા ન હતા કારણ કે તેઓ હમેશાં પોતાની મેહનતની કમાણી ખાવાની ટેવ ધરાવતા હતા. આથી મુહાજિરોની ચિંતા દૂર  કરવાની અને તેમને કાયમી ધંધો રોજગાર ઉપ્લબ્ધ કરાવવાની તાતી જરૂરિયાત હતી. આથી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વિચાર કર્યો કે અન્સાર અને મુહાજિરીનમાં ભાઈચારો સ્થાપીને તેમને ભાઈ ભાઈ બનાવી દેવામાં આવે, જેથી મુહાજિરોના મનમાંથી પોતાની એકલતા અને વિવશતાની લાગણી દૂર થઈ જાય અને તેઓ પરસ્પર એકબીજાના સહાયક બની જાય જેથી મુહાજિરોના ધંધા રોજગારનો પ્રશ્ન પણ ઉકેલાઈ જાય. આથી મસ્જિદે નબવીના બાંધકામ બાદ એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ના મકાનમાં અન્સાર અને મુહાજિરોને એકઠા કર્યા હતા. એ વખતે મુહાજિરોની સંખ્યા ૪૫ કે ૫૦ જેટલી હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સારને સંબોધતાં ફર્માવ્યું કે, "આ મુહાજિરો તમારા ભાઈ છે !" ત્યારબાદ મુહાજિરીન અને અન્સારમાંથી બે બે વ્યક્તિઓને બોલાવીને ફર્માવતા ગયા, "આ અને તમે ભાઈ છો." આપના ઈર્શાદ ફર્માવવાની સાથે ભાઈચારાનો આ સંબંધ એકદમ સગાભાઈ જેવો સંબંધ બની ગયો જેથી અન્સાર મુહાજિરોને પોતાના સાથે ઘરે લઈ ગયા અને પોતાના ઘરની એકે એક વસ્તુ લાવીને સામે મૂકી દીધી અને કહ્યું કે આપ મારા ભાઈ છો આથી સમગ્ર ઘરવખરીમાંથી અડધો ભાગ અમારો અને અડધો તમારો. મિલ્કતોની વહેંચણી એટલી હદ સુધી થઈ કે હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ મુહાજિરના ભાઈ ઠરેલા હઝરત સઅદ બિન રબીઅ رضی اللہ عنہ ની બે પત્નીઓ હતી. હઝરત સઅદ બિન رضی اللہ عنہ એ હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ને કહ્યું કે મારી એક પત્ની જેને આપ પસંદ કરો હું તેને

તલાક આપી દઉં અને આપ તેનાથી નિકાહ કરી લો. હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ એ આભાર વ્યક્ત કરતાં એમ કહી દીધું કે અલ્લાહ તઆલા આ બધી માલમત્તા અને પત્નીઓ આપને મુબારક ફર્માવે, મને તો આપ બજારનો રસ્તો બતાવી દો. એમણે મદીનાના સુવિખ્યાત બજાર "કૈનુકાઅ"નો રસ્તો બતાવી દીધો. હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ બજાર ગયા અને થોડુંક ઘી અને પનીર ખરીદીને સાંજ સુધી વેચતા રહ્યા. એવી જ રીતે દરરોજ તેઓ બજાર જતા અને થોડાક જ સમયમાં તેઓ ખાસા માલદાર બની ગયા. અને તેમની પાસે એટલું બધું ધન એકત્ર થઈ ગયું કે તેમણે લગ્ન કરી પોતાનું ઘર વસાવી લીધું. જ્યારે તેઓ બારગાહે રિસાલતમાં હાજર થયા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું કે તમે તમારી પત્નીને કેટલું મહેર ચૂકવ્યું ? અરજ ગુજારી કે પાંચ દિરહમ જેટલું સોનુ. ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ તઆલા તમને બરકતો અતા ફર્માવે !" તમે દા'વતે વલીમા કરો પછી ભલે ને (તેમાં) એક જ બકરી હોય. *(બુખારી શરીફ, બાબુલ વલીમા, ભાગ–૨, પેજ–૭૭૭)*

અને ધીમે ધીમે તો હઝરત અબ્દુર્રહ્માન رضی اللہ عنہ ના વેપારમાં એટલી બરકત અને પ્રગતિ થઈ કે ખૂદ તેઓનો કૌલ છે કે, "હું માટીને અડકું છું તો એ પણ સોનું બની જાય છે !" રિવાયત છે કે એમના વેપારનો માલ સામાન સો (૧૦૦) ઊંટો પર લદાઈને આવતો અને જે દિવસે મદીનામાં એમનો માલ પહોંચતો આખા શહેરમાં ધૂમ મચી જતી. *(અસદુલ ગાબહ, ભાગ–૩, પેજ–૩૧૪)*

હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ની જેમ જ અન્ય મુહાજિરોએ પણ તેમની દુકાનો ખોલી લીધી. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ કાપડનો વેપાર કરતા હતા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ "કૈનુકાઅ"ના બજારમાં ખજૂરોનો વેપાર કરવા લાગ્યા. એવી જ રીતે હઝરત ઉમર رضی اللہ عنہ પણ વેપારમાં વ્યસ્ત બની ગયા હતા. બીજા મુહાજિરોએ પણ નાના મોટા વેપારો શરૂ કરી દીધા હતા. મુહાજિર માટે અન્સારના ઘર કાયમી મેહમાન ખાનાં હતાં તેમ છતાં મુહાજિરો વધુ દિવસો સુધી અન્સાર ઉપર બોજ બન્યા નહીં, બલ્કે પોતાની મહેનત અને અથાગ પ્રયત્નોથી ટૂંક સમયમાં સ્વાવલંબી બની ગયા.





ઈસ્લામના સુવિખ્યાત ઈતિહાસકાર હઝરત અલ્લામા ઈબ્ને અબ્દુલબર્ર علیہ رحمۃ اللہ الرضوان નો કૌલ છે કે ભાઈચારાનો આ કરાર (અકદે મુવાખાત) તો અન્સાર અને મુહાજિરો દરમ્યાન થયો હતો પરંતુ ભાઈચારાનો એક ખાસ સંબંધ (અકદે મુવાખાત) મુહાજિરો વચ્ચે પણ સ્થપાયો હતો જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક મુહાજિરને બીજા મુહાજિરનો ભાઈ બનાવી દીધો હતો. આમ હઝરત અબૂબક્ર, હઝરત ઉમર, હઝરત તલ્હા, હઝરત ઝુબૈર, હઝરત ઉષ્માન, હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضوان اللہ تعالیٰ علیہم اجمعین દરમ્યાન જ્યારે ભાઈચારો સ્થપાઈ ગયો ત્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ દરબારે રિસાલતમાં અરજ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! આપે પોતાના સહાબીઓને એક બીજાના ભાઈ બનાવી દીધા પરંતુ મને આપે કોઈનો ભાઈ બનાવ્યો નથી ! છેવટે મારો ભાઈ કોણ ? ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે **"અન્ત અખી ફિદ–દુન્યા વલ્ આખિરહ"** એટલે તમે દુનિયા અને આખિરતમાં મારા ભાઈ છો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૧)*

## ★ યહૂદીઓ સાથે કરાર ★

મદીનામાં અન્સાર ઉપરાંત યહૂદીઓ પણ વસતા હતા. એ યહૂદીઓના ત્રણ કબીલાઓ : બનૂ કૈનુકાઅ, બનૂ નુઝૈર અને બનૈ કુરૈઝાનો મદીનાની આજુબાજુ વસવાટ હતો. અત્યંત મજબૂત મહેલો અને કિલ્લાઓ બનાવીને તેઓ રહેતા હતા. હિજરત પહેલાં યહૂદીઓ અને અન્સારમાં હમેશાં વાદવિવાદ રહ્યા કરતો હતો અને એ વિવાદ હજી પણ ચાલુ જ હતો. અને અન્સારના બંને કબીલા અવસ અને ખઝરજ અત્યંત નબળા પડી ચૂક્યા હતા કારણ કે "બુસાઅ" નામના સુપ્રસિદ્ધ યુદ્ધમાં એ બંને કબીલાના મોટા મોટા સરદાર અને નામાંક્તિ વીરો અંદરો અંદર લડી લડીને કત્લ થઈ ચૂક્યા હતા અને યહૂદીઓ અન્સારના બંને કબીલાઓ હમેશાં અંદરો અંદર લડતા જ રહે તે માટે જાત જાતની યુક્તિઓ કરતા રહેતા. અને એ બંને કબીલા ક્યારે પણ સંગઠિત ન બને તે માટે હમેશાં પ્રયત્નશીલ રહેતા હતા. આ કારણોસર હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ યહૂદીઓ અને મુસલમાનોના આગામી સબંધો વિશે એક સંધિની જરૂરિયાત

મહસૂસ કરી જેથી બંને પક્ષો સુખ શાંતિથી રહી શકે અને પરસ્પર કોઈ અથડામણ કે ઘર્ષણ ઊભુ ન થાય. આથી આપે અન્સાર અને યહૂદીઓને બોલાવીને સંધિનો એક દસ્તાવેજ તૈયાર કરાવડાવ્યો જેના પર બંને પક્ષના હસ્તાક્ષર થઈ ગયા.

એ સંધિની કલમોનો ખુલાસો નીચે પ્રમાણે છે :–

૧. ખૂંબહા (જાનના બદલામાં જે માલ ચૂકવવામાં આવે છે તે) અને ફિદિયા (કેદીની મુક્તિ માટે વળતર પેટે ચૂકવવામાં આવતી રકમ)ની જે પદ્ધતિ અગાઉથી ચાલી આવી છે તે હવે પણ ચાલુ રહેશે.

૨. યહૂદીઓને ધાર્મિક સ્વાતંત્ર્ય પ્રાપ્ત રહેશે, તેમના ધાર્મિક રીત રિવાજોમાં દખલ કરવામાં નહીં આવે.

૩. યહૂદીઓ અને મુસલમાનો પરસ્પર એકબીજાની સાથે મૈત્રીપૂર્ણ વર્તણૂક કરશે.

૪. યહૂદીઓ અથવા મુસલમાનોને જો અન્ય કોઈની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવી પડશે ત્યારે એક પક્ષકાર બીજાની સહાય કરશે.

૫. જો મદીના ઉપર કોઈ હુમલો કરે ત્યારે બંને પક્ષકારો સાથે મળીને આક્રમણકારનો મુકાબલો કરશે.

૬. કોઈપણ પક્ષકાર કુરૈશ અને તેમના સહાયકોને આશ્રય નહીં આપે.

૭. કોઈ દુશ્મન સાથે જો એક પક્ષકાર સુલેહની સમજૂતી કરશે ત્યારે બીજો પણ એ સંધિમાં જોડાશે પરંતુ ધર્મ યુદ્ધો બાકાત રહેશે.

*(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૪, પેજ–૫૦૧, ૫૦૨)*

## ★ મદીના માટે દુઆ ★

મદીનાની આબોહવા સારી ન હોવાથી ત્યાં જાતજાતનો રોગચાળો ફેલાતો રહેતો હતો આથી સંખ્યાબંધ મુહાજિરો માંદા રહેવા લાગ્યા. હઝરત અબૂબક્ર અને હઝરત બિલાલ رضی اللہ تعالی عنہما ટાઢ સાથે આવતા તાવમાં સપડાઈને માંદા પડી ગયા અને તાવની વ્યગ્રતામાં એ લોકો પોતાના વતન મક્કાને યાદ કરીને મક્કાના કાફિરો ઉપર ફિટકાર વરસાવવા લાગ્યા અને મક્કાની પહાડીઓ અને ખીણોની જુદાઈમાં કાવ્ય પંક્તિઓ પઢવા લાગ્યા.





હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ એ પ્રસંગે આ દુઆ ફર્માવી કે, "યા અલ્લાહ ! અમારા દિલોમાં મદીનાની એવી જ મહોબ્બત પેદા કરી દે જેવી મક્કાની મહોબ્બત છે, બલ્કે એનાથી પણ વધુ અને મદીનાની આબોહવા આરોગ્યપ્રદ બનાવી દે, અને મદીનાના સાઅ અને મુદ (તોલમાપનાં વાસણો)માં ખૈરો બરકત અતા ફર્માવ. અને મદીનાનો તાવ "જોહફા" તરફ ફેરવી દે. *(મદારિજ, ભાગ–૨, પેજ–૭૦, બુખારી શરીફ)*

## ★ હઝરત સલ્માન ફારસી મુસલમાન બની ગયા ★

હિ. સ. ૧ ના બનાવોમાં હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ ના ઈસ્લામનો બનાવ પણ ખૂબ જ અગત્યનો છે. તેઓ ઈરાન (ફારસ)ના વતની હતા. એમના બાપદાદા જ નહીં બલ્કે એમના દેશની સમગ્ર વસ્તીના લોકો અગ્નિપૂજક એટલે કે પારસી હતા. તેઓ (હઝરત સલ્માન) પોતાના પૈતૃક ધર્મથી કંટાળીને દીને હક્ક (સત્યધર્મ)ની શોધમાં પોતાના વતનથી નીકળ્યા હતા પરંતુ ડાકૂઓએ તેમને પકડી લઈને ગુલામ બનાવી લીધા હતા ત્યારબાદ એમની વેચી નાખ્યા હતા. આમ તેઓ અનેકવાર વેચાતા રહ્યા અને જુદા જુદા લોકોની ગુલામીમાં રહ્યા. આવી જ રીતે તેઓ મદીના પહોંચ્યા. થોડાક દિવસો સુધી ખ્રિસ્તી બનીને ત્યાં રહ્યા અને યહૂદીઓ સાથે પણ સંબંધો રાખતા રહ્યા આમ તેમને તૌરૈત (જૂના કરાર) અને ઈન્જીલ (નવા કરાર)નું સારું એવું જ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હતું. તેઓ હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ની બારગાહે રિસાલતમાં હાજર થયા ત્યારે પહેલા દિવસે તાજી ખજૂરોથી ભરેલો એક થાળ ખિદમતે અકદસ (સેવા)માં પેશ કરીને કહ્યું કે આ "સદકો" છે. હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ ફર્માવ્યું કે આને અમારી સામેથી ઉપાડીને ફકીર અને મિસ્કીનોને આપી દો કારણ કે હું "સદકો" નથી ખાતો. પછી બીજા દિવસે ખજૂરોનો થાળ લઈને ફરી પહોંચ્યો અને અરજ ગુજારી કે "આ હદિયો" છે કહી સામે મૂકી દીધું ત્યારે હુઝૂર رضی اللہ عنہ એ સહાબાને હાથ લંબાવવાનો ઈશારો કર્યો અને પોતે પણ ખજૂર ખાઈ લીધી. આ દરમ્યાનમાં હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ એ આપના બંને ખભાની વચ્ચે નજર કરીને "મોહરે નબુવ્વત" જોઈ લીધી. તેઓ તૌરાત (જૂના કરાર) અને ઈન્જીલ (નવા કરાર)માં અંતિમ નબીની નિશાનીઓ વિશે વાંચી ચૂક્યા

હતા આથી તેમણે તરત જ ઈસ્લામ સ્વીકાર કરી લીધો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૭૧)*

## ★ નમાઝોની રકાતમાં વધારો ★

અત્યાર સુધી ફર્ઝ નમાઝોમાં માત્ર બે જ રકા'તો હતી પરંતુ હિજરતના પહેલા જ વર્ષે જ્યારે હુઝૂર ﷺ મદીના તશરીફ લાવ્યા ત્યારે ઝોહર, અસર અને ઈશામાં ચાર ચાર રકા'તો ફર્ઝ થઈ ગઈ હતી. પરંતુ મુસાફરીમાં હજીયે બે જ રકા'તો જળવાઈ રહી. આને જ મુસાફરીની સ્થિતિમાં નમાઝોમાં "કસ્ર" કહે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૭૧)*

## ★ ત્રણ જાંનિષારોની વફાત ★

આ વર્ષે સહાબાએ કિરામમાંથી ત્રણ અત્યંત શાનદાર અને જાંનિષાર વ્યક્તિઓની વફાત થઈ જેઓ હકીકતમાં ઈસ્લામના જાંનિષાર અને બહુ જ મોટા સહાયક હતા.

**પહેલા** : હઝરત કુલ્ષૂમ બિન હિદ્મ رضی اللہ عنہ મદીનાના એવા સદ્નસીબ છે કે હુઝૂર ﷺ જ્યારે હિજરત કરીને "કુબા" તશરીફ લાવ્યા ત્યારે સૌથી પહેલા એમના જ મકાનમાં ઉતારો કર્યો હતો અને મોટા મોટા મુહાજિર સહાબીઓ પણ એમના જ મકાનમાં ઉતર્યા હતા. અને તેમણે બંને જહાનના સરદાર ﷺ ને પોતાના ઘરમાં મેહમાન બનાવીને એવી મિજબાની અન મેહમાન નવાઝી કરી હતી કે કયામત સુધી રિસાલતના ઈતિહાસમાં એમનું નામ આકાશી તારાઓની જેમ ચમકતું રહેશે.

**બીજા** : હઝરત બરાઅ બિન મઅરૂર અન્સારી رضی اللہ عنہ એવી વ્યક્તિ છે કે જેમણે "અકબાની બીજી બૈઅત" વખતે સૌથી પહેલાં હુઝૂર ﷺ ના દસ્તે હક્ક પરસ્ત પર બૈઅત કરી અને તેઓ પોતાના કબીલા ખઝ્રજના સરદારોમાંથી હતા.

**ત્રીજા** : હઝરત અસ્અદ બિન ઝુરારહ્ અન્સારી رضی اللہ عنہ તેઓ અકબાની પહેલી અને બીજી બંને બૈઅતોમાં શામેલ હતા. અને તેઓ એવી પહેલી વ્યક્તિ છે જેમણે મદીનામાં ઈસ્લામનો ડંકો વગાડયો અને દરેક ઘરમાં ઈસ્લામનો સંદેશો પહોંચાડયો.





જ્યારે ઉપરોક્ત ત્રણે અગ્રણી અને સન્માનિત સહાબાની વફાત થઈ ત્યારે મુનાફિકો અને યહૂદીઓએ એની ખુશી મનાવી અને હુઝૂર ﷺ ને મહેણા મારવાનું શરૂ કર્યું કે જો તેઓ પયગંબર હોત તો અલ્લાહ તઆલા તેમને આવા આઘાત કેમ પહોંચાડતો ? ખુદાની શાન તો જુઓ કે એ જ જમાનામાં કાફિરોના બે બહુ જ મોટા મોટા સરદારો મરી ગયાં. એક આસ બિન વાઈલ સહમી કે જે હુઝૂરના સહાબી અને મિસ્ર (ઈજીપ્ત)ના વિજેતા હઝરત અમ્ર બિન અલ્ આસનો પિતા હતો, બીજો વલીદ બિન મુગીરહ્ કે જે હઝરત ખાલિદ સૈફુલ્લાહ સહાબીએ રસૂલનો બાપ હતો.

રિવાયત છે કે "વલીદ બિન મુગીરહ પોતાની અંતિમ ક્ષણોમાં જાન નીકળતી વેળાએ અત્યંત વ્યાકુળ બની તરફડવા લાગ્યો એટલું જ નહીં પણ બેચેન બની રડવા લાગ્યો અને ફરિયાદ કરવા લાગ્યો. ત્યારે અબૂ જહલે પૂછયું કે, "કાકા ! તમારી આ વ્યાકુળતા અને રોક્કળ પાછળ શું કારણ છે ? ત્યારે વલીદ બિન મુગીરહ બોલ્યો કે હે મારા ભત્રીજા ! હું એટલા માટે બેચેન થઈ રડી રહ્યો છું કે મને હવે એ ભય છે કે મારા પછી મક્કામાં મુહમ્મદ ﷺ નો દીન ફેલાઈ જશે. આ સાંભળીને અબૂ સુફયાને તેનું સાંત્વન આપ્યું અને કહ્યું કે, "કાકા તમે હરગિઝ ! હરગિઝ એ વાતનો ગમ ન કરશો. હું જામિન થાઉં છું કે હું મક્કામાં દીને ઈસ્લામનો ફેલાવો થવા નહીં દઉં ! આથી અબૂ સુફયાન પોતાના આ વચન પર એવી રીતે ટકી રહ્યા કે મક્કા ઉપર ઈસ્લામના વિજય સુધી તેઓ ઈસ્લામ વિરૂદ્ધ જંગ કરતા રહ્યા પરંતુ ફત્હે મક્કાના દિવસે જ તેમણે ઈસ્લામ કબૂલ કરી લીધો. ત્યાર પછી એવા સાચા અને પાકા મુસલમાન બની ગયા કે ઈસ્લામની મદદ અને હિમાયતમાં જિંદગીભર યુદ્ધ કરતા રહ્યા અને એ જ જેહાદો (યુદ્ધ)માં કાફિરોના બાણથી એમની આંખો ઘાયલ થઈ ગઈ હતી અને એમની આંખોની રોશની જતી રહી હતી. આ એ જ હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ છે જેમના સપૂત હઝરત અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૭૩)*

આ જ વર્ષે સન : ૧ માં હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ નો જન્મ થયો. હિજરત પછી મુહાજિરોને ત્યાં જે સૌથી પહેલું બાળક જન્મ્યું તે આ જ હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما છે. એમના

વાલેદા (માતા) હઝરત અસ્મા કે જેઓ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના સાહેબઝાદી (સુપુત્રી) છે જન્મતાંની સાથે જ એમને લઈને બારગાહે રિસાલતમાં હાજર થયાં. હુઝૂર સૈયદે صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પોતાના ખોળામાં બેસાડીને ખજૂર ચાવીને એમના મોંમાં નાખી દીધી, આમ સૌથી પહેલું ખોરાક જે એમના પેટમાં પહોંચ્યું એ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો લુઆબે દહન (પવિત્ર થૂંક) હતો. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ ના જન્મથી મુસલમાનોને અત્યંત ખુશી થઈ એટલા માટે મદીનાના યહૂદીઓ એમ કહેતા હતા કે અમે લોકોએ મુહાજિરો ઉપર કંઈક એવો જાદૂ કરી દીધો છે કે હવે એમને ત્યાં કોઈ જ બાળકનો જન્મ નહીં થાય. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૪૬૦ અને ઈકમાલ)*


## અણમોલ કિતાબ મંગાવો !

**કિતાબ** : **ઈસ્લામમાં મ્યુઝિક તથા તા'ઝીમી સિજદો હરામ !** *(પેજીસ : ૩૫૬, તોહફાએ નજાત, ભાગ–૧૦)*

**લેખક** : ફખ્રે ગુજરાત હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨,

**હદિયો** : ૫૦ રૂ. (૫ રૂ. ટપાલ ખર્ચ)

અલ્લાહ તથા રસૂલ તથા ઔલિયાની શાનમાં શેઅરો પઢવા એ ઝિક્રુલ્લાહ જ છે તથા રબની ઈબાદત જ છે અને ઈબાદતમાં કોઈ હરામ ચીજનો ઉપયોગ કદી હોઈ શક્તો જ નથી. **મ્યુઝિક ઈસ્લામમાં હરામ** છે અને તેની સાથે થતી મેહફિલો હરામ છે. આ શરીઅતના કાનૂનને સમજાવવા માટે કુર્આન, હદીષ, ઉલ્માના કથનો થકી તથા વાંધાઓ અને તેના જવાબો રજુ કરીને આટલી સ્પષ્ટતાપૂર્વક કોઈ કિતાબ અમારા જોવામાં નથી આવી. જે હઠધર્મીથી પર રહી ખુદાના ખૌફ સાથે આ કિતાબનો અભ્યાસ કરશે તે જરૂર હક્ક સમજીને હિદાયત પામશે. એ જ પ્રમાણે **ગૈરે ખુદા માટે તા'ઝીમી સિજદો હરામ** છે એ વિષયમાં એ જ પ્રમાણે તરતીબથી હક્ક મઝહબ જાહેર કર્યો છે.

આ કિતાબ જરૂરથી મંગાવો, વાંચો, વંચાવો અને મ્યુઝિકના શોખિનોને સત્ય બતાવી શરીઅત પર અમલ કરવા સમજાવો.






(પ્રકરણ-૭)

# હિજરતનું બીજુ વર્ષ

(હિજરી સન : ૨)

હિજરી સન એકની જેમ જ હિજરી સન બેમાં પણ સંખ્યાબંધ મહત્વના બનાવો બન્યા હતા જે પૈકીના કેટલાક બનાવો આ પ્રમાણે છે :–

## ★ કિબ્લાનો ફેરફાર ★

જ્યાં સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કામાં રહ્યા ત્યાં સુધી ખાનએ કા'બા તરફ મુખ કરીને નમાઝ પઢતા રહ્યા. પરંતુ હિજરત પછી જયારે આપ મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા ત્યારે ખુદાવંદે તઆલાનો હુકમ થયો કે આપ પોતાની નમાઝોમાં બૈતુલ મુકદ્દસને પોતાનો કિબ્લો બનાવો આથી આપ ૧૬ કે ૧૭ મહિના સુધી બૈતુલ મુકદ્દસ તરફ મુખ કરીને નમાઝ પઢતા રહ્યા પરંતુ આપના દિલમાં આરઝૂ તો એ જ હતી કે કા'બાને જ કિબ્લો બનાવવામાં આવે. આથી આપ અવાર નવાર આકાશ તરફ મુખ કરીને એના માટે વહીની રાહ જોતા હતા, એટલે સુધી કે એક દિવસે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મનની આરઝૂ પૂરી કરવા માટે કુર્આન શરીફની આ આયત નાઝિલ ફર્માવી :–

قَدْ نَرٰى تَقَلُّبَ وَجْهِكَ فِى السَّمَآءِ فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضٰهَا فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَامِ (بقرہ)

**તર્જુમો** : "અમે જોઈ રહ્યા છીએ આપનું વારંવાર આકાશ તરફ મોઢું કરવું તો અમે જરૂર આપને ફેરવી દઈશું એ કિબ્લા તરફ જેમાં આપની ખુશી છે. તો હમણાં જ આપ ફેરવી દો પોતાનો ચહરો મસ્જિદે હરામ તરફ." *(સૂરએ બકરહ્)*

હુઝૂરે અકદસ رضی اللہ عنہ બની સલ્મા નામના કબીલાની મસ્જિદમાં ઝોહરની નમાઝ પઢાવી રહ્યા હતા કે નમાઝની હાલતમાં જ આ વહી નાઝિલ

થઈ અને નમાઝમાં જ આપે બૈતુલ મુકદસથી વળીને ખાનએ કા'બા તરફ પોતાનો ચહેરો કરી લીધો હતો અને બધા જ મુક્તદીઓએ પણ આપની પૈરવી (અનુકરણ) કરી હતી. એ મસ્જિદને જ્યાં આ બનાવ બન્યો હતો મસ્જિદુલ કિબ્લતૈન (એટલે કે બે કિબ્લાવાળી મસ્જિદ) કહે છે અને આજે પણ એ ઐતિહાસિક મસ્જિદ ખાસ અને આમ બધા જ લોકોની ઝિયારતગાહ છે. આ મસ્જિદ મદીના શહેરથી લગભગ બે કિ.મી. દૂર ઉત્તર પશ્ચિમ (વાયવ્ય) દિશામાં આવેલી છે.

કિબ્લાની તબ્દીલીના આ બનાવને "તેહ્વીલે કિબ્લા" કહેવામાં આવે છે. તેહવીલે કિબ્લાથી યહૂદીઓને ભારે આઘાત લાગ્યો. જ્યાં સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બૈતુલ મુકદસ તરફ મોં કરીને નમાઝ પઢતા રહ્યા ત્યાં સુધી યહૂદીઓ અત્યંત ખુશ હતા અને ગર્વથી કહેતા કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ અમારા કિબ્લા તરફ જ મોં કરીને ઈબાદત કરે છે પરંતુ જ્યારે કિબ્લો બદલાઈ ગયો ત્યારે યહૂદીઓ એટલા બધા નારાજ થઈ ગયા અને એવા મહેણાં મારવા લાગ્યા કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم દરેક વાતમાં અમારો વિરોધ કરતા હોવાથી તેમણે માત્ર અમારા વિરોધમાં કિબ્લો બદલી નાખ્યો છે ? એવી જ રીતે મુનાફિકોના જુથ પણ જાત જાતની ટીકા ટિપ્પણી કરવા લાગ્યા ત્યારે એ બંને જુથોના મોં બંધ કરવા અને મોઢે તાળાં મારવા માટે ખુદાવંદે આલમે આ આયતો નાઝિલ ફર્માવી :–

سَيَقُوْلُ السُّفَهَآءُ مِنَ النَّاسِ مَا وَلّٰىهُمْ عَنْ قِبْلَتِهِمُ الَّتِيْ كَانُوْا عَلَيْهَا ؕ قُلْ لِّلّٰهِ الْمَشْرِقُ وَالْمَغْرِبُ ؕ يَهْدِيْ مَنْ يَّشَآءُ اِلٰى صِرَاطٍ مُّسْتَقِيْمٍ وَمَا جَعَلْنَا الْقِبْلَةَ الَّتِيْ كُنْتَ عَلَيْهَا اِلَّا لِنَعْلَمَ مَنْ يَّتَّبِعُ الرَّسُوْلَ مِمَّنْ يَّنْقَلِبُ عَلٰى عَقِبَيْهِ ؕ وَاِنْ كَانَتْ لَكَبِيْرَةً اِلَّا عَلَى الَّذِيْنَ هَدَى اللّٰهُ ؕ

**તર્જુમો** : મૂર્ખાઓમાંથી હવે કહેશે કે મુસલમાનો જેના પર હતા એ કિબ્લાથી તેમને કોણે ફેરવી દીધા. આપ કહી દો કે પૂર્વ પશ્ચિમ બધું અલ્લાહનું જ છે. એ જેને ચાહે છે સન્માર્ગે દોરે છે અને (હે મહબૂબ !) આપ અગાઉ જે કિબ્લા પર હતા તો અમે એટલા માટે નિર્ધારિત કર્યો હતો કે જોઈએ કોણ રસૂલની પેરવી (અનુકરણ) કરે છે અને કોણ ઊંધા પગે પાછો ફરે છે ? અને નિઃશંક ! આ બહુ જ મોટી વાત હતી. પરંતુ જેમને અલ્લાહ તઆલાએ હિદાયત આપી દીધી છે. (તેમના માટે કોઈ





જ મોટી વાત નથી.) *(સૂરએ બકરહ, આયત નં. ૧૪૧ થી ૧૪૩)*

પહેલી આયતમાં યહૂદીઓની ટીકાનો જવાબ આપવામાં આવ્યો છે કે ખુદાની ઈબાદતમાં કિબ્લાની કોઈ ખાસ દિશા હોવી જરૂરી નથી. એની ઈબાદત માટે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ બધી જ દિશાઓ એક સરખી છે. અલ્લાહ તઆલા જે કોઈ દિશાને ઈચ્છે તેને પોતાના બંદાઓ માટે કિબ્લો નિશ્ચિત ફર્માવી દે, આથી એની સામે વાંધો ઉઠાવવાનો કોઈનેય અધિકાર પ્રાપ્ત નથી. બીજી આયતમાં એ મુનાફિકોના મોંઢાં બંધ કરી દેવામાં આવ્યા છે જેઓ તેહ્વીલે કિબ્લા (કિબ્લાના દિશાંતર) પછી એવો પ્રચાર કરવા લાગ્યા હતા કે ઈસ્લામના પયગંબર તો ખૂદ પોતાના જ દીનની બાબતે અવઢવમાં પડયા છે, ક્યારેક બૈતુલ મુકદસને કિબ્લો માને છે તો ક્યારેક કહે છે કે કા'બા કિબ્લો છે. આથી આયતમાં તેહ્વીલે કિબ્લાની હિકમત જણાવી દેવામાં આવી છે કે મુનાફિકો કે જેઓ માત્ર દેખાવે મુસલમાન બનીને નમાઝો પઢયા કરતા હતા તેઓ પણ કિબ્લો બદલવાની સાથે જ પોતે પણ બદલાઈ ગયા અને ઈસ્લામથી વિમુખ થઈ ગયા. આમ સ્પષ્ટ થઈ ગયું કે સાચા ઈમાનવાળા (સાદિકુલ ઈમાન) કોણ છે ? અને કોણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેરવી કરનાર છે ? અને કોણ દીનથી વિમુખ થઈ જનાર છે. *(તફસીર અને સીરતના સામાન્ય ગ્રંથો)*

## ★ લડાઈઓની શ્રૃંખ્લા ★

અત્યાર સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદા તરફથી એવો આદેશ હતો કે તાર્કિક દલીલો અને બોધ વચનો (મવઈઝએ હસનહ) દ્વારા લોકોને ઈસ્લામ તરફ બોલાવતા રહે અને મુસલમાનોને કાફિરો તરફથી આપવામાં આવતી તકલીફો ઉપર ધીરજ (સબ્ર) ધરવાનો હુકમ હતો. જેથી કાફિરોએ મુસલમાનો ઉપર ભારે અત્યાચાર ગુજાર્યો હતો તેમ છતાં મુસલમાનોએ વેર વાળવા ક્યારેક શસ્ત્રો ઉપાડયાં ન હતાં, બલ્કે હમેશાં ધૈર્ય અને સહનશીલતા સાથે કાફિરો દ્વારા પહોંચાડાતી ઈજાઓ અને તકલીફો સહન કરતા રહ્યા. પરંતુ હિજરત પછી જ્યારે સમગ્ર અરબ દેશ અને યહૂદીઓ આ મુટ્ઠીભર મુસલમાનોના જાની દુશ્મન થઈ ગયા અને તેમણે મુસલમાનોને નેસ્તો ના'બૂદ કરી દેવાનો દઢ નિશ્ચય કરી લીધો ત્યારે ખુદાવંદે

કુદૂસે મુસલમાનોને એવી પરવાનગી આપી કે જે લોકો તમારી સાથે યુદ્ધની શરૂઆત કરે એમની સાથે તમે પણ લડી શકો છો.

આથી ૧૨ મી સફર હિ.સ. : ૨ ઈસ્લામી ઈતિહાસનો એ યાદગાર દિવસ છે જેમાં ખુદાવંદે તઆલાએ મુસલમાનોને કાફિરોના મુકાબલામાં તલ્વાર ઉપડવાની પરવાનગી આપી દીધી અને આ આયત ના'ઝિલ ફર્માવી :–

اُذِنَ لِلَّذِیْنَ یُقٰتَلُوْنَ بِاَنَّهُمْ ظُلِمُوْا وَ اِنَّ اللّٰهَ عَلٰى نَصْرِهِمْ لَقَدِیْرُ ۙ

**અર્થાત** : "જેમની સાથે લડાઈ કરવામાં આવે છે (મુસલમાનો) તેમને પણ હવેથી લડવાની પરવાનગી આપવામાં આવે છે, કારણ કે તેઓ મુસલમાનો મઝલૂમ (જુલ્મ પીડિત) છે અને ખુદા એમની મદદ કરવા નિઃશંક ! સમર્થ (કદિર) છે." *(સૂરએ હજ્જ, આયત–૩૯)*

હઝરત ઈમામ મુહમ્મદ બિન શિહાબ ઝોહરી علیہ الرحمۃ والرضوان નો કૌલ છે કે જેહાદની પરવાનગી વિશેની આ એ જ આયત છે જે સૌથી પહેલાં નાઝિલ થઈ છે. પરંતુ તફસીર ઈબ્ને જરીરમાં છે કે જેહાદ વિશે સૌથી પહેલાં જે આયત ઉતરી તે આ છે :–

وَقَاتِلُوْا فِیْ سَبِیْلِ اللّٰهِ الَّذِیْنَ یُقَاتِلُوْنَكُمْ

**અર્થાત** : ખુદાના માર્ગમાં એ લોકો સાથે લડો જે લોકો તમારી સાથે લડે છે. *(સૂરએ બકરહ્, આયત–૧૯૦)*

આમ છેવટે હિ.સ. : ૨ માં ખુદાવંદે તઆલાએ મુસલમાનોને કાફિરો સાથે લડવાની પરવાનગી આપી દીધી. પરંતુ શરૂઆતમાં આ પરવાનગી કેટલીક શરતોને આધિન હતી એટલે કે મુસલમાનો ઉપર આક્રમણ કરે માત્ર એવા જ કાફિરો સાથે યુદ્ધ કરવાની પરવાનગી હતી. યુદ્ધમાં પોતાની તરફથી પહેલ કરવાની પરવાનગી મુસલમાનોને મળી ન હતી. પરંતુ સત્ય પ્રગટ થઈ ગયા પછી સત્ય સ્વીકારવા માટે વિવશ કરવા અને અસત્યથી બળજબરીપૂર્વક પીછો છોડાવવામાં પણ દૂરંદેશી હતી અને માનવજાતના કલ્યાણ માટે એ અત્યંત જરૂરી બની ગયું હતું. એમાં કોઈ શંકા નથી કે હિજરત પછી જેટલી લડાઈઓ થઈ એમાં સમગ્ર પશ્ચાદભૂમિકાનું ગહન અધ્યયન કરવામાં આવે છે ત્યારે સ્પષ્ટ થાય છે કે





એ બધી જ લડાઈ કાફિરો તરફથી મુસલમાનો ઉપર પરાણે લાદી દેવામાં આવી હતી અને ગરીબ મુસલમાનોએ મજબૂર થઈને તલ્વાર ઉઠાવવી પડી. દા.ત. નીચે દર્શાવેલ અમુક પ્રસંગો ઉપર વિવેચનાત્મક દષ્ટિ નાખતાં આ વધુ સ્પષ્ટતા સાથે સમજી શકાશે.

**(૧)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم અને આપના સહાબીઓ પોતાનું સર્વસ્વ મક્કામાં છોડીને લાચારીની સ્થિતિમાં મદીના આવી ગયા હતા. મક્કા શહેરના કાફિરોના દુશ્મન એટલે રહમતે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم તેમના શહેરમાંથી નીકળી ગયા હોવાથી હવે તો તેમણે શાંત થઈને બેસી જવું જોઈતું હતું. પરંતુ બન્યું એમ કે એ કાફિરોના રોષનો પારો એટલો બધો વધી ગયો હતો કે હવે તો એ લોકો મદીનાવાસીઓના પણ જાની દુશ્મન બની ગયા હતા. આથી હિજરતના થોડાક દિવસ પછી જ મક્કાના કાફિરોએ અન્સારના અગ્રણી અબ્દુલ્લાહ બિન ઉબૈ પાસે ધમકીભર્યો એક પત્ર મોકલી આપ્યો. તમામ મદીનાવાસીઓએ હિજરત પૂર્વે પોતાનો રાજા માની લઈને જેની તાજપોશીની તૈયારીઓ કરી લીધી હતી એ જ વ્યક્તિ અબ્દુલ્લાહ બિન ઉબૈ છે, પરંતુ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની મદીનામાં તશરીફ આવરી પછી તેમની એ યોજના રદ થઈ ગઈ હતી. એ જ કારણસર ખિજાઈને રોષે ભરાયેલો અબ્દુલ્લાહ બિન ઉબૈ મુનાફિકોનો સરદાર બનીને ઈસ્લામનો વિરોધ કરવામાં જ પોતાનું જીવન વિતાવવા લાગ્યો હતો અને આથી જ તે ઈસ્લામ તથા મુસલમાનો વિરૂદ્ધ જાતજાતનાં કાવતરાં ઘડતો રહેતો હતો. *(બુખારી શરીફ, બાબુત્તસ્લીમ ફી મજલિસ ફીહે ઈખ્લાત, ભાગ–૨, પેજ–૯૨૪)*

મક્કાના કાફિરોએ ઈસ્લામના એ દુશ્મનના નામે જે પત્ર મોકલ્યો હતો તેનો વિષયવસ્તુ આ પ્રમાણે છે :–

"તમે લોકોએ અમારા માણસ મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم ને પોતાને ત્યાં આશ્રય આપ્યો છે. અમે ખુદાના સોગંદ ખાઈને કહીએ છીએ કે કાં તો તમે લોકો એમનું ખૂન કરી દો અથવા મદીનામાંથી કાઢી મૂકો. નહીંતર અમે બધા જ તમારી ઉપર હુમલો કરી દઈશું અને તમારા જુવાન યોદ્ધાઓની કતલ કરી તમારી મહિલાઓ પર અધિકાર જમાવીશું." *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૬૭)*

જ્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને મક્કાના કાફિરોના આ ધમકીભર્યા પત્રની

જાણ થઈ ત્યારે આપે અબ્દુલ્લાહ બિન ઉબૈની મુલાકાત લીધી અને ઈર્શાદ ફર્માવ્યો, "કે શું તમે પોતાના ભાઈઓ અને પુત્રોની કતલ કરશો ખરા." કારણ કે મોટા ભાગના અન્સારો ઈસ્લામ કબૂલ કરી ચૂક્યા હતા આથી અબ્દુલ્લાહ બિન ઉબૈ આ મુદ્દો સમજી ગયો અને મક્કાના કાફિરોના આદેશનો અમલ કરી શક્યો નહીં.

**(૨)** બરાબર એ જ જમાનામાં હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ કે જેઓ અવસ કબીલાના સરદાર હતા, ઉમરો અદા કરવા માટે મદીનાથી મક્કા ગયા અને જૂના સંબંધોને કારણે ઉમૈયા બિન ખલફના મકાન પર ઉતર્યા હતા. જ્યારે ઉમૈયા ભરબપોરે તેમને સાથે લઈને તવાફે કા'બા માટે ગયો ત્યારે સંજોગોવસાત અબૂ જહલ સામે આવી ગયો અને ધમકાવીને કહ્યું કે ઉમૈયા ! આ તમારી સાથે કોણ છે ? ઉમૈયાએ કહ્યું કે આ મદીનાના રહેવાસી "સઅદ બિન મુઆઝ" છે, આ સાંભળીને અબૂ જહલે ચિડાઈને કહ્યું કે તમે લોકો અધર્મીઓ (મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ને તમારે ત્યાં આશ્રય આપો છો! ખુદાના સોગંદ ! જો તમે ઉમૈયાની સાથે ન હોત તો આજે બચીને પાછા જઈ શક્તા ન હતા. હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ એ પણ અત્યંત સાહસ અને વીરતાપૂર્વક એવો જવાબ આપ્યો કે જો તમે લોકો અમને કા'બાની ઝિયારતથી અટકાવશો તો અમે તમારો સીરિયાના વેપારનો માર્ગ બંધ કરી દઈશું. *(બુખારી કિતાબુલ મગાઝી, ભાગ–૨, પેજ–૫૬૩)*

**(૩)** મક્કાના કાફિરો માત્ર આટલેથી જ અટક્યા ન હતા બલ્કે તેઓ મદીના શરીફ ઉપર હુમલો કરવાની તૈયારીઓ કરવા લાગ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસલમાનોની કત્લે આમની યોજના ઘડવા લાગ્યા. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાગી જાગીને રાતો પસાર કરતા હતા અને સહાબાએ કિરામ આપની ચોકી કરતા હતા. મક્કાના કાફિરોએ સમગ્ર અરબ દેશ ઉપર પોતાની વ્યાપક વગનો ઉપયોગ કરીને તમામ કબીલાઓમાં એવી આગ ભડકાવી દીધી હતી કે મદીના ઉપર હુમલો કરીને મુસલમાનોને દુનિયામાંથી નેસ્તનાબૂદ કરવાનું અત્યંત જરૂરી છે.

ઉપરોક્ત ત્રણેય કારણોની હાજરીમાં દરેક બૌદ્ધિકને એમ કહેવું પડશે કે આવી સ્થિતિમાં તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વરક્ષણ માટે યુક્તિપૂર્વકની





કોઈક ન કોઈક યોજના ઘડી કાઢવાનું અત્યંત જરૂરી થઈ પડયું હતું જેથી અન્સાર અને મુહાજિરો અને ખૂદ પોતાની જિંદગીના અસ્તિત્વ અને સલામતી માટેના સાધનો ઉપ્લબ્ધ થઈ જાય.

આથી જ મક્કાના કાફિરોના ભયંકર ઈરાદાઓની જાણ થઈ ગયા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના તેમજ સહાબાના સ્વરક્ષણ માટે બે યુક્તિઓ ઉપર અમલ કરવાનો નિર્ણય કર્યો હતો :–

**પ્રથમ** : મક્કાના કાફિરોના જીવનના આધાર સમા સીરિયાના વેપારમાં અવરોધો ઊભા કરવામાં આવે જેથી એ લોકો મદીના ઉપર હુમલો કરવાનો વિચાર છોડી દે અને સુલેહ માટે વિવશ થઈ જાય.

**બીજું** : એ કે મદીનાની આજુબાજુ જે કબીલાઓનો વસવાટ છે. એમની સાથે સુલેહ શાંતિની સંધિ થઈ જાય જેથી કાફિરો મદીના ઉપર હુમલો કરવાનો ઈરાદો ન કરી શકે. આથી જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ જ બે યુક્તિઓ લક્ષમાં રાખીને સહાબાએ કિરામના નાના નાના લશ્કરો મદીનાની આજુબાજુ મોકલવાનું શરૂ કરી દીધું અને કેટલાક લશ્કરો સાથે આપ જાતે પણ તશરીફ લઈ જતા. સહાબાએ કિરામ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નાના નાના લશ્કરો ક્યારેક તો મક્કાના કાફિરોની હિલચાલનો તાગ મેળવવા જતા હતા અને ક્યાંક કેટલાક કબીલાઓ સાથે સુલેહ શાંતિથી સંધિ કરવા રવાના થતા હતાં. ક્યાંક એવા હેતુથી પણ જતા હતા કે મક્કાના કાફિરોના સીરિયાઈ વેપારનો માર્ગ બંધ થઈ જાય. આ જ સંદર્ભમાં મક્કાના કાફિરો અને તેમના સમર્થકો સાથે મુસલમાનોના સંઘર્ષની શરૂઆત થઈ અને નાની મોટી લડાઈઓની પરંપરા ચાલી નીકળી. આ જ લડાઈઓનું ઈસ્લામના ઈતિહાસમાં "ગજવાહ્ તથા સરાયા"ના શિર્ષક હેઠળ વર્ણન કરવામાં આવ્યું છે.

## ★ "ગઝ્વહ" અને "સરિય્યહ્"નો તફાવત ★

અહીં સીરતના લેખકોની આ પરિભાષા યાદ રાખવી જરૂરી છે કે જેની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાતે તશરીફ લઈ ગયા હતા તેવા યુદ્ધના લશ્કરને "ગઝ્વહ" કહેવામાં આવે છે અને જેમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام જોડાયા ન હતા તેવા લશ્કર કે તેની ટૂકડીઓને "સરિય્યહ્" કહેવામાં

આવે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૬)*

ગઝ્વાત (ગઝ્વહનું બહુવચન) એટલે જે લશ્કરોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જોડાયા હતા તેમની સંખ્યા વિશે ઈસ્લામી ઈતિહાસકારોમાં મતભેદો પ્રવર્તે છે. "મવાહિબે લદુન્નિયહ્" મુજબ ગઝ્વાતની સંખ્યા : ૨૭ છે અને રવઝતુલ અહ્બાબમાં એમ લખ્યું છે કે એક કોલ પ્રમાણે ૨૧ અને અન્ય કેટલાક અનુસાર : ૨૪ અને વળી કેટલાકે : ૨૬ ગણાવી છે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ ભાગ, પેજ–૩૮૮)*

પરંતુ હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ એ હઝરત ઝૈદ બિન અર્કમ સહાબી رضی اللہ عنہ થી રિવાયત લખી છે તેમાં ગઝ્વાતની કુલ સંખ્યા ૧૯ જણાવાઈ છે અને તે પૈકીના નવ ગઝ્વાતમાં યુદ્ધ પણ થયું હતું અને તેઓ આ પ્રમાણે છે :–

(૧) **જંગે બદર** (૨) **જંગે ઉહદ** (૩) **જંગે અહ્ઝાબ** (૪) **જંગે બનૂ કુરૈઝા** (૫) **જંગે બનૂ અલ–મસ્તુ લક** (૬) **જંગે ખૈબર** (૭) **ફત્હે મક્કા** (૮) **જંગે હુનૈન** (૯) **જંગે તાઈફ**

"સરાયા" એટલે જે લશ્કરો સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ નહોતા લઈ ગયા તેમની સંખ્યા કેટલાક ઈતિહાસકારોના મતાનુસાર ૪૭ અને કેટલાકના મતાનુસાર ૫૬ છે.

ઈમામ બુખારીએ મુહમ્મદ બિન ઈસ્હાકથી રિવાયત કરી છે કે સર્વ પ્રથમ ગઝ્વહ "અબવા" અને સૌથી છેલ્લો "ગઝ્વહ" "તબૂક" છે અને સર્વ પ્રથમ સરિય્યહ જે મદીના શરીફથી જંગ માટે રવાના થયો હતો તે સરિય્યએ હમઝા છે જેનું વિગતવાર વર્ણન આગળ આવશે.

## ★ "ગઝવાત" અને "સરાયા" ★

હિજરત પછીનો સંપૂર્ણ સમયગાળો ગઝવાત અને સરાયાની વ્યવસ્થામાં જ પસાર થયો હતો. એટલા માટે કે જો ગઝ્વાતની ઓછામાં ઓછી સંખ્યા જે રિવાયતોમાં આવે છે એટલે કે ૧૯ અને સરાયાની ઓછામાં ઓછી સંખ્યા જે રિવાયતોમાં ૪૭ છે સ્વીકારી લેવામાં આવે તો નવ વર્ષમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને નાની મોટી ૬૬ લડાઈઓનો સામનો કરવો પડયો. જેથી ગઝવાત તથા સરાયાનો વિષય હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સીરતનો શાનદાર ભાગ





છે અને બિહમ્દિહી તઆલા આ તમામ ગઝવાત અને સરાયાના કારણોનો પૂરેપૂરો હેવાલ ઈસ્લામી ઈતિહાસમાં અંકાયેલો છે અને સુરક્ષિત છે. પરંતુ સૌથી મોટી મુશ્કેલી તો એ છે કે જો અમે આ વિષયને એકદમ જ છોડી દઈએ તો નિશ્ચિતપણે સીરતે રસૂલનો વિષય ખામીયુક્ત અને અધૂરો રહી જશે. આથી ટૂંકમાં કેટલાક સુવિખ્યાત ગઝ્વાત અને સરાયાનું અહીં વર્ણન અત્યંત જરૂરી છે. જેથી સીરતે મુકદસાનું આ મહત્વનું પ્રકરણ પણ વાંચકો સુધી પહોંચી શકે.

## ★ સરિય્યએ હમ્ઝા ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિજરત બાદ જયારે જેહાદની આયત ઉતરી ચૂકી ત્યારે સર્વ પ્રથમ વાર જે એક નાનકડુ લશ્કર કાફરોના મુકાબલા માટે રવાના ફર્માવ્યું તેનું નામ સરિય્યએ હમ્ઝા છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના કાકા હઝરત હમ્ઝા બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہما ને એક સફેદ ઝંડો એનાયત ફર્માવ્યો અને એ ઝંડા હેઠળ માત્ર ૩૦ મુજાહિદોનું એક લશ્કર કાફિરોના મુકાબલા માટે રવાના ફર્માવ્યું. જયારે એ કાફરોની સંખ્યા ૩૦૦ જેટલી હતી અને અબૂ જહલ તેમનો સેનાપતિ હતો. હઝરત હમઝા رضی اللہ عنہ "સૈફૂલ્ બેહર" સુધી પહોંચ્યા અને બંને બાજુથી યુદ્ધથી માટે હરોળબંદી પણ થઈ. પરંતુ બંને પક્ષકારોના એક "હલીફ" મુજદી બિન અમ્ર જહ્નીએ દરમ્યાનગીરી કરીને લડાઈ મોકૂફ કરાવી દીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૮ અને ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૦)*

## ★ સરિય્યા ઉબૈદા બિન હારિષ ★

એ જ વર્ષે ૬૦ કે ૮૦ મુહાજિરો સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઉબૈદહ્ બિન અલ્ હારિષને સફેદ ઝંડા સાથે અમીર બનાવીને "રાબગ" તરફ રવાના ફર્માવ્યા. એ સરિય્યાના અલમ બરદાર (ઝંડાધારી) હઝરત મિસ્તબહ બિન ઉષાષહ رضی اللہ عنہ હતા. જયારે એ લશ્કર ષનિય્યાએ મર્રહ મુકામે પહોંચ્યું ત્યારે અબૂ સુફયાન અને અબૂ જહલના પુત્ર ઈકરમાના નેતૃત્વમાં કુરૈશના ૨૦૦ કાફિરો એકઠા થયા હતા. બંને લશ્કરો સામ સામે આવી ગયાં. હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہما એ કાફિરો

ઉપર બાણ છોડયું. આ સર્વ પ્રથમ બાણ હતું જે મુસલમાનો તરફથી મક્કાના કાફિરો તરફ છોડયુ હતું. હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ એ કુલ આઠ બાણ છોડયાં હતાં અને દરેક બાણે પોતાનો લક્ષ્ય ભેદયો હતો. કાફિરો બાણોની આ વર્ષાથી ગભરાઈને નાસી છૂટયા આથી કોઈ યુદ્ધ થયું ન હતું. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૩૯૨)*

## ★ સરિય્યાએ સઅદ બિન અબી વક્કાસ ★

એ જ વર્ષે ઝી કઅદા માસમાં હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ને વીસ સવારો સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ હેતુથી મોકલ્યા કે એ લોકો કુરૈશના કાફિરોના એક લશ્કરનો માર્ગ અવરોધે. આ સરિય્યાનો ઝંડો પણ સફેદ રંગનો હતો અને હઝરત મિકદાદ બિન અસ્વદ رضی اللہ عنہ લશ્કરના અલમ બરદાર હતા. એ લશ્કર રાતોરાત મુસાફરી ખેડીને જયારે પાંચમાં દિવસે ''ખર્રાર'' મુકામે પહોંચ્યું ત્યારે ખબર પડી કે મક્કાના કાફરો એક દિવસ અગાઉ જ ફરાર થઈ ચૂક્યા છે. આથી કોઈ અથડામણ થવાનો પ્રસંગ સર્જાયો ન હતો. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૨)*

## ★ ગઝ્વએ અબ્વાઅ્ ★

આ ગઝ્વાને ''ગઝ્વએ વદ્દાન'' પણ કહે છે એટલે કે પહેલી જ વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જેહાદના ઈરાદે હિજરી સન બે (૨)ના સફર મહિનામાં ૬૦ મુહાજિરો પોતાની સાથે લઈને મદીનાથી બહાર નીકળ્યા હતા. હઝરત સઅદ બિન ઉબાદહ્ رضی اللہ عنہ ને મદીનામાં પોતાના ખલીફા (ઉત્તરાધિકારી) બનાવ્યા અને હઝરત હમ્ઝા رضی اللہ عنہ ને ઝંડો આપ્યો અને અબ્વાઅ્ નામના સ્થળ સુધી કાફિરોનો પીછો કરતા કરતા તશરીફ લઈ ગયા. પરંતુ મક્કાના કાફિરો ફરાર થઈ ચૂક્યા હતા આથી કોઈ યુદ્ધ થયું ન હતું. અબ્વાઅ્ મક્કાથી ૮૦ માઈલ દૂર આવેલું એક ગામ છે જ્યાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વાલેદા માજેદા (માતા) હઝરત આમેનાનો મઝાર શરીફ છે. અહીં થોડાક દિવસ રોકાઈને બનૂ ઝમરા કબીલાના સરદાર મખ્શી બિન અમ્ર ઝમરી સાથે પરસ્પરના સહકારનો લેખિત કરાર કરીને મદીના શરીફ પાછા ફર્યા. આ ગઝ્વહમાં પંદર દિવસ સુધી આપ મદીનાથી બહાર રહ્યા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૩)*





## ★ ગઝ્વએ બવાત ★

હિજરતના તેરમા મહિને હિજરી સન બેમાં મદીના ઉપર હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ ને હાકેમ બનાવી બસો મુહાજિરોને સાથે લઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જેહાદના ઈરાદે રવાના થયા. આ ગઝ્વહનો ઝંડો પણ સફેદ હતો અને અલમબરદાર (ઝંડાધારી) હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ હતા. આ ગઝ્વહનો ઉદ્દેશ્ય મક્કાના કાફિરોના એક વેપારી કાફલાનો માર્ગ અવરોધવાનો હતો. એ કાફલાનો આગેવાન ઉમૈયા બિન ખલ્ફ જુમ્હી હતો અને કાફલામાં એકસો કુરૈશી કાફિરો અને અઢી હજાર ઊંટ હતાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કાફલાની શોધખોળમાં ''બવાત'' સુધી તશરીફ લઈ ગયા હતા પરંતુ કુરૈશના કાફિરોનો ક્યાંય સામનો થયો ન હતો આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈ પણ પ્રકારના યુદ્ધ વિના જ મદીના પાછા ફર્યા હતા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૩)*

## ★ ગઝ્વએ સફ્વાન ★

એ જ વર્ષે કુર્ઝ બિન જાબિર ફહરીએ મદીનાની ઊંટો ચારવાની જગ્યાએ ધાડ પાડી અને કેટલાક ઊંટોને હંકારી ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ ને મદીનામાં પોતાના ખલીફા અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને અલમબરદાર બનાવીને સહાબાની એક જમાઅત સાથે વાદીયે સફ્વાન સુધી એ ડાકૂનો પીછો કર્યો પરંતુ એ એટલી બધી ઝડપી ગતિએ ફરાર થયો હતો કે હાથ લાગ્યો ન હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના પાછા તશરીફ લાવ્યા. વાદીયે સફ્વાન ''બદર'' નજીક આવેલ હોવાથી કેટલાક ઈતિહાસકારોએ આ ગઝ્વાનું નામ ગઝ્વાએ સફ્વાન અને ગઝ્વહે બદરે ઔલા બંને એક જ ગઝ્વહનાં બે જુદા જુદા નામો છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૭૯)*

## ★ ગઝ્વએ ઝિલ્ ઉશૈરહ્ ★

એ જ હિ.સ. : ૨ માં કુરૈશના કાફિરોનો એક કાફલો વેપારનો માલ લઈને મક્કાથી સીરિયા જઈ રહ્યો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દોઢસોથી બસો મુહાજિર સહાબીઓને સાથે લઈને એ કાફલાનો માર્ગ અવરોધવા માટે

''ઝિલ્ ઉશૈરહ્'' મુકામ સુધી તશરીફ લઈ ગયા. જે ''યંબૂઅ'' બંદર નજીક આવેલું છે પરંતુ અહીં પહોંચીને ખબર પડી કે એ કાફલો ખૂબ આગળ નીકળી ગયો છે આથી કોઈ સંઘર્ષ કે અથડામણ થઈ નહીં. પરંતુ એ જ કાફલો જ્યારે સીરિયાથી પાછો ફર્યો ત્યારે હુઝૂર صلى الله تعالى عليه وسلم એનો માર્ગ અવરોધવા નીકળ્યા ત્યારે જંગે બદરની ઘટના ઘટી હતી. જેનો સવિગત હેવાલ આગળ આવશે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૫)*

## ★ સરિય્યએ અબ્દુલ્લાહ બિન જહશ ★

એ જ વર્ષે જ્યારે હિ.સ. : ૨ માં હુઝૂર صلى الله تعالى عليه وسلم એ હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضى الله عنه ને લશ્કરનો સરદાર બનાવીને તેમના નેતૃત્વમાં આઠ કે બાર મુહાજિરોનું એક જૂથ રવાના ફર્માવ્યું. બબ્બે માણસો એક એક ઊંટ ઉપર સવાર હતા. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضى الله عنه ને પરબીડિયામાં એક સીલબંધ પત્ર આપ્યું હતું અને ફર્માવ્યું હતું કે બે દિવસ મુસાફરી કર્યા બાદ આ પરબીડિયું ખોલીને વાંચજો અને એમાં જે માર્ગદર્શક સૂચનો આપ્યાં છે તેનો અમલ કરજો. જ્યારે આજ્ઞાનુસાર એ પરબીડિયું ખોલીને પત્ર વાંચવામાં આવ્યું ત્યારે એમ લખ્યું હતું કે તમે તાઈફ અને મક્કા વચ્ચે નખલા મુકામે રોકાઈને કુરૈશના કાફલાઓ પર ચાંપતી નજર રાખો અને પરિસ્થિતિનો હેવાલ અમને સતત મોકલતા રહો. આ અત્યંત ખતરનાક કામ હતું કારણ કે દુશ્મનોના બરાબર કેન્દ્રમાં રોકાઈને જાસૂસી કરવી જાણે કે મોતના મોઢામાં જવા જેવું હતું પરંતુ આ બધા જ જાંનિષારો સહેજેય ખચકાટ અનુભવ્યા વિના નખલા મુકામે પહોંચી ગયા હતા. સંયોગવશ રજબ મહિનાની છેલ્લી તારીખોમાં આ લોકો નખલામાં પહોંચ્યા અને એ જ દિવસે કુરૈશના કાફિરોનો એક વેપારી કાફલો આવ્યો જેમાં અમ્ર બિન અલ્ હઝરમી અને અબ્દુલ્લાહ બિન મુગીરહના બે પુત્રો ઉસ્માન અને નૌફિલ અને હકમ બિન કૈસાન વગેરે હતા અને ઊંટો પર ખજૂર અને વેપારી માલ લાદેલો હતો. સરિય્યહના સરદાર હઝરત બિન જહશ رضى الله عنه એ પોતાના સાથીઓને ફર્માવ્યું કે જો આપણે આ કાફલાવાળાઓને છોડી દઈશું તો આ લોકો મક્કા પહોંચીને આપણા લોકોની અહીંની હાજરીથી મક્કાવાળાઓને વાકેફ કરી દેશે અને





આપણી કતલ કે ધરપકડ કરાવી દેશે અને જો આપણે આ લોકો સાથે યુદ્ધ કરીશું તો આજે રજબ મહિનાની છેલ્લી તારીખ છે જેથી શેહરે હરામમાં જંગ કરવાનો ગુનો આપણને લાગશે. છેવટે એ નિર્ણય થયો કે એ લોકો સાથે જંગ કરીને પોતાની જાન સામેનો ખતરો દૂર કરવો જોઈએ. આથી હઝરત વાહિદ બિન અબ્દુલ્લાહ તમીમી رضى الله عنه એ એક તીર એવો તાકીને માર્યો કે એ અમ્ર બિન અલ્ હઝરમીને વાગ્યું અને એ જ તીરથી એ કતલ થઈ ગયો અને ઉસ્માન તથા હકમની એ લોકોએ ધરપકડ કરી લીધી. નૌફિલ નાસી છૂટયો. હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضى الله عنه ઊંટો અને તેમના પર લદાયેલા માલ સામાનને માલે ગનીમત બનાવીને મદીના શરીફ પાછા ફર્યા અને હુઝૂર صلى الله تعالى عليه وسلم ની સેવામાં એ માલે ગનીમતનો પાંચમો ભાગ પેશ કર્યો. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૯૮)*

જેમની કતલ કે ધરપકડ થઈ હતી એ લોકો અત્યંત સન્માનિત અને ઊંચા કુટુંબના લોકો હતા. જેની કતલ થઈ હતી તે અમ્ર બિન અલ્ હઝરમી, અબ્દુલ્લાહ હઝ્રમીનો પુત્ર હતો. અમ્ર બિન અલ્ હઝરમી પહેલો કાફિર હતો કે જે મુસલમાનોના હાથે મરાયો હતો. જે લોકો પકડાયા હતા એટલે કે ઉષ્માન અને હકમ એ પૈકી ઉસ્માન તો મુગીરહનો પૌત્ર હતો. મુગીરહની ગણના કુરૈશના એક બહુ જ મોટા ''રઈસ'' તરીકે થતી હતી અને હકમ બિન કૈસાન અમ્ર મખ્ઝૂમીનો મુક્ત કરેલો ગુલામ હતો. આ કારણસર જ આ ઘટનાથી સમગ્ર કુરૈશ કબીલો રોષે ભરાયો હતો. અને ''ખૂનનો બદલો ખૂન''ના સુત્રોની પોકાર મક્કાની શેરીઓ અને બજારમાં ગુંજવા લાગી હતી. વાસ્તવમાં જંગે બદરની ઘટના આ જ ઘટનાની પ્રતિક્રિયા છે. આથી હઝરત અર્વહ બિન ઝુબૈર رضى الله عنه નો બયાન છે કે જંગે બદર અને કુરૈશના કાફિરો સાથેની તમામ લડાઈઓનું મૂળ કારણ અમ્ર બિન અલ્ હઝરમીની કતલ છે જેને હઝરત વાહિદ બિન અબ્દુલ્લાહ તમીમીએ તીર મારીને મારી નાખ્યો હતો. *(તારીખે તબરી, પેજ–૧૨૪૮)*

## ★ જંગે બદર ★

''બદર'' મદીના મુનવ્વરહ્થી લગભગ ૮૦ માઈલના અંતરે આવેલા એક ગામનું નામ છે જ્યાં અજ્ઞાનતાકાળમાં વાર્ષિક મેળો ભરાતો

હતો. અહીં એક કૂવો હતો જેના માલિકનું નામ "બદર" હતું એના નામ પરથી જ એ જગ્યાનું નામ બદર પડી ગયું હતું. એ જ સ્થળે જંગે બદરનો એ મહાન સંગ્રામ થયો જેમાં કુરૈશના કાફિરો અને મુસલમાનો દરમ્યાન લોહિયાળ યુદ્ધ ખેલાયું હતું અને મુસલમાનોને એવો શાનદાર અને ઝળહળતો વિજય પ્રાપ્ત થયો હતો કે તેના પછી ઈસ્લામની પ્રતિષ્ઠા અને ભાગ્યનો ઝંડો એટલો ઊંચો થઈ ગયો કે કુરૈશના કાફિરોની મહાનતા અને ભવ્યતા એકદમ ધૂળમાં રગદોળાઈ ગઈ. અલ્લાહ તઆલાએ જંગે બદરના દિવસનું નામ "યૌમુલ ફુર્કાન" રાખ્યું અને કુર્આન શરીફની સૂરએ અન્ફાલમાં સવિસ્તાર અને અન્ય સૂરતોમાં ટૂંકમાં વારંવાર આ સંગ્રામનો ઉલ્લેખ કર્યો છે અને એ જંગમાં મુસલમાનોના ઝળહળતા વિજય (ફત્હે મુબીન) વિશે પોતાનો ઉપકાર ગણાવતાં ખુદાવંદે આલમે કુર્આને મજીદમાં ઈર્શાદ ફર્માવ્યું કે :–

وَلَقَدْ نَصَرَكُمُ اللّٰهُ بِبَدْرٍ وَّاَنْتُمْ اَذِلَّةٌ فَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ۝

**તર્જુમો** : અને નિશ્ચિતપણે ખુદાવંદે તઆલાએ તમારા લોકોની મદદ ફર્માવી. બદરમાં જ્યારે તમે લોકો નબળા અને સર સામાન વગરના હતા, તો તમે લોકો અલ્લાહથી ડરતા રહો જેથી તમે લોકો શુક્રગુઝાર બની જાવ.

## ★ જંગે બદરનું કારણ ★

જંગે બદરનું મૂળ કારણ તો જેમ અમે ઉપર લખી ચૂક્યા છીએ કે અમ્ર બિન અલ્ હઝ્રમીની કતલથી કુરૈશના કાફિરોમાં ફેલાયેલો ભારે રોષ હતો જેના લીધે દરેક કાફિરની જીભે એક જ વાત હતી "ખૂનનો બદલો ખૂન"થી લઈને જ જંપીશું.

પરંતુ આ ઉપરાંત પણ એકાએક એવી સ્થિતિ સર્જાઈ કે કુરૈશનો એ કાફલો જેનો પીછો કરતાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم "ઝુલ ઉશૈરહ" સુધી ગયા હતા છતાં એ કાફલો હાથ આવ્યો ન હતો. મદીનામાં એકાએક એવા સમાચાર મળ્યા કે હવે એ જ કાફલો સીરિયા દેશથી પાછો ફરીને મક્કા જવાનો છે અને એ પણ ખબર પડી ગઈ કે કાફલામાં અબૂ સુફયાન બિન હરમ અને મખ્રમા બિન નૌફિલ અને અમ્ર બિન આસ વગેરે મળીને કુલ





ત્રીસ કે ચાલીસ માણસો છે અને કુરૈશના કાફિરોનો જે વેપારી માલ કાફલામાં છે એ ખૂબ વધારે છે. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ પોતાના સહાબીઓને ફર્માવ્યું કે કુરૈશના કાફિરોની ટોળકીઓ લૂંટમારના ઈરાદે મદીનાની આસપાસ અવાર નવાર ચક્કર મારતી રહી છે અને "કર્ઝ બિન જાબિર ફહરી" મદીનાના ગૌચર પર ત્રાટકીને ધાડ પાડી ગયો છે આથી આપણે પણ કુરૈશના કાફિરોના આ કાફલા ઉપર હુમલો કરીને તેને કેમ લૂંટી ન લઈએ ? જેથી કુરૈશના કાફિરોનો સીરિયા સાથેનો વેપાર બંધ થઈ જાય અને એ લોકો વિવશ બની જઈને આપણી સાથે સુલેહ કરી લે. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નો આ ઈર્શાદે ગિરામી સાંભળીને અન્સાર અને મુહાજિરો એના માટે તૈયાર થઈ ગયા.

## ★ મદીનાથી રવાનગી ★

આથી ૧૨ મી રમઝાન હિ.સ. ૨ ના દિવસે લોકો ઉતાવળે મદીનાથી ચાલી નીકળ્યા. જે કોઈ સ્થિતિમાં તેઓ હતા એ જ સ્થિતિમાં તેઓ ચાલી નીકળ્યા. એ લશ્કરમાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم સાથે ન તો વધારે શસ્ત્રો હતાં કે ન તો ખાદ્ય સામગ્રીનો કોઈ મોટો જથ્થો હતો કારણ કે કોઈને સહેજેય ખયાલ ન હતો કે આ મુસાફરીમાં કોઈ મોટી જંગ થશે.

પરંતુ જ્યારે મક્કામાં એવા સમાચાર ફેલાયા કે મુસલમાનો શસ્ત્ર સજ્જ થઈને કુરૈશનો કાફલો લૂટવા માટે મદીનાથી ચાલી નીકળ્યા છે ત્યારે મક્કામાં એક ઉત્સાહ ફેલાઈ ગયો અને એકાએક કુરૈશના કાફિરોના લશ્કરી દળો મુસલમાનો ઉપર હુમલો કરવા તૈયાર થઈ ગયાં. જ્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને આ વાતની જાણ થઈ ત્યારે આપે સહાબાએ કિરામને એકઠા કરીને તેમને પરિસ્થિતિથી વાકેફ કર્યા અને સ્પષ્ટપણે ફર્માવી દીધું કે આ પ્રવાસમાં કુરૈશના કાફિરોના કાફલાનો સામનો થઈ જાય અને એમ પણ બની શકે છે કે મક્કાના કાફિરો સાથે જંગ કરવાનો પ્રસંગ આવી જાય. ઈર્શાદે ગિરામી સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક અને બીજા મુહાજિરો (رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ)એ ભારે ઉત્સાહ દર્શાવ્યો. પરંતુ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم અન્સારનું મોં જોઈ રહ્યા હતા કારણ કે અન્સારે આપના દસ્તે મુબારક પર બૈઅત કરતી વખતે એ વાતનું વચન

આપ્યું હતું કે તેઓ એ વખતે તલ્વાર ઉપાડશે જયારે કાફિરો મદીના ઉપર આક્રમણ કરશે અને અહીં તો મદીનાથી બહાર નીકળીને યુદ્ધ કરવાનો મામલો હતો.

અન્સારમાંથી ખઝ્રજ કબીલાના સરદાર હઝરત સઅદ બિન ઉબાદહ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નો ચેહરએ અન્વર જોઈને બોલી ઉઠયા, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم શું આપનો ઈશારો અમારી તરફ છે ? ખુદાની સોગંદ ! અમે એવા જાંનિષાર છીએ કે જો આપનો હુકમ હોય તો અમે સમુદ્રમાં પણ કૂદી પડીએ ! એવી જ રીતે અન્સારના બીજા પણ એક સન્માનિત સરદાર હઝરત મિકદાદ બિન અસ્વદ رضی اللہ عنہ એ જોશમાં આવી જઈને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! અમે હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ની કોમની જેમ એમ નહીં કહીએ કે આપ અને આપનો ખુદા જઈને લડો ! બલ્કે અમે આપની જમણી બાજુથી, ડાબી બાજુથી, આગળથી અને પાછળ થી લડીશું. અન્સારના એ બંને સરદારોના વકતવ્યો સાંભળી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم નો ચહેરો ખુશીથી ઝળહળી ઉઠયો. *(બુખારી ગઝ્વએ બદર, ભાગ–૧, પેજ–૫૬૪)*

મદીનાથી એક માઈલ દૂર સુધી ચાલીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ પોતાના લશ્કરનું પુનરાવલોકન કર્યું જે લોકો નાની વયના હતા તેમને પાછા ફરવાનો આદેશ આપ્યો કારણ કે ભયંકર યુદ્ધ પ્રસંગે બાળકોનું શું કામ.

## ★ નાનકડો સૈનિક ★

પરંતુ એ બાળકોમાં જ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ના નાનાભાઈ હઝરત અમ્ર બિન અબી વક્કાસ પણ હતા. જયારે એમને પાછા જવાનું કહેવામાં આવ્યું ત્યારે તેઓ પોકે પોકે રડવા માંડયા અને કોઈ પણ ભોગે પાછા ફરવા તૈયાર ન હતા. એમની બેકરારી અને રોક્કળ જોઈને રહમતે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم નું નાઝુક હૃદય પ્રભાવિત થયું અને આપે એમને સાથે ચાલવાની પરવાનગી આપી દીધી. આમ હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ એ નાનકડા સૈનિકના ગળામાં પણ એક તલ્વાર લટકાવી દીધી. મદીનાથી રવાના થતી વખતે નમાઝો માટે હઝરત ઈબ્ને ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ ને મસ્જિદે નબવીના ઈમામ નિયુક્ત ફર્માવ્યા હતા.





પરંતુ જયારે આપ "રૌહા" સ્થળે પહોંચ્યા તો મુનાફિકો અને યહૂદીઓ તરફથી કંઈક ભય અનુભવવા લાગ્યા. આથી આપે હઝરત અબૂ લુબાબા બિન અબ્દુલ મુન્ઝર رضی اللہ عنہ ને મદીનાના હાકેમ નિયુક્ત કરીને તેમને મદીના પાછા ફરવાનો આદેશ આપ્યો અને હઝરત આસિમ બિન અદી رضی اللہ عنہ ને મદીનાના ચઢાણવાળા ગામ ઉપર નજર રાખવાનો આદેશ આપ્યો.

આ વ્યવસ્થાઓ કર્યા પછી હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم "બદર" ભણી રવાના થયા જયાંથી મક્કાના કાફિરોના આવવાના સમાચાર મળ્યા હતા. આપના લશ્કરમાં મુજાહિદોની કુલ સંખ્યા ૩૧૩ હતી. જેમાં ૬૦ મુહાજિરો અને બાકીના અન્સાર હતા. મન્ઝિલ બ મન્ઝિલ મુસાફરી કરતા જયારે આપ "સુફરાઅ" મુકામે પહોંચ્યા ત્યારે બે માણસોને જાસૂસી માટે આગળ રવાના કર્યા જેથી એ લોકો આવનારા કાફલાની ભાળ મેળવે કે એ કયાં છે ? અને કયાં સુધી પહોંચ્યો છે. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૪૧૧)*

## ★ અબૂ સુફિયાનની ચાલકી ★

આ બાજુ કુરૈશના કાફિરોના જાસૂસો પણ પોતાની કામગીરી સતર્કતાપૂર્વક કરી રહ્યા હતા. જયારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم મદીનાથી રવાના થયા ત્યારે અબૂ સુફિયાનને એના હેવાલો મળી ગયા. એણે તરત જ "ઝમઝમ બિન અમ્ર ગફ્ફારી"ને મક્કા મોકલ્યો કે એ કુરૈશને એ વાતની જાણ કરી દે કે જેથી એ લોકો પોતાના કાફલાની સુરક્ષા માટે કોઈ વ્યવસ્થા કરી શકે અને ખૂદ માર્ગ બદલીને પોતે પોતાના કાફલાને સમુદ્ર તરફ લઈ જઈને રવાના થઈ ગયો. અબૂ સુફિયાનનો કાસિદ ઝમઝમ બિન અમ્ર ગફ્ફારી જયારે મક્કા પહોંચ્યો ત્યારે એ સમયની જૂની પરંપરા અનુસાર જયારે કોઈ ભયંકર સમાચાર સંભળાવવાનો પ્રસંગ આવતો ત્યારે સમાચાર આપનાર પોતાનાં કપડાં ફાડી નાખીને અને ઊંટની પીઠ પર ઊભો થઈને બૂમો પાડી પાડીને એ સમાચાર સંભળાવતો હતો. એ પરંપરા અનુસાર ઝમઝમ બિન અમ્ર ગફ્ફારીએ પોતાનો ઝભ્ભો ફાડી નાખ્યો અને ઊંટની પીઠ પર ઊભો થઈને જોશથી બૂમો પાડવા માંડયો, "હે મક્કાવાસીઓ ! તમારો બધો જ વેપારી માલ અબૂ સુફયાનના કાફલામાં છે અને

મુસલમાનોએ તેનો માર્ગ અવરોધીને કાફલાને લૂટી લેવાનો નિર્ધાર કર્યો છે, આથી ઝડપ કરો અને ખૂબ ઝડપથી પોતાના એ કાફલાને બચાવવા માટે શસ્ત્ર લઈને દોડી પડો. *(ઝુર્કાની, ભાગ-૧, પેજ-૧૪૧)*

## ★ કુરૈશના કાફિરોનો જોશ ★

જ્યારે મક્કામાં આ સમાચાર પહોંચ્યા ત્યારે ભારે હલચલ મચી ગઈ. મક્કાની શાંતિ ડહોળાઈ ગઈ. કુરૈશના તમામ કબીલાઓ પોત પોતાના ઘરોમાંથી નીકળી પડયા. મક્કાના સરદારોમાંથી માત્ર અબૂ લહબ પોતાની માંદગીને કારણે નીકળ્યો ન હતો. એના સિવાય કુરૈશના બાકીના તમામ સરદારો શસ્ત્ર સજ્જ થઈને નીકળી પડયા અને જેમાં અમ્ર બિન અલ્ હઝરમી મરાયો અને તેનો કાફલો મુસલમાનોએ લૂટી લીધો હતો તે નખલા મુકામે બનેલી ઘટના એકદમ તાજી જ હતી આથી કુરૈશના કાફિરો વેરના વળામણ માટે રાતા પીળા થઈ રહ્યા હતા. એક હજાર માણસોનું લશ્કર, જેનો દરેક સૈનિક સંપૂર્ણપણે શસ્ત્ર સજ્જ, બેવડાં શસ્ત્રો, લશ્કરની ભોજન વ્યવસ્થા એવી રીતે કરવામાં આવી હતી કે કુરૈશના ધનિક લોકો એટલે કે અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ, ઉત્બહ બિન રબીઅહ્, હાસિર બિન આમિર, નઝર બિન અલ હારિસ, અબૂ જહલ અને ઉમૈયહ્ વગેરે વારાફરતી દરરોજ દસ દસ ઊંટો ઝબહ કરતા હતા અને પોતાના આખા લશ્કરને ભોજન કરાવતા હતા. કુરૈશનો સૌથી મોટો ધનિક (રઈસે આ'ઝમ) ઉત્બા બિન રબીઅ એ આખા લશ્કરનો સેનાપતિ હતો.

## ★ અબૂ સુફયાન બચીને નીકળી ગયો ★

અબૂ સુફયાન જ્યારે માર્ગથી વળીને સમુદ્ર કાંઠાના માર્ગે ચાલી નીકળ્યો અને ભયના સ્થળેથી ઘણે દૂર પહોંચી ગયા પછી જ્યારે તેને પોતાની સુરક્ષાનો પૂરેપૂરો વિ□ાસ થઈ ગયો ત્યારે એણે એક ઝડપી કાસિદ દ્વારા કુરૈશને પત્ર મોકલી દીધો કે તમે લોકો પોતાનો માલ અને માણસોને બચાવવા શસ્ત્રો સજીને પોતાના ઘરોમાંથી નીકળી પડયા હતા હવે તમે પોત પોતાના ઘરે પાછા ફરો કારણ કે હવે અમે લોકો મુસલમાનોના હુમલા અને લૂટમારથી બચી ગયા છીએ અને જાનમાલની સલામતી સાથે અમે મક્કા પહોંચી રહ્યા છીએ.





## ★ કાફિરોમાં વિવાદ ★

અબૂ સુફયાનનો આ પત્ર મક્કાના કાફિરોને ત્યારે મળ્યો જ્યારે એ લોકો "જોહફા" મુકામે હતા. પત્ર વાંચીને બનૂ ઝોહરા અને બૂન અદીક કબીલાના સરદારોએ કહ્યું કે હવે મુસલમાનો સાથે લડવાની કોઈ જરૂર નથી આથી આપણે પાછા ફરવું જોઈએ. આ સાંભળીને અબૂ જહલ ચિડાઈ ગયો અને કહેવા લાગ્યો કે અમને ખુદાના સોગંદ છે કે આ જ વૈભવ સાથે બદર સુધી જઈશું, ત્યાં ઊંટ ઝબહ કરીશું, ખૂબ ખાઈશું, ખવડાવીશું, મદ્યપાન કરીશું, નાચ ગાનની રંગીન મહેફિલો જમાવીશું જેથી સમગ્ર અરબ દેશના તમામ કબીલાઓ ઉપર અમારી મહાનતા અને વૈભવની છાપ પડે અને તેઓ હમેશાં અમારાથી ડરતા રહે. કુરૈશના કાફિરોએ અબૂ જહલનો અભિપ્રાય માન્ય રાખ્યો અને તે પ્રમાણે અમલ કર્યો. બનૂ ઝોહરા અને બનૂ અદીના બંને કબીલાઓ પાછા ફર્યા. એ બંને કબીલાઓ સિવાય બાકીના કુરૈશના કાફિરોના તમામ કબીલાઓ જંગે બદરમાં જોડાયા હતા. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ-૨, પેજ-૬૧૮ થી ૬૧૯)*

## ★ કુરૈશના કાફિરો બદરમાં ★

કુરૈશના કાફિરો મુસલમાનોથી પહેલાં બદરમાં પહોંચી ગયા હોવાથી વ્યૂહાત્મક દષ્ટિએ વધુ અનુકૂળ જગ્યાઓ ઉપર તેમણે પોતાનો કબ્જો જમાવી દીધો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે બદર નજીક પહોંચ્યા ત્યારે સાંજના સમયે હઝરત અલી, હઝરત ઝુબૈર, હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہم ને બદર તરફ મોકલ્યા. જેથી એ લોકો કુરૈશના કાફિરો વિશેના સમાચારો લાવે. એ લોકોએ કાફિરોના લશ્કર માટે પાણી ભરવાના કામ પર નિયુક્ત કરાયેલા કુરૈશના બે ગુલામોને પકડી લીધા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંને ગુલામોને પૂછયું કે બતાવો કે કુરૈશના એ લશ્કરમાં કુરૈશના સરદારો પૈકી કોણ કોણ છે ? ત્યારે એ બંને ગુલામોએ જણાવ્યું કે ઉત્બહ બિન રબીઆ, શૈબહ બિન રબીઆ, અબુલ બખ્તરી, હકીમ બિન હિઝામ, નૌફિલ બિન ખુવૈલદ, હારિષ બિન આમિર, નઝર બિન અલ્ હારિષ, ઝમ્અહ બિન અલ અસ્વદ, અબૂ જહલ બિન હિશામ, ઉમૈયહ્ બિન ખલ્ફ, સુહૈલ બિન અમ્ર, અમ્ર બિન અબ્દુ વુદ, અબ્બાસ બિન અબ્દુલ

મુત્તલિબ વગેરે બધા જ સરદારો એ લશ્કરમાં મૌજૂદ છે. આ યાદી સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના અસ્હાબને સંબોધીને ફર્માવ્યું કે, હે મુસલમાનો ! સાંભળી લ્યો ! મક્કાએ પોતાના કાળજાના ટુકડા તમારી તરફ નાંખી દીધા છે. *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૧૦૨, ગઝ્વએ બદર અને ઝુર્કાની અલલ્ મવાહિબ વગેરે.....)*

## ★ તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم બદરના મેદાનમાં ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે બદર મુકામે પહોંચ્યા ત્યારે આપે એવી જગ્યાએ પડાવ નાંખ્યો કે જ્યાં ન તો કોઈ કૂવો હતો કે ન કોઈ ઝરણુ અને ત્યાંની જમીન એટલી બધી રેતાળ હતી કે ઘોડાના પગ જમીનમાં ખૂંપી જતા હતા. આ સાંભળીને હઝરત હુબાબ બિન મુન્ઝર رضی اللہ عنہ એ અરજ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પડાવ માટે આપે જે સ્થળની પસંદગી કરી છે તે વહી અન્વયે છે કે કોઈ વ્યૂહરચના અનુસાર છે ? આપે ફર્માવ્યું કે આ અંગે કોઈ જ વહી ઉતરી નથી. ત્યારબાદ હઝરત હુબાબ બિન મુન્ઝિર رضی اللہ عنہ એ કહ્યું કે તો પછી મારા મતે યુદ્ધની વ્યૂહરચનાની દષ્ટિએ વધુ સારું એ છે કે આપણે આગળ વધીને પાણીના ઝરણાઓ કબ્જે કરી લઈએ. જેથી કાફિરોએ જે કૂવાઓ ઉપર કબ્જો જમાવ્યો છે તે બેકાર થઈ જાય. કારણ કે એ ઝરણાઓમાંથી તેમના કૂવાઓમાં પાણી જાય છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમનું સલાહભર્યું સૂચન ખૂબ ગમ્યું અને એ પ્રમાણે જ અમલ કરવામાં આવ્યો અને ખુદાની શાન તો જુઓ કે વરસાદ પણ પડયો જેથી રેતી અને ધૂળ જામી ગયા. પરિણામે મુસલમાનો માટે હિલચાલ વધુ સરળ બની ગઈ અને કાફિરોની જમીન પર કાદવ જ કાદવ થઈ ગયું. પરિણામે તેમના માટે હરવું ફરવું કે હિલચાલ કરવું વધુ મુશ્કેલ બની ગયું અને મુસલમાનોએ વરસાદનું પાણી રોકીને ઠેર ઠેર હોજ બનાવી લીધા જેથી આ પાણી ગુસલ અને વુઝૂમાં વાપરી શકાય. એ જ ઉપકારનો ખુદાવન્દે આલમે આ રીતે ઉલ્લેખ કર્યો છે :–

"અને ખુદાએ આકાશમાંથી પાણી વરસાવ્યું જેથી એ તમને લોકોને પવિત્ર કરી દે." وَيُنَزِّلُ عَلَيْكُمْ مِّنَ السَّمَاءِ مَاءً لِّيُطَهِّرَكُمْ بِهِ (انفال)





## ★ સરવરે કાઈનાતની શબ બેદારી (ઉજાગરો) ★

૧૭ મી રમઝાન હિ.સ. ૨ જુમ્આની રાત હતી. આખુ લશ્કર તો આરામથી મીઠી નિંદર માણી રહ્યું હતું પરંતુ એક માત્ર સરવરે કાઈનાત આખી રાત ખુદાવન્દે આલમ તરફ ધ્યાન લગાવીને દુઆમાં વ્યસ્ત હતા ને આમ ને આમ જ સવાર થઈ ગઈ ત્યારે આપે લોકોને નમાઝ માટે જગાડયા. ત્યાર પછી નમાઝ બાદ કુર્આનની જેહાદ વિશેની આયતો સંભળાવીને એવી કંપાવી દેનારી અને ઉત્સાહવર્ધક વાએઝ ફર્માવી કે ઈસ્લામી મુજાહિદોની નસોમાં લોહીનું ટીપે ટીપુ ઉત્સાહ અને જોશનો સમુદ્ર બનીને હિલોળા લેવા માંડયું અને લોકો જંગના મેદાન માટે તૈયાર થવા લાગ્યા.

## ★ કોણ ? ક્યારે ? અને ક્યાં મરશે ? ★

રાત્રે જ કેટલાક જાંનિષારો સાથે આપે જંગના મેદાનનું નિરીક્ષણ કર્યું હતું. એ સમયે આપના દસ્તે (હાથ) મુબારકમાં એક લાકડી હતી. એ જ લાકડી વડે આપ જમીન પર લીટી ખેંચતા અને એમ ફર્માવતા જતા હતા કે આ ફલાણા કાફિરની કતલ થવાની જગ્યા છે અને આવતી કાલે અહીં ફલાણા કાફિરની લાશ પડેલી હશે. અને બન્યું પણ એમ જ કે આપે જે જગ્યાએ જે કાફિરની કતલ થવાની આગાહી કરી હતી તે કાફિરનો મૃતદેહ બરાબર એ જ સ્થળેથી મળી આવ્યો હતો. એ પૈકીનો કોઈ પણ એક તસુ જેટલોય આગળ પાછળ ન હતો. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૬૪, મત્બાઅ્ નામી અને મુસ્લિમ, ભાગ–૨, પેજ–૧૦૨, ગઝ્વએ બદર)*

આ હદીષથી સ્પષ્ટ અને નિઃસંદેહ આ મસ્અલો પુરવાર થઈ જાય છે કે કોણ ? ક્યારે અને ક્યાં ? મરશે ગૈબની આ બંને બાબતોનું જ્ઞાન અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એનાયત ફર્માવ્યું હતું.

## ★ યુદ્ધ ટળતાં રહી ગયું ! ★

કુરૈશના કાફિરો લડવા માટે અત્યંત વ્યાકુળ હતા. પરંતુ એ લોકોમાં કેટલાક ધીર ગંભીર વિચારસરણીવાળા લોકો હતા જે લોકો રક્તપાતને પસંદ કરતા ન હતા. આથી હકીમ બિન હિઝામ કે જેઓ પાછળથી મુસલમાન બની ગયા હતા તેઓ અત્યંત નમ્ર અને ગંભીર હતા. તેમણે

પોતાના લશ્કરના સર સેનાપતિ ઉત્બહ બિન રબીઅહ્‌ને કહ્યું હતું કે છેવટે આ રક્તપાતથી શો લાભ થવાનો છે ? હું તમને એક નિખાલસ સૂચન કરું છું અને તે એ છે કે કુરૈશની જે કંઈ માગણી છે તે અમ્ર બિન અલ્ હઝરમીના લોહીનો બદલો છે અને એ તમારો હલીફ (કરારબદ્ધ) છે તમે એના લોહીનો બદલો ચૂક્વી દો. આ રીતે આ લડાઈ નિવારી શકાશે અને આમ આજનો દિવસ તમારી જિંદગીના ઈતિહાસમાં નેકનામીની યાદગાર બની રહેશે કારણ કે તમારી દૂરંદેશીથી એક અત્યંત ભયંકર યુદ્ધ ટળી જશે. ઉત્બહ પોતે પણ એક દૂરંદેશ અને ભલો માણસ હતો એણે રાજીખુશીથી આ નિખાલસ સૂચન સ્વીકારી લીધું. પરંતુ આ મામલામાં અબૂ જહલની મંજૂરી પણ જરૂરી હતી. આમ હકીમ બિન હિઝામ જ્યારે ઉત્બહ બિન રબીઆનો આ સંદેશ લઈને અબૂ જહલ પાસે ગયા ત્યારે એની અજ્ઞાનતાનું ગાંડપણ વધારે ભડકી ઉઠયું અને એણે લોહી ઉકાળી દેનાર મહેણું માર્યું અને કહ્યું કે, હા ! જી હા ! હું બહુ જ સારી રીતે સમજી શકું છું કે ઉત્બહની હિમ્મત નથી ચાલતી કારણ કે એનો પુત્ર હુઝૈફા મુસલમાન થઈને ઈસ્લામી લશ્કર સાથે આવ્યો છે આથી એ યુદ્ધથી બચવા માગે છે જેથી આ પુત્રને સહેજે ય આંચ ન આવે.

પછી તે અબૂ જહલ આટલેથી જ અટકયો ન હતો. બલ્કે માર્યા ગયેલા અમ્ર બિન અલ્ હઝ્‌રમીના ભાઈ આમિર બિન અલ્ હઝ્‌રમીને બોલાવીને કહ્યું કે જુઓ તમારા માર્યા ગયેલા ભાઈ અમ્ર બિન અલ્ હઝ્‌રમીના લોહીનો વેર વાળવાની આખે આખી યોજના ઉપર પાણી ફરી વળશે કારણ કે આપણા લશ્કરનો સેનાપતિ ઉત્બહ કાયરતા દાખવી રહ્યો છે. આ સાંભળતાં જ આમિર બિન અલ્ હઝ્‌રમીએ અરબ દેશની તત્કાલીન પરંપરા અનુસાર પોતાનાં કપડાં ફાડી નાખ્યાં અને પોતાના માથે ધૂળ નાખીને ''વા અમ્ર ! વા અમ્ર !''નું સુત્રોચ્ચાર શરૂ કરી દીધું. આ કાર્યવાહીથી કુરૈશના કાફિરોના આખા લશ્કરમાં ફરી વેરનો અગ્નિ ભડકવા લાગ્યો અને આખું લશ્કર ખૂનનો બદલો ખૂનના સુત્રોચ્ચારથી ગાજી ઉઠયું અને દરેક સૈનિક જોશમાં આવી જઈને યુદ્ધ માટે વધુને વધુ વ્યાકુળ થઈ ઉઠયો. ઉત્બહએ જ્યારે અબૂ જહલનું મેહણું સાંભળ્યું ત્યારે એ પણ રોષે ભરાયો અને કહ્યું કે અબૂ જહલને કહી દો કે યુદ્ધનું મેદાન કહી આપશે કે કાયર





કોણ છે ? એમ કહીને લોખંડની ટોપી મંગાવી પરંતુ એનું માથું એટલું બધું મોટું હતું કે એના માથે કોઈ જ ટોપી ફિટ આવી નહીં, છેવટે વિવશ થઈને એણે પોતાના માથે કપડું લપેટયું અને શસ્ત્રો સજીને યુદ્ધ માટે તૈયાર થઈ ગયો.

## ★ મુજાહિદોની હરોળબંદી ★

૧૭ મી રમઝાન હિ.સ. ૨ જુમ્આના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈસ્લામના મુજાહિદોને હરોળ બંદીના આદેશો આપ્યા. દસ્તે (હાથ) મુબારકમાં એક લાકડી હતી. એના ઈશારે આપ સફો (હરોળો) દુરુસ્ત ફર્માવતા હતા. જેથી કોઈ વ્યક્તિ આગળ પાછળ ન રહી જાય અને એવો પણ હુકમ ફર્માવી દીધો કે અલ્લાહ તઆલાના ઝિક્ર સિવાય અન્ય કોઈપણ પ્રકારનો શોર બકોર કરશો નહીં. યુદ્ધનો ડંકો વાગવાનો છે બરાબર એ જ સમયે બે એવી ઘટનાઓ બની જે અત્યંત ઈબ્રત ખેઝ અને બોધદાયક છે.

## ★ શિકમે (પેટ) મુબારકનું ચુંબન ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની લાકડીના ઈશારે સફો સીધી કરી રહ્યા હતા ત્યારે આપે જોયું કે હઝરત સુવાદ અન્સારી رضی اللہ عنہ નું પેટ સફથી આગળ નીકળેલું છે. આપે પોતાની લાકડી એમના પેટે અડાડીને ફર્માવ્યું હતું ''ઈસ્તવિ વા સવાદુ !'' (હે સવાદ ! સીધા ઊભા થાવ) હઝરત સવાદ رضی اللہ عنہ એ કહ્યું કે યા રસૂલલ્લાહ ! આપે મારા પેટ ઉપર લાકડી મારી છે મારે એનો બદલો લેવો છે ! આ સાંભળીને આપે પોતાનું પવિત્ર પહેરણ ઉપાડીને ફર્માવ્યું કે, હે સવાદ ! લ્યો મારું પેટ હાજર છે, તમેય એના પર લાકડી મારીને પોતાનો બદલો લઈ લો ! હઝરત સવાદ رضی اللہ عنہ એ દોડીને આપના શિકમ (પેટ) મુબારકનું ચુંબન લઈ લીધું અને પછી અત્યંત પ્રેમથી આપને ભેટી પડયા. આપે ઈર્શાદ ફર્માવ્યો કે હે સવાદ ! તમે આવું કેમ કર્યું ?! અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! હું અત્યારે યુદ્ધ માટે લશ્કરની હરોળમાં પોતાનું માથું હથેળીમાં લઈને ઊભો છું. કદાચ મોતનો સમય આવી ગયો હોય, આ વખતે મારા મનમાં આ તમન્ના (અભિલાષા)એ ઉછાળો માર્યો કે કાશ ! મરતી વેળા મારું શરીર આપના પવિત્ર શરીરને

અડી જાય ! આ સાંભળી હુઝૂર ﷺ એ હઝરત સવાદ رضی اللہ عنہ ની ભાવનાની કદર કરતાં તેમના માટે ખૈરો બરકતની દુઆ ફર્માવી અને હઝરત સવાદ رضی اللہ عنہ એ દરબારે રિસાલતમાં મઅ્ઝેરત (ક્ષમા યાચના) કરતાં પોતાનો બદલો માફ કરી દીધો અને તમામ સહાબાએ કિરામ હઝરત સવાદ رضی اللہ عنہ ની અદાને આશ્ચર્ય સાથે જોતાં એમનો ચહેરો એકીટશે જોતા જ રહી ગયા. *(સીરતે ઈબ્ને હિશામ, ગઝ્વએ બદર, ભાગ–૨, પેજ–૬૨૬)*

## ★ વચન પાલન ★

સંજોગોવશાત હઝરત હુઝૈફા બિન અલ યમાન અને હઝરત અબૂ હસીલ رضی اللہ عنہما આ બંને સહાબીઓ ક્યાંકથી આવી રહ્યા હતા. માર્ગમાં કાફિરોએ તેમને અવરોધ્યા કે તમે બંને જણા બદરના મેદાનમાં મુહમ્મદ ﷺ ની મદદે જઈ રહ્યા છો. એ બંને જણાએ ઈન્કાર કર્યો અને જંગમાં ન જોડાવાનું વચન આપ્યું આથી કાફિરોએ તેમને છોડી મૂક્યા. જ્યારે આ બંને જણા બારગાહે રિસાલતમાં હાજર થયા અને પોતાની ઘટના કહી સંભળાવી ત્યારે હુઝૂર ﷺ એ બંને જણાને યુદ્ધની હરોળમાંથી જુદા કરી દીધા અને ઈર્શાદ ફર્માવ્યો કે આપણે દરેક સ્થિતિમાં વચન પાલન કરીશું, અમને માત્ર ખુદાની જ મદદ જોઈએ છે. *(મુસ્લિમ, બાબુલ વફા બિલ ઊહદ, ભાગ–૨, પેજ–૧૦૬)*

વાંચક મિત્રો ! જરા વિચાર તો કરો ! દુનિયા જાણે છે કે યુદ્ધ પ્રસંગે ખાસ કરીને એવી સ્થિતિ જ્યારે શત્રુઓના ભવ્ય લશ્કરનો સામનો કરવાનો હોય ત્યારે એક એક સૈનિક કેટલો બધો મૂલ્યવાન હોય છે ? પરંતુ તાજદારે દો આલમ ﷺ એ પોતાના નબળા ઓછી સંખ્યાવાળા લશ્કરને બે વીર અને જાંબાઝ સૈનિકોથી વંચિત રાખવાનું પસંદ ફર્માવ્યું પરંતુ કોઈપણ મુસલમાન કોઈ કાફિર સાથે પણ વચન ભંગ કરે એ વાત પસંદ ન ફર્માવી.

અલ્લાહુ અકબર ! હે દુનિયાના વિવિધ રાષ્ટ્રોના બાદશાહો ! અલ્લાહને માટે મને એ બતાવો કે શું તમારી જિંદગીના ઈતિહાસના મોટા મોટા દફતરોમાં કોઈ એવું ઝળહળતુ પાનું પણ છે ? હે ચાંદ, સૂરજની દૂર સુધી જોતી નિગાહો ! ખુદાને માટે બતાવો ! શું તમારી આંખોએ ક્યારેક સૃષ્ટિના અસ્તિત્વ ઉપર વચનપાલનનું આવું કોઈ ઉમદા ઉદાહરણ નિહાળ્યું





છે ખરું ? ખુદાના સોગંદ મને વિ□ાસ છે કે તમે એના જવાબમાં ના સિવાય બીજું કશું જ કહી શક્તા નથી.

## ★ બંને લશ્કર સામ સામે ★

આ એ સમય છે કે જ્યારે બદરના મેદાનમાં હક્ક (સત્ય) અને બાતિલ (અસત્ય)ની બંને સેનાઓ એકબીજાની સામે આવીને ઊભી છે, કુર્આન એલાન કરી રહ્યુ છું કે :–

قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ فِيْ فِئَتَيْنِ الْتَقَتَا فِئَةٌ تُقَاتِلُ فِيْ سَبِيْلِ اللّٰهِ وَ اُخْرٰى كَافِرَةٌ

''જે લોકો પરસ્પર લડયા એમાં તમારા માટે બોધ (ઈબ્રત)ની નિશાની છે, એક ખુદાના માર્ગમાં લડી રહ્યો હતો અને બીજો ખુદાનો ઈન્કાર કરનાર હતો.'' *(આલે ઈમરાન)*

હુઝૂર ﷺ ઈસ્લામના મુજાહિદોની હરોળબંદીથી ફારેગ થઈને મુજાહિદોના ઠરાવ પ્રમાણે પોતાના એ જ છાપરામાં તશરીફ લઈ ગયા જે મુજાહિદોએ આપની બેઠક માટે તૈયાર કર્યો હતો. હવે આ છાપરાની સુરક્ષાનો પ્રશ્ન ખૂબ અગત્યનો હતો. કારણ કે કુરૈશના કાફિરોના હુમલાનું મૂળ લક્ષ્ય તાજદારે દો આલમ ﷺ ની જાત હતી. કોઈની હિંમત ન હોતી ચાલતી કે એ છાપરાનો પહેરો ભરે, પરંતુ એ પ્રસંગે પણ આપના ગુફાનાં સાથીદાર હઝરત સિદ્દીકે બાવકારના ભાગ્યમાં આ સઆદત (સદ્ભાગ્ય) લખાયેલી હતી કે તેઓ ખુલ્લી તલ્વાર લઈને એ ઝુપડી પાસે અડીખમ ઊભા રહ્યા અને હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ પણ કેટલાક અન્સારીઓ સાથે એ છાપરાની ચોકી કરતા રહ્યા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૪૧૮)*

## ★ દુઆએ નબવી ★

હુઝૂર ﷺ એ નાઝુક ક્ષણમાં અલ્લાહ તઆલાનું ધ્યાન ધરી તેની તરફ ''લવ'' લગાડીને આદ્રતા સાથે ઊભા થઈ હાથ ફેલાવીને દુઆ માંગી રહ્યા હતા : ''ખુદાવંદા ! તેં મને જે વચન આપ્યું છે, આજે એને પૂરો ફર્માવી દે !''

આપ પર એટલી બધી રિક્કત (આદ્રતા) અને મેહવિયત (લીનતા)

છવાઈ ગઈ કે રડવાના જોશમાં પવિત્ર ચાદર મુબારક આપના ખભા પરથી પડી જતી હતી પરંતુ આપને એની જાણ રહેતી ન હોતી. ક્યારેક આપ સજદામાં માથુ મૂકીને આ રીતે દુઆ માગતા કે : "હે મારા અલ્લાહ ! જો આ થોડાક માણસો માર્યા જશે તો પછી કયામત સુધી ધરતી પર તારી ઈબાદત કરનારાઓ નહીં રહે." *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૨૭)*

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ આપના ગુફાના સાથીદાર હતા. આપને આ સ્થિતિમાં જોઈને એમના મનની શાંતિ અને ચેન જતા રહ્યાં અને તેમની ઉપર પણ રિક્કત(અદ્રતા) છવાઈ ગઈ અને તેમણે ચાદર મુબારક ઉપાડીને આપના ખભા પર નાખી દીધી અને આપનો દસ્તે મુબારક (પવિત્ર હાથ) પકડીને ભારે અવાજે અત્યંત વિનમ્ર સ્વરે અરજ ગુજારી કે હુઝૂર ! હવે બસ કરો ! ખુદા ચોક્કસ પોતાના વચનનું પાલન કરશે.

પોતાના ગુફાના સાથી યારેગાર સિદ્દીકે જાંનિષારની આ વાત સાંભળીને આપે દુઆ પૂરી કરી દીધી અને આપની શુભ જીભે આ આયતનું વિર્દ (રટણ) ચાલુ થઈ ગયું કે :–

سَيُهْزَمُ الْجَمْعُ وَ يُوَلُّوْنَ الدُّبُرَ ۝ (قمر)

"ટૂંકમાં (કાફિરોના) લશ્કરને પરાજય આપવામાં આવશે અને તેઓ પીઠ દેખાડીને ભાગી જશે." *(સૂરએ કમર)*

અને આપ આ આયતને વારંવાર પઢતા રહ્યા કે જેમાં ઝળહળતા વિજયની બશારત (ખુશખબરી)નો નિર્દેશ હતો.

## ★ લડાઈ કેવી રીતે શરૂ થઈ ?! ★

યુદ્ધની શરૂઆત એવી રીતે થઈ કે સૌથી પહેલા આમિર બિન અલ્ હઝ્રમી કે જે પોતાના માર્યા ગયેલા ભાઈ અમ્ર બિન અલ્ હઝરમીના ખૂનનો બદલો લેવા વ્યાકુળ હતો યુદ્ધ માટે આગળ વધ્યો. એના મુકાબલા માટે હઝરત ઉમર رضی اللہ عنہ ના ગુલામ હઝરત મેહજાઅ્ رضی اللہ عنہ મેદાનમાં નીકળ્યા અને લડતા લડતા શહીદ થઈ ગયા. ત્યારબાદ હઝરત હારિષા બિન સુરાકા رضی اللہ عنہ હોજમાંથી પાણી પી રહ્યા હતા ત્યારે એકાએક એમને એક બાણ વાગ્યું અને તેઓ પણ શહીદ થઈ ગયા. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૨૭)*





## ★ હઝરતે ઉમૈરનો શહાદતનો શોખ ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે જોશો જેહાદની વાએઝ ફર્માવતા એમ કહ્યું કે હે મુસલમાનો ! એ જન્નત તરફ આગળ વધો જેની પહોળાઈ આકાશ અને ધરતી બરાબર છે. ત્યારે હઝરત ઉમૈર બિન અલહમામ અન્સારી رضی اللہ عنہ બોલી ઉઠયા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું જન્નતની પહોળાઈ ધરતી અને આકાશ સમોવડી છે ?! આપે ઈર્શાદ ફર્માવ્યો કે, "હા !" આ સાંભળીને હઝરત ઉમૈર رضی اللہ عنہ એ કહ્યું કે વાહ ! વાહ ! આપે તેમને દર્યાફ્ત ફર્માવ્યું (પૂછયું) કે હે ઉમૈર ! તમે વાહ ! વાહ ! શા માટે બોલ્યા ?! તેમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم માત્ર એ જ આશાએ કે હું પણ જન્નતમાં દાખલ થઈ જાઉં ! આપે ખુશખબરી સંભળાવતા ઈર્શાદ ફર્માવ્યો કે હે ઉમૈર ! તું નિશ્ચિતપણે જન્નતી છે. હઝરત ઉમૈર صلی اللہ تعالیٰ علیہ وسلم એ વખતે ખજૂરો ખાઈ રહ્યા હતા. આ બશારત (ખુશખબરી) સાંભળીને ખુશીને લીધે ખજૂરો ફેંકીને ઊભા થઈ ગયા અને એકાએક કાફરોના લશ્કર પર તલ્વાર લઈને ત્રાટકયા અને વીરતાપૂર્વક લડતાં લડતાં શહીદ થઈ ગયા. *(મુસ્લિમ કિતાબુલ જેહાદ, બાબ સુફૂતે ફઝ્રુલ જેહાદ અનિલ મઅ્ઝુરીન, ભાગ–૨, પેજ–૧૩૯)*

## ★ કાફિરોનો સેનાપતિ મરાયો ★

કાફરોનો સેનાપતિ ઉત્બહ બિન રબીઅહ્ પોતાની છાતીએ શાહમૃગનું પીછું લગાડીને પોતાના ભાઈ શૈબહ રબીઅહ્ અને પોતાના પુત્ર વલીદ બિન ઉત્બહને સાથે લઈ રોષે ભરાઈને પોતાની હરોળમાંથી નીકળીને મુકાબલો કરવાનું આમંત્રણ આપવા લાગ્યો. ઈસ્લામી હરોળોમાંથી હઝરત ઔફ અને હઝરત મુઆઝ અને અબ્દુલ્લાહ બિન રવાહા (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) મુકાબલા માટે નીકળ્યા. ઉત્બહ્એ તેમના નામો અને વંશ વિશે પૂછપરછ કરી. જ્યારે ખબર પડી કે એ લોકો અન્સારી છે. ત્યારે ઉત્બહએ કહ્યું કે અમારે તમારી સાથે કંઈ જ લેવા દેવા નથી. ત્યાર બાદ ઉત્બહ્એ બરાડીને કહ્યું કે, "હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ લોકો અમારી સમકક્ષ નથી, કુરૈશના કુલીનોને અમારી સાથે લડવા માટે મેદાનમાં મોકલો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હમઝહ્ અને હઝરત અલી અને હઝરત

ઉબૈદહ્ رضی اللہ عنہما ને આદેશ આપ્યો કે આપ લોકો આ ત્રણેય જણાનો મુકાબલો કરવા નીકળો. આથી ઈસ્લામના એ ત્રણેય બહાદુરો મેદાનમાં નીકળ્યા. એ ત્રણેય જણાએ માથે લોખંડના ટોપા પહેર્યા હોવાથી એમના ચહેરા છુપાઈ ગયા હતા. તેથી ઉત્બહ્ તેમની ઓળખી શક્યો નહીં. અને પૂછયું કે તમે લોકો કોણ છો ?! જ્યારે એ ત્રણેય જણાએ પોતાના નામ અને વંશની વિગતો આપે ત્યારે ઉત્બહ્ બોલ્યો કે હા ! અમારી જોડ બરાબરની છે. જ્યારે એ લોકો વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારે હઝરત હમઝા અને હઝરત અલી અને હઝરત ઉબૈદા رضی اللہ عنہم એ પોતાની ઈમાની બહાદુરીનું એવું ઉમદા પ્રદર્શન કર્યું કે બદરની ભૂમિ ધ્રુજી ઉઠી હતી અને કાફિરોનાં હૃદય કાંપી ઉઠયાં હતાં. અને એમના યુદ્ધનું પરિણામ એ આવ્યું કે હઝરત હમઝા رضی اللہ عنہ એ ઉત્બહનો મુકાબલો કર્યો. બંને જણા અત્યંત બહાદુરીપૂર્વક લડતા રહ્યા પરંતુ છેવટે હઝરત હમઝા رضی اللہ عنہ એ પોતાની તલવારના ઉપરાછાપરી ઘા કરીને ઉત્બહને ભોંય ભેગો કરી દીધો. વલીદે હઝરત અલી رضی اللہ عنہ થી જંગ કરી. બંને જણાએ આગળ વધીને વધીને એકબીજા પર જીવલેણ હુમલા કર્યા અને ખૂબ લડયા, પરંતુ અલ્લાહના સિંહ (અસદુલ્લાહુલ ગાલિબ)ની ઝુલ્ફિકારે (તલ્વારે) વલીદને પાડી દીધો અને એ અત્યંત અપમાનિત થઈ કતલ થયો. ઉત્બહના ભાઈ શૈબહએ હઝરત ઉબૈદહ رضی اللہ عنہ ને એવી રીતે ઘાયલ કરી દીધા કે તેઓ પોતાનો ઘા જીરવી શક્યા નહીં અને જમીન પર બેસી ગયા આ દ્રશ્ય નિહાળીને હઝરત અલીએ ઝપાટા બંધ રીતે આગળ વધીને શૈબહને કતલ કરી નાખી હઝરત ઉબૈદહ્ رضی اللہ عنہ પોતાના ખભા પર ઊંચકીને બારગાહે રિસાલતમાં લાવ્યા. એમની પિંડલી તૂટીને ચૂરેચરા થઈ ચૂકી હતી અને હાડકામાંથી ગર વહી રહ્યો હતો. એ જ સ્થિતિમાં અરજ ગુજારી, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالی علیہ وسلم શું હું શહીદીથી વંચિત રહ્યો ?!" આપે ઈર્શાદ ફર્માવ્યો, નહીં ! હરગિઝ નહીં ! બલ્કે તમે શહીદીને વર્યા છો. હઝરત ઉબૈદહ્ એ જણાવ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالی علیہ وسلم જો આજે મારા અને આપના કાકા અબૂ તાલિબ જીવતા તો તેઓ માની લેતા કે તેમની આ કાવ્ય પંક્તિ મારા માટે જ છે :–

વનુસ્લિમુહૂ હત્તા નુસર્ર-અ હૌ-લહૂ
વ-નઝ્-હુલ અન અબ્નાઈના વલ્હલાઈલી





એટલે કે અમે મુહમ્મદ صلی اللہ تعالی علیہ وسلم ને ત્યારે દુશ્મનોને હવાલે કરીશું જ્યારે અમે તેમની આજુબાજુ લડતાં લડતાં પછડાઈ જઈશું અને અમે અમારા પુત્રો અને પત્નીઓને વિસરી જઈશું. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૩૬૧ અને ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૪૧૮)*

## ★ હઝરત ઝુબૈરની ઐતિહાસિક બરછી ★

ત્યારબાદ સઈદ બિન અલ્ આસનો પુત્ર "ઉબૈદ" માથાથી પગ સુધી લોંખડના કવચ અને શસ્ત્રોમાં સંતાયેલો પોતાની હરોળમાંથી બહાર નીકળ્યો. અને એમ કહીને ઈસ્લામી લશ્કરને લલકારવા લાગ્યો કે, હું અબૂ કર્શ છું. તેનો આ ઘમંડી પડકાર સાંભળીને હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ની ફોઈના પુત્ર ઝુબૈર બિન અલ્ અવામ رضی اللہ عنہ ભારે આવેશમાં વિફરેલા પોતાની બરછી લઈને મુકાબલો કરવા નીકળ્યા પરંતુ એ જોયું કે એની બંને આંખો સિવાય એના શરીરનો કોઈ જ ભાગ એવો નથી જે લોખંડથી ઢંકાયેલો ન હોય. હઝરત ઝુબૈર رضی اللہ عنہ એ તાકીને એટલી તાકાતથી એની આંખ પર બરછી નો ઘા કર્યો કે એ જમીન પર પડયો અને મરી ગયો. એ બરછી એની આંખ ભેદીને ખોપરીના હાડકા સુધી પહોંચી ગઈ હતી. હઝરત ઝુબૈર رضی اللہ عنہ એ જ્યારે એના મૃતદેહ ઉપર પગ મૂકીને પૂરેપૂરી તાકાત લગાવીને ખેંચી ત્યારે બહુ જ મુશ્કેલીથી એ બરછી બહાર નીકળી હતી. પરંતુ એનો છેડો વળી ગયો હતો. આ બરછી એક ઐતિહાસિક યાદગાર બનીને વરસો સુધી તબર્રુક બની રહી હતી. હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ હઝરત ઝુબૈર رضی اللہ عنہ પાસેથી એ બરછી મેળવી લીધી હતી. ત્યાર પછી હૂઝૂર صلی اللہ تعالی علیہ وسلم બાદ ચારેય ખુલફાએ રાશિદીન પાસે આ બરછી તબદીલ થતી રહી. ત્યારબાદ હઝરત ઝુબૈર رضی اللہ عنہ ના સુપુત્ર હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہما પાસે આવી. હિ.સ. ૭૩ માં જ્યારે બનૂ ઉમૈયાના અત્યાચારી ગવર્નર હજ્જાજ બિન યૂસુફ સકફીએ તેમને શહીદ કરી દીધા ત્યાં સુધી એ બરછી તેમની પાસે રહી. ત્યારબાદ આ બરછી બનૂ ઉમૈયાના કબ્જામાં જતી રહી. ત્યારબાદ લાપતા બની ગઈ. *(બુખારી ગઝ્વએ બદર, ભાગ–૨, પેજ–૫૭૦)*

## ★ અબૂ જહલ અપમાનિત થઈને મરાયો ! ★

હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ કહે છે કે હું યુદ્ધની હરોળમાં

ઊભો હતો અને મારી જમણી ડાબી બાજુએ બે તરુણો ઊભા હતા. એકે ધીમેથી પૂછયું, "ચચા જાન ! શું તમે અબૂ જહલને ઓળખો છો ?" મેં તેને કહ્યું, "કેમ ભત્રીજા ! તારે અબૂ જહલનું શું કામ છે ?!" એણે કહ્યું, "ચચા જાન ! મેં ખુદાને વચન આપ્યું છે કે હું અબૂ જહલને જ્યાં જોઈ લઈશ ત્યાં ક્યાં તો એની કતલ કરી નાખીશ ક્યાં લડતાં લડતાં હું જ શહીદ થઈ જઈશ, કારણ કે એ અલ્લાહના રસૂલનો બહુ જ મોટો દુશ્મન છે." હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ કહે છે કે હું આશ્ચર્યચકિત થઈને એ તરુણનો ચેહેરો અકેટસે જોઈ જ રહ્યો હતો ત્યારે તરુણે પણ આજ વાત કહી એવામાં અબૂ જહલ તલ્વાર ફેરવતો ફેરવાતો સામે જ આવી ગયો અને મેં ઈશારો કરીને બતાવી દીધું કે અબૂ જહલ આ જ છે ! બસ, પછી તો શું વાત ?! એ બંને તરુણો તલ્વારો લઈને એના પર એવી રીતે ત્રાટક્યા જે રીતે બાજ પક્ષી પોતાના શિકાર પર ત્રાટકે છે. બંને જણાએ પોત પોતાની તલ્વારથી મારી મારીને અબૂ જહલને મારી નાખ્યો એ બંને તરુણો હઝરત મુઔવ્વઝ અને મુઆઝ رضی اللہ عنہما હતા કે જેઓ "અફરાઅ"ના પુત્રો હતા. અબૂ જહલના પુત્ર અક્રમાએ પોતાના પિતાના ખૂની હઝરત મુઆઝ ઉપર હુમલો કરી દીધો અને પાછળથી એમના ડાબા ખભા પર તલ્વારનો એવો ઘા કર્યો કે એમનો હાથ કપાઈ ગયો પણ થોડીક જ ચામડી બાકી રહી ગઈ અને હાથ લટકવા લાગ્યો. હઝરત મુઆઝે અક્રમાનો પીછો કર્યો અને દૂર સુધી દોડયા પરંતુ અક્રમા બચી ગયો. હઝરત મુઆઝ رضی اللہ عنہ એ સ્થિતિમાં પણ લડતા રહ્યા. પરંતુ કપાયેલા હાથના લટકવાથી ભારે તકલીફ થઈ રહી હતી. આથી એમણે પોતાના કપાયેલા હાથને પગ તળે દબાવીને એવી તાકતથી ખેંચ્યો કે એ શરીરથી જુદો પડી ગયો અને ત્યારબાદ તેઓ મુક્ત થઈને એક હાથે લડતા રહ્યા. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ અબૂ જહલ પાસેથી પસાર થયા ત્યારે એમાં જીવ બાકી હતો. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ એની ગરદન પોતાના પગ તળે કચડીને ફર્માવ્યું, "તું જ અબૂ જહલ છે ! બતાવ ! આજે તને અલ્લાહના રસૂલે કેવો અપમાનિત કર્યો ! અબૂ જહલે એ સ્થિતિમાં પણ ઘમંડપૂર્વક જણાવ્યું કે તમારા માટે કોઈ મોટું પરાક્રમ નથી. મારી કતલ એનાથી વધું બીજું કાંઈ નથી કે એક માણસનું તેની કોમના લોકોએ જ ખૂન કરી દીધું. હા ! મને





અફસોસ છે તો એટલો જ કે કાશ ! ખેડૂતો સિવાયની બીજી કોઈ વ્યક્તિએ મારી હત્યા કરી હોત ! હઝરત મુઅવ્વિઝ અને હઝરત મુઆઝ رضی اللہ عنہما, આ બંને જણા અન્સારી હતા અને અન્સાર ખેતીવાડીનું કામ કરતા હતા અને કુરૈશ કબીલાના લોકો ખેડૂતોને તુચ્છ દષ્ટિએ જોતા હતા, આથી જ અબૂ જહલને ખેડૂતોના હાથે મરાયાનો ઘણો જ અફસોસ હતો.

યુદ્ધ પૂરું થઈ ગયા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદને સાથે લઈને જ્યારે અબૂ જહલના મૃતદેહ પાસેથી પસાર થયા ત્યારે લાશ તરફ સંકેત કરીને ફર્માવ્યું કે, અબૂ જહલ આ સમયનો ફિરઔન છે, ત્યારબાદ અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ અબૂ જહલનું માથું કાપીને તાજદારે صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમોમાં નાખી દીધું હતું. *(બુખારી ગઝ્વએ બદર અને દલાઈલુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૭૩)*

## ★ અબુલ બખ્તરીની કત્લ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ યુદ્ધ શરૂ થતાં પહેલાં જ ફર્માવી દીધું હતું કે કેટલાક લોકો કાફિરોના લશ્કરમાં એવા પણ છે જેમને મક્કાના કાફિરો દબાણપૂર્વક લઈ આવ્યા છે એવા લોકોની કતલ કરવી જોઈએ નહીં. એ લોકોનાં નામો પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જણાવી દીધાં હતાં. એ જ લોકો પૈકીનો એક અબુલ બખ્તરી પણ હતો જે પોતાની ઈચ્છાપૂર્વક મુસલમાનો સાથે લડવા ન હતો આવ્યો બલ્કે કુરૈશના કાફિરો એના પર દબાણ કરી બળજબરી પૂર્વક એને ખેંચી લાવ્યા હતા. ભીષણ યુદ્ધ ચાલી રહ્યું હતું એવી સ્થિતિમાં હઝરત મુજઝર બિન ઝિયાદ رضی اللہ عنہ ની નજર અબુલ બખ્તરી ઉપર પડી કે જે પોતાના ગાઢ મિત્ર જુનાદહ બિન મલીહા સાથે ઘોડા ઉપર સવાર હતો. હઝરત મુજઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હે અબુલ બખ્તરી ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તારી હત્યા કરવાની અમને મનાઈ ફર્માવી છે આથી હું તને છોડી દઊં છું. અબુલ બખ્તરીએ કહ્યું કે મારા સાથીદાર જુનાદહ વિશે તમે શું કહો છો ? ત્યારે હઝરત મુજઝિર رضی اللہ عنہ એ સ્પષ્ટપણે જણાવી દીધું કે અમે તેને જીવતો છોડી શક્તા નથી. આ સાંભળીને અબુલ બખ્તરી રોષે ભરાયો અને કહ્યું કે હું અરબ મહિલાઓનું મહેણું સાંભળવા માગતો નથી કે અબુલ બખ્તરીએ પોતાનો જીવ બચાવવા માટે પોતાના સાથીદારને

અકેલો છોડી દીધો ! આ સાંભળીને અબુલ બખ્તરીએ રજઝ (શૌર્યગીત)ની પંક્તિ ઉચ્ચારી, "લંય્યુસ્લિ–મબ્નુ હુર્રતિન ઝમીલહ હત્તા યમૂ–ત અવ યરા સબીલહ." (કોઈની કુલીન વ્યક્તિ પોતાના સાથીદારને હરગિઝ છોડી શકે નહીં, જ્યાં સુધી એ મરી ન જાય અથવા પોતાનો માર્ગ ન જોઈ લે.)

## ★ ઉમૈયહની કત્લ ★

ઉમૈયહ્ બિન ખલ્ફ બહુ જ મોટો દુશ્મને રસૂલ હતો. બદરના યુદ્ધમાં જ્યારે કુફ્ર અને ઈસ્લામના બંને લશ્કરો યુદ્ધમાં વ્યસ્ત હતા ત્યારે ઉમૈયા પોતાના જૂના સંબંધોને આધારે હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ને ભેટી પડયો અને કરગરીને કહેવા લાગ્યા કે મારો જીવ બચાવો ! હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ ને દયા આવી ગઈ અને આપે ઈચ્છયું કે ઉમૈયહ્ ભાગી છૂટે. પરંતુ હઝરત બિલાલ رضی اللہ عنہ એ ઉમૈયહ્ને જોઈ ગયા. હઝરત બિલાલ رضی اللہ عنہ  જ્યારે ઉમૈયહના ગુલામ હતા ત્યારે ઉમૈયહ્  એ તેમના પર ખૂબ જ અત્યાચારો ગુજાર્યા હતા આથી વેરના વળામણા કરવા હઝરત બિલાલ رضی اللہ عنہ એ અન્સારને પોકાર્યા. અન્સારી લોકો એના પર એકાએક તૂટી પડયા. હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ એ ઉમૈયહ્ને કહ્યું કે તમે જમીન પર ચત્તા થઈ જાઓ અને જમીન પર ચત્તો થઈ ગયો ત્યારે હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ એને બચાવવા માટે એની ઉપર આડા પડી ગયા અને એને પોતાની નીચે સંતાડવાના પ્રયાસો કરવા લાગ્યા. પરંતુ હઝરત બિલાલ અને અન્સાર رضی اللہ عنہم એ એમની ટાંગો વચ્ચે હાથ નાખીને અને બગલમાં તલવારો મારી મારીને એની કતલ કરી નાખી. *(બુખારી, ભાગ–૧, પેજ–૩૦૮, બાબ કઝા વક્કલલ્ મુસ્લિમ હરિબય્યાન.)*

## ★ ફરિશ્તાઓની ફોજ ★

બદરના યુદ્ધમાં અલ્લાહ તઆલાએ મુસલમાનોની મદદ માટે આકાશમાંથી ફરિશ્તાઓનો લશ્કર ઉતારી દીધો હતો. શરૂઆતમાં એક હજાર ફરિશ્તાઓ આવ્યા, ત્યારબાદ ત્રણ હજાર થઈ ગયા, અને ત્યારબાદ પાંચ હજાર થઈ ગયા. *(કુર્આન સૂરએ આલે ઈમરાન અને સૂરએ અન્ફાલ)*

જ્યારે ભીષણ યુદ્ધ થયું ત્યારે ફરિશ્તાઓ કોઈને દેખાતા ન હતા.





પરંતુ તેમના યુદ્ધ અને તેમના હુમલાનો પ્રભાવ સ્પષ્ટપણે જોઈ શકાતો હતો. કેટલાક કાફિરોના નાક અને મોં પર કોરડાના સોળ જોવા મળ્યાં તો ક્યાંક તલ્વાર વિના કપાઈને પડતાં માથાં જોવા મળ્યાં હતાં. અને આ બધું બીજું કંઈ નહીં પણ આકાશમાંથી ઉતરી આવેલ ફરિશ્તાઓની ફોજના જ પરાક્રમો હતાં.

## ★ કાફિરોએ શસ્ત્રો મૂકી દીધા ★

ઉત્બહ્, શૈબહ્, અબૂ જહલ વગેરે કુરૈશના સરદારોના મોતથી મક્કાના કાફરોની કેડ ભાંગી ગઈ અને તેમના પગ ઉખડી ગયા અને તેઓ શસ્ત્રો હેઠાં મૂકીને નાસી છૂટયા અને મુસલમાનોએ એમની ધરપકડ શરૂ કરી દીધી.

આ યુદ્ધમાં કાફિરોના ૭૦ માણસો માર્યા ગયા હતા અને ૭૦ માણસો પકડાયા હતા. બાકીના લોકો પોતાનો સામાન છોડીને ભાગી છૂટયા હતા. આ યુદ્ધમાં મક્કાના કાફિરોને એવો નામોશીભર્યો પરાજય મળ્યો હતો કે તેમની લશ્કરી તાકાત જ એકદમ નષ્ટ થઈ ગઈ હતી. કુરૈશના કાફિરોના મોટા મોટા નામાંક્તિ સરદારો કે જેઓ વીરતા અને શસ્ત્રકળામાં નિપુર્ણ હતા સૌને એક એક કરીને બધા મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા. એ નામાંક્તિોમાં ઉત્બહ્, ઉમૈયહ્, શૈબહ્, અબૂ જહલ, અબુલ બખ્તરી, ઝમ્અહ્, આસ બિન હિશામ, ઉમૈયા ઈબ્ને ખલફ, મુનબ્બહ્ બિન અલ હજ્જાજ, ઉકબહ્ બિન અબી મુઈત, નઝર બિન અલહારિષ વગેરે લોકો કુરૈશના માથાના તાજ હતા આ બધા જ લોકો માર્યા ગયા.

## ★ બદરના શહીદો ★

બદરના યુદ્ધમાં કુલ ૧૪ મુસલમાનો શહીદ થયા હતા જેમાં ૬ મુહાજિરો અને આઠ અન્સાર હતા.

મુહાજિર શહીદોનાં નામો આ પ્રમાણે છે : (૧) હઝરત ઉબૈદહ્ બિન અલ્ હારિષ (૨) હઝરત ઉમૈર બિન અબી વક્કાસ (૩) હઝરત ઝુશ શુમાલૈન ઉમૈર બિન અબ્દ (૪) હઝરત આકિલ બિન અબી બુકૈર (૫) હઝરત મુહજઅ (૬) હઝરત સફવાન બિન બૈઝાઅ, અને અન્સાર શહીદોનાં નામોની યાદી આ પ્રમાણે છે : (૭) હઝરત સઅદ બિન ખૈષમા

(૮) હઝરત મુબશ્શિર બિન અબ્દુલ મુન્ઝિર (૯) હઝરત હારિષા બિન સુરાકા (૧૦) હઝરત મુઅવ્વઝ બિન અફરાઅ (૧૧) હઝરત ઉમૈર બિન હુમામ (૧૨) હઝરત રાફેઅ્ બિન મુઅલ્લા (૧૩) હઝરત ઔફ બિન અફરાઅ્ (૧૪) હઝરત યઝીદ બિન હારિષ. (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૪૪૪, ૪૪૫)*

બદરના આ શહીદો પૈકીના ૧૩ ને તો બદરના મેદાનમાં જ દફન કરવામાં આવ્યા હતા. પરંતુ હઝરત ઉબૈદહ બિન હારિષ رضی اللہ عنہ ની વફાત બદરથી પાછા ફરતાં માર્ગમાં મન્ઝિલે "સુફરાઅ" મુકામે થઈ હતી આથી એમની કબર શરીફ મન્ઝિલે "સફ્રાઅ"માં છે. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૪૪૫)*

## ★ બદરનો ખાડો ★

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હમેશાં એ નિયમ રહ્યો કે જ્યારે અને જ્યાં પણ આપને કોઈ મૃતદેહ દેખાતો આપ એને દફન કરાવી દેતા હતા. પરંતુ બદરના જંગમાં માર્યા ગયેલા કાફિરોની સંખ્યા ખૂબ જ વધુ હોવાથી બધાને જુદા જુદા દફન કરવાનું કામ ખૂબ દુષ્કર હતું. આથી આપે તમામ લાશો બદરના એક ખાડામાં નાખી દેવાનો હુકમ ફર્માવ્યો. આથી સહાબાએ કિરામે બધી જ લાશો ખેંચી ખેંચીને ખાડામાં નાખી દીધી. ઉમૈયહ્ બિન ખલફનો મૃતદેહ ફૂલી ગયો હતો. સહાબાએ કિરામે એને ખેંચવાનો પ્રયાસ કર્યો ત્યારે એના અંગો એક એક કરીને જુદા પડવા લાગ્યા. આથી એની લાશ ત્યાં જ માટીમાં જ દબાવી દેવામાં આવી. *(બુખારી કિતાબુલ મગાઝી, બાબે કત્લે અબી જહલ, ભાગ–૨, પેજ–૫૬૬)*

## ★ કાફિરોના મૃતદેહો સાથે સંબોધન ★

જ્યારે કાફિરોની લાશો બદરના ખાડામાં નાખી દેવામાં આવી ત્યારે હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ ખાડાની પાસે ઊભા રહીને કતલ થયેલાઓનાં નામ લઈને આ રીતે પોકાર કર્યો, કે હે ઉત્બહ્ બિન રબીઅહ્ ! હે ફલાણા ! હે ફલાણા ! શું તમારા રબનું વચન સાચું પુરવાર થયું ? અમારા રબનું વચન તો એકદમ સાચુ પુરવાર થયું ! હઝરત ઉમર ફારૂકે رضی اللہ عنہ એ જ્યારે જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કાફિરોના મૃતદેહોને સંબોધી રહ્યા છે તો





એમને ખૂબ આશ્ચર્ય થયું આથી તેમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! શું આપ આ નિર્જીવ, નિરાત્મા દેહોને સંબોધી રહ્યા છો ?! આ સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે હે ઉમર ! ખુદાના સોગંદ ! જેના કબ્જએ કુદરતમાં મારો જીવ છે કે તમે (જીવિત લોકો) મારી વાત એમના કરતાં વધુ સાંભળી શક્તા નથી પરંતુ વાત એટલી જ છે કે એ મુડદાં જવાબ આપી શક્તા નથી. *(બુખારી, ભાગ–૧, પેજ–૧૮૩, બાબ મા જાઅ ફી અઝાબિલ કબ્ર અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૬૬)*

**જરૂરી ચેતવણી** : બુખારી વગેરેની આ હદીષથી આ મસ્અલો પુરવાર થાય છે કે જ્યારે કાફિરોનાં મુડદાં જીવતાઓની વાત સાંભળે છે તો પછી મો'મિનીન (ઈમાનવાળા) ખાસ કરીને વલીઓ, શહીદો, અને નબીઓ عَلَیْھِمُ السَّلَامُ તેમની વફાત પછી નિશ્ચિતપણે આપણા જેવા જીવતા લોકોના સલામ, વાતચીત અને આપણી ફરિયાદો સાંભળી શકે છે. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે કાફિરોનાં મૃતદેહોને પોકાર્યાં તો પછી ખુદાના બરગુઝીદહ્ (સન્માનિત) બંદાઓ એટલે કે વલીઓ, શહીદો અને નબીઓને તેમની વફાત પછી પોકારવું કેમ કરીને જાઈઝ અને દુરુસ્ત ન હોઈ શકે ?! આથી જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે મદીના શરીફના કબ્રસ્તાનમાં તશરીફ લઈ જતા ત્યારે કબરો તરફ પોતાનો પુરનૂર ચહેરો કરીને આ પ્રમાણે ફર્માવતા :–

اَلسَّلَامُ عَلَیْکُمْ یَا اَھْلَ الْقُبُوْرِ یَغْفِرُ اللّٰہُ لَنَا وَ لَکُمْ اَنْتُمْ سَلَفُنَا وَ نَحْنُ بِالْاَثَرِ

**તર્જુમો** : હે કબરવાળાઓ ! તમારી ઉપર સલામ થાય. ખુદા અમારી અને તમારી મગ્ફિરત ફર્માવે, તમે લોકો અમારી પહેલાં જતા રહ્યા અને અમે તમારી પાછળ આવનારા છીએ. *(મિશ્કાત બાબ ઝિયારતુલ કુબૂર)*

અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ઉમ્મતને પણ આ જ હુકમ આપ્યો છે. અને સહાબાએ કિરામ એની તા'લીમ આપતા હતા કે જ્યારે તમે લોકો કબરોની ઝિયારત માટે જાવ તો

اَلسَّلَامُ عَلَیْکُمْ اَھْلَ الدِّیَارِ مِنَ الْمُؤْمِنِیْنَ وَالْمُسْلِمِیْنَ وَ اِنَّا
وَ اِنَّا اِنْ شَآءَ اللّٰہُ بِکُمْ لَلَاحِقُوْنَ نَسْئَلُ اللّٰہَ لَنَا وَ لَکُمُ الْعَافِیَۃَ۔

કહો. *(મિશ્કાત બાબ ઝિયારતુલ કુબૂર, પેજ–૧૫૪)*

આ હદીષોથી સ્પષ્ટ થાય છે કે મૃત લોકો જીવતાઓના સલામ અને તેમની વાત સાંભળે છે. નહીંતર દેખીતી રીતે જ જે લોકો સાંભળતા જ ન હોય એમને સલામ કરવાનો કોઈ અર્થ ખરો ?!

## ★ મદીના તરફ વાપસી ★

વિજય પછી ત્રણ દિવસ સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બદરમાં રોકાયા. ત્યારબાદ માલે ગનીમત અને કાફિર કેદીઓને સાથે લઈને રવાના થયા. જ્યારે "વાદીએ સુફરાઅ" મુકામે પહોંચ્યા ત્યારે મુજાહિદો વચ્ચે માલે ગનીમતની વહેંચણી કરી.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના પુનિત પત્ની હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا કે જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાહેબઝાદી (પુત્રી) હતાં. જંગે બદર પ્રસંગે માંદા હતાં, આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને એમની તીમારદારી (ચિકિત્સા–ચાકરી) માટે મદીનામાં રહેવાનો આદેશ આપી દીધો હતો. આથી તેઓ જંગે બદરમાં જોડાઈ શક્યા ન હતા. તેમ છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ માલે ગનીમતમાંથી એમને મુજાહિદો જેટલો જ સરખો ભાગ આપ્યો હતો અને એમના જેટલા જ બદલા અને સવાબની બશારત પણ આપી હતી, આજે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ને "અસ્હાબે બદર"ની યાદીમાં ગણવામાં આવે છે.

## ★ બદરના મુજાહિદોનું સ્વાગત ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદરના વિજય બાદ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ ને ઝળહળતા વિજયની ખુશખબરી સંભળાવવા મદીના મોકલી દીધા હતા. આમ હઝરત ઝૈદ બિન હારિષા આ ખુશખબરી લઈને જ્યારે મદીના પહોંચ્યા ત્યારથી તમામ મદીનાવાસીઓ ખુશીના જોશમાં હુઝૂરના આગમનની ઈન્તેજારીમાં વ્યાકુળ રહેવા લાગ્યા. અને જ્યારે આપની તશરીફ આવરી (આગમન)ના સમાચાર પહોંચ્યા ત્યારે મદીનાવાસીઓએ આગળ વધીને "રૌહા" મુકામે આપનું ભવ્ય સ્વાગત કર્યું. *(ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૪૩)*





## ★ બંદીઓ સાથે વર્તણૂક ★

મક્કાના કાફિરો જ્યારે યુદ્ધના બંદી બનીને મદીનામાં આવ્યા ત્યારે એમને જોવા માટે બહુ જ મોટી ભીડ એકઠી થઈ ગઈ અને લોકો એમને જોઈને કંઈને કંઈક ટિપ્પણી કરતા રહ્યા. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુનિત પત્ની હઝરત બીબી સૌદહ رضی اللہ عنہا એ કેદીઓને જોવા માટે તશરીફ લાવ્યાં અને જોયું કે એ કેદીઓમાં એમના નજીકના એક સંબંધી સુહૈલ પણ છે. ત્યારે તેઓ એકાએક બોલી ઉઠયા કે, "હે સુહૈલ ! તેં પણ બૈરાની જેમ બેડીઓ પહેરી લીધી. તારાથી એ ન થઈ શક્યું કે વીર પુરૂષોની જેમ લડતા લડતા શહીદ થઈ ગયો હોત." *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૪૫)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ બંદીઓને સહાબામાં વહેંચી દીધા અને હુકમ આપ્યો કે આ બંદીઓને આરામ સાથે રાખવામાં આવે આમ બબ્બે ચાર ચાર કેદીઓ સહાબાના ઘરોમાં રહેવા લાગ્યા. અને સહાબાએ એ લોકો સાથે એવું સદ્ વર્તન કર્યું કે એ લોકોને માંસ રોટી વગેરે પોતાની શક્તિ પ્રમાણે ભોજન ખવડાવતા અને પોતે ખજૂરો ખાઈને રહી જતા હતા. *(ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૪૨)*

બંદીઓમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસના શરીર પર પહેરણ ન હતું પરંતુ તેઓ એટલા લાંબા કદના માણસ હતા કે કોઈનું પહેરણ એમના શરીરે યોગ્ય રીતે આવતું ન હતું. મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ પોતે કદમાં એમની બરાબર હતો આથી એણે પોતાનું પહેરણ એમને પેહરાવી દીધું. બુખારી શરીફમાં આ રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબ્દુલ્લાહ બિન ઉબૈના કફન માટે પોતાનું જ પહેરણ શરીફ એનાયત કર્યું એ તેના આ ઉપકારનો જ બદલો હતો. *(બુખારી બાબુલ કિસ્વત લિલ્, અસારા, ભાગ–૧, પેજ–૪૨૨)*

## ★ યુદ્ધના બંદીઓનું પરિણામ ★

જંગે બદરના એ બંદીઓ વિશે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબા (رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ) સાથે પરામર્શ કર્યું કે એમની સાથે કેવું વર્તન કરવું જોઈએ ? હઝરત ઉમર رضی اللہ عنہ એ એવું સૂચન કર્યું કે ઈસ્લામના આ દુશ્મનોની કતલ કરવી જોઈએ અને આપણામાંથી દરેક વ્યક્તિ પોતા

પોતાના સંબંધીને પોતાની જ તલ્વારથી કતલ કરે. પરંતુ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ એવી સલાહ આપી કે છેવટે આ બધા જ લોકો આપણા સગા સંબંધીઓ જ છે આથી તેમને કતલ ન કરવા જોઈએ બલ્કે એ લોકો પાસેથી "ફિદિયા" પેટે કંઈક રકમ લઈને એ બધાને મુક્ત કરી દેવા જોઈએ. અત્યારે મુસલમાનોની આર્થિક સ્થિતિ નબળી છે ફિદિયાની રકમથી મુસલમાનોની આર્થિક સહાયનું સાધન પણ થઈ જશે અને કદાચ ભવિષ્યમાં અલ્લાહ તઆલા એ લોકોને ઈસ્લામની તૌફીક અતા ફર્માવે. હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالٰی علیہ وسلم એ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہની ગંભીર સલાહ પસંદ ફર્માવી અને એ કેદીઓને ચાર ચાર હજાર દિરહમ ફિદિયો લઈને છોડી મૂક્યા. જે લોકો મુફલિસી કે ગરીબાઈને કારણે ફિદિયાની રકમ ચૂક્વી શકતા ન હતા તેમને ફિદિયો વસૂલ કર્યા વિના એમ જ છોડી મૂક્યા. એ કેદીઓ પૈકીના જે લોકો સાક્ષર (લખવાનું જાણતા) હતા તેઓ પૈકી દરેકનો ફિદિયો એ હતો કે તેઓ અન્સારના દસ બાળકોને લખતાં શીખવાડે. *(ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૪૨)*

## ★ હઝરત અબ્બાસનો ફિદિયો ★

અન્સારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને એવી અરજ ગુજારી કે, "યા રસૂલલ્લાહ ! હઝરત અબ્બાસ અમારા ભાણજા છે અમે તેમનો ફિદિયો માફ કરીએ છીએ પરંતુ આપે તેમની આ દરખાસ્ત ફગાવી દીધી. હઝરત અબ્બાસ કુરૈશના એ દસ ધનિક રઈસો પૈકીના એક હતા જેમણે કાફિરોના લશ્કરના રાશનની જવાબદારી પોતાના માથે લીધી હતી. એ જ હેતુસર હઝરત અબ્બાસની પાસે ૨૦ ઓકિયા સોનું હતું. લશ્કરને ભોજન કરાવવામાં હજી સુધી હઝરત અબ્બાસનો વારો આવ્યો ન હોવાથી એ સોનું તેમની પાસે સુરક્ષિત હતું. એ સોનું હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ માલે ગનીમતમાં સામેલ કરી લીધું. અને હઝરત અબ્બાસ પાસે માંગણી કરી કે તેઓ પોતાનો અને પોતાના બંને ભત્રીજા અકીલ બિન અબી તાલિબ અને નૌફલ બિન હારિષ અને પોતાના હલીફ અમ્ર બિન જહ્દમ એમ ચાર જણાનો ફિદિયો ચૂકવે. હઝરત અબ્બાસે કહ્યું કે, "મારી પાસે કોઈ જ માલ નથી તો પછી હું ફિદિયો ક્યાંથી ચૂક્વું ?!" આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, "ચચા





જાન ! આપનો એ માલ ક્યાં છે ? જે આપે જંગે બદર માટે રવાના થતા પહેલાં પોતાની પત્ની ઉમ્મુલ ફઝલને આપ્યો હતો અને એમ કહ્યું હતું કે જો હું લડાઈમાં માર્યો જાઉં તો એમાંથી આટલો આટલો માલ મારા પુત્રોને આપી દેજો." આ સાંભળીને હઝરત અબ્બાસએ કહ્યું કે, "સોગંદ છે ! એ ખુદાના જેણે આપને હક્ક (સત્ય) સાથે મોકલ્યા છે કે નિશ્ચિતપણે આપ અલ્લાહના રસૂલ છો. કારણ કે માલ વિશે મારા અને મારી પત્ની સિવાય બીજું કોઈ કશું જ જાણતું નથી." આમ હઝરત અબ્બાસે પોતાનો તથા પોતાના બંને ભત્રીજાઓ અને પોતાના હલીફનો ફિદિયો ચૂકવીને મુક્તિ મેળવી અને ત્યારબાદ હઝરત અબ્બાસ, હઝરત અકીલ અને હઝરત નૌફલ رضی اللہ عنہم ત્રણેય જણાએ ઈસ્લામ સ્વીકારી લીધો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૯૭૪ અને ઝુર્કાની, ભાગ–૧, પેજ–૪૪૭)*

## ★ હઝરત ઝૈનબનો હાર ★

જંગે બદરના કેદીઓમાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના જમાઈ અબુલ આસ બિન રબીઅ પણ હતા એ હાલા બિન્તે ખવૈલદના પુત્ર હતા અને હાલા હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ની સગી બહેન હતી. આથી હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એ રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની સલાહ લઈને પોતાની પુત્રી હઝરત ઝૈનબ رضی اللہ عنہا નો નિકાહ અબુલ આસ બિન રબીઅ સાથે કરી દીધો હતો. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ જ્યારે પોતાની નબુવ્વતનું એલાન ફર્માવ્યું ત્યારે આપના પુત્રી હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ તો ઈસ્લામ સ્વીકારી લીધો પણ એમના પતિ અબુલ આસ મુસલમાન થયા ન હતા અને ન હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને પોતાનાથી જુદા કર્યાં હતાં. અબુલ આસ બિન રબીએ હઝરત ઝૈનબ رضی اللہ عنہا પાસે કાસિદ મોકલ્યો કે ફિદિયાની રકમ મોકલી આપે, હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને એમની મા હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا એ દહેજમાં એક બહુમૂલ્ય હાર પણ આપ્યો હતો. હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ ફિદિયાની રકમ સાથે એ હાર પણ પોતાના ગળામાંથી ઉતારીને મદીના મોકલી આપ્યો. જ્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની નજર એ હાર પર પડી ત્યારે હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا અને તેમની મહોબ્બતની યાદમાં આપનું મન ગળગળું થઈ ગયું અને આપ રડી પડયા અને સહાબાએ કિરામથી ફર્માવ્યું કે, "જો તમારા લોકોની મરજી હોય તો પુત્રીને એની માની યાદગાર

પરત કરી દઈએ." આ સાંભળી બધા જ સહાબાએ કિરામે સરે તસ્લીમ નમાવી દીધું અને એ હાર હઝરત બીબી ઝૈનબ رضی اللہ عنہا પાસે મક્કા મોકલી દીધો. *(તારીખે તબ્રી, પેજ–૧૩૮૮)*

અબુલ આસ મદીનાથી મુક્ત થઈને મક્કા આવ્યા અને હઝરત બીબી ઝૈનબને મદીના મોકલી દીધાં. અબુલ આસ બહુ મોટા વેપારી હતા તેઓ મક્કાથી પોતાનો માલ લઈ વેપાર અર્થે સીરિયા ગયા અને ત્યાંથી ખૂબ નફો કમાવીને મક્કા આવી રહ્યા હતા. મુસલમાન મુજાહિદોએ એમના કાફલા પર હુમલો કરીને તેમનો માલ સામાન લૂટી લીધો અને એ માલે ગનીમત તમામ સિપાઈઓમાં વહેંચાઈ પણ ગયો. અબુલ આસ છુપી રીતે મદીના પહોંચ્યા અને હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ એમને આશ્રય આપીને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામથી ફર્માવ્યું કે જો તમારા લોકોની મરજી હોય તો અબુલ આસનો માલ સામાન પરત કરી દો. ફર્માને રિસલાતનો ઈશારો મેળવતાંની સાથે બધા જ મુજાહિદોએ સમગ્ર માલ સામાન એમને પરત કરી દીધો. અબુલ આસ પોતાનો માલ સમાન લઈને મક્કા આવ્યા અને પોતાના વેપારના તમામ ભાગીદારોને પાઈ પાઈનો હિસાબ સમજાવી દરેકને ફાળે આવતી રકમ ચૂકવીને પોતાના મુસલમાન થવાનો એલાન કરી દીધો. અને મક્કાવાસીઓને જણાવી દીધું કે હું અહીં આવીને અને બધાનો પૂરેપૂરો હિસાબ ચૂકવીને મદીના જાઉં છું જેથી કોઈ એમ ન કહી શકે કે અબુલ આસ અમારી રકમો લઈને તકાદાના ભયે ભાગી જઈને મુસલમાન થઈ ગયો. ત્યારબાદ હઝરત અબુલ આસ رضی اللہ عنہ મદીના આવીને હઝરત બીબી ઝૈનબ رضی اللہ عنہا સાથે રહેવા લાગ્યા. *(તારીખે તબ્રી)*

## ★ બદરમાં કતલ થયેલાઓનો માતમ ★

બદરમાં કુરૈશના કાફરોના ઘોર પરાજયના સમાચાર જ્યારે મક્કા પહોંચ્યા ત્યારે એવો કોલાહલ મચી ગયો કે એક એક ઘર માતમદાર બની ગયું. પરંતુ મુસલમાનો અમારી હાંસી ઉડાવશે તેવા વિચારથી અબૂ સુફયાને આખા શહેરમાં જાહેરાત કરાવી દીધી કે ખબરદાર ! કોઈ પણ વ્યક્તિ રડે નહીં. આ લડાઈમાં "અસ્વદ બિન યગૂસ"ના બે પુત્રો "અકીલ અને





ઝમ્અહ" અને એક પૌત્ર "હારિષ બિન ઝમ્અહ્" કતલ થયા હતા. આ જીવલેણ આઘાતથી અસ્વદનું હૃદય ભાંગી ગયું. એ ઈચ્છતો હતો કે બદરમાં કતલ થયેલા સ્વજનો માટે રડે જેથી મનનો બોજ હલકો થાય પરંતુ પોતાની કૌમની ગેરતના ખ્યાલથી એ રડી શક્તો ન હતો પરંતુ અંદરો અંદર જ એ રડતો રહ્યો અને આંસૂ વહેવડાવતાં વેહવડાવતાં આંધળો થઈ ગયો હતો. એક દિવસે શહેરમાં કોઈ મહિલાના રડવાનો અવાજ સંભળાયો ત્યારે એણે પોતાના ગુલામને મોકલ્યો કે જઈને જોઈ આવ કે કોણ રડી રહ્યું છે ? શું બદરમાં કતલ થયેલાઓનો માતમ કરનારાને રડવાની પરવાનગી મળી ગઈ છે ? મારી છાતીમાં પણ રંજો ગમનો અગ્નિ સળગી રહ્યો છે, હું પણ રડવા માટે વ્યાકુળ છું. ગુલામે આવીને જણાવ્યું કે એક મહિલાનો ઊંટ ખોવાઈ ગયો છે એ તેના ગમમાં જ રડી રહી છે. અસ્વદ કવિ હતો જેથી આ સાંભળીને અનાયાસે એની જીભે આ દર્દનાક પંક્તિઓ સરી પડી જેના શબ્દે શબ્દમાંથી લોહી નીતરતું હતુ :–

અ-તબ્કી ઐ-યદિલ્લ લહા બઈરુન
વ-યમ્નઉહા મિનન્ નૌમિસ સુહૂદ

શું એ મહિલા એક ઊંટ માત્ર ખોવાઈ જવા પર રડી રહી છે ? અને અનિદ્રાએ એની ઊંઘ ઉડાડી દીધી છે.

વલા તબ્કી અલા બકરિવ વલાકિન્
અલા બદ્રિન્ તકા-સ-રતિલ જુદૂદૂ

તો એ એક ઊંટ પર ન રડે પરંતુ બદર પર રડે જ્યાં ભાગ્યોએ ઉણપ દર્શાવી છે.

વ બક્કી ઈન બકૈતિ અલા અકીલિન
વ બક્કી હારિષન્ અસ-દલ્ ઉસૂદી

જો તારે રડવું જ હોય તો અકીલ પર રડયા કર અને હારિષ પર રડયા કર કે જે સિંહોના સિંહ હતા.

વ બક્કીહિમ વલા તુસુમી જમીઅન
વમા લિ-અબી હકી-મ-ત મિન્ નદીદી

અને એ બધા પર રડયા કર, પરંતુ એ બધાયનાં નામો ન લે. અને "અબૂ હકીમા ઝમ્આ"નો તો કોઈ જોટો જ ન હતો. *(ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૬૫૭)*

## ★ ઉમૈર અને સફવાનનું ભયંકર કાવતરું ★

એક દિવસે ઉમેર અને સફવાન બંને જણા કા'બાની હતીમમાં બેસીને બદરમાં કતલ થયેલાઓ પર પોતાનાં આંસૂ વહેવડાવી રહ્યા હતા. એકાએક સફવાન બોલ્યો, "હે ઉમૈર ! મારા પિતા અને મક્કાના અન્ય રઈસો જે રીતે બદરમાં કતલ થયા તેમને યાદ કરીને મારા હૃદયના ટુકડે ટુકડે થઈ રહ્યા છે અને હવે જિંદગીમાં કોઈ જ આંનદ રહ્યો નથી. ઉમૈર બોલ્યો કે હે સફવાન ! તું સાચું કહે છે, મારી છાતીમાં પણ વેરની અગ્નિજવાળાઓ ભડકી રહી છે. મારા સગા સંબંધીઓ પણ બદરમાં અત્યંત નિર્દયતાપૂર્વક કતલ થયા હતા અને મારો પુત્ર હજીયે મુસલમાનોની કેદમાં છે. ખુદાના સોગંદ ! જો હું કરજદાર ન હોત અને બાળબચ્ચાંની ચિંતા ન હોત તો અત્યારે ને અત્યારે જ કોઈક તીવ્ર ગતિવાળા ઘોડા પર સવાર થઈને મદીના જાત અને જોત જોતામાં દગાપૂર્વક મુહમ્મદ صلى الله تعالى عليه وسلم ને કતલ કરીને ફરાર થઈ જાત. આ સાંભળીને સફવાને કહ્યું કે હે ઉમૈર ! તું પોતાના કરજ અને બાળકોની સહેજે ચિંતા ન કર ! હું ખુદાના ઘરમાં તને વચન આપું છું કે તારો બધો જ કરજ ચૂક્વી આપીશ, તદ્ઉપરાંત હું તારા બાળકોના પાલનપોષણની જવાબદારી પણ સ્વીકારું છું. આ કૌલ કરાર બાદ ઉમૈર સીધો ઘેર ગયો અને ઝેર નીતરતી તલ્વાર લઈને ઘોડા પર સવાર થઈ ગયો અને મદીનામાં મસ્જિદે નબવી નજીક પહોંચ્યો ત્યારે હઝરત ઉમર رضى الله عنه એ એને પકડી પાડયો અને ગળું દાબી બોચી પકડીને દરબારે નબુવ્વતમાં લઈ ગયા. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ પૂછયું કે, "હે ઉમૈર ! ક્યા ઈરાદે આવ્યો છે ? જવાબ આપ્યો, મારા પુત્રને છોડાવવા માટે. આપે ફર્માવ્યું કે, "કેમ તમે અને સફવાને કા'બાની હતીમમાં બેસીને મારા ખૂનનું કાવતરું ઘડયું ન હતું ? ઉમૈર આ રહસ્યની વાત સાંભળીને અવાક બની ગયો અને તરત જ બોલી ઉઠયો કે હું સાક્ષી આપું છું નિઃશંક ! આપ અલ્લાહના રસૂલ છો. કારણ કે ખુદાના સોગંદ ! મારા અને સફવાન સિવાય





આ રહસ્ય કોઈ જ જાણતું ન હતું. આ બાજુ મક્કામાં સફવાન હુઝૂર صلى الله تعالى عليه وسلم ના ખૂનના સમાચાર સાંભળવા માટે અત્યંત ઉત્સુક હતો અને દિવસો ગણી ગણીને ઉમૈરના આગમનની રાહ જોઈ રહ્યો હતો પરંતુ જ્યારે એણે એકાએક એવું સાંભળ્યું કે, ઉમૈર મુસલમાન થઈ ગયા ત્યારે આશ્ચર્યથી તેના પગ તળેથી જમીન નીકળી ગઈ અને ગાંડા જેવો થઈ ગયો.

હઝરત ઉમૈર رضى الله عنه મુસલમાન થઈને મક્કા આવ્યા અને જેવી રીતે અગાઉ તેઓ મુસલમાનોના લોહીના તરસ્યા હતા એવી જ રીતે હવે કાફિરોની જાનના દુશ્મન બની ગયા અને અત્યંત નીડરતા અને વીરતાપૂર્વક મક્કામાં ઈસ્લામનો પ્રચાર કરવા લાગ્યા, એટલે સુધી કે એમની દા'વતે ઈસ્લામથી મોટા મોટા કાફિરોના અંધકારમયી હૃદયોમાં નૂરે ઈમાનના પ્રકાશથી અજવાળું થઈ ગયું અને આ જ ઉમૈર હવે રસૂલના સહાબી હઝરત ઉમૈર رضى الله عنه કહેવાવા લાગ્યા. *(તારીખે તબ્રી, પેજ–૧૩૫૪)*

## ★ બદરના મુજાહિદોની ફઝીલતો ★

જે સહાબાએ કિરામે બદરના જેહાદમાં ભાગ લીધો તેઓ તમામ સહાબાએ કિરામમાં એક ખાસ વિશેષતાથી સન્માનિત થયા છે અને એ ખુશનસીબોની ફઝીલતમાં એક ભવ્યશાનવાળી ફઝીલત એ છે કે એ સઆદતમંદો વિશે હુઝૂરે અકરમ صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું હતું કે :–

"નિઃસંશય ! અલ્લાહ તઆલા બદરવાળાઓથી સુપરિચિત છે અને એણે ફર્માવી દીધું છે કે, તમે હવે જે કર્મ ઈચ્છો તે કરો નિઃસંશય ! તમારા માટે જન્નત વાજિબ થઈ ચૂકી છે. અથવા (એમ ફર્માવ્યું) કે, મેં તમને બખ્શી દીધા છે. *(બુખારી બાબ ફઝલ મિન શુહદાએ બદ્રન, ભાગ–૨, પેજ–૫૬૭)*

## ★ અબૂ લહબનું ઈબ્રતનાક (બોધદાયક) મોત ★

અબૂ લહબ બદરના યુદ્ધમાં ભાગ લઈ શક્યો ન હતો. જયારે કુરૈશના કાફિરો પરાસ્ત થઈને મક્કા પાછા ફર્યા ત્યારે લોકજીભે બદરના યુદ્ધના હેવાલો સાંભળીને અબૂ લહબને ખૂબ દુઃખ થયું અને ત્યાર પછી જ તે અછબડાના રોગમાં સપડાઈ ગયો હતો જેના વડે એનું સમગ્ર શરીર સડી ગયું હતું અને આઠમા દિવસે તે મૃત્યુ પામ્યો હતો. અરબ દેશના

લોકો શિતળા રોગથી બહુ જ ભયભીત હતા અને એ રોગમાં મૃત્યુ પામનારને અપશુકનિયાળ માનતા હતા. આથી જ તેના પુત્રો પણ ત્રણ દિવસ સુધી એના મૃતદેહને અડકયા ન હતા પરંતુ એ વિચારે કે લોકો મહેણાં મારશે એક ખાડો ખોદીને લાકડીઓ વડે હડસેલતા લઈ ગયા અને ખાડામાં લાશ પાડી દઈને ઉપરથી માટી નાંખી દીધી હતી. અને કેટલાક ઈતિહાસકારોએ લખ્યું છે કે, દૂરથી લોકોએ એ ખાડામાં એટલા બધા પથ્થર ફેંકયા કે એ પથરાઓથી જ એનો મૃતદેહ ઢંકાઈ ગયો. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૪૫૨)*

## ★ ગઝવએ બની કૈનુકાઅ ★

રમઝાન હિ.સ. ૨ માં હુઝૂર ﷺ બદરના મોરચેથી વળીને મદીના પાયા ફર્યા ત્યાર પછી જ ૧૫ મી શવ્વાલ હિ.સ. ૨ માં ગઝ્વએ બની કૈનુકાઅનો બનાવ બન્યો હતો.

અમે અગાઉ લખી ચૂકયા છીએ કે મદીનાની ફરતે યહૂદીઓના ત્રણ મોટા મોટા કબીલાઓ વસતા હતા : **(૧)** બનુ કૈનુકાઅ **(૨)** બનૂ નુઝૈર અને **(૩)** બનૂ કુરૈઝા. એ ત્રણેય સાથે મુસલમાનો કરારબદ્ધ હતા પરંતુ બદરના યુદ્ધ પછી જે કબીલાએ સર્વ પ્રથમ કરારભંગ કર્યો તઓ બનૂ કૈનૂકાઅ કબીલાના યહૂદીઓ જ હતા જેઓ સૌથી વધુ બહાદૂર અને ધનિક હતા. બન્યું એમ કે એક બુરખાવાળી અરબ મહિલા યહૂદીઓના બજારમાં આવી ત્યારે દુકાનદારે તેની છેડતી કરી અને એ મહિલાને નિર્વસ્ત્ર કરી નાખી. એ જોઈને તમામ યહૂદી અટ્ટહાસ્ય કરવા લાગ્યા. મહિલાએ બૂમ પાડી ત્યારે એક અરબ આવ્યો અને દુકાનદારનું ખૂન કરી નાખ્યું. પરિણામ સ્વરૂપે આરબો અને યહૂદીઓમાં લડાઈ શરૂ થઈ ગઈ. હુઝૂર ﷺ ને સમાચાર મળ્યા તો આપ તશરીફ લાવ્યા અને યહૂદીઓને તમામ અશિષ્ટ પગલાં બદલ ઠપકો આપવા લાગ્યા. એથી બનૂ કૈનુકાઅના ખબીષ યહૂદીઓ રોષે ભરાઈને બોલવા લાગ્યા. બદરના યુદ્ધમાં મળેલા વિજયથી આપ ઘંમડી ન બનો ! મક્કાવાળાઓ યુદ્ધ બાબતે બિન અનુભવી હતા આથી આપે તેમને મારી નાખ્યા. જો અમારી સાથે આપનો પનારો પડશે ત્યારે આપને ખબર પડી જશે કે યુદ્ધ કઈ વસ્તુનું નામ છે ? અને





યોદ્ધાઓ કેવા હોય છે ? જયારે યહૂદીઓએ કરારભંગ કર્યા ત્યારે હુઝૂર ﷺ એ ૧૫ મી શવ્વાલ હિ.સ. ૨ શનિવારના દિવસે યહૂદીઓ ઉપર હુમલો કરી દીધો. યહૂદીઓ આ હુમલાનો સામનો કરી શક્યા નહીં અને પોતાના કિલ્લાઓના ફાટકો બંધ કરીને તેમાં લપાઈ ગયા પરંતુ પંદર દિવસના ઘેરાવ પછી છેવટે યહૂદીઓ હથિયારો હેઠાં મૂકી શરણાગતિ સ્વીકારી લેવા વિવશ બની ગયા. સહાબાએ કિરામના મશ્વરાથી હુઝૂર ﷺ એ તે યહૂદીઓને મદીના શહેરમાંથી તડીપાર કરી દીધા અને આ બદજાત યહૂદીઓ સીરિયા દેશના અઝરિઆત સ્થળે જઈને વસ્યા. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૪૫૮)*

## ★ ગઝ્વએ સવીક ★

અમે લખી ચૂક્યા છીએ કે જંગે બદર પછી મક્કાના દરેક ઘરમાં કુરૈશના સરદારોની કતલ અંગે માતમ થઈ રહ્યો હતો અને માર્યા ગયેલ સ્વજનોનો વેર વાળવા મક્કાનો એકે એક બાળક વ્યાકુળ અને બેચેન હતો. આથી ગઝ્વએ સવીક અને જંગે ઉહદ વગેરેની લડાઈ મક્કાવાસીઓની આ જ વેર ભાવનાનું પરિણામ હતું. ઉત્બહ અને અબૂ જહલની કતલ થયા બાદ હવે કુરૈશનો સૌથી મોટો સરદાર સુફિયાન હતો અને એ હોદ્દાનું સૌથી મોટુ કામ ગઝ્વએ બદરનું વેર વાળવાનું હતું. આથી અબૂ સુફિયાને સોગંદ ખાઈ લીધા કે જ્યાં સુધી બદરમાં માર્યા ગયેલાઓનો મુસલમાનોથી વેર નહીં વાળું ત્યાં સુધી ગુસ્લે જનાબત (પવિત્ર થવા માટેનું સ્નાન) કરીશ નહીં, માથામાં તેલ નાખીશ નહીં. આથી જંગે બદરના બે મહિના પછી ઝિલ હજ્જ હિ.સ. ૨ માં અબૂ સુફિયાને બસો ઊંટ સવારોના લશ્કર સાથે મદીના તરફ કૂચ કરી અને યહૂદીઓ ઉપર વિ□ાસ માત્ર નહીં બલ્કે ગૌરવ હતો કે મુસલમાનોના મુકાબલામાં તેઓ એમની સહાય જરૂર કરશે. આ જ આશાએ અબૂ સુફિયાન પહેલા હય્ય બિન અખ્તબ યહૂદી પાસે ગયો પણ એણે બારણું સુદ્ધાંય ખોલ્યું નહીં. ત્યાંથી નિરાશ થઈને સલ્લામ બિન મુશ્કમને મળ્યો જે બનૂ નુઝૈર કબીલાના યહૂદીઓનો સરદાર હતો અને યહૂદીઓના વેપાર ભંડારનો વ્યવસ્થાપક (મેનેજર) પણ હતો. એણે અબૂ સુફિયાનનું ભાવભીનું સ્વાગત કર્યું અને હુઝૂર ﷺ ના યુદ્ધના તમામ રહસ્યોથી અબૂ સુફિયાનને વાકેફ કરી દીધો. સવારે અબૂ સુફિયાને ઉરૈઝ

મુકામે હુમલો કર્યો આ વસ્તી મદીનાથી ત્રણ માઈલ દૂર હતી. એ હુમલામાં અબૂ સૂફિયાને એક અન્સારી સહાબી જેમનું નામ સઅદ બિન અમ્ર رضی اللہ عنہ હતું તેમને કતલ કરી નાખ્યા અને કેટલાક વૃક્ષો કાપી નાખ્યાં અને મુસલમાનોના કેટલાક મકાનો અને બગીચાઓને આગ લગાડી ફૂંકી માર્યા. આ હિલચાલથી એના મનમાં એની સોગંદ પૂરી થઈ અને જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ વાતની જાણ થઈ ત્યારે આપે એનો પીછો કર્યો પરંતુ અબૂ સુફિયાન બેબાકળો બનીને એટલી ઝડપથી ભાગ્યો કે ભાગતાં ભાગતાં પોતાનું વજન ઓછું કરવા માટે "સત્તૂ"ની બોરીઓ ફેંકતો ગયો જે તે પોતાના લશ્કરના રાશન માટે લાવ્યો હતો. સત્તૂની એ બોરીઓ મુસલમાનોને મળી આવી. અરબી ભાષામાં સત્તૂને "સવીક" કહે છે આથી એ ગઝ્વાનું નામ "ગઝ્વએ સવીક" પડી ગયું. *(મદારિજુન્નબુવ્વત, પેજ–૧૦૪)*

## ★ હઝરત ફાતિમાનાં નિકાહ ★

એ જ વર્ષે હિ.સ. ૨ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં સૌથી વ્હાલાં પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہا ના લગ્ન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે થયાં. આ લગ્ન અત્યંત સાદગીપૂર્વક થયાં હતાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અનસ رضی اللہ تعالیٰ عنہ ને હુકમ આપ્યો કે તેઓ હઝરાત અબૂબક્ર અને ઉષ્માન અને અબ્દુર્રહમાન બિન ઔફ અને બીજા કેટલાક મુહાજિરો અને અન્સાર (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ)ને આમંત્રણ આપે. આથી બધા જ સહાબાએ કિરામ એકઠા થઈ ગયા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુત્બો પઢયો અને નિકાહ પઢાવી દીધો. શહેનશાહે કૌનેને ઈસ્લામના શહેઝાદી હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا ને દહેજમાં જે સામાન આપ્યું હતું તેની યાદી આ પ્રમાણે છે : એક કમલી, કાથીની એક ખાટલી, ચામડાનો ગાદલો જેમાં રૂને સ્થાને ખજૂરની છાલ ભરેલી હતી. એક છાગલ, એક મશક, બે ચક્કીઓ, માટીનાં બે ઘડા. હઝરત હારિષા નોઅ્માન رَضِيَ اللهُ عَنْهُمَا એ પોતાનું એક મકાન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એટલા માટે ભેટ ધર્યું કે એમાં હઝરત અલી અને હઝરત બીબી ફાતિમા રહે. જ્યારે હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا વિદાય થઈને નવા ઘરમાં પહોંચી ગયાં ત્યારે ઈશાની નમાઝ બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ





લાવ્યા અને એક વાસણમાં પાણી મંગાવ્યું અને એમાં "કુલ્લી" (કોગળો) ફર્માવીને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની છાતી અને તેમના બાવડાં પર પાણી છાટયું ત્યારબાદ હઝરત ફાતિમા رضی اللہ عنہا ને બોલાવ્યા અને એમના માથા અને છાતી પર પાણી છાટયું અને ત્યારબાદ આ રીતે દુઆ ફર્માવી કે, હે અલ્લાહ ! હું અલી અને ફાતિમા અને એમનાં સંતાનોને તારી પનાહમાં આપું છું કે આ બધા શૈતાનના શર (બુરાઈ)થી સુરિક્ષત રહે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૪ વગેરે)*

## ★ હિ.સ. : ૨ (બે)ના વિવિધ બનાવો ★

૧. આ જ વર્ષે **રોઝા** અને **ઝકાત** ફરજ થવાના હુકમો નાઝિલ થયા અને નમાઝની જેમ જ રોઝા અને ઝકાત પણ મુસલમાનો ઉપર ફરજ થઈ ગયા.

૨. આ જ વર્ષે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈદુલ ફિત્ર (રમઝાન ઈદ)ની નમાઝ જમાઅત સાથે ઈદગાહમાં અદા ફર્માવી, આ અગાઉ ઈદુલ ફિત્રની નમાઝ થઈ ન હતી.

૩. સદ્કએ ફિત્ર અદા કરવાનો હુકમ પણ આ જ વર્ષે જારી થયો.

૪. આ જ વર્ષે ૧૦ મી ઝિલ હજજના રોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બકરી ઈદની નમાઝ અદા કરી અને ત્યારબાદ બે ઘેટાં ની કુર્બાની ફર્માવી.

૫. આ જ વર્ષે ગઝ્વએ કરકર અલ્કુદ્ર અને ગઝ્વએ બુહરાન વગેરે કેટલાક નાના નાના ગઝવાત પણ થયા જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હાજરી આપી હતી પરંતુ એ ગઝ્વાતમાં કોઈ યુદ્ધ થયું ન હતું.

(પ્રકરણ-૮)

# હિજરતનું ત્રીજું વર્ષ

(હિજરી સન : ૩)

## ★ જંગે ઓહદ ★

આ વર્ષની સૌથી મોટી ઘટના જંગે ઉહદ છે. ઉહદ એક પર્વતનું નામ છે જે મદીના મુનવ્વરાથી લગભગ ત્રણ માઈલ દૂર આવેલું છે. હક્ક અને બાતિલ (સત્ય અને અસત્ય)નું સંઘર્ષ એ પર્વતની તળેટીમાં ખેલાયું હતું આથી જ આ લડાઈને પણ ગઝ્વએ ઉહદના નામે ખ્યાતિ પ્રાપ્ત થઈ. અને પવિત્ર કુર્આનની આયતોમાં આ લડાઈના પ્રસંગોનું ખુદાવંદે આલમે વર્ણન કર્યું છે.

## ★ ઓહદના યુદ્ધનું કારણ ★

આ તો તમે વાંચી જ ચૂક્યા છો કે જંગે બદરમાં ૮૦ કાફિરો માર્યા ગયા હતા અને ૮૦ ની ધરપકડ કરવામાં આવી હતી અને જે લોકો માર્યા ગયા હતા તેમાં મોટા ભાગના કુરૈશના કાફિરોના સરદારો બલ્કે તાજદાર હતા. એ જ કારણસર મક્કાનું એકે એક ઘર માતમઘર બની ગયું હતું અને કુરૈશનો એક એક બાળક વેર વાળવાના જુસ્સામાં વેરની અગ્નિમાં રોષ અને ગુસ્સાની ભટ્ટી બનીને મુસલમાનો સાથે લડવા માટે બેકરાર હતો. આરબો ખાસ કરીશને કુરૈશની એક વિશેષતા એ હતી કે તેઓ પોતાના એકે એક કતલ થયેલાના ખૂનનો વેર વાળવાને પોતાની એટલી મોટી ફરજ સમજતા હતા કે જેને અદા કર્યા વિના તેમનું અસ્તિત્વ જાણે ટકી જ શકતું ન હતું. આથી જંગે બદરમાં માર્યા ગયેલાઓનાં માતમથી જ્યારે કુરૈશીઓને નવરાશ મળી ત્યારે તેમણે એવો દૃઢ નિર્ધાર કરી લીધો કે સત્વરે મુસલમાનોથી સ્વજનોના ખૂનનો બદલો લેવો જોઈએ. આથી અબૂ જહલનો





પુત્ર ઈક્રમા અને ઉમૈયાનો પુત્ર સફવાન અને બીજા કુરૈશના કાફિરો જેમના પિતા, પુત્ર અને ભાઈ જંગે બદરમાં માર્યા ગયા હતા તેઓ બધા જ અબૂ સુફયાન પાસે ગયા હતા અને કહ્યું કે મુસલમાનોએ અમારી કોમના તમામ સરદારોની કત્લ કરી દીધી છે અને વેર વાળવું એ આપણી કોમી ફરજ છે આથી અમારી ઈચ્છા છે કે કુરૈશના સયુંક્ત વેપારમાં જેટલો નફો થયો છે એ બધું કોમના યુદ્ધફાળામાં જમા થઈ જવું જોઈએ અને એ રકમથી શ્રેષ્ઠ શસ્ત્રો ખરીદીને પોતાની લશ્કરી તાકાત સત્વરે મજબૂત કરી લેવી જોઈએ અને ત્યારબાદ એક વિશાળ લશ્કર લઈને મદીના ઉપર હુમલો કરીને ઈસ્લામના સ્થાપક અને મુસલમાનોને દુનિયાથી નેસ્તો ના'બૂદ કરી દેવા જોઈએ. અબૂ સુફિયાને રાજીખુશી કુરૈશની આ દરખાસ્ત સ્વીકારી લીધી. પરંતુ કુરૈશને જંગે બદરનો અનુભવ થઈ ચૂક્યો હતો કે મુસલમાનો સાથે લડવું કોઈ સરળ કામ નથી. આંધી અને તોફાનોનો મુકાબલો, સમુદ્રના મોજાં કે પહાડો સામે ટક્કર ઝીલવી સરળ છે પરંતુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચાહકો સાથે જંગ કરવી એ ખૂબ જ મુશ્કેલ કામ છે. આથી જ તેમણે પોતાની જંગી તાકાતમાં ખૂબ જ વધારે વૃદ્ધિ કરવાને અત્યંત જરૂરી માન્યું. આથી એ લોકોએ હથિયારોની તૈયારી અને યુદ્ધસામગ્રીની ખરીદારીમાં પાણીની જેમ ધન ખર્ચવાની સાથે સાથે સમગ્ર અરબમાં જંગનો જોશ ને લડાઈનો તાવ ફેલાવવા માટે મોટા મોટા કવિઓ પસંદ કર્યા જેમણે પોતાની આગ ઝરતી વાકપટુતા વડે અરબના તમામ કબીલાઓમાં વેર વાળવા ભયંકર આગ ફેલાવી દીધી. ''અમ્ર જુમહી'' અને ''મુસાફેઅ'' નામના આ બંને કવિઓ પોતાની કાવ્યકળામાં અદ્વિતીય અને આગ ઝરતી કવિતાઓ રચવામાં જગવિખ્યાત હતા. આ બંને જણાએ રીતસરનો પ્રવાસ ખેડીને અરબના તમામ કબીલાઓમાં એવો જોશ અને ઉશ્કેરણી પેદા કરી દીધાં કે એકે એક બાળક ''ખૂનનો બદલો ખૂન''ના સૂત્રો પોકારતાં મરવા અને મારવા તૈયાર થઈ ગયો. જેનું પરિણામ એ આવ્યું કે એક વિશાળ લશ્કર તૈયાર થઈ ગયું. પુરૂષોની સાથે સાથે મોટા મોટા પ્રતિષ્ઠિત ધનાઢ્ય કુટુંબોની એવી મહિલાઓ પણ વેર વાળવાના જોશમાં લશ્કરમાં જોડાઈ ગઈ જેમના પિતા, પુત્ર, પતિ કે ભાઈ જંગે બદરમાં કતલ થયા હતા. એટલું જ નહીં પણ એ મહિલાઓએ સોગંદ ખાઈ લીધા કે અમે અમારા

સંબંધીઓના ખૂનીઓનું લોહી પીને જ ચેનનો □ાસ લઈશું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہ એ હિન્દાના પિતા ઉત્બહ અને જુબૈર બિન મુત્ઈમના કાકાને જંગે બદરમાં કત્લ કર્યા હતા. આથી જ હિન્દાએ "જુબૈર બિન મુત્ઈમ"ના ગુલામ "વહ્શી"ને હઝરત હમ્ઝાની કતલ કરવા માટે તૈયાર કર્યો હતો અને તેને એવું વચન આપ્યું હતું કે જો તે હઝરત હમ્ઝા رضی اللہ عنہ ને કતલ કરી દેશે તો આ પરાક્રમના પુરસ્કાર રૂપે તને મુક્ત કરી દેવામાં આવશે.

## ★ મદીના પર આક્રમણ ★

અપાર ઉત્સાહ અને ઉમળકા તથા જોશ અને ભારે તૈયારી સાથે કાફિરોનું લશ્કર મક્કાથી રવાના થયું. અને અબૂ સુફિયાન એ વિશાળ લશ્કરનો સેનાપતિ બન્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ કે જેઓ છુપી રીતે મુસલમાન થઈ ચૂક્યા હતા અને અત્યાર સુધી મક્કામાં જ રહેતા હતા તેમણે એક પત્ર લખીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કુરૈશના કાફિરોની મદીના પર આક્રમણની યોજનાથી વાકેફ કરી દીધા. આપને જ્યારે આ ભયંકર સમાચાર મળ્યા ત્યાર આપે પાંચમી શવ્વાલ હિ.સ. ૩ ના રોજ હઝરત અદી બિન ફઝાલા رضی اللہ عنہ ના બંને પુત્રો હઝરત અનસ અને હઝરત મુનિષા رضی اللہ عنہما ને જાસૂસ બનાવીને કુરૈશના કાફિરોના લશ્કરનો તાગ મેળવવા માટે રવાના કર્યા. એ બંને જણાએ ખૂબ ટૂંકા સમયમાં પાછા આવીને આ ભયંકર સમાચાર સંભળાવ્યા કે અબૂ સુફિયાનનું લશ્કર મદીનાની એકદમ નજીક આવી ગયું છે અને એમના ઘોડા મદીનાના ગોચર (ઉરૈઝ)ની બધી જ ઘાસ ચરી ગયા છે.

## ★ મુસલમાનોની તૈયારી અને જોશ ★

૧૪ મી શવ્વાલ હિ.સ. ૩ શુક્રવારની રાત્રે હઝરત સઅદ બિન મુઆઝ અને હઝરત ઉસૈદ બિન હુઝૈર અને હઝરત સઅદ બિન ઉબાદહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین શસ્ત્રબદ્ધ થઈને કેટલાક અન્સારીઓ સાથે આખી રાત કાશાનએ નબુવ્વતનો પહેરો ભરતા રહ્યા અને મદીના શહેરના તમામ નાકાઓ ઉપર પણ અન્સારનો પહેરો ગોઠવી દેવામાં આવ્યો. સવારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સાર અને મુહાજિરોને એકઠા કરીને તેમની સાથે





પરામર્શ કર્યો અને પૂછયું કે, શહેરની અંદર રહીને દુશ્મનોની ફોજનો મુકાબલો કરવો જોઈએ કે શહેરથી બહાર નીકળીને ખુલ્લા મેદાનમાં આ યુદ્ધ લડવું જોઈએ ? સામાન્ય રીતે મુહાજિરો અને અન્સારમાંથી વૃદ્ધજનોએ એવી સલાહ આપી કે મહિલાઓ અને બાળકોને કિલ્લાઓમાં સુરક્ષિત કરી દેવામાં આવે અને શહેરની અંદર રહીને દુશ્મનોનો મુકાબલો કરવો જોઈએ. મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ પણ એ સભામાં હાજર હતો એણે પણ એ જ સલાહ આપી કે શહેરમાં રહીને કુરૈશના કાફિરોનો મુકાબલો કરવો જોઈએ. પરંતુ કેટલાક નવયુવકો જેઓ જંગે બદરમાં જોડાઈ શક્યા ન હતા અને જેહાદના જોશમાં થનગની રહ્યા હતા તેઓ એ અભિપ્રાયના આગ્રહી બની ગયા કે મેદાનમાં નીકળીને જ ઈસ્લામના એ દુશ્મનો સાથે નિર્ણાયક યુદ્ધ લડવું જોઈએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બધાના અભિપ્રાયો સાંભળી લીધા પછી ઘરે જઈને શસ્ત્રો સજ્યાં અને બહાર તશરીફ લાવ્યા. હવે તમામ લોકો એ વાતે એકમત થઈ ચૂક્યા હતા કે શહેરની અંદર રહીને જ કુરૈશના કાફિરોના હુમલા ખાળવા જોઈએ. પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "જ્યાં સુધી અલ્લાહ તઆલા પયગંબર અને તેના દુશ્મનો વચ્ચે નિર્ણય ન કરી દે ત્યાં સુધી પયગંબર માટે એ શોભાસ્પદ નથી કે એ શસ્ત્ર સજ્જ થયા પછી શસ્ત્રો ઉતારી દે. હવે તમે લોકો ખુદાનું નામ લઈને મેદાનમાં કૂદી પડો જો તમે ધીરજપૂર્વક જંગના મેદાનમાં અડીખમ રહેશો તો ચોક્કસપણે તમારો જ વિજય થશે." *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૧૪)*

ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સારના કબીલા અવસનો ધ્વજ હઝરત ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہ ને અને ખઝ્રજ કબીલાનો ધ્વજ હઝરત હુઆબ બિન મુન્ઝિર رضی اللہ عنہ ને અને મુહાજિરોનો ઝંડો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને આપ્યો અને એક હજાર મુજાહિદોનું લશ્કર લઈને શહેરની બહાર નીકળ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૧૪)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ યહૂદીઓની સહાય ફગાવી ★

શહેરમાંથી નીકળતાં જ આપે જોયું કે એક ફોજ આવી રહી છે. આપે પૂછયું કે, "આ લોકો કોણ છે ?" લોકોએ અરજ ગુજારી કે, "યા

રસૂલલ્લાહ ! ﷺ મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈના હલીફ (મિત્ર) યહૂદીઓનું લશ્કર છે જે આપની મદદે આવી રહ્યું છે. આપે ઈર્શાદ ફર્માવ્યો :–

"એ લોકોને કહી દો કે પાછા ફરે. અમે મુશ્રિકોના મુકાબલા માટે મુશ્રિકોની મદદ નહીં લઈએ." *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૪)*

આમ યહૂદીઓનું એ લશ્કર પાછું ફર્યું. ત્યારબાદ મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ કે જે ૩૦૦ માણસો લઈને હુઝૂર ﷺ ની સાથે આવ્યો હતો તે એમ કહીને પાછો વળ્યો કે, "મુહમ્મદ ﷺ એ મારી સલાહ સ્વીકારી નથી અને મારા અભિપ્રાય વિરુદ્ધ મેદાનમાં નીકળી પડયા છે આથી હું એમને સાથ નહીં આપું." *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૪)*

અબ્દુલ્લાહ બિન ઉબૈની વાત સાંભળીને ખઝ્રજ કબીલામાંથી "બનૂ સલ્મા" અને અવસ કબીલામાંથી "બનૂ હારિષા"ના લોકોએ પણ પાછા વળવાનો ઈરાદો કરી લીધો. પણ અલ્લાહ તઆલાએ એ લોકોના મનમાં એકાએક ઈસ્લામની મહોબ્બતની એવી ભાવના પેદા ફર્માવી દીધી કે એ લોકોના કદમ જામી ગયા. આથી અલ્લાહ તઆલાએ કુર્આને મજીદમાં એ લોકોનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

اِذْ هَمَّتْ طَّآئِفَتٰنِ مِنْكُمْ اَنْ تَفْشَلَا ۙ وَاللّٰهُ وَلِيُّهُمَا ؕ وَعَلَى اللّٰهِ فَلْيَتَوَكَّلِ الْمُؤْمِنُوْنَ ○ (آل عمران)

**તર્જુમો** : જ્યારે તમારા પૈકીના બે જુથોનો ઈરાદો થયો કે નામર્દી કરી દેવામાં આવે અને અલ્લાહ તેમને સંભાળનાર છે અને મુસલમાનોએ અલ્લાહ પર જ ભરોસો કરવો જોઈએ ! *(સૂરએ આલે ઈમ્રાન)*

હવે હુઝૂર ﷺ ના લશ્કરમાં કુલ સાતસો સહાબા રહી ગયા હતા. જે પૈકીના એકસો બખ્તરધારી હતા અને કાફિરોના લશ્કરમાં ત્રણ હજાર સૈનિકો પૈકીના સાતસો બખ્તરધારી જવાનો, બસો ઘોડા, ત્રણ હજાર ઊંટ અને પંદર મહિલાઓ હતી.

શહેરમાંથી બહાર નીકળીને હુઝૂર ﷺ એ પોતાની ફોજનું નિરીક્ષણ કર્યું અને જે લોકો સગીર વયના હતા તેમને પાછા મોકલી દીધા





કારણ કે યુદ્ધ જેવા ભયંકર પ્રસંગે બાળકોનું શું કામ ?!

## ★ તરુણોમાં જેહાદનો જોશ ★

પરંતુ જ્યારે હઝરત રાફેઅ બિન ખદીજ رضی اللہ عنہ ને કહેવામાં આવ્યું કે, તમે હજી ખૂબ નાના છો તમે પાછા જતા રહો ! ત્યારે તેઓ પંજા પર ઊભા થઈ ગયા જેથી એમનું કદ ઊંચુ દેખાય. આમ એમની આ યુક્તિ સફળ નીવડી અને તેમને ફોજમાં લઈ લેવામાં આવ્યા.

હઝરત સમુરહ رضی اللہ عنہ કે જેઓ પણ ઓછી ઉંમરના યુવક હતા જ્યારે તેમને પાછા જવાનુ કહેવામાં આવ્યું ત્યારે તેમણે અરજ ગુજારી કે હું રાફેઅ બિન ખદીજને કુશ્તીમાં પછાડી દઉં છું. આથી જો એમને લશ્કરમાં લઈ લેવામાં આવ્યા હોય તો પછી મને પણ યુદ્ધમાં ભાગ લેવાની પરવાનગી મળવી જ જોઈએ. આમ બંને જણાનો કુસ્તીનો મુકાબલો યોજવામાં આવ્યો અને ખરેખર હઝરત સમુરહ رضی اللہ عنہ એ હઝરત રાફેઅ બિન ખદીજને પછાડી દીધા. આમ એ બંને ઉત્સાહી નવયુવકોને જંગે ઉહદમાં ભાગ લેવાની સઆદત નસીબ થઈ. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૪)*

મુશ્રિકો તો ૧૨ મી શવ્વાલ હિ.સ. ૩ ના રોજ મદીના પાસે પહોંચીને ઉહદના પર્વત પર પોતાનો પડાવ નાખી ચૂક્યા હતા પણ હુઝૂર અકરમ ﷺ ૧૪ મી શવ્વાલ હિ.સ. ૩ ના રોજ જુમ્આની નમાઝ બાદ મદીનાથી રવાના થયા. રાત્રે બની નજ્જારમાં રોકાયા અને ૧૫ મી શવ્વાલ શનિવારના રોજ ફજરની નમાઝ વખતે ઉહદમાં પહોંચ્યા. હઝરત બિલાલ رضی اللہ عنہ એ અઝાન પોકારી અને આપે ફજરની નમાઝ પઢાવ્યા બાદ જંગના મેદાનમાં મોરચાબંદીની શરૂઆત કરી.

હઝરત ઉક્કાશા બિન મિખસન અસદીને લશ્કરના મૈમના (લશ્કરની જમણી પાંખ પર) અને હઝરત અબૂ સલ્મા બિન અબદુલ અસદ મખ્ઝૂમીની મૈસરહ્ (લશ્કરની ડાબી પાંખ) પર અને હઝરત અબૂ ઉબૈદહ્ બિન અલ જર્રાહ્ અને હઝરત સઅદ બિન અબી વક્કાસને મુકદ્દમા (લશ્કરના અગ્ર ભાગ) પર અને હઝરત મિકદાદ બિન ઉમરને સાકહ (લશ્કરના પાછલા ભાગે) પર નિયુક્ત કર્યા. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) અને મોરચાબંદી વખતે ઉહદનો પર્વત પીઠ પાછળ રાખ્યો અને વાદીયે કનાતમાં સ્થિત કોહે

ઐનેનને પોતાની ડાબી બાજુ રાખ્યો. લશ્કરની પાછળ પહાડમાં એક સાંકડો માર્ગ (દર્રહ) હતો જેમાંથી પસાર થઈને કુરૈશના કાફિરો મુસલમાનોની હરોળો ઉપર પાછળથી હુમલો કરી શક્તા હતા. આથી હુઝૂર ﷺ એ સાંકડા માર્ગની સુરક્ષા માટે પચાસ તીરંદાજોની એક ટુકડી નિયુક્ત કરી દીધી હતી અને હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ ને એ ટુકડીના અધિકારી બનાવ્યા હતા અને એમને આદેશ આપ્યો હતો કે અમે પરાસ્ત થઈએ કે વિજયી પણ તમે લોકો આ જગ્યા ત્યાં સુધી છોડશો નહીં જ્યાં સુધી હું તમારી પાસે કોઈને ન મોકલું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૫, અને બુખારી બાબ મા યકરુહુ મિનત્ તનાઝુઅ્)*

મુશ્રિકોએ પણ અત્યંત ચોકસાઈપૂર્વક પોતાના લશ્કરની હરોળોની ગોઠવણી કરી અને તેમણે પોતાના મૈમના (લશ્કરની જમણી પાંખ) પર ખાલિદ બિન વલીદને અને મૈસરહ (લશ્કરની ડાબી પાંખ) પર ઈકરમહ બિન અબૂ જહલને અધિકારી બનાવી દીધા. સવારોની ટુકડી સફવાન બિન ઉમૈયાની કમાંડમાં હતી. તીરંદાજોની ટુકડી જુદી હતી. જેનો સરદાર અબ્દુલ્લાહ બિન રબીઅહ્ હતો અને આખા લશ્કરનો અલમબર્દાર તલ્હા બિન અબૂ તલ્હા હતો. જે બની અબ્દુદ્દારના કબીલાનો એક માણસ હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૫)*

હુઝૂર ﷺ એ જયારે જોયું કાફરોના સમગ્ર લશ્કરનો અલમબર્દાર બની અબ્દુદ્દાર કબીલાનો એક વ્યક્તિ છે ત્યારે આપે પણ ઈસ્લામી લશ્કરનો ઝંડો હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ ને એનાયત ફર્માવ્યો, તેઓ પણ કબીલા બની અબ્દુદાર સાથે જ સંબંધ ધરાવતા હતા.

## ★ યુદ્ધની શરૂઆત ★

સૌથી પહેલાં કુરૈશના કાફિરોની મહિલાઓ ડફલી વગાડી વગાડીને એવી કાવ્ય પંક્તિઓ ગાતી ગાતી આગળ આવી જેમાં જંગે બદરમાં માર્યા ગયેલાઓનો માતમ અને તેમના કત્લનો વેર વાળવાની આગ ઝરતી હતી. કાફિરોના લશ્કરના સેનાપતિ અબૂ સુફિયાનની પત્ની "હિન્દા" આગળ આગળ અને કુરૈશના કાફિરોના સન્માનિત કુટુંબોની ચૌદ મહિલાઓ એમની





સાથે સાથે હતી અને આ બધી મહિલાઓ એકી અવાજે ગાઈ રહી હતી :–

નહનુ બિનાતુ તારિક-નમ્શી અલન્ નમારિક

**અર્થાત** : અમે આકાશના તારાઓની પુત્રીઓ છીએ, અમે ગાલીચાઓ ઉપર ચાલવાવાળીઓ છીએ.

ઈન તુકબિલૂ નુઆનિક-અવ તુદ્બિરૂ નુફારિક

જો તમે આગળ વધીને લડશો તો અમે તમને ભેટીશું અને પીછેહઠ કરશો તો અમે તમારાથી જુદી થઈ જઈશું.

મુશ્રિકોની હરોળમાંથી સૌથી પહેલાં જે માણસ યુદ્ધ માટે નીકળ્યો એ અબૂ આમિર અવસી હતો જેની ઈબાદત અને પારસાઈને કારણે મદીનાવાળા એને રાહિબ (પાદરી) કહેતા હતા પરંતુ રસૂલુલ્લાહ ﷺ એ એનું નામ "ફાસિક" રાખ્યું હતું. અજ્ઞાનતાકાળમાં એ પોતાના કબીલા અવસનો સરદાર અને મદીનાનો લોકપ્રિય માણસ હતો પરંતુ જયારે હુઝૂર ﷺ મદીના તશરીફ લાવ્યા ત્યારે એ ઈર્ષાની આગમાં બળીને ખુદાના મહબૂબ ﷺ નો વિરોધ કરવા લાગ્યો અને મદીનાથી નીકળીને મક્કા જતો રહ્યો અને કુરૈશના કાફિરોને આપની સાથે જંગ કરવા તત્પર કર્યા. એને ખૂબ વિ□ાસ હતો કે મારી કોમના લોકો જયારે મને જોશે ત્યારે રસૂલુલ્લાહ ﷺ નો સાથે છોડી દેશે. આથી મેદાનમાં નીકળીને એ બરાડયો : "હે અન્સારના લોકો ! શું તમે મને ઓળખો છો ? હું અબૂ આમિર રાહિબ છું ! અન્સારના લોકોએ બૂમો પાડીને કહ્યું, "હા ! હા ! હે ફાસિક ! અમે તને સારી પેઠે ઓળખીએ છીએ ! ખુદા તને અપમાનિત કરે !" અબૂ આમિર પોતાના માટે ફાસિકનો શબ્દ સાંભળીને લાલચોળ થઈ ગયો. કહેવા લાગ્યો, "હાય ! અફસોસ ! મારા પછી મારી કોમના લોકો એકદમ બદલાઈ ગયા." ત્યારબાદ કુરૈશના કાફિરોની જે ટોળકી એની સાથે હતી તે મુસલમાનો ઉપર તીરોનો વરસાદ કરવા લાગી. એના જવામાં અન્સારે પણ એવો જોરદાર પથ્થરમારો ચલાવ્યો કે અબૂ આમિર અને એના સાથીદારો મેદાન છોડીને ભાગી ગયા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૬)*

કાફિરોના લશ્કરનો અલમબર્દાર તલ્બા બિન અબૂ તલ્હા હરોળમાંથી

નીકળીને મેદાનમાં આવ્યો અને કહેવા લાગ્યો કે કેમ મુસલમાનો ! તમારામાં કોઈ એવું છે કે જેને મને નર્કમાં પહોંચાડી દે અથવા મારા હાથે એ પોતે જન્નતમાં પહોંચી જાય ! એ અભિમાનીની આ વાણી સાંભળીને હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે, "હા ! હું છું !" એમ કહીને ખૈબર વિજેતા (ફાતેહે ખૈબર હઝરત અલી)એ ઝુલ્ફિકારના એક જ ઘાથી એનું માથું ફાડી નાખ્યું અને એ જમીન પર પડી જઈ તરફડવા લાગ્યો અને શેરે ખુદા ત્યાંથી મોં ફેરવીને ખસી ગયા. લોકોએ પૂછયું કે તમે એનું માથું કેમ ન કાપી લીધું ?! શેરે ખુદાએ ફર્માવ્યું કે એ જ્યારે જમીન પર પડયો ત્યારે એની ગુપ્તાંગો (શર્મગાહ) ઉઘાડા પડી ગયાં અને એ મને સોગંદ આપવા લાગ્યો કે મને ક્ષમા કરી દો. એ નિર્લજ્જનાં ગુપ્તાંગો ઉઘાડા જોઈને મને શરમ આવી ગઈ અને મેં એના પરથી મોં ફેરવી લીધું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૬)*

તલ્હા પછી એના ભાઈ ઉષ્માન બિન અબૂ તલ્હાએ શૌર્યગીત (રજ્ઝ)ની આ પંક્તિઓના ઉચ્ચારણ સાથે હુમલો કર્યો :–

ઈન્ન અલા અહ્લિલ્ લિવાઈ હક્કા,<br>ઐં યખ્દ્બિલ લિવાઅ અવ્ તન્દક્કા

**અર્થાત** : અલમબર્દારની ફરજ છે કે નેજાને લોહીમાં તરબોળ કરી દે કયાં તો એ ટકરાઈને તૂટી જાય.

હઝરત હમ્ઝા رضی اللہ عنہ એના મુકાબલા માટે તલ્વાર લઈને નીકળ્યા અને ખભા ઉપર એવો ભરપૂર ઘા ઝીંકયો કે તલ્વાર કરોડના હાડકાને કાપતી છેક કમ્મર સુધી પહોંચી ગઈ અને આપને મુખે આ શબ્દો સરી પડયા :–

અ-ના ઈબ્નુ સાકિલ હજીહિ

**અર્થાત** : હું હાજીઓની તરસ છુપાવનારા (અબ્દુલ મુત્તલિબ)નો પુત્ર છું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૬)*

ત્યારબાદ આમ જંગ શરૂ થઈ ગઈ અને જંગના મેદાનમાં મારાકાપનો બજાર ગરમ થઈ ગયો.





## ★ અબૂ દુજાનાનું સદ્ભાગ્ય ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે એક તલ્વાર હતી જેના પર આ કાવ્ય પંક્તિ અંકિત હતી :–

ફિલ જુબ્નિ આરુંવ્ વફિલ ઈક્બાલિ મક્રૂ મતુન<br>વલ્ મર્ઉ બિલ જુબ્નિ લા યન્જૂ મિનલ્ કદ્રી

બુઝદિલી (કાયરત)માં શરમ છે અને આગળ વધીને લડવામાં સન્માન છે અને માણસ બુઝદિલી કરીને તકદીરથી બચી શક્તો નથી.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "કોણ છે કે જે આ તલ્વાર લઈને એનો હક્ક અદા કરે ?" આ સાંભળીને ઘણા બધા લોકો એ સદ્ભાગ્ય મેળવવા માટે લપક્યા. પરંતુ આ ગૌરવ અને સન્માન હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ ના નસીબમાં હતું કે તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની આ તલ્વાર પોતાના હાથે જ હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ ના હાથમાં આપી દીધી. તેઓ આ સન્માન મેળવીને અપાર ખુશીથી મસ્ત અને બેખૂદ થઈ ગયા અને અરજ ગુજારી કે, "યા રસૂલલ્લાહ ! આ તલ્વારનો હક્ક શું છે ?" ઈર્શાદ ફર્માવ્યો કે, "તું આનાથી કાફિરોને કતલ કરે એટલે સુધી કે આ વાંકી વળી જાય."

હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ એ અરજ કરી કે યા રસૂલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું આ તલ્વાર એના હક્ક સાથે લઉં છું. પછી તેઓ પોતાના માથે એક લાલ રૂમાલ બાંધીને અકડાતા ઈતરાતા મેદાને જંગમાં કૂદી પડયા અને દુશ્મનોની હરોળો ચીરતા અને તલ્વાર ચલાવતા આગળ વધતા જતા હતા કે તેમની સામે અબૂ સુફિયાનની પત્ની "હિન્દા" આવી ગઈ. હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ એ ઈરાદો કર્યો કે એના પર તલ્વાર ચલાવી દે પણ પછી એ વિચારે તલ્વાર પાછી ખેંચી લીધી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર (મુકદસ) તલ્વારને એ શોભતું નથી કે એ કોઈ મહિલાનું માથું કાપે. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૨૯, મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૬)*

હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ ની જેમ જ હઝરત હમ્ઝા અને હઝરત અલી رضی اللہ عنہما પણ દુશ્મનોની હરોળોમાં ઘૂસી ગયા હતા અને કાફિરોની

કત્લે આમ શરૂ કરી દીધી.

હઝરત હમ્ઝા જેહાદના અત્યંત જોશમાં "દોદસ્તી" તલ્વાર મારતા મારતા આગળ વધતા જતા હતા. એ જ સ્થિતમાં સિબાઅ ગબ્શાની સામે આવી ગયો. આપે ફર્માવ્યું, હે મહિલાઓની ખત્ના કરના મહિલાના પુત્ર ! ઊભો રહે, ક્યાં જાય છે ? તું અલ્લાહ અને રસૂલ સાથે જંગ કરવા નીકળ્યો છે ! એમ કહીને એના પર તલ્વાર ચલાવી દીધી અને તે બે ટુકડા થઈને જમીન પર ઢગલો થઈ ગયો.

## ★ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની શહાદત ★

વહ્શી એક હબ્શી ગુલામ હતો અને તેનો માલિક જુબૈર બિન મુત્ઈમ એને વચન આપી ચૂક્યો હતો કે તું જો હઝરત હમ્ઝાને કતલ કરી દેશે તો હું તને મુક્ત કરી દઈશ. વહ્શી એક શિલા પાછળ છુપાયો હતો અને હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની તાકમાં હતો. જેવા આપ એની નજીક પહોંચ્યા તો એણે દૂરથી પોતાનો નેજો (ભાલો) ફેંકીને માર્યો જે આપની નાભિમાં વાગ્યો અને પાછળ પીઠમાં આરપાર નીકળી ગયો. એ સ્થિતિમાં પણ હઝરત હમ્ઝા رضی اللہ عنہ તલ્વાર લઈને એની તરફ વધ્યા પરંતુ જીવલેણ ઘાને કારણે શહાદતથી સરફરાઝ (સન્માનિત) થયા. *(બુખારી બાબે કત્લે હમ્ઝહ્, ભાગ–૨, પેજ–૫૮૩)*

કાફિરોના અલમબર્દાર (ઝંડાધારી) પોતે કપાઈ કપાઈ પડતા જતા હતા પણ તેઓ પોતાના ધ્વજને ગમે તેમ પડવા દેતા ન હતા. એકની કતલ થયા પછી બીજો કોઈક એ ધ્વજ ઉપાડી લેતો હતો. એ કાફિરોના ભારે ઉત્સાહની એવી સ્થિતિ હતી કે જ્યારે "સુવાબ" નામના એક કાફિરે મુશ્રિકોનો ઝંડો ઉપાડયો ત્યારે એક મુસલમાને એના પર તલ્વારનો એવો જોરદાર ઘા કર્યો કે એના બંને હાથ કપાઈને જમીન પર પડી ગયા. તેમ છતાં એ ધ્વજને પોતાની છાતી સરસું ચાંપીને જમીન પર પડી ગયો. એ જ સ્થિતિમાં મુસલમાનોએ તેની કત્લ કરી નાખી. પરંતુ એ કતલ થતાં થતાં પણ એમ જ કહેતો રહ્યો કે મેં મારી ફરજ પૂરી કરી છે. એના મરતાંની સાથે જ ઉમ્રહ નામની એક બહાદુર મહિલા એ ઝપાટાબંધ એ કોમી ધ્વજ પોતાના હાથમાં લઈને ઊંચો કરી દીધો. આ દશ્ય જોઈને કુરૈશને ગૈરત





(લાજ) આવી અને તેમની વિખેરાઈ ગયેલી ફોજ ફરી એકઠી થઈ ગઈ અને આમ જંગના મેદાનમાંથી તેમના ઉખડેલા કદમ ફરી જામી ગયા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૧૮)*

## ★ હઝરત હન્ઝલા رضی اللہ عنہ ની શહાદત ★

અબૂ આમિર રાહિબ (પાદરી) કાફિરો તરફથી લડી રહ્યો હતો. પરંતુ એના પુત્ર હઝરત હન્ઝલા رضی اللہ عنہ ઈસ્લામના ધ્વજ હેઠળ જેહાદ કરી રહ્યા હતા. હઝરત હન્ઝલા رضی اللہ عنہ એ બારગાહે રિસાલતમાં અરજ કરી કે, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને પરવાનગી આપો, હું મારી તલ્વારથી અબૂ આમિર રાહિબનું માથુ કાપી લાઉં ! પરંતુ હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ની રહમતને એ ગમ્યું નહીં કે એક પુત્રની તલ્વાર પિતાનું માથું વધેરી નાખે. હઝરત હન્ઝલા رضی اللہ عنہ એટલા બધા જોશમાં ભરેલા હતા કે માથું હથેળીમાં રાખીને અત્યંત જાંબાઝી સાથે લડતાં લડતાં લશ્કરના મધ્ય ભાગ (કલ્બે લશ્કર)માં પહોંચી ગયા અને કાફિરોના સેનાપતિ અબૂ સુફિયાન ઉપર હુમલો કરી દીધો. અને હઝરત હન્ઝલા رضی اللہ عنہ ની તલ્વાર અબૂ સુફિયાનનો કામ પતાવી દેવાની જ હતી કે એકાએક પાછળથી શદ્દાદ બિન અલ્ અસ્વદે ઝપાટો મારી તલ્વારનો ઘા અટકાવ્યો અને હઝરત હન્ઝલા رضی اللہ عنہ ને શહીદ કરી દીધા.

હઝરત હન્ઝલા رضی اللہ عنہ વિશે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, "ફરિશ્તાઓ હન્ઝલાને ગુસલ આપી રહ્યા છે." જ્યારે એમની પત્નીને એમના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જણાવ્યું કે જંગે ઉહદની રાત્રે તેઓ પોતાની પત્ની સાથે સૂતા હતા. ગુસલની હાજત હતી. પરંતુ દા'વતે જંગનો અવાજ કાને પડતાં તેઓ એ જ સ્થિતિમાં જંગમાં ભાગ લેવા દોડી ગયા હતા. આ સાંભળીને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આ જ કારણસર ફરિશ્તાઓએ એમને ગુસલ આપ્યું હતું. આ જ બનાવને આધારે હઝરત હન્ઝલા رضی اللہ عنہ ને "ગસીલુલ્ મલાઈકહ્"ના લકબથી યાદ કરવામાં આવે છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૨૩)*

આ જંગમાં અન્સાર અને મુહાજિરો બંનેના મુજાહિદો અત્યંત દિલેરી અને જાંબાઝીપૂર્વક લડતા રહ્યા, છેક એટલે સુધી કે મુશ્રિકોના પગ

ઉખડી ગયા. હઝરત અલી અને હઝરત અબૂ દુજાના અને હઝરત સઅદ બિન અબી વક્કાસ رضوان اللہ تعالی علیہم اجمعین વગેરે મુજાહિદોના હુમલાઓએ મુશ્રિકોની કેડ ભાંગી નાખી. કાફિરોના તમામ અલમબર્દાર (ધ્વજધારકો) ઉષ્માન, અબૂ સઈદ, મુસાફેઅ, તલ્હા બિન અબી તલ્હા વગેરે એક એક કરીને કપાઈ કપાઈને જમીન પર ઢગલો થઈ ગયા. કાફિરોનો પરાજય થયો અને તેઓ ભાગવા લાગ્યા અને એમની મહિલાઓ જેઓ શૌર્યગીતોની પંક્તિઓ ગાઈ ગાઈને કાફિરોના લશ્કરનો ઉત્સાહ વધારી રહી હતી તેઓ પણ ભાન ભૂલી જઈને પોતાની ઈજારો ઊંચી કરીને નગ્ન પિંડલીઓ સાથે દોડતી પહાડો પર જતી રહી હતી અને મુસલમાનો મારકાપ અને કત્લો ગારતમાં વ્યસ્ત હતા.

## ★ એકાએક યુદ્ધનું પાસું પલ્ટાઈ ગયું ★

કાફિરોની ભાગદોડ અને મુસલમાનોની વિજયી મારકાટ અને કત્લો ગારતનું આ દશ્ય જોઈને એ પચાસ તીરંદાઝ મુસલમાનો કે જેમને સાંકડા પહાડી માર્ગની સુરક્ષા માટે ગોઠવવામાં આવ્યા હતા તેઓ પરસ્પર એકબીજાને કહેવા લાગ્યા કે ગનીમત લૂટો ! ગનીમત લૂટો ! તમારો વિજય થયો છે. એ લોકોના અધિકારી હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈરે તેમને વારંવાર આગ્રહપૂર્વક અટકાવ્યા અને હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم નો ફર્માન યાદ કરાવ્યો અને ફર્માને મુસ્તફવીની ઉપેક્ષાથી ડરાવ્યા પણ એ તીરંદાઝ મુસલમાનોએ કોઈ જ વાત ન સાંભળી અને પોતાનો મોરચો છોડી દઈને માલે ગનીમત લૂંટવામાં વ્યસ્ત થઈ ગયા. કાફિરોના લશ્કરનો એક અધિકારી "ખાલિદ બિન વલીદ" પહાડની ઊંચાઈએથી આ દશ્ય નિહાળી રહ્યો હતો. જ્યારે એણે જોયું કે આ સાંકડો પહાડી માર્ગ ખાલી થઈ ગયો છે તો તુરત જ પોતાની ફોજ લાવીને પાછળથી મુસલમાનો ઉપર હુમલો કરી દીધો. હઝરત અબ્દુલ્લાહ બિન ઝુબૈર رضی اللہ عنہ એ પોતાના થોડાક જાંબાઝ સાથીદારો સાથે વીરતાપૂર્વક સામનો કર્યો પરંતુ એ બધા શહીદ થઈ ગયા. બસ હવે તો કાફિરોની ફોજ માટે માર્ગ સાફ થઈ ગયો હતો. ખાલિદ બિન વલીદે જોરદાર હુમલો કરી દીધો. આ જોઈને કાફિરોની નાસભાગ કરતી ફોજ પણ પાછી વળી. મુસલમાનો માલે ગનીમત લૂંટવામાં વ્યસ્ત હતા. પાછળ વળીને જોયું તો તલ્વારો વરસી રહી હતી અને કાફિરો આગળ





પાછળ બંને બાજુએથી મુસલમાનો ઉપર હુમલો કરી રહ્યા હતા અને મુસલમાનોનું લશ્કર ચક્કીના બે પાટમાં દાણાની જેમ પિસાવા લાગ્યું અને મુસલમાનો ભાન ભૂલી ગયા અને એમના લશ્કરમાં એવી અવ્યવસ્થા સર્જાઈ ગઈ કે પોતીકાને પારકાની ઓળખ પણ ન રહી, ખૂદ મુસલમાન મુસલમાનોની તલ્વારોથી કતલ થયા. હઝરત હુઝૈફા رضی اللہ عنہ ના પિતા હઝરત યમાન رضی اللہ عنہ ની તલ્વારથી શહીદ થયા. હઝરત હુઝૈફા رضی اللہ عنہ ચીસો પાડતા રહ્યા કે હે મુસલમાનો ! આ મારા પિતા છે, આ મારા પિતા છે, પરંતુ કંઈક અજબ ઉગ્રતા ફેલાયેલી હતી કે કોઈને કોઈનું ધ્યાન જ ન હતું અને મુસલમાનોએ જ હઝરત યમાન رضی اللہ عنہ ને શહીદ કરી નાખ્યા.

## ★ હઝરત મુસ્અબ બિન ઉમૈર પણ શહીદ થયા ★

પછી સૌથી મોટી ગજબની વાત એ થઈ કે ઈસ્લામી લશ્કરના અલમબર્દાર હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ ઉપર ઈબ્ને કમિય્યા નામના કાફિરે હુમલો કર્યો અને એમના જમણા હાથ પર એટલી બધી તાકાતથી તલ્વાર ચલાવી દીધી કે એમનો જમણો હાથ કપાઈને પડી ગયો. આ જાંબાઝ મુહાજિરે ઝપાટાભેર ઈસ્લામી ધ્વજ ડાબા હાથમાં સંભાળી લીધો પરંતુ ઈબ્ને કમિય્યાએ તલ્વાર મારીને એમનો ડાબો હાથ પણ કાપી નાખ્યો. બંને હાથ કપાઈ ચૂક્યા હતા છતાં હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ પોતાના બંને કપાઈ ગયેલા હાથ વડે ઈસ્લામના ધ્વજને છાતી સરસો ચાંપીને ઊભા રહ્યા અને ઊંચા અવાજે આ આયત પઢતા રહ્યા : وَمَا مُحَمَّدٌ اِلَّا رَسُوۡلٌ ۚ قَدۡ خَلَتۡ مِنۡ قَبۡلِهِ الرُّسُلُ ત્યાર બાદ ઈબ્ને કમિય્યાએ એમને તીર મારીને શહીદ કરી દીધા. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ એ જેઓ સૂરત શકલમાં હુઝૂર અકદસ صلی اللہ تعالی علیہ وسلم ને કેટલીક હદે મળતા આવતા હતા, એમને જમીન પર પડતા જોઈને કાફિરોએ શોર મચાવી દીધો કે (મઆઝલ્લાહ !) હુઝૂર તાજદારે દો આલમ صلی اللہ تعالی علیہ وسلم કતલ થઈ ગયા !"

અલ્લાહુ અકબર ! એ અવાજોએ તો બહુ ગજબ કરી. મુસલમાનો આ સાંભળીને બેબાકળા બની ગયા અને નિરાશામાં જંગનું મેદાન છોડીને ભાગવા લાગ્યા. મોટા મોટા વીર પુરુષોના પગ ડગમગી ગયા અને

મુસલમાનો ત્રણ જૂથમાં વહેંચાઈ ગયા. કેટલાક લોકો તો ભાગીને મદીના પાસે પહોંચી ગયા. કેટલાક ડરીને મુર્દાદિલ થઈ ગયા, જ્યાં હતા ત્યાં જ રહી ગયા. પોતાનો જીવ બચાવતા રહ્યા અથવા યુદ્ધ કરતા રહ્યા. કેટલાક લોકો જેમની સંખ્યા લગભગ ૧૨ હતી તેઓ રસૂલુલ્લાહ ﷺ ની સાથે અડગ રહ્યા. આ અરાજકતા અને નાસ ભાગમાં સંખ્યાબંધ લોકો તો એકદમ હિંમત હારીને બેસી ગયા અને જેઓ જાંબાઝી સાથે લડવા માગતા હતા તેઓ પણ દુશ્મનના બે બાજુના હુમલાના ઘેરામાં ફસાઈ જઈને વિવશ અને લાચાર થઈ ચૂક્યા હતા. તાજદારે દો આલમ ﷺ ક્યાં છે ? અને કઈ સ્થિતિમાં છે ? એની કોઈનેય ખબર ન હતી. હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم તલવાર ચલાવતા અને શત્રુઓની હરોળો અસ્ત વ્યસ્ત કરતા ચાલતા જતા હતા. પરંતુ તેઓ દરેક બાજુ વળી વળીને રસૂલુલ્લાહ ﷺ ને જોતા હતા પરંતુ જમાલે નબુવ્વત ન દેખાતાં તેઓ અત્યંત વ્યાકુળતા અને બેચેનીની સ્થિતિમાં હતા. હઝરત અનસ رضی اللہ عنہ ના કાકા હઝરત અનસ બિન નઝર رضی اللہ عنہ લડતા લડતા મેદાને જંગ કરતાં પણ થોડાક વધુ આગળ નીકળી ચૂક્યા હતા. ત્યાં જઈને જોયું કે કેટલાક મુસલમાનોએ નિરાશ થઈને શસ્ત્રો ફેંકી દીધાં છે. હઝરત અનસ બિન નઝર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જો રસૂલે ખુદા ﷺ ખરેખર શહીદ થઈ ચૂક્યા હોય તો પછી એમની પાછળ જીવતા રહીને આપણે શું કરીશું ? ચાલો ! આપણે પણ આ જ મેદાનમાં શહીદ થઈને હુઝૂર ﷺ પાસે પહોંચી જઈએ. આમ કહીને આપ લડતા લડતા દુશ્મનોના લશ્કરમાં ઘૂસી ગયા અને અંતિમ □ાસ સુધી જેહાદના અત્યંત જોશ અને જાંબાઝી સાથે જંગ કરતા રહ્યા એટલે સુધી કે શહીદ થઈ ગયા. લડાઈ પૂરી થયા બાદ જ્યારે એમની લાશ જોવામાં આવી ત્યારે તીર, તલ્વાર અને નેજાઓના ૮૦ થી પણ વધારે ઘા એમના શરીરે હતા. કાફિરોએ એમના શરીરના ચીંથરે ચીથરાં કરી નાખ્યાં હતાં. અને નાક, કાન વગેરે કાપી લઈને એમની સૂરત બગાડી નાખી હતી. કોઈ પણ એમની લાશ ઓળખી શક્યો નહીં. માત્ર એમની બહેને એમનાં આંગળાં જોઈને એમને ઓળખી કાઢયા હતા. *(બુખારી ગઝ્વએ ઉહૂદ, ભાગ–૨, પેજ–૫૯૭, મુસ્લિમ, ભાગ–૨, પેજ–૩૮)*

આવી જ રીતે સાબિત બિન દહ્દાહ رضی اللہ عنہ એ નિરાશ થઈ ચૂકેલા





અન્સારીઓને કહ્યું કે, "હે જમાઅતે અન્સાર ! ધારો કે જો રસૂલે અકરમ ﷺ શહીદ પણ ગઈ ગયા હોય તો તમે શા માટે હિમ્મત હારી ચૂક્યા છો ? તમારો અલ્લાહ તો જીવતો છે ! આથી તમે લોકો ઉઠો અને અલ્લાહના દીન માટે જેહાદ કરો. આમ કહીને આપે થોડાક અન્સારીઓ પોતાની સાથે લીધા અને કાફરોના લશ્કર ઉપર ભૂખ્યા સિંહની માફક હુમલો કર્યો અને છેવટે ખાલિદ બિન વલીદની તલ્વારથી શહાદતનો જામ ગટગટાવી ગયા. *(ઈસાબહ તર્જુમા સાબિત બિન દહ્દાહ)*

ભીષણ યુદ્ધ ચાલુ હતું અને ઈસ્લામના જાંનિસારો પોતે જ્યાં હતા ત્યાં જ લડાઈમાં વ્યસ્ત હતા. પરંતુ બધાની નજરો અત્યંત વ્યાકુળતા અને ઉત્સુકતાપૂર્વક જમાલે નબુવ્વતને શોધી રહી હતી. એ હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ ની ખુશનસીબ આંખો હતી જેમણે હુઝૂર ﷺ ને ઓળખી લઈને મુસલમાનોને પોકાર્યા કે, "હે મુસલમાનો ! અહીં આવો રસૂલે ખુદા ﷺ આ રહ્યા. અવાજ સાંભળીને તમામ જાંનિસારોમાં જાન પડી ગઈ અને ચારેય બાજુથી દોડી દોડીને મુસલમાનો આવવા લાગ્યા. કાફિરોએ પણ અન્ય સ્થળોના હુમલા અટકાવીને રહમત આલમ ﷺ પર કાતિલાના હુમલો કરવા પાછળ પોતાનો સમગ્ર બળ લગાડી દીધું. કાફિરોના લશ્કરી દળો વાદળોની જેમ ઉમટી પડયા અને વારંવાર મદની તાજદાર ઉપર યલ્ગાર કરવા લાગ્યા, પણ ઝુલ્ફિકારની વીજળીથી એ વાદળાં વાંરવાર ફંટાઈ જતાં હતાં.

## ★ ઝિયાદ બિન સકનની વીરતા અને શહાદત ★

એકવાર કાફિરોની ભીડે હુમલો કર્યો ત્યારે સરવરે આલમ ﷺ એ ફર્માવ્યું કે, "કોણ છે જે મારી ઉપર પોતાની જાન કુર્બાન કરે છે ?" આ સાંભળતાની સાથે જ હઝરત ઝિયાદ બિન સકન رضی اللہ عنہ પાંચ અન્સારીઓને સાથે લઈને આગળ વધ્યા અને દરેક જણાએ લડતાં લડતાં પોતાની જાનો ન્યોછાવર કરી દીધી. હઝરત ઝિયાદ બિન સકન رضی اللہ عنہ પોતાની ઈજાઓથી વિવશ થઈને જમીન પર પડી ગયા હતા. પરંતુ એમનામાં થોડોક જીવ બાકી હતો. હુઝૂર ﷺ એ હુકમ આપ્યો કે એમને મારી પાસે ઉપાડી લાવો જ્યારે લોકોએ એમને બારગાહે રિસાલતમાં રજૂ કર્યા ત્યારે

હઝરત ઝિયાદ બિન સકન رضی اللہ عنہ એ ઘસડાઈને મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમોમાં પોતાનું મોં મૂકી દીધું અને એ જ સ્થિતિમાં એમની રૂહ પરવાઝ કરી ગઈ. અલ્લાહ અકબર ! હઝરત ઝિયાદ બિન સકન رضی اللہ عنہ ના એ મૌત પર લાખો જિંદગીઓ કુર્બાન ! સુબ્હાનલ્લાહ !

બયેહ નાઝ રફતેહ બાશદ ઝે જહાં નિયાઝ મંદી
કે બ વક્તે જાં સિપુર્દન બ-સ-રશ રસીદેહ બાશી

## ★ ખજૂર ખાતાં ખાતાં જન્નતમાં ★

એ ઘમાસણ યુદ્ધ અને મારધાડના તોફાનમાં એક બહાદુર મુસલમાન ઊભો હતો અને અત્યંત બેપરવાઈ સાથે ખજૂર ખાઈ રહ્યો હતો. એકાએક આગળ વધ્યો અને અરજ ગુજારી કે જો હું અત્યારે શહીદ થઈ જાઉં તો મારું ઠેકાણું ક્યાં હશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે, "તું જન્નતમાં જશે !" એ બહાદુર આ ખુશખબર સાંભળીને મસ્ત અને બેખૂદ થઈ ગયો. એકાએક કાફિરોની ભીડમાં કૂદી પડયો અને એવી વીરતા સાથે લડવા લાગ્યો કે કાફિરોનાં હૃદય કાંપી ઉઠયાં, આવી જ રીતે જંગ કરતાં કરતાં એ શહીદ થઈ ગયો. *(બુખારી ગઝ્વએ ઉહુદ, ભાગ-૨, પેજ-૫૭૯)*

## ★ લંગડાતા લંગડાતા જન્નતમાં ! ★

હઝરત અમ્ર બિન જમૂહ અન્સારી رضی اللہ عنہ લંગડા હતા. તેઓ ઘરથી નીકળતી વેળાએ એવી દુઆ માંગીને રવાના થયા હતા કે, હે અલ્લાહ ! મને યુદ્ધના રણમાંથી કુટુંબીજનોમાં પાછા ફરવાનું નસીબ ન થાય. એમના ચાર પુત્રો પણ જેહાદમાં વ્યસ્ત હતા. લોકોએ તેમના લંગડા હોવાને કારણે જંગ કરવાથી અટકાવી દીધા ત્યારે તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં કરગરીને અરજ કરવા લાગ્યા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને જંગમાં લડવાની પરવાનગી આપો. મારી તમન્ના છે કે હું પણ લંગડાતો લંગડાતો જન્નતના બગીચામાં પહોંચી જાઉં ! એમની બેકરારી અને કાકુલુદીથી નબીયે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم નું હૃદય દ્રવી ઉઠયું અને આપે જંગની પરવાનગી આપી દીધી. તેઓ ખુશીથી ઉછળી પડયા અને પોતાના એક સુપુત્રને સાથે લઈને કાફિરોની ભીડમાં ઘૂસી ગયા. હઝરત અબૂ તલ્હા





رضی اللہ عنہ નું બયાન છે કે મેં હઝરત અમ્ર બિન જમૂહ رضی اللہ عنہ ને જોયા કે તેઓ જંગમાં એમ કહીને ચાલી રહ્યા હતા કે, "ખુદાના સોગંદ ! હું જન્નતનો મુશ્તાક (અભિલાષી) છું." એમની સાથે સાથે એમને ટેકો આપતો એમનો પુત્ર પણ અત્યંત વીરતાપૂર્વક લડી રહ્યો હતો. એટલે સુધી કે એ બંને જણ શહીદી વ્હોરીને જન્નતના બગીચામાં પહોંચી ગયા. લડાઈ પૂરી થઈ ગયા બાદ એમના પત્ની હિન્દ જંગના મેદાનમાં પહોંચ્યાં અને તેમણે એક ઊંટ પર તેમને અને પોતાના ભાઈ તથા પુત્રના મૃતદેહો લાદીને દફન કરવા માટે મદીના તરફ લાવવાનું વિચાર્યું ત્યારે તમામ પ્રયાસો છતાં કોઈ પણ રીતે એ ઊંટ મદીના તરફ એક ડગલું ય ચાલ્યો ન હતો બલ્કે એ દોડીને વારંવાર જંગના મેદાન તરફ જ જતો હતો. હિન્દે જ્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ ઘટના કહી સંભળાવી ત્યારે આપે ફર્માવ્યું કે, "અમ્ર બિન જમૂહે ઘરમાંથી નીકળતી વખતે શું કહેલું ? એ જણાવો ! હિન્દે કહ્યું કે, "હા જી ! તેઓ એવી દુઆ કરીને નીકળ્યા હતા કે, "હે અલ્લાહ ! મને યુદ્ધના રણમાંથી કુટુંબીજનોમાં પાછા ફરવાનું નસીબ ન થયા." આપે ઈર્શાદ ફર્માવ્યો કે આ કારણસર ઊંટ મદીના તરફ ચાલી રહ્યો નથી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૨૪)*

## ★ તાજદારે દો આલમને ઈજા ★

એ જ ભાગદોડ અને પરેશાનીની સ્થિતિમાં જ્યારે વિખેરાઈ ચૂકેલા મુસલમાનો હજી રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે એકઠા પણ થયા ન હતા ત્યારે કુરૈશના વીરોમાં નામાંક્તિ એવા અબ્દુલ્લાહ બિન કમિય્યાની નજર એકાએક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર પડી. એકાએક વીજળી વેગે યોદ્ધાઓની હરોળો ચીરતો આવ્યો અને તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર ઘાતક હુમલો કરી દીધો. એ અત્યાચારીએ પોતાની સંપૂર્ણ શક્તિથી આપના ચેહરએ અન્વર ઉપર તલ્વારનો એવો જોરદાર ઘા કર્યો હતો કે એનાથી બે કડીઓ આપના ચેહરામાં ખૂંપી ગઈ હતી. બીજા એક કાફિરે આપના ચહેરાએ અકદસ ઉપર એવો પથ્થર માર્યો કે આપના બે દાંત શહીદ થઈ ગયા અને નીચેનો પવિત્ર હોઠ ઝખ્મી થઈ ગયો. એ જ સ્થિતિમાં ઉબૈ બિન ખલફ મલઊન પોતાના ઘોડા પર સવાર થઈને આપને શહીદ કરવાના

ઈરાદે આગળ વધ્યો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના એક જાંનિસાર સહાબી હઝરત હારિષ બિન સિમ્મા رضی اللہ عنہ પાસેથી એક નાનકડો નેજો લઈને ઉબૈ બિન ખલફની ગરદન પર માર્યો જેનાથી એ ચીસ પાડી ઉઠયો. એની ગરદન પર બહુ જ મામૂલી ઈજા થઈ અને એ ભાગી ગયો પરંતુ પોતાના લશ્કરમાં જઈને પોતાની ગદરનની ઈજા વિશે લોકોને પોતાની તકલીફ અને પરેશાની વ્યક્ત કરવા લાગ્યો અને અતિશય અસહ્ય પીડાની ફરિયાદ કરવા લાગ્યો. આ સાંભળીને એના સાથીદારો બોલ્યા, ''આ તો સહેજ છોલાઈ ગયું છે. તમે આટલા બધા હેરાન શાને થાઓ છો ?'' એણે કહ્યું કે, ''તમે લોકો નથી જાણતા કે એકવાર મારાથી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું હતું કે હું તને કતલ કરીશ. આથી આ તો ઠીક છે કે ઘા છે મારો તો વિ□ાસ છે કે જો એમણે મારી ઉપર થૂંકી દીધું હોત તો ય હું માની લેવાનો હતો કે મારું મૌત નિશ્ચિત છે.

આની વિગત એવી છે કે ઉબૈ બિન ખલફે મક્કામાં એક ઘોડો પાળ્યો હતો જેનું નામ ''ઊદ'' રાખ્યું હતું. એ દરરોજ એને ચારવા લઈ જતો અને લોકોને કહેતો હતો કે હું આ જ ઘોડા પર સવાર થઈને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કતલ કરીશ. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ વાતની જાણ થઈ ત્યારે આપે ફર્માવ્યું હતું કે ઈન્શાઅલ્લાહ તઆલા ! હું ઉબૈ બિન ખલફને કતલ કરીશ ! આથી ઉબૈ બિન ખલફ પોતાના એ જ ઘોડા પર સવાર થઈને જંગે ઉહદમાં આવ્યો હતો ત્યારે આ ઘટના બની હતી. ઉબૈ બિન ખલફ નેજાના ઘા થી બેચેન થઈ આખા રસ્તે તરફડતો રહ્યો એટલે સુધી કે જંગે ઉહદથી પાછા ફરતાં ''સરિફ'' નામના સ્થળે એનું મૌત નીપજયું. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૪૫)*

આવી જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર ચહેરા પર તલ્વારનો ઘા કરનાર અબ્દુલ્લાહ બિન કમિય્યા મલઊન ઉપર ખુદાવંદે કહ્હાર અને જબ્બારે પોતાના કેર સ્વરૂપે એક પહાડી બકરો મોકલ્યો જેણે એ જાલિમને શિંગડા મારી મારીને લોહી લુહાણ કરી પહાડની ઊંચાઈએથી તેને નીચે પાડી દીધો. જેના પરિણામ સ્વરૂપે એની લાશ ટુકડે ટુકડે થઈને જમીન પર વિખેરાઈ ગઈ હતી. *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૩૯)*





## ★ સહાબાની જાંનિષારીનો ઉત્સાહ ★

જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઝખ્મી થઈ ગયા. ત્યારે ચારે બાજુથી કાફિરોએ આપ પર બાણો અને તલ્વારોના ઘા કરવાના હુમલા કરવા શરૂ કરી દીધા, જેના પરિણામે આપ કાફિરોના ઘેરામાં આવી ગયા. આ દ્રશ્ય જોઈને જાંનિસાર સહાબાનું જાંનિષારીના જોશથી લોહી ઉકળવા લાગ્યું અને તેઓ પોતાનું માથુ હથેળીમાં લઈને આપને બચાવવા માટે એ જંગની આગમાં કૂદી પડયા અને આપની ફરતે એક ઘેરો બનાવી લીધો. હઝરત અબૂ દુજાના رضی اللہ عنہ નમીને આપની ઢાલ બની ગયા અને ચારે બાજુથી જે તલ્વારોની આપ પર વર્ષા થઈ રહી હતી એના ઘા પોતાની પીઠ પર લેવા લાગ્યા અને આપ સુધી કોઈ તલ્વાર કે નેજાનો ઘા પહોંચવા દેતા ન હતા. હઝરત તલ્હા رضی اللہ عنہ ની જાંનિષારીની સ્થિતિ તો એવી હતી કે તેઓ કાફરોની તલ્વારોના ઘા પોતાના હાથ પર રોકતા હતા. એટલે સુધી કે એમનો હાથ કપાઈને ખાલી પડી ગયો અને તેમના શરીર પર પાંત્રીસ કે ઓગણચાલીસ જેટલા ઘા લાગ્યા હતા. ટૂંકમાં જાંનિષાર સહાબાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુરક્ષામાં પોતાના જીવનીયે પરવા કરી ન હતી અને એવી વીરતાપૂર્વક જાનની બાજી લગાડીને જંગ કરતા રહ્યા કે વિ□ના ઈતિહાસમાં એવું બીજું કોઈ ઉદાહરણ જોવા મળતું નથી. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ નિશાનાબાજીમાં નિપૂર્ણ હતા. એમણે આ પ્રસંગે એટલા બધા બાણ દુશ્મનો પર છોડયાં કે એમના સંખ્યાબંધ કામઠાં તૂટી ગયાં હતાં. એમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાની પીઠ પાછળ બેસાડી લીધા હતા. જેથી દુશ્મનોના તીર કે તલ્વારનો કોઈ ઘા આપને વાગે નહીં. ક્યારેક ક્યારેક આપ દુશ્મનોની ફોજને જોવા માટે ડોક ઊંચી કરતા ત્યારે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ અરજ ગુજારતા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારાં માતા પિતા આપ પર કુર્બાન ! આપ ગરદન ઊંચી ન કરો. ક્યાંક એવું ન બને કે દુશ્મનોનું કોઈ બાણ આપને વાગી જાય. યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મારી પીઠ પાછળ જ રહો, મારી છાતી આપના માટે ઢાલ બનેલી છે. *(બુખારી શરીફ, ગઝવએ ઉહદ, પેજ–૫૮૧)*

હઝરત કતાદા બિન નોઅ્માન અન્સારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરાની ચહેરાને બચાવવા માટે પોતાનો ચહેરો દુશ્મનો તરફ કરીને ઊભા હતા કે

એકાએક કાફિરોનું એક તીર એમની આંખમાં વાગ્યું અને આંખ નીકળીને તેમના ગાલ પર લટકી પડી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના પવિત્ર હાથે એમની આંખ ઉપાડીને તેના મૂળ સ્થાને મૂકી દીધી અને આ રીતે દુઆ ફર્માવી કે, યા અલ્લાહ ! કતાદાની આંખ બચાવી લે કે જેણે તારા રસૂલનો ચહેરો બચાવ્યો છે. મશહૂર છે કે એમની એ આંખ બીજી આંખ કરતાં પણ વધુ પ્રકાશિત અને સુંદર થઈ ગઈ હતી. *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૨, પેજ–૪૨)*

હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ પણ તીરંદાજીમાં ભારે નિપૂર્ણ હતા. તેઓ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુરક્ષામાં ઝડપભેર બાણો છોડી રહ્યા હતા અને હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم પોત પોતાના પવિત્ર હાથે તીરો ઉપાડી ઉપાડીને એમને આપતા હતા અને ફર્માવતા હતા કે, હે સઅદ ! તીર વરસાવતા રહો ! તમારા પર મારાં માતા પિતા કુર્બાન ! *(બુખારી શરીફ, ગઝ્વએ ઉહુદ, પેજ–૫૮૦)*

અત્યાચારી કાફિરો અત્યંત નિર્દયતાપૂર્વક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર બાણોની વર્ષા કરી રહ્યા હતા. પરંતુ એવા કટોકટીના આકરા સમયે પણ આપની પવિત્ર જીભ (જુબાને મુબારક) પર આ દુઆ હતી : **"રબ્બિગ-ફિર કૌમી ફ-ઈન્નહુમ લા યાઅ્લમુન."** (અર્થાત : હે અલ્લાહ ! મારી કોમને ક્ષમા કરી દે તેઓ મને જાણતા નથી.) *(મુસ્લિમ શરીફ, ગઝ્વએ ઉહદ, ભાગ–૨, પેજ–૯૦)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પવિત્ર દાંત અને નૂરાની ચહેરાની ઈજાઓથી ઢીલા પડી રહ્યા હતા. આવી સ્થિતિમાં આપ અબૂ આમિર નામના ફાસિકે ખોદેલા ગુપ્ત ખાડાઓ પૈકીના એકમાં પડી ગયા હતા. મુસલમાનો અજાણતાં એવા ખાડાઓમાં પડી જાય એ હેતુથી તેણે આવા ખાડા ખોદયા હતા. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપનો પવિત્ર હાથ પકડયો અને હઝરત તલ્હા رضی اللہ عنہ એ આપને ઉપાડી લીધા. લોખંડની ટોપીની કડીનો એક આંકડો આપના નૂરાની ચહેરામાં ખૂંપી ગયો હતો. હઝરત અબૂ ઉબૈદા બિન અલ જર્રાહ પોતાના દાંતોથી પકડીને એને એટલા જોશથી ખેંચી કાઢયો કે એમનો પોતાનો એક દાંત તૂટીને જમીન પર પડી ગયો અને પછી બીજો આંકડો ખેંચ્યો ત્યારે એમનો બીજો દાંત પણ પડી





ગયો. આપના નૂરાની ચહેરા પરથી જે લોહી વહી નીકળ્યું હતું તેને હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ના પિતા હઝરત માલિક બિન સનાન رضی اللہ عنہ જોશે અકીદતમાં ચૂસી ચૂસીને પી ગયા અને એક ટીપુંય જમીન પર પડવા ન દીધું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હે માલિક બિન સનાન ! શું તું મારું લોહી પી ગયો ! એમણે અરજ ગુજારી, "જી હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે ઈર્શાદ ફર્માવ્યો કે જેણે મારું લોહી પીધું દોઝખની શી મજાલ કે એને સ્પર્શી શકે ! *(ઝુર્કાની અલલ્ મવાહિબ, ભાગ–૨, પેજ–૩૯)*

એ જ સ્થિતિમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના જાંનિસારો સાથે પર્વતની ઊંચાઈએ ચઢી ગયા જ્યાં કાફિરો માટે પહોંચવું મુશ્કેલ હતું. અબૂ સુફયાને જોઈ લીધું અને ફોજ લઈને તેઓ પણ પહાડ પર ચઢવા લાગ્યા. પરંતુ હઝરત ઉમર رضی اللہ عنہ અને બીજા જાંનિષાર સહાબીઓએ કાફિરો ઉપર એવો જોરદાર પથ્થર મારો કર્યો કે અબૂ સુફયાન તેની સામે ટકી શક્યો નહીં અને પહાડ પરથી ઉતરી ગયો.

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના કેટલાક સહાબીઓ સાથે પહાડની એક ખીણમાં તશરીફ ફર્મા હતા અને નૂરાની ચહેરામાંથી લોહી વહી રહ્યું હતું. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પોતાની ઢાલમાં પાણી ભરી ભરીને લાવી રહ્યા હતા અને હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا પોતાના હાથો વડે લોહી ધોઈ રહ્યાં હતાં પરંતુ લોહી બંધ થતું જ ન હતું છેવટે ખજૂરની ચટાઈનો એક ટુકડો બાળી નાખીને તેની રાખ ઘા ઉપર મૂકવામાં આવતાં લોહી તરત જ અટકી ગયું હતું. *(બુખારી, ગઝ્વએ ઉહદ, ભાગ–૨, પેજ–૫૮૪)*

## ★ અબૂ સુફયાનનો સૂત્રોચ્ચાર અને તેનો જવાબ ★

અબૂ સુફયાન યુદ્ધના મેદાનમાંથી પાછો જવા લાગ્યો ત્યારે તે એક પહાડી પર ચઢી ગયો અને જોશથી બૂમો પાડવા લાગ્યો કે શું અહીં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે ? હુઝૂરે ફર્માવ્યું કે તમે લોકો આનો જવાબ ન આપો. પછી એણે બૂમ પાડી કે શું તમારામાં અબૂબક્ર છે ? હુઝૂરે ફર્માવ્યું કે કોઈ કશો જ જવાબ ન આપે. પછી એણે બૂમો પાડીને પૂછયું કે શું તમારામાં ઉમર છે ? જ્યારે આનો પણ કશો જ જવાબ ન મળ્યો ત્યારે અબૂ સુફયાન ઘમંડપૂર્વક કહેવા લાગ્યો કે આ બધા જ લોકો માર્યા ગયા છે કારણ કે જો તેઓ જીવતા

હોત તો ચોક્કસ મારી વાતનો જવાબ આપ્યો હતો. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ થી ન રહેવાયું અને આપે જોરથી બૂમ પાડીને કહ્યું, ''હે ખુદાના દુશ્મન ! તું જૂઠો છે, અમે બધા જીવતા છીએ.''

અબૂ સુફયાને પોતાના વિજયના ઘમંડમાં ''ઉઅ્લુ હુબલ–ઉઅ્લુ હબુલ''નો સુત્રોચ્ચાર કર્યો એટલે કે ''હે હુબલ ! તું ઊંચો થઈ જા !'' હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાને ફર્માવ્યું કે તમે પણ આના જવાબમાં સુત્રોચ્ચાર કરો. લોકોએ પૂછયું કે અમે શું બોલીએ ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે તમે **''અલ્લાહુ આ'લા વ–અ–જલ્લ''** એટલે કે અલ્લાહ સર્વોચ્ચ દરજજાવાળો અને મહાન છે. ત્યાર પછી અબૂ સુફયાને **''અનલ ઉઝ્ઝા વલા ઉઝ્ઝા લકુમ''** (એટલે અમારા માટે ઉઝ્ઝા (ની મૂર્તિ) છે અને તમારા માટે કોઈ જ ઉઝ્ઝા નથી.) ના પોકારો કર્યા. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે આના જવાબમાં **''અલ્લાહુ મૌલાના વલા મૌલા લકુમ''** એટલે અલ્લાહ અમારો મદદગાર છે અને તમારો કોઈ જ મદદગાર નથી નો પોકાર કરો.

અબૂ સુફયાને ઊંચા અવાજે ગર્વભેર આ જાહેરાત કરી કે આજનો દિવસ બદરના દિવસનો બદલો અને જવાબ છે. યુદ્ધમાં કયારેક વિજય તો પરાજય થાય છે. હે મુસલમાનો ! અમારા લશ્કરે તમારા શહીદોના નાક, કાન કાપી લઈને તેમના ચહેરાઓ બગાડી નાખ્યા છે, પણ મેં ન તો એનો આદેશ આપ્યો હતો કે ન તો મને એ વાતનો અફસોસ થયો છે. આ જાહેરાત કરીને અબૂ સુફયાન મેદાનમાંથી ખસી ગયો અને ચાલતો થયો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૪૮ અને બુખારી ગઝ્વએ ઉહદ, ભાગ–૨, પેજ–૫૭૯)*

## ★ કાળજાખોર હિન્દા ★

કુરૈશના કાફિરોની મહિલાઓએ જંગે બદરનો વેર વાળવા માટેના જોશમાં શહીદોની લાશો પાસે જઈને નાક, કાન કાપી લઈને તેમના ચહેરા બગાડી નાખ્યા હતા અને અબૂ સુફયાનની પત્ની હિન્દાએ તો નિર્દયતાનું એવું વરવું પ્રદર્શન કર્યું કે એ કાપી લીધેલા અંગોનો હાર બનાવીને પોતાના ગળામાં પહેર્યો હતો અને આવી સ્થિતિમાં જ તે હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની પવિત્ર લાશ શોધતી ફરતી હતી. કારણ કે હઝત હમ્ઝા رضی اللہ عنہ એ જ જંગે બદરમાં હિન્દાના પિતા ઉત્બાની કતલ કરી હતી. એ પથ્થરદિલ મહિલાને





જયારે હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની લાશ મળી ગઈ ત્યારે એણે ખંજર વડે એમનું પેટ ચીરી નાખી એમાંથી કાળજું કાઢી લીધું અને તેને ચાવી ગઈ. પરંતુ એ ગળામાંથી નીચે ઉતરી શક્યું નહીં આથી એણે ઓકી દીધું. આથી જ ઈતિહાસમાં હિન્દાનો લકબ કાળજાખોર (જિગર ખ્વાર) છે. હિન્દા અને તેના પતિ અબૂ સુફયાને રમઝાન હિ.સ. ૮ માં પવિત્ર મક્કા પર વિજયના દિવસે ઈસ્લામ કબૂલ કર્યો હતો. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن) *(ઝુર્કાની ભાગ–૨, પેજ–૪૭ વગેરે)*

## ★ સઅદ બિન રબીઅની વસિય્યત ★

હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ નું બયાન છે કે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હુકમથી હઝરત સઅદ બિન રબીઅની લાશની શોધમાં નીકળ્યો ત્યારે મેં એમને ''સકરાત''ની સ્થિતિમાં જોયા. તેમણે મને કહ્યું કે તમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મારા સલામ કહેજો અને આપણી કોમને સલામ બાદ આ સંદેશો પહોંચાડી દેજો કે જ્યાં સુધી તમારામાંથી એક પણ માણસ જીવતો છે ત્યાં સુધીમાં જો કાફિરો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સુધી પહોંચી જશે. તો ખુદાના દરબારમાં તમારી કોઈ જ રજુઆત સ્વીકારાશે નહીં. આ કહેતાંની સાથે જ તેમનું પ્રાણ પંખીડું ઉડી ગયું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૪૮)*

## ★ મુસ્લિમ મહિલાઓનાં પરાક્રમો ★

જંગે ઉહદમાં પુરુષોની જેમ જ મુસ્લિમ મહિલાઓએ પણ મુજાહિદાના ઉત્સાહ સાથે યુદ્ધમાં ભાગ લીધો હતો. હઝરત બીબી આઈશા અને હઝરત બીબી ઉમ્મે સુલૈમ رضی اللہ عنہما વિશે હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે એ બંને મહિલાઓ પાંયચા ચડાવીને મશકમાં પાણી ભરી ભરીને લાવતી હતી અને મુજાહિદો ખાસ કરીને ઈજાગ્રસ્તોને પાણી પાતી હતી. એવી જ રીતે હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ નાં માતા હઝરત બીબી ઉમ્મે સલીત પણ સતત પાણીની મશક ભરીને લાવતાં અને મુજાહિદોને પાણી પાતાં હતાં. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૮૨)*

## ★ હઝરત ઉમ્મે ઓમારહની જાંનિષારી ★

હઝરત બીબી ઉમ્મે ઓમારહ કે જેમનું નામ નસીબહ છે, જંગે

ઉહદમાં પોતાના પતિ હઝરત ઝૈદ બિન આસિમ અને બે પુત્રો હઝરત ઓમારહ અને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ને સાથે લઈને આવ્યા હતાં. શરૂઆતમાં તો તેઓ મુજાહિદોને પાણી પીવડાવતાં રહ્યાં, પરંતુ જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પરના આક્રમણનું ભાન ભૂલાવી દેનાર દશ્ય જોયું ત્યારે મશક ફેંકી દીધી અને એક ખંજર લઈને કાફિરોનો સામનો કરવા છાતી કાઢીને ઊભા થઈ ગયાં અને કાફિરોનાં બાણ અને તલ્વારના દરેક પ્રહારને અટકાવતાં રહ્યાં. આથી જ એમના માથા અને ગરદનના ભાગમાં ૧૩ ઘા વાગ્યા હતા. ઈબ્ને કમિય્યા મલઊન (અભિશાપિત)એ જ્યારે હુઝૂર રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم પર તલવાર ઉગામી ત્યારે ઉમ્મે ઓમ્મારહ رضی اللہ عنہ એ આગળ વધીને એનો પ્રહાર પોતાના ખભે ઝીલ્યો જેને કારણે એમના ખભા પર એક ઊંડો ઘા થઈ ગયો હતો. ત્યાર પછી એમણે જાતે જ આગળ વધીને ઈબ્ને કમિય્યહના ખભા પર તલ્વારનો જોરદાર પ્રહાર કર્યો હતો પરંતુ એ મલઊને બેવડું કવચ ધારણ કર્યું હતું જેથી તે બચી જવા પામ્યો.

હઝરત બીબી ઉમ્મે ઓમ્મારહના સુપુત્ર હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ જણાવે છે કે મને એક કાફિરે ઘાયલ કરી દીધો હતો અને મારા ઘામાંથી વહેતુ લોહી બંધ થતું ન હતું. મારી વાલેદા હઝરત ઉમ્મે ઓમ્મારહએ તરત જ પોતાનું કપડું ફાડીને ઘા ઉપર બાંધી દીધું અને કહ્યું કે, બેટા ઊઠ ! ઊભો થા ! અને ફરી જેહાદમાં જોડાઈ જા ! સંયોગવશ એ જ કાફિર ફરી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સામે આવી ગયો ત્યારે આપે ફર્માવ્યું, "હે ઉમ્મે ઓમ્મારહ ! જોઈ લે તારા પુત્રને ઘાયલ કરનાર આ જ હતો ! આ સાંભળતાં જ હઝરત બીબી ઉમ્મે ઓમ્મારહએ ઝપાટાબંધ એ કાફિરની ટાંગ ઉપર તલ્વારનો એવો જોરદાર ઘા ઝીંકયો હતો કે એ કાફિર પડી ગયો અને એવો પડયો કે ફરી ઉઠીને ચાલી પણ ન શક્યો બલ્કે બંને કૂલા ઢસડતો ત્યાંથી ભાગી છૂટયો. આ દશ્ય નિહાળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હસી પડયા અને ફર્માવ્યું, "હે ઉમ્મે ઓમ્મારહ્ ! તું ખુદાનો શુક્ર અદા કર એણે તને એટલી બધી શક્તિ એનાયત કરી કે તેં ખુદાના માર્ગમાં જેહાદ કર્યો." હઝરત બીબી ઉમ્મે ઓમ્મારહ્એ અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! દુઆ ફર્માવો કે અમને જન્નતમાં આપની સેવા ચાકરીનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય.





એ જ વખતે આપે એમના માટે અને એમના પતિ અને એમના પુત્ર માટે આ રીતે દુઆ ફર્માવી, **"અલ્લાહુમ્મજ અલ્હુમ રુ-ફકાઈ ફિલ્ જન્નતિ."** હે અલ્લાહ ! આ બધાને જન્નતમાં મારા સાથીદાર બનાવી દે !

હઝરત બીબી ઉમ્મે ઓમ્મારહ્ رضی اللہ عنہ જીવન પર્યંત જાહેરમાં એવું કહેતા રહ્યાં કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ દુઆ પછી દુનિયાની મોટામાં મોટી આપત્તિ પણ મારા ઉપર આવી પડે તો મને એની કશી જ પરવા નથી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૨૬)*

## ★ હઝરત સફિયાનું સાહસ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફોઈ હઝરત સફિયા رضی اللہ عنہا પોતાના ભાઈ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના શબ પાસે આવ્યાં ત્યારે આપે એમના પુત્ર હઝરત ઝુબૈર رضی اللہ عنہ ને આદેશ આપ્યો કે મારા ફોઈ પોતાના ભાઈનો શબ ન જોઈ શકે. હઝરત બીબી સફિયા رضی اللہ عنہا એ કહ્યું કે મને મારા ભાઈ વિશે બધી જ ખબર પડી ગઈ છે પરંતુ હું એને ખુદાના માર્ગમાં કોઈ મોટી કુર્બાની (બલિદાન) નથી માનતી ! ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પરવાનગીથી લાશ પાસે આવ્યાં અને એવું બિહામણું દશ્ય જોયું કે વ્હાલા ભાઈના કાન, નાક, આંખ બધાં અંગો કપાયેલાં પડયાં છે. પેટ ફાટેલું અને ચવાયેલું કાળજુ પડયું છે. આ બધું જોઈને પણ એ શેરદિલ ખાતૂન **"ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન"** સિવાય બીજું કશું જ ન બોલ્યાં અને પછી એમની મગફિરતની દુઆ માંગતાં માંગતાં ચાલ્યાં આવ્યાં. *(તબરી, પેજ-૧૪૨૧)*

## ★ એક અન્સારી મહિલાની ધીરજ ★

જેના પતિ, પિતા અને ભાઈ બધા જ આ જંગમાં શહીદ થઈ ચૂક્યા હતા એવી એક અન્સારી મહિલાને એ ત્રણેય સંબંધીઓની શહીદીના સમાચાર લોકોએ વારાફરતી આપ્યા હતા પરંતુ દરેક વખતે એ એટલું જ પૂછતી હતી કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કેવા છે ? જ્યારે લોકોએ તેમને જણાવ્યું કે **અલહમ્દુલિલ્લાહ** ! તેઓ જીવતા અને સલામત છે ! ત્યારે અનાયાસે તેની જીભે આ પ્રકારની કાવ્ય પંક્તિ રમતી થઈ હતી :-

તસલ્લી હૈ પનાહે બે કસાં ઝિંદા સલામત હૈ
કોઈ પરવા નહીં સારા જહાં ઝિંદા સલામત હૈ

અલ્લાહુ અકબર ! એ શેરદિલ મહિલાના ધૈર્ય અને ત્યાગનું શું કહેવું ? પતિ, પિતા અને ભાઈની શહીદીના પર્વતો જેવા ત્રણ ત્રણ આઘાત દિલ પર પડી ચૂક્યા છે તેમ છતાં એમની જીભે એક જ વાત છે :–

મૈં ભી ઔર બાપ ભી, શૌહર ભી, બિરાદર ભી ફિદા
અય શહે દીં ! તેરે હોતે હુવે ક્યા ચીઝ હૈં હમ
*(તબરી, પેજ–૧૪૨૫)*

એ જંગમાં ૭૦ સહાબીઓ શહીદ થયા હતા જેમાં ચાર મુહાજિર અને છાસઠ અન્સાર હતા. ત્રીસ જેટલા કાફિરો પણ અત્યંત અપમાનિત સ્થિતિમાં કતલ થયા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૩)*

પરંતુ એ સમયે મુસલમાનોની આર્થિક સ્થિતિ એટલી બધી નબળી હતી કે એ મહાન શહીદોનાં કફન માટે કપડાં પણ ઉપલબ્ધ ન હતાં. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ ની સ્થિતિ તો એવી કફોડી હતી કે શહીદી વખતે એમના શરીર પર એટલો ટૂંકો કાંબળો (કમલી) હતો કે એમની લાશને કબરમાં સૂવાડયા પછી જો એમનું માથુ ઢાંકવામાં આવતું તો પગ ઉઘાડા થઈ જતા હતા અને પગ ઢાંકવા જતા તો માથુ ઉઘડી જતું હતું. છેવટે માથુ ઢાંકવામાં આવ્યું અને પગ ઉપર "ઈઝખર"નામની ઘાસ નાખવામાં આવી. એ મહાન શહીદોને લોહીમાં ખરડાયેલી સ્થિતિમાં જ બબ્બે શહીદો એક એક કબરમાં દફનાવવામાં આવ્યા જેને પવિત્ર કુર્આન વધારે કંઠસ્થ હતું તેને આગળ રાખતા હતા. *(બુખારી, ભાગ–૧, પેજ–૧૭૦ બુખારી, ભાગ–૨, પેજ–૫૮૪, બાબ અલ્લઝીન ઈસ્તજાબૂ)*

## ★ શહીદોની કબરોની ઝિયારત ★

હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ઉહદના શહીદોની કબરોની ઝિયારત માટે તશરીફ લઈ જતા હતા અને આપના પછી હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہما નો પણ એ જ અમલ રહ્યો. એક વાર હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ઉહદના શહીદોની કબરો પર તશરીફ લઈ ગયા ત્યારે આપે ઈર્શાદ ફર્માવ્યો, "હે અલ્લાહ ! તારો રસૂલ સાક્ષી છે કે આ જમાઅતે





(સમૂહે) તારી ખુશી (રઝા) મેળવવા માટે જીવ આપ્યો. પછી એમ પણ ફર્માવ્યું કે કયામત સુધી જે કોઈ મુસલમાન આ શહીદોની કબરોની ઝિયારત માટે આવશે અને એમને સલામ કરશે ત્યારે આ મહાન શહીદો એને જવાબ આપશે.

આથી જ હઝરત ફાતિમા ખુઝાઈયા رضی اللہ عنہا નું બયાન છે કે હું એક દિવસે ઉહદના મેદાનમાંથી પસાર થઈ રહી હતી ત્યારે હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની કબર પાસે પહોંચીને મેં અરજ ગુજારી, "અસ્સલામુ અલૈક યા અમ્મ રસૂલિલ્લાહ" (હે રસૂલુલ્લાહના કાકા ! આપ પર સલામ થાય !) ત્યારે મારા કાને આ અવાજ સંભળાયો હતો કે "વ અલૈકિસ્સલામુ વ–રહ્–મતુલ્લાહિ વ–બ–રકાતુહ" *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૩૫)*

## ★ શહીદોનું જીવન ★

છેંતાલીસ (૪૬) વરસ પછી ઉહદના શહીદોની કેટલીક કબરો ઉઘાડી પડી ગઈ હતી ત્યારે પણ તેમના કફન સલામત અને શરીર તાજાં હતાં અને બધા જ મદીનાવાસીઓ અને અન્ય લોકોએ જોયું હતું કે શહીદોએ પોતાના ઘા પર હાથ રાખ્યા છે અને જ્યારે ઘા પરથી હાથ ઉપાડવામાં આવ્યો ત્યારે તાજુ લોહી નીકળીને વહેવા માંડયું હતું.

## ★ કઅ્બ બિન અશરફની કતલ ★

યહૂદીઓમાં કઅ્બ બિન અશરફ ખૂબ જ ધનિક માણસ હતો. એ યહૂદી વિદ્વાન અને યહૂદીઓના ધાર્મિક વડાને પોતાના ભંડારમાંથી પગાર ચૂકવતો હતો. એ ધન સંપત્તિ ઉપરાંત કાવ્ય શાસ્ત્રમાં પણ પારંગત હતો જેના લીધે માત્ર યહૂદીઓ જ નહીં પણ સમગ્ર અરબના કબીલાઓ ઉપર એનો ખાસ પ્રભાવ હતો. તેને હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم સાથે સખત અદાવત હતી. બદરના યુદ્ધમાં મુસલમાનોના જવલંત વિજય અને કુરૈશના સંખ્યાબંધ સરદારોની કતલથી એને ઊંડો આઘાત લાગ્યો હતો. આથી એ કુરૈશને દિલસોજી વ્યક્ત કરવા માટે મક્કા ગયો અને બદરમાં માર્યા ગયેલા કુરૈશના લોકો વિશે એવો કરુણા ઉપજાવનારો મર્ષિયો લખ્યો હતો જેને સાંભળીને શ્રોતાજનો પોતે માતમ કરતા થઈ જતા હતા, આ મર્ષિયો કુરૈશ કબીલાને સંભળાવીને એ પોતે પણ પોકે પોકે રડતો હતો અને શ્રોતાઓને પણ રડાવતો

હતો. એ મક્કામાં અબૂ સુફયાનને પણ મળ્યો અને મુસલમાનોથી જંગે બદરનું વેર વાળવા માટે તેની ઉશ્કેરણી કરી. બલ્કે અબૂ સુફયાનને લઈને "હરમ"માં આવ્યો અને મક્કાના કાફિરો સાથે પોતે પણ કા'બાનો ગિલાફ પકડીને એવા સોગંદ લીધા કે મુસલમાનોથી બદરનો વેર ચોક્કસ લઈશું. પછી એ મક્કાથી મદીના પાછો ફર્યો ત્યારે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજ્જૂ (જેમાં બદબોઈ કરવામાં આવી હોય તેવી કવિતા) લખીને આપની શાનમાં જાતજાતની ગુસ્તાખીઓ અને બેઅદબીઓ કરવા લાગ્યો. તે એટલેથી જ અટકયો ન હતો બલ્કે આપને કતલ કરાવવાનું ગુપ્ત કાવતરું પણ ઘડયું હતું.

કઅ્બ બિન અશરફ યહૂદીની આ હિલચાલ એ સંધિનું ખુલ્લમ ખુલ્લા ઉલ્લંઘન હતું જે યહૂદ અને અન્સાર વચ્ચે થઈ ચૂકી હતી કે મુસલમાનો અને કુરૈશના કાફિરોની લડાઈમાં યહૂદીઓ તટસ્થ રહેશે. ઘણા દિવસો સુધી મુસલમાનો સહન કરતા રહ્યા પરંતુ જયારે ઈસ્લામના સ્થાપક (صلی اللہ تعالیٰ علیہ وسلم)ની પવિત્ર જાન ભયમાં મૂકાઈ ગઈ ત્યારે હઝરત મુહમ્મદ બિન મુસ્લેમાએ હઝરત અબૂ નાઈલા અને હઝરત અબ્બાસ બિન બશર અને હઝરત હારિષ બિન અવસ અને હઝરત અબૂ અબસ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ને સાથે લીધા અને રાત્રે કઅબ બિન અશરફના મકાન પર ગયા અને રબીઉલ અવ્વલ, હિ.સ.૩ માં એના કિલ્લાના ગેઈટ પાસે જ એને રહેંસી નાખ્યો અને સવારે બારગાહે રિસાલતમાં હાજર થઈને એનું માથું તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમોમાં નાખી દીધું. કઅબની કતલના આ અભિયાનમાં હઝરત હારિષ બિન અવસ رضی اللہ عنہ તલવારની અણીથી ઘાયલ થઈ ગયા હતા. મુહમ્મદ બિન મુસ્લેમા વગેરે (رضی اللہ عنہ) સહાબીઓ એમને ખભે ઉંચકીને બારગાહે રિસાલતમાં લઈ આવ્યા હતા અને આપે પોતાનું થૂંક મુબારક એમના ઘા પર લગાવ્યું ત્યારે એ જ ક્ષણે તેમનો ઘા રૂઝાઈ ગયો હતો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૦, બુખારી, ભાગ–૨, પેજ–૫૭૬, મુસ્લિમ, પેજ–૧૧૦)*

## ★ ગઝ્વએ ગત્ફાન ★

રબીઉલ અવ્વલ હિ.સ. ૩ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવી સૂચના





મળી કે નજદનો એક વિખ્યાત વીર પુરુષ "દુઅશૂર બિન અલ્ હારિષ મુહારિબી"એ લશ્કર તૈયાર કરી લીધું છે. આ સૂચના મળ્યા પછી ૪૦૦ સહાબીઓની સેના લઈને મુકાબલો કરવા રવાના થયા જ્યારે દુઅશૂરને ખબર પડી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા પંથકમાં આવી ગયા છે ત્યારે એ ભાગી છૂટયો અને પોતાના લશ્કર સાથે પર્વત ઉપર ચઢી ગયો. પરંતુ એની સેનાનો એક માણસ કે જેનું નામ "હિબ્બાન" હતું તે પકડાઈ ગયો તે અને તરજ જ કલ્મો પઢીને ઈમાન લાવ્યો.

સંજોગોવશાત એ દિવસે ધોધમાર વરસાદ પડયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક વૃક્ષ નીચે આડા પડીને પોતાના કપડાં સૂકવવા લાગ્યા ત્યારે કાફિરોએ પર્વતની ઊંચાઈએથી જોઈ લીધું કે આપ એકદમ એકલા અને પોતાના સહાબાથી દૂર પણ છે. એકાએક દુઅશૂર વીજળી વેગે પર્વત પરથી ઉતરીને ઉઘાડી તલવાર હાથમાં લઈને આવ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સરે મુબારક પર (માથે) તલવાર ઊંચી કરીને બોલ્યો, "બતાવો ! હવે કોણ છે ? જે આપને મારાથી બચાવી લે ?!" સ્મિત સાથે આપે જવાબ આપ્યો, "મારો અલ્લાહ મારું રક્ષણ કરશે !" આથી હઝરત જિબ્રઈલ પલકના ઝપકારામાં આકાશથી ધરતી પર ઉતરી આવ્યા અને દુઅશૂરની છાતીમાં એક એવો મુક્કો માર્યો કે તલવાર એના હાથમાંથી છૂટી ગઈ અને તે લથડિયાં ખાતો થઈ ગયો. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તરત જ તલવાર ઉપાડી લીધી અને ફર્માવ્યું કે બોલ ! હવે તને કોણ મારી તલવારથી બચાવશે ? દુઅશૂર કાંપી ઉઠયો, એણે કરગરતાં કહ્યું, "કોઈ જ નથી !" રહ્મતુલ્લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને એની વિવશતા પર દયા આવી ગઈ અને આપે એનો કુસૂર માફ કરી દીધો. દુઅશૂર નબુવ્વતના આ અખ્લાક (શિષ્ટાચાર)થી અત્યંત પ્રભાવિત થયો અને કલ્મો પઢીને મુસલમાન થઈ ગયો અને પોતાની કોમમાં આવીને ઈસ્લામનો પ્રચાર કરવા લાગ્યો. આ ગઝ્વામાં કોઈ જ લડાઈ થઈ ન હતી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ૧૧ કે ૧૫ દિવસ સુધી મદીનાથી બહાર રહીને ફરી મદીના પાછા ફર્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૫ અને બુખારી, ભાગ–૨, પેજ–૫૯૩)*

કેટલાક ઈતિહાસકારો તલવાર ઉગામવાનો આ બનાવ ગઝવએ "ઝાતુર રિકાઅ" પ્રસંગે બન્યો હોવાનું જણાવે છે. પરંતુ સાચી વાત એ છે

કે નબીના પવિત્ર જીવનમાં આવા બે બનાવો બન્યા હતા. "ગઝવએ ગત્ફાન" પ્રસંગે આપના "સરે અનવર" (પ્રકાશિત માથા) પર તલવાર ઉગામનાર "દુઅશૂર બિન હારિષ મુહારિબી" હતો જે મુસલમાન બનીને પોતાની કોમના ઈસ્લામનું કારણ બન્યો હતો અને ગઝવએ ઝાતુર્રિકાઅમાં જે વ્યક્તિએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર તલવાર ઉગામી હતી એનું નામ ગોરસ હતું એણે ઈસ્લામ અંગીકાર કર્યો ન હતો બલ્કે જીવન પર્યંત કાફિર જ રહ્યો હતો. અલબત્ત ! એણે એવી સંધિ જરૂર કરી હતી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે ક્યારેય યુદ્ધ નહીં કરે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૬)*

## ★ હિજરી સન ૩ ની વિવિધ ઘટનાઓ ★

હિજરતના ત્રીજા વર્ષે નીચે પ્રમાણેની મહત્વની ઘટનાઓ ઘટી હતી.

**૧.** ૧૫ મી રમઝાન હિ.સ. ૩ ના રોજ હઝરત ઈમામ હસન رضی اللہ عنہ નો જન્મ થયો.

**૨.** એ જ વર્ષે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત બીબી હફ્સા رضی اللہ عنہا સાથે નિકાહ ફર્માવ્યો. હઝરત હફ્સા رضی اللہ عنہا હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ નાં સુપુત્રી છે જેઓ ગઝ્વએ બદર વખતે વિધવા થઈ ગયાં હતાં. એમનું વિગતવાર વર્ણન "અઝ્વાજે મુતહ્હરાત"ના પ્રકારણમાં આગળ આવશે.

**૩.** એ જ વર્ષે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં સુપુત્રી હઝરત ઉમ્મે કુલ્ષૂમ સાથે નિકાહ કર્યો હતો.

**૪.** વારસાની વહેંચણી સંબંધે આદેશો અને કાયદાઓ પણ એ જ વર્ષે નાઝિલ થયા. અત્યાર સુધી વારસામાં "ઝવિલ અર્હામ"નો કોઈ જ ભાગ મેળવવાનો અધિકાર ન હતો. એમના અધિકારોનું વિગતવાર વર્ણન નાઝિલ થયું.

**૫.** અત્યાર સુધી મુશ્રિક મહિલાઓનો નિકાહ મુસલમાનો સાથે જાઈઝ હતો પરંતુ હિ.સ. ૩ માં એની હુર્મત નાઝિલ થઈ અને હમેશાં માટે મુશ્રિક મહિલાઓનો નિકાહ મુસલમાનો સાથે હરામ ઠેરવવામાં આવ્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ.





(પ્રકરણ-૯)

# હિજરતનું ચોથુ વર્ષ

(હિજરી સન : ૪)

હિજરતનું ચોથું વર્ષ પણ કાફિરો સાથે નાના મોટા યુદ્ધમાં જ પસાર થયું. જંગે બદરના ઝળહળતા વિજયથી અરબના તમામ કબીલાઓ ઉપર મુસલમાનોની ધાક બેસી ગઈ હતી આથી બધા જ કબીલા થોડાક દિવસ માટે શાંત બેસી ગયા હતા. પરંતુ જંગે ઉહદમાં મુસલમાનોની જાનહાનિની ચર્ચા ફેલાઈ જવાથી ફરીથી તમામ કબીલાઓ ઈસ્લામ અને મુસલમાનોને નાબૂદ કરવા માટે એકાએક ઊભા થઈ ગયા અને વિવશ થઈને મુસલમાનોએ પણ પોતાના રક્ષણ માટે સામનો કરવાની ફરજ પડી. હિ.સ. ૪ ની સુવિખ્યાત લડાઈઓમાંથી કેટલીક આ પ્રમાણે છે :–

## ★ સરિય્યએ અબૂ સલ્મા ★

હિ.સ. ૪ ની પહેલી મુહર્રમની રોજ કોઈ વ્યક્તિએ એકાએક મદીનામાં એવા સમાચાર પહોંચાડયા કે તુલૈહા બિન ખોવૈલદ અને સલ્મા બિન ખોવૈલદ બંને ભાઈઓ કાફિરોની સેના એકઠી કરીને મદીના પર આક્રમણ કરવા માટે નીકળી પડયા છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ લશ્કરનો સામનો કરવા હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ ને ૧૫૦ મુજાહિદો સાથે રવાના કર્યા. જેમાં હઝરત અબૂ સબિરા અને હઝરત અબૂ ઉબૈદહ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن જેવા સન્માનિત મુહાજિરો અને અન્સાર પણ હતા. પરંતુ કાફિરોને જયારે ખબર પડી કે મુસલમાનોનું લશ્કર આવી રહ્યું છે ત્યારે એ લોકો સંખ્યાબંધ ઊંટો અને બકરીઓ મૂકીને ભાગી છૂટયા. જેમને મુસલમાન મુજાહિદોએ માલે ગનીમત બનાવી લીધાં અને લડવાનો તો વારો જ ન આવ્યો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૬૨)*

## ★ સરિય્યએ અબ્દુલ્લાહ બિન ઉનૈસ ★

મુહર્રમ હિ.સ. ૪ માં એક દિવસે એવા સમાચાર મળ્યા કે "ખાલિદ બિન સુફયાન હુઝલી" મદીના પર આક્રમણ કરવા માટે ફોજ એકઠી કરી રહ્યો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનો મુકાબલો કરવા માટે હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ رضی اللہ عنہ ને મોકલી આપ્યા. આપે લાગ જોઈને ખાલિદ બિન સુફયાન હુઝલીને મારી નાખ્યો અને એનું માથું કાપીને મદીના લાવ્યા અને તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમોમાં નાખી દીધું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ رضی اللہ عنہ ની વીરતા અને જાંબાઝીથી ખુશ થઈને એમને પોતાનો અસા (લાઠી) એનાયત ફર્માવ્યો અને ઈર્શાદ ફર્માવ્યો કે તમે આ જ અસો હાથમાં લઈને જન્નતમાં ચહલ કદમી કરશો. એમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કયામતના દિવસે આ મુબારક અસો મારી પાસે નિશાની તરીકે રહેશે. આથી જ તેમણે ઈન્તેકાલ વખતે એવી વસિય્યત ફર્માવી દીધી કે આ મુબારક અસો મારા કફનમાં મૂકવામાં આવે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૬૪)*

## ★ રજીઅનો બનાવ ★

ઉસ્ફાન અને મક્કા વચ્ચે આવેલા એક સ્થળનું નામ "રજીઅ" છે. અહીંની ભૂમિ સાત મુકદ્દસ સહાબાએ કિરામના લોહીથી ખરડાઈ ગઈ આથી જ આ બનાવ "સરિય્યએ રજીઅ"ના નામે પ્રખ્યાત છે. આ કરૂણ બનાવ પણ હિ.સ. ૪ માં બન્યો હતો. એની વિગત એવી છે કે અઝ્લ અને કારહ કબીલાના કેટલાક માણસ બારગાહે રિસાલતમાં આવ્યા અને અરજ ગુજારી કે અમારા કબીલાવાળાઓએ ઈસ્લામ સ્વીકાર કરી લીધો છે હવે આપ થોડાક સહાબાએ કિરામને ત્યાં મોકલી આપો જેથી તેઓ અમારી કોમને અકીદાઓ અને ઈસ્લામની ઈબાદતો શીખવાડે. એ લોકોની દરખાસ્ત સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પસંદગીના દસ સહાબીઓ હઝરત આસિમ બિન ષાબિત رضی اللہ عنہ ના નેતૃત્વમાં મોકલી આપ્યા. જ્યારે આ મુકદ્દસ કાફલો રજીઅ મુકામે પહોંચ્યો ત્યારે દગાબાજ કાફિરોએ વચનભંગ કર્યું અને બનૂ લહ્યાન કબીલાના કાફિરોએ બસોની સંખ્યામાં એકઠા થઈને એ દસ મુસલમાનો ઉપર હુમલો કરી દીધો. મુસલમાનો સ્વબચાવ માટે એક





ઊંચી ટેકરી પર ચઢી ગયા ત્યારે કાફિરોએ બાણોનો મારો શરૂ કર્યો અને મુસલમાનોએ ટેકરી પરથી પથ્થર મારો કર્યો. કાફિરોએ સમજી લીધું કે અમે હથિયારો વડે આ મુસલમાનોને મારી શકતા નથી. આથી તેમણે મુસલમાનો સાથે દગો કર્યો અને કહ્યું કે, હે મુસલમાનો ! અમે તમને અમાન આપીએ છીએ અને પોતાની પનાહમાં લઈએ છીએ આથી તમે લોકો ટેકરી પરથી નીચે ઉતરી આવો. હઝરત આસિમ બિન ષાબિત رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હું કોઈ કાફિરના આશ્રય હેઠળ આવવાનું સહન કરી શકું નહીં. એમ કહીને ખુદાથી દુઆ માંગી, "યા અલ્લાહ ! તું પોતાના રસૂલને અમારી સ્થિતિથી વાકેફ કરી દે" પછી તેઓ જેહાદના જોશમાં ટેકરી પરથી નીચે ઉતરી આવ્યા અને કાફિરો સાથે લડતાં લડતાં પોતાના ૬ સાથીદારો સાથે શહીદ થઈ ગયા. હઝરત આસિમ رضی اللہ عنہ એ જંગે બદરના દિવસે કુરૈશના મોટા મોટા કાફિરોની કતલ કરી હોવાથી મક્કાના કાફિરોને જ્યારે હઝરત આસિમ رضی اللہ عنہ ની શહીદીની જાણ થઈ ત્યારે મક્કાના કાફિરોએ કેટલાક માણસોને રજીઅ મુકામે મોકલ્યા જેથી તેઓ એમના શરીરનું કોઈ એવું અંગ કાપીને લાવે જેથી ઓળખી શકાય કે ખરેખર હઝરત આસિમની કતલ થઈ છે. પરંતુ જ્યારે કાફિરો આપની લાશ શોધતા શોધતા એ સ્થળે પહોંચ્યા ત્યારે આ શહીદીની એવી કરામત નિહાળી કે લાખો મધમાખીઓ એમની લાશ ફરતે ઘેરો નાખીને પડી છે જેથી એમની લાશ સુધી પહોંચવાનું અશક્ય બનતાં મક્કાના કાફિરો નિષ્ફળ અને ખાલી હાથે પાછા ફર્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૭૩ બુખારી, ભાગ–૨, પેજ–૫૬૯)*

બાકીના ત્રણ જણા હઝરત ખુબૈબ અને હઝરત ઝૈદ બિન દષિના અને હઝરત અબ્દુલ્લાહ બિન તારિક رضوان اللہ تعالیٰ علیہم اجمعین કાફિરોના આશ્રયનો વિ□ાસ કરીને નીચે ઉતરી આવ્યા ત્યારે કાફિરોએ તેમની સાથે વચનભંગ કરીને દગો કર્યો અને પોતાના ધનુષની પણછ વડે એ લોકોને બાંધવા લાગ્યા. આ દૃશ્ય જોઈને હઝરત અબ્દુલ્લાહ બિન તારિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આ તમારા લોકોનું પહેલું વચનભંગ છે અને મારા માટે મારા સાથીદારોની જેમ શહીદ થઈ જવું જ વધારે સારું છે. આથી તેઓ પણ એ કાફિરો સાથે લડતા લડતા શહીદ થઈ ગયા. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૬૮, અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૬૭)*

પરંતુ હઝરત ખુબૈબ અને હઝરત ઝૈદ બિન દષિનાને કાફિરો બાંધી ચૂક્યા હતા આથી એ બંને જણા વિવશ થઈ ચૂક્યા હતા. કાફિરોએ આ બંને જણાને મક્કા લઈ જઈને વેચી નાખ્યા. હઝરત ખુબૈબ رضی اللہ عنہ એ જંગે ઉહદમાં હારિષ બિન આમિરની કતલ કરી હતી આથી એના પુત્રોએ તેમને ખરીદી લીધા જેથી એમની કતલ કરીને પિતાના લોહીનું વેર વાળી શકાય અને હઝરત ઝૈદ બિન દષિનાને ઉમૈયાના પુત્ર સફવાને કતલ કરવાના ઈરાદે ખરીદી લીધા. કાફિરોએ હઝરત ખુબૈબ رضی اللہ عنہ ને થોડાક દિવસ સુધી કેદમાં રાખ્યા અને ત્યાર બાદ હરમની સીમા મર્યાદા (હુદૂદે હરમ)ની બહાર લઈ જઈ તેમને શૂળીએ ચડાવી દીધા. હઝરત ખુબૈબે તેમના હત્યારાઓ પાસે બે રકાત નમાઝ પઢવાની પરવાનગી માંગી. હત્યારાઓએ એમને પરવાનગી આપી તેમ છતાં આપે ખૂબ જ ટૂંકી રીતે બે રકાત નમાઝ અદા કરી અને ફર્માવ્યું કે, હે કાફિરોના સમૂહ ! મારું મન તો એમ જ ઈચ્છતું હતું કે મોડે સુધી નમાઝ પઢતો રહું કારણ કે આ મારી જિંદગીની છેલ્લી નમાઝ હતી. પણ મને એવો વિચાર આવ્યો કે ક્યાંક તમે એમ ન સમજી લ્યો કે હું મૌતથી ડરું છું. કાફિરોએ આપને શૂળીએ ચડાવી દીધા ત્યારે આપે આ પંક્તિઓ ઉચ્ચારી હતી :–

વ-લસ્તુ ઉબાલી હી-ન ઉકતલુ મુસલિમન,
અલા ઐય્યિ શિક્કિન કા-ન ફિલ્લાહિ મસ-રઈ

મુસલમાન તરીકે મને કતલ કરવામાં આવી રહ્યો હોય ત્યારે મને કોઈ જ પરવા નથી કે ક્યા પડખે મારી કતલ કરવામાં આવશે ?

વઝાલિ-ક ફી ઝાતિલ ઈલાહિ વઈય્યંશઅ,
યુબારિક અલા અવસાલિ શિલ્વિમ મુમઝ-ઝઈ

આ બધું તો ખુદાને માટે જ છે જો ઈચ્છશે તો મારા શરીરના વિચ્છેદિત અંગો ઉપર પણ બરકત નાઝિલ ફર્માવશે.

હારિષ બિન આમિરના પુત્ર અબૂ સરૂઆએ આપની કતલ કરી હતી. પરંતુ ખુદા તઆલાની શાન તો જુઓ કે એ જ અબૂ સરૂઆ એમના બંને ભાઈઓ ''ઉકબા'' અને ''હજીર'' પાછળથી મુસલમાન થઈને સહાબીના બહુમાનથી સન્માનિત થયા હતા. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૬૯,*





*અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૬૪ થી ૭૮ સુધી)*

## ★ હઝરત ખુબૈબની કબર ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ વહી દ્વારા હઝરત ખુબૈબ رضی اللہ عنہ ની શહીદીની ખબર આપી. આપે સહાબાએ કિરામથી ફર્માવ્યું કે જે વ્યક્તિ ખૂબૈબની લાશ શૂળીએથી ઉતારી લાવશે તેના માટે જન્નત છે. આ બશારત (ખુશખબર) સાંભળીને હઝરત ઝુબૈર બિન અલ અવ્વામ અને હઝરત મિકદાદ બિન અલ અસ્વદ رضی اللہ عنہما એ રાત્રે મુસાફરી ખેડીને અને દિવસે છુપાઈને તન્ઈમ મુકામે હઝરત ખુબૈબ رضی اللہ عنہ ની શૂળી પાસે પહોંચી ગયા. ચાળીસ કાફિરો શૂળીના પહેરેદાર બનીને ત્યાં સૂઈ રહ્યા હતા. આ બંને સહાબીઓએ શૂળી પરથી લાશ ઉતારી અને ઘોડાની પીઠ પર લાદીને ત્યાંથી ચાલી નીકળ્યા. **ચાળીસ દિવસ વીતી ગયા હોવા છતાં એમની લાશ એકદમ તાજી હતી અને એમના દરેક ઘામાંથી તાજુ લોહી નીકળી રહ્યું હતું.** સવારે કુરૈશના ૭૦ અસવારો ઝડપી ઘોડાઓ ઉપર પીછો કરવા નીકળી પડયા અને આ બંને સહાબીઓ સુધી પહોંચી ગયા. એમણે જ્યારે જોયું કે કુરૈશના સવારો એમને પકડી લેશે ત્યારે એમણે હઝરત ખુબૈબ رضی اللہ عنہ ની લાશ મુબારક ઘોડા ઉપરથી ઉતારીને જમીન પર મૂકી દીધી. ખુદાની શાન કે એકાએક ધરતી ફાટી અને લાશ મુબારકને ગળી ગઈ અને ત્યાર બાદ જમીન એવી સમતલ થઈ ગઈ કે જમીન ફાટવાનું કે તેની તિરાડનું નિશાન સુદ્ધાંય ન રહ્યું. એ જ કારણસર હઝરત ખુબૈબ رضی اللہ عنہ નો ઈલ્કાબ ''બલીઉદ અર્દ'' (એટલે કે જેમને ધરતી ગળી ગઈ) છે.

ત્યારબાદ એ બંને સહાબીઓએ કાફિરોને જણાવ્યું કે અમે બંને જણા સિંહ છીએ પોતાના જંગલમાં જઈ રહ્યા છે અને જો તમારામાં તાકાત હોય તો અમારો માર્ગ અવરોધી જુઓ, નહીંતર તમારો રસ્તો પકડો. એ કાફિરોએ આ બંને જણા પાસે લાશ ન જોઈ આથી એ લોકો પાછા મક્કા જતા રહ્યા. જ્યારે બંને સહાબીઓએ બારગાહે રિસાલતમાં હાજર થઈને આખી બીના કહી સંભળાવી ત્યારે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم પણ દરબારે રિસાલતમાં હાજર હતા એમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

આપના આ બંને યારોના પરાક્રમ પર અમો ફરિશ્તાઓના સમૂહને પણ ગૌરવ છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૪૧)*

## ★ હઝરત ઝૈદની શહાદત ★

હઝરત ઝૈદ બિન દશ્નાની કતલનો તમાશો જોવા માટે કુરૈશ કબીલાના કાફરો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. જેમાં અબૂ સુફયાન પણ હતા જ્યારે એમને (હઝરત ઝૈદને) શૂળીએ ચઢાવીને હત્યારાએ હાથમાં તલવાર લીધી. ત્યારે અબૂ સુફયાને કહ્યું કે હે ઝૈદ ! સાચું કહેજો, જો અત્યારે તમારા બદલે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ રીતે કતલ કરવામાં આવી હોત તો શું એ તમને ગમી હોત ખરી ? હઝરત ઝૈદ رضی اللہ عنہ અબૂ સુફયાનનું આ મહેણું સાંભળીને કાંપી ગયા અને ભાવુકતાપૂર્ણ અવાજે બોલ્યા, "હે અબૂ સુફયાન ! ખુદાના સોગંદ ! મારા જીવનું બલિદાન મને વધુ વ્હાલુ છે પરંતુ પ્યારા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર પગના તળિયામાં એક કાંટોય ખૂંપી જાય એ હું ક્યારેય સહન કરી શકું નહીં.

મુઝે હો નાઝ કિસ્મત પર અગર નામે મુહમ્મદ પર
યેહ સર કટ જાએ ઔર તેરા કદ્દે પા ઉસકો ઠુકરાએ
યેહ સબ કુછ હય ગવારા પર યેહ મુઝસે હો નહીં સકતા
કે ઉનકે પાંવકે તલ્વેમેં ઈક કાંટા ભી ચુભ જાએ

આ સાંભળીને અબૂ સુફયાને કહ્યું કે મેં મોટા મોટા મહોબ્બત કરનારાઓને જોયા છે. પરંતુ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આશિકોનો જોટો જડતો નથી. સફવાનના ગુલામ નસ્તાસે તલવારથી હઝરત ઝૈદની ગરદન ઉતારી દીધી હતી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૭૩)*

## ★ બીરે મઊનાની ઘટના ★

હિ.સ. ૪ ના સફ્ર મહિનામાં બીરે મઊનાની સુવિખ્યાત ઘટના ઘટી હતી. અબૂ બરાઅ બિન આમિર કે જે પોતાની વીરતાને કારણે મલાઈબુલ અસિન્નહ (બરછીઓ વડે રમનાર) કહેવાતો હતો. બારગાહે રિસાલતમાં આવ્યો, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને ઈસ્લામની દા'વત આપી. એણે ન તો ઈસ્લામ અંગીકાર કર્યો કે ન તો એના પ્રત્યે પોતાની નફરત વ્યક્ત કરી.





બલ્કે એવી દરખાસ્ત કરી કે આપ પોતાના કેટલાક પસંદગીના સહાબાને અમારા પંથકમાં મોકલી આપજો મને આશા છે કે એ લોકો ઈસ્લામ અંગીકાર કરી લેશે. આપે ફર્માવ્યું કે મને નજદના કાફિરનો ભય છે. અબૂ બરાએ કહ્યું, હું આપના અસ્હાબના જાનમાલની સુરક્ષાનો જામિન થાઉં છું. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબીઓમાંથી ૭૦ પસંદગીના સ્વાલેહીનને કે જેઓ "કુર્રાઅ" કહેવાતા હતા એમને મોકલી દીધા. આ લોકો જ્યારે બીરે મઊનના મુકામે પહોંચ્યા ત્યારે રોકાઈ ગયા અને સહાબીઓના કાફલાના આગેવાન હઝરત હિરામ બિન મિલ્હાન رضی اللہ عنہ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો પત્ર લઈને આમિર બિન તુફૈલ પાસે એકલા તશરીફ લઈ ગયા. આમિર બિન તુફૈલ કબીલાનો સરદાર અને અબૂ બરાઅનો ભત્રીજો હતો. એણે પત્ર વાંચ્યો પણ નહીં અને એક જણાને ઈશારો કર્યો જેણે પાછળથી હઝરત હિરામ رضی اللہ عنہ ને ભાલો મારીને આપને શહીદ કરી દીધા અને આજુબાજુના કબીલાઓ એટલે કે રિઅ્લ, ઝકવાન ઉસૈયા અને બનૂ લહયાન વગેરેને એકઠા કરીને એક લશ્કર તૈયાર કરી લીધું અને સહાબાએ કિરામ પર હુમ્લો કરવા રવાના થઈ ગયા. બીરે મઊના પાસે ઘણીવાર સુધી હઝરત હિરામ رضی اللہ عنہ ના પાછા ફરવાની રાહ જોઈ રહ્યા હતા પરંતુ જ્યારે બહુ મોડું થયું ત્યારે એ લોકો આગળ વધ્યા. માર્ગમાં આમિર બિન તુફૈલના લશ્કરનો સામનો થયો અને યુદ્ધ શરૂ થઈ ગયું. કાફિરોએ હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ સિવાયના તમામ સહાબીઓને શહીદ કરી નાખ્યા. એ જ શહીદોમાં હઝરત આમિર બિન ફુહૈરા رضی اللہ عنہ પણ હતા જેમના વિશે હઝરત આમિર બિન તુફૈલે જણાવ્યું હતું કે કતલ થયા પછી એમની લાશ ઊંચી ઊડી આકાશ સુધી પહોંચી ગઈ હતી, ત્યાર બાદ ઘણી શોધખોળ કરવા છતાં એમની લાશ મળી ન હતી કારણ કે ફરિશ્તાઓએ એમની દફન વિધિ પતાવી દીધી હતી. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૮૭)*

હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ ને આમિર બિન તુફૈલને એમ કહીને છોડી દીધા કે મારી માએ એક ગુલામ આઝાદ કરવાની મન્નત માની હતી આથી હું તમને આઝાદ કરું છું. એમ કહીને એમના માથાના વાળ કાપીને એમને મુક્ત કરી દીધા. હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી

رضی اللہ عنہ ત્યાંથી નીકળીને "કરકરા" મુકામે પહોંચીને એક વૃક્ષના છાંયડા હેઠળ રોકાયા. ત્યાં બનૂ કલ્લાબ કબીલાના બીજા માણસો પણ રોકાયેલા હતા. જ્યારે એ બંને જણા સૂઈ ગયા ત્યારે હઝરત આમિર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ એ એ બંને કાફિરોને કતલ કરી દીધા અને એમ વિચારીને મનમાં ખુશ થઈ રહ્યા હતા કે મેં એ સહાબીઓના ખૂનનો બદલો લઈ લીધો. પરંતુ એ બંને જણાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم "અમાન" આપી ચૂક્યા હતા. જેનાથી હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ વાકેફ ન હતા. જ્યારે મદીના પહોંચીને એમણે સઘળી વિગતો દરબારે રિસાલત મઆબમાં રજુ કરી ત્યારે બીરે મઊના ખાતે સહાબીઓની શહીદીની વાત સાંભળી સરકારે રિસાલત صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવો આઘાત લાગ્યો અને એટલું બધું દુ:ખ થયું કે એટલો મોટો આઘાત આખી ઉંમરમાં આપને ક્યારેય ન હોતો લાગ્યો. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક મહિના સુધી રિઅલ, ઝકવાન ઉસૈયા અને બનૂ લહયાન ઉપર ફજરની નમાઝ પછી લા'નત મોકલતા રહ્યા અને હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ એ જે બે કાફિરોને મારી નાખ્યા હતા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંનેનું "ખૂંબહા" (નિર્દોષ કે આશ્રિતની હત્યા બદલ ચૂકવાતું વળતર) ચૂકવવાની જાહેરાત કરી દીધી. *(બુખારી, ભાગ-૧, પેજ-૧૩૬ તથા ઝુર્કાની, ભાગ-૨, પેજ-૭૪ થી ૭૮)*

## ★ ગઝ્વએ બનૂ નુઝૈર ★

હઝરત અમ્ર બિન ઉમૈયા ઝમરી رضی اللہ عنہ એ બનૂ કિલાબ કબીલાના જે બે માણસોની હત્યા કરી હતી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ બંનેનું "ખૂંબહા" ચૂકવવાની જાહેરાત ફર્માવી દીધી હતી. એ જ મુદ્દે વાતચીત કરવા માટે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم બનૂ નુઝૈર કબીલાના યહૂદીઓ પાસે તશરીફ લઈ ગયા કારણ કે એ યહૂદીઓ સાથે આપની સંધિ હતી. પરંતુ યહૂદીઓ અત્યંત બદ્ બાતિન અને નીચ માનસિકતાવાળી કોમ છે. સંધિ કરી લેવા છતાં પયગંબરે ઈસ્લામ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુશ્મનાવટની આગ ખબીષોના મનમાં ભરાયેલી રહેતી હતી. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમની સાથે હમેશાં સારી વતૂર્ણક કરતા હતા કારણ કે એ લોકો "અહલે કિતાબ" હતા. પરંતુ એ લોકો હમેશાં ઈસ્લામના મૂળિયાં ખોદવા અને ઈસ્લામના





સ્થાપકની દુશ્મનાવટમાં વ્યસ્ત રહેતા. મુસલમાનો પ્રત્યે તિરસ્કાર અને શત્રુતા અને કાફિરો તથા મુનાફિકો સાથે સાંઠગાંઠ અને સંગઠન એ જ એ ગદ્દારોની કાર્યશૈલી રહેતી હતી. આથી આ પ્રસંગે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ યહૂદીઓ પાસે તશરીફ લઈ ગયા ત્યારે એ લોકોએ દેખીતી રીતે જાહેરમાં તો કથિત શિષ્ટાચારનું પ્રદર્શન કર્યું પરંતુ છુપી રીતે અત્યંત ભયંકર કાવતરું અને અત્યંત ખતરનાક યોજના ઘડી કાઢી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત અલી رضی اللہ عنہم પણ હતા યહૂદીઓએ આ બધાને એક દીવાલ નીચે ખૂબ સન્માનપૂર્વક બેસાડયા અને અંદરો અંદર એવી મસલત કરી કે છત ઉપરથી એક ખૂબ જ મોટો વજનદાર પથ્થર એ લોકો ઉપર પાડી દેવામાં આવે જેથી આ બધા જ લોકો એની નીચે કચડાઈ મરે. આથી અમ્રો બિન જહ્હાશ આ હેતુ પાર પાડવા છત ઉપર ચડી ગયો. પરંતુ વાસ્તવિક રક્ષક પરવરદિગારે આલમે પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને યહૂદીઓની આ નાપાક સાઝિશથી વહી દ્વારા વાકેફ કરી દીધા. આથી આપ તરત જ ત્યાંથી ઊભા થઈને ચૂપચાપ પોતાના સાથીઓ સાથે પાછા આવી ગયા અને મદીના તશરીફ લાવીને સહાબાએ કિરામને યહૂદીઓના આ કાવતરાથી વાકેફ કર્યા અને અન્સાર તથા મુહાજિરો સાથે સલાહ કર્યા પછી એ યહૂદીઓ પાસે કાસિદ દ્વારા સંદેશો મોકલ્યો કે તમે લોકોએ દગાબાજી અને જીવલેણ કાવતરાથી કરારભંગ કર્યો છે આથી હવે તમને દસ દિવસની મહેતલ આપવામાં આવે છે કે જેથી તમે મુદ્દત દરમ્યાન મદીનાથી નીકળીને જતા રહો, ત્યાર પછી તમારા પૈકીનો જે કોઈ માણસ અહીં દેખાશે એની કતલ કરવામાં આવશે. શહેનશાહે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ ફર્માન સાંભળીને બનૂ નુઝૈર કબીલાના યહૂદીઓ દેશવટો ભોગવવા માટે તૈયાર થઈ ગયા હતા. પરંતુ મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ એ યહૂદીઓનો સમર્થક બની ગયો અને એણે તેમને કહેવડાવી દીધું કે તમે લોકો હરગિઝ હરગિઝ મદીના છોડશો નહીં, અમે બે હજાર માણસોથી તમારી મદદ કરવા તૈયાર છીએ. તદ્ઉપરાંત બનૂ કુરૈઝા અને બનૂ ગત્ફાન યહૂદીઓના બે શક્તિશાળી કબીલાઓ પણ તમારી મદદ કરશે. બનૂ નુઝૈરના યહૂદીઓને જ્યારે આટલુ મોટું સમર્થન મળી ગયું ત્યારે એ લોકો બિલાડીમાંથી સિંહ

બની ગયા અને તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે કહેવડાવી દીધું કે અમે મદીના છોડીને જઈ શકતા નથી તમારા મનમાં જે હોય તે કરી લેજો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૪૭)*

યહૂદીઓના આ જવાબ પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મસ્જિદે નબવીની ઈમામત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ ને સુપ્રત કરીને પોતે બનૂ નુઝૈર તરફ રવાના થયા અને એ યહૂદીઓનો કિલ્લો ચારેબાજુથી ઘેરી લીધો. આ ઘેરાવ પંદર દિવસ સુધી ચાલુ રહ્યો. એ કિલ્લામાં બહારથી દરેક પ્રકારની ચીજવસ્તુઓની અવર જવર બંધ થઈ ચૂકી હતી અને યહૂદીઓ ઘેરાઈ જઈને એકદમ લાચાર વિવશ બની ગયા હતા. પરંતુ એ પ્રસંગે ન તો મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ યહૂદીઓની વહારે આવ્યો કે ન તો બનૂ કુરૈઝા અને બનૂ ગત્ફાને કોઈ સહાય મોકલી અલ્લાહ તઆલાએ આ દગાખોરો વિશે ઈર્શાદ ફર્માવ્યો કે :–

كَمَثَلِ الشَّيْطٰنِ اِذْ قَالَ لِلْاِنْسَانِ اكْفُرْۚ فَلَمَّا كَفَرَ قَالَ اِنِّیْ بَرِیْٓءٌ مِّنْكَ اِنِّیْٓ اَخَافُ اللّٰهَ رَبَّ الْعٰلَمِیْنَ ۝ (سورہ حشر)

**તર્જુમો** : એ લોકોનું ઉદાહરણ શૈતાન જેવું છે. જ્યારે એણે માનવને કહ્યું કે તું કુફ્ર કર ! પછી જ્યારે એણે કુફ્ર કરી લીધું ત્યારે બોલ્યો કે હું તારાથી જુદો છું હું અલ્લાહથી ડરું છું જે સમગ્ર વિ□નો પાલનહાર છે. *(સૂરએ હશ્ર)*

**(અર્થાત)** જે રીતે શૈતાન માણસને કુફ્ર કરવાને પ્રોત્સાહન આપે છે પરંતુ જ્યારે માણસ શૈતાનના બહેકાવામાં આવી જઈને કુફ્રમાં સંડોવાઈ જાય છે ત્યારે શૈતાન ચુપકીદી સેવીને પાછળ ખસી જાય છે. આવી જ રીતે મુનાફિકોએ બનુ નુઝૈરના યહૂદીઓની ઉશ્કેરણી કરીને તેમને દિલેર બનાવી દીધા અને અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે લડાવી દીધા. પરંતુ જ્યારે બનૂ નુઝૈરના યહૂદીઓને યુદ્ધનો સામનો કરવો પડયો ત્યારે મુનાફિકો સંતાઈને પોતાના મકાનોમાં બેસી રહ્યા.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના કિલ્લાનો ઘેરાવ કરવાની સાથે જ આજુબાજુ આવેલા ખજૂરના કેટલાંક વૃક્ષો પણ કપાવી નાખ્યાં કારણ કે યહૂદીઓ એ વૃક્ષના વૃંદમાં છુપાઈને મુસલમાનો ઉપર ગેરીલા હુમલો કરે તેવી પૂરેપૂરી સંભાવનાઓ હતી અને જો એમ થાત તો મુસલમાનો





મુશ્કેલીમાં મૂકાઈ જાત એ વૃક્ષો કપાવી નાખવાના મુદ્દે મુસલમાનોના બે જૂથ થઈ ગયા હતા. કેટલાકનું માનવું હતું કે વૃક્ષો કાપવામાં ન આવે કારણ કે વિજય પછી આ બધું જ માલે ગનીમત બની જશે અને મુસલમાનો એનો લાભ ઉઠાવશે અને કેટલાકનો વિચાર હતો કે આ વૃક્ષને કાપી નાખી સાફ કરી દેવા પાછળના હેતુ યહૂદીઓના આશ્રયસ્થાનો નષ્ટ કરવાનો અને તેમને ગુસ્સે કરવાનો છે આથી આ વૃક્ષ કાપી નાખવાં એ વધુ સારું છે. આ પ્રસંગે સૂરએ હશ્રની આ આયત ઉતરી :–

مَا قَطَعْتُمْ مِّنْ لِّیْنَةٍ اَوْ تَرَكْتُمُوْهَا قَآئِمَةً عَلٰٓی اُصُوْلِهَا فَبِاِذْنِ اللّٰهِ وَلِیُخْزِیَ الْفٰسِقِیْنَ ۝

**તર્જુમો** : જે વૃક્ષો તમે કાપ્યાં અથવા જેમને તેમના મૂળિયા પર યથવાત ઊભા રાખ્યાં એ બધું જ અલ્લાહના હુકમથી છે જેથી ખુદા ફાસિકોને અપમાનિત કરે.

આનો અર્થ એ કે મુસલમાનોમાં જેઓ વૃક્ષ કાપનારાઓ છે એમનો અમલ પણ દુરુસ્ત છે અને જેઓ કાપવા નથી માગતા તેઓ પણ બરાબર કહે છે. કારણ કે કેટલાક વૃક્ષ કાપી નાખવા અને કેટલાકને છોડી દેવા એ બધું જ અલ્લાહ તઆલાના હુકમથી છે.

છેવટે મુસલમાનોના ઘેરાવથી કંટાળી જઈને બનૂ નુઝૈરના યહૂદીઓ એવી શરતે પોત પોતાના મકાનો અને કિલ્લાઓ છોડી જવા તૈયાર થઈ ગયા કે ઊંટો પર લાદીને જેટલો સામાન તેઓ લઈ જઈ શકે તેમને લઈ જવા દેવામાં આવે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ યહૂદીઓની આ શરત સ્વીકારી અને બનૂ નુઝૈરના યહૂદીઓ ૬૦૦ ઊંટો પર પોતાનો માલ સામાન લાદીને એક જુલૂસની રીતે ગાતાં વગાડતાં મદીનાથી નીકળ્યા એ પૈકીના કેટલાક તો ખૈબર જતા રહ્યા અને મોટી સંખ્યામાં લોકો સીરિયા જઈને ''અઝ્રિઅત'' અને કેટલાકે ''અરીહા''માં વસવાટ કર્યો.

એ લોકોના ચાલ્યા ગયા પછી મુસલમાનોએ જ્યારે એમના મકાનોની ઝડતી લીધી ત્યારે લોખંડની પચાસ ટોપીઓ, પચાસ બખ્તર, ૩૪૦ તલવારો મળી આવી જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કબ્જે લઈ લીધી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૭૯ થી ૮૫)*

અલ્લાહ તઆલાએ બનૂ નુઝૈરના યહૂદીઓના આ દેશવટાનો

ઉલ્લેખ પવિત્ર કુર્આનની સૂરએ હશ્રમાં આ રીતે કર્યા છે :–

هُوَ الَّذِيْٓ اَخْرَجَ الَّذِيْنَ
كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ مِنْ
دِيَارِهِمْ لِاَوَّلِ الْحَشْرِ ؕ مَا
ظَنَنْتُمْ اَنْ يَّخْرُجُوْا وَظَنُّوْٓا اَنَّهُمْ
مَّانِعَتُهُمْ حُصُوْنُهُمْ مِّنَ اللّٰهِ
فَاَتٰىهُمُ اللّٰهُ مِنْ حَيْثُ لَمْ
يَحْتَسِبُوْا وَقَذَفَ فِيْ قُلُوْبِهِمُ
الرُّعْبَ يُخْرِبُوْنَ بُيُوْتَهُمْ
بِاَيْدِيْهِمْ وَاَيْدِي الْمُؤْمِنِيْنَ
فَاعْتَبِرُوْا يٰٓاُولِي الْاَبْصَارِ ۝

**તર્જુમો** : અલ્લાહ એ જ છે કે જેણે કિતાબવાળા કાફિરોને તેમના ઘરમાંથી કાઢયા તેમના પ્રથમ હશ્ર માટે (હે મુસલમાનો !) તમને એનું ગુમાન સુદ્ધાંય ન હતું કે એ લોકો નીકળશે અને તેઓ જ્યારે એમ સમજતા હતા કે તેમના કિલ્લા તેમને અલ્લાહથી બચાવી લેશે ત્યારે જ અલ્લાહનો આદેશ તેમની પાસે આવી ગયો જ્યાંથી એમને ગુમાન સુદ્ધાંય ન હતું અને અલ્લાહે એમના મનમાં ભય નાખી દીધો કે જેથી તેઓ પોતાનાં મકાનો ખૂદ પોતાના અને મુસલમાનોના હાથે વેરાન કરે છે તો હે દષ્ટિવાળાઓ ! આમાંથી બોધ ગ્રહણ કરો. *(સૂરએ હશ્ર)*

## ★ બદ્રે સુગરા (બદ્રનું નાનું યુદ્ધ) ★

ઉહદના યુદ્ધમાંથી પાછા ફરતાં અબૂ સુફયાને કહ્યું હતું કે આવતા વર્ષે બદ્રમાં અમારો અને તમારો મુકાબલો થશે. આથી હિ. સ. ૪ ના શા'બાન કે ઝી કઅદાના મહિનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાનું સમગ્ર તંત્ર અને તેની વ્યવસ્થાની સમગ્ર જવાબદારી હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાને સોંપીને લશ્કર સાથે બદ્રમાં તશરીફ લઈ ગયા. આઠ દિવસ સુધી કાફિરોની રાહ જોઈ. બીજી બાજુ અબૂ સુફયાન પણ કાફિરો સાથે રવાના થયો. હજી તો એણે એક જ મજલ કાપી હતી ત્યાં તો પોતાના લશ્કરને તેણે કહ્યું કે આ વર્ષ યુદ્ધ માટે યોગ્ય નથી કારણ કે એવો સખ્ત દુકાળ પડયો છે કે ન તો માણસો માટે અનાજ પાણી છે કે ન તો જાનવરો માટે ઘાસચારો. એમ કહીને અબૂ સુફયાન મક્કા પાછા ફર્યો. મુસલમાનો પાસે વેપારી માલ પણ હતો યુદ્ધ ન થતાં મુસલમાનોએ વેપાર કરીને ખૂબ નફો મેળવ્યો હતો અને મદીના પાછા આવતા રહ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૫૧ વગેરે)*





## ★ હિ.સ. ૪ ના અન્ય જુદા જુદા બનાવો ★

**(૧)** એ જ વર્ષે ગઝ્વએ બનૂ નુઝૈર પછી જ્યારે અન્સારે કહ્યું કે યા રસૂલલ્લાહ ! બનૂ નુઝૈરનો જે માલ ગનીમતમાં મળ્યો છે એ બધું જ આપ અમારા મુહાજિર ભાઈઓને આપી દો, અમે એમાંથી કશું જ મેળવવા ઈચ્છતા નથી. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુશ થઈને આ દુઆ ફર્માવી :–

અલ્લાહુમ્મર્હમિલ અન્સા–ર વ–અબ્નાઅલ અન્સારિ વઅબ્નાઅ અબ્નાઈલ અન્સાર.

**તર્જુમો** : હે અલ્લાહ ! અન્સાર પર અન્સારના પુત્રો પર અને અન્સારના પુત્રોના પુત્રો પર રહમ (દયા) ફર્માવ. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૪૮)*

**(૨)** એ જ વર્ષે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દોહિત્ર (નવાસા) હઝરત અબ્દુલ્લાહ બિન હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની આંખમાં એક મરઘાએ ચાંચ મારી દીધી જેની અતિશય પીડાથી બે રાત સુધી તરફડયા પછી એમની વફાત થઈ ગઈ. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૦)*

**(૩)** એ જ વર્ષે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુનિત પત્ની હઝરત બીબી ઝૈનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا ની વફાત થઈ. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૦)*

**(૪)** એ જ વર્ષે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉમ્મુલ મો'મિનીન હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا સાથે નિકાહ ફર્માવ્યો. *(ઉપર મુજબ)*

**(૫)** એ જ વર્ષે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના વાલેદા (માતા) માજેદા હઝરત બીબી ફાતિમા બિન્તે અસદ رضی اللہ عنہا ની વફાત થઈ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનું પવિત્ર પહેરણ એમના કફન માટે એનાયત કર્યું અને કબરમાં જાતે ઉતરીને એમની મૈયત પોતાના પવિત્ર હાથે કબરમાં ઉતારી હતી અને ફર્માવ્યું હતું કે બિન્તે અસદ સિવાયની કોઈ પણ વ્યક્તિ કબરની ભીંસમાંથી બચવા પામી નથી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝથી રિવાયત છે કે માત્ર પાંચ જ મૈયતો એવી ખુશનશીબ હતી કે જેમની કબરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાતે ઊતર્યા હતા : (૧) હઝરત બીબી ખદીજા (૨) હઝરત

બીબી ખદીજાનો એક પુત્ર (૩) અબ્દુલ્લાહ મુઝની જેમનો ઈલ્કાબ ઝુલબજાદૈન છે. (૪) હઝરત બીબી આઈશાના વાલેદા હઝરત ઉમ્મે રૂમાન (૫) હઝરત ફાતિમા બિન્તે અસદ હઝરત અલીના વાલેદા (માતા) (رضی اللہ عنہا) *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૦)*

**(૬)** એ જ વર્ષે ચોથી શા'બાનના રોજ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ નો જન્મ થયો હતો. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૧)*

**(૭)** એ જ વર્ષે એક યહૂદીએ યહૂદી સ્ત્રી સાથે વ્યભિચાર કર્યો અને યહૂદીઓએ આ મુકદ્દમો બારગાહે રિસાલતમાં રજુ કર્યો ત્યારે આપે તૌરાત અને કુર્આન બંને આકાશી પુસ્તકોના ફર્માન મુજબ વ્યભિચારીઓને પથ્થરમારો કરીને મારી નાખવા (સંગસાર કરવા)નો ચુકાદો આપ્યો. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૨)*

**(૮)** એ જ વર્ષે તોઅમા બિન ઉબરૈક નામના એક મુસલમાને ચોરી કરી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કુર્આનના હુકમ મુજબ એનો એક હાથ કપાવી નંખાવ્યો. ત્યાર પછી તો'મા મક્કા ભાગી છૂટયો. ત્યાં પણ એણે ચોરી કરી. ત્યારે મક્કાવાસીઓએ એની કતલ કરી નાખી અથવા તો એણે જાતે જ દીવાલ ઉપરથી પડતું મૂકીને આત્મહત્યા કરી લીધી હતી અથવા એને દરિયામાં નાખી દેવાયો હતો. એક કથન એવું પણ છે કે એ મુર્તદ થઈ ગયો હતો. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૩)*

**(૯)** કેટલાક ઈતિહાસકારોના મત અનુસાર એ જ વર્ષે શરાબને હરામ ઠરાવતો આદેશ પણ નાઝિલ થયો હતો અને કેટલાકના મત અનુસાર હિ.સ. ૬ માં તો કેટલાકે કહ્યું છે કે હિ.સ. ૮ માં શરાબ (દારૂ) હરામ કરવામાં આવી હતી. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૫૩)*





**(પ્રકરણ-૧૦)**

# હિજરતનું પાંચમું વર્ષ

(હિજરી સન : ૫)

ઉહદના યુદ્ધમાં મુસલમાનોની ખુવારી થઈ હોવાની ચર્ચા ફેલાઈ જતાં અને કુરૈશના કાફિરો તેમ જ યહૂદીઓના સયુંક્ત કાવતરાઓથી કાફિરોના તમામ કબીલાઓનો ઉત્સાહ એટલે વધી ગયો હતો કે એ બધાયને મદીના પર હુમલો કરવાનું ઝનૂન સવાર થયું હતું. આથી હિ.સ. પાંચમાં પણ કુફ્ર અને ઈસ્લામ વચ્ચે સંખ્યાબંધ સંઘર્ષો થયા હતા. અમે અહીં થોડાક મશ્હૂર "ગઝ્વાત" અને "સરાયા"નો જ ઉલ્લેખ કરીએ છીએ.

## ★ ગઝ્વએ ઝાતુર્રિકાઅ ★

સૌથી પહેલાં અન્માર અને ષઅલ્બાના કબીલાએ મદીના પર આક્રમણ કરવાનો ઈરાદો કર્યો જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને આની સૂચના મળી ત્યારે આપ ચારસો સહાબાએ કિરામનું લશ્કર સાથે લઈને ૧૦ મી મુહર્રમ હિ.સ. ૫ ના રોજ મદીનાથી રવાના થઈને ઝાતુર્રિકાઅ સુધી તશરીફ લઈ ગયા. પરંતુ આપના આગમન વિશે સાંભળીને આ કાફિરો ભાગી જઈને પહાડોમાં સંતાઈ ગયા આથી કોઈ જ યુદ્ધ થયું ન હતું. મુશ્રિકોની કેટલીક મહિલાઓ મળી હતી જેમની સહાબાએ કિરામે ધરપકડ કરી હતી. એ વખતે મુસલમાનો અત્યંત કંગાળ અને નિર્ધનતાની સ્થિતિમાં હતા. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ની રિવાયત છે કે એ વખતે સવારીઓની એટલી તંગી હતી કે ૬–૬ માણસોની સવારી માટે એક જ ઊંટ હતું જેના પર અમે લોકો વારાફરતી સવાર કરતા હતા. પહાડી પ્રદેશની પથરાળ ભૂમિમાં પેદલ ચાલવાથી અમારા પગ લોહી લુહાણ થઈ જતા અને અમારા પગના નખ ઉતરડાઈ જતા. આથી અમે લોકોએ અમારા પગ ઉપર કપડાંના ચીથરાં લપેટી લીધાં હતાં. એ જ કારણસર એ

''ગઝ્વા''નું નામ ગઝ્વએ ઝાતુર્રિકાઅ (થીંગડાંવાળી લડાઈ) પડી ગયો. *(બુખારી ગઝ્વએ ઝાતુર્રિકાઅ, ભાગ–૨, પેજ–૫૯૨)*

કેટલાક ઈતિહાસકારોએ જણાવ્યું છે કે ત્યાંની ભૂમિના પથ્થર કાળા અને સફેદ રંગના હતા જેથી જમીન એવી દેખાતી હતી જાણે કે સફેદ અને કાળાં થીંગડાં મારાવામાં આવ્યાં હોય. આથી આ ગઝ્વાને ગઝ્વએ ઝાતુર્રિકાઅ કહેવામાં આવે છે અને કેટલાક અન્યના મતઅનુસાર ત્યાં આવેલા એક વૃક્ષનું નામ જ ''ઝાતુર્રિકાઅ'' હતું આથી લોકો એને ગઝ્વએ ઝાતુર્રિકાઅ કહે છે, શક્ય છે કે આ બધી જ વાતો હોય. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૮૮)*

સીરત લેખકોના સુવિખ્યાત ઈમામ ઈબ્ને ઈસ્હાકનો કૌલ છે કે સૌથી પહેલાં આ ગઝ્વામાં હુઝૂર ﷺ એ સલાતુલ ખૌફ (ભય વખતે પઢવામાં આવતી નમાઝ) પઢી હતી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૯૦ અને બુખારી બાબ ગઝ્વતુર્રિકાઅ, ભાગ–૨, પેજ–૫૯૨)*

## ★ ગઝ્વએ દુમતુલ જન્દલ ★

રબીઉલ અવ્વલ હિ.સ. ૫ માં જાણવા મળ્યું કે મદીના અને દમાસ્કસ (દમિશ્ક) શહેરની વચ્ચે આવેલા દૂમતુલ જન્દલ મુકામે મદીના પર આક્રમણ કરવા માટે એક મોટી ફોજ એકઠી થઈ રહી છે. હુઝૂર ﷺ એક હજાર સહાબાએ કિરામનું લશ્કર લઈને મદીનાથી મુકાબલો કરવા નીકળ્યા. આ વાતની ખબર પડતાં મુશ્રિકો પોતાના ઢોર અને તેમને ચારનારાઓને છોડીને ભાગી છૂટયા. સહાબાએ કિરામે એ તમામ ઢોરને માલે ગનીમત બનાવી લીધા અને આપે ત્રણ દિવસ સુધી ત્યાં જ રોકાઈને સહાબાએ કિરામના લશ્કરને વિવિધ સ્થળોએ રવાના ફર્માવ્યાં. આ ગઝ્વામાં પણ કોઈ જ યુદ્ધ થયું ન હતું. આ યાત્રામાં એક માસથી પણ વધુ સમય આપ મદીનાથી બહાર રહ્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૯૪, ૯૫)*

## ★ ગઝ્વએ મુરૈસીઅ ★

આનુ બીજું નામ ''ગઝ્વએ બની અલ મુસ્તલક'' પણ છે. મદીનાથી આઠ મન્ઝિલ દૂર આવેલા એક સ્થળનું નામ ''મુરૈસીઅ'' છે જ્યાં ખુઝાઆ





કબીલાનું એક કુટુંબ ''બનૂ અલ મુસ્તલક'' વસવાટ કરતુ હતું અને કબીલાનો સરદાર હારિષ બિન ઝરાર હતો એણે ય મદીના પર આક્રમણ કરવા માટે લશ્કર એકઠું કર્યું હતું. જ્યારે આ સમાચાર મદીના પહોંચ્યા ત્યારે બીજી શા'બાન હિ.સ. ૫ ના રોજ હુઝૂરે અકદસ ﷺ એ મદીના ઉપર હઝરત ઝૈદ બિન હારિષ رضي الله عنه ને પોતાના ખલીફા બનાવીને આપ જાતે લશ્કર સાથે રવાના થયા. આ ગઝ્વામાં હઝરત બીબી આઈશા અને હઝરત ઉમ્મે સલમા رضي الله عنهن પણ આપની સાથે જ હતાં. જ્યારે હારિષ બિન ઝરાને આપની તશરીફ આવરી (પવિત્ર આગમન)ની જાણ થઈ ત્યારે એના પર એવી દહેશત સવાર થઈ કઈ કે એ એની ફોજ ફરાર થઈને તિતર બિતર થઈ ગઈ. પરંતુ ખૂદ મુરૈસી નિવાસીઓએ ઈસ્લામી લશ્કરનો સામનો કર્યો અને મુસલમાનો ઉપર બાણો વરસાવવા લાગ્યા. પરંતુ જ્યારે મુસલમાનોએ એકી સાથે મળીને હુમલો કર્યો ત્યારે દસ કાફિરો માર્યા ગયા અને એક મુસલમાન પણ શહીદ થયો, બાકીના બધા જ કાફિરો પકડાયા. જેમની સંખ્યા સાતસોથી પણ વધુ હતી. બે હજાર ઊંટ અને પાંચ હજાર બકરીઓ માલે ગનીમતમાં સહાબાએ કિરામને મળી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૯૭ થી ૯૮)*

ગઝ્વએ મુરૈસી એ યુદ્ધની દષ્ટિએ તો કંઈ ખાસ મહત્વ ધરાવતું નથી અલબત્ત એમાં કેટલીક એવી મહત્વની ઘટનાઓ બની હતી કે જેથી આ ગઝ્વો નબવીના ઈતિહાસનો એક શાનદાર વિષય બની ગયો. એ પ્રખ્યાત ઘટનાઓ પૈકીની કેટલીક આ પ્રમાણે છે :–

## ★ મુનાફિકોની શરારત ★

આ યુદ્ધમાં માલે ગનીમતની લાલચમાં સંખ્યાબંધ મુનાફિકોએ પણ ભાગ લીધો હતો. એક દિવસે પાણી લેવાના મુદ્દે એક મુહાજિર અને અને એક અન્સારી વચ્ચે તકરાર થઈ ગઈ. મુહાજિરે ઊંચા અવાજે ''યા લિલ્ મુહાજિરીન !'' (હે મુહાજિરો ! ફરિયાદ છે) અને અન્સારીએ ''યા લિલ્ અન્સાર !'' (હે અન્સારીઓ ફરિયાદ છે)નાં સુત્રો પોકાર્યાં. આ સુત્ર સાંભળતાંની સાથે જ અન્સાર અને મુહાજિરીન દોડી પડયા અને વાત એટલે સુધી વધી ગઈ કે યુદ્ધ સુધી મામલો પહોંચ્યો. મુનાફિકોના સરદાર

અબ્દુલ્લાહ બિન ઉબૈને શરારતની એક તક મળી ગઈ. એણે ઉશ્કેરણી કરવા અન્સારીઓને કહ્યું કે લો ! આ તો એ કહેવત જેવું થયું ને કે **"સમ્મિન કલ્બ-ક લિયઅ-કુ-લ-ક"** (તમે પોતાના કૂતરાને તાજો માજો કર્યો જેથી એ તમને ખાઈ જાય !) તમે અન્સારીઓએ જ એ મુહાજિરોનો ઉત્સાહ વધાર્યો છે આથી હવે એ મુહાજિરોની આર્થિક સહાય એકદમ બંધ કરી દો ! એ લોકો નીચ અને અપમાનિત છે અને આપણે અન્સારો આબરૂદાર છીએ ! જો આપણે મદીના પહોંચીશું તો ચોક્કસ એ લોકોને મદીનામાંથી હાંકી કાઢીશું. *(સૂરએ મુનાફિકૂન)*

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે તોફાનનો કાલોહલ સાંભળ્યો ત્યારે અન્સાર અને મુહાજિરોથી ફર્માવ્યું કે શું તમે લોકો અજ્ઞાનતાકાળનો સુત્રોચ્ચાર કરી રહ્યા છો ?! જમાલે નબુવ્વત (નબવી ચેહરો) જોતાંવેંત જ અન્સાર અને મુહાજિરો ઠંડા પડી ગયા અને રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના થોડાક શબ્દોએ પ્રેમની એવી સરવાણી વહેવડાવી દીધી કે અન્સાર અને મુહાજિરો ફરીથી દૂધ અને ખાંડની જેમ એકમેકમાં ભળી ગયા.

જ્યારે અબ્દુલ્લાહ બિન ઉબૈની વ્યર્થ વાત હઝરત ઉમર رضی اللہ عنہ ના કાને પડી ત્યારે તેઓ એટલા બધા ગુસ્સે થયા કે ઉઘાડી તલવાર લઈને નીકળી પડયા અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! મને પરવાનગી આપો કે હું એ મુનાફિકની ગરદન ઉડાવી દઉં ! હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અત્યંત વિનમ્ર ભાવે ઈર્શાદ ફર્માવ્યો "હે ઉમર ! ખબરદાર આવું ન કરશો. નહીંતર કાફિરોમાં પણ એવા સમાચાર ફેલાઈ જશે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પણ પોતાના સાથીઓની કતલ કરતા થઈ ગયા છે. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ એકદમ શાંત થઈ ગયા. પરંતુ આ વાતની ચર્ચા આખા લશ્કરમાં ફેલાઈ ગઈ. આ કેટલી આશ્ચર્યજનક વાત છે કે અબ્દુલ્લાહ બિન ઉબૈ ઈસ્લામ અને ઈસ્લામના સ્થાપક صلی اللہ تعالیٰ علیہ وسلم નો જેટલો મોટો દુશ્મન હતો એનાથી અનેક ગણા વધારે એમના પુત્રો ઈસ્લામના સાચા ચાહક અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાંનિસાર સહાબી હતા. એમનું નામ પણ અબ્દુલ્લાહ હતું. એમને જ્યારે પિતાની બકવાસની જાણ થઈ ત્યારે તેઓ રોષે ભરાયેલી સ્થિતિમાં બારગાહે રિસાલતમાં હાજર થયા અને અરજ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! જો આપ મારા પિતાની કતલને પસંદ ફર્માવતા હોઉ તો મારી





અભિલાષા છે કે બીજા કોઈને બદલે હું જાતે જ પોતાની તલવારથી મારા પિતાનું માથું ઉતારી લાવીને આપના કદમોમાં નાંખી દઉં. આપે ઈર્શાદ ફર્માવ્યો, નહીં ! હરગિઝ નહીં ! હું તમારા પિતા સાથે કોઈ જ દુર્વ્યવહાર કરીશ નહીં ! *(ઈબ્ને સઅદ અને તબરી વગેરે)*

અને એક રિવાયતમાં એવું પણ આવ્યું છે કે મદીના પાસે વાદીયે અકીકમાં તેઓ પોતાના પિતા અબ્દુલ્લાહ બિન ઉબૈનો માર્ગ અવરોધીને ઊભા થઈ ગયા અને કહ્યું કે તમે મુહાજિરો અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અપમાનિત કર્યા છે, ખુદાના સોગંદ ! હું ત્યાં સુધી તમને મદીનામાં પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પરવાનગી નહીં આપે અને જ્યાં સુધી તમે પોતાની જીભે એમ ન કહો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આદમના તમામ સંતોનોમાં સર્વશ્રેષ્ઠ અને સૌથી વધુ સન્માનિત છે અને તમે સમગ્ર વિ□ના લોકોમાં સૌથી વધુ નીચ છો. બધા લોકો અત્યંત નવાઈ અને આશ્ચર્ય વચ્ચે આ દૃશ્ય નિહાળી રહ્યા હતા. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યાં પહોંચ્યા અને જોયું કે પુત્ર પિતાનો માર્ગ અવરોધીને ઊભો છે અને અબ્દુલ્લાહ બિન ઉબૈ જોશથી બૂમો પાડી પાડીને કહી રહ્યો છે કે હું સૌથી વધુ નીચ છું અને હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم સૌથી વધુ સન્માનિત અને ઈજ્જતદાર છે." આપે આ જોતાં જ હુકમ આપ્યો કે એનો માર્ગ છોડી દો જેથી એ મદીનામાં દાખલ થઈ શકે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૫૭)*

## ★ હઝરત જુવૈરિયા સાથે નિકાહ ★

ગઝવએ મુરૈસીઅના યુદ્ધમાં જે કાફિરો મુસલમાનોના હાથે પકડાયા હતા એમાં કોમના સરદાર હારિષ બિન ઝરારનાં પુત્રી હઝરત જુવૈરિયા رضی اللہ عنہا પણ હતા. જ્યારે તમામ કેદીઓએ દાસી કે ગુલામ બનાવીને ઈસ્લામના મુજાહિદોમાં વહેંચી દેવામાં આવ્યાં ત્યારે હઝરત જુવૈરિયા رضی اللہ عنہا હઝરત ષાબિત બિન કૈસ رضی اللہ عنہ ના ભાગમાં આવ્યાં હતાં. એમણે હઝરત જુવૈરિયા رضی اللہ عنہا ને એમ કહી દીધું હતું કે તમે મને આટ આટલી રકમ આપી દો તો હું તમને મુક્ત કરી દઈશ. તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારમાં હાજર થયાં અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હુંમારા કબીલાના સરદાર હારિષ બિન ઝરારની પુત્રી છું અને

હવે હું મુસલમાન થઈ ચૂકી છું. હઝરત ષાબિત બિન કૈસે આટલી આટલી રકમ લઈને મને મુક્ત કરવાનું વચન આપ્યું છે. આપ મારી મદદ કરો કે જેથી હું આ રકમ આપીને મુક્ત થઈ જાઉં. આપે ઈર્શાદ ફર્માવ્યો કે જો હું એનાથી સારો વર્તાવ તમારી સાથે કરું તો શું તમે મન્ઝૂર કરી લેશો ? તેમણે પૂછયું કે એ શું છે ? આપે ફર્માવ્યું કે હું ઈચ્છું છું કે હું જાતે જ એકલો તમારા વતી આખી રકમ ચૂકવી દઉં અને તમને મુક્ત કરાવીને હું તમારી સાથે નિકાહ પઢી લઉં જેથી તમારું કૌટુંબિક માન સન્માન પણ જળવાઈ રહે. હઝરત જુવૈરિયા رضی اللہ عنہا એ રાજીખુશીથી આ પ્રસ્તાવ સ્વીકારી લીધો. આમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આખી રકમ પોતાની પાસેથી ચૂકવીને હઝરત જુવૈરિયા رضی اللہ عنہا સાથે નિકાહ ફર્માવી લીધો. જ્યારે આ ખબર લશ્કરમાં ફેલાઈ ગઈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત જુવૈરિયા رضی اللہ عنہا સાથે નિકાહ ફર્માવ્યો છે ત્યારે ઈસ્લામના મુજાહિદોના લશ્કરમાં ફેલાઈ ગઈ તો મુજાહિદોએ એ કુટુંબની જેટલી દાસીઓ કે ગુલામો હતા સૌને તરત જ મુક્ત કરીને છોડી મૂક્યા અને ઈસ્લામી લશ્કરનો દરેક સૈનિક એમ કહેવા લાગ્યો કે જે કુળમાં રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લગ્ન કર્યા હોય એ કુળની કોઈ પણ વ્યક્તિ લોંડી કે ગુલામ રહી શકે નહીં. અને હઝરત બીબી આઈશા رضی اللہ عنہا તો કહેવા લાગ્યાં કે અમે કોઈ જ મહિલાનો નિકાહ હઝરત જુવૈરિયાના નિકાહથી વધુ ખૈરો બરકતવાળો નથી જોયો. કારણ કે એના લીધે જ બની અલ્ મુસ્તલકના સમગ્ર કબીલાને ગુલામીમાંથી મુક્તિ મળી ગઈ હતી. *(અબૂ દાઊદ કિતાબુલ અતક, ભાગ-૨, પેજ-૧૫૫)* હઝરત જુવૈરિયા رضی اللہ عنہا નુ મૂળ નામ બર્રહ હતું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નામ બદલીને જુવૈરિયા નામ રાખ્યું હતું.

## ★ ઈફ્કની ઘટના ★

એ જ ગઝ્વા પરથી જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના શરીફ પાછા ફરી રહ્યા હતા ત્યારે એક સ્થળે રાત્રે પડાવ નાખ્યો. હઝરત આઈશા رضی اللہ عنہا એક બંધ અંબાડીમાં સવાર થઈને મુસાફરી કરતા હતાં અને કેટલાક ખાસ માણસો અંબાડી ઊંટ પર લાદવા અને ઉતારવાના કામ માટે નિયુક્ત હતા. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا લશ્કરની રવાનગીની





થોડીકવાર પહેલાં કુદરતી હાજત માટે લશ્કરની બહાર તશરીફ લઈ ગયાં હતાં, જ્યારે પાછા ફર્યાં ત્યારે એમના ગળામાંથી હાર તૂટીને ક્યાંક પડી ગયો હતો. તેઓ એ હાર શોધવા માટે ફરીથી લશ્કરની બહાર ચાલ્યાં ગયાં. આ વખતે એમને પાછા ફરતાં વાર લાગી અને લશ્કર રવાના થઈ ગયું. આપના ઊંટ પર લાદનારાઓએ ઉમ્મુલ મો'મિનીન તેમાં જ તશરીફ ફર્મા છે એમ વિચારીને અંબાડી ઊંટ પર લાદી દીધી અને આખો કાફલો આગળની મજલ તરફ રવાના થઈ ગયો. જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہا પડાવના સ્થળે પાછા ફર્યાં તો ત્યાં કોઈ જ ન હતું. એકલતાથી તેઓ ખૂબ ગભરાયાં. એ અંધારી રીતે એકલા મુસાફરી કરવાનું પણ યોગ્ય ન હતું. આથી વિચારવા લાગ્યાં કે આગળના પડાવ પર જ્યારે એ લોકો મને નહીં જુએ તો મારી શોધખોળમાં ચોક્કસ અહીં પાછા ફરશે. આ વિચારતાં વિચારતાં તેઓ આડા પડયાં અને સૂઈ ગયાં. હઝરત સફવાન બિન મુઅત્તલ સુલમી رضی اللہ عنہ નામના એક સહાબી હમેશાં લશ્કરની પાછળ પાછળ એવા ઈરાદે ચાલ્યા કરતા હતા કે જેથી લશ્કરમાંથી પડી ગયેલી ચીજ વસ્તુઓ ઉપાડી લે. તેઓ જ્યારે એ પડાવના સ્થળે પહોંચ્યા ત્યારે હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ને જોયાં અને પડદાનો હુકમ ફર્માવતી આયતો ઉતરી તે અગાઉ આપ ઉમ્મુલ મો'મિનીન હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ને અનેકવાર જોઈ ચૂક્યા હતા. આથી જોતાં જ એમને ઓળખી ગયા અને એમને મૃત સમજીને **"ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન"** પઢયું. આ અવાજથી તેઓ જાગી ગયાં. હઝરત સફવાન બિન મુઅત્તલ સુલમી رضی اللہ عنہ એ તરત જ એમને પોતાના ઊંટ પર સવાર કરાવ્યાં અને જાતે ઊંટની રસ્સી પકડીને પેદલ ચાલીને આગળની મંઝિલ પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે પહોંચી ગયા.

મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈએ આ બનાવને હઝરત બીબી આઈશા رضی اللہ عنہا પર તોહમત લગાડવાનું સાધન બનાવી દીધું અને એ તોહમતની ખૂબ ખૂબ ચર્ચા કરી એટલે સુધી કે મદીનામાં એ મુનાફિકો આ શરમનાક તોહમત એટલી ઉછાળી અને એટલો બધો હોબાળો મચાવ્યો કે મદીનામાં ચારે બાજુ એ આક્ષેપો અને તોહમતોની ચર્ચા થવા લાગી અને કેટલાક મુસલમાનો હઝરત હસ્સાન બિન ષાબિત અને હઝરત મિસ્તહ

બિન ઉષાષા અને હઝરત હમના બિન્તે જહશ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પણ આ તોહમત ફેલાવવામાં કેટલોક ભાગ ભજવ્યો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ ઉપદ્રવી તોહમતથી ભારે રંજ થયો અને આઘાત લાગ્યો અને નિખાલસ મુસલમાનોને પણ અત્યંત દુઃખ અને ગમ થયું હતું. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا મદીના પહોંચતાંની સાથે જ સખત માંદા પડી ગયા હતાં. પર્દાનશીન તો હતાં જ પથારીવશ થઈ ગયાં અને એમને આ તોહમતની ખબર સુદ્ધાંય થઈ નહીં. જો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ની પવિત્રતા અને એમના શીયળની અખંડતાનો પૂરોપૂરો વિ□ાસ હતો. પરંતુ પોતાની જ પુનિત પત્નીનો મામલો હતો આથી જ આપે પોતાના તરફથી પોતાની પત્નીની મુકિત અને પવિત્રતાથી જાહેરાત કરવાનું ઉચિત માન્યું નહીં અને વહીયે ઈલાહીની રાહ જોવા લાગ્યા. અલબત્ત ! આ સમયગાળામાં આપ પોતાના નિખાલસ સહાબીઓ સાથે આ મુદ્દે પરામર્શ પણ કરતા રહ્યા જેથી એમના વિચારો જાણી શકાય. *(બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૫૯૪)*

આમ હઝરત ઉમર رضی اللہ عنہ સાથે જ્યારે આપે તોહમત વિશે વાતચીત કરી ત્યારે તેમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ મુનાફિકો નિશ્ચિતપણે જૂઠા છે. જ્યારે અલ્લાહ તઆલાને એ પણ ગમતું નથી કે આપના પવિત્રતમ શરીર (જિસ્મે અત્હર) પર માખી બેસી જાય. કારણ કે માખી ગંદકીઓ પર બેસે છે, તો પછી જે સ્ત્રીએ આવો કોઈ ગુનો આચર્યો હોય, ખુદાવંદે કુદૂસ ક્યારે અને કેવી રીતે સહન કરી લેશે કે આપના નિકાહમાં રહે ?!

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ જણાવ્યું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે અલ્લાહ તઆલાએ આપનો પડછાયો જમીન પર પડવા ન દીધો જેથી કરીને કોઈનો પગ એના પર ન પડી શકે તો પછી એ મા'બૂદે બરહક્કની ગૈરત એ કેવી રીતે સહન કરશે કે કોઈ માનવ આપનાં સન્માનિત અને પુનિત પત્ની સાથે આવો કોઈ ગુનો આચરી શકે ?!

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એકવાર આપના પવિત્રતમ પગરખાં (ના'લૈન અકદસ)માં નાપાકી લાગી ગઈ હતી તો અલ્લાહ તઆલાએ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام





ને મોકલીને આપને સમાચાર આપ્યા હતા કે આપ પોતાની ના'લૈને અકદસ કાઢી નાખો. આથી હઝરત બીબી આઈશા મઆઝલ્લાહ ! જો આવાં હોત તો જરૂર અલ્લાહ તઆલાએ આપ પર વહી ઉતારી દીધી હોત કે આપ એમને પોતાના નિકાહમાંથી કાઢી મૂકો.

હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ એ જ્યારે આ તોહમતના સમાચાર સાંભળ્યા ત્યારે એમણે પોતાની પત્નીને કહ્યું કે હે પત્ની સાચું બોલજે ! જો હઝરત સફવાન બિન મુઅત્તલની જગ્યાએ હું હોત તો શું તું એમ વિચારી શક્તી હતી કે મેં હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુનિત પત્ની સાથે આવું કૃત્ય આચરી શક્તો હતો ? ત્યારે એમનાં પત્નીએ જવાબ આપ્યો કે જો હઝરત આઈશાની જગ્યાએ હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પત્ની હોત તો ખુદાના સોગંદ હું ક્યારેય આવી કોઈ બદ્દાનત (ખયાનત) કરી શક્તી નહીં, ને પછી હઝરત આઈશા رضی اللہ عنہا તો મારા કરતાં લાખો ગણા વધુ સારાં છે અને હઝરત સફવાન બિન મુઅત્તલ رضی اللہ عنہ કે જેઓ મારા કરતાં પણ એક ગણા વધુ સારા અને સંનિષ્ઠ છે તો પછી એમ કેવી રીતે બની શકે છે કે આ બંને જણા આવી બદ્દાન (ખયાનત) કરી શકે છે ? *(મદારિજુત તન્ઝીલ મિસરી, ભાગ-૨, પેજ-૧૩૪, ૧૩૫)*

બુખારી શરીફની રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ બાબતે હઝરત અલી અને ઉસામા رضی اللہ عنہما પાસે સલાહ સૂચન માગ્યાં ત્યારે ઉસામા رضی اللہ عنہ અનાયાસે બોલી ઉઠયા, **''અહ્લુક વલા નઅલમ ઈલ્લા ખૈરા''** કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તેઓ આપના પત્ની છે અને અમે તો તેમને સારા જ જાણીએ છે. અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ જવાબ આપ્યો કે યા રસૂલલ્લાહ ! અલ્લાહ તઆલા એ આપ પર કશી જ તંગી કરી નથી. સ્ત્રીઓ એમના સિવાય પણ ઘણી છે અને આપના વિશે એમના દાસી (હઝરત બરીરહ્)થી પૂછી લો તેઓ આપને ખરી ખરી માહિતી જણાવી દેશે !

હઝરત બરીરહ્ رضی اللہ عنہا થી જ્યારે આપે સવાલ ફર્માવ્યો ત્યારે એમણે અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ પવિત્ર હસ્તીના સોગંદ ! જેણે આપને સાચા રસૂલ બનાવીને મોકલ્યા છે ! મેં હઝરત બીબી આયશા رضی اللہ عنہا માં ક્યારેય કોઈ દોષ જોયો નથી. અલબત્ત એટલી વાત

જરૂર છે કે તેઓ હજી એટલી નાની વયનાં છે કે બાંધેલો લોટ મૂકીને સૂઈ જાય છે અને બકરી આવીને એ ખાઈ જાય છે.

ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાનાં પુનિત પત્ની હઝરત બીબી ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا ને પૂછયું કે જેઓ હુસ્નો જમાલમાં હઝરત આઈશા رضی اللہ عنہا જેવાં જ હતાં તેમને પૂછયું ત્યારે એમણે સોગંદપૂર્વક અરજ ગુજારી કે, **"યા રસૂલલ્લાહ ! અહમી સમ્ઈ વબસ્રી વલ્લાહિ મા અલિમ્તુ ઈલ્લા ખૈરા."** હું મારા કાન અને આંખની રક્ષા કરું છું. ખુદાના સોગંદ ! હું તો હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ને સારાં જ જાણું છું. *(બુખારી, બાબે હદીસુલ ઈફક, ભાગ–૨, પેજ–૯૫૬)*

ત્યાર પછી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلمએ એક દિવસે મિમ્બર પર ઊભા થઈને મુસલમાનોને સંબોધીને ફર્માવ્યું, જેણે મારી પત્ની પર તોહમત લગાડીને મને દુઃખ પહોંચાડયું છે એ વ્યક્તિ તરફથી મને કોણ અસમર્થ જાણશે અથવા મારી મદદ કરશે. **વલ્લાહિ મા અલિમ્તુ ઈલ્લા ખૈરા** ખુદાના સોગંદ ! હું મારી પત્નીને દરેક રીતે સારી જ જાણું છું. **વલ કદ ઝકરૂ રજુલન મા અલિમ્તુ અલૈહિ ઈલ્લા ખૈરા.** અને એ લોકો (મુનાફિકો) એ (આ તોહમતમાં) એક એવા (સત) પુરુષ (સફવાન બિન મુઅત્તલ)નો ઉલ્લેખ કર્યો છે જેમને હું એકદમ સારો જાણું છું. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૯૫, બાબ હદીષુલ ઈફક)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મિમ્બર ઉપરથી કરેલા આ સંબોધનથી જાણવા મળ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હઝરત આઈશા અને હઝરત સફવાન બિન મુઅત્તલ رضی اللہ عنہ બંનેની મુક્તિ પવિત્રતા અને ઈફ્ફત (પતિવ્રતા) અને પાક દામનીનું પૂરેપૂરું જ્ઞાન અને દઢ વિ□ાસ હતો. અને વહીના ઉતરાણ પહેલાંથી જ આપને એ વાતની ચોક્કસ જાણ હતી કે મુનાફિકો જૂઠા છે અને ઉમ્મુલ મો'મિનીનનો દામન પાક છે. નહીં આપે મિમ્બર ઉપર સોગંદ ખાઈને એ બંને જણાની ભલાઈ અંગે જાહેરસભામાં હરગિઝ એલાન કર્યં ન હોત. પરંતુ પહેલાંથી જ જાહેર એલાન નહીં ફર્માવવાનું કારણ એ હતું કે પોતાની પત્નીની પવિત્રતાનો એલાન પોતાની જીભે કરવાનું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉચિત માનતા ન હતા. જ્યારે મુનાફિકોએ હદ વિનાનું ઉત્પાત મચાવવાનું શરૂ કરું દીધું ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મિમ્બર ઉપર પોતાના





પવિત્ર વિચારો વ્યક્ત કર્યા હતા. તેમ છતાં હજી પણ જાહેર એલાન માટે આપને વહીયે ઈલાહીનો ઈન્તેઝાર હતો.

અગાઉ લખી ચૂક્યા છીએ કે ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا મુસાફરીએથી પાછા ફરતાં જ માંદા પડીને પથારીવશ થઈ ગયાં હતાં. આથી જ તેઓ આ તોહમતના તોફાનથી તદ્દન અજાણ હતાં. જ્યારે તેઓ માંદગીમાંથી સહેજ સ્વસ્થ થયાં અને એક રાત્રે કુદરતી હાજત માટે હઝરત ઉમ્મે મિસ્તહ સહાબિયા સાથે જંગલમાં તશરીફ લઈ ગયાં ત્યારે એમના મોઢે આપે એ હૃદયવેધક અને દુઃખદ સમાચાર સાંભળ્યા જેથી એમને આઘાત લાગ્યો અને અતિશય રંજોગમથી આપ ક્ષુબ્ધ થઈ ગયાં. આમ આપની માંદગી વધી ગઈ અને રાત દિવસ રડવા લાગ્યાં. છેવટે જ્યારે આ જીવલેણ આઘાત એમનાથી સહન ન થયો ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પરવાનગીથી પોતાના પિયર જતાં રહ્યાં અને દુર્ભાગ્યપૂર્ણ વાતનો ઉલ્લેખ પોતાની વાલેદા (માતા)ને કર્યો. વાલેદાએ સાંત્વના આપી. તેમ છતાં તેઓ સતત રડતાં રહ્યાં એ જ સ્થિતિમાં એકાએક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે હે આઈશા ! તમારા વિશે આવી આવી અફવાઓ ઉડાવવામાં આવી છે. જો તમારું દામન પાક હોય અને આ અફવા ખોટી હોય તો ટૂંકમાં અલ્લાહ તઆલા વહી દ્વારા તમારી મુક્તિનું એલાન ફર્માવશે, નહીંતર તમે તૌબા અને ઈસ્તિગફાર કરી લો કારણ કે જ્યારે કોઈ બંદો અલ્લાહથી તૌબા કરે છે અને બખ્શિશ ચાહે છે ત્યારે અલ્લાહ તઆલા એના ગુનાહો માફ ફર્માવી દે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ વાત સાંભળીને હઝરત આઈશા رضی اللہ عنہا નાં આંસૂ એકદમ ઓછાં થઈ ગયાં અને તેમણે પોતાના પિતા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ થી કહ્યું કે આપ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો જવાબ આપો. ત્યારે એમણે કહ્યું કે ખુદાના સોગંદ હું નથી જાણતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને શો જવાબ આપું ! ત્યાર પછી એમણે પોતાની માતાને જવાબ આપવા વિનંતિ કરી ત્યારે તેમણે પણ પોતાની વિવશતા વ્યક્ત કરી. ત્યાર પછી ખૂદ હઝરત બીબી આઈશા رضی اللہ عنہا એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ જવાબ આપ્યો કે લોકોએ એક પાયા વિનાની અફવા ઉડાવી છે અને એ વાત લોકોના મનમાં પેસી ગઈ છે અને કેટલાક લોકો તો એને જ સત્ય માની બેઠા છે. એવી સ્થિતિમાં જો હું એમ કહું કે હું પાકદામન છું, ત્યારે લોકો એનું સમર્થન

નહીં કરે અને જો હું આ બુરાઈનો એકરાર કરી લઈશ તો બધા માની લેશે. જો કે અલ્લાહ તઆલા સારી રીતે જાણે છે કે હું આ તહોમતથી મુક્ત અને પાકદામન છું. અત્યારે મારી સ્થિતિ હઝરત યુસૂફ علیہ السلام ના પિતા હઝરત યા'કૂબ علیہ السلام જેવી છે આથી હું પણ એ જ કહું છું કે જે એમણે કહ્યું હતું. એટલે કે :–

**"ફ–સબ્રુન જમીલ વલ્લાહુલ મુસ્તઆનુ અલા મા તસિફૂન."**

એમ કહીને એમણે પોતાનું પડખું ફેરવી લીધું અને કહ્યું કે અલ્લાહ તઆલા જાણે છે કે હું આ તોહમતથી બરી (અલ્પિત) અને પાક દામન છું અને મને દઢ વિ□ાસ છે કે અલ્લાહ તઆલા જરૂર મારી દોષમુક્તિ (બરાઅત)નું એલાન ફર્માવશે. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નો જવાબ સાંભળીને હજી તો રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم પોતાની જગ્યાએથી ઊભા ન હોતા થયા અને દરેક જણ પોતપોતાની જગ્યાએ જ બેઠેલો હતો કે એકાએક હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ઉપર વહી નાઝિલ થવા લાગી. અને આપને વહી ઉતરતી વખતની વ્યાકુળતા શરૂ થઈ ગઈ અને સખત ઠંડીનો સમય હોવા છતાં પરસેવાનાં ટીપાં મોતીઓની માફક આપના પવિત્ર શરીરેથી ટપકવાં લાગ્યાં. જ્યારે વહી ઉતરી ચૂકી ત્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ફર્માવ્યું, "હે આઈશા ! તમે ખુદાનો શુક્ર અદા કરીને એની હમ્દ કરો. એણે તમારી પાકદામનીનું એલાન ફર્માવી દીધું ! ત્યાર પછી આપે પવિત્ર કુર્આનની સૂરએ નૂરમાંથી દસ આયતોની તિલાવત ફર્માવી. જે **ઈન્નલ લઝી–ન જાઊ બિલ ઈફકિ**થી શરૂ થઈને **વ–અન્નલ્લાહ–હ રઊફુર રહીમ** પર પૂરી થાય છે.

આ આયતો ઉતર્યા પછી મુનાફિકોના મોં કાળા થઈ ગયાં અને હઝરત ઉમ્મુલ મો'મિનીન બીબી આઈશા رضی اللہ عنہا ની પાક દામની પવિત્રતા (શિયળ)નો સૂર્ય સંપૂર્ણ પ્રકાશ સાથે એવી રીતે ચમકવા લાગ્યો કે કયામત સુધી આવનારા મુસલમાનોનાં દિલોની દુનિયામાં ઈમાનના નૂરથી અજવાળું થઈ ગયું.

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ને હઝરત મિસ્તહ બિન ઉષાષા ઉપર ખૂબ ગુસ્સો આવ્યો, તેઓ આપની માસીના પુત્ર હતા અને બાળપણમાં જ એમના પિતાનું અવસાન થયું હતું ત્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ એમનું પાલનપોષણ પણ કર્યું હતું અને એમની ગરીબાઈને કારણે આપ





હમેશાં તેમની મદદ કર્યા કરતા હતા. તેમ છતાં હઝરત મિસ્તહ બિન ઉષાષા رضی اللہ عنہ એ પણ આ તોહમતની ચર્ચા ફેલાવવામાં થોડોક ભાગ ભજવ્યો હતો. આ કારણસર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ગુસ્સામાં એવા સોગંદ ખાઈ લીધા કે હવેથી હું મિસ્તહ બિન ઉષાષાને કોઈ પણ પ્રકારની આર્થિક સહાય ક્યારેય નહીં આપું. આ પ્રસંગે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી કે :–

وَلَا یَاْتَلِ اُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ اَنْ یُّؤْتُوْۤا اُولِی الْقُرْبٰى وَالْمَسٰكِیْنَ وَالْمُهٰجِرِیْنَ فِیْ سَبِیْلِ اللّٰهِ ۪ۖ وَلْیَعْفُوْا وَلْیَصْفَحُوْا ؕ اَلَا تُحِبُّوْنَ اَنْ یَّغْفِرَ اللّٰهُ لَكُمْ ؕ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِیْمٌ ۝

**તર્જુમો** : અને તમારામાં જે લોકો ફઝીલતવાળા અને ગુંજાશવાળા છે તેઓ સોગંદ ન લે સગા સંબંધીઓ અને મિસ્કીનો અને અલ્લાહના માર્ગમાં હિજરત કરનારાઓને આપવાની અને જોઈએ કે તેમને ક્ષમા કરી દે અને દરગુજર કરે, શું તમને એ નથી ગમતું કે અલ્લાહ તમારી બખ્શિશ કરે અને અલ્લાહ મહાન બક્ષનાર અને મોટો મહેરબાન છે. *(સૂરએ નૂર, પારા. ૧૮, આયત–૨૨)*

આ આયત સાંભળીને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ પોતાના સોગંદ તોડી નાખ્યા અને ત્યાર બાદ હઝરત મિસ્તહ બિન ઉષાષા رضی اللہ عنہ ને અગાઉ પ્રમાણે નિયમિત ખર્ચ આપવા લાગ્યા. *(બુખારી હદીષુલ ઈફકિ, ભાગ–૨, પેજ– ૫૯૫ થી ૫૯૬ નો ટૂંકસાર)*

ત્યાર પછી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ મસ્જિદે નબવીમાં એક પ્રવચન (ખુત્બો) આપ્યું અને સૂરએ નૂરની આયતોની તિલાવત કરીને જાહેરસભામાં સંભળાવી દીધી અને તોહમત લગાડનારાઓમાંથી હઝરત હસ્સાન બિન ષાબિત અને હઝરત મિસ્તહ બિન ઉષાષા અને હઝરત હમ્ના બિન્તે જહશ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن અને મુનાફિકોના સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ આ ચારેય જણાને હદ્દે કઝફની સજામાં એંસી એંસી કોરડા ફટકારવામાં આવ્યા. *(મદારિજ, ભાગ–૨, પેજ–૧૬૩ વગેરે)*

બુખારી શરીફના વિવરણકર્તા અલ્લામા કિરમાની علیہ الرحمۃ والرضوان ફર્માવ્યું કે હઝરત બીબી આયશાની નિર્દોષતા અને તેમની પાકદામની (શિયળ) યકીની અને નિશ્ચિત છે કે જે પવિત્ર કુર્આનથી સિદ્ધ છે. જો કોઈ એમાં સહેજેય શંકા કરે તો એ કાફિર છે. (બુખારી શરીફ, ભાગ–૨,

પેજ–૫૯૫ નો હાંશિયો) ઉમ્મતના બીજા તમામ ફકીહોનો મસ્લક પણ એ જ છે.

## ★ તયમ્મુમની આયતનું ઉતરાણ ★

ઈબ્ને અબ્દુલ બર્ર, ઈબ્ને સઅદ તથા ઈબ્ને હબ્બાન વગેરે મુહદ્દિષો અને સીરતના આલિમોનો કોલ છે કે તયમ્મુમની આયત આ જ ગઝ્વએ મરીસીઅમાં ઉતરી હતી. પરંતુ રૌઝતુલ અહબાબમાં લખ્યું છે કે તયમ્મુમની આયત બીજા કોઈ ગઝ્વા વખતે ઉતરી હતી. બુખારી શરીફમાં તયમ્મુમની આયતની જે શાને નુઝૂલ (ઉતરાણ પ્રસંગ)નો ઉલ્લેખ છે તે આ પ્રમાણે છે કે હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નો કોલ છે કે અમે લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મુસાફરીમાં હતાં. જ્યારે અમે "બૈદાઅ" મુકામે અથવા "ઝાતુલ જૈશ" મુકામે પહોંચ્યાં ત્યારે મારા ગળાનો હાર ક્યાંક તૂટીને પડી ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને કેટલાક લોકો એ હાર શોધવા ત્યાં રોકાઈ ગયા અને ત્યાં પાણી ન હતું તો કેટલાક લોકોએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પાસે આવીને ફરિયાદ કરી કે શું આપ જોતા નથી કે હઝરત આઈશાએ શું કર્યું છે ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબીઓને અહીં રોકી લીધા છે જો કે અહીં પાણી પણ નથી. આ સાંભળીને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ મારી પાસે આવ્યા અને જે કંઈ ખુદા તઆલાએ ઈચ્છયું એમણે મને (સખ્ત અને સુસ્ત) કહ્યું અને પછી ગુસ્સામાં પોતાના હાથ વડે મારી કૂખે કોંચા મારવા લાગ્યા. એ સમયે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم મારી સાથળ ઉપર પોતાનું પવિત્ર માથુ મૂકીને આરામ ફર્માવી રહ્યા હતા. આથી માર ખાવા છતાં હું હાલી શકતી ન હતી. સવારે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઊંઘમાંથી જાગ્યા ત્યારે ત્યાં સહેજેય પાણી ન હતું. એવામાં જ એકાએક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર તયમ્મુમની આયત ઉતરી, આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને બધા જ સહાબીઓએ ત'યમ્મુમ કરીને ફજરની નમાઝ અદા કરી. આ પ્રસંગે હઝરત ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہ એ (ખુશ થઈને) કહ્યું હતું "હે અબૂબક્રના સંતાન ! આ કંઈ તમારી પહેલી જ બરકત નથી. ત્યાર પછી અમે ઊંટને ઉઠાડયો તો એની નીચેથી અમને ખોવાયેલો હાર મળી આવ્યો.

આ હદીષમાં કોઈ જ ગઝ્વાનું નામ નથી. પરંતુ બુખારી શરીફના





વિવરણકર્તા હઝરત અલ્લામા ઈબ્ને હજર علیہ الرحمۃ والرضوان એ ફર્માવ્યું છે કે આ પ્રસંગ ગઝ્વએ બની અલ્ મુસ્તલકનો છે જેનું બીજું નામ ગઝ્વએ મુરીસીઅ પણ છે જેમાં ઈફકની ઘટના બની હતી. *(ફત્હુલબારી, ભાગ–૧, પેજ–૩૬૫, કિતાબુલ તયમ્મુમ)*

આ ગઝ્વામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ૨૮ દિવસ મદીનામાંથી બહાર રહ્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૦૨)*

## ★ ખંદકનું યુદ્ધ ★

હિ.સ. પાંચની તમામ લડાઈઓમાં આ યુદ્ધનું સૌથી વધુ વિખ્યાત અને નિર્ણાયક યુદ્ધ હતું કારણ કે એમાં શત્રુઓથી સુરક્ષા માટે મદીના શહેરની ફરતે ખંદક ખોદવામાં આવી હતી. આથી જ આ લડાઈને જંગે ખંદક કે ખંદકનું યુદ્ધ કહેવામાં આવે છે. સમગ્ર અરબ દેશના કાફિરોએ સંગઠિત થઈને ઈસ્લામ વિરુધ્ધ આ લડાઈ લડી હતી. આથી જ એનું બીજું નામ "જંગે અહ્ઝાબ" (તમામ કબીલાઓનું સંગઠિત યુદ્ધ) છે. કુર્આન મજીદમાં આ યુદ્ધનો ઉલ્લેખ આ નામથી જ થયો છે.

## ★ ખંદકના યુદ્ધનું કારણ ★

આગળ અમે લખી ચૂકયા છીએ કે બનૂ નુઝૈર કબીલાના યહૂદીઓની જ્યારે મદીના શહેરમાંથી હકાલપટ્ટી કરવામાં આવી ત્યારે એ પૈકીની યહૂદીઓના કેટલાક અગ્રણીઓ ખૈબરમાં જઈને વસ્યા હતા અને ખૈબરના યહૂદીઓએ એમનું એવું ભવ્ય સ્વાગત અને સન્માન કર્યું કે સલ્લામ બિન અલ હુકૈક, હુય્ય બિન અખ્તબ અને કિનાના બિન રબીઅને પોતાના સરદાર માની લીધા. આ લોકો મુસલમાનો વિરૂધ્ધ રોષે ભરાયેલા હોવાથી વેરનો અગ્નિ એમની છાતીઓમાં ભડકે બળતો હતો. આથી તેમણે મદીના ઉપર એક જબરદસ્ત હુમલો કરવાની યોજના ઘડી કાઢી. આથી ત્રણેય જણા આ ઉદ્દેશ હેઠળ મક્કા ગયા અને કુરૈશના કાફિરોને મળીને કહ્યું કે જો તમે લોકો અમારો સાથ આપશો તો અમે લોકો મુસલમાનોનું અસ્તિત્વ નેસ્તો નાબૂદ કરી શકીએ છીએ. કુરૈશના કાફિરોને મન તો જાણે ભાવતું હતું ને વૈદ્યે કહ્યું ! એ લોકો તો આના જ ભૂખ્યા હતા. તરત જ એ

લોકોએ યહૂદીઓની વાતમાં સૂર પુરાવ્યો. કુરૈશ સાથે સાંઠગાંઠ કરી લીધા પછી એ ત્રણેય યહૂદીઓ "બનૂ ગત્ફાન" કબીલાના લોકો પાસે ગયા અને ખૈબરની અડધી આવક આપવાની લાલચ આપીને એ લોકોને પણ મુસલમાનો વિરુધ્ધ યુદ્ધ કરવા માટે તૈયાર કરી લીધા. ત્યારબાદ બનૂ ગુત્ફાને પોતાના હલીફ (સહપ્રતિજ્ઞા) એવા "બનૂ અસદ" કબીલાને પણ યુદ્ધ માટે તૈયાર કરી લીધો. બીજી બાજુ યહૂદીઓએ પણ "બનૂ સા'દ" કબીલાને પણ પોતાનો હિમાયતી બનાવી લીધો અને કુરૈશના કાફિરોએ પોતાના સગપણને કારણે "બનૂ સુલૈમ" કબીલાને પણ પોતાની સાથે ભેળવી લીધો. આમ અરબના તમામ કબીલાઓના કાફિરોએ સાથે મળીને એક વિશાળ લશ્કર તૈયાર કર્યું જેની સંખ્યા દસ હજાર હતી અને અબૂ સુફયાન આ લશ્કરનો સર સેનાપતિ બન્યો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ. ૧૦૪ થી ૧૦૫)*

## ★ મુસલમાનોની તૈયારી ★

અરબ કબીલાઓના તમામ કાફિરોના આ ગઠબંધન અને ભયંકર હુમલાના સમાચાર જ્યારે મદીના શરીફ પહોંચ્યા ત્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબીઓને એકઠા કરીને તેમની સાથે સલાહ મસલત કરી કે આ હુમલાનો સામનો કેવી રીતે કરવામાં આવે ? હઝરત સલમાન ફારસી رضی اللہ عنہ એ એવી સલાહ આપી કે જંગે ઉહદની જેમ શહેરમાંથી બહાર નીકળીને આટલી મોટી સેનાનો હુમલો મેદાનની લડાઈમાં રોકવું સુરક્ષાની દષ્ટિએ ઉચિત નથી આથી શહેરમાં રહીને આ હુમલો ખાળવામાં આવે અને શહેરની ફરતે જે બાજુએથી કાફિરોના હુમલાનો ભય વધુ છે ત્યાં એક ખંદક ખોદી લેવી જોઈએ જેથી કાફિરોની આખી સેના એકી સાથે હુમલો ન કરી શકે. મદીનાની ત્રણેય બાજુ મકાનોની સાંકળી શેરીઓ અને ખજૂરોના ઝુંડ હતા. આથી એ ત્રણેય બાજુથી હુમલો થવાની શક્યતા ન હતી. મદીનાની માત્ર એક બાજુ ખુલ્લી હતી. આથી એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે એ બાજુએ જ પાંચ વાર ઊંડી ખંદક ખોદવામાં આવે. આમ ૮ મી ઝી કઅદા હિ.સ. પાંચના રોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ત્રણ હજાર સહાબીઓને પોતાની સાથે લઈને ખંદક ખોદવાના કામમાં વ્યસ્ત થઈ ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂદ પોતાના દસ્તે મુબારકથી ખંદકની





હદબંદી ફર્માવી દીધી હતી અને દસ દસ ગઝ (વાર) ભૂમિ દસ દસ માણસો વચ્ચે વહેંચી દીધી હતી અને લગભગ ૨૦ દિવસોમાં આ ખંદક ખોદાઈને તૈયાર થઈ ગઈ હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૬૮ થી ૧૭૦)*

હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખંદક પાસે તશરીફ લાવ્યા અને જ્યારે જોયું કે અન્સાર અને મુહાજિરો સખત ઠંડીમાં વહેલી સવારે અનેક ફાકાઓ છતાં ઉત્સાહભેર ખંદક ખોદવામાં વ્યસ્ત છે ત્યારે ખૂબ પ્રભાવિત થઈને આપે આ રજઝ પઢવાની શરૂઆત કરી દીધી.

અલ્લાહુમ-મ ઈન્નલ ઐશ ઐશુલ આખિરતિ
ફગ્ફિફિરલ અન્સાર વલ્ મુહાજિરતિ

હે અલ્લાહ ! નિશ્ચિતપણે જીવન તો બસ આખેરતનું જ જીવન છે. આથી તું અન્સાર અને મુહાજિરોને બક્ષી દે.

એના જવાબમાં અન્સાર અને મુહાજિરોએ એકી અવાજે આ પઢવાનું ચાલુ કર્યું કે :–

નહ્નુલ્ લઝીન બાયઊ મુહમ્મદા
અલલ્ જિહાદિ મા બકીના અબદા

અમે એ લોકો છીએ કે જેમણે જેહાદ પર હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બૈઅત કરી દીધી છે, જ્યાં સુધી અમે જીવતા રહીશું હમેશાં હંમેશને માટે. *(બુખારી ગઝવએ ખંદક, ભાગ–૨, પેજ–૫૮૮)*

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ કહે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાતે પણ ખંદક ખોદતા અને માટી ઉપાડી ઉપાડીને ફેંકતા હતા. આ કામ આપે એટલી હદે કર્યું કે આપના પવિત્ર પેટ ઉપર માટીનું એક થર જામી ગયો હતો અને માટી ઉપાડતી વખતે સહાબીઓનો ઉત્સાહ વધારવા આપ "રજઝ"ની આ પંક્તિઓ પઢતા હતા :–

વલ્લાહિ લૌલલ્લાહિ મહ્તદૈના
વલા ત-સદ્દક્ના વલા સલ્લૈના

ખુદાના સોગંદ ! જો અલ્લાહનો ફઝલ ન હોત તો અમને હિદાયત (માર્ગદર્શન) ન મળી હોત અને અમે સદકા આપતા ન હોત કે નમાઝ પઢતા ન હોત.

ફ-અન્ઝિલ્ સકીન-તન અલૈના
વ-ષબ્બિતિલ્ અકદા-મ ઈન લાકૈના

આથી હે અલ્લાહ ! તું અમારા હૃદયોને શાંતિ આપ અને યુદ્ધ વખતે અમને અડગ રાખ.

ઈન્નલ ઊલા કદ બગૌ અલૈના
ઈઝા અરાદૂ ફિત્નતન અબૈના

નિશ્ચિતપણે આ કાફિરોએ અમારી ઉપર જુલમ કર્યો છે અને જ્યારે જ્યારે એમણે ફિત્નો ફેલાવવાનો ઈરાદો કર્યો ત્યારે ત્યારે અમે તેમને ના પાડી દીધી છે.

શબ્દ ''અબૈના''ને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વારંવાર ઊંચા અવાજે દોહરાવતા હતા.

## ★ એક અજબ શિલા ★

હઝરત જા'બિર رضی اللہ عنہ એ બયાન ફર્માવ્યું છે કે ખંદક ખોદતી વખતે એકાએક એક એવી શિલા નીકળી કે જે કોઈનાથી પણ તૂટતી ન હતી. જ્યારે અમે બારગાહે રિસાલતમાં આ વાત રજૂ કરી ત્યારે આપ ઉઠયા. ત્રણ દિવસનો ફાકો હતો, પવિત્ર પેટે પથ્થરની પાટો બાંધેલી હતી. તેમ છતાં જ્યારે આપે પોતાના પવિત્ર હાથ વડે ફાવડો માર્યો ત્યારે એ શિલા રેતીના ઢગલાની જેમ વિખેરાઈ ગઈ. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૮૮, ખંદક)*

અને એક રિવાયત આ પણ છે કે આપે પથ્થરની એ શિલા ઉપર ત્રણ વખત ફાવડાના ઘા કર્યા અને દરેક ઘા વખતે તેમાંથી એક પ્રકાશ નીકળતો હતો અને એ પ્રકાશમાં આપે સીરિયા, ઈરાન અને યમનના પ્રદેશો જોઈ લીધા હતા અને એ ત્રણેય દેશો ઉપર વિજય મળવાની બશારત સહાબીઓને આપી દીધી હતી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૦૯ અને મદારિજ, ભાગ–૨, પેજ–૧૬૯)*

અને નિસાઈની રિવાયતમાં છે કે આપે કિસરાના શહેરો, કૈસરના શહેરો અને હબ્શાના શહેરો ઉપર વિજય પ્રાપ્તિનો એલાન ફર્માવ્યો હતો. *(નિસાઈ, ભાગ–૨, પેજ–૬૩)*





## ★ હઝરત જા'બિરની દા'વત ★

હઝરત જા'બિર رضی اللہ عنہ કહે છે કે ફાકાને કારણે આપના પવિત્ર પેટ પર પથ્થર બાંધેલા જોઈને મારું મન ભરાઈ ગયું હતું. આથી હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પરવાનગી મેળવીને મારા ઘરે આવ્યો અને મારી પત્નીને કહ્યું કે મેં નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એવી તીવ્ર ભૂખની સ્થિતિમાં જોયા છે કે એ માટે ધીરજ ધરવાની શક્તિ મારામાં નથી. ઘરમાં કંઈક ખાવાનું છે કે ?! પત્નીએ જવાબ આપ્યો કે ઘરમાં એક સાઅ જવ સિવાય બીજું કશું જ નથી. મેં કહ્યું કે તમે ઝડપથી એ જવ દળીને લોટ બાંધી નાખો અને પોતાના ઘરનું પાળેલુ એક બકરીનું બચ્ચું ઝબહ કરીને મેં તેની બોટીઓ કરી નાખી અને પત્નીને કહ્યું કે ઝડપથી તમે ગોશ્ત, રોટી તૈયાર કરી લો. હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બોલાવીને લાવું છું. ઘરમાંથી નીકળતી વખતે પત્નીએ કહેલું કે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને તેમના થોડાક જ સહાબીઓને સાથે લાવજો, ખાવાનું ઓછું છે. ક્યાંક મારી બદનામી ન થઈ જાય ! હઝરત જા'બિર رضی اللہ عنہ એ ખંદક ઉપર આવીને ધીમેથી અરજ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એક સાઅ લોટની રોટલીઓ અને એક બકરીના બચ્ચાનું માંસ મેં ઘરે તૈયાર કરાવ્યું છે આથી આપ માત્ર થોડાક જ સહાબીઓ સાથે આવીને જમી લો. આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, અય ખંદકવાળા ! જાબિરે ખાવાનું આમંત્રણ આપ્યું છે માટે સૌ લોકો તેમના ઘરે ચાલીને ખાણું ખાઈ લો. ત્યાર પછી મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યાં સુધી હું ન આવી જાઉં રોટલી તૈયાર ન કરાવશો. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તશરીફ લાવીને લોટમાં પોતાનો લુઆબે દહન (પવિત્ર થૂંક મુબારક) ભેળવીને બરકતની દુઆ ફર્માવી અને ગોશ્તની હાંડીમાં પણ આપે પોતાનું લુઆબે દહન નાખ્યુ. ત્યાર પછી રોટલી તૈયાર કરવાનો હુકમ ફર્માવ્યો. અને ફર્માવ્યું કે હાંડી ચૂલા પરથી ઉતારશો નહીં. ત્યાર પછી રોટલીઓ તૈયાર થવા માંડી અને હાંડીમાંથી હઝરત જા'બિર رضی اللہ عنہ ની પત્નીએ માંસ કાઢી કાઢીને આપવાનું શરૂ કર્યું. એક હજાર માણસોએ પેટ ભરીને ખાધું તેમ છતાં બાંધેલો લોટ જેટલો હતો તેટલો જ રહ્યો અને હાંડી પણ સગડી પર હતી તેવી જ રીતે ઉકળતી હતી. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ. ૫૮૯, ગઝ્વએ ખંદક)*

## ★ બરકતવાળી ખજૂરો ★

આવી જ રીતે એક છોકરી પોતાના હાથમાં કેટલીક ખજૂરો લઈને આવી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું કે આ શું છે ? છોકરીએ જવાબ આપ્યો કે થોડીક ખજૂરો છે જે મારી માએ મારા પિતાના નાશ્તા માટે મોકલી છે. આપે એ ખજૂરો પોતાના હાથમાં લઈ લીધી અને ત્યારબાદ એક કપડા પર વિખેરી દીધી અને બધા ખંદકવાળાઓને બોલવાની ફર્માવ્યું કે પેટ ભરીને ખાઓ. બધા જ ખંદકવાળાઓએ ધરાઈને એ ખજૂરો ખાઈ લીધી. *(મદારિજુન નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૬૯)*

આ બંને ઘટનાઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ પૈકીની છે.

## ★ ઈસ્લામી દળોની મોરચાબંદી ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખંદક તૈયાર થઈ ગયા પછી સ્ત્રીઓ અને બાળકોને મદીના શરીફના સુરક્ષિત કિલ્લાઓમાં એકઠા કરી દીધા અને મદીના પર હઝરત ઈબ્ને ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ ને પોતાનો ખલીફા બનાવીને ત્રણ હજાર મુહાજિર અને અન્સાર સાથે મદીનાથી બહાર નીકળીને સલઅ પર્વતની તળેટીમાં રોકાયા. સલઅ પર્વત આપની પીઠ પાછળ હતો અને આપની સામે ખંદક હતી. મુહાજિરોનો ઝંડો હઝરત ઝૈદ બિન હારિષાના હાથમાં આપ્યો અને અન્સારનો અલમબર્દાર હઝરત સઅદ બિન ઉબાદહ رضی اللہ عنہ ને બનાવ્યો. *(ઝુર્કાની, ભાગ–૨)*

## ★ કાફિરોનું આક્રમણ ★

કુરૈશના કાફિરો અને તેમના સંગઠનકારીઓએ દસ હજારના લશ્કર સાથે મુસલમાનો ઉપર આક્રમણ કરી દીધું અને ત્રણે બાજુથી કાફિરોનું લશ્કર જોરશોરથી મદીના ઉપર ઉમટી પડયું. તેના લીધે શહેરના વાતાવરણમાં ધૂળની ડમરીઓ ઉડવા લાગી. એ ભયંકર આક્રમણ અને કાફિરોના લશ્કરી દળોની મોરચાબંદીનું ચિત્રણ કુર્આનની ભાષામાં સાભંળીએ :–





اِذْ جَآءُوْكُمْ مِّنْ فَوْقِكُمْ وَ مِنْ اَسْفَلَ مِنْكُمْ وَ اِذْ زَاغَتِ الْاَبْصَارُ وَ بَلَغَتِ الْقُلُوْبُ الْحَنَاجِرَ وَ تَظُنُّوْنَ بِاللّٰهِ الظُّنُوْنَا ۟ هُنَالِكَ ابْتُلِيَ الْمُؤْمِنُوْنَ وَ زُلْزِلُوْا زِلْزَالًا شَدِيْدًا ۟

''જયારે કાફિરો તમારા ઉપર (ચડાઈ કરવા) આવી ગયા. તમારી ઉપરથી, તમારી નીચેથી અને જયારે તમારી નિગાહો સ્થગિત થઈ ગઈ અને (તમારા) હૃદય (ભયથી) ગળાં સુધી આવી ગયાં અને તમે અલ્લાહ પર (આશા અને નિરાશા સાથે) જાત જાતની શંકાઓ કરવા લાગ્યા. એ સ્થળે મુસલમાનોને કસોટી અને પરીક્ષામાં નાંખવામાં આવ્યા અને તેમને ભયંકર ભૂકંપથી હચમચાવી મૂકવામાં આવ્યા.'' *(સૂરએ અહ્ઝાબ)*

ખભે ખભા મિલાવીને મુસલમાનો સાથે ઊભેલા મુનાફિકો કાફિરોના વિશાળ લશ્કરને જોતાંની સાથે જ ડરપોક બની ત્યાંથી સરકી ગયા અને ત્યારે એમના મનની ખોટ ખુલ્લી પડી ગઈ. એ લોકોએ પોતાના ઘરે જવાની પરવાનગી માંગવાનું શરૂ કરી દીધું. જેમ કે કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે કે :–

وَ يَسْتَاْذِنُ فَرِيْقٌ مِّنْهُمُ النَّبِيَّ يَقُوْلُوْنَ اِنَّ بُيُوْتَنَا عَوْرَةٌ ۛؕ وَ مَا هِيَ بِعَوْرَةٍ ۚۛ اِنْ يُّرِيْدُوْنَ اِلَّا فِرَارًا ۟ (احزاب)

''અને તે પૈકી (મુનાફિકો)નો એક જૂથ નબી પાસે પરવાનગી માગતો હતો. મુનાફિકો કહે છે કે, અમારા ઘર ખુલ્લાં પડયાં છે. જો કે એ ખુલ્લાં ન હતાં. એમનો હેતુ ભાગી જવા સિવાય બીજો કશો જ ન હતો.'' *(અહઝાબ)*

પરંતુ ઈસ્લામના જાંનિષાર મુહાજિરો અને અન્સારોએ જયારે કાફિરોના લશ્કરની તોફાની યલ્ગાર (હુમલો) જોઈ ત્યારે પોતાની છાતીને એવી રીતે ઢાલ બનાવીને અડીખમ બની ગયા કે સલઅ અને ઉહદની પહાડીઓ એ મુજાહિદોને આશ્ચર્યચકિત થઈને જોવા લાગી. એ જાંનિષારોની ઈમાની વીરતાની છબી કુર્આનના પૃષ્ઠો પર લેખિત સ્વરૂપમાં જોઈએ, ઈર્શાદે રબ્બાની છે કે :–

وَ لَمَّا رَاَ الْمُؤْمِنُوْنَ الْاَحْزَابَ ۙ قَالُوْا هٰذَا مَا وَعَدَنَا اللّٰهُ وَ

**તર્જુમો** : ''અને જયારે મુસલમાનોએ કાફિરોના કબીલાઓના લશ્કરીદળો જોયાં તો

બોલી ઉઠયા કે આ તો એ જ દશ્ય છે જેનો અલ્લાહ અને તેના રસૂલે અમને વચન આપ્યો હતો. અને ખુદા તથા એના રસૂલ બંને સાચા છે. અને એણે એમના ઈમાન અને આજ્ઞાંકિતતામાં વધારો કરી દીધો." (સૂરએ અહઝાબ)

رَسُوْلُهٗ وَصَدَقَ اللّٰهُ وَ رَسُوْلُهٗ وَمَا زَادَهُمْ اِلَّآ اِيْمَانًا وَّتَسْلِيْمًا ؕ

## ★ બનૂ કુરૈઝાનો દગો ★

બનૂ કુરૈઝા કબીલાના યહૂદીઓ અત્યાર સુધી તો નિષ્પક્ષ રહ્યા હતા પરંતુ બનૂ નુઝૈરના યહૂદીઓએ તેમને પણ પોતાની સાથે ભેળવી લેવાના પ્રયાસો આદર્યા. આથી હુય્ય બિન અખ્તબ, અબૂ સુફયાનની સલાહથી બનૂ કુરૈઝાના સરદાર કઅબ બિન સઅદ પાસે ગયો. પહેલાં તો એણે પોતાનું બારણું ઉઘાડયું નહીં અને કહ્યું કે અમે મુહમ્મદ ﷺ ના હલીફ (વચનબદ્ધ) છીએ અને અમે હંમેશ તેમને પોતાના વચનનું પાલન કરનાર જોયા છે આથી અમે તેમની સાથે વચનભંગ કરવાને અનૈતિક ગણીએ છીએ. પરંતુ બનૂ નુઝૈરના યહૂદીઓએ એવો સખત આગ્રહ કર્યો અને એવી એવી રીતે ઉશ્કેરણી કરી કે છેવટે કા'બ બિન અસદ કરારભંગ માટે રાજી થઈ ગયો. બનૂ કુરૈઝા જયારે કરારભંગ કરીને કાફિરો સાથે ભળી ગયા ત્યારે મક્કાના કાફિરો અને અબૂ સુફયાન ખુશીથી ફૂલાઈ ગયા.

હુઝૂરે અકદસ ﷺ ને જયારે આ સમાચાર મળ્યા ત્યારે આપે હઝરત સઅદ બિન ઉબાદહ અને હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ ને વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવવા માટે બનૂ કેરૈઝા પાસે મોકલ્યા. ત્યાં જઈને તેમને ખબર પડી કે બનૂ કુરૈઝાએ ખરેખર કરારભંગ કર્યો છે. જયારે આ બંને સહાબીઓએ બનૂ કુરૈઝાને તેમનો કરાર યાદ દેવડાવ્યો ત્યારે એ કમજાત યહૂદીઓએ અત્યંત નિર્લજજત સાથે એટલે સુધી કહી દીધું કે અમે કશું જ નથી જાણતા કે મુહમ્મદ ﷺ કોણ છે ? અને કરાર કોને કહેવામાં આવે છે ? અમારો કોઈ જ કરાર થયો નથી ! આ સાંભળીને બંને સહાબીઓ પાછા આવી ગયા અને પરિસ્થિતિની હુઝૂર ﷺ ને વાકેફ કર્યા. ત્યારે આપે ઊંચા અવાજથી "અલ્લાહુ અકબર"નો





પોકાર કરીને ફર્માવ્યું, હે મુસલમાનો ! તમે એનાથી ગભરાશો નહીં કે એનો ગમ કરશો નહીં, એમાં તમારા માટે ખુશખબરી છે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૩)*

કાફિરોની સેના આગળ વધી ત્યારે સામે ખંદક જોઈને ઊભી રહી ગઈ અને મદીના શહેરનો ઘેરાવ કરી લીધો અને તેઓ લગભગ એક મહિના સુધી મદીનાનો ઘેરાવ કરીને પડયા રહ્યા અને આ ઘેરાવ એવો કડક હતો કે હુઝૂર ﷺ અને સહાબાને ઉપરાછાપરી સંખ્યાબંધ સમયે ફાકા કરવા પડયા હતા.

કાફિરોએ એક બાજુ તો ખંદકનો ઘેરાવ કર્યો હતો અને બીજી બાજુ એટલા માટે હુમલો કરવા માગતા હતા કે મુસલમાનોની મહિલાઓ અને બાળકો કિલ્લામાં આશ્રય લઈને બેઠા હતાં પરંતુ હુઝૂર ﷺ એ જેવી રીતે ખંદકના વિવિધ ભાગો પર જુદા જુદા સહાબાએ કિરામને ગોઠવ્યા હતા કે તેઓ સતત કાફિરોનો મુકાબલો કરતા રહે તેવી જ રીતે મહિલાઓ અને બાળકોની સુરક્ષા ખાતર પણ કેટલાક સહાબાએ કિરામને ગોઠવ્યા હતા.

## ★ અન્સારની ઈમાની વીરતા ★

ઘેરાવને કારણે મુસલમાનોની પરેશાની જોઈને હુઝૂરે અકરમ ﷺ એ વિચાર્યુ કે ક્યાંક મુહાજિરો અને અન્સાર હિંમત ન હારી જાય. આથી આપે ઈરાદો ફર્માવ્યો કે, ગત્ફાન કબીલાના સરદાર ઉયૈના બિન હિસન સાથે એ શરતે સંધિ કરી લેવી કે એ મદીનાનું એક તૃત્યાંશ કૃષિ ઉત્પાદન લઈ લે અને મક્કાના કાફિરોનો સાથ છોડી દે. પરંતુ જયારે હઝરત સાઅદ બિન મુઆઝ અને હઝરત સઅદ બિન ઉબાદહ رضی اللہ عنہ સામે પોતાનો આ વિચાર વ્યક્ત કર્યો ત્યારે એ બંને જણાએ અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! જો આ બાબતે વહી ઉતરી હોય ત્યારે તો એનો ઈન્કાર કરવાની અમારી શી મજાલ ! અને જો આ એક અભિપ્રાય હોય તો યા રસૂલલ્લાહ ! જયારે અમે કાફિર હતા ત્યારે પણ ગત્ફાન કબીલાના લોકો અમારી એક ખજૂર ન લઈ શક્યા ! અને હવે જયારે અલ્લાહ તઆલાએ અમને ઈસ્લામ અને આપની ગુલામીના સન્માનથી અમારા મસ્તકો ઉન્નત

કર્યા છે તો પછી એ કેવી રીતે શક્ય હોય શકે કે અમે પોતાનો માલ એ કાફિરોને સાંપી દઈશું ? અમે એ કાફિરોને ખજૂરોની નહીં પણ ભાલાઓ અને તલવારોના ઘાની ભેટ ધરતા રહીશું ! એટલે સુધી કે અલ્લાહ તઆલા અમારી અને તેમની વચ્ચે ચુકાદો આપી દેશે. આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખુશ થઈ ગયા અને આપને પૂરો પૂરો સંતોષ થઈ ગયો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૩)*

ખંદકને કારણે એકબીજા સાથે હાથોહાથની લડાઈ થઈ શક્તી ન હતી અને કાફિરો આશ્ચર્યચકિત હતા કે આ ખંદકને કેવી રીતે પાર કરીએ ? પરંતુ બંને બાજુથી દરરોજ તીરોનો જોરદાર મારો થતો હતો. છેવટે એક દિવસ અમ્ર બિન અબ્દે વુદ, અક્રમા બિન અબૂ જહલ, હુબૈરા બિન વહબ અને ઝર્રાર બિન અલ ખત્તાબ વગેરે કાફિરોના કેટલાક વીરોએ બનૂ કનાનાથી કહ્યું કે, ઉઠો આજે મુસલમાનો સાથે યુદ્ધ કરીને તેમને દેખાડી દો કે તાકતવર કોણ છે ? આથી આ બધાય ખંદક પાસે ગયા અને એક એવી જગ્યાએથી જ્યાં ખંદકની પહોળાઈ ઓછી હતી ઘોડો કુદાવીને ખંદક પાર કરી દીધી.

## ★ અમ્ર બિન અબ્દે વુદ મરાયો ★

સૌથી આગળ અમ્ર બિન અબ્દે વુદ હતો જો કે એ નેવું વર્ષનો ખુર્રાટ ડોશો હતો તેમ છતાં એક હજાર સવારો જેટલો વીર મનાતો હતો. એ બદરના યુદ્ધમાં ઘાયલ થઈને ભાગી છૂટયો હતો અને એણે એવા સોગંદ ખાધા હતા કે જ્યાં સુધી મુસલમાનો સાથે વેર નહીં વાળું ત્યાં સુધી માથામાં તેલ નહીં નાખું. એ આગળ વધ્યો અને બૂમો પાડીને મુકાબલાનું આમંત્રણ આપવા લાગ્યો. ત્રણવાર એ બોલ્યો કે કોણ છે ?! જે મારા મુકાબલે આવે છે ? ત્રણેય વખત હઝરત અલી શેરે ખુદાએ ઊભા થઈ જવાબ આપ્યો કે, "હું !" હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને અટકાવતાં ફર્માવ્યું કે, આ અમ્ર બિન અબ્દે વુદ છે. હઝરત શેરે ખુદા رضی اللہ عنہ એ અરજ કરી કે, "જી હા ! હું જાણું છું કે આ અમ્ર બિન અબ્દે વુદ છે તેમ છતાં હું એની સાથે યુદ્ધ કરીશ. આ સાંભળીને તાજદારે નબુવ્વત صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ખાસ તલવાર ઝુલફિકાર પોતાના દસ્તે મુબારકથી હૈદરે કર્રારના મુકદસ હાથોમાં





એનાયત કરી અને પોતાના મુબારક હાથો વડે એમના પુરનૂર માથે અમામા શરીફ બાંધીને આ દુઆ ફર્માવી, "યા અલ્લાહ ! તું અલીની મદદ ફર્માવ !" હઝરત અસદુલ્લાહુલ ગાલિબ અલી બિન તાલિબ رضی اللہ عنہ મુજાહિદાના શાનથી એની સામે ઊભા થયા અને બંને વચ્ચે આ પ્રમાણેના સંવાદો થયા :

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : હે અમ્ર બિન અબ્દે વુદ ! તું મુસલમાન થઈ જા !

**અમ્ર બિન અબ્દે વુદ** : આ મારાથી હરગિઝ હરગિઝ થઈ શકે નહીં.

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : લડાઈમાંથી પાછો જતો રહે !

**અમ્ર બિન અબ્દે વુદ** : એ મને સ્વીકાર્ય નથી !

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : તો પછી મારી સાથે યુદ્ધ કર !

**અમ્ર બિન અબ્દે વુદ** : હસીને કહ્યું કે, હું ક્યારેય એમ વિચારી પણ શક્તો ન હતો કે દુનિયામાં કોઈ મને યુદ્ધ કરવાનું આમંત્રણ આપશે.

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : પરંતુ હું તારી સાથે લડવા માંગું છું.

**અમ્ર બિન અબ્દે વુદ** : તમારું નામ શું છે ?

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : અલી બિન અબી તાલિબ.

**અમ્ર બિન અબ્દે વુદ** : હે ભત્રીજા ! તમે હજી ખૂબ નાની ઉંમરના છો. હું તમારું લોહી વહેવડાવવાનું પસંદ કરતો નથી.

**હઝરત અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم : પણ તમારું લોહી વહેવડાવવાનું મને ખૂબ ગમે છે.

અમ્ર બિન અબ્દે વુદ લોહી ઉકાળી દેનાર આ ગરમા ગરમ વાક્યો સાંભળીને ગુસ્સામાં રાતો પીળો થઈ ગયો. હઝરત અલી શેરે ખુદા પેદલ હતા અને એ સવાર હતો એને લાજ આવી તો એ ઘોડા ઉપરથી ઉતરી પડયો અને પોતાની જ તલવાર વડે પોતાના ઘોડાના પગ કાપી નાખ્યા અને ઉઘાડી તલવાર લઈને આગળ વધ્યો અને હઝરત શેરે ખુદા ઉપર તલવારનો જો ઘા કર્યો. હઝરત શેરે ખુદાએ તલવારનો એ ઘા પોતાની ઢાલ પર રોક્યો. એ ઘા એટલો જોરદા હતો કે તલવાર ઢાલ અને પાઘડીને કાપીને કપાળે વાગી હતી. જો કે કપાળ ઉપરનો એ ઘા ઊંડો ન હતો તેમ છતાં

એની નિશાની જિંદગીભર આપના કપાળે યાદગાર બની રહી હતી. હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم એ તડપીને એને પડકાર કર્યો, ''હે અમ્ર ! સંભાળ હવે વારો છે.'' એમ કહીને અસદુલ્લાહુલ ગાલિબે (અલ્લાહના વિજયી સિંહે) એવો માપસરનો ઘા કર્યો કે તલવાર દુશ્મનના ખભાને કાપતી છેક કમરથી પાર નીકળી ગઈ અને એ તરફડિયા ખાતો જમીન પર પડયો અને આંખના પલકારામાં જ મરીને દોઝખમાં પહોંચી ગયો ! અને એવું લાગ્યું જાણે કે રણભૂમિ પોકારી પોકારીને કહી રહી હોય :–

શાહે મર્દાં, શેરે યઝ્દાં કુવ્વતે પરવરદિગાર
લા ફતા, ઈલ્લા અલી, લા સૈફ ઈલ્લા ઝુલ્ ફિકાર

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એને કતલ કરી મોં ફેરવીને ચાલી નીકળ્યા. હઝરત ઉમર رضي الله عنه એ કહ્યું કે હે અલી ! આપે અમ્ર બિન અબ્દે વુદનું બખ્તર કેમ ન ઉતારી લીધું ? આખા અરબ દેશમાં એનાથી વધુ સારું બીજું કોઈ બખ્તર નથી. આપે ફર્માવ્યું કે, હે ઉમર ! ઝુલ્ફિકારના ઘાને કારણે તે એવી રીતે વ્યાકુળ થઈને જમીન પર પછડાયો કે એની શર્મગાહ (ગુપ્તાંગ) ખુલ્લી થઈ, આથી શરમને કારણે મેં મોં ફેરવી લીધું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૪ થી ૧૧૫)*

## ★ નૌફલની લાશ ★

ત્યારબાદ નૌફલ ગુસ્સે થઈ ફૂંફાડા મારતો મેદાનમાં નીકળ્યો અને પોકારવા લાગ્યો કે મારી સામે કોણ આવે છે ? હઝરત ઝુબૈર બિન અલ અવ્વામા رضي الله عنه વીજળી વેગે તેના પર તૂટી પડયા અને એના પર તલવારનો એવો ઘા કર્યો કે એના બે ટુકડા થઈ ગયા. અને તલવાર જીન કાપીને ઘોડાની કમર સુધી પહોંચી ગઈ. લોકો બોલ્યા, ''હે ઝુબૈર ! તમારી તલવાર તો અજોડ છે ! આ સાંભળીને આપ બોલ્યા, તલાવર શું છે ? કાંડામાં કૌવત અને ઘા કરવામાં નિપૂણતા જોઈએ. હુબૈરા અને ઝરાર પણ દબદબાભેર આગળ આવ્યા પરંતુ જ્યારે ઝુલ્ફિકારનો ઘા જોયો તો કાંપી ઉઠયા અને ફરાર થઈ ગયા. કાફિરોના ખંદક પાર કરીને આવેલા બાકીના ઘોડેસવારો પણ મેદાન છોડી ભાગી ગયા અને અબૂ જહલનો પુત્ર અક્રમા તો એવી રીતે બેબાકળો બનીને પોતાનો ભાલો ફેંકીને ભાગી ગયો કે છેક ખંદકને





પાર પહોંચીને જ એણે ચેનનો □ાસ લીધો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૫)*

કેટલાક ઈતિહાસકારોના મત અનુસાર હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ નૌફલની કતલ કરી હતી અને કેટલાકના મત અનુસાર નૌફલ હુઝૂર صلى الله تعالى عليه وسلم ઉપર હુમલો કરવાના ઈરાદે પોતાનો ઘોડો કુદાવી ખંદક પાર કરવા જતો હતો કે જાતે જ ખંદકમાં પડી ગયો અને એની ડોક તૂટી ગઈ અને તે મૃત્યુ પામ્યો. મક્કાના કાફિરોએ દસ હજાર દિરહમને બદલે તેનો મૃતદેહ મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી જેથી તેઓ એને સન્માનપૂર્વક દફનાવી શકે પરંતુ હુઝૂર عليه الصلاة والسلام એ એમની પાસેથી રકમ સ્વીકારવાનો ઈન્કાર ફર્માવી દીધો. અને ઈર્શાદ ફર્માવ્યો કે આ મૃતદેહ સાથે હવે અમારે કશી જ લેવડદેવડ નથી. મુશ્રિકો એને લઈ જાય અને દફન કરે અમને તેની સામે કશો જ વાંધો નથી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૪)*

એ દિવસનો હુમલો અત્યંત ભારે હતો. આખો દિવસ લડાઈ ચાલુ રહી અને બંને બાજુથી બાણો અને પથ્થરોનો મારો સતત ચાલુ રહ્યો. અને કોઈપણ મુજાહિદનું પોતાની જગ્યાએથી સહેજ પણ ખસવું મુશ્કેલ હતું. એવામાં ખાલિદ બિન વલીદે પોતાની સેના સાથે એક સ્થળેથી ખંદક ઓળંગી લીધી અને એકાએક હુઝૂર صلى الله تعالى عليه وسلم ના તંબુ ઉપર હુમલો કર્યો. પરંતુ હઝરત ઉસૈદ બિન હુઝૈર رضي الله عنه એ એને જોઈ લીધો અને ૨૦૦ મુજાહિદોને સાથે લઈને દોડી ગયા અને ખાલિદ બિન વલીદની ટુકડી સાથેની લડાઈમાં ટકરાઈ પડયા અને અડગ રહીને લડયા આથી જ કાફિરો પવિત્ર તબું (ખૈમએ અતહર) સુધી પહોંચી શકયા નહીં. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૭)*

એ ઘમસાણ યુદ્ધમાં હુઝૂર صلى الله تعالى عليه وسلم ની અસરની નમાઝ કઝા થઈ ગઈ. બુખારી શરીફની રિવાયત છે કે હઝરત ઉમર رضي الله عنه ખંદકના યુદ્ધના દિવસે સૂર્યાસ્ત થયા બાદ કાફિરોને ભલુ બુરું સંભળાવતા બારગાહે રિસાલતમાં હાજર થયા અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! હું અસરની નમાઝ પઢી શકયો નથી. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ફર્માવ્યું કે, મેં પણ હજી સુધી અસરની નમાઝ પઢી નથી. ત્યારબાદ આપે બુતહાનના મેદાનમાં સૂર્યાસ્ત થયા પછી અસરની નમાઝની કઝા પઢી અને ત્યારબાદ મગરિબની નમાઝ અદા કરી અને કાફિરોના હક્કમાં આ દુઆ કરી :–

"અલ્લાહ એ મુશ્રિકોનાં ઘરો અને તેમની કબરોને આગથી ભરી દે. એ લોકોએ અમને અસરની નમાઝ (નમાઝે વુસ્તા) પઢતાં અટકાવી દીધા એટલે સુધી કે સૂર્યાસ્ત થઈ ગયો. *(બુખારી, ભાગ–૨, પેજ–૫૯૦)*

مَلَأَ اللّٰهُ بُيُوْتَهُمْ وَقُبُوْرَهُمْ نَارًا كَمَا شَغَلُوْنَا عَنِ الصَّلٰوةِ الْوُسْطٰى حَتّٰى غَابَتِ الشَّمْسُ

જંગે ખંદકના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ દુઆ પણ કરી હતી :

"હે અલ્લાહ ! હે આકાશી પુસ્તક ઉતારનાર ! સત્વરે હિસાબ લેનાર ! તું આ કાફિરોના દળોને પરાજય આપી દે. હે અલ્લાહ ! એમને પરાજય આપ અને તેમને હચમચાવી મૂક !" *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૯૦)*

اَللّٰهُمَّ مُنْزِلَ الْكِتَابِ سَرِيْعَ الْحِسَابِ اَهْزِمِ الْاَحْزَابَ اَللّٰهُمَّ اَهْزِمْهُمْ وَزَلْزِلْهُمْ

## ★ હઝરત ઝુબૈરને ખિતાબ મળ્યો ★

ખંદકના યુદ્ધ પ્રસંગે જ્યારે કાફિરો મદીના શરીફનો ઘેરો ઘાલીને પડયા હતા અને કોઈપણ વ્યક્તિ માટે બહાર નીકળવું મુશ્કેલ હતું ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણ વાર ઈર્શાદ ફર્માવ્યો કે, છે કોઈ જે કાફિરોની કૌમના સમાચાર લાવી શકે ? ત્રણેય વખત હઝરત ઝુબૈર બિન અલ અવ્વામા કે જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફોઈ હઝરત સફિયા رضی اللہ عنہا ના સુપુત્ર છે તેમણે કહ્યું કે, "યા રસૂલલ્લાહ ! હું એમના સમાચાર લાવીશ." હઝરત ઝુબૈર رضی اللہ عنہ ની આ જાંનિસારીથી ખુશ થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

**અર્થાત** : દરેક નબી માટે હવારી (ખાસ સહાયકો) હોય છે અને મારો હવારી ઝુબૈર છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૯૦)*

لِكُلِّ نَبِيٍّ حَوَارِيٌّ وَ اِنَّ حَوَارِيَّ الزُّبَيْرُ

આમ હઝરત ઝુબૈર رضی اللہ عنہ ને બારગાહે રિસાલતથી હવારીનો ખિતાબ મળ્યો જે બીજા કોઈપણ સહાબીને મળ્યો નથી.

## ★ હઝરત સઅદ બિન મુઆઝની શરાફત ★

આ યુદ્ધમાં મુસલમાનોનું જાની નુકસાન ન ખૂબ ઓછું થયું હતું





એટલે કે કુલ ૬ મુસલમાનો જ શહાદતથી સરફરાઝ થયા હતા. પરંતુ અન્સારે સૌથી મોટી વિભૂતિ ગુમાવી હતી. એટલે કે હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ કે જેઓ અવસ કબીલાના સરદારે આ'ઝમ હતા. આ યુદ્ધમાં એક બાણથી ઘાયલ થઈ ગયા અને પછી તંદુરસ્ત ન થઈ શક્યા.

આપની શહીદીની ઘટના એવી છે કે, આપ એક નાનકડું બખ્તર પહેરીને યુદ્ધના જુસ્સામાં ભાલો (નેજો) લઈને લડવા જઈ રહ્યા હતા કે એવામાં ઈબ્નુલ અર્કા નામના કાફિરે એવો નિશાનો તાકીને બાણ છોડયું જેના વડે આપની "અકહલ" નામની એક ઘોરી નસ કપાઈ ગઈ. યુદ્ધ પૂરું થયા પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના માટ મસ્જિદે નબવીમાં એક તંબુ ઊભો કરાવ્યો અને એમનો ઈલાજ શરૂ કર્યો. ખૂદ પોતાના હાથે એમના ઘા પર બે વખત ડામ દીધો. એ જ સ્થિતિમાં આપ એકવાર બનૂ કુરૈઝા તશરીફ લઈ ગયા અને ત્યાં યહૂદીઓ વિશે પોતાનો એ ચુકાદો સંભળાવ્યો જેનો ઉલ્લેખ ગઝ્વએ કુરૈઝાના શિર્ષક હેઠળ આવશે. ત્યારપછી તેઓ પોતાના તંબુમાં પાછા તશરીફ લાવ્યા અને હવે તેમનો ઘા ભરાવા લાગ્યો હતો પરંતુ તેમણે શહીદી પામવાના ઉત્સાહમાં અલ્લાહ તઆલાથી આ દુઆ માંગી હતી :–

"હે અલ્લાહ ! તુ જાણે છે કે બીજી કોઈ કૌમના લોકો સાથે લડવાની મારી એવી અભિલાષા નથી જેવી કુરૈશના કાફિરો સાથે લડવાની તમન્ના છે જેમણે તારા રસૂલને જૂઠલાવ્યા અને તેમને તેમના વતનમાંથી દેશવટો આપ્યો. હે અલ્લાહ ! મારો વિચાર તો એ જ છે કે હવે તેં અમારી અને કુરૈશના કાફિરો વચ્ચે યુદ્ધનો અંત આણ્યો છે. પરંતુ જો હજીયે કુરૈશના કાફિરો સાથે કોઈ યુદ્ધ બાકી રહી ગયું હોય ત્યારે તો તું મને જીવતો રાખ જેથી હું તારા માર્ગમાં એ કાફિરો સાથે જેહાદ કરું અને હવે જો એ લોકો સાથે કોઈ યુદ્ધ બાકી રહ્યું ન હોય તો મારો આ ઘા ફાડી નાખ અને જે ઘાથી મને મૌત એનાયત કર !"

આપની આ દુઆ પૂરી થતાં જ એકદમ એકાએક આપનો એ ઘા ફાટી ગયો અને લોહી વહીને મસ્જિદે નબવીની અંદર બની ગિફારના તંબુ સુધી પહોંચી ગયું. એ લોકો ચોંકી ઉઠયા અને કહ્યું કે હે લોકો ! આ કેવું લોહી છે જે તમારા તંબુમાંથી વહીને અમારા સુધી આવી રહ્યું છે ? જ્યારે

લોકોએ જોયું તો હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ ના ઘામાંથી લોહી વહી રહ્યું હતું. એ જ ઘાને કારણે એમની વફાત થઈ ગઈ. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૯૧, બાબ મર્જઉન નબી મિનલ અહઝાબ)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, સઅદ બિન મુઆઝની મૌતથી અર્શે ઈલાહી કંપી ઉઠયો હતો અને એમના જનાઝામાં ૭૦ હજાર ફરિશ્તાઓએ હાજરી આપી હતી. અને જ્યારે એમની કબર ખોદવામાં આવી ત્યારે તેમાંથી (મુશ્ક)ની સુગંધ આવવા લાગી હતી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૪૩)*

વફાત સમયે હુઝૂરે અનવર صلی اللہ تعالیٰ علیہ وسلم એમના સરહાને તશરીફ ફર્મા હતા.

એમણે આંખ ખોલીને છેલ્લી વખત જમાલે નબુવ્વતના દીદાર કર્યા અને કહ્યું કે અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! ત્યારબાદ ઊંચા અવાજે કહ્યું કે, હું સાક્ષી પુરાવું છું કે, આપ અલ્લાહના રસૂલ છો અને આપે તબ્લીગે રિસાલતનો હક્ક અદા કરી દીધો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૮૧)*

## ★ હઝરત સફિયાની વીરતા ★

જંગે ખંદકમાં એક પ્રસંગ એવો પણ આવ્યો જ્યારે યહૂદીઓએ જોયું કે મુસલમાનોનું આખું લશ્કર ખંદક બાજુએ યુદ્ધમાં વ્યસ્ત છે. ત્યારે જે કિલ્લામાં મુસલમાનોની મહિલાઓ અને બાળકોએ આશ્રય લીધો હતો યહૂદીઓએ એકાએક હુમલો કરી દીધો અને એક યહૂદી બારણા સુધી પહોંચી ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફોઈ હઝરત સફિયા رضی اللہ عنہا પેલા યહૂદીને જોઈ ગયાં અને હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ને કહ્યું કે, તમે આ યહૂદીને કતલ કરી દો નહીંતર એ જઈને દુશ્મનોને અહીંની સ્થિતિ વિશેની માહિતી આપી દેશે. હઝરત હસ્સાન رضی اللہ عنہ એ વખતે પેલા યહૂદી ઉપર હુમલો કરવાનું સાહસ કરી શક્યા નહીં. આ જોઈને ખૂદ હઝરત સફિયા رضی اللہ عنہ એ તંબુની એક વળી ઉખાડીને એ યહૂદીના માથા પર એટલા જોશથી મારી કે એનું માથું ફાટી ગયું. પછી જાતે જ એનું માથું કાપીને કિલ્લાની બહાર ફેંકી દીધું. આ જોઈને હુમલો લઈને આવેલા યહૂદીઓને ખાતરી થઈ ગઈ કે ચોક્કસ કિલ્લાની અંદર પણ ફોજ મૌજૂદ છે. આ





ભયથી તેમણે ફરી એ બાજુ હુમલો કરવાનું સાહસ કર્યું જ નહીં. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૧)*

## ★ કાફિરોમાં કેવી રીતે નાસ પડી ?! ★

હઝરત નુઐમ બિન મસઊદ અશ્જઈ رضی اللہ عنہ ગત્ફાન કબીલાના અત્યંત પ્રતિષ્ઠિત સરદાર હતા અને કુરૈશ તથા યહૂદીઓ બંનેને એમના પર પૂરેપૂરો વિ□ાસ હતો. તેઓ મુસલમાન થઈ ચૂક્યા હતા પરંતુ કાફિરોને તેમના ઈસ્લામ અંગીકાર કરવાની માહિતી ન હતી. એમણે બારગાહે રિસાલતમાં એવી દરખાસ્ત કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જો આપ મને પરવાનગી આપો તો હું યહૂદીઓ અને કુરૈશ બંને સાથે એવી વાતચીત કરું જેનાથી બંનેમાં ફાટફૂટ પડી જાય. આપે આ વાતની પરવાનગી આપી દીધી. આથી તેમણે યહૂદીઓ અને કુરૈશ સાથે જુદી જુદી કંઈક એવી વાતો કરી જેથી ખરેખર બંનેમાં ફૂટ પડી ગઈ.

અબૂ સુફયાન સખત શરદીની મોસમ, લાંબો ઘેરાવ, સેનાનું રાશન સમાપ્ત થઈ જવાથી હેરાન પરેશાન હતો. જ્યારે એને એવી ખબર પડી કે યહૂદીઓએ અમારો સાથ છોડી દીધો છે ત્યારે એની હિંમત તૂટી ગઈ અને તે એકદમ ઉચાટ મનનો થઈ ગયો. ત્યારબાદ કાફિરોના લશ્કર પર કહ્હાર (કેર વર્તાવનાર)ના કેર અને જબ્બારના ગઝબનો એવો માર પડયો કે એકાએક પૂર્વ દિશામાંથી એવી તોફાની આંધી આવી કે દેગો ચૂલા પરથી ઉલ પલટ થઈ ગઈ. તંબુઓ ઉખડી ઉખડીને ઉડી ગયા અને કાફિરો દેશહત ખાઈને એવી રીતે હેબતાઈ ગયા કે તેમને ફરાર થવા સિવાયનો બીજો કોઈ જ વિકલ્પ ન મળ્યો. આ એ જ આંધી છે જેનો ઉલ્લેખ ખુદાવંદે કુદ્દૂસે કુર્આનમાં એવી રીતે બયાન ફર્માવ્યું છે કે :–

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا اذْكُرُوا نِعْمَةَ اللَّهِ عَلَيْكُمْ إِذْ جَاءَتْكُمْ جُنُودٌ فَأَرْسَلْنَا عَلَيْهِمْ رِيحًا وَجُنُودًا لَمْ تَرَوْهَا وَكَانَ اللَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرًا

"હે ઈમાનવાળાઓ ! ખુદાની એ નેઅમતને યાદ કરો જ્યારે તમારી ઉપર ફોજો ચડાઈ કરી ને આવી હતી ત્યારે અમે તેમના ઉપર આંધી મોકલી આપી અને એવી ફોજો મોકલી જે તેમને દેખાતી ન હતી. અને અલ્લાહ તમારા કામોને જોનાર છે." –*(સૂરએ અહઝાબ)*

અબૂ સુફિયાને પોતાની ફોજમાં એવી જાહેરાત કરી દીધી કે રાશન (ખાદ્યાન્નનો પુરવઠો) સમાપ્ત થઈ ચૂક્યું છે, મોસમ અત્યંત ખરાબ છે, યહૂદીઓએ આપણો સાથ છોડી દીધો છે. આથી હવે તેમનો ઘેરાવ બેકાર છે. એમ કહીને કૂચનો નગારો વગાડનારો હુકમ આપી દીધો અને ભાગી ગયો. ગત્ફાન કબીલાનું લશ્કર પણ રવાના થઈ ગયું. બનૂ કુરૈઝા પણ ઘેરાવ છોડીને પોતાના કિલ્લાઓમાં આવી ગયા અને એ લોકોના ભાગી જવાથી મદીનાનો આકાશ ધૂળથી સાફ થઈ ગયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૧૭૨ અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૧૬ થી ૧૧૮)*

## ★ ગઝ્વએ બની કુરૈઝા ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ગઝ્વએ ખંદકથી ફારેગ થઈને પોતાના મકાનમાં તશરીફ લાવ્યા અને શસ્ત્રો ઉતારીને ગુસલ ફર્માવ્યું, હજી તો શાંતિથી બેઠાય ન હતા કે એકાએક હઝરત જિબ્રઈલ علیہ السلام તશરીફ લાવ્યા અને કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે શસ્ત્રો ઉતારી નાખ્યાં છે પરંતુ અમો ફરિશ્તાઓની જમાઅતે હજી સુધી શસ્ત્રો ઉતાર્યાં નથી. અલ્લાહ તઆલાનો હુકમ છે કે આપ બની કુરૈઝા તરફ રવાના થાઓ કારણ કે એ લોકોએ કરારભંગ કરીને જાહેરમાં જંગે ખંદકમાં કાફિરો સાથે મળીને મદીના ઉપર હુમલો કર્યો છે. *(મુસ્લિમ, બાબે જવાઝે કિતાલ મિન નકઝિલ અહદ, ભાગ–૨, પેજ–૯૫)*

આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જાહેરાત કરી કે, લોકો હજી શસ્ત્રો ન ઉતારે અને બની કુરૈઝા તરફ રવાના થઈ જાય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાતે પણ શસ્ત્રો સજીને પોતાના "લુહૈફ" નામના ઘોડા પર સવાર થઈને લશ્કર સાથે ચાલી નીકળ્યા અને બની કુરૈઝાના એક કૂવા પાસે પહોંચી જઈને ઉતારો કર્યો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૨૮)*

બની કુરૈઝા પણ યુદ્ધ કરવા એકદમ તૈયાર જ હતા. આથી જ્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એમના કિલ્લાઓ પાસે પહોંચ્યા ત્યારે એ જુલ્મી અને વચનભંગ કરનાર યહૂદીઓએ હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને (મઆઝલ્લાહ) ગાળો આપી હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના કિલ્લાઓનો ઘેરાવ કરી લીધો. લગભગ એક મહિના સુધી આ ઘેરાવ ચાલુ રહ્યો.





યહૂદીઓએ કંટાળી જઈને એવી દરખાસ્ત રજૂ કરી કે :–

"હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ અમારા વિશે જે કંઈ નિર્ણય આપશે તે અમોને સ્વીકાર્ય છે."

હઝરત સઅદ બિન મુઆઝ رضی اللہ عنہ જંગે ખંદકમાં એક બાણથી ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા પરંતુ એ જ સ્થિતિમાં એક ગધેડા પર સવાર થઈને આપ બની કુરૈઝા ગયા અને આપે યહૂદીઓ વિશે આ ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો કે;

"લડનારી ફોજોને કતલ કરી દેવામાં આવે, મહિલાઓ અને બાળકોને બંદી બનાવી લેવામાં આવે અને યહૂદીઓના માલસામાનને માલે ગનીમત બનાવીને મુજાહિદોમાં વહેંચી દેવામાં આવે."

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપની જીભે આ ચુકાદો સાંભળીને ઈર્શાદ ફર્માવ્યો કે, નિશ્ચિતપણે તમોએ એ યહૂદીઓ વિશે એ જ ચુકાદો સંભળાવ્યો છે કે જે અલ્લાહનો ચુકાદો છે. *(મુસ્લિમ, ભાગ–૨, પેજ–૯૫)*

એ ચુકાદા અન્વયે બની કુરૈઝાની લડાયક ફોજો કતલ કરવામાં આવી અને મહિલાઓ તથા બાળકોને બંદી બનાવી લેવામાં આવ્યાં અને તેમના માલસામાનને ઈસ્લામના મુજાહિદોએ માલે ગનીમત બનાવી લીધો અને એ ઉપદ્રવી અને વચનભંગ કરનાર કબીલાના કાવતરા અને પ્રપંચોથી શાંતિપ્રિય મુસલમાનો હંમેશ માટે સુરક્ષિત થઈ ગયા.

યહૂદીઓના સરદાર હુચ્ય બિન અખ્તબને જ્યારે કતલ કરવા માટે વધસ્થાને (મક્તલમાં) લાવવામાં આવ્યો ત્યારે એણે કતલ થતાં પહેલાં આ શબ્દો ઉચ્ચાર્યા હતા;

હે મુહમ્મદ ! (صلی اللہ تعالیٰ علیہ وسلم) ખુદાના સોંગદ ! મને એ વાતનો જરાયે અફસોસ નથી કે મેં તમારી સાથે કેમ અદાવત કરી ? પરંતુ હકીકત એ છે કે જે કોઈ ખુદાને છોડી દે છે, ખુદા પણ એને છોડી દે છે. હે લોકો ! ખુદાના આદેશોના પાલનમાં કંઈ જ ગુમાવવાનું નથી. બની કુરૈઝાની કતલ અલ્લાહનો એક હુકમ હતો આ તૌરાતમાં લખેલું હતું. આ એક સજા હતી જે ખુદાએ બની ઈસ્રાઈલ પર લખી હતી. *(સીરત ઈબ્ને હિશ્શામ ગઝ્વએ કુરૈઝા, ભાગ–૩, પેજ–૨૪૧)*

આ હુય્ય બિન અખ્તબ એ જ કમનસીબ છે કે જે મદીનામાંથી દેશવટો મેળવ્યા બાદ જ્યારે ખૈબર જઈ રહ્યો હતો ત્યારે તેણે નબી صلى الله تعالى عليه وسلم ના વિરોધમાં કોઈને સહાયતા નહીં આપવાનો કરાર કર્યો હતો અને એ કરાર પર તેણે ખુદાને જામીન બનાવ્યો હતો પરંતુ ખંદકના યુદ્ધ વખતે એણે એ કરારનો ભંગ કર્યો હોવાનું તમે પાછલા પાનામાં વાંચી ચૂક્યા છો કે આ જુલ્મી અને અત્યાચારીએ અરબના તમામ કાફિરો પાસે જઈને બધાને મદીના શરીફ ઉપર હુમલો કરવા ઉશ્કેર્યા હતા અને પછી બની કુરૈઝાને પણ કરારભંગ કરવા ઉશ્કેર્યા હતા. એટલું જ નહીં પણ ખંદકના યુદ્ધમાં કાફિરો સાથે મળીને મુસલમાનો સામે યુદ્ધ કર્યું હતું.

### ★ હિ.સ. પાંચની વિવિધ ઘટનાઓ ★

૧. એ જ વર્ષે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ હઝરત બીબી ઝૈનબ બિન્તે જહશ رضى الله عنها સાથે નિકાહ ફર્માવ્યો.

૨. એ જ વર્ષે મુસલમાન મહિલાઓ માટે પર્દો ફરજિયાત બનાવવામાં આવ્યો.

૩. એ જ વર્ષે હદ્દે કઝફ્ (કોઈના પર વ્યભિચારનો આરોપ લગાડવાની સજા) અને લિઆન (ફિટકાર) તથા ઝિહાર (પોતાની પત્નીને માં અથવા બહેન કહેવું)ના આદેશો ઉતર્યા.

૪. એ જ વર્ષે તયમ્મુમની આયત ઉતરી.

૫. એ જ વર્ષે ભયની નમાઝ (સલાતુલ્ ખૌફ)નો હુકમ ઉતર્યો.





(પ્રકરણ-૧૧)

# રિદ્વાનની બૈઅત અને હુદૈબિયાની સુલેહ

## (બૈઅતુર્રિદવાન અને સુલેહ હુદૈબિયા)

(હિજરી સન : ૬)

તે વરસના બધા જ બનાવોમાં સૌથી વધારે ખાસ અને શાનદાર બનાવ "રિદવાનની બૈઅત અને "હુદૈબિયાની સુલેહ" છે. ઈસ્લામના ઈતિહાસમાં આ બનાવનું ખૂબ જ મહત્વ છે. કેમ કે ઈસ્લામની આગામી બધી જ પ્રગતિઓ આ ઘટના સાથે જોડાએલી છે. એ જ કારણસર ભલે જાહેરમાં તે દબાઈને કરવામાં આવેલી સુલેહ હતી પરંતુ કુર્આનમાં ખુદાવંદે તઆલાએ એને "ફત્હે મુબીન"નો લકબ અતા ફર્માવ્યો.

ઝી કઅ્દા ૬ હિજરી સનમાં હુઝૂર صلى الله تعالى عليه وسلم ચૌદસો સહાબાએ કિરામની સાથે ઉમરાહનો એહરામ બાંધી મક્કા તરફ રવાના થયા. હુઝૂર صلى الله تعالى عليه وسلم ને થયું કે કદાચ મક્કાના કાફિરો અમારા ઉમરહમાં કરવાની અડચણો ઊભી કરશે તેથી તેમણે પહેલાથી જ ખુઝાઆ કબીલાની એક વ્યક્તિને મક્કા મોકલ્યો હતો. જેથી તે મક્કાના કાફિરોના ઈરાદાઓની જાણ કરે. જ્યારે આપનો કાફલો "ઉસ્ફાન"ની પાસે પહોંચ્યો ત્યારે તે વ્યક્તિ બાતમી લઈ આવ્યો કે મક્કાના કાફિરોએ અરબના તમામ કાફિર કબીલાઓના લોકોને ભેગા કરી કહી દીધું છે કે મુસ્લિમોને કોઈપણ કિંમતે મક્કામાં દાખલ થવા દેવા નહીં. જેથી કુરૈશના કુફ્ફારોએ પોતાના સાથી કબીલાઓના લોકોને ભેગા કરી એક ફોજ તૈયાર કરી અને મુસ્લિમોને રસ્તામાં રોકવા ખાતર મક્કાથી બહાર નીકળી બલ્દહમાં છાવણી નાખી, અને ખાલિદ બિન વલીદ તેમજ અબૂ જહલના દીકરા ઈકરમા આ બંને

બસો ચુનંદા સવારે લઈ ''ગુમીમ'' સુધી પહોંચી ગયા છે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રસ્તામાં ખાલિદ બિન વલીદના સવારોની ધૂળ દેખાઈ ત્યારે આપે સહરાથી દૂર ખસી સફર શરૂ કર્યો, અને જાહેર માર્ગથી ખસી આગળ વધ્યા, અને હુદૈબિયામાં આગળ વધી પડાવ નાખ્યો. અહીં પાણી ખૂબ જ ઓછું હતું. એક જ કૂવો હતો તે થોડા જ કલાકમાં સૂકાઈ ગયો. જ્યારે સહાબીઓ પ્યાસથી બેહાલ થવા લાગ્યા. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક મોટા પ્યાલામાં પોતાનો મુબારક હાથ નાખ્યો અને આપની પાક આંગળીઓમાંથી પાણીની ધારા નીકળી પછી આપે સૂકાએલા કૂવામાં પોતાના વૂઝુનું પાણી અને એક તીર નાખ્યું ત્યારે કૂવામાંથી એટલું પાણી નીકળ્યું કે આખા લશ્કર તેમ જ બધા જ પશુઓ આ કૂવાથી કેટલાય દિવસો સુધી તરસ છિપાવતા રહ્યા. *(બુખારી, ગઝવએ હુદૈબિયા, પેજ–૫૯૮)*

## ★ રિદવાનની બૈઅત (બૈઅતુર્રિદવાન) ★

હુદૈબિયામાં પહોંચી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોયું કે કુરૈશ કાફિરોનું એક મોટું લશ્કર જંગ માટે તત્પર છે અને આ તરફ એવી હાલત છે કે બધા લોકોએ એહરામ બાંધલો છે. આ હાલતમાં જૂંઈ પણ મારી શકાય નહીં. ત્યારે આપે વિચાર્યું કે મક્કાના કાફિરો સાથે સુલેહ કરવા ખાતર કોઈ એક વ્યક્તિને મોકલવો જોઈએ જેથી આ કામ માટે આપે હઝરત ઉમર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નિમણૂંક કરી. પરંતુ એમણે એવું કહી માફી માગી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કુરૈશના કાફિરો મારા સખત દુશ્મન છે અને મક્કામાં મારા કબીલાની એક પણ વ્યક્તિ એવી નથી કે જે મને આ કાફિરોથી બચાવી શકે. આ સાંભળી આપ رضی اللہ عنہ એ હઝરત ઉષ્માન رضی اللہ عنہ ને મક્કા મોકલ્યા. તેમણે મક્કા પહોંચ્યા પછી કુરૈશના કાફિરોને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વતી સમાધાનની વાત કરી. હઝરત ઉષ્માન رضی اللہ عنہ પોતાના રૂપિયા પૈસા, અને કબીલાના લોકોની હિમાયત માટે કુરૈશના કાફિરોની નજરમાં ખૂબ જ માનનીય હતા, એટલે કુરૈશના કાફિરો એમના પર હાથ ચાલાકી કરી શક્યા નહીં પરંતુ એમનાથી કહ્યું, અમે આપને પરવાનગી આપીએ છીએ કે તમે કા'બાનો તવાફ અને સફા મરવાની સઈ કરી પોતાનો ઉમરહ અદા કરો. પણ અમે (હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم)ને કદીયે કા'બા પાસે આવવા નહીં





દઈએ. હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ ઈન્કાર કર્યો અને કહ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم વગર ઉમરહ કરીશ નહીં. આમ વાત વધી અને કાફિરોએ એમને મક્કામાંથી પાછા આવવા ન દીધા. પરંતુ હદૈબિયાના મેદાનમાં એવી ખબર ફેલાઈ કે કુરૈશના કાફિરોએ એમને શહીદ કર્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર મળતાં તેમણે ફર્માવ્યું કે ઉષ્માનના ખૂનનો બદલો લેવો ફરજ છે. આ ફર્માવ્યા પછી આપ એક બાવળના ઝાડ નીચે બેસી ગયા. અને સહાબાએ કિરામથી કહ્યું કે તમે બધા મારા હાથ પર આ વાતની બૈઅત કરો કે તમે આખરી □ાસ સુધી મારા વફાદાર અને જાંનિષાર રહેશો. તમામ સહાબાએ કિરામે ખૂબ જ ખંત અને જોશથી જાંનિસારીની પ્રતિજ્ઞા લીધી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દસ્તે હક્ક પરસ્ત પર બૈઅત કરી. એ જ આ બૈઅત છે જેનું નામ ''ઈસ્લામના ઈતિહાસ''માં ''બૈઅતુર્રિઝવાન'' છે. અલ્લાહ તઆલાએ આ બૈઅત અને આ ઝાડની વાત કુર્આને મજીદની સૂરએ ''ફતહ'' આ રીતે ફર્માવ્યું છે કે :–

اِنَّ الَّذِیْنَ یُبَایِعُوْنَكَ اِنَّمَا یُبَایِعُوْنَ اللّٰهَ ؕ یَدُ اللّٰهِ فَوْقَ اَیْدِیْهِمْ

**અર્થ** : (યકીનન !) ચોક્કસ જે લોકો અલ્લાહથી બૈઅત કરે છે. એમના હાથ પર અલ્લાહનો હાથ છે.

એ જ સૂરએ ફતહમાં બીજી જગ્યાએ બૈઅત કરવાવાળા લોકોની ફઝીલત એમને મળેલ અજરો સવાબનો કુર્આન મજીદમાં આ રીતે ખુત્બો પઢેલ છે.

لَقَدْ رَضِیَ اللّٰهُ عَنِ الْمُؤْمِنِیْنَ اِذْ یُبَایِعُوْنَكَ تَحْتَ الشَّجَرَةِ فَعَلِمَ مَا فِیْ قُلُوْبِهِمْ فَاَنْزَلَ السَّكِیْنَةَ عَلَیْهِمْ وَ اَثَابَهُمْ فَتْحًا قَرِیْبًا

''બેશક ! અલ્લાહ ઈમાનવાળાઓથી રાજી થયો જ્યારે ઝાડ નીચે તેઓ તમારી બૈઅત કરતા હતા ત્યારે અલ્લાહ એમનાં હૃદયનું હાલ સમજી ગયા પછી એમના પર ઈત્મિનાન ઉતાર્યું અને તેમને વહેલી વિજયનું ઈનામ મળ્યું.''

પરંતુ રિઝવાનની બૈઅત પછી ખબર પડી કે હઝરત ઉસ્માન رضی اللہ عنہ ની શહાદતની ખબર ખોટી હતી તે ઈજ્જત અને સલામતીથી મક્કામાં જીવિત હતા અને પછી ખૈરિયતથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં તેઓ હાજર થયા.

## ★ હુદૈબિયાની સુલેહ શાથી થઈ ? ★

હુદૈબિયામાં સૌથી પહેલી વ્યક્તિ જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ હાજર થઈ તે બુદૈલ બિન વકાર ખુઝાઈ હતો. એમનો કબીલો હમણા સુધી મુસ્લિમ થયો ન હતો પરંતુ તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ ચાહતા હતા. બુદૈલ બિન વકારે આપને બાતમી આપી કે કુરૈશના કાફિરોએ મોટી સંખ્યામાં ફૌજ તૈયાર કરી છે આ ફૌજની સાથે ખોરાક ખાતર દૂધવાળી ઊંટડીઓ પણ સામેલ છે. આ લોકો તમારી સાથે યુદ્ધ કરશે અને આપ લોકોને કા'બા સુધી પહોંચવા દેશે નહીં.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે કુરૈશને મારો સંદેશો આપો કે અમે યુદ્ધના ઈરાદાથી આવ્યા નથી અને યુદ્ધ કરવા માંગતા નથી અમે અહીં ફક્ત ઉમરાહ કરવા ખાતર આવ્યા છીએ. વારે ઘડીએ યુદ્ધ કરવાથી કુરૈશને ઘણુ ખર્ચ આર્થિક અને જાનનું નુકસાન થયું છે તેથી તેમના માટે પણ યુદ્ધ ન કરવું જ સારું રહેશે. સાથે જ મારી સાથે લાંબી મુદ્દતના સુલેહનો કરાર પણ કરી લે અને મને અરબ લોકો સમક્ષ રજૂ કરી દે. જો કુરૈશ મારી વાત માની લે તો સારું અને જો એ મારી સાથે યુદ્ધ કરશે તો મને એ જાતની કસમ જેના કબ્જામાં મારી જાન છે ! હું એમનાથી ત્યાં સુધી લડત ચાલુ રાખીશ જ્યાં સુધી માથુ શરીરથી અલગ ન પડી જાય.

બુદૈલ બિન વરકા આપનો આ સંદેશો લઈને કુરૈશના કાફિરોની પાસે ગયો અને કહ્યું કે હું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નો સંદેશો લઈને આવ્યો છું જો તમે ઈચ્છતા હો તો એમનો સંદેશો તમારી સમક્ષ રજૂ કરું. કુરૈશ કાફિરોના શરારતી છોકરાઓ કે જેમનો જોશ એમના હોશ ઉપર છવાયેલો હતો તેઓ મોટેથી બૂમ બરાડા કરવા લાગ્યા, બિલકુલ નહીં ! અમને એમનો સંદેશો સાંભળવાની કોઈ જરૂર નથી ! પરંતુ કુરૈશના કાફિરોમાંના કેટલાક સમજુ લોકોએ એ સંદેશો સાંભળવાની રજા આપી. અને બુદૈલ બિન વરકાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુલેહની વાત એમની સમક્ષ મૂકી. આ સાંભળી કુરૈશ કબીલાનો મોટી ઉમર અને પ્રતિષ્ઠિવાન સરદાર ઉરવા બિન મસ્ઊદ શકફી ઊભો થયો અને એણે કહ્યું, અય કુરૈશ ! શું હું તમારો બાપ નથી ?! બધાએ કહ્યું, કેમ નથી ! પછી એણે કહ્યું, તમે મારા દિકરા નથી ? બધાએ





કહ્યું, કેમ નહીં ! ફરી પૂછયું, મારા વિશે તમારામાં કોઈ ખોટી ગ્રંથી તો બધાંઈ નથી ને ? તો સૌએ કહ્યું, ના ! હરગિઝ નહીં ! તેના પછી ઉરવાએ કહ્યું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂબ જ સમજદારી અને ભલાઈની વાત કરી છે. તેથી તમે મને રજા આપો જેથી કરી હું આ બાબતે વાત કરું. બધાએ રજા આપી કે સારું તમે જાવ. ઉરવા બિન મસ્ઊદ ત્યાંથી હુદૈબિયાના મેદાન સુધી પહોંચ્યો અને હુઝૂર સમક્ષ પોતાની વાત રજૂ કરી, ''બુદૈલ બિન વરકાની ઝબાની આપનો સંદેશો પ્રાપ્ત થયો, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારે આપને એ કહેવું છે કે જો આપે લડાઈ કરી કુરૈશને બરબાદ કરી દુનિયાથી નેસ્તો નાબૂદ કરી દીધા તો મને કહો કે તમારાં પહેલા કોઈ અરબે પોતાની જ કૌમને બરબાદ કરી છે ? જો યુદ્ધમાં કુરૈશ તમારા પર છવાઈ જાય તો આપની સાથે જે લશ્કરમાં છે તે એવા લોકો છે કે જે તમને એકલા છોડીને ભાગી જશે. ઉરવા બિન મસ્ઊદનાં આ વાક્યો સાંભળી, હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી રહેવાયું નહીં, એમણે ગુસ્સે થઈ કહ્યું, અય ઉરવા ! ચુપ થઈ જા ! અને તારી દેવી ''લાત''ની શરમગાહ ચૂસ ! શું અમે અલ્લાહના રસૂલને છોડીને જતા રહીશું ?!

ઉરવા બિન મસ્ઊદે આશ્ચર્યથી પૂછયું, આ વ્યક્તિ કોણ છે ? લોકોએ કહ્યું, આ અબૂબક્ર છે. ઉરવા બિન મસ્ઊદે કહ્યું કે મને એ જાતની કસમ ! જેના કબજામાં મારી જાન છે ! અય અબૂબક્ર ! હું તારા એક એહસાનનો બદલો હજુ સુધી ચૂકાવી શક્યો નથી નહીંતર હું તારી આ કડવી વાતનો જવાબ આપતો ! ઉરવા બિન મસ્ઊદે પોતાને સૌથી મોટો માણસ માનતો હતો. તેથી એ જ્યારે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી વાત કરતો તો પોતાના હાથથી રેશમુબારક પકડી લેતો હતો અને વારે ઘડીયે આપની મુકદસ દાઢીમાં હાથ નાંખતો હતો. હઝરત મુગીરહ બિન શઅબા જેઓ ખુલ્લી તલવાર લઈ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાછળ ઊભેલા હતા તેઓ ઉરવા બિન મસ્ઊદની આ હરકતને સહન કરી શક્યા નહીં અને ઉરવાહ બિન મસ્ઊદ જ્યારે રેશમુબારક (દાઢી)ની તરફ હાથ આગળ લાવતો તો તેઓ તલવારનું મ્યાન એના માથે મારતા અને કહેતા રેશમુબારકથી હાથ હઠાવ ! ઉરવા બિન મસ્ઊદએ પોતાનું માથું ઉઠાવ્યું અને પૂછયું, આ માણસ કોણ છે ? લોકોએ કહ્યું કે આ મુગીરહ બિન શઅબા છે. તો ઉરવા બિન મસ્ઊદે

ગુસ્સે થઈ કહ્યું, અય દગાબાઝ ! શું હું તારો વચન ભંગ ભૂલવાનો પ્રયત્ન નથી કરતો ? (હઝરત મુગીરા હબિન શઅબાએ થોડાક માણસેને કતલ કર્યા હતા જેનો બદલો ઉરવા બિન મસઊદે પોતાની પાસેથી આપ્યો હતો. એના તરફ આ વાતનો ઈશારો હતો ?)

એના પછી ઉરવા બિન મસઊદ સહાબાએ કિરામને જોવા લાગ્યો અને આખા લશ્કરને જોઈ ત્યાંથી રવાના થયો. ઉરવા બિન મસઊદે હુદૈબિયાના મેદાનમાં સહાબાએ કિરામની ગઝબની અકીદત અને મહોબ્બત જોઈ જેની એના હૃદય પર ખૂબ જ અસર પડી. કુરૈશના લશ્કરમાં તેણે પોતાની વાત આ રીતે રજૂ કરી;

"હે મારી કૌમ ! ખુદાની કસમ ! જ્યારે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ખંખારીને થૂંકે છે તો તે કોઈપણ સહાબાની હથેલી પર પડે છે અને તેઓ અકીદતથી પોતાના ચહેરા અને શરીર ઉપર ઘસી લે છે અને જ્યારે તે કોઈ વાતનો હુકમ કરે છે. તો બધા એકી સાથે એ કામ કરવા ખાતર પડાપડી કરે છે અને જ્યારે તેઓ વુઝૂ કરે છે ત્યારે એમના સહાબીઓ એ વુઝૂના ધોવાણના ધોવણને એ રીતે લૂટે છે કે જાણે અંદરોઅંદર તલવારથી લડી પડશે અને જ્યારે તેઓ કોઈ વાત કરે છે ત્યારે બધા જ સહાબીઓ ચૂપ થઈ જાય છે અને એમના સાથીદારો એમની એટલી તો ઈજ્જત કરે છે કે કોઈ માણસ એમની સામે ભરપૂર નજરે જોઈ નથી શક્તો. હે મારી કૌમ ! ખુદાની કસમ ! મેં ઘણા બાદશાહોના દરબાર જોયા છે, હું કૈસરો કિસરા અને નજજાશીના દરબારોમાં પણ જોઈ આવ્યો છું પણ ખુદાની કસમ ! મેં કોઈ બાદશાહના દરબારીઓને પોતાના બાદશાહની એટલી ઈજ્જત કરતા જોયા નથી જેટલી તા'ઝીમ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાથીદારો મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કરે છે."

ઉરવહ બિન મસઊદની આ વાત સાંભળી બની કનાની કબીલાના એક માણસ જેનું નામ "હુલીસ" હતું તેણે કહ્યું, તમે મને રજા આપો તો એમની પાસે જાઉં. કુરૈશે કહ્યું, જરૂર જાવ ! પરંતુ જ્યારે તે બારગાહે રિસાલતની પાસે પહોંચ્યો તો આપે સહાબાથી કહ્યું, આ ફલાણો માણસ છે, આ પેલી કૌમનો છે જેઓ કુર્બાનીના જાનવરોની તા'ઝીમ કરે છે. તેથી તમે કુર્બાનીના જાનવરોને એની સામે ઊભાં કરી દો અને બધા લોકો





"લબ્બૈક" બોલવાનું શરૂ કરી દો. એ માણસે જ્યારે કુર્બાનીના જાનવરોને જોયાં અને એહરામની હાલતમાં સહાબાઓને લબ્બૈક પઢતા સાંભળ્યા ત્યારે કહ્યું, સુબ્હાનલ્લાહ ! આ લોકોને કઈ રીતે ઉચિત છે કે બૈતુલ્લાહથી રોકી શકાય ? તે એ જ સમયે પાછો કુરૈશના કાફિરો પાસે પહોંચ્યો અને કહ્યું, મેં મારી આંખોથી જોયું છે કે કુર્બાનીનાં જાનવરો એ લોકોની સાથે છે અને બધાએ એહરામ બાંધ્યા છે. તેથી હું કોઈપણ હાલતમાં એ સલાહ આપી શક્તો નથી કે એ લોકોને કા'બાથી રોકી દેવા. એના પછી એક માણસ કુરૈશના કાફિરોમાંથી ઊભો થયો જેનું નામ મિકરઝા બિન હિફ્સ હતું એણે કહ્યું કે, તમે મને જવા દો ! કુરૈશે કહ્યું, તમે પણ જાવ ! તેથી તે ચાલ્યો. જ્યારે તે પાસે પહોંચ્યો ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, આ મિકરઝ છે, આ ખૂબ જ લુચ્ચો માણસ છે. એણે આપની સાથે વાતચીત શરૂ કરી. હમણા એની વાત પણ પૂરી થઈ ન હતી અને એકાએક સુહેલ બિન અમ્ર આવી પહોંચ્યો. એને જોઈ આપે સારા શુકનના લીધે એમ કહ્યું કે, સુહેલ આવી ગયો ! લો ! હવે તમારી વાત સરળ થઈ ! સુહૈલે કહ્યું કે, આવો ! અમે અને તમો મળીને આપણી વચ્ચે કરારનું એક દસ્તાવેજ લખી લઈએ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને માન્ય રાખ્યું અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને દસ્તાવેજ લખવા ખાતર બોલાવ્યા. સુહૈલ બિન અમ્ર અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વચ્ચે લાંબો સમય સુધી સુલેહની શરતો પર વાત થતી હતી. આખરે કેટલીક શરતો પર બંને માની ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ઈર્શાદ ફર્માવ્યો કે, લખો **બિસ્મિલ્લાહિર્રહ્‌માનિર્રહીમ** સુહેલએ કહ્યું કે, અમે રહમાનને જાણતા નથી કે તે શું છે ? આપ **બિસ્મિલ્લાહ** લખો જે અમારો અને તમારો જૂનો રિવાજ છે. મુસ્લિમોએ કહ્યું કે, અમે **બિસ્મિલ્લાહહિર્રહ્‌માનિર્રહીમ** સિવાય બીજું કોઈ શબ્દ લખીશું નહીં ! પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સુહૈલની વાત માની લીધી અને ફર્માવ્યું, હે અલી ! **બિસ્મિલ્લાહ** લખી દો ! પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ વાત લખવાનું કહ્યું, **હાઝા મા કાદા અલૈહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** એટલે આ એ બધી શરતો છે જેના પર કુરૈશની સાથે મુહમ્મદુર્રસૂલુલ્લાહએ સુલેહનો ફૈંસલો કર્યો. સુહેલ ફરી ભડક્યો અને કહેવા લાગ્યો. ખુદાની કસમ ! જો અમે જાણી શક્યા હોત કે તમો અલ્લાહના રસૂલ છો તો અમે

બૈતુલ્લાહથી રોકતા નહીં ! અમે તમારી સાથે યુદ્ધ પણ કરતા નહીં. પરંતુ તમે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખો. આપે ફર્માવ્યું કે, ખુદાની કસમ ! હું મુહમ્મદુર્રસૂલુલ્લાહ પણ છું અને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ પણ છું, એ વાત જુદી છે કે તમે લોકો મારી રિસાલતને જૂઠલાવો છો, એવું કહી આપે હઝરત અલી رضی اللہ عنہ ને ફર્માવ્યું. મુહમ્મદુર્રસૂલુલ્લાહને છેકી દો અને એની જગ્યાએ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ લખી દો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી વધારે આપનો ફર્માંબરદાર કોણ હોઈ શકે ? પરંતુ પ્રેમમાં કેટલીકવાર એવું પણ થાય છે કે, સાચા ચાહકને પણ પોતાના મહબૂબની ફર્માંબરદારીથી પ્રેમની જ ભાવનાઓમાં ઈન્કાર કરવો પડે છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ કહ્યું, યા રસૂલલ્લાહ ! હું તમારા નામને કદીયે મટાડી શકીશ નહીં. આપે કહ્યું, ભલે મને બતાઓ ! મારું નામ ક્યાં છે ? હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એ જગ્યાએ આંગળ મૂકી દીધી આપે ત્યાંથી "રસૂલુલ્લાહ" શબ્દ મટાડી દીધું. છેવટે સુલેહની વાત લખાઈ ગઈ. એ દસ્તાવેજમાં નક્કી કરવામાં આવ્યું કે, બંને વચ્ચે દસ વરસ સુધી યુદ્ધ બિલકુલ મૌકૂફ રહેશે. સુલહેનામાની બાકીની કલમો અને શરતો આ હતી :–

(૧) મુસ્લિમો આ વરસે ઉમરહ કર્યા વગર પાછા ચાલ્યા જાય. (૨) આવતા વરસે ઉમરહ ખાતર આવીને માત્ર ત્રણ દિવસ મક્કામાં રહી પાછા જતા રહેવું. (૩) તલવાર સિવાય બીજું કોઈપણ હથિયાર લઈને આવવું નહીં અને તલવાર પણ મ્યાનમાં રાખી થેલીમાં મૂકીને લાવવી. (૪) મક્કામાં જેટલા મુસ્લિમો પહેલેથી રહે છે એમનામાંથી કોઈને પણ લઈ જવા નહીં અને મુસ્લિમોમાંથી જે મક્કામાં રહેવા ઈચ્છતો હોય એને રોકવું નહીં. (૫) કાફિરો અથવા મુસ્લિમોમાંથી કોઈ વ્યક્તિ જો મદીના જતો રહે તો પાછા આપવા પરંતુ કોઈ મુસ્લિમ મદીનાથી મક્કા જતો રહેતો તો પાછા આપવામાં આવશે નહીં. (૬) અરબના કબીલાઓને છૂટ રહેશે કે જેથી તેઓ અન્ય કૌમના લોકો સાથે મિત્રતાના કરાર કરી શકે.

આ શરતોથી દેખાઈ આવે છે કે તે બધી શરતો મુસલમાનોના સખત વિરોધમાં હતી અને સહાબાએ કિરામને આ બાબતે પણ માઠુ લાગ્યું હતું, પરંતુ તેઓ ફર્માને રિસાલતના વિરોધમાં કંઈ જ કહી ન શકવા મજબૂર હતા. *(ઈબ્ને હશશામ–૩, પેજ–૩૧૭ વગેરે)*





## ★ હઝરત અબૂ જંદેલનો મામલો ★

હઝરત અબૂ જંદેલની બાબત આ ગજબ વાત છે કે, કરારનું લખાણ થઈ ચૂક્યું હતું પરંતુ એના ઉપર બંને પક્ષોના હસ્તાક્ષર થયા ન હતા કે એકાએક એ જ સુહૈલ બિન અમ્રના દિકરા હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ પોતાની બેડીઓ ઘસેડતા પડતા પછાડતા હુદૈબિયામાં મુસ્લિમો વચ્ચે આવી પહોંચ્યા. સુહૈલ બિન અમ્ર પોતાના દીકરાને જોઈને કહેવા લાગ્યો કે હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ કરાર ઉપર હસ્તાક્ષર કરતાં મારી પહેલી શરત એ છે કે, તમે અબૂ જંદલને મારા તરફ પાછો મોકલાવો. આપે ફર્માવ્યું કે, હમણા તો આ કરાર ઉપર બંને પક્ષોના હસ્તાક્ષર પણ થયા નથી, અમારા અને તમારા હસ્તાક્ષર થયા પછી આ કરાર અમલમાં આવશે. આ સાંભળી સુહૈલ બિન અમ્ર કહેવા લાગ્યો, તો જાવ ! હું તમારાથી કોઈ સુલેહ કરીશ નહીં. આપે કહ્યું કે, સારું ! હે સુહૈલ તમે પોતાની તરફથી રજા આપી દો કે જેથી હું અબૂ જંદલને મારી પાસે રાખી લઉં. એણે કહ્યું કે હું આ બાબતે કોઈપણ સંજોગોમાં રજા આપીશ નહીં. હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ એ જ્યારે જોયું કે મને મક્કા પાછો મોકલી દેવામાં આવશે તો તેમણે મુસ્લિમોથી ફરિયાદ કરી અને કહ્યું, એ મુસ્લિમ જમાઅત ! જુઓ ! મને મુશ્રિકો પાસે મોકલવામાં આવી રહ્યો છે, જો કે હું મુસ્લિમ છું અને તમો મુસ્લિમો પાસે આવ્યો છું. કાફિરોએ જે માર એમને માર્યો હતો એના વાગેલાનાં નિશાન એમના શરીર પર હતાં એમણે એ નિશાન બતાવીને મુસ્લિમોને જોશ અપાવ્યો. હઝરત ઉમર رضی اللہ عنہ ઉપર હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ ની તકરીર સાંભળીને ઈમાનનો જોશ ચઢયો અને તેઓ ઝડપથી બારગાહે રિસાલતમાં પહોંચ્યા અને અરજ કરી કે શું આપ અલ્લાહના સાચા રસૂલ નથી ?! ફર્માવ્યું કે, કેમ નહીં ?! એમણે કહ્યું કે, અમે હક્ક પર અને અમારા દુશ્મનો નાહક્ક પર નથી ? ઈર્શાદ ફર્માવ્યો કે કેમ નહીં ? પાછું એમણે કહ્યું, તો પછી અમારા ધર્મમાં અમને આ બેઈજ્જતી કેમ આપવામાં આવી રહી છે ? આપે ફર્માવ્યું કે, હે ઉમર ! હું અલ્લાહનો રસૂલ છું. હું એની નાફર્માની કરતો નથી, તે મારો મદદગાર છે. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! શું તમોએ અમને વાયદો ન હોતો કર્યો કે અમે નિકટતમાં જ બૈતુલ્લાહ જઈ તવાફ કરીશું ?! ઈર્શાદ ફર્માવ્યું કે, શું મેં

તમને આ ખબર આપી હતી કે, અમે આ જ વરસે બૈતુલ્લાહમાં દાખલ થઈશું ? એમણે કહ્યું કે, ''નહીં !'' આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હું ફરી કહું છું કે તમે ચોક્કસ કા'બામાં પહોંચશો અને એનો તવાફ કરશો.

દરબારે રિસાલતથી ઉઠીને હઝરત ઉમર رضی اللہ عنہ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની પાસે આવ્યા અને એ જ વાત કરી જે વાત બારગાહે રિસાલતમાં કહીને આવ્યા હતા. આપે ફર્માવ્યું કે, હે ઉમર ! તેઓ ખુદાના રસૂલ છે તેઓ જે કંઈ કરે છે અલ્લાહ તઆલાના હુકમથી જ કરે છે. તેઓ ખુદાની નાફર્માની નથી કરતા અને ખુદા એમનો મદદગાર છે અને ખુદાની કસમ ! ચોક્કસ તેઓ હક્ક પર છે. તેથી તમે એમની સાથે જ રહો. *(ઈબ્ને હુશ્શામ–૩, પેજ–૩૧૭)*

હઝરત ઉમર رضی اللہ عنہ ને આખી જિંદગી આ વાતનું દુઃખ અને સખત તકલીફ અને અફસોસ રહ્યો. જે એમણે જઝબાતથી બેકાબૂ થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી કહી દીધું હતું. આખી જિંદગી તેઓ એનાથી તૌબા અને માફી માંગતા રહ્યા અને એના બદલામાં અને એના કફ્ફારા માટે એમણે નમાઝો પઢી અને રોઝા રાખ્યા, ખૈરાત કરી દાન કર્યું, ગુલામો આઝાદ કર્યા. બુખારી શરીફમાં જો કે આ બાબતનો ચોક્કસ ઉલ્લેખ નથી. અછડતી જ વાત છે. પરંતુ બીજા પુસ્તકોમાં ખૂબ જ ઝીણવટથી આ બધી વાતોનું બયાન થયું છે.

જો કે આ સમય ખૂબ જ સખત અને આકરી કસોટીનો સમય હતો. એક બાજુ હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ કાકલૂદીથી મુસ્લિમો સામે ફરિયાદ કરી રહ્યા છે અને દરેક મુસ્લિમ એટલા તો જોશમાં હતા કે જો રસૂલનો અદબ કરવો ફરિજયાત ન હોત તો મુસ્લિમોની તલવારો મ્યાનમાંથી બહાર નીકળતી અને બીજી તરફ કરાર પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે અને વાયદો કરી એને પૂર્ણ કરવાની જવાબદારી માથે આવી હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ નાઝુક સમયને ખ્યાલમાં રાખી હઝરત અબૂ જંદલથી ફર્માવ્યું, તમે સબર કરો ! થોડાક સમયમાં અલ્લાહ તઆલા તમારા માટે અને બીજા (મઝલૂમો) તમારા જેવા લોકો માટે જરૂરથી કોઈ રસ્તો કાઢશે. અમે સુલેહનો કરાર કરી ચૂક્યા છીએ અને હવે એમનાથી કરારનો ઉલ્લંઘન કરી શક્તા નથી. છેવટે હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ ને એ જ હાલતમાં ફરી મક્કા જવું પડયું, જ્યારે સુહલેનામુ પૂર્ણ થયું તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ





સહાબીઓને હુકમ કર્યો, ઉઠો ! અને કુર્બાની કરો માથાનાં વાળ કપાવી એહરામ ખોલી દો. મુસ્લિમોને એવું તો માઠું લાગ્યું હતું કે નબીનું ફર્માન સાંભળી એક પણ વ્યક્તિ ઊભો થયો નહીં પરંતુ અદબના લીધે કોઈએ એક પણ શબ્દ કહ્યો નહીં. આપે હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا થી આ બાબતે વાત કરી તો એમણે અરજ કરી કે મારી આ રાય છે કે, આપ કોઈકથી કંઈક પણ ન કહો અને આપ પોતે કુર્બાની કરો અને વાળ કપાવી લ્યો. તેથી આપે એવું જ કર્યું. જ્યારે સહાબાએ કિરામએ આપને કુર્બાની કરી એહરામ ઉતારતા જોયા તો પછી એ લોકો નિરાશ થયા કે હવે આપ પોતાનો ફેંસલો બદલવાના નથી તો બધાએ કુર્બાની કરી અને એક બીજાના વાળ કાપવા લાગ્યા. પરંતુ એટલા દુઃખી હતા કે જેથી એવું લાગતું હતું કે એકબીજાને કતલ કરી નાંખશે. એના પછી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના અસહાબની સાથે મદીના મુનવ્વરહ તરફ રવાના થયા. *(બુખારી શરીફ, પેજ–૩૮૦, પ્રકરણ અશ્રૂતકકી જેહાદ, બુખારી–૩૭, પેજ–૬૧૦, પ્રકરણ : ઉમરતુલ કઝાવ મુસ્લિમ–૭૨, પેજ–૧૦, સુલેહ હુદૈબિયા)*

## ★ ફતહે મુબીન ★

આ સુલેહને બધા જ સહાબાઓ એક તરફી સુલેહ અને ઝિલ્લતથી ભરેલો કરાર સમજ્યા અને હઝરત ઉમર رضی اللہ عنہ ને એના વડે જે દુઃખ અને તકલીફ થઈ તે તમે વાંચ્યું છે પરંતુ એના પછી આ આયત નાઝિલ થઈ કે, إِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِينًا *(ફતહ)* ''અય હબીબ ! અમે તમને ફતહે મુબીન અતા ફર્માવી.'' ખુદાએ આ સુલેહને ફત્હે મુબીન કહ્યું. હઝરત ઉમર رضی اللہ عنہ એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ ફતેહ છે ?! આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હા આ ફતેહ છે !

જો કે એ સમયે આ કરાર વિશે સહાબાના વિચારો સારા ન હતા પરંતુ એના પછીના બનાવોએ સાબિત કરી દીધું કે, હકીકતમાં એ જ સુલેહ જીતની ચાવી સાબિત થઈ અને બધાએ માનવું પડયું કે, સુલહે હુદૈબિયા એક એવી ફત્હે મુબીન હતી જેના વડે મક્કામાં ઈસ્લામનો ફેલાવો થયો સાથે જ મક્કાની ફતેહનો રસ્તો પણ બની ગઈ. હમણાં સુધી મુસ્લિમો અને કાફિરો એક બીજાથી જુદા જુદા રહેતા હતા. એકબીજાથી મળવાનો

મોકો પણ મળતો ન હતો પરંતુ આ સુલેહ વડે એકબીજાને ત્યાં અવરજવર, નિખાલસ રીતે વાતચીત અને વિચારોની આપલેનો રસ્તો પણ ખુલ્યો. મદીનાના કાફિરો આવતા અને મહીનાઓ સુધી રોકાઈને મુસ્લિમોના વ્યક્તિત્વ અને અમલોની જાણકારી મેળવતા, ઈસ્લામના મસાઈલ અને ઈસ્લામની ખૂબીઓની વાતો સાંભળતા. જે મુસ્લિમો મક્કા જતા તેઓ પોતાની ચાલચલગત, ખુશી અને ઈબાદત કરવાથી કાફિરોના હૃદય પર ઈસ્લામની ખૂબીઓની છાપ છોડતા કે જેથી આપોઆપ કાફિરો ઈસ્લામ તરફ આકર્ષાતા હતા. ઈતિહાસથી પુરવાર થાય છે કે, સુલેહ હુદૈબિયાથી મક્કાની ફતેહ સુધી એટલી મોટી સંખ્યામાં લોકો મુસ્લિમ થયા કે એટલા કદીયે થયા ન હતા. તેથી હઝરત ખાલિદ બિન વલીદ (ફાતેહે શામ) અને હઝરત ઉમર બિન આસ (ફાતેહે મિસર) પણ આ સમયમાં જ પોતાની જાતે મક્કાથી મદીના જઈ મુસ્લિમ થયા. (رضی اللہ عنہما) *(સીરત ઈબ્ને હુશ્શામ જ–૩, પેજ–૨૭૭)*

## ★ મક્કાના જુલ્મ પિડિતો ★

હિજરત પછી જે લોકો મક્કામાં મુસ્લિમ થયા તેઓએ કાફિરોના હાથથી મોટી મોટી તકલીફો સહન કરી. તેઓને સાંકળોથી બાંધીને કાફિરો કોરડા ફટકારતા હતા પરંતુ જ્યારે તેઓમાંથી કોઈને મોકો મળતો, ત્યારે છૂપાઈને મદીના આવી જતા હતા. સુલહે હુદૈબિયાએ એનો રસ્તો બંધ કર્યો કારણ કે એ સુલેહનામામાં આ શરત લખેલી હતી કે, મક્કાથી જે વ્યક્તિ હિજરત કરી મદીના આવે તેને ફરી મક્કા પરત મોકલી આપવા !

## ★ હઝરત અબૂ બસીરનો કારનામો ★

સુલેહ હુદૈબિયાથી ફારિગ થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મદીના પાછા તશરીફ લાવ્યા ત્યારે સૌથી પહેલા જે બુઝુર્ગ મક્કાથી હિજરત કરી મદીના આવ્યા તે હઝરત અબૂ બસીર رضی اللہ عنہ હતા. મક્કાના કાફિરોએ તરત બે માણસોને મદીના મોકલ્યા કે અમારો માણસ પાછો આપો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબૂ બશીર رضی اللہ عنہ થી કહ્યું, "તમે મક્કા જતા રહો !" તમે જાણો છો કે અમે કુરૈશના કાફિરો સાથે કરાર કર્યો છે અને અમારા મઝહબમાં કસમ તોડવી અને ગદ્દારી કરવી જાઈઝ નથી. હઝરત અબૂ





બસીર رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપ મને કાફિરોના હવાલે કરશો જેથી તેઓ મને કાફિર થવા મજબૂર કરે ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે, તમે જાઓ ! ખુદાવંદે કરીમ તમારી આઝાદીનો કોઈ સબબ બનાવશે. આખરે મજબૂર થઈ અબૂ બસીર رضی اللہ عنہ બંને કાફિરોની કેદમાં મક્કા પાછા ગયા. પરંતુ જ્યારે ઝુલહલીફા મુકામે પહોંચ્યા ત્યારે બધા જમવા બેસ્યા અને વાતો કરવા લાગ્યા. હઝરત અબૂ બશીર رضی اللہ عنہ એ એક કાફિરથી કહ્યું કે, તમારી તલવાર બહુ સારી દેખાય છે. એણે ખુશ થઈ મ્યાનથી તલવાર કાઢીને બતાવી અને કહ્યું કે, બહું જ સુંદર તલવાર છે અને મેં ઘણીવાર યુદ્ધમાં એનો ઉપયોગ કર્યો છે. હઝરત અબૂ બસીર رضی اللہ عنہ એ કહ્યું કે, જરા મારા હાથમાં આપો હું પણ જોઉં કે કેવી તલવાર છે ? એણે એમના હાથમાં તલવાર આપી દીધી. એમણે તલવાર હાથમાં લઈ એવા જોરથી મારી કે કાફિરની ગરદન કપાઈ ગઈ અને એનું માથું દૂર જઈ પડયું. એના સાથીએ આ દશ્ય જોયું તો તે માથે પગ મૂકી દોડયો અને દોડતો દોડતો મદીના પહોંચ્યો અને મસ્જિદે નબવીમાં ઘૂસી ગયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને જોતાં જ ફર્માવ્યું કે, આ વ્યક્તિ ખૂબ જ ડરેલો દેખાય છે. એણે ડરતાં અને હાંફતાં બારગાહે નબુવ્વતમાં અરજ કરી, મારા સાથીદારને અબૂ બસીરે કતલ કરી નાખ્યો અને હું પણ માર્યો જઈશ. એટલામાં અબૂ બસીર رضی اللہ عنہ પણ ખુલ્લી તલવાર લઈ આવી પહોંચ્યા અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલાએ આપની જવાબદારી પૂરી કરી દીધી. કેમ કે સુલેહનામાની શરત મુજબ આપે તો મને પાછો મોકલ્યો હતો. હવે આ અલ્લાહ તઆલાની મહેરબાની છે કે, એમણે મને એ કાફિરોથી છૂટકારો અપાવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ બનાવથી ખૂબ જ દુ:ખ થયું અને આપે નારાજ થઈ ફર્માવ્યું, "વયલુ ઉમ્મિહી મિઅ્સરુ હર્બિન લવ કાના લહૂ અહદુન" તેની મા મરે ! આ તો યુદ્ધ કરાવશે ! કદાચ કોઈ વ્યક્તિ એની સાથે હોત તો એને એમ કરતાં અટકાવત ! હઝરત અબૂ બસીર رضی اللہ عنہ આ વાક્યથી સમજી ગયા કે મને ફરી કાફિરો તરફ પાછા મોકલાવી દેશે એથી તેઓ ચૂપકીદીથી છટકી ગયા અને સમુદ્ર કિનારે "ઐસ" મુકામે જઈ રોકાયા. આ તરફ મક્કાથી હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ પોતાની સાંકળો કાપી છટકી નીકળ્યા અને તે પણ ત્યાં પહોંચી ગયા. પછી

મક્કના બીજા દુઃખી મુસ્લિમોએ પણ મોકો જોઈ કાફિરોની કેદથી નીકળી ત્યાં પનાહ લેવાની શરૂઆત કરી. છેવટે આ જંગલમાં સિત્તેર માણસોની એક ટુકડી ભેગી થઈ ગઈ. કુરૈશના કાફિરોના વ્યાપારીઓના કાફલાઓનો એ જ રસ્તો હતો. જે કાફિરો અવરજવર ખાતર અહીંથી નીકળતા આ લોકો એમને લૂંટી લેતા ત્યાં સુધી કે એ લોકો ખૂબ જ પરેશાન થઈ ગયા. આખરે કુરૈશના કાફિરોએ ખુદા અને સગાઈનો વાસ્તો આપી હુઝૂર ﷺ ને પત્ર લખ્યો કે, અમે સુલેહનામામાં અમારી શરતોને પાછી લઈએ છીએ આપ એ લોકોને સમુદ્ર તટ પરથી મદીના બોલાવી લ્યો ! અને અમારી તરફથી છૂટ છે કે જે મુસ્લિમો ભાગી મદીના આવે એમને તમો મદીનામાં રોકી શકો છો, અમને એની સામે વાંધો નથી. *(બુખારી શરીફ, પ્રકરણ : અશ્શર્તુ ફિજ્જેહાદ, ભાગ–૧, પેજ–૩૮૦)*

એ પણ રિવાયત છે કે, કુરૈશે પોતે જ અબૂ સુફયાનને મદીના મોકલ્યો કે અમે સુલેહનામા હુદૈબિયામાં પોતાની શરતોથી હાથ ખેંચીએ છીએ. તેથી આપ હઝરત અબૂ બસીર رضی اللہ عنہ ને મદીનામાં બોલાવી લો, જેથી અમારા વ્યાપારીઓના કાફલા એ લોકોના હુમલાઓથી બચી જાય. તેથી હુઝૂર ﷺ એ હઝરત અબૂ બસીર رضی اللہ عنہ પાસે પત્ર મોકલ્યો કે તમે પોતાના સાથીઓ સાથે ''ઐશ'' મુકામથી મદીના આવતા રહો. પરંતુ અફસોસ ! કે ફર્માને રિસાલત જ્યારે એમની પાસે પહોંચ્યો ત્યારે તેઓ મૃત્યુની પાસે હતા એ પાક પત્રને લઈને એમણે પોતે માથે ચઢાવ્યો અને આંખે વળગાડયો અને એમની રૂહ નીકળી ગઈ. હઝરત અબૂ જંદલ رضی اللہ عنہ એ પોતાના સાથીઓ સાથે મળી એમની તજહીઝો તકફીનનું કાર્ય પૂર્ણ કર્યું અને દફન કર્યા પછી એમની કબર શરીફની પાસે યાદગીરી માટે એક મસ્જિદ બનાવી અને પછી ફર્માને રસૂલ મુજબ તે લોકો ત્યાંથી મદીના આવી આબાદ થયા. *(મદારિજુન્નુબુવ્વહ, પેજ–૨૧૮)*

## ★ સુલ્તાનોને ઈસ્લામની દા'વત ★

હિજરી સન ૬ માં હુદૈબિયા પછી યુદ્ધની મુશ્કેલીઓ જતી રહી. અને ચારેકોર શાંતિ થઈ ગઈ. જો કે રસૂલુલ્લાહ ﷺ ની નબુવ્વત અને રિસાલત માત્ર અરબ દેશ સુધી જ સીમિત ન હતી. પરંતુ આપને





તમામ દુનિયાના નબી બનાવીને મોકલવામાં આવ્યા હતા જેથી આપે ઈરાદો કર્યો કે ઈસ્લામનો પૈગામ આખી દુનિયામાં આપવો જોઈએ. તો આપે રોમના બાદશાહ ''કૈસર'' ઈરાનના બાદશાહ ''કિસરા'' હબશાના બાદશાહ ''નજ્જાશી'' મિસરના બાદશાહ ''અઝીઝે મિસર'' અને અરબ તેમજ અજમના બીજા સુલ્તાનોના નામે દા'વતે ઈસ્લામના પત્રો મોકલાવ્યા.

સહાબાએ કિરામમાંથી કોણ કોણ કયા કયા બાદશાહના દરબારમાં ગયા હતા ? એમની યાદી બહુ મોટી છે. પરંતુ એ જ દિવસે છ પત્રો લખાવી પોતાની મોહર લગાડી જે છ સંદેશવાહકો જ્યાં જ્યાં આપે રવાના ફર્માવ્યાં તેઓ આ છે :–

૧. હઝરત દિહયા કલબી رضی اللہ عنہ કૈસરે રોમના દરબારમાં.
૨. હઝરત અબ્દુલ્લાહ બિન હિઝાફા رضی اللہ عنہ ખુસરૂ પરવેઝ શાહે ઈરાનના દરબારમાં.
૩. હઝરત હાતિબ رضی اللہ عنہ મુકૌકિસ અઝીઝે મિસરના દરબારમાં.
૪. હઝરત અમ્ર બિન ઉમ્મૈયા رضی اللہ عنہ નજ્જાશી બાદશાહના દરબારમાં.
૫. હઝરત સલીત બિન ઉમર رضی اللہ عنہ યમામાના બાદશાહ હવ્ઝહના દરબારમાં.
૬. હઝરત શુજાઅ બિન વહબ رضی اللہ عنہ હારિષ ગસ્સાની વાલીએ ગસ્સાનનાં દરબારમાં.

## ★ નામાએ મુબારક અને કૈસર ★

હઝરત દિહયા કલબી رضی اللہ عنہ હુઝૂર ﷺ નો મુકદસ પત્ર લઈ ''બુસરા'' તશરીફ લઈ ગયા અને ત્યાં રોમના કૈસરના શામ (સીરિયા)ના ગવર્નર હારિષ ગસ્સાનીને આપ્યો. તેણે આ નામાએ મુબારકને ''બૈતુલ મુકદ્દસ'' મોકલી દીધો અને કૈસરે રોમ (હિરક્લ)એ દિવસો દરમ્યાન બૈતુલ મુકદસમાં આવ્યો હતો. કૈસરને જ્યારે આ પાક પત્ર મળ્યો ત્યારે એણે હુકમ કર્યો કે કુરૈશનો કોઈ વ્યક્તિ દેખાય તો તેને મારી સમક્ષ દરબારમાં હાજર કરો. કૈસરનાં માણસોએ તલાશ કરી ત્યારે એકાએક અબૂ સુફિયાન અને અરબના બીજા વ્યાપારીઓ મળ્યા આ બધા

લોકોને કૈસરના દરબારમાં લઈ જવામાં આવ્યા. કૈસરે ખૂબ જતન કરી દરબાર યોજયો અને શાહી તાજ પહેરી તખ્ત પર બેઠો. અને તખ્તની આજુબાજુ સલ્તનતના હોદ્દેદારો, સિપાહીઓ અને પ્રજા હરોળબંધ ઊભા થઈ ગયા એ જ હાલતમાં અરબના વ્યાપારીઓની ટૂકડીને દરબારમાં હાજર કરવામાં આવી અને શાહી મહેલના બધા જ દરવાજા બંધ કરી દેવામાં આવ્યા. પછી કૈસરે અનુવાદકને બોલાવ્યો અને એના વડે વાતચીત આરંભી. સૌથી પહેલા કૈસરે એ પ્રશ્ન પૂછયો કે અરબમાં જે વ્યક્તિએ નબુવ્વતનો દા'વો કર્યો છે તેમાંથી એમનો સૌથી નિકટનો કુટુંબી કે સગો કોણ છે ? અબૂ સુફિયાને કહ્યું, "હું !" કૈસરે એમને સૌથી આગળ બોલાવ્યા અને બીજા આરબોને એમની પાછળ ઊભા રાખ્યા અને કહ્યું કે જુઓ અગર અબૂ સુફિયાન કોઈ ખોટી વાત કહે તો તમે એ વાત જૂઠ હોય તો જૂઠ જાહેર કરજો. પછી કૈસર અને અબૂ સુફિયાન વચ્ચે જે વાતો થઈ તે આ છે :–

**કૈસર** : નબુવ્વતનો દા'વો કરનારનો ખાનદાન કેવો છે ?

**અબૂ સુફ્યાન** : એમનો ખાનદાન શરીફ છે.

**કૈસર** : શું એ ખાનદાનમાં એમના પહેલાં પણ કોઈએ નબુવ્વતનો દા'વો કર્યો હતો ?

**અબૂ સુફ્યાન** : ના !

**કૈસર** : જે લોકોએ એમનો મઝહબ કબૂલ કર્યો છે તેઓ નબળા છે કે એમનો કોઈ અસર પણ છે ?

**અબૂ સુફ્યાન** : કમઝોર લોકો છે !

**કૈસર** : એમના અનુયાયીઓ વધી રહ્યા છે કે ઘટી રહ્યા છે ?

**અબૂ સુફ્યાન** : વધતા જાય છે.

**કૈસર** : શું કોઈ એમના મઝહબમાં દાખલ થઈ ફરી નાપસંદ કરી પાછા ફરે છે ?

**અબૂ સુફ્યાન** : ના !

**કૈસર** : શું નબુવ્વતનો દા'વો કરતા પહેલાં તમે એમને જૂઠો સમજતા હતા ?





**અબૂ સુફ્યાન** : ના !

**કૈસર** : શું તેઓ કસમ તોડે છે અને વાયદો ભૂલી જાય છે ?

**અબૂ સુફ્યાન** : હમણા સુધી તો નહીં. પરંતુ હવે અમારા અને એમની વચ્ચે (હુદૈબિયા)નો જે કરાર થયો છે, ખબર નથી એમાં તેઓ શું કરશે ?

**કૈસર** : શું તમે લોકોએ એમની સાથે યુદ્ધો કર્યા છે ?

**અબૂ સુફ્યાન** : કોઈકવાર અમે જીત્યા અને કોઈકવાર તેઓ !

**કૈસર** : તેઓ તમને શાનો હુકમ કરે છે ?

**અબૂ સુફ્યાન** : તેઓ કહે છે ફક્ત એક જ ખુદાની ઈબાદત કરો, બીજા કોઈને ખુદાની સાથે ન માનો, મૂર્તિઓને છોડો, નમાઝ પઢો, સાચું બોલો, પાક સાફ રહો, સગાં સાથે સારું વર્તન કરો !

આ પ્રશ્નોના ઉત્તર પછી કૈસરે કહ્યું કે તમે એમને શરીફ ખાનદાની બતાવ્યો અને બધા જ પૈગંબરો એવા જ હોય છે કે હંમેશ પૈગંબરો શરીફ ખાનદાનોમાં જ જન્મ લે છે. તમે કહ્યું કે એમના પૂર્વજોમાં કદી કોઈએ નબુવ્વતનો દા'વો કર્યો નથી, જો એવું હોત તો હું કહી દેત કે આ વ્યક્તિ બીજાઓની નકલ ઉતારે છે. તમે કબૂલ કર્યું છે કે એમના ખાનદાનમાં કદી કોઈ બાદશાહ થયો નથી, જો એવું હોત તો હું સમજી લેતો કે આ વ્યક્તિ પોતાના પૂર્વજોની બાદશાહી મેળવવા માગે છે. તમે માનો છો કે નબુવ્વતનો દા'વો કરતા પહેલાં એમણે કદી જૂઠ બોલ્યું નથી. જે માણસ બીજી વ્યક્તિઓ સાથે જૂઠ નથી બોલતો, પછી એ ખુદા પર શા માટે જૂઠ બાંધી શકે ? તમે કહો છો કે નબળા લોકોએ એમનો ધર્મ કબૂલ કર્યો છે. તો સાંભળી લો હંમેશ શરૂઆતમાં પૈગંબરોના અનુયાયીઓ ગરીબ અને નબળા લોકો જ થયા છે. તમે એ પણ કબૂલ્યું છે કે એમના અનુયાયીઓ વધતા જ જાય છે, તો ઈમાનમાં હંમેશ એવું જ બન્યું છે કે એના માનનારાઓની સંખ્યા વધતી જ જાય છે. તમે એ પણ કબૂલ કર્યું છે કે કોઈપણ એમના ધર્મથી ફર્યો નથી તો તમને ખબર હોવી જોઈએ કે ઈમાનની શાન એવી જ હોય છે કે જ્યારે ઈમાન કોઈના હૃદયમાં ઘર કરી જાય છે ત્યારે તે ક્યારેય નીકળી શક્તું

નથી. તમને ભરોસો છે કે એમણે કદી કોઈ ગદ્દારી કરી નથી કે પ્રતિજ્ઞા ભંગ કર્યો નથી તો રસૂલો એવો જ હોય છે કે તેઓ કદી દગા અને છેતરપિંડીનાં કામ કરતા જ નથી, તમે અમને કહ્યું કે તેઓ એક જ ખુદાની બંદગી "શિર્કથી પરહેઝ" મૂર્તિપૂજાનો વિરોધ, સ્વચ્છતા (પાકદામની) બધા પર રહમ કરવાનો હુકમ કરે છે. તો સાંભળો કે તમે જે કંઈ કહ્યું છે અને તે બધું સાચુ છે તો તેઓ ખૂબ જ ઓછા સમયમાં એ જગ્યાના માલિક બની જશે જ્યાં હમણા હું હાકેમ છું, હું જાણું છું કે એક રસૂલ આવવાના છે પરંતુ મને એવું ન હોતું કે તે રસૂલ આરબોમાંથી થશે. જો હું જાણી શક્તો કે હું એમની બારગાહમાં પહોંચી શકીશ તો હું તકલીફ વેઠી ત્યાં સુધી પહોંચી જતો અને હું એમની પાસે હોત તો હું એમનાં પગ ધોતે. કૈસરે પોતાની વાત પૂરી કર્યા પછી હુકમ કર્યો કે રસૂલુલ્લાહ ﷺ નો પત્ર વાંચી સંભળાવો નામાએ મુબારકની આ ઈબારત હતી

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ. મિન મુહમ્મદ અબ્દુલ્લાહ વ રસૂલુલિહી ઈલા હિરક્લ અઝીમુર્રોમ સલામુન અલા મનિત્ તબઅલહુદા. અમ્માબાદ, ફઈન્ની અદઔક બદઆયતુલ ઈસ્લામ અસ્લમ તસ્લમ યુતકુલ્લાહ અજરકુમ મર્રતીન ફઈન તવલ્લૈ–ત ફઈન્ની અલૈકઅષમુ અરિસીયીન. યાઅહ્‌લલ્ કિતાબિ તઆલવ ઈલા કલિમતિન સવાઈમ્ બૈનના વબૈનકુમ અલ્લા નઅબુદ ઈલલ્લાહ વલા નુશરિક બિહી શૈઔંવલા યત્તખેઝ બઅદુના બઅ્દન અરબાબમ્ મિનદુનિલ્લાહિ ફઈન્ તવલ્લવ્ ફકૂલુ અશહદુ બિઅન્ના મુસ્લિમૂન.

શરૂ કરું છું હું ખુદાના નામથી જે ખૂબ જ મહેરબાન અને રહમવાળો છે. અલ્લાહના બંદા અને રસૂલ મુહમ્મદ ﷺ ની તરફથી આ પત્ર "હિરકલ"ના નામે છે જે રોમનો બાદશાહ છે. એ વ્યક્તિની સલામતી થાઓ જે હિદાયતનો અનુયાયી હોય. એના પછી હું તને ઈસ્લામની દા'વત આપું છું તું મુસ્લિમ થઈ જા તો સલામત રહેશે! ખુદા તને બમણો સવાબ આપશે, જો તું એના વિરોધમાં ગયો તો તારી પ્રજાના ગુનાહ તારા પર થશે.

હે કિતાબના માનનારા! એક એવી વાત તરફ આવી જાવ જે અમારી અને તમારી વચ્ચે સરખી છે. અને તે એ છે કે અમે ખુદા સિવાય કોઈની પણ બંદગી ન કરીએ, અને અમારામાંથી કેટલાક લોકો બીજા લોકોને ખુદા





ન બનાવે જો તમે માનો તો સાક્ષી બની જાવ કે અમે મુસ્લિમ છીએ !

કૈસરે અબૂ સુફયાનથી જે વાતચીત કરી એનાથી એના દરબારીઓ પહેલાં જ ગભરાઈ ગયા હતા. આ પત્ર સાંભળ્યો પછી કૈસરે એ લોકોથી કહ્યું કે હે રોમના સમૂહ ! જો તમે પોતાની સલામતી અને બાદશાહીની સલામતી ઈચ્છતા હોવ તો આ નબીથી બૈઅત કરી લો! ત્યારે દરબારીઓમાં ખૂબ જ નારાજગી અને નફરત ફેલાઈ ગઈ કે તેઓ જંગલી ગધેડાઓની જેમ આમ તેમ દરબારના દરવાજાઓ તરફ ભાગવા લાગ્યા. જો કે બધા દરવાજાઓ બંધ હતા તેથી તે લોકો બહાર નીકળી શક્યા નહીં. જ્યારે કૈસરે પોતાના દરબારીઓની નફરતનું આ દૃશ્ય જોયું કે એ લોકો ઈમાન લાવવાના નથી એ વિચારે તે દુ:ખી થયો અને દરબારીઓને બોલાવ્યા. જ્યારે બધા આવી ગયા ત્યારે કૈસરે કહ્યું, હમણાં જ મેં જે કંઈક તમારી સમક્ષ કહ્યું એનો તથ્ય માત્ર તમારી ધર્મ નિષ્ઠતાની કસોટી લેવાનો હતો. તો મેં જોઈ લીધું કે તમે બધા ધર્મનિષ્ઠ છો! આ સાંભળી તમામ દરબારીઓ કૈસરની સામે સજદામાં પડી ગયા અને અબૂ સુફયાન વિગેરેને દરબારમાંથી કાઢી મૂકવામાં આવ્યા અને દરબાર બરખાસ્ત થયો. જતી વેળાએ અબૂ સુફયાને પોતાના સાથીદારોને કહ્યું કે હવે ચોક્કસ અબૂ કબશાના દિકરા (મુહમ્મદ ﷺ)ની વાત ખૂબ જ વધી ગઈ છે. જોઈ લ્યો રોમના બાદશાહને એમનાથી બીક લાગે છે. *(બુખારી શરીફ, પ્રકરણ–૧, પેજ–૪ થી ૫ અને મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૯૭ થી ૯૯, અને મદારિજ, ભાગ–૨, પેજ–૨૧૧ વગેરે)*

કૈસર જો કે તૌરેત અને ઈન્જીલનો જાણકાર અને જ્યોતિષ વિદ્યાથી વાકેફ હતો તેથી તે નબીએ આખિરુઝઝમાંના ઝહૂર (આગમન) વિશે જાણતો હતો અને અબૂ સુફયાનની જબાનથી જે કાંઈ સાંભળ્યું તેનાથી એનું હૃદય પરિવર્તન થઈ ગયું હતું પરંતુ સલ્તનતની હવસ અને લાલચની આંધીઓએ એમાં થયેલા પરિવર્તનના પ્રગટેલા દીવાને ઓલવી નાખ્યો અને તે ઈસ્લામની દૌલતથી વંચિત રહી ગયો.

## ★ ખુસરૂ પરવેઝની ધૃષ્ટતા ★

લગભગ એ જ વિષયના પત્રો બીજા બાદશાહો પાસે પણ હુઝૂર

صلی اللہ تعالیٰ علیہ وسلم એ મોકલાવ્યા, ઈરાનના શહેનશાહ ખુસરૂ પરવેઝના દરબારમાં જયારે નામાએ મુબારક પહોંચ્યો ત્યારે એટલી જ વાત પર એનો ઘમંડ અને અહમનો પારો એટલો ચઢયો કે એણે કહ્યું કે આ પત્રમાં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા નામથી પહેલાં પોતાનું નામ કેમ લખ્યું છે ? એમ કહી એણે ફર્માને રિસાલત ફાડી નાખ્યો અને ટુકડે ટુકડા કરી પત્રને જમીન પર ફેંકી દીધો. જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આ સંદેશ મળ્યો ત્યારે આપે એ ફર્માવ્યું કે, "મઝ્ઝક કિતાબી મઝ્ઝકલ્લાહુ મુલકહૂ" એણે મારા પત્રના ટુકડે ટુકડા કર્યા ખુદા એની સલતનતના ટુકડે ટુકડા કરી દે.

જેથી એની પછી જ ખુસરૂ પરવેઝને એના દિકરા શેરવયાએ રાત્રે ઊંઘમાં એનું પેટ ફાડી મારી નાખ્યો. એની બાદશાહીના ટુકડા થઈ ગયા. એટલે સુધી કે હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર ફારૂક આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતના સમયમાં આ હુકૂમત તદ્દન મટી ગઈ. *(મદારિજુન્નબુવ્વત–૨, પેજ–૨૨૫ વિગેરે, બુખારી શરીફ–૪૧, પેજ–૪૧૧)*

## ★ નજ્જાશીનું વ્યક્તિત્વ ★

હબશાના બાદશાહ નજ્જાશીની પાસે જયારે ફર્માને રિસાલત પહોંચ્યું ત્યારે એણે કોઈ પણ રીતે બેઅદબી કરી નહીં. આ બાબતે ઈતિહાસકારો વચ્ચે મતભેદ છે કે એ નજ્જાશીએ ઈસ્લામ કબૂલ કર્યો કે નહીં ? પરંતુ મવાહિબે લદુન્નિયામાં લખેલું છે કે આ નજ્જાશી કે જેની પાસે નબુવ્વતના એલાનના પાંચમા વરસે મુસ્લિમો મક્કાથી હિજરત કરી ગયા હતા અને હિજરી સન ૬ માં જેની પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પત્ર મોકલ્યો અને હિ.સ. ૯ માં જેનું મરણ થયું અને મદીનામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જેની નમાઝે જનાઝા પઢાવેલી એનું નામ "અસમહા" હતું અને તે ચોક્કસ મુસ્લિમ થઈ ગયો. પરંતુ તેની પછી જે નજ્જાશી તખ્ત પર બેઠો એની પાસે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈસ્લામનું દા'વતનામુ મોકલ્યું હતું પરંતુ એના વિશે કોઈ જાણકારી મળતી નથી કે એ નજ્જાશીનું નામ શું હતું ? એણે ઈસ્લામ કબૂલ કર્યો કે નહીં ? કહેવાય છે કે આ બંને પવિત્ર પત્રો હમણા સુધી હબશાના સુલ્તાનો પાસે સાચવીને રાખેલ છે, અને તેઓ એમને ખૂબ જ માન આપે છે. (વલ્લાહ તઆલા અઅ્લમ) *(મદારિજુન્નબુવ્વત, જિલ્દ–૨, સફા–૨૨૦)*





## ★ મિસરના બાદશાહનું વર્તન ★

હઝરત હાતિબ બિન અબી બલતઆ رضی اللہ عنہ ને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ "મુકૌકશ" મિસર અને અસરકન્દરયાના બાદશાહની પાસે કાસિદ બનાવીને મોકલ્યા. તે ખૂબ જ સજ્જતનાથી એમનાથી મળ્યો અને ફર્માને નબવીને ખૂબ જ ઈજ્જતથી વાંચ્યું પરંતુ એ મુસ્લિમ થયો નહીં. હા ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં કેટલીક વસ્તુઓ (ભેટ) નજરાનામાં મોકલી બે દાસીઓ (કનીઝો) એક હઝરત "મારીયા કિબતિયા" હતાં જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હરમમાં દાખલ થયાં અને એમની કૂખે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફરઝંદ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ જન્મ્યા. બીજા હઝરત "સીરીન" હતાં જેમને આપે હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ને અતા ફર્માવ્યાં. એમની કૂખે હઝરત હસ્સાનના સાહબઝાદા હઝરત અબ્દુર્રહમાનનું જન્મ થયું. આ બંને દાસીઓ સિવાય એક સફેદ ગધેડો જેનું નામ "યા'ફૂર" હતું અને એક સફેદ ટટ્ટૂ જે "દુલદુલ" કહેવાતો હતો, એક હજાર સોના મહોર, એક ગુલામ, "થોડુંક મધ" અને કેટલાંક કપડાં પણ હતાં. *(મદારિજુન્નબુવ્વત, પેજ–૨૨૯)*

## ★ હારિષ ગસ્સાનીનું ઘમંડ ★

હઝરત શુજાઅ رضی اللہ عنہ એ જયારે હારિષ ગસ્સાનના માલિકની સામે નામાએ અકદસ પેશ કર્યો. ત્યારે એ ઘમંડી પત્રને વાંચી વિફરી ગયો, અને પોતાની ફૌજને યુદ્ધ માટે તૈયાર થવા હુકમ કર્યો. તેથી મદીનાના મુસ્લિમો હંમેશ એના હુમલાની રાહ જોવા લાગ્યા અને આખરે "ગઝવએ મૌતહ" અને "ગઝવએ તબૂક"ના બનાવ બનવા પામ્યા જેમની વિગતો આગળ લખવામાં આવશે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાદશાહો સિવાય બીજા ઘણા સુલ્તાનો અને ઉમરાવોને દા'વતે ઈસ્લામના પત્રો લખ્યા હતા જેમાંથી કેટલાકે ઈસ્લામ કબૂલ કરવાનો ઈન્કાર કર્યો હતો અને કેટલાક ખુશનસીબોએ ઈસ્લામ કબૂલ કરી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં નિયાઝમંદીના પત્રો લખ્યા હતા. દા.ત. યમનના શાહાને હમીરમાંથી જે જે બાદશાહોએ મુસ્લિમ થઈને બારગાહે નબુવ્વતમાં અરજીઓ મોકલી જે ગઝવએ તબૂકથી પાછા ફર્યા

પછી આપની ખિદમતમાં પહોંચી તેઓનાં નામો આ પ્રમાણે છે :–

(૧) હારિષ બિન અબ્દુલ કલાલ (૨) નઈમ બિન અબ્દુલ કુલાલ (૩) નોઅ્માન હાકિમે ઝુરઐન અને મઆફિરે તથા હમદાન (૪) ઝુરઆ. આ બધા યમનના બાદશાહો છે.

એમના સિવાય "ફરદા બિન અમ્ર" જે રોમની સલ્તનત તરફથી ગવર્નર હતો એણે પોતાના ઈસ્લામની જાણ કાસિદ દ્વારા બારગાહે રિસાલતમાં મોકલી. એવી રીતે "બાઝાન" જે બાદશાહે ઈરાન કિસરા તરફથી યમનના સૂબેદાર હતા પોતાના બે દિકરાઓ સાથે મુસલમાન થયા અને એક અરજી લખીને હુઝૂર ﷺ ને પોતે ઈસ્લામ લઈ આવ્યાની ખબર મોકલી. આ બધી બાબતોનો ખુલાસો "સીરતે ઈબ્ને હિશામ, ઝુર્કાની, મદારિજુન્નબુવ્વત" વગેરેમાં લખેલ છે. અમે અમારી આ સંક્ષિપ્ત કિતાબમાં એમની વિસ્તૃત માહિતી લખવાથી ક્ષમા યાચીએ છીએ.

## ★ સરિય્યએ નજ્દ ★

હિ.સ. ૬ માં રસૂલુલ્લાહ ﷺ એ હઝરત મુહમ્મદ બિન મસલમા رضی اللہ عنہ ના નેતૃત્વ નીચે એક લશ્કર નજ્દ તરફ મોકલ્યું. એ લોકોએ બની હનીફાના સરદાર ષુમામા બિન ઉષાલને પકડી પાડયો અને મદીના લાવ્યા. જયારે લોકોએ એમને બારગાહે રિસાલતમાં મોકલ્યા ત્યારે આપે હુકમ કર્યો કે, એને મસ્જિદે નબવીના એક સ્તંભની સાથે બાંધી દો. તેથી એમને સ્તંભ સાથે બાંધી દેવામાં આવ્યા. પછી હુઝૂર ﷺ એની પાસે તશરીફ લઈ ગયા અને પૂછયું કે, અય ષુમામા ! તમારી હાલત કેવી છે ? અને તમે પોતાના વિશે શું માનો છો ? ષુમામાએ જવાબ આપ્યો કે અય મુહમ્મદ ! ﷺ મારો હાલ અને ખ્યાલ તો સારો છે. જો આપ મને કતલ કરો તો એક ખૂની માણસને કતલ કરશો, જો મને પોતાના ઈનામો આપી મુક્ત કરો તો એક આભારીને છોડશો, જો તમે મારાથી કંઈક માલમત્તા મેળવવા ઈચ્છતા હોતો કહો આપને માલ આપવામાં આવશે. હુઝૂર ﷺ આ વાતો કરી જતા રહ્યા. પછી બીજા દિવસે પણ આ જ પ્રશ્નોત્તરી થઈ. પછી ત્રીજા દિવસે પણ એ જ થયું. એના પછી આપે સહાબીઓને ફર્માવ્યું કે, ષુમામાને મુક્ત કરી દો. તેથી લોકોએ એમને





મુક્ત કરી દીધા. ષુમામા મસ્જિદથી નીકળી એક ખજૂરના બગીચામાં જતા રહ્યા, જે મસ્જિદે નબવીની પાસે જ હતો. ત્યાં તેમણે ગુસલ કર્યું પછી મસ્જિદે નબવીમાં પાછા આવ્યા અને કલમએ શહાદત પઢી મુસલમાન થયા અને કહેવા લાગ્યા કે ખુદાની કસમ ! મને તમારા ચહેરાથી જેટલી નફરત હતી એટલી આખી દુનિયામાં કોઈનાથી ન હતી ! પરંતુ આપના ચહેરાથી આજે એટલી મહોબ્બત થઈ ગઈ જેટલી દુનિયાના કોઈપણ ચહેરાથી નહીં હોય. કોઈ ધર્મ મારી નજરમાં નાપસંદ ન હતો જેટલો આપનો ધર્મ હતો, પરંતુ આજે કોઈપણ ધર્મ મને આપના ધર્મ જેટલો પસંદ નથી. કોઈપણ શહેર મારી નજરમાં એટલુ ખરાબ ન હતો જેટલુ આપનું શહેર, અને હવે મારો એ હાલ છે કે તમારા શહેર જેટલુ વહાલુ શહેર મને કોઈ દેખાતું નથી. યા રસૂલલ્લાહ ! ﷺ હું ઉમરા અદા કરવાના ઈરાદાથી મક્કા જઈ રહ્યો હતો કે, આપના લશ્કરે મને ગિરફતાર કર્યો હતો, હવે આપ મને શો હુકમ આપો છો ? હુઝૂર ﷺ એ એમને દુનિયા અને આખેરતની ભલાઈઓનો રાઝ સંભળાવ્યો અને ફરી હુકમ કર્યો કે તમે મક્કા જઈ ઉમરા અદા કરો !

જયારે તેઓ મક્કા પહોંચ્યા અને તવાફ કરવા લાગ્યા ત્યારે કુરૈશના કાફિરે એમને જોઈને કહ્યું, અય ષુમામા ! તમે સાબી (બેદીન) થઈ ગયા છો ! આપે ખૂબ જ હિંમતથી જવાબ આપ્યો, હું બેદીન થયો નથી પરંતુ હું મુસલમાન થઈ ગયો છું અને હે મક્કાવાસીઓ ! સાંભળો ! હવે જયાં સુધી રસૂલુલ્લાહ ﷺ ઈજાઝત નહીં આપે ત્યાં સુધી તમને અમારા દેશથી ઘઉંનો એક દાણો પણ મળી શકશે નહીં. મક્કાની પ્રજા માટે એમના વતન "યમામા"થી અનાજ આવતું હતું. *(બુખારી, જિ. ૨, પેજ–૬૨૭, મુસ્લિમ, જિ. ૨, પેજ–૯૩, બાબ રબ્તુલ અસીર તથા મદારિજ, ભાગ–૨, પેજ–૧૮૯)*

## ★ અબૂ રાફેઅની કતલ ★

હિ.સ. ૬ ના બનાવોમાં અબૂ રાફેઅ યહૂદીની કતલ પણ છે. અબૂ રાફેઅ યહૂદીનું નામ અબ્દુલ્લાહ બિન અબિલ હુકૈક યા સલ્લામ બિન હુકૈક હતું. એ ખૂબ જ માલદાર વ્યાપારી હતો પરંતુ ઈસ્લામનો જબરદસ્ત

શત્રુ અને બારગાહે નબુવ્વતની શાનમાં ખૂબ જ ખરાબ, નિર્લજ્જ અને બેઅદબ હતો. આ એ જ માણસ છે જે હુચ્યે બિન અખ્તબ યહૂદીની સાથે મક્કા ગયો હતો અને કુરૈશના કાફિરો અને બીજા કબીલાઓને જોશમાં લાવી ગઝવએ ખંદકમાં મદીના પર હુમલો કરવા ખાતર દસ હજારની ફૌજ લઈને આવ્યો હતો અને અબૂ સુફિયાનને ચઢાવીને એણે જ એને સેનાપતિ બનાવ્યો હતો. હુચ્યે બિન અખ્તબ તો ખંદકની જંગ પછી ગઝવએ બની કુરૈઝામાં માર્યો ગયો હતો પરંતુ આ બચી ગયો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈજા કરવા અને ઈસ્લામની બુરાઈઓ કરવામાં તન, મન, ધનથી વળગ્યો હતો. અન્સારના બંને કબીલાઓ ઔસ અને ખઝરજમાં હંમેશ મુકાબલો થયા કરતો અને આ બંને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નેકીઓમાં એકબીજાથી ચઢિયાતા થવાની કોશિશ કરતા હતા કારણ કે કબીલા ઔસના લોકો હઝરત મુહમ્મદ બિન મુસલમા વગેરે رضی اللہ عنہ એ હિ.સ. ૩ માં મુશ્કેલીમાં પડી રસૂલના એક દુશ્મન "કઅબ બિન અશરફ યહૂદી"ને કતલ કર્યો હતો. એ માટે ખઝરજ કબીલાના લોકોએ મશ્વરો (વાતચીત) કર્યો કે, હવે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો સૌથી મોટી દુશ્મન "અબૂ રાફેઅ" રહ્યો છે તેથી અમે તેને કતલ કરી નાખીએ જેથી અમે પણ ઔસ કબીલાની જેમ એક રસૂલના દુશ્મનને કતલ કરવાનો બદલો તથા સવાબ મેળવી લઈએ. જેથી હઝરત અબ્દુલ્લાહ બિન અતીક અને અબ્દુલ્લાહ બિન ઉનીસ અને અબૂ કતાદા તથા હારિષ ઈબ્ને રિબુઈ તથા મસ્ઊદ બિન સિનાન અને ખુઝાઈ બિન અસ્વદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ લીધે ભેગા થઈ તૈયાર થયા. આ લોકોની દરખાસ્ત ઉપર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈજાઝત આપી દીધી અને હઝરત અબ્દુલ્લાહ બિન અતીક رضی اللہ عنہ ને એ જમાઅતના અમીર બનાવવામાં આવ્યા અને એ લોકોને ના પાડી દેવામાં આવી કે બાળકો અને સ્ત્રીઓને કતલ કરવું નહીં. *(ઝુર્કાની અલલ મુવાહિબ, જિ. ૨, પેજ–૧૬૩)*

હઝરત અબ્દુલ્લાહ બિન અતીક رضی اللہ عنہ અબૂ રાફેઅના મહેલની પાસે પહોંચ્યા અને પોતાના સાથીદારોને હુકમ આપ્યો કે તમે લોકો અહીંયા બેસી મારા પાછા આવવાની રાહ જોજો અને પોતે ખૂબ જ ગૃપ્ત રીતે રાત્રિમાં એના મહેલમાં દાખલ થયા અને એના બિસ્તર પર પહોંચી અંધારામાં





એને કતલ કરી નાખ્યો. જ્યારે મહેલમાંથી નીકળવા લાગ્યા ત્યારે સીડી પરથી પડી ગયા જેથી એમના પગનું હાડકૂં તૂટી ગયું પરંતુ એમણે તરત જ પોતાની પાઘડી વડે પોતાનું તૂટેલું હાડકું બાંધી દીધું અને મુશ્કેલી વેઠી મહેલથી બહાર નીકળ્યા. પછી પોતાના સાથીદારોની મદદથી તેઓ મદીના પહોંચ્યા. જ્યારે દરબારે રિસાલતમાં પહોંચી અબૂ રાફેઅના કતલની વાત સંભળાવી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, "પગ ફેલાવો !" એમણે પણ ફેલાવ્યો ત્યારે આપે પોતાના દસ્તે મુબારક (મુબારક હાથ) એમના પગ ઉપર ફેરવ્યા તો તાત્કાલિક હાડકુ સંધાઈ ગયું અને એમનો પગ બિલકુલ સાજો અને સલામત થઈ ગયો. *(બુખારી, ભાગ–૧, પેજ–૨૨૪)*

## ★ હિ. સ. ૬ ની કેટલીક લડાઈઓ ★

હિ. સ. ૬ માં સુલેહ હુદૈબિયા પહેલાં કેટલાક નાનાં નાનાં લશ્કરોને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જુદી જુદી દિશાઓમાં મોકલાવ્યાં જેથી તેઓ કાફિરોના હુમલાઓનો જવાબ આપી શકે. એમની લડાઈઓની વિસ્તૃત ચર્ચા ઝુર્કાની અલલ મુવાહિબ અને મદારિજુન્નબુવ્વત વગેરે કિતાબોમાં લખેલ છે. પરંતુ એ યુદ્ધના ક્રમ અને એમની તારીખોમાં ઈતિહાસકારોમાં મતભેદ છે તેથી એ તારીખો ચોક્કસપણે કહી શકાય તેમ નથી. આ બાબતે થોડુક બયાન હદીષમાં લખેલ છે પરંતુ હદીષોમાં પણ એની ચોક્કસ તારીખો નથી પરંતુ કેટલાક ભરોસાપાત્ર અને શહાદત આપનારાઓથી એ જણાઈ આવે છે કે, આ બધા બનાવો સુલેહ હુદૈબિયાથી પહેલાંના છે. એ યુદ્ધોમાંથી કેટલાક નામો આ પ્રમાણે છે : (૧) સરિય્યએ કરતા (૨) ગઝવએ બની લહયાન (૩) સરિય્યએ અલગમર (૪) સરિય્યએ અલી બજાનિબ જમૂમ (૫) સરિય્ય ઝૈદ બજાનિબ ઐસ (૬) સરિય્યએ ઝૈદ વાદિયુલ કુરા (૭) સરિય્યએ અલી બજાનિબ બની સઅદ (૮) સરિય્યએ ઝૈદ બજાનિબ ઉમ્મે કરફા (૯) સરિય્યએ ઈબ્ને રવાહા (૧૦) સરિય્યએ ઈબ્ને મુસલેમા (૧૧) સરિય્યએ ઝૈદ બજાનિબ તરફ (૧૨) સરિય્યએ ઉકલ વગુર્યા (૧૩) સરિય્યએ ઝમરી. આ લડાઈઓનાં નામોમાં પણ મતભેદ છે. અમે અહીંયા આ લડાઈઓના ઉપર મુજબનાં નામો ઝુર્કાની અલલ મવાહિબની અનુક્રમણિકામાંથી નકલ કરેલ છે. *(અનુ. ઝુર્કાની અલલ અલમુવાહિબ, જિ. ૨, પેજ–૩૫૦)*

(પ્રકરણ-૧૨)

# હિજરતનું સાતમું વરસ

(હિજરી સન : ૭)

ગઝવએ ઝાતુલ કરદ : મદીના પાસે ''ઝાતુલ કરદ'' નામની ચરાગાહ છે. જયાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઊંટણીઓ ચરવા જતી હતી. અબ્દુર્રહમાન બિન ઉયૈના ફઝારી જે ગત્ફાન કબીલા સાથે સંકળાયેલો હતો. એણે પોતાના કેટલાક માણસો સાથે એકાએક ત્યાં છાપો માર્યો અને તેઓ વીસ ઊંટડીઓને પકડીને લઈ ગયા. પ્રખ્યાત નિશાનેબાઝ સહાબી હઝરત સલમા બિન અકવાઅ્ رضی اللہ عنہ ને સૌથી પહેલાં આ વાતની જાણ થઈ તેમણે આ વાત વિશે બધાને મોટા અવાજે નારો માર્યો કે, ''યા સહાબા !'' પછી તેઓ એકલા જ તે ડાકુઓની પાછળ દોડી પડયા અને તે બધા લૂટારાઓને તીર મારી મારીને બધી ઊંટડીઓ પાછી છીનવી લીધી અને જે લૂટારાઓ ભાગતા ગયા એમની જે ત્રીસ ચાદરો ફેંકતા ગયા હતા. એ ચાદરો પણ લશ્કર લઈ ત્યાં પહોંચ્યો. હઝરત સલમા બિન અકવા رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! મેં એ છાપામારોને હમણા સુધી પાણી પીવા દીધું નથી એ બધા તરસ્યા છે. એ લોકોની પાછળ લશ્કર મોકલો તો તે બધા પકડાઈ જશે. આપે ઈર્શાદ ફર્માવ્યો કે, તમે પોતાની ઊંટડીઓના માલિક બની ગયા છો. એમની સાથે નમ્રતાનો વર્તાવ કરો. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત સલમા બિન અકવાઅ્ رضی اللہ عنہ ને પોતાના ઊંટ પર પોતાની પાછળ બેસાડયો અને અને મદીના પરત તશરીફ લાવ્યા. હઝરત ઈમામ બુખારીનું બયાન છે કે, આ ગઝવા જંગે ખૈબરનાં માટે રવાના થવાના ત્રણ દિવસ પહેલા બન્યો હતો. *(બુખારી ગઝવએ ઝાતુલ કરદ, જિ. ૨, પેજ–૬૦૩ મુસ્લિમ, જિ–૨, પેજ–૧૧૩)*





## ★ જંગે ખૈબર (ખૈબરનું યુદ્ધ) ★

''ખૈબર'' મદીનાથી આઠ મંઝિલ જેટલા અંતરે એક શહેર છે. એક અંગ્રેજ મુસાફરે લખ્યું છે કે, ''ખૈબર મદીનાથી ૩૨૦ કિલોમીટરના અંતરે છે. આ ખૂબ જ ફળદ્રુપ જગ્યા હતી અને અહીંયા સારામાં સારી ખજૂરો ખૂબ જ મોટા પ્રમાણમાં થતી હતી. અરબમાં યહૂદીઓનું સૌથી મોટુ કેન્દ્ર એ જ ખૈબર હતું. અહીંના યહૂદીઓ અરબમાં સૌથી વધારે પૈસાદાર અને લડાયક હતા અને એમને પોતાની આર્થિક અને લશ્કરી તાકાત પર ખૂબ જ વહેમ અને ઘમંડ હતો. આ લોકો ઈસ્લામ અને ઈસ્લામના સ્થાપક صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે ખૂબ જ દુશ્મનાવટ રાખતા હતા અહીંયા યહૂદીઓએ ઘણા બધા મજબૂત કિલ્લાઓ બનાવ્યા હતા જેમાંથી કેટલાકના અવશેષો હમણા સુધી છે. એમાંથી આઠ કિલ્લાઓ ખૂબ જ પ્રખ્યાત છે જેમના નામ આ પ્રમાણે છે :–

કુતૈયબા, નાઈમ, શકક, કુમૂસ, નતાત, સઅ્બ, વતીખ, સુલાલિમ. હકીકતમાં આ આઠે આઠ કિલ્લા મોહલ્લાઓની જેમ હતા અને એ જ આઠ કિલ્લાઓ ''ખૈબર'' કહેવાતા હતા. *(મદારિજુન્નબુવ્વત, જિ. ૨, પેજ–૨૩૪)*

## ★ ગઝવએ ખૈબર ક્યારે થયો ? ★

બધા જ ઈતિહાસકારો એ વાત માને છે કે ખૈબરનું યુદ્ધ મુહર્રમ માસમાં થયું પરંતુ એ વાતમાં મતભેદ છે કે હિ. સ. ૬ કે હિ. સ. ૭, કારણ કે કેટલાક લોકો હિજરી સનની શરૂઆત મુહર્રમથી કરે છે તેથી હિ. સ. ૭ શરૂ થયો. અને કેટલાક હિજરી સનની શરૂઆત રબીઉલ અવ્વલથી કરે છે કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજરત રબીઉલ અવ્વલમાં થઈ. તેથી એ લોકોની પાસે આ મોહર્રમ અને સફર હિ. સ. ૬ ના હતા. વલ્લાહુ આલમ !

## ★ જંગે ખૈબરનું કારણ ★

આ વાત અમે પહેલાં લખી ચૂક્યા છીએ કે ખૈબરના યુદ્ધમાં જે જે અરબના કાફિરોએ મદીના પર હુમલો કર્યો હતો તેમનામાં ખૈબરના યહૂદીઓ પણ હતા અને હકીકતમાં એ જ લોકો આ હુમલાના સૌથી મોટા પ્રેરક હતા. તેથી ''બનુ નુઝૈર''ના યહૂદી જ્યારે મદીનાથી તડીપાર થયા

ત્યારે યહૂદીઓના આ રહીશો ખૈબર જતા રહ્યા હતા. એમાંથી હુય્યૈ બિન અખ્તબ અને અબૂ રાફેઅ સલ્લામ બિન અબિલ હુકૈકે તો મક્કા જઈ કુરૈશ કાફિરોને મદીના પર હુમલો કરવા ઉશ્કેર્યા અને બધા કબીલાઓમાં ફરી અરબ કાફિરોને જોશ અપાવી લડવા તૈયાર કર્યા અને હુમલો કરનારાઓ માટે પાણીની જેમ રૂપિયા ખર્ચ્યા હતા અને ખૈબરના તમામ યહૂદીઓને સાથે લઈ યહૂદીઓના આ બંને સરદારો હુમલાખોરોમાં સામેલ રહ્યા. હુય્યૈ બિન અખ્તબ તો કુરૈઝાના જંગલોમાં કતલ થયો અને અબૂ રાફેઅ સલ્લામ બિન અબી હુકૈકને હિ. સ. ૬ માં હઝરત અબ્દુલ્લાહ બિન અતીક અન્સારી رضی اللہ عنہ એ એના મહેલમાં દાખલ થઈને કતલ કરી નાખ્યો. પરંતુ આ બધા બનાવો બન્યા પછી ખૈબરના યહૂદીઓ બેઠેલા રહ્યા નહીં પરંતુ વધારે વેર લેવાની આગ એમની છાતીને બાળવા લાગી. તેથી તેઓ મદીના પર પર ફરી વાર બીજો હુમલો કરવાની તૈયારી કરવા લાગ્યા અને આ મકસદ ખાતર ગત્ફાન કબીલાને પણ તૈયાર કર્યો. ગત્ફાન કબીલો અરબનો ખૂબ જ શક્તિશાળી અને લડાયક કબીલો હતો અને એની વસ્તી ખૈબરની ખૂબ જ પાસે હતી અને ખૈબરના યહૂદીઓ પોતે પણ અરબના સૌથી વધારે માલદાર હોવાની સાથોસાથ યુદ્ધમાં નિપૂણ અને તલવારના ધણી હતા. એ બંનેએ સાથે મળી એક મોટુ શક્તિશાળી સૈન્ય તૈયાર કર્યું અને એમણે મદીના પર હુમલો કરી મુસ્લિમોને રહેંસી નાખવાની યુક્તિ વિચારી.

## ★ મુસલમાનો ખૈબર ગયા ★

જ્યારે રસૂલે ખુદા ﷺ ને ખબર મળી કે ખૈબરના યહૂદીઓ ગત્ફાનના કબીલાને સાથે લઈ મદીના પર હુમલો કરવાના છે ત્યારે એમના આ હુમલાને રોકવા ખાતર સોળસો સહાબાએ કિરામનું લશ્કર લઈ આપ ખૈબર રવાના થયા. મદીનામાં હઝરત સિબાઅ બિન ઉરફુતા رضی اللہ عنہ ને અફસર બનાવ્યા અને ત્રણ ઝંડા તૈયાર કરાવ્યા. એક ઝંડો હઝરત હુબાબ બિન મુનઝિર رضی اللہ عنہ ને આપ્યો અને એક ઝંડાના અલમબરદાર હઝરત સઅદ બિન ઉબાદ رضی اللہ عنہ ને બનાવ્યા અને ખાસ અલમે નબવી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના દસ્તે મુબારકમાં એનાયત ફર્માવ્યો અને અઝવાજે મુતહ્હરાતમાંથી હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا ને સાથે લીધાં.





હુઝૂર ﷺ રાત્રિના સમયે ખૈબરની હદમાં પોતાની ફોજ સાથે પહોંચી ગયા અને ફજરની નમાઝ પછી શહેરમાં દાખલ થયા ત્યારે ખૈબરના યહૂદીઓ પોતાનાં દાતરડાં અને ટોકરીઓ લઈ ખેતરો અને બગીચાઓમાં કામ કરવા ખાતર કિલ્લામાંથી નીકળ્યા. જ્યારે તેઓએ હુઝૂર ﷺ ને જોયા ત્યારે બૂમબરાડા કરવા લાગ્યા અને મોટા અવાજે કહેવા લાગ્યા કે, ખુદાની કસમ ! લશ્કરની સાથે મુહમ્મદ ﷺ છે. એ સમયે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે :–

"ખૈબર બરબાદ થઈ ગયો ! નિઃશંક ! જ્યારે અમે કોઈ કામના મેદાનમાં ઉતરીએ છીએ ત્યારે કાફિરોની સવાર બગડી જાય છે." *(બુખારી શરીફ, પેજ–૬૦૩)*

હઝરત મૂસા અશ્અરી رضی اللہ عنہ કહે છે કે જ્યારે હુઝૂર ﷺ એ ખૈબર તરફ જોયું ત્યારે સહાબાએ કિરામ ખૂબ જ મોટા અવાજોથી ના'રએ તકબીર લગાડવા લાગ્યા. ત્યારે આપે ફર્માવ્યું કે, તમે પોતાની ઉપર નમ્ર થાઓ ! તમે લોકો કોઈ બેહરા કે ગાયબને નથી પોકારતા પરંતુ એ (અલ્લાહ)ને પોકારો છો કે જે સાંભળનાર અને પાસે જ છે. હું હુઝૂર ﷺ ની સવારીની પાછળ "લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ"નો વઝીફો પઢી રહ્યો હતો. જ્યારે આપે સાંભળ્યું ત્યારે મને બોલાવ્યો અને ફર્માવ્યું કે, હું તમને એક એવો જ કલમો ન બતાઉં કે જે જન્નતના ખજાનાઓમાંનો એક ખજાનો છે ! મેં અરજ કરી કે, કેમ નહીં ?! યા રસૂલલ્લાહ ! આપ પર મારા માં બાપ કુર્બાન ! ત્યારે ફર્માવ્યું કે, તે કલમો **લાહૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ** છે. *(બુખારી, જિ. ૨, પેજ–૬૦૫)*

## ★ યહૂદીઓની તૈયારીઓ ★

યહૂદીઓએ પોતાની સ્ત્રીઓ અને છોકરાઓને એક સલામત કિલ્લામાં મોકલાવ્યાં અને જીવન જરૂરિયાત અને ખાવા પીવાની વસ્તુઓનો સંગ્રહ "નાઅમ" કિલ્લામાં કર્યો અને સૈન્યને "નતાત" અને "કમૂસ" કિલ્લાઓમાં એકઠું કર્યું. એ બધા કિલ્લાઓમાં "કમૂસ" ખૂબ જ મજબૂત હતો અને "મુરહ્હબ યહૂદી" જે આરબોનાં પહેલવાનોમાં એક હજાર સૈનિકોની બરાબરીનો હતો તે એ જ કિલ્લાનો રહીશ હતો. સલ્લામ બિન

મુશ્કમ યહૂદી માંદો હતો પરંતુ તે પણ "નતાન"ના કિલ્લામાં સૈન્ય લઈને તૈયાર હતો. યહૂદીઓની પાસે લગભગ વીસ હજારનું સૈન્ય હતું તે જુદા જુદા કિલ્લાઓની સંભાળ માટે મોરચો તૈયાર કરીને ઊભુ હતું.

## ★ મહમૂદ બિન મસલેમા શહીદ થયા ★

સૌથી પહેલા "નાઈમ" કિલ્લા પર ખૂબ જ મોરચો મંડાયો ભીષણ યુદ્ધ થયું. અને હઝરત મહમૂદ બિન મસલેમા رضی اللہ عنہ એ ખૂબ જ બહાદૂરીપૂર્વક અને જાન લડાવી યુદ્ધ કર્યું પરંતુ સખત ગરમી અને તાપને લીધે એમને ખૂબ તરસ લાગી, તેઓ થાકીને "નાઈમ" કિલ્લાની દીવાલ નીચે સૂઈ ગયા. કિનાના બિન અબિલ હકીક યહૂદીએ એમને જોઈ લીધા અને ઉપર એક મોટો પથ્થર એમના ઉપર ફેંક્યો જેથી એમનું માથુ ચગદાઈ ગયું અને તેઓ શહીદ થઈ ગયા. આ કિલ્લાને ફતેહ કરવામાં મુસ્લિમો ઝખ્મી થયા પરંતુ કિલ્લો ફતેહ થઈ ગયો.

## ★ અસ્વદ રાઈની શહાદત ★

હઝરત અસ્વદ રાઈ رضی اللہ عنہ પણ એ જ કિલ્લાના યુદ્ધમાં શહાદતથી સરફરાઝ થયા. એમનો કિસ્સો એવી રીતે છે કે તેઓ એક હબશી હતા જે ખૈબરના કોઈ યહૂદીની બકરીઓને ચરાવતા હતા. જ્યારે યહૂદીઓ યુદ્ધની તૈયારીઓ કરવા લાગ્યા ત્યારે એમણે પૂછયું કે, તમે લોકો કોની સાથે યુદ્ધની તૈયારીઓ કરી રહ્યા છો ? યહૂદીઓએ કહ્યું કે, આજે અમે એ વ્યક્તિની સાથે યુદ્ધ કરીશું કે જેણે નબુવ્વતનો દા'વો કર્યો છે. આ સાંભળી એમના હૃદયમાં હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ની મુલાકાતની ઈચ્છા થઈ. તેથી તેઓ બકરીઓ લઈ બારગાહે રિસાલતમાં હાજર થયા અને હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم થી પૂછયું કે, તમે કઈ વસ્તુની દા'વત આપો છો ? આપે એમની સામે ઈસ્લામ પેશ ફર્માવ્યો. એમણે અરજ કરી કે, જો હું મુસલમાન થઈ જાઉં તો મને ખુદા તરફથી શું અજર અને સવાબ મળશે ? આપે ઈર્શાદ ફર્માવ્યો કે, તમને જન્નત અને એમાંની નેઅમતો મળશે. એમણે તરત જ કલમો પઢયો ઈસ્લામ કબૂલ કર્યો અને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! આ બકરીઓ મારી પાસે અનામાત છે. હવે (એમનું) શું કરું ? આપે ફર્માવ્યું કે, તમે આ બકરીઓને





એ કિલ્લા તરફ હાંકી દો અને એમને કાંકરીઓથી મારો તેથી તેઓ પોતાની મેળે માલિક પાસે પહોંચી જશે. તેથી આ હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم નો મો'જિઝો હતો કે એમણે બકરીઓને કાંકરીઓ મારી હાંકી દીધી અને તે બધી પોતાના માલિક પાસે પહોંચી ગઈ.

એ પછી આ ખુશનસીબ હબ્શી શસ્ત્ર સજ્જ થઈને મુજાહિદે ઈસ્લામની સફમાં ઊભા થઈ ગયા અને ખૂબ જ જોશથી જેહાદ કરતાં કરતાં શહીદ થયા.

જ્યારે હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ને એ વિશે જાણ થઈ ત્યારે આપે ફર્માવ્યું કે, "અમલે કલીલંવ્ વ અજ્રન કષીરા" એટલે આ વ્યક્તિએ ખૂબ જ ઓછો અમલ કર્યો અને ખૂબ જ વધારે એનો બદલો મેળવ્યો. પછી હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم એ એમની લાશને તંબુમાં લઈ જવાનો હુકમ આપ્યો અને એમની પાસે ઊભા થઈને એ બશારત સંભળાવી કે અલ્લાહ તઆલાએ એમના કાળા ચહેરાને હસીન બનાવી દીધો. એમના શરીરને ખુશ્બૂદાર બનાવી દીધું. અને બે હૂરો એમને જન્નતમાં મળશે. આ વ્યક્તિએ ઈમાન અને જેહાદ સિવાય બીજો કોઈ અમલ કર્યો નથી, ન એક વખતની નમાઝ પઢી અને એક રોઝો પણ રાખ્યો નથી, હજ્જ પણ કરી શક્યા નથી પરંતુ ઈમાન અને જેહાદના લીધે અલ્લાહ તઆલાએ એમને બુલંદ મર્તબો અતા ફર્માવ્યો. *(મદારિજુન્નબુવ્વત, જિ. ૨, પેજ–૨૪૦)*

## ★ ઈસ્લામી લશ્કરનું મુખ્ય મથક ★

હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ને પહેલેથી જ એ વાતની જાણ હતી કે ગત્ફાન કબીલાવાળાઓ જરૂરથી ખૈબરવાળાઓની મદદે આવશે જેથી આપે ખૈબર અને ગત્ફાનની વચ્ચે "રજીઅ" મુકામે પોતાના સૈન્યનું મુખ્ય મથક બનાવ્યું અને તંબુ તેમજ બીજો ઘણો બધો સામાન અને મહિલાઓને પણ ત્યાં જ રાખ્યાં અને અહીંથી જ નીકળીને યહૂદીઓના કિલ્લાઓ પર હુમલા કરતા હતા. *(મદારિજુન્નબુવ્વત, જિ. ૨, પેજ–૨૩૯)*

નાઈમ કિલ્લો અને એના પછી બીજા કિલ્લાઓ પણ સહેલાઈથી જીત્યા પરંતુ "કુમૂસ" કિલ્લો કે જે ખૂબ જ મજબૂત હતો અને અહીંયા યહૂદીઓનું સૈન્ય પણ ખૂબ વધારે હતું અને યહૂદીઓનો સૌથી મોટો શૂરવીર

''મરહબ'' પોતે એ કિલ્લાનું રક્ષણ કરતો હતો તેથી એ કિલ્લાને જીતવામાં ખૂબ જ મુશ્કેલી પડી. કેટલાય દિવસો સુધી આ કાર્ય પૂર્ણ થઈ શક્યું નહીં. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ કિલ્લા પર પહેલા દિવસે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની કમાનમાં ઈસ્લામી સૈન્યને હુમલા માટે મોકલ્યું અને તેઓએ ખૂબ જ હિંમતપૂર્વક જાન લડાવીને હુમલો કર્યો પરંતુ યહૂદીઓએ કિલ્લાની દિવાલ પરથી ખૂબ જ પથ્થર અને બાણો વરસાવ્યાં જેથી મુસલમાનો કિલ્લાના દ્વાર સુધી પહોંચી ન શક્યા અને રાત થઈ ગઈ. બીજા દિવસે હઝરત ઉમર رضی اللہ عنہ એ જબરજસ્ત હુમલો કર્યો અને મુસલમાનો ખૂબ જ જુસ્સાથી વારંવાર કિલ્લા પર આખો દિવસ હુમલો કરતા રહ્યા પરંતુ કિલ્લો જીતી શક્યા નહીં. અને કેવી રીતે ફતેહ થતો ? ફાતેહે ખૈબર થવું તો અલી હૈદરના મુકદ્દરમાં લખાયેલું હતું ! તેથી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યું કે :–

لَاُعْطِيَنَّ الرَّايَةَ غَدًا رَجُلًا يَفْتَحُ اللهُ عَلٰى يَدَيْهِ يُحِبُّ اللهَ وَرَسُوْلَهٗ وَيُحِبُّهُ اللهُ وَرَسُوْلُهٗ قَالَ فَبَاتَ النَّاسُ يَدُوْكُوْنَ لَيْلَتَهُمْ اَيُّهُمْ يُعْطَاهَا

આવતી કાલે હું એ વ્યક્તિના હાથમાં ધ્વજ આપીશ જેના હાથ પર અલ્લાહ તઆલા વિજય આપશે, તે અલ્લાહ અને રસૂલનો મુહિબ પણ છે અને મહબૂબ પણ છે. રાવી કહે છે કે, એ રાત્રિ લોકોએ ખૂબ જ બેચેનીથી કાઢી કે જુઓ કાલે કોને ધ્વજ અપાય છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૦૫, ગઝવએ ખૈબર)*

સવાર થઈ ને સહાબાએ કિરામ આપની ખિદમતમાં ખૂબ જ આતુરતાની સાથે એવી તમન્ના લઈ હાજર થયા કે, આ એઝાઝ (સન્માન) અમને મળી જાય. એટલા માટે કે જેને આ ઝંડો મળશે એના માટે ત્રણ બશારતો હતી : (૧) તે અલ્લાહ અને રસૂલનો પ્યારો છે. (૨) તેને અલ્લાહ અને રસૂલ ચાહે છે. (૩) ખૈબર એના હાથ પર ફતેહ થશે.

હઝરત ઉમર رضی اللہ عنہ એ કહ્યું કે એ દિવસે મને ખૂબ જ તમન્ના હતી કે કદાચ આજે મને ઝંડો એનાયત થાય. તેઓ એમ પણ કહે છે કે એ મોકા સિવાય મને ક્યારે પણ ફૌજની સરદારી અને અફસરીની તમન્ના (ચાહના) ન થઈ. હઝરત સઅદ رضی اللہ عنہ ના બયાનથી જાણ થાય છે કે બીજા સહાબીઓ પણ આ નેઅમતે ઉઝમાના લીધે તરસી રહ્યા હતા. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૭૮, ૨૭૯, પ્રકરણ : મિન ફઝાઈલે અલી)*





પરંતુ સવારે એકાએક એવો અવાજ લોકોના કાને પહોંચ્યો કે અલી ક્યાં છે ?! લોકોએ કહ્યું કે, એમની આંખોમાં દુઃખાવો છે. આપે એક કાસિદ મોકલી એમને બોલાવ્યા અને એમની દુઃખતી આંખોમાં પોતાનો લુઆબે દહન (થૂંક મુબારક) લગાવ્યું અને દુઆ ફર્માવી તેથી એમને તરત શિફા થઈ કે જાણે કાંઈ થયું જ નથી. પછી તાજદારે દો આલમ صلی اللہ تعالٰی علیہ وسلم એ પોતાના દસ્તે મુબારકથી પોતાનો અલમે નબવી જે હઝરત ઉમ્મુલ મુ'મિનીન આઈશા رضی اللہ عنہا ની કાળી ચાદરમાંથી તૈયાર થયો હતો તે હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم ના હાથમાં અતા ફર્માવ્યો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૨૨)*

અને ઈર્શાદ ફર્માવ્યો કે,

તમે ખૂબ જ શાંતિપૂર્વક જાવ ! અને એ યહૂદીઓને ઈસ્લામની દા'વત આપો અને જાણ કરો કે મુસલમાન થયા પછી તમારા પર આ બધા હક્કો વાજિબ થઈ જશે. ખુદાની કસમ ! જો એક પણ વ્યક્તિ તમારા કારણથી મુસલમાન થશે ત્યારે આ દૌલત તમારા માટે લાલ ઊંટો કરતાં પણ કિંમતી હશે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૦૫, ગઝવએ ખૈબર)*

## ★ હઝરત અલી અને મુરહ્હબનું યુદ્ધ ★

હઝરત અલી رضی اللہ عنہ એ કુમૂસ કિલ્લાની પાસે પહોંચી યહૂદીઓને ઈસ્લામની દા'વત આપી પણ તેઓએ એ દા'વતનો જવાબ ઈંટો અને પથ્થરો તેમજ બાણ અને તલવાર વડે આપ્યો અને કિલ્લાનો રઈસે આ'ઝમ ''મુરહ્હબ'' પોતે ખૂબ જ જુસ્સાથી નીકળ્યો. માથે યમની કેસરી રંગની પાઘડી બાંધેલી અને એના ઉપર પથ્થરનો ટોપો પહેરીને શૌર્ય ગીત ગાતો ગાતો હુમલો કરવા માટે આગળ વધ્યો કે :–

કદ અલિમ્ત ખૈબ્રુ અન્ની મુરહ્હબૂ
શાકિસ્સિલાહિ બત્લુમ્ મુજર્રબૂ

ખૈબર સારી રીતે જાણે છે કે, હું ''મુરહ્હબ'' છું શસ્ત્ર સજ્જ છું ખૂબ જ વીર તેમજ અનુભવી છું. હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم એ એના જવાબમાં આ શૌર્ય ગીતની પંક્તિઓ ઉચ્ચારી :–

અનલ્લઝી સમ્મત્ની ઉમ્મી હૈદરહ્

ક્લૈષિ ગાબાતિન્ ક્રીહિલ મનઝરહ્

હું એ છું કે મારી માએ મારું નામ હૈદર (સિંહ) રાખ્યું છે. હું જંગલના સિંહ જેવો ખૂંખાર છું. મુરહ્હબે ખૂબ જ જોશથી આગળ વધી હઝરત શેરે ખુદા પર પોતાની તલવારનો ઘા કર્યો પરંતુ આપે એવી રીતે પેંતરો ભર્યો કે મુરહ્હબનો વાર ખાલી પડયો. પછી આપે આગળ વધી એના માથા પર એટલા જોશથી તલવાર મારી કે એક જ હુમલામાં એના માથા પરનો પથ્થરનો ટોપો કપાયો, માથું કપાયું અને હૈદરની તલવાર એ માથાને કાપીને દાંત સુધી ઉતરી પડી અને તલવારનો અવાજ ફૌજ સુધી પહોંચ્યો તેમજ મુરહ્હબ ભોંય પર પડી ઢગલો થઈ ગયો. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૧૧૫)*

મુરહ્હબને તરફડતો જોઈ એની ફૌજના તમામ સૈનિકો હઝરત શેરે ખુદા પર તૂટી પડયા પરંતુ હૈદરની તલવાર વીજળીની માફક ચમકીને પડતી હતી જેના વડે આખી સફો (લાઈનો) પલટી પડી અને યહૂદીઓના વીર બહાદૂરો મુરહ્હબ, હારિસ, ઉસૈર, આમિર વગેરે... કપાઈ ગયા. એ ઘમસાણના યુદ્ધમાં હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની ઢાલ કપાઈ અને પડી ગઈ ત્યારે આપે આગળ વધી કુમૂસ કિલ્લાનો દ્વાર ઉખાડી કાઢયો અને એના કમાડને ઢાલ બનાવી દુશ્મનોની તલવારનાં ઘા એના ઉપર રોકતા રહ્યા. આ કમાડ એટલો વજનદાર હતો કે એના પછી ૪૦ માણસો ભેગા મળીને એને ઉપાડી શક્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૩૦)*

યુદ્ધ ચાલતું હતું અને હઝરત અલી શેરે ખુદાએ ખૂબ જ વીરતાપૂર્વક લડી ખૈબરને ફતેહ કરી લીધું અને હઝરત સાદિકુલ વઅદ صلى الله تعالى عليه وسلم નો ફર્માન સદાકતનો નિશાન બનીને હવાઓમાં લહેરાવવા લાગ્યો કે, "કાલે હું એના હાથમાં ધ્વજ આપીશ કે જેના હાથ પર અલ્લાહ તઆલા ફતેહ આપશે અને તે અલ્લાહ અને રસૂલનો પ્યારો છે અને અલ્લાહ તેમજ રસૂલને ચાહવાવાળો પણ છે."

બેશક ! હઝરત મૌલાએ કાએનાત كرم الله تعالى وجهه الكريم અલ્લાહ અને રસૂલને ચાહવાવાળા પણ છે અને તેઓ અલ્લાહના મહબૂબ પણ છે અને બેશક ! અલ્લાહ તઆલાએ આપના હાથથી ખૈબરની ફતેહ અતા ફર્માવી





અને કયામત સુધી અલ્લાહ તઆલાએ આપને ફાતેહ ખૈબરનો પ્રશંસનીય ઉપનામ એનાયત ફર્માવ્યું અને આ તે મહાન ફતેહ છે જેનાથી સમગ્ર અરબ દેશોમાં યહૂદીઓની જંગી તાકાતનો જનાઝો નીકળી ગયો. ખૈબરની જીત પહેલાં ઈસ્લામ યહૂદીઓ અને મુશ્રિકોના ગઠબંધનથી મુશ્કેલીની હાલતમાં હતો પરંતુ ખૈબરની ફતેહ થઈ ગયા પછી ઈસ્લામ એ ખૌફનાક મુશ્કેલીમાંથી નીકળી ગયો અને આગળ ઈસ્લામની ફતેહના દરવાજા ખુલવા માંડયા તેથી એના પછી જ મક્કા પણ ફતેહ થઈ ગયું. જેથી જ આ એક ચોખ્ખી હકીકત છે કે, ફાતેહે ખૈબરની જાતથી ઈસ્લામની બધી જ જીતોનો ક્રમ જોડાયેલો છે.

આખરે ખૈબરનો કિલ્લો કુમૂસ વીસ દિવસની મહેનત અને જબરદસ્ત હુમલાઓ પછી ફતેહ થયો. એ હુમલાઓમાં ૯૩ યહૂદીઓ કતલ થયા અને પંદર મુસલમાનોએ જામે શહાદત પીધું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૨૮)*

## ★ ખૈબરની વ્યવસ્થા ★

ફતેહ પછી ખૈબરની જમીન પર મુસ્લિમોનો કબજો થયો અને હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ઈર્શાદ ફર્માવ્યું કે બનૂ નુઝૈરની જેમ એહલે ખૈબરને પણ તડીપાર કરો પરંતુ યહૂદીઓએ એ દરખાસ્ત મૂકી કે અમને ખૈબરથી ન કાઢો અને જમીન અમારા કબજા હેઠળ જ રહેવા દો, અમે અહીંયા જે કાંઈ પાક થશે એનો અડધો ભાગ આપને આપતા રહીશું. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ એ લોકોની દરખાસ્ત મંઝૂર કરી જેથી જ્યારે ખજૂરનો પાક તૈયાર થતો અને અનાજ પાકી જતુ ત્યારે હુઝૂર صلى الله تعالى عليه وسلم હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضي الله عنه ને ખૈબર મોકલી દેતા અને તેઓ ખજૂરો અને અનાજને બે બરાબર ભાગમાં વહેંચી દેતા અને યહૂદીઓને કહેતા કે એમાંથી જે ભાગ તમને પસંદ હોય તે લઈ લો. યહૂદીઓ આ ઈન્સાફ પર હેરાન થઈ જતા અને કહેતા જમીન અને આકાશ એવા જ ઈન્સાફ પર કાયમ છે. *(ફુતૂહુલ્ બલદાન બલાઝરી, પેજ–૨૭, ફતેહે ખૈબર)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنه નું બયાન છે કે ખૈબર ફતેહ થઈ ગયા પછી યહૂદીઓથી હુઝૂર صلى الله تعالى عليه وسلم એ એવી હાલતમાં સુલેહ

ફર્માવી કે યહૂદીઓ પોતાના સોના, ચાંદી, હથિયાર બધું મુસલમાનોને સુપરત કરી દે અને ઢોરો ઉપર જે કાંઈ લદાયેલું છે તે યહૂદીઓ પોતાની પાસે મૂકી રાખે પરંતુ એ શરત છે કે યહૂદીઓ કોઈપણ મુસલમાનોથી છુપાવીને ન મૂકે. પરંતુ આ શરત કબૂલ કરી લીધા પછી પણ હુય્યૈ બિન અખ્તબનો ચામડાનો થેલો યહૂદીઓએ છુપાવી દીધો જેમાં તે બનૂ નુઝૈરથી તડીપાર થતી વખતે સોનું, ચાંદી ભરી લાવ્યો હતો. જ્યારે યહૂદીઓને પૂછવામાં આવ્યું ત્યારે તેઓ જૂઠ બોલ્યા અને કહ્યું કે, તે બધી રકમ યુદ્ધમાં વપરાઈ ગઈ. પરંતુ અલ્લાહ તઆલાએ વહી દ્વારા પોતાના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બતાવ્યું કે તે થેલો ક્યાં છે ? તેથી મુસ્લિમોએ એ થેલાને શોધી કાઢ્યો અને પછી કારણ કે કિનાના બિન અબિલ હકીકએ હઝરત મુહમ્મદ બિન મુસલેમાને ઉપરથી પથ્થર ફેંકી કતલ કર્યા હતા એના લીધે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને બદલામાં કતલ કરાવ્યો અને એમની સ્ત્રીઓને બંદી બનાવી લીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૪૫, અબૂ દાવૂદ, ભાગ–૨, પેજ–૪૨૪)*

## ★ હઝરત સફિય્યાનો નિકાહ ★

કૈદીઓમાં હઝરત બીબી સફિયા رضی اللہ عنہا પણ હતાં. તેઓ બનૂ નુઝૈરના રઈસે આ'ઝમ હુય્યૈ બિન અખ્તબની સુપુત્રી હતાં અને એમનો ખાવિંદ કિનાના બિન અબિલ હકીક પણ બનૂ નુઝૈરનો મોટો રઈસ હતો. જ્યારે બધા કૈદીઓને ભેગા કરવામાં આવ્યા ત્યારે હઝરત દહ્યા કલબી رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! એમનામાંથી એક લોંડી મને પણ એનાયત ફર્માવો. આપે એમને રજા આપી કે તમે પોતે જઈને કોઈ લોંડી લઈ લો. એમણે હઝરત સફિયા رضی اللہ عنہا ને લઈ લીધાં. કેટલાક સહાબાઓએ એ વાત પર અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم :–

اَعْطَيْتَ دِحْيَةَ صَفِيَّةَ بِنْتَ حُيَيٍّ سَيِّدَةَ قُرَيْظَةَ وَالنَّضِيْرِ لَا تَصْلُحُ اِلَّا لَكَ

યા રસૂલલ્લાહ ! આપે સફિય્યાને દહિયાના હવાલે કર્યા તેઓ કુરૈઝા અને બનૂ નુઝૈરનાં રઈસા છે, આપ સિવાય બીજું કોઈ એમને લાયક નથી. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૪૨૦)*

આ સાંભળી આપે દહિયા કલ્બી અને હઝરત સફિય્યા رضی اللہ عنہا





ને બોલાવ્યાં અને હઝરત દહિયાથી ફર્માવ્યું કે, તમે એ સિવાય બીજી લોંડી લઈ લો. એ પછી હઝરત સફિય્યા رضی اللہ عنہا ને આઝાદ કરી આપે એમની સાથે નિકાહ ફર્માવ્યો અને ત્રણ દિવસ સુધી એમને પોતાના તંબુમાં સરફરાઝ ફર્માવ્યાં અને સહાબાએ કિરામને દા'વતે વલીમામાં ખજૂર, ઘી, પનીરનો મલીદો ખવડાવ્યો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૨૯૮, અને મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૪૫૮)*

## ★ હુઝૂરને ઝેર આપવામાં આવ્યું ★

ફતેહના થોડાક દિવસો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખૈબરમાં રોકાયા. યહૂદીઓને સંપૂર્ણ રીતે અમન અતા ફર્માવ્યો અને ઘણી બધી નવાઝિશો આપી પરંતુ એ યહૂદી કૌમની ફિતરતમાં એટલી બધી દુષ્ટતા હતી કે સુલ્લામ બિન મુશ્કમ યહૂદીની પત્ની "ઝૈનબ"એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દા'વત કરી અને ગોશતમાં ઝેર ભેળવી નાખ્યો. ખુદાના હુકમથી ગોશતની બોટીઓએ આપને ઝેરની જાણ કરી અને આપે એક કોળિયો લઈને હાથ ખેંચી લીધો, પરંતુ એક સહાબી હઝરત બશીર બિન બર્રાઅ رضی اللہ عنہ એ પેટ ભરીને ખાધું અને ઝેરને લીધે એમની શહાદત થઈ અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ એ ઝેરના કોળિયામાં આખી ઉમર તાળવામાં તકલીફ રહી. આપે જ્યારે યહૂદીઓથી એના વિશે પૂછયું ત્યારે એ જાલિમોએ પોતાના અપરાધનો એકરાર કર્યો અને કહ્યું કે, અમે એ નિય્યતથી આપને ઝેર આપ્યું કે, તમે સાચા નબી હશો તો આપને આ ઝેરની કોઈપણ અસર થશે નહીં, નહીંતર અમને આપથી છૂટકારો મળી જશે. આપે પોતાની જાતને લીધે તો કોઈનાથી બદલો લીધો જ નથી. તેથી આપે ઝૈનબથી કાંઈ કહ્યું નહીં પરંતુ જ્યારે હઝરત બશીર બિન બર્રાઅ رضی اللہ عنہ ની વફાત આ ઝેરથી થઈ ત્યારે એના બદલામાં ઝૈનબને કતલ કરવામાં આવી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૪૨, અને મદારિજ, ભાગ–૨, પેજ–૨૫૧)*

## ★ હઝરત જા'ફર હબશાથી આવ્યા ★

હુઝૂરે صلی اللہ تعالیٰ علیہ وسلم ફતહે ખૈબરથી ફુરસદ મેળવી કે હબશાથી આવેલ હઝરત જા'ફર رضی اللہ عنہ જેઓ હઝરત અલી رضی اللہ عنہ ના ભાઈ હતા અને

મક્કાથી હિજરત કરી હબશા જતા રહ્યા હતા તેઓ પોતાના સાથીઓ સાથે હબશાથી આવી ગયા. હુઝૂર ﷺ એ મહોબ્બતથી એમની પેશાની ચૂમી લીધી અને ઈર્શાદ ફર્માવ્યો કે, હું કાંઈ કહી શક્તો નથી કે મને ખૈબરની ફતેહથી વધારે ખુશી થઈ અથવા જા'ફરના આવવાથી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૪૬)*

એ લોકોને હુઝૂર ﷺ એ "સાહેબુલ હિજરતૈન" (બે હિજરતવાળા)નો ઈલકાબ અતા ફર્માવ્યો કેમ કે આ લોકો મક્કાથી હબશા હિજરત કરીને ગયા પછી હબશાથી હિજરત કરી મદીના આવ્યા અને એ સિવાય કે તેઓ ખૈબરની યુદ્ધમાં સામેલ થઈ શક્યા ન હતા. છતાં એ લોકોને આપે માલે ગનીમતમાંથી મુજાહેદીનના બરાબર ભાગ આપ્યો.

## ★ ખૈબરમાં મસાઈલનું એલાન ★

ખૈબરના યુદ્ધ સમયે નીચે આપેલ ફિકહના મસાઈલની હુઝૂર ﷺ એ તબ્લીગ ફર્માવી :–

(૧) પંજાવાળા પક્ષીઓને હરામ ફર્માવ્યા. (૨) બધા ભક્ષક (ફાડી ખાનાર) પ્રાણીઓની હુર્મતનું એલાન ફર્માવ્યું. (૩) ગધેડા અને ટટ્ટુને હરામ ઠેરવ્યા. (૪) ચાંદી, સોનાની લે વેચમાં ઓછી વત્તી કિંમતે લે વેચને હરામ ફર્માવ્યું અને હુકમ કર્યો કે, ચાંદીને ચાંદીના બદલે અને સોનાને સોનાના બદલે બરાબર વેચવું જરૂરી છે અને જો ઓછુંવત્તું થયું તો તે વ્યાજ છે અને તે હરામ છે. (૫) હમણા સુધી આ હુકમ હતો કે લોંડીઓ સાથે હાથ લાગતા જ સોહબત કરવી જાઈઝ હતું પરંતુ હવે "ઈસ્તબરા" જરૂરી ફર્માવવામાં આવ્યું. એટલે જો તે સગર્ભા હોય તો બાળક પેદા થાય ત્યાં સુધી નહીં તો એક મહિના (માસ) સુધી એમની સાથે સોહબત જાઈઝ નહીં. ઔરતોથી મૃત્આ (ટેમ્પરરી નિકાહ) કરવું પણ ગઝવામાં હરામ કરવામાં આવ્યું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૩૩ થી ૨૩૮)*

## ★ વાદિયુલ્ કુરાનું યુદ્ધ ★

ખૈબરની લડાઈથી ફારેગ થઈને હુઝૂરે અકરમ ﷺ "વાદિયુલ્ કુરા" તશરીફ લઈ ગયા જે મુકામ "તીમા" અને ફિદક"ની વચ્ચે એક





ખાડીનું નામ છે. અહીંયા યહૂદીઓની કેટલીક વસ્તીઓ આબાદ હતી. હુઝૂર ﷺ યુદ્ધના ઈરાદાથી અહીં આવ્યા ન હતા પરંતુ અહીંના યહૂદીઓ યુદ્ધ માટે તૈયાર હતા. તેઓએ હુઝૂર ﷺ પર તીર છોડવાનું શરૂ કરી દીધું. જેથી આપના એક ગુલામ જેમનું નામ હઝરત મિદઅમ رضی اللہ عنہ હતું તેઓ ઊંટ પરથી ઉતરી રહ્યા હતા કે એમને એક તીર વાગ્યું અને તેઓ શહીદ થઈ ગયા. રસૂલુલ્લાહ ﷺ એ યહૂદીઓને ઈસ્લામની દા'વત આપી જેનો જવાબ એ બદ્બખ્તોએ તીર અને તલવારથી આપ્યો અને કાયદેસર સફબંદી (હરોળ) ઊભી કરી મુસ્લિમોથી યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા તો મજબૂર થઈને મુસ્લિમોએ પણ યુદ્ધ શરૂ કર્યું. ચાર દિવસ સુધી નબીએ અકરમ ﷺ એ યહૂદીઓનો ઘેરાવો કરતાં એમને ઈસ્લામની દા'વત આપતા રહ્યા પરંતુ આ લોકો બરાબર યુદ્ધ કરતા રહ્યા. આખરે દસ યહૂદીઓ કતલ થયા અને મુસલમાનોને ફત્હે મુબીન હાંસલ થઈ એના પછી ખૈબરના રહેવાસીઓની શરતો મુજબ એ લોકોએ પણ સુલેહ કરી કે ત્યાંના પાકનો અડધો ભાગ મદીના મોકલતા રહેશે.

જ્યારે ખૈબર અને વાદિયુલ કુરાના યહૂદીઓને હાલની જાણ થઈ તો "તીમા"ના યહૂદીઓએ પણ (જઝિયો) આપી હુઝૂર ﷺ થી સુલેહ કરી. વાદિયુલ કુરામાં હુઝૂર ﷺ ચાર દિવસ સુધી રહ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૯૨, ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૪૮)*

## ★ ફદકની સુલેહ ★

જ્યારે "ફદક"ના યહૂદીઓને ખૈબર અને વાદિયુલ કુરા વિશે જાણ થઈ ત્યારે લોકોએ કોઈ યુદ્ધ કર્યો નહીં પરંતુ દરબારે નબુવ્વતમાં કાસિદ મોકલી આ દરખાસ્ત મૂકી કે ખૈબર અને વાદિયુલ કુરાવાળાઓથી જે શરતો પર આપ સુલેહ કરી છે એવી રીતે અમારાથી પણ સુલેહ કરી લો. રસૂલુલ્લાહ ﷺ એ એમની આ દરખાસ્ત મંજૂર ફર્માવી અને એમનાથી સુલેહ થઈ ગઈ. પરંતુ અહીં કોઈ સૈન્ય મોકલ્યું ન હતું તેથી એ વસ્તીમાંથી મુજાહિદોને કોઈ ભાગ મળ્યો નહીં બલ્કે એ ખાસ હુઝૂર ﷺ ની માલિકી ઠરી અને ખૈબર અને વાદિયુલ કુરાની જમીનો બધા જ મુજાહિદોની મિલ્કિયત ઠરી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૪૮)*

**ઉમરતુલ્ કઝા** : કેમ કે હુદૈબિયાના સુલેહનામામાં એક કલમ એવી હતી કે આવતા વરસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મક્કા આવી ઉમરા અદા કરશે અને ત્રણ દિવસ મક્કામાં રોકાશે. આ કલમ હેઠળ ઝી કઅદાના મહીને હિ. સ. ૭ માં આપ ઉમરો અદા કરવા ખાતર મક્કા રવાના થવાનો ઈરાદો ફર્માવ્યો અને એલાન કરાવ્યું કે જે લોકો ગયા વરસે હુદૈબિયામાં સામેલ હતા તે બધા મારી સાથે આવે. તેથી જે લોકો ખૈબરના યુદ્ધમાં શહીદ થયા હતા એમના સિવાય બધા લોકોએ આ સઆદત હાંસલ કરી.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જો કે મક્કાના કાફિરો પર ભરોસો ન હતો કે તેઓ પોતાની વાત પર અટલ રહેશે તેથી આપ જંગની તૈયારી સાથે રવાના થયા, રવાના થતી વખતે હઝરત અબૂ રહમ ગફ્ફારી رضی اللہ عنہ ને આપે મદીના પર હાકેમ બનાવ્યા અને બે હજાર મુસલમાનોની સાથે જેમાં એક સો ઘોડા ઉપર સવાર હતા આપ મક્કા જવા માટે રવાના થયા. સાથે કુર્બાની માટે ૬૦ ઊંટ લીધાં. જ્યારે મક્કાના કાફિરોને જાણ થઈ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હથિયારો અને યુદ્ધ સામગ્રીની સાથે મક્કા આવી રહ્યા છે, ત્યારે તેઓ ગભરાવા લાગ્યા અને તેઓએ કેટલાક માણસોને એ વિશે જાણકારી મેળવવા "મરઝ્ઝોહરાન" સુધી મોકલ્યા. હઝરત મુહમ્મદ બિન મસ્લેમા رضی اللہ عنہ કે જેઓ ઘોડે સવારોના સેનાપિત હતા કુરૈશના કારંદાઓએ એમની સાથે મુલાકાત કરી. એમણે દિલાસો આપ્યો કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم સુલેહનામાની શરત મુજબ હથિયાર વગર મક્કામાં દાખલ થશે. આ સાંભળી મક્કાના કાફિરોને સાંત્વન થઈ.

તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે મકામે "યાજિજ"માં પહોંચ્યા જે મક્કાથી આઠ માઈલના અંતરે છે ત્યારે બધા જ હથિયાર ત્યાં મૂકી દીધાં. અને હઝરત બશીર બિન સઅદ رضی اللہ عنہ ના તાબા હેઠળ કેટલાક સહાબાએ કિરામને એ હથિયારોની સંભાળ રાખવા નિમ્યા અને પોતાની પાસે એક તલવાર સિવાય બીજું કોઈ હથિયાર રાખ્યું નહીં. અને સહાબાઓ સાથે "લબ્બૈક" પોકારતા હરમ તરફ વધ્યા. જ્યારે મક્કામાં દાખલ થવા લાગ્યા ત્યારે દરબારે નબુવ્વતના કવિ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ ઊંટની લગામ થામી આગળ રજઝના આ કાવ્યો જોશથી ઊંચા અવાજે પઢતા પઢતા આગળ વધી રહ્યા હતા.





ખલ્લૂ બનિલ્કુફ્ફારિ અન સબીલિહી
અલ્યૌમ નદ્‌રિબ્કુમ્ અલા તનઝીલિહી

"હે કાફિરોના પુત્રો ! આગળથી ખસી જાવ ! આજે જો અમને રોક્યા તો તલવાર ચલાવીશું."

દ્‌રબૈં યુઝીલુલ્હામ અમ્મકીલિહી
વયુઝ્હિલુલ્ ખલીલ અન્ ખલીલિહી

"અને તલવારના એવા ઘા કરીશું કે જે માથુ એની ખ્વાબગાહથી વિખૂટો કરી દે અને મિત્રની યાદ એના મિત્રના હૃદયથી ભૂલાવી દે."

હઝરત ઉમર رضی اللہ عنہ એ ટોક્યા અને કહ્યું કે અય અબ્દુલ્લાહ બિન રવાહા ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આગળ અને અલ્લાહના હરમમાં તમે કાવ્ય પઢો છો ? ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું કે હે ઉમર ! એમને છોડો ! આ કાવ્ય કાફિરો માટે તીરથીયે વધારે છે. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૧૭, ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૫૫ થી ૨૫૭)*

જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખાસ હરમે કા'બામાં દાખલ થયા ત્યારે કેટલાક કુરૈશના કાફિરો આ દશ્યને જોઈ સહન કરી શક્યા નહીં અને પહાડો ઉપર જતા રહ્યા, પરંતુ કેટલાક કાફિરો સમિતિ ગૃહ (દારુલ નદવા) પાસે ઊભા રહી આંખો ફાડી ફાડી તૌહીદ અને રિસાલતના નારાઓથી મસ્ત થએલા મુસલમાનોને તવાફ કરતા જોઈ રહ્યા અને અંદરો અંદર વાતો કરવા લાગ્યા કે મુસલમાનો શું તવાફ કરશે ?! એમને તો ભૂખ અને મદીનાની બુખારે (તાવે) કચડી નાખ્યા છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મસ્જિદે હરામમાં પહોંચી "ઈઝતેબાઅ" કર્યો. એટલે કે ચાદરને એવી રીતે ઓઢી કે આપનો જમણો ખભો અને હાથ ખુલી ગયો અને આપે ફર્માવ્યું કે ખુદા એની પર પોતાની રહમત નાઝિલ કરે જે આ કાફિરો સામે પોતાની તાકાત બતાવે. પછી આપે પોતાના સહાબા સાથે શરૂઆતના ત્રણ ફેરાઓમાં ખભાને હલાવી અને ખૂબ અકડીને ચાલી તવાફ કર્યો એને અરબી ભાષામાં "રમલ" કહેવાય છે. તેથી આ સુન્નત આજ સુધી ચાલે છે અને કયામત સુધી બાકી રહેશે અને દરેક તવાફ કરવાવાળો શરૂઆતના ત્રણ ફેરામાં "રમલ" કરે છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૨૧૮)*

## ★ હઝરત હમ્ઝાની સાહબઝાદી ★

ત્રણ દિવસ પછી મક્કાના કાફિરોના કેટલાક સરદારો હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની પાસે આવ્યો અને કહ્યું કે શરત પૂરી થઈ ગઈ. હવે આપ લોકો મક્કાથી નીકળી જાવ. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ બારગાહે નબુવ્વતમાં કાફિરોનો સંદેશો સંભળાવ્યો ત્યારે આપ એ જ સમયે મક્કાથી રવાના થયા. જતી વખતે હઝરત હમઝા رضی اللہ عنہ ની એક નાની સાહબઝાદી જેમનું નામ "ઉમામા" હતું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચાચા, ચાચા, કહેતી દોડતી આવી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચાચા હઝરત હમઝા رضی اللہ عنہ જંગે ઓહદમાં શહીદ થઈ ગયા હતા એમની તે યતીમ નાની દીકરી મક્કામાં રહી ગઈ હતી. જે સમયે આ બચ્ચી આપને પોકારતી આવી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના શહીદ ચચાજાનની આ યાદગારને જોઈ પ્રેમ આવ્યો. એ બચ્ચીએ આપને ભાઈજાન કહેવાના બદલે ચચાજાન એ સંબંધથી કહ્યું કે આપ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના (રઝાઈ) ભાઈ હતા કેમ કે આપે અને હઝરત હમઝા رضی اللہ عنہ એ હઝરત ષુવૈબા رضی اللہ عنہا નું દૂધ પીધું હતું. જ્યારે આ સાહબઝાદી પાસે આવી ત્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આગળ વધીને એમને પોતાની ગોદમાં ઉઠાવી લીધાં. પરંતુ હવે એમની પરવરિશ ખાતર દાવેદાર ઊભા થયા. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એમ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ મારી ચચાઝાદ બહેન છે અને મેં એને સૌથી પહેલાં પોતાની ગોદમાં ઉઠાવી છે તેથી મને એની પરવરિશનો હક્ક મળવો જોઈએ. હઝરત જા'ફર رضی اللہ عنہ એ ગુઝારિશ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ મારી ચચાઝાદ બહેન પણ છે અને એની ખાલા મારી બીબી છે, તેથી એની પરવરિશનો હક્કાદર હું થયો. હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ એ અરજ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ મારા દીનીભાઈ હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની બેટી છે તેથી હું એની પરવરિશ કરીશ. ત્રણે સાહબોનું બયાન સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફેંસલો ફર્માવ્યો કે, "ખાલા માંના બરાબર હોય છે." તેથી આ છોકરી હઝરત જા'ફરની પરવરિશમાં રહેશે. પછી ત્રણેય સાહબોની દિલદારી અને દિલ રાજી કરતાં રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, "હે અલી ! તમે મારાથી છો અને હું તમારાથી છું."





અને હઝરત જા'ફર رضی اللہ عنہ થી ફર્માવ્યું કે, "હે જા'ફર તમે સીરત અને સૂરતથી મારા જેવા દેખાવ છો." અને હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ થી ફર્માવ્યું, હે ઝૈદ ! તમે મારા ભાઈ અને મારા મૌલા (આઝાદ ગુલામ) છો. *(બુખારી શરીફ, પેજ–૬૧૦)*

## ★ હઝરત મૈમૂનાનો નિકાહ ★

એ જ ઉમરતુલ કઝાના સફરમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا થી નિકાહ ફર્માવ્યો. આ આપના કાકી ઉમ્મુલ ફઝ્લ હઝરત અબ્બાસ رضی اللہ عنہ ના પત્નીનાં બહેન હતાં. ઉમરતુલ કઝાથી પાછા ફરતી વેળા જ્યારે આપ "સરફ" મુકામે પહોંચ્યા ત્યારે એમને પોતાના ખૈમામાં મૂકી પોતાની સોહબતથી સરફરાઝ ફર્માવ્યાં અને (અજીબ ઈત્તેફાક) કે એ બનાવથી ચુમ્માલીસ (૪૪) વરસ પછી એ જ મુકામે સરફમાં હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا નો વિસાલ થયો. અને એમની કબર શરીફ પણ એ જ મુકામે છે. સાચી વાત એ છે કે એમની વફાતનું વરસ હિ. સ. ૫૧ છે. ખુલાસાવાર બયાન ઈન્શાઅલ્લાહ તઆલા અઝ્વાજે મુતહ્હરાતમાં આવશે.


## ★ જાઅલ હક્ક ★ (ઐતિહાસિક કિતાબ)

**લેખક : હઝરત અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

કુર્આન, હદીષ, ઉલમાનાં કથનો, અકલી દલીલો, વિરોધીઓના વાંધાઓ અને તેના જવાબો સાથે અહલે સુન્નત વ જમાઅત જે સહાબા, તાબઈન, ઔલિયાથી ચાલ્યો આવે છે તે જ મસ્લકે આ'લા હઝરતની હક્કાનિયતને દર્શાવતી તથા દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરેના બાતિલ અકીદાઓનું ખંડન કરતી કિતાબ જરૂરથી મંગાવો.

વાંચો ! વંચાવો ! વર્તમાનકાળમાં દુનિયાવી તમામ આફતોથી બચાવવા તમે સતત ઔલાદનું રક્ષણ કરો છો તો આખેરતની આફતોથી ઔલાદને બચાવવા આવી કિતાબો તમારા ઘરમાં વસાવો :–

**જાઅલ હક્ક ભાગ–૧ (૧૫/– રૂા.) જાઅલ હક્ક ભાગ–૨ (૧૫/– રૂા.)**
**જાઅલ હક્ક ભાગ–૩ (૨૦/– રૂા.) જાઅહ હક્ક ભાગ–૪ (૨૦/– રૂા.)**
**જાઅલ હક્ક ભાગ–૫** (કામ ચાલી રહ્યું છે) આ સાથે જાઅલ હક્ક કિતાબ સંપૂર્ણ થશે વધુ માટે પ્રકાશકનો સંપર્ક કરો.

(પ્રકરણ-૧૩)

# હિજરતનું આઠમું વરસ

(હિજરી સન : ૮)

હિજરતનું આઠમું વરસ પણ હુઝૂર સરવરે કાઈનાત صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદ્દસ હયાતીનાં મોટા મોટા બનાવો પર આધારિત છે. અને એમાંથી કેટલાક ખાસ ચર્ચિત બનાવો વિશે વાત કરીશું.

## ★ જંગે મૌતા ★

"મૌતા" સીરિયાની એક જગ્યાનું નામ છે. અહીંયા હિ. સ. ૮ માં કાફિરો અને મુસલમાનો વચ્ચે ખૂબ જ મોટુ અને સખત યુદ્ધ થયું એમાં એક લાખ કાફિરોના લશ્કર સામે ફક્ત ત્રણ હજાર જાંનિસાર મુસલમાનોએ પોતાના જાનની પરવા કર્યા સિવાય યુદ્ધ કર્યું. તેથી આ યુદ્ધ ઈસ્લામની તવારીખમાં એક તારીખી યાદગાર બની કયામત સુધી ભૂલાશે નહીં. અને આ યુદ્ધમાં સહાબાઓની મોટી મોટી ઈજ્જતદાર હસ્તીઓ શહાદતથી સરફરાઝ થઈ. આ યુદ્ધ એ કારણસોર થયું કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ "બુસરા"ના બાદશાહ અથવા કૈસરે રોમના નામે એક પત્ર લખી હઝરત હારિષ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ના થકી રવાના ફર્માવ્યો. રસ્તામાં "બલકા"ના બાદશાહ સોરાહબીલ બિન અમ્ર ગસ્સાનીએ જે કૈસરે રોમનો અનુયાયી હતો તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાસિદને ખૂબ જ બેદર્દીથી રસ્સીમાં બાંધી કતલ કરી નાખ્યા. જ્યારે બારગાહે રિસાલતમાં એ બનાવની જાણ થઈ ત્યારે દિલ મુબારક પર ખૂબ જ મોટો આઘાત લાગ્યો. તે વખતે ત્રણ હજાર મુસલમાનોનું લશ્કર તૈયાર કર્યું. અને પોતાના દસ્તે મુબારકથી સફેદ રંગનો ઝંડો તૈયાર કરી હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ ના હાથમાં આપ્યો અને એમને એ સૈન્યના સેનાપતિ નિમ્યા અને ઈર્શાદ ફર્માવ્યો કે જો ઝૈદ બિન હારિસા શહીદ થઈ જાય તો હઝરત જા'ફર સેનાપતિ થશે. અને જ્યારે તેઓ





પણ શહાદતથી સરફરાઝ થઈ જાય તો ઝંડાનો અલમબર્દાર હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા થશે. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ) એમના પછી ઈસ્લામનું લશ્કર જેની વરણી કરે તે સેનાપતિ થશે.

આ લશ્કરને રવાના કરવા ખાતર પોતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ષનય્યિતુલવદા મુકામ સુધી તશરીફ લઈ ગયા અને લશ્કરના સરસેનાપતિને હુકમ ફર્માવ્યો કે તમે આપણા કાસિદ હઝરત હારિસ બિન ઉમૈરની શહાદતગાહમાં જાવ જ્યાં એ જાંનિસારે ફરજની બજવણીમાં પોતાનો જાન ગુમાવ્યો. પહેલાં ત્યાંના કાફિરોને ઈસ્લામની દા'વત આપો, જો તેઓ ઈસ્લામ કબૂલ કરી લે તો તેઓ તમારા ઈસ્લામી ભાઈઓ છે, નહીંતર તમે અલ્લાહની મદદ માંગી એમનાથી જેહાદ કરો. જ્યારે લશ્કર રવાના થયું ત્યારે મુસલમાનોએ મોટા અવાજે દુઆ કરી કે ખુદા સલામત અને કામયાબ પાછા લાવે !

જ્યારે આ લશ્કર મદીનાથી થોડે અંતરે પહોંચ્યું ત્યારે સંદેશો મળ્યો કે કૈસરે રોમે પોતે મુશ્રિકીનનું એક લાખનું સૈન્ય લઈ બલકાની સરજમીનમાં છાવણી નાખી છે. આ સંદેશો મેળવી લશ્કરના અમીર ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ એ પોતાના લશ્કરને પડાવનો હુકમ કર્યો અને વિચાર્યું કે બારગાહે રિસાલતમાં આ વિશે જાણ કરવી જોઈએ અને હુકમની રાહ જોવી જોઈએ. પરંતુ હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે આપણો મકસદ ફતહ અથવા માલે ગનીમત નથી પરંતુ આપણો મકસદ તો શહાદત છે કેમ કે,

શહાદત હૈ મકસૂદો મતલૂબે મો'મિન
ન માલે ગનીમત ન કિશ્વરકુશાઈ

અને આ ઉચ્ચ મકસદ દરેક વખત અને હર હાલતમાં મેળવી શકાય છે. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ ની આ તકરીર સાંભળી દરેક મુજાહિદના જોશથી બેખૂદ થઈ ગયા અને બધાની જબાન પર આ ગીત હતું.

બઢતે ચલો મુજાહિદો ! બઢતે ચલો મુજાહિદો !

તેથી આ બધા ઈસ્લામના મુજાહિદો મૌતાની સરઝમીનમાં દાખલ

થઈ ગયા ત્યાં પહોંચીને જોયું ત્યારે ખરેખર આ એક મોટુ લશ્કર રેશમના ભપકાદાર ગણવેશમાં બે પનાહ તૈયારીઓ સાથે યુદ્ધ માટે ઊભુ હતું. એક લાખથીય વધારે સૈન્યને ત્રણ હજારથી શું મુકાબલો ? પરંતુ મુસલમાનો ખુદાના ભરોસે મુકાબલા માટે તૈયાર થઈ ગયા.

**યુદ્ધનું દશ્ય** : સૌથી પહેલાં મુસલમાનોના લશ્કરના અમીર હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ એ આગળ વધી કાફિરોના લશ્કરને ઈસ્લામની દા'વત આપી જેનો જવાબ કાફિરોએ તીરોના મારા અને તલવારોના વારથી આપ્યો. આ દશ્ય જોઈ મુસલમાનો પણ યુદ્ધ માટે તૈયાર થઈ ગયા અને ઈસ્લામના લશ્કરના સેનાપતિ હઝરત ઝૈદ બિન હારિસા رضی اللہ عنہ ઘોડા પરથી ઉતરીને પગપાળા જંગના મેદાનમાં કૂદી પડયા. અને મુસલમાનોએ પણ ઘણા જ જોશો ખરોશની સાથે લડાવનું શરૂ કરી દીધું. પરતું આ ઘમસાણની લડાઈમાં કાફિરોએ હઝરત ઝૈદ ઈબ્ને હારિષા رضی اللہ عنہ ને ભાલાઓ અને તીરો વડે વીંધી નાખ્યા અને તેઓ જવાં મરદીથી લડતા લડતા શહીદ થઈ ગયા. તરત જ દોડીને હઝરત જા'ફર બિન અબી તાલિબ رضی اللہ عنہ એ ઈસ્લામના ઝંડાને ઉપાડી લીધો. પરંતુ એમને એક રૂમી મુશ્રિકે એવી તલવાર મારી કે એમના બે ટુકડા થઈ ગયા. લોકોએ કહ્યું કે અમોએ જ્યારે તેમની લાશ જોઈ ત્યારે એમનાં શરીર ઉપર નેવુથી વધારે ભાલા અને તલવારોના ઘા હતા. પરંતુ એક ઘા એમની પીઠની પાછળ વાગેલો ન હતો. હઝરત જા'ફર رضی اللہ عنہ પછી હઝરત અબ્દુલ્લાહ બિન રવાહાએ ઈસ્લામનો અલમ પોતાના હાથમાં લીધો તરત જ એમના ચચાઝાદભાઈએ ગોશ્તથી ભરેલી એક હડ્ડી એમને પેશ કરી અને અરજ કરી, ભાઈજાન ! આપે કાંઈ ખાધું પીધું નથી એને ખાઈ લો ! આપે એક જ વખત દાંતથી ખેંચીને ખાધું હતું કે કાફિરોનો એક મોટો જથ્થો આપના ઉપર તૂટી પડયો, આપે એ હડ્ડી ફેંકી દીધી અને તલવાર મ્યાનમાંથી ખેંચી રજઝના અશઆર પઢતાં શત્રુઓની ભીડમાં ઘુસી પડયા અને ખૂબ જ દિલેરીપૂર્વક લડવા લાગ્યા પરંતુ ઝખમોથી થાકી જમીન પર ઢળી પડયા અને શહાદત વ્હોરી લીધી. *(બુખારી શરીફ, પેજ–૬૧૧, ગઝવએ મૌતા તથા ઝરકાની, ભાગ–૨, પેજ–૨૭૧ થી ૨૭૪)*

હવે લોકોની સલાહથી હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ઝંડાના





અલમબરદાર થયા અને ખૂબ જ બહાદૂરીપૂર્વક લડયા જેથી નવ તલવારો તૂટીને એમના હાથમાંથી પડી ગઈ પોતાના યુદ્ધ કૌશલ્ય અને પોતાના કમાલથી ઈસ્લામી ફૌજને દુશ્મનો વચ્ચેથી કાઢી લાવ્યા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૧, ગઝવએ મૌતા)*

આ યુદ્ધમાં જ બાર મોઅઝ્ઝઝ્ સહાબા શહીદ થયા એમના મુકદસ નામ આ છે : (૧) હઝરત ઝૈદ બિન હારિષા (૨) હઝરત જા'ફર બિન અબી તાલિબ (૩) હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા (૪) હઝરત મસ્ઊદ ઈબ્ને ઔસ (૫) હઝરત વહબ બિન સઅદ (૬) હઝરત અબ્બાસ બિન કૈસ (૭) હઝરત હારિષ બિન નૌમાન (૮) હઝરત સુરાકા બિન ઉમર (૯) હઝરત અબૂ કુલૈબ બિન ઉમર (૧૦) હઝરત જાબિર બિન ઉમર (૧૧) હઝરત અમ્ર બિન સઅદ (૧૨) હઝરત હુબજા ઝબ્બી. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ) *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૭૩)*

ઈસ્લામી લશ્કરે ઘણા બધા કાફિરોને કતલ કર્યા અને કેટલોક માલે ગનીમત પણ મેળવ્યો અને સલામતી સાથે મદીના પાછા ફર્યા.

## ★ નિગાહે નબુવ્વતનો મો'જિઝો ★

જંગે મૌતાની લડાઈમાં જ્યારે ઘમાસણનું યુદ્ધ થયું ત્યારે હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم એ મદીનાથી યુદ્ધના મેદાનને જોઈ લીધું અને આપની નિગાહોથી બધા જ પર્દા એવી રીતે ઉઠી ગયા કે મેદાનની બધી જ હિલચાલને આપની નિગાહે નબુવ્વતે જોઈ લીધી. તેથી બુખારીની એ રિવાયત છે કે હઝરત ઝૈદ અને હઝરત જા'ફર અને હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَની શહાદતોની જાણ આપે યુદ્ધના મેદાનથી સંદેશો મળતા પહેલાં જ સહાબાઓને કરી દીધી હતી.

તેથી આપે ખૂબ જ રંજ અને દુ:ખની હાલતમાં સહાબાએ કિરામના સમૂહમાં ઈર્શાદ ફર્માવ્યો કે ઝૈદે ઝંડો લઈ લીધો અને તેઓ શહીદ ગઈ ગયા. પછી જા'ફરે ઝંડો ઉપાડયો અને તેઓ પણ શહીદ થઈ ગયા પછી અબ્દુલ્લાહ બિન રવાહા અલમબરદાર બન્યા અને તેઓ પણ શહીદ થઈ ગયા છેવટે ઝંડાને ખુદાની તલવારોમાંની એક તલવાર (ખાલિદ બિન વલીદ) એ પોતાના હાથમાં લીધો. હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم સહાબાઓને આ ખબર

સંભળાવતા રહ્યા અને આપની આંખોમાંથી આંસૂં વહેતાં રહ્યાં. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૧, ગઝવએ મૌતા)*

મૂસા બિન અકબાએ પોતાની મગાઝીમાં લખ્યું છે કે જ્યારે યુઅ્લા બિન ઉમૈયા رضی اللہ عنہ જંગે મૌતાની ખબર લઈને દરબારે નબુવ્વતમાં પહોંચ્યા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને ફર્માવ્યું કે તમે ત્યાંનો સંદેશો સંભળાવશો ! અથવા હું તમને ત્યાંની વાત કહું ! હઝરત યુઅ્લા رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમે જ સંભળાવો ! જ્યારે આપે ત્યાંની સમગ્ર વાત અને માહિતી સંભળાવી ત્યારે હઝરત યુઅ્લાએ કહ્યું, એ જાતની કસમ ! જેણે આપને હક્કની સાથે મોકલ્યા છે કે આપે એક પણ વાત બાકી મૂકી નથી જેનું બયાન હું કરું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૭૬)*

હઝરત જા'ફર શહીદ رضی اللہ عنہ નાં પત્ની હઝરત અસ્મા બિન્તે ઉમેસ رضی اللہ عنہا નું બયાન છે કે હું છોકરાઓને નવડાવી ધોવડાવીને તેલ નાખી લોટ બાંધી ચૂકી હતી કે છોકરાઓ માટે રોટલા તૈયાર કરું, એવામાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે જા'ફરના છોકરાંઓને મારી સામે લાવો ! જ્યારે મેં છોકરાઓને તેમની સમક્ષ રજૂ કર્યાં ત્યારે આપ છોકરાઓને સૂંઘવા અને ચૂમવા લાગ્યા અને આપની આંખોમાંથી આંસૂંઓની ધાર રૂખસારે પુર અન્વાર પર વહેવા લાગી ત્યારે મેં અરજ કરી કે શું હઝરત જા'ફર અને એમના સાથીઓની કોઈ ખબર આવી છે ?! ત્યારે ઈર્શાદ ફર્માવ્યો, કે હા ! તેઓ આજે જ શહીદ થઈ ગયા છે. આ સાંભળી મારી ચીસ નીકળી પડી અને મારું ઘર મહિલાઓથી ભરાઈ ગયું. એના પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના કાશાનએ નબુવ્વતમાં તશરીફ લઈ ગયા અને અઝવાજે મુતહ્હરાતથી ફર્માવ્યું કે જા'ફરનાં ઘરવાળાંઓ માટે ખાવાનું તૈયાર કરો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૭૭)*

જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ પોતાના લશ્કરની સાથે મદીના પહોંચ્યા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઘોડા પર સવાર થઈ એ લોકોના સ્વાગત માટે તશરીફ લઈ ગયા અને મદીનાના મુસલમાનો અને નાના નાના છોકરાઓ પણ દોડયાં અને મુજાહિદે ઈસ્લામની મુલાકાત માટે ગયા અને હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ જંગે મૌતાના શહીદોનો એવો દર્દનાક મરર્ષિયો સંભળાવ્યો કે બધા જ શ્રોતાઓ રડવા લાગ્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૭૭)*





હઝરત જા'ફર رضی اللہ عنہ ના બંને હાથ શહાદતના સમયે કપાઈ ગયા હતા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના વિશે ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલાએ હઝરત જા'ફરને એમના બંને હાથોના બદલે બે પાંખો અતા ફર્માવી છે જેના વડે ઉડીને તેઓ જન્નતમાં જ્યાં જવું હોય ત્યાં ચાલ્યા જાય છે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૭૪)*

એ જ કારણસર હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما જ્યારે હઝરત જા'ફર رضی اللہ عنہ ના સાહબઝાદા હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ને સલામ કરતા હતા ત્યારે એમ કહેતા હતા, "અસ્સલામુ અલૈકુમ યા ઈબ્ને ઝુલજુનાહૈન" એટલે હે બે પાંખોવાળાના ફરઝંદ ! તમારા પર સલામ થાય. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૧, ગઝવએ મૌતા)*

જંગે મૌતા અને ફત્હે મક્કાની વચ્ચે કેટલીક નાની નાની જમાઅતોને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાફિરોનો સામનો કરવા માટે જુદા જુદા મુકામે મોકલ્યા એમાંથી કેટલાક લશ્કરોની સાથે કાફિરોનો સંઘર્ષ પણ થયો. જેની વિસ્તૃત વાત ઝુર્કાની અને મદારિજુન્નબુવ્વત વિગેરેમાં છે. એ સરિય્યાઓનાં નામો આ પ્રમાણે છે :–

(૧) ઝાતુસ્સલાસિલ (૨) સરિય્યએ ખબ્ત (૩) સરિય્યએ અબૂ કતાદા (નજદ) (૪) સરિય્યતુલ અબૂ કતાદા (અજદ) પરંતુ આ સરિય્યાઓમાં "સરિય્યતુલ બખ્ત" વધારે પ્રખ્યાત છે જેનું ટૂંકુ બયાન આ પ્રમાણે છે :–

## ★ સરિય્યતુલ ખબ્ત ★

આ સરીયાને હઝરત ઈમામ બુખારીએ "ગઝવએ સૈફુલ બહાર"ના નામથી ઉલ્લેખ કર્યો છે. રજબ હિ. સ. ૮ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબૂ ઉબૈદા જર્રાહ رضی اللہ عنہ ને ત્રણસો સહાબાઓના લશ્કર પર અમીર બનાવીને સમુદ્ર તટ પાસે રવાના ફર્માવ્યા જેથી આ લોકો જુહૈના કબીલાના કાફિરોની પજવણીઓ પર નજર રાખે. આ લશ્કરમાં ખોરાકની એટલી હદ સુધી અછત પડી કે અમીરે લશ્કર મુજાહિદોને દરરોજ એક એક ખજૂર રાશનમાં આપતા હતા. એટલે સુધી કે એક સમય એવો આવ્યો કે આ ખજૂરો પણ ખલાસ થઈ ગઈ અને બધા લોકો ભૂખથી બેચેન થઈને ઝાડના

પાંદડાં ખાવા લાગ્યા અને એ જ કારણોસર લગભગ બધા જ ઈતિહાસકારોએ આ સરિય્યાનું નામ "સરિય્યતુલ ખબ્ત" પાડયું. "ખબ્ત" અરબી ભાષામાં ઝાડનાં પાંદડાંને કહેવામાં આવે છે, કેમ કે ઈસ્લામના મુજાહિદોએ આ સરિય્યામાં ઝાડના પાંદડાં ખાઈને જાન બચાવ્યા હતા તેથી આ "સરિય્યતુલ ખબ્ત"ના નામે મશ્હૂર થયો.

## ★ એક અજીબુલ ખલ્કત (વિચિત્ર) માછલી ★

હઝરત જા'બિર رضی اللہ عنہ નું બયાન છે કે અમને આ સફરમાં લગભગ એક માસ સુધી રહેવું પડયું અને જ્યારે અમે લોકો ભૂખના લીધે ઝાડનાં પાંદડાં ખાવા લાગ્યા ત્યારે અલ્લાહ તઆલાએ ગેબથી અમારા રિઝ્કનો સામાન અતા ફર્માવ્યો કે સમુદ્રનાં મોજાઓએ એક એવી મોટી માછલી તટ પર ફેંકી જે એક ટેકરી જેવી હતી. જેથી ત્રણસો સહાબા અઢાર દિવસ સુધી આ માછલીનું ગોશ્ત ખાતા રહ્યા અને એની ચરબી પોતાના શરીર પર મસળતા રહ્યા અને જ્યારે ત્યાંથી રવાના થવા લાગ્યા ત્યારે એનું ગોશ્ત કાપીને મદીના સુધી લાવ્યા અને જ્યારે આ લોકો બારગાહે નબુવ્વતમાં પહોંચ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી આ વિશે વાત કરી ત્યારે આપે ઈર્શાદ ફર્માવ્યો કે, આ અલ્લાહ તઆલા તરફથી તમારા માટે રિઝ્કનો સામાન હતો, પછી આપે એ માછલીનું ગોશ્ત તલબ ફર્માવ્યું અને એમાંથી થોડુક ખાધું. આ એટલી મોટી માછલી હતી કે અમીરે લશ્કર હઝરત અબૂ ઉબૈદ رضی اللہ عنہ એ એની બે પાંસળીઓ જમીનમાં રોપીને ઊભી કરી દીધી તો પલાણા સાથેનો ઊંટ એની અંદરથી પસાર થઈ ગયું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૫, ગઝવએ સૈફુલ બહાર અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૮૦)*

## ★ મક્કા પર વિજય (ફત્હે મક્કા) ★

રમઝાન હિ.સ. ૮ માં નબુવ્વતના ઈતિહાસનો ખૂબ જ અઝીમુશ્શાન બનાવ છે અને સીરતે મુકદ્દસાનું આ સુનહરી પ્રકરણ છે જેની આબોતાબથી દરેક મો'મિનનું હૃદય કયામત સુધી ખુશીઓનો સૂર્ય બની રહેશે. કેમ કે તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ તારીખથી આઠ વરસ પહેલાં ખૂબ જ દુઃખના આલમમાં પોતાના યારેગારને સાથે લઈ રાત્રિના અંધકારમાં મક્કાથી હિજરત ફર્માવી પોતાના અઝીઝ વતનને





અલ્વિદા કહેલું અને મક્કાથી નીકળતી વેળા ખુદાના મુકદ્દસ ઘર ખાનએ કા'બા પર એક હસરતભરી નજર નાખી એવું ફર્માવતાં મદીના ભણી રવાના થયા કે, "હે મક્કા ! ખુદાની કસમ ! તું મારી મહોબ્બતની નિગાહમાં તમામ દુનિયાના શહેરથી વધારે વ્હાલું છે. જો મારી કૌમ મને ન કાઢતી તો હું હરગિઝ તને છોડતો નહીં." પરંતુ આઠ વરસ પછી ખુશીથી ભરપુર એ જ તારીખ છે કે જ્યારે આપે એક ફાતેહે આ'ઝમની શાનો શૌકત સાથે એ જ શહેર મક્કામાં પ્રવેશ કર્યો અને કા'બાતુલ્લાહમાં દાખલ થઈ પોતાના સજદાના જમાલો જલાલથી ખુદાના મુકદ્દસ ઘરની અઝમતને સરફરાઝ ફર્માવી.

પરંતુ વાંચકોના મગજમાં આ પ્રશ્ન ઉઠતો હશે કે જ્યારે સુલેહ હુદૈબિયાના સુલેહ નામામાં આ લખાયેલું હતું કે દસ વરસ સુધી બંને વચ્ચે કોઈ જંગ નહીં થાય તો પછી તે કયું કારણ બન્યું કે સુલેહનામાના ફક્ત બેજ વરસમાં તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અહલે મક્કાની સામે હથિયાર ઉપાડવાની જરૂરી પડી અને આપ એક મોટા લશ્કર સાથે ફાતેહાના હૈસિયતથી મક્કામાં દાખલ થયા.

તો આ પ્રશ્નનો જવાબ એ છે કે એનું કારણ મક્કાના કાફિરોની "અહદ શિકની" (કરારભંગ) અને હુદૈબિયાના સુલેહનામાથી ગદ્દારી છે.

## ★ કુફ્ફારે કુરૈશની અહદ શિકની (કરાર ભંગ) ★

સુલહે હુદૈબિયાના બયાનમાં આપ વાંચી ચૂક્યા કે હુદૈબિયાના સુલેહનામામાં એક એવી શરત પણ લખેલી હતી કે અરબના કબીલામાંથી જે કબીલો કુરૈશ સાથે કરાર કરવા ઈચ્છતો હોય તે કુરૈશની સાથે કરાર કરી લે. અને હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કરાર કરવા ઈચ્છતો હોય તો હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે કરાર કરી લે.

તેથી એ જ વાત ઉપર કબીલા બની બકરે કુરૈશથી આપસમાં મદદ મેળવવાનો કરાર કર્યો, અને બની ખુઝાઆના કબીલાએ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મદદ મેળવવાનો કરાર કર્યો આ બંને કબીલા મક્કાની પાસે જ આબાદ હતા. પરંતુ આ બંને વચ્ચે ખૂબ પહેલાંથી સખત અદાવત અને વેર ઝેર ચાલ્યું આવતુ હતું.

એક મુદતથી કુરૈશના કાફિરો અને બીજા અરબના કબીલાઓના કાફિરો મુસ્લિમોથી યુદ્ધ કરવામાં પોતાની સઘળી તાકાતનો ઉપયોગ કરતા હતા પરંતુ સુલહે હુદૈબિયાના લીધે જ્યારે મુસલમાનો સાથે જંગથી કુરૈશના કાફિરો અને બીજા કાફિર કબીલાઓને શાંતિ થઈ ત્યારે બની બકરના કબીલાએ બની ખુઝાઆના કબીલાથી પોતાની જૂની અદાવતનો બદલો લેવા વિચાર કર્યો અને પોતાની સાથે કરારબદ્ધ કુરૈશના કાફિરોથી મળીને અચાનક બની ખુઝાઆના કબીલા પર હુમલો કર્યો. આ હુમલામાં કુરૈશના કાફિરોના બધા રઈસો એટલે અકરમા બિન અબી જહલ અને સફવાન બિન ઉમૈય્યા અને સુહેલ બિન અમ્ર વગેરે મોટા મોટા સરદારોએ બની ખુઝાઆને જાહેરમાં કતલ કર્યા. વિવિશ બની ખુઝાઆ આ જાલિમ હુમલાને સહન કરી શક્યા નહીં અને પોતાનો જીવ બચાવવા હરમે કા'બામાં પનાહ લેવા ભાગ્યા. બની બકરના લોકોએ તો હરમમાં તલવાર ચલાવવાથી હાથ રોકી લીધો અને હરમે ઈલાહીનો એહતરામ કર્યો પરંતુ બની બકરનો સરદાર "નૌફિલ" એટલે સુધી ઈન્તેકામના જોશમાં ભાન ભૂલી ગયો કે તે હરમમાં પણ બની ખુઝાઆની ખૂબ જ બેદર્દીથી કતલ કરતો રહ્યો. અને બૂમબરાડા કરી પોતાની કૌમને લલકારતો રહ્યો કે પછી મોકો ક્યારેય હાથ લાગશે નહીં. જેથી તે જાનવર જેવા ખુંખાર વ્યક્તિઓએ હરમે ઈલાહીના એહતેરામને ધૂળમાં મેળવી નાખી અને હરમે કા'બાની હદોમાં ખૂબ જ જુલ્મ કરી બની ખુઝાઆનું ખૂન વહાવ્યું અને કુરૈશના કાફિરોએ પણ એવી જ રીતે કતલોગારત અને લોહી રેડવામાં ખૂબ ખૂબ ભાગ લીધો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૮૯)*

સ્પષ્ટ છે કે કુરૈશે પોતાની આ હરકતથી હુદૈબિયાના કરારનો જાહેર ભંગ કર્યો હતો કેમ કે બની ખુઝાઆ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કરાર કરી એમના હલીફ (કરારબદ્ધ) થઈ ચૂક્યા હતા તેથી બની ખુઝાઆ પર હુમલો કરવો તે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર હુમલો કરવા બરાબર હતું. આ હુમલામાં બની ખુઝાઆના ૨૩ માણસો કતલ થઈ ગયા. આ બનાવ પછી બની ખુઝાઆ કબીલાના સરદાર અમ્ર બિન સાલિમ ખુઝાઈ ચાલીસ માણસોને લઈ ફરિયાદ કરવા ખાતર અને મદદ મેળવવા માટે મદીના બારગાહે રિસાલતમાં પહોંચ્યો અને એ





જ બીના મક્કાના ફતેહના કારણરૂપ બની

## ★ તાજદારે દો આલમથી ઈન્તેઆનત (મદદ) ★

હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا નું બયાન છે કે એક રાત હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم કાશાનએ નબુવ્વતમાં વુઝૂ ફર્માવી રહ્યા હતા કે એકા એક તેઓએ મોટા અવાજે ફર્માવ્યું : લબ્બૈક ! લબ્બૈક ! લબ્બૈક ! (હું તમારા માટે વારંવાર તૈયાર છું) પછી ત્રણ વખત મોટા અવાજે આપે ઈર્શાદ ફર્માવ્યો કે નુસિરતા ! નુસિરતા ! નુસિરતા (તમને મદદ મળી) જ્યારે આપ વુઝૂખાનાથી નીકળ્યા ત્યારે મેં અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ તનહાઈમાં કોની સાથે વાતો ફર્માવી રહ્યા હતા ?! ત્યારે આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હે મૈમૂના ! ગઝબ થઈ ગયો, મારા હલીફ બની ખુઝાઆ પર બની બકર અને કાફિર કુરૈશોએ હુમલો કર્યો છે અને આ મુસીબત તથા બેકસીના સમયમાં બની ખુઝાઆએ ત્યાંથી પોકારીને મને મદદે બોલાવ્યો છે અને મારાથી મદદ માંગી છે. અને મેં એમનો અવાજ સાંભળી એમને ધીરજ બંધાવવા ખાતર એમને જવાબ આપ્યો છે. હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا કહે છે કે આ બનાવના ત્રીજા દિવસે જ્યારે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ફજરની નમાઝ માટે મસ્જિદમાં તશરીફ લઈ ગયા અને નમાઝથી ફારિગ થયા ત્યારે એકાએક બની ખુઝાઆના મઝલૂમોએ રજઝના કાવ્યને ઊંચા અવાજથી બોલવાનું શરું કર્યું. અને હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને અસ્હાબે કિરામે એમની આ દર્દથી ભરેલી ફરિયાદોને ધ્યાનપૂર્વક સાંભળી. આપ પણ એ રજઝના અશઆરને મુલાહેઝા ફર્માવો :–

યા રબ્બિ ઈન્ની નાશિદુમ્ મુહમ્મદા
હિલ્ફ અબીના વ અબીહિલ અત્લદા

હે ખુદા ! હું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને તે કરાર યાદ અપાવું છું જે અમારા અને એમના પૂર્વજો વચ્ચે પ્રાચીનકાળથી થઈ ચૂક્યો છે.

ફનસુર હદાક લ્લાહુ નસરન્ અબ્બદા
વદઉ ઈબાદલ્લાહિ યાતુ મદ્દદા

તો ખુદા આપને સીધા માર્ગ પર ચલાવે, આપ અમારી મદદ કરો અને ખુદાના બંદાઓને બોલાવો તો મદદે આવશે.

ફીહિમ રસૂલુલ્લાહિ કદ તહર્રદા
ઈન સીમ ખસ્ફન વજહુહૂ તરબ્બદા

એ મદદે આવનારાઓમાં રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم પણ ગુસ્સે થઈને આવે જો એમને ઝિલ્લત ઉઠાવવી પડે તો એમના તેવર બદલી જાય.

હુમ બૈયતૂના બિલવતીરિ હુજ્જદા
વકત્તલૂના રુક્કઔં વસુજ્જદા

તે લોકો (બની બકર અને કુરૈશ)એ ''વતીર મુકામે'' અમે સૂતા હતા ત્યારે હુમલો કર્યો અને રુકૂઅ સજદાની હાલતમાં પણ એ લોકોએ અમને ખૂબ જ બેદર્દીપૂર્વક કતલ કરી નાખ્યા. ચોક્કસ કુરૈશ લોકોએ આપથી મજબૂત કરાર કરી તોડી નાખ્યો છે.

આ અશઆર સાંભળી હુઝૂર صلى الله تعالى عليه وسلم એ લોકોને ધીરજ આપી અને ફર્માવ્યું કે તમે જરાય ગભરાતા નહીં, હું તમારી મદદ માટે તૈયાર છું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૯૦)*

## ★ હુઝૂરની અમન પસંદી ★

અને પછી હુઝૂર صلى الله تعالى عليه وسلم એ કુરૈશની પાસે કાસિદ મોકલ્યો, અને ત્રણ શરતો મૂકી કે એમાંથી કોઈ પણ એક શરત મંજૂર કરી લે :–

(૧) બની ખુઝાઆના કત્લ થનારાનું ખૂન બહા (ખૂનના બદલામાં માલ) આપી દો.

(૨) કુરૈશ કબીલએ બની બકરની હિમાયતથી જૂદા થઈ જાય.

(૩) એલાન કરી નાખો કે હુદૈબિયાનો કરાર ભંગ થઈ ગયો.

જ્યારે હુઝૂર صلى الله تعالى عليه وسلم ના કાસિદે આ શરતો કુરૈશની સમક્ષ રજૂ કરી ત્યારે કુરતા બિન અબ્દ અમ્રે કુરૈશનો પ્રતિનિધિ બની જવાબ આપ્યો, ન તો અમે કત્લ થનારાઓના ખૂનના બદલાની ચૂકવણી કરીશું કે ન તો અમારા હલીફ (કરારબદ્ધ) કબીલા બની બકરની હિમાયત છોડીશું. હા ! અમને ત્રીજી શરત મંજૂર છે અને અમે જાહેર કરીએ છીએ કે હુદૈબિયાનો કરાર તૂટી ગયો છે ! પરંતુ કાસિદના ગયા પછી કુરૈશને પોતાના આ જવાબ પર પસ્તાવો થયો તેથી કેટલાક કુરૈશના રઈસો અબૂ સુફિયાન પાસે ગયા





અને કહ્યું, જો આ બાબતમાં સુધારો નહીં થાય તો ચોક્કસ મુહમ્મદ صلى الله تعالى عليه وسلم અમારી ઉપર હુમલો કરી દેશે. અબૂ સુફિયાને કહ્યું કે, મારી બીબી હિન્દ બિન્તે ઉતબાઅ્એ એક સ્વપ્ન જોયું છે કે મુકામ ''હજુન''થી મુકામ ''ખંદમા'' સુધી લોહીની એક નહેર વહેતી આવે છે પછી એકાએક તે લોહી લુપ્ત થઈ ગયું. કુરૈશે આ સ્વપ્નને ખૂબ જ અપશુકનિયાળ માન્યું અને ડર અને દેહશતથી તેઓ ગભરાઈ ગયા અને અબૂ સુફિયાન પર ખૂબ જ દબાવ નાખી તાત્કાલિક મદીના જઈ હુદૈબિયાના કરારને યથાવત રાખવા માટે કહ્યું. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૯૨)*

## ★ અબૂ સુફિયાનની કોશિશ ★

એ પછી ખૂબ જ વહેલા અબૂ સુફિયાન મદીના ગયો અને સૌથી પહેલી પોતાની દીકરી હઝરત ઉમ્મુલ મુ'મિનીનની બીબી ઉમ્મે હબીબા رضی اللہ عنہا ના મકાન પર પહોંચ્યો અને બિસ્તર પર બેસવા લાગ્યો. એવામાં હઝરત બીબી ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ બિસ્તર ઉપાડી લીધું. અબૂ સુફિયાને હેરાન થઈને પૂછયું, બેટી ! તેં બિસ્તરો કેમ ઉપાડી લીધો ?! શું બિસ્તરને મારા લાયક સમજ્યું નહીં કે પછી મને બિસ્તર લાયક સમજયો નથી ?! ઉમ્મુલ મુ'મિનીને જવાબ આપ્યો કે, આ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم નો બિસ્તર છે અને તમે મુશ્રિક તેમજ નાપાક છો આથી મને એ મંજૂર નથી કે તમે રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ના બિસ્તર પર બેસો. આ વાત સાંભળી અબૂ સુફિયાનના હૃદય પર આઘાત લાગ્યો અને તે દુ:ખી થઈ ત્યાંથી જતો રહ્યો અને રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ની ખિદમતમાં હાજર થઈ પોતાની વાત રજૂ કરી. આપે કોઈ જવાબ આપ્યો નહીં. પછી અબૂ સુફિયાન હઝરત અબૂબક્ર સિદ્દીક અને હઝરત ઉમર તેમજ હઝરત અલી رضوان الله تعالىٰ عليهم اجمعين ની પાસે ગયો. એ બધા લોકોએ કહ્યું કે, અમે કાંઈ જાણતા નથી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની પાસે અબૂ સુફિયાન પહોંચ્યો ત્યારે ત્યાં હઝરત બીબી ફાતિમા અને હઝરત ઈમામ હસન رضی اللہ عنہ પણ હતા. અબૂ સુફિયાને ખૂબ જ લજ્જાથી કહ્યું કે, હે અલી ! તમે કૌમમાં ખૂબ જ રહમ દિલ છો. હું એક મકસદ લઈને અહીં આવ્યો છું, શું હું નાકામ થઈને જ અહીંથી જતો રહું ?! હું માત્ર એટલું ચાહું છું કે, તમે મુહમ્મદ صلى الله تعالى عليه وسلم થી અમારી ભલામણ

કરી દો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે, હે અબૂ સુફિયાન ! અમારી આ મજાલ નથી કે અમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈરાદા અને એમની મરજીમાં દખલ આપી શકીએ. બધી બાજુથી મદદ ન મળતાં અબૂ સુફિયાને હઝરત ફાતિમતુઝ્ઝોહરા رضی اللہ عنہا થી કહ્યું, હે ફાતિમા ! આ તમારો પાંચ વરસનો છોકરો (ઈમામ હસન) એક વખત પોતાની જીભથી એટલું કહી દે કે, મેં આ બંને ફિર્કાની સુલેહ કરાવી દીધી. ત્યારે આજથી આ છોકરો અરબનો સરદાર કહીને પોકારવામાં હઝરત આવશે. હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا એ જવાબ આપ્યો કે, છોકરાઓનું આ વિશે શું દખલ ?! છેવટે અબૂ સુફિયાને કહ્યું કે, હે અલી ! આ વાત ગંભીર દેખાય છે ! કોઈ રસ્તો કાઢો ? હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે, હું આ વિશે કોઈ ચોક્કસ લાભકારક સલાહ તો આપી શક્તો નથી પણ તમે બની કિનાનાના સરદાર છો, તમે પોતે જ લોકો સમક્ષ એલાન કરી દો કે હું હુદૈબિયાના કરારને ચાલુ રાખું છું. અબૂ સુફિયાને કહ્યું કે, શું મારું આ એલાન ફાયદાકારક નિવડશે ?! હઝરત અલીએ ફર્માવ્યું કે, એકતરફી એલાનથી કોઈ લાભ નહીં થાય ! પરંતુ હવે તમારી પાસે કોઈ રસ્તો પણ નથી ? અબૂ સુફિયાન ત્યાંથી મસ્જિદે નબવીમાં આવ્યો અને મોટા અવાજે એલાન કર્યું કે હું હુદૈબિયાના કરારને પાછું યથાવત ચાલુ રાખું છું. પરંતુ મુસ્લિમોમાંથી કાંઈ પણ જવાબ મળ્યો નહીં.

અબૂ સુફિયાન આ એલાન કરી મક્કા રવાના થઈ ગયો. જ્યારે મક્કા પહોંચ્યો ત્યારે કુરૈશે પૂછયું કે, મદીનામાં શું થયું ?! અબૂ સુફિયાને બધી વાત માંડીને બતાવી તો કુરૈશે પ્રશ્ન કર્યો કે, જ્યારે તમે પોતાના તરફથી હુદૈબિયાના કરારની પૂર્તિ આપી તો શું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને કબૂલ કર્યું ?! અબૂ સુફિયાને કહ્યું કે, નહીં ! આ સાંભળી કુરૈશે કહ્યું કે, આ તો કાંઈ ન થયું ! એ સુલેહ પણ નથી કે શાંતિથી બેસાય અને યુદ્ધ પણ નથી કે યુદ્ધની સામગ્રી તૈયાર કરીએ. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૯૨ થી ૨૯૩)*

એના પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ લોકોને યુદ્ધની તૈયારી કરવાનો હુકમ કર્યો અને હઝરત બીબી આઈશા رضی اللہ عنہا થી પણ ફર્માવ્યું કે, યુદ્ધના હથિયાર તૈયાર કરો અને પોતાના હલીફ (કરારબદ્ધ)કબીલાને પણ યુદ્ધની તેયારીનું હુકમનામુ મોકલ્યું પરંતુ કોઈને પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ વિશે કાંઈ કહ્યું નહીં કે કોનાથી યુદ્ધ કરવાનો ઈરાદો છે ? એટલે સુધી કે હઝરત





અબૂબક્ર સિદીક رضی اللہ عنہ હઝરત બીબી આઈશા رضی اللہ عنہا પાસે આવ્યા અને જોયું કે, તેઓ યુદ્ધનાં હથિયારો કાઢી રહ્યાં છે, ત્યારે આપે પૂછયું કે, શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો ? અર્ઝ કર્યું કે જી હા ! આપે પૂછયું કે, શું તમને કાંઈક જાણ છે કે ક્યાંનો ઈરાદો છે ? હઝરત બીબી આઈશા رضی اللہ عنہا એ કહ્યું કે, ''વલ્લાહ ! મને આ વિશે જાણ નથી.'' *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૯૧)*

જો કે ખૂબ જ છુપી રીતે અને રોઝદારીની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જંગની તૈયારી ફર્માવી અને મકસદ એ હતો કે મક્કાના રહેવાસીઓને જાણ ન થઈ શકે અને એકાએક એમના પર હુમલો કરી નાખીએ.

## ★ હઝરત હાતિબ બિન અબી બલ્તઆનો પુત્ર ★

હઝરત હાતિબ બિન અબી બલ્તઆ رضی اللہ عنہ જે એક ઈજ્જતદાર સહાબી હતા. તેમણે કુરૈશને એક પત્ર આ વિશે લખી મોકલ્યો કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم યુદ્ધની તૈયારી કરી રહ્યા છે તેથી તમે હોશિયાર થઈ જાવ ! આ પત્ર એમણે એક સ્ત્રી સાથે મક્કા મોકલ્યો. અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈલ્મે ગૈબ અતા ફર્માવ્યો હતો. આપે પોતાના આ ઈલ્મે ગૈબના આધારે જાણી લીધું કે હઝરત હાતિબ બિન બલ્તઆએ શું કાર્યવાહી કરી છે. તેથી આપે હઝરત અલી અને હઝરત ઝુબૈર અને હઝરત મિકદાદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ને તાત્કાલિક રવાના કર્યા કે, તમે ''રોઝાએ ખાખ''માં જાવ ત્યાં એક સ્ત્રી મળશે અને એની પાસે એક પત્ર છે તેનાથી એ પત્ર ઝૂંટવી મારી પાસે લાવો. તેથી આ ત્રણે સહાબા ખૂબ જ તેજ રફતાર ઘોડાઓ ઉપર સવાર થઈ રોઝાએ ખાખમાં પહોંચ્યા અને તે સ્ત્રીને જોઈ. જ્યારે એનાથી પત્ર માંગ્યો ત્યારે એણે કહ્યું કે મારી પાસે કોઈ પત્ર નથી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે, ખુદાની કસમ ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ક્યારે જૂઠી વાત કહી શક્તા નથી અને અમે પણ જૂઠા નથી તેથી પત્ર કાઢી અમને આપી દે નહીંતર અમે તને નગ્ન કરીને તલાશી લઈશું. જ્યારે તે સ્ત્રી મજબૂર થઈ ગઈ ત્યારે માથાના અંબોડામાંથી તે પત્ર કાઢીને આપ્યો. જ્યારે આ લોકો પત્ર લઈને બારગાહે રિસાલતમાં પહોંચ્યા ત્યારે આપે હઝરત હાતિબ બિન અબી બલ્તઆને

બોલાવ્યા અને ફર્માવ્યું કે, હે હાતિબ ! આ તમે શું કર્યું ? એમણે અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મારા માટે વહેલા ફેંસલો ન ફર્માઓ. ન મેં મારું દીન બદલ્યું છે અને ગુમરાહ પણ થયો નથી. મારા આ પત્ર લખવાનું એ જ કારણ છે કે મક્કામાં મારી પત્ની અને પુત્રો છે. પરંતુ મક્કામાં મારો કોઈ રિશ્તેદાર નથી કે જે મારી પત્ની અને બચ્ચાઓનું ધ્યાન રાખે. મારા સિવાય બધા જ મુહાજિરોના અઝીઝો મક્કામાં હાજર છે જે એમના એહલે અયાલની રખેવાળી કરે છે, તેથી મેં આ પત્ર લખીને કુરૈશ પર મારો એહસાન મૂક્યો છે. હું એમની હમદર્દી હાંસલ કરી શકું અને તેઓ મારા એહલો અયાલની સાથે ખરાબ વર્તન ન કરે. યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારું ઈમાન છે કે અલ્લાહ તઆલા જરૂરથી એ કાફિરોને શિકસ્ત આપશે અને મારા પત્રથી કાફિરોને હરગિઝ હરગિઝ ફાયદો નહીં થાય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત હાતિબ رضی اللہ عنہ ના આ બયાનને સાંભળી એમની વાત કબૂલ ફર્માવી. પરંતુ હઝરત ઉમર رضی اللہ عنہ આ પત્રને જોઈ ખૂબ જ આવેશમાં આવી ગુસ્સે થઈ ગયા અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને ઈજાઝત આપો કે હું આ મુનાફિકની ગરદન ઉડાવી દઉં ! બીજા સહાબાઓ પણ ખૂબ જ ગુસ્સે થયા પરંતુ રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝબીને રહમત પર એક પણ વળ આવ્યો નહીં અને આપે હઝરત ઉમર رضی اللہ عنہ થી ઈર્શાદ ફર્માવ્યો કે, હે ઉમર ! શું તમને ખબર નથી કે હાતિબ એહલે બદરમાંથી છે અને અલ્લાહ તઆલાએ એહલે બદરને મુખાતિબ કરી ફર્માવ્યું છે કે, ''તમે જેવું ફાવે તેવું કરો ! તમારાથી કોઈ જવાબ નહીં પૂછાય.'' આ સાંભળી હઝરત ઉમર رضی اللہ عنہ ની આંખો ભરાઈ ગઈ અને તેઓ એમ કહી શાંત થઈ ગયા કે, અલ્લાહ અને એના રસૂલને અમારા કરતાં વધારે ઈલ્મ છે. એ સમયે કુર્આનની આ આયત નાઝિલ થઈ કે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّيْ وَعَدُوَّكُمْ اَوْلِيَآءَ (ممتحنہ)

''હે ઈમાનવાળાઓ ! મારા અને તમારા દુશ્મન કાફિરોને મિત્ર ન બનાવો.'' *(મુમતહેના)*

સારાંશ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત હાતિબ બિન અબી બલ્તઆ رضی اللہ عنہ ને માફ ફર્માવી દીધું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૨, ગઝવતુલ ફતહ)*





## ★ મક્કા પર હુમલો ★

૧૦ મી રમઝાન હિ. સ. ૮ ના રોજ રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાથી દસ હજારનું લશ્કર સાથે લઈ મક્કા તરફ રવાના થયા. કેટલીક રિવાયતોમાં છે કે ફત્હે મક્કામાં આપની સાથે બાર હજારનું લશ્કર હતું. આ બંને રિવાયતો સાચી હોઈ શકે છે. એવું બન્યું હોય કે મદીનાથી રવાના થતી વખતે દસ હજારનું લશ્કર હોય પછી રસ્તામાંથી કેટલાક કબીલા આ લશ્કરમાં સામેલ થયા હોય તેથી મક્કા પહોંચી આ લશ્કરની સંખ્યા બાર હજાર થઈ ગઈ હોય. હા ! મદીનામાંથી નીકળતી વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને તમામ સહાબા રોઝાદાર હતા જ્યારે આપ ''કુદીદ મુકામે'' પહોંચ્યા ત્યારે પાણી માંગ્યું અને પોતાની સવારી પર બેસી આખા લશ્કરને દેખાડી આપે દિવસ દરમ્યાન પાણી નૌશ ફર્માવ્યું (પીધું) અને બધાને રોઝો છોડી દેવાનો હુકમ કર્યો. તેથી આપ અને આપના સહાબાઓને સફર અને જેહાદમાં હોવાથી રોઝો રાખવો મોકૂફ કર્યો. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૩, અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૦૦ અને સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૨, પેજ–૪૦૦)*

**હઝરત અબ્બાસ વગેરેથી મુલાકાત :** જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ''હુજફા'' મુકામે પહોંચ્યા ત્યારે ત્યાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ પોતાના અહલો અયાલની સાથે ખિદમતે અકદસમાં હાજર થયા, તેઓ મુસલમાન થઈને આવ્યા હતા. બલ્કે આથી પહેલાં જ મુસલમાન થઈ ગયા હતા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મરજીથી મક્કામાં રહેતા હતા અને હાજીઓને ઝમઝમ પીવડાવવાના માનનીય હોદ્દા પર હતા અને આપની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હારિષ બિન અબ્દુલ મુત્તલિબના ફરઝંદ જેમનું નામ પણ અબૂ સુફિયાન હતું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફોઈના દિકરા અબ્દુલ્લાહ બિન અબી ઉમૈયા જે ઉમ્મુલ મુ'મિનીન હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا ના સાવકા ભાઈ હતા, બારગાહે અકદસમાં હાજર થયા. આ બંને સાહબોની હાજરીનો હાલ જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જાણવા મળ્યો ત્યારે આપે આ બંનેથી મુલાકાત નહીં કરવા ફર્માવ્યું કારણ કે બંને એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ જ ઈજાઓ આપી હતી. ખાસ કરીને અબૂ સુફિયાન બિન અલ હારિષ આપના કાકાના દિકરા હતા જે એલાને

નબુવ્વતથી પહેલાં આપના ખૂબ જ નિકટના જાંનિસારોમાંથી હતા પણ એલાને નબુવ્વત પછી એમણે પોતાના કસીદાઓમાં એટલી શરમજનક અને બુહદા હિજ્જો, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કરી નાખી કે આપનું હૃદય ઝખ્મી થઈ ગયું તેથી આપ આ બંનેથી ખૂબ જ નારાજ હતા. પરંતુ હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا એ બંનેનો કસૂર માફ કરવાની ખૂબ જ સિફારિશ કરી અને અબૂ સુફિયાન બિન અલ્હારિષે એમ કહ્યું કે, જો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મારો કસૂર માફ નહીં કરે તો હું મારા નાના નાના છોકરાઓને લઈ અરબના રણમાં ચાલ્યો જઈશ જેથી ત્યાં ખાધા પીધા વગર તડપીને હું અને મારા બધા છોકરાઓ મરીને ફના થઈ જશે. હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا, એ બારગાહે રિસાલતમાં અશ્રુમય આંખે થઈને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપના કાકા અને ફોઈનો દીકરો બધા ઈન્સાનોથી અધિક બદ્નસીબ રહેશે ?! શું આ બંનેને આપની રહમતમાંથી કોઈ હિસ્સો નહીં મળે ?! જાન છિડકવાવાળી બીબીના આ દર્દભર્યા વાક્યથી રહ્મતુલ્લિલ્ આલમીનના રહમતથી ભરેલા દિલમાં રહમો કરમનો સમુદ્ર જોશમાં આવ્યો, પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આ બંનેને એ સલાહ આપી કે તમે બંને એકાએક બારગાહે રિસાલતમાં જઈ સામે ઊભા થઈ જાઓ અને જેવી રીતે હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم ના ભાઈઓએ કહ્યું હતું તે જ તમે પણ બોલો કે :–

લَقَدْ اٰثَرَكَ اللّٰهُ عَلَيْنَا وَاِنْ كُنَّا لَخٰطِئِيْنَ ۝ (یوسف)

કે ચોક્કસ અલ્લાહ તઆલાએ આપને અમારા પર ફઝીલત આપી છે અને અમે બેશક ! ખતાવાર છીએ.

જેથી આ બંને સાહબોએ દરબારે રિસાલતમાં હાજર થઈ એવું જ કહ્યું, એકાએક રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝબીન રહમત પર રહમો કરમના હજારો તાર ચમકવા લાગ્યા અને આપે એમના જવાબમાં એકાએક તે જ વાક્ય પોતાની ઝબાને રહમત નિશાનથી ઈર્શાદ ફર્માવ્યું જે હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم એ પોતાના ભાઈઓના જવાબમાં ફમાવ્યું હતું કે :–

لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ يَغْفِرُ اللّٰهُ لَكُمْ وَهُوَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ۝ (یوسف)

**અર્થાત** : આજે તમારાથી કોઈ પ્રશ્ન નથી, અલ્લાહ તમને બખ્શી દે તે અરહમુર્રાહિમીન છે. (સૂરએ યૂસુફ)





જ્યારે કસૂર માફ થયો ત્યારે અબૂ સુફિયાન બિન અલ્હારિસ رضی اللہ عنہ એ તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મદ્હ (તારીફ)માં અશ્આર લખ્યા અને જાહિલિયતના જમાનામાં જે કંઈ આપની બદબોઈમાં લખ્યું હતું એની માફ માગી અને એના પછી આખી ઉમર ખૂબ જ સાચા અને અડગતાથી મુસલમાન રહ્યા પરંતુ શરમના લીધે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે માથુ ઊંચુ કરતા ન હતા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પણ એમની સાથે ખૂબ જ મહોબ્બતથી પેશ આવતા હતા અને ફર્માવતા હતા કે મને ઉમ્મીદ છે કે, અબૂ સુફિયાન બિન હારિષ મારા કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના કાયમ મુકામ (વિકલ્પ) સાબિત થશે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૦૧ થી ૩૦૨ અને સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૨, પેજ–૪૦૦)*

## ★ માઈલો સુધી આગ જ આગ ! ★

મક્કાથી એક મંઝિલના અંતરે "મર્રલ ઝહરાન" પહોંચી ઈસ્લામી લશ્કરે છાવણી નાખી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફોજને હુકમ આપ્યો કે, દરેક મુજાહિદ પોતપોતાનો ચુલો જલાવે. દસ હઝરત મુજાહિદોએ જ્યારે પોતાના ચુલા સળગાવ્યા તો "મર્રલ ઝહરાન"ના સમગ્ર મેદાનમાં આગ જ આગ દેખાવા લાગી.

## ★ કુરૈશના જાસૂસ ★

કુરૈશને જાણ થઈ ગઈ હતી કે, મદીનાથી ફૌજ આવી રહી છે પરંતુ હમણા તેઓ ક્યાં છે એની જાણકારી મેળવવા કુરૈશે અબૂ સુફિયાન બિન હરમઅ્ હરીમ બિન હુઝ્ઝામ અને બુદૈલ બિન વરકાઅ્ને પોતાના ગુપ્તચર બનાવીને મોકલ્યા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ ખૂબ જ ચિંતિત થઈ કુરૈશના અંજામ પર અફસોસ વ્યક્ત કરી રહ્યા હતા. તેઓ વિચારી રહ્યા હતા કે જો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આટલા અઝીમ લશ્કર સાથે મક્કામાં વિજયી દાખલ થયાં તો આજે કુરૈશનો ખાત્મો થઈ જશે. તેથી તેઓ રાત્રિના સમયે صلی اللہ تعالیٰ علیہ وسلم ના સફેદ ખચ્ચર ઉપર સવાર થઈ આ ઈરાદાથી મક્કા તરફ જવા નીકળ્યા કે કુરૈશને આ ખતરાની જાણ કરી કહું કે ચાલો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી માફી માંગી સુલેહ કરી લો નહીંતર તમારી ખેર નથી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૦૪)*

પરંતુ બુખારીની રિવાયતમાં એમ છે કે કુરૈશને આ સંદેશો મળી ચૂક્યો હતો કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાથી રવાના થઈ ગયા છે પરંતુ એમને એવી જાણ ન હતી કે, એમનું લશ્કર "મર્રલ ઝહરાન" સુધી આવી પહોંચ્યું છે. તેથી અબૂ સુફિયાન બિન હરબ અને હકીમ બિન હુઝાામ અને બુદૈલ બિન વરકા એની શોધમાં નીકળ્યા હતા કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું લશ્કર ક્યાં છે ? જ્યારે મર્રલ ઝહ્‌રાનની પાસે પહોંચ્યા તો જોયું કે માઈલો સુધી આગ જ આગ દેખાય છે. આ દશ્ય જોઈ આ ત્રણેય છક થઈ ગયા અને અબૂ સુફિયાન બિન હરબે કહ્યું કે, મેં તો જિંદગીમાં ક્યારેય એટલા અંતર સુધી આગ આ મેદાનમાં નથી જોઈ નથી ! આ ક્યો કબીલો હોઈ શકે ?!

બુદૈલ બિન વરકાએ કહ્યું કે બની ખુઝાઆ જણાય છે. અબૂ સુફિયાને કહ્યું, ના ! બની ખુઝઆ એટલી મોટી સંખ્યામાં ક્યાં છે કે જેથી એમની આગથી મર્રલ હઝરાનનું આખુ મેદાન ભરાઈ જાય. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૩)*

એવામાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ ની મુલાકાત આ ત્રણેયથી થઈ ગઈ અને અબૂ સુફિયાને પૂછયું કે હે અબ્બાસ ! તમે ક્યાંથી આવી રહ્યા છો ? અને આ આગ કેવી છે ?! આપે ફર્માવ્યું કે આ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના લશ્કરની આગ છે. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ અબૂ સુફિયાન બિન હરબથી કહ્યું કે તમે મારા ખચ્ચર પર પાછળ સવાર થઈ જાઓ નહીંતર જો મુસ્લિમોએ તમને જો લીધા તો હમણા જ તમને કતલ કરી નાખશે. જ્યારે આ લોકો લશ્કરગાહમાં પહોંચ્યા ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہ અને બીજા કેટલાક મુસ્લિમો કે જેઓ લશ્કરગાહનો પહેરો ભરી રહ્યા હતા તેમણે અબૂ સુફિયાનને જોઈ લીધા. હઝરત ઉમર رضی اللہ عنہ પોતાના ઈન્તિકામના જઝબાને રોકી શક્યા નહીં અને અબૂ સુફિયાનને જોતાં જ એમના મુખમાંથી નીકળ્યું કે, "અરે ! આ તો ખુદાનો દુશ્મન અબૂ સુફિયાન છે !" દોડતા તેઓ બારગાહે રિસાલતમાં પહોંચ્યા અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અબૂ સુફિયાન હાથ આવ્યો છે, જો ઈજાઝત હોય તો એનું માથુ ઉડાડી નાખું ! એવામાં હઝરત અબ્બાસ رضی اللہ عنہ પણ આ ત્રણે મુશ્રિકોને સાથે લઈ દરબારે રસૂલમાં હાજર થયા અને એ લોકોની જાન બક્ષીની સિફારિશ રજૂ કરી અને એમ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં આ બધાને અમાન આપી દીધી છે.





## ★ અબૂ સુફિયાનનો ઈસ્લામ સ્વીકાર ★

અબૂ સુફિયાન બિન હરબની ઈસ્લામથી દુશ્મનાવટ છૂપી ન હતી. મક્કામાં રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સખત ઈજાઓ આપવી, મદીના પર વારંવાર હુમલો કરવો, અરબના કબીલાવાળાઓને ઉશ્કેરી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કતલ કરવા, વારંવાર કાવતરાં ઘડવાં, યહૂદીઓ અને અરબના તમામ કાફિરોથી સાંઠગાંઠ કરી ઈસ્લામ અને ઈસ્લામના સ્થાપકના ખાતમાની કોશિશો, આ બધા અક્ષમ્ય ગુનાહો હતા જે પોકારી પોકારીને કહી રહ્યા હતા કે અબૂ સુફિયાનની કતલ બિલકુલ દુરસ્ત અને જાઈઝ અને સમયસરની છે, પરંતુ રસૂલે કરીમ કે જેમને કુર્આને "રઉફુર્રહીમ"ના લકબથી યાદ કર્યા છે, એમની રહમત ધીમે ધીમે અબૂ સુફિયાનના કાનમાં કહી રહી હતી કે, અય મુજરિમ ! ડરવાની જરૂર નથી. આ દુનિયાના બાદશાહોનો દરબાર નથી પરંતુ આ રહ્‌મતુલ્‌લિલ્ આલમીનની બારગાહે રહમત છે. બુખારી શરીફની રિવાયત તો એ જ છે કે અબૂ સુફિયાન બારગાહે અકદસમાં હાજર થયા અને તરત ઈસ્લામ કબૂલ કર્યો તેથી જ બચ્યા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૩)*

પરંતુ એક રિવાયત એ પણ છે કે હકીમ બિન હુઝ્ઝામ અને બુદૈલ બિન વરકા એ તો તરત રાત્રિમાં જ ઈસ્લામ કબૂલ કર્યો પરંતુ અબૂ સુફિયાને સવારમાં કલમો પઢયો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૦૪)*

અને કેટલીક રિવાયતમાં એમ પણ છે કે અબૂ સુફિયાન અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વચ્ચે એક વાતચીત થઈ એના પછી અબૂ સુફિયાને પોતે ઈસ્લામ કબૂલ કર્યાનો એલાન કર્યો, એ વાતચીત આ પ્રમાણે છે :–

**રસૂલુલ્લાહ** صلی اللہ تعالیٰ علیہ وسلم : કેમ અબૂ સુફિયાન ! શું તમને હજુ પણ યકીન નથી આવ્યું કે ખુદા એક છે ?

**અબૂ સુફિયાન** : કેમ નહીં ?! કોઈ બીજો ખુદા હોત તો આજે અમારી મદદે આવ્યો હોત.

**રસૂલુલ્લાહ** صلی اللہ تعالیٰ علیہ وسلم : શું તેમાં તમને કોઈ શંકા છે કે હું અલ્લાહનો રસૂલ છું !

**અબૂ સુફિયાન** : હા ! એમાં તો હમણા મને થોડીક શંકા છે !

પરંતુ એના પછી એમણે કલમો પઢયો અને એ સમયે એમનું ઈમાન ડગમગ હતું પરંતુ પાછળથી તેઓ સાચા મુસલમાન થઈ ગયા. ગઝવએ તાઈફમાં મુસલમાનોની ફૌજમાં સામેલ થઈ એમણે કાફિરોથી યુદ્ધ કર્યું અને એમાં જ એમની એક આંખ ઝખમી થઈ, પછી તેઓ જંગે યરમૂકમાં પણ જેહાદ કરવા ગયા. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ-૨, પેજ-૪૦૩ અને ઝુર્કાની, ભાગ-૨, પેજ-૩૧૩)*

## ★ લશ્કરે ઈસ્લામનો જાહોજલાલ ★

ઈસ્લામના મુજાહિદોનું લશ્કર જ્યારે મક્કા તરફ આગળ વધ્યું ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી ફર્માવ્યું કે આપ અબૂ સુફિયાનને કોઈ એવા મુકામે ઊભા કરી દો કે તે ઈલાહી ફોજનો જલાલ પોતાની આંખોથી જોઈ શકે. જેથી રસ્તો સાંકડો હતો તેવી એક ઊંચી જગ્યા પર હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ અબૂ સુફિયાનને ઊભા કરી દીધા. થોડીવાર પછી ઈસ્લામી લશ્કર સમુદ્રના મોજાંની જેમ ઉમંડતું રવાના થયું અને અરબ કબીલાની ફોજો શસ્ત્ર સજ્જ થઈ એક પછી એક અબૂ સુફિયાનના સામે નીકળવા લાગી. સૌથી પહેલાં ગિફ્ફાર કબીલાનો બાવકાર પરચમ દેખાયો. અબૂ સુફિયાને ડરીને પૂછયું, આ લોકો કોણ છે ? હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ કહ્યું, ગિફ્ફાર કબીલાના ઘોડેસવાર છે. અબૂ સુફિયાને કહ્યું કે મને ગિફ્ફાર કબીલાથી શું મતલબ છે ? પછી જુહૈના, પછી સઅદ બિન હુઝીમ, પછી સુલૈમના કબીલાની ફોજો ઝળહળતા હથિયારોમાં ડૂબેલા પરચમ લહેરાવતા અને તકબીરના નારા મારતા સામેથી નીકળી ગયા. અબૂ સુફિયાન દરેક ફોજનો જલાલ જોઈ જોઈને ભયભીત થઈ અને અબ્બાસ رضی اللہ عنہ થી દરેક ફોજ વિશે પૂછતા રહેતા કે આ કોણ છે ? આ ક્યા લોકોનું લશ્કર છે ? એના પછી અન્સારનું લશ્કર નૂરથી ભરેલું એવી અજીબ શાન અને એવી નિરાલી શાન બાનથી ચાલ્યું કે જોવાવાળાઓનાં હૃદય ધકધક થઈ ગયાં. અબૂ સુફિયાને આ ફોજની શાનો શૌકત જોઈ હેરાન થઈ કહ્યું કે હે અબ્બાસ ! આ ક્યા લોકો છે ? આપે ફર્માવ્યું કે આ "અન્સાર છે !" એકાએક અન્સારના અલમબરદાર હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہ ધ્વજ લઈ અબૂ સુફિયાન પાસેથી નીકળ્યા





અને જ્યારે અબૂ સુફિયાનને જોયા તો મોટા અવાજથી કહ્યું કે અય અબૂ સુફિયાન ! **અલ્યૌમ યૌમલ્મલ્હમા** આજે જબરદસ્ત યુદ્ધનો દિવસ છે. **તુસ્તહલ્લુલ્ કઅબા** આજે કા'બામાં ખુનરેઝી હલાલ કરી દેવામાં આવશે.

અબૂ સુફિયાન આ સાંભળી ગભરાઈ ગયા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી કહેવા લાગ્યા કે હે અબ્બાસ ! સાંભળી લો, આજે કુરૈશની હલાકત તમને મુબારક થાય ! પછી અબૂ સુફિયાનને ચેન ન પડયું તો પૂછયું કે બહુ વાર થઈ હમણા સુધી મેં મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને નથી જોયા કે તેઓ ક્યા લશ્કરમાં છે ? એવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પરચમે નબુવ્વતના સાયામાં પોતાના નૂરાની લશ્કરની સાથે પૈગંબરાના જાહોજલાલની સાથે પ્રકટ થયા. અબૂ સુફિયાને જ્યારે શહનશાહે કૌનેનને જોયા ત્યારે મોટા અવાજે કહ્યું કે, અય હુઝૂર ! શું આપે સાંભળ્યું કે સઅદ બિન ઉબાદા શું કહેતા ગયા છે ? ઈર્શાદ ફર્માવ્યો કે એમણે શું કહ્યું ?! અબૂ સુફિયાન બોલ્યા કે એમણે કહ્યું કે આજે કા'બામાં ખૂનરેજી હલાલ કરી દેવામાં આવશે ! આપે ઈર્શાદ ફર્માવ્યો કે સઅદ બિન ઉબાદે ખોટુ કહ્યું છે આજે તો કા'બાની અઝમતનો દિવસ છે, આજે તો કા'બાને ગિલાફ પહેરાવવાનો દિવસ છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સઅદ બિન ઉબાદાએ આટલી ખોટી વાત કેમ કરી દીધી ?! ત્યારે આપે એમના હાથમાંથી ઝંડો લઈ એમના પુત્ર કૈસ બિન સઅદ رضی اللہ عنہ ના હાથમાં આપી દીધો.

અને એક રિવાયત એ છે કે જ્યારે અબૂ સુફિયાને બારગાહે રસૂલમાં આ શિકાયત કરી કે યા રસૂલલ્લાહ ! હમણા સઅદ બિન ઉબાદા કહેતા ગયા છે કે;

**અલ્યૌમ યૌમલ્મલ્હમા** આજે ઘમાસાણની લડાઈનો દિવસ છે.

ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ નારાજ થતાં ઈર્શાદ ફર્માવ્યો કે સઅદ બિન ઉબાદાએ ખોટુ કહ્યું, પરંતુ અય સુફિયાન !

**અલ્ યૌમ યૌમુલ્ મરહમા** આજનો દિવસ રહમતનો દિવસ છે ! *(ઝુર્કાની, ભાગ-૨, પેજ-૩૦૬)*

પછી ફાતેહાના શાનો શૌકત અને વિજેતાના વૈભવની સાથે બાનીએ કા'બાના જાનશીન હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કાનો

સરઝમીનને નુઝૂલે ઈજલાલ ફર્માવ્યો (પધરામણી કરી) અને હુકમ આપ્યો કે મારો ઝંડો "જહૂન" મુકામ પાસે લગાડી દો. અને હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ના નામે ફર્માન જારી ફર્માવ્યું કે તેઓ ફોજોની સાથે મક્કામાં ઊંચા ભાગ એટલે "કુદા"ની તરફથી મક્કામાં દાખલ થાય. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૩)*

## ★ ફાતેહે મક્કાનું પહેલું ફર્માન ★

તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કાની સરજમીનમાં કદમ મૂક્તાં જ જે પહેલું ફર્માન જારી ફર્માવ્યું કે તે આ હતું કે જેના શબ્દે શબ્દમાં રહમતોનો દરિયો હિલોડા લઈ રહ્યો છે :–

★ "જે વ્યક્તિ હથિયાર નાખી દેશે એના માટે અમાન છે."

★ "જે વ્યક્તિ પોતાની દરવાજો બંધ કરી કરી લેશે તેના માટે અમાન છે."

★ "જે કા'બામાં દાખલ થઈ જશે એના માટે અમાન છે."

આ મોકા પર હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અબૂ સુફિયાન એક સ્વાભિમાની વ્યક્તિ છે તેથી એના માટે કોઈ જુદી વાત ફર્માવો કે જેથી એનું માથુ સ્વાભિમાનથી ઊંચુ થઈ જાય ! ત્યારે આપે ફર્માવ્યું :– "જે અબૂ સુફિયાનના ઘરમાં દાખલ થઈ જાય એના માટે અમાન છે."

એના પછી અબૂ સુફિયાન મક્કામાં મોટા અવાજે પોકારી પોકારીને એલાન કરવા લાગ્યો કે હે કુરૈશ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એટલું મોટુ લશ્કર લઈને આવ્યા છે કે એનો મુકાબલો કરવાની કોઈનામાં તાકાત નથી જે અબૂ સુફિયાનના ઘરમાં દાખલ થઈ જશે તેના માટે અમાન છે. અબૂ સુફિયાનની જીભથી આ કમહિમ્મતવાળી વાત સાંભળી તેમ પત્ની હિન્દા બિન્તે ઉતબા બળીને કબાબ થઈ ગઈ અને ગુસ્સે થઈ અબૂ સુફિયાનની મૂછ પકડી લીધી અને મોટેથી બોલવા લાગી કે, હે બની કનાના ! આ કમબખ્તને કતલ કરી દો ! આ કેવી બુઝદિલી અને કમહિમ્મતીની વાત કરે છે ! હિન્દાની આ વાત સાંભળી બનૂ કનાનાનું ખાનદાન અબૂ સુફિયાનના મકાનમાં ભેગુ થઈ ગયું. અને અબૂ સુફિયાને કહી દીધું કે આ વેળા ગુસ્સે થવાની વાતથી કંઈ કામ નહીં ચાલે. હું સમગ્ર ઈસ્લામી લશ્કરને જોઈને





આવી રહ્યો છું અને હું તમને વિ□ાસ અપાવું છું કે હવે અમારાથી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુકાબલો નહીં થઈ શકે. એ સારી વાત છે કે એમણે એલાન કર્યો છે કે જે અબૂ સુફિયાનના મકાનમાં જતો રહેશે એના માટે અમાન છે. તેથી વધારેમાં વધારે લોકો મારા મકાનમાં આવી આશ્રય લઈ લો ! અબૂ સુફિયાનના ખાનદાનવાળાએ કહ્યું, તારા મકાનમાં કેટલા માણસો આવી શકશે ? અબૂ સુફિયાને કહ્યું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લોકોને પણ અમાન આપી દીધી છે કે જે પોતાનાં બારણા બંધ કરી લે અથવા મસ્જિદે હરામમાં દાખલ થઈ જાય અથવા હથિયાર નાખી દે. અબૂ સુફિયાનનું આ બયાન સાંભળી કોઈ અબૂ સુફિયાનના મકાનમાં ગયો, કોઈ મસ્જિદે હરામ તરફ ભાગ્યો, કોઈ પોતાના હથિયાર નીચે મૂકી ઊભો થઈ ગયો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૧૩)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ એલાને રહમતે એટલે સુધી પૂર્ણ અમન અને અમાનનું ફર્માન જારી કરી દીધું કે પછી લોહીનું એક ટીપુ વહેવાનો પણ ખતરો ન હતો. પરંતુ ઈકરમા બિન અબૂ જહલ અને સફવાન બિન ઉમૈયા અને સુહેલ બિન અમ્ર તેમજ જિમાસ બિન કૈસએ "ખુન્દુમા" મુકામમાંથી દુષ્ટ કબીલાના કેટલાક લોકોને ભેગા કર્યા હતા. એ લોકોએ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ની ફોજમાંથી બે વ્યક્તિઓ હઝરત કુરઝ બિન જાબિર ફહરી અને હુબૈશ બિન અશર رضی اللہ عنہما ને શહીદ કરી નાખ્યા અને ઈસ્લામી લશ્કર પર તીર વરસાવવાં શરૂ કરી દીધાં. બુખારીની રિવાયતમાં એ જ બે હઝરાતની શહાદતનો ઉલ્લેખ છે. પરંતુ ઝુર્કાની વિગેરે પુસ્તકોથી જાણ થાય છે કે ત્રણ સહાબાએ કિરામને કુરૈશ કાફિરોએ કતલ કર્યા હતા, બે એ જેમના નામો ઉપર છે અને એક હઝરત સલમા બિન અલમીલા رضی اللہ عنہ અને બાર તેર કાફિરો પણ માર્યા ગયા હતા અને બાકીના મેદાન છોડી ભાગી ગયા હતા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૩ અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૧૦)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે જોયું કે તલવારો ચમકી રહી છે ત્યારે આપે પૂછયું કે મેં તો ખાલિદ બિન અલ વલીદને જંગ કરવાની ના પાડી હતી, પછી આ તલવારો કેમ ચાલે છે ? લોકોએ કહ્યું કે શરૂઆત કાફિરો તરફથી થઈ છે. તેથી યુદ્ધ કરવા સિવાય ખાલિદ બિન વલીદની ફોજ માટે

બીજા રસ્તો ન હતો. આ સાંભળી ઈર્શાદ ફર્માવ્યો કે કઝાએ ઈલાહી આજ હતી. અને ખુદાએ જે ચાહ્યું તે જ બેહતર છે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૧૦)*

## ★ તાજદારે દો આલમનું મક્કામાં પ્રવેશ ★

હુઝૂર ﷺ જ્યારે વિજયીની હૈસિયતથી મક્કામાં દાખલ થવા લાગ્યા ત્યારે આપ પોતાની ઊંટડી "કસવા" પર સવાર હતા, એક કાળો અમામો બાંધ્યો હતો. અને બુખારીમાં છે કે આપના માથે "મીગફર" હતો. આપની એક બાજુ હઝરત અબૂબક્ર અને બીજી બાજુએ હઝરત ઉસૈદ બિન હુઝૈર رضی اللہ عنہ હતા અને આપની ચારેબાજુ જોશથી ભરેલું અને હથિયારોથી સજ્જ લશ્કર હતું. આ શાનો શૌકત જોઈને અબૂ સુફિયાને હઝરત અબ્બાસ رضی اللہ عنہ થી કહ્યું કે, હે અબ્બાસ ! તમારો ભત્રીજો તો બાદશાહ થઈ ગયો ! હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ જવાબ આપ્યો કે તારું ખરાબ થાય, અય અબૂ સુફિયાન ! આ બદાશાહ નથી પરંતુ આ "નબુવ્વત" છે ! આ શાહાના જુલૂસના જાહોજલાલ છતાં શહનશાહે રિસાલતથી શાને તવાઝોઅ (વિનમ્રતા)ની સ્થિતિ કંઈક એવી હતી કે આપ સૂરએ ફતહની તિવાલત ફર્માવતા એવી રીતે માથું નમાવીને ઊંટડી પર બેઠા હતા કે આપની ઊંટડીના પલાણને અડતું હતું. આપની આ કૈફિયત ખુદાવંદનો શુક્ર અદા કરવા અને એની બારગાહે અઝમતમાં પોતાની ઈજઝો નિયાઝમંદી (આજીજી)નો ઈઝહાર કરવા માટે હતી. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૨૦ અને પેજ–૩૨૧)*

## ★ મક્કામાં હુઝૂરની કયામગાહ ★

બુખારી શરીફમાં રિવાયત છે કે હુઝૂર ﷺ ફત્હે મક્કાના દિવસે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની બહેન હઝરત ઉમ્મે હાની બિન્તે અબી તાલિબના મકાનમાં તશરીફ લઈ ગયા અને ત્યાં ગુસલ ફર્માવ્યું પછી આઠ રકાત નમાઝે ચાશ્ત પઢી. આ નમાઝ ખૂબ જ મુખ્તસરમાં અદા ફર્માવી પરંતુ રુકૂઅ અને સજદા પૂરા અદા ફર્માવતા રહ્યા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૫)*

એક રિવાયતમાં એમ પણ આવ્યું છે કે આપે ઉમ્મે હાની رضی اللہ عنہا થી ફર્માવ્યું કે શું ઘરમાં કંઈક ખાવાનું છે ? એમણે અર્ઝ કરી કે, યા





રસૂલલ્લાહ ! ﷺ સૂકી રોટલીના કેટલાક ટુકડા છે. મને ખૂબ શરમ આવે છે કે એ આપની સમક્ષ રજુ કરું. ઈર્શાદ ફર્માવ્યો કે, લાવો ! પછી આપે પોતાના દસ્તે મુબારકથી એ સૂકી રોટલીના ટુકડા કર્યા અને પાણીમાં નાખી નરમ કર્યા અને હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہا એ એ રોટલીના સાલન ખાતર નમક (મીઠુ) રજુ કર્યું. ત્યારે આપે ફર્માવ્યું કે કાંઈ શાક ઘરમાં નથી ? એમણે અરજ કરી કે મારા ઘરમાં "સિરકા" સિવાય કંઈ પણ નથી. આપે ઈર્શાદ ફર્માવ્યો કે, "સિરકો" લાવો. આપે સિરકાને રોટલી પર નાખ્યો અને ખાઈને ખુદાનો શુક્ર અદા કર્યો. પછી ફર્માવ્યું કે **"સિરકો" બેહતરીન સાલન છે અને જે ઘરમાં સિરકો હશે તે ઘરવાળાં મોહતાજ નહીં થાય.** પછી હઝરત ઉમ્મે હાની رضی اللہ عنہا એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! ﷺ મેં હારિષ બિન હુસ્સામ (અબૂ જહલના ભાઈ) અને ઝુહૈર બિન ઉમૈયાને અમાન આપી છે પરંતુ મારા ભાઈ હઝરત અલી તે બંનેને તે ગુનાહમાં કતલ કરવા માંગે છે કે આ બંનેએ હઝરત ખાલિદ બિન વલીદની ફોજથી જંગ કરી છે. ત્યારે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, હે ઉમ્મે હાની ! જેને તમે અમાન આપી એના માટે મારા તરફથી પણ અમાન છે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૨૬)*

## ★ બૈતુલ્લાહમાં પ્રવેશ ★

હુઝૂર ﷺ નો ઝંડો "હજૂન"માં જે આજે જન્નતુલ મોઅલ્લા કહેવાય છે. "મસ્જિદુલ ફતહ"ની પાસે ઊભો કરી દીધો. પછી આપ પોતાની ઊંટડી પર સવાર થઈને હઝરત ઉસામા બિન ઝૈદને ઊંટડી પર પોતાની પાછળ બેસાડી મસ્જિદે હરામ તરફ રવાના થયા અને હઝરત બિલાલ رضی اللہ عنہ અને કા'બાના કલીદ બરદાર ઉષ્માન બિન તલહા હજવી પણ આપની સાથે હતા. આપે મસ્જિદે હરામમાં પોતાની ઊંટડીને બેસાડી અને કા'બાનો તવાફ કર્યો અને હજરે અસ્વદને બોસો આપ્યો. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૪ વિગેરે.)*

આ ઈન્કિલાબના જમાનાનું એક હૈરતથી ભરપુર દષ્ટાંત છે કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام જેમનો લકબ "બુત શિકન" છે એમની યાદગાર ખાનએ કા'બાના અંદરના ભાગમાં ત્રણસો સાઈઠ

મૂર્તિઓની લાઈન હતી. ફાતેહે મક્કા ﷺ ની હઝરત ખલીલના જાનશીને જલીલ હોવાની હૈસિયતથી પહેલી ફર્ઝ હતી કે યાદગારે ખલીલને મૂર્તિઓની ગંદકીથી પાક કરે તેથી આપ પોતે એક લાકડી લઈ ઊભા થયા અને એ બુતોને લાકડીની અણીથી ઠોક મારી મારી પાડતા રહ્યા અને જાઅલ્ હક્કો વ ઝ હ કલ બાતિલની આયત તિલાવત ફર્માવતા હતા. એટલે હક્ક આવી ગયું અને બાતિલ મટી ગયું અને બાતિલ મિટવાવાળી વસ્તુ જ છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૪, ફતેહ મક્કા વિગેરે.)*

પછી એ બુતોને જે કા'બાની અંદર હતાં, હુઝૂર ﷺ એ હુકમ આપ્યો કે તે બધાં કાઢી નાખો, તેથી તે બધાં બુતો બહાર કાઢયાં. એ જ બુતોમાં હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ ના પૂતળાં પણ હતાં. જેમના હાથમાં ફાલ ખોલવાના તીર હતાં. આપે એમને જોઈ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એ કાફિરોને મારી નાખે ! એ કાફિરોને જાણ છે કે આ બંને પૈગંબરોએ ફાલ ખોલ્યા નથી. જ્યાં સુધી કા'બાની અંદરથી એક એક બુત નીકળ્યો નહીં આપે કા'બાની અંદર કદમ મૂક્યો નહીં. જ્યારે બુતોથી કા'બા પાક થઈ ગયો ત્યારે આપે પોતાની સાથે ઉસામા બિન ઝૈદ અને હઝરત બિલાલ رَضِیَ اللّٰهُ عَنْهُمَا તેમજ ઉસ્માન બિન તલહા હજબીને સાથે લઈ ખાનાએ કા'બાની અંદર તશરીફ લઈ ગયા અને બૈતુલ્લાહ શરીફના બધા ખૂણામાં તકબીર પઢી અને બે રકાત નમાઝ પણ અદા ફર્માવી પછી બહાર તશરીફ લાવ્યા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૨૧૮ અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૪ ફતેહ મક્કા વિગેરે.)*

મુકદ્દસ કા'બાની અંદરથી જ્યારે આપ બહાર આવ્યા ત્યારે ઉષ્માન બિન તલ્હાને બોલાવી કા'બાની ચાવી એમના હાથમાં અતા ફર્માવી અને ઈર્શાદ ફર્માવ્યો કે : **ખુઝુહા ખાલિદતન્ તાલિદતન્ લાયન્ઝઉહા મિન્કુમ ઈલ્લા ઝાલિમૂન.** લો આ ચાવી હંમેશ હંમેશ માટે તમારામાં રહેશે આ ચાવી તમારાથી એ જ છીનવી લેશે જે જાલિમ હશે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૩૯)*

## ★ શહનશાહે રિસાલતનો દરબારે આમ ★

એના પછી તાજદારે દો આલમ ﷺ એ શહનશાહે ઈસ્લામની





હૈસિયતથી હરમે ઈલાહીમાં સૌથી પહેલા દરબારે આમ ફર્માવ્યો જેમાં ઈસ્લામી ફોજ સાથે હજારો કાફિરો સાથે મુશ્રિકોના ખાસો આમનું એક જબરદસ્ત માનવ મહેરામણ હતું. આ શહનશાહી ખુતબામાં આપે ફક્ત મક્કાના રહેવાસીઓથી જ નહીં પરંતુ દુનિયાની બધી કૌમોથી ખિતાબે આમ ફર્માવતાં આ ઈર્શાદ ફર્માવ્યો કે, એક ખુદાના સિવાય કોઈ મા'બૂદ નથી, એનો કોઈ શરીક નથી, એણે પોતાનો વાયદો સાચો કરી બતાવ્યો છે. એણે પોતાના બંદા (હુઝૂર عليه الصلوة والسلام)ની મદદ કરી અને (કાફિરોના) બધા લશ્કરોને એકલે હાથે પરાજિત કર્યા. બધી ફખ્રની વાતો, બધા જૂના ખૂનના બદલા, બધા જૂના જાહિલિયતના રીત રીવાજો બધા મારા પગ નીચે છે. ફક્ત કા'બાની ઈજ્જત અને હાજીઓને પાણી પીવડાવવું આ બે વાતો એનાથી અપવાદ છે. હે કુરૈશની કૌમ ! હવે જાહિલિયતનો ગુરૂર અને ખાનદાનોનો ઘમંડ ખુદાએ મટાડી દીધો છે બધા લોકો આદમ عليه الصلوة والسلام ની નસલથી છે અને હઝરત આદમ عليه الصلوة والسلام માટીથી બનાવાયા છે.

આ પછી હુઝૂર عليه الصلوة والسلام એ કુર્આન મજીદની આ આયત તિલાવત ફર્માવી જેનો અનુવાદ આ છે.

હે લોકો ! મેં તમને એક મર્દ અને ઔરતથી પૈદા કર્યા અને તમારા માટે કબીલા અને ખાનદાન બનાવ્યાં જેથી તમે એક બીજાને ઓળખી શકો, પરંતુ ખુદાની પાસે સૌથી વધારે શરીફ તે છે કે જે સૌથી વધારે પરહેઝગાર હોય, યકીનન ! અલ્લાહ મોટો જાણકાર અને ખબર રાખનાર છે.

બેશક ! અલ્લાહે શરાબની લે વેચને હરામ ફર્માવી દીધી છે. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૨, પેજ–૪૧૨, સંક્ષિપ્તઅને બુખારી શરીફ વિગેરે.)*

## ★ મક્કાના કાફિરોથી ખિતાબ ★

એના પછી શહનશાહે કૌનૈન ﷺ એ હજારોની મેદનીમાં એક નજર નાંખી તો જોયું કે માથુ નીચે કરી નજરો ઝુકાવી ધ્રુજતાં ડરતાં કુરૈશના શરીફો ઊભા છે. એ જાલિમોમાં તે લોકો પણ હતા જેમણે આપના રસ્તામાં કાંટા નાખ્યા હતા, તેઓ પણ હતા કે જેઓએ વારંવાર આપને કતલ કરવા ખાતર હુમલા કર્યા હતા. તે બેરહમ અને બેદર્દો પણ હતા કે જેમણે આપના દાંત મુબારકને શહીદ, અને આપના ચહેરએ અનવરને

લોહીલુહાણ કરી નાખ્યો હતો. તે અધર્મી લોકો પણ હતા કે જેમણે વરસો સુધી આપને હૈરાન કર્યા અને શરમનાક ગાળોથી આપના હૃદય મુબારકને ઝખ્મી કર્યું હતું. તે દરિન્દા જેવા પણ હતા કે જેમણે આપના ગળામાં ચાદરનો ફંદો નાખી આપનું ગળુ ટૂંપ્યું હતું. તે ઝુલ્મો સિતમના મુજસ્સમા અને પાપનાં પૂતળાં પણ હતાં જેમણે આપની સાહબઝાદી હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને ભાલો મારી ઉપરથી પાડી દીધાં હતાં અને એમને ગર્ભપાત થઈ ગયો હતો. તે આપના લોહીના તરસ્યા પણ હતા જેમની પ્યાસ ખૂને નબુવ્વત સિવાય કોઈ પણ વસ્તુથી મટી શક્તી ન હતી. એ જફાકાર અને ખૂંખાર પણ હતા જેમના હુમલા અને ઝાલિમાના યલગારથી વારંવાર મદીના મુનવ્વરાનાં બારીબારણાં ધ્રુજી ગયાં હતાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વ્હાલા કાકા હઝરત હમઝા رضی اللہ عنہ ના કાતિલ અને એમનું નાક, કાન કાપવાવાળા, એમની આંખો ફોડવાવાળા, એમનો જિગર ચાવવાવાળા પણ એ મેદની (લોકસમૂહ)માં હાજર હતા, તે સિતમગારો જેમણે શમ્એ નબુવ્વતના જાંનિસાર પરવાના હઝરત બિલાલ, હઝરત સુહૈલ, હઝરત ઉમ્માર, હઝરત ખબ્બાબ, હઝરત ખુબેબ, હઝરત ઝૈદ બિન દષિના رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن વિગેરેને રસ્સીઓથી બાંધી બાંધીને કોરડાઓ મારી મારી બળતી રેતી પર સૂવડાવ્યા હતા, કોઈને આગની અંગાર ઉપર સૂવડાવ્યા, કેટલાકને ચટાઈમાં લપેટી નાકમાં ધૂમાડો ભર્યો હતો. સેંકડોં વખત ગળા ટૂંપ્યા હતાં. આ તમામ જોશ અને જફા અને જુલ્મો સિતમના પયકર જેમના શરીરનાં રૂવાંટા અને શરીરનો દરેક વાળ જુલ્મ અને ગુરૂરના વબાલથી ખોફનાક ગુનાહ અને શરમજનક ગુનાહોના પર્વત બની ચૂક્યા હતા. આજે આ બધા દસથી બાર હજાર મુહાજેરીન અને અન્સારના લશ્કરની હિરાસતમાં ગુનેગાર બની ધ્રુજતા ઊભા રહ્યા હતા અને પોતાના મનમાં એમ વિચારી રહ્યા હતા કે કદાચ આજે અમારા શરીરને કૂતરાઓથી કપાવી ! અમારી બોટીઓ ચીલો અને કાગડાઓને ખવડાવવામાં આવશે અને અન્સાર તેમજ મુહાજિરોની ગઝબનાક ફોજો અમારા બચ્ચા બચ્ચાને માટીમાં મેળવી નાખશે અને અમારી વસ્તીઓને તારાજ કરી નાખશે. આ ગુનેહગારોની છાતીમાં ખૌફ અને ડરનું તુફાન ઉમડી રહ્યું હતું. દહેશત અને ડરથી એમના શરીરની બોટી બોટી ફફડી રહી હતી ! હૃદય ધડકી રહ્યાં હતાં, કલેજાં મોંમાં આવી





રહ્યાં હતાં અને ભયથી એમને જમીનથી આકાશ સુધી ધુમાડાના ભયાનક વાદળાં દેખાતાં હતાં. આ નિરાશા અને નાઉમ્મીદના ખતરનાક વાતાવરણમાં એકાએક શહનશાહે રિસાલતની નિગાહે રહમત એ પાપી તરફ જોવા લાગી અને એ ગુનેગારોથી આપે એ પૂછયું કે :–

"બોલો ! તમને કાંઈ ખબર છે કે આજે હું તમારી સાથે શું કરીશ ?!"

આ દહેશતથી ભરેલા ખૌફનાક પ્રશ્નથી ગુનેગારો ભાન ભૂલી ગયા પરંતુ ઝબીને રહમતનાં પૈગંબરાના તેવર જોઈ ઉમ્મીદના મેહશરમાં ધ્રુજતા તે બધા એકી સાથે બોલી ઉઠયા કે **અખુન કરીમુન્ વબ્નુ અખિન કરીમ.** આપ કરમવાળા ભાઈ અને કરમવાળાભાઈ બાપના બેટા છો.

બધાની લલચાયેલી નજરો જમાલે નબુવ્વતનું મુખ તાકી રહી હતી. અને બધાના કાન શહનશાહે નબુવ્વતનો ફૈસલો સાંભળવા રાહ જોઈ રહ્યા હતા કે એકાએક ફાતેહે મક્કાએ પોતાના કરીમાના (દયાળુ) લેહજામાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

"આજે તમારા પર કોઈ ઈલ્ઝામ નથી, જાવ ! તમે બધા આઝાદ છો." *(ઝુર્કાની, ભાગ–ર, પેજ–૩ર૮)*

અચાનક ! આ ફર્માને રહમત સાંભળી બધા ગુનેહગારોની આંખો પોતાની ભૂલના કારણે ભરી આવી અને એમનાં હૃદયનાં ઊંડાણો આભારનાં આંસૂંઓની ધારા બની એમના ગાલ પર મચલવાં લાગ્યાં અને કાફિરોની જબાન પર **લાઈલાહ ઈલ્લલાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ના નારાઓથી હરમે કા'બાની દીવાલો પર દરેક બાજુ નૂરનો વરસાદ થવા લાગ્યો. એકાએક બિલકુલ અચાનક એક અજીબ ઈન્કેલાબ આવ્યો કે આખુ વાતાવરણ જ બદલાઈ ગયું, ફિઝા પલટાઈ ગઈ અને એવું મહસૂસ થવા લાગ્યું કે :–

જહાં તારીક થા બે નૂર થા ઔર સખ્ત કાલા થા
કોઈ પર્દેસે ક્યા નિકલા કે ઘર ઘરમેં ઉજાલા થા

કાફિરોએ મુહાજેરીનની મિલ્કત, મકાનો, દુકાનો પર ગેરકાયદેસર કબજો કરી રાખ્યો હતો. હવે વખત આવ્યો હતો કે મુહાજેરીનો તેમના હક્કો અપાવતા અને તે બધી મિલકત, મકાનો, દુકાનો અને સામાનને મક્કાના લોકોના કબજામાંથી પાછું મુહાજેરીનને સુપ્રત કરતા, પરંતુ

શહનશાહે રિસાલતે મુહાજેરીનને હુકમ આપી દીધો કે તે પોતાની મિલ્કત ખુશીથી મક્કાવાળાઓને આપી દે.

અલ્લાહુ અકબર ! હે દુનિયાની કૌમોની ઐતિહાસિક વાર્તાઓ ! બતાવો ! શું દુનિયામાં કોઈ પણ વિજેતાના પુસ્તકમાં કોઈ આવું સુંદર અને સોનેરી પાનું છે ?! હે આકાશ ! લિલ્લાહ ! બતાવ ! શું તમારા વચ્ચે એવો કોઈ ફાતેહ થયો છે ?! જેણે પોતાના શત્રુ સાથે આવો વર્તાવ કર્યો હોય ? હે ચંદ્રમા અને સૂર્યની ચમકતી દૂરદર્શી નજરો ! શું તમે લાખો વરસમાં કોઈ એવો તાજદાર જોયો છે ?! તમે એના સિવાય શું કહેશો ?! કે આ નબીએ જમાલો જલાલનો તે અજોડ શાહકાર છે કે વિ□ના રાજવીઓ માટે એની કલ્પના પણ મુશ્કેલ છે ! તેથી અમે સમગ્ર દુનિયાને ચેલેંજ સાથે નિહારવાની દા'વત આપી છીએ કે :–

ચશ્મે અકવામ યે નઝ્ઝારા અબદ તક દેખે
રિફઅતે શાને રફઅના લકા ઝિકરક દેખે

**બીજો ખુત્બો** : ફત્હે મક્કાના બીજા દિવસે પણ આપે એક ખુત્બો આપ્યો. જેમાં હરમે કા'બાના એહકામ અને આદાબની તા'લીમ આપી કે હરમમાં કોઈનું ખૂન કરવું, પશુને મારવું, શિકાર કરવું, ઝાડ કાપવું, ઈઝખર સિવાય કોઈ ઘાસ કાપવું હરામ છે. અને અલ્લાહે ઘડીકભર માટે પોતાના રસૂલને હરમમાં જંગ કરવાની ઈજાઝત આપી પછી કયામત સુધી કોઈને પણ હરમમાં જંગ કરવાની ઈજાઝત નથી. અલ્લાહે એને હરમ બનાવી દીધું છે, ન મારાથી પહેલા કોઈ માટે આ શહેરમાં ખૂનરેજી હલાલ થઈ હતી અને મારા પછી કયામત સુધી કોઈના માટે હલાલ કરવામાં નહીં આવે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૭, ફતેહ મક્કા)*

## ★ અન્સારને રસૂલથી જૂદાઈ પડવાનો ભય ★

અન્સારોએ જ્યારે કુરૈશની સાથે રસૂલલ્લાહ ﷺ ના આવા કરીમાના હુસ્ને સુલૂકને જોયો અને હુઝૂર ﷺ કેટલાક દિવસો સુધી મક્કામાં રોકાયા તો અન્સારને એવો ભય થવા લાગ્યો કે કદાચ રસૂલુલ્લાહ ﷺ પર પોતાની કૌમ અને વતનની મહોબ્બત ગાલિબ થઈ ગઈ છે, એવું ન બને કે આપ મક્કામાં જ રહેઠાણ ફર્માવે અને અમે લોકો આપથી





દૂર થઈ જઈએ ! જ્યારે હુઝૂર ﷺને અન્સારના આ ખ્યાલ વિશે જાણ થઈ ત્યારે આપે ફર્માવ્યું કે, મઆઝલ્લાહ ! હે અન્સાર ! અલમહયા મહયાકુમ વલમમાતો મમાતોકુમ : **હવે તો મારી જિંદગી અને વફાત તમારી સાથે જ છે.** *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૨, પેજ–૪૧૬)*

આ સાંભળી ખૂબ જ ખુશ થઈ અન્સારની આંખોથી આંસૂ વહેવા લાગ્યાં અને બધાએ કહ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ અમે લોકોએ જે કાંઈ દિલમાં વિચાર્યું અથવા જબાનથી કહ્યું એનું કારણ આપની ઝાતે મુકદસાની સાથે અમારો ઈશ્કનો જઝબો છે, કેમ કે આપની જુદાઈનો ખ્યાલ પણ અમારા માટે મુશ્કેલ છે. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૪૧૬)*

## ★ કા'બાની છત પર અઝાન ★

જ્યારે નમાઝનો વખત આવ્યો ત્યારે હુઝૂર ﷺ એ હઝરત બિલાલ رضی اللہ عنہ ને હુકમ કર્યો કે કા'બાની છત પર ચઢી અઝાન આપો જે સમયે "અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !"ની ઈમાન અફરોઝ સદા બુલંદ થઈ ત્યારે હરમના ઘેરાવ અને કા'બાની દીવાર પર ઈમાની જિંદગીના આસાર દેખાઈ આવ્યા. પરંતુ મક્કાના તે બધા નવમુસ્લિમ જે હમણાં ઠંડા પડયા હતા, અઝાનનો અવાજ સાંભળી એમનાં દિલમાં ગૈરતની આગ ફરી ભડકી ઉઠી. તેથી રિવાયત છે કે હઝરત અત્તાબ બિન ઉસદે કહ્યું કે ખુદાએ મારા પિતાની લાજ રાખી. આ અવાજને સાંભળવા પહેલાં જ એને દુનિયાથી ઉપાડી લીધો અને એકબીજા કુરૈશ સરદારના મોંથી નીકળ્યું કે, "હવે જીવવું બેકાર છે !" *(ઈસાબા તઝકેરએ ઉતાબ બિન ઉસેદ, ભાગ–૨, પેજ–૪૫૧ અને ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૪૬)*

પરંતુ એના પછી હુઝૂર ﷺ ની સોહબતના ફયૂઝથી હઝરત ઉતાબ બિન ઉસૈદ رضی اللہ عنہ ના દિલમાં નૂરે ઈમાનનો સૂરજ ઉઠયો અને તે સાચા ઈમાનવાળા મુસલમાન બની ગયા જેથી મક્કાથી રવાના થતી વખતે હુઝૂર ﷺ એ એમને જ મક્કાના હાકેમ બનાવ્યા. *(સીરતે ઈબ્ને હુશ્શામ, ભાગ–૨, પેજ–૪૧૩)*

## ★ બૈઅતે ઈસ્લામ ★

એના પછી હુઝૂર ﷺ સફા પહાડની નીચે એક ઊંચા મુકામે

બેઠા અને લોકો એક પછી એક આવીને આપના દસ્તે મુબારક પર ઈસ્લામની બૈઅત કરવા લાગ્યા. મર્દોની બૈઅત ખતમ થઈ ત્યારે ઔરતોનો વારો આવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બૈઅત કરવાવાળી તમામ ઔરતોથી જ્યારે તે બધી શરતો કબૂલ કરી લેતી ત્યારે ફર્માવતા, મેં તારાથી બૈઅત લઈ લીધી. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે ખુદાની કસમ ! આપના હાથે બૈઅત કરતી વેળા કોઈપણ ઔરતના હાથને અડક્યો નથી, ફક્ત વાતચીતથી જ બૈઅત ફર્માવતા હતા. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૭૭૫ કિતાબે અશરુત)*

એ જ ઔરતોમાં નકાબ ઓઢી હિંદ બિન્તે ઉતબા બિન રબીઅ પણ બૈઅત માટે આવી. જે હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ નાં પત્ની અને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના વાલેદા છે. આ તે જ હિંદ છે જેમણે જંગે ઓહદમાં હઝરત હમઝા رضی اللہ عنہ નું પેટ ફાડી એમનો કાન, નાક કાપી અને આંખોને કાઢી એક દોરડામાં પરોવી ગળાનો હાર બનાવ્યો હતો. જ્યારે તે બૈઅત માટે આવી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂબ જ દિલેરીપૂર્વક વાતચીત કરી. એમની વાતચીત નીચે પ્રમાણે છે :–

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم : તમે ખુદાની સાથે કોઈને શરીક ન કરતાં.

હિંદા બિન્તે ઉતબા : આ એકરાર તમે મર્દોથી તો લીધો નથી પરંતુ મને મંજૂર છે.

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم : ચોરી ન કરતાં !

હિંદા બિન્તે ઉતેબા صلی اللہ تعالیٰ علیہ وسلم : હું મારા પતિ (અબૂ સુફિયાન)ના માલમાંથી કંઈક લઈ લેતી હતી. ખબર નથી આ જાઈઝ છે કે નહીં !

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم : પોતાની ઔલાદને કતલ ન કરતાં.

હિંદા બિન્તે ઉત્બા : અમે તો બચ્ચાઓને પાળ્યા છે. અને જ્યારે તેઓ મોટા થઈ ગયા ત્યારે આપે બદરની જંગમાં એમને મારી નાખ્યા, હવે તમે જાણો અને તે જાણે. *(તિબરી, ભાગ-૩, પેજ-૬૪૩ ટૂંકમાં)*

સારાંશ કે હઝરત અબૂ સુફિયાન અને એમના પત્ની હિંદા બિન્તે ઉતબા બંને મુસલમાન થયાં (رضی اللہ عنہما) તેથી આ બંને વિશે બદ્‌ગુમાની અથવા બંનેની શાનમાં બદ્‌ઝબાની રાફઝીઓનો મઝહબ છે. અહલે સુન્નત





માટે આ બંનેનો શુમાર સહાબા અને સહાબિયાતની યાદીમાં થાય છે.

શરૂઆતમાં આ બંનેના ઈમાનમાં થોડીક ત્રુટિ હતી પરંતુ પાછળ થી આ બંને સાદિકુલ ઈમાન મુસલમાન થયાં અને ઈમાન પર જ આ બંનેનો ખાતમો થયો. (رضی اللہ عنہا)

હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે હિંદ બિન્તે ઉતબા બારગાહે નબુવ્વતમાં આવ્યાં અને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم સમગ્ર પૃથ્વી પર આપનાં ઘરવાળાઓથી વધુ ઝલીલ થવું મને મહબૂબ ન હતું. પરંતુ હવે મારો એ હાલ છે કે સમગ્ર પૃથ્વી પર આપનાં ઘરવાળાઓથી વધારે કોઈ પણ ઘરવાળાઓનું ઈજ્જતદાર હોવું મને પસંદ નથી. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૫૩૯)*

એવી જ રીતે હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ ના વિશે પણ મુહદ્દિષ ઈબ્ને અસાકિરની એક રિવાયત છે કે તેઓ મસ્જિદે હરામમાં બેઠા હતા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સામેથી નીકળ્યા તો એમણે પોતાના મનમાં વિચાર કર્યો કે કઈ તાકાત એમની પાસે એવી છે કે એ અમારા પર સવાર રહે છે. ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના દિલમાં છુપેલા ખ્યાલને જાણી લીધો અને પાસે આવી આપે એમની છાતી પર હાથ માર્યો અને ફર્માવ્યું કે અમે ખુદાની તાકાતથી સવાર થઈ જઈએ છીએ. આ સાંભળી એમણે મોટા અવાજે કહ્યું કે, "હું શહાદત (ગવાહી) આપું છું કે બેશક ! આપ અલ્લાહના રસૂલ છો." અને મુહદ્દિષે હાકિમ અને એમના સાગિરત ઈમામ બૈહકીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી આ રિવાયત કરી છે કે હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોઈ પોતાના મનમાં કહ્યું કે, "કદાચ ! હું એક લશ્કર એકઠું કરી ફરીવાર એમની સાથે જંગ કરતો !" આ તરફ એમના મનમાં વિચાર આવ્યો જ હતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આગળ વધી એમની છાતી પર હાથ માર્યો અને ફર્માવ્યું, "જો તું એમ કરીશ તો અલ્લાહ તઆલા તને ઝલીલોખ્વાર કરશે." આ સાંભળી હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ એ તૌબા અને ઈસ્તિગફાર કરવા લાગ્યા અને અર્ઝ કરી કે મને આ સમયે આપની નબુવ્વતનો યકીન થઈ ગયો છે કેમ કે આપે મારા મનની છુપી વાત જાણી લીધી. *(ઝુર્કાની, ભાગ-૨, પેજ-૩૭૫)*

એ પણ રિવાયત છે કે જ્યારે સૌથી પહેલા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

એમને ઈસ્લામ પેશ ફર્માવ્યો હતો, ત્યારે એમણે કહ્યું હતું કે, "પછી હું મારા મા'બૂદ ઉઝ્ઝાનું શું કરીશ ?!" ત્યારે હઝરત ઉમર رضی اللہ عنہ એ એકા એક ફર્માવ્યું હતું તમે ઉઝ્ઝા પર પાખાનો કરી નાખશો ! તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જયારે ઉઝ્ઝાને તોડવા ખાતર હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને રવાના ફર્માવ્યા ત્યારે સાથે હઝરત અબૂ સુફિયાન رضی اللہ عنہ કને પણ મોકલ્યા અને એમણે પોતાના હાથથી પોતાના મા'બૂદને તોડી પાડયો. આ મુહમ્મદ બિન ઈસ્હાકની રિવાયત છે અને ઈબ્ને હુશ્શામની રિવાયત એ છે કે ઉઝ્ઝાને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ તોડયો હતો. (વલ્લાહુ અઅ્લમ) (ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૪૯)

## ★ બુત પરસ્તીનો ખાતમો ★

પાછળના પાનામાં અમે લખ્યું છે કે ખાનએ કા'બાના બધા બુત અને ભીંતચિત્રોની તોડફોડ કરી અને મટાડી મક્કાને તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બુત પરસ્તીની લઅ્નતથી પાક તો કરી જ દીધું હતું પરંતુ મક્કાની ચારે બાજુ પણ બુત પરસ્તીનાં કેટલાં કેન્દ્ર હતાં, એટલે લાત, મનાત, સુવા, ઉઝ્ઝાના કેટલાક મોટા મોટા બુત હતા જે જુદા જુદા કબીલાના મા'બૂદ હતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાઓનાં લશ્કરો મોકલી એ બધા બુતોની તોડફોડ કરી બુત પરસ્તીના બધા જાદૂને નષ્ટ કરી નાખ્યો. અને મક્કા પછી એની આજુબાજુના બધા બુતોને નેસ્ત અને નાબૂદ કરી નાખ્યા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૪૭ થી ૩૪૯)*

એવી રીતે કા'બાના સ્થાપક હઝરત ખલીલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાંનશીન હુઝૂર રહ્મતુલ્લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના પૂર્વજના મિશનને પૂર્ણ ફર્માવ્યું અને હકીકતમાં ફત્હે મક્કાનો સૌથી મોટો મકસદ એ જ હતો કે શિર્ક અને બુતપરસ્તીનો ખાતમો અને તૌહીદે ખુદાવન્દીની બોલબાલા થાય. તેથી આ અઝીમ મકસદ બિહમ્દિહી તઆલા ખૂબ જ સારી રીતે હાંસલ થઈ ગયો હતો.

આંજાકે બુવદ ના'રએ કુફ્ફારો મુશ્રેકાં
અકનૂં ખરોશે ના'રએ અલ્લાહુ અકબર અસ્ત





## ★ કેટલાક અક્ષમ્ય ગુનેગારો ★

જયારે ફતેહ મક્કા થયો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આમ માફીનું એલાન ફર્માવ્યું પરંતુ કેટલાક એવા પણ ગુનેગારો હતા જેમના વિશે તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું હતું કે આ લોકો જો ઈસ્લામ કબૂલ ન કરે તો તેમને જયાં દેખાય ત્યાં કતલ કરી નાખવામાં આવે, ભલે ને તેઓ કા'બાના ગિલાફમાં છુપેલા હોય ! એ ગુનેગારોમાંથી કેટલાકે તો ઈસ્લામ કબૂલ કરી લીધો અને કેટલાક કતલ થઈ ગયા, એમાંથી અમુકના વિશે ટૂંકમાં લખવામાં આવે છે :–

(૧) **અબ્દુલ ઉઝ્ઝા બિન ખતલ** : તે મુસલમાન થઈ ગયો હતો. એને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝકાતનાં જાનવરો વસૂલ કરવા મોકલ્યો અને એકબીજા મુસલમાનને પણ સાથે મોકલ્યો. કોઈ વાત પર બંનેમાં તકરાર થઈ ગઈ ત્યારે એણે એ મુસલમાનને કતલ કરી નાંખ્યો અને કસાસના ભયથી બધા જાનવરોને લઈ મક્કા તરફ ભાગી નીકળ્યો અને મુર્તદ થઈ ગયો. ફત્હે મક્કાના દિવસે પણ તે એક ભાલો લઈ મુસલમાનોથી લડવા ખાતર ઘરથી નીકળ્યો પરંતુ મુસલમાન ફોજોનો જલાલ જોઈ ધ્રુજી ઉઠયો અને ભાલો ફેંકીને ભાગ્યો. અને કા'બાના પર્દામાં છૂપાઈ ગયો. હઝરત સઈદ બિન હુરેસ મખઝૂમી અને અબૂ રઝા અસ્લમી رضی اللہ عنہما એ મળી તેને કતલ કરી નાખ્યો. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૩૨૨)*

(૨) **હુવીરિષ બિન નકીદ** : આ શાયર (કવિ) હતો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હિજવ (બદ્‌બોઈ) લખતો હતો અને ખૂની મુજરિમ હતો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એને કતલ કરી નાખ્યો !

(૩) **મિક્યસ બિન સુબાબા** : એને નુમૈલા બિન અબ્દુલ્લાહે કતલ કર્યો, આ પણ ખૂની હતો !

(૪) **હારિષ બિન તુલાતિલા** : આ પણ ભારે મૂઝી હતો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ એની કતલ કરી !

(૫) **કુરૈબા** : આ ઈબ્ને ખતલની લોંડી હતી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બદ્‌ગોઈ કરનાર હતી એને પણ કતલ કરી નાખી.

મક્કાથી ભાગી છૂટનાર લોકોનું ટૂંકમાં વર્ણન આ પ્રમાણે છે :–

(૧) **ઈકરમા બિન અબૂજહલ** : આ અબૂજલહનો પુત્ર છે. તેથી એમની ઈસ્લામ દુશ્મનીનું શું કહેવું ?! એ ભાગીને યમન જતો રહ્યો પરંતુ એમની પત્ની ઉમ્મે હકીમ જે અબૂજહલની ભત્રીજી હતી એમણે ઈસ્લામ કબૂલ કરી લીધો અને પોતાના પતિ ઈકરમા માટે બારગાહે રિસાલતમાં માફીની દરખાસ્ત મૂકી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ માફ ફર્માવ્યું. ઉમ્મે હકીમ પોતે યમન ગઈ અને માફીનો હાલ બયાન કર્યો. ઈકરમા હેરાન રહી ગયા અને ખૂબ જ આશ્ચર્ય સાથે કહેવા લાગ્યા, શું મને મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ માફ કરી દીધો ?! છેવટે પોતાની પત્ની સાથે બારગાહે રિસાલતમાં મુસલમાન થઈને હાજર થયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે એમને જોયા તો ખૂબ જ ખુશ થયા અને ખૂબ જ ઝડપથી એમની તરફ વધ્યા કે પાક શરીરથી ચાદર સરી પડી. પછી હઝરત ઈકરમાએ ખુશી ખુશી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દસ્તે મુબારક પર બૈઅતે ઈસ્લામ કરી. *(મુઅત્તા ઈમામ માલિક)*

(૨) **સફવાન બિન ઉમૈય્યા** : આ ઉમૈયા બિન ખલફના સુપુત્ર છે. પોતાના બાપ ઉમૈયાની જેમ જ તે પણ ઈસ્લામના ખૂબ જ મોટા દુશ્મન હતા. ફત્હે મક્કાના દિવસે ભાગી જિદ્દાહ જતા રહ્યા હઝરત ઉમૈર બિન વહબ رضی اللہ عنہ એ દરબારે રિસાલતમાં એમની સિફારિશ પેશ કરી અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કુરૈશનો એક રઈસ સફવાન મક્કાથી તડીપાર થઈ રહ્યો છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પણ માફી અતા ફર્માવી અને અમાનની નિશાની માટે હઝરત ઉમૈયાને પોતાનો અમામો એનાયત ફર્માવ્યો તેથી તે મુકદસ અમામા શરીફ લઈ જિદ્દા ગયા અને સફવાનને મક્કા લઈ આવ્યા. સફવાન હુનૈનની જંગ સુધી મુસલમાન થયા નહીં પરંતુ એના પછી ઈસ્લામ કબૂલ કરી લીધો. *(તિબરી, ભાગ–૩, પેજ–૬૪૫)*

(૩) **કઅબ બિન ઝુહૈર** : આ હિ.સ. ૯ માં પોતાના ભાઈની સાથે મદીના આવી ઈસ્લામમાં દાખલ થયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મદહમાં પોતાનો મશહૂર કસીદો "બાનત સુઆદ" પઢયો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુશ થઈ એમને પોતાની ચાદર મુબારક એનાયત ફર્માવી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ ચાદર મુબારક હઝરત કઅબ બિન ઝુહૈર رضی اللہ عنہ ની





પાસે હતી. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ પોતાના સલ્તનતના દૌરમાં એમને દસ હજાર દિરહમ પેશ કર્યા કે આ મુકદસ ચાદર એમને આપી દો, પરંતુ એમણે સાફ ના પાડી દીધી અને ફર્માવ્યું કે હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ ચાદર મુબારક હરગિઝ હરગિઝ કોઈને આપી શક્તો નથી. પરંતુ છેવટે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ એ હઝરત કઅબ બિન ઝુહૈર رضی اللہ عنہ ની વફાત પછી એમના વારસદારોને વીસ હજાર દિરહમ આપી તે ચાદર લઈ લીધી. ઈસ્લામના સુલ્તાનો પાસે લાંબા સમય સુધી તે ચાદર તબર્રુક બની બાકી રહી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૩૮)*

(૪) **વહશી** : આ એ જ હસ્તી છે જેમણે જંગે ઓહદમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત હમઝા رضی اللہ عنہ ને શહીદ કરી નાખ્યા હતા તે મક્કાની ફતેહના દિવસે ભાગી તાઈફ જતા હતા પરંતુ પછી તાઈફના એક પ્રતિનિધિમંડળ સાથે બારગાહે રિસાલતમાં હાજર થઈ મુસલમાન થઈ ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની જબાનથી પોતાના કાકાના કતલની ખૂની વાત સાંભળી અને રંજોગમમાં ડૂબી ગયા પરંતુ એમને પણ આપે માફ ફર્માવ્યા. પરંતુ એમ ફર્માવ્યું કે વહેશી ! તમે મારી સામે ન આવ્યા કરો ! હઝરત વહશીને એનો ખૂબ જ મલાલ (રંજ) રહેતો હતો. પછી જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતના યુગમાં મુસૈલમા કઝ્ઝાબે નબુવ્વતનો દા'વો કર્યો અને લશ્કરે ઈસ્લામે આ મલઊન સાથે જેહાદ કર્યો ત્યારે હઝરત વહશી પણ પોતાનો ભાલો લઈ આ જેહાદમાં સામેલ થયા અને મુસૈલમા કઝ્ઝાબને કતલ કરી નાખ્યો. હઝરત વહશી પોતાની જિંદગીમાં કહેતા હતા કે : (અર્થ) મેં જાહિલિયતના સમયમાં બેહતરીન ઈન્સાન (હઝરત હમઝા)ને કતલ કર્યા અને પોતાના ઈસ્લામના દોરમાં બદ્દતરીન વ્યક્તિ (મુસૈલમા કઝ્ઝાબ)ને કતલ કર્યો. એમણે દરબારે અકદસમાં પોતાનો ગુનો કબૂલ કરી અરજ કરી કે શું ખુદા મારા જેવા ગુનેહગારને પણ બખ્શી દેશે ? ત્યારે આ આયત નાઝિલ થઈ કે :–

قُلْ یٰعِبَادِیَ الَّذِیْنَ اَسْرَفُوْا عَلٰۤی اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ ؕ
اِنَّ اللّٰهَ یَغْفِرُ الذُّنُوْبَ جَمِیْعًا ؕ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِیْمُ ○ (زمر) (ઝમર)–

એટલે અય હબીબ ! આપ ફર્માવો કે અય મારા બંદા ! જેમણે

પોતાની જાન પર ખૂબ જ વધારે ગુનાહ કર્યા છે, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ ! અલ્લાહ તમામ ગુનાહોની બક્ષિશ આપશે. તે યકીનન બખ્શવાવાળો અને ખૂબ જ મહેરબાન છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૦૨)*

## ★ મક્કાનો વહીવટ ★

હુઝૂર ﷺ એ મક્કાનો વહીવટ ચલાવવા માટે હઝરત અત્તાબ બિન ઉસૈદ رضی اللہ عنہ ને મક્કાના હાકિમ મુકર્રર ફર્માવ્યા અને હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ ને એ ખિદમત પર મૂક્યા કે તે નવ મુસ્લિમોને મસાઈલ અને ઈસ્લામના એહકામની તા'લીમ આપતા રહે. *(મદારિજુન્નબુવ્વત, પેજ-૩૨૪)*

એમાં મતભેદ છે કે ફત્હે મક્કા પછી કેટલા દિવસો સુધી હુઝૂરે અકદસ ﷺ એ મક્કામાં રહેઠાણ ફર્માવ્યું. અબૂ દાઊદની રિવાયત છે કે સત્તસ દિવસ સુધી આપ મક્કામાં રોકાયા અને તિર્મિઝીની રિવાયતથી જાણ થાય છે કે અઢાર દિવસ આપ ત્યાં રહ્યાં, પરંતુ ઈમામ બુખારીએ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે ઓગણીસ (૧૯) દિવસ આપ મક્કામાં રોકાયા. *(બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૬૧૫)*

આ ત્રણેય રિવાયતમાંથી ખુલાસો એ રીતે આપી શકાય કે અબૂ દાઊદની રિવાયત પ્રમાણે મક્કામાં દાખલ થતા અને મક્કાથી રવાનગીના દિવસોને ગણ્યા નથી તેની સત્તર રોકાવાની મુદ્દત બતાવાઈ છે. અને તિર્મિઝીની રિવાયતમાં મક્કામાં આવવાના દિવસની ગણતરી કરી છે કેમ કે આપ મક્કામાં સવારે દાખલ થયા હતા અને મક્કાથી રવાનાનો દિવસ ગણ્યો નથી કારણ કે આપ સવારમાં જ મક્કાથી હુનૈન માટે રવાના થયા હતા. અને ઈમામ બુખારીની રિવાયતમાં આવવા અને જવાના બંને દિવસો પણ ગણવામાં આવ્યા છે તેથી ઓગણીસ (૧૯) દિવસ આપ મક્કામાં રોકાયા. (વલ્લાહુ તઆલા અઅ્લમ.)

એવી જ રીતે એમાં મતભેદ છે કે મક્કા કઈ તારીખે ફતેહ થયું ? અને આપ કઈ તારીખે મક્કામાં વિજયી તરીકે દાખલ થયા ? ઈમામ





બયહકીએ ૧૩ રમઝાન, ઈમામ મુસ્લિમે ૧૨ રમઝાન, ઈમામે અહમદે ૧૮ રમઝાન બતાવ્યું. અને કેટલીક રિવાયતમાં ૧૭ રમઝાન અને ૧૮ રમઝાન પણ છે પરંતુ મુહમ્મદ બિન ઈસ્હાકે પોતાના મશાઈખની એક જમાઅતથી રિવાયત કરતાં ફર્માવ્યું કે ૨૦ રમઝાન હિ.સ. ૮ એ મક્કા ફતહ થયું. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ-૨, પેજ-૨૯૯)*

## ★ જંગે હુનૈન ★

"હુનૈન" મક્કા અને તાઈફની વચ્ચે એક મુકામનું નામ છે. ઈસ્લામની તારીખમાં આ જંગનું બીજું નામ "ગઝવએ હવાઝન" પણ છે કેમ કે આ લડાઈમાં "બની હવાઝન" સાથે મુકાબલો થયો હતો.

ફત્હે મક્કા પછી લગભગ બધા જ અરબ લોકો ઈસ્લામમાં આવી ગયા હતા કેમ કે એમાં વધુ પડતા એ જ લોકો હતા કે જેઓ ઈસ્લામની સચ્ચાઈનું યકીન (ભરોસો) રાખતા છતાં કુરૈશના ભયથી મુસલમાન થવામાં મોડુ કરતા હતા અને મક્કાના ફતેહ થવાની રાહ જોતા હતા. પછી કેમ કે અરબોના હૃદયોમાં શ્રદ્ધા હતી કે કા'બા પર કોઈ બાતિલ પરસ્તનો કબજો થઈ શક્તો નથી. તેથી હુઝૂર ﷺ એ જ્યારે મક્કાને ફતેહ કર્યું ત્યારે અરબના બચ્ચા બચ્ચાને ઈસ્લામની હક્કાનિયતનું સંપૂર્ણ યકીન થઈ ગયું અને તે બધા એક પછી એક આખી ફોજ ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા. બાકી રહેલા અરબની પણ હિમ્મત રહી નહીં કે હવે ઈસ્લામના વિરોધમાં હથિયાર ઉપાડી શકે.

પરંતુ "હુનૈન" મુકામે "હવાઝિન" અને "ષકીફ" નામના બે કબીલાઓ આબાદ હતા. જે સારા યોદ્ધા અને જંગની કળાથી વાકેફ હતા એ લોકો ઉપર મક્કાની ફતહની ઉલ્ટી અસર પડી. એ લોકોને શરમજનક લાગ્યું અને એ લોકોએ એવું વિચાર્યું કે ફત્હે મક્કા પછી અમારો વારો છે. તેથી એ લોકોએ નક્કી કર્યું કે મુસલમાનો પર જે હમણા મક્કામાં ભેગા છે એક જબરદસ્ત હુમલો કરી દેવામાં આવે તેથી હુઝૂર ﷺ એ હઝરત અબ્દુલ્લાહ બિન અબી હદરદ رضی اللہ عنہ ને હકીકતની જાણકારી મેળવવા મોકલ્યા. જ્યારે તેમણે ત્યાંથી પાછા ફરી એ કબીલાની જંગી તૈયારીઓ વિશે કહ્યું અને બતાવ્યું કે કબીલા હવાઝિન અને ષકીફએ પોતાના બધા

કબીલાને ભેગા કરી લીધા છે. અને હવાઝિન કબીલાના રઈસે આ'ઝમ માલિક બિન ઔફ એ બધી ફોજોનો સિપેહસાલર છે. અને સો વરસથી વધારે ઉંમરનો વૃદ્ધ દુરીદ બિન સિમ્મા જે અરબનો મશ્હૂર કવિ અને માનેલો બહાદૂર હતો તેને મુશીરની હેસિયતથી જંગનાં મેદાનમાં લાવવામાં આવ્યો છે અને આ લોકો પોતાની ઔરતો, બચ્ચાઓ સાથે જાનવરો સુદ્ધાંને મેદાને જંગમાં લાવ્યા છે કે જેથી કોઈ સિપાહી મેદાનથી ભાગી જવાનો વિચાર પણ ન કરે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ શવ્વાલ હિ. સ. ૮ માં બાર હજારનું લશ્કર ભેગું કર્યું. દસ હજાર તો મુહાજેરીન અને અન્સાર વિગેરેનું તે લશ્કર હતું જે મદીનાથી આપની સાથે આવ્યું હતું અને બે હજાર નવ મુસ્લિમ હતા જે ફત્હે મક્કામાં મુસ્લિમ બન્યા હતા. આપે એ લશ્કરને સાથે લઈ શાનો શૌકતથી સાથે હુનૈનનું રુખ કર્યું કે ઈસ્લામી ફોજોની અધિક્તા અને એનો જાહોજલાલ કોઈ એકાએક કેટલાક સહાબાની જબાનથી આ શબ્દો સરી પડયાં કે :–

"આજે અમારા પર કોણ સવાર થઈ શકે છે !"

પરંતુ ખુદાવંદે આલમને સહાબાઓની પોતાની વધુ પડતી ફોજો પર નાઝ (ગર્વ) કરવું પસંદ ન આવ્યું તેથી આ ફખ્ર અને નાઝિશનો એ અંજામ થયો કે પહેલા જ હુમલામાં હવાઝિન કબીલા અને ષકીફના તીરંદાઝો એ જે તીરોની વર્ષા કરી અને હજારોની સંખ્યામાં તલવારો લઈ મુસલમાનો પર તૂટી પડયા તો તે બે હજાર નવ મુસ્લિમ અને મક્કાના કાફિરો જે લશ્કરે ઈસ્લામમાં જોડાઈ મક્કાથી આવ્યા હતા એકાએક માથે પગ મૂકી ભાગી નીકળ્યા એ લોકોની ભાગદોડ જોઈ અન્સાર અને મુહાજેરીનના પણ પગ ઉખડી ગયા. હુઝૂર તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જ્યારે નજર ઉઠાવી જોયું તો ગણતરીના કેટલાક જાંનિષારો સિવાય બધા ફરાર થઈ ચૂક્યા હતા. તીરોની વર્ષા થઈ રહી હતી. બાર હજારનું લશ્કર ફરાર થઈ ગયું હતું. પરંતુ ખુદાના રસૂલના અડીખમ પગોમાં વાળ બરાબર ફેર પડયો નહીં બલ્કે આપ એકલા એક લશ્કર બલ્કે એક આલમે કાઈનાતની મિશ્રણ બની પહાડની જેમ અડીખમ જ ન રહ્યા બલ્કે એક સફેદ ખચ્ચર પર સવાર બરાબર આગળ વધતા જ રહ્યા અને આપની





ઝબાન પર આ શબ્દો જારી હતા કે :–

અનન્નબિય્યુ લાકઝિબ અનબ્નુ અબ્દિલ મુત્તલિબ

"હું નબી છું આ જૂઠ નથી, હું અબ્દુલ મુત્તલિબનો બેટો છું."

એવી જ હાલતમાં આપે જમણી બાજુ જોઈ મોટા અવાજે પોકાર્યું કે, "યા મઅ્શરલ અન્સાર" તરત જ આવાજ આવ્યો કે, "અમે હાજર છીએ યા રસૂલલ્લાહ !" ડાબી બાજુ મોઢું કરી ફર્માવ્યું કે, "યા ઐયુહલ મુહાજિરીન" તરત જ અવાજ આવ્યો કે "અમે હાજર છીએ યા રસૂલલ્લાહ !" હઝરત અબ્બાસ رضی اللہ عنہ જો કે ખૂબ જ ઊંચા અવાજવાળા હતા. આપે એમને હુકમ કર્યો કે અન્સાર અને મોહાજેરીનને પોકારો. એમણે જે "યા મા'શરલ અન્સાર" અને "યા ઐયુહલ મુહાજેરીન"નો નારો માર્યો તો એકાએક બધી ફોજો પાછી આવી અને લોકો એવી તેજીથી દોડયા કે જે લોકો ઘોડાઓના ભીડના લીધે વળી ન શક્યા એમણે વજન ઓછું કરવા ખાતર બખ્તરો ફેંકી દીધાં અને ઘોડાઓ પરથી કૂદી કૂદીને દોડયા અને કાફિરોના લશ્કર પર ઝપટી પડયા અને એવી જાનબાઝીથી લડયા કે જોત જોતામાં જંગનું પાસુ પલટી ગયું. કાફિરો ભાગી નીકળ્યા, કેટલાક કતલ થયા જે રહ્યા તે ગિરફતાર થયા, ષકીફ કબીલાની ફોજો ખૂબ જ બહાદૂરીપૂર્વક મુસ્લિમોથી લડતી રહી. એટલે સુધી કે એમના સિત્તેર બહાદુરો કપાઈ ગયા પરંતુ જ્યારે અલમબરદાર ઉષ્માન બિન અબ્દુલ્લાહ કતલ થઈ ગયો ત્યારે એમના પગ પણ ઉખડી ગયા અને ફત્હે મુબીને હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલીમન صلی اللہ تعالیٰ علیہ وسلم ના કદમો ચૂમી લીધા અને મોટી સંખ્યામાં માલે ગનીમત હાથ આવ્યો. (બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૧) આ એ જ વિષય છે કે જેને કુર્આને હકીમે ખૂબ જ અસરકાર અંદાઝથી બયાન ફર્માવયું છે કે :–

وَيَوْمَ حُنَيْنٍ ۙ إِذْ أَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ فَلَمْ تُغْنِ عَنكُمْ شَيْئًا وَضَاقَتْ عَلَيْكُمُ الْأَرْضُ بِمَا رَحُبَتْ ثُمَّ وَلَّيْتُم مُّدْبِرِينَ ﴿٢٥﴾ ثُمَّ

અને હુનૈનનો દિવસ યાદ કરો ! જ્યારે તમે પોતાની સંખ્યા પર ફખ્ર કરતા હતા તો તે તમારા કંઈ જ કામ ન આવી અને જમીન એટલી મોટી હોવા છતાં તમારા માટે નાની થઈ ગઈ ! પછી તમે પીઠ કરી ભાગી છૂટયા પછી અલ્લાહે

પોતાની તસ્કીન ઉતારી પોતાના રસૂલ અને મુસ્લિમો પર અને એવાં લશ્કરો ઉતાર્યાં જે તમને દેખાયાં નહીં અને કાફિરોને અઝાબ આપ્યો અને કાફિરોની એ જ સજા છે. *(તૌબા)*

اَنْزَلَ اللّٰهُ سَكِيْنَتَهٗ عَلٰى رَسُوْلِهٖ وَعَلَى الْمُؤْمِنِيْنَ وَاَنْزَلَ جُنُوْدًا لَّمْ تَرَوْهَا وَعَذَّبَ الَّذِيْنَ كَفَرُوْا وَذٰلِكَ جَزَآءُ الْكٰفِرِيْنَ ۝ (توبہ)

હુનૈનમાં પરાજિત થઈ કાફિરોની ફોજો ભાગી કેટલીક "અવ્તાસ"માં ભેગી થઈ અને કેટલીકે "તાઈફ"ના કિલ્લામાં જઈ પનાહ લીધી. તેથી કાફિરોની અને એમની ફોજોને સંપૂર્ણ રીતે પરાજિત કરવા ખાતર "અવતાસ" અને "તાઈફ" પર પણ હુમલો કરવું જરૂરી થઈ ગયું !

## ★ જંગે અવતાસ ★

તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબૂ આમિર અશ્અરી رضی اللہ عنہ ના હાથ નીચે "અવતાસ"ની તરફ ફોજ મોકલી દીધી. દુરૈદ બિન સિમ્માના કેટલાક હજારની ફોજ લઈ નીકળ્યો દુરૈદ બિન સિમ્માના પુત્રે હઝરત અબૂ આમિર અશ્અરીને જાંગમાં એક તીર માર્યું.હઝરત અબૂ આમિર અશ્અરીને જાંગમાં એક તીર માર્યું. હઝરત અબૂ આમિર અશ્અરી એ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ના કાકા હતા. પોતાના કાકાને ઝખ્મી (ઘાયલ) જોઈ હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ દોડીને પોતાના કાકા પાસે આવ્યા અને પૂછયું કે ચચાજાન ! આપને કોણે તીર માર્યું છે ? તો હઝરત અબૂ આમિર رضی اللہ عنہ એ ઈશારાથી બતાવ્યું કે પેલી વ્યક્તિ મારો કાતિલ છે. હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ જોશમાં ભરેલા એ કાફિરને કતલ કરવા દોડયા તો તે ભાગી નીકળ્યો. પરંતુ હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ એનો પીછો કર્યો અને એમ કહીને કે હે ભાગવાવાળા ! શું તને શરમ અને ગૈરત નથી આવતી ! જ્યારે એ કાફિરે આ ગરમાગરમ મહેણું સાંભળ્યું ત્યારે ઊભો રહ્યો. પછી બંનેમાં તલવારની સામે સામે બાજી ચાલી અને હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ આખરે એને કતલ કરીને જ દમ લીધો.

પછી પોતાના ચાચા પાસે આવ્યા અને ખુશખબરી સંભળાવી કે ચાચાજાન ! ખુદાએ આપના કાતિલનું કામ તમામ કરી નાખ્યું, પછી હઝરત





અબૂ મૂસાના સાથળમાંથી તે તીર ખેંચીને કાઢયો. તે કેમ કે ઝેરમાં ડૂબાડેલો હતો તેથી ઘામાંથી ખૂનને બદલે પાણી વહેવા લાગ્યું. હઝરત અબૂ આમિર رضی اللہ عنہ એ પોતાની જગ્યા હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ ને ફૌજનો સિપેસાલાર નિયુક્ત કર્યો અને એ વસિયત કરી કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં મારી સલામ અરજ કરી દેશો અને મારી ખાતર દુઆની દરખાસ્ત કરજો. આ વસિયત કરી અને એમની રૂહ પરવાઝ કરી ગઈ. હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ નું બયાન છે કે, જ્યારે આ જંગથી ફારેગ થઈ હું બારગાહે રિસાલતમાં હાજર થયો અને મારા કાકાનો સલામ અને પૈગામ પહોંચાડયો ત્યારે એ સમયે તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એક વાણની ખાટલી પર તશરીફ ફર્મા હતા અને આપની પુશ્તમુબારક (પીઠ) અને પહેલુએ અકદસમાં વાણનાં નિશાન પડી ગયાં હતાં. આપે પાણી મંગાવી વુઝૂ ફર્માવ્યું પછી પોતાના બંને હાથોને એટલા ઊંચા કર્યા કે મેં આપની બંને બગલોની સફેદી જોઈ લીધી અને એવી રીતે આપે દુઆ માંગી કે, "યા અલ્લાહ ! તું અબૂ આમિરને કયામતના દિવસે ઘણા બધા ઈન્સાનોથી વધારે ઊંચો મર્તબો આપી દે." આ કરમ જોઈ હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા માટે પણ દુઆ ફર્માવી આપો ! તો આ દુઆ ફર્માવી કે, "યા અલ્લાહ ! તું અબ્દુલ્લાહ બિન કૈસના ગુનાહો બખ્શી દે અને એને કયામતના દિવસે ઈજ્જતવાળી જગ્યામાં દાખલ ફમાવ. અબ્દુલ બિન કૈસ હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ નું નામ છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૯, ગઝવએ અવ્તાસ)*

છેવટે હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ એ દુરૈદ બિન અલ સિમ્માના બેટાને કતલ કરી નાખ્યો અને ઈસ્લામી અલમને પોતાના હાથમાં લઈ લીધો. દુરૈદ બિન અલ્ સિમ્મા વૃદ્ધ હોવાને કારણે એક પાલખી પર સવાર હતો. એને હઝર રબીઆ બિન રુફૈઅ رضی اللہ عنہ એ એની જ તલવારથી કતલ કરી નાખ્યો. એના પછી કાફિરોની ફોજોએ હથિયાર નાખી દીધાં અને બધા ગિરફતાર થઈ ગયા. આ કેદીઓમાં જેમની સંખ્યા હજાર કરતાં વધારે હતી તેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની દૂધ બહેન હઝરત "શીમા" رضی اللہ عنہا પણ હતાં. આ હઝરત બીબી હલીમા સઅદિયા رضی اللہ عنہا ની સાહબઝાદી હતાં. જયારે લોકોએ એમને ગિરફતાર કર્યા ત્યારે એમણે કહ્યું, હું તમારા

નબીની બહેન છું. મુસ્લિમો એમની ઓળખ માટે બારગાહે નબુવ્વતમાં લાવ્યા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને ઓળખી લીધાં અને જોશે મહોબ્બતથી આપની આંખો ભીની થઈ ગઈ અને આપે પોતાની ચાદર જમીન પર પાથરી એમને બેસાડયાં અને કેટલાક ઊંટ અને કેટલીક બકરીઓ એમને આપી ફર્માવ્યું કે, તમે આઝાદ છો, જો તમારું મન થાય તો મારા ઘરે ચાલી રહેજો અને જો તમે તમારા ઘરે જવા ઈચ્છતા હોવ તો તમને ત્યાં મોકલાવી દઉં. એમણે પોતાના ઘર જવાની ખ્વાહિશ જાહેર કરી તો ખૂબ જ ઈજ્જત અને એહતેરામ સાથે તમને એમના કબીલામાં મોકલવામાં આવ્યાં. *(તિબરી, ભાગ–૩, પેજ–૬૬૮)*

## ★ તાઈફનો ઘેરાવ ★

એ લખાઈ ગયું છે કે હુનૈનથી ભાગી જવાવાળી કાફિરોની ફોજો કેટલીક તો અવતાસમાં જઈ રોકાઈ ગઈ અને કેટલીકે તાઈફના કિલ્લામાં જઈ પનાહ મેળવી. અવતાસની ફોજો તો આપ વાંચી ચૂક્યા કે તે હારીને હથિયાર નાખવા મજબૂર થઈ ગઈ અને બધા ગિરફતાર થઈ ગયા પરંતુ તાઈફમાં જેમણે પનાહ લીધી એમનાથી જંગ જરૂરી હતી. તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુનૈન અને અવતાસના માલે ગનીમત અને કૈદીઓને "મુકામે જેઈર્રાના"માં મૂકી તાઈફનું રૂખ ફર્માવ્યું.

તાઈફ પોતે એક ખૂબ જ સુરક્ષિત શહેર હતું. જેની ચારે બાજુ શહેર પનાહ (કોટ)ની દીવાલો બનેલી હતી અને અહીંયા એક ખૂબ જ મજબૂત કિલ્લો પણ હતો. અહીંનો મોટો રઈસ ઉરવા બિન મસઊદ ષકફી હતો જે અબૂ જ સુફિયાનનો જમાઈ હતો. અહીંયા ષકીફનું જે ખાનદાન આબાદ હતું તે ઈજ્જત અને શરાફતમાં કુરૈશના બરાબર ગણવામાં આવતું હતું. કાફિરોની બધી જ ફોજો વરસનું રાશન લઈને તાઈફના કિલ્લામાં પનાહ લઈ રહી હતી. ઈસ્લામી ફોજોએ તાઈફ પહોંચી શહેરને ઘેરી લીધું પરંતુ કિલ્લાના અંદરથી કાફિરોએ ખૂબ જ જોર શોરથી તીરોની વર્ષા શરૂ કરી દીધી જેથી લશ્કરે ઈસ્લામ એની તાબ ન લાવી શક્યું અને મજબૂર થઈ રોકાઈ જવું પડયું. અઢાર દિવસ સુધી શહેરનો ઘેરો રાખ્યો પરંતુ તાઈફ ફતેહ થઈ શક્યું નહીં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્યારે યુદ્ધ નિષ્ણાંતોથી





મશ્વરો ફર્માવ્યો તો હઝરત નૌફિલ બિન મુઆવિયા رضی اللہ عنہ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

"લોમડી (શીયાળ) પોતાના દરમાં ઘૂસી ગઈ છે. જો કોશિશ ચાલુ રાખીશું તો પકડી લેવામાં આવશે અને જો છોડી દઈશું તો પણ એનાથી કોઈ નુકસાન નથી." આ સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઘેરો ઉઠાવી લેવાનો હુકમ આપ્યો. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૩)*

તાઈફના ઘેરાવમાં ઘણા મુસલમાનો ઘાયલ થયા અને કુલ બાર સહાબા શહીદ થયા, સાત કુરૈશ અને ચાર અન્સાર અને એક વ્યક્તિ બની લૈષના. ઘાયલમાં હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના સાહબઝાદા અબ્દુલ્લાહ બિન અબૂબક્ર رضی اللہ عنہما પણ હતા. તેઓ એક તીરથી ઘાયલ થયા હતા, પછી સાજા થયા પરંતુ એક મુદ્દત પછી એમનો ઝખમ ફાટી ગયો અને એમના વાલિદ માજિદ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં એ ઝખમથી એમની વફાત થઈ ગઈ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૦)*

## ★ તાઈફની મસ્જિદ ★

આ મસ્જિદ જેને હઝરત અમ્ર બિન ઉમૈયા رضی اللہ عنہ એ બંધાવી હતી એક ઐતિહાસિક મસ્જિદ છે. એ તાઈફના યુદ્ધમાં પુનિત પત્નીઓમાંથી બે સાથે હતાં. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا અને હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ બંને માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બે તંબુઓ બંધાવ્યા હતા અને જ્યાં સુધી તાઈફનો ઘેરો રહ્યો આપ એ બંને તંબુઓ વચ્ચે નમાઝો પઢતા રહ્યા. ત્યારબાદ જ્યારે ષકીફ કબીલાના લોકોએ ઈસ્લામ અંગીકાર કરી લીધી ત્યારે એ લોકો એ સ્થાને મસ્જિદ બંધાવી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૧)*

## ★ તાઈફના યુદ્ધમાં મૂર્તિઓ ખંડિત કરાઈ ★

જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તાઈફનો ઈરાદો કર્યો ત્યારે હઝરત તુફૈલ બિન અમ્ર દૌસી رضی اللہ عنہ ને એક સૈન્ય સાથે મોકલ્યો કે તેઓ "ઝુલ કફૈન"ના મૂર્તિગૃહને તોડી નાખે. અહીં અમ્ર બિન હમહમા દૌસીની મૂર્તિ હતી જે

લાકડાની બનેલી હતી. પછી હઝરત તુફૈલ બિન અમ્ર દૌસી رضی اللہ عنہ એ જઈ મૂર્તિગૃહને ધ્વસ્ત કરી દીધો અને મૂર્તિને બાળી નાખી, મૂર્તિ બાળતી વખતે તેઓ આ અશઆર પઢતા હતા :–

યા ઝલ્ કફૈન ! લસ્તુ મિન ઈબાદિકા
(હે ઝુલ્ કફૈન ! હું તારો બંદો નથી.)

મીલાદુના અકબરુ મિન મીલાદિકા
(મારો જન્મ તારા જન્મ કરતાં મોટો છે.)

ઈન્ની હષૌતુન્ના-ર ફી ફુવાદિકા
(મેં તારા દિલમાં આગ પેટાવી દીધી છે.)

હઝરત તુફૈલ બિન અમ્ર દૌસી رضی اللہ عنہ ચાર દિવસમાં એ ઝુંબેશથી ફારેગ થઈ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે તાઈફમાં પહોંચી ગયા. તેઓ "ઝુલ કફૈન"થી કિલ્લો પાડવાનાં સાધનો મિન્જિનીક વગેરે પણ લાવ્યા હતા. અને ઈસ્લામમાં સૌ પ્રથમ આ જ મિન્જિનીક છે જે તાઈફનો કિલ્લો તોડવા માટે લાવવામાં આવી હતી. પરંતુ કાફિરોના સૈનિકોએ તીરંદાજી સાથે ગરમ ગરમ લોખંડના સળિયા ફેંકવાના શરૂ કર્યા આથી કિલ્લો તોડવામાં સફળતા ન મળી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૧)*

આ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી رضی اللہ عنہ ને મોકલ્યા કે તાઈફની આસપાસ ઠેર ઠેર જે ષકીફના મૂર્તિગૃહો છે એ બધાં તોડી નાખે. તેથી આપે એ બધી મૂર્તિઓ અને મૂર્તિગૃહોને તોડફોડ કરી ધ્વસ્ત કરી દીધાં અને જ્યારે પરત આવીને ખિદમતે અકદસમાં હાજર થયા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમને જોઈને ખૂબ ખુશ થયા અને ઘણા સમય સુધી એમની સાથે એકાંતમાં વાતચીત કરતા રહ્યા જેનાથી લોકોને બહુ આશ્ચર્ય થયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૧૮)*

તાઈફથી રવનાગી સમયે સહાબાએ કિરામે અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ કબીલા ષકીફના કાફિરો માટે બરબાદીની દુઆ ફર્માવી દો. ત્યારે આપે દુઆ માંગી કે, **અલ્લાહુમ્ મહ્દિ ષકીફંવ વઅ્તિ બિહિમ.** હે અલ્લાહ ! ષકીફને હિદાયત આપ ! અને એમને મારી પાસે પહોંચાડી દે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૦૭, પ્રકરણ : ફઝાઈલે ગફ્ફાર વ દૌસ વગેરે..)*





આમ આપની દુઆ કબૂલ થઈ કે ષકીફ કબીલાનું પ્રતિનિધિ મંડળ મદીના પહોંચ્યું અને આખો કબીલો મુસલમાન થઈ ગયો.

## ★ માલે ગનીમતની વહેંચણી ★

તાઈફથી ઘેરો ઉઠાવી લઈ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم "જઅર્રાના" તશરીફ લઈ ગયા. ત્યાં માલે ગનીમતનો મોટો ભંડાર જમા હતો. ચોવીસ હજાર ઊંટ, ચાલીસ હજાર કરતાં વધારે બકરીઓ, કેટલાય મણ ચાંદી અને છ હજાર કેદીઓ. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૪૮૮, અને ઝુર્કાની)*

યુદ્ધના કેદીઓ બાબતે આપે એમના સગાઓના આવવાનો ઈંતેજાર કર્યો પરંતુ ઘણા દિવસો ગુજરી ગયા છતાં જ્યારે કોઈ ન આવ્યું ત્યારે આપે માલે ગનીમત વહેંચી દેવાનો હુકમ કર્યો. મક્કા અને એની આસપાસના નવ મુસ્લિમ સરદારોને આપે મોટા મોટા ઈનામોથી નવાજ્યા, ત્યાં સુધી કે કોઈને ત્રણસો ઊંટ, કોઈને બસો ઊંટ, કોઈને સો ઊંટ ઈનામ રૂપે અર્પણ કર્યાં, એ જ રીતે બકરીઓને પણ ઉદારતાથી વહેંચી દીધી. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૨, પેજ–૪૮૯)*

## ★ અન્સારીઓને સંબોધન ★

જે લોકોને આપે મોટા મોટા ઈનામોથી નવાજ્યા તેઓ સામાન્ય રીતે મક્કાના નવ મુસ્લિમ હતા. તેથી કેટલાક નવયુવાન અન્સારીઓએ કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કુરૈશીઓને આટલું બધું આપી રહ્યા છે અને અમારી તરફ જરાય ધ્યાન આપી રહ્યા નથી, જો કે અમારી તલવારોથી લોહી ટપકી રહ્યું છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૦)*

અને અન્સારીઓના કેટલાક નવયુવકોએ પરસ્પર એવું પણ કહ્યું અને તેમના હૃદય ભગ્નતાની અભિવ્યક્તિ કરી કે,

જ્યારે જબરજસ્ત યુદ્ધનો પ્રસંગ હોય છે ત્યારે અમને પોકારવામાં આવે છે અને માલેગનીમત (યુદ્ધનો કબજે કરેલ માલ) બીજાઓને અપાઈ રહ્યો છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૧, ગઝવએ તાઈફ)*

આપે જ્યારે આ ચર્ચા સાંભળી ત્યારે તમામ અન્સારીઓને એક તંબુમાં એકત્રિત કર્યા અને એમને કહ્યું કે, હે અન્સારીઓ ! શું તમે લોકોએ

આવું કહ્યું છે ? લોકોએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા સરદારોમાંથી કોઈએ કહ્યું નથી, હા ! કેટલીક નાની ઉંમરના યુવકોએ કંઈક કહી દીધું છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સારીઓને સંબોધન કરતાં ફર્માવ્યું કે :–

"શું એ સાચું નથી કે તમે પહેલાં ગુમરાહ હતા તો મારા દ્વારા ખુદાએ તમને પ્રેરણા આપી. તમે છૂટા છવાયા અને વેરવિખેર હતા તો ખુદાએ મારા દ્વારા તમારામાં સંપ અને એકતા પેદા કરી. તમે દરીદ્ર હતા તો ખુદાએ મારા દ્વારા તમને ધનવાન બનાવી દીધા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૦)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ ફર્માવતા હતા અને અન્સાર આપને દરેક વાક્યને સાંભળીને એ જ કહેતા જતા હતા કે :–

"અલ્લાહ અને રસૂલનો અમારા પર મોટો ઉપકાર છે."

આપે ફર્માવ્યું કે, હે અન્સાર ! તમે આમ ન કહો, બલ્કે મને એ જવાબ આપો કે,

"હે રસૂલુલ્લાહ ! જ્યારે લોકોએ આપને જૂઠાડયા ત્યારે અમે આપની પુષ્ટિ કરી. જ્યારે લોકોએ આપને છોડી દીધા ત્યારે અમે આપને આશ્રય આપ્યો. જ્યારે આપે નિઃસહાય સ્થિતિમાં આવ્યા ત્યારે અમે દરેક રીતે આપની મદદ કરી."

પરંતુ અન્સારીઓ ! હું તમને એક પ્રશ્ન પૂછું છું તમે મને એનો જવાબ આપો. સવાલ એ છે કે, "શું તમને એ પસંદ નથી કે બધા અહીંથી ધન દૌલત લઈને તેમના ઘેર જાય અને તમે અલ્લાહના નબીને લઈને તમારા ઘરે જાવ ! ખુદાના સોગંદ ! તમે જે વસ્તુ લઈને તમારા ઘરે જશો તે એ ધન દૌલત કરતાં વધારે છે જેને લઈને એ લોકો એમના ઘરે જશે."

આ સાંભળી અન્સારી પોકારી ઉઠયા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે એના પર રાજી છીએ. અમને માત્ર અલ્લાહના રસૂલ જોઈએ અને કેટલાક અન્સારોની તો આ સ્થિતિ હતી કે, તેઓ રોઈ રોઈને વ્યાકૂળ થઈ ગયા હતા અને આંસૂંઓથી એમની દાઢીઓ ભીની થઈ ગઈ હતી. પછી આપે અન્સારને સમજાવ્યા કે મક્કાના લોકો એકદમ જ નવમુસ્લિમ છે.





એમને જે કંઈ આપ્યું છે તે એમના મનમાં ઈસ્લામનો પ્રેમ પેદા કરવા આપ્યું છે. પછી ફર્માવ્યું કે :–

"જો હિજરત ન થઈ હોત તો હું અન્સાર પૈકી હોત અને જો બધા કોઈ ખીણ અને ઘાટીમાં જાય અને અન્સાર કોઈ બીજી ખીણ ઘાટીમાં જાય તો હું અન્સારની ખીણ અને ઘાટીમાં જઈશ." *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૦, ૬૨૧, ગઝવએ તાઈફ)*

## ★ કેદીઓની મુક્તિ ★

આપ જ્યારે માલે ગનેમતની વહેંચણીથી ફારિગ થઈ ગયા તો બની સઅદ કબીલાના સરદાર જુહીર અબૂ સુરદ થોડાક માનવંતા માણસોને લઈને બારગાહે રિસાલતમાં આવ્યા અને યુદ્ધ કેદીઓની મુક્તિ બાબતે દરખાસ્ત કરી. આ પ્રસંગે જુહીર બિન સુરદે એક અસરકારક સંબોધન કર્યું જેનો ખુલાસો આ છે કે :–

હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે અમારા વંશની એક સ્ત્રી હલીમાનું દૂધ પીધું છે. આપે જે જે સ્ત્રીઓને મકાનોમાં કેદ કરી રાખી છે એમાં ઘણી આપની (દૂધના સગપણવાળી) ફોઈઓ અને ઘણી આપની માસીઓ છે. ખુદાના સોગંદ ! જો અરબના બાદશાહોમાંથી કોઈ બાદશાહે અમારા વંશની કોઈ સ્ત્રીનું દૂધ પીધું હોત તો અમને એનાથી બહુ વધારે આશાઓ હોત, અને આપથી તો ઓર વધારે અમારી આશાઓ છે તેથી આપ આ બધા કેદીઓને મુક્ત કરી દો.

જુહીરનું સંબોધન સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બહુ પ્રભાવિત થયા અને આપે ફર્માવ્યું કે, મેં આપ લોકોની ઘણી બધી રાહ જોઈ પરંતુ આપે આવવામાં બહુ મોડુ કરી દીધું. આમ મારા કુટુંબીજનોના ભાગમાં જેટલી દાસીઓ અને ગુલામ આવ્યાં છે, મેં એ બધાને મુક્ત કરી દીધાં પરંતુ હવે જાહેર મુક્તિની રીત એ છે કે, નમાઝના સમયે જ્યારે સમૂહ હોય ત્યારે આપ સૌ પોતાની દરખાસ્ત સૌની સમક્ષ રજુ કરો. આથી ઝહોરની નમાઝના સમયે એ લોકોએ એ દરખાસ્ત સમૂહ સમક્ષ રજુ કરી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ લોકોને કહ્યું કે મને મારા કુટુંબીજનો પર અખ્તયાર છે પરંતુ હું તમામ મુસલમાનોને ભલામણ કરું છું કે કેદીઓને છોડી દેવામાં આવે.

આ સાંભળીને બધા અન્સાર અને મુહાજિરો તેમજ અન્ય બધા મુજાહિદોએ પણ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમારો ભાગ પણ હાજર છે આપ આ લોકોને પણ આઝાદ કરી દો. આ રીતે એકી સાથે જંગના છ હજાર કેદીઓનો છૂટકારો થઈ ગયો. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ-૪ પેજ-૪૮૮, ૪૮૯)*

બુખારી શરીફની રિવાયત છે કે, હુઝૂર ﷺ દસ દિવસ સુધી "હવાઝન"ના પ્રતિનિધિ મંડળની રાહ જોતા રહ્યા, જ્યારે લોકો ન આવ્યા ત્યારે આપે માલે ગનીમત અને કેદીઓને મુજાહિદો દરમ્યાન વહેંચી દીધા. ત્યારબાદ જ્યારે હવાઝનનું પ્રતિનિધિ મંડળ આવ્યું અને તેમણે તેમના ઈસ્લામનો એલાન કરીને આ દરખાસ્ત કરી કે અમારો માલ અને કેદીઓને પરત કરવામાં આવે તો, હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, મને સાચી વાત જ પસંદ છે. આથી સાંભળી લો કે માલ અને કેદી બંનેને હું પરત કરી શક્તો નથી. હા ! એ બંનેમાંથી એકને તમે મંજૂર કરી લો, અથવા માલ લઈ લો અથવા કેદી. આ સાંભળી પ્રતિનિધિ મંડળે કેદીઓને પરત લેવાનું પસંદ કર્યું. ત્યારબાદ આપે ફોજની સામે એક ખુત્બો પઢયો અને હમ્દો ષના બાદ ફર્માવ્યું કે :-

"હે મુસલમાનો ! આ તમારા ભાઈ તૌબા અને પ્રતિજ્ઞા કરી આવ્યા છે અને મારી એ સલાહ છે કે હું એમના કેદીઓને પરત કરી દઉં, તો તમારામાંથી જેઓ ખુશી ખુશી એને મંજૂર કરે કે તેઓ તેમના ભાગના કેદીઓને પરત કરી દે અને જેઓ એમ ચાહે કે એ કેદીઓના બદલામાં બીજા કેદીઓને લઈને એમને પાછા આપી દે તો હું આ વાયદો કરું છું કે સૌ પહેલા અલ્લાહ તઆલા મને જે ગનીમત અર્પણ કરશે હું એમાંથી એનો ભાગ આપી દઈશ." આ સાંભળી સમગ્ર લશ્કરે કહી દીધું કે, યા રસૂલલ્લાહ ! ﷺ આ બધાએ ખુશી ખુશી બધા કેદીઓને પરત કરી દીધા. આપે ફર્માવ્યું કે, આ રીતે ખબર પડતી નથી કે કોણે મંજૂરી આપી અને કોણે નથી આપી. આથી તમે તમારા ચૌધરીઓ દ્વારા મને જાણ કરો. આથી દરેક કબીલાના ચૌધરીઓએ દરબારે રિસાલતમાં હાજર થઈ કહ્યું કે અમારા કબીલાવાળાઓએ રાજીખુશીથી તેમના ભાગના કેદીઓને પરત કરી દીધા છે. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૩૪૫, બુખારી શરીફ, ભાગ-૧,*





*પેજ-૩૦૯, અને બુખારી શરીફ, ભાગ-૨, પેજ-૬૧૮)*

## ★ ગૈબના જ્ઞાની રસૂલ ★

રસુલુલ્લાહ ﷺ એ હવાઝનના પ્રતિનિધિ મંડળને પૂછયું કે, માલિક બિન ઔફ ક્યાં છે ? તેમણે જણાવ્યું કે "ષકીફ"ની સાથે તાઈફમાં છે. આપે ફર્માવ્યું કે, તમે માલિક બિન ઔફને જાણ કરી દો કે જો તે મુસલમાન થઈને મારી પાસે આવી જાય તો હું તેનો બધો જ માલ તેને પાછો આપી દઈશ. આ ઉપરાંત તેને એકસો ઊંટ વધારે આપીશ. માલિક બિન ઔફને જ્યારે આ ખબર પહોંચી તો ત્યારે રસૂલુલ્લાહ ﷺ ની સેવામાં મુસલમાન બની હાજર થઈ ગયા. અને હુઝૂર ﷺ એ એમનો બધો જ માલ એમને સુપરત કરી દીધો અને વાયદા પ્રમાણે એકસો ઊંટ વધારે એનાયત કર્યા. માલિક બિન ઔફ આપના આ એખલાસપૂર્ણ સ્વભાવથી ખૂબ જ પ્રભાવિત થયા અને આપની પ્રશંસામાં એક કસીદો પઢયો. જેના બે શેઅર આ પ્રમાણે છે :-

मा ईन रऐतु वला समिअतु लिवाहिदिन
फ़िन्नासि कुल्लिहिम कमिष्लि मुहम्मदी
अवफ़ाफ़आ' ता लिल् जज़ीलि लि मुजतदी
व म ता तशाउ युख्बिरक अम्मा फ़ी गदी

**અર્થાત** : બધા તે માનવીઓમાં હઝરત મુહમ્મદ ﷺ જેવો ન મેં જોયો, ન સાંભળ્યો. જે સૌથી વધારે વાયદો પૂરો કરનાર અને સૌથી વધારે અતિશય માલ અર્પણ કરનારા છે અને જ્યારે તમે ઈચ્છો એમને પૂછી લો તેઓ આવતી કાલની વાત તમને જણાવી દેશે.

રિવાયત છે કે, નઅતના આ અશ્આર સાંભળીને હુઝૂર عليه الصلوة والسلام એમનાથી ખુશ થઈ ગયા અને એમના માટે ખૈરની દુઆ ફર્માવતાં એક ઝભ્ભો ઈનામ રૂપે આપ્યો. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ-૪, પેજ-૪૯૧ અને મદારિજ, ભાગ-૨, પેજ-૩૨૪)*

## ★ ઉમરહએ જઅર્રાના ★

ત્યારબાદ નબીએ કરીમ ﷺ એ જઅર્રાનાથી જ ઉમરાહનો

ઈરાદો કર્યો અને એહરામ બાંધીને મક્કા ગયા અને ઉમરાહ અદા કર્યા બાદ મદીના પાછા આવી ગયા અને ઝી કઅદા હિજરી ૮ માં મદીનામાં પ્રવેશ્યા.

## ★ હિજરી ૮ ના જુદા જુદા બનાવો ★

**(૧)** એ જ વર્ષે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્ર હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ હઝરત મારિયા કિબ્તિયા رضی اللہ عنہا ના કૂખે જન્મ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમનાથી બહુ જ પ્રેમ હતો. લગભગ દોઢ વર્ષની ઉંમરે એમનું મૃત્યુ થઈ ગયું.

સંજોગોવશાત જે દિવસે એમનું મૃત્યુ થયું ત્યારે સૂર્યગ્રહણ થયું. કેમ કે આરબોની એવી માન્યતા હતી કે કોઈ મહાન માનવીના મૃત્યુ સમયે સૂર્યગ્રહણ થાય છે. આથી લોકોએ એવો વિચાર કર્યો કે સૂર્યગ્રહણ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ના મૃત્યુના પરિણામે થયું. અજ્ઞાનતા કાળની આ માન્યતાને દૂર કરવા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક સંબોધન કર્યું, જેમાં આપે ફર્માવ્યું કે :–

ચંદ્ર અને સૂર્યમાં કોઈના જન્મ અને મરણથી ગ્રહણ લાગતું નથી, બલ્કે અલ્લાહ તઆલા એના દ્વારા તેના બંદાઓને ભય દેખાડે છે. ત્યારબાદ આપે નમાઝે કુસૂફ જમાઅત સાથે પઢી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૪૨)*

**(૨)** એ જ વર્ષે હુઝૂર નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્રી હઝરત ઝૈનબ رضی اللہ عنہا નું મૃત્યું થયું. તેઓ હઝરત અબુલ આસ બિન રબીઅના નિકાહમાં હતાં. એમનો એક પુત્ર જેનું નામ "અલી" હતું અને એક પુત્રી જેનું નામ "ઉમામા" હતું, તેમને મૂક્તા ગયાં. હઝરત બીબી ફાતિમાતુઝ્ઝોહરા رضی اللہ عنہا એ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ને વસિયત કરી હતી કે, મારા મૃત્યુ બાદ આપ હઝરત ઉમામા رضی اللہ عنہا સાથે નિકાહ કરી લેજો. આથી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ હઝરત સૈયિદા ફાતિમા رضی اللہ عنہا ની વસિયત પર અમલ કર્યો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૨૫)*

**(૩)** એ જ વર્ષે મદીનામાં અનાજની મોંઘવારી બહુ વધી ગઈ





ત્યારે સહાબાએ કિરામે દરખાસ્ત કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ અનાજનો ભાવ નિર્ધારિત કરી દો ! ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અનાજના ભાવ પર અંકુશ લગાડવાનો ઈન્કાર કરી દીધો અને ફર્માવ્યું કે :–

إِنَّ اللّٰهَ هُوَ الْمُسَعِّرُ الْقَابِضُ الْبَاسِطُ الرَّزَّاقُ

અલ્લાહ જ ભાવ નિર્ધારિત કરનારો છે, એ જ રોજીની તંગી કરનારો, વધારનારો, રોજી આપનાર છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૨૫)*

**(૪)** કેટલાક ઈતિહાસકારોના કહેવા પ્રમાણે એ જ વર્ષે મસ્જિદે નબવીમાં મિમ્બર મૂકવામાં આવ્યો. એની પહેલાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام એક સ્તંભને ટેકો લગાડીને ખુત્બો પઢતા હતા. અને કેટલાક ઈતિહાસકારોના કથન મુજબ હિજરી ૭ માં મિમ્બર લાકડાનું હતું જે એક અન્સારી મહિલાએ બનાવડાવીને મસ્જિદમાં મૂકાવ્યો હતો. હઝરત અમીરે મુઆવિયા رضی اللہ عنہ એ ઈચ્છયું કે એ મિમ્બર બરકત રૂપે સીરિયા લઈ જાય, પરંતુ જ્યારે તેમણે એને હટાવ્યો ત્યારે અચાનક આખા શહેરમાં અંધારું થઈ ગયું અને તારા દેખાવા લાગ્યા. આ દશ્ય જોઈને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ બહુ જ લજ્જિત થયા અને સહાબાએ કિરામથી માફી માંગવા લાગ્યા અને તેમણે એ મિમ્બરની નીચે ત્રણ પગથિયાંનો ઉમેરો કર્યો જેનાથી મિમ્બરે નબવીના ત્રણ જૂનાં પગથિયાં ઉપર થઈ ગયાં જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને ખુલ્ફાએ રાશિદીન જે પગથિયાં પર પગ મૂકીને ખુત્બો પઢતા હતા. હવે અન્ય કોઈ ખુત્બો પઢનાર પગ ન મૂકે. જ્યારે એ મિમ્બર બહુ વધારે જૂનો થઈ ગયો તો કમજોર થતાં ખુલ્ફાએ અબ્બાસિયાએ પણ એનું સમારકામ કરાવ્યું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૨૭)*

**(૫)** એ જ વર્ષે અબ્દુલ કૈસ કબીલાનું પ્રતિનિધિ મંડળ આવ્યું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને આવકાર્યા અને એ લોકો માટે આ દુઆ ફર્માવી કે, "હે અલ્લાહ ! તું અબ્દુલ કૈસને માફ કર. જ્યારે આ લોકો બારગાહે રિસાલતમાં પહોંચ્યા ત્યારે તેમની સવારીઓ પરથી કૂદીને દોડયા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચરણ ચૂમવા લાગ્યા અને આપે એ લોકોને મનાઈ ફર્માવી નહીં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૩૦)*

(પ્રકરણ-૧૪)

# હિજરતનું નવમું વર્ષ

(હિજરી સન : ૯)

હિ. સ. ૯ અસંખ્ય અદભૂત પ્રસંગોથી ભરપૂર છે. એમાંથી કેટલાક બનાવો અતિ મહત્વપૂર્ણ છે જેમનું ઈતિહાસકારોએ વિસ્તૃત અને વિગતવાર વર્ણન કર્યું છે. અમે એ પ્રસંગોને અમારા નાનકડા પુસ્તકમાં અતિ ટૂંકાણથી જુદા જુદા શીર્ષકો હેઠળ પ્રસ્તુત કરીએ છીએ :–

## ★ તખય્યુર અને ઈલાની આયત ★

તખય્યુર અને ઈલા આ શરીઅતના બે સુધારાત્મક શબ્દો છે. પતિ તેની પત્નીને પોતાના તરફથી ઈખ્તિયાર આપી દે કે ચાહે તો તલાક લઈ લે અને ચાહે તો પતિના જ નિકાહમાં રહે, એને તખય્યુર કહે છે અને ઈલા એ છે કે પતિ એવી સોગંદ ખાઈ લે કે હું મારી પત્ની સાથે સહવાસ નહીં કરું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક વખત પોતાની પુનિત પત્નીઓથી નારાજ થઈને એક મહિનાનો ઈલા કર્યો. અર્થાત આપે એ સોગંદ લીધા કે, હું એક મહિના સુધી પોતાની પુનિત પત્નીઓ સાથે સહવાસ નહીં કરું. આપે પોતાની પવિત્ર પત્નીઓને તલાક મેળવવાનો અધિકાર પણ સોંપી દીધો પરંતુ કોઈએ પણ તલાક લેવાનું પસંદ ન કર્યું.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નારાજગી અને ગુસ્સાનું કારણ શું હતું ? અને આપે તખય્યુર અને ઈલા કેમ કર્યો ?! તે પ્રસંગ આ પ્રમાણે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર પત્નીઓ લગભગ બધી જ ધનાઢય અને ઊંચા કુળની યુવતીઓ હતી. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا, મક્કાના સરદાર હઝરત અબૂ સુફયાન رضی اللہ عنہ નાં પુત્રી હતાં. હઝરત જુવૈરિયા رضی اللہ عنہا, બની અલ્ મુસ્તલક કબીલાના મોટા સરદાર હારિષ બિન ઝિરારનાં પુત્રી હતાં. હઝરત





સફિયા رضی اللہ عنہا, બનુ નુઝૈર અને ખૈબરના સરદાર હુયૈ બિન અખ્તબના પુત્રી હતાં. હઝરત આઈશા رضی اللہ عنہا, હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના વહાલી પુત્રી હતાં. હઝરત હફ્સા رضی اللہ عنہا, હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના વહાલસોયી પુત્રી હતાં. હઝરત ઝૈનબ બિન્તે જહશ અને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا પણ કુરૈશ કુળના ઊંચા ઊંચા ઘરોની લાડકોડમાં ઉછરેલી પુત્રીઓ હતાં. જાહેર છે કે, આ ધનવાન પુત્રીઓ બાળપણથી જ અમીરી જીવન અને પૈસાપાત્ર વાતવરણથી ટેવાયેલાં હતાં. તેમની રહેણી કરણી, ખાવું પીવું, વસ્ત્ર આભૂષણ બધું જ ધનવાન પુત્રીઓની વૈભવી જીવનનું પ્રતિબિંબ પાડતું હતું અને તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નું પવિત્ર જીવન તદ્દન સંયમી અને દુનિયવી દિલચસ્પીઓથી એકદમ અલગ હતું. બે બે મહિના સુધી નબીના ઘરમાં ચૂલો સળગતો ન હતો. માત્ર ખજૂર અને પાણી પર સમગ્ર પરિવારનો જીવન નિર્વાહ થતો હતો. લિબાસ અને પોષાકમાં પણ પૈગંબરી જીવનની ઝાંખી હતી, મકાન અને સાધન સામગ્રીમાં પણ નબુવ્વતની સાદાઈ વિશિષ્ટ હતી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની મૂડીનો અધિકાંશ ભાગ પોતાની ઉમ્મતના ગરીબો અને દરિદ્રો પર ખર્ચ કરતા હતા અને પોતાની પુનિત પત્નીઓની જરૂરિયાત મુજબ જ ખર્ચ આપતા હતા. જે તે અમીર પુત્રીઓની ઈચ્છા પ્રમાણે સાઝ શણગાર અને શોભા સજાવટ માટે પૂરતું ન હતું. આથી ક્યારેક ક્યારેક એ ઉમ્મતની માઓના ધૈર્ય અને સંયમનો પ્યાલો ભરાઈને છલ્કી જતો હતો. અને તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી વધારે રકમની માંગણી અને તકાઝાઓ કરવા લાગતાં હતાં. આથી એક વખત બધી જ પુનિત પત્નીઓએ સર્વસંમત રીતે આપથી માંગણી કરી કે આપ અમારા ખર્ચાઓમાં વધારો કરો. પુનિત પત્નીઓની આ શૈલી નબુવ્વતના નાઝુક હૃદય પર અસહ્ય થઈ પડી. અને આપના સંતુષ્ટ જીવનમાં એવો ખળભળાટ મચી ગયો કે આપે ગુસ્સે થઈ આ સોગંદ ખાધા કે એક મહિના સુધી પુનિત પત્નીઓને નહીં મળે. આમ એક મહિનાનો ઈલા આપે કર્યો.

આકસ્મિક સંજોગ છે કે એ જ દિવસો દરમ્યાન આપ ઘોડા પરથી પડી ગયા જેનાથી આપની પિંડી મુબારકમાં મચકોડ આવી ગઈ હતી. આ તકલીફના કારણે આપે મેડી ઉપર એકાંતમાં રહેવાનું શરૂ કર્યું અને બધાને હળવા મળવાનું છોડી દીધું.

સહાબાએ કિરામે પ્રસંગના વ્યવહારથી એવી ધારણા કરી લીધી કે આપે પોતાની બધી જ પુનિત પત્નીઓને તલાક આપી દીધી અને આ ખબર જે એકદમ ખોટી હતી વીજળીવેગ ફેલાઈ ગઈ. અને બધા જ સહાબાએ કિરામ દુઃખ દર્દમાં બેહાલ પ્રાણઘાતક સદમાથી ભાંગી પડવા લાગ્યા.

ત્યારબાદ જે પ્રસંગો બન્યા તે બુખારી શરીફની અસંખ્ય રિવાયતોમાં વર્ણવાયેલ છે. આ પ્રસંગોનું બયાન હઝરત ઉમર رضی اللہ عنہ ના મુખે સાંભળીએ :–

હઝરત ઉમર رضی اللہ عنہ નું બયાન છે કે : હું અને મારો એક પડોશી જે અન્સારી હતા. અમે બંને જણાએ પરસ્પર એવો નિર્ણય કરી લીધો હતો કે, અમે બંને એક એક દિવસે વારાફરતી બારગાહે રિસાલતમાં હાજરી આપતા રહીશું અને દિવસભરના પ્રસંગોથી એકબીજાને માહિતગાર કરતા રહીશું. એક દિવસે થોડીક રાત્રિ પસાર થયા બાદ મારો પડોશી અન્સારી આવ્યો અને જોર જોરથી મારું બારણું ખખડાવવા લાગ્યો અને બૂમાબૂમ કરી મને પોકારવા લાગ્યો. મેં ગભરાઈને બારણું ખોલ્યું તો તેણે કહ્યું કે, ગજબ થઈ ગયો. મેં એને પૂછયું કે, શું ગસ્સાનીઓએ મદીના પર હુમલો કરી દીધો ?! (એ દિવસો દરમ્યાન સીરિયાના ગુસ્સાનીઓ મદીના પર હુમલાની તૈયારીઓ કરી રહ્યા હતા.) અન્સારીએ જવાબ આપ્યો કે ભાઈ એના કરતા પણ મોટો બનાવ બની ગયો છે તે એ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની બધી પત્નીઓને તલાક આપી દીધી ! હઝરત ઉમર رضی اللہ عنہ કહે છે કે, હું એ ખબરથી બહુ જ ગભરાઈ ગયો અને વહેલી સવારે મદીના પહોંચીને મસ્જિદને નબવીમાં ફજરની નમાઝ પઢી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝથી ફારેગ થતાં જ મેડી પર એકાંતમાં જતા રહ્યા અને કોઈની સાથે કોઈ વાતચીત ન કરી. હું મસ્જિદમાંથી બહાર નીકળીને મારી દીકરી હફ્સા પાસે ગયો, ત્યારે જોયું કે તે બેસીને રડી રહી. મેં એને પૂછયું કે, મેં પહેલાં જ તમને સમજાવી દીધું હતું કે તમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને પજવતા નહીં અને તમારા ખર્ચમાં જે કમી થતી હોય તે મારાથી માંગી લેજો પરંતુ તમે મારી વાત પર ધ્યાન ન આપ્યું. પછી મેં પૂછયું કે, શું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તમને સૌને તલાક આપી દીધી છે ?! હફ્સાએ કહ્યું કે, હું કઈ નથી





જાણતી. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મેડી ઉપર છે આપ એમને પૂછો. હું ત્યાંથી ઉઠીને મસ્જિદમાં આવ્યો ત્યારે સહાબાએ કિરામને પણ જોયા તેઓ મિમ્બર પાસે બેસીને રડી રહ્યા છે. હું એમની પાસે થોડીવાર બેઠો પરંતુ મને જરાય ચેન કે ધરપત ન હતી. આથી હું ઊભો થઈને મેડી પાસે આવ્યો અને ચોકીદાર ગુલામ "રબાહ"થી પૂછયું કે, તમે મારા માટે અંદર આવવાની મંજૂરી માગો. રબાહે પાછા આવીને જવાબ આપ્યો કે મેં કહી દીધું છે પરંતુ આપે કોઈ જવાબ આપ્યો નથી. મારી મુંઝવણ બેચેની ઔર વધી ગઈ અને મેં દરબાનને ફરી પરવાનગી માગવાની દરખાસ્ત કરી. આમ છતાં કોઈ જવાબ ન મળ્યો, ત્યારે મેં ઊંચા અવાજે કહ્યું, હે રબાહ ! તમે મારું નામ લઈને પરવાનગી માંગો. કદાચ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખ્યાલ હોય કે હું મારી પુત્રી હફ્સા માટે કોઈ ભલામણ લઈને આવ્યો છું. તમે કહી દો કે ખુદાના સોગંદ ! જો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم મને હુકમ ફર્માવે તો હું હમણાં જ મારી તલવારથી મારી પુત્રીની ગરદન ઉડાવી દઉં. ત્યારબાદ મને રજા મળી. જ્યારે હું બારગાહે રિસાલતમાં પહોંચ્યો ત્યારે મારી આંખોએ એ દશ્ય જોયું કે આપ એક વાણની ખાટ પર પડયા છે અને આપના કોમળ શરીર પર એના નિશાન પડી ગયા છે. પછી મેં નજર ઉઠાવીને આમ તેમ જોયું, ત્યારે એક તરફ થોડાક જવ રાખેલા હતા અને એક તરફ એક ખાલ ખીંટી પર લટકેલી હતી. તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખજાનાની આ સામગ્રી જોઈને મારું દિલ દ્રવી ઉઠયું અને મારી આંખોએ આંસૂં આવી ગયાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા રોવાનું કારણ પૂછયું, ત્યારે મેં કહ્યું, યા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આના કરતાં વધારે રોવાનો બીજો ક્યો પ્રસંગ હોઈ શકે ? કે કૈસરો કિસરા ખુદાના દુશ્મન તો નેઅમતોમાં ડૂબેલા ભોગ વિલાસનું જીવન જીવી રહ્યા છે અને આપ ખુદાના રસૂલે મુઅઝ્ઝમ હોવા છતાં આવી હાલતમાં છો. આપે ફર્માવ્યું કે, હે ઉમર ! તમે એના પર રાજી નથી કે કૈસરો કિસરા દુનિયા લે અને અમે આખિરત ?!

ત્યારબાદ મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને રિઝવવા માટે કંઈક બીજી વાતચીત પણ કરી, ત્યાં સુધી કે મારી વાત સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હોઠ પર સ્મિત રેલાવા લાગ્યું, ત્યારે મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપે પોતાની પુનિત પત્નીઓને તલાક આપી દીધી છે ?! આપે ફર્માવ્યું,

ના ! મને એટલી ખુશી થઈ કે પ્રસન્નતાના આવેશમાં મેં તકબીરનો નારો લગાડયો. પછી મેં એ વિનંતિ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم સહાબાએ કિરામ મસ્જિદમાં દુ:ખી થઈ રોતા બેઠા છે જો પરવાનગી હોય તો હું જઈને એમના ખબર આપી દઉં કે તલાકની વાત તદ્દન ખોટી છે. પરિણામે મને મંજૂરી મળી ગઈ અને મેં જ્યારે આવીને સહાબાએ કિરામને એ ખબર આપી ત્યારે તેઓ ખુશ થઈ હર્ષઘેલા થઈ ગયા. બધાને સાંત્વન અને શાંતિ મળી.

જ્યારે એક મહિનો પસાર થઈ ગયો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રતિજ્ઞા પૂરી થઈ ગઈ, ત્યારે આપ મેડી ઉપરથી ઉતર્યા. ત્યારબાદ આયતે તખય્યુર નાઝિલ થઈ જે આ પ્રમાણે છે :–

يَاأَيُّهَا النَّبِيُّ قُلْ لِأَزْوَاجِكَ
إِنْ كُنْتُنَّ تُرِدْنَ الْحَيٰوةَ الدُّنْيَا
وَزِيْنَتَهَا فَتَعَالَيْنَ أُمَتِّعْكُنَّ وَ
أُسَرِّحْكُنَّ سَرَاحًا جَمِيْلًا ۝ وَ
إِنْ كُنْتُنَّ تُرِدْنَ اللّٰهَ وَرَسُوْلَهُ
وَالدَّارَ الْاٰخِرَةَ فَإِنَّ اللّٰهَ
أَعَدَّ لِلْمُحْسِنٰتِ مِنْكُنَّ أَجْرًا
عَظِيْمًا ۝ سورہ احزاب

હે નબી ! પોતાની પત્નીઓને કહી દો કે જો તમે દુનિયાની જિંદગી અને સુખાકારી ચાહો છો તો આવો. હું તમને કંઈક માલ આપું અને સારી રીતે છોડી દઉં અને જો તમે અલ્લાહ અને એના રસૂલ અને આખિરતનું ઘર ચાહો છો તો બેશક ! અલ્લાહે તમારા નેકીવાળીઓ માટે બહુ મોટો બદલો તૈયાર કરી રાખ્યો છે. *(સૂરએ અહઝાબ)*

આ આયતનો ટૂંકસાર એ છે કે, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખુદાવંદે કુદુસે આ આદેશ આપ્યો છે કે, આપ પોતાનિ પવિત્ર પત્નીઓને જાણ કરી દો કે બે વસ્તુઓ તમારી સામે છે : એક દુનિયાનો સાઝ શણગાર અને સુખાકારી, બીજી આખિરતની નેઅમત. જો તમે દુનિયાનો સાઝ શણગાર ઈચ્છો છો તે પૈગંબરી જિંદગી કેમ કે તદ્દન સંયમી જિંદગી છે આથી પૈગંબરના ઘરમાં તમને આ દુનિયાની સુખ સગવડો અને સાઝ શણગાર તમારી મરજી મુજબ નહીં મળે, આથી તમે બધા મારાથી જુદાઈ મેળવી લો. હું તમને વિદાયના કપડાં પહેરાવી અને કંઈક માલ આપીને વિદાય કરી દઈશ અને જો તમને ખુદા, રસૂલ અને આખિરતની નેઅમતોની ઝંખના હોય તો પછી રસૂલે ખુદાના કૃપાળુ પાલવ સાથે વળગેલી રહો. ખુદાએ





તમો નેકી કરનારીઓ માટે બહુ જ મોટો સવાબ અને બદલો તૈયાર કરી રાખ્યો છે, જે તમને આખિરતમાં મળશે. *(બુખારી શરીફ, કિતાબુત્તલાક, કિતાબુલ ઈલ્મ, કિતાબુલ્ લિબાસ)*

આ આયત નાઝિલ થયા પછી સૌથી પહેલા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત બીબી આયશા رضی اللہ عنہا પાસે ગયા અને ફર્માવ્યું કે, હે આઈશા ! હું તમારી સામે એક વાત મૂકું છું પરંતુ તમે એના જવાબમાં ઉતાવળ ન કરજો અને તમારા માતા પિતા સાથે સલાહ મસલત કરીને મને જવાબ આપજો. ત્યારબાદ આપે ઉપરોક્ત તખય્યુરની આયત તિલાવત ફર્માવીને એમને સંભળાવી, તો એમણે તરત જ જવાબ આપ્યો કે, **યા રસૂલલ્લાહ ! ફફી અય્યી હાઝા અસ્તામિરુ અ બ વય ય ફઈન્ની ઉરીદુલ્લાહ વ રસૂલહુ વદ્દારલ્ આખિરહ.**

આ મામલામાં શું હું મારા માતા પિતા સાથે સલાહ મસલત કરું, હું અલ્લાહ અને એના રસૂલ અને આખિરતના ઘરને ઈચ્છું છું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૭૯૨)*

પછી આપે એક પછી એક બધી જ પુનિત પત્નીઓથી અલગ અલગ આયતે તખય્યુર સંભળાવીને સૌને અધિકાર આપ્યો અને સૌએ એ જ જવાબ આપ્યો જે હઝરત આઈશા رضی اللہ عنہا એ જવાબ આપ્યો હતો.

અલ્લાહુ અકબર ! આ પ્રસંગે એ વાતની સૂર્ય કરતાં વધુ પ્રકાશિત દલીલ છે કે, પુનિત પત્નીઓને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જાતથી કેટલો ગાઢ પ્રેમ અને અપાર સ્નેહ હતો કે કેટકેટલીય શોક્યોની હાજરી, નબુવ્વતના ઘરની સાદી અને સંયમી જીવન રીતિ તેમજ તંગી તકલીફવાળું જીવન છતાં આ અમીર પુત્રીઓએ એક પળ માટે પણ રસૂલના કૃપાળુ પાલવથી જુદાઈ પસંદ ન કરી.

## ★ એક ગેરસમજનું નિવારણ ★

હદીષોની રિવાયતો અને તફસીરોમાં "ઈલા" આયતે તખય્યુર અને હઝરત આઈશા અને હઝરત હફ્સા દ્વારા "રહસ્ય છતું થવું", આ પ્રસંગોને સામાન્ય રીતે અલગ અલગ આ રીતે બયાન કરવામાં આવ્યું છે કે, જાણે આ વિવિધ યુગોના વિવિધ બનાવો છે. આનાથી એક અલ્પજ્ઞાની અને

અલ્પ બુદ્ધિ અને જાહેરબીન માનવીને એ ગેરસમજ થઈ શકે છે કે, કદાચ રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપની પુનિત પત્નીઓના સંબંધો સારા ન હતા અને ક્યારેક ઈલા, ક્યારેક તખય્યુર, ક્યારેક દેખાવ હંમેશ એકને એક ઝઘડો થતો રહેતો પરંતુ ઈલ્મવાળાઓથી છૂપું નથી કે આ ત્રણે પ્રસંગો એક જ બાબતની કડીઓ છે. આથી બુખારી શરીફની કેટલીક રિવાયતો ખાસ કરીને બુખારી કિતાબુન્નિકાહમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ની જ વિસ્તૃત રિવાયત છે એમાં સ્પષ્ટ રીતે સમજૂતી આપી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ઈલા કરવું અને પુનિત પત્નીઓથી અલગ થઈ મેડી પર એકાંતવાસો કરવો, હઝરત આઈશા رضی اللہ عنہا અને હઝરત હફ્સા رضی اللہ عنہا દ્વારા રહસ્ય છતું થવું, આયતે તખય્યુરનું ઉતરવું, આ બધા પ્રસંગો એકબીજાથી સંકળાયેલા અને જોડાયેલા છે અને એક જ સમયમાં બન્યા છે.

નહીંતર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપની પુનિત પત્નીઓના સારા સંબંધો જેટલા પ્રેમાળ અને સ્નેહાળ રહ્યા છે, કયામત સુધી એનું ઉદાહરણ નહીં મળી શકે અને નબુવ્વતની પવિત્ર જિંદગીના અસંખ્ય પ્રસંગોએ મહોબ્બત અને પ્રેમના સંબંધે સાક્ષી છે જે સીરત અને હદીષોના પુસ્તકોમાં આકાશના તારાઓની જેમ ચમકે છે અને પ્રેમની વાર્તાઓના ઉદ્યાનોમાં વસંત ઋતુના પુષ્પોની જેમ મહેકે છે.

اللھم صل علی سیدنا محمد وعلی اٰلہ واصحابہ وازواجہ الطاہرات
امہات المؤمنین ابد الآبدین برحمتک یا ارحم الراحمین۔

## ★ પદાધિકારીઓની નિયુક્તિ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિ. ૯ મુહર્રમના મહિનામાં ઝકાત અને સદકાઓની ઉઘરાણી માટે પદાધિકારીઓ (આમિલો) અને સરદારો વિભિન્ન કબીલાઓ તરફ રવાના કર્યા. એ અધિકારીઓ અને સરદારોની યાદી અત્રે વિશિષ્ટ રીતે રજૂ કરી છે જે ઈબ્ને સઅદે વર્ણવેલ છે.

૧. હઝરત ઉયૈના બિન હિસ્ન رضی اللہ عنہ ને બની તમીમ તરફ.

૨. હઝરત યઝીદ બિન હુસૈન رضی اللہ عنہ ને અસ્લમ અને ગિફાર તરફ.





૩. હઝરત ઉબ્બાદ બિન બિશ્ર رضی اللہ عنہ ને સુલૈમ અને મુઝૈના તરફ

૪. હઝરત રાફેઅ બિન મકીસ رضی اللہ عنہ ને જુહૈના તરફ.

૫. હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ ને ફઝારહ તરફ.

૬. હઝરત ઝહ્હાક બિન સુફયાન رضی اللہ عنہ ને બની કલાબ તરફ.

૭. હઝરત બિશ્ર બિન સુફયાન رضی اللہ عنہ ને બની કઅબ તરફ.

૮. હઝરત ઈબ્ને લુબ્બૈયા رضی اللہ عنہ ને બની ઝુબ્યાન તરફ.

૯. હઝરત મુહાજિર બિન અબી ઉમૈયા رضی اللہ عنہ ને સુન્આ તરફ.

૧૦. હઝરત ઝિયાદ બિન લબીદ અન્સારી رضی اللہ عنہ ને હજમૂત તરફ.

૧૧. હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ ને કબીલા તય અને બની સઅદ તરફ.

૧૨. હઝરત માલિક બિન નુવૈરહ رضی اللہ عنہ ને બની હિન્ઝલા તરફ.

૧૩. હઝરત ઝબરકાન رضی اللہ عنہ ને બની સઅદના અડધા ભાગ તરફ.

૧૪. હઝરત કૈસ બિન આસિમ رضی اللہ عنہ ને બની સઅદના બીજા અડધા ભાગ તરફ.

૧૫. હઝરત અલા બિન અલ્ હઝરમી رضی اللہ عنہ ને બેહરીન તરફ.

૧૬. હઝરત અલી رضی اللہ عنہ ને નજરાન તરફ.

આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સરદારો અને પદાધિકારીઓ છે જેમને આપે ઝકાત અને સદકાઓ તેમજ લગાન વસૂલ કરવા માટે નિયુક્ત કર્યા હતા. *(અસ્સહુસ્સિયાર, પેજ–૩૩૫)*

## ★ બની તમીમનું પ્રતિનિધિ મંડળ ★

મોહર્રમ, હિ. ૯ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બિશ્ર બિન સુફયાન رضی اللہ عنہ ને બની ખુઝાઆના સદકાઓ વસૂલ કરવા માટે મોકલ્યા. તેમણે સદકાઓ વસૂલ કરી ભેગા કર્યા અને અચાનક એમના પર બની તમીમે હુમલો કરી દીધો. તેઓ તેમના પ્રાણ બચાવીને ગમે તેમ મદીના આવી ગયા અને આખી ઘટના સંભળાવી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બની તમીમને કચડી

નાખવા માટે હઝરત ઉયૈના બિન હિસ્ન ફિઝારી رضی اللہ عنہ ને પચાસ સવારો સાથે મોકલ્યા. તેમણે બની તમીમ પર એમના રણમાં હુમલો કરીને એમના અગ્યાર પુરુષો, એકવીસ સ્ત્રીઓ અને ત્રીસ છોકરીઓને પકડી લીધા અને એ સૌ કેદીઓને મદીના લાવ્યા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૪૩)*

ત્યારબાદ બની તમીમનું એક પ્રતિનિધિ મંડળ મદીના આવ્યું જેમાં કબીલાના મોટા મોટા સરદારો હતા. અને એમના સૌથી મોટો સરદાર અકરઅ બિન હાબિસ અને એમનો પ્રવકતા ઉતારદ અને શાયર ઝબર્કાન બિન બદ્ર પણ એ પ્રતિનિધિ મંડળમાં સાથે આવ્યા હતા. તેઓ સૌ ધડાધડી કરતા નબીના ઘર સુધી પહોંચી ગયા અને ચીસાચીસ કરવા લાગ્યા કે આપે અમારી સ્ત્રીઓ અને બાળકોને ક્યા અપરાધમાં કેદમાં પકડયાં છે ? એ સમયે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત આઈશા رضی اللہ عنہا ના હુજરએ મુબારકમાં કેલૂલા (બપોરે આરામ) ફર્માવી રહ્યા હતા. હઝરત બિલાલ અને અન્ય સહાબા رضی اللہ عنہ એ એમને દરેક રીતે રોક્યા કે નબીના ઘર પાસે શોરબકોર ન કરે, ઝોહરની નમાઝ માટે પોતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મસ્જિદમાં આવવાના છે. પરંતુ એ લોકો માન્યા નહીં અને બૂમાબૂમ કરતા રહ્યા જ્યારે આપ બહાર આવીને મસ્જિદે નબવીમાં પધાર્યા ત્યારે બની તમીમના મુખ્ય સરદાર અકરઅ બિન હાબિસે કહ્યું કે :–

"હે મુહમ્મદ ! અમને પરવાનગી આપો કે આપણે ચર્ચા કરીએ કેમ કે અમે એ લોકો છીએ કે જેના વખાણ કરી દઈએ તે શુદ્ધ અને નિર્દોષ થઈ જાય છે અને જેને વખોડી કાઢીએ તે કલંકિત થઈ જાય છે."

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમે ખોટું કહો છો ! એ ખુદાવંદે તઆલાની જ શાન છે કે એની પ્રશંસા શોભા અને એની વખોડણી કલંક છે. તમે કહો કે તમારો હેતું શું છે ? આ સાંભળીને બની તમીમ કહેવા લાગ્યા કે અમારા પ્રવકતા અને અમારા શાયરને લઈને અહીં આવ્યા છીએ જેથી અમે અમારા ગૌરવશાળી કારનામાઓ બયાન કરીએ અને આપ પોતાના ગૌરવ પ્રવકતાને રજૂ કરો. આપે ફર્માવ્યું કે ન તો હું શેઅર શાયરી માટે મોકલવામાં આવ્યો છે, ન તો આવા પ્રકારે પરસ્પર ગૌરવ કરવાનો મને અલ્લાહ તરફથી આદેશ મળ્યો છે. હું તો ખુદાનો રસૂલ છું, આમ





છતાં જો તમે એ જ ઈચ્છતા હોઉં તો હું તૈયાર છું. આ સાંભળતાં જ અકરઅ બિન હાબિસે તેના પ્રવકતા અતારદ તરફ ઈશારો કર્યો. તેણે ઊભા થઈને તેના પરાક્રમો અને પૂર્વજોના પ્રશંસા ગાનમાં ખૂબ જ અલંકારિક અને શૃંગારિત ભાષામાં સંબોધન કર્યું. આપે અન્સારના પ્રવકતા હઝરત ષાબિત બિન કૈસ બિન શુમ્માસ رضی اللہ عنہ ને જવાબ આપવાનો હુકમ આપ્યો. તેમણે ઊભા થઈને તરત જ સ્પષ્ટ અને પ્રભાવશાળી ભાષામાં અસરકારક સંબોધન કર્યું કે, બની તમીમી એમની વાણી અને ગૌરવતાની મહાનતા સાંભળીને સ્તબ્ધ થઈ ગયા અને એમનો પ્રવકતા અતારદ પણ દિગમૂઢ થઈ શરમાઈ ગયો. પછી બની તમીમનો શાયર ઝબર્કાન બિન બદ્ર ઉભો થયો. તેણે એક કસીદો પઢયો. આપે હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ ને ઈશારો કર્યો તો તેમણે તરત જ એક એવો કલાત્મક, સ્પષ્ટ અને અલંકારિક ભાષામાં કસીદો પઢયો કે બની તમીમનો શાયર ચકિત થઈ ગયો. અંતે અકરમ બિન હાબિસ કહેવા લાગ્યો કે, ખુદાના સોગંદ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગયબથી એવી મદદ અને સમર્થન મળી ગયું છે કે દરેક શ્રેષ્ઠતા અમારા પ્રવકતા કરતાં વધારે સ્પષ્ટ અને અલંકારશાસ્ત્રી છે અને એમનો શાયર અમારા શાયર કરતાં ચઢિયાતો છે. આથી ન્યાયની વાત એ છે કે અમે એમની સામે માથું નમાવીએ છીએ. આથી આ લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આજ્ઞાંકિત અને તાબેદાર થઈ ગયા તેમજ કલમો પઢીને મુસલમાન થઈ ગયા. પછી એ લોકોની દરખાસ્ત પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના કેદીઓને મુક્ત કરી દીધા. આ લોકો એમના કબીલામાં પાછા જતા રહ્યા. એ જ લોકો બાબતે કુર્આન મજીદની આ આયત નાઝિલ થઈ કે :–

اِنَّ الَّذِیْنَ یُنَادُوْنَکَ مِنْ وَّرَآءِ الْحُجُرٰتِ اَکْثَرُھُمْ لَا یَعْقِلُوْنَ ۝ وَلَوْ اَنَّھُمْ صَبَرُوْا حَتّٰی تَخْرُجَ اِلَیْھِمْ لَکَانَ خَیْرًا لَّھُمْ ؕ وَ اللّٰہُ غَفُوْرٌ رَّحِیْمٌ ۝ (حجرات)

–(સૂરએ હુજુરાત)

"બેશક ! એ જે આપને હુજરાઓ બહારથી બોલાવે છે એમનામાં મહદઅંશે બુદ્ધિ વગરના છે અને જો તેઓ ધૈર્ય રાખતા એટલે સુધી આપ એમની પાસે આવતો તો તે એમના માટે બેહતર હતું, અને અલ્લાહ ક્ષમા આપનારો કૃપાળુ છે." *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૩૨ અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૪૪)*

## ★ હાતિમ તાઈની પુત્રી અને પુત્ર મુસલમાન ★

રબીઉલ આખિર હિ. ૯ માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના નેજા હેઠળ એકસો પચાસ સવારોને એ કારણે મોકલ્યા કે તેઓ તે કબીલાના મૂર્તિગૃહને ધ્વસ્ત કરી દે, તેમણે શહેર કુલસમાં જઈને ઉપાસના ગૃહ તોડી નાખ્યું અને અમુક ઊંટ અને બકરીઓને પકડી તેમજ અમુક સ્ત્રીઓને કેદ કરીને મદીના લાવ્યા. એ કેદીઓમાં પ્રખ્યાત હાતિમ તાઈની પુત્રી પણ હતી. હાતિમ તાઈનો પુત્ર અદી બિન હાતિમ ભાગીને સીરિયા જતો રહ્યો. હાતિમ તાઈની પુત્રી જ્યારે બારગાહે રિસાલતમાં હાજર કરવામાં આવી ત્યારે એણે કહ્યું કે, હે રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું હાતિમ તાઈની પુત્રી છું, મારા પિતાનું મૃત્યું થઈ ગયું છે અને મારો ભાઈ મને મૂકીને ભાગી ગયો, હું વૃદ્ધા છું. આપ મારા પર ઉપકાર કરો. ખુદા આપ પર ઉપકાર કરશે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને છોડી દીધાં અને મુસાફરી માટે એક ઊંટ પણ એનાયત કર્યો. તેઓ મુસલમાન થઈને અદી બિન હાતિમ પાસે પહોંચ્યાં અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબવી આચરણથી વાકેફ કર્યો અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બહુ જ પ્રશંસા કરી. અદી બિન હાતિમ તેની બહેનના મોઢે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઉચ્ચતમ સ્વભાવ અને પ્રકૃતિ અંગે સાંભળીને અતિ પ્રભાવિત થયો અને કોઈપણ રક્ષણ માંગ્યા વગર મદીનામાં હાજર થઈ ગયો. લોકોએ બારગાહે નબુવ્વતમાં એ ખબર આપી કે, અદી બિન હાતિમ આવી ગયો છે. હુઝૂર રહ્‌મતુલ્‌લિલ્‌ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ અતિ દયાળુ અંદાજથી અદી બિન હાતિમના હાથને પોતાના રહમતી હાથમાં લઈ લીધો અને ફર્માવ્યું કે, હે અદી ! તમે ક્યા કારણસર ભાગ્યા ? શું **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહેવાથી તમે ભાગ્યા ? શું ખુદા સિવાય કોઈ અન્ય પૂજનીય પણ છે ?! અદી બિન હાતિમ કહ્યું કે, ના ! પછી કલમો પઢી લીધો અને મુસલમાન થઈ ગયા. એમના ઈસ્લામ કબૂલ કરવાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એટલી ખુશી થઈ કે પ્રસન્નતાને કારણે આપનો મુબારક ચહેરો ચમકવા લાગ્યો અને આપે એમને ખાસ એનાયતથી નવાજ્યા.

હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ પોતાના પિતા હાતિમની જેમ બહુ મોટા દાની હતા. હઝરત ઈમામ અહમદથી રિવાયત છે કે કોઈએ એમનાથી એકસો દિરહમ માંગ્યા તો તેઓ નારાજ થઈ ગયા અને કહ્યું કે,





તમે માત્ર એકસો દિરહમ જ મારાથી માંગ્યા ! તમે નથી જાણતા કે હું હાતિમનો પુત્ર છું. ખુદાના સોગંદ ! હું તમને આટલી નજીવી રકમ નહીં આપું. તેઓ ખૂબ જ મહાન સહાબી છે. સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના ખિલાફતકામાં જ્યારે ઘણા કબીલાઓએ તેમની ઝકાત થંભાવી દીધી અને ઘણા અધર્મી થઈ ગયા. તેઓ એ સમયમાં પણ પહાડની જેમ ઈસ્લામ પર અડગ રહ્યા અને પોતાની કૌમની ઝકાત લાવીને બારગાહે ખિલાફતમાં રજૂ કરી ઈરાકના વિજયો અને અન્ય ઈસ્લામી જેહાદોમાં મુજાહિદોમાં મુજાહિદ રૂપે સામેલ થયા અને હિ. ૮ માં એકસો વીસ વર્ષની વયે મૃત્યુ પામ્યા. અને સિહાહે સિત્તાના દરેક પુસ્તકમાં આપની રિવાયત કરેલી હદીષો મૌજૂદ છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૫૩, મદારિજ, ભાગ–૨, પેજ–૩૩૭)*

## ★ ગઝવએ તબૂક ★

"તબૂક" મદીના અને સીરિયા વચ્ચે એક સ્થળનું નામ છે જે મદીનાથી ચૌદ મંઝિલો દૂર છે. કેટલાક ઈતિહાસકારોનું બયાન છે કે તબૂક એક કિલ્લાનું નામ છે અને અમુકનું કથન છે કે તબૂક એક ઝરણાનું નામ છે, શક્ય છે કે આ બધી વસ્તુઓ મૌજૂદ હોય. એ યુદ્ધ સખત દુષ્કાળના દિવસોમાં થયું. લાંબી મુસાફરી, ગરમ પવન, સવારીઓ ઓછી, ખાવા પીવાની તકલીફ, સૈનિકોની વિશાળ સંખ્યા, આથી આ યુદ્ધમાં મુસલમાનોને જબરદસ્ત તંગી અને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. એ જ કારણ છે કે આ યુદ્ધને "જયૂશુલ ઉસરહ" (મુશ્કેલીઓનું યુદ્ધ) પણ કહે છે અને કેમ કે મુનાફિકોને આ યુદ્ધમાં મોટુ અપમાન અને બેઈજ્જતીનો સામનો કરવો પડયો તેથી તેનું નામ "ગઝવએ ફાઝિહા" (અપમાનિત કરનાર યુદ્ધ) પણ છે. આના પ્રત્યે તમામ ઈતિહાસકારોની સર્વસંમતિ છે કે, આ યુદ્ધ માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિ. ૯ રજબ મહિનામાં જુમેરાતના રોજ રવાના થયા.

## ★ ગઝવએ તબૂકનું કારણ ★

અરબનું ગસ્સાની કુટુંબ જે રોમના કૈસરના તાબા હેઠળ સીરિયા પર શાસન ચલાવતું હતું. કેમ કે તે ખ્રિસ્તી હતો તેથી રોમના કૈસરે એને પોતાનો કાર્ય સાધક બનાવીને મદીના પર હુમલાનો સંકલ્પ કરી લીધો.

આથી સીરિયાના જે સોદાગરો જેતૂનનું તેલ વેચવા મદીના આવ્યા કરતા હતા તેમણે ખબર આપી કે રોમના કેસરની હુકૂમતે સીરિયામાં મોટું લશ્કર ભેગું કરી લીધું છે અને લશ્કરમાં રોમનો ઉપરાંત લખમ અને જુઝામના કબીલાઓ તથા ગસ્સાનના બધા આરબો પણ સામેલ છે. એ વાતની સમગ્ર અરબમાં ચારેબાજુ ચર્ચા હતી. રોમનોની ઈસ્લામ દુશ્મની કોઈનાથી છૂપાયેલી નથી. આથી એ ખબરોને નઝરઅંદાઝ કરવાનું પણ કોઈ કારણ ન હતું. આથી હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પણ લશ્કરની તૈયારીનો આદેશ આપી દીધો.

પરંતુ અમે લખી ચૂક્યા છીએ કે એ સમયગાળા દરમ્યાન પવિત્ર હિજાઝમાં સખત દુષ્કાળ હતો અને અતિશય ગરમી પડી રહી હતી જેના કારણે લોકોને ઘરથી બહાર નીકળવું આકરું લાગતું હતું. મદીનાના મુનાફિકો (દંભીઓ) જેમના કપટનો ભાંડો ફૂટી ગયો હતો તેઓ પોતે પણ લશ્કરમાં સામેલ થવાથી મ્હોં છુપાવતા હતા અને બીજાઓને પણ રોકતા હતા. આમ છતાં ત્રીસ હજાર સૈન્ય એકત્રિત થઈ ગયું હતું.

પરંતુ એ બધા મુજાહિદો માટે સવારીઓ અને યુદ્ધની સાધન સામગ્રીની વ્યવસ્થા કરવી એક મુશ્કેલ કાર્ય હતું. કેમ કે લોકો દુષ્કાળના કારણે બહુ જ દુર્દશાગ્રસ્ત અને હેરાન હતા. તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અરબના બધા જ કબીલાઓ પાસેથી લશ્કર અને આર્થિક સહાય માંગી ત્યારથી ઈસ્લામમાં કોઈ ભલાઈના કામ માટે ફાળો ઉઘરાવવાની સુન્નત કાયમ થઈ.

## ★ ફાળો આપનારાઓની યાદી ★

હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ પોતાનો બધો માલ અને ઘરની બધી જ સામગ્રી એટલે સુધી કે શરીરનાં કપડાં સુદ્ધા લાવીને બારગાહે નબુવ્વતમાં આપી દીધાં અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ તેમનો અડધો માલ એ ફાળામાં આપી દીધો. વર્ણવાયેલ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ જ્યારે તેમનો અડધો માલ લઈને બારગાહે અકદસમાં જવા નીકળ્યા ત્યારે પોતાના મનમાં એવો વિચાર કરીને નીકળ્યા આજે હું હઝરત અબૂબક્ર સિદ્દીક કરતાં આગળ વધી જઈશ. કેમ કે એ દિવસે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ પાસે





સંજોગોવશાત અઢળક માલ હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ને પૂછયું કે, હે ઉમર ! કેટલો માલ અહીં લાવ્યા છો ? અને કેટલો બાકી રાખ્યો ? અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અડધો માલ સેવામાં હાજર છે અને અડધો માલ બાલબચ્ચા માટે ઘરમાં રાખ્યો છે. અને જયારે આ જ પ્રશ્ન પોતાના ગુફાના સાથી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને પૂછયો ત્યારે તેમણે અર્ઝ કરી કે, **"ઈદ્દખર્તુલ્લાહ વરસૂલુહુ"** મેં અલ્લાહ અને રસૂલને પોતાના ઘરની સામગ્રી બનાવી દીધી છે. આપે ફર્માવ્યું કે, "મા બયન કુમા કલિમ મ તય કુમા" તમારા બંનેમાં એટલો જ ફર્ક છે જેટલો તમારા બંનેની વાતોમાં ફર્ક છે.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ એક હજાર ઊંટ અને સિત્તેર ઘોડાઓ મુજાહિદોની સવારી માટે અને એક હજાર અશરફી લશ્કરના ખર્ચ માટે પોતાની બાંયોમાં ભરીને લાવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખોળામાં ધરી દીધા. આપે એનો સ્વીકાર કરી આ દુઆ ફર્માવી : " અલ્લાહુમ્મર્દ અન ઉષ્માન ફઈન્ની અન્હુ રાદ્દિન." હે અલ્લાહ ! તું ઉષ્માનથી રાજી થઈ જા, કેમ કે હું એનાથી ખુશ થઈ ગયો છું.

હઝરત અબ્દુર્રહ્‌માન બિન ઔફ رضی اللہ عنہ એ ચાલીસ હજાર દિરહમ આપ્યા અને અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરમાં હાલમાં એંસી હજાર દિરહમ હતા. અડધા બારગાહે અકદસમાં લાવ્યો છું અને અડધા ઘરે બાલબચ્ચાઓ માટે છોડી દીધા છે. ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એમાં બરકત આપે જે તમે લાવ્યો છો અને એમાં પણ બરકત આપે જે ઘરે રાખીને આવ્યા છો. એ નબીની દુઆની અસર થઈ કે હઝરત અબ્દુર્રહ્‌માન બિન ઔફ رضی اللہ عنہ બહુ જ ધનવાન બની ગયા.

એ જ રીતે બધા જ અન્સાર અને મુહાજિરોએ યથાશક્તિ એમાં ફાળો આપ્યો. સ્ત્રીઓએ તેમનાં ઘરેણાં ઉતારી ઉતારીને બારગાહે નબુવ્વતમાં આપવાનું સદ્‌ભાગ્ય મેળવ્યું.

હઝરત આસિમ બિન અદી رضی اللہ عنہ એ કેટલાય મણ ખજૂરો આપી અને હઝરત અબૂ અકીબ رضی اللہ عنہ જેઓ બહુ જ ગરીબ હતા માત્ર એક "સાઅ" ખજૂરો લઈ હાજર થયા અને વિનંતિ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં આખો દિવસ પાણી ભરી ભરીને મજૂરી કરી ત્યારે બે "સાઅ"

ખજૂરો મને મહેનતાણામાં મળી છે, એક સાઅ પરિવાર માટે રાખી અને એક સાઅ આપની સેવામાં હાજર છે. હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીનનું કોમળ હૃદય પોતાના એક ગરીબ જાંનિષારના એ નિખાલસ નજરાણાથી બહુ જ પ્રભાવિત થયું અને આપે એ ખજૂરો બધા જ માલની ઉપર મૂકી દીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૪૫ થી ૩૪૬)*

## ★ લશ્કરની તૈયારી ★

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની રીત એવી હતી કે યુદ્ધોના મામલામાં બહુ જ ગુપ્તતા સાથે તૈયારી કરતા હતા, ત્યાં સુધી કે ઈસ્લામી સૈન્યને ચોક્કસ સમય સુધી એ પણ જાણ થતી ન હતી કે ક્યાં અને કઈ બાજુ જવાનું છે ?! પરંતુ તબૂકના યુદ્ધ સમયે બધી જ વ્યવસ્થા જાહેરમાં થઈ અને એ પણ જણાવી દીધું કે તબૂક જવાનું છે અને રોમના કૈસરના સૈન્ય સામે યુદ્ધ લડવાનું છે જેથી લોકો વધુમાં વધુ તૈયારીઓ કરી લે. હઝરત સહાબાએ કિરામે જેમ કે લખાયું છે તેમ મન મૂકીને ફાળો આપ્યો પરંતુ આમ છતાં સમગ્ર લશ્કર માટે સવારીઓની વ્યવસ્થા ન થઈ શકી. જેથી ઘણા જાંબાઝ મુસલમાનો આ જ કારણસર જેહાદમાં સામેલ ન થઈ શક્યા કેમ કે એમની પાસે મુસાફરીનું ભાથું ન હતું. આ લોકો દરબારે રિસાલતમાં સવારી માંગવા માટે હાજર થયા. પરંતુ જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારી પાસે સવારી નથી. તો તેઓ તેમની સાધન સામગ્રી હીનતા પર એવા પોક મૂકીને રોયા કે હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમના કલ્પાંત અને વ્યાકૂળતા પર દયા આવી ગઈ. આથી કુર્આન મજીદ સાક્ષી છે કે :–

وَلَا عَلَى الَّذِيْنَ اِذَا مَاۤ اَتَوْكَ لِتَحْمِلَهُمْ قُلْتَ لَاۤ اَجِدُ مَاۤ اَحْمِلُكُمْ عَلَيْهِ تَوَلَّوْا وَّ اَعْيُنُهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ حَزَنًا اَلَّا يَجِدُوْا مَا يُنْفِقُوْنَ ؕ

"અને ન તો એ લોકો પર કંઈ વાંધો છે કે જ્યારે તેઓ (હે રસૂલ !) આપની પાસે આવ્યા કે અમને સવારી આપો અને આપે કહ્યું કે મારી પાસે કોઈ વસ્તુ નથી જેના પર તમને સવાર કરું, ત્યારે તમે પાછા જતા રહ્યા અને એમની આંખોમાંથી અશ્રુ વહી રહ્યાં હતાં કે અફસોસ! અમારી પાસે ખર્ચ નથી." *(સૂ. તૌબા)*





## ★ તબૂક જવા રવાનગી ★

આખરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ત્રીસ હજારના સૈન્ય સાથે તબૂક જવા રવાના થયા અને મદીનાની વ્યવસ્થા કરવા માટે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને પોતાના ખલીફા બનાવ્યા જ્યારે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ભગ્ન હૃદયે કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપ મને સ્ત્રીઓ અને બાળકોમાં મૂકી પોતે જિહાદ માટે જઈ રહ્યા છો ?! તો ફર્માવ્યું કે :–

અલા તર્દા અન તકૂન મિન્ની બિમન્ઝિલતિ હારૂન મિમ્ મૂસા ઈલ્લા અન્નહુ લૈસ નબીય્યુન્ બઅદી. *(કારી : ભાગ–૨, પેજ–૬૩૩, ગઝવએ તબૂક)*

શું તમે આના પર રાજી નથી કે તમને મારાથી એ નિસ્બત છે જે હઝરત હારૂન علیہ الصلوٰۃ والسلام ને હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام સાથે હતી. પરંતુ એ કે મારી પછી કોઈ નબી નથી."

**અર્થાત** : જે રીતે મૂસા علیہ الصلوٰۃ والسلام તૂર પર્વત પર જતી વખતે હઝરત હારૂન علیہ الصلوٰۃ والسلام ને પોતાની ઉમ્મત બની ઈસરાઈલની દેખરેખ માટે પોતાના ખલીફા બનાવીને ગયા હતા એ જ રીતે હું તમને મારી ઉમ્મત સોંપીને જિહાદ માટ જઈ રહ્યો છું.

મદીનાથી નીકળીને "સનીતુલ વિદાઅ" મુકામે આપે પડાવ નાખ્યો અને લશ્કરનું નિરીક્ષણ કર્યું અને લશ્કરની જમણી ડાબી ટુકડી કરી નિર્ધારીત કરી. ત્યારબાદ ત્યાંથી કૂચ કરી. મુનાફિકો જુદા જુદા જૂઠાણા અને બહાનાઓ બનાવીને રહી ગયા અને નિખાલસ મુસલમાનોમાંથી પણ કેટલાક રોકાઈ ગયા એમનામાં આ લોકો હતા. કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમૈયા, મુરારહ બિન રબીઅ, અબૂ ખૈશુમા, અબૂઝર ગિફારી رضوان اللہ تعالیٰ علیہم اجمعین એમનામાંથી અબૂ ખૈશુમા અને અબૂઝર ગિફારી رضی اللہ عنہما તો પાછળથી જઈને જિહાદમાં સામેલ થઈ ગયા. પરંતુ શરૂના ત્રણ નામોવાળા ગયા નહીં.

હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ નું પાછળ રહી જવાનું કારણ એ હતું કે, એમનો ઘોડો બહુ જ કમજોર અને થાકેલો હતો. તેમણે તેને અમુક દિવસો સુધી ચારો ખવડાવ્યો જેથી તે સ્વસ્થ થઈ જાય. જ્યારે રવાના થયા ત્યારે તે ફરી થાકી ગયો. વિવિશ થઈ પોતાનો સામાન પીઠ પર લાદી નીકળી

પડયા અને ઈસ્લામી લશ્કરમાં સામેલ થઈ ગયા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૧)*

હઝરત ખૈષમા رضی اللہ عنہ જવાનો ઈરાદો ધરાવતા ન હતા. પરંતુ તેઓ એક દિવસે સખત ગરમીમાં ક્યાંક બહારથી આવ્યા ત્યારે એમની પત્નીએ આંગણામાં છત નીચે છંટકાવ કરી રાખ્યો હતો. થોડાક સમય માટે એ છાંયડાવાળી અને ઠંડી જગ્યામાં બેઠા. પછી અચાનક એમના મનમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વિચાર આવી ગયો. તેમણે પત્નીને કહ્યું કે, આ ક્યાંનો ન્યાય છે ? કે હું તો મારા છાપરા નીચે ઠંડક અને છાંયડામાં આરામ અને શાંતિથી બેઠેલો રહું અને ખુદાના પવિત્ર રસૂલ એ તડકાની ગરમી અને સખત લૂની થપાટોમાં મુસાફરી કરતા જિહાદ માટે જઈ રહ્યા હોય. એકદમ એમના પર એ લજ્જા છવાઈ ગઈ કે ભાથા માટે ખજૂરો લઈ એક ઊંટ પર સવાર થઈ ગયા અને ઝડપથી મુસાફરી કરતા રવાના થઈ ગયા. સૈનિકોએ દૂરથી એક ઊંટ સવારને જોયો ત્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે, અબૂ ખૈષમા હશે. આમ તેઓ પણ ઈસ્લામી લશ્કરમાં પહોંચી ગયા. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૭૧)*

માર્ગમાં આદ અને ષમૂદ કૌમની એ વસ્તીઓ હતી જેમાં અલ્લાહના પ્રકોપથી ઉથલપાથલ કરી દેવાઈ હતી. આપે હુકમ આપ્યો કે આ એ જગ્યાઓ છે જ્યાં ખુદાનો પ્રકોપો ઉતર્યો હતો આથી કોઈ શખ્સ અહીં રોકાણ ન કરે, બલ્કે ઝડપથી બધા લોકો અહીંથી મુસાફરી કરી આ અઝાબના વિસ્તારમાંથી બહાર નીકળી જાય અને કોઈ અહીંનું પાણી ન પીએ, ન તો એને કોઈ ઉપયોગમાં લે.

આ યુદ્ધમાં પાણીની તીવ્ર તંગી, સખત ગરમી, સવારીઓની અછતના કારણે મુજાહિદો ઘણી તકલીફો વેઠીને પણ અસલ મંઝિલે પહોંચીને જ રહ્યા.

## ★ માર્ગમાં કેટલાક મો'જિઝાઓ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ ને જોયા કે તેઓ સૌથી અલગ અલગ ચાલી રહ્યા છે ત્યારે ફર્માવ્યું કે, તેઓ સૌથી અલગ ચાલશે અને અલગ જ જીવન ગુજારશે અને અલગ જ મૃત્યુ પામશે. આમ ખરેખર એવું જ બન્યું કે, હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ તેમના





ખિલાફતકાળમાં એમને આદેશ આપી દીધો કે, આપ ''રબઝહ'માં રહો. તેઓ રબઝહમાં તેમની પત્ની અને ગુલામ સાથે રહેવા લાગ્યા. જ્યારે મૃત્યુનો સમય આવ્યો ત્યારે આપે ફર્માવ્યું કે, તમે બંને મને ગુસ્લ આપી અને કફન પહેરાવીને રસ્તામાં મૂકી દેજો, જ્યારે ઊંટ સવારોનું પહેલું જૂથ મારા જનાઝા પાસેથી પસાર થાય ત્યારે તમે એમને કહેજો કે આ અબૂઝર ગિફારીનો જનાઝો છે એમના પર નમાઝે જનાઝા પઢી એમને દફન કરવામાં અમારી મદદ કરો. ખુદાની શાન જુઓ કે સૌથી પહેલો જ કાફલો પસાર થયો એમાં અબ્દુલ્લાહ બિન મસ્ઊદ સહાબી رضی اللہ عنہ હતા. તેમણે જ્યારે આ સાંભળ્યું કે, આ હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ નો જનાઝો છે, તો તેમણે **''ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન.''** પઢ્યું, અને કાફલાને રોકીને ઉતરી પડયા અને કહ્યું કે, તદ્દન સાચું ફર્માવ્યું હતું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે,

''હે અબૂઝર ! તું એકલો ચાલશે, એકલો મરશે, એકલો કબરમાંથી ઊભો થશે.''

ત્યારબાદ હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ અને કાફલાવાળાઓએ એમને પૂરા સન્માન સાથે દફન કર્યા. *(સીરત ઈબ્ને હિશામ, ભાગ–૪, પેજ–૫૨૪, ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૨)*

## ★ પવન ઉડાવી લઈ ગયો ★

ઈસ્લામી લશ્કર ''હજર'' મુકામે પહોંચ્યું ત્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હુકમ આપ્યો કે, કોઈ એકલો લશ્કરથી અલગ થઈ બહાર ક્યાંક દૂર ન જતો રહે. સમગ્ર લશ્કરે આ નબવી હુકમનું પાલન કર્યું. પરંતુ બનૂ સાઈદા કબીલાના બે શખ્સોએ આપનો હુકમ ન માન્યો, એક શખ્સ એકલો જ હાજત માટે લશ્કરથી દૂર જતો રહ્યો. તે બેઠો જ હતો કે કોઈએ એનું ગળું દબાવી દીધું અને તે ત્યાં જ મરી ગયો. બીજો શખ્સ તેનો ઊંટ પકડવા માટે એકલો જ લશ્કરથી દૂર ગયો તો અચાનક પવન ફૂંકાયો અને તેને ઉઠાવીને તેને કબીલાના બંને પહાડો વચ્ચે ફેંકી દીધો તે ત્યાં જ મરી ગયો. આપે એ બંનેનું પરિણામ સાંભળી ફર્માવ્યું કે, શું મેં તમને મનાઈ ન કરી હતી ?! *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૩)*

## ★ ખોવાયેલી ઊંટણી ક્યાં છે ?! ★

એક પડાવ પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمની ઊંટણી ક્યાંક જતી રહી. આ બધા એને શોધવા ફરવા લાગ્યા, ત્યારે એક મુનાફિક જેનું નામ ઝૈદ બિન નુસૈફ હતું તે કહેવા લાગ્યો કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કહે છે કે, હું અલ્લાહનો નબી છું પરંતુ તેમને એટલી ખબર નથી કે એમની ઊંટણી ક્યાં છે ?! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપના સહાબીઓને ફર્માવ્યું કે, એક શખ્સ આવું આવું કહે છે, જો કે ખુદાના સોગંદ ! અલ્લાહ તઆલાના દર્શાવવાથી હું ખૂબ જાણું છું કે, મારી ઊંટણી ક્યાં છે ? તે ફલાણી ખીણમાં છે અને એક ઝાડમાં એની નુકૈલની દોરી ગૂંચવાઈ ગઈ છે. તમે જાઓ અને એ ઊંટણીને મારી પાસે લાવો. જ્યાં લોકો એ સ્થળે પહોંચયા ત્યારે બરાબર એ જ જોયું. એ જ ખીણમાં એ ઊંટણી ઊભી છે અને એની નુકૈલ (લગામ) એક ઝાડની ડાળીમાં ગૂંચવાઈ ગઈ છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૫)*

## ★ તબૂકનું ઝરણું ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام તબૂક નજીક પહોંચ્યા ત્યારે ફર્માવ્યું કે, ઈન્શાઅલ્લાહ તઆલા ! કાલે તમે તબૂકના ઝરણા પર પહોંચશો અને સૂર્ય ઊંચે ચડશે ત્યારે પહોંચશો. પરંતુ કોઈ શખ્સ ત્યાં પહોંચે તો પાણીને હાથ ન લગાડતા. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે બૂટની દોરી જેટલી એમાં એક ધાર વહી રહી હતી. આપે એમાંથી થોડું પાણી મંગાવીને હાથ મ્હોં ધોયા અને એ પાણીમાં કોગળા કર્યા. પછી આજ્ઞા આપી કે આ પાણી ઝરણામાં ઠાલવી દો. લોકોએ જ્યારે એ પાણી ઝરણામાં નાખ્યું ત્યારે ઝરણામાંથી જોરદાર પાણીની મોટી ધાર વહેવા લાગી. અને ત્રીસ હજારનું લશ્કર તેમજ બધા જ પશુઓ એ ઝરણાના પાણીથી ધરાઈ ગયા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૭૬)*

## ★ રોમન લશ્કર ડરી ગયું ! ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તબૂક પહોંચીને પડાવ નાખવાનો હુકમ કર્યો પરંતુ દૂર દૂર સુધી રોમન લશ્કરનું કોઈ ઠેકાણું ન હતું. વાત એમ છે કે, જ્યારે રોમના જાસૂસોએ કૈસરને જાણ કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم





ત્રીસ હજારનું લશ્કર લઈને તબૂકમાં આવી રહ્યા હતા ત્યારે રોમનોના મન પર એથી દહેશત છવાઈ ગઈ કે તેઓ યુદ્ધ કરવા હિંમત હારી ગયા તેમજ તેમના ઘરોમાંથી બહાર ન નીકળી શક્યા.

રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ વીસ દિવસ સુધી તબૂકમાં રોકાણ કર્યું અને આસપાસ ચારે બાજુ ઈલાહી ફોજનો જલાલ દેખાડી અને કાફિરોના હૃદય પર ઈસ્લામનો પ્રભાવ જમાવી મદીના પાછા આવ્યા અને તબૂકમાં કોઈ યુદ્ધ ન થયું.

એ જ મુસાફરીમાં "ઐલા"નો સરદાર જેનું નામ યૂહન્ના હતું તે બારગાહે રિસાલતમાં હાજર થયો અને જિઝિયો (ખંડણી) આપવા રાજી થયો અને □ત ખચ્ચર પણ બારગાહે રિસાલતમાં ભેટ આપ્યું. જેના બદલામાં તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને પોતાની મુબારક ચાદર એનાયત કરી. અને એને એક દસ્તાવેજ લખી આપ્યો તે તેની આસપાસના સમુદ્રથી દરેક પ્રકારનો લાભ ઉઠાવતો રહે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૪૮)*

એ જ રીતે "જરબાઅ" અને "અઝરુહ"ના ઈસાઈઓએ પણ સેવામાં હાજર થઈ જિઝિયો આપવાની સંમતિ દર્શાવી.

ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمએ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને એકસો વીસ સવારો સાથે "દૂમતુલ જંદલ"ના બાદશાહ ઉકૈદિર બિન અબ્દુલ મલિક તરફ રવાના કર્યા અને ફર્માવ્યું કે તે રાત્રિમાં નીલગાયનો શિકાર કરી રહ્યો હશે. તમે એની પાસે પહોંચો ત્યારે એને મારી ન નાખતા બલ્કે એને જીવતો કેદ પકડી મારી પાસે લાવજો. આમ ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ એ અજવાળી રાતમાં ઉકૈદિર અને એના ભાઈ હિસ્સાનને શિકાર કરતી વેળાએ પકડી પાડયો. હિસ્સાને કેમ કે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ સાથે યુદ્ધ શરૂ કર્યું આથી આપે એને કત્લ કરી નાખ્યો પરંતુ ઉકૈદિરને કેદ કરી લીધો અને એ શરતે મુક્ત કર્યો કે તે મદીનામાં બારગાહે રિસાલતમાં હાજર થઈ સુલેહ કરે. તેથી તે મદીના આવ્યો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને સુરક્ષા બક્ષી. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૭૭ થી ૭૮)*

આ યુદ્ધમાં જેઓ ગેરહાજર રહ્યા એમના પૈકી મહદઅંશે મુનાફિકો હતા. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તબૂકથી પાછા આવ્યા અને મસ્જિદે નબવીમાં

પધાર્યા ત્યારે મુનાફિકો સોગંદપૂર્વક પોતપોતાનાં કારણો દર્શાવવા લાગ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈની પાસેથી કોઈ જ જવાબ માંગ્યો નહીં પરંતુ ત્રણ નિખાલસ સહાબીઓ હઝરત કઅબ બિન માલિક, હિલાલ બિન ઉમૈયા અને મુરારા બિન રબીઅ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો પચાસ દિવસો સુધી આપે બહિષ્કાર ફર્માવી દીધો. પછી એ ત્રણેયની દુઆ કબૂલ થઈ અને એ લોકો બાબતે કુર્આનની આયત નાઝિલ થઈ. (એનું વિસ્તૃત વર્ણન અમે અમારા પુસ્તક "ઈર્ફાની તકરીરેં"માં લખી દીધું છે.) *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૩૪ થી ૬૩૭, હદીષ કઅબ બિન માલિક)*

જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મદીનાની નજીક પહોંચ્યા અને ઉહદ પહાડને જોયો તો ફર્માવ્યું કે, "હાઝા ઉહુદુન્ જબલુન્ યુહિબ્બુના વનુહિબ્બુહૂ" આ ઉહદ છે, આ એવો પહાડ છે કે જે અમારી સાથે પ્રેમ કરે છે અને અમે એનાથી પ્રેમ કરીએ છીએ.

આપે મદીનાની ભૂમિ ઉપર પગ મૂક્યો ત્યારે સ્ત્રીઓ, બાળકો અને દાસીઓ અને ગુલામો સૌ આવકારવા માટે નીકળી પડયાં અને સ્વાગત સભર કવિતાઓ પઢતાં આપની સાથે મસ્જિદે નબવી સુધી આવ્યાં. પછી મસ્જિદે નબવીમાં બે રકાત નમાઝ પઢીને આપ બેઠા ત્યારે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબ رضی اللہ عنہ આવ્યા અને આપના અભિવાદનમાં કસીદો પઢયો. મદીનાવાસીઓએ એ કપરી મુસાફરીથી આપના સહી સલામત આગમન પર અત્યધિક ખુશી અને પ્રસન્નતા વ્યક્ત કરી. અને એ મુનાફિકો સંદર્ભે જેઓ જૂઠા બહાનાંઓ બનાવીને જેહાદમાં હાજર થયા ન હોતા અને બારગાહે નબુવ્વતમાં સોગંદ લઈ લઈને કારણો રજૂ કરી રહ્યા હતા એમના સંબંધે ક્રોધ અને ગુસ્સાયુક્ત કુર્આન મજીદની આયતો અવતરિત થઈ અને મુનાફિકોની શત્રુતાનો ભાંડો ફૂટી ગયો.

## ★ ઝુલ્ બિજાદૈનની કબર ★

ગઝવએ તબૂકમાં એકમાત્ર હઝરત ઝુલ્ બિજાદૈન رضی اللہ عنہ સિવાય તો ન કોઈ સહાબીની શહાદત થઈ કે ન મૃત્યુ. હઝરત ઝુલ્ બિજાદૈન કોણ હતા ? અને એમના મૃત્યુ અને દફનવિધિનું દશ્ય કેવું હતું ? આ એક





દિલચસ્પ અને ઉત્સાહવર્ધક પ્રસંગ છે. એ મુઝૈના કબીલાના અનાથ હતા તેમજ તેમના કાકાની સંભાળ હેઠળ હતા. જ્યારે તેઓ પુખ્તવયે પહોંચ્યા અને ઈસ્લામની ચર્ચા સાંભળી તો એમના હૃદયમાં મૂર્તિપૂજાથી નફરત અને ઈસ્લામ અંગીકાર કરવાની ભાવના જન્મી. પરંતુ એમનો કાકો ખૂબ જ કટ્ટર કાફિર હતો તેના ડરથી તેઓ ઈસ્લામ સ્વકારી શક્તા ન હતા. પરંતુ મક્કાના વિજય બાદ જ્યારે લોકોના ટોળેટોળા ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા ત્યારે તેમણે તેમના કાકાને પ્રેરણા આપી કે તમે પણ ઈસ્લામના વર્તુળમાં આવી જાવ, કેમ કે હું ઈસ્લામ સ્વીકારવા માટે બહુ બેચેન છું. આ સાંભળી એમના કાકાએ એમને નગ્ન કરી ઘરમાંથી કાઢી મૂક્યા. તેમણે તેમની મા પાસેથી એક કામળો માંગીને તેના બે ટુકડા કરીને અડધાને તેહબંદ અને અડધાની ચાદર બનાવી લીધી અને એ જ લિબાસમાં હિજરત કરીને મદીના પહોંચી ગયા. આખી રાત મસ્જિદે નબવીમાં રોકાયા. ફજરની નમાઝ વખતે જ્યારે જમાલે મુહમ્મદીના અન્વારથી તેમની આંખો મુનવ્વર (પ્રજ્વલિત) થઈ ત્યારે કલમો પઢીને ઈસ્લામ સ્વીકાર કરી લીધો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમનું નામ પૂછયું તો અબ્દુલ ઉઝ્ઝા બતાવ્યું. આપે ફર્માવ્યું કે આજથી તમારું નામ અબ્દુલ્લાહ અને લકબ ઝુલ્ બિજાદૈન (બે કામળાવાળો) છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમના પર બહુ કૃપા ઠાલવતા હતા અને તેઓ મસ્જિદે નબવીમાં અસ્હાબે સુફ્ફાના જૂથ સાથે રહેવા લાગ્યા. તેઓ બુલંદ અવાજે શોખ અને સંલગ્નતાથી કુર્આન મજીદ પઢતા હતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તબૂકના યુદ્ધ માટે રવાના થયા ત્યારે તેઓ પણ મુજાહિદોમાં સામેલ થઈ જવા લાગ્યા અને લાગણી અને ભાવનાપૂર્ણ રીતે અતિ ઉત્સાહથી દરખાસ્ત કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم દુઆ ફર્માવો કે મને અલ્લાહના માર્ગમાં શહાદત પ્રાપ્ત થાય. આપે ફર્માવ્યું કે, તમે કોઈ વૃક્ષની છાલ લાવો. તેઓ બાવળની થોડીક છાલ લાવ્યા. આપે એમના બાહુ પર એ છાલ બાંધી દીધી અને દુઆ કરી કે, યા અલ્લાહ ! મેં એના લોહીને કાફિરો પર હરામ કરી દીધું. તેમણે અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારો હેતુ તો શહાદત જ છે. આપે ફર્માવ્યું કે, તમે જિહાદ માટે નીકળ્યા છો ત્યારે તાવમાં પણ મૃત્યુ પામશો તો પણ તમે શહીદ જ થશો. ખુદાની કુદરત કે હઝરત ઝુલ્ બિજાદૈન رضی اللہ عنہ તબૂકમાં પહોંચતાં જ તાવમાં સપડાઈ ગયા અને એ જ તાવમાં એમનું મૃત્યુ થઈ ગયું.

હઝરત બિલાલ બિન હારિષ મુઝની رضی اللہ عنہ નું બયાન છે કે એમના દફનનું વિચિત્ર દશ્ય હતું કે, હઝરત બિલાલ મુઅઝ્ઝિન رضی اللہ عنہ હાથમાં દીવો લઈ એમની કબર પાસે ઊભા હતા અને પોતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમની કબરમાં ઉતર્યા અને હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہما ને હુકમ કર્યો કે તમે બંને પોતાના ઈસ્લામી ભાઈની લાશ ઉઠાવો. ત્યારબાદ આપે પોતાના મુબારક હાથે એમને કબ્રમાં સૂવડાવ્યા અને પોતે જ કબરને કાચી ઈંટોથી બંધ કરી અને પછી દુઆ માંગી કે, હે અલ્લાહ ! હું ઝુલ્ બિજાદૈનથી રાજી છું, તું પણ એનાથી રાજી થઈ જા !

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ હઝરત ઝુલ્ બિજાદૈનના દફનનું આ દશ્ય જોતાં એકદમ બોલી ઉઠયા કે કાશ ! ઝુલ્ બિજાદૈનની જગ્યાએ મારી મૈયત હોત ! *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૫૦, ૩૫૧)*

## ★ મસ્જિદે દર્રાર (નુકસાનકર્તા મસ્જિદ) ★

મુનાફિકોએ ઈસ્લામના મૂળ કાપવા અને મુસલમાનોમાં ફૂટ નાખવા માટે મસ્જિદે કુબાના મુકાબલે એક મસ્જિદ બાંધી હતી જે વાસ્તવમાં મુનાફિકોના કાવતરા અને એમના વૈમનસ્યને ફેલાવનારી પ્રવૃત્તિઓનો જબરજસ્ત અડ્ડો હતો. અમૂ આમિર રાહિબ જે અન્સારમાંથી ઈસાઈ બની ગયો હતો જેનું નામ હૂઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબૂ આમિર ફાસિક રાખ્યું હતું એણે મુનાફિકોને કહ્યું કે, તમે સૌ ગુપ્ત રીતે યુદ્ધની તૈયારીઓ કરતા રહો હું રોમના કૈસર પાસે જઈને ત્યાંથી લશ્કર લાવું છું, જેથી આ દેશમાંથી ઈસ્લામનું નામોનિશાન મિટાવી દઉં. આમ એ મસ્જિદમાં બેસીને મુનાફિકો ઈસ્લામ વિરૂધ્ધ બેઠકો યોજતા હતા તેમ જ ઈસ્લામ અને ઈસ્લામના સ્થાપક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ખાત્મો કરી નાખવાની યુક્તિઓ વિચારતા હતા.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તબૂકના યુદ્ધ માટે રવાના થવા લાગ્યા ત્યારે ફરેબી મુનાફિકોનું એક જૂથ આવ્યું અને માત્ર મુસલમાનોને ધોકો આપવા માટે બારગાહે અકદસમાં આ દરખાસ્ત કરી કે, હે રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમે બીમારો અને અપંગો માટે એક મસ્જિદ બનાવી છે, આપ આવીને એક વખત નમાઝ પઢાવી દો જેથી અમારી આ મસ્જિદ ખુદાની બારગાહમાં સ્વીકૃત થઈ જાય. આપે જવાબ આપ્યો કે અત્યારે તો હું જેહાદ માટે ઘરથી





નીકળી ચૂક્યો છું તેથી અત્યારે તો મારી પાસે એટલો સમય નથી. મુનાફિકોએ ઘણો હઠાગ્રહ કર્યો, પરંતુ આપે એમની એ મસ્જિદમાં પગ ન મૂક્યો. જ્યારે આપ તબૂકના યુદ્ધમાંથી પાછા ફર્યા અને મુનાફિકોની ચાલબાજીઓ, ગદ્દારીઓ અને દગાબાજીઓ બાબતે સૂરએ તૌબાની કેટલીક આયતો અવતરિત થઈ અને મુનાફિકોની શત્રુતા અને એમની ઈસ્લામ દુશ્મનીના બધાં જ રહસ્યો ખુલીને સામે આવી ગયાં અને એમની મસ્જિદ સંદર્ભે ખાસ કરીને આ આયતો નાઝિલ થઈ કે :–

وَالَّذِیْنَ اتَّخَذُوْا مَسْجِدًا ضِرَارًا
وَّكُفْرًا وَّتَفْرِیْقًۢا بَیْنَ الْمُؤْمِنِیْنَ
وَاِرْصَادًا لِّمَنْ حَارَبَ اللّٰهَ
وَرَسُوْلَهٗ مِنْ قَبْلُ ؕ وَلَیَحْلِفُنَّ
اِنْ اَرَدْنَاۤ اِلَّا الْحُسْنٰی ؕ وَاللّٰهُ
یَشْهَدُ اِنَّهُمْ لَكٰذِبُوْنَ ۝
لَا تَقُمْ فِیْهِ اَبَدًا ؕ لَمَسْجِدٌ
اُسِّسَ عَلَی التَّقْوٰی مِنْ اَوَّلِ
یَوْمٍ اَحَقُّ اَنْ تَقُوْمَ فِیْهِ ؕ فِیْهِ
رِجَالٌ یُّحِبُّوْنَ اَنْ یَّتَطَهَّرُوْا
وَاللّٰهُ یُحِبُّ الْمُطَّهِّرِیْنَ ۝

**તર્જુમો** : ''અને તે લોકો જેમણે એક મસ્જિદ નુકસાન પહોંચાડવા અને કુફ્ર કરવા અને મુસલમાનોમાં ફાટ ફૂટ પડાવવાના હેતુથી બનાવી અને એ મકસદથી કે જે લોકો પહેલેથી ખુદા વ રસૂલ સાથે જંગ કરી રહ્યા છે તેમના માટે અડ્ડો હાથ આવી જાય. અને તેઓ જરૂર કસમો ખાશે કે અમે તો ભલાઈનો જ ઈરાદો કર્યો છે. અને ખુદા ગવાહી આપે છે કે બેશક ! એ લોકો જૂઠા છે. તમે કદી પણ એ મસ્જિદમાં ઉભા થશો નહીં. તે મસ્જિદ (મસ્જિદે કુબા) જેનો પાયો પહેલા દિવસથી પરહેઝગારી પર રાખવામાં આવ્યો છે તે એ વાતની વિશેષ હક્કદાર છે કે આપ તેમાં ઉભા થાવ. એમાં એવા લોકો છે જેઓ પાકીને પસંદ કરે છે અને ખુદા પાકી રાખનારાઓને દોસ્ત રાખે છે.'' *(સૂરએ તૌબા)*

આ આયત અવતરિત થયા બાદ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત માલિક બિન દુખ્શમ અને હઝરત મઅ્ન બિન અદી رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે એ મસ્જિદને તોડીને એમાં આગ લગાડી દો. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૮૦)*

## ★ સિદ્દીકે અકબર અમીરુલ્ હજ્જ ★

તબૂકના યુદ્ધથી પાછા ફર્યા બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝી કઅદા

હિ. ૯ માં ત્રણસો મુસલમાનોનો એક કાફલો મદીના મુનવ્વરાથી હજ્જ માટે મક્કા મુકર્રમા મોકલ્યો અને હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ ને "અમીરુલ્ હજ્જ" તેમજ હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم ને "નકીબે ઈસ્લામ" અને હઝરત સઈદ બિન અબી વક્કાસ અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને મુઅલ્લિમ બનાવ્યા અને પોતાના તરફથી કુર્બાની માટે વીસ ઊંટ પણ મોકલ્યાં.

હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ હરમે કા'બા, અરાફત અને મિનામાં ખુત્બો પઢયો. ત્યારબાદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ઊભા થયા અને સૂરએ બરાતની ચાલીસ આયતો પઢીને સાંભળાવી અને એલાન કર્યું કે હવે કોઈ મુશ્રિક ખાનએ કા'બામાં દાખલ નહીં થઈ શકે, ન તો કોઈ ઉઘાડા શરીરે નગ્ન થઈ તવાફ કરી શકશે અને ચાર મહિના બાદ કાફિરો અને મુશ્રિકો માટે સુરક્ષા ખતમ કરી દેવાશે. હઝરત અબૂ હુરૈરહ્ અને અને અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ એ એલાનનો એવો જોરદાર પુનરોચ્ચાર કર્યો કે, એમનું ગળુ બેસી ગયું. આ એલાન બાદ કાફિરો અને મુશ્રિકોના ટોળે ટોળા આવીને મુસલમાન થવા લાગ્યા. *(તબરી, ભાગ–૪, પેજ–૧૭૨૧ અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૯૦ થી ૯૩)*

## ★ હિ. સ. ૯ ના વિવિધ બનાવો ★

**(૧)** એ વર્ષે આખા દેશમાં ચારે બાજુ શાંતિ અને સલામતીનું વાતાવરણ પેદા થઈ ગયું અને ઝકાતનો હુકમ નાઝિલ થયો અને ઝકાતની વસૂલી માટે આમિલો અને તહસીલદારોની નિયુક્તિ થઈ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૦૦)*

**(૨)** જે ગૈરમુસ્લિમ કૌમો ઈસ્લામી સલતનતના તાબે રહે એમના માટે જિઝિયો આપવાનો આદેશ થયો અને કુર્આનની આ આયત ઉતરી કે, حَتّٰی یُعْطُوا الْجِزْیَۃَ عَنْ یَّدٍ وَّ ھُمْ صٰغِرُوْنَ ۝ *(સૂરએ તૌબા)* તેઓ નાના થઈને "જિઝિયા" અદા કરે.

**(૩)** વ્યાજ હરામ થયું અને એક વર્ષ બાદ હિ. ૧૦ માં હજ્જતુલ વિદાઅ સમયે પોતાના ખુત્બામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એનું જોરદાર એલાન ફર્માવ્યું. *(બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ, બાબ તહરીમુલ ખુમ્ર)*





**(૪)** હબશાના બાદશાહ જેમનું નામ હઝરત અઝહમા رضی اللہ عنہ હતું જેના સાંનિધ્યમાં મુહાજિર મુસલમાનોએ થોડાક વર્ષ હબશામાં આશ્રય લીધો હતો એમનું મૃત્યુ થયું હતું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મદીનામાં એમની ગાયબાના નમાઝે જનાઝા પઢી અને એમના માટે મગફિરતની દુઆ માંગી.

**(૫)** એ જ વર્ષે મુનાફિકોનો સરદાર અબ્દુલ્લાહ બિન ઉબૈ મૃત્યુ પામ્યો. એના પુત્ર હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ની દરખાસ્ત પર એમના આ□ાસન માટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એ મુનાફિકના કફન માટે પોતાનું કમીઝ અર્પણ કર્યું અને એની લાશને પોતાની મુબારક પલાઠી પર રાખી એના કફનમાં પોતાનું થૂંક મુબારક લગાડયું. અને હઝરત ઉમર رضی اللہ عنہ ના વારંવાર ના પાડતા રહ્યા છતાં કેમ કે હજુ સુધી મના થઈ ન હતી આથી હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એની નમાઝે જનાઝા પઢાવી. પરંતુ ત્યારબાદ જ આ આયત નાઝિલ થઈ કે :–

وَلَا تُصَلِّ عَلٰۤی اَحَدٍ مِّنْھُمْ مَّاتَ اَبَدًا وَّ لَا تَقُمْ عَلٰی قَبْرِہٖ ؕ اِنَّھُمْ کَفَرُوْا بِاللّٰہِ وَ رَسُوْلِہٖ وَ مَاتُوْا وَ ھُمْ فٰسِقُوْنَ ۝

**તર્જુમો :** "(હે રસૂલ !) એ મુનાફિકોમાંથી જે મરે કદી આપ એમના પર નમાઝે જનાઝા ન પઢશો અને તેમની કબ્રની પાસે તમે ઉભા પણ ન રહો, યકીનન ! એ લોકોએ અલ્લાહ તથા રસૂલની સાથે કુફ્ર કર્યું છે અને કુફ્રની જ હાલતમાં એ લોકો મર્યા છે." *(સૂરએ તૌબા)*

આ આયતના ઉતર્યા પછી ક્યારેય આપે કોઈ મુનાફિકની નમાઝે જનાઝા પઢાવી નથી કે એની કબર પાસે ઊભા રહ્યા નથી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૬૯ થી ૧૮૦, ઝુર્કાની, ભાગ–૩, પેજ–૯૫ થી ૯૬)*

## ★ આરબોના પ્રતિનિધિ મંડળો ★

### (વુફૂદુલ અરબ)

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્લામની તબ્લીગ અને પ્રચાર પ્રસાર માટે આજુબાજુના પ્રદેશોમાં ઈસ્લામના પ્રચારકો (મુબલ્લિગો) અને આમિલો તથા મુજાહિદોને મોકલતા હતા. તે પૈકીના કેટલાક કબીલાઓ તો પ્રચારકો સામે જ ઈસ્લામની દા'વત સ્વીકારીને મુસલમાન થઈ જતા

હતા પરંતુ કેટલાક કબીલાઓ એવી ઈચ્છા ધરાવતા કે પ્રત્યક્ષ રીતે જાતે બારગાહે નબુવ્વતમાં હાજર થઈને પોતાના ઈસ્લામનું એલાન કરે. આથી કેટલાક લોકો પોતપોતાના કબીલાના પ્રતિનિધિ બનીને મદીના મુનવ્વરા આવતા હતા અને સ્વયં ઈસ્લામના સ્થાપક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝુબાને ફયૂઝે તર્જુમાન (પવિત્ર લાભદાયી જીભે)થી ઈસ્લામની દા'વતનો સંદેશ સાંભળી પોતાના ઈસ્લામની જાહેરાત કરતા હતા, ત્યાર પછી પોતપોતાના કબીલામાં પાછા જઈને આખેઆખા કબીલાને ઈસ્લામમાં દાખલ કરતા હતા. એ જ કબીલાઓના પ્રતિનિધિ મંડળોનો ઉલ્લેખ અમે "આરબોના પ્રતિનિધિ મંડળો" કે "વુફૂદુલ અરબ" તરીકે કરીએ છીએ.

વિવિધ કબીલાઓના આ પ્રકારના પ્રનિનિધિ મંડળો જુદા જુદા સમયગાળામાં મદીના મુનવ્વરા આવતા રહ્યા પરંતુ મક્કા પર વિજય (ફત્હે મક્કા) પછી સમગ્ર અરબની વિચારધારામાં મોટી તબદિલી આવી ગઈ અને બધા લોકો ઈસ્લામ તરફ પ્રેરાવા લાગ્યા. કારણ કે ઈસ્લામની સચ્ચાઈ સ્પષ્ટ જાહેર થવા છતાં ઘણા બધા કબીલાઓ માત્ર કુરૈશના દબાણ અને મક્કાવાસીઓના ભયથી ઈસ્લામ કબૂલ કરી શક્તા ન હતા જેથી મક્કા પરના વિજયે આ અવરોધ પણ દૂર કરી દીધો. અને હવે ઈસ્લામની દા'વત અને કુર્આનના પવિત્ર પૈગામે ઘરે ઘર પહોંચીને પોતાની સચ્ચાઈ અને એજાઝી તસર્રુફાતથી બધાના મન મસ્તિષ્કમાં પોતાનો સિક્કો જમાવી દીધો હતો. જેનું પરિણામ એ આવ્યું કે, જેઓ એક ક્ષણ માટે પણ ઈસ્લામનું નામ સાંભળવાનું પસંદ કરતા ન હતા એ જ લોકો આજે પરવાનાઓની જેમ શમ્એ નબુવ્વત પર નિસાર થવા લાગ્યા અને ઉત્સાહભેર ટોળે ટોળાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં દૂર સુદૂરના પ્રવાસો ખેડીને પ્રતિનિધિ મંડળો સ્વરૂપે હાજર થવા લાગ્યા અને રાજીખુશીથી ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા. મોટાભાગના આવા પ્રતિનિધિ મંડળો મક્કાના વિજય પછી હિ.સ. ૯ માં મદીના મુનવ્વરા આવ્યા હોવાથી હિ.સ. ૯ ને લોકો "સ–નતુલ્ વુફૂદ" (પ્રતિનિધિઓનું વર્ષ) કહેવા લાગ્યા.

આ પ્રકારના પ્રતિનિધિ મંડળોની સંખ્યા વિશે સીરત લેખકો વચ્ચે મતમતાંતર પ્રવર્તે છે એમ છતાં હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પ્રતિનિધિ મંડળોની સંખ્યા ૬૦ હોવાનું જણાવ્યું છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૫૮)*





અને અલ્લામા કસ્તલાની અને હાફિઝ ઈબ્ને કૈયિમે આ પ્રકારનાં ૧૪ પ્રતિનિધિ મંડળોનો ઉલ્લેખ કર્યો છે. અમે પણ પોતાના આ સંક્ષિપ્ત પુસ્તકમાં અહીં કેટલાક પ્રતિનિધિ મંડળોનું વર્ણન કરીએ છીએ :–

## ★ પ્રતિનિધિ મંડળનું સ્વાગત ★

હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم આરબ કબીલાઓમાંથી આવતા પ્રતિનિધિ મંડળોના સ્વાગત અને તેમની મુલાકાતની ખાસ વ્યવસ્થા ફર્માવતા હતા. દરેક પ્રતિનિધિ મંડળના આગમન પ્રસંગે આપ ખૂબ જ ઉમદા પોશાક પહેરીને કાશાનએ અકદસ (આપના પવિત્ર નિવાસ સ્થાન)માંથી નીકળતા અને પોતાના ખાસ સહાબીઓને પણ સારાં વસ્ત્રો પહેરીને આવવાનો હુકમ આપતા. પછી એ મહેમાનોને સારામાં સારા મકાનોમાં ઉતારો આપતા અને એ લોકોની મહેમાન નવાઝી અને આગતા સ્વાગતાનો ખાસ ખયાલ રાખતા અને એ મહેમાનોને મળવા માટે મસ્જિદે નબવીના એક સ્થંભને ટેકો દઈને બેસતા હતા. પછી દરેક પ્રતિનિધિ મંડળ સાથે અત્યંત વિનમ્ર ભાવે ગૂફતેગૂ ફર્માવતા અને તેમની સ્થિતિ તથા જરૂરિયાતો ધ્યાનપૂર્વક સાંભળતા અને ત્યારબાદ તેને ઈસ્લામના જરૂરી અકીદાઓ અને આદેશોની તલ્કીન પણ ફર્માવતા હતા. અને દરેક પ્રતિનિધિ મંડળને તેના દરજ્જા અને પ્રતિષ્ઠાને અનુરૂપ કંઈકને કંઈ રોકડ કે સામાન પણ ભેટ સોગાદ સ્વરૂપે એનાયત ફર્માવતા.

## ★ ષકીફનું પ્રતિનિધિ મંડળ (વફ્દે ષકીફ) ★

જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જંગે હુનૈન પછી તાઈફથી પાછા તશરીફ લાવ્યા અને "જઅર્રાના"થી ઉમરહ અદા કર્યા પછી મદીના તશરીફ લઈ જતા રહ્યા હતા. ત્યારે માર્ગમાં જ ષકીફ કબીલાના સરદારે આ'ઝમ ઉર્વહ બિન મસ્ઊદ ષકફી બારગાહે રિસાલતમાં હાજર થઈને રાજી ખુશી ઈમાન લાવ્યા. તેઓ ભારે દબદબાવાળા અને પ્રતિષ્ઠિત વ્યક્તિ હતા. એમનો ઉલ્લેખ અમે "હુદૈબિયાની સંધિ" પ્રસંગે કરી ચૂક્યા છીએ. તેમણે મુસલમાન થયા પછી અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મને પરવાનગી આપો કે હું હવે મારી કૌમમાં જઈને ઈસ્લામનો પ્રચાર (તબ્લીગ) કરું. આપે એમને પરવાનગી આપી દીધી અને તેઓ ત્યાંથી જ

પાછા ફરીને પોતાના કબીલામાં ગયા અને પોતાના મકાનની છત ઉપર ચઢીને પોતાના મુસલમાન થવાનો એલાન કર્યો અને પોતાના કબીલાવાળાઓને ઈસ્લામની દા'વત આપી. ઈસ્લામની આ ખુલ્લી દા'વત સાંભળી ષકીફ કબીલાના લોકો એવા રોષે ભરાયા કે ચારે બાજુથી એમના પર બાણોની વર્ષા કરવા લાગ્યા, એટલે સુધી કે એમને એક બાણ વાગ્યો અને તેઓ શહીદ થઈ ગયા. ષકીફ કબીલાના લોકોએ એમનું ખૂન તો કરી નાખ્યું, પરંતુ પાછળથી એવો વિચાર કર્યો કે, અરબના તમામ કબીલાઓ ઈસ્લામનો સ્વીકાર કરી ચૂક્યા છે હવે અમે ઈસ્લામ વિરૂધ્ધ ક્યાં સુધી લડી શકીશું ?! અને કેટલા લોકોથી લડતા રહીશું ?! તેમજ મુસલમાનોના વેર અને એક લાંબા યુદ્ધના પરિણામ વિશે વિચારીને એમને દિવસે તારા દેખાવા લાગ્યા. આથી એ લોકોએ પોતાના એક પ્રતિષ્ઠિત રઈસ અબ્દ અથવા લૈલ બિન અમ્રને કેટલાક અગ્રણી સરદારો સાથે મદીના મુનવ્વરા મોકલ્યા. આ પ્રતિનિધિ મંડળે મદીના પહોંચીને બારગાહે અકદસમાં અર્ઝ ગુજારી કે અમે એ શરતે ઈસ્લામ અંગીકાર કરીએ છીએ કે ત્રણ વર્ષ સુધી અમારી મૂર્તિ "લાત" તોડવામાં ન આવે. આપે તેમની આ શરત સ્વીકારવાની સ્પષ્ટ ના પાડી દીધી અને ઈર્શાદ ફર્માવ્યો કે ઈસ્લામ કોઈપણ સ્થિતિમાં મૂર્તિપૂજાને એક ક્ષણ માટે પણ સાંખી શકે નહીં,આથી મૂર્તિ તો અવશ્ય તોડવામાં આવશે. એ જુદી વાત છે કે તમે લોકો એને તમારા હાથે ન તોડો બલ્કે હું (હઝરત) અબૂ સુફયાન અને (હઝરત) મુગીરહ બિન શોઅ્બા (رضی اللہ عنہما)ને મોકલી આપીશ તેઓ એ મૂર્તિને તોડી નાખશે. આમ એ લોકો મુસલમાન થઈ ગયા અને એ કૌમની એક પ્રતિષ્ઠિત અને સન્માનિત વ્યક્તિ એવા હઝરત ઉસ્માન બિન અલ્ આસ رضی اللہ عنہ ને એ કબીલાના સરદાર (અમીર) નિયુક્ત કર્યા અને તેમની સાથે હઝરત અબૂ સુફયાન અને હઝરત મુગીરહ બિન શોઅબાને તાઈફ મોકલી આપ્યા અને એ બંને જણાએ તેમની મૂર્તિ "લાત" તોડી નાખી અને તેનો ભૂક્કો કરી નાખ્યો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૬)*

## ★ કિન્દહનું પ્રતિનિધિ મંડળ (વફ્દે કિન્દહ) ★

આ લોકો યમનની આજુબાજુ હતા. એ કબીલાના ૬૦ કે ૮૦





અશ્વારો ભારે ઠાઠ સાથે મદીના આવ્યા. વાળ ખૂબ સારી રીતે ઓળીને અને રેશમી કિનારી (ગોટ) વાળ ઝબ્બા પહેરીને, શસ્ત્રો સજીને એ લોકો મદીનાની વસ્તીમાં પ્રવેશ્યા. જ્યારે એ લોકો દરબારે રિસાલતમાં હાજર થયા ત્યારે આપે એ લોકોને પૂછયું કે, શું તમે લોકોએ ઈસ્લામ અંગીકાર કરી લીધો છે ? બધાએ એક સાથે અર્ઝ ગુજારી, "હા જી !" આપે ફર્માવ્યું તો પછી તમે લોકોએ આ રેશમી વસ્ત્રો શા માટે પહેરી રાખ્યાં છે ? આ સાંભળતાંની સાથે જ તેમણે એ રેશમી ઝબ્બા પોતાના શરીર પરથી કાઢી નાખ્યા અને રેશમી કિનારીઓ ફાડી ફાડીને ઝબ્બામાંથી દૂર કરી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૩૬)*

## ★ બની અશ્આરનું પ્રતિનિધિ મંડળ (વફ્દે બની અશ્આર) ★

આ લોકો યમનના નિવાસી અને અશ્આર કબીલાની પ્રતિષ્ઠિત અને પીઢ વ્યક્તિઓ હતા. આ લોકો જ્યારે મદીના આવ્યા ત્યારે મહોબ્બત અને અકીદતના ઉત્સાહમાં રજ્ઝ (શૌર્ય ગીત)ની આ પંક્તિઓનું ઉચ્ચારણ કરતા કરતા શહેરમાં દાખલ થયા :–

ગદન નલ્કલ અહિબ્બહ્ - મુહમ્મદંવ વ સહ બહ્

આવતી કાલે અમે લોકો અમારા પ્રિયજનોથી એટલે હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબા સાથે મુલાકાત કરીશું. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે મેં રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈર્શાદ ફર્માવતાં સાંભળ્યા કે યમનવાળા આવી ગયા. આ લોકો ખૂબ જ વિનમ્ર સ્વભાવના છે, ઈમાન તો યમનીઓનો ઈમાન છે અને હિકમત પણ યમનીઓમાં જ છે. બકરી પાળનારાઓમાં સ્થિરતા અને પ્રતિષ્ઠા છે અને ઊંટ પાળનારાઓમાં ગર્વ અને ઘમંડ છે. આથી ઈર્શાદે નબવીની બરકતથી યમનવાસીઓ જ્ઞાન, વિદ્યા અને મનની વિશુદ્ધતા તેમજ હિકમત અને મા'રેફતે ઈલાહીની દોલતોથી હંમેશ માલામાલ રહ્યા. ખાસ કરીને હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ નું અત્યંત સુકંઠી હતા અને કુર્આન શરીફ એવા સુમધૂર અને સૂરીલા અવાજે પઢતા કે સહાબાએ કિરામમાં પણ એમનો કોઈ જ જોટો જડતો ન હતો. ઈલ્મે અકાઈદમાં અહલે સુન્નતના

ઈમામ શૈખ અબુલ હસન અશ્અરી رضی اللہ عنہ, હઝરત અબૂ અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ના વંશજોમાંથી જ છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૬૭)*

## ★ બની અસદનું પ્રતિનિધિ મંડળ ★

આ કબીલાના કેટલાક માણસો બારગાહે અકદસમાં હાજર થયા હતા અને અત્યંત ખુશી સાથે મુસલમાન થઈ ગયા હતા. પરંતુ પછી ઉપકાર વ્યક્ત કરતાં કહેવા લાગ્યા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આવા કપરા દુષ્કાળ સમયે અમે લોકો દૂર દૂરનો પ્રવાસ ખેડીને અહીં આવ્યા છીએ, માર્ગમાં અમને પેટ ભરીને ખાવાનું પણ મળ્યું નથી અને આપનું લશ્કર અમારી ઉપર હુમલો કરે તેના વગર જ અમે લોકોએ રાજીખુશીથી ઈસ્લામ અંગીકાર કરી લીધો છે. એ લોકો દ્વારા આ ઉપકારની અભિવ્યક્તિ થતાં ખુદાવંદે કુદ્દૂસે આ આયત નાઝિલ ફર્માવી હતી :–

يَمُنُّوْنَ عَلَيْكَ اَنْ اَسْلَمُوْا ؕ قُلْ لَّا تَمُنُّوْا عَلَیَّ اِسْلَامَكُمْ ۚ بَلِ اللّٰهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰىكُمْ لِلْاِيْمَانِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝ (حجرات)

**તર્જુમો** : "હે મહબૂબ ! (એ લોકો) તમારા ઉપર ઉપકાર વ્યક્ત કરે છે કે અમે મુસલમાન થઈ ગયા. આપ ફર્માવી દો કે પોતાના ઈસ્લામનો ઉપકાર મારા ઉપર ન ચડાવો ! બલ્કે અલ્લાહ તઆલા તમારી ઉપર ઉપકાર કરે છે કે એણે તમને ઈસ્લામ (ની હિદાયત)નું માર્ગદર્શન આપ્યું ! જો તમે સાચા હોઉ." *(સૂરએ હુજુરાત)*

## ★ ફઝારહનું પ્રતિનિધિ મંડળ ★

આ લોકો ઉયૈના બિન હિસ્ન ફિઝારીની કૌમના લોકો હતા. વીસ જણા દરબારે અકદસમાં હાજર થયા અને પોતાના ઈસ્લામની જાહેરાત કરી અને જણાવ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા વિસ્તારોમાં એવો સખત દુકાળ પડયો છે કે, હવે ભૂખમરાની મુસીબત અમારા માટે અસહ્ય બની ચૂકી છે. આથી આપ વરસાદ માટે દુઆ ફર્માવો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જુમ્આ (શુક્રવાર)ના દિવસે મિમ્બર પરથી દુઆ ફર્માવી અને તરત જ વરસાદ પડવા લાગ્યો અને સતત એક અઠવાડિયા સુધી મૂશળધાર વરસાદ





પડતો રહ્યો. પછી બીજા શુક્રવારે જ્યારે આપ મિમ્બર પરથી ખુત્બો પઢી રહ્યા હતા ત્યારે એક આરબે અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ઢોરો મરવા લાગ્યાં છે, અને બાળબચ્ચાં ભૂખથી વ્યાકુળ થઈ ગયાં છે અને બધા જ માર્ગો બંધ થઈ ગયા છે. આથી આપ દુઆ ફર્માવો કે આ વરસાદ પર્વતો ઉપર પડે અને ખેતરો અને વસવાટો ઉપર ન પડે. આથી આપે ફરી દુઆ ફર્માવી દીધી, ત્યારે વાદળાં મદીના શહેર અને તેની આજુબાજુથી કતરાઈને નીકળી ગયાં અને આઠ દિવસ પછી મદીના શરીફમાં સૂરજ દેખાયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૫૯)*

## ★ બની મુર્રહનું પ્રતિનિધિ મંડળ ★

એ પ્રતિનિધિ મંડળમાં બની મુર્રહના ૧૩ માણસો મદીના શરીફ આવ્યા હતા. એમનો સરદાર હારિષ બિન ઔફ પણ એમની સાથે હતો. આ બધા લોકોએ પણ બારગાહે અકદસમાં ઈસ્લામ કબૂલ કર્યો અને દુકાળ ની ફરિયાદ અને રહમતની વર્ષા માટે દુઆ કરવાની દરખાસ્ત કરી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ શબ્દોમાં દુઆ ફર્માવી : "અલ્લાહુમ્મસ કિહિમિલ્ ગૈસ" (અર્થાત : હે અલ્લાહ ! આ લોકોને વરસાદથી તરબોળ કર.) ત્યાર પછી આપે હઝરત બિલાલ رضی اللہ عنہ ને હુકમ કર્યો કે તેઓ પૈકીની દરેક વ્યક્તિને એક એક ઔકિયા ચાંદી અને ચાર ચારસો દિરહમ ઈનામ અને ભેટ સોગાદ રૂપે એનાયત કરે અને આપે એમના સરદાર હઝરત હારિષ બિન ઔફને ૧૨ ઔકિયા ચાંદીનો શાહી પુરસ્કાર એનાયત ફર્માવ્યો.

જ્યારે એ લોકો મદીનાથી પોતાના વતનમાં પહોંચ્યા તો જાણવા મળ્યું કે બરોબર એ જ સમયે એમના શહેરોમાં વરસાદ પડયો હતો જે વખતે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ લોકોની દરખાસ્ત સાંભળીને મદીનામાં વરસાદ માટે દુઆ માંગી હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૬૦)*

## ★ બની અલ્ બુક્કાનું પ્રતિનિધિ મંડળ ★

આ પ્રતિનિધિ મંડળની સાથે હઝરત મુઆવિયા બિન ષૌર બિન ઉબ્બાદ رضی اللہ عنہ પણ આવ્યા હતા. તેઓ એકસો વર્ષની ઉંમરના વૃદ્ધ હતા. એ તમામ લોકોએ બારગાહે અકદસમાં હાજર થઈને પોતાના ઈસ્લામનો

એલાન કર્યો. ત્યારબાદ હઝરત મુઆવિયા બિન ષૌર બિન ઉબ્બાદ رضی اللہ عنہ એ પોતાના સુપુત્ર હઝરત બશીર رضی اللہ عنہ ને આપની સેવામાં રજૂ કરીને એવી દરખાસ્ત કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મારા આ બાળકના માથે પોતાનો પવિત્ર હાથ ફેરવી દો. એમની દરખાસ્ત સાંભળીને હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના પુત્રને માથે પોતાનો પવિત્ર હાથ ફેરવી દીધો અને એમને કેટલીક બકરીઓ પણ એનાયત ફર્માવી અને પ્રતિનિધિ મંડળ ના સભ્યો માટે પણ ખૈરો બરકત (કલ્યાણ અને સમૃદ્ધિ)ની દુઆ ફર્માવી દીધી. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ દુઆની અસરથી એ લોકોના વિસ્તારમાં જ્યારે જ્યારે દુકાળ પડયો અને ભૂખમરાનો વારો આવ્યો ત્યારે ત્યારે એ કૌમનાં ઘર હંમેશ દુકાળ અને ભૂખમરાની મુસીબતથી સુરક્ષિત રહ્યાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૦)*

## ★ બની કનાનાનું પ્રતિનિધિ મંડળ ★

આ પ્રતિનિધિ મંડળના વડા હઝરત વાષિલા બિન અસ્કાઅ્ رضی اللہ عنہ હતા. આ બધા જ લોકો દરબારે રસૂલ علیہ الصلوٰۃ والسلام માં અત્યંત અકીદતમંદી સાથે હાજર થઈને મુસલમાન થઈ ગયા અને હઝરત વાષિલા બિન અસ્કા ઈસ્લામની બૈઅત કરીને જ્યારે પોતાના વતનમાં પહોંચ્યા ત્યારે એમના પિતાએ એમનાથી નારાજ થઈને કહી દીધું કે, ખુદાના સોગંદ ! હું તારી સાથે ક્યારેય કોઈ વાત નહીં કરું, પરંતુ એમની બહેને સાચા હૃદયથી ઈસ્લામ કબૂલ કરી લીધો. તેઓ પોતાના પિતાની વાતના દુઃખ અને ભગ્ન હૃદય સાથે ફરી મદીના મુનવ્વરા ચાલ્યા આવ્યા અને જંગે તબૂકના ભાગ લીધો. પછી અસ્હાબે સુફ્ફાના વૃંદમાં સામેલ થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવા કરવા લાગ્યા. હુઝૂર علیہ الصلوٰۃ والسلام પછી તેઓ બસરા જતા રહ્યા. પછી પોતાની જિંદગીના છેલ્લા દિવસોમાં સીરિયા (શામ) જતા રહ્યા અને હિ.સ. ૮૫ માં દમાસ્કસ (દમિશ્ક) શહેરમાં એમની વફાત થઈ. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૦)*

## ★ બની હિલાલનું પ્રતિનિધિ મંડળ ★

આ પ્રતિનિધિ મંડળના લોકોએ પણ દરબારે રિસાલતમાં હાજર





થઈને ઈસ્લામ સ્વીકારી લીધો. એ પ્રતિનિધિ મંડળમાં હઝરત ઝિયાદ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ પણ હતા. તેઓ મુસલમાન થઈને સીધા હઝરત ઉમ્મુલ મુ'મિનીન બીબી મૈમૂના رضی اللہ عنہا ના ઘરમાં દાખલ થઈ ગયા કારણ કે એ તેમનાં માસી હતાં.

તેઓ નિશ્ચિતપણે પોતાનાં માસી પાસે બેસીને વાતો કરવામાં વ્યસ્ત હતા ત્યારે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم મકાનમાં તશરીફ લાવ્યા અને આપને એ જાણવા મળ્યું કે હઝરત ઝિયાદ رضی اللہ عنہ ઉમ્મુલ મુ'મિનીનના ભાણજા છે ત્યારે આપે પ્રેમપૂર્વક એમના માથા અને ચહેરા ઉપર પોતાનો નૂરાની હાથ ફેરવી દીધો. એ પવિત્ર હાથના નૂરથી હઝરત ઝિયાદ رضی اللہ عنہ નો ચેહરો એટલો બધો નૂરાની થઈ ગયો કે બની હિલાલ પ્રતિનિધિ મંડળના લોકોનું કહેવું છે કે એના પછી અમે લોકો હઝરત ઝિયાદ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ના ચહેરા પર હંમેશ એક નૂર અને બરકતનો પ્રભાવ જોતા રહ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૦)*

## ★ ઝિમામ બિન ષઅલ્બાનું પ્રતિનિધિ મંડળ ★

આ લોકો સઅદ બિન બકરના પ્રતિનિધિ મંડળ બનીને બારગાહે રિસાલતમાં આવ્યા. તેઓ અત્યંત સુંદર રાતા અને સફેદ રંગના લાંબા કેશ ધરાવતા હતા. મસ્જિદે નબવી પહોંચીને પોતાનાં ઊંટ બેસાડીને બાંધી દીધાં પછી લોકોને પૂછયું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم કોણ છે ? લોકોએ દૂરથી ઈશારો કરીને જણાવ્યું કે એ ગોરા રંગની સુંદર વ્યક્તિ કે જે ઓશિકા પર ટેક લગાડીને બેઠી છે એ જ હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم છે. હઝર ઝિમામ બિન ષઅલ્બા رضی اللہ عنہ સામે આવ્યા અને કહ્યું, "હે અબ્દુલ મુત્તલિબના સુપુત્ર ! હું આપને થોડાક પ્રશ્નો પૂછીશ અને હું મારા પ્રશ્નોમાં કડકાઈથી કામ લઈશ. આપ એ અંગે મારાથી નારાજ થશો નહીં." આપે ફર્માવ્યું, તમારી જે કંઈ ઈચ્છા હોય તે પૂછી લો. ત્યારબાદ નીચે પ્રમાણેની વાતચીત થઈ :–

**ઝિમામ બિન ષઅલ્બા :** "હું આપને એ ખુદાના સોગંદ આપું છે કે જે આપનો અને બધા માનવોનો પાલનહાર છે. હું પૂછું છે કે શું અલ્લાહે આપને અમારી તરફ રસૂલ બનાવીને મોકલ્યા છે ?"

**નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم :

**ઝિમામ બિન ષઅલ્બા** : "હું આપને સોગંદ આપીને પ્રશ્ન કરું છું કે શું નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાતને અલ્લાહે અમારા પર ફર્ઝ કર્યા છે ?!"

**નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم : "હા !"

**ઝિમામ બિન ષઅલ્બા** : "આપે ફર્માવ્યું હું એના પર ઈમાન લાવ્યો અને હું ઝિમામ બિન ષઅલ્બા છું. મારી કૌમે મને આપની પાસે એટલા માટે મોકલ્યો છે કે હું આપના દીન (ધર્મ)ને સારી રીતે સમજીને મારી કૌમ બની સઅદ બિન બક્ર સુધી ઈસ્લામનો સંદેશો પહોચાડી દઉં."

હઝરત ઝિમામ બિન ષઅલ્બા رضی اللہ عنہ મુસલમાન થઈ પોતાના વતનમાં પહોંચ્યા અને આખી કૌમને એકત્ર કરીને સૌથી પહેલાં પોતાની કૌમની તમામ મૂર્તિઓ એટલે "લાત અને ઉઝ્ઝા" અને "મનાત તથા હબલ"ની બદગોઈ કરી અને એ મૂર્તિઓનું ખૂબ વધારે અનાદર કર્યુ. એમની કૌમે જ્યારે પોતાની મૂર્તિઓની બદબોઈ સાંભળી તો એકાએક બધા ચોંકી ઉઠયા અને કહેવા લાગ્યા, "હે ષઅલ્બાના પુત્ર ! તું આ શું કરી રહ્યો છે ?! શાંત થઈ જા ! નહીંતર, અમને ભય છે કે અમારા આ દેવતાઓ તને રક્તપિત કે ગાંડપણ જેવા રોગથી શાપિત કરશે." આપ આ સાંભળીને રોષે ભરાયા, "હે બુદ્ધિહીન માણસો ! આ પથ્થરની મૂર્તિઓ આપને કેવી રીતે નફો નુકસાન પહોંચાડી શકે ?! સાંભળો ! અલ્લાહ તઆલા કે જે દરેક નફા કે નુકસાનનો માલિક છે. એણે પોતાનો એક રસૂલ મોકલ્યો છે અને એક પુસ્તક ઉતારી છે. જેથી તમારા જેવા માણસોને આ ગુમરાહી અને જેહાલતમાંથી મુક્તિ અપાવે. હું સાક્ષી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ મા'બૂદ (પૂજાને પાત્ર) નથી અને હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના રસૂલ છે. હું અલ્લાહના રસૂલની બારગાહમાં હાજરી આપીને ઈસ્લામનો સંદેશો તમારા લોકો માટે લાવ્યો છું. પછી તેમણે ઈસ્લામના આમાલ એટલે કે નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાત એ લોકો સમક્ષ રજૂ કર્યા અને આમ તેમણે ઈસ્લામની હક્કાનિયત (સત્યતા) વિશે એવું જોરદાર પ્રવચન કર્યું કે એક જ રાત્રિમાં કબીલાના તમામ પુરુષો અને મહિલાઓ મુસલમાન બની ગયાં અને એ લોકોએ પોતાની મૂર્તિઓનો તોડી ફોડીને ભુક્કા બોલાવી





દીધા અને પોતાના કબીલામાં એક મસ્જિદનું નિર્માણ કર્યું અને નમાઝ, રોઝા, હજ્જ અને ઝકાતના પાબંદ થઈને સાદિકુલ્ ઈમાન મુસલમાન બની ગયા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૪)*

## ★ બલ્લીનું પ્રતિનિધિ મંડળ (વફ્દે બલ્લી) ★

આ લોકો જ્યારે મદીના મુનવ્વરા પહોંચ્યા ત્યારે હઝરત અબૂ રુવૈફઅ્ કે જેઓ અગાઉથી જ મુસલમાન થઈને હુઝૂરની સેવામાં હાજર જ હતા તેમણે આ પ્રતિનિધિ મંડળનો પરિચય કરાવતાં અર્ઝ ગુજારી હતી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ લોકો મારી કૌમના માણસો છે. આપે ઈર્શાદ ફર્માવ્યો, "હું તમારું અને તમારી કૌમનું સ્વાગત કરું છું." પછી હઝરત અબૂ રુવૈફઅ્ رضی اللہ عنہ એ અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! આ બધા જ લોકો ઈસ્લામનો એકરાર કરે છે અને પૂરી કૌમને મુસલમાન બનાવવાની જવાબદારી સ્વીકારી છે. આપે ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ તઆલા જે કોઈની સાથે ભલાઈનો ઈરાદો ફર્માવે છે એને ઈસ્લામની હિદાયત આપી દે છે."

એ પ્રતિનિધિ મંડળમાં એક અત્યંત વયોવૃદ્ધ માણસ પણ હતો. જેનું નામ અબુઝ ઝૈફ હતું. એમણે પ્રશ્ન કર્યો, "યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું એક એવો માણસ છું કે જેને અતિથિઓનું આતિથ્ય અને તેમની પરોણાગતનો ભારે શોખ છે, તો શું આ મહેમાનનવાઝીનો પણ મને કંઈ સવાબ મળશે ખરો ?!" આપે ઈર્શાદ ફર્માવ્યો કે ઈમાન લાવ્યા પછી જે કોઈ મહેમાન (અતિથિ)ની મહેમાન નવાઝી (પરોણાગત) કરશો પછી ભલે ને તે અમીર હોય કે ફકીર તમે સવાબના હક્કદાર ઠરશો. પછી અબુઝ ઝૈફ رضی اللہ عنہ એ પૂછયું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મહેમાન કેટલા દિવસો સુધી મહેમાન નવાઝીનો હક્કદાર છે ? આપે ફર્માવ્યું કે ત્રણ દિવસ સુધી, ત્યાર પછી એ જે કંઈ ખાશે એ સદકો હશે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૪)*

## ★ તુજીબ પ્રતિનિધિ મંડળ (વફ્દે તુજીબ) ★

આ ૧૩ માણસોનું એક પ્રતિનિધિ મંડળ હતું. જે પોતાના માલ અને ઢોરની ઝકાત લઈને બારગાહે અકદસમાં ઉપસ્થિત થયું હતું. હુઝૂર

ﷺ એ મર્હબા અને ખુશ આમદિદ કહીને એ લોકોનું સ્વાગત કર્યું હતું અને ઈર્શાદ ફર્માવ્યો હતો કે તમે લોકો પોતાના માલની આ ઝકાત તમારા પોતાના વતનમાં પાછી લઈ જાવ અને ત્યાંના ફકીરો અને મિસ્કીનોમાં આ બધો જ માલ વહેંચી દો. એ લોકોએ અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમે અમારા વતનના ફકીરો અને ગરીબ મિસ્કીનોને એટલું માલ આપી ચૂક્યા છીએ કે આ માલ એમની જરૂરિયાત કરતાં પણ વધુ છે. આ સાંભળીને હુઝૂર ﷺ એ એ લોકોની ઝકાત સ્વીકારી લીધી અને એ લોકો ઉપર ખૂબ વધારે કરમ ફર્માવતાં એ સદ્નસીબોની ખૂબ ખૂબ મહેમાન નવાઝી કરી અને વિદાય વેળાએ એ લોકોને ઈનામ અકરામથી પણ નવાજયા. પછી પૂછયું કે, શું તમારી કૌમમાં કોઈ વ્યક્તિ બાકી રહી ગઈ છે જેણે મારા દીદાર (દર્શન) ન કર્યા હોય ? એ લોકોએ કહ્યું, "હા જી ! એક યુવકને અમે વતનમાં મૂકીને આવ્યા છીએ જે અમારા ઘરોની રક્ષા કરી રહ્યો છે." હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમે લોકો એ યુવકને પણ મારી પાસે મોકલી દો. આથી એ લોકોએ વતન પહોંચીને એ યુવકને મદીના તૈયબા માટે રવાના કરી દીધો. જ્યારે એ યુવક બારગાહે આલીમાં ઉપસ્થિત થયો ત્યારે એણે અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! ﷺ આપે મારી કૌમની હાજતો પૂરી ફર્માવીને વતનમાં મોકલી દીધી. હવે હું પણ એક હાજત લઈને આપની બારગાહે અકદસમાં હાજર થઈ ગયો છું અને મને આશા છે કે આપ મારી હાજત પણ પૂરી ફર્માવશો. હુઝૂર ﷺ એ પૂછયું કે તમારી હાજત કઈ છે ?! એણે અરજ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! હું પોતાના ઘરોમાંથી એવી મહેચ્છા કે મહત્વકાંક્ષા લઈને નથી આવ્યો કે આપ મને પણ માલ એનાયત ફર્માવો, બલ્કે મારી હાજત અને દિલી તમન્ના માત્ર એટલી જ છે જે લઈને આપની બારગાહમાં હાજર થયો છું કે અલ્લાહ તઆલા મને બખ્શી દે અને મારી ઉપર રહમ (દયા) ફર્માવે અને મારા મનમાં બેનિયાઝી અને ઈસ્તિગ્ના (નિસ્પૃહતા)ની દૌલત પેદા ફર્માવે. એ યુવકના મનની આ મુરાદ સાંભળીને મહબૂબે ખુદા ﷺ ખૂબ ખુશ થયા અને એમના હક્કમાં આ શબ્દો સાથે દુઆ ફર્માવી :–

"અલ્લાહુમ્મ મગ્ફિર લહૂ વરહમ્હુ વજ્અલ્ ગિનાહુ ફી કલ્બિહી."





**તર્જુમો** : "હે અલ્લાહ ! એને બક્ષી દે અને એના પર પર રહમ ફર્માવ અને એના મનમાં બેનિયાઝી નાખી દે."

ત્યારબાદ આપે એ જવાનને જ એની કૌમનો અમીર નિયુક્ત ફર્માવ્યો એ જ યુવક પોતાના કબીલાની મસ્જિદનો ઈમામ પણ થઈ ગયો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૪)*

## ★ મુઝૈના પ્રતિનિધિ મંડળ (વફદે મુઝૈના) ★

આ પ્રતિનિધિ મંડળના આગેવાન હઝરત નો'માનિ બિન મુકર્રિન رضی اللہ عنہ કહે છે કે અમારા કબીલાના ચારસો માણસો હુઝૂર ﷺ ની ખિદમતે અકદસમાં હાજર થયા અને જ્યારે અમે પોતાનાં ઘરો તરફ પાછા ફરવા લાગ્યા ત્યારે આપે ફર્માવ્યું કે, હે ઉમર ! તમે આ લોકોને કંઈક ભેટ સોગાદ આપો. હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! ﷺ મારા ઘરમાં ખૂબ ઓછી ખજૂરો છે, આ લોકો આટલી ઓછી ભેટથી કદાચ ખુશ નહીં થાય. આપે ફરી એ જ ઈર્શાદ ફર્માવ્યો કે, હે ઉમર ! જાવ ! આ લોકોને જરૂર કંઈક ભેટ સોગાદ આપો ઈર્શાદે નબવી સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ એ ચારસો માણસોને પોતાની સાથે લઈને જ્યારે પોતાના ઘરે પહોંચ્યા ત્યારે એ જોઈને ચકિત થઈ ગયા કે ઘરમાં ખજૂરોનો એક ખૂબ મોટો ઢગલો પડયો છે. આપે પ્રતિનિધિ મંડળના લોકોને કહ્યું કે તમે લોકો જેટલી લેવા માગતા હો તેટલી ખજૂરો આમાંથી લઈ લો. એ લોકોએ પોતાની હાજત (જરૂરિયાત) અને મરજી પ્રમાણે ખજૂર લઈ લીધી. હઝરત નો'મિન બિન મુકર્રિન رضی اللہ عنہ બયાન છે કે સૌથી છેલ્લે જ્યારે હું ખજૂરો લેવા માટે એ મકાનમાં દાખલ થયો. ત્યારે મને એમ લાગ્યું કે એ ઢગલામાંથી એક ખજૂર પણ ઓછી થઈ નથી.

આ એ જ નો'માન બિન મુકર્રિન رضی اللہ عنہ છે જેઓ મક્કા પર વિજયના દિવસે મુઝૈના કબીલાના અલમબર્દાર હતા. તેઓ પોતાના સાત ભાઈઓ સાથે હિજરત કરીને મદીના શરીફ આવ્યા હતા. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ફર્માવતા હતા કે કેટલાક ઘર તો ઈમાનનાં છે અને કેટલાક ઘર નિફાકનાં છે અને આલે મુકર્રિનનું ઘર ઈમાનનું ઘર છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૭)*

## ★ દૌસ પ્રતિનિધિ મંડળ (વફ્દે દૌસ) ★

આ પ્રતિનિધિ મંડળના આગેવાન હઝરત તુફૈલ બિન અમ્ર દૌસી رضی اللہ عنہ હતા. તેઓ હિજરત પહેલાં જ ઈસ્લામ લાવી ચૂક્યા હતા. એમના ઈસ્લામ લાવવાની ઘટના પણ અજબ છે કે તેઓ એક મોટા બુદ્ધિશાળી અને ઉચ્ચ કોટિના કવિ હતા. તેઓ એકવાર કોઈ કામથી મક્કા આવ્યા ત્યારે કુરૈશના કાફિરોએ તમેને કહી દીધું કે ખબરદાર ! તમે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને મળશો નહીં અને હરગિઝ હરગિઝ તેમની વાત સાંભળશો નહીં ! એમની વાણીમાં એવો જાદૂ છે કે જે કોઈ સાંભળી લે છે એ પોતાનો દીન અને ધર્મ છોડી દે છે અને સગાવહાલાંઓ સાથેના સંબંધો તોડી લે છે ! તેઓ મક્કાના કાફિરોની જાળમાં સપડાઈ ગયા અને પોતાના કાનમાં રૂ ઠોંસી લીધી કે ક્યાંક કુર્આનનો અવાજ એમના કાને ન સંભળાય. પરંતુ એક દિવસ સવારે જ્યારે તેઓ હરમે કા'બામાં ગયા ત્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ફજરની નમાઝમાં કિરાઅત ફર્માવી રહ્યા હતા. એકાએક કુર્આનનો અવાજ એમના કાને પડયો ત્યારે તેઓ કુર્આનની વાકપટુતા અને તેની આલૌકિકતાથી આશ્ચર્યચકિત રહી ગયા અને કિતાબે ઈલાહીની અઝમત અને એની તાસીરે રબ્બાનીએ એમનું મન મોહી લીધું. જ્યારે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યાંથી કાશાનએ નબુવ્વત તરફ રવાના થયા ત્યારે તેઓ બેચેન થઈને આપની પાછળ પાછળ ચાલી નીકળ્યા અને મકાનમાં આવીને આપની સામે અદબથી બેસી ગયા અને પોતાનો તેમજ કુરૈશની બદગોઈનો સમગ્ર હેવાલ કહી સંભળાવ્યો અને જણાવ્યું કે ખુદાના સોગંદ મેં કુર્આનથી વધારે ઉચ્ચ કક્ષાની અને કુર્આનથી વધુ શુદ્ધ અન્ય કોઈ જ વાણી સાંભળી નથી. અલ્લાહના વાસ્તે મને જણાવો કે ઈસ્લામ શું છે ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈસ્લામના કેટલાક હુકમો એમની સમક્ષ બયાન ફર્માવીને એમને ઈસ્લામની દા'વત આપી ત્યારે તેઓ તરત જ કલ્મો પઢીને મુસલમાન થઈ ગયા.

ત્યારબાદ એમણે દરખાસ્ત કરી કે યા રસૂલલ્લાહ ! મને કોઈ એવી નિશાની કે કરામત એનાયત ફર્માવો કે જેથી હું મારી કૌમમાં જઈને ઈસ્લામનો પ્રચાર કરી શકું. આપે દુઆ ફર્માવી દીધી કે ઈલાહી ! તું એમને એક ખાસ પ્રકારનો નૂર એનાયત ફર્માવ. આમ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆથી





એમને એક ખાસ પ્રકારનો નૂર એનાયત થયો, એમની બંને આંખ વચ્ચે ચિરાગની જ્યોતની જેમ એક નૂર ચમકવા લાગ્યો. પરંતુ તેમણે એવી ઈચ્છા વ્યક્ત કરી કે આ નૂર મારા માથામાં તબદીલ થઈ જાય. આમ એમનું માથું કંદીલ (લાલટેન)ની જેમ ચમકવા લાગ્યું. જ્યારે તેઓ પોતાના કબીલામાં પહોંચ્યા અને ઈસ્લામની દા'વત આપવા લાગ્યા ત્યારે એમના માતા પિતા અને પત્નીએ તો ઈસ્લામનો સ્વીકાર કર્યો પણ એમની કૌમ મુસલમાન ન થઈ બલ્કે ઈસ્લામનો વિરોધ કરવા લાગી. તેઓ પોતાની કૌમના ઈસ્લામના અસ્વીકારથી નિરાશ થઈને ફરી પાછા હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં પહોંચી ગયા અને પોતાની કૌમની બળવાખોરી અને તેના દ્વારા ઈસ્લામના વિરોધનો હેવાલ કહી સંભળાવ્યો. ત્યારે આપે ફર્માવ્યું કે તમે ફરીથી પોતાની કૌમમાં ચાલ્યા જાવ અને વિનમ્રતાપૂર્વક એમને ખુદા તરફ બોલાવતા રહો. આમ તેઓ ફરી પાછા પોતાની કૌમમાં આવી ગયા અને સતત ઈસ્લામની દા'વત આપતા રહ્યા, એટલે સુધી કે ૭૦ થી ૮૦ જેટલા ઘરના લોકોમાં ઈસ્લામનો પ્રકાશ ફેલાઈ ગયો અને તેઓ એ બધા લોકોને સાથે લઈને ખૈબરમાં તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજર થઈ ગયા અને આપે ખુશ થઈને ખૈબરના માલે ગનીમતમાંથી એમના તમામ સાથીદારોને ભાગ એનાયત ફર્માવ્યો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૭૦)*

## ★ બની અબસનું પ્રતિનિધિ મંડળ ★
## (વફ્દે બની અબસ)

બની અબસ કબીલાના પ્રતિનિધિ મંડળે જ્યારે દરબારે અકદસમાં હાજરી આપી. ત્યારે એવી અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અમારા પ્રચારકો (મુબલ્લિગો)એ અમને જણાવ્યું છે કે જે કોઈ હિજરત ન કરે એનું ઈસ્લામ સ્વીકાર્ય નથી. તો યા રસૂલલ્લાહ ! જો આપ હુકમ કરો તો અમે પોતાની માલમત્તા અને ઢોર ઢાંખર વેચીને હિજરત કરીને મદીના આવી જઈએ. આ સાંભળીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારા લોકો માટે હિજરત જરૂરી નથી. અલબત્ત એ જરૂરી છે કે તમે જ્યાં પણ રહો ત્યાં ખુદાથી ડરતા રહો અને પરહેઝગારી અને તકવા સાથે જિંદગી બસર કરો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૩૭૦)*

## ★ દારિમનું પ્રતિનિધિ મંડળ (વફ્દે દારિમ) ★

આ પ્રતિનિધિ મંડળ માણસોનો એક જૂથ હતો જેમનો સંબંધ "લખ્મ" નામના કબીલા સાથે હતો અને એમના આગેવાન અને પેશવાનું નામ "હાની બિન હબીબ" હતું. એ લોકો હુઝૂર صلى الله تعالى عليه وسلم માટે સોગાત (તોહફા)માં કેટલાક ઘોડા, એક રેશમી ઝભ્ભો અને એક મશક શરાબ પોતાના વતનથી લઈને આવ્યા હતા. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ ઘોડા અને ઝભ્ભાની સોગાત તો સ્વીકારી લીધી પરંતુ શરાબ એમ કહીને ફગાવી દીધી કે અલ્લાહ તઆલાએ શરાબ હરામ ફર્માવી દીધી છે. હાની બિન હબીબ رضى الله عنه એ અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم જો આપ પરવાનગી આપો તો આ શરાબ વેચી નાખું. આપે ફર્માવ્યું કે જે ખુદાએ શરાબ પીવાનું (મદ્યપાન) હરામ ફર્માવ્યું છે એ જ ખુદાએ એની લેવેચ પણ હરામ ઠરાવી છે આથી તમે શરાબની આ મશક લઈ જઈને ક્યાંક જમીન પર એને રડી દો.

રેશમી ઝભ્ભો આપે પોતાના કાકા હઝરત અબ્બાસ رضى الله عنه ને એનાયત ફર્માવ્યો. ત્યારે એમણે અર્ઝ ગુજારી કે, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم હું આને લઈને શું કરીશ ?! જ્યારે પુરુષો માટે એનું પહેરવું જ હરામ છે. આપે ફર્માવ્યું કે આમાં જેટલું સોનું છે તેને આમાંથી કાઢી લો અને તમારી ધર્મ પત્નીઓ માટે ઘરેણા બનાવડાવો અને રેશમી કપડું વેચી દઈને એનું મૂલ્ય પોતાના ઉપયોગમાં લાવો. આથી હઝરત અબ્બાસ رضى الله عنه એ એ ઝભ્ભો આઠ હજાર દિરહમમાં વેચી નાખ્યો.

આ પ્રતિનિધિ મંડળ પણ બારગાહે રિસાલતમાં હાજર થઈને ખુશદિલી સાથે મુસલમાન થઈ ગયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૬૫)*

## ★ ગામિદનું પ્રતિનિધિ મંડળ (વફ્દે ગામિદ) ★

આ દસ માણસોનો સમૂહ હતો જેઓ હિ.સ. ૧૦ માં મદીના શરીફ આવ્યા હતા અને પોતાની મંઝિલમાં માલસામાનની સુરક્ષા માટે એક યુવકને મૂકીને આવ્યા હતા, એ સૂઈ ગયો. એવામાં એક ચોર આવ્યો અને એક કોથળો લઈને ભાગ્યો. આ લોકો હુઝૂર صلى الله تعالى عليه وسلم ની સેવામાં હાજર





હતા કે એકાએક આપે ફર્માવ્યું કે તમારા લોકોનો એક કોથળો ચોર લઈ ગયો હતો પણ એ યુવકે પેલો કોથળો પાછો મેળવી લીધો. જ્યારે આ લોકો બારગાહે અકદસમાંથી ઉઠીને પોતાની મંઝિલે પહોંચ્યા ત્યારે એ યુવકે જણાવ્યું કે હું સૂઈ રહ્યો હતો ત્યારે એક ચોર કોથળો લઈને ભાગવા લાગ્યો હતો. પરંતુ જાગ્યા પછી જ્યારે એની શોધખોળમાં નીકળ્યો ત્યારે એક વ્યક્તિને જોયો. એ મને જોતાં જ ફરાર થઈ ગયો અને મેં જોયું ત્યારે જમીન ખોદેલી હતી જ્યારે મેં માટી ખસેડીને જોયું તો કોથળો ત્યાં જ દફન હતો હું એને કાઢીને લઈ આવ્યો. આ સાંભળીને આ બધા એકી અવાજે બોલી ઉઠયા, નિઃશંક ! આ રસૂલે બરહક્ક છે અને એમને એટલા માટે જ એ ઘટનાની આપણને જાણ કરી દીધી જેથી અમે લોકો એમની પુષ્ટિ (તસ્દીક) કરી લઈએ. એ બધા લોકોએ ઈસ્લામ અંગીકાર કર્યો અને એ યુવકે પણ દરબારે રસૂલમાં હાજર થઈને કલ્મો પઢી લીધો અને ઈસ્લામના દામનમાં આવી ગયો. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ હઝરત ઉબૈ બિન કઅબ رضى الله عنه ને હુકમ આપ્યો કે જેટલા દિવસો સુધી આ લોકો મદીનામાં રોકાય તમે એમને કુર્આન પઢવાનું શીખવાડી દો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૭૪)*

## ★ નજરાનનું પ્રતિનિધિ મંડળ ★

આ નજરાનના ખ્રિસ્તીઓનું પ્રતિનિધિમંડળ હતું અને એમાં ત્રણ એવા પ્રતિષ્ઠિત માણસો પણ હતા જેમના હાથમાં નજરાનના ખ્રિસ્તીઓનું સમગ્ર ધાર્મિક અને સામાજિક વહીવટ હતું. (૧) આકિબ જેનું નામ અબ્દુલ મસીહ હતું. (૨) બીજો સૈયદ જેનું નામ "ઐહમ" હતું અને (૩) અબૂ હારિષ બિન અલ્કમા. એ લોકોએ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم ને ઘણા પ્રશ્નો કર્યા હતા અને હુઝૂર صلى الله تعالى عليه وسلم એ તમામ પ્રશ્નોના જવાબ આપ્યા હતા એટલે સુધી કે હઝરત ઈસા عليه الصلوة والسلام ના મુદ્દે ચર્ચા ઉગ્ર બની ગઈ, એ લોકોએ એ વાત માનવાનો ઈન્કાર કરી દીધો કે હઝરત ઈસા عليه الصلوة والسلام કુંવારી મરયમના પેટે વગર પિતાએ જન્મ્યા હતા. આ પ્રસંગે આ આયત ઉતરી હતી જેને "આયતે મુબાહેલા" કહેવામાં આવે છે :–

نِ:શંક ! હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم નું ઉદાહરણ અલ્લાહને ત્યાં હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم જેવું છે. એમને માટીથી બનાવ્યા પછી ફર્માવ્યું, ''થઈ જા !'' ત્યારે એ તરત થઈ જાય છે. (હે સાંભળનારાઓ !) આ તારા રબ તરફથી સત્ય છે. તમે શંકા કરનારા માંહેના થશો નહીં. પછી (હે મહબૂબ !) જે લોકો તમને જ્ઞાન મળી ગયા પછી પણ હઝરત ઈસા علیہ الصلوٰۃ والتسلیم વિશે તકરાર કરે ત્યારે એમને ફર્માવી દો, ''આવો ! આપણે બોલાવીએ અમારા પુત્રોને અને તમારા પુત્રોને, અમારી મહિલાઓ અને તમારી મહિલાઓને, અમારા જીવોને અને તમારા જીવોને, ત્યાર પછી આપણે કરગરીને દુઆ માંગીએ અને જૂઠા લોકો ઉપર અલ્લાહની લઅ્નત મોકલીએ.''
*(સૂરએ આલે ઈમરાન)*

إِنَّ مَثَلَ عِيسَىٰ عِندَ اللَّهِ كَمَثَلِ آدَمَ ۖ خَلَقَهُ مِن تُرَابٍ ثُمَّ قَالَ لَهُ كُن فَيَكُونُ ۝ الْحَقُّ مِن رَّبِّكَ فَلَا تَكُن مِّنَ الْمُمْتَرِينَ ۝ فَمَنْ حَاجَّكَ فِيهِ مِن بَعْدِ مَا جَاءَكَ مِنَ الْعِلْمِ فَقُلْ تَعَالَوْا نَدْعُ أَبْنَاءَنَا وَأَبْنَاءَكُمْ وَنِسَاءَنَا وَنِسَاءَكُمْ وَأَنفُسَنَا وَأَنفُسَكُمْ ثُمَّ نَبْتَهِلْ فَنَجْعَل لَّعْنَتَ اللَّهِ عَلَى الْكَاذِبِينَ ۝

હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ જ્યારે એ લોકોને આ મુબાહિલાનું આમંત્રણ આપ્યું ત્યારે એ ખ્રિસ્તીઓએ એક રાતની મહેતલ માગી. સવારે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત હસન, હઝરત હુસૈન, હઝરત અલી, હઝરત ફાતિમા رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ أَجْمَعِيْنَને સાથે લઈને મુબાહિલા માટે કાશાએ નબુવ્વતમાંથી નીકળી પડયા. પરંતુ નજરાનના ખ્રિસ્તીઓ મુબાહિલા કરવાનો ઈન્કાર કરી દીધો અને જિઝિયા વેરો આપવાનું સ્વીકારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સુલેહ કરી દીધી. –*(તફસીરે જલાલૈન)*





**(પ્રકરણ-૧૫)**

# હિજરતનું દસમું વર્ષ

**(હિજરી સન : ૧૦)**

## ★ હજ્જતુલ્ વિદાઅ ★

આ વર્ષના બધા જ પ્રસંગોમાં સૌથી વધુ ભવ્ય અને મહત્વપૂર્ણ પ્રસંગ ''હજ્જતુલ્ વિદાઅ''નો છે. આ આપની અંતિમ હજ્જ હતી અને હિજરત પછી એ જ આપની પ્રથમ હજ્જ પણ હતી. હિ. સ. ૧૦ ના ઝી કઅદા મહિનામાં આપે હજ્જની રવાનગીનું એલાન કર્યું. આ ખબર વીજળી વેગે સમસ્ત અરબમાં ફેલાઈ ગઈ અને બધા જ આરબો સાથે જવા માટે ઉમટી પડયા. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝી કઅ્દાના અંતિમ દિવસોમાં ગુરૂવારના એ જ મહિનામાં ગુસ્લ કરી તેહબંદ (લૂંગી) અને ચાદર પરિધાન કર્યાં. ઝોહરની નમાઝ મસ્જિદે નબવીમાં પઢીને મદીના મુનવ્વરાથી રવાના થયા. તેમની બધી જ પુનિત પત્નીઓને સાથે જવાનો આદેશ આપ્યો. મદીના મુનવ્વરાથી છ માઈલ દૂર મદીનાવાસીઓની મીકાત અર્થાત જે સ્થળથી મદીનાવાસીઓ હજ્જ કરવા જતાં અહેરામ બાંધે છે તે ''ઝુલ્ હુલૈફા'' પર પહોંચીને રાતવાસો કર્યો. પછી અહેરામ બાંધવા માટે ગુસ્લ કર્યું. હઝરત આઈશા رضی اللہ عنہا એ તેમના હાથે શરીર પર સુગંધ લગાડી. પછી આપે બે રકાત નમાઝ અદા કરી અને તેમની ઊંટણી ''કસ્વા'' પર સવાર થઈ એહરામ બાંધ્યો અને બુલંદ અવાજે ''લબ્બૈક'' પઢી અને રવાના થઈ ગયા. હઝરત જા'બિર رضی اللہ عنہ નું કથન છે કે મેં નજર ઉઠાવીને જોયું તો આગળ પાછળ, ડાબે જમણે જ્યાં સુધી નજરો પહોંચતી હતી માનવ મેદની જ દેખાતી હતી. બૈહકીની રિવાયત છે કે એક લાખ ચૌદ હજાર અને અન્ય રિવાયતો મુજબ એક લાખ ચોવીસ હજાર મુસલમાનો હજ્જતુલ વિદાઅમાં આપની સાથે હતા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૦૬ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૩૮૭)*

ચોથી ઝિલ્ હજ્જના રોજ આપ મક્કા મુકર્રમામાં દાખલ થયા. આપના ખાનદાન બની હાશિમના બાળકોએ આપની પધરામણીની ખબર સાંભળી તો પ્રસન્ન થઈ દોડયાં. આપે ઘણા જ વહાલપૂર્વક કોઈને આગળ તો કોઈને પાછળ તેમની ઊંટણી પર બેસાડી લીધાં. *(નસાઈ, ભાગ–૨, પેજ–૨૬)*

ફજરની નમાઝ આપે "ઝી તુવા"માં અદા કરી અને ગુસ્લ કર્યું. ત્યારબાદ આપ મક્કા મુકર્રમામાં દાખલ થયા અને ચાશ્તના સમયે અર્થાત જ્યારે સૂર્ય ઉંચે ચડયો ત્યારે આપ મસ્જિદે હરામમાં દાખલ થયા. જ્યારે કા'બાએ મુઅઝ્ઝમા પર આપની નજર પડી તો આપે આ દુઆ પઢી :–

અલ્લાહુમ્મ અન્તસ્સલામુ વમિન્કસ્સલામુ હય્યિના રબ્બના બિસ્સલામિ અલ્લાહુમ્મ ઝિદ હાઝલ બયત તશરીફંવ વતઅ્ઝીમંવ્ વતકરીમંવ્ વમહાબતંવ્ વઝિદમન હજ્જહૂ વઅ્તમરહૂ તકરીમંવ વતશરીફંવ વતઅ્ઝીમા.

"હે અલ્લાહ ! તું સલામતી આપનાર છે. તારી તરફથી જ સલામતી છે. હે રબ ! અમને સલામતી સાથે જીવતા રાખ. હે અલ્લાહ ! આ ઘરની ભવ્યતા, સદ્ભાગ્ય અને પ્રભાવમાં વધારો કર અને જે આ ઘરની હજ્જ અને ઉમરા કરે તો તું તેના સદ્ભાવ, સદ્ભાગ્ય મહાનતામાં વધારો કર."

જ્યારે હજરે અસ્વદ સામે આપ તશરીફ લઈ ગયા તો હજરે અસ્વદ પર હાથ રાખીને એને ચૂમી લીધો. ત્યારબાદ ખાનએ કા'બાનો તવાફ કર્યો. પ્રારંભના ત્રણ ફેરામાં આપે રમલ કર્યું અર્થાત ખભા હલાવીને અને છાતી કાઢીને ચાલ્યા અને બાકીના ચાર ફેરામાં રાબેતા મુજબની સામાન્ય ગતિથી ચાલ્યા. દરેક ચક્કર એટલે કે તવાફ કરતી વખતે જ્યારે હજરે અસ્વદ સામે પહોંચતા તો તેમની લાઠીથી હજરે અસ્વદ તરફ ઈશારો કરીને લાઠીને ચૂમી લેતા હતા. હજરે અસ્વદને ચૂમવાની પ્રક્રિયા ક્યારેક આપે લાઠી દ્વારા કરી, ક્યારેક હાથનો સ્પર્શ કરીને હાથને ચૂમી લીધો, ક્યારેક હજરે અસ્વદ પર મૂકીનો ચુંબન કર્યું. અને આ પણ પુરવાર થયેલ છે કે ક્યારેક ક્યારેક રુકને યમાનીને પણ આપે ઈસ્તેલામ કર્યો.

જ્યારે તવાફથી ફારેગ થયા ત્યારે મકામે ઈબ્રાહીમ પાસે તશરીફ લાવ્યા અને ત્યાં બે રકાત નમાઝ અદા કરી. નમાઝથી ફારેગ થઈ ફરી





હજરે અસ્વદનું ચુંબન કર્યું અને સામેના દરવાજેથી સફા તરફ પ્રયાણ કર્યું. અને સામેના દરવાજેથી સફા તરફ પ્રયાણ કર્યું. નજીક પહોંચ્યા ત્યારે આ આયતની તિલાવત ફર્માવી કે :–

اِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَآئِرِ اللّٰهِ

"બેશક ! સફા અને મરવા અલ્લાહના દીનની નિશાનીઓમાંથી છે."

પછી સફા અને મરવાની સઈ ફર્માવી. આપની સાથે કુર્બાનીનાં જાનવર હતાં. આથી ઉમરા કર્યા બાદ આપે એહરામ ઉતાર્યું નહીં. આઠમી ઝિલ્ હજ્જ ગુરૂવારના રોજ આપ મિના તશરીફ લઈ ગયા અને પાંચ નમાઝો ઝહોર, અસર, મગરિબ, ઈશા અને ફજરની નમાઝ અદા કરી નવમી ઝિલ્ હજ્જ જુમ્આના દિવસે આપ અરફાતમાં તશરીફ લઈ ગયા.

અજ્ઞાનતાકાળમાં કુરૈશીઓ પોતાને સમગ્ર અરબમાં ઉચ્ચતર અને શ્રેષ્ઠ સમજતા હતા તેથી તેઓ અરફાતને બદલે "મુઝદલિફા"માં રોકાણ કરતા હતા અને બીજા તમામ અરબો "અરફાત"માં રોકાતા હતા. પરંતુ ઈસ્લામી સમાનતાએ કુરૈશ માટે આ વિશિષ્ટતાને પસંદ ન કરી અને અલ્લાહ عزوجل એ આ આદેશ આપ્યો કે :–

ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسُ

"(હે કુરૈશીઓ) તમે પણ ત્યાં (અરફાત)થી પાછા ફરો જ્યાંથી બધા લોકો પાછા ફરીને આવે છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અરફાત પહોંચીને એક કામળાના તંબૂમાં રોકાણ કર્યું. જ્યારે સૂર્ય ઢળ્યો ત્યારે આપે પોતાની ઊંટણી "કસ્વા" પર સવાર થઈને ખુત્બો પઢયો. આ ખુત્બામાં આપે ઘણા અગત્યના ઈસ્લામી આદેશોનું એલાન કર્યું અને અજ્ઞાનતાકાળમાંની તમામ બુરાઈઓ અને વાહિયાત રસમોને નિર્મૂળ કરતાં ફર્માવ્યું કે :–

**અલ્ અકુલ્લુ શયઈમ્ મિન્ અમ્રિલ જાહિલય્યતિ તહ્ત કદમૈય ય મૌદૂઉન.**

"સાંભળી લો ! અજ્ઞાનતાકાળના બધા જ નીતિ નિયમો મારા બંને પગો નીચે નાશ પામ્યા." *(અબૂ દાઊદ, પેજ–૨૫૩, મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૩૯૭)*

એ જ રીતે અજ્ઞાનતાકાળના વંશીય ગૌરવ, રંગભેદ, જાતિય, શ્રેષ્ઠતા અને સામાજિક ઊંચ નીચતા વિગેરે અજ્ઞાનતાપૂર્ણ વિચારસરણીની મૂર્તિઓના ટુકડે ટુકડા કરીને તેમજ ઈસ્લામની સમાનતાનો ધ્વજ ફરકાવતાં તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના એ ઐતિહાસિક ખુત્બામાં ઈર્શાદ ફર્માવ્યો કે :–

اَیُّهَاالنَّاسُ اَلَا اِنَّ رَبَّكُمْ وَاحِدٌ وَ اِنَّ اَبَاكُمْ وَاحِدٌ لَا فَضْلَ لِعَرَبِيٍّ عَلٰى عَجَمِيٍّ وَلَا لِاَحْمَرَ عَلٰى اَسْوَدَ وَ لَا لِاَسْوَدَ عَلٰى اَحْمَرَ اِلَّا بِالتَّقْوٰى (مسند امام احمد)

"હે લોકો ! નિઃશંક ! તમારો રબ એક છે અને નિઃશંક ! તમારો બાપ એક છે. આરબને બિન આરબ પર, લાલને કાળા પર અને કાળાને લાલ પર કોઈ ઉચ્ચતા નથી, પરંતુ ઉચ્ચતા છે તકવા (ખૌફે ખુદા)ના કારણે." *(મુસ્નદે ઈમામ અહમદ)*

આ રીતે સમગ્ર વિ□માં શાંતિ સ્થાપવા માટે શાંતિ અને સલામતીના શહનશાહ તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ ખુદાઈ ફર્માન જારી કર્યું કે :–

اِنَّ دِمَاءَكُمْ وَ اَمْوَالَكُمْ عَلَيْكُمْ حَرَامٌ كَحُرْمَةِ يَوْمِكُمْ هٰذَا فِيْ شَهْرِكُمْ هٰذَا فِيْ بَلَدِكُمْ هٰذَا يَوْمَ تَلْقَوْنَ رَبَّكُمْ (بخاری ومسلم وابوداؤد)

"તમારું લોહી અને તમારા માલ તમારા પર કયામત સુધી આ જ રીતે હરામ છે જે રીતે તમારો આ દિવસ, તમારો આ મહિનો, તમારું આ શહેર પ્રતિષ્ઠિત છે." *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ અને અબૂ દાઊદ શરીફ)*

પોતાનો ખુત્બો પૂરો કરતાં આપે શ્રોતાઓને કહ્યું કે :–

وَاَنْتُمْ مَسْئُوْلُوْنَ عَنِّيْ فَمَا اَنْتُمْ قَائِلُوْنَ

"તમને ખુદા પાસે મારા સંબંધે પૂછવામાં આવશે તો તમે લોકો શું જવાબ આપશો ?!"

બધા લોકોએ કહ્યું, અમે લોકો ખુદાને કહીશું કે આપે ખુદાનો સંદેશ પહોંચાડી દીધો અને રિસાલતનો હક્ક અદા કરી લીધો. આ સાંભળી આપે આકાશ તરફ આંગળી ઉઠાવી અને ત્રણવાર કહ્યું :– અલ્લાહુમ્મશહદ.





"હે અલ્લાહ ! તું સાક્ષી રહેજે." *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૧, પેજ–૨૬૩)*

બરાબર જે સમયે જ્યારે ખુત્બામાં આપ પોતાની રિસાલતની જવાબદારી અદા કરી રહ્યા હતા ત્યારે આ આયત નાઝિલ થઈ કે :–

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

"આજે મેં તમારા માટે દીનને સંપૂર્ણ કરી દીધો અને પોતાની નેઅમતો પૂર્ણ કરી દીધી અને તમારા માટે દીને ઈસ્લામ પસંદ કરી લીધો."

## ★ શહનશાહે દો આલમનું રાજસિંહાસન ★

આ આશ્ચર્યજનક અને બોધપ્રદ પ્રસંગ પણ યાદ રાખવા લાયક છે કે જ્યારે શહનશાહે દો આલમ ખુદાના નાઈબે અકરમ અને ખલીફએ આ'ઝમ હોવાની હૈસિયતથી ખુદાના આદેશોનું એલાન કરી રહ્યા હતા ત્યારે આપનું રાજસિંહાસન અર્થાત ઊંટણીનું પલાણ અને જીન બેઠક કદાચ દસ રૂપિયાથી વધારે કિંમતનું ન હતું અને એ ઉંટણી પર ન હતી કોઈ ગાદી, ન હતી કોઈ અંબાડી, ન હતી કોઈ છત્ર અને ન હતો કોઈ તાજ.

શું વિ□ ઈતિહાસમાં કોઈ અન્ય સમ્રાટે પણ આવી સાદાઈનો નમૂનો રજૂ કર્યો છે ?! તેનો જવાબ એ જ અને માત્ર એ જ છે કે, "ના !"

આ તે ઝાહિદ શહનશાહી છે જે માત્ર શહનશાહે દો આલમની શહનશાહીની જ વિશેષતા છે.

ખુત્બા પછી આપે ઝોહર અને અસરની નમાઝ એક અઝાન અને બે ઈકામતોથી અદા કરી. પછી આપ "મોકિફ"માં રોકાણ કરવા માટે તશરીફ લઈ ગયા અને જબલે રહમતની નીચે સૂર્યાસ્ત સુધી દુઆઓમાં વ્યસ્ત રહ્યા. સૂયાસ્ત પછી અરફાતથી એક લાખથી વધારે હાજીઓના માનવ મહેરામણ સાથે "મુઝદલિફા" પહોંચ્યા. અહીં પહેલા મગરિબ ત્યારબાદની નમાઝ ઈશા એક અઝાન બે ઈકામતો સાથે અદા કરી. "મશઅરે હરામ" પાસે આખી રાત ઉમ્મત માટે દુઆઓ માંગતા રહ્યા અને સૂર્યોદય પહેલાં મુઝદલ્ફાથી મિના તરફ રવાના થઈ ગયા અને વાદીયે

મુહસ્સર''ના માર્ગેથી મિનામાં આપ જમરહ પાસે આવ્યા અને કાંકરીઓ મારી પછી મોટા અવાજે કહ્યું કે :–

''હજ્જની વિધિઓ શીખી લો. કદાચ ! આના પછી બીજી હજ્જ નહીં કરી શકું.'' *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૪૧૯)*

لِتَأْخُذُوْا مَنَاسِكَكُمْ فَإِنِّيْ لَا أَدْرِيْ لَعَلِّيْ لَا أَحُجُّ بَعْدَ حَجَّتِيْ هٰذِهٖ

મિનામાં પણ આપે એક લાંબુ સંબોધન કર્યું જેમાં અરફાતના ખુત્બાની જેમ કેટલાએ મસાઈલ અને આદેશોનું એલાન કર્યું. ત્યારબાદ કુર્બાની સ્થળ પાસે ગયા. આપની સાથે કુર્બાનીના એકસો ઊંટ હતા તેમાંથી કેટલાક તો આપે પોતાના હાથે ઝબહ કર્યાં અને બાકીના હઝરત અલી کرم اللہ وجہہ الکریم ને સોંપી દીધાં. તેમજ માંસ, ચામડું, તેના પરનું કપડું, ઊંટની લગામ બધું જ ખેરાત કરી દેવાનો હુકમ કર્યો. ઉપરાંત કહ્યું કે કસાઈનું મહેનતાણું પણ એમાંથી ચૂકવવામાં ન આવે, બલ્કે અલગથી આપવામાં આવે.

## ★ બાલ મુબારક (પવિત્ર વાળ) ★

કુર્બાની થયા બાદ હઝરત મઅ્મર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી આપે માથાના વાળ કપાવ્યા. અમુક ભાગ હઝરત અબૂ તલ્હા અન્સારી رضی اللہ عنہ ને આપ્યો બાકીના મુબારક વાળ મુસલમાનોમાં વહેંચી દેવાનો આદેશ આપ્યો. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૪૨૧)*

ત્યારબાદ આપ મક્કા તશરીફ લાવ્યા અને તવાફે ઝિયારત કર્યો.

## ★ ઝમઝમના કૂવા પર સાકિયે કૌષર ★

ત્યારબાદ ઝમઝમના કૂવા પાસે ગયા ત્યાં અબ્દુલ મુત્તલિબના કુટુંબીજનો હાજીઓને પાણી પીવડાવી રહ્યા હતા. આપે કહ્યું કે મને એ આશંકા ન હોત કે મને એમ કરતાં જોઈને અન્ય લોકો પણ તમારા હાથમાંથી ડોલ છીનવીને પોતે જ પોતાના હાથે પાણી ભરીને પીવા લાગશે, તો હું સ્વયં મારા હાથે પાણી ભરીને પીતો. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ ઝમઝમનું પાણી આપ્યું અને આપે કિબ્લા તરફ મોં રાખી ઊભા ઊભા પાણી પીધું.





પછી ફરી મિના તરફ તશરીફ લઈ ગયા. ૧૨ મી ઝિલ્ હજ્જ સુધી મિનામાં રોકાયા દરરોજ સૂરજ ઢળ્યા બાદ પછી શૈતાનને કાંકરીઓ મારતા રહ્યા. ૧૩ મી ઝિલ્ હજ્જ મંગળવારના રોજ આપે સૂર્ય ઢળ્યા બાદ મિનાથી રવાના થઈ ''મુહસ્સબ''માં રાતવાસો કર્યો અને સવારે ફજરની નમાઝ કા'બાની મસ્જિદમાં અદા કરી. તવાફે વિદાઅ કરીને અન્સારો અને મુહાજિરો સાથે મદીના મુનવ્વરા તશરીફ લઈ ગયા.

## ★ ગદીરે ખુમનો ખુત્બો ★

માર્ગમાં ''ગદીરે ખુમ'' પર જે એક તળાવ છે ત્યાં બધા સાથીઓને ભેગા કરીને એક ટૂંકું પ્રવચન કર્યું જેનો અનુવાદ આ પ્રમાણે છે :–

''હમ્દો ષના બાદ હે લોકો ! હું પણ એક માનવી છું, શક્ય છે કે ખુદાનો ફરિશ્તો (મલિકુલ મૌત) આવી જાય અને મારે એનો સંદેશ સ્વીકારવો પડે. હું તમારી વચ્ચે બે દળદાર વસ્તુઓ મૂકીને જાઉં છું. એક ખુદાની કિતાબ જેમાં માર્ગદર્શન અને પ્રકાશ છે અને બીજી વસ્તુ મારા ઘરવાળા (એહલે બૈત). હું મારા એહલે બૈત બાબતે તમને ખુદાની યાદ અપાવું છું.'' *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૭૯)*

આ સંબોધનમાં આપે એ પણ ફર્માવ્યું કે :–

મન કુન્તુ મૌલાહુ ફઅલિય્યુન મૌલાહુ અલ્લાહુમ્મ વાલિ મૌવલાહુ વઆદિ મન્ આદાહુ. *(મિશ્કાત શરીફ, પેજ–૫૬૫)*

''જેનો હું મૌલા છું અલી પણ એના મૌલા છે. ખુદાવંદ ! જે અલી સાથે પ્રેમ રાખે તું પણ એની સાથે પ્રેમ રાખ અને જે અલી સાથે શત્રુતા રાખે એની સાથે તું પણ શત્રુતા રાખ.''

ગદીરેખુમના સંબોધનમાં હઝરત અલી کرم اللہ وجہہ الکریم ની ફઝીલતો અને વિશિષ્ટતાઓ બયાન કરવાની શું આવશ્યક્તા હતી એની કોઈ સ્પષ્ટતા ક્યાંય કોઈ હદીષોમાં પર્યાપ્ત નથી.

હા ! અલબત્ત બુખારીની એક રિવાયતથી જાણ થાય છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ તેમની મરજી મુજબ કોઈ એવું કાર્ય કરી નાખ્યું હતું જે એમના યમનથી આવનારા સાથીઓને ગમ્યું ન હતું, એટલે સુધી કે

એમનામાંથી એકે બારગાહે રિસાલતમાં એની ફરિયાદ કરી દીધી હતી. જેનો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમને જવાબ આપ્યો કે, અલીને એનાથી પણ વધારે હક્ક હતો. શક્ય છે કે એ જ પ્રકારની આશંકાઓને યમની મુસલમાનોના મનમાંથી દૂર કરવા માટે આ અવસરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલી અને અહલે બૈત رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن ની શ્રેષ્ઠતાઓ પણ બયાન કરી દીધી હશે. *(બુખારી, બાબ અલા અલલ યમન, ભાગ–૨, પેજ–૨૨૩, તિર્મિઝી શરીફ, મનાકિબે અલી)*

## ★ રાફઝીઓની એક આશંકા ★

કેટલાય શીઆ લોકોએ આ પ્રસંગે લખ્યું છે કે "ગદીરે ખુમ"નું સંબોધન એ "હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ખિલાફતનું સ્પષ્ટ એલાન હતું." પરંતુ બુદ્ધિમત્તા ધરાવનારા જાણે છે કે તે એક "તુકબંદી" સિવાય બીજું કાંઈ નથી. કેમ કે જો ખરેખર હઝરત અલી માટે ખિલાફતનું સ્પષ્ટ એલાન કરવાનું હોત તો અરફાત કે મિનાના સંબોધનોમાં એ એલાન વધુ યોગ્ય હતું જ્યાં એક લાખ કરતાં વધારે મુસલમાનો એકઠા થયા હતા, નહીં કે ગદીરે ખુમ પર કે જ્યાં યમન અને મદીનાવાસીઓ સિવાય કોઈ ન હતું.

મદીના નજીક પહોંચીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝુલ્ હુલૈફામાં રાતવાસો કર્યો અને સવારે મદીના મુનવ્વરામાં પ્રવેશ્યા.


## ★ અનમોલ કિતાબો મંગાવો ★

**કિતાબ : ઈમામ અહમદ રઝા ઔર એહતમામે નમાઝ**

**કિતાબ : હિકમતે નમાઝ** *(ઉર્દૂ ભાષા ગુજરાતી લિપિ)*

**લેખક** : હઝરત હાફિઝો કારી મૌલાના શાકિર રઝવી નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા શાખા**

**સરનામુ** : C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન : ૩૯૨ ૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨ (ગુજરાત) મોબાઈલ : ૯૨૪૪૮૬૪૪૩ ,

**હદિયો** : રૂા. ૫/– [પોસ્ટ ખર્ચ રૂા. ૧]






(પ્રકરણ-૧૬)

# હિજરતનું અગ્યારમું વર્ષ

(હિજરી સન : ૧૧)

## ★ જયશે ઉસામા ★

આ લશ્કરનું બીજું નામ "સરિય્યાએ ઉસામા" અર્થાત ઉસામાનું લશ્કર પણ છે. આ સૌથી અંતિમ લશ્કર છે જેને રવાના કરવાનો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હુકમ આપ્યો. ૨૬ સફર હિ.સ. ૧૧ સોમવારના દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રોમનો સાથે યુદ્ધની તૈયારીઓનો હુકમ આપ્યો હતો. બીજા દિવસે હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ ને બોલાવીને ફર્માવ્યું કે મેં તમને આ સૈન્યનો સરદાર આગેવાન નિર્ધારિત કર્યા છે. તમે તમારા પિતાની શહાદતના મુકામ "ઉબ્ના"માં જાઓ અને ઝડપી મુસાફરી કરીને એ કાફિરો પર અચાનક હુમલો કરી દો, જેથી એ લોકો યુદ્ધની તૈયારીઓ ન કરી શકે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તબિયત સારી ન હતી છતાં આપે એવી જ હાલતમાં પોતાના હાથે ધ્વજ બાંધ્યો અને એ ઈસ્લામનું નિશાન હઝરત ઉસામા رضی اللہ عنہ ના હાથમાં આપીને ફર્માવ્યું :– **ઉગ્ઝુ બિસ્મિલ્લાહિ વફી સબીલિલ્લાહિ ફકાતિલ મન કફર બિલ્લાહ.**

"અલ્લાહના નામથી અને અલ્લાહના માર્ગમાં જેહાદ કરો અને કાફિરો સાથે યુદ્ધ કરો !"

હઝરત ઉસામા رضی اللہ عنہ એ હઝરત બુરૈદા બિન ખુસ્સૈબ رضی اللہ عنہ ને ધ્વજધારી બનાવ્યા અને મદીનાથી નીકળીને લગભગ બે માઈલના અંતરે આવેલ "જુર્ફ" મુકામે પડાવ નાખ્યો, જેથી કરીને ત્યાં આખું લશ્કર ભેગું થઈ જાય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અન્સારો અને મુહાજિરોના તમામ પ્રતિષ્ઠિત વ્યક્તિઓને પણ આ સૈન્યમાં સામેલ થવાનો આદેશ આપ્યો. કેટલાક

લોકોને એ ન ગમ્યું કે એવું લશ્કર જેમાં અન્સારો અને મુહાજિરોના અગ્રણી અને સરદારો મૌજૂદ છે ત્યારે એક નાની ઉંમરના યુવક કે જેની ઉંમર વીસ વર્ષ કરતાં વધુ નથી, કઈ રીતે લશ્કરનો આગેવાન બનાવી દેવાયો ?! જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ વિરોધની જાણ થઈ ત્યારે આપના કોમળ હૃદય પર આઘાત પહોંચ્યો. આપે બીમાર છતાં કપાળમાં બંધાયેલી પટ્ટી અને ચાદર ઓઢીને આવ્યા તેમજ મિમ્બર પરથી એક સંબોધન કર્યું. જેમાં કહેવામાં આવ્યું કે તમે લોકોએ ઉસામાની આગેવાની પર આક્ષેપબાજી કરી છે, તમે લોકોએ આનાથી પહેલા એના પિતાના આગેવાન થવા પર પણ કટાક્ષ કર્યો હતો. જો કે ખુદાના સોગંદ એનો પિતા (ઝૈદ બિન હારિષા) આગેવાન થવાને લાયક હતો અને એના પછી એનો પુત્ર (ઉસામા બિન ઝૈદ) પણ સરદાર હોવાને લાયક છે અને આ મારી સમીપ શ્રેષ્ઠ સહાબામાંથી છે જેવી રીતે એનો બાપ મારા શ્રેષ્ઠ સહાબામાંથી હતો. આથી ઉસામા બાબતે તમે મારી નેક વસિયતને સ્વીકારી લો કે તે તમારા શ્રેષ્ઠ લોકોમાંથી છે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આ સંબોધન કરી ઘરમાં ચાલ્યા ગયા. એ વખતે આપની બીમારીમાં કંઈક વધારો થઈ ગયો હતો.

હઝરત ઉસામા رضی اللہ عنہ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદેશનો અમલ કરતાં મુકામે જુર્ફ વિસ્તારમાં પહોંચી ગયા. ત્યાં સૈન્ય એકત્રિત થઈ રહ્યું હતું, તે એટલે સુધી કે એક ભવ્ય લશ્કર તૈયાર થઈ ગયું. ૧૦ રબીઉલ અવ્વલ હિ. સ. ૧૧ માં જિહાદ માટે જનારી વિશિષ્ટ વ્યક્તિઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે વિદાય લેવા આવી અને વિદાય થઈ મુકામે જુર્ફમાં પહોંચી ગઈ. એના બીજા દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બીમારી વધુ તીવ્ર થઈ ગઈ. હઝર ઉસામા رضی اللہ عنہ પણ આપની પૃચ્છા કરવા અને વિદાય થવા માટે આપની સેવામાં ઉપસ્થિત થયા હતા. આપે ઉસામા رضی اللہ عنہ ને જોયા પરંતુ નબળાઈના કારણે કંઈ બોલી શક્યા નહીં. આપ વારંવાર હાથ આકાશ ભણી ઉઠાવતા હતા અને એમના શરીર પર પોતાનો હાથ ફેરવતા હતા. હઝરત ઉસામા رضی اللہ عنہ નું બયાન છે કે એના પરથી મેં વિચાર કર્યો કે હુઝૂર મારા માટે દુઆ ફર્માવી રહ્યા છે. ત્યારબાદ હઝરત ઉસામા رضی اللہ عنہ વિદાય થઈને તેમના લશ્કરમાં પહોંચી ગયા. અને ૧૨ રબીઉલ અવ્વલ હિ. સ. ૧૧ ના રોજ કૂચનું એલાન પણ ફર્માવી દીધું. તેઓ સવાર થવાની તૈયારીઓ કરી





રહ્યા હતા કે તેમની માં હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہا ના મોકલાવેલા માણસે ઉસામા رضی اللہ عنہ ને માહિતગાર કર્યા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હાલત ગંભીર છે અંતિમ અવસ્થામાં છે. આવી આઘાતજનક ખબર સાંભળીને હઝરત ઉસામા અને હઝરત અબૂ ઉબૈદા વિગેરે તરત જ મદીના શરીફ પાછા આવ્યા ત્યારે તેમણે જોયું કે આપ સકરાતની હાલતમાં છે. અને એ જ દિવસે બપોરે અથવા બપોર પછીના સમયે આપનો ઈન્તેકાલ થઈ ગયો. **ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન.** આ ખબર સાંભળી હઝરત ઉસામા رضی اللہ عنہ નું લશ્કર મદીના પાછું આવી ગયું. પરંતુ જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ખિલાફતના પદ પર બિરાજમાન થયા ત્યારે આપે કેટલાક લોકોના વિરોધ છતાં રબીઉલ અવ્વલની અંતિમ તારીખોમાં એ જ લશ્કરને ફરી રવાના કર્યું. હઝરત ઉસામા رضی اللہ عنہ મુકામે ઉબ્નામાં પહોંચી ગયા અને ત્યાં લોહિયાળ યુદ્ધ બાદ ઈસ્લામી સૈન્ય વિજેતા થયું તેમજ આપે પોતાના પિતાના કાતિલ અને અન્ય કાફિરોને કત્લ કર્યા. ત્યારબાદ અપાર માલે ગનીમત લઈને ચાલીસ દિવસ બાદ મદીના મુનવ્વરા પાછા ફર્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૦૯ થી ૪૧૧ અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૦૭ થી ૧૧૨)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત મુબારક ★

હુઝૂર રહ્મતુલિલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم નું આ જગતમાં આવવું માત્ર એટલા માટે જ હતું કે આપ ખુદાના અંતિમ અને પૂરેપૂરા સંદેશ અર્થાત દીને ઈસ્લામના આદેશો એના બંદાઓ સુધી પહોંચાડી દે અને ખુદાની વાત પૂરી કરી આપે. આ કામને આપે કઈ રીતે પાર પાડયું ? અને એમાં આપને કેટલી સફળતા મળી એનો ટૂંકાણમાં જવાબ એ છે કે જ્યારથી આ દુનિયા અસ્તિત્વમાં આવી, હજારો અંબિયા અને રસૂલો علیہم السلام આ મહાન કાર્યને પાર પાડવા માટે આ જગતમાં આવ્યા. પરંતુ તમામ અંબિયા અને રસૂલોના પ્રચાર કાર્યને એકત્રિત કરવામાં આવે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રચાર કાર્યોની તુલનામાં એવા લાગશે જેમ કે પ્રકાશિત સૂર્યની તુલનામાં એક દીવો, અથવા એક રણના મુકાબલામાં એક રજકણ, અથવા એક સમુદ્રની સરખામણીમાં એક ટીપું. આપની તબ્લીગે દુનિયામાં

એવી ક્રાંતિ સર્જી કે જીવન સૃષ્ટિની દરેક તુચ્છતાને ઉચ્ચતમ કક્ષાએ મૂકી, અપમાનિત ધરતીને આબરૂનો આકાશ બનાવી દીધી. અને દીને હનીફના એ પવિત્ર અને નૂરાની મહેલને જેના ઘડતર માટે હઝરત આદમ علیہ السلام થી લઈ હઝરત ઈસા علیہ السلام સુધી તમામ અંબિયા અને રસૂલો ઘડવૈયા બનાવીને મોકલવામાં આવતા રહ્યા. આપે ખાતિમુન્નબીય્યીન નિશાનથી એ હિદાયતના મહેલને એવી રીતે પૂર્ણ કરી દીધો કે હક્ક જલ્લે જલાલહુએ એના પર اَلْیَوْمَ اَکْمَلْتُ لَکُمْ دِیْنَکُمْ ની મહોર લગાવી દીધી.

જ્યારે દીને ઈસ્લામ પૂર્ણ થઈ ગયો અને દુનિયામાં આપના આવવાનું ધ્યેય પૂરું થઈ ગયું તો અલ્લાહ તઆલાના હુકમ અનુસાર اِنَّکَ مَیِّتٌ وَّ اِنَّھُمْ مَّیِّتُوْنَ ના પૂરા થવાનો સમય આવી ગયો !

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પોતાના મૃત્યુની જાણકારી ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બહુ પહેલાથી તેમના મૃત્યુની જાણ થઈ હતી. આપે વિવિધ પ્રસંગોએ લોકોને તેની ખબર પણ આપી હતી. જેમ કે હજ્જતુલ્ વિદાઅ સમયે આપે લોકોને આ કહીને વિદાય કર્યા હતા કે :–

"કદાચ આના પછી હું તમારી સાથે હજ્જ નહીં કરી શકું."

એ જ રીતે "ગદીરે ખુમ"ના સંબોધનમાં એ જ શૈલીમાં કંઈક એવા જ શબ્દો આપની પવિત્ર જબાનથી ઉચ્ચારાયા હતા. જો કે એ બંને પ્રવચનોમાં શબ્દ **લઅલ્લ** (કદાચ) ફર્માવીને જરા પડદો નાખતાં પોતાના મૃત્યુની જાણ કરી. પરંતુ હજ્જતુલ વિદાઅથી પરત આવતી વખતે આપે જે સંબોધન કર્યા હતાં એમાં **લઅલ્લ** (કદાચ) શબ્દનો ઉપયોગ કર્યો ન હતો, બલ્કે એકદમ સ્પષ્ટ અને વિ□ાસપૂર્વક તેમની વફાતની ખબરથી લોકોને વાકેફ કર્યા હતા. આમ બુખારી શરીફમાં હઝરત ઉકબા બિન આમિર رضی اللہ عنہ થી રિવાયત છે કે :–

"એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ઘરમાંથી બહાર તશરીફ લઈ ગયા અને ઉહદના શહીદોની કબરો પર એવી રીતે નમાઝ પઢી જેવી રીતે મૈયત પર નમાઝ પઢવામાં આવી છે. પછી પાછા ફરીને મિમ્બર પર ગયા અને





કહ્યું કે હું તમારો પેશ રવ (તમારાથી પહેલાં મૃત્યુ પામનાર) છું અને તમારો સાક્ષી છું. હું ખુદાના સોગંદ ! પોતાના હૌઝને આ સમયે જોઈ રહ્યો છું. *(બુખારી કિતાબુલ હૌઝ, ભાગ–૨, પેજ–૯૭૫)*

આ હદીષમાં "ઈન્ની ફરતુન્ લકુમ" કહેવામાં આવ્યું છે અર્થાત : હું હવે તમારા લોકોથી પહેલાં જ મૃત્યુ પામીને જઈ રહ્યો છું જેથી ત્યાં જઈને તમારા માટે હૌઝે કૌષર વિગેરેની વ્યવસ્થા કરું.

આ પ્રસંગ મૃત્યુ રોગ શરૂ થવાની પહેલાનો છે પરંતુ આ પ્રસંગ બયાન ફર્માવતાં સમયે આપને એની વિ□સનીયતાની જાણ થઈ ચૂકી હતી કે હું ક્યારે અને કયા સમયે દુનિયા છોડવાનો છું.

અને મૃત્યુ આરંભ થયા બાદ તો તેમના દીકરી હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا ને સાફ સાફ શબ્દોમાં "કદાચ" શબ્દ ઉચ્ચાર્યા વગર તેમના મૃત્યુની જાણ કરી દીધી. બુખારી શરીફની રિવાયત છે કે :–

તેમના મૃત્યુ રોગમાં આપે હઝરત ફાતિમા رضی اللہ عنہا ને બોલાવ્યાં અને ધીમે ધીમે એમને કાંઈ કહ્યું તો તેઓ રડી પડયાં. ફરી બોલાવ્યાં અને ધીમે ધીમે કંઈક કહ્યું તો તેઓ હસવા લાગ્યાં. જ્યારે પુનિત પત્નીઓએ એ બાબતે હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا થી પૂછયું તો તેમણે કહ્યું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ધીમે ધીમે મને આ કહ્યું કે હું આ જ બીમારીમાં મૃત્યુ પામીશ ! તો હું રડવા લાગી. પછી ધીમે ધીમે મને એ કહ્યું કે મારા પછી મારા ઘરવાળાઓમાંથી સૌથી પહેલાં તમે મૃત્યુ પામીને મારા પાછળ આવશો ! તો હું હસવા લાગી. *(બુખારી શરીફ, પ્રકરણ : મરઝુન્નબી, ભાગ–૨, પેજ–૬૩૮)*

તાત્પર્ય એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વયં તેમના વિશે તેમના મૃત્યુના સમયની જાણ થઈ ચૂકી હતી, કેમ ન હોય કે જ્યારે બીજા લોકોના મૃત્યુના સમયથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ عزوجل એ વાકેફ કર્યા હતા. આમ અલ્લાહ તઆલા અલ્લામુલ ગુયૂબના દર્શાવી દેવાથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તેમના મૃત્યુના સમયની જાણ પહેલાંથી જ થઈ ગઈ હતી, તો તેમાં શું ખોટું છે ? અલ્લાહ તઆલાએ તો આપને **માકાન વ માયકૂન**નો ઈલ્મ અર્પણ કર્યો છે. અર્થાત જે કઈ થઈ ચૂક્યું, જે કંઈ થઈ રહ્યું છે અને જે કંઈ થવાનું છે તે સર્વેનું જ્ઞાન અર્પણ કરીને આપને દુનિયાથી ઉઠાવી લીધા. આ જ રીતે આ મુદ્દે અમે અમારા પુસ્તક "કુર્આની તકરીરેં"માં વિગતે લખ્યું છે.

## ★ બીમારીની શરૂઆત ★

બીમારીની શરૂઆત ક્યારે થઈ ? અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કેટલા દિવસો સુધી બીમાર રહ્યા ? આ બાબતે ઈતિહાસકારોમાં મતભેદ છે.

એકંદરે ૨૦ કે ૨૨ સફર હિ. સ. ૧૧ ના રોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જન્નતુલ બકીઅમાં જે મુસલમાનોનું કબ્રસ્તાન છે ત્યાં મધ્ય રાત્રે ગયા. ત્યાંથી પરત આવ્યા તો તબિયત બગડી ગઈ. તે હઝરત મૈમૂના رضی اللہ عنہا ના વારાનો દિવસ હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૧૭ અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૧૦)*

સોમવારના દિવસે આપની તબિયત વધારે બગડી ગઈ. આપની ઈચ્છાનુસાર તમામ પુનિત પત્નીઓએ સંમતિ વ્યક્ત કરી કે આપ હઝરત આયશા رضی اللہ عنہا ના ત્યાં રોકાણ કરે. આથી હઝરત અબ્બાસ અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ સહારો આપી આપને હઝરત બીબી આયશા رضی اللہ عنہا ના હુજરએ મુબારકમાં પહોંચાડી દીધા. જ્યાં સુધી શક્તિ રહી આપ પોતે મસ્જિદે નબવીમાં નમાઝો પઢાવતા રહ્યા. જ્યારે નબળાઈ અતિશય વધી ગઈ ત્યારે આપે આદેશ આપ્યો કે હઝરત અબૂબક્ર સિદ્દીક મારા મુસલ્લા પર ઈમામત કરે. જેથી ૧૭ નમાઝો હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ પઢાવી.

એક દિવસે ઝોહરની નમાઝના સમયે બીમારીમાં કંઈક રાહત થઈ ત્યારે આપે હુકમ આપ્યો કે પાણીની સાત મશકો મારા ઉપર રેડો. જ્યારે આપ ગુસ્લ કરી ચૂક્યા તો હઝરત અબ્બાસ અને હઝરત અલી આપના બાહુઓ પકડીને આપને મસ્જિદમાં લાવ્યા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ નમાઝ પઢાવી રહ્યા હતા. અવાજ સાંભળીને પાછળ ખસવા લાગ્યા. પરંતુ આપે સંકેત કરીને એમને રોક્યા અને એમની બાજુમાં પડખે બેસીને નમાઝ પઢાવી. આપને જોઈને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ને જોઈને બીજા મુક્તદીઓ અરકાને નમાઝ અદા કરતા રહ્યા. નમાઝ બાદ આપે એક ખુત્બો પણ આપ્યો જેમાં ઘણી વસિયતો અને ઈસ્લામના આદેશો બયાન ફર્માવીને અન્સારની ફઝીલતો અને એમના હક્કો બાબતે કેટલીક વાતો વર્ણવી અને સૂરએ વલ અસ્ર અને એક અન્ય આયત





પણ તિલાવત ફર્માવી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૨૫, બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૩૯)* ઘરમાં સાત દીનાર મૂકેલા હતા. આપે હઝરત બીબી આયશા رضی اللہ عنہا થી ફર્માવ્યું કે તમે એ દીનારો લાવો જેથી હું એ દીનારોને ખુદાના માર્ગમાં ખર્ચ કરી દઉં. આમ હઝરત અલી رضی اللہ عنہ દ્વારા આપે એ દીનારોની વહેંચણી કરાવી દીધી અને પોતાના ઘરમાં એક રત્તી ભાર સોનું કે ચાંદી પણ ન રહેવા દીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૨૪)*

આપની બીમારીમાં વધારો ઘટાડો થતો રહેતો હતો. ખાસ વફાતના દિવસે અર્થાત સોમવારના રોજ તબિયત સારી હતી. હુજરો મસ્જિદ સાથે જોડાયેલો હતો. આપે પડદો ઉઠાવીને જોયું ત્યારે લોકો ફજરની નમાઝ પઢી રહ્યા હતા, આ જોઈ પ્રસન્નતાથી આપ હસી પડયા. લોકોએ વિચાર્યું કે આપ મસ્જિદમાં આવવા માંગો છો. પ્રસન્નતાથી બધા બેબાકળા થઈ ગયા. પરંતુ આપે ઈશારાથી તેમને રોક્યા અને હુજરામાં દાખલ થઈ પડદો પાડી દીધો. એ સૌથી છેલ્લો પ્રસંગ હતો કે જ્યારે સહાબાએ કિરામે જમાલે નબુવ્વતની ઝિયારત કરી. હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે આપનો ચહેરો એવો લાગતો હતો જાણે કે કુર્આન મજીદનું કોઈ પૃષ્ઠ હોય. અર્થાત □ત થઈ ગયો હતો. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૪૦)*

ત્યારબાદ વારંવાર બેભાન થવા લાગ્યા. હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہا ના મુખે દુઃખની તીવ્રતામાં આ શબ્દો સરી પડયા : "વા કર્બ અબાહુ" હાય રે ! મારા પિતાની વ્યાકૂળતા ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હે દીકરી ! તમારા પિતા આજ પછી ક્યારેય વ્યાકૂળ નહીં થાય. *(બુખારી શરીફ, પેજ–૬૪૧, પ્રકરણ : મર્ઝુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم).*

ત્યારબાદ વારંવાર આપ આ ફર્માવતા રહ્યા કે **મઅલ્લઝીન અન્અમલ્લાહુ અલૈહિમ.** અર્થાત : એ લોકો સાથે જેમના પર અલ્લાહનું ઈનામ છે. અને ક્યારેક આ ફર્માવતા કે, **"અલ્લાહુમ્મ ફિર્રફીકિલ આ'લા."** અલ્લાહ તઆલા મહાન સાથી છે. અને **લાઈલાહ ઈલ્લલ્લાહુ** પણ પઢતા હતા અને ફર્માવતા હતા કે, નિઃશંક ! મૌત માટે સખ્તાઈઓ છે. હઝરત બીબી આયશા رضی اللہ عنہا કહે છે કે તંદુરસ્તીની સ્થિતિમાં આપ મોટે ભાગે કહેતા કે પૈગંબરોને હક્ક આપવામાં આવે છે કે તેઓ ચાહે મૃત્યુને સ્વીકારે અથવા તો દુનિયવી જીવનને. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક

મુખે આ કલમા જારી થયા તો મેં સમજી લીધું કે આપે આખિરતને સ્વીકારી લીધી છે. *(બુખારી શરીફ, ભાગ–ર, પેજ–૬૪૦, ૬૪૧)*

મૃત્યુના થોડા સમય પહેલાં હઝરત આઈશા رضی اللہ عنہا ના ભાઈ હઝરત અબ્દુર્રહ્‌માન બિન અબૂબક્ર رضی اللہ عنہ તાજો મિસ્વાક હાથમાં લઈને હાજર થયા. આપે એમની તરફ દૃષ્ટિ જમાવીને જોયું. હઝરત આઈશા رضی اللہ عنہا એ વિચાર્યું કે મિસ્વાકની ઈચ્છા છે. તેમણે તરત જ મિસ્વાક લઈને પોતાના દાંતો વડે નરમ કરી આપના મુબારક હાથોમાં આપ્યું. આપે મિસ્વાક કર્યો. બપોર પછીનો સમય હતો કે આપની છાતીમાં ઘરઘરાટી થવા લાગી એટલામાં હોઠમાં હલચલ થઈ તો લોકોએ આ શબ્દો સાંભળ્યા કે :–

અસ્સલાતુ વમા મલકત અય્‌માનુકમ્‌. ''નમાઝ અને દાસી અને ગુલામોનો ખયાલ રાખો.''

પાસે જ પાણીનો લોટો રાખેલો હતો, એમાં વારંવાર હાથ નાખતા અને ચહેરા પર ફેરવતા અને કલમો પઢતા, ક્યારેક ચાદર ચહેરા પર નાખી દેતા, ક્યારેક હટાવી દેતા હતા. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا આપના માથાને ખોળામાં રાખીને બેઠાં હતાં, એટલામાં આપે હાથ ઉઠાવી આંગળીનો ઈશારો કર્યો અને ત્રણ વખત ફર્માવ્યું કે :–

**''બલિર્રફીકલ્ આ'લા''** (હવે કોઈ નથી) બલ્કે તે મહાન સાથી છે. આ જ શબ્દો મુબારક ઝબાન ઉપર હતા કે અચાનિક પવિત્ર હાથ લટકી ગયા અને આંખો છત તરફ જોતી ઉઘાડીને ઉઘાડી રહી ગઈ અને આપની પવિત્ર રૂહ આલમે કુદ્‌સમાં પહોંચી ગઈ. **ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન. અલ્લાહુમ્મ સલ્લિ વસલ્લિમ વબારિક અલા સૈયદના મુહમ્મંદિવ વઆલિહિ વઅસ્હાબિહિ અજમઈન.** *(બુખારી શરીફ, ભાગ–ર, પેજ–૬૪૦, ૬૪૧)*

વફાતની તારીખોમાં ઈતિહાસકારોના ઘણા મતભેદ છે પરંતુ એક વાત પર તમામ સીરતના આલિમોની સર્વસંમતિ છે કે સોમવારનો દિવસ અને રબીઉલ અવ્વલનો મહિનો હતો. સામાન્ય રીતે એ જ જાણીતું છે કે ૧ર રબીઉલ અવ્વલ હિ. સ. ૧૧ અને સોમવારના દિવસે બપોર પછી અર્થાત ત્રીજા પહોરમાં આપ વફાત પામ્યા. (વલ્લાહુ તઆલા અઅ્‌લમ)





## ★ વફાતની અસર ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૃત્યુ બાદ સહાબાએ કિરામ અને અહલે બૈતના વડીલોને કેટલો મોટો આઘાત પહોંચ્યો ? અને મદીનાવાસીઓની શું હાલત થઈ ? એનું ચિત્રણ કરવા માટે હજારો પાનાંઓ પણ ઓછાં પડે. એ નબુવ્વતની શમ્અના પરવાના જેમને અમુક દિવસો સુધી જમાલે નબુવ્વતના દર્શન ન થતા તો તેમનાં હૃદય બેચેન અને એમની આંખો અશ્રુભીની થઈ જતી હતી, જાહેર છે કે એ આશિકાને રસૂલ પર જાને આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથેની કાયમી જુદાઈના પ્રસંગથી કેટલો આત્મઘાતક અને કેટલો દુઃખદાયક આઘાત પહોંચ્યો હશે ? જલીલુલ કદ્ર સહાબાએ કિરામ નિઃશંકપણે સ્તબ્ધ અને અવાક બની ગયા હતા. તેઓ શૂન્યમનસ્ક થઈ ગયા હતા, અવાજો બંધ થઈ ગઈ હતી. તેઓ એટલા બધા શાન ભાન ભૂલી ગયા હતા કે શું કહે ? અને શું કરે ? હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ પર એવી સ્તબ્ધતા છવાઈ ગઈ હતી કે તેઓ આમ તેમ દોડાદોડી કરતા હતા. પરંતુ કોઈને કંઈ કહેતા ન હતા ન જ કોઈનાથી કંઈ સાંભળતા હતા હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ગમ અને દુઃખદર્દમાં અશક્ત થઈ બેસી રહ્યા કે તેમનામાં ઉઠવા બેસવા અને ચાલવા ફરવાની શક્તિ પણ રહી ન હતી. હઝરત અબ્દુલ્લાહ બિન ઉનૈસ رضی اللہ عنہ ના હૃદય પર એવો વજ્રઘાત પડયો કે તેઓ એ આઘાતને જીરવી શક્યા નહીં અને હૃદય ધબકતું બંધ થઈ ગયું.

હઝરત ઉમર رضی اللہ عنہ એવા તો શાન ભાન ભૂલી ગયા કે તેમણે તલવાર ખેંચી અને ઉઘાડી તલવાર લઈ મદીનાની શેરીઓમાં આમ તેમ જતા આવતા હતા અને એમ કહેતા રહેતા કે જો કોઈએ કહ્યું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું મૃત્યુ થઈ ગયું છે તો હું આ જ તલવાર વડે એની ગરદન ઉડાવી દઈશ ! હઝરત આયશા رضی اللہ عنہا નું બયાન છે કે મૃત્યુબાદ હઝરત ઉમર અને મુગીરા બિન શુઅ્‌બા સંમતિ લઈને મકાનમાં દાખલ થયા. હઝરત ઉમર رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોઈને કહ્યું કે ઘણી જ સખત બેભાની છવાઈ ગઈ છે. જયારે ત્યાંથી જવા લાગ્યા તો હઝરત મુગીરા رضی اللہ عنہ એ કહ્યું કે, હે ઉમર ! તમને કંઈ ખબર પણ છે ? હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈન્તેકાલ થઈ ગયો છે. આ સાંભળીને હઝરત ઉમર رضی اللہ عنہ નિરંકુશ થઈ ગયા અને તડપીને બોલ્યા કે, હે મુગીરા ! તમે જૂઠા છો ! હુઝૂર

ﷺ નો એ સમય સુધી ઈન્તેકાલ થઈ શક્તો નથી જયાં સુધી દુનિયામાંથી એકે એક મુનાફિકનો ખાત્મો ન થઈ જાય !

મવાહિબે લદુન્નિયામાં તિબરીથી નકલ થયેલ છે કે હુઝૂર ﷺ ના ઈન્તેકાલના સમયે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ "સુખ" મુકામે હતા જે મસ્જિદે નબવીથી એક માઈલના અંતરે આવેલ છે. એમના પત્ની હઝરત હબીબા બિન્તે ખારજા رضی اللہ عنہا ત્યાં જ રહેતાં હતાં. જયારે સોમવારની સવારે બીમારીમાં કમી થઈ અને કંઈક રાહત જણાઈ તો હુઝૂર ﷺ એ સ્વયં હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ને પરવાનગી આપી દીધી કે તમે "સુખ"માં ચાલ્યા જાવ અને પત્ની તથા બાળકોને મળીને આવો.

બુખારી શરીફ વિગેરેમાં છે કે, હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તેમના ઘોડા પર સવાર થઈ "સુખ"માંથી પાછા આવ્યા અને કોઈને કંઈ વાત ન કહી અને ન જ સાંભળી. સીધા હઝરત આઈશા رضی اللہ عنہا ના હુજરામાં ચાલ્યા ગયા અને હુઝૂર ﷺ ના મુબારક ચહેરા પરથી ચાદર હટાવી આપ પર નમ્યા અને આપની બંને આખો વચ્ચે અત્યંત ઉમળકાથી એક ચુંબન કર્યું અને કહ્યું કે આપ પોતાના જીવન અને મરણ બંને સ્થિતિઓમાં પવિત્ર રહ્યા, મારા માં બાપ આપ પર વારી જાય ! હરગિઝ ખુદાવંદ તઆલા આપ પર બે મૌતને ભેગી નહીં કરે. આપનું જે મૃત્યુ લખેલું હતું આપ એ મૃત્યુ સાથે મરણ પામ્યા. ત્યારબાદ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ મસ્જિદમાં તશરીફ લાવ્યા ત્યારે એ સમયે હઝરત ઉમર رضی اللہ عنہ લોકો સામે સંબોધન કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું કે, હે ઉમર ! બેસી જાવ ! હઝરત ઉમર رضی اللہ عنہ એ બેસવાનો ઈન્કાર કરી દીધો. ત્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ તેમને તેમના હાલ પર છોડી દીધા અને પોતે લોકોને ધ્યાનાકર્ષિત કરવા માટે સંબોધન કરવાનું શરૂ કરી દીધું કે :–

અમ્મા બા'દ, જે શખ્સ તમારામાંથી મુહમ્મદ ﷺ ની ઈબાદત કરતો હતો (તે જાણી લે કે) મુહમ્મદ ﷺ નો ઈન્તેકાલ થઈ ગયો છે અને જે શખ્સ તમારામાંથી ખુદાની ઈબાદત કરતો હતો તો ખુદા જીવતો છે તે ક્યારેય નહીં મરે. પછી ત્યારબાદ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ સૂરએ આલે ઈમારાનની આ આયત તિલાવત ફર્માવી :–





وَ مَا مُحَمَّدٌ اِلَّا رَسُوْلٌ قَدْ خَلَتْ مِنْ قَبْلِهِ الرُّسُلُ اَفَاۡىِٕنْ مَّاتَ اَوْ قُتِلَ انْقَلَبْتُمْ عَلٰۤى اَعْقَابِكُمْ وَ مَنْ یَّنْقَلِبْ عَلٰى عَقِبَیْهِ فَلَنْ یَّضُرَّ اللّٰهَ شَیْــٴًـا وَ سَیَجْزِی اللّٰهُ الشّٰكِرِیْنَ ۝ (آل عمران)

"અને મુહમ્મદ ﷺ તો એક રસૂલ છે એમના પહેલાં ઘણા રસૂલ થઈ ચૂક્યા તો શું જો તેઓ મૃત્યુ પામે કે શહીદ થઈ જાય તો તમે પાછા પગે ફરી જશો ? અને જે પાછા પગે ફરશે, અલ્લાહનું કંઈ નુકસાન નહીં કરે અને નજીકના સમયમાં જ અલ્લાહ આભાર વ્યક્ત કરનારાઓને સવાબ આપશે." *(સૂરએ આલે ઈમરાન)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ કહે છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ આ આયત તિલાવત કરી ત્યારે એવું લાગતું હતું કે જાણે કોઈ આ આયતને જાણતું ન હતું. તેમનાથી સાંભળીને દરેક શખ્સ એ જ આયત પઢવા લાગ્યો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૬૬, મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૩)*

હઝરત ઉમર رضی اللہ عنہ નું બયાન છે કે મેં જયારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના મુખેથી સૂરએ આલે ઈમરાનની આ આયત સાંભળી ત્યારે મને સમજાઈ ગયું કે ખરેખર નબી ﷺ નો ઈન્તેકાલ થઈ ગયો છે. પછી હઝરત ઉમર رضی اللہ عنہ વ્યાકૂળ થઈ ઉઘાડી તલવાર લઈ જે એલાન કરતા ફરતા હતા કે હુઝૂર ﷺ નું મરણ થયું નથી તેમણે એનાથી રૂજૂઅ કર્યું. (એટલે એ વાતથી પાછા પલટયા) અને એમના દીકરા હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ કહે છે કે જાણે કે અમારા પર એક પડદો પડેલો હતો ! એ આયત તરફ અમારું ધ્યાન જ ગયું નહીં. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ખુત્બાએ એ પડદાને ઉઠાવી લીધો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૪)*

## ★ કફન અને દફન વિધિ ★

હુઝૂર ﷺ એ વસિયત ફર્માવી હતી કે મારું કફન અને દફન વિધિ મારા ઘરવાળા અને કુટુંબીજનો કરે, આથી એ સેવા આપના કુટુંબીજનોએ એ જ પૂર્ણ કરી. આમ હઝરત ફઝલ બિન અબ્બાસ, હઝરત કુષમ બિન અબ્બાસ, હઝરત અલી અને હઝરત ઉસામા બિન ઝૈદ

رضوان الله تعالیٰ علیہم اجمعین એ ભેગા મળી આપને ગુસ્લ આપ્યું. નાભિ મુબારક અને પાંપણો પર જે પાણીના ટીપાં અને તરી જામેલાં હતાં તે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પ્રેમભાવ અને અકીદતના આવેશમાં એને જીભ વડે ચૂસી લીધાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૮ અને ૪૩૯)*

ગુસ્લ બાદ ત્રણ સુતરાઉ કાપડનું જે "સિહોલ" ગામના બનેલા હતાં તેનું કફન બનાવવામાં આવ્યું, એમાં કમીઝ અને અમામો ન હતાં. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૬૯)*

## ★ નમાઝે જનાઝા ★

જનાઝો તૈયાર થયો તો લોકો નમાઝે જનાઝા પઢવા તૂટી પડયા. પહેલાં પુરુષોએ, પછી સ્ત્રીઓએ, પછી બાળકોએ જનાઝાની નમાઝ પઢી, જનાઝો પવિત્ર હુજરામાં જ હતો. એક પછી એક નંબર પ્રમાણે થોડા થોડા લોકો અંદર જતા અને નમાઝ પઢીને બહાર આવી જતા હતા. પરંતુ કોઈ ઈમામ ન હતો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૪૦ અને ઈબ્ને માજા, પેજ–૧૧૮)*

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ કબ્ર તૈયાર કરી જે "બગલી" પ્રકારની હતી. પવિત્ર શરીરને હઝરત અલી અને ફઝલ બિન અબ્બાસ તથા હઝરત અબ્બાસ અને હઝરત કુષમ બિન અબ્બાસ رضوان الله تعالیٰ علیہم اجمعین એ કબ્રે મનુવ્વરમાં ઉતાર્યું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૪૨)*

પરંતુ અબૂ દાઊદની રિવાયતોથી જાણ થઈ કે હઝરત ઉસામા અને હઝરત અબ્દુર્રહ્‌માન બિન ઔફ رضی اللہ عنہما પણ કબ્રમાં ઉતર્યા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૫૮)*

સહાબાએ કિરામમાં એ મતભેદ ઊભો થયો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ક્યાં દફન કરવામાં આવે. કેટલાક લોકોએ કહ્યું કે મસ્જિદે નબવીમાં આપને દફન કરવા જોઈએ અને કેટલાકે એવો મત વ્યક્ત કર્યો કે આપને સહાબાએ કિરામના કબ્રસ્તાનમાં દફન કરવા જોઈએ. આ પ્રસંગે હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી એ સાંભળ્યું છે કે દરેક નબીને તેમના મૃત્યુ બાદ ત્યાં જ દફન કરવામાં આવે છે જે જગ્યાએ એમનું મૃત્યું થયું હોય. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે





છે કે એ હદીષને સાંભળીને લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પથારી ઉપાડી અને એ જ જગ્યા (હઝરત આઈશા رضی اللہ عنہا ના હુજરા)માં આપની કબ્ર તૈયાર કરી અને આપને એ જ જગ્યાએ દફન કરવામાં આવ્યા. *(ઈબ્ને માજા, પેજ–૧૧૮, પ્રકરણ : ઝિક્રે વફાત)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુસ્લ અને કફન દફન વિધિના સદ્‌ભાગ્યમાં ભાગ લેવા માટે જાહેર છે કે શમ્એ નબુવ્વતના પ્રકાશિત પતંગિયાઓ કેટલા વ્યાકૂળ અને બેચેન થયા હશે ? પરંતુ જેમ કે અમે લખી ચૂક્યા છીએ કે, કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે વસિયત કરી હતી કે મારું ગુસ્લ અને કફન દફન વિધિ મારા એહલે બૈત જ કરે. પછી અમીરુલ મુ'મિનીન હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ પણ અમીરુલ મુ'મિનીન હોવાની હૈસિયતે એ જ હુકમ આપ્યો કે, "આ અહલે બૈતનો જ હક્ક છે." આથી હઝરત અબ્બાસ અને એહલે બૈતે બારણું બંધ કરીને ગુસ્લ આપ્યું અને કફન પહેરાવ્યું. પરંતુ શરૂથી અંત સુધી સ્વયં હઝરત અમીરુલ મુ'મિનીન અને અન્ય તમામ સહાબાએ કિરામ પવિત્ર હુજરાની બહાર હાજર રહ્યા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૩૭)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો વારસો ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર જિંદગી એટલી તો ઝાહિદાના હતી કે કંઈ પણ પોતાની પાસે રાખતા ન હતા. આથી દેખીતું છે કે આપે મૃત્યુ બાદ શું છોડયું હશે ? આ રીતે હઝરત અમ્ર બિન હારિષ رضی اللہ عنہ નું બયાન છે કે :–

مَا تَرَكَ رَسُوْلُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ عِنْدَ مَوْتِهٖ دِرْهَمًا وَّلَا دِيْنَارًا وَّلَا عَبْدًا وَّلَا اَمَةً وَّلَا شَيْئًا اِلَّا بَغْلَتَهُ الْبَيْضَاءَ وَسِلَاحَهٗ وَ اَرْضًا جَعَلَهَا صَدَقَةً

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના મૃત્યુ સમયે ન દિરહમ અને દીનાર છોડયા, ન દાસી અને ગુલામ ન અન્ય કંઈ. માત્ર તેમનું સફેદ ખચ્ચર, હથિયાર અને થોડીક જમીન હતી, જે સામાન્ય મુસલમાનો પર સદકો કરીને ગયા." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૮૨, કિતાબુલ વસાયા)*

આમ છતાં આપના વારસામાં ત્રણ વસ્તુઓ હતી : (૧) બનૂ નુઝૈર,

ફિદક, ખૈબરની જમીનો. (૨) સવારીના જાનવર (૩) હથિયાર. આ ત્રણે વસ્તુઓ નોંધપાત્ર છે.

## ★ જમીન ★

બની નુઝૈર, ફિદક અને ખૈબરની જમીનોની વાડીઓની આવક આપ પોતાના અને પુનિત પત્નીઓના સાલભરના ખર્ચાઓ, ફકીરો, ગરીબો અને તમામ મુસલમાનોની જરૂરિયાતમાં ખર્ચ કરતા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૪૫, અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૪૧૨)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી હઝરત અબ્બાસ અને હઝરત ફાતિમા અને અમુક પુનિત પત્નીઓ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ચાહતા હતા કે એ સંપત્તિને વારસાની રીતે વારસદારોમાં વહેંચી દેવામાં આવે. આથી અમીરુલ્ મુ'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની સામે એ લોકોએ એની દરખાસ્ત મૂકી. પરંતુ આપ અને હઝરત ઉમર رضی اللہ عنہما વિગેરે અગ્રણી સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن એ એ લોકોને એ હદીષ સંભળાવી કે :–

લા નૂરસૂ મા તરકના સદકતુન્. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૪૧૩, બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૬)*

"અમો (અંબિયાઓ)નો કોઈ વારસદાર હોતો નથી. અમે જે કંઈ છોડયું તે મુસલમાનો પર સદકો છે."

ઉપરોક્ત હદીષના પ્રકાશમાં સ્પષ્ટ રીતે કહી દીધું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની વસિયત મુજબ આ સંપત્તિ વકફ થઈ ચૂકી છે. આથી હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમના જીવનકાળ દરમ્યાન જે કામો અને ઉપયોગોમાં એની આવક ખર્ચ કરતા હતા એમાં કોઈ પરિવર્તન કરી શકાય નહીં. હઝરત ઉમર رضی اللہ عنہ એ તેમના ખિલાફતકાળમાં હઝરત અબ્બાસ અને હઝરત અલી رضی اللہ عنہما ના આગ્રહ પર બનૂ નુઝૈરની જાયદાદના એ બંનેને એ શરતે મુતવલ્લી રખેવાળ બનાવી દીધા હતા કે એ સંપત્તિની આવક એ જ ઉપયોગમાં ખર્ચ કરતા રહેશે જેમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ખર્ચ કરતા હતા. પછી એ બંનેમાં કંઈ અણબનાવ બની ગયો અને બંનેએ એવી ઈચ્છા વ્યક્ત કરી કે બનૂ નુઝૈરની સંપત્તિ વહેંચીને અડધી હઝરત અબ્બાસ رضی اللہ عنہ ની દેખરેખમાં આપી દેવામાં આવે અને અડધીના રખેવાળ હઝરત અલી





کرم اللہ تعالیٰ وجہہ الکریم બને, પરંતુ હઝરત ઉમર رضی اللہ عنہ એ દરખાસ્ત નામંજૂર કરી દીધી. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૪૧૩, બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૬, ફર્ઝુલ ખુમ્સ)*

પરંતુ ખૈબર અને ફિદકની જમીનો હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ના સમયગાળા સુધી ખલીફાઓના હાથોમાં જ રહી. મદીનાના હાકેમ મરવાન બિન હકમે એને પોતાની જાગીર બનાવી લીધી હતી, પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ તેમના કાળ દરમ્યાન ફરી એ જ અમલ જારી કરી દીધો હતો જે હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما ના ખિલાફતકાળમાં હતો. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૪૧૭)*

## ★ સવારીનાં જાનવર ★

ઝુર્કાની અલ્લ મવાહિબ વિગેરેમાં લખ્યું છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મિલ્કતમાં સાત ઘોડા, પાંચ ખચ્ચર, ત્રણ ગધેડા, બે ઊંટણીઓ હતી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૮૬ થી ૩૯૧)*

પરંતુ એમાં એ સ્પષ્ટતા નથી કે મૃત્યુ સમયે એમાંથી કેટલાં જાનવરો મૌજૂદ હતાં ? કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેમના જાનવરો બીજાઓને આપી દેતા હતા, કેટલાંક બીજા જાનવરો ખરીદતા, કેટલાક હદિયા અને ભેટોમાં પણ મળી જતાં હતાં.

આમ સહીહ રિવાયતોથી જાણવા મળે છે કે વફાતે અકદસ સમયે જે સવારીનાં જાનવરો મૌજૂદ હતાં એમાં એક ઘોડો હતો જેનું નામ "લુહૈફ" હતું, એક □ત ખચ્ચર હતો જેનું નામ "દુલદુલ" હતું, તે ઘણા વર્ષો સુધી જીવ્યો. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના સમય સુધી જીવતો રહ્યો. એટલો ઘરડો થઈ ગયો હતો કે એના બધા જ દાંત પડી ગયા હતા અને અંતિમ સમયમાં અંધ પણ થઈ ગયો હતો. ઈબ્ને અસાકિરના ઈતિહાસમાં છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ પણ ખવારિજના યુદ્ધમાં એના પર સવારી કરી હતી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૮૯)*

એક અરબી ગધેડો હતો જેનું નામ "ઉફૈર" હતું. એક ઊંટણી હતી જેનું નામ "અદ્બા કસ્વા" હતું. આ એ જ ઊંટણી હતી જેને હિજરતના

સમયે આપે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ થી ખરીદી હતી. એ જ ઊંટણી પર આપે હિજરત કરી અને એની પીઠ પર હજ્જતુલ વિદાઅ વખતે આપે અરફાત અને મિનામાં સંબોધન કર્યું હતું. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## ★ હથિયારો ★

કેમ કે જિહાદની હંમેશ જરૂર રહેતી હતી. આથી આપના શસ્ત્રાગારમાં નવ કે દસ તલવારો, સાત લોખંડના બખ્તર, છ કામઠાં, એક ભાથો, એક ઢાલ, પાંચ બરછીઓ, બે મિગફર, ત્રણ ઝભ્ભા, એક કાળા રંગનો મોટો ધ્વજ, બાકી □ત અને પીળા રંગના નાના ધ્વજો હતા. એક તંબુ પણ હતો.

હથિયારોમાં તલવારો બાબતે હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી علیہ رحمۃ اللہ القوی એ લખ્યું છે કે મને એની જાણ નથી કે આ બધી તલવારો એક જ સમયે સાથે હતી કે જુદા જુદા સમયે આપની પાસે હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૩, પેજ–૫૯૫)*

## ★ વાસણો અને અન્ય સામગ્રી ★

વાસણો અને સામાનમાં કેટલાક પ્યાલા હતા. એક કાચનો પ્યાલો પણ હતો, એક લાકડાનો પ્યાલો હતો જે ફાટી ગયો હતો તો હઝરત અનસ رضی اللہ عنہ એ એની તિરાડને બંધ કરવા માટે એક ચાંદીની સાંકળ વડે એને જકડી દીધો હતો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૮)*

ચામડાની એક ડોલ, એક જૂની મશક, એક માટીનો કૂંડો, એક મોટો પ્યાલો જેનું નામ "સઆ" હતું, એક ચામડાનો થેલો જેમાં આપ અરીસો, કાતર અને મિસ્વાક રાખતા હતા. એક કાંસકી, એક સુરમાદાની, એક બહુ મોટો પ્યાલો જેનું નામ "અલગરાઅ" હતું. સાઅ (૨૩૪ તોલાનું એક વજન) અને મુદ (બે રતલનું એક વજન) માપવાના બે સાધનો હતા.

આ ઉપરાંત એક ખાટલો હતો જેના પાયા કાળા લાકડાના હતા. એ ખાટલો હઝરત અસ્અદ બિન ઝુરારા رضی اللہ عنہ એ હદિયામાં આપને આપ્યો હતો. પથારી અને ઓશિકુ ચામડાનાં હતાં જેમાં ખજૂરની છાલ





ભરેલી હતી, પવિત્ર જોડા. આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાધન સામગ્રીની એક યાદી છે જેનું વર્ણન હદીષોમાં વિવિધ રીતે થયું છે.

## ★ નબીના પવિત્ર તબર્રુકાત ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના એ વારસામાં છોડેલા સામાન સિવાય કેટલાક યાદગાર તબર્રુકાત અર્થાત પવિત્ર અવશેષો પણ હતા જેમને આશિકાને રસૂલ આસ્થાના આવેશમાં પોતાના ઘરોમાં સુરક્ષિત રાખતા હતા અને એને પોતાના પ્રાણો કરતાં પણ વધુ પ્રિય રાખતા હતા. આમ મુબારક વાળ, પગરખાં અને એક લાકડાનો પ્યાલો જે ચાંદીના તારોથી જોડેલો હતો. હઝરત અનસ رضی اللہ عنہ એ એ ત્રણે પવિત્ર અવશેષોને તેમના ઘરમાં સુરક્ષિત રાખ્યા હતા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૮)*

એ જ રીતે એક મોટો કમ્બલ હઝરત બીબી આઈશા رضی اللہ عنہا પાસે હતો જેને તેમણે તબુર્રક રૂપે પોતાની પાસે રાખ્યો હતો. અને બધાને એની ઝિયારત કરાવતાં હતાં. હઝરત અબૂ દરદા رضی اللہ عنہ નું બયાન છે કે એમને બધાને હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ની સેવામાં ઉપસ્થિતિ થવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું ત્યારે તેમણે એક મોટો કમ્બલ કાઢયો અને કહ્યું કે આ એ જ કમ્બલ છે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત થઈ હતી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૮)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક તલવાર જેનું નામ "ઝુલ્ફિકાર" હતું, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પાસે હતી. તેમના પછી એમના વંશમાં રહી, એટલે સુધી કે એ તલવાર કરબલામાં હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ પાસે હતી. એમના પછી એમના પુત્ર અને ઉત્તરાધિકારી હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ પાસે રહી. હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદત બાદ જ્યારે હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ યઝીદ બિન મુઆવિયા પાસેથી વિદાય થયા પછી મદીના તશરીફ લાવ્યા ત્યારે જાણીતા સહાબી હઝરત મિસ્અર બિન મખ્રમા رضی اللہ عنہ સેવામાં હાજર થયા અને અર્ઝ કરી કે જો આપને કોઈ જરૂરિયાત હોય કે મારા લાયક કોઈ સેવા કાર્ય હોય તો આપ મને હુકમ કરો, હું આપના હુકમ પર અમલ કરવા હાજર છું. આપે ફર્માવ્યું કે, મને કોઈ વસ્તુની જરૂર નથી. ત્યાર બાદ મિસ્અર બિન મખ્રમા

رضی اللہ عنہ એ એ વિનંતિ કરી કે આપની પાસે રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم ની જે તલવાર (ઝુલ્ફિકાર) છે, શું આપ એ મને એનાયત કરી શકો છો ? કેમ કે મને ભય છે કે ક્યાંક યઝીદની કૌમ આપ પર છવાઈ જાય અને આ તબર્રુક આપની પાસેથી જતો રહે. જો આપે મને એ પવિત્ર તલવાર અર્પણ કરી દીધી તો ખુદાના સોગંદ ! જ્યાં સુધી મારો □ાસ બાકી હશે ત્યાં સુધી એ લોકો એ તલવાર સુધી પહોંચી શકશે નહીં. પરંતુ હઝરત ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ એ એ પવિત્ર તલવાર તેમનાથી વિખૂટી પાડવાનું પસંદ કર્યું નહીં. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૮)*

આપની વીંટી અને મુબારક લાઠી પર ઉત્તરાધિકારી હોવાને કારણે ખુલ્ફાએ કિરામ હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર ફારૂક તેમજ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہم પોત પોતાના ખિલાફત કાળમાં કબજેદાર રહ્યા. પરંતુ વીટી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના હાથમાંથી કૂવામાં પડીને ખોવાઈ ગઈ. એ કૂવાનું નામ ''બીરે અરીસ'' છે જેને લોકો ''બીરુલ ખાતિમ'' પણ કહે છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૭૨)*

અને અસાએ મુબારક અર્થાત પવિત્ર લાઠી એ રીતે ખોવાઈ કે હઝરત અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ એ પવિત્ર લાઠીને પોતાના હાથમાં લઈને મસ્જિદે નબવીના મિમ્બર પર ચઢીને સંબોધન કરી રહ્યા હતા કે અચાનક કમનસીબ ''જહજા ગિફારી'' ઊભા થયો અને એકાએક આપના હાથમાંથી લઈ એ મુબારક નિશાનીને તોડી નાખી. આવા હીન કૃત્યને લીધે એના પર અલ્લાહનો પ્રકોપ તૂટી પડયો અને તેના હાથમાં કેન્સર થઈ ગયું અને આખો હાથ સડીને પડી ગયો. અને એ જ પ્રકોપમાં એનું મૃત્યું થયું. *(દલાઈલુન્નુબ્વત, ભાગ–૩, પેજ–૨૧૧)*

એ જ પ્રકારના અન્ય બીજા તબર્રુકાત છે જે જુદા જુદા સહાબીઓ પાસે સુરિક્ષત હતાં જેનો ઉલ્લેખ હદીષો અને સીરતના પુસ્તકોમાં ઠેર ઠેર અલગ અલગ રીતે વર્ણન થયેલ છે. એ પવિત્ર અવશેષોથી સહાબાએ કિરામ અને અગ્રણી તાબેઈનને એટલો ગાઢ સ્નેહ હતો કે તેઓ તેને પોતાનાં પ્રાણો કરતાં પણ વધારે પ્રિય રાખતા હતા.





## (પ્રકરણ-૧૭)

# ટેવો અને વિશેષતાઓ

હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ને જે રીતે શ્રેષ્ઠ ચારિત્ર્યમાં બધા જ પ્રારંભિક અને અંતિમ લોકોમાં વિશિષ્ટ, શ્રેષ્ઠ અને ઉચ્ચતમ બનાવ્યા, એ જ રીતે આપને સુંદર સ્વરૂપમાં પણ અજોડ બનાવ્યા અમે અને તમે હુઝૂરે અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم ની મહાન અજોડતાને શું સમજી શકીએ છીએ ? સહાબાએ કિરામ જેઓ રાત દિવસ મુસાફરી અને રોકાણમાં નબુવ્વતના સૌંદર્યની રોશની નિહાળતા રહ્યા તેમણે મહબૂબે ખુદા صلی اللہ تعالٰی علیہ وسلم ના બેનમૂન સૌંદર્યની શ્રેષ્ઠતા અને ભવ્યતાનું જે ચિત્રણ કર્યું છે એને સાંભળીને એ જ કહેવું પડે છે કે જેમ કે કોઈ રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم ના ચાહકે બહુ જ સરસ રીતે ફર્માવ્યું છે કે :–

لَمْ يَخْلُقِ الرَّحْمٰنُ مِثْلَ مُحَمَّدٍ     اَبَدًا وَّ عِلْمِىْ اَنَّهٗ لَا يَخْلُقُ

**અર્થાત** : અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ صلی اللہ تعالٰی علیہ وسلم નો સમકક્ષ પૈદા કર્યો જ નથી અને હું એ જ જાણું છું કે તે ક્યારેય પૈદા કરશે નહીં. *(હયાતુલ હૈવાન, દમીરી, ભાગ–૧, પેજ–૪૨)*

રસૂલ અને તાજદારે દો આલમ صلی اللہ تعالٰی علیہ وسلم ના સહાબી અને દરબારી શાયર હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ તેમના કસીદએ હમઝિયામાં નબીના સૌંદર્યની ભવ્ય અનુપમાને આમ ભવ્ય રીતે વર્ણવી છે કે :–

وَاَجْمَلَ مِنْكَ لَمْ تَرَ قَطُّ عَيْنِىْ     وَاَكْمَلَ مِنْكَ لَمْ تَلِدِ النِّسَاءُ

**અર્થાત** : યા રસૂલુલ્લાહ ! આપથી વધુ સ્વરૂપમાન મારી નજરે ક્યારેય કોઈને જોયો જ નથી અને આપથી વધારે શ્રેષ્ઠતાવાળો કોઈ સ્ત્રીએ જણ્યો જ નથી.

خُلِقْتَ مُبَرَّءً مِّنْ كُلِّ عَيْبٍ     كَاَنَّكَ قَدْ خُلِقْتَ كَمَا تَشَاءُ

**અર્થાત** : (યા રસૂલલ્લાહ !) આપ દરેક એબ અને નુકસાનથી પાક પૈદા કરવામાં આવ્યા છો જેવા રૂપાળા અને સૌંદર્યવાન પૈદા થવા માંગતા હતા.

હઝરત અલ્લામા બુસૈરી رحمۃ اللہ علیہ તેમના કસીદએ બુર્દામાં ફર્માવ્યું છે કે :–

مُنَزَّهٌ عَنْ شَرِيكٍ فِي مَحَاسِنِهِ　　فَجَوْهَرُ الْحُسْنِ فِيهِ غَيْرُ مُنْقَسِمِ

**અર્થાત** : હઝરત મહબૂબે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની વિશેષતાઓમાં એવા અજોડ છે કે આ બાબતમાં તેમની કોઈ જોડી જ નથી. કેમ કે એમનામાં જે સૌંદર્યનાં મોતી માણેક છે તે વિભાજન પાત્ર જ નથી.

આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાં સાહબ કિબ્લા رحمۃ اللہ علیہ એ પણ આ વિષયનું પ્રતિબિંબ પાડતાં કેટલી ઉમદા શૈલીમાં કહ્યું છે કે :–

તેરી ખલ્ક કો હક્કને "જમીલ" કહા
તેરે ખુલ્ક કો હક્કને "અઝીમ" કહા

ન હુવા હૈ, ન હો કોઈ મિષ્લ તેરા
તેરે ખાલિકે હુસ્નો અદાકી કસમ

એકંદરે જોઈએ તો એના પર સમસ્ત ઉમ્મતની દૃઢ આસ્થા છે કે અંગોની પ્રમાણસરતા અને રૂપ રંગમાં હુઝૂર નબીએ આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم અજોડ અને બેનમૂન છે. આ રીતે મુહદ્દિષો અને સીરતના લેખકોએ સહીહ રિવાયતો સાથે આપના દરેક દરેક અંગોની પ્રમાણસરતા અને રૂપ સ્વરૂપનું વર્ણન કર્યું છે. અમે પણ પોતાના આ નાનકડા પુસ્તકમાં પવિત્ર શારીરિક દેખાવના મોહક વર્ણનથી આકર્ષકતા પૈદા કરવા માટે આ વિષય પર હઝરત મૌલાના મુહમ્મદ કામિલ સાહબ ચરાગે રબ્બાની નોઅ્માની વલીદપુરી رحمۃ اللہ علیہ દ્વારા રચિત પવિત્ર દેખાવ વિશે કેટલાક અશ્આર નકલ કરીએ છીએ જેથી કરીને એ કામિલ આલિમની બરકતોથી પણ આ પુસ્તક સદ્‌ભાગી બને. મૌલાનાએ તેમના પુસ્તક ''પંજએ નૂર''માં આલેખન કર્યું છે કે :–





## ★ પવિત્ર દેખાવ ★

રૂહે હક્ક કા મૈં સરાપા ક્યા લિખૂં
હુલ્યએ નૂરે ખુદા મૈં ક્યા લિખૂં

પુર જમાલે રહ્‌મતુલ્ લિલ્ આલમીં
જલ્વાગર હોગા મકાને કબ્ર મેં

ઈસ લિયે હૈ આ ગયા મુઝ કો ખયાલ
મુખ્તસર લિખ દૂં જમાલે બેમિષાલ

તાક યારોં કો મેરે પહેચાન હો
ઔર ઈસકી યાદ ભી આસન હો

થા મિયાના કદ વ ઔસત પાક તન
પર સપેદો સુર્ખ થા રંગે બદન

ચાંદકે ટૂકડે થે આઝા આપકે
થે હસીનો વ ગોલ સાંચેમેં ઢલે

થી જબીં રૌશન કુશાદા આપ કી
ચાંદમેં હૈ દાગ વોહ બેદાગ થી

દોનોં અબરૂ આપ કી બારીક થીં
હુસ્નો ખૂબી સે વોહ દોનોં થીં મિલી

દોનો અબરૂ થીં મિષાલે દો હિલાલ
ઔર દોનોં કો હુવા થા ઈત્તેસાલ

ઈત્તિસાલે દો મહે "ઈદૈન" થા
યા કે અદના કુર્બ થા "કૌસેન કા"

થીં બળી આંખેં હસીનો સુર્મગીં
દેખકર કુર્બાન થીં સબ હુરે ઈં

કાન દોનોં ખૂબસૂરત અર્જુમંદ
સાથ ખૂબી કે દહન બીનીં બુલંદ

સાફ આઈના થા ચેહરા આપ કા
સૂરત અપની ઉસમેં હરેક દેખતા

તા બ સીના રેશે મહબૂબે ઈલાહ
ખૂબ થી ગંજાન મૂ રંગે સિયાહ
થા સપેદ અકષર લિબાસે પાક તન
હો ઈઝારો જુબ્બા વ યા પૈરહન
સબ્ઝ રહતા થા અમામા આપ કા
પર કભી સૂદો સપેદો સાફ થા
મૈં કહૂં પહેચાન ઉમ્દા આપ કી
દોનોં આલમમેં નહીં ઐસા કોઈ

## ★ પવિત્ર શરીર (જિસ્મે અત્હર) ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم નું પાક શરીર ગૌરું □ત વર્ણીય હતું. એવું લાગતું હતું જાણે કે આપનું પવિત્ર વાન ચાંદીના ઢોળમાંથી બનાવવામાં આવ્યું છે. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે આપનું પવિત્ર શરીર અતિ નરમ અને નાજુક હતું. મેં દીબા અને હરીરે (રેશમી કપડા)ને આપના શરીરથી વધારે નરમ અને નાઝુક જોયાં નથી. અને ક્યારેય આપના શરીરની સુગંધથી વધારે સારી કોઈ સુગંધ સૂંઘી નથી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૩)*

હઝરત કઅબ બિન માલિક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પ્રસન્ન થતા હતા ત્યારે આપનો પ્રજ્વલિત ચેહરો એવી રીતે દીપી ઉઠતો હતો જાણે કે ચંદ્રનો એક ભાગ છે અને અમે સૌ એ જ સ્થિતિથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રસન્નતા અને ખુશીને જાણી લેતા હતા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૨)*

આપના નૂરાની ચેહરા ઉપર પરસેવાનાં ટીપાં મોતીઓની જેમ ઢળી પડતાં હતાં અને એમાંથી કસ્તૂરી અને અંબર કરતાંય વધારે સારી સુગંધ આવતી હતી. આથી હઝરત અનસ رضی اللہ عنہ નાં માં હઝરત બીબી ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا, એક ચામડાની પથારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم માટે પાથરી દેતાં હતાં અને આપ એના પર બપોરે આરામ કરતા હતા. ત્યારે આપના પવિત્ર





શરીર પર થયેલા પરસેવાને તેઓ એક બોટલમાં ભરી લેતા હતાં. પછી એને પોતાની પાસેની સુગંધમાં ભેળવી દેતાં હતાં. આથી હઝરત અનસ رضی اللہ عنہ એ વસિયત કરી હતી કે મારા મૃત્યુ બાદ મારા શરીર અને દફન પર એ જ સુગંધ લગાડવામાં આવે જેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો પરસેવો ભળેલો છે.

## ★ નૂરાની શરીરનો પડછાયો ન હતો ! ★

આપના મુબારક કદનો પડછાયો પડતો ન હતો. હકીમ તિર્મિઝી (વફાત : હિ.સ. ૨૫૫)એ તેમના પુસ્તક "નવાદિરુલ્ ઉસૂલ"માં હઝરત ઝકવાન તાબઈથી આ હદીષ વર્ણવી છે કે સૂર્યના પ્રકાશ અને ચંદ્રની રોશનીમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પડછાયો પડતો ન હતો ! ઈમામ ઈબ્ને સબ્અનું કથન છે કે આ આપની વિશિષ્ટતાઓમાંથી છે કે આપનો પડછાયો જમીન પર પડતો ન હતો. અને આપ નૂર હતા એટલા માટે જયારે આપ તડકા અને ચાંદનીમાં ચાલતા ત્યારે આપનો પડછાયો નજર આવતો ન હતો. અને અન્ય કેટલાકનું કથન છે કે એની સાક્ષી એ હદીષ છે કે જેમાં આપની એ દુઆનું વર્ણન છે કે આપે એ દુઆ માંગી કે ખુદાવંદ ! તું મારા સમગ્ર અંગોને નૂર બનાવી દે ! અને આપે પોતાની આ દુઆને આ વાત ઉપર ખતમ કરી કે, વજઅલ્ની નૂરન. અર્થાત : હે અલ્લાહ ! તું મને સાંગોપાંગ નૂર બનાવી દે ! જાહેર છે કે જયારે આપ સાંગોપાંગ નૂર હતા તો આપનો પડછાયો ક્યાંથી પડત ?!

એ જ રીતે અબ્દુલ્લાહ બિન મુબારક અને ઈબ્ને જૌઝીએ પણ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ تعالیٰ عنہما થી રિવાયત કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો પડછાયો ન હતો. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૯)*

## ★ માખી, મચ્છર અને જૂઓથી મહફૂઝ ★

હઝરત ઈમામ ફખ્રુદ્દીન રાઝીએ આ રિવાયત નકલ કરી છે અને અલ્લામા હિજાઝી વિગેરેથી પણ આજ નકલ થયેલ છે કે શરીર તો શરીર આપના કપડાં પર પણ ક્યારેય માખી બેઠી નથી, કે કપડાંઓમાં ક્યારેય જૂઓ પડી ન હતી, માંકડ કે મચ્છર આપને કરડયો ન હતો. આ કથન

અબૂ રબીઅ સુલૈમાન બિન સબ્અએ તેમના પુસ્તક ''શિફા ઉસ્સુદૂર ફી આ'લામે નુબુવ્વતુરસૂલ''માં બયાન ફર્માવતાં લખ્યું છે કે એનું એક કારણ તો એ છે કે આપ નૂર હતા, પછી માંખીઓનું આવવું, જૂઓનું પૈદા થવું કેમ કે ગંદકી, બદબૂ વિગેરેથી થાય છે અને આપ દરેક પ્રકારની ગંદકીથી મુક્ત હતા અને આપનું શરીર સુવાસિત હતું આથી આપ એ વસ્તુઓથી સુરક્ષિત રહ્યા. ઈમામ સિબ્તીએ આ લેખને ''આ'ઝમુલ મવારિદ''માં વિગતે લખ્યું છે. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૯)*

## ★ મોહરે નબુવ્વત ★

હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم ના બંને ખભા વચ્ચે કબૂતરનાં ઈંડા બરાબર નબુવ્વતની મહોર હતી. તે બાહ્ય રીતે તો રાતા રંગનું ઉપસી આવેલું માંસ હતું. એ જ રીતે હઝરત જા'બિર બિન સુમરા رضى الله عنه એ ફર્માવ્યું કે મેં હુઝૂર صلى الله تعالى عليه وسلم ના બંને ખભાઓની વચ્ચે મોહરે નબુવ્વત જોઈ, જે કબૂતરના ઈંડા જેટલી રાતા રંગની ઉપસેલી એક ગાંઠ હતી. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૩, તથા તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૮૫)*

પરંતુ એક રિવાયત એ પણ છે કે મોહરે નબુવ્વત કબૂતરના ઈંડા જેવડી હતી અને એના પર આ લખાણ લખેલું હતું કે :–

"اللہ وحدہٗ لا شریك له بوجه حیث کنت فانك منصور"

**અર્થાત** : અલ્લાહ એક છે, એનો કોઈ ભાગીદાર નથી (હે રસૂલ !) આપ જ્યાં પણ રહેશો આપની મદદ કરવામાં આવશે.અને એક રિવાયતમાં એ પણ છે કે :–

"كَانَ نُوْرًا يَتَلَأْلَأُ"

**અર્થાત** : નબુવ્વતની મહોર એક ચમકતું નૂર હતું. રિવાયત કર્તાઓએ એના બાહ્ય દેખાવ એના પ્રમાણના હિસાબે કબૂતરના ઈંડાની ઉપમા આપી છે. *(હાશિયએ તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૦૫, બાબ : મા જા–અ ફી ખાતિમુન નુબુવ્વહ)*

## ★ મુબારક કદ ★

હઝરત અનસ رضى الله عنه નું બયાન છે કે હુઝૂરે અન્વર صلى الله تعالى عليه وسلم ન





તો લાંબા હતા, ન તો ઠીંગણા કદના, બલ્કે આપ મધ્યમ કદવાળા હતા. અને આપનું પવિત્ર શરીર અત્યંત ખૂબસૂરત હતું. જ્યારે આપ ચાલતા હતા ત્યારે સહેજ નમીને ચાલતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૧)*

એ જ રીતે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ફર્માવે છે કે આપ ન તો ઊંચા કદના હતા, ન તો ઠીંગણા કદના, બલ્કે આપ મધ્યમ કદના હતા. ઝડપથી ચાલતી વખતે એવું જણાતું હતું કે આપ કોઈ ઊંચાઈવાળા સ્થળ પરથી ઉતરી રહ્યા છે. મેં આપના જેવો ન આપની પહેલાં જોયો ન આપના પછી. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૧)*

આના પર સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن ની સર્વસંમતિ છે કે આપ મધ્યમ કદના હતા. પરંતુ આ આપની મો'જિઝા યુક્ત ભવ્યતા છે કે મધ્યમ કદના હોવા છતાં આપ હજારો માનવીઓના ટોળામાં ઊભા થતા ત્યારે આપનું માથુ સૌથી ઊંચુ દેખાતું હતું.

કદે બે સાયાકે સાયએ મરહમત
ઝિલ્લે મમદૂદે રાફતપે લાખોં સલામ
તાઈરાને કુદ્સ જિસ કી હૈ કુમરિયાં
ઉસ સહી સરો કામત પે લાખોં સલામ

## ★ પવિત્ર મસ્તક ★

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم એ આપનો પવિત્ર દેખાવ વર્ણવતાં બયાન ફર્માવ્યું કે, ''ઝખ્મુર્રાસ'' અર્થાત આપનું મુબારક માથુ મોટુ હતું. (જે ભવ્ય અને પ્રભાવશાળી) હોવાની નિશાની છે. *(શિમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૧)*

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

## ★ પવિત્ર વાળ ★

હુઝૂરે અન્વર صلى الله تعالى عليه وسلم ના મુબારક વાળ ન તો વાંકોડિયા હતા, ન તો બિલકુલ સીધા હતા, બલ્કે એ બંને સ્થિતિ વચ્ચેના હતા. આપના પવિત્ર વાળ પહેલા કાનની બૂટ સુધી હતા, પછી ખભા સુધી લાંબા વાળ રાખતા

હતા. પરંતુ હજજતુલ વિદાઅ સમયે આપે પોતાના વાળ કપાવી નાખ્યા હતા. આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝા ખાં رحمۃ اللہ علیہ એ આપના મુબારક વાળના એ ત્રણે સ્વરૂપોને પોતાના બે અશ્આરમાં અતિ ઉત્તમ અને સ્પષ્ટ શૈલીમાં વર્ણવ્યા છે કે :–

ગૌશ તક સુનતે થે ફરિયાદ કે અબ આએ તાદોશ
તાબને ખાના બદોશોં કો સહારે ગૈસૂ

આખરી હજ્જ ગમે ઉમ્મત મેં પરેશાં હોકર
તીરા બખ્તોં કી શફાઅત કો સિધારે ગૈસૂ

આપ મોટા ભાગે વાળોમાં તેલ નાખતા હતા અને ક્યારેક ક્યારેક કાંસ્કો પણ કરતા હતા. અને અંતિમ સમયમાં માથાની વચ્ચો વચથી માંગ કાઢતા હતા. આપના મુબારક વાળ અંતિમ સમય સુધી કાળા રહ્યા. માથા અને દાઢીમાંથી વીસથી વધારે વાળ ધોળા થયા ન હોતા. *(શિમાઈલે તિર્મિઝી, પેજ–૪, ૫)*

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હજજતુલ વિદાઅ વખતે જ્યારે તેમના પવિત્ર વાળ કપાવ્યા તો તે સહાબાએ કિરામમાં તોહફા તરીકે વહેંચાયા. અને સહાબાએ કિરામે ખૂબ જ આસ્થાપૂર્વક તેમની પાસે સુરક્ષિત રાખ્યા અને એને પોતાના જીવ કરતાં પણ વહાલા ગણતા હતા.

હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا એ પવિત્ર વાળ એક બાટલીમાં રાખી લીધા હતા. જ્યારે કોઈ શખ્સને નજર લાગી જતી અથવા કોઈ બીમારી થઈ જતી તો તેઓ એ બાટલીને પાણીમાં ઝબોળીને આપતાં હતાં. અને એ પાણીથી રોગ મટી જતો હતો. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૭૫)*

વોહ કરમ કી ઘટા ગૈસૂએ મુશ્ક સા
લુકકએ અબ્રે રહમત પે લાખોં સલામ

## ★ રૂખે અન્વર ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો નૂરાની ચેહરો જમાલે ઈલાહીનું દર્પણ અને અન્વારે તજલ્લીની અભિવ્યક્તિ હતો. અત્યંત આકર્ષક, પ્રભાવશાળી અને માંસલ અને મહદ્ અંશે ગોળાકાર હતો. હઝરત જા'બિર બિન સમુરહ





رضی اللہ عنہ નું કથન છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને એક વખત ચાંદની રાતમાં જોયા. હું એક વખત ચંદ્ર તરફ જોતો અને એક વખત આપના નૂરાની ચેહરાને જોતો ત્યારે મને આપનો ચહેરો ચંદ્ર કરતાં પણ વધારે ખૂબસૂરત લાગતો હતો.

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ ને કોઈ પૂછયું કે, શું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ચેહરાએ અન્વર (ઝગમગાટમાં) તલવાર જેવો હતો ? ત્યારે આપે ફર્માવ્યું, નહીં ! બલ્કે આપનો ચેહરાએ અન્વર ચંદ્ર જેવો હતો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપના મુબારક દેખાવને વર્ણવતાં આમ કહ્યું કે :–

مَنْ رَاٰہُ بَدَاھَۃً ھَابَہٗ وَمَنْ خَالَطَہٗ مَعْرِفَۃً اَحَبَّہٗ (شمائل ترمذی ص۲)

**અર્થાત** : જે આપને એકાએક જોતો તે આપના પ્રભાવથી ડરી જતો, અને જે ઓળખ્યા બાદ આપથી મળતો તે આપને ચાહવા લાગતો હતો. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ નું કથન છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ માનવો કરતાં વધારે ખૂબસૂરત અને સૌથી સારા સદાચારી હતા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૨, પ્રકરણ : સિફતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ એ આપના નૂરાની ચેહરાએ અન્વર અંગે આમ કહ્યું કે :–

فَلَمَّا تَبَیَّنْتُ وَجْھَہٗ عَرَفْتُ اَنَّ وَجْھَہٗ لَیْسَ بِوَجْہِ کَذَّابٍ۔

**અર્થાત** : મેં જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુરનૂર ચેહરાએ અન્વરને ધ્યાનથી જોયો ત્યારે મેં જાણી લીધું કે આપનો ચેહરો કોઈ જૂઠા માણસનો ચેહરો નથી. *(મિશ્કાત શરીફ, ભાગ–૧, પેજ–૧૬૮)*

આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ બહુ જ સરસ કહ્યું છે કે :–

ચાંદસે મુંહ પે તાબાં દરખ્શાં દુરૂદ
નમક આગીં સહાબત પે લાખોં સલામ

જિસસે તારીક દિલ જગમગાને લગેં
ઉસ ચમકવાલી રંગત પે લાખોં સલામ

અરબી ભાષામાં પણ કોઈ રસૂલના ચાહકે આપના રૂપાળા ચેહરાના સૌંદર્યનું કેટલું સુંદર ચિત્રણ અને કેટલી ઉત્તમ ઉપમા રજૂ કરી છે :–

نَبِیٌّ جَمَالٍ کُلُّ مَا فِیْہِ مُعْجِزٌ مِّنَ الْحُسْنِ لٰکِنْ وَجْہُہُ الْاٰیَۃُ الْکُبْرٰی
یُنَادِیْ بِلَالُ الْخَالِ فِیْ صَحْنِ خَدِّہٖ یُطَالِعُ مِنْ لَاْلَاءِ غُرَّتِہِ الْفَجْرَا

**અર્થાત** : હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم રૂપ સ્વરૂપના પણ નબી છે. આમ તો તેમની દરેકે દરેક વસ્તુ રૂપનો મો'જિઝો છે. પરંતુ ખાસ કરીને એમનો ચેહરાએ અન્વર તો આયતે કુબરા (ઘણો જ મોટો મો'જિઝો) છે.

એમના ગાલોના આંગણામાં એમના તલનો બિલાલ એમના ચમકદાર કપાળથી વહેલી સવાર જોઈને અઝાન પોકારતો રહે છે.

## ★ ભ્રમરની કમાન ★

આપના ભવાં લાંબા, ઝીણા અને ભરાવદાર હતાં. અને બંને ભવાં એટલા પાસ પાસે હતાં કે દૂરથી બંને જોડાયેલા દેખાતાં હતાં. અને એ બંને ભવાં દરમ્યાન એક નસ હતી જે ગુસ્સા વખતે ઉપસી જતી હતી. *(શિમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ભવાં મુબારકની પ્રશંસામાં ફર્માવે છે કે :

જિનકે સજદે કો મેહરાબે કા'બા ઝુકી
ઉન ભવોં કી લતાફત પે લાખોં સલામ

અને હઝરત મોહસિન કાકોરવી علیہ الرحمۃ والرضوان એ નૂરાની ચેહરામાં ભ્રમરના કમાનની સુંદરતાનું ચિત્રણ કરતાં લખ્યું છે કે :–

મહે કામિલમેં મહે નવ કી યે તસ્વીરેં હૈં
યા ખિંચી મા'રિકએ બદ્રમેં શમશીરેં હૈં

## ★ નૂરાની આંખ ★

આપની મુબારક આંખો મોટી અને પ્રાકૃતિક રીતે સુર્માઈ હતી. પાંપણો ગીચ અને લાંબી હતી. કીકીની કાળશ ખૂબ ઘાટી અને આંખની સફેદી ખૂબ સફેદ હતી જેમાં ઝીણા ઝીણા રાતા તાંતણ હતાં. *(શિમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨, દલાઈલુન્નબુવ્વત, ભાગ–૫૪)*





આપની પવિત્ર આંખોની વિશેષતા હતી કે આપ એકી સાથે આગળ પાછળ, જમણે ડાબે, ઉપર નીચે, અંધારા અજવાળામાં સમાન રીતે જોતા હતા. *(ઝુર્કાની, અલ્‌લ મવાહિબ, ભાગ–૫, પેજ–૨૪૬ અને ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૬૧)*

આથી બુખારી શરીફ અને મુસ્લિમ શરીફની રિવાયતોમાં આવ્યું છે કે :– اَقِیْمُوا الرُّکُوْعَ وَالسُّجُوْدَ فَوَاللّٰہِ اِنِّیْ لَاَرَاکُمْ مِنْ بَعْدِیْ

**અર્થાત** : હે લોકો ! તમે રુકૂઅ અને સિજદાઓ યોગ્ય રીતે અદા કરો. કેમ કે, ખુદાના સોગંદ ! હું તમને પોતાની પાછળથી પણ જોતો રહું છું. *(મિશ્કાત શરીફ, પેજ– ૮૨, બાબુર્રુકૂઅ)*

સાહિબે મિશ્કાતે આ હદીષની સમજૂતીમાં ફર્માવ્યું કે વહિ–ય મિનલ ખવારિકિલ લતી ઉઅ્‌તીહા صلی اللہ تعالٰی علیہ وسلم *(હાશિયા મિશ્કાત, પેજ–૮૨)*

**અર્થાત** : આ વાત આપના એ મો'જિઝાઓમાંથી છે જે આપને અર્પણ કરવામાં આવ્યા છે.

આપની આંખોનું જોવું મેહસૂસ કરવા સુધી જ મર્યાદિત ન હતું બલ્કે આપ અદ્રશ્ય અને મેહસૂસ ન કરી શકાય તેવી વસ્તુઓને પણ જે આંખોથી જોઈ શકાય તેમ નથી તેને પણ જોઈ લેતા હતા. આ રીતે બુખારી શરીફની એક રિવાયત છે કે :–

وَاللّٰہِ مَا یَخْفٰی عَلَیَّ رُکُوْعُکُمْ وَلَا خُشُوْعُکُمْ *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૯)*

**અર્થાત** : ખુદાના સોગંદ ! તમારા રુકૂઅ અને ખુશૂઅ મારી નજરોથી છુપાયેલા રહેતા નથી. સુબ્હાનલ્લાહ ! વહાલા મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم ની નૂરાની આંખોની વિશેષતાનું તો શું પૂછવું ?! કે પીઠની પાછળથી નમાઝીઓના રુકૂઅ બલ્કે એમની ખુશૂઅને પણ જોઈ રહ્યા છે. "ખુશૂઅ" શું છે ? ખુશૂઅ એટલે મનમાં ડર અને આજીજીની એક કૈફિયત છે જે આંખોથી જોવાની વસ્તુ નથી. પરંતુ નબુવ્વતની નજરનો આ એક મો'જિઝો જુઓ કે આવી વસ્તુને પણ આપે પોતાની આંખોથી જોઈ લીધી જે આંખથી જોવાને લાયક જ નથી સુબ્હાનલ્લાહ ! મુસ્તફા صلی اللہ تعالٰی علیہ وسلم ની વિશિષ્ટતાની મહાનતાનું શું કોઈ બયાન કરી શકે છે ?! આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ બહુ જ સરસ રીતે આલેખન કર્યું છે કે :–

શશ જિહત, સમ્તે મુક઼ાબિલ, શબોરોઝ એક હી હાલ
ધૂમ "વન્નજ્મ" મેં હૈ આપ કી બીનાઈ કી
ફ઼ર્શ તા અર્શ સબ આઈના, ઝમાઈર હાઝિર
બસ ક઼સમ ખાઈયે ઉમ્મી તેરી દાનાઈ કી

## ★ મુબારક નાક ★

આપનું મુબારક નામ ખૂબસૂરત, લાંબી અને ઊંચી હતી. જેના પર એક તેજ ઝળકતું હતું. જે શખ્સ ધ્યાનથી જોતો ન હતો તે એમ સમજતો હતો કે આપનું મુબારક નાક બહુ ઊંચું છે. જો કે આપનું નાક બહું ઊંચું ન હતું, બલ્કે આપના પવિત્ર નાક ઉપર દેખાતા આ તેજના કારણે એ ઊંચી લાગતી હતી. *(શમાઈલે તિર્મિઝી શરીફ, ભાગ–૨, વિગેરે)*

નીચી આંખો કી શર્મો હયા પર દુરૂદ
ઊંચી બીની કી રફ઼અત પે લાખોં સલામ

## ★ પવિત્ર કપાળ ★

હઝરત હિંદ બિન અબી હાલા رضی اللہ عنہ આપના નૂરાની ચેહરાનું વર્ણન કરતાં લખે છે કે, "વાસિઊલ જબીન" અર્થાત : આપનું મુબારક કપાળ પહોળું અને વિસ્તૃત હતું. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨)*

પ્રાકૃતિક રીતે આપના કપાળ ઉપર એક નૂરાની ચમક હતી. આથી દરબારે રિસાલતના શાયર રસૂલના ચાહક હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہ એ એ જ રૂપાળા અને તેજસ્વી દશ્યને જોઈને આ કહ્યું કે :–

مَتٰی تَبْدُ فِی الدَّاجِی الْبَھِیْمِ جَبِیْنُہٗ یَلُحْ مِثْلَ مِصْبَاحِ الدُّجَی الْمُتَوَقِّدِ

**અર્થાત** : જ્યારે અંધારી રાતમાં આપનું પવિત્ર કપાળ દેખાય છે ત્યારે એવી રીતે ચમકારા મારે છે જેવી રીતે અંધારામાં પ્રકાશિત દીવા બળે છે.

## ★ મુબારક કાન ★

આપની આંખોની જેમ આપના કાનમાં પણ મો'જિઝાવાળી ભવ્યતા હતી. આપે જાતે પોતાની મુબારક વાણીમાં કહ્યું કે :–





اِنِّیْ اَرٰی مَا لَا تَرَوْنَ وَاَسْمَعُ مَا لَا تَسْمَعُوْنَ

**અર્થાત** : હું એ વસ્તુઓને જોઉં છું જેને તમારામાંથી કોઈ નથી જોતું અને હું એ અવાજોને સાંભળું છું જેને તમારામાંથી કોઈ નથી સાંભળ તું. *(ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૬૭)*

આ હદીષથી સાબિત થાય છે કે આપના સાંભળવા અને જોવાની શક્તિ અજોડ અને મો'જિઝાવાળી ધરાવતી હતી. કેમ કે આપ દૂર અને નજીકના અવાજને બરાબર સાંભળી લેતા હતા. આથી આપના સાથી બની ખુઝાઆએ જેમ કે ફત્હે મક્કાના બયાનમાં આપ વાંચી ગયા છો, ત્રણ દિવસની મુસાફરી જેટલા અંતરથી આપને મદદ અને સહાય માટે સાદ પાડયો ત્યારે આપે એમની વાત સાંભળી લીધી. અલ્લામા ઝુર્કાનીએ આ હદીષની સમજૂતીમાં ફર્માવ્યું છે કે :–

لَا بُعْدَ فِیْ سَمَاعِہٖ صلی اللہ علیہ وسلم فَقَدْ کَانَ یَسْمَعُ اَطِیْطَ السَّمَاءِ

**અર્થાત** : જો હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણ દિવસની મુસાફરી જેટલા અંતરથી એક પોકારનારની વાત સાંભળી લીધી તો આ આપના માટે કોઈ અસંભવિત વાત નથી, કેમ કે આપ તો જમીન પર બેઠાં બેઠાં આકાશોના ચરચરાહટને સાંભળી લેતા હતા, બલ્કે અર્શની નીચે ચંદ્રના સજદામાં પડવાના અવાજને પણ સાંભળી લેતા હતા. *(ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૫૩)*

દૂરો નઝદીક સે સુનનેવાલે વો કાન
કાને લઅલે કરામત પે લાખોં સલામ

## ★ મુબારક મોઢું ★

હઝરત હિંદ અબી હાલા رضی اللہ عنہ નું કથન છે કે આપના ગાલ મુલાયમ અને નાઝુક તેમજ સપાટ હતા અને આપનું મુખ મોટુ, દાંત પહોળા અને ચમકદાર હતા. જ્યારે આપ વાચતીત કરતા ત્યારે આપના આગળના બંને દાંતોની વચ્ચેથી એક નૂર ઝબકતું હતું અને ક્યારેક અંધારામાં જ્યારે આપ સ્મિત રેલાવતા ત્યારે મુબારક દાંતોના ચળકાટથી રોશની થઈ જતી હતી. *(શમાઈલે તિર્મિઝી, ભાગ–૨, અને ખસાઈસે કુબરા, ભાગ–૧, પેજ–૭૪)*

આપને ક્યારેક બગાસુ આવ્યું નથી અને આ તમામ અંબિયા عَلَيۡهِمُ السَّلَام ની વિશિષ્ટતા છે કે એમને ક્યારેય બગાસુ આવતું નથી. કેમ કે બગાસુ શૈતાન તરફથી આવતું હોય છે અને અંબિયા عَلَيۡهِمُ السَّلَام શૈતાનના કાબૂથી મુક્ત અને સુરક્ષિત છે. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૮)*

વોહ દહન જિસકી હર બાત વહ્યે ખુદા
ચશ્મએ ઈલ્મો હિકમત પે લાખોં સલામ

## ★ પવિત્ર ઝબાન ★

આપની પવિત્ર ઝબાન અલ્લાહની વહીની પ્રવક્તા અને આયતોનું ઝરણું તેમજ મો'જિઝાઓનો ભંડાર છે. એમની મધુર વાણી અને વાણી કૌશલ્ય એટલું બધું વિશિષ્ટ હતું કે મોટા મોટા પ્રવક્તા અને વાકછટા ધરાવનારાઓ આપનું સંબોધન સાંભળીને સ્તબ્ધ થઈ જતા હતા.

તેરે આગે યૂં હૈં દબે લચે ફુસ્હા અરબકે બળે બળે
કોઈ જાને મુંહમેં ઝુબાં નહીં, નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં

આપની પવિત્ર ઝબાનનું પ્રભુત્વ અને મહાનતાની આ વિશિષ્ટતા હતી કે ઝબાનથી જે કંઈ ફર્માવી દીધું તે એક પળમાં મો'જિઝો બનીને અસ્તિત્વમાં આવી ગયું.

વોહ ઝુબાં જિસકો સબ કુનકી કુંજી કહેં
ઉસકી નાફિઝ હુકૂમત પે લાખોં સલામ

ઉસકી પ્યારી ફસાહત પે બેહદ દુરૂદ
ઉસકી દિલકશ બલાગત પે લાખોં સલામ

## ★ મુબારક થૂંક (લુઆબે દહન) ★

આપનું લુઆબે દહન (થૂંક મુબારક) ઝખમીઓ અને રોગીઓ માટે આરોગ્ય અને ઝેરનું મારણ (પ્રતિવિષ) હતું. આપ મો'જિઝાઓનાં વર્ણનમાં વાંચશો કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના પગમાં ગારે થૌરમાં સાપે ડંખ માર્યો, એનું ઝેર આપના થૂંકથી ઉતરી ગયું અને ઝખમ રૂઝાઈ ગયો. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના આંખના દુખાવા પર એ થૂંક મુબારક





દવા બની ગયું. હઝરત રિફાઆ બિન રાફેઅ رضی اللہ عنہ ની આંખમાં જંગે બદ્રમાં તીર વાગ્યું અને તે ફૂટી ગઈ. પરંતુ આપની થૂંક મુબારકથી એવી સાજી થઈ કે દર્દ પણ જતું રહ્યું અને આંખની રોશની પણ યથાવત રહી. *(ઝાદુલ મઆદ)*

હઝરત અબૂ કતાદાના ચહેરા પર તીર વાગ્યું. આપે એના પર પોતાનું થૂંક લગાડી દીધું ત્યારે તરત જ લોહી નીકળવાનું બંધ થઈ ગયું અને જીવન પર્યંત એમને ક્યારેય તીર અને તલવારનો ઝખમ ન લાગ્યો. *(અસાબા તઝકિરએ અબૂ કતાદા)*

સાજા થવા ઉપરાંત થૂંક મુબારકથી બીજી મોટી મોટી મો'જિઝાયુક્ત બરકતો પ્રગટ થઈ. હઝરત અનસ رضی اللہ عنہ ના ઘરમાં એક કૂવો હતો. આપે એમાં પોતાનું થૂંક મુબારક નાખી દીધું તો એનું પાણી એટલું મધુર અને મીઠું થઈ ગયું હતું કે મદીના મુનવ્વરામાં એના કરતાં વધારે મીઠો પાણીનો કૂવો ન હતો. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૬)*

ઈમામ બયહકીએ આ હદીષ રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم આશૂરાના દિવસે દૂધ પીતા બાળકોને બોલાવતા હતા. અને એમના મુખમાં પોતાનું થૂંક નાખી દેતા હતા. અને એમની માઓને કહેતા હતા કે તેઓ રાત્રિ સુધી તેમના બાળકોને દૂધ ન પીવડાવે. આપના મુખનું થૂંક બાળકોને એટલા તો ભરપેટ અને ધરાયેલા કરી દેતું હતું કે એ બાળકોને આખો દિવસભર ન ભૂખ લાગતી હતી ન તરસ ! *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૨૪૬)*

જિસકે પાનીસે શાદાબ જાનો જિનાં
ઉસ દહનકી તરાવત પે લાખોં સલામ

જિસસે ખારે કૂંવે શીરએ જાં બને
ઉસ ઝુલાલે હલાવત પે લાખોં સલામ

## ★ મુબારક અવાજ ★

ખૂબસૂરત અને મધુર અવાજ અંબિયાએ કિરામની વિશિષ્ટતાઓમાંથી છે. પરંતુ સૈયદુલ મુર્સલીન صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ અંબિયા عَلَيۡهِمُ السَّلَام કરતાં વધારે મોહક અને સૌથી વધારે મધુર કંઠ, મધુર અવાજ

અને મધુર વાણી ધરાવતા હતા. મધુર અવાજની સાથે સાથે આપ એવો બુલંદ અવાજ પણ ધરાવતા હતા કે પ્રવચનો અને સંબોધનોમાં દૂર અને નજીકવાળા બધા સમાન રીતે પોતપોતાની જગ્યાએથી આપનું પવિત્ર સંબોધન સાંભળી લેતા હતા. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૧૭૮)*

જિસમે નહેરેં હૈં શીરો શકર કી રવાં
ઉસ ગલે કી નઝારત પે લાખોં સલામ

## ★ નૂરાની ગરદન ★

હઝરત હિંદ બિન અબી હાલા رضی اللہ عنہ એ બયાન ફર્માવ્યું છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગરદન મુબારક અત્યંત પ્રમાણસર સુરાહીદાર અને સુડોળ હતી. ખૂબસૂરતી અને સ્વચ્છતામાં બેનમૂન, સુંદર અને ચાંદીની જેમ સાફ અને ચમકદાર હતી. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

## ★ રહમતી હાથ ★

આપની પવિત્ર હથેળીઓ પહોળી, માંસલ કાંડુ લાંબુ, બાહુઓ લાંબા અને માંસલ એટલે કે માંસથી ભરપૂર હતા. *(શિમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે રેશમ કે ઊનના મુલાયમ કાપડને આપની હથેળીઓ કરતાં વધારે નરમ અને મુલાયમ જોયા નથી. અને ન તો કોઈ સુગંધને આપની સુગંધ કરતાં વધારે સુગંધિત જોઈ. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૩, પ્રકરણ : સિફતુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૫૭)*

જે શખ્સની સાથે આપ હાથ મિલાવતા તેના હાથમાં આખો દિવસ ખુશ્બુ રહેતી. જે બાળકના માથા પર પોતાનો પવિત્ર હાથ ફેરવી દેતા હતા તે સુગંધમાં બધા જ બાળકોથી અલગ રહેતો. હઝરત જાબિર બિન સમુરા رضی اللہ عنہ નું કથન છે કે મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે ઝોહરની નમાઝ અદા કરી. પછી આપ ઘર તરફ રવાના થયા અને હું પણ આપની સાથે નીકળ્યો. આપને જોઈને નાના ભૂલકાંઓ આપની તરફ દોડયાં, ત્યારે આપે એમના પૈકી દરેકના ગાલ ઉપર પોતાનો હાથ ફેરવ્યો, હું સામે આવ્યો ત્યારે મારા ગાલ ઉપર પણ પોતાનો મુબારક હાથ ફેરવ્યો, તો મેં મારા ગાલો પર





આપના રહમતભર્યા હાથની ઠંડક મહેસૂસ કરી. અને એવી સુગંધ આવી કે જાણે આપે પોતાનો હાથ કોઈ અત્તર વેચનારાના બોક્ષમાંથી કાઢયો ન હોય ! *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૫૬)*

એ મુબારક હાથથી કેવા કેવા મો'જિઝાઓ અને અધિકારો અસ્તિત્વમાં આવ્યા. એનું અમુક વર્ણન આપ મો'જિઝાઓના વર્ણનમાં વાંચશો :–

હાથ જિસ સમ્ત ઉઠ્ઠા ગની કર દિયા
મૌજે બહરે સખાવત પે લાખોં સલામ

જિસકો બારે દો આલમ કી પરવા નહીં
ઐસે બાઝુકી કુવ્વત પે લાખોં સલામ

કા'બએ દીનો ઈમાં કે દોનો સુતૂં
સાઈદીને રિસાલત પે લાખોં સલામ

જિસકે હર ખતમેં હૈં મૌજે નૂરે કરમ
ઉસ કફે બહરે હિમ્મત પે લાખોં સલામ

નૂર કે ચશ્મે લહેરાએં દરયા બહેં
ઉંગલિયોં કી કરામત પે લાખોં સલામ

## ★ પેટ અને છાતી ★

આપના મુબારક પેટ અને છાતી બંને સરખાં અને બરાબર હતાં. ન છાતી પેટ કરતાં ઊંચી હતી ન તો પેટ છાતીથી ઊંચું હતું. આપની છાતી પહોળી હતી અને છાતીના ઉપરી ભાગથી નાભિ સુધી પવિત્ર વાળોની એક પાતળી સરખી લીટી આવતી હતી. મુબારક છાતી અને પેટ વાળ સહિત હતા. હા, ખભા અને કાંડા પર કંઈક અંશે વાળ હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

આપનું પેટ સબ્ર અને સંતોષનું એક જગત અને આપની છાતી માઅ્‌રેફતે ઈલાહીના નૂરનો દરિયો અને અલ્લાહની વહીનો ખજાનો હતી.

કુલ જહાં મિલ્ક, ઔર જવકી રોટી ગિઝા
ઉસ શિકમ કી કનાઅત પે લાખોં સલામ

## ★ મુબારક પગો ★

આપના પવિત્ર પગ પહોળા, માંસલ, એડીઓ ઓછા માંસવાળી, તળિયું ઊંચું જે જમીન પર લાગતું ન હતું બંને પિંડીઓ કંઈક અંશે પાતળી અને ચોખ્ખી તેમજ સાફ હતી. પગની નરમાઈ અને મુલાયમતાની એ સ્થિતિ હતી કે એના પર પાણી સહેજ રોકાતું ન હતું. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨, અને મદારિજુન્નબુવ્વત વિગેરે)*

આપ ચાલવામાં ઘણા પ્રભાવશાળી અને નમ્રતાપૂર્વકનાં ડગલાં ભરતા હતા. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે મેં ચાલવામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં વધારે ઝડપથી ચાલનારો કોઈને જોયો નથી, જાણે કે જમીન આપના માટે લપેટાતી હતી. અમે સૌ આપની સાથે દોડતા હતા અને ઝડપથી ચાલવાથી ખૂબ થાકી જતા હતા. પરંતુ આપ અતિ પ્રભાવપૂર્ણ રીતે અને સંતોષ સાથે ચાલતા રહેતા આમ છતાં આપ અમારા સૌથી આગળ જ રહેતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

સાકે અસ્લે કદમ શાખે નખ્લે કરમ
શમ્એ રાહે હિદાયત પે લાખોં સલામ
ખાઈ કુર્આંને ખાકે ગુઝર કી કસમ
ઉસ કફે પા કી હુર્મત પે લાખોં સલામ

## ★ પોષાક ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મોટા ભાગે સુતરાઉ પોષાક પહેરતા હતા. ઊન અને કતાનના લિબાસનો પણ ક્યારેક ક્યારેક આપે ઉપયોગ કર્યો છે. કપડા બાબતે કોઈ ખાસ પોષાકનો કે વિશિષ્ટ લિબાસનો આગ્રહ રાખતા ન હતા. ઝભ્ભો, કબા, કમીઝ, તહબંદ, હુલ્લા, ચાદર, સાફો, ટીપો, મોજા વિગેરે આ સૌનો આપે ઉપયોગ કર્યો છે. લેંઘાને આપે પસંદ કર્યો. મિનાના બજારમાંથી આપે એક લેંઘો પણ ખરીદ્યો હતો. પરંતુ એ પુરવાર થયેલ નથી કે આપે ક્યારેય લેંઘો (પાયજામો) પહેર્યો હોય.

## ★ અમામો ★

આપ અમામામાં છેડો કાઢતા હતા જે ક્યારેક ખભા પર અને





ક્યારેક બંને ખભાઓ દરમ્યાન પડેલો રહેતો હતો. આપનો અમામા સફેદ, લીલા, કેસરી, કાળા રંગનો હતો. ફત્હે મક્કાના દિવસે આપે કાળા રંગનો અમામો બાંધ્યો હતો. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૯ વિગેરે.)*

અમામા નીચે ટોપી ખાસ રહેતી હતી. આપ ફર્માવતા હતા કે અમારી અને મુશ્રિકોના સાફાઓ વચ્ચે એ જ તફાવત છે કે અમે ટોપીઓ પર અમામો બાંધીએ છીએ. *(અબૂ દાઊદ, પ્રકરણ : બાબુલ અમાઈઅ, પેજ–૨૦૯, ભાગ–૨)*

## ★ ચાદર ★

યમનની તૈયાર થયેલ સુતરાઉ ધારીવાળી ચાદરો જે આરબમાં "હિબરા" અથવા "બુર્દેયમાની" કહેવાતી હતી, જે આપને બહુ પસંદ હતી. અને આપ એ ચાદરોનો બહુ જ ઉપયોગ કરતા હતા. ક્યારેક ક્યારેક લીલા કલરની ચાદરો પણ આપે ઉપયોગમાં લીધી હતી. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૭)*

## ★ કમલી (નાની કમ્બલ) ★

આપ કમ્બલ પણ બહુ જ ઉપયોગમાં લેતા હતા. એટલે સુધી કે વફાતના સમયે પણ એક કમ્બલ ઓઢેલા હતા. હઝરત અબૂ બુર્દા رضی اللہ عنہ નું બયાન છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ એક જોડી કમ્બલ અને એક જાડા કપડાનો તહેબંદ કાઢયો અને ફર્માવ્યું કે આ બે કપડાંઓમાં જ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈન્તેકાલ થયો. *(તિર્મિઝી શરીફ, ભાગ–૧, પેજ–૨૦૬)*

## ★ નાલૈન મુબારક (પગરખા) ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક જોડાના સ્વરૂપ અને ઘાટ તદ્દન એવા જ હતા જેવાં કે ભારતમાં ચંપલ હોય છે. ચામડાનો એક તળિયો હતો, જેમાં દોરી બાંધેલી રહેતી હતી. આપના પવિત્ર પગરખામાં બે દોરીઓ સામાન્ય રીતે લાગેલી રહેતી. જે કરૂમ ચામડાની હતી. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૭)*

## ★ પસંદગીના રંગો ★

આપે સફેદ, કાળા, લીલા, કેસરી રંગોનાં કપડાં ઉપયોગમાં લીધાં છે. પરંતુ સફેદ રંગનાં કપડાં બહુ પ્રિય અને પસંદ હતાં. લાલ રંગનાં કપડાં આપને બહુ નાપસંદ હતાં. એક વખત હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ લાલ રંગનાં કપડાં પહેરી બારગાહે અકદસમાં હાજર થયા, ત્યારે આપે અણગમો વ્યક્ત કરતાં પૂછયું કે આ કેવું કાપડ છે ? તેમણે એ કપડાંને બાળી નાખ્યાં. આપે સાંભળ્યું તો ફર્માવ્યું કે એને બાળવાની જરૂર ન હતી. કોઈ સ્ત્રીને આપી દેવાં જોઈતાં હતાં. કેમ કે સ્ત્રીઓ માટે લાલ રંગનો લિબાસ પહેરવામાં કોઈ વાંધો નથી. એ જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક વખત એક એવા શખ્સ પાસેથી પસાર થયા જેણે લાલ રંગનાં બે કપડાં પહેર્યાં હતાં. તેણે આપને સલામ કરી તો આપે એની સલામનો જવાબ ન આપ્યો. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૭, ૨૦૮, પ્રકરણ : ફિલ હુમરા)*

## ★ વીંટી ★

જ્યારે આપે બાદશાહોના નામે ઈસ્લામની દા'વત (નિમંત્રણ)ના પત્રો મોકલવાનો વિચાર કર્યો ત્યારે લોકોએ કહ્યું કે સુલતાનો મોહર વગરના પત્રો સ્વકારતા નથી, તો આપે ચાંદીની એક વીંટી બનાવડાવી જેના ઉપર નીચે ત્રણ લીટીમાં મુહમ્મદ રસૂલ, અલ્લાહ "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" અંકિત કરેલું હતું. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૭ વિગેરે)*

## ★ સુગંધ ★

આપને સુગંધ બહુ પ્રિય હતી. આપ હમેશાં અત્તરનો ઉપયોગ કરતા હતા. જો કે સ્વંય આપના શરીરમાંથી એવી સુગંધ આવતી હતી કે ગલીમાંથી આપ પસાર થઈ જતા એ ગલી સુગંધિત થઈ જતી હતી. આપ ફર્માવતા હતા કે પુરૂષોની સુગંધ એવી હોવી જોઈએ કે સુગંધ ફેલાય અને રંગ ન દેખાય અને સ્ત્રીઓ માટે એ સુગંધ ઉત્તમ છે કે સુગંધ ન પ્રસરે અને રંગ દેખાય. કોઈ આપની પાસે અત્તર મોકલતું ત્યારે આપ ક્યારેય એનો અસ્વીકાર ન કરતા અને ઈર્શાદ ફર્માવ્યું કે સુગંધની ભેટને રદ ન કરો કેમ





કે આ જન્નતમાંથી નીકળેલી વસ્તુ છે. *(શમાઈલે તિર્મિઝી, પેજ–૧૫)*

## ★ સુર્મો ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરરોજ રાત્રે "અસ્વદ"નો સુર્મો લગાવતા હતા. આપની પાસે સુર્માદાની હતી એમાંથી ત્રણ ત્રણ સળી બંને આંખમાં આંજતા હતા અને ફર્માવતા રહેતા કે અસ્વદનો સુર્મો લગાવતા રહો. નજરને તેજસ્વી અને વેગવાન બનાવે છે અને પાંપણના વાળ ઉગાડે છે. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૫)*

## ★ સવારી ★

ઘોડે સવારી આપને બહુ જ પસંદ હતી. ઘોડાઓ ઉપરાંત ઊંટ, ખચ્ચર, હિમાર (અરબી ઘોડા જે ઘોડા કરતાં પણ વધારે સુંદર હોય છે) ઉપર પણ સવારી કરી હતી. *(સહીહૈન વગેરે કુતુબે અહાદીષ વ સિયર)*

## ★ સ્વચ્છતા પ્રિયતા ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નો સ્વભાવ અત્યંત શુદ્ધિ અને સ્વચ્છતા પ્રિય હતો. એક શખ્સને આપે ગંદા કપડાં પહેરલો જોયો ત્યારે અણગમા સાથે જણાવ્યું કે આનાથી એટલું પણ થતું નથી કે તે તેનાં કપડાં ધોઈ લે. એ જ રીતે એક શખ્સને જોયો કે એના વાળ વિખરાયેલા છે તો ફર્માવ્યું કે શું આને એવી કોઈ વસ્તુ (તેલ, કાંસ્કો) મળતી નથી કે તે પોતાના વાળ ઓળાવે. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૭)*

એ જ રીતે એ શખ્સ આપની પાસે ઘણા જ ખરાબ પ્રકારનાં કપડાં પહેરીને આવી ગયો ત્યારે આપે એને પૂછયું કે તમારી પાસે કંઈક માલ છે ? તેણે અર્ઝ કરી કે, હા ! મારી પાસે ઊંટ, બકરીઓ, ઘોડા, ગુલામ એમ બધા જ પ્રકારો માલ છે. તો આપે ફર્માવ્યું કે, જ્યારે અલ્લાહ તઆલાએ તમને માલ આપ્યો છે ત્યારે જરૂરી છે કે તમારા પર એની નેઅમતોના કંઈક ચિહ્નો પણ દેખાવાં જોઈએ. અર્થાત સારાં, સ્વચ્છ અને સાફ સુથરાં કપડાં પેહરો. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૨, પેજ–૨૦૭, મુજતબાઈ)*

## ★ પ્રિય ખોરાક ★

હુઝૂરે અકદસ ﷺ નું પવિત્ર જીવન બિલ્કુલ સંયમી (ઝાહિદાના), સબ્ર અને સંતોષનો નમૂનો હતું. આથી આપ ક્યારેય સ્વાદિષ્ટ અને વિશિષ્ટ વાનગીઓની ઈચ્છા જ રાખતા ન હતા, એટલે સુધી કે આપે ક્યારેય ચપાટી ખાધી નથી, આમ છતાં આપને અમુક વાનગીઓ બહુ પસંદ હતી જેને ખૂબ જ રસપૂર્વક આરોગતા હતા. જેમ કે અરબમાં એક વાનગી હોય છે જે "હૈસ" કહેવાય છે. તે ઘી, પનીર અને ખજૂર ભેળવી પકવવામાં આવે છે. તેને આપ અધિક રુચિ સાથે જમતા હતા.

જવની મોટી મોટી રોટીઓ મોટા ભાગે ખાતા હતા. શાકમાં ગોશ્ત, સિરકો, મધ, જૈતૂનનું તેલ, દૂધી ખાસ પસંદ હતી. ગોશ્તમાં દૂધી નાખેલી હોય તો પ્યાલામાંથી દૂધીના ટુકડા શોધીને ખાતા હતા.

આપે બકરી, ઘેટું, મેસી, ઊંટ, ગોરખર, સસલુ, મરઘી, બટેર, માછલીનો ગોશ્ત ખાધો છે. એ જ રીતે ખજૂર અને સત્તુ પણ ખૂબ ખાતા હતા. તરબૂચને ખજૂર સાથે મિલાવીને, ખજૂરની સાથે કાકડી મિલાવીને રોટીલી સાથે ખજૂર પણ ક્યારેક ક્યારેક ખાતા હતા. દ્રાક્ષ, દાડમ વિગેરે ફળફળાદિ પણ ખાતા હતા ઠંડું પાણી બહુ પસંદ હતું, ક્યારેક શુદ્ધ દૂધ, ક્યારેક એમાં પાણી મિલાવીને પીતા હતા. ક્યારેક સૂકી દ્રાક્ષ (કિશમિશ) અને ખજૂર પાણીમાં પલાળીને એનો રસ પીતા હતા. જે કંઈ પીતા ત્રણ □ાસમાં પીતા હતા.

ટેબલ અને ખુરશી પર ક્યારેય જમ્યા ન હોતા. હંમેશ કાપડ અને ચામડાના દસ્તરખ્વાન પર જમતા હતા. ઓશિકા કે ગાદી પર ટેકો લગાડીને કે આડા પડીને ક્યારેય કંઈ પણ ખાતા ન હતા, ન તો એને પસંદ કરતા હતા. ભોજન માત્ર આંગળીઓથી ખાતા, ચમચી કે કાંટા વિગેરેથી ખાવાનું પસંદ કરતા ન હતા. હા ! બાફેલા ગોશ્તને ક્યારેક ક્યારેક છરીથી કાપી કાપીને પણ ખાતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, ઝાદુલ મઆદ વિગેરે હદીષના પુસ્તકો)*

## ★ રોજિંદા કાર્યો (રોજનીશી) ★

અહાદીષે કરીમાના અભ્યાસથી જાણવા મળે છે કે આપે





પોતાના દિવસ રાતના સમયને ત્રણ ભાગોમાં વહેંચી નાખ્યો હતો. એક, ખુદાની ઈબાદત માટે, બીજો જાહેર જનતા માટે અને ત્રીજો પોતાની જાત માટે.

સામાન્ય રીતે આપની આ આદત હતી કે ફજરની નમાઝ બાદ આપ પોતાના મુસલ્લા પર બેસી જતા, એટલે સુધી કે સૂર્ય ખૂબ ઊંચે પ્રકાશતો ત્યારે સામાન્યજનોથી મુલાકાતનો આ જ ખાસ સમય હતો. લોકો આપની સેવામાં હાજર થતા અને હાજતો અને જરૂરિયાતોને આપની બારગાહમાં રજૂ કરતા. આપ એમની જરૂરિયાતોને પૂરી કરતા. લોકોને ઈસ્લામના આદેશો અને મસ્અલાઓની તા'લીમ અને શિખામણ આપતા. પોતાના અને લોકોના સ્વપ્નોનું અર્થઘટન (તાબીર) બયાન ફર્માવતા. ત્યાર બાદ વિવિધ પ્રકારની વાતચીત કરતા. ક્યારેક ક્યારેક લોકો અજ્ઞાનતાકાળની વાતો અને રસમોનું વર્ણન કરતા અને હસતા ત્યારે હુઝૂર ﷺ પણ મુસ્કુરાતા. ક્યારેક ક્યારેક સહાબાએ કિરામ આપને અશઆર સંભળાવતા. *(મિશ્કાત શરીફ, ભાગ-૨, પેજ-૪૦૬, અબૂ દાઊદ શરીફ, ભાગ-૨, પેજ-૩૧૮)*

મોટા ભાગે એ જ સમયમાં માલે ગનીમત અને વઝીફાઓની વહેંચણી પણ કરતા. જ્યારે સૂર્ય ખૂબ ઊંચે ચડી જતો ત્યારે ક્યારેક ચાર રકાત, ક્યારેક આઠ રકાત ચાશ્તની નમાઝ અદા કરતા. પછી પુનિત પત્નીઓના હુજરાઓમાં તશરીફ લઈ જતા અને ઘરેલુ જરૂરિયાતની વ્યવસ્થામાં વ્યસ્ત થઈ જતા અને ઘરના કામકાજમાં પુનિત પત્નીઓને મદદરૂપ થતા. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૯૩)*

અસરની નમાઝ બાદ આપ દરેક પુનિત પત્નીઓને મુલાકાતથી સદ્‌ભાગી બનાવતા, અને બધાના હુજરાઓમાં થોડી થોડીવાર રોકાતા, કંઈક વાતચીત કરતા, પછી જેનો વારો હોય ત્યાં રાતવાસો કરતા. તમામ પુનિત પત્નીઓ ત્યાં જ ભેગી થઈ જતી. ઈશા સુધી આપ એમની સાથે વાતચીત કરતા રહેતા પછી ઈશાની નમાઝ માટે મસ્જિદમાં જતા અને મસ્જિદમાંથી પાછા ફરીને આરામ કરતા, ઈશા બાદ વાતચીત કરવાને નાપસંદ કરતા. *(મુસ્લિમ શરીફ, ભાગ-૧, પેજ-૪૭૨)*

## ★ ઊંઘવું, જાગવું ★

ઈશાની નમાઝ પઢીને આરામ કરતા. સામાન્ય રીતે આપનો એ જ નિત્યક્રમ હતો. ઊંઘતાં પહેલાં કુર્આન મજીદની કેટલીક સૂરતોની તિલાવત અવશ્ય કરતા, કેટલીક દુઆઓનું વિર્દ પણ કરતા પછી મોટે ભાગે આ દુઆ પઢીને જમણે પડખે સૂઈ જતા કે :–

اَللّٰهُمَّ بِاسْمِكَ اَمُوْتُ وَ اَحْيٰى

"હે અલ્લાહ ! તારું નામ લઈને મરણ પામું છું અને જીવિત થાઉં છું."

ઉંઘમાંથી જાગતા ત્યારે ખાસ કરીને આ દુઆ પઢતા કે :–

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَحْيَانَا بَعْدَ مَا اَمَاتَنَا وَ اِلَيْهِ النُّشُوْرُ

"એ ખુદા માટે પ્રશંસા છે જેણે મૃત્યુ બાદ અમને જીવિત કર્યા અને એની જ તરફ કયામત થશે."

અડધી રાત્રિએ અથવા એક પહોર રાત્રિ બાકી રહે ત્યારે પથારીમાંથી ઉઠી જતા, મિસ્વાક કરતા, પછી વુઝૂ બનાવતા અને ઈબાદતમાં તલ્લીન થઈ જતા, તિલાવત કરતા, વિવિધ દુઆઓનો વઝીફો પઢતા, નિયમિતતાથી તહજ્જુદની નમાઝ અદા કરતા. તહજ્જુદની નમાઝમાં ક્યારેક લાંબી, ક્યારેક નાની નાની સૂરતો પઢતા. વુદ્ધત્વની કમજોરીને કારણે ક્યારેક કેટલી રકાતો બેસીને પણ પઢતા, તહજ્જુદની નમાઝ બાદ વિત્ર પઢતા અને પછી સુબ્હ સાદિક થઈ ગયા બાદ ફજરની સુન્નત અદા કરીને મસ્જિદમાં જતા. ક્યારેક ક્યારેક કેટકેટલીવાર રાત્રે ઊંઘતા અને જાગતા અને કુર્આન મજીદની તિલાવત કરતા અને ક્યારેક પુનિત પત્નીઓ સાથે વાતચીત કરતા હતા. *(સિહાહ સિત્તા વિગેરે)*

## ★ રફતાર (ચાલ) ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂબ જ પ્રભાવશાળી રફતારથી ચાલતા હતા. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે ચાલતી વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જરા નમીને ચાલતા અને એવું લાગતું હતું કે જાણે આપ કોઈ ઊંચા સ્થાનેથી ઉતરી રહ્યા છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે આપ એટલી ઝડપથી ચાલતા હતા કે જાણે જમીન આપના પગો નીચેથી લપેટવામાં આવી રહી





છે. અમે લોકો આપની સાથે ચાલવામાં હાંફી જતા અને મુશ્કેલીમાં પડી જતા હતા પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અટક્યા વગર અને કોઈ પણ મુશ્કેલી વિના ઝડપથી ચાલતા રહેતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૯)*

## ★ કલામ (વાણી) ★

હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અતિ ઉતાવળે ઝડપથી વાતચીત કરતા ન હતા, બલ્કે અતિ ધૈર્યપૂર્વક અને ગંભીરતા સાથે ધીમે ધીમે વાત કરતા હતા અને વાત એટલી શુદ્ધ અને સ્પષ્ટ રીતે કરતા હતા કે સાંભળનારા એને સમજીને યાદ કરી લેતા હતા. જો કોઈ મહત્વપૂર્ણ વાત કરતા ત્યારે એ વાક્યને ક્યારેક ક્યારેક ત્રણ ત્રણ વખત કહી દેતા જેથી કરીને સાંભળનારા એને બરાબર યાદ કરી શકે. આપને "જવામેઉલ કલિમ" અર્થાત "વાતોની વ્યાપકતા"નો મો'જિઝાઓ અર્પણ કરવામાં આવ્યો હતો કે ટૂંકા વાક્યોમાં પણ વિસ્તૃત વાતો બયાન ફર્માવી દેતા હતા. હઝરત હિંદ બિન અબૂ હાલા رضی اللہ عنہ નું બયાન છે કે આપ બિન જરૂરી વાત કરતા ન હતા બલ્કે મોટે ભાગે મૌન જ રહેતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨)*

## ★ નબીનો દરબાર ★

હુઝૂર તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દરબાર સુલતાનો અને બાદશાહો જેવો દરબાર ન હતો. આ દરબાર રાજપાટ, છડી પોકારનારા અને ચોકિયાતો, પહેરેદાર અને અંગરક્ષકો વિગેરે વગરનો હતો. મસ્જિદે નબવીના સહેનમાં (પ્રાંગણમાં) સહાબાએ કિરામે માટીનો એક નાનકડો ચબૂતરો બનાવી દીધો હતો. એ જ તાજદારે રિસાલતનું એ શાહી સિંહાસન હતું જેના પર એક ચટાઈ પાથરીને બંને જહાંના તાજદાર અને શહનશાહે કૌનેન બિરાજમાન થતા હતા. પરંતુ એ સાદાઈ છતાં નબુવ્વતના જલાલથી દરેક શખ્સ એ દરબારમાં પ્રતિમા સમાન દેખાતો હતો. બુખારી શરીફ વિગેરેની રિવાયતોમાં જણાવાયું છે કે લોકો આપના દરબારમાં બેસતા ત્યારે એવું લાગતું હતું કે જાણે એમનાં માથાંઓ પર ચકલીઓ બેઠેલી છે, કોઈ પણ જરાય હિલચાલ કરતું ન હતું. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૯૮)*

આપ પોતાના આ દરબારમાં સૌ પ્રથમ હાજતમંદો તરફ ધ્યાન આપતા અને બધાની દરખાસ્તો સાંભળી એમની જરૂરિયાતો પૂરી કરતા. કબીલાઓના પ્રતિનિધિઓ સાથે મુલાકાતો કરતા, બધા જ હાજરજનો વિવેકપૂર્ણ રીતે માથુ નમાવેલું રાખતા અને જ્યારે આપ કંઈક કહેતા ત્યારે બેઠકમાં નીરવ શાંતિ છવાઈ જતી અને બધા જ સંપૂર્ણ ધ્યાનથી કાન દઈ શહનશાહે કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદેશને સાંભળતા. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૮૦)*

આપના દરબારમાં આવનારાઓ માટે કોઈ અવરોધ ન હતો, અમીર ગરીબ શહેરી અને ગામડિયા બધા જ પ્રકારના લોકો દરબારમાં ઉપસ્થિત રહેતા અને પોતપોતાની રીતે સવાલ જવાબ કરતા. જો કોઈ શખ્સ બોલતો, ત્યારે ભલે પછી તે ગમે તેટલો ગરીબ કે દરિદ્ર કેમ ન હોય, પરંતુ બીજો શખ્સ ભલે પછી તે ગમે તેટલો ધનવાન કેમ ન હોય, તે તેની વાત કાપી શકતો ન હતો. سُبْحَانَ اللہِ

વોહ આદિલ જિસકે મીઝાને અદાલતમેં બરાબર હૈં
ગુબ્બારે મસ્કનત હો યા વકારે તાજે સુલતાની

જે લોકો સવાલ જવાબમાં હદ વટાવી જતા તો આપ સહિષ્ણુતાપૂર્વક સહન કરતા અને બધાને મસાઈલ અને ઈસ્લામના આદેશોની તા'લીમ, દોરવણી, શિખામણો અને ઉપદેશ આપતા રહેતા. એ જ દરબારમાં આપ મુકદ્દમાઓના ફેંસલા કરતા અને તેમના ખાસ સહાબાઓ સાથે સલાહ મસલત પણ કરતા હતા. ઉપરાંત સુલેહ, જંગ અને ઉમ્મતના વહીવટ અને વ્યવસ્થા બાબતે જરૂરી આદેશો પણ આપતા હતા.

## ★ તાજદારે દો આલમનાં સંબોધનો ★

નબી અને રસૂલ કેમ કે દીનના આમંત્રક અને શરીઅતે મિલ્લતના પ્રચારક હોય છે અને શરીઅતની તા'લીમ અને દીનના ઉપદેશનું શ્રેષ્ઠ માધ્યમ પ્રવચનો અને સંબોધનો જ છે. આથી દરેક નબી અને રસૂલનું પ્રવક્તા અને ઉપદેશક હોવું નબુવ્વતની અનિવાર્યતા અને જરૂરિયાતમાંથી છે. આ જ કારણે જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلام ને પોતાની





રિસાલતથી નવાજીને ફિરઔન પાસે મોકલ્યા ત્યારે હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم એ આ દુઆ માંગી કે :–

رَبِّ اشْرَحْ لِی صَدْرِیْ ۙ وَیَسِّرْ لِیْٓ اَمْرِیْ ۙ وَاحْلُلْ عُقْدَۃً مِّنْ لِّسَانِیْ ۙ یَفْقَهُوْا قَوْلِیْ ۪ (طٰهٰ)

**અર્થાત** : ''હે મારા રબ ! મારું હૃદય ખોલી દે, મારા માટે કામ સરળ કર અને મારી જીભની ગાંઠ ખોલી દે કે જેથી એ લોકો મારી વાત સમજે.''

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ રસૂલોના સરદાર અને બધા જ નબીઓમાં અંતિમ છે. આથી ખુદાવંદે કુદુસે આપને સંબોધન અને પ્રવચનમાં એવી અનુપમ પ્રતિમા એનાયત કરી કે આપ અફસહુલ અરબ (સમગ્ર અરબમાં બધા કરતાં ઉચ્ચતમ પ્રવક્તા) થયા અને આપને જ જવામિઉલ કલિમનો મો'જિઝો અર્પણ કરવામાં આવ્યો કે આપના પવિત્ર મુખેથી સરી પડેલા એક એક શબ્દમાં અર્થ અને ભાવાર્થનો સમુદ્ર ઉછળતો નજરે પડતો હતો અને આપના સંબોધનની તાસીરથી શ્રોતાઓનાં હૃદય જગતમાં ભવ્ય ક્રાંતિ સર્જાઈ જતી હતી.

આમ જુમ્આ અને ઈદોના ખુત્બાઓ સંબોધનો ઉપરાંત અનેક પ્રસંગોએ આપે એવા એવા સાહિત્યિક અને અલંકારિક પ્રવચનો અને અસરકારક સંબોધનો કર્યા કે અરબના ભાષાશાસ્ત્રીઓ દિગમૂઢ થઈ ગયા અને એ પ્રવચનોની અસરો અને તાસીરથી મોટા મોટા પાષાણ હૃદયીઓનાં હૃદય મીણની જેમ ઓગળી ગયાં અને પળવારમાં એમના દિલની દુનિયા જ બદલાઈ ગઈ.

કેમ કે આપ વિવિધ હૈસિયતોથી સમૃધ્ધ હતા, તેથી આપની આ વિવિધ હૈસિયતો આપના સંબોધનોની વર્ણન શૈલી પર અસર ઉપસ્થિત કરતી હતી. આપ એક દીનના આમંત્રક પણ હતા, વિજેતા હતા, લશ્કરના સેનાપતિ પણ હતા, સમાજ સુધારક હતા, શાસક પણ હતા. આથી એ સ્વરૂપોની દૃષ્ટિએ આપના સંબોધનોમાં અનેક પ્રકારની વર્ણનશૈલી અને વિવિધ પ્રકારની જુસ્સાપૂર્ણ વાણીનો સમાવેશ થતો હતો. જુસ્સાપૂર્ણ સંબોધનની એ પરિસ્થિતિ હતી કે ઘણી વખત સંબોધન વખતે આપની આંખો રાતીચોળ અને અવાજ ખૂબ જોરદાર થઈ જતો હતો અને જલાલે નબુવ્વતના જુસ્સાથી આપના મુબારક ચેહરા પર ક્રોધના ચિહ્નો દેખાવા

લાગતાં હતાં. વારંવાર આંગળીઓ ઉઠાવી ઉઠાવીને ઈશારો ફર્માવતા હતા જાણે એવું લાગતું હતું કે આપ કોઈ લશકરને પડકારી રહ્યા છે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૨૮૪)*

આ રીતે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ આપના જુસ્સાપૂર્ણ પ્રવચન અને સંબોધનના આવેગનું સુંદર ચિત્રણ કરતાં કહે છે :–

''મેં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને મિમ્બર પર સંબોધન કરતાં સાંભળ્યા. આપ ફર્માવી રહ્યા હતા કે ખુદાવન્દે જબ્બાર આકાશો અને ધરતીને તેના હાથમાં લઈ લેશે. પછી કહેશે કે હું જબ્બાર છું, હું બાદશાહ છું, ક્યાં છે અત્યાચારી લોકો ?! ક્યાં છે અહંકારીઓ ?! આમ ફર્માવતાં હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ક્યારેક મુટ્ઠી વાળી લેતા, ક્યારેક મુટ્ઠી ખોલી દેતા અને આપનું મુબારક શરીર (જુસ્સામાં) ક્યારેક જમણી, ક્યારેક ડાબી બાજુ નમી પડતું, એટલે સુધી કે મેં આ જોયું કે મિમ્બરનો નીચેલો ભાગ પણ એટલો બધો હલી રહ્યો હતો કે હું (મારા મનમાં) કહેવા લાગ્યો કે ક્યાંક આ મિમ્બર આપને લઈને પડી તો નહીં જાય ! *(ઈબ્ને માજા, પેજ–૩૨૬)*

આપે મિમ્બર પર, જમીન પર, ઊંટની પીઠ પર ઊભા થઈને જેવો પ્રસંગ આવ્યો સંબોધન કર્યું છે. ક્યારેક આપે લાંબા સંબોધનો કર્યાં, પરંતુ સામાન્ય રીતે આપનાં સંબોધનો ઘણા ટૂંકાં પરંતુ સર્વગ્રાહી રહેતાં હતાં.

જંગના મેદાનમાં આપ કમાન પર ટેકો લગાડી ખુત્બો આપતા હતા અને મસ્જિદોમાં જુમ્આનો ખુત્બો પઢતી વખતે મુબારક હાથમાં ''અસો'' રાખતા હતા. *(ઈબ્ને માજા, પેજ–૭૯)*

આપના ખુત્બાઓની અસરોની એ સ્થિતિ હતી કે અમુક વખતે સખતમાં સખત ઉશ્કેરાટ ભર્યા પ્રસંગોએ આપના અમુક વાક્યો પ્રેમનો સાગર વહાવી દેતાં હતાં. હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે એક દિવસે આપે એવા અસરકારક અને જિજ્ઞાસાપૂર્ણ ખુત્બો પઢયો કે મેં એવો ખુત્બો ક્યારેય સાંભળ્યો ન હતો. ખુત્બા દરમ્યાન આપે ફર્માવ્યું કે, હે લોકો ! જે હું જાણું છું જો તમે જાણી લેતા તો ઓછું હસતા અને વધારે રડતા. મુબારક મુખેથી આ વાક્ય ઉચ્ચારતાં જ શ્રોતાઓની સ્થિતિ એવી થઈ ગઈ કે લોકો





કપડામાં ચેહરો સંતાડી સંતાડી ચોધાર આંસૂએ રડવા લાગ્યા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૬૫)*

## ★ સરવરે કાઈનાતની ઈબાદતો ★

હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم અગણિત કામો છતાં એવા જબરજસ્ત ઈબાદત ગુજાર હતા કે તમામ અંબિયા અને મુર્સલીન علیہم السلام ની પવિત્ર જિંદગીઓમાં એનું ઉદાહરણ મળવું મુશ્કેલ છે બલ્કે સત્ય તો એ છે કે તમામ પહેલાંના અંબિયાઓ બાબતે યોગ્ય રીતે એ પણ જાણી શકાતું નથી કે એમની ઈબાદતની રીત શું હતી ? અને એમના કયા કયા સમય ઈબાદત માટે નિર્ધારિત હતી ?

તમામ અંબિયાએ કિરામની ઉમ્મતોમાં આ ગૌરવ અને સદ્ભાગ્ય માત્ર હુઝૂર ખાતિમુલ્ અંબિયા صلی اللہ تعالٰی علیہ وسلم ના સહાબીઓને જ પ્રાપ્ત છે કે તેમણે પોતાના વહાલા રસૂલ صلی اللہ تعالٰی علیہ وسلم ની ઈબાદતોના તમામ તરીકાઓ, એમના સમય અને સ્વરૂપો આમ એના એકે એક ભાગોને સુરક્ષિત રાખ્યા છે. ઘરોમાં અને રાતોના અંધારામાં આપ જે અને જેટલી ઈબાદતો કરતા હતા અને પુનીત પત્નીઓએ જોઈ અને યાદ રાખી અને સમગ્ર ઉમ્મતને બતાવી દીધી અને ઘરની બહારની ઈબાદતોને સહાબાએ કિરામએ ખૂબ જ તકેદારી સાથે પોતાની આંખે જોઈ જોઈને પોતાના મનમાં સુરક્ષિત કરી લીધી અને આપના કયામ, કાઈદા, રુકૂઅ અને સિજદાઓ અને એમના સ્વરૂપો અને સ્થિતિ, ઝિક્ર અને દુઆઓને શબ્દશઃ એટલે સુધી કે આપના સંકેતો અને એકાગ્રતાની હાલતને પણ પોતાની સ્મૃતિના ભંડારોમાં સુરક્ષિત રાખી લીધી. પછી ઉમ્મતની સામે એ ઈબાદતની એવી ચર્ચા કરી કે એ માત્ર પુસ્તકોનાં પાનાઓમાં સુરક્ષિત થઈને રહી ગઈ નથી બલ્કે ઉમ્મતની એકે એક વ્યક્તિ એટલે સુધી કે પર્દામાં રહેતી સ્ત્રીઓને પણ એનું જ્ઞાન મળી ગયું અને આજે મુસલમાનનો એકે એક બાળક ભલે પછી તે ધરતીના કોઈ પણ ખૂણામાં રહેતો હોય તેને પોતાના નબીની ઈબાદતોના સંપૂર્ણ સ્વરૂપોની જાણકારી થઈ ગઈ અને તે ઈબાદતો પર તેના નબીના અનુસરણમાં ઈમાનના ઉત્સાહ અને અમલની ભાવના સાથે પાલન કરી રહ્યો છે. આપની ઈબાદતોનો સંક્ષિપ્ત સાર અત્રે પ્રસ્તુત છે.

## ★ નમાઝ ★

એલાને નબુવ્વત પહેલાં પણ આપ ગારે હિરામાં ક્યામ અને મુરાકબા, ઝિક્ર અને ફિક્રની રીતે ઈબાદતમાં લીન રહેતા હતા. વહીના અવતરણ બાદ જ આપને નમાઝની રીત બતાવવામાં આવી. પછી મેઅરાજની રાત્રે પાંચ વખતની નમાઝ ફર્ઝ થઈ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પંજગાના નમાઝ ઉપરાંત નમાઝે ઈશરાક, નમાઝે ચાશ્ત, તહિય્યતુલ્ વુઝૂ, તહિય્યતુલ મસ્જિદ, સલાતુલ્ અવ્વાબીન વગેરે સુન્નતો અને નફ્લો પણ અદા કરતા હતા. રાત્રે ઉઠી ઉઠીને નમાઝો પઢતા હતા. જીવન પર્યંત નમાઝે તહજ્જુદના પાબંદ રહ્યા. રાત્રિઓની નફ્લો બાબતે વિવિધ રિવાયતો છે. કેટલીક રિવાયતોમાં છે કે આપ નમાઝે ઈશા બાદ થોડાક સમય માટે ઊંઘી જતા, પછી અમુક સમય સુધી ઉઠીને નમાઝ પઢતા, પછી ઊંઘી જતા, ફરી ઉઠીને નમાઝ પઢતા. આમ સવાર સુધી આ જ ક્રમ જારી રહેતો. ક્યારેક બેતૃત્યાંશ રાત પસાર થયા બાદ જાગી જતા અને સુબ્હ સાદિક સુધી નમાઝોમાં તલ્લીન રહેતા. ક્યારેક અડધી રાત ગુજરી ગયા બાદ પથારીમાંથી ઉઠી જતા અને પછી આખી રાત પથારી પર ઊંઘતા ન હતા. નમાઝોમાં લાંબી લાંબી સૂરતો પઢતા હતા. ક્યારેક લાંબા રુકૂઅ અને સજદાઓ કરતા, કિયામ લાંબો કરતા. ક્યારેક એનાથી વધારે જીવનના અંતિમ દિવસોમાં કેટલી રકાતો ઊભા થઈને, કેટલીક બેસીને પઢતા હતા. નમાઝે વિત્ર તહજ્જુદની નમાઝ સાથે પઢતા હતા. રમઝાન શરીફમાં ખાસ કરીને અંતિમ દસ દિવસોમાં આપની ઈબાદત ઘણી વધી જતી હતી. આપ આખી રાત જાગતા રહેતા અને પોતાની પુનિત પત્નીઓથી અળગા થઈ જતા હતા અને ઘરવાળાઓને નમાઝ પઢવા માટે જગાડતા હતા અને નમાઝોની સાથે સાથે ક્યારેક ઊભા થઈને, ક્યારેક બેસીને, ક્યારેક સજદામાં આહોઝરી કરતા અને રડતા તેમજ વિલાપ સાથે કરગરી કરગરીને રાત્રે દુઆઓ પણ માંગતા હતા. રમઝાન શરીફમાં હઝરત જિબ્રઈલ علیہ السلام સાથે કુર્આને અઝીમનો દોર ફર્માવતા અને તિલાવતે કુર્આન મજીદ સાથે વિવિધ પ્રકારની દુઆઓનો વિર્દ પણ કરતા અને ક્યારેક ક્યારેક આખી રાત નમાઝો અને દુઆઓમાં ઊભા રહેતા એટલે સુધી કે પવિત્ર પગોમાં સોજો ચડી જતો હતો.





## ★ રોઝા ★

રમઝાન શરીફના રોઝાઓ ઉપરાંત શાબાનમાં લગભગ આખો મહિનો આપ રોઝા રાખતા હતા. વર્ષના અન્ય મહિનાઓમાં પણ એ જ પરિસ્થિતિ જારી રહેતી હતી. અર્થાત જો રોઝા રાખવાનું શરૂ કરી દેતા તો એવું લાગતું હતું કે હવે ક્યારેય રોઝા નહીં છોડે, પછી છોડી દેતા તો એવું લાગતું કે હવે ક્યારેય રોઝા નહીં રાખે. ખાસ કરીને દરેક મહિને ત્રણ દિવસ ચન્દ્રાનુસાર ૧૩, ૧૪ અને ૧૫ મી તારીખના રોઝા, સોમવાર અને જુમેરાતના રોઝા, આશૂરાના રોઝા, ઝિલ્ હજ્જના અશરાના રોઝા અને શવ્વાલના છ રોઝા સામાન્ય રીતે રાખતા હતા. ક્યારેક ક્યારેક ''સૌમે વિસાલ''ના રોઝા રાખતા હતા અર્થાત કેટકેટલાય દિવસ રાતનો એક રોઝો. પરંતુ પોતાની ઉમ્મતને એવા રોઝા રાખવાની મનાઈ ફર્માવતા હતા. કેટલાક સહાબાએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ તો સૌમે વિસાલ રાખો છો ! ફર્માવ્યું, ''તમારામાં મારા જેવો કોણ છે ?!'' હું મારા રબના દરબારમાં રાત્રિ ગુજારું છું અને તે મને (રૂહાની ખોરાક) ખવડાવે છે અને પીવડાવે છે. *(બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ, સૌમે વિસાલ)*

## ★ ઝકાત ★

હઝરત અંબિયા علیہم السلام પર ખુદાવન્દે કુદુસે ઝકાત ફર્ઝ ફર્માવી જ ન હતી તેથી આપ પર ઝકાત ફર્ઝ જ ન હતી. (ઝુર્કાની, ભાગ–૮, પેજ–૯૦) પરંતુ આપના સદકાઓ અને ખૈરાતની એ સ્થિતિ હતી કે, આપ પોતાની પાસે સોનું, ચાંદી કે વેપારનો માલ કે પશુઓનો કોઈ જથ્થો રાખતા જ ન હતા, બલ્કે જે કંઈ આપની પાસે આવતું તે ખુદાની રાહમાં હક્કદારોમાં વહેંચી દેતા હતા. આપને એ પસંદ જ ન હતું કે રાતભર કોઈ ધન દૌલત નબીના ઘરમાં રહી જાય. એક વખત એવું બન્યું કે, ખિરાજ (ભૂમિકર)ના નાણાં એટલાં બધાં આવી ગયાં કે, તે સાંજ સુધી વહેંચવા છતાં પૂરાં ન થઈ શક્યાં, તો આપ રાતભર મસ્જિદમાં જ રહી ગયા. જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ એ આવીને એ ખબર આપી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم બધાં જ નાણા વહેંચાઈ ગયાં, ત્યારે આપે પોતાના મકાનમાં પગ મૂક્યા. *(અબૂ દાઊદ)*

## ★ હજ્જ ★

નબુવ્વતના એલાન પછી મક્કા મુકર્રમામાં આપે બે કે ત્રણ હજ્જ કર્યા. *(તિર્મિઝી શરીફ, પ્રકરણ ક્રમ હજ્જુન્નબી ﷺ અને ઈબ્ને માજા)*

પરંતુ હિજરત બાદ મદીના મુનવ્વરાથી હિ.સ. ૧૦ માં આપે એક હજ્જ કરી જે, ''હજ્જતુલ વિદાઅ''ના નામે જાણીતી છે, જેનું વિગતવાર વર્ણન થઈ ચૂક્યું છે.

હજ્જ ઉપરાંત હિજરત પછી આપે ચાર ઉમરહ પણ કર્યા. *(તિર્મિઝી શરીફ, અને બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફ, કિતાબુલ હજ્જ)*

## ★ ઝિક્રે ઈલાહી ★

હઝરત આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે આપ દરેક સમયે, દરેક પળે, દરેક ક્ષણે ઝિક્રે ઈલાહીમાં તલ્લીન રહેતા હતા. *(અબૂ દાઊદ શરીફ, કિતાબુત્તહારત વિગેરે)*

ઉઠતાં બેસતાં, ચાલતાં ફરતાં, ઊંઘતાં જાગતાં, વુઝૂ કરતાં, નવા કપડાં પહેરતાં, સવારી પરથી ઉતરતાં, મસ્જિદમાં આવતાં જતાં, મુસાફરીમાં જતાં, મુસાફરીથી પાછા ફરતાં, શૌચાલયમાં દાખલ થતાં અને નીકળતાં, મસ્જિદમાં આવતાં જતાં, યુદ્ધના સમયે, આંધી, વરસાદ અને વીજળીના કડાકા વખતે, દરેક સમયે, દરેક સ્થિતિમાં દુઆઓ જબાન પર વિર્દ રહેતી હતી. ખુશી અને તકલીફના સમયે, સુબ્હ સાદિકના ઉદય થતા સમયે, સૂર્યાસ્ત થતાં સમયે, કૂકડાનો અવાઝ સાંભળી, ગધેડાનો અવાજ સાંભળી એટલે કે કયો એવો સંજોગ હતો કે આપ કોઈ દુઆ ન પઢો, દિવસે જ નહીં બલ્કે રાતના સન્નાટામાં બરાબર દુઆ પઢતા અને અલ્લાહના ઝિક્રમાં તલ્લીન રહેતા, એટલે સુધી કે વફાતના સમયે પણ સતત ઝુબાન પર વિર્દ રહ્યો. તે **અલ્લાહુમ્મ ર્રફીકલ્ આ'લા**ની દુઆ હતી. *(સિહાહે સત્તા, હિસ્ને હસીન વિગેરે હદીષોના પુસ્તકો વિગેરે)*





(પ્રકરણ-૧૮)

# નબીનો શિષ્ટાચાર (અખ્લાક)

આપના સદાચરણ બાબતે ખુદાના બંદાઓથી શૂં પૂછવું ? જ્યારે કે ખૂદ અલ્લાહે આ ફર્માવ્યું છે :—ﺍِﻧَّﻚَ ﻟَﻌَﻠٰﻰ ﺧُﻠُﻖٍ ﻋَﻈِﻴْﻢٍ ٥

**અર્થાત** : અય હબીબ ! નિઃશંક ! આપ અખ્લાકના ઉચ્ચ દરજ્જા પર છો. આજે લગભગ ચૌદસો વર્ષ પસાર થઈ ગયા બાદ રસૂલના શત્રુઓની શી મજાલ કે આપને અશિષ્ટાચારી કહી શકે ? એ સમયે જ્યારે કે આપ તેમના શત્રુઓના સમૂહોમાં તેમના અમલી આચરણની અભિવ્યક્તિ કરી રહ્યા હતા. ખુદાવંદે કુદ્દૂસે કુર્આનમાં એલાન ફર્માવ્યું કે :

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوْا مِنْ حَوْلِكَ

''(અય હબીબ !) આપ ખુદાની રહમતથી લોકો સાથે નરમાઈથી વર્તો છો. જો આપ કદાચ અશિષ્ટાચારી અને પાષણ હૃદયથી હોત તો એ લોકો આપની પાસેથી દૂર થઈ જાત.'' *(આલે ઈમરાન)*

રસૂલના શત્રુઓએ કુર્આનની વાણીમાં આ ખુદાઈ એલાન સાંભળ્યું, પરંતુ કોઈની મજાલ (મકદૂર) ન હતી કે એની વિરુધ્ધ કોઈ નિવેદન આપે અથવા એ સૂર્યથી વધુ પ્રકાશિત વાસ્તવિક્તાને જૂઠલાવે, બલ્કે આપના મોટામાં મોટા શત્રુએ પણ એનો સ્વીકાર કર્યો કે, આપ અતિ ઉચ્ચ શિષ્ટાચારી, કોમળ સ્વભાવના અને રહમ દિલ છે.

એકંદરે જોતાં હુઝૂર નબીયે કરીમ ﷺ શિષ્ટાચારની ગુણવત્તાઓના બધા જ પાસાંઓનો સરવાળો હતા. અર્થાત દરગુજર, દયા કૃપા, ન્યાય, દાનશીલતા, ત્યાગ, સમર્પણ, મહેમાનનવાજી, દમનહિનતા, બહાદૂરી, વચનબદ્ધતા, સદ્‌વર્તાવ, ધૈર્ય અને સંતોષ, નર્મવાણી, હસમુખા, મિલનસારી, સમાનતા, હમદર્દી, સાદાઈ અને ધનિષ્ઠતા, નમ્રતા અને આજીજી અને લજ્જાશીલતાની એટલી ઉચ્ચતમ ટોચ પર આપ

બિરાજમાન છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ એક જ વાક્યમાં એનું સાચુ ચિત્રણ કરતાં વર્ણવ્યું છે કે :– کَانَ خُلُقُهُ الْقُرْاٰن

**અર્થાત** : કુર્આનની તા'લીમ પર પૂરેપૂરો અમલ એ જ આપનું સદાચરણ હતું.

નબીના શિષ્ટાચારનો એક વિસ્તૃત લેખ અમે અમારા પુસ્તક "હક્કાની તકરીરેં"માં આલેખ્યો છે. અત્રે પણ અમે નબીના સદાચરણના "શજરતુલ ખુલ્દ"ની કેટલીક શાખોઓના ફળ ફૂલ રજૂ કરીએ છીએ જેથી અમે અને તમે એના પર અમલ કરીને પોતાની ઈસ્લામી જિંદગીને સંપૂર્ણતમ બનાવીને ઈસ્લામી જગતમાં પૂર્ણ મુસલમાન બની જઈએ અને અમલના ક્ષેત્રથી બદલાના ક્ષેત્ર સુધી ખુદાવંદે عزوجل ની રહમતની છત્રછાયાના મીઠા મીઠા ફળ ખાતા રહીએ. વલ્લાહુ તઆલા હુવલ માફિકુ વલ મુઈન.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુદ્ધિમત્તા ★

કેમ કે બધી જ ઈલ્મી અને અમલી અને નૈતિક શ્રેષ્ઠતાઓનો આધાર બુદ્ધિ પર જ છે. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુદ્ધિ બાબતે પણ કંઈક લખવું અત્યંત આવશ્યક છે. આથી આ વિષયમાં અમે અત્રે માત્ર એક હવાલો લખીએ છીએ.

"વહબ બિન મુનબ્બિહ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, મેં ઈકોત્તેર પુસ્તકોમાં એ વાંચ્યું છે કે, જ્યારથી દુનિયા અસ્તિત્વમાં આવી છે તે સમયથી કયામત સુધી તમામ માનવીઓની બુદ્ધિઓની જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુદ્ધિ સાથે તુલના કરવામાં આવે તો બધા જ માનવીઓની બુદ્ધિઓને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુદ્ધિ સાથે એ જ સંબંધ હશે જે રેતીના એક કણને દુનિયાના તમામ રણો સાથે જે સંબંધ છે. અર્થાત : **બધા જ માનવીઓની બુદ્ધિઓ એક રેતીના કણ બરાબર છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બુદ્ધિમત્તા દુનિયાના તમામ રણો બરાબર છે.** આ હદીષને અબૂ નુઐમ મુહદ્દિષે હિલિયામાં વર્ણન કરી છે અને મુહદ્દિષ ઈબ્ને અસાકિરે પણ એને રિવાયત કરી છે. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૫૦, અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૪૨)*





## ★ સંયમ અને દરગુજર ★

હઝરત ઝૈદ બિન સઅ્ના رضی اللہ عنہ જેઓ પહેલાં એક યહૂદી વિદ્વાન હતા. તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ખજૂરો ખરીદી હતી. ખજૂરો આપવાની મુદતમાં હજુ બે એક દિવસ બાકી હતા કે તેમણે જનસમૂહ સમક્ષ હુઝૂર علیہ الصلوۃ والتسلیم સાથે અભદ્ર અને ક્રોધિત સ્વરમાં સખ્તાઈપૂર્વક તકાઝો કર્યો અને આપનો પાલવ તથા ચાદર પકડીને અતિ વેરાગ્નિવાળી આક્રોશમય નજરે આપની તરફ જોયું અને ચીસો પાડી પાડીને એમ કહ્યું કે, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમો સૌ અબ્દુલ મુત્તલિબના સંતાનની આ જ રીત છે કે તમે લોકો હંમેશ લોકોના હક્કો અદા કરવામાં વિલંબ કરો છો અને ટાળમટોળ કરવી તમારા લોકોની ટેવ બની ચૂકી છે. આ દશ્ય જોઈને હઝરત ઉમર رضی اللہ عنہ બેકાબૂ થઈ ગયા અને અતિ ક્રોધિત અને ઝેરીલી નજરોથી ઘૂરકી ઘૂરકીને કહ્યું કે, હે ખુદાના દુશ્મન ! તું ખુદાના રસૂલ સાથે આવી ધૃષ્ટતા આચરી રહ્યો છે ?! ખુદાના સોગંદ ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો આદર વચ્ચે ન હોત તો હું હાલ હમણાં જ મારી તલવારથી તારું માથુ ઉડાવી દેત ! આ સાંભળી આપે ફર્માવ્યું કે, હે ઉમર ! તમે આ શું કરી રહ્યા છો ?! તમારે તો એવું કરવું જોઈતું હતું કે મને હક્કની અદાયગીની પ્રેરણા આપતા અને એને નરમાઈથી તકાઝો કરવાની શિખામણ આપીને અમારા બંનેની મદદ કરતા. પછી આપે હુકમ કર્યો કે, હે ઉમર ! એને એના હક્ક જેટલી ખજૂરો આપી દો અને કંઈક વધારે પણ આપી દો. હઝરત ઉમર رضی اللہ عنہ એ જ્યારે હક્ક કરતાં વધારે ખજૂરો આપી તો હઝરત ઝૈદ બિન સઅ્ના رضی اللہ عنہ એ કહ્યું કે, હે ઉમર ! મારા હક્ક કરતાં વધારે કેમ આપી રહ્યા છો ?! આપે ફર્માવ્યું કે, કેમ કે મેં ત્રાંસી નજરોથી જોઈને તમને ભયભીત કરી દીધા હતા તેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તમારી સાંત્વના અને સંતોષ માટે તમારા હક્ક કરતાં કંઈક વધારે આપવાનો મને હુકમ કર્યો છે. આ સાંભળી હઝરત ઝૈદ બિન સઅ્ના رضی اللہ عنہ એ કહ્યું કે, હે ઉમર ! શું તમે મને ઓળખો છો ?! હું ઝૈદ બિન સઅ્ના છું. આપે ફર્માવ્યું કે, તમે એ જ ઝૈદ બિન સઅ્ના છો જે યહૂદીઓનો બહુ મોટા વિદ્વાન છે. તેમણે કહ્યું, "હા જી !" આ સાંભળી હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, તો પછી તમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે આવી અશિષ્ટતા કેમ આચરી ? હઝરત ઝૈદ બિન સઅ્નાએ જવાબ આપ્યો

કે, હે ઉમર ! વાસ્તવમાં વાત એ છે કે, મેં તૌરાતમાં નબી આખિરુઝ્ઝમાંની જેટલી નિશાનીઓ વાંચી હતી એ બધી મેં એમનામાં જોઈ લીધી, પરંતુ બે નિશાનીઓ બાબતે મારે એમની પરીક્ષા લેવાની બાકી રહી ગઈ હતી. એક એ કે એમની નમ્રતા અજ્ઞાનતા પર છવાયેલી રહેશે અને એમની સાથે જેટલો દુષ્ટ વર્તાવ કરવામાં આવશે એટલી જ વધારે એમની નમ્રતા વધતી જશે. આથી મેં આ યુક્તિથી એ બંને નિશાનીઓ પણ એમનામાં જોઈ લીધી. અને હું સાક્ષી આપું છું કે, ચોક્કસ આ સાચા નબી છે. અને હે ઉમર ! હું બહું જ શ્રીમંત માણસ છું. હું તમને મારો સાક્ષી બનાવું છું કે, મેં મારો અડધો માલ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મત પર સદકો કરી દીધો. પછી તેઓ બારગાહે રિસાલતમાં આવ્યા અને કલમો પઢીને ઈસ્લામ સ્વીકાર કરી લીધો. *(દલાઈલુન્નબુવ્વત, ભાગ–૧, પેજ–૨૩, ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૫૩)*

હઝરત ઝુબૈર બિન મુત્ઈમ رضی اللہ عنہ કહે છે કે, જંગે હુનૈનથી પાછા ફરતી વખતે ગ્રામીણ લોકો આપને વળગી પડયા અને આપથી માલ અંગે સવાલ કરવા લાગ્યા. આપને એટલે સુધી વળગ્યા કે આપ પાછા ખસતાં ખસતાં બાવળના વૃક્ષ પાસે પહોંચી ગયા. એટલામાં એક બદ્દુ આપની ચાદર ખેંચીને ભાગ્યો. પછી આપે ઊભા થઈને કહ્યું કે, તમે લોકો મારી ચાદર તો મને સોંપી દો. જો મારી પાસે આ ઝાડીઓ જેટલાં પશુઓ હોત તો પણ હું એ બધાં તમારી વચ્ચે વહેંચી દેત ! તમે લોકો મને ન તો લોભી જોશે કે ન જૂઠો અને બીકણ. *(બુખારી શરીફ, પેજ–૪૪૬)*

હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે, હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે જઈ રહ્યો હતો અને આપે એક નજરાની ચાદર ઓઢેલી હતી જેની કિનારીઓ જાડી અને ખબરચડી હતી. એકાએક એક બદ્દુએ આવીને આપને પકડી લીધા અને એટલા જોરદાર આંચકાથી ચાદર મુબારકને તેણે ખેંચી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની નરમ અને નાજુક ગરદન પર ચાદરની કિનારીથી ઉઝરડા પડી ગયા. પછી એ બદ્દુએ એમ કહ્યું કે, અલ્લાહનો જ માલ આપની પાસે છે. આપ હુકમ કરો કે એમાંથી મને કંઈક મળી જાય. હુઝૂર રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ જયારે એ બદ્દુ તરફ ધ્યાન આપ્યું





તો અતિ વિનમ્રતા અને વિવેકથી એની તરફ જોઈને હસી પડયા અને પછી એને કંઈક માલ આપવાનો હુકમ કર્યો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૪૬)*

ઉહદના યુદ્ધમાં ઉત્બા બિન અબી વક્કાસએ આપના મુબારક દાંતો શહીદ કરી દીધા અને અબ્દુલ્લાહ બિન કમિય્યાએ ચેહરાએ અન્વરને ઝખ્મી અને લોહી લુહાણ કરી દીધો, પરંતુ આપે એ લોકો માટે એ સિવાય કંઈ પણ ન કહ્યું કે :– اَللّٰھُمَّ اھْدِ قَوْمِیْ فَاِنَّھُمْ لَا یَعْلَمُوْنَ

**અર્થાત** : હે અલ્લાહ ! મારી કૌમને હિદાયત આપ, કેમ કે આ લોકો મને જાણતા નથી.

ખૈબરમાં ઝૈનબ નામી યહૂદી સ્ત્રીએ આપને ઝેર આપ્યું. પરંતુ આપે એનાથી કોઈ બદલો ન લીધો. લબૈદ બિન અસમે આપ પર જાદૂ કર્યો. વહી દ્વારા બધી હકીકતની આપને જાણ થઈ. પરંતુ આપે એનાથી પણ બદલો ન લીધો. ગૌરષ બિન હારિષે આપના કત્લના ઈરાદાથી આપની તલવાર મ્યાનમાંથી ખેંચી લીધી. જયારે આપ ઊંઘમાંથી જાગી ગયા તો ગૌરષ કહેવા લાગ્યો, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કહો ! કોણ છે જે આપને મારાથી બચાવી લેશે ? આપે ફર્માવ્યું કે, "અલ્લાહ !" નબુવ્વતની દહેશતથી એના હાથમાંથી તલવાર પડી ગઈ. અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તલવાર હાથમાં લઈ ફર્માવ્યું કે, બોલ ! હવે તને મારા હાથમાંથી કોણ બચાવનારું છે ? ગૌરષ કરગરીને કહેવા લાગ્યો કે, આપ જ મારો જીવ બચાવી દો ! તો રહમતે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને છોડી મૂક્યો, અને માફ કરી દીધો. આથી ગૌરષ તેની કૌમમાં જઈને કહેવા લાગ્યો કે, હે લોકો ! હું એવા શખ્સ પાસેથી આવ્યો છું જે દુનિયાના સમગ્ર માનવીઓમાં સર્વશ્રેષ્ઠ છે. *(શિફાએ કાઝી અયાઝ, ભાગ–૧, પેજ–૬૨)*

મક્કાના કુફ્ફારોએ એવો ક્યો જુલ્મી વર્તાવ હતો જે આપની સાથે ન કર્યો હોય ?! પરંતુ મક્કાના વિજયના દિવસે જયારે એ સર્વે કુરૈશના અત્યાચારીઓ અન્સારો અને મુહાજિરોના સૈન્યના ઘેરામાં ઘેરાઈ જઈ વિવિશ થઈ હરમે કા'બામાં દહેશતથી ધ્રુજી રહ્યા હતા અને બદલાની બીકે એમના શરીરનો રોમરોમ ધ્રુજી રહ્યો હતો ત્યારે રસૂલે રહમતે એ અપરાધીઓ અને પાપીઓને એમ કહીને છોડી દીધા અને માફ કરી દીધા કે :–

''આજે તમારાથી કોઈ બદલો નથી, જાઓ ! તમે સૌ મુક્ત છો.'' لَا تَثْرِيْبَ عَلَيْكُمُ الْيَوْمَ فَاذْهَبُوْا اَنْتُمُ الطُّلَقَاءُ

એક કાફિરને સહાબાએ કિરામ પકડીને લાવ્યા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એણે આપના કત્લનો ઈરાદો કર્યો હતો. એ શખ્સ ભય અને દહેશતથી ધ્રુજી ઉઠયો. રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, તમે કોઈ ભય ન રાખો ! જરાય ન ગભરાઓ ! તમે મારા કત્લનો ઈરાદો કરી લીધો હતો તો શું થયું ?! તમે ક્યારેય પણ મારી ઉપર વિજેતા થઈ શક્તા ન હતા. કેમ કે ખુદાવન્દે તઆલાએ મારી સુરક્ષાનો વાયદો ફર્માવ્યો છે. *(શિફાએ કાઝી અયાઝ, ભાગ–૧, પેજ–૬૩ વિગેરે)*

સારાંશ એ છે કે નબીએ રહમતની પવિત્ર જિંદગીમાં હજારો પ્રસંગો એવા છે જેનાથી જણાય છે કે નમ્રતા અને દરગુજર અર્થાત જખ્મો સહન કરવા અને અપરાધીઓને સામર્થ્ય હોવા છતાં બદલો લીધા વગર છોડી મૂકવા અને માફ કરી દેવા, આ ઉદાર સ્વભાવ પણ આપના ઉત્તમ વ્યવહારનું એ મહાન પરાક્રમ છે જે સમગ્ર જગતમાં અજોડ છે. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે :–

''પોતાની જાત માટે ક્યારેય પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કોઈનાથી બદલો લીધો નથી, હા ! અલબત્ત અલ્લાહે હરામ ઠરાવેલી વસ્તુઓનો કોઈ દોષી જણાતો ત્યારે જરૂર એની પકડ કરતા.'' *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૬૧, બુખારી, ભાગ–૧, પેજ–૫૦૩)*

وَمَا انْتَقَمَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِنَفْسِهٖ اِلَّا اَنْ تُنْتَهَكَ حُرْمَةُ اللّٰهِ تَعَالٰى۔ (شفاء شریف جلد ۱ صـ ۶۱ و بخاری جلد ۱ صـ ۵۰۳ وغیرہ)

## ★ વિનમ્રતા ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વિનમ્રતા પણ જગતથી વિશિષ્ટ હતી. અલ્લાહ તઆલાએ આપને એ ઈખ્તિયાર આપ્યો કે, હે હબીબ ! જો આપ ઈચ્છો તો શાહી જીવન વિતાવો અને આપ ઈચ્છો તો એક બંદાનું જીવન ગુજારો. ત્યારે આપે એક બંદો બનીને જીવન વિતાવવાને પસંદગી આપી. હઝરત ઈસરાફીલ علیہ الصلوٰۃ والسلام એ આપની સેવામાં આવી વિનમ્રતાને કારણે ફર્માવ્યું





કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપની આ નમ્રતાને કારણે આપને અલ્લાહ તઆલાએ આ જલીલુલ કદ્ર દરજ્જો પણ અર્પણ કર્યો છે કે, આપ તમામ આદમના સંતાનમાં સૌથી વધુ સદ્‌ગૃહસ્થ અને ઉચ્ચ દરજ્જાવાળા છો અને કયામતના દિવસે સૌથી પહેલાં આપને આપની કબ્રમાંથી ઉઠાવવામાં આવશે અને કયામતના મેદાનમાં સૌથી પહેલાં આપ શફાઅત અને સિફારશ કરશો. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૬૨, અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૮૬)*

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ રિવાયત કરે છે કે, હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમના અસા (લાઠી) પર ટેકો લગાડીને ઘરમાંથી બહાર આવ્યા ત્યારે અમે સૌ આદર માટે ઊભા થઈ ગયા. આ જોઈને નમ્રતાથી આપે ફર્માવ્યું કે, તમે લોકો આ રીતે ઊભા થયા ન કરો, જે રીતે અજમી લોકો એકબીજાના આદર માટે ઊભા થાય છે. હું તો એક બંદો છું, બંદાઓની જેમ ખાવું છું અને બંદાઓની જેમ બેસું છું. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૮૬)* (આ આપની આજીજી તથા ઈન્કેસારી હતી જેથી આપે ફર્માવ્યું હતું. –*પ્રકાશક*)

હઝરત બીબી આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે હુઝૂર તાજદારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ક્યારેક ક્યારેક તેમની પાછળ તેમની સવારી પર તેમના કોઈ સેવકને પણ બેસાડી લેતા હતા. તિર્મિઝી શરીફની રિવાયત છે કે, જંગે કુરૈઝાના દિવસે આપની સવારીના જાનવરની લગામ છાલની રસ્સીથી બનેલી હતી. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૬૪)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ગુલામોની દા'વતને પણ કબૂલ ફર્માવતા હતા. જવની રોટી અને રાખી મૂકેલી ચરબી ખાવાની દા'વત આપવામાં આવતી ત્યારે આપ એ દા'વતને પણ સ્વીકારી લેતા હતા. ગરીબોની પૃચ્છા કરતા, દરિદ્રો સાથે બેસતા અને તેમના સહાબાઓ સાથે હળીમળીને બેઠક જમાવતા. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૭૭)*

એક શખ્સ દરબારે રિસાલતમાં હાજર થયો તો નબુવ્વતના જલાલની હૈબતથી એકદમ ભયભીત થઈ ધ્રુજવા લાગ્યો, ત્યારે આપે ફર્માવ્યું કે, તમે જરાય ડરશો નહીં હું ન તો કોઈ બાદશાહ છું, કે ન કોઈ અત્યાચારી હાકેમ, હું તો કુરૈશની એક મહિલાનો દીકરો છું, જે સૂકા

ગોશતની બોટીઓ ખાતી હતી. *(ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૭૬, અને શિફા શરીફ, ભાગ-૧, પેજ-૭૮)*

મક્કાના વિજયના દિવસે જ્યારે વિજયી ભવ્યતા સાથે આપ પોતાના સૈન્યની ભીડ વચ્ચે મક્કા શહેરમાં દાખલ થવા લાગ્યા ત્યારે એ સમયે પણ વિનમ્રતા અને વિવેકનો એવો પ્રકાશ પથરાયો હતો કે, આપ ઊંટણીની પૂંઠ પર એવી રીતે માથું નમાવીને બેઠા હતા કે, આપનું મુબારક માથું ઊંટની કાઠીના આગળના ભાગે લાગેલું હતું. *(શિફા શરીફ, ભાગ-૧, પેજ-૭૭)*

એ જ રીતે જ્યારે હજ્જતુલ વિદાઅમાં આપ એક લાખ નબુવ્વતની શમ્અના પતંગીયાઓ સાથે પોતાની મુબારક જિંદગીના અંતિમ હજ્જમાં પધાર્યા ત્યારે આપની ઊંટણી પર એક જૂની કાઠી હતી અને આપના પવિત્ર શરીર પર એક ચાદર હતી જેની કિંમત ચાર દિરહમથી વધારે ન હતી. એ જ ઊંટણીની પૂંઠ પર અને એ જ લિબાસમાં આપે ખુદાવન્દે ઝુલ જલાલના મહાન નાયબ અને તાજદારે દો આલમ હોવાની હૈસિયતે પોતાનો શહનશાહી ખુત્બો પઢયો જેને એક લાખથી વધારે તૌહીદના આજ્ઞાંકિતો સંપૂર્ણ એકાગ્રતા સાથે સાંભળી રહ્યા હતા. *(ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૬૮)*

હઝરત અબદુલ્લાહ બિન આમિર رضی اللہ عنہ બયાન કરે છે કે, એક વખત આપના પગરખાની દોરી તૂટી ગઈ અને આપ પોતાના મુબારક હાથે દુરસ્ત કરવા લાગ્યા, ત્યારે મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને આપો, હું એને દુરુસ્ત કરી આપું. મારી આ દરખાસ્ત પર આપે ફર્માવ્યું કે, એ સાચું છે કે તમે એને ઠીક કરી દેશો પરંતુ હું એને પસંદ કરતો નથી કે હું તમારા પર મારી ઉચ્ચતા અને મોટાઈ વ્યક્ત કરું. એ જ રીતે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આપને કોઈ કામમાં વ્યસ્ત થઈને વારંવાર અર્ઝ કરતા કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ પોતે આ કામ ન કરો, આ કામ અમે પૂરું કરીશું. પરંતુ આપ એ જ ફર્માવતા કે, એ ખરું છે કે તમે લોકો મારું બધું કામ કરી આપશો પરંતુ મને એ પસંદ નથી કે તમારા સૌની વચ્ચે હું કોઈ વિશિષ્ટિ વૈભવ સાથે રહું. *(ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૬૫)*





## ★ સામાજિક સભ્યતા ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની પુનિત પત્નીઓ, તેમના મિત્રો, તેમના સાથીઓ, તેમના સગાઓ અને તેમના પાડોશીઓ આમ દરેકની સાથે એટલી સુશીલતા અને મિલનસારીનો વર્તાવ કરતા હતા કે એમનામાંથી દરેક આપના સદ્‌વર્તાવનો મોહિત અને પ્રશંસક હતો. ખાસ સેવક હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે મેં દસ વર્ષ સુધી મુસાફરી અને રહેઠાણમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત કર્યું. પરંતુ ક્યારેય પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ન તો મને ધમકાવ્યો, કે ન દાટી આપી અને ન તો ક્યારેય એમ કહ્યું કે, તેં ફલાણું કામ કેમ કર્યું અને ફલાણું કામ કેમ ન કર્યું ?! *(ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૬૬)*

હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં વધારે સુશીલ કોઈ ન હતો. આપના સહાબાઓ કે ઘરવાળાઓમાંથી જે કોઈપણ આપને પોકારતો ત્યારે આપ લબ્બૈક (હાજર છું !) કહીને જવાબ આપતા. હઝરત જરીર رضی اللہ عنہ ફર્માવે છે કે, હું જ્યારથી મુસલમાન થયો ત્યારથી ક્યારેય પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને નજીક આવવાથી રોક્યો નથી. અને જ્યારે પણ મને જોતા ત્યારે સ્મિત કરી દેતા અને આપ આપના સહાબાઓ સાથે વિનોદ પણ કરતા અને સૌની સાથે હળીમળીને રહેતા અને દરેકની સાથે વાતચીત કરતા. અને સહાબાએ કિરામનાં બાળકો સાથે પણ રસિક વિનોદ કરતા અને એ બાળકોને પોતાના પવિત્ર ખોળામાં બેસાડી લેતા અને આઝાદ તેમજ દાસી, ગુલામ અને ગરીબો સૌની દા'વત કબૂલ કરતા. અને મદીનાના છેક છેવાડે રહેતા બીમારોની પૃચ્છા માટે જતા અને કારણ (ઉઝર) રજૂ કરનારાઓના કારણોને કબૂલ ફર્માવતા. *(શિફા શરીફ, ભાગ-૧, પેજ-૭૧)*

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કર્તા છે કે, જો કોઈ શખ્સ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાનમાં કોઈ વાત કહેતો ત્યારે આપ ત્યાં સુધી પોતાનું માથુ એના મુખથી અલગ ન હટાવતા જ્યાં સુધી તે કાનમાં કંઈક કહેતો રહેતો અને આપ તેમના સહાબાઓની બેઠકમાં ક્યારેય પગ પહોળા કરીને બેસતા ન હતા. અને જે કોઈ આપની સામે આવતો આપ સલામ કરવામાં પહેલ કરતા અને મુલાકાતીઓ સાથે હાથ મિલાવતા. અમુક સમયે તો પોતાની

પાસે આવનારા મુલાકાતીઓ માટે પોતાની મુબારક ચાદર પાથરી દેતા અને પોતાનો તકિયો પણ આપતા, અને સહાબાઓને તેમની કુન્નિયતો અને સારાં નામોથી બોલાવતા. ક્યારેય કોઈ વાત કરનારની વાત કાપતા ન હતા. દરેક શખ્સ સાથે પ્રસન્નતા સાથે સ્મિત કરીને મુલાકાત કરતા. મદીનાના સેવકો અને નોકરો વાસણોમાં સવારે પાણી લઈને આવતા જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમના વાસણોમાં મુબારક હાથ નાખે અને પાણી પવિત્ર થઈ જાય, ત્યારે સખત શિયાળાની ઋતુમાં પણ સવારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દરેકના વાસણમાં પોતાનો પવિત્ર હાથ નાખી દેતા હતા અને શિયાળાની ઠંડી હોવા છતાં કોઈને વંચિત રાખતા ન હતા. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૭૨)*

હઝરત અમ્ર બિન સાઈબ رضی اللہ عنہ એ કહ્યું કે હું એક વખત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં હાજર હતો ત્યારે આપના રિઝાઈ બાપ અર્થાત હઝરત બીબી હલીમા رضی اللہ عنہا ના પતિ પધાર્યા, ત્યારે આપે પોતાના કપડાનો એક ભાગ એમના માટે પાથરી દીધો અને તેઓ એના પર બેસી ગયા. પછી આપના રિઝાઈ માં હઝરત હલીમા رضی اللہ عنہا પધાર્યાં, ત્યારે આપે તેમના કપડાનો બાકીનો ભાગ એમના માટે પાથરી દીધો. પછી આપના રિઝાઈ ભાઈ આવ્યા ત્યારે આપે એમને પોતાની સામે બેસાડી દીધા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ષૌબિયા رضی اللہ عنہا માટે હંમેશ કાપડ વગેરે મોકલતા રહેતા. તેઓ અબૂ લહબના દાસી હતાં અને કેટલાક દિવસો સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તેમણે પણ દૂધ પીવડાવ્યું હતું. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૭૫)*

આપ પોતાના માટે કોઈ પથારી રાખતા ન હતા બલ્કે હમેશાં પોતાની પુનિત પત્નીઓની પથારી પર જ આરામ ફર્માવતા હતા અને પોતાના સ્નેહ અને ચાહનાથી હંમેશ પોતાની પુનિત પત્નીઓને ખુશ રાખતા હતા. હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે હું પ્યાલામાં પાણી પીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જ્યારે પ્યાલો આપતી ત્યારે આપ પ્યાલામાં એ જ સ્થાને પોતાના હોઠ લગાડીને પાણી પી લેતા જ્યાં મારા હોઠ લાગ્યા હતા અને હું ગોશ્તવાળું કોઈ હાડકુ મારા દાંતો વડે ખાઈને એ હાડકુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપતી ત્યારે આપ પણ એ જ જગ્યાએથી ગોશ્ત પોતાના દાંતો વડે ખાઈ લેતા જે જગ્યાએ મારું મ્હો લાગ્યું હતું. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૬૯)*





આપ દરરોજ પોતાની પુનિત પત્નીઓની મુલાકાત કરતા અને પોતાની પુત્રીઓના ઘરે જઈને તેમના ખબર અંતર પૂછતા અને પોતાના દોહિત્રો અને દોહિત્રીઓને પણ પોતાના વાત્સલ્ય અને વહાલથી વારંવાર નવાજતા અને બધાને સાંત્વન અને આ□ાસન આપતા. બાળકો સાથે પણ વાતચીત કરીને એમની વાતચીતથી મન પ્રફુલ્લિત કરતા તેમજ તેમનું પણ મન મનાવતા. પોતાના પાડોશીઓની ખબર અંતર પૂછતા તથા એમની સાથે અતિ ઉદાર અને સ્નેહાળ વર્તાવ કરતા. તાત્પર્ય એ કે આપે પોતાના વ્યવહાર અને સદાચરણથી એવો ઈસ્લામી સમાજ રચ્યો કે જો આજે જગત આપના મુબારક આચરણ પર અમલ કરવા લાગે તો સમગ્ર જગતમાં શાંતિ, અમન, પ્રેમ અને કૃપાનો સાગર વહેવા લાગે અને સમગ્ર જગતમાંથી લડાઈ, કત્લેઆમ, શત્રુતા અને નિષ્ઠુરતાની દોઝખ ઓલવાઈ જાય અને સમગ્ર જગત રાહત, શાંતિ, પ્રેમ અને સ્નેહની જન્નત બની જાય.

## ★ શરમ (લજ્જા) ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની "લજ્જા" બાબતે હક્ક જલ્લ જલાલહૂનું કુર્આનમાં આ ફર્માન સૌથી મોટું ગવાહ છે કે :–

إِنَّ ذَٰلِكُمْ كَانَ يُؤْذِي النَّبِيَّ فَيَسْتَحْيِي مِنكُمْ

**અર્થાત** : "નિઃશંક ! તમારી આ વાત નબીને તકલીફ પહોંચાડે છે પરંતુ તે તમારા લોકોથી શરમ કરે છે અને તમને કાંઈ નથી કહેતા"

આપની લજ્જાની ભવ્યતાની તસવીર ખેંચતાં એક પ્રતિષ્ઠિત સહાબી હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે :–

"આપ કુંવારી પડદાવાળી યુવતીથી પણ ખૂબ વધારે લજ્જાશીલ હતા." *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૮૪ અને બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૩)* આથી જ દરેક બિભત્સ વાણી વર્તન અને દરેક ધિક્કારપાત્ર કૃત્યો અને વર્તણૂંકથી જીવનભર હમેશાં આપની મર્યાદાનો પાલવ પવિત્ર અને શુદ્ધ જ રહ્યો. અને જીવનપર્યંત માન મર્યાદા અને પ્રતિષ્ઠા વિરૂધ્ધ આપ દ્વારા કોઈ કૃત્ય આચરાયું નહીં. હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ન તો બિભત્સ વાત કરનારા હતા કે ન વ્યર્થ વાતો કરનારા, ન તો બજારોમાં ઘોંઘાટ કરવાવાળા હતા. બુરાઈનો બદલો બુરાઈથી આપતા ન

હતા, બલ્કે માફ કરી દેતા હતા. આપ એ પણ ફર્માવતાં હતાં કે અત્યધિક લજ્જાને કારણે મેં ક્યારેય હુઝૂર ﷺ ને ઉઘાડા શરીરે જોયા ન હતા. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૬૯)*

## ★ વચન બદ્ધતા ★

વચનબદ્ધતા અને વાયદાનું પાલન પણ નૈતિકતાના વૃક્ષની એક અતિ મહત્વપૂર્ણ અને અતિ હરિયાળી શાખ છે. આ વિશેષતામાં પણ રસૂલે અરબી ﷺ નું આચરણ બેનમૂન છે. હઝરત અબુલ હમ્સા رضی اللہ عنہ કહે છે કે, નબુવ્વતના એલાન પહેલાં મેં હુઝૂર ﷺ પાસેથી કંઈક સામાન ખરીદયો. એ જ બાબતે થોડાક નાણાં મારા ઉપર બાકી રહી ગયાં. મેં આપને કહ્યું કે, આપ અહીં જ ઊભા રહો, હું હમણાં જ ઘરેથી નાણાં લાવીને આ જ જગ્યાએ આપને આપું છું. હુઝૂર ﷺ એ એ જ જગ્યાએ ઊભા રહેવાનો વાયદો કરી લીધો. પરંતુ હું ઘરે જઈને તેમનો વાયદો ભૂલી ગયો. પછી ત્રણ દિવસ બાદ મને જ્યારે વિચાર આવ્યો તો નાણાં લઈને એ જ સ્થાને પહોંચ્યો તો શું જોઉં છું કે હુઝૂર ﷺ એ જ જગ્યાએ રોકાઈને મારો ઈન્તેજાર કરી રહ્યા છે ! મને જોઈને આપના કપાળ પર જરાય વળ સુદ્ધાં પડયા નહીં અને એના સિવાય આપે બીજું કંઈ કહ્યું નહીં કે, હે યુવાન ! તમે મને તકલીફમાં નાખી દીધો ! કેમ કે હું મારા વાયદા મુજબ ત્રણ દિવસથી અહીંયા તમારો ઈન્તેજાર કરી રહ્યો છું. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૭૪)*

## ★ ન્યાય ★

ખુદાના પવિત્ર રસૂલ ﷺ સમગ્ર જગતમાંથી સૌથી વધારે અમાનતદાર, સૌથી વધારે ન્યાયી તેમજ નિર્દોષ અને સત્યનિષ્ઠ હતા. આ એવી સ્પષ્ટ હકીકત છે કે જેનો આપના મોટા મોટા શત્રુઓએ પણ સ્વીકાર કર્યો છે. આથી નબુવ્વતના એલાન પહેલાં તમામ મક્કાવાસીઓ આપને "સાદિકુલ વઅદ" અને "અમીન"ના ઈલ્કાબથી યાદ કરતા હતા. હઝરત રબીઅ બિન ખુષૈમ رضی اللہ عنہ નું બયાન છે કે, મક્કાવાસીઓની એ વાત પર સર્વસંમતિ હતી કે, આપ ઉચ્ચ દરજ્જાના અમીન અને ન્યાયકર્તા છો. આથી





જ નબુવ્વતના એલાન પહેલાંથી મક્કાવાસીઓ તેમના મુકદમાઓ અને ઝઘડાઓના આપની પાસે ફેંસલા કરાવતા હતા અને આપના બધા જ ફેંસલાઓને ખૂબ જ આદરપૂર્વક જરાય ખચકાટ વિના માન્ય રાખતા હતા અને કહેતા હતા કે આ અમીન અને અમાનતદારનો ફેંસલો છે. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૭૮, ૭૯)*

હુઝૂરે અકદસ ﷺ કેવા ઉચ્ચતમ મર્તબાવાળા ન્યાયનિષ્ઠ અને ન્યાયકર્તા હતા એ વિષયે બુખારી શરીફની એક રિવાયત સૌથી વધારે ન્યાયની સાક્ષી છે. કુરૈશ કબીલાની બની મખઝૂમ વંશની એક સ્ત્રીએ ચોરી કરી. ઈસ્લામમાં એની સજા તેણીનો જમણો હાથ કાંડાથી કાપી નાખવાની હતી. કુરૈશ કબીલાને આ પ્રસંગથી બહું ચિંતા થઈ કે જો અમારા કબીલાની એ સ્ત્રીનો હાથ કાપી નાખવામાં આવશે તો એ અમારા વંશની શરાફત પર એવો ખરાબ કલંક બનશે જે ક્યારેય ભૂંસી શકાશે નહીં અને અમે સૌ લોકો સમસ્ત આરબોની નજરોમાં અપમાનિત થઈ જઈશું. આથી એ લોકોએ એવો નિર્ણય કર્યો કે બારગાહે રિસાલતમાં કોઈ જબરજસ્ત ભલામણ રજૂ કરવામાં આવે જેથી આપ એ સ્ત્રીનો હાથ ન કાપે. તેથી એ લોકોએ હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ ને જેઓ નિગાહે નબુવ્વતમાં ખૂબ જ વહાલા હતા, દબાણ કરી એ વાત માટે તૈયાર કરી લીધા કે તેઓ દરબારે અકદસમાં ભલામણ કરે. હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہ એ કુરૈશના સજજનોના આગ્રહથી પ્રભાવિત થઈ બારગાહે અકદસમાં ભલામણ કરી. આ સાંભળી નબીના કપાળ પર જલાલના ચિહ્નો દેખાવા લાગ્યાં અને આપે અતિ ક્રોધિત સ્વરમાં ફર્માવ્યું કે :– اَتَشْفَعُ فِیْ حَدٍّ مِّنْ حُدُوْدِ اللّٰہِ

હે ઓસામા ! તું અલ્લાહ નિશ્ચિત કરેલી સજાઓમાંથી એક સજાના બારામાં સિફારિશ કરે છે ? પછી ત્યાર બાદ આપે ઊભા થઈને એક ખુત્બામાં ઈર્શાદ ફર્માવ્યો :–

یَا اَیُّھَا النَّاسُ اِنَّمَا ضَلَّ مَنْ قَبْلَکُمْ اَنَّھُمْ کَانُوْا اِذَا سَرَقَ الشَّرِیْفُ تَرَکُوْہُ وَ اِذَا سَرَقَ الضَّعِیْفُ فِیْھِمْ اَقَامُوْا عَلَیْہِ

"હે લોકો ! તમારાથી પહેલાંના લોકો એ કારણે ગુમરાહ થઈ ગયા કે જ્યારે એમનામાં કોઈ સજજન ચોરી કરતો હતો તો એને છોડી દેતા હતા અને જ્યારે કોઈ નબળો માણસ ચોરી કરતો તો એના પર સજાઓ

يَا اَيُّهَا النَّاسُ اِنَّمَا ضَلَّ مَنْ قَبْلَكُمْ اَنَّهُمْ كَانُوْا اِذَا سَرَقَ الشَّرِيْفُ تَرَكُوْهُ وَ اِذَا سَرَقَ الضَّعِيْفُ فِيْهِمْ اَقَامُوْا عَلَيْهِ

લાગુ કરતા હતા. ખુદાના સોગંદ ! જો મુહમ્મદની પુત્રી ફાતિમા પણ ચોરી કરશે તો ચોક્કસ મુહમ્મદ એનો હાથ કાપી નાખશે.'' (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ) *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૧૦૦૩)*

## ★ પ્રભાવ ★

હઝરત ખારજા બિન ઝૈદ ફર્માવતા હતા કે હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની બેઠકોમાં જેવા પ્રભાવ સાથે બેસતા હતા મોટા મોટા બાદશાહોના દરબારમાં પણ એનું ઉદાહરણ મળી શક્તું નથી. હઝરત જાબિર બિન સમુરહ رضی اللہ عنہ ફર્માવતા હતા કે આપની મજલિસ સંયમ અને લજ્જા તેમજ ભલાઈ અને અમાનતની મજલિસ હતી. આપની મજલિસમાં ક્યારેય કોઈ ઊંચા સાદે વાતચીત કરી શક્તો ન હતો. અને જ્યારે આપ વાતચીત કરતા ત્યારે બધા જ હાજરજનો એવી રીતે માથુ નમાવીને તલ્લીનતાથી આપની વાત સાંભળતા હતા જાણે એમનાં માથાંઓ પર ચકલીઓ બેઠેલી છે. હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અતિ પ્રભાવ સાથે એવી રીતે રોકાઈ રોકાઈને વાત કરતા હતા કે જો કોઈ શખ્સ આપના શબ્દોને ગણવા ઈચ્છતો તો તે ગણી શક્તો હતો. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૮૦, ૮૧ અને બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૩)*

આપના ઉઠવા બેસવામાં તેમજ વાતચીતની દરેક શૈલીમાં એક ખાસ પૈગંબરી પ્રભાવ જોવા મળતો હતો. જેનાથી આપની નબુવ્વતની મહાનતાનો જાહોજલાલ પ્રકાશિત સૂર્યની જેમ દરેક ખાસ અને આમ નજરોમાં દેખાતો હતો.

## ★ સંયમી (ઝાહિદાના) જીવન ★

આપ બંને જગતના શહનશાહ અને તાજદારે દો આલમ હોવા છતાં એવું સંયમી અને સાદું જીવન જીવતા હતા કે નબુવ્વતના ઈતિહાસમાં એનું ઉદાહરણ મળી શક્તું નથી. ખોરાક, પોશાક, મકાન, સામાન, રહેણી





કરણી સારાંશ કે મુબારક જીવનના દરેક પાસામાં આપનો સંયમ અને દુનિયાથી અરુચિની સ્થિતિ એટલી તો વિશિષ્ટ હતી કે જેને જોઈને એ જ કહી શકાતું હતું કે દુનિયાની નેઅમતો અને લિજ્જતો આપની નિગાહે નબુવ્વતમાં એક મચ્છરની પાંખ કરતાં પણ વધારે નજીવી અને તુચ્છ છે.

હઝરત આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર જીવનમાં ક્યારેય ત્રણ દિવસો સળંગ એવા નથી પસાર થયા કે આપે ધરાઈને રોટી ખાધી હોય. એક એક મહિના સુધી નબીના ઘરમાં ચૂલો સળગતો ન હતો અને ખજૂર તેમજ પાણી સિવાય આપના ઘરવાળાઓનો કોઈ અન્ય ખોરાક હોતો નહીં.

જો કે અલ્લાહ તઆલાએ આપને ફર્માવ્યું કે, અય હબીબ ! જો તમે ઈચ્છો તો હું મક્કાના પર્વતોને સોનાના બનાવી દઉં ! અને તે આપની સાથે સાથે ચાલતા રહે અને આપ એમનો જેમ ચાહો ઉપયોગ કરતા રહો. પરંતુ આપે એને પસંદ ન કર્યું અને બારગાહે ખુદાવન્દીમાં અર્ઝ કરી કે, હે મારા રબ ! મને એ જ વધારે પસંદ છે કે હું એક દિવસ ભૂખ્યો રહું અને એક દિવસ ખાઉં, જેથી ભૂખના દિવસે ખૂબ આજીજીથી કરગરીને તારાથી દુઆઓ માંગું અને તૃપ્તિના દિવસે તારી પ્રશંસા કરું અને તારો આભાર વ્યક્ત કરું.

હઝરત આઈશા رضی اللہ عنہا એ બતાવ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જે પથારી પર ઊંઘતા હતા તે ચામડાનો ગાદલો હતો, જેમાં રૂની જગ્યાએ વૃક્ષોની છાલ ભરેલી હતી.

હઝરત હફ્સા رضی اللہ عنہا કહે છે કે મારા વારાના દિવસે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક જોડા કંતાન પર ઊંઘતા હતા જેને મેં ડબલ વાળીને પાથરી હતી. એક વખતમેં એ કંતાનને ચાર ગડી કરીને પાથર્યું તો સવારે આપે ફર્માવ્યું કે પહેલાંની જેમ આ કંતાનને બમણુ કરીને પાથરી દેશો, કેમ કે મને આશંકા છે કે આ પથારીની નરમાઈથી ક્યાંક મારા પર ગાઢ નિદ્રા છવાઈ જશે તો મારી તહજ્જુદની નમાઝમાં ખલેલ પેદા થઈ જશે. રિવાયત છે કે ક્યારેક ક્યારેક હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક એવા ખાટલા ઉપર પણ આરામ ફર્માવતા હતા કે જે ખરબચડા વાણીથી વણેલો હતો. જ્યારે આપ પથારી વગર એ ખાટલા પર સૂતા હતા ત્યારે નાજુક શરીર પર વાણના નિશાન પડી જતા હતાં. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૮૨, ૮૩)*

## ★ શૂરવીરતા ★

હુઝૂર રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અજોડ શૂરવીરતાની એ સ્થિતિ હતી કે હઝરત અલી رضی اللہ عنہ જેવા બહાદૂર સહાબીનું એ કથન છે કે જ્યારે લડાઈ ખૂબ ઉગ્ર થઈ જતી હતી અને યુદ્ધનું ભયાનક સ્વરૂપ જોઈને મોટા મોટા યોદ્ધાઓની આંખો પથરાઈને રાતીચોળ થઈ જતી હતી, એ સમયે અમે લોકો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પડખે ઊભા રહીને સ્વબચાવ કરતા હતા અને આપ અમારા સૌથી વધારે આગળ વધીને અને શત્રુઓની એકદમ નજીક જઈને યુદ્ધ લડતા હતા અને અમારા સૌમાં સૌથી વધારે શૂરવીર એ શખ્સ ગણાતો હતો જે યુદ્ધમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નજીક રહીને શત્રુઓ સાથે લડતો હતો.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ ફર્માવતા હતા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કરતાં વધુ બળવાન, બહાદૂર, ઉદાર અને પસંદગીપાત્ર મારી નજરોએ ક્યારેય કોઈને જોયો નથી.

હઝરત બરાઅ બિન આઝિબ અને બીજા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ફર્માવ્યું છે કે હુનૈનની લડાઈમાં બાર હજાર મુસલમાનોનું સૈન્ય કુફ્ફારોના સૈન્યના હુમલાઓનો સામનો ન કરી શક્તાં ભાગી છૂટયું હતું અને કાફિરો તરફથી સતત તીરોની વર્ષા થઈ રહી હતી. એ સમયે પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એક ડગલું પાછળ ખસ્યા ન હતા. બલ્કે પોતાના □ત ખચ્ચર પર સવાર હતા અને હઝરત અબૂ સુફયાન બિન હારિષ رضی اللہ عنہ એ આપના ખચ્ચરની લગામ પકડી હતી અને આપ એકલા દુશ્મનોના લશ્કરોના જૂથો તરફ વધતા જઈ રહ્યા હતા અને શૌર્ય ગીતના આ શબ્દો પવિત્ર ઝબાન પર જારી હતા કે :–

أَنَا النَّبِيُّ لَا كَذِبْ
أَنَا ابْنُ عَبْدِ الْمُطَّلِبْ

"હું નબી છું, એ ખોટું નથી, હું અબ્દુલ મુત્તલિબનો પુત્ર છું." *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૭)*

## ★ શક્તિ ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શારીરિક શક્તિ પણ ચમત્કારની





સીમાઓ સુધી પહોંચેલી હતી અને આપે પોતાની ચમત્કારિક શક્તિ અને બળથી એવા એવા બુદ્ધિને હતપ્રભ કરનારાં પરાક્રમો અને કરનામાંઓનું પ્રદર્શન કર્યું કે માનવીય બુદ્ધિ એની કલ્પનાથી સ્તબ્ધ થઈ જાય છે. ગઝવએ અહઝાબ સમયે સહાબાએ કિરામ જ્યારે ખાઈ ખોદી રહ્યા હતા ત્યારે એવી ચટ્ટાન નીકળી આવી જે કોઈ પણ પ્રકારે કોઈપણ શખ્સથી તોડી ન શકાઈ. પરંતુ જ્યારે આપે પોતાની નબવી તાકાતથી એના પર ત્રીકમ માર્યો તો તે રેતીના ઢગની જેમ વિખરાઈને ટુકડે ટુકડા થઈ ગઈ જેનું વિસ્તૃત વર્ણન ખંદકના યુદ્ધમાં અમે લખી ચૂક્યા છીએ.

## ★ રુકાના પહેલવાનની સાથે કુસ્તી ★

આરબનો નામી પહેલવાન રુકાના આપની સામેથી પસાર થયો. આપે એને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. તે કહેવા લાગ્યો કે, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જો આપ મારી સાથે કુસ્તી લડીને મને પછાડી દો તો હું આપના ઈસ્લામના આમંત્રણને સ્વીકારી લઈશ. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم તૈયાર થઈ ગયા અને એની સાથે કુસ્તી લડીને એને પછાડી દીધો. પછી તેને પુનઃ કુશ્તી લડવાનો પડકાર ફેંકયો. આપે બીજી વખત પણ પોતાની પૈગંબરી તાકાતથી એને એટલા જોરથી જમીન પર પટકી દીધો કે તે ઘણીવાર સુધી ઊભો ન થઈ શક્યો અને અચંબાથી કહેવા લાગ્યો કે, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાના સોગંદ ! આજ સુધી કોઈ પહેલવાન મારી પીઠ જમીન પર ન લગાડી શક્યો, પરંતુ આપે મને બે બે વખત પળવારમાં જમીન પર પછાડી દીધો. કેટલાક ઈતિહાસકારોનું કહેવું છે કે રુકાના તરત જ મુસલમાન થઈ ગયો. કેટલાક ઈતિહાસકારોએ લખ્યું છે કે રુકાનાએ મક્કાના વિજયના દિવસે ઈસ્લામ કબૂલ કર્યો. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૯૧)*

## ★ યઝીદ બિન રુકાના સાથે મુકાબલો ★

એ જ રુકાનાનો દીકરો યઝીદ બિન રુકાના પણ જાણીતો પહેલવાન હતો. એ ત્રણસો બકરીઓ લઈને બારગાહે નબુવ્વતમાં હાજર થયો અને કહ્યું, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મારી સાથે કુશ્તી લડો ! આપે ફર્માવ્યું, જો મેં તને પછાડી દીધો તો તું મને કેટલી બકરીઓ ઈનામમાં આપીશ ?!

તેણે કહ્યું, એકસો બકરીઓ હું આપને આપી દઈશ. હુઝૂર ﷺ તૈયાર થઈ ગયા અને એની સાથે હાથ મિલાવતાં જ એને જમીન પર પછાડી દીધો અને તે આશ્ચર્યચકિત થઈ આપનું મ્હોં તાકવા લાગ્યો અને વાયદા પ્રમાણે એકસો બકરીઓ આપને આપી દીધી. પરંતુ પછી ફરી તેણ કુશ્તી લડવાનો પડકાર ફેંકયો. આપે બીજી વખત પણ એની પીઠ જમીન પર લગાડી દીધી. તેણે ફરી એકસો બકરીઓ આપને આપી દીધી. પછી ત્રીજી વખતે તેણે કુશ્તી લડવા લલકાર કર્યો. આપે એનો પડકાર સ્વીકારી લીધો અને કુશ્તી લડીને એટલા જોરથી એને જમીન પર પછાડી દીધો કે તે ચિત થઈ ગયો. તેણે બાકીની એકસો બકરીઓ પણ આપની સેવામાં ધરી દીધી. પરંતુ કહેવા લાગ્યો કે, હે મુહમ્મદ ! ﷺ આખુ આરબ સાક્ષી છે કે આજ સુધી કોઈ પહેલવાન મારા પર વિજયી થઈ શક્યો નથી. પરંતુ આપે ત્રણ ત્રણ વાર જે રીતે મને કુશ્તીમાં પછાડયો છે એનાથી મારું મન માની ગયું કે ચોક્કસ આપ ખુદાના નબી છો. આમ કહ્યું અને કલમો પઢીને ઈસ્લામની છત્રછાયામાં આવી ગયો. હુઝૂર ﷺ એના મુસલમાન થવાથી બહુ ખુશ થયા અને એની ત્રણસો બકરીઓ પાછી આપી દીધી. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૯૨)*

## ★ અબુલ અસ્વદ સાથે મુકાબલો ★

એ જ રીતે અબુલ અસ્વદ જુમહી એવો શક્તિશાળી પહેલવાન હતો કે તે એક ચામડા પર બેસી જતો હતો અને દસ પહેલવાન એ ચામડાને ખેંચતા હતા. જેથી એ ચામડું એની નીચેથી નીકળી જાય, પરંતુ એ ચામડું ફાટી ફાટીને ટુકડે ટુકડા થઈ ગયા બાદ પણ એની નીચેથી નીકળી શક્તું ન હતું ! તેણે પણ બારગાહે અકદસમાં આવીને ચેલેંજ કરી કે જો આપ મને કુશ્તીમાં પછાડી દેશો તો હું મુસલમાન થઈ જઈશ. હુઝૂર ﷺ એની સાથે કુશ્તી લડવા માટે ઊભા થઈ ગયા અને એનો હાથ પકડતાં જ એને જમીન પર પછાડી દીધો. તે આપની આ નબવી શક્તિથી પ્રભાવિત થઈ તરત જ મુસલમાન થઈ ગયો. *(ઝુર્કાની, ભાગ–૪, પેજ–૨૯૨)*

## ★ દાનશીલતા ★

હુઝૂર ﷺ ની દાનશીલતાની ભવ્યતાને વર્ણવવાની આવશયક્તા





નથી. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ નું બયાન છે કે નબી ﷺ તમામ માનવજાત કરતાં વધારે ચઢિયાતા દાની હતા. ખાસ કરીને રમઝાન મહિનામાં આપની દાનશીલતા એટલી બધી વધી જતી હતી કે વરસનારા વાદળોને વહન કરનારી હવાઓ કરતાં પણ વધારે આપ દાની થઈ જતા હતા.

હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર ﷺ એ ક્યારેય કોઈ જરૂરતમંદના જવાબમાં ભલે પછી તે ગમે તેટલી મોટી માંગ કેમ ન કરે, આપે "લા" (ના !) શબ્દ કહ્યો નથી. (શિફા શરીફ, ભાગ–૧, પેજ–૬૫) એ જ એ લેખની છે જેને ફર્ઝદક શાયર તાબઈ (વફાત : હિ.સ. ૧૧૦) એ શું સરસ કહ્યું છે કે :–

મા કાલ લા કત્તુ ઈલ્લા ફી તશહહુદિહી
લવલત્ તશહ્હુદુ કાનત લાઉહુ નઅમ્

એનો જ ફારસી અનુવાદ કોઈ શાયરે આ રીતે કર્યો છે કે :–

ન રફ્ત લા બ ઝુબાને મુબારકશ હરગિઝ
મગર દર અશ્હદુ અલ લાઈલાહ ઈલ્લલ્લાહ

અર્થાત : હુઝૂર ﷺ એ સવાલી હાજતમંદના જવાબમાં "લા !" (ના !) શબ્દો કહ્યો નથી, બલ્કે હંમેશા "નઅમ" (હા !) કહ્યું અને જો કલમએ શહાદતમાં "લા !" કહેવાની જરૂર ન હોત તો એમાં પણ "લા" (ના)ની જગ્યાએ આપ "નઅમ" (હા) જ ફર્માવત !

હુઝૂરે અકદસ ﷺ ની દાનશીલતા કોઈ સવાલીના સવાલ પર જ સીમિત અને મર્યાદિત ન હતી, બલ્કે માગ્યા વગર પણ આપે લોકોને ઘણી બધી વસ્તુઓ અર્પણ કરી કે દાનશીલતાના જગતમાં એનું ઉદાહરણ અપ્રાપ્ય છે. આપના અતિ મોટા શત્રુ ઉમૈયા બિન ખલફ કાફિરનો પુત્ર સફવાન બિન ઉમૈયા જ્યારે "જિઈર્રાના" સ્થળે દરબારમાં હાજર થયો ત્યારે આપે તેને મોટી સંખ્યામાં ઊંટો અને બકરીઓનું ટોળું અર્પણ કર્યું કે બે પર્વતો વચ્ચેનું મેદાન ભરાઈ ગયું. આથી સફવાન મક્કા જઈને જોરથી બૂમો પાડીને તેની કૌમને એમ કહેવા લાગ્યો કે, હે લોકો ! ઈસ્લામના પાલવમાં સમાઈ જાઓ ! મુહમ્મદ ﷺ એટલો બધો માલ આપે છે કે

ગરીબાઈનો કોઈ ભય રહેતો નથી. ત્યારબાદ સફવાન પોતે પણ મુસલમાન થઈ ગયો. (رضی اللہ عنہ) *(ઝુર્કાની, ભાગ-૪, પેજ-૨૯૫)*

ટૂંકમાં આપની દાનશીલતા અને સખાવતના પ્રસંગો એટલા અજોડ અને એટલા અત્યધિક છે કે જો તેમનું વર્ણન લખવામાં આવે તો ઘણા પુસ્તકો તૈયાર કરી શકાય છે, પરંતુ એની પહેલાના પાનાઓમાં અમે જેટલું અને જેટલા પ્રમાણમાં લખી ચૂક્યા છે તે નબવી સખાવતને સમજવા માટે ઘણુ પર્યાપ્ત છે. ખુદાવંદે કરીમ આપણને સૌ મુસલમાનોને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક આચરણ પર વધારેમાં વધારે અમલ કરવાની તૌફીક અર્પણ કરે. (આમીન)

## ★ મુબારક નામો ★

અરબમાં એક કહેવાત છે કે, "કષરતુલ્ અસ્માઈ તદુલ્લુ અલા શરફિલ્ મુસમ્મા." **અર્થાત** : કોઈ વસ્તુના નામોનું બહુ વધારે હોવું એ વાતની દલીલ હોય છે કે એ વસ્તુ આદરણીય અને સદ્ભાગ્યવાળી છે. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કેમ કે ખલ્લાકે આલમ (સૃષ્ટિ સર્જક) عزوجل એ એટલી બધી પ્રતિષ્ઠા, કૃપાઓ, સન્માન અને સદ્ભાગ્યથી નવાજ્યા છે કે આપ ઈમામુન નબીય્યીન, સૈયદુલ્ મુર્સલીન, મહબૂબે રબ્બુલ આલમીન છે. આથી આપનાં મુબારક નામો અને ઈલ્કાબ અસંખ્ય છે.

હઝરત ઝુબૈર બિન મુત્ઈમ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારા પાંચ નામો છે. હું "મુહમ્મદ" અને "અહમદ" છું અને હું "માહી" છું કે અલ્લાહ તઆલા મારા કારણને કુફ્રને મટાડે છે અને હું "હાશિર" છું કે મારા કદમો પર બધા જ લોકોનું હશ્ર થશે અને હું "આકિબ" છું અર્થાત સૌથી અંતિમ નબી. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૫૦૧)*

કુર્આન મજીદમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈલ્કાબ અને નામો ઘણી મોટી સંખ્યામાં વર્ણવેલા છે. આમ કેટલાક આલિમોએ ફર્માવ્યું છે કે ખુદાવંદે કુદુસના નામોની જેમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નવ્વાણું નામ છે અને અલ્લામા ઈબ્ને રૂહિયાએ તેમના પુસ્તકમાં લખ્યું છે કે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નાં નામો ગણવામાં આવે જે કુર્આન, હદીષ અને પહેલાંના પુસ્તકોમાં વર્ણવાયાં છે





તો આપના નામોની ગણતરી ત્રણસો સુધી પહોંચે છે અને કેટલાક સૂફિયાએ કિરામનું બયાન છે કે અલ્લાહ તઆલાના પણ એક હજાર નામો છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામોની સંખ્યા પણ એક હજાર છે. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૧૧૮)*

સારાંશ કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના તમામ મુબારક નામોમાંથી બે નામ સૌથી વધારે જાણીતાં છે એક "મુહમ્મદ" અને બીજુ "અહમદ" (صلی اللہ تعالیٰ علیہ وسلم).

આપના દાદા અબ્દુલ મુત્તલિબે આપનું નામ "મુહમ્મદ" રાખ્યું અને એ જ નામ પર આપનો અકીકો કર્યો. જયારે લોકોએ પૂછયું કે હે અબ્દુલ મુત્તલિબ ! આપે આપના પૌત્રનું નામ "મુહમ્મદ" કેમ રાખ્યું ?! આપના પૂર્વજોમાં કોઈનું પણ આ નામ ન હતું. તો આપે જવાબ આપ્યો કે મેં એ નિય્યતથી અને એ આશાએ આ બાળકનું નામ "મુહમ્મદ" રાખ્યું છે કે સમગ્ર ધરતીના લોકો એની પ્રશંસા કરશે. એક રિવાયતમાં એમ છે કે આપે કહ્યું કે મેં એ આશાએ "મુહમ્મદ" નામ રાખ્યું છે કે અલ્લાહ તઆલા આકાશોમાં એની પ્રશંસા કરશે અને ધરતી પર ખુદાની તમામ મખ્લૂક અને પ્રશંસા કરશે. હઝરત અબ્દુલ મુત્તલિબની આ નિય્યત અને આશાનું કારણ એ છે કે તેમણે એક સ્વપ્ન જોયું હતું કે મારી પીઠમાંથી એક ચાંદીની સાંકળ નીકળી જેનો એક છેડો જમીન પર અને એક છેડો આકાશને ચોંટેલા છે. હઝરત અબ્દુલ મુત્તલિબે જ્યારે કુરૈશના જ્યોતિષીઓથી એ સ્વપ્નનું અર્થઘટન કરાવ્યું, તો તેમણે એ સ્વપ્નનું એ અર્થઘટન જણાવ્યું કે, હે મુત્તલિબ ! આપના વંશમાં નજીકના સમયમાં એક એવું બાળક જન્મ લશે જેનું સમગ્ર પૂર્વ અને પશ્ચિમના લોકો અનુસરણ કરશે તેમજ તમામ આકાશ અને ધરતીવાસીઓ એની પ્રશંસા અને વખાણના ગુણગાન કરશે. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૧૧૪ થી ૧૧૫)*

કેટલાકના મતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માનનીય માં એ આપનું નામ "મુહમ્મદ" રાખ્યું છે. કેમ કે જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમના મુબારક ઉદરમાં જ હતા ત્યારે તેમણે સ્વપ્નમાં એક ફરિશ્તાને એમ કહેતો સાંભળ્યો હતો કે, હે આમેના ! સમગ્ર જગતના સરદાર તમારા ઉદરમાં બિરાજમાન છે. જયારે એમનો જન્મ થાય ત્યારે તેમનું નામ "મુહમ્મદ" રાખજો. *(ઝુર્કાની, ભાગ-૩,*

પેજ–૧૧૫)

આ બંને હદીષોમાં કોઈ વિવાદ નથી. શક્ય છે કે હઝરત અબ્દુલ મુત્તલિબે પોતાના અને હઝરત બીબી આમેનાના સ્વપ્નોના કારણે બંનેવ પારસ્પરિક સલાહથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ "મુહમ્મદ" રાખ્યું હોય. અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં કેટલીયે જગ્યાએ આપને "મુહમ્મદ"ના નામથી વર્ણવ્યા છે અને હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام "અહમદ"ના નામથી જીવનપર્યંત આપના સુંદર વર્ણનનો ડંકો વગાડતા રહ્યા. જેમ કે કુર્આન મજીદમાં છે કે :–

وَمُبَشِّرًا بِرَسُولٍ يَأْتِي مِن بَعْدِي اسْمُهُ أَحْمَدُ

**અર્થાત** : હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એ ખુશખબરી સંભળાવતા પધાર્યા હતા કે મારા પછી એક રસૂલ પધારવાના છે જેમનું મુબારક નામ "અહમદ" છે.

## ★ આપની કુન્નિયત ★

આપની જાણીતી કુન્નિયત "અબુલ કાસિમ" છે. જેમ કે ઘણી હદીષોમાં આપની આ કુન્નિયત આલેખાયેલ છે, પરંતુ અનસ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે આપની કુન્નિયત "અબૂ ઈબ્રાહીમ" પણ છે, જેમ કે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ શબ્દો વડે સલામ કરી કે, "અસ્સલામુ અલૈક યા અબા ઈબ્રાહીમ" અર્થાત હે ઈબ્રાહીમના પિતા ! આપ પર સલામ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૫૧)*

## ★ નબવી ચિકિત્સા શાસ્ત્ર (તિબ્બે નબવી) ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, હે અલ્લાહના બંદાઓ ! તમે લોકો દવાઓનો ઉપયોગ કરો, કેમ કે અલ્લાહ તઆલાએ એક બીમારી સિવાય બધી જ બીમારીઓની દવા પૈદા કરી છે. લોકોએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ કઈ બીમારી છે જેની કોઈ દવા નથી ? આપે ફર્માવ્યું કે તે "વુદ્ધત્વ" છે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૫)*

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે હુઝૂર અકદસ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે તમે લોકો જે પદ્ધતિથી ઈલાજ કરો છો





એમાં સૌથી ઉત્તમ ચાર ચિકિત્સા પદ્ધતિઓ છે. સઊત (નાક દ્વારા દવા નાખવી) લદૂદ (મુખવાટે કોઈ એક તરફથી દવા પીવડાવવી) હજામત (કોઈ એક અંગ પર ચીરો લગાડી લોહી નીકળવા દેવું) મશ્મી (જુલાબ લેવો) *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૬, અબ્વાબુત્તિબ્બ)*

કેટલીક દવાઓનો સ્વયં હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉપયોગ કર્યો છે અને કેટલીક દવાઓની ખૂબીઓ અને એના ફાયદાથી પોતાની ઉમ્મતને વાકેફ કરી છે. અમે અત્રે એમાંથી બરકત પેટે અમુક દવાઓનો ઉલ્લેખ કરીએ છીએ, જેથી અમારા નાનકડા પુસ્તકનાં પાનાંઓ "નબવી ચિકિત્સા પદ્ધતિ"ના મહત્વપૂર્ણ પ્રકરણથી વંચિત ન રહી જાય.

**ઈષ્મિદ** : (અસ્ફહાનનો કાળો સુર્મો) હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આના વિશે ફર્માવ્યું છે કે તમે લોકો ઈષ્મદનો ઉપયોગ કરો. આ નજરને તેજસ્વી કરે છે અને પલકના વાળ ઉગાડે છે. *(ઈબ્ને માજા, પેજ–૨૫૮)* હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે એક સુર્માદાની હતી જેમાં ઈષ્મિદનો સુર્મો રાખતા હતા. આપ ઊંઘતા પહેલાં જ દરોજ રાત્રે ત્રણ ત્રણ સળી બંને આંખોમાં લગાડતા હતા. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૫)*

**હિના** : (મહેંદી) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કોઈ ફોલ્લી થતી કે કાંટો વાગી જતો તો આપ એના પર મહેંદી મૂકી દેતા હતા. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૮)*

**અલ્ હબ્બતુસ સવદાઉ** : (કલોંજી જેને ડુંગરી બીજ પણ કહે છે) અને કેટલેક સ્થળે એને મંગરીલા પણ કહેવામાં આવે છે) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે એનો ઉપયોગ અનિવાર્ય કરી લો, કેમ કે એમાં મૌત સિવાય બધી બીમારીઓનો ઈલાજ છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૪, અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૪૮)*

**અત્તલબીનહ્** : (લોટ, પાણી અને મધ મિશ્ર કરી હરીરહ્‌ની જેમ બનાવવામાં આવે છે.) હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરવાળાઓમાં જ્યારે કોઈ શખ્સ શરદી તાવમાં સપડાતો હતો ત્યારે આપ એ વાનગી બનાવવાની આજ્ઞા કરતા અને કહેતા હતા કે આ ખાવું પીડિત વ્યક્તિના હૃદયને શક્તિ

આપે છે અને રોગીના હૃદયમાંથી તકલીફ એવી રીતે દૂર કરી દે છે જેવી રીતે તમે લોકો પાણીથી તમારા ચેહરાનો મેલ દૂર કરી દો છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૪, અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૪૯)*

**અલ્ અસલ :** (મધ) હુઝૂર علیہ الصلوۃ والسلام ની સેવામાં એક શખ્સે આવીને કહ્યું કે, એના ભાઈને ઝાડા થઈ રહ્યા છે. આપે ફર્માવ્યું કે એને મધ પીવડાવો. પછી તે ફરી આવ્યો અને કહેવા લાગ્યો કે ઝાડા બંધ નથી થતા. આપે ફર્માવ્યું કે એને મધ પીવડાવો. પછી તે ત્રીજી વખત આવીને કહેવા લાગ્યો કે ઝાડાનો ક્રમ જારી છે. આપે ફરી મધ પીવડાવવાનું સૂચન કર્યું. તેણે કહ્યું કે આ ઈલાજ તો હું કરી ચૂક્યો. આપે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા સાચો છે અને તારા ભાઈનું પેટ જૂઠ્ઠુ છે ! એને મધ પીવડાવો. તેણે જઈને મધ પીવડાવ્યું તો તે સાજો થઈ ગયો. *(બુખારી શરીફ, ભાગ–૨, પે–૮૪૮)*

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ દર મહિનામાં ત્રણ દિવસ સવારના સમયે મધ ચાટી લેતા રહેશે તો તેને કોઈ મોટી તકલીફ નહીં થાય. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૫)*

આપે એ પણ ફર્માવ્યું છે કે બે ઈલાજોને અનિવાર્ય કરી લો, એક મધ અને બીજું કુર્આન શરીફ. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૫)*

**ખલ્લ (સિર્કો) :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે શ્રેષ્ઠ શાક સિર્કો છે. હે અલ્લાહ ! સિર્કામાં બરકત આપ ! કેમ કે આ અંબિયા علیہم السلام માટેનું શાક છે. અને જે ઘરમાં સિર્કો હશે તે ઘર ક્યારેય મોહતાજ નહીં થાય. *(ઈબ્ને માજહ્, પેજ–૨૪૬)*

**ઝૈત (ઝૈતૂનનું તેલ) :** હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે લોકો ઝૈતૂનના તેલનો શાક તરીકે ઉપયોગ કરો અને એને શરીર પર માલિશ કરતા રહો કેમ કે મુબારક વૃક્ષમાંથી નીકળેલું છે. અને બીજી હદીષોમાં એવું વર્ણવાયું છે કે તમે લોકો ઝૈતૂનનું તેલ ખાઓ અને એને શરીર પર લગાડો કેમ કે આ બરકતવાળી વસ્તુ છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૪૬, બાબુઝ ઝૈત)*

**મુસમ્મિન (શરીરને જાડું કરનારી દવા) :** હઝરત આઈશા رضی اللہ عنہا કહે છે કે મારી માંએ જ્યારે મારી રુખ્સતી (વિદાય)





કરવાનો વિચાર કર્યો ત્યારે મારો ઈલાજ કરવા લાગ્યાં કે હું જરા શારીરિક રીતે જાડી થઈ જાઉં. પરંતુ કોઈ ઉપાય અસરકારક નીવડયો નહીં, પરંતુ જ્યારે મેં કાકડી, તાજી ખજૂરો સાથે ખાવાની શરૂઆત કરી તો હું શારીરિક રીતે ખૂબ જાડી થઈ ગઈ. (ઈબ્ને માજહ, પેજ–૨૪૬) હઝરત અબ્દુલ્લાહ બિન જા'ફર رضی اللہ عنہ કહે છે કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કાકડી, તાજી ખજૂરો સાથે ખાતા હતા. *(ઈબ્ને માજહ્, પેજ–૨૪૬)*

**અશા (રાતનું ભોજન) :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે રાત્રે ખાવાનું બંધ ન કરો. કંઈ ન મળે તો એક મુઠ્ઠી ખજૂર જ ખાઈ લેવી. કેમ કે રાત્રિનું ભોજન છોડવાથી વૃદ્ધત્વ વહેલું આવે છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૪૮)*

**હિમ્યહ (હાનિકારક વસ્તુઓથી પરહેઝ કરો) :** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની સાથે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને લઈ હઝરત ઉમ્મુલ મુન્ઝિર સહાબિયા رضی اللہ عنہا ના મકાન પર પધાર્યા. તેમણે કાચી પાકી ખજૂરોનું એક લુમ્ખુ રજૂ કર્યું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમાંથી ખાવા લાગ્યા. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ હાથ લંબાવ્યો તો આપે ફર્માવ્યું, હે અલી ! તમે હાલમાં જ માંદગીમાંથી બેઠા થયા છો અને નબળાઈ બાકી છે આથી તમે એને ન ખાઓ. ત્યારબાદ હઝરત ઉમ્મુલ મુન્ઝિર رضی اللہ عنہا એ જવ અને કંદમૂળ સાથે મિલાવીને શાક તૈયાર કર્યું તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અલીને કહ્યું કે તમે આ ખાઓ ! આ તમારા માટે ફાયદાકારક ખોરાક છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૪)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે લોકો બળજબરી કરીને તમારા બીમારોને ખાવા પીવા માટે વિવશ ન કરો. અલ્લાહ તઆલા એ લોકોને ખવડાવે પીવડાવે છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૪)*

**ઝંજબીલ (સૂંઠ) :** રોમના રાજાએ એક માટલું સૂંઠથી ભરેલું આપને ભેટ મોકલ્યું. આપે એમાંથી એક એક ટુકડો તેમના સહાબીઓને ખાવા માટે આપ્યો. આ રિવાયતને અબૂ નુઐમ મુહદ્દિષે તેમના પુસ્તક તિબ્બે નબવીમાં બયાન ફર્માવી છે. *(નશરુત્તય્યિબ)*

**કમાત :** જેને ઘણા લોકો "કુકમ્તા" (વરસાદમાં ઉગી નીકળતી વનસ્પતિ) અને ઘણા લોકો સાપની છત્રી કહે છે. એના વિશે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم

એ ફર્માવ્યું, કમાત "મન્ન" જેવું છે જે બની ઈસરાઈલ પર ઉતર્યું હતું. (અર્થાત : જેવી કે એ મફતની વસ્તુ હતી.) અને જેનું સત્વ રસ આંખો માટે રોગમુક્તિ ઈલાજ છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૫)*

**સના (સનામક્કી એક દવા છે)** : હઝરત અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہا થી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું કે તમે કઈ દવાથી જુલાબ લો છો ?! તો તેમણે જવાબ આપ્યો કે, "શુબરમ"થી. આપે ફર્માવ્યું કે આ બહુ જ ગરમ દવા છે. પછી આપે તેમને સનાનો જુલાબ લેવાનું સૂચન કર્યું અને ફર્માવ્યું કે જો મૌતથી મુક્તિ આપનારી કોઈ વસ્તુ હોત તો તે સના છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૫)*

**સન્નૂત** : આના અર્થઘટનમાં હદીષના આલિમોમાં મતભેદ છે. પરંતુ તબીબોએ એક ખાસ વિવરણને પ્રધાન્ય આપ્યું છે. અર્થાત એ મધ જે ઘીના વાસણમાં રાખવામાં આવ્યું હોય અને એમાં ઘીની કંઈક અસરો પહોંચી ગઈ હોય. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે લોકો સના અને સુન્નૂતનો ઉપયોગ કરો કેમ કે એ બંનેમાં મૌત સિવાય બધા જ રોગોનો ઈલાજ છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૫)*

કેટલાક તબીબોએ અગ્રતાનું કારણ દર્શાવતાં કહ્યું છે કે મધ અને ઘી સાથે "સના"ની સુધારણા અને પાખાનામાં રાહત થઈ જાય છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

**સમ્મ (ઝેર)** : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દુષ્ટ અર્થાત ઝેરની મનાઈ ફર્માવી છે. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૫)*

**ઊદે હિન્દી (મીઠી વનૌષધિ)** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આ ઊદ હિન્દીનો ઉપયોગ કરો, કેમ કે એમાં સાત ઈલાજો છે. ગળામાં કાકડાઓ માટે દવા નાખવી જોઈએ. અને ન્યૂમોનિયા માટે એનો ઉકાળો પીવડાવવો જોઈએ. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૬, બાબ દવાએ ઝાતુલ જંબ)*

**દવાએ ઈર્કુન્નસા** : હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે મેં રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام ને ફર્માવતાં સાંભળ્યા છે કે જંગલમાં ચરનારી બકરીના





થાપાને પકવીને ત્રણ ટુકડા કરી લેવામાં આવે અને ત્રણ દિવસ સુધી રોજ સવારે નરણા કોઠે ખાઓ. આમાં ઈર્કુન્નસા (થાપાથી એડી સુધી થતું દર્દ, સ્નાયુ, સાઈટિકા, નર્વસ અને પેઈન વિગેરે)નો ઈલાજ છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૬, પ્રકરણ : દવાએ અર્કુન્નસા)*

**હરામ (વર્જિત) દવાઓ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ બીમારી પણ ઉતારી છે અને દવા પણ ઉતારી છે અને દરેક બીમારીની દવા બનાવી દીધી છે. આથી તમે દવા કરો, પરંતુ હરામ વસ્તુથી દવા (ઈલાજ) ન કરો.

**દારૂ** : હઝરત સુવૈદ બિન તારિક رضی اللہ عنہ એ હુઝૂર علیہ الصلوٰۃ والسلام થી દારૂ વિશે પૂછયું તો આપે એનો ઉપયોગ કરવાની મનાઈ ફર્માવી. પછી ત્રીજી વખતે કહ્યું કે હે અલ્લાહના નબી ! એ તો દવા છે ! આપે ફર્માવ્યું, "ના !" એ બીમારી છે. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૧૮૫)*

**ઝખ્મોનો ઈલાજ** : હઝરત સહલ બિન સઅદ સાઈદી رضی اللہ عنہ કહે છે કે જંગે ઉહદના રોજ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દાંત મુબારક શહીદ થઈ ગયા અને લોખંડની ટોપી આપના પવિત્ર માથા પર તોડી નાખવામાં આવી, તો હઝરત ફાતિમા رضی اللہ عنہا નૂરાની ચહેરા પરથી લોહી ધોઈ રહ્યા હતા અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ઢાલમાં પાણી ભરી ઝખ્મ પર નાખી રહ્યા હતા. પરંતુ જ્યારે લોહી નીકળવાનું સતત ચાલુ રહ્યું ત્યારે હઝરત ફાતિમા رضی اللہ عنہا એ ખજૂરની ચટાઈનો એક ટુકડો લઈ અને સળગાવી રાખ બનાવી. પછી એ જ રાખને ઝખ્મો પર ચોંટાડી દીધી તો લોહી નીકળતું બંધ થઈ ગયું. *(ઈબ્ને માજહ્, પેજ–૨૫૬)*

**તાઊન (પ્લેગ)** : અંગે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આ એક પ્રકોપ છે જેને અલ્લાહ તઆલાએ બની ઈસ્રાઈલ ઉપર ઉતાર્યો હતો. જ્યારે તમે સાંભળો કે કોઈ જગ્યાએ પ્લેગની બીમારી ફેલાઈ છે તો તમે એ વિસ્તારમાં દાખલ ન થતા. અને તમારા પ્રદેશમાં પ્લેગ ફેલાઈ જાય તો તમે એ પ્રદેશમાંથી નીકળીને ન ભાગો ! *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૨૮, બાબુત્તાઊન)*

**અનાડી બિન અનુભવી તબીબ** : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

ફર્માવ્યું કે જે શખ્સ તબીબી જ્ઞાન ધરાવતો નથી અને ઈલાજ કરે છે તો તે (જો દર્દીને કોઈ નુકસાન પહોંચ્યું) જવાબદાર છે એટલે કે એની પાસેથી વળતર લેવામાં આવશે. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૬)*

**તાવ** : એક શખ્સે હુઝૂર ﷺ સમક્ષ તાવને ગાળ દીધી, ત્યારે આપે ફર્માવ્યું કે, તમે તાવને ગાળ ન આપો. તાવની બીમારી બીમારના ગુનાહોને એવી રીતે દૂર કરી દે છે જેવી રીતે આગ લોખંડના મેલને દૂર કરી દે છે. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૬)*

**તાવનો એક ઈલાજ** : હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તાવ દોઝખનો ઉભરો આપવાથી છે. તેથી તમે એને પાણીથી (પીવડાવીને અને સ્નાન કરાવીને) શીતલ કરી દો. *(ઈબ્ને માજહ, પેજ–૨૫૬)*

**નોંધ** : તાવનો આ ઈલાજ એક ખાસ પ્રકારના તાવનો ઈલાજ છે જે આરબમાં થાય છે. જેને તબીબો "સફરાવી બુખાર" (પિત્ત સંબંધિત તાવ) કે "હુમ્મ નારિયા" (લુ લાગવાથી થતો તાવ) કહે છે. આ દરેક પ્રકારના તાવનો ઈલાજ નથી. *(હાશિયા ઈબ્ને માજહ, પેજ–૨૫૬)*

આથી દરેક પ્રકારના તાવમાં આ ઈલાજ સફળ થઈ શક્તો નથી. કોઈ નિષ્ણાંત તબીબ પાસે સારી રીતે નિદાન કરાવી લીધા બાદ જ એનો ઈલાજ કરાવવો જોઈએ. (વલ્લાહુ તઆલા અઅ્લમ)

## ★ પૈગંબરી દુઆઓ ★

ખુદાવંદે કુદૂસના દરબારમાં બંદાઓની દુઆઓનો ઉચ્ચ દરજ્જો છે અને દવાઓની જેમ દુઆઓમાં પણ ખલ્લાકે અઅ્લમ عزوجل એ ઉચ્ચતમ અને ખાસ ખાસ તાસીર પૈદા કરી દીધી છે. આમ પરવરદિગારે આલમે કુર્આન મજીદમાં વારંવાર બંદાઓને દુઆઓ માંગવાનો આદેશ આપ્યો છે. અને ફર્માવ્યું કે : اُدْعُوْنِیْۤ اَسْتَجِبْ لَكُمْ. **અર્થાત** : હે બંદાઓ ! તમે મારાથી દુઆઓ માંગો હું તમારી દુઆઓ કબૂલ કરીશ. અને હુઝૂર અકદસ ﷺ એ પણ દુઆઓનું મહત્વ અને તેના ફાયદાઓનું વર્ણન કરતાં પોતાની ઉમ્મતને દુઆઓ માંગવાની પ્રેરણા આપી છે. અને ફર્માવ્યું કે :– لَیْسَ شَیْءٌ اَكْرَمَ عَلَی اللّٰهِ مِنَ الدُّعَاءِ **અર્થાત** : અલ્લાહ તઆલાના દરબારમાં





દુઆ કરતાં વધારે આદરણીય બીજી કોઈ વસ્તુ નથી. *(તિર્મિઝી શરીફ, પ્રકરણ : ફઝ્લુલ દુઆ, પેજ–૧૭૨, ભાગ–૨)* અને દુઆઓની શ્રેષ્ઠતા અને મહત્વની અભિવ્યક્તિ ફર્માવતાં એટલે સુધી ફર્માવ્યું છે કે :– اَلدُّعَاءُ مُخُّ الْعِبَادَةِ **અર્થાત** : દુઆ ઈબાદતનું મગજ છે. અને એ પણ ફર્માવ્યું છે કે :– مَنْ لَّمْ یَسْئَلِ اللّٰهَ یَغْضَبْ عَلَیْهِ જે ખુદાથી દુઆ નથી માંગતો ખુદા એનાથી નારાજ થઈ જાય છે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭૨)*

આથી "નબવી ચિકિત્સા શાસ્ત્રની જેમ હુઝૂર ﷺ ની કેટલીક દુઆઓનું વર્ણન પણ અમે આ પુસ્તકમાં કરીએ છીએ જે આપના નિત્યકર્મોમાં હતી અને જેની ખૂબી અને ફાયદાઓથી આપે પોતાની ઉમ્મતને વાકેફ કરી અને વિર્દ (રટણ)નો આદેશ કર્યો છે. જેથી સીરતે નબવીના આ પવિત્ર પ્રકરણથી પણ આ પુસ્તક સદ્ભાગી બની જાય છે. અને મુસલમાન આ દુઆઓનું વિર્દ કરીને દુનિયા અને આખિરતના અસંખ્ય ફાયદા અને લાભોથી માલમાલ થતા રહે.

## ★ દરેક આફતથી મુક્તિ ★

હુઝૂર અકદસ ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ સવાર સાંજ ત્રણ વખત આ દુઆ પઢે તો તેને દુનિયાની કોઈ વસ્તુ નુકસાન નહીં પહોંચાડે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭૩)*

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ اسْمِهٖ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی السَّمَاءِ وَهُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ۝

## ★ સૂતી વખતની દુઆ ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જે શખ્સ પથારી પર આ દુઆ ત્રણ વખત પઢીને ઊંઘશે તો અલ્લાહ તઆલા તેના તમામ ગુના માફ કરી દેશે, ભલે તેના ગુના વૃક્ષોનાં પાંદડાંઓ અને રેતી જેટલા કેમ ન હોય ! *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭૪)*

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِیْ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْحَیُّ الْقَیُّوْمُ وَاَتُوْبُ اِلَیْهِ

હુઝૂર અકરમ ﷺ સૂતી વખતે આ દુઆ પઢતા હતા :– اَللّٰهُمَّ بِاسْمِكَ اَمُوْتُ وَاَحْیٰی અને જ્યારે ઊંઘમાંથી જાગતા ત્યારે આ

દુઆ પઢતા હતા :–

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ اَحْيٰى نَفْسِىْ بَعْدَ مَا اَمَاتَهَا وَاِلَيْهِ النُّشُوْرُ

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭૭)

## ★ રાત્રે જાગે ત્યારે શું પઢે ? ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ રાત્રે ઊંઘમાંથી જાગે તો આ દુઆ પઢે ત્યારબાદ જે દુઆ માંગશે તે કબૂલ થશે અને વુઝૂ કરીને જે નમાઝ પઢશે તે નમાઝ પણ કબૂલ થઈ જશે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૭૭)*

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ وَ هُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ وَسُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَ لَا حَوْلَ وَ لَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۝

## ★ ઘરમાં બહાર નીકળતા સમયની દુઆ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે શખ્સ પોતાના ઘરમાંથી બહાર નીકળતાં આ દુઆ પઢી લે તો તેની મુશ્કેલીઓ દૂર થઈ જશે અને તે દુશ્મનોના છળકપટથી સુરક્ષિત રહેશે અને શૈતાન એનાથી અલગ હટી જશે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૦)*

بِسْمِ اللّٰهِ تَوَكَّلْتُ عَلَى اللّٰهِ لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ۝

## ★ બજારમાં દાખલ થાય ત્યારે આ દુઆ પઢે ★

ઈર્શાદે નબવી છે જે શખ્સ બજારમાં દાખલ થતી વખતે આ કલમાને પઢી લે તો ખુદાવંદ તઆલા દસ લાખ નેકીઓ એના આમાલનામામાં લખવાનો આદેશ આપશે, દસ લાખ ગુનાહ મિટાવી દેવામાં આવશે અને એના દસ લાખ દરજજાઓ બુલંદ ફર્માવશે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૦)*

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ يُحْيِىْ وَ يُمِيْتُ وَهُوَ حَىٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَ هُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ۝





## ★ મુસાફરીની દુઆ ★

અબ્દુલ્લાહ બિન સર્જિસ رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام જ્યારે મુસાફરી માટે રવાના થતા તો આ દુઆ પઢતા હતા :–

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ لَهُ الْمُلْكُ وَ لَهُ الْحَمْدُ يُحْيِىْ وَ يُمِيْتُ وَهُوَ حَىٌّ لَّا يَمُوْتُ بِيَدِهِ الْخَيْرُ وَ هُوَ عَلٰى كُلِّ شَىْءٍ قَدِيْرٌ ۝

الْمُنْقَلَبِ وَ مِنَ الْحَوْرِ بَعْدَ الْكَوْرِ ۝ (તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૧)

## ★ મુસાફરીમાંથી પાછા આવવાની દુઆ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે મુસાફરીમાંથી પાછા ફરીને પોતાના ઘરે મદીનામાં તશરીફ લાવતા ત્યારે આ દુઆ પઢતા હતા :–

آئِبُوْنَ تَائِبُوْنَ عَابِدُوْنَ لِرَبِّنَا حَامِدُوْنَ ۝

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૨)

## ★ મંઝિલ પર આ દુઆનો વિર્દ કરે ★

રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે જે શખ્સ મુસાફરીમાં કોઈ જગ્યાએ પડાવ નાખે અને આ દુઆ પઢશે તો એને એ જગ્યાએ કોઈ પ્રકારનું કોઈ નુકસાન નહીં થાય.

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّامَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ ۔

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૧)

## ★ બેચેનીની સમયની દુઆ ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જ્યારે કોઈ બેચેની અને હેરાની થતી ત્યારે આપ આ દુઆનો વિર્દ ફર્માવતા હતા :–

لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْحَلِيْمُ الْحَكِيْمُ ۝ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ۝ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ رَبُّ الْعَرْشِ الْكَرِيْمِ ۝

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૧)

## ★ કોઈને મુસીબતમાં જુએ ત્યારે આ દુઆ પઢે ★

હુઝૂર સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે કે જે શખ્સ કોઈને બલામાં સપાડયેલો જુએ (બીમારી કે મુસીબત) તો આ દુઆ પઢે તો તમામ ઉમર તે એ બલા (બીમારી કે મુસીબત)થી બચેલો રહેશે.

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ عَافَانِیْ مِمَّا ابْتَلَاكَ وَ فَضَّلَنِیْ عَلٰی كَثِیْرٍ مِّمَّنْ خَلَقَ تَفْضِیْلًا

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૧)

## ★ કોઈને વિદાય કરવાની દુઆ ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે કોઈ શખ્સને વિદાય આપતા ત્યારે આ કલમા મુબારક ઝબાનથી પઢતા હતા :–

اَسْتَوْدِعُ اللّٰهَ دِیْنَكَ وَ اَمَانَتَكَ وَخَوَاتِیْمَ عَمَلِكَ

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૨)

## ★ ભોજન કર્યા બાદ શું પઢે ? ★

હઝરત અબૂ ઉસામા رضی اللہ عنہ કહે છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામેથી જયારે દસ્તરખાન (ભોજન માટે પાથરેલું કપડું) લઈ લેવામાં આવતું હતું ત્યારે આપ આ દુઆ પઢતા હતા :–

اَلْحَمْدُ لِلّٰهِ حَمْدًا كَثِیْرًا طَیِّبًا مُّبَارَكًا فِیْهِ غَیْرَ مُوَدَّعٍ وَّ لَا مُسْتَغْنًی عَنْهُ رَبَّنَا۔

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૩)

## ★ આંધીના સમયની દુઆ ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم જયારે આંધી (વાવાઝોડુ) ફેલાતી ત્યારે આ દુઆ પઢતા હતા :–

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ مِنْ خَیْرِهَا وَ خَیْرِ مَا فِیْهَا وَ خَیْرِ مَا اُرْسِلَتْ بِهٖ وَاَعُوْذُ بِكَ مِنْ شَرِّهَا وَ شَرِّ مَا فِیْهَا وَشَرِّ مَا اُرْسِلَتْ بِهٖ ۔

–(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૧૮૩)





## ★ વીજળીની ગર્જના થાય ત્યારે આ દુઆ પઢે ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام વાદળોની ગર્જના અને વીજળીના કડાકા સમયે આ દુઆ પઢતા હતા :–

اَللّٰهُمَّ لَا تَقْتُلْنَا بِغَضَبِكَ وَلَا تُهْلِكْنَا بِعَذَابِكَ وَعَافِنَا قَبْلَ ذٰلِكَ۔

–(તિર્મિઝ શરીફ, ભાગ–૨, પેજ–૧૮૩)

## ★ કોઈ કૌમથી ડરે તો શું પઢે ? ★

હુઝૂર અકરમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જો કોઈ કૌમ કે લશ્કરથી જાન, માલ વગેરેનો ભય હોય ત્યારે આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اِنَّا نَجْعَلُكَ فِیْ نُحُوْرِهِمْ وَ نَعُوْذُ بِكَ مِنْ شُرُوْرِهِمْ۔

–(અબૂ દાઊદ, ભાગ–૧, પેજ–૨૨૨, મુજતબાઈ)

## ★ કર્ઝ અદા કરવા માટેની દુઆ ★

જાણીતા સહાબી હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસે મસ્જિદમાં તશરીફ લઈ ગયા ત્યારે આપે ત્યાં હઝરત અબૂ ઉમામા અન્સારી رضی اللہ عنہ ને જોયા. આપે ફર્માવ્યું કે, હે અબૂ ઉમામા ! તમે અત્યારે જયારે કે નમાઝનો સમય નથી ત્યારે મસ્જિદમાં કેમ અને શા માટે બેઠા છો ?! હઝરત ઉમામા رضی اللہ عنہ એ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું ઘણી ચિંતાઓ અને કર્ઝના ભારથી દબાઈ રહ્યો છું. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, શું હું તમને એવો કલમો ન શિખવાડું કે જયારે તમે એને પઢો ત્યારે અલ્લાહ તઆલા તમારી ચિંતાઓને દૂર કરી દે અને તમારા દેવાને અદા કરી દે ! હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ એ અર્ઝ કરી કે કેમ નહીં ?! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જરૂર મને શિખવાડો ! ત્યારે આપે ફર્માવ્યું કે તમે દરરોજ સવાર સાંજ આ દુઆ પઢતા રહેજો :–

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُ بِكَ مِنَ الْهَمِّ وَالْحُزْنِ وَ اَعُوْذُ بِكَ مِنَ الْعَجْزِ وَالْكَسَلِ وَ اَعُوْذُ بِكَ مِنَ الْجُبْنِ وَالْبُخْلِ وَ اَعُوْذُ بِكَ مِنْ غَلَبَةِ الدَّیْنِ وَ قَهْرِ الرِّجَالِ۔

–(અબૂ દાઊદ શરીફ, ભાગ–૧, પેજ–૨૨૪)

اعوذ باللہ من الشیطن الرجیم



હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ કહે છે કે મેં એ દુઆ પઢી ત્યારે મારી ચિંતાઓ દૂર થઈ ગઈ અને ખુદાવંદ તઆલાએ મારો કર્ઝ પણ અદા ફર્માવી દીધો.

## ★ જુમ્આના દિવસે પુષ્કળ દુરૂદ શરીફ પઢો ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમારા દિવસોમાં સૌથી શ્રેષ્ઠ દિવસ જુમ્આનો દિવસ છે. આથી એ દિવસે મારા પર પુષ્કળ પ્રમાણમાં દુરૂદ શરીફ પઢતા રહો કેમ કે તમારા લોકોના દુરૂદ શરીફ મારી સમક્ષ રજૂ કરવામાં આવે છે.

સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે કબ્ર મુબારકમાં આપનું મુબારક શરીર વિખેરાઈને જૂનાં હાડકાઓના રૂપમાં આવી જશે ત્યારે અમારા લોકોના દુરૂદ શરીફ કઈ રીતે આપના દરબારમાં રજૂ થતાં રહેશે ?! ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :– اِنَّ اللّٰهَ حَرَّمَ عَلَى الْاَرْضِ اَجْسَادَ الْاَنْبِيَاءِ

**અર્થાત** : અલ્લાહ તઆલાએ હઝરાત અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ના શરીરોને જમીન પર હરામ ઠરવ્યાં છે. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૧, પેજ–૨૨૧, મુજતબાઈ)*

**જરૂરી ચેતવણી** : આ હદીષથી જણાયું કે તમામ અંબિયા عَلَيْهِمُ السَّلَامُ નાં પવિત્ર શરીર એમની મુબારક કબ્રોમાં સલામત રહે છે અને જમીન પર હઝરત હક્ક જલ્લ જલાલહુએ હરામ ઠેરવ્યું છે કે એમનાં પવિત્ર શરીર પર કોઈ પણ પ્રકારનું પરિવર્તન કે ફરેફાર પૈદા કરે. જ્યારે તમામ અંબિયા عَلَيْهِمُ السَّلَامُ ની આ શાન છે તો પછી હુઝૂર સૈયદુલ અંબિયા, સૈયદુલ મુર્સલીન અને ઈમામુલ અંબિયા, ખાતિમુન્નબીયીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર શરીરને જમીન કઈ રીતે ખાઈ શકે છે ? આથી ઉમ્મતના તમામ આલિમો અને મિલ્લતના ઔલિયાનો એ જ અકીદો છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની મુબારક કબ્રમાં જીવિત છે અને ખુદાના હુકમથી મોટા મોટા તસર્રુકાત ફર્માવે છે અને પોતાને ખુદાએ અર્પણ કરેલી શક્તિઓ અને ચમત્કારિક (મો'જિઝાના) તાકાતથી પોતાની ઉમ્મતની મુશ્કેલીઓ દૂર કરે છે અને તેમની ફરિયાદો સાંભળે છે.





બરાબર યાદ રાખો કે જે શખ્સ આની વિરૂધ્ધ અકીદો ધરાવે તે ચોક્કસ બારગાહે અકદસનો ગુનેગાર, ખોટી અકીદો ધરાવનાર, ગુમરાહ અને અહલે સુન્નતના મઝહબથી બહિષ્કૃત છે.

## ★ કુકડા (મુર્ગ)નો અવાજ સાંભળે ત્યારે આ દુઆ પઢે ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમે લોકો કુકડાનો અવાજ સાંભળો ત્યારે અલ્લાહ તઆલાથી એના ફઝલ (કૃપા)ની માંગ કરો. કેમ કે કુકડો ફરિશ્તાને જોઈને બોલે છે. અર્થાત આ દુઆ પઢો :– اَسْئَلُ اللّٰهَ مِنْ فَضْلِهِ الْعَظِيْمِ *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૫૧)*

## ★ ગધેડો બોલે ત્યારે આ દુઆ પઢો ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ કહે છે કે હુઝૂર અકદસ علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે ગધેડાનો અવાજ સાંભળીને શૈતાનથી અલ્લાહ તઆલાની પનાહ માંગો. اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૫૧)*

## ★ જન્નતનો ખજાનો ★

હઝરત અબ્દુલ્લાહ બિન કૈસ رضی اللہ عنہ નું બયાન છે કે મને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, શું હું તારું માર્ગદર્શન એવા કલામથી ન કરું કે જન્નતના ખજાનાઓમાંથી છે. મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ કયો કલમો છે ? ત્યારે ઈર્શાદ ફર્માવ્યો કે તે કલમો لَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ છે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૩૪૬)*

## ★ જન્નતની ટિકિટ ★

હુઝૂર અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે જે આ દુઆને પઢતો રહે એના માટે જન્નત વાજિબ થઈ ગઈ. તે દુઆ આ છે :–

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّ بِالْاِسْلَامِ دِيْنًا وَّ بِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ رَسُوْلًا

*(અબૂ દાઊદ શરીફ, ભાગ–૧, પેજ–૨૨૧, મુજતબાઈ)*

## ★ સૈયદુલ ઈસ્તિગફાર ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જે મુસલમાન હૃદયના યકીન સાથે દિવસે આ દુઆ પઢશે અને જો તે દિવસ સાંજ પહેલાં મૃત્યુ પામશે તો જન્નતી થશે. જો રાત્રે પઢશે અને સવાર પહેલાં મૃત્યુ પામશે તો જન્નતી થશે. આ દુઆનું નામ **"સૈયદુલ ઈસ્તિગફાર"** છે જે આ પ્રમાણે છે :–

اَللّٰهُمَّ اَنْتَ رَبِّیْ لَآ اِلٰهَ اِلَّا اَنْتَ خَلَقْتَنِیْ وَاَنَا عَبْدُكَ وَاَنَا عَلٰی عَهْدِكَ وَوَعْدِكَ مَا اسْتَطَعْتُ اَعُوْذُ بِكَ مِنْ شَرِّ مَا صَنَعْتُ اَبُوْءُ لَكَ بِنِعْمَتِكَ عَلَیَّ وَاَبُوْءُ لَكَ بِذَنْبِیْ فَاغْفِرْ لِیْ فَاِنَّهٗ لَا یَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ

–(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૯૩૩)

## ★ સહવાસની દુઆ ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે જો કોઈ મુસલમાન તેની પત્ની સાથે સહવાસ કરતા પહેલાં આ દુઆ પઢશે તો તે સહવાસથી જે ઔલાદ પૈદા થશે તેને ક્યારેય શૈતાન કોઈ નુકસાન નહીં પહોંચાડી શકે. દુઆ આ છે :–

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ جَنِّبْنَا الشَّیْطٰنَ وَجَنِّبِ الشَّیْطٰنَ مَا رَزَقْتَنَا۔

(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૯૪૫)

## ★ રોગ મુક્તિ માટે દુઆ ★

રિવાયત છે કે અબ્દુલ અઝીઝ બિન સુહેલ અને ષાબિત બુનાની رضی اللہ عنہما બંને હઝરત અનસ સહાબી رضی اللہ عنہ ની સેવામાં ઉપસ્થિત થયા અને ષાબિત બુનાનીએ કહ્યું કે, હે અબૂ હમ્ઝા ! (અનસ) હું બીમાર થઈ ગયો છું. હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું છે કે શું એ દુઆથી તમારા રોગને ઝાડ ફૂંક ન કરી આપું જે દુઆથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم રોગીઓ પર સ્વાસ્થ્ય માટે દમ ફર્માવતા હતા ? ષાબિત બુનાનીએ કહ્યું કે, કેમ નહીં ?! ત્યાર બાદ હઝરત અનસ رضی اللہ عنہ એ આ દુઆ પઢી કે :–

اَللّٰهُمَّ رَبَّ النَّاسِ مُذْهِبَ الْبَاسِ اِشْفِ اَنْتَ الشَّافِیْ لَا شَافِیَ اِلَّا اَنْتَ شِفَاءً لَّا یُغَادِرُ سَقَمًا۔

–(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૫૫)





## ★ મુસીબત વખતે વૈકલ્પિક વસ્તુઓ મેળવવા માટે દુઆ ★

હઝરત ઉમ્મુલ મુ'મિનીન બીબી ઉમ્મે સલ્મા رضی اللہ عنہا કહે છે કે મેં હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી આ સાંભળ્યું છે કે કોઈ મુસલમાન પર કોઈ મુસીબત આવી પડે તો તે :–

اِنَّا لِلّٰهِ وَاِنَّا اِلَیْهِ رٰجِعُوْنَ اَللّٰهُمَّ اْجُرْنِیْ فِیْ مُصِیْبَتِیْ وَاخْلُفْ لِیْ خَیْرًا مِّنْهَا

પઢે તો અલ્લાહ તઆલા તે મુસલમાનને તેની ખોવાયેલ કે નષ્ટ થયેલ વસ્તુથી ઉત્તમ વસ્તુ અર્પણ કરશે.

હઝરત બીબી ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે કે જ્યારે મારા પતિ હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ નો ઈન્તેકાલ થઈ ગયો તો મેં (મનમાં) કહ્યું કે, ભલા, અબૂ સલ્માથી ઉત્તમ ક્યો મુસલમાન હશે ? આ પહેલું ઘર છે કે જે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પાસે હિજરત કરીને મદીના પહોંચ્યું. પરંતુ પછી મેં એ દુઆ પઢી લીધી ત્યારે અલ્લાહ તઆલાએ મને અબૂ સલ્માથી ઉત્તમ પતિ અર્પણ કર્યો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારી સાથે નિકાહ કરી લીધો.

(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૩૦૦)

## ★ દુરૂદ ઝિયારતે નબી صلی اللہ علیہ وسلم કે લિએ ★

اَللّٰهُمَّ اِنِّیْٓ اَسْئَلُكَ بِكَ، اَنْ تُصَلِّیَ عَلٰی سَیِّدِنَا
مُحَمَّدٍ وَّعَلٰی سَائِرِ الْاَنْبِیَآءِ وَالْمُرْسَلِیْنَ وَعَلٰی
اٰلِهِمْ وَصَحْبِهِمْ اَجْمَعِیْنَ، وَاَنْ تَغْفِرَ لِیْ مَا
مَضٰی، وَتَحْفَظَنِیْ فِیْمَا بَقِیَ

**ફઝાઈલ :** યહ દુરૂદ શરીફ હઝરત સૈયદી મકબૂલી رضی اللہ عنہ કા હૈ, જો અકાબિરે અવલિયાએ કિરામસે થે. હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم કી ખ્વાબમેં બહુત ઝયાદા ઝિયારત કરતે થે. ઔર અપની વાલિદહ માજેદાકો ઉસ્કી ખબર દેતે થે તો વહ ફર્માતી થી કે મેરે બેટે મર્દે કામિલ વોહ હૈ જો સરકારે દો જહાં صلی اللہ علیہ وسلم કો બેદારી કી હાલતમેં દેખેં. જબ ઉન્કો યહ મર્તબા હાસિલ હો ગયા કે, મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلم કી ઝિયારત હાલતે બેદારીમેં કરતે ઔર આપ صلی اللہ علیہ وسلم સે અપને કામોંકે બારેમેં સલાહ વ મશ્વેરા કરતે ઔર ઉસ્કી ખબર અપની વાલિદહ માજેદા કો દેતે તો ઉન્કી વાલિદહ ફર્માતી અબ તૂ મર્દે કામિલ હો ગયા !

(પ્રકરણ-૧૯)

# રિસાલતના સંબંધીઓ

ઉનકે મૌલા કે ઉન પર કરોળોં દુરૂદ
ઉનકે અસ્હાબો ઈ'તરત પે લાખોં સલામ

પારહાએ સુહુફ, ગુન્ચહાએ કુદુસ
એહલે બૈતે નુબુવ્વત પે લાખોં સલામ

એહલે ઈસ્લામ કી માદરાને શફીક઼
બાનુવાને તહારત પે લાખોં સલામ

## ★ પુનિત પત્નીઓ ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથેના મુબારક સંબંધને કારણે આપની પુનિત પત્નીઓનો પણ ઘણો જ ઉચ્ચ દરજ્જો છે. એમના સંદર્ભે કુર્આન મજીદની ઘણી આયતો નાઝિલ (અવતરિત) થઈ છે, જેમાં એમની મહાનતાઓનું વર્ણન તેમજ તેમની ઉચ્ચ ભવ્યતાઓનું બયાન કરવામાં આવ્યું છે.

જેમ કે ખુદાવંદે કુદૂસે કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવ્યો છે કે :–

يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ اِنِ اتَّقَيْتُنَّ (احزاب)

"હે નબીની પત્નીઓ ! તમે અન્ય સ્ત્રીઓની જેમ નથી, જો અલ્લાહથી ડરો !" –*(સૂરએ અહઝાબ)*

બીજી આયતમાં ફર્માવ્યું કે :–

وَاَزْوَاجُهٗۤ اُمَّهٰتُهُمْ "અને એ (નબી)ની પત્નીઓ ! એમની (મો'મિનોની) માઓ છે." *(સૂરએ અહઝાબ)*

આ તમામ ઉમ્મતની સર્વસંમત બાબત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પુનિત પત્નીઓ બે વાતોમાં હકીકી મા સમાન છે. એક એ કે એમની સાથે





હંમેશ હંમેશ માટે કોઈનો નિકાહ જાઈઝ નથી. બીજું એ કે એમનું માન આદર દરેક ઉમ્મતી પર એવી જ રીતે અનિવાર્ય છે જેવી રીતે હકીકી માં નું બલ્કે એનાથી પણ ઘણુ વધારે. પરંતુ નજર અને એકાંતના મામલામાં પુનિત પત્નીઓનો આદેશ હકીકી માં જેવો નથી. કેમ કે કુર્આન મજીદમાં હક્ક જલ્લ જલાલહુનો ઈર્શાદ છે કે :–

وَاِذَا سَاَلْتُمُوْهُنَّ مَتَاعًا فَسْـَٔلُوْهُنَّ مِنْ وَّرَآءِ حِجَابٍ

"જ્યારે નબીની પત્નીઓ તમે કોઈ વસ્તુ માંગો તો પડદાની પાછળથી માંગો." *(સૂરએ અહઝાબ)*

મુસલમાન પોતાની હકીકી માં ને જોઈ પણ શકે છે અને એકાંતમાં બેસીને એની સાથે વાતચીત પણ કરી શકે છે પંરતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની પવિત્ર પત્નીઓથી દરેક મુસલમાન માટે પડદો ફર્ઝ છે અને એકાંતમાં એમની સાથે ઉઠવું બેસવું હરામ છે.

એ જ રીતે હકીકી માંના માં બાપ છોકરીઓના નાની નાના અને હકીકી માંના ભાઈ બહેન, છોકરાઓના મામા અને માસી હોય છે. પરંતુ પુનિત પત્નીઓના માં બાપ ઉમ્મતના નાની નાના અને પુનિત પત્નીઓનાં ભાઈ બહેન ઉમ્મતના મામા માસી નથી હોતા.

આ આદેશ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની એ બધી જ પુનિત પત્નીઓ માટે છે જેમની સાથે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ નિકાહ કર્યા હતા. ભલે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પહેલા એમનો ઈન્તેકાલ થયો હોય અથવા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બાદ એમનું મૃત્યું થયું હોય. આ સર્વે ઉમ્મતની માઓ અને દરેક ઉમ્મતી માટે એમની હકીકી માં કરતાં વધારે આદર અને સન્માન પાત્ર છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૧૬)*

પુનિત પત્નીઓની સંખ્યા અને એમના નિકાહના ક્રમમાં ઈતિહાસકારોમાં અમુક મતભેદો છે. પરંતુ અગ્યાર ઉમ્મહાતુલ મુ'મિનીન બાબતે કોઈનો પણ મતભેદ નથી. એમનામાંથી હઝરત ખદીજા અને હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا, નો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સામે જ ઈન્તેકાલ થયો હતો. પરંતુ નવ પત્નીઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદસ વફાત સમયે મૌજૂદ હતા.

એ અગ્યાર ઉમ્મતની માં ઓમાંથી છ કુરૈશ ખાનદાનના ઉચ્ચ ઘરાનાનાં નૂરેનઝર હતાં જેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) ખદીજા બિન્તે ખુવૈલદ (૨) આયશા બિન્તે અબૂબક્ર સિદીક (૩) હફસા બિન્તે ઉમર ફારૂક (૪) ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફયાન (૫) ઉમ્મે સલ્મા બિન્તે અબૂ ઉમૈયા (૬) સૌદા બિન્તે ઝમઆ.

અને ચાર પુનિત પત્નીઓ કુરૈશ ખાનદાનમાંથી ન હતાં બલ્કે અરબના બીજા કબીલાઓ સાથે સંબંધ ધરાવતાં હતાં. તેઓ આ પ્રમાણે છે :–

(૧) ઝૈનબ બિન્તે જહશ (૨) મૈમૂના બિન્તે હારિષ (૩) ઝૈનબ બિન્તે ખુઝૈમા ઉમ્મુલ મસાકીન, જુવૈરિયા બિન્તે હારિષ અને એક પત્ની એટલે કે સફિય્યા બિન્તે હુય્ય એઓ અરબી વંશનાં ન હતાં, બલ્કે બની ઈસ્રાઈલ ખાનદાન વંશના અમીર પુત્રી હતાં.

આ વાતમાં પણ કોઈ ઈતિહાસકારોનો મતભેદ નથી કે સૌથી પહેલા હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હઝરત ખદીજા رضی اللہ عنہا સાથે નિકાહ કર્યો અને જ્યાં સુધી તેઓ જીવતા રહ્યાં આપે અન્ય કોઈ સ્ત્રી સાથે નિકાહ ન કર્યો. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૧૮ થી ૨૧૯)*

## ★ હઝરત ખદીજા رضی اللہ عنہا ★

તેઓ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં સૌથી પહેલાં જીવનસંગિની છે. તેમના પિતાનું નામ ખુવૈલદ બિન અસદ અને તેમની માંનું નામ ફાતિમા બિન્તે ઝાહીદા છે. તેઓ કુરૈશ ખાનદાનના અતિ આદરણીય અને ધનવાન સ્ત્રી હતાં. અમે આ પુસ્તકના ત્રીજા પ્રકરણમાં લખી ચૂક્યા છીએ કે મક્કાવાસીઓ તેમના પાકદામની અને પાકીઝગી કારણે તેમને "તાહિરા" લકબથી યાદ કરતાં હતાં. તેમણે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના સ્વભાવ, શિષ્ટાચાર, આકર્ષક રૂપ અને ઉચ્ચતમ ચારિત્રને જોઈને પોતે જ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નિકાહની અભિલાષા વ્યક્ત કરી અને પછી વિધિસર નિકાહ થઈ ગયો. જેનું વિસ્તૃત વર્ણન થઈ ચૂક્યું છે. અલ્લામા ઈબ્ને અષીર અને ઈમામ ઝહબીનું બયાન છે કે આ વાત પર સમસ્ત ઉમ્મતની સર્વસંમતિ છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર સૌ પ્રથમ તેઓ જ ઈમાન લાવ્યાં અને પ્રારંભિક





ઈસ્લામમાં જ્યારે ચારે બાજુથી આપના સમક્ષ વિરોધનું વંટોળ વાઈ રહ્યું હતું એવા મુશ્કેલ સમયમાં માત્ર એ જ એક હસ્તી હતી જે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની જીવન સાથી બનીને મનના આ□ાસનનું નિમિત્ત બની હતી. તેમણે એવા ભયાનક અને કપરા સમયે જે અડગતા અને દ્રઢતા સાથે તકલીફો અને મુસીબતોનો સામનો કર્યો અને જે રીતે તન, મન અને ધનથી બારગાહે નબુવ્વતમાં પોતાને સમર્પિત કર્યાં એ વિશિષ્ટતામાં બધી જ પુનિત પત્નીઓ પર તેમને એક વિશેષ શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. આથી વલીયુદ્દીન ઈરાકીનું બયાન છે કે કૌલે સહીહ અને મઝહબે મુખ્તાર એ જ છે કે ઉમ્મહાતુલ મુ'મિનીનનમાં હઝરત ખદીજા رضی اللہ عنہا સર્વશ્રેષ્ઠ હતાં.

એમની શ્રેષ્ઠતામાં કેટલીક હદીષો આપવામાં આવી છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયતકર્તા છે કે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આવ્યા અને કહ્યું કે, હે મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ ખદીજા છે જેઓ આપની પાસે એક વાસણ લઈને આવી રહ્યાં છે, જેમાં ભોજન છે, જ્યારે તેઓ આપની પાસે આવી જાય ત્યારે આપ એમને એમના રબના અને મારા સલામ કહેજો અને એમને આ ખુશખબર સંભળાવી દેજો કે જન્નતમાં એમના માટે મોતીઓનું એક ઘર બન્યું છે જેમાં ન કોઈ કોલાહલ થશે ન કોઈ તકલીફ થશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૯, પ્રકરણ : તઝવીજુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

ઈમામ અહમદ, અબૂ દાઊદ, નસાઈ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત છે કે જન્નતની તમામ સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ હઝરત ખદીજા, હઝરત ફાતિમા, હઝરત મરયમ અને હઝરત આસિયા છે. (رضی اللہ عنہن) *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૪૨૩ થી ૪૨૪)*

એ જ રીતે રિવાયત છે કે એક વખતે જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہا એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક મુખેથી હઝરત ખદીજા رضی اللہ عنہا ની ખૂબ પ્રશંસા સાંભળી ત્યારે તેમનું સ્વમાન ઘવાયું અને એમ કહી દીધું કે હવે તો અલ્લાહ તઆલાએ આપને તેમના કરતાં બેહતર પત્ની અર્પણ કરી દીધી. આ સાંભળીને આપે ફર્માવ્યું કે, ના, ખુદાના સોગંદ ! ખદીજા કરતાં બહેતર મને કોઈ પત્ની મળી નથી. જ્યારે બધા લોકોએ મારી સાથે

કુફ્ર કર્યું એ સમયે તેઓ મારા પર ઈમાન લાવ્યાં અને જ્યારે બધા લોકો મને જૂઠલાવતા રહ્યા હતા ત્યારે તેમણે મને સમર્થન આપ્યું અને જ્યારે કોઈ શખ્સ મને કોઈ વસ્તુ આપવા માટે તૈયાર ન હતો, એ સમયે ખદીજાએ મને પોતાનું સર્વસ્વ આપી દીધું અને એમની જ કૂખેથી અલ્લાહ તઆલાએ મને ઔલાદ અર્પણ કરી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૨૪)*

હઝરત આઈશા رضی اللہ عنہا નું બયાન છે : અજવાઝે મુતહ્હારત (પુનિત પત્નીઓ)માં સૌથી વધુ મને હઝરત ખદીજાના બારામાં ગૈરત આવ્યા કરતી હતી જ્યારે કે મેં તો તેમને જોયાં પણ ન હતાં. ગૈરતનું કારણ એ હતું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ખૂબ જ પ્રમાણમાં તેમનો ભલો ઉલ્લેખ કર્યા કરતા હતા. અને મોટા ભાગે એવું થતુ રહેતું હતું કે આપ જ્યારે કોઈ બકરી ઝબહ ફર્માવતા હતા તો અમુક ગોશ્ત હઝરત ખદીજાની સહેલીઓના ઘરોમાં ચોક્કસ મોકલી આપતા હતા, એનાથી હું ચીઢાયા કરતી હતી. અને ક્યારેક ક્યારેક એવું કહી દીધા કરતી હતી કે, "દુનિયામાં બસ એક ખદીજા જ આપનાં બીવી હતાં !" મારું આ વાક્ય સાંભળીને આપ ફર્માવ્યા કરતા હતા કે, "હા ! હા ! બેશક ! તે હતાં ! તે હતાં ! તેમના પેટથી તો મને અલ્લાહ તઆલાએ ઔલાદ અતા ફર્માવી." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૯)*

ઈમામ તિબરાનીએ હઝરત આઈશા رضی اللہ عنہا થી એક હદીષ નકલ કરી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ખદીજા رضی اللہ عنہا ને દુનિયામાં જન્નતની દ્રાક્ષ ખવડાવી. આ હદીષને ઈમામ સુહૈલીએ પણ નકલ કરી છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૨૬)*

હઝરત ખદીજા رضی اللہ عنہا એ પચ્ચીસ વર્ષ સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવા ચાકરી કરી. હિજરતથી ત્રણ વર્ષ પહેલાં પાંસઠ વર્ષની ઉંમરે રમઝાન મહિનામાં મક્કા મુઅઝ્ઝમામાં તેમનું મૃત્યું થયું હતું. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કા મુકર્રમાના જાણીતા કબ્રસ્તાન "હજૂન" (જન્નતુલ મુઅલ્લા)માં પોતે એમની કબ્રમાં ઉતરીને પોતાના પવિત્ર હાથોથી એમને દફનાવ્યાં. કેમ કે એ સમય સુધી નમાઝે જનાઝાનો આદેશ થયો ન હતો. તેથી આપે એમની નમાઝે જનાઝા ન પઢી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૨૭, વઅકમાલ ફી અસ્માઉર્રિજાલ, પેજ–૫૯૩)*





## ★ હઝરત સૌદા رضی اللہ عنہا ★

એમના પિતાનું નામ "ઝમ્આ" અને એમની માંનું નામ "શુમૂસ બિન્તે અમ્ર" છે. તેઓને પહેલાં તેમના પિતરાઈ ભાઈ સકરાન બિન અમ્ર સાથે પરણાવ્યાં હતાં. આ પતિ પત્ની બંને ઈસ્લામના પ્રારંભિક કાળમાં જ મુસલમાન થઈ ગયાં હતાં અને એ બંનેએ હબશાની હિજરતે ષાનિયા (બીજી હિજરત)માં હબશા તરફ હિજરત કરી હતી. પરંતુ જ્યારે હબશાથી પાછા ફરીને એ બંને પતિ પત્ની મક્કા મુકર્રમા આવ્યાં ત્યારે એમના પતિ સકરાન બિન અમ્ર رضی اللہ عنہ મૃત્યુ પામ્યા અને તેઓ વિધવા થઈ ગયાં. એમને એક પુત્ર હતો જેમનું નામ "અબ્દુર્રહ્માન" હતું.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما નું બયાન છે કે હઝરત સૌદા رضی اللہ عنہا એ એક સ્વપ્ન જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પગપાળા એમની તરફ પધાર્યા અને એમની ગરદન પર તેમનો પવિત્ર પગ મૂકી દીધો. જ્યારે હઝરત સૌદા رضی اللہ عنہا એ સ્વપ્ન વિશે તેમના પતિને કહ્યું ત્યારે તેમણે કહ્યું કે જો તારું સ્વપ્ન સાચું હશે તો હું ચોક્કસ ટૂંક સમયમાં જ મૃત્યુ પામીશ અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તારી સાથે નિકાહ કરશે. ત્યારબાદ બીજી રાત્રિએ હઝરત સૌદા رضی اللہ عنہا એ એ સ્વપ્ન જોયું કે એક ચંદ્ર તૂટીને એમની છાતી પર પડયો છે. સવારે તેમણે આ સ્વપ્નની વાત પણ તેમના પતિને કરી, ત્યારે તેમના પતિ હઝરત સકરાન رضی اللہ عنہ એ ચોંકીને કહ્યું કે જો તારું આ સ્વપ્ન સાચું છે તો હું હવે બહુ જલ્દી મૃત્યુ પામીશ અને તમે મારા પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નિકાહ કરશો. ફળ સ્વરૂપ એવું જ બન્યું કે એ જ દિવસે હઝરત સકરાન رضی اللہ عنہ બીમાર થયા અને થોડાક દિવસો બાદ મૃત્યુ પામ્યા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૨૭)*

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ખદીજા رضی اللہ عنہا ના મૃત્યુ બાદ હંમેશ બહુ જ દુ:ખી અને ઉદાસ રહેતા હતા. આ જોઈને હઝરત ખૌલા બિન્તે હકીમ رضی اللہ عنہا એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં આ દરખાસ્ત કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ હઝરત સૌદા رضی اللہ عنہا સાથે નિકાહ કરી લો, જેથી આપનું ગૃહસ્થી જીવન વસી જાય અને એક વફાદાર તેમજ સેવાભાવી પત્નીની સંગત અને સાથથી આપનું દુ:ખ ટળી જાય. આપે

એમની આ નિખાલસ સલાહ સ્વીકારી લીધી. પરિણામે હઝરત ખૌલા رضی اللہ عنہا એ હઝરત સૌદા رضی اللہ عنہا ના પિતા સાથે વાતચીત કરીને સગપણ નિશ્ચિત કરાવી દીધું અને નિકાહ થઈ ગયો અને તેઓ ઉમ્મહાતુલ મુ'મિનીનના વર્તુળમાં આવી ગયાં અને તેઓ જીવનપર્યંત હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના પત્નિત્વના સદ્ભાગ્યથી નવાજાયેલાં રહ્યાં અને અતિ પ્રેમાળ નિષ્ઠા અને સ્નેહ સાથે આપનાં વફાદાર તેમજ સેવાભાવી રહ્યાં. તેઓ બહુ જ ઉદાર અને દાની હતાં. એક વખત હઝરત અમીરુલ્ મુ'મિનીન ઉમર رضی اللہ عنہ એ દિરહમ ભરેલો એક થેલો એમની સેવામાં મોકલ્યો. આપે પૂછયું કે આ શું છે ? લાવનારાએ જણાવ્યું કે દિરહમ છે. આપે ફર્માવ્યું કે શું દિરહમ ખજૂરોના થેલામાં મોકલાવાય છે ? આમ કહ્યું અને ઊભા થઈને એ જ સમયે બધા જ દિરહમ મદીનાના ગરીબો અને દરિદ્રોમાં વહેંચી દીધા.

હદીષના જાણીતા પુસ્તકોમાં એમની રિવાયત કરેલી પાંચ હદીષો વર્ણવાઈ છે. જેમાંથી એક હદીષ બુખારી શરીફમાં પણ છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત યહ્યા બિન અબ્દુર્રહ્માન رضی اللہ عنہما એમના શિષ્યોમાં ઘણા પ્રતિષ્ઠિત છે.

એમના મૃત્યુના વર્ષ બાબતે વિવિધ અને વિરોધાભાસી મંતવ્યો છે. ઈમામ ઝહબી અને ઈમામ બુખારી વિગેરેએ આ રિવાયતને સાચી ઠરાવી છે કે હઝરત ઉમર رضی اللہ عنہ ના અંતિમ ખિલાફતકાળમાં હિ.સ. ૨૩ માં મદીના મુનવ્વરામાં એમનું મૃત્યુ થયું. પરંતુ વાકેદીએ આ કથનને પ્રાધાન્યતા આપી છે કે એમના મૃત્યુનું વર્ષ હિ.સ. ૫૪ છે અને સાહિબે અકમાલે પણ એમનું મૃત્યુનું વર્ષ શવ્વાલ હિ.સ. ૫૪ જ લખ્યું છે. પરંતુ હઝરત અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ તેમના પુસ્તક "તકરીબુત્તહઝીબ"માં લખ્યું છે કે એમનું મૃત્યુ શવ્વાલ હિ.સ. ૫૫ માં થયું. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૨૨૯ અને અકમાલ, પેજ–૫૯૯)*

## ★ હઝરત આઈશા رضی اللہ عنہا ★

તેઓ અમીરુલ મુ'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના નૂરે નઝર અને નેક સુપુત્રી હતાં. એમની માનું નામ "ઉમ્મે રૂમાન" છે. તેઓ





છ વર્ષનાં હતાં ત્યારે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ એલાને નબુવ્વતના દસમા વર્ષે, શવ્વાલ મહિનામાં હિજરતથી ત્રણ વર્ષ પૂર્વે નિકાહ કર્યો અને શવ્વાલ હિજરી બે માં મદીના મુનવ્વરમાં તેઓ નબવી ઘરમાં દાખલ થયાં અને નવ વર્ષ સુધી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ની સાથે રહ્યાં. પુનિત પત્નીઓમાં તેઓ જ કુંવારાં હતાં અને સૌથી વધુ એ કે બારગાહે નબુવ્વતમાં અતિપ્રિય પત્ની હતાં. હુઝૂરે અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم નું એમના વિશે કહેવું છે કે કોઈ પણ ચાદરમાં મારા ઉપર વહી ઉતરી નથી, પરંતુ હઝરત આઈશા જ્યારે મારી સાથે નબવી પથારી પર ઊંઘતી રહે છે ત્યારે એ સ્થિતિમાં પણ મારા પર અલ્લાહની વહી ઉતરતી રહે છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૩૨)*

બુખારી અને મુસ્લિમની રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ આઈશા رضی اللہ عنہا ને કહ્યું કે ત્રણ રાત્રિઓમાં હું સ્વપ્નમાં એ જોતો રહ્યો કે એક ફરિશ્તો તમને એક રેશમી કાપડમાં લપેટીને મારી પાસે લાવતો રહ્યો અને મને એમ કહેતો રહ્યો કે આ આપની પત્ની છે. જ્યારે મેં તમારા ચહેરા પરથી કપડું હટાવીને જોયું તો ખરેખર તે તમે જ હતાં. ત્યારબાદ મેં મારા મનમાં કહ્યું કે જો આ સ્વપ્ન અલ્લાહ તઆલા તરફથી છે તો તે આ સ્વપ્નને પૂરું કરી દેખાડશે. (મિશ્કાત, ભાગ–૨, પેજ–૫૭૩) ફિકહ અને હદીષના શાસ્ત્રોમાં પુનિત પત્નીઓમાં એમનો દરજ્જો ઘણો ઉંચો છે. બે હજાર બસ્સો દસ હદીષો તેમણે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم થી રિવાયત કરી છે. એમની રિવાયત કરેલી હદીષોમાંથી એકસો ચુમોતેર (૧૭૪) હદીષો એવી છે જે બુખારી શરીફ અને મુસ્લિમ શરીફના પુસ્તકોમાં છે. અને ચોપ્પન (૫૪) હદીષો એવી છે જે માત્ર બુખારી શરીફમાં છે. અને અડસઠ (૬૮) હદીષો એવી છે જે માત્ર ઈમામ મુસ્લિમે પોતાના પુસ્તક સહીહ મુસ્લિમ શરીફમાં લખી છે. એ સિવાયની બાકી હદીષો હદીષના બીજા પુસ્તકોમાં લખાયેલી છે.

ઈબ્ને સઅદે હઝરત આઈશા رضی اللہ عنہ થી નકલ કરી છે કે પોતે હઝત આઈશા رضی اللہ عنہا ફર્માવતાં હતાં કે મને તમામ પુનિત પત્નીઓ પર એવી દસ શ્રેષ્ઠતાઓ પ્રાપ્ત છે જે અન્ય પુનિત પત્નીઓને પ્રાપ્ત નથી :–

**(૧)** હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ મારા સિવાય બીજી કોઈ કુંવારી સ્ત્રી સાથે નિકાહ કર્યો નથી.

**(૨)** મારા સિવાય પુનિત પત્નીઓમાં કોઈ પણ એવી નથી જેના માં બાપ બંને મુહાજિર હોય.

**(૩)** અલ્લાહ તઆલાએ મારી પવિત્રતા અને નિર્દોષતાનું બયાન આકાશ પરથી કુર્આનમાં ઉતાર્યું.

**(૪)** નિકાહ પૂર્વે હઝરત જિબ્રઈલ علیہ السلام એ એક રેશમી કપડામાં મારો ચેહરો હુઝૂર علیہ السلام ને દેખાડી દીધો હતો અને આપ ત્રણ રાતો સુધી સ્વપ્નમાં મને જોતા રહ્યા.

**(૫)** હું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક જ વાસણમાંથી પાણી લઈ સ્નાન કરતાં હતાં. આ સદ્ભાગ્ય મારા સિવાય પુનિત પત્નીઓમાંથી કોઈને પણ પ્રાપ્ત ન હતું.

**(૬)** હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم તહજ્જુદની નમાઝ પઢતા હતા, અને હું આપની આગળ ઊંઘતી રહેતી. ઉમ્મહાતુલ મુ'મિનીનમાંથી કોઈપણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આવા કૃપાળુ પ્રેમના ભાગ્યશાળી બન્યાં ન હતાં.

**(૭)** હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એક ચાદરમાં ઊંઘતી રહેતી અને આપ પર ખુદાની વહી નાઝિલ થયા કરતી હતી. આ ખુદાનું એ સન્માન છે જે મારા સિવાય હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કોઈ પુનિત પત્નીને મળ્યું ન હતું.

**(૮)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૃત્યુ સમયે હું તેમને ખોળામાં લઈને બેઠી હતી અને આપનું મુબારક માથું મારી છાતી અને ગળા વચ્ચે હતું અને એ જ સ્થિતિમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત થઈ.

**(૯)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મારા વારાના દિવસે ઈન્તેકાલ થયો.

**(૧૦)** હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક કબ્ર ખાસ મારા ઘરમાં બની. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૩૩)*

ઈબાદતમાં પણ આપનો ઘણો ઉચ્ચ દરજ્જો છે, આપના ભત્રીજા ઈમામ કાસિમ બિન મુહમ્મદ બિન અબૂબક્ર સિદીક رضی اللہ عنہم નું બયાન છે કે હઝરત આઈશા رضی اللہ عنہا દરરોજ નિરંતર તહજ્જુદની નમાઝ પઢવાના પાબંદ હતાં અને મોટે ભાગે રોઝેદાર જ રહેતાં હતાં.





દાન, સદકા, અને ખૈરાતના મામલામાં પણ તમામ ઉમ્મહાતુલ મુ'મિનીનમાં ખાસ કરીને ઘણા વિશિષ્ટ હતાં. ઉમ્મે દુર્રા رضی اللہ عنہا કહે છે કે હું હઝરત આઈશા رضی اللہ عنہا પાસે હતી એ સમયે એક લાખ દિરહમ લોકોમાં વહેંચી દીધા અને એક દિરહમ પણ ઘરમાં બાકી રાખ્યો નહીં. એ દિવસે તેમણે રોઝો રાખ્યો હતો, મેં કહ્યું કે આપે બધા જ દિરહમ વહેંચી નાખ્યા અને એક દિરહમ પણ રાખ્યો નહીં, જેથી આપ ગોશ્ત ખરીદીને રોઝો ઈફતાર કરતાં, તો આપે ફર્માવ્યું કે તમે મને જો પહેલાં કહ્યું હોત ત્યારે હું એક દિરહમનો ગોશ્ત મંગાવી લેતી.

હઝરત ઉર્વા બિન ઝુબૈર رضی اللہ عنہ જેઓ આપના ભાણેજ હતા, તેમનું કથન છે કે ફિકહ અને હદીષ ઉપરાંત મેં હઝરત આઈશા رضی اللہ عنہا થી ચડિયાતાં કોઈ અરબની શાયરીના જાણકાર જોયાં નથી. તેઓ વાતચીત દરમ્યાન દરેક પ્રસંગે કોઈને કોઈ શેર સંભળાવતાં રહેતાં જે સમયાનુસાર બંધબેસતો હોય.

તબીબી વિદ્યા અને બીમારોની દવા ઈલાજમાં પણ તેમની ઘણી જાણકારી હતી. હઝરત ઉર્વા બિન ઝુબૈર رضی اللہ عنہ કહે છે કે મેં એક દિવસે વિસ્મય પામતાં હઝરત આઈશા رضی اللہ عنہا થી કહ્યું કે હે અમ્માજાન ! મને આપના હદીષ અને ફિકહના જ્ઞાન પર કોઈ આશ્ચર્ય નથી, કેમ કે આપે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પત્નીત્વ અને સાથનું સદ્ભાગ્ય મેળવ્યું છે અને આપ રસૂલુલાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સૌથી વધુ માનીતા મુબારક પત્ની હતાં. એ જ રીતે મને એના પર કોઈ વિસ્મય કે આશ્ચર્ય નથી કે આપને આટલા બધા અરબીના શેઅર કેમ અને કઈ રીતે કંઠસ્થ થઈ ગયા ? કેમ કે હું જાણું છું કે આપ હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ નાં પુત્રી છો અને તેઓ અરબની શાયરીના જાણકાર હતા અને તેમને અસંખ્ય શેર મોઢે યાદ હતા. પરંતુ મને એ બાબતની નવાઈ લાગે છે કે આખરે આ તબીબી જાણકારી અને ઈલાજ તેમજ ચિકિત્સાની લાયકાત આપને ક્યાંથી અને કઈ રીતે પ્રાપ્ત થઈ ગઈ ? આ સાંભળીને હઝરત આઈશા رضی اللہ عنہا એ ફર્માવ્યું કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમના અંતિમ દિવસો દરમ્યાન ઘણી વખત બીમાર થઈ જતા હતા અને અરબ બહારના તબીબો આપના માટે દવાઓ સૂચવતા હતા અને એ દવાઓથી હું આપની ચિકિત્સા કરતી હતી. આથી મને તબીબી

જાણકારી પ્રાપ્ત થઈ ગઈ હતી.

આપના શિષ્યોમાં સહાબા અને તાબેઈનનો એક બહુ મોટો સમૂહ છે અને આપની શ્રેષ્ઠતાઓ અને પ્રશંસાઓમાં ઘણી હદીષો છે.

હિ.સ. ૫૭ કે ૫૮ ના રમઝાન મહિનાના મંગળવારની રાત્રિએ મદીના મુનવ્વરામાં આપનો વિસાલ થયું. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ આપની નમાઝે જનાઝા પઢાવી અને આપની વસિયત અનુસાર રાત્રે લોકોએ આપને જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં અન્ય પુનિત પત્નીઓની કબ્રોની પાસે દફન કર્યાં. *(અકમાલ વ હાશિયાએ અકમાલ, પેજ–૬૧૨, અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૩૪ થી ૨૩૫)*

## ★ હઝરત હફ્સા رضی اللہ عنہا ★

ઉમ્મુલ મુ'મિનીન હઝરત હફ્સા رضی اللہ عنہا ના પિતા અમીરુલ્ મુ'મિનીન હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ છે અને આપની માં હઝરત ઝૈનબ બિન્તે મઝઉીન رضی اللہ عنہا છે જેઓ એક મશહૂર સહાબિયા છે. હઝરત હફ્સા رضی اللہ عنہا પ્રથમ લગ્ન હઝરત ખુનૈસ બિન હુઝાફા સહમી رضی اللہ عنہ સાથે થયા હતા. અને તેમણે તેમના પતિ સાથે મદીના તૈયબા હિજરત પણ કરી હતી. પરંતુ તેમના પતિ જંગે બદર અથવા જંગે ઉહદમાં ઝખ્મી થઈ મૃત્યુ પામ્યા અને તેઓ વિધવા થઈ ગયાં. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હિ.સ. ૩ માં એમની સાથે નિકાહ કર્યો અને તેઓ ઉમ્મુલ મુ'મિનીન રૂપે નબવી ઘરમાં રહેવા ભાગ્યવાન બન્યાં.

તેઓ અતિભવ્ય, ઉચ્ચ હિમ્મતવાન અને દાનશીલ સ્ત્રી હતાં. સત્યભાષી, હાજર જવાબી અને બુદ્ધિમત્તામાં તેમના પિતા જેવો સ્વભાવ ધરાવતા હતા. મહદઅંશે તેઓ રોઝાદાર રહેતાં હતાં અને કુર્આન મજીદની તિલાવત અને અન્ય પ્રકારની ઈબાદતોમાં વ્યસ્ત રહેતાં હતાં. એમના સ્વભાવમાં સહેજ સખ્તાઈ હતી. આથી હઝરત અમીરુલ મુ'મિનીન ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ હંમેશ એ ચિંતામાં રહેતા હતા કે ક્યાંક એમની સખત વાતોથી હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નું દિલ ન દુભાય, આથી વારંવાર એમને કહેતા હતા કે, હે હફ્સા ! તમને જે વસ્તુની જરૂર હોય મારી પાસેથી માંગી લેવી, ખબરદાર ! ક્યારેય હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે કોઈપણ વસ્તુનો





તકાઝા ન કરતાં, ન કદીપણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ક્યારેય દિલ દુભાવતાં, નહીંતર યાદ રાખો કે જો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તમારાથી નારાજ થઈ ગયા તો તમે ખુદાના પ્રકોપનો ભોગ બનશો !

તેઓ બહુ જ ઈબાદતગુઝાર હોવાની સાથે સાથે ફિકહ અને હદીષમાં પણ એક વિશિષ્ટ દરજ્જો ધરાવે છે. તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાઈઠ (૬૦) હદીષો રિવાયત કરી છે જેમાંથી પાંચ હદીષો બુખારી શરીફમાં છે, બાકી હદીષો હદીષનાં અન્ય પુસ્તકોમાં સમાવિષ્ટ છે.

હદીષના જ્ઞાનમાં ઘણા સહાબા અને તાબઈન એમના શિષ્યોની યાદીમાં દેખાય છે. જેમાં સ્વયં એમના ભાઈ અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ બહુ જાણીતા છે. શાબાન હિ.સ. ૪૫ માં મદીના મુનવ્વરામાં તેમનો વિસાલ થયો. એ સમયે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ની હુકૂમત ચાલતી હતી અને મરવાન બિન હકમ મદીનાનો હાકેમ હતો તેમણે જ એમની નમાઝે જનાઝા પઢાવી અને થોડક અંતર સુધી એમના જનાઝાને પણ ઉઠાવ્યો, પછી હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કબ્ર સુધી કાંધો આપતા ચાલતા રહ્યા. એમના બે ભાઈઓ હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને હઝરત આસિમ બિન ઉમર رضی اللہ عنہما અને એમના ત્રણ ભત્રીજાઓ હઝરત સાલિમ બિન અબ્દુલ્લાહ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ અને હઝરત હમ્ઝા બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہم એ એમને કબ્રમાં ઉતાર્યાં. તેઓ જન્નતુલ બકીઅમાં અન્ય પુનિત પત્નીઓની પડખે દફનાવાયાં. મૃત્યુ સમયે એમની ઉંમર સાઠ કે ત્રેસઠ વર્ષની હતી. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૩૬ થી ૨૩૮)*

## ★ હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ★

તેમનું નામ "હિન્દ" છે અને કુન્નિયત "ઉમ્મે સલમા" છે. તેઓ તેમની કુન્નિયત દ્વારા જ મહદઅંશે ઓળખાયાં. તેમના પિતાનું નામ "હુઝૈફા" અને ઘણા ઈતિહાસકારો મુજબ "સુહેલ" છે. પરંતુ બધા જ ઈતિહાસકારો એ વાતે સર્વસંમત છે કે તેમની માં "આતિકા બિન્તે આમિર" છે. તેમનો નિકાહ પહેલાં હઝરત અબૂ સલમા અબ્દુલ્લાહ બિન અસદ رضی اللہ عنہ સાથે થયો હતો, જેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم દૂધ ભાઈ હતા. તેઓ બંને પતિ પત્ની નબુવ્વતના એલાન પછી સત્વરે ઈસ્લામની છત્રછાયામાં આવી

ગયા હતાં અને સૌ પ્રથમ એ બંનેએ હબશા તરફ હિજરત કરી પછી તેઓ બંને હબશાથી મક્કા મુકર્રમા આવી ગયાં હતાં. પછી બંનેએ મદીના મુનવ્વરા તરફ હિજરતનો નિર્ણય કર્યો પરિણામે હઝરત અબૂ સલમા رضی اللہ عنہ એ ઊંટ પર કાઠલો બાંધ્યો, અને હઝરત બીબી ઉમ્મે સલમા અને પોતાના ફરઝંદ સલમાને કાઠલામાં સવાર કરી દીધા. પણ જ્યારે ઊંટની દોરી પકડીને હઝરત અબૂ સલમા રવાના થયા તો હઝરત ઉમ્મે સલમાના પિયરવાળા બનૂ મુગીરહ દોડયા અને એ લોકો એ એવું કહ્યું કે અમે અમારા કુળની આ દીકરીને હરગિઝ મદીના નહીં લઈ જવા દઈએ, અને જબરદસ્તી એમને ઊંટ પરથી ઉતારી લીધાં. આ જોઈને હઝરત અબૂ સલમા رضی اللہ عنہ ના કુટુંબના લોકો પણ ક્રોધે ભરાયા અને એ લોકોએ ગુસ્સે થઈને કહ્યું કે તમે લોકો ઉમ્મે સલમાને માત્ર એ કારણે રોકો છો કે તે તમારા કુટુંબની દીકરી છે તો તેના બાળક સલમાને હરગિઝ હરગિઝ તમારી પાસે નહીં રહેવા દઈએ, કેમ કે આ બાળક અમારા કુટુંબની એક વ્યક્તિ છે. એમ કહીને બાળકને એની માતાના ખોળામાંથી લઈ લીધો. પરંતુ હઝરત અબૂ સલમા رضی اللہ عنہ એ હિજરત કરવાનું ટાળ્યું નહીં. બલ્કે પત્ની અને બાળક બંનેને છોડી દઈ એકલા મદીના મુનવ્વરા ચાલ્યા ગયા. હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا તેમના પતિ અને બાળકની જુદાઈના લીધે સવારથી સાંજ સુધી મક્કાની પથરાળી જમીન પર કોઈક ખડક ઉપર બેસીને લગભગ સાત દિવસો સુધી બસ રડતાં જ રહ્યાં. એમની આ દશા જોઈએ એમના એક પિતરાઈ ભાઈને એમના પર દયા આવી. તેમને બનૂ મુગીરહને સમજાવી મનાવીને આમ કહ્યું કે તમે લોકો આ ગરીબને એના પતિ અને બાળકથી કેમ વિખૂટી પાડી દીધી છે ? તમે લોકો એને કેમ જવા દેતા નથી કે તે તેના બાળકને સાથે લઈને તેના પતિ પાસે જતી રહે. પરિણામે બનૂ મુગીરહ એ વાત પર રાજી થયા કે તે મદીના ચાલ્યાં જાય. પછી હઝરત સલમાના કુટુંબના લોકો બનૂ અબ્દુલ અસદે પણ બાળકને હઝરત ઉમ્મે સલમાને સોંપી દીધા. અને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا બાળકને ગોદમાં લઈને ઊંટ પર સવાર થયાં અને એકલાં મદીના જવા ચાલી નીકળ્યાં. પરંતુ જ્યારે મુકામે "તન્ઈમ"માં પહોંચ્યાં ત્યારે ઉષ્માન બિન તલ્હાથી મુલાકાત થઈ ગઈ જે મક્કાનો જાણીતો એક ખૂબ જ સજ્જન માણસ હતો. તેણે





પૂછયું કે હે ઉમ્મે સલમા ! ક્યાં જવાનો વિચાર છે ?! તેમણે કહ્યું, હું મારા પતિ પાસે મદીના જઈ રહી છું. તેણે કહ્યું કે તમારી સાથે કોઈ નથી ?! હઝરત ઉમ્મે સલમાએ વેદનામય સ્વરમાં જવાબ આપ્યો કે ના ! મારી સાથે અલ્લાહ અને મારા બાળક સિવાય કોઈ નથી. આ સાંભળી ઉસ્માન બિન તલ્હાની સજ્જનતા જાગી ઉઠી અને તેણે કહ્યું કે ખુદાના સોગંદ ! મારા માટે એ ઉચિત નથી કે તમારા જેવી એક સજ્જન માણસની પત્નીને એકલી છોડી દઉં ! આટલું કહીને તેણે ઊંટની દોરી તેમના હાથમાં લઈ લીધી અને પગપાળા ચાલવા લાગ્યા. હઝરત ઉમ્મે સલમાનું બયાન છે કે ખુદાના સોગંદ ! મેં ઉષ્માન બિન તલ્હાથી વધારે સજ્જન કોઈ અરબીને જોયો નથી. જ્યારે અમે કોઈ મંઝિલે ઊંટ પરથી ઉતરતાં ત્યારે તે અલગ કોઈ વૃક્ષની નીચે સૂઈ જતો અને હું મારા ઊંટ પાસે સૂઈ જતી. ત્યારબાદ રવાનગી વખતે જ્યારે હું મારા બાળકને ગોદમાં લઈને ઊંટ ઉપર સવાર થઈ જતી તો તે ઊંટની લગામ પકડીને ચાલવા લાગતો. એ જ રીતે તેણે મને કુબા સુધી પહોંચાડી દીધી અને ત્યાંથી તે એમ કહીને જતો રહ્યો કે હવે તમે જાવ, તમારા પતિ આ જ ગામમાં છે. આમ હઝરત ઉમ્મે સલમા ખૈરિયતથી પહોંચી ગયાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૩૯)*

આ બંને પતિ પત્ની સુખ શાંતિથી મદીના મુનવ્વરામાં રહેવા લાગ્યાં. પરંતુ હિ. સ. ૪ માં જ્યારે તેમના પતિ હઝરત અબૂ સલમા رضی اللہ عنہ નું મૃત્યુ થઈ ગયું ત્યારબાદ તેમનાં કેટલાક બાળકો હોવા છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમની સાથે નિકાહ કરી લીધો અને તેઓ તેમના બાળકો સાથે નબવી ઘરમાં રહેવા લાગ્યા. અને ઉમ્મહાતુલ મુ'મિનીનના આદરણીય ઈલ્કાબથી સંબોધાયાં.

હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا રૂપ સ્વરૂપની સાથે સાથે બુદ્ધિમત્તામાં પણ એક ઉમદા ઉદાહરણ હતાં. ઈમામુલ હરમૈનનું બયાન છે કે હું હઝરત ઉમ્મે સલમા સિવાય કોઈ એવી સ્ત્રીને નથી જાણતો કે તેની સલાહ હંમેશા સાચી જ હોય. સુલહે હુદૈબિયાના દિવસે જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ લોકોને આદેશ આપ્યો કે પોત પોતાની કુર્બાનીઓ કરીને એહરામ ખોલી નાખે અને ઉમરહ કર્યા વગર સૌ પાછા મદીના ફરે. કેમ કે એ જ શરતે સુલેહ હુદૈબિયા થઈ છે તો લોકો એટલા દુઃખી હતા કે એ

શખ્સ કુર્બાનીની માટે તૈયાર ન હતો. હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સહાબાએ કિરામના આ વર્તાવથી મન દુઃખ થયું. આપે એ બાબત હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا ને જણાવી ત્યારે તેમણે એ સલાહ આપી કે હે રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ કોઈને કંઈ ન કહો અને પોતે પોતાની કુર્બાની ઝુબહ કરીને પોતાનો એહરામ ઉતારી નાખો. પરિણામે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આમ જ કર્યું. આ જોઈને કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એહરામ ખોલી નાખ્યો છે, બધા સહાબાએ કિરામ નિરાશ થઈ ગયા કે હવે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સુલહે હુદૈબિયાના કરારને ક્યારેય નહીં બદલે, આથી બધા જ સહાબાએ કિરામે પણ પોત પોતાની કુર્બાનીઓ કરીને એહરામ ઉતારી નાખ્યો અને બધા જ મદીના મુનવ્વરા પાછા જતા રહ્યા.

સ્વરૂપ અને સૌંદર્ય તેમજ બુદ્ધિચાતુર્યની સાથે ફિકહ અને હદીષમાં પણ તેમની નિપુણતા મુખ્યત્વે વિશિષ્ટ હતી. તેમણે ત્રણસો ઈઠોતેર (૩૭૮) હદીષો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે. અનેક સહાબા અને તાબઈન હદીષમાં એમના શિષ્યોમાં છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત આઈશા رضی اللہ عنہا પણ સામેલ છે. મદીના મુનવ્વરામાં ચોર્યાસી (૮૪) વર્ષની ઉંમરે તેમનું મૃત્યું હિ.સ. ૫૩ માં થયું. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ એમની નમાઝે જનાઝા પઢાવી. તેમને પુનિત પત્નીઓ સાથે જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં દફનાવાયાં કેટલાક ઈતિહાસકારોના કથન અનુસાર તેમનું મૃત્યુવર્ષ હિ.સ. ૫૯ છે. ઈબ્રાહીમ હરબીએ ફર્માવ્યું કે હિ.સ. ૬૨ માં એમનું મૃત્યુ થયું અને કેટલાકનું કથનાનુસાર હિ.સ. ૬૩ માં એમનું મૃત્યું થયું. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૩૮ થી ૨૪૨ અને અકમાલ વ હાશિયએ અઅ્માલ, પેજ–૫૯૯)*

## ★ હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ★

તેમનું મૂળ નામ "રમ્લા" છે. તેઓ મક્કાના સરદાર અબૂ સુફયાન બિન હરબનાં દીકરી છે. તેમની માનું નામ સુફિયા બિન્તે આસ છે. જેઓ અમીરુલ્ મુ'મિનીન હઝરત ઉષ્માન رضی اللہ عنہما ના ફોઈ છે.

તેઓ પહેલા ઉબૈદુલ્લાહ બિન જહશના નિકાહમાં આવ્યાં અને





પતિ પત્ની બંનેએ ઈસ્લામ સ્વીકાર્યો. બંને હિજરત કરીને હબશા ગયાં હતાં. પરંતુ હબશા પહોંચીને એમના પતિ ઉબૈદુલ્લાહ બિન જહશ પર એવી કમનસીબી છવાઈ કે તે ફરી જઈ નસરાની થઈ ગયો અને દારૂ પીતાં પીતાં નસરાનિયત પર જ મૃત્યુ પામ્યો.

ઈબ્ને સઅદે ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી આ રિવાયત કરી છે કે તેમણે હબશામાં એક રાત્રે આ સ્વપ્ન જોયું કે તેમના પતિ અબ્દુલ્લાહ બિન જહશનો ચેહરો અચાનક ઘણો કદરૂપો અને બેડોળ થઈ ગયો છે. તેઓ આ સ્વપ્નથી બહુ ગભરાઈ ગયાં. જ્યારે સવાર થઈ તો તેમણે અચાનક જોયું કે તેમના પતિ અબ્દુલ્લાહ બિન જહશે ઈસ્લામથી વિમુખ થઈ નસરાની ધર્મ કબૂલ કરી લીધો. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ તેમના પતિને તેમનું સ્વપ્ન સંભળાવીને ડરાવ્યા અને ઈસ્લામ તરફ બોલાવ્યા પરંતુ એ દુર્ભાગીએ એના પ્રત્યે ધ્યાન ન આપ્યું અને ધર્મપરિવર્તનની હાલતમાં જ મૃત્યુ પામ્યો પરંતુ હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا તેમના ઈસ્લામ પર દઢતાથી અડગ રહ્યાં. જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમની હાલતની જાણ થઈ ત્યારે કોમળ હૃદય પર ઊંડો આઘાત લાગ્યો. આપે એમના આ□ાસન માટે હઝરત અમ્ર બિન ઉમૈયા સમરી رضی اللہ عنہ ને નજ્જાશી હબશાના રાજા પાસે મોકલ્યા અને પત્ર લખ્યો કે તમે મારા વકીલ બનીને હઝરત ઉમ્મે હબીબા સાથે મારો નિકાહ કરી દો. નજ્જાશીને જ્યારે આ ફર્માને નબુવ્વત મળ્યું ત્યારે તેણે તેની એક દાસીને જેનું નામ "અબ્રહા" હતું હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا પાસે મોકલી અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંદેશની જાણ કરી. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا આ ખુશખબરી સાંભળીને એટલાં ખુશ થયાં કે તેમનાં કેટલાક ઘરેણા એ ખુશખબરીના ઈનામમાં અબ્રહાની દાસીને ઈનામરૂપે આપી દીધાં. અને હઝરત ખાલિદ બિન સઈદ બિન આસને જેઓ એમના મામાના દિકરા હતા તેમના નિકાહના વકીલ બનાવીને નજ્જાશી પાસે મોકલ્યા. નજ્જાશીએ પોતાના શાહી મહેલમાં નિકાહની મજલિસ યોજી અને હઝરત જાફર બિન અબી તાલિબ અને અન્ય સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن ને જેઓ એ સમયે હબશામાં મૌજૂદ હતા એ મજલિસમાં બોલાવ્યા અને પોતે જ ખુત્બો પઢીને સૌની સામે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નિકાહ કરી લીધો. અને ચારસો (૪૦૦) દીનાર

પોતાની પાસેથી મહેર અદા કરી જે એ જ સમયે હઝરત ખાલિદ બિન સઈદ رضی اللہ عنہ ને સોંપવામાં આવી. જ્યારે સહાબાએ કિરામ આ નિકાહની મજલિસમાંથી ઉઠવા લાગ્યા ત્યારે નજ્જાશી બાદશાહે કહ્યું કે આપ સૌ બેસી રહો. અંબિયા علیہم السلام ની આ પ્રણાલિ છે કે નિકાહ સમયે ભોજન કરાવવામાં આવે છે. આમ કહીને નજ્જાશીએ ભોજન મંગાવ્યું અને બધા જ સહાબાએ કિરામ ધરાઈને ખાઈને પોતપોતાના ઘેર રવાના થયા. પછી નજ્જાશીએ શરજીલ બિન હસ્ના رضی اللہ عنہ ની સાથે હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ને મદીના મુનવ્વરા હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં મોકલી દીધાં અને હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ હરમે નબવીમાં દાખલ થઈ ઉમ્મુલ મુ'મિનીનનો આદરણીય ઈલ્કાબ મેળવ્યો.

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا પવિત્ર હસ્તી અને સરાહનીય ખૂબીઓનાં ભંડાર, હિંમતવાન અને દાનશીલતાનો સ્વભાવ ધરાવતાં હતાં. દૃઢ ઈમાન ધરાવતાં હતાં. તેમના પિતા અબૂ સુફયાન જ્યારે કુફ્રની હાલતમાં હતા અને સુલેહ હુદૈબિયાના નવીનીકરણ માટે મદીના આવ્યા, ત્યારે નિઃસંકોચ એમના ઘરમાં જઈને નબીની પથારી પર બેસી ગયા. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ તેમના પિતાની જરાય પરવા ન કરી અને એમ કહીને તેમના પિતાને પથારી પરથી ઉઠાડી દીધા કે આ નબવી પથારી છે. હું ક્યારેય પસંદ કરી શકતી નથી કે એક નાપાક મુશ્રિક આ પાક પથારી પર બેસે !

હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا એ પાંસઠ હદીષો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે. જેમાંથી બે હદીષો બુખારી અને મુસ્લિમ બંને પુસ્તકોમાં મૌજૂદ છે. અને એક હદીષ એ છે જેને એકમાત્ર મુસ્લિમે રિવાયત કરી છે. બાકી હદીષો હદીષનાં અન્ય પુસ્તકોમાં મૌજૂદ છે. એમના શિષ્યોમાં એમના ભાઈ હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ અને એમની પુત્રી હઝરત હબીબા અને એમના ભાણેજ અબૂ સુફયાન બિન સઈદ ઘણા પ્રખ્યાત છે. હિ.સ. ૪૪ માં મદીના મુનવ્વરામાં એમનું મૃત્યું થયું. તેમને જન્નતુલ બકીઅમાં અન્ય પુનિત પત્નીઓ સાથે દફનાવાયા છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૪૨ થી ૨૪૫, અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૮૧ થી ૪૮૨)*





## ★ હઝરત ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا ★

તેઓ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં ફોઈ હઝરત ઉમૈમા બિન્તે અબ્દુલ મુત્તલિબનાં સુપુત્રી છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમના આઝાદ કરેલા ગુલામ હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ સાથે એમનો નિકાહ કરાવી દીધો હતો. પરંતુ, કેમ કે હઝરત ઝૈનબ رضی اللہ عنہا કુરૈશ ખાનદાનનાં એક પ્રતિષ્ઠિત સ્ત્રી હતાં અને સૌંદર્યમાં પણ તેઓ કુરૈશ ખાનદાનનાં બેનમૂન મહિલા હતાં. અને હઝરત ઝૈદ رضی اللہ عنہ ને જો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આઝાદ કરીને દત્તકપુત્ર બનાવ્યા હતા. આ કારણ છતાં તેઓ પહેલાં ગુલામ હોવાને કારણે હઝરત ઝૈનબ رضی اللہ عنہا તેમનાથી ખુશ ન હતાં. આથી અવારનવાર પતિ પત્નીમાં અણબનાવ રહેતો એટલે સુધી કે ઝૈદ رضی اللہ عنہ એ તેમને તલાક આપી દીધી. આ ઘટનાથી કુદરતી રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સદમો પહોંચ્યો. આથી જ્યારે તેમની ઈદ્દત પૂરી થઈ ગઈ તો કેવળ હઝરત ઝૈનબ رضی اللہ عنہا ની સાંત્વન ખાતર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને નિકાહનો સંદેશ મોકલાવ્યો, રિવાયત છે કે આ શુભ સમાચાર સાંભળીને હઝરત ઝૈનબ رضی اللہ عنہا એ બે રકાત નમાઝ પઢી અને સિજદામાં માથું નમાવી આ દુઆ માંગી કે હે ખુદાવંદ ! તારા રસૂલે મને નિકાહનો સંદેશ મોકલાવ્યો છે. જો તારી સમીપ એમના પત્નીત્વમાં પ્રવેશવાને લાયક સ્ત્રી છું તો હે અલ્લાહ ! તું એમની સાથે મારો નિકાહ કરાવી દે. એમની આ દુઆ તરત જ કબૂલ થઈ ગઈ અને આયત ઉતરી કે :–

فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا

**અર્થ** : "જ્યારે ઝૈદે એની સાથે હાજત પૂરી કરી લીધી (ઝૈનબને તલાક આપી દીધી અને ઈદ્દત પૂરી થઈ ગઈ) અમે એનો (ઝૈનબનો) આપની સાથે નિકાહ કરી દીધો." *(અહઝાબ)*

આ આયત ઉતર્યા બાદ હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ સ્મિત વેરતાં કહ્યું કે કોણ છે જે ઝૈનબ પાસે જશે અને આ ખુશખબરી સંભળાવશે કે અલ્લાહ તઆલાએ મારો નિકાહ એની સાથે કરી દીધો છે. આ સાંભળી આપની એક સેવિકા દોડતી હઝરત ઝૈનબ رضی اللہ عنہا પાસે પહોંચી અને આયત સંભળાવી ખુશખબરી આપી. હઝરત ઝૈનબ આ બશારતથી એટલાં ખુશ

થયાં કે તેમનું ઘરેણું ઉતારીને એ સેવિકાને ઈનામમાં આપી દીધું અને સિજદામાં ઝુકી ગયાં અને આ નેઅમતના ઉપકારમાં બે મહિના સુધી સતત રોઝા રાખ્યા.

રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ત્યારબાદ તરત જ હઝરત ઝૈનબ رضی اللہ عنہا ના ઘરે ગયા. તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ખુત્બા વગર અને સાક્ષીઓ વિના આપે મારી સાથે નિકાહ કરી લીધો ?! આપે કહ્યું, તારી સાથે મારો નિકાહ અલ્લાહ તઆલાએ કરી દીધો છે. અને હઝરત જિબ્રઈલ અને અન્ય ફરિશ્તા એ નિકાહના સાક્ષી છે. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم એ એમના નિકાહ સંદર્ભે જેટલી મોટી વલીમાની દા'વત કરી હતી એટલી મોટી વલીમાની દા'વત પુનિત પત્નીઓ પૈકી કોઈના નિકાહ માટે કરી નથી. આપે હઝરત ઝૈનબ رضی اللہ عنہا સાથેના નિકાહની દા'વતે વલીમામાં તમામ સહાબાએ કિરામને ગોશ્ત રોટી ખવડાવી.

એમની શ્રેષ્ઠતાઓ અને પ્રશંસામાં કેટલીક હદીષો પણ રિવાયત થયેલ છે. એક રિવાયતમાં છે કે એક દિવસે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારા મૃત્યુ બાદ પુનિત પત્નીઓમાંથી મારી એ પત્ની જે સૌથી પહેલાં મૃત્યુ પામી મને આવીને મળશે, જેનો હાથ સૌથી લાંબો છે. આ સાંભળી તમામ પુનિત પત્નીઓએ એક લાકડી વડે પોતપોતાનો હાથ માપ્યો, ત્યારે હઝરત સૌદા رضی اللہ عنہا નો હાથ સૌથી લાંબો નીકળ્યો. પરંતુ હઝરત علیہ الصلوٰۃ والتسلیم બાદ પુનિત પત્નીઓમાંથી સૌથી પહેલાં હઝરત ઝૈનબ رضی اللہ عنہا મૃત્યુ પામ્યાં ત્યારે બધાને જાણ થઈ કે લાંબો હાથ હોવાનો મતલબ પુષ્કળ દાન કરવું છે. કેમ કે હઝરત ઝૈનબ رضی اللہ عنہا તેમના હાથે હસ્તકળાનું કામ કરતાં હતાં અને એની આવક ગરીબો અને દરિદ્રો પર સદકો કરી દેતાં હતાં.

એમના મૃત્યુની જાણ જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہا ને થઈ ત્યારે તેમણે કહ્યું કે હાય ! એક પ્રશંસનીય સ્ત્રી જે સૌના માટે લાભદાયી હતી અને અનાથો તેમજ વૃદ્ધ સ્ત્રીઓનાં હૃદય ખુશ કરનારી હતી, આજે તે દુનિયામાંથી વિદાય થઈ ! હઝરત આઈશા رضی اللہ عنہا નું બયાન છે કે મેં ભલાઈ અને સચ્ચાઈમાં અને સગા સંબંધીઓ સાથે દયાભાવનાના મામલામાં હઝરત ઝૈનબ કરતાં ચડિયાતી કોઈ જ સ્ત્રી જોઈ નથી.

નકલ કરવામાં આવ્યું છે કે હઝરત ઝૈનબ رضی اللہ عنہا પુનિત પત્નીઓને મોટે ભાગે એમ કહેતાં હતાં કે મને ખુદાવંદે તઆલાએ એક





એવી શ્રેષ્ઠતા અર્પણ કરી છે જે પુનિત પત્નીઓમાંથી કોઈના ભાગ્યમાં આવી નથી. કેમ કે બધી પુનિત પત્નીઓનો નિકાહ એમના બાપ દાદાઓએ હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم સાથે કર્યો પંરતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મારો નિકાહ અલ્લાહ તઆલાએ કર્યો.

તેમણે અગ્યાર હદીષો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે : જેમાંથી બે હદીષો બુખારી અને મુસ્લિમ બંને પુસ્તકોમાં લખેલી છે.

નકલ કરવામાં આવ્યું છે કે જ્યારે હઝરત ઝૈનબ رضی اللہ عنہا ના મૃત્યુની જાણ હઝરત ઉમર رضی اللہ عنہ ને થઈ ત્યારે આપે આદેશ આપ્યો કે મદીનાની દરેક શેરીઓ અને બજારમાં એલાન કરવામાં આવે કે તમામ મદીનાવાસીઓ પોતાની પવિત્ર માંની નમાઝે જનાઝા માટે હાજર થાય. અમીરુલ્ મુ'મિનીને પોતે જ એમની નમાઝે જનાઝા પઢાવી. તેમને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં. તેમણે હિ.સ. ૨૦ કે ૨૧ માં ૫૩ વર્ષની ઉંમરે મદીના મુનવ્વરામાં દુનિયામાંથી વિદાય લીધી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૭૬ થી ૪૭૮)*

## ★ હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا ★

અજ્ઞાનકાળમાં કેમ કે તેઓ ગરીબો અને અનાથોને પુષ્કળ ભોજન કરાવતા હતા, તેથી એમનો ઈલ્કાબ "ઉમ્મુલ મસાકીન" (ગરીબોની માં) છે. પહેલા એમનો નિકાહ અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ સાથે થયો હતો. પરંતુ તેઓ જ્યારે જંગે ઉહદમાં શહીદ થઈ ગયા તો હિ.સ. ૩ માં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની સાથે નિકાહ કરી લીધો અને તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે નિકાહ બાદ માત્ર બે કે ત્રણ મહિના જીવતાં રહ્યાં અને રબીઉલ આખિર હિ.સ. ૪ માં ત્રીસ વર્ષની વયે મૃત્યુ પામ્યાં. જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં અન્ય પુનિત પત્નીઓ સાથે દફન કરવામાં આવ્યાં. તેઓ માંના સગા તરફથી હઝરત ઉમ્મુલ મુ'મિનીન બીબી મૈમૂના رضی اللہ عنہا નાં બહેન થાય. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૪૯)*

## ★ હઝરત મૈમૂના رضی اللہ عنہا ★

તેમના પિતાનું નામ હારિષ બિન હઝ્ન છે અને તેમની માં હિન્દ

બિન્તે ઔફ છે. હઝરત મૈમૂના رضی اللہ عنہا નું નામ પહેલા "બર્રહ" હતું પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમનું નામ બદલીને "મૈમૂના" (બરકત આપનાર) રાખ્યું.

તેઓ પહેલાં અબૂ રુહમ બિન અબ્દુલ ઉઝ્ઝાના નિકાહમાં હતાં પરંતુ જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم હિજરી ૪ માં ઉમરતુલ કઝા માટે મક્કા મુકર્રમા પધાર્યાં ત્યારે તેઓ વિધવા થઈ ગયાં હતાં. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ એમના વિશે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે વાતચીત કરી, ત્યારબાદ આપે એમની સાથે નિકાહ કરી લીધો અને ઉમરતુલ્ કઝાથી પાછા ફરતાં "સરિફ" મુકામે એમને પોતાની સાથે લઈ લીધાં.

હઝરત મૈમૂના رضی اللہ عنہا ની ચાર સગી બહેનો છે જેમનાં નામ આ પ્રમાણે છે :–

**(૧)** ઉમ્મુલ ફઝલ લુબાબતુલ કુબરા. તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ નાં પત્ની છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ તેમની કૂખે જ જન્મ્યા હતા.

**(૨)** લુબાબતુસ્સુગરા તેઓ હઝરત ખાલિદ બિન વલીદ સૈફુલ્લાહ رضی اللہ عنہ ની માં છે.

**(૩)** અસ્મા તેઓ ઉબૈય બિન ખલફ સાથે પરણાવાયાં હતાં. તેમણે ઈસ્લામ કબૂલ કર્યો અને સહાબિયાતમાં તેમની ગણના થાય છે.

**(૪)** ઈઝ્ઝા, તેઓ પણ સહાબિયા છે, જેઓ ઝિયાદ બિન માલિકના પત્ની હતાં.

હઝરત મૈમૂના رضی اللہ عنہا ની આ સગી બહેનો ઉપરાંત એ બહેનો જેઓ માત્ર માં તરફથી છે તેઓ પણ ચાર છે જેમનાં નામ આ પ્રમાણે છે :–

**(૧)** અસ્મા બિન્તે ઉમૈસ. તેઓ પહેલાં હઝરત જા'ફર બિન અબી તાલિબ رضی اللہ عنہ ના ઘરમાં હતાં. તેમનાથી અબ્દુલ્લાહ તથા ઔન અને મુહમ્મદ رضی اللہ عنہم એમ ત્રણ પુત્રો થયા જ્યારે હઝરત જા'ફર رضی اللہ عنہ "જંગે મૌતા"માં શહીદ થઈ ગયા ત્યારે તેમની સાથે હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ નિકાહ કરી લીધો અને તેમનાથી મુહમ્મદ બિન અબૂબક્ર رضی اللہ عنہ





જન્મ્યા. પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના મૃત્યુ બાદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ તેમની સાથે નિકાહ કરી લીધો અને તેમનાથી પણ એક પુત્ર થયો જેમનું નામ "યહ્યા" હતું.

**(૨)** સલમા બિન્તે ઉમૈસ. તેઓ પ્રથમ સૈયદુશ્શોહદા હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના નિકાહમાં આવ્યા અને તેમનાથી એક પુત્રી થઈ જેમનું નામ "અમતુલ્લાહ" હતું. હઝરત હમ્ઝા رضی اللہ عنہ ની શહાદત બાદ એમની સાથે શદ્દાદ બિન અલ હાદ رضی اللہ عنہ એ નિકાહ કર્યો અને એમનાથી અબ્દુલ્લાહ અને અબ્દુર્રહ્માન رضی اللہ عنہما એમ બુ પુત્રો થયા.

**(૩)** સુલામા બિન્તે ઉમૈસ. એમનો નિકાહ અબ્દુલ્લાહ બિન કઅબ رضی اللہ عنہ સાથે થયો હતો.

**(૪)** ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا જેઓ ઉમ્મુલ મસાકીનના લકબથી ઓળખાયાં, જેમનું વર્ણન પહેલાં થઈ ચૂક્યું છે.

**(૫)** હઝરત મૈમૂના رضی اللہ عنہا ની માં "હિંદ બિન્તે ઔફ" સંદર્ભે સામાન્ય રીતે એવું કહેવાય છે કે જમાઈઓની હૈસિયતથી ધરતી પર કોઈ વુદ્ધા એમના કરતાં વધારે ખુશનશીબ થઈ નથી. કેમ કે એમના જમાઈઓની યાદીમાં મહાન હસ્તીઓનો સમાવેશ છે.

**(૧)** રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم **(૨)** હઝરત અબૂબક્ર **(૩)** હઝરત અલી **(૪)** હઝરત હમ્ઝા **(૫)** હઝરત અબ્બાસ **(૬)** હઝરત શદ્દાદ બિન હાદ. આ બધા સદ્ગૃહસ્થો હિંદ બિન્તે ઔફ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત હિંદ બિન્તે ઔફના જમાઈઓ છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૫૧ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૮૪)*

હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا થી કુલ છોત્તેર (૭૬) હદીષો રિવાયત થઈ છે જેમાંથી સાત હદીષ એવી છે જે બુખારી અને મુસ્લિમ બંને પુસ્તકમાં સામેલ છે અને એક હદીષ માત્ર બુખારીમાં છે અને એક હદીષ એવી છે જે માત્ર મુસ્લિમમાં છે અને બાકી હદીષો હદીષના અન્ય પુસ્તકોમાં મૌજૂદ છે.

તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અંતિમ પત્ની છે. તેમના પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બીજી કોઈ સ્ત્રી સાથે નિકાહ ન કર્યો. તેમના મૃત્યુવર્ષમાં

ઈતિહાસકારોનો મતભેદ છે. પરંતુ જાણીતું કથન એ છે કે તેમનું હિ.સ. ૫૧ માં "સરિફ" મુકામે મૃત્યુ થયું જ્યાંથી રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે પ્રથમ મુલાકાત અને રુખ્સતી થઈ ગઈ હતી. ઈબ્ને સઅ્દે વાકેદીથી નકલ કર્યું છે કે તેમનું હિ. સ. ૬૧ માં મૃત્યું થયું. અને ઈબ્ને ઈસ્હાકના વર્ણવ્યા અનુસાર હિ.સ. ૬૩ એમનું મૃત્યું વર્ષ છે. વલ્લાહુ અઅ્લમ.

એમના મૃત્યુ સમયે એમના ભાણેજ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما મૌજૂદ હતા. તેમણે જ આપની નમાઝે જનાઝા પઢાવી તેમજ કબ્રમાં ઉતાર્યાં. મુહદ્દિષ અતાનું બયાન છે કે અમે સૌ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما સાથે હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا ના જનાઝામાં સામેલ હતા. જ્યારે જનાઝો ઉઠાવ્યો ત્યારે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما એ બુલંદ અવાજે કહ્યું કે, હે લોકો ! આ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં પત્ની છે ! તમે લોકો એમના જનાઝાને એકદમ ધીમે ધીમે લઈને ચાલો અને એમના પવિત્ર મૃતદેહને હલાવતા નહીં. હઝરત યઝીદ બિન અસમ رضی اللہ عنہ કહે છે કે અમે લોકોએ હઝરત બીબી મૈમૂના رضی اللہ عنہا ને મુકામે સરિફમાં એ જ જગ્યાએ દફન કર્યાં જ્યાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પ્રથમવાર તેમની સમીપતાથી નવાજ્યાં હતાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૫૩)*

## ★ હઝરત જુવૈરિયા رضی اللہ عنہا ★

તેઓ બની મુસ્તલક કબીલાના મુખ્ય સરદાર હારિષ બિન ઝિરારનાં પુત્રી છે. "ગઝવએ મુરીસીઅ" માં કુફ્ફારો મુસલમાનોના હાથે કેદ પકડાયા હતા એમના પૈકી હઝરત જુવૈરિયા رضی اللہ عنہا પણ હતા. જ્યારે કેદીઓને ગુલામ દાસી બનાવીને મુજાહિદીનોમાં વહેંચવામાં આવ્યા ત્યારે હઝરત જુવૈરિયા رضی اللہ عنہا, હઝરત ષાબિત બિન કૈસ رضی اللہ عنہ ના ભાગમાં આવ્યાં. તેમણે તેમની સાથે લખાણ કરી લીધું અર્થાત એમ લખીને આપી દીધું કે તમે આટલી રકમ મને આપી દો તો હું તમને આઝાદ કરી દઈશ. હઝરત જુવૈરિયા رضی اللہ عنہا, બારગાહે રિસાલતમાં હાજર થયાં અને અરજ ગુજારી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું અમારા કબીલાના મુખ્ય સરદાર હારિષ બિન ઝિરારની પુત્રી છું અને મુસલમાન થઈ ચૂકી છું. ષાબિત





બિન કૈસે મને લખાણ આપ્યું છે પરંતુ મારી પાસે એટલાં નાણાં નથી કે હું એ નાણા ભરપાઈ કરી આઝાદ થઈ જાઉં. આથી આપ અત્યારે મારી આર્થિક સહાય કરો, કેમ કે મારું આખું કુટુંબ આ યુદ્ધમાં પકડાઈ ગયું છે. અને અમારી બધી જ સાધન સંપત્તિ મુસલમાનોના હાથમાં માલેગનીમત બની ચૂકી છે અને અત્યારે હું અત્યંત દરિદ્રતા અને નિઃસહાય દશામાં છું. હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમની ફરિયાદ સાંભળી એમના પર દયા આવી ગઈ, આપે ઈર્શાદ ફર્માવ્યો કે હું એનાથી બેહતર વર્તાવ તમારી સાથે કરું તો શું તમે એને માન્ય રાખશો ? તેમણે પૂછયું કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપ મારી સાથે કેવો વર્તાવ કરશો ?! આપે ફર્માવ્યું કે હું ઈચ્છું છું કે તમારા લખાણ બદલ બધી જ રકમ સ્વયં તમારા તરફથી ચૂકવી દઉં, પછી તમને આઝાદ કરીને પોતે તમારી સાથે નિકાહ કરી લઉં જેથી તમારી કૌટુંબિક પ્રતિષ્ઠા અને આદર જળવાઈ રહે. આ સાંભળી હઝરત જુવૈરિયા رضی اللہ عنہا ની પ્રસન્નતા અને ખુશીનો કોઈ પાર ન રહ્યો, તેમણે એ સન્માનને સહર્ષ સ્વીકારી લીધું. આમ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદલાના લખાણ મુજબ પૂરેપૂરાં નાણાં ચૂકવીને તેમને આઝાદ કરાવીને પોતાની પુનિત પત્નીઓમાં સામેલ કરી લીધાં અને તેઓ ઉમ્મુલ મુ'મિનીનના સન્માનથી નવાજાયાં.

જ્યારે ઈસ્લામી સૈન્યમાં આ ખબર ફેલાઈ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત જુવૈરિયા رضی اللہ عنہا સાથે નિકાહ કરી લીધો, ત્યારે તમામ મુજાહિદીન એક થઈને કહેવા લાગ્યા કે જે ખાનદાનમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નિકાહ કર્યો એ ખાનદાનની કોઈ વ્યક્તિ દાસી કે ગુલામ રહી શક્તી નથી. પરિણામે એ ખાનદાનની જેટલી દાસી કે ગુલામ ઈસ્લામના મુજાહિદોના કબજામાં હતા તરત જ બધા આઝાદ કરવામાં આવ્યા.

એ જ કારણે હઝરત આઈશા رضی اللہ عنہا, આ ફર્માવતાં હતાં કે દુનિયામાં કોઈ સ્ત્રીનો નિકાહ હઝરત જુવૈરિયાના નિકાહ કરતાં વધારે મુબારક પુરવાર થયો નથી. કેમ કે એ નિકાહના કારણે સમગ્ર બની મુસ્તલક ખાનદાનને ગુલામીમાંથી મુક્તિ મળી ગઈ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૫૪)*

હઝરત જુવૈરિયા رضی اللہ عنہا નું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મારા કબીલામાં આવવાની ત્રણ રાત્રિઓ પહેલાં મેં એ સ્વપ્નું જોયું કે મદીના

તરફથી એક ચંદ્ર આવીને મારા ખોળામાં પડયો. મેં કોઈને પણ આ સ્વપ્ન અંગે જાણ ન કરી. પરંતુ જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ મારી સાથે નિકાહ કરી લીધો ત્યારે મેં સમજી લીધું કે એ જ એ સ્વપ્નનું સ્વપ્નફળ છે. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૨૫૪)*

તેમનું મૂળ નામ"બર્રહ" (ભલાઈ કરનાર) હતું. કેમ કે આ નામથી મોટાઈ અને વડપણ જાહેર થતું હતું તેથી આપે એમનું નામ બદલીને "જુવૈરિયા" (નાની કિશોરી) રાખ્યું. તેઓ અતિ ઈબાદગુજાર સ્ત્રી હતાં. નમાઝે ફજરથી નમાઝે ચાશ્ત સુધી હંમેશ વિર્દ અને વઝીફાઓમાં તલ્લીન રહેતાં હતાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૭૯)*

હઝરત જુવૈરિયા رضی اللہ عنہا ના બે ભાઈ અબ્દુલ્લાહ બિન હારિષ, અમ્ર બિન હારિષ અને તેમની એક બહેન અમરહ બિન્તે હારિષ, એ ત્રણે મુસલમાન થઈ સહાબિયતથી નવાજાયાં.

એમના ભાઈ અબ્દુલ્લાહ બિન હારિષના ઈસ્લામ સ્વીકારનો પ્રસંગ અતિ આશ્ચર્યજનક છે અને રસિક પણ છે. તેઓ તેમની કૌમના કેદીઓને છોડાવવા માટે દરબારે રિસાલતમાં ઉપસ્થિત થયા. તેમની કેટલીક ઊંટણીઓ અને દાસીઓ હતી. તેમણે એ સર્વેને એક પર્વતની ઘાટીમાં સંતાડી દીધાં અને એકલા બારગાહે રિસાલતમાં હાજર થયા અને યુદ્ધ કેદીઓની મુક્તિ માટે દરખાસ્ત કરી. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમે કેદીઓને ફિદયા (મુક્તિ વળતર) પેટે શું લાવ્યા છો ? તેમણે કહ્યું, મારી પાસે તો કંઈ નથી. આ સાંભળી આપે ફર્માવ્યું કે તમારી એ ઊંટણીઓ ક્યાં ગઈ ? અને તમારી એ દાસીઓ ક્યાં ગઈ ? જેને તમે ફલાણી ઘાટીમાં સંતાડીને આવ્યાં ! નબી ﷺ ના મુખેથી આ ગૈબી ઈલ્મની ખબર સાંભળી અબ્દુલ્લાહ બિન હારિષ સ્તબ્ધ થઈ ગયા કે છેવટે હુઝૂર ﷺ ને મારી ઊંટણીઓ તથા લોંડીઓની ખબર કઈ રીતે થઈ ગઈ ? એકદમ એક અંધાર્યા દિલમાં હુઝૂર ﷺ ની સચ્ચાઈ અને આપની નબુવ્વતનો નૂર ઝબૂકી ઉઠયો અને તેઓ તરત જ કલમો પઢીને ઈસ્લામમાં દાખલ થઈ ગયા.

હઝરત જુવૈરિયા رضی اللہ عنہا એ સાત હદીષો પણ રસૂલુલ્લાહ ﷺ થી રિવાયત કરી છે. જેમાંથી બે હદીષો બુખારી શરીફ અને બે હદીષો મુસ્લિમ શરીફમાં છે. બાકી ત્રણ હદીષો અન્ય પુસ્તકોમાં વર્ણવાયેલી





છે. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર અને હઝરત ઉબૈદ બિન અબ્બાસ અને એમના ભત્રીજા હઝરત તુફૈલ વિગેરે رضی اللہ عنہم એ એમનાથી રિવાયત કરી છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૮૧ અને ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૫૫)*

હિ.સ. ૫૦ માં પાંસઠ વર્ષનું આયુષ્ય ભોગવી તેઓ મદીના તૈયબામાં મૃત્યુ પામ્યાં. મદીનાના હાકેમ મરવાને એમની નમાઝે જનાઝા પઢાવી. તેમને જન્નતુલ બકીઅ કબ્રસ્તાનમાં દફન કરવામાં આવ્યાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૫૫ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૮૧)*

## ★ હઝરત સફિય્યા رضی اللہ عنہا ★

એમનું મૂળ નામ ઝૈનબ હતું. રસૂલે ખુદા ﷺ એ એમનું નામુ "સફિય્યા" રાખ્યું હતું. તેઓ યહૂદીઓના કબીલા બનૂ નઝીરનાં મુખ્ય સરદાર હુયઈ બિન અખ્તબનાં પુત્રી હતાં. એમની માનું નામ "ઝર્રા બિન્તે સમૌઉલ" છે. તેઓ બની ઈસરાઈલ વંશમાંથી હઝરત મૂસા علیہ السلام ના ભાઈ હઝરત હારૂન علیہ السلام ના વંશજ છે. તેમનો પતિ કનાના બિન અબી હુકૈક પણ બનૂ નુઝૈર કબીલાનો મોટો શ્રીમંત હતો જે ખૈબરના યુદ્ધમાં કતલ થયો.

મુહર્રમ હિ.સ. ૭ માં જ્યારે ખૈબર મુસલમાનોએ જીતી લીધું અને બધા જ યુદ્ધ કેદીઓ એકઠા કરવામાં આવ્યા ત્યારે હઝરત દિહયા બિન ખલૈફા કલ્બી رضی اللہ عنہ બારગાહે રિસાલતમાં આવ્યા અને એક દાસીની માંગણી કરી. આપે ફર્માવ્યું કે તમે તમારી પસંદની આ કેદઓમાંથી કોઈ દાસી લઈ લો. તેમણે હઝરત સફિય્યા رضی اللہ عنہا ને લઈ લીધાં. પરંતુ એક સહાબીએ અરજ ગુજારી, યા રસૂલલ્લાહ ! ﷺ હઝરત સફિય્યા બનૂ કુરૈઝા અને બનૂ નઝીરનાં રાજકુમારી છે. એમની વંશીય પ્રતિષ્ઠાનો આ તકાઝો છે કે આપ એમને પોતાની પુનિત પત્નીઓમાં સામેલ કરી લો. આથી આપે એમને દહયા કલ્બી رضی اللہ عنہ પાસેથી લઈ લીધાં એમના બદલે તેમને એક બીજી દાસી અર્પણ કરી. પછી હઝરત સફિય્યા رضی اللہ عنہا ને આઝાદ કરી એમની સાથે નિકાહ કરી લીધો. જંગે ખૈબર પછી પાછા ફરતાં "સહબા" મુકામે ત્રણ દિવસો સુધી તેમને પોતાના તંબૂમાં સમીપતાથી

નવાજ્યાં, દા'વતે વલીમામાં ખજૂર, ઘી, પનીરનો માલીદો સહાબાએ કિરામને ખવડાવ્યો જેનું વિસ્તૃત વર્ણન જંગે ખૈબરમાં થઈ ચૂક્યું છે. હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત બીબી સફિય્યા رضی اللہ عنہا પર વધુ ધ્યાન અને ઘણો હેત રાખતા હતા અને એમનું એટલું બધું ધ્યાન રાખતા હતા કે હઝરત આઈશા رضی اللہ عنہا નું સ્વમાન ઘવાવા લાગતું હતું.

એવું વર્ણવવામાં આવ્યું છે કે એક વખત હઝરત આઈશા رضی اللہ عنہا એ હઝરત બીબી સફિય્યા رضی اللہ عنہا વિશે એમ કહી દીધું કે, "તે તો ઠીંગણા છે." ત્યારે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હે આઈશા ! તેં એવી વાત કરી નાખી કે જો તારા આ સંબોધનને દરિયામાં નાખી દેવામાં આવે તો તે દરિયો વિકૃત બની જાય. (અર્થાત : આ નિંદા છે જે બહુ જ ખરાબ વાત છે.) એ જ રીતે એક વખત મુસાફરીમાં હઝરત સફિય્યા رضی اللہ عنہا નો ઊંટ ઝખ્મી થઈ ગયો અને હઝરત ઝૈનબ رضی اللہ عنہا પાસે વધારાનો ઊંટ હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હે ઝૈનબ ! તમે તમારો ઊંટ સફિય્યાને આપી દો. હઝરત ઝૈનબે આવેશમાં આવી જઈ એમ કહી દીધું કે હું આ યહૂદિયાને મારી કોઈ વસ્તુ નહીં આપું આ સાંભળી હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત ઝૈનબ પર એવા નારાજ થયા કે બે ત્રણ મહિના સુધી એમની પથારી પર આપે પગ ન મૂક્યો. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૪૮૩)*

તિર્મિઝી શરીફની રિવાયત છે કે એક દિવસ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ જોયું કે હઝરત સફિય્યા رضی اللہ عنہا રડી રહ્યાં છે. આપે રડવાનું કારણ પૂછયું, તો તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હઝરત આઈશા અને હઝરત હફ્સાએ એમ કહ્યું છે કે અમે બંને દરબારે રિસાલતમાં તમારાથી વધારે આદરણીય છીએ કેમ કે અમારો વંશ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે મળે છે. આ સાંભળી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, હે સફિય્યા ! તમે એ બંનેને એમ કેમ ન કહી દીધું કે તમે બંને મારા કરતાં શ્રેષ્ઠ કઈ રીતે હોઈ શકો ?! હઝરત હારૂન علیہ الصلوٰۃ والتسلیم મારા પિતા છે, મૂસા علیہ الصلوٰۃ والتسلیم મારા કાકા છે અને હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મારા પતિ છે ! *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૫૯)*

તેમણે દસ હદીષો પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે. જે પૈકી એક હદીષ બુખારી અને મુસ્લિમ બંને પુસ્તકોમાં છે અને બાકીની નવ હદીષો અન્ય પુસ્તકોમાં છે.





એમના મૃત્યુ વર્ષમાં મતભેદ છે, વાકેદીનું કહેવું છે કે હિ.સ. ૫૦ માં તેઓ પડદે થઈ ગયાં હતાં. ઈબ્ને સઅ્દે લખ્યું છે કે હિ.સ. ૫૨ માં તેઓ અવસાન પામ્યાં. એ સમયે તેઓ ૬૦ વર્ષના હતાં. તેમને પણ મદીનાના નામાંકિત કબ્રસ્તાન જન્નતુલ બકીઅમાં દફનાવવામાં આવ્યાં. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૫૯, અને મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૪૮૩)*

શહનશાહે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ એ અગ્યાર પુનિત પત્નીઓ છે જેમના પર બધા જ ઈતિહાસકારોની સંમતિ છે. એમનામાંથી હઝરત ખદીજા رضی اللہ عنہا નું હિજરત પહેલાં જ મૃત્યુ થઈ ગયું હતું. હઝરત ઝૈનબ બિન્તે ખુઝૈમા رضی اللہ عنہا જેમનો લકબ "ઉમ્મુલ્ મસાકીન" છે, અમે લખી ચૂક્યા છીએ કે નિકાહના બે ત્રણ મહિના બાદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતીમાં જ એમનો વિસાલ થઈ ગયો હતો. હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ના મૃત્યુ સમયે આપની નવ પત્નીઓ હયાત હતી. જે પૈકી આઠના આપે વારા નિર્ધારિત કર્યા હતા. કેમ કે હઝરત સૌદા رضی اللہ عنہا તેમનો વારાનો દિવસ હઝરત આઈશા رضی اللہ عنہا ને અર્પણ કરી દીધો હતો. એ નવ પુનિત પત્નીઓમાંથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૃત્યુ બાદ સૌ પ્રથમ હઝરત ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا નું મૃત્યુ થયું અને સૌથી છેલ્લે હિ.સ. ૬૨ કે ૬૩ માં હઝરત બીબી ઉમ્મે સલમા رضی اللہ عنہا નો વિસાલ થયો. એમના વિસાલ બાદ દુનિયા ઉમ્મહાતુલ મુ'મિનીનથી ખાલી થઈ ગઈ.

## ★ પુનિત દાસીઓ ★

પુનિત પત્નીઓ ઉપરાંત હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ચાર દાસીઓ પણ હતી જે આપની સેવા માટે હતી. જેમના નામ આ પ્રમાણે છે :-

### ★ હઝરત મારિયા કિબ્તિયા رضی اللہ عنہا ★

તેમને મિસર અને એલેકઝાન્ડ્રિયાના બાદશાહ મુકૌકિસ કિબ્તીએ બારગાહે અકદસમાં કેટલાક નજરાણા અને ભેટો સાથે બખ્શિશ રૂપે અર્પણ કર્યા હતાં. એમની માં રોમન હતાં અને બાપ મિસરી, આથી તેઓ અત્યંત સ્વરૂપમાન હતાં. તેઓ હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ના પુત્રની માં છે. કેમ કે આપના પુત્ર હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ એ એમની જ કૂખે જન્મ્યા હતા.

દાસી હોવા છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમને પર્દામાં રાખતા હતા. એમના માટે મદીના તૈયબાની નજીક ''મકામે આલિયા''માં આપે એક જૂદુ ઘર બંધાવ્યું હતું જેમાં આપ રહેતાં હતાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એમની પાસે જતા હતા. વાકેદીનું બયાન છે કે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم બાદ અમીરુલ મુ'મિનીન હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ જીવન પર્યંત એમના ભરણપોષણની વ્યવસ્થા કરતા રહ્યા. તેમના પછી અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ આ સેવા બજાવતા રહ્યા, એટલે સુધી કે હિ.સ. ૧૫ કે ૧૬ માં એમનો વિસાલ થઈ ગયો. અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ એમની નમાઝે જનાઝામાં સામેલ થવા માટે વિશેષ રૂપે લોકોને ભેગા કર્યા. પોતે જ એમની નમાઝે જનાઝા પઢાવીને એમને જન્નતુલ બકીઅમાં દફનાવ્યાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૭૧ થી ૨૭૨)*

## ★ હઝરત રૈહાના رضی اللہ عنہا ★

તેઓ યહૂદી બનૂ કુરૈઝા ખાનદાનનાં હતાં. કેદમાંથી પકડાઈને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યાં. પરંતુ તેમણે કેટલાક દિવસો સુધી ઈસ્લામ અંગીકાર કર્યો ન હતો જેથી હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એમનાથી નારાજ રહેતા હતા. પરંતુ અચાનક એક દિવસે એક સહાબીએ આવીને આ ખુશખબરી સંભળાવી કે યા રસૂલલ્લાહ ! રૈહાનાએ ઈસ્લામ સ્વીકારી લીધો. આ ખબરથી આપ ખૂબ ખુશ થયા અને આપે એમને કહ્યું કે હે રૈહાના ! જો તમે ઈચ્છો તો હું તમને આઝાદ કરીને તમારી સાથે નિકાહ કરી લઉં. પરંતુ તેમણે એ ગુજારિશ કરી કે, યા રસૂલલ્લાહ ! આપ મને આપની દાસી જ બનાવીને રાખો મારા અને આપના બંનેના હિતમાં સારું અને સરળ રહેશે.

હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم ની મૌજૂદગીમાં જ એટલે કે જ્યારે આપ હુજ્જતુલ વિદાઅથી પરત આવ્યાં ત્યારે હિ.સ. ૧૦ માં એમનો વિસાલ થયો અને જન્નતુલ બકીઅમાં દફનાવાયાં. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૨૭૩)*

## ★ હઝરત નફીસ رضی اللہ عنہا ★

તેઓ પહેલાં હઝરત ઝૈનબ બિન્તે જહશ رضی اللہ عنہا ની માલિકીમાં





દાસી હતાં. તેમણે તેમને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં નજરાણાં રૂપે વકફ કર્યાં હતાં. ત્યારબાદ તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબવી ઘરમાં દાસી તરીકે રહેવા લાગ્યાં હતાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૭૪)*

## ★ ચોથી દાસી સાહેબા ★

અન્ય દાસીઓ ઉપરાંત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક ચોથી દાસી સાહેબા પણ હતાં જેમના વિશે સામાન્ય રીતે ઈતિહાસકારોએ લખ્યું છે કે એમનું નામ ખબર નથી. તેઓ પણ કોઈ યુદ્ધમાં કેદમાં પકડાઈને બારગાહે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم નાં દાસી બનીને આપની સોહબતના સદ્ભાગી રહ્યાં હતાં. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૨૭૪)*

## ★ મુબારક સંતાનો ★

આ બાબતે તમામ ઈતિહાસકારો સર્વસંમત છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક સંતાનોની સંખ્યા ૬ (છ) છે. બે પુત્રો : હઝરત કાસિમ અને હઝરત ઈબ્રાહીમ અને ચાર પુત્રીઓ : હઝરત ઝૈનબ, હઝરત રુકૈયા, હઝરત ઉમ્મે કુલ્સૂમ અને હઝરત ફાતિમા. (رضی اللّٰہ عنہم و عنہن). પરંતુ કેટલાક ઈતિહાસકારોએ લખ્યું છે કે આપના એક પુત્ર અબ્દુલ્લાહ પણ છે જેમનો ઈલ્કાબ તૈયબ અને તાહિર હતો. આ બયાનના હિસાબે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર સંતાનની સંખ્યા સાત છે. ત્રણ પુત્રો અને ચાર પુત્રીઓ. હઝરત શેખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ એ કથનને વધુ સાચુ જણાવ્યું છે. આ ઉપરાંત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર સંતાન બાબતે અન્ય બયાનો પણ છે પરંતુ તેની ચર્ચા લાંબી થઈ જશે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ સાતે સંતાન પૈકી હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ , હઝરત મારિયા કિબ્તિયાની કૂખે જન્મ્યા હતા. બાકી બધા જ મુબારક સંતાન હઝરત બીબી ખદીજતુલ્ કુબરા رضی اللہ عنہا ના મુબારક પેટે જન્મ્યા હતા. *(ઝુર્કાની, ભાગ–૨, પેજ–૧૯૩, અને મદારિજુન્નબવ્વત, ભાગ–૩, પેજ–૪૫૧)*

અત્રે અમે એ મુબારક ઔલાદના વર્ણન પર થોડાક વિસ્તાર સાથે પ્રકાશ નાખીએ છીએ.

## ★ હઝરત કાસિમ رضی اللہ عنہ ★

તેઓ સૌથી પહેલા પુત્ર છે જેઓ હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ના ખોળે એલાને નબુવ્વત પહેલાં જન્મ્યા. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કુન્નિયત અબુલ કાસિમ એમના જ નામ પરથી છે. તમામ આલિમોનું એ જ કથન છે કે તેઓ પગે ચાલતાં શીખી ગયા હતા કે તેમનું મૃત્યુ થઈ ગયું. ઈબ્ને સઅદનું બયાન છે કે એમની ઉંમર બે વર્ષની હતી. પરંતુ અલ્લામા ગુલાબી કહે છે કે તેઓ માત્ર સિત્તેર મહિના જીવતા રહ્યા. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૯૪)*

## ★ હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ ★

એમનો જ લકબ તૈયબ અને તાહિર છે. નબુવ્વતના એલાન પહેલાં મક્કા મુઅઝ્ઝમામાં જન્મ્યા અને બાળપણમાં જ મૃત્યુ પામ્યા.

## ★ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ★

તેઓ હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક સંતાનમાં અંતિમ પુત્ર છે. તેઓ ઝિલ્ હજ્જ હિ.સ. ૮ માં મદીના મુનવ્વરા નજીક ''આલિયા'' મુકામે હઝરત મારિયા કિબ્તિયાના મુબારક પેટે પૈદા થયા. આથી ''આલિયા'' સ્થળનું નામ ''મશરબએ ઈબ્રાહીમ'' પણ છે. એમના જન્મની ખબર હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આઝાદ કરેલા ગુલામ હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ એ આલિયા મુકામેથી મદીના આવીને બારગાહે અકદસમાં સંભળાવી. આ ખુશખબરી સાંભળીને હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈનામ રૂપે હઝરત અબૂ રાફેઅ رضی اللہ عنہ ને એક ગુલામ અર્પણ કર્યો. ત્યારબાદ તરત જ હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم આવ્યા અને આપને ''યા અબા ઈબ્રાહીમ'' (હે ઈબ્રાહીમના પિતા !) કહીને પોકાર્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બેહદ ખુશ થયા અને એમના અકીકામાં બે ઘેટાં આપે ઝુબેહ કર્યાં અને એમના માથાના વાળના વજન બરાબર ચાંદી દાન કરી અને એમના વાળને દફન કર્યા. અને ''ઈબ્રાહીમ'' નામ રાખ્યું. પછી એમને દૂધ પીવડાવવા માટે હઝરત ઉમ્મે સૈફ رضی اللہ عنہ ને સોંપ્યા. એમના પતિ હઝરત અબૂ સૈફ رضی اللہ عنہ લોહારી કામ કરતા હતા. આપને હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ થી ઘણો પ્રેમ





હતો. ક્યારેક ક્યારેક આપ એમને જોવા માટે જતા હતા. એ સંદર્ભે હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હઝરત અબૂ સૈફના ઘરે ગયા ત્યારે એવો સમય હતો જ્યારે હઝરત ઈબ્રાહીમ અંતિમ □ાસ લઈ રહ્યા હતા. આ દશ્ય જોઈને રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. એ સમયે અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم શું આપ પણ રડો છો ?! આપે ફર્માવ્યું કે હે ઔફના પુત્ર ! મારું રડવું એ આત્મિયતાનું રડવું છે. ત્યારબાદ ફરી જ્યારે આપની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં ત્યારે આપની મુબારક ઝુબાન પર આ કલમો જારી થઈ ગયો કે :–

اِنَّ الْعَيْنَ تَدْمَعُ وَالْقَلْبَ يَحْزَنُ وَلَا نَقُوْلُ اِلَّا مَا يَرْضٰى رَبُّنَا وَاِنَّا بِفِرَاقِكَ يَا اِبْرَاهِيْمُ لَمَحْزُوْنُوْنَ

''આંખ આંસૂ વહાવે છે અને હૃદય દુઃખી છે પરંતુ અમે એ જ વાત ઝબાનથી કહીએ છીએ જેનાથી અમારો રબ ખુશ થઈ જાય અને નિઃશંક ! હે ઈબ્રાહીમ ! અમે તમારી જુદાઈથી ખૂબ દુઃખી છીએ.'' *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૭૪)*

જે દિવસે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ નું મૃત્યુ થયું, સંજોગોવસાત એ જ દિવસે સૂર્યગ્રહણ હતો. આરબોના મનમાં અજ્ઞાનતાકાળની એવી શ્રદ્ધા દઢ હતી કે કોઈ મહાન માણસના મૃત્યુથી સૂર્યમાં ગ્રહણ લાગે છે આથી અમુક લોકોએ એમ વિચાર્યું કે મહદઅંશે આ ગ્રહણ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ના મૃત્યુને કારણે થયું છે. હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ પ્રસંગે એક સંબોધન કર્યું જેમાં અજ્ઞાનતાકાળની એ શ્રદ્ધાનું ખંડન કરતાં ફર્માવ્યું કે :–

اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ اٰيَتَانِ مِنْ اٰيَاتِ اللّٰهِ لَا يَنْكَسِفَانِ لِمَوْتِ اَحَدٍ وَّلَا لِحَيَاتِهٖ فَاِذَا رَاَيْتُمُوْهَا فَادْعُوا اللّٰهَ وَصَلُّوْا حَتّٰى يَنْجَلِيَ۔

''ચોક્કસ ચંદ્ર અને સૂર્ય અલ્લાહ તઆલાની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે. કોઈના મરવા અને જીવવાથી એ બંનેમાં ગ્રહણ લાગતો નથી. જ્યારે તમે લોકો ગ્રહણ જુઓ ત્યારે દુઆઓ માંગો અને નમાઝે કુસૂફ પઢો, એટલે સુધી કે ગ્રહણ પૂરું થઈ જાય.'' *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૪૫, પ્રકરણ : બાબુદુઆ ફિલ્ કસૂફ)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમ પણ ફર્માવ્યું કે મારા પુત્ર ઈબ્રાહીમે દૂધ

પીવાની મુદ્દત પણ પૂરી ન કરી અને દુનિયામાંથી ચાલ્યો ગયો, આથી અલ્લાહ તઆલાએ એના માટે જન્નતમાં એક દૂધ પીવડાવનારી નિર્ધારિત કરી દીધી છે જે દૂધ પીવાની મુદ્દત સુધી એને દૂધ પીવડાવતી રહેશે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૫૪)*

રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ને જન્નતુલ બકીઅમાં હઝરત ઉસ્માન બિન મઝઊન رضی اللہ عنہ ની કબ્ર પાસે દફન કર્યા અને પોતાના મુબારક હાથોથી એમની કબ્ર ઉપર પાણી છાંટયું. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૫૩)*

મૃત્યુ સમયે હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہ ની વય ૧૭ કે ૧૮ મહિનાની હતી. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ હઝરત ઝૈનબ رضی اللہ عنہا ★

તેઓ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પુત્રીઓ પૈકી સૌથી મોટાં હતાં. નબુવ્વતના એલાનથી દસ વર્ષ પૂર્વે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉંમર ત્રીસ વર્ષની હતી ત્યારે મક્કા મુઅઝ્ઝમામાં એમનો જન્મ થયો. તેઓ ઈસ્લામના આરંભમાં જ મુસલમાન થઈ ગયાં હતાં. અને જંગે બદર બાદ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા બોલાવી લીધાં હતાં. અને તેઓ હિજરત કરીને મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા ચાલ્યાં ગયાં હતા.

એલાને નબુવ્વત પહેલાં જ એમના લગ્ન એમના માસિયાઈ ભાઈ અબુલ આસ બિન રબીઅ સાથે થયા હતા. અબુલ આસ હઝરત બીબી ખદીજા رضی اللہ عنہا ના બહેન હઝરત હાલા رضی اللہ عنہا ના પુત્ર હતા. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ખદીજા رضی اللہ عنہا ની ભલામણથી હઝરત ઝૈનબ رضی اللہ عنہا નો અબુલ આસ સાથે નિકાહ કરી દીધો હતો. હઝરત ઝૈનબ તો મુસલમાન થઈ ગયાં હતાં પરંતુ અબુસ આસ કેદમાં પકડાઈને મદીના આવ્યો હતો ત્યારે હઝરત ઝૈનબ رضی اللہ عنہا મુસલમાન થઈને મક્કા મુકર્રમામાં વસેલાં હતાં. આથી અબુલ આસને કેદમાંથી છોડાવવા માટે તેમણે તેમનો એ હાર મોકલાવ્યો જે એમની માં હઝરત ખદીજા رضی اللہ عنہا એ એમને દહેજમાં આપ્યો હતો. એ હાર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સંકેતથી





સહાબાએ કિરામએ હઝરત ઝૈનબ رضی اللہ عنہا પાસે પાછો મોકલાવી દીધો અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અબુલ આસથી એ વાયદો લઈને એમને મુક્ત કરી દીધા કે તેઓ મક્કા જઈને હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને મદીના મુનવ્વરા મોકલી દેશે. આમ અબુલ આસે તેમના વાયદા મુજબ હઝરત ઝૈનબ رضی اللہ عنہا તેમના ભાઈ કિનાનાના રક્ષણમાં "બતને યાજજ" સુધી મોકલી દીધા. આ બાજુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઝૈદ બિન હારિષાને એક અન્સારી સાથે એ જ સ્થળ "બતને યાજજ"માં મોકોલી દીધા હતા. આથી એ બંને જણા "બતને યાજજ"થી તેમના રક્ષણમાં હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને મદીના મુનવ્વરા લાવ્યા.

વર્ણવવામાં આવ્યું છે કે જ્યારે હઝરત ઝૈનબ رضی اللہ عنہا મક્કા મુકર્રમાથી રવાના થયાં ત્યારે કુરૈશના કુફ્ફારોએ તેમનો માર્ગ અવરોધ્યો, એટલે સુધી કે એક દુર્ભાગી જાલિમ "હિબ્બાર બિન અસ્વદે" એમને ભાલાથી ડરાવીને ઊંટ પરથી પાડી દીધાં જેના આઘાતથી એમને ગર્ભપાત થઈ ગયો, પરંતુ એમના દિયર કિનાનાએ તેમના ભાથામાંથી તીરો બહાર કાઢીને એ ધમકી આપી કે જે કોઈ શખ્સ હઝરત ઝૈનબના ઊંટનો પીછો કરશે તે મારા આ તીરથી નહીં બચી શકે, આ સાંભળીને કુરૈશના કુફ્ફારો ભયભીત થઈ ગયા. પછી મક્કાના સરદાર અબૂ સુફયાને દરમ્યાનગીરી કરીને હઝરત ઝૈનબ માટે મદીના મુનવ્વરાની રવાનગી માટેનો રસ્તો મોકળો કરી દીધો.

હઝરત ઝૈનબ رضی اللہ عنہا ને હિજરત કરવામાં આ દુઃખદ તકલીફ વેઠવી પડી. આથી હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એમની શ્રેષ્ઠતાઓમાં આ ઈર્શાદ ફર્માવ્યું કે : "હિ–ય અફઝલુ બનાતી ઉસીબત ફી–ય." **અર્થાત** : તેઓ મારી દીકરીઓમાં આ દષ્ટિએ બહુ જ શ્રેષ્ઠતાવાળી છે કે મારી તરફ હિજરત કરવામાં આવી મોટી મુસીબત વેઠી. ત્યારબાદ અબુલ આસ મુહર્રમ હિ.સ. ૭ માં મુસલમાન થઈને મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા હિજરત કરીને આવ્યા અને હઝરત ઝૈનબ رضی اللہ عنہا સાથે રહેવા લાગ્યા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૯૫ થી ૧૯૬)*

હિ.સ. ૮ માં હઝરત ઝૈનબ رضی اللہ عنہا નો વિસાલ થઈ ગયો અને હઝરત ઉમ્મે ઐમન, હઝરત સૌદા બિન્તે ઝમ્આ અને હઝરત ઉમ્મે સલમા

رضی اللہ عنہا એ એમને ગુસ્લ આપ્યો. અને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના કફન માટે પોતાનું તેહબંદ અર્પણ કર્યું અને પોતાના મુબારક હાથોથી એમને કબ્રમાં ઉતાર્યાં. હઝરત ઝૈનબ رضی اللہ عنہا ની ઔલાદમાં એક દીકરો જેનું નામ "અલી" અને એક દીકરી હઝરત "ઉમામા" હતા. અલી સંદર્ભે એક રિવાયત છે કે તેમના મા સાહેબાની હયાતીમાં જ પુખ્તવય નજીક પહોંચી મૃત્યુ પામ્યા. પરંતુ ઈબ્ને અસાકિરનું બયાન છે કે વંશાવળીનું વર્ણન કરનાર કેટલાક આલિમોએ એ વર્ણવ્યું છે કે જંગે યર્મૂકમાં શહાદતને વર્યા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૯૭)*

હઝરત ઉમામા رضی اللہ عنہا થી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખૂબ લગાવ હતો. આપ એમને પોતાના ખભે બેસાડી મસ્જિદે નબવીમાં લઈ જતા હતા.

રિવાયત છે કે એક વખત હબશાના નજ્જાશી رضی اللہ عنہ એ આપની સેવામાં હદિયા રૂપે એક ઝભ્ભો મોકલ્યો જેની સાથે સોનાની એક વીંટી પણ મોકલી હતી જેનો નંગ હબશનો હતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ વીંટી હઝરત ઉમામાને આપી હતી.

એ જ રીતે એક સમયે એક અત્યંત રૂપાળો સોનાનો હાર કોઈએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્પણ કર્યો જેની સુંદરતાને જોઈ બધી જ પુનિત પત્નીઓ સ્તબ્ધ થઈ ગઈ. આપે આપની પુનિત પત્નીઓને કહ્યું કે હું આ હાર એને આપીશ જે મારા ઘરવાળાઓમાં મને સૌથી વધુ પ્રિય છે. તમામ પુનિત પત્નીઓએ એમ વિચાર્યું કે ચોક્કસ એ હાર હઝરત બીબી આઈશા رضی اللہ عنہا ને અર્પણ કરશે. પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઉમામાને પાસે બોલાવ્યાં અને એ વહાલી દોહિત્રીના ગળામાં પોતાના મુબારક હાથોથી એ હાર પહેરાવી દીધો. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૧૯૭)*

## ★ હઝરત રુકૈયા رضی اللہ عنہا ★

તેઓ નબુવ્વતના એલાનના સાત વર્ષ પૂર્વે જ્યારે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉંમરનું તેત્રીસમું વર્ષ હતું ત્યારે જન્મ્યાં હતાં. અને ઈસ્લામના પ્રારંભમાં જ ઈસ્લામ અંગીકાર કર્યો. પહેલાં એમનો નિકાહ અબૂ લહબના પુત્ર "ઉત્બા" સાથે થયો હતો. પરંતુ હજુ એમની રુખ્સતી પણ થઈ ન હતી કે "સૂરએ તબ્બત યદા" ઉતરી. અબૂ લહબ કુર્આનમાં તેના કાયમી અપમાનનું





વર્ણન સાંભળીને ક્રોધિત થઈ ગયો અને તેના પુત્ર ઉત્બાને વિવશ કરી દીધો કે તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પુત્રી હઝરત રુકૈયા رضی اللہ عنہا ને તલાક આપી દે જેથી ઉત્બાએ તલાક આપી દીધી.

ત્યારબાદ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત રુકૈયા رضی اللہ عنہا નો નિકાહ હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ સાથે કરી દીધો. નિકાહ પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا ને સાથે લઈને મક્કાથી હબશા તરફ હિજરત કરી. પછી હબશાથી મક્કા પાછા આવી મદીના મુનવ્વરા તરફ હિજરત કરી. અને આ બંને પતિ પત્ની "સાહિબુલ હિજરતૈન" (બે હિજરતોવાળા)ના સન્માનનીય ઈલ્કાબથી નવાજાયાં.

બદરના યુદ્ધ સમય દરમ્યાન હઝરત રુકૈયા رضی اللہ عنہا સખત બીમાર હતાં. આથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત ઉષ્માન رضی اللہ عنہ ને બદરના યુદ્ધમાં જવાથી રોકી દીધા અને આ હુકમ આપ્યો કે તેઓ હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا ની ચાકરી કરે. હઝરત ઝૈદ બિન હારિષા رضی اللہ عنہ જે દિવસે બદરના યુદ્ધમાં મુસલમાનોના વિજયની ખુશખબરી લઈને મદીના પહોંચ્યા એ જ દિવસે બીબી રુકૈયા رضی اللہ عنہا ૨૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જંગે બદરના કારણે એમના જનાઝામાં સામેલ ન થઈ શક્યા.

હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ જો કે બદરના યુદ્ધમાં સામેલ ન થયા પરંતુ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને બદરના યુદ્ધના મુજાહિદોમાં ગણ્યા. અને જંગે બદરના માલે ગનીમતમાંથી એમને મુજાહિદો જેટલો જ હિસ્સો અર્પણ કર્યો અને બદરના યુદ્ધમાં સામેલ થનારાઓ જેટલા જ શ્રેષ્ઠ બદલાની ખુશખબરી આપી.

હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا ને મુબારક પેટે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ નો એક પુત્ર જન્મ્યો હતો જેમનું નામ "અબ્દુલ્લાહ" હતું. તેઓ તેમની માં પછી હિ.સ. ૪ માં ૬ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. (رضی اللہ عنہ) *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૧૯૮ થી ૧૯૯)*

## ★ હઝરત ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا ★

તેઓ પહેલાં અબૂ લહબના પુત્ર "ઉતૈબા"ના નિકાહમાં હતાં. પરંતુ

અબૂ લહબના વિવશ કરવાથી દુર્ભાગી ઉતૈબાએ એમની વિદાય થાય તે પહેલાં જ તલાક આપી દીધી. અને એ જાલિમે બારગાહે નબુવ્વતમાં અધમ અશિષ્ટતા પણ આચારી, એટલે સુધી કે ધૃષ્ટતા કરતાં કરતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર તૂટી પડયો અને આપનું મુબારક કમીઝ ફાડી નાખ્યું. આ અધમ વર્તાવથી આપના કોમળ હૃદય પર ભારે આઘાત પહોંચ્યો અને દુઃખના આક્રોશમાં આપના મુબારક મુખેથી આ શબ્દો સરી પડયા કે, ''યા અલ્લાહ! તારા કૂતરાઓમાંથી કોઈ કૂતરાને આના પર સ્થાપિત કરી દે.''

આ નબવી દુઆની એ અસર થઈ કે, અબૂ લહબ અને ઉતૈબા બંને વેપાર અર્થે એક કાફલા સાથે સીરિયા તરફ ગયા અને ''ઝરકા'' મુકામે એક પાદરી પાસે રાત્રિ રોકાણ કર્યું. પાદરીએ કાફલાવાળાઓને જણાવ્યું કે અહીં જંગલી જાનવરો બહુ છે. આપ સૌ જરા ચોકસાઈ રાખીને ઊંઘજો. આ સાંભળીને અબૂ લહબે કાફલાવાળાઓને કહ્યું કે, હે લોકો ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા દીકરા ઉતૈબા માટે વિનાશક દુઆ કરી દીધી છે. આથી તમે સૌ વ્યવસાયિક સામાન એકઠું કરીને એની ઉપર ઉતૈબાની પથારી કરી દો અને બધા એની આસપાસ ચારેબાજુ ઊંઘી જાઓ. જેથી મારો પુત્ર ફાડી ખાનાર જાનવરના હુમલાથી સુરક્ષિત રહે. આ પ્રમાણે કાફલાવાળાઓએ ઉતૈબાની સુરક્ષાનો પૂરેપૂરો બંદોબસ્ત કર્યો. પરંતુ રાત્રે એકદમ અચાનક એક વાઘ આવ્યો અને બધાને સૂંઘતા સૂંઘતાં કૂદીને ઉતૈબાની પથારી પર પહોંચ્યો અને માથું ચાવી નાખ્યું. લોકોએ વાઘને શોધવાનો બહુ પ્રયત્ન કર્યો પરંતુ ક્યાંય પત્તો ન લાગ્યો કે એ વાઘ ક્યાંથી આવ્યો હતો ?! અને ક્યાં જતો રહ્યો. ?! *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૧૯૭)*

ખુદાની શાન જુઓ કે અબૂ લહબના બંને દીકરા ઉત્બા અને ઉતૈબાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બંને દીકરીઓને તેમના પિતાના વિવશ કરવાથી તલાક આપી દીધી. પરંતુ ઉત્બાએ કેમ કે બારગાહે નબુવ્વતમાં કોઈ હરકત અને અશિષ્ટતા આચરી ન હતી, તેથી તે ખુદાના પ્રકોપમાં સપડાયો નહીં, બલ્કે મક્કાના વિજયના દિવસે તેણે અને તેના એક બીજા ભાઈ ''મુઅત્તબ'' બંનેએ ઈસ્લામ સ્વીકારી લીધો અને પવિત્ર હાથો પર બૈઅત (પ્રતિજ્ઞા) કરીને સહાબીના દરજ્જા માટે સદ્‌ભાગી નીવડયા. અને ''ઉતૈબા''એ તેની અધમતાથી કેમ કે બારગાહે અકદસમાં બેહૂદગી અને





અવિવેકી આચરણ કર્યું હતું તેથી તે કહ્હારના પ્રકોપ અને જબ્બારના ક્રોધમાં સપડાઈ જઈ કુફ્રની હાલતમાં એક ખૂંખાર વાઘના હુમલાનો ભોગ બની ગયો. (વલ અયાઝુ બિલ્લાહ તઆલા)

હઝરત બીબી રુકૈયા رضی اللہ عنہا ના મૃત્યુ બાદ રબીઉલ અવ્વલ હિજરી ૩ માં હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત બીબી ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا નો હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ સાથે નિકાહ કરી દીધો. પરંતુ એમના પેટે કોઈ ઔલાદ ન થઈ. શાબાન હિ.સ. ૯ માં હઝરત ઉમ્મે કુલ્ષૂમ رضی اللہ عنہا નું મૃત્યુ થયું. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની નમાઝે જનાઝા પઢાવી. તેમને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૦૦)*

## ★ હઝરત ફાતિમા رضی اللہ عنہا ★

તેઓ શહનશાહે કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ની સૌથી નાની પરંતુ સૌથી વધારે લાડલી વહાલસોયી દીકરી છે. એમનું નામ ''ફાતિમા'' અને લકબ ''ઝહરા'' તથા ''બતૂલ'' છે. એમના જન્મના વર્ષમાં આલિમો અને ઈતિહાસકારોનો મતભેદ છે. અબૂ ઉમરનું કહેવું છે કે એલાને નબુવ્વતના પ્રથમ વર્ષે જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉંમર ૪૧ વર્ષની હતી, ત્યારે તેઓ પૈદા થયાં અને કેટલાકે લખ્યું છે કે એલાને નબુવ્વતથી એક વર્ષ પહેલાં એમનો જન્મ થયો અને અલ્લામા ઈબ્ને જૌઝીએ લખ્યું છે કે એલાને નબુવ્વતથી પાંચ વર્ષ પહેલાં એમનો જન્મ થયો. વલ્લાહુ તઆલા અઅ્‌લમ. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૨૦૨ થી ૨૦૩)*

અલ્લાહુ અકબર ! એમની શ્રેષ્ઠતાઓ અને ખૂબીઓની તો વાત જ શું ? એમના પદો અને દરજ્જાઓના પ્રસંગોથી હદીષના પુસ્તકોનાં પાનાઓ ભરેલાં પડયાં છે જેનું વર્ણન અમારા પુસ્તક ''હક્કાની તકરીરેં''માં કરી ચૂક્યા છીએ. હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે આ ''સૈયદતુન્નિસાએ આલમીન''ની (સમગ્ર જગતની સ્ત્રીઓની સરદાર) છે. એમના વિશે ઈર્શાદે નબવી છે કે ફાતિમા મારી પુત્રી, મારા શરીરનું અંગ છે, જેણે ફાતિમાને નારાજ કરી તેણે મને નારાજ કર્યો. *(મિશ્કાત, પેજ–૫૬૮, મનાકિબે એહલે બૈત વ ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૦૪)*

હિજરી ૨ માં હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم સાથે એમનો નિકાહ થયો. અને એમનાથી ત્રણ પુત્રો હઝરત હસન, હઝરત હુસૈન, હઝરત મોહસિન رضی اللہ تعالیٰ عنہم અને ત્રણ પુત્રીઓ ઝૈનબ, ઉમ્મે કુલ્સૂમ અને રુકૈયા (رضی اللہ عنہن) થયાં. હઝરત મોહસિન અને રુકૈયા તો બાળપણામાં જ મૃત્યુ હતાં. ઉમ્મે કુલ્સૂમ رضی اللہ عنہا નો નિકાહ અમીરુલ મુ'મિનીન હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ સાથે થયો. જેનાથી આપનો એક પુત્ર હઝરત ઝૈદ અને એક પુત્રી હઝરત રુકૈયા જન્મ્યાં. અને હઝરત ઝૈનબ رضی اللہ عنہا ના લગ્ન હઝરત અબ્દુલ્લાહ બિન જા'ફર رضی اللہ عنہ સાથે થયા હતા. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૬૦)*

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૃત્યુ બાદ હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہا ના મુબારક હૃદય પર પ્રાણઘાતક આઘાત લાગ્યો. આથી હુઝૂર અકદસના મુત્ય બાદ હઝરત ફાતિમા رضی اللہ عنہا ક્યારેય હસતાં દેખાયાં નથી, એટલે સુધી કે નબીના મૃત્યુના છ મહિના બાદ ૩ રમઝાન, હિજરી ૧૧, મંગળવારની રાત્રે આપે પ્રાણ ત્યજી દીધા. હઝરત અલી અથવા હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ નમાઝે જનાઝા પઢાવી. સૌથી વધુ સાચુ અને અધિકૃત કથન એ જ છે કે તેમને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યાં. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૬૧)*

## ★ કાકાઓની સંખ્યા ★

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના કાકાઓની સંખ્યામાં ઈતિહાસકારોનો મતભેદ છે. કેટલાકના મતે એમની સંખ્યા ૯, કેટલાકે દસ ગણાવી અને કેટલાકનું કહેવું છે કે અગ્યાર, પરંતુ મવાહિબે લદુન્નિયહ્એ "ઝખાઈરે ઉકબા ફી મનાકિબિ ઝવિલકુર્બા"થી નકલ કરતાં લખ્યું છે કે આપના આદરણીય પિતા હઝરત અબ્દુલ્લાહ ઉપરાંત અબ્દુલ મુત્તલિબના બાર પુત્રો હતા જેમના નામો આ પ્રમાણે છે : (૧) હારિષ (૨) અબૂ તાલિબ (૩) ઝુબૈર (૪) હમ્ઝા (૫) અબ્બાસ (૬) અબૂ લહબ (૭) ગૈદાક (૮) મુકવ્વિમ (૯) ઝિરાર (૧૦) કુષમ (૧૧) અબ્દુલ કા'બા (૧૨) જાહલ.

એમના પૈકી માત્ર હમ્ઝા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہما એ ઈસ્લામ સ્વીકાર્યો. હઝરત હમ્ઝા رضی اللہ عنہ બહુ જ બળવાન અને બહાદૂર





હતા. એમને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ "અસદુલ્લાહ વ અસદુર્રસૂલ" (અલ્લાહ અને રસૂલનો વાઘ)ના આદરણીય અને વિશિષ્ટ ઈલ્કાબથી નવાજ્યા હતા. તેઓ હિ. ૩ માં ઉહદના યુદ્ધમાં "સૈયદુશ્શોહદા"ના લકબથી ઓળખાયા અને મદીના મુનવ્વરાથી ત્રણ માઈલ દૂર ખાસ જંગે ઉહદના મેદાનમાં આપનો મુબારક મઝાર છે.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ ની શ્રેષ્ઠતાઓમાં ઘણી હદીષો છે. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના અને એમની ઔલાદ અંગે ઘણી બશારતો આપી અને ઉત્તમોત્તમ દુઆઓ આપી. હિજરી ૩૨ કે હિજરી ૩૩ માં સિત્યાસી કે ઈઠયાસી વર્ષની વયે ઈન્તેકાલ થયો અને જન્નતુલ બકીઅમાં દફનાવાયા. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૭૦ થી ૨૮૫ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૪૮૮)*

## ★ આપની ફોઈઓ ★

આપની ફોઈઓની સંખ્યા છ (૬) છે, જેમનાં નામ આ પ્રમાણે છે :–

(૧) આતિકા (૨) ઉમૈમા (૩) ઉમ્મે હકીમ (૪) બર્રહ (૫) સફિય્યહ્ (૬) ઉર્વા.

ઈતિહાસકારોની સર્વસંમતિ છે કે એમનામાંથી હઝરત સફિયા رضی اللہ عنہا એ ઈસ્લામ અંગીકાર કર્યો. તેઓ ઝુબૈર બિન અવ્વામની માં છે. તેઓ બહુ બહાદૂર અને હિંમતવાન સ્ત્રી હતાં. ગઝ્વએ ખંદકમાં એમણે એક સશસ્ત્ર અને આક્રમણકારી યહૂદીને એક જ લાઠીના વારથી મારી નાખ્યો હતો. જેનું વર્ણન ગઝ્વએ ખંદકમાં થઈ ચૂક્યું છે. અને એવી પણ રિવાયત છે કે ઉહદના યુદ્ધમાં પણ જ્યારે મુસલમાનોનું લશ્કર વિખેરાઈ ચૂક્યું હતું ત્યારે તેઓ એકલા કુફ્ફારો પર ભાલો ચલાવતા હતા, એટલે સુધી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને એમની અસાધારણ શક્તિ પર ખૂબ આશ્ચર્ય થયું. આપે એમના પુત્ર હઝરત ઝુબૈરને સંબોધીને ફર્માવ્યું કે, "જરા આ સ્ત્રીની બહાદૂરી અને જાંબાઝી જુઓ !" હિ.સ. ૨૦ માં ૭૩ વર્ષની ઉંમરે મદીના મુનવ્વરામાં મૃત્યુ થયું. તેમને જન્નતુલ બકીઅમાં દફન કરવામાં આવ્યા. (رضی اللہ عنہا) *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૨૮૭ થી ૨૮૮)*

હઝરત સફિય્યહ ઉપરાંત ઉર્વા, આતિકા અને ઉમૈમાના ઈસ્લામ

સ્વીકાર અંગે મતભેદ છે. કેટલાકે એ ત્રણને મુસલમાન લખ્યાં છે અને કેટલાકના મતે એમના ઈસ્લામ સ્વીકારના પુરાવા નથી. વલ્લાહુ તઆલા અઅ્લમ. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૮૭)*

## ★ ખાસ સેવકો ★

જો કે આમ તો તમામ સહાબાએ કિરામ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની શમ્એ નબુવ્વતના પતંગિયાઓ હતા અને પ્રાણ સમર્પણની ભાવના સાથે આપની સેવામાં બધા જ તન, મન અને ધનથી હાજર રહેતા હતા. આમ છતાં કેટલાક એવા ખુશનસીબો છે જેમની ગણના હુઝૂર તાજદારે રિસાલત صلى الله تعالى عليه وسلم ના ખાસ સેવકોમાં છે. એ ભાગ્યશાળીઓની યાદીમાં અત્રે પ્રસ્તુત સેવકો ખાસ નોંધપાત્ર છે :–

(૧) **હઝરત અનસ બિન માલિક** رضي الله عنه : તેઓ હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم ના સૌથી વધારે જાણીતા અને વિશિષ્ટ સેવક છે. તેમણે દસ વર્ષ સુધી સતત મુસાફરી અને રોકાણમાં આપની વફાદારીપૂર્વકની સેવાનું સદ્ભાગ્ય મેળવ્યું છે. એમના માટે હુઝૂર صلى الله تعالى عليه وسلم એ વિશિષ્ટ રીતે આ દુઆ ફર્માવી કે :– اَللّٰهُمَّ اَكْثِرْ مَالَهٗ وَوَلَدَهٗ وَ اَدْخِلْهُ الْجَنَّةَ

**અર્થાત** : હે અલ્લાહ! આના માલ અને ઔલાદમાં વિપુલતા અર્પણ કર અને એને જન્નતમાં દાખલ કર.

હઝરત અનસ رضي الله عنه નું બયાન છે કે આપની એ ત્રણ દુઆઓ પૈકી બે દુઆઓની સ્વીકૃતિના દર્શન તો મેં કરી લીધાં, કે દરેક શખ્સની વાડી વર્ષમાં એકવાર ફળે છે અને મારી વાડી વર્ષમાં બે વાર ફળે છે અને ફળોમાં કસ્તૂરી જેવી સુગંધ આવે છે અને મારા સંતાનની સંખ્યા એકસો છ (૧૦૬) છે. જેમાં સિત્તેર દીકરા અને બાકીની દીકરીઓ છે અને હું આશા રાખું છું કે હું ત્રીજી દુઆના દર્શન પણ જરૂરી કરી લઈશ, અર્થાત જન્નતમાં દાખલ થઈ જઈશ. તેમણે બે હજાર બસો છિયાસી હદીષો હુઝૂર صلى الله تعالى عليه وسلم થી રિવાયત કરી છે અને હદીષમાં એમના શિષ્યોની સંખ્યા ઘણા વધારે છે. એમની ઉંમર સો (૧૦૦) વર્ષ કરતાં વધારે હતી. બસરામાં ૯૧, ૯૨ કે ૯૩ હિજરીમાં એમનું મૃત્યુ થયું. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૯૬ થી ૨૯૭)*

(૨) **હઝરત રબીઆ બિન કઅબ** رضي الله عنه : તેઓ હુઝૂર





صلى الله تعالى عليه وسلم માટે વુઝૂ કરાવવાની સેવા પૂરી પાડતા હતા. અર્થાત પાણી, મિસ્વાક વિગેરેનું પ્રબંધ કરતા હતા. હુઝૂર صلى الله تعالى عليه وسلم એ એમને જન્નતની બશારત આપી હતી. હિજરી ૬૩ માં મૃત્યુ પામ્યા. *(હવાલો ઉપર મુજબ)*

(૩) **હઝરત ઐમન બિન ઉમ્મે ઐમન** رضي الله عنه : હુઝૂર صلى الله تعالى عليه وسلم ની એક નાની પખાલ જેનાથી આપ ઈસ્તિન્જા અને વુઝૂ કરતા હતા તે હંમેશા આપની પાસે જ રહેતી હતી. તેઓ હુનૈનના યુદ્ધમાં શહીદીને વર્યા. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૯૭)*

(૪) **હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ** رضي الله عنه : તેઓ નાલેન (જોડા) મુબારક, વુઝૂનું વાસણ, ગાદી તકિયો અને મિસ્વાક પોતાની પાસે રાખતા હતા. મુસાફરી અને પડાવ રોકાણમાં હમેશાં આ સેવા બજાવતા હતા. સાઈઠ વર્ષથી વધુ ઉંમર ભોગવી હિજરી ૩૨ કે ૩૩ માં અને અમુકના કથનાનુસાર મદીના અને અમુકના મતે કૂફામાં મૃત્યુ પામ્યા. *(ઝુર્કાની : ભાગ-૩, પેજ-૨૯૭ થી ૨૯૮)*

(૫) **હઝરત ઉકબા બિન આમિર જુહની** رضي الله عنه : તેઓ હુઝૂર صلى الله تعالى عليه وسلم ની સવારીના ખચ્ચરની લગામ પકડી રાખતા હતા. કુર્આન મજીદ અને ફર્ઝોના જ્ઞાનમાં ઘણા જ પારંગત હતા અને ઉચ્ચ કક્ષાના સ્પષ્ટ વક્તા અને જુસ્સાદાર શાયર હતા. હઝરત અમીર મુઆવિયા رضي الله عنه એ તેમના શાસનકાળ દરમ્યાન એમને મિસરના ગવર્નર બનાવ્યા હતા. હિજરી ૫૮ માં મિસરમાં જ ઈન્તેકાલ પામ્યા. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૯૯)*

(૬) **હઝરત અસ્લઅ બિન શરીક** رضي الله عنه : તેઓ હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم ના ઊંટ પર જીન, કાઠી, બેઠક, બાંધવાની સેવાઓ આપતા હતા.

(૭) **હઝરત અબૂઝર ગફ્ફારી** رضي الله عنه : તેઓ બહુ પહેલાં ઈસ્લામ સ્વીકારનારા સહાબી છે. અત્યંત, આબિદ અને ઝાહિદ હતા અને નબવી દરબારના અત્યંત ખાસ સેવક હતા. એમની શ્રેષ્ઠતાઓમાં કેટલીક હદીષો પણ વર્ણવાઈ છે. હિજરી સન ૩૧ માં મદીના મુનવ્વરાથી થોડા અંતરે "રબઝહ" નામક ગામડામાં એમનું મુત્યું થયું. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضي الله عنه એ એમની નમાઝે જનાઝા પઢાવી. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૩૦૦)*

(૮) **હઝરત મુહાજિર મૌલા ઉમ્મે સલમા** رضی اللہ عنہا **:** તેઓ ઉમ્મુલ મુ'મિનીન હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ના આઝાદ કરેલ ગુલામ હતા. સહાબીના સદ્ભાગ્ય સાથે સાથે પાંચ વર્ષ સુધી હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવાનું પણ સદ્ભાગ્ય મેળવ્યું. બહુ જ શુરવીર યોદ્ધા હતા. મિસરને ફતેહ કરનારી ફોજમાં સામેલ હતા. અમુક દિવસો સુધી મિસરમાં રહ્યા, પછી "તહા" ચાલ્યા ગયા. તયાં તેમના મૃત્યુ સુધી સ્થાયી રહ્યા. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૩૦૧)*

(૯) **હઝરત હુનૈન મૌલા અબ્બાસ** رضی اللہ عنہ **:** તેઓ પહેલાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુલામ હતા અને રાત દિવસ આપની સેવા ચાકરી કરતા હતા. પછી આપે તેમને પોતાના કાકા હઝરત અબ્બાસને અર્પણ કર્યા અને તેઓ હઝરત અબ્બાસના ગુલામ થઈ ગયા. પરંતુ થોડાક જ દિવસો બાદ હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ આઝાદ કરી દીધા, જેથી તેઓ રાત દિવસ બારગાહે રિસાલતના સેવકોની યાદીમાં ખાસ ગણાવાય છે. *(ઝુર્કાની ભાગ–૩, પેજ–૩૦૧)*

(૧૦) **હઝરત નુઐમ બિન રબીઆ અસ્લમી** رضی اللہ عنہ **:** તેઓ પણ બારગાહે રિસાલતના સેવકોની યાદીમાં ખાસ ગણાવાય છે. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૦૧)*

(૧૧) **હઝરત અબુલ હમરા** رضی اللہ عنہ **:** એમનું નામ હિલાલ બિન વારિસ હતું. તેઓ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આઝાદ કરેલા ગુલામ અને વિશિષ્ટ સેવક હતા. નબીના મૃત્યુ બાદ તેઓ મદીનાથી "હમ્સ" ચાલ્યા ગયા હતા. ત્યાં જ તેમનું મુત્યુ થયું.

(૧૨) **હઝરત અબૂશશ્મ્હ** رضی اللہ عنہ **:** હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ગુલામ હતા પછી આપે એમને આઝાદ કર્યા. પરંતુ તેઓ દરબારે નબુવ્વતથી છૂટા ન પડયા, બલ્કે હંમેશા સેવા ચાકરીમાં તલ્લીન રહેતા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને મોટો ભાગે તેઓ જ ગુસ્લ કરાવતા હતા. એમનું નામ "અયાઝ" હતું. *(ઝુર્કાની, ભાગ–૩, પેજ–૩૦૧)*

## ★ મુખ્ય રક્ષકો ★

કુફ્ફારો કેમ કે આપના જાની દુશ્મન હતા અને હંમેશ એવી તાકમાં





જ લાગેલા રહેતા કે જો એક જરા પણ તક મળી જાય તો આપને શહીદ કરી નાખીએ, બલ્કે અનેકવાર ઘાતક હુમલાઓ પણ કરી ચૂક્યા હતા. આથી કેટલાક પ્રાણ ન્યોછાવર કરનારા સહાબાએ કિરામ વારાફરતી રાત્રિ દરમ્યાન આપના શયનખંડો અને નિવાસ સ્થાનોનું તલવારો હાથમાં રાખી પહેરો આપતા હતા. આ ક્રમ ત્યાં સુધી જળવાઈ રહ્યો કે આ આયત ઉતરી કે : وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ **અર્થાત :** "અલ્લાહ તઆલા આપને લોકોથી બચાવશે." આ આયતના ઉતરાણ પછી આપે ફર્માવ્યું કે હવે ચોકી કરવાની કોઈ જરૂર નથી, અલ્લાહ તઆલાએ મારી સાથે વાયદો કર્યો છે તે મને મારા તમામ શત્રુઓથી બચાવશે. આ પ્રાણ પાથરનારા પહેરેદારોમાં કેટલાક ભાગ્યશાળી સહાબાએ કિરામ વિશિષ્ટ રીતે નોંધપાત્ર છે જેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) હઝરત અબૂબક્ર સિદ્દીક (૨) હઝરત સઅદ બિન મઆઝ અન્સારી (૩) હઝરત મુહમ્મદ બિન મસ્લમા (૪) હઝરત ઝકવાન બિન અબ્દુલ્લાહ (૫) હઝરત ઝુબૈર બિન અવ્વામ (૬) હઝરત સઅદ બિન અબી વક્કાસ (૭) હઝરત અબ્બાદ બિન બિશ્ર (૮) હઝરત અબૂ ઐયૂબ અન્સારી (૯) હઝરત બિલાલ (૧૦) હઝરત મુગીરહ્ બિન શુઅ્બા. رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

## ★ વહી લખનારાઓ ★

જે સહાબાએ કિરામ કુર્આનની નાઝિલ થતી આયતો અને અન્ય વિશેષ લખાણો હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આદેશાનુસાર લખતા હતા એ વિ□સનીય લખનારાઓમાં વિશિષ્ટ રીતે અત્રે પ્રસ્તુત સાહબો નોંધનીય છે :–

(૧) હઝરત અબૂબક્ર (૨) હઝરત ઉમર ફારૂક (૩) હઝરત ઉષ્માનગની (૪) હઝરત અલી મુર્તઝા (૫) હઝરત તલ્હા બિન ઉબૈદુલ્લાહ (૬) હઝરત સઅદ બિન અબી વક્કાસ (૭) હઝરત ઝુબૈર બિન અવ્વામ (૮) હઝરત આમિર બિન ફુહૈરહ્ (૯) હઝરત ષાબિત બિન કૈસ (૧૦) હઝરત હંઝલા બિન રબીઅ (૧૧) હઝરત ઝૈદ બિન ષાબિત (૧૨) હઝરત ઉબૈર બિન કઅબ (૧૩) હઝરત અમીર મુઆવિયા (૧૪) હઝરત અબૂ

સૂફયાન. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن) *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૫૨૯)*

## ★ દરબારે નબુવ્વતના શાયરો ★

આમ તો ઘણા સહાબાએ કિરામ હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસા અને વખાણમાં કસીદાઓ (પદ્યાત્મક પ્રશંસા) લખવાના સદ્‌ભાગ્યથી લાભાવંત થયા. પરંતુ દરબારે નબવીના ખાસ શાયરો ત્રણ છે. જેઓ નઅત લખવાની સાથે સાથે કુફ્ફારોના કાવ્યાત્મક હુમલાઓનો તેમના કસીદાઓ દ્વારા જડબાતોડ જવાબ પણ આપતા હતા.

**(૧)** હઝરત કઅબ બિન માલિક અન્સારી સલ્લમી رضی اللہ عنہ જે તબૂકના યુદ્ધમાં સામેલ ન થવાથી પ્રકોપિત બહિષ્કૃત થયા, પરંતુ પછી તેમની તૌબાની સ્વીકૃતિ કુર્આન મજીદમાં નાઝિલ થઈ. એમનું બયાન છે કે અમને સૌને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે તમે સૌ મુશ્રિકોની બુરાઈ કરો કેમ કે મો'મિન તેના જાન માલ સાથે જેહાદ કરે છે અને તમારા અશ્આર (કાવ્ય પંક્તિઓ) કુફ્ફારો માટે જાણે તીરોના ઘા સમાન છે. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ખિલાફતકાળ કે અમીર મુઆવિયા رضی اللہ عنہ ના શાસનકાળમાં એમનું મૃત્યુ થયું.

**(૨)** હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અન્સારી ખઝરજી رضی اللہ عنہ એમની શ્રેષ્ઠતાઓ અને ગુણગાનમાં કેટલીક હદીષો પણ છે. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને "સૈય્યદુશ્શોઅ્રા"નો લકબ અર્પણ કર્યો હતો. તેઓ જંગે મુવત્તામાં શહાદત પામ્યા.

**(3)** હઝરત હસ્સાન બિન ષાબિત બિન મુન્ઝિર બિન અમ્ર અન્સારી ખઝરજી رضی اللہ عنہ તેઓ દરબારે રિસાલતના શાયરોમાંથી સૌથી વધુ નામાંકિત છે. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના માટે આ દુઆ ફર્માવી કે : اَللّٰهُمَّ اَيِّدْهُ بِرُوْحِ الْقُدُسِ **અર્થાત** : યા અલ્લાહ ! હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم વડે એમની મદદ કર ! અને એમ પણ કહ્યું કે જ્યાં સુધી તેઓ મારી તરફથી મક્કાના કાફિરોને તેમની શાયરી દ્વારા જવાબ આપતા રહે છે ત્યાં સુધી હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એમની સાથે રહે છે. ૧૨૦ વર્ષની વયે હિ. ૫૪ માં મૃત્યુ પામ્યા. સાઈઠ વર્ષની ઉંમર અજ્ઞાનતાકાળમાં પસાર





થઈ અને સાઈઠ વર્ષની ઉંમર ઈસ્લામની સેવામાં પસાર થઈ. આ એક ઐતિહાસિક રમૂજ છે કે એમની અને એમના પિતા "ષાબિત" અને એમના દાદા "મુન્ઝિર" અને પરદાદા "હરામ" સૌની ઉંમરો એકસો વીસ વર્ષની હતી. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૩૭૨ થી ૩૭૩)*

## ★ ખાસ મુઅઝ્ઝિનો ★


હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ખાસ મુઅઝ્ઝિનોની સંખ્યા ચાર છે :-

**૧.** હઝરત બિલાલ બિન રબાહ رضی اللہ عنہ .

**૨.** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમ્મે મકતૂમ رضی اللہ عنہ , અંધ. આ બંને મદીના મુનવ્વરામાં મસ્જિદે નબવીના મુઅ્ઝઝિન છે.

**3.** હઝરત સઅદ બિન આઈદ رضی اللہ عنہ જેઓ "સઅ્દે કુર્ઝ"ના લકબથી જાણીતા છે. તેઓ મસ્જિદે કુબાના મુઅઝ્ઝિન છે.

**૪.** હઝરત અબૂ મહ્ઝૂરહ્ رضی اللہ عنہ તેઓ મક્કા મુકર્રમાની મસ્જિદે હરામમાં અઝાન પઢતા હતા. *(ઝુર્કાની, ભાગ-૩, પેજ-૨૬૯ થી ૨૭૧)*



**★ તર્જુમો ★**

બેશક ! તુમ્હારે પાસ તશરીફ લાએ તુમમેંસે વોહ રસૂલ જો તુમસે ઐસી મોહબ્બત કરનેવાલા હૈ કે તુમ્હારી હર પરેશાની ઉન પર ભારી હૈ તુમ મોમીનોંકી ભલાઈકે લિયે વોહ બળે હરીસ હૈં ઔર બળે નરમદિલ ઔર મહેરબાન હૈં.

(પ્રકરણ-૨૦)

# મો'જિઝાતે નબુવ્વત

साहिबे रजअते शम्सो शक्कुल कमर
नाईले दस्ते कुदरत पे लाखों सलाम
फर्श ता अर्श है जिसके ज़ैरे नगीं,
उसकी काहिर रियासत पे लाखों सलाम

## ★ મો'જિઝાનો અર્થ ★

અંબિયાએ કિરામ عليهم السلام થી તેમની નબુવ્વતની સત્યતા જાહેર કરવા માટે કોઈ એવી આશ્ચર્યજનક વસ્તુનું જાહેર થવું જે તે સ્વભાવિક રીતે થતી નથી એ જ સામાન્ય નિયમ વિરોધી જાહેર થનારી વસ્તુનું નામ મો'જિઝો છે.

મો'જિઝા કેમ કે નબીની સત્યતા માટે એક ખુદાઈ નિશાની હોય છે આથી મો'જિઝા માટે જરૂરી છે કે તે અસ્વભાવિક હોય અર્થાત જાહેરી કારણો અને રોજિંદી બાબતની તદ્દન વિરૂધ્ધનું હોય. નહીંતર દેખીતું છે કે કાફિરો એને જોઈને કહી શકે છે કે એ તો ફલાણા કારણને લીધે આમ બન્યું છે અને એવું તો હંમેશ સ્વભાવિક રીતે થયું જ હોય છે. એ જ કારણે મો'જિઝા માટે એ અનિવાર્ય વસ્તુ છે બલ્કે આ મો'જિઝાના ભાવાર્થમાં સમાવિષ્ટ છે કે તે કોઈને કોઈ રીતે હંમેશ મુજબ અને કાયમી બાબત વિરૂધ્ધ હોય અને જાહેરી કારણોના અમલની દખલથી મુક્ત હોય, જેથી એને જોઈને કાફિરો એ માનવા માટે તૈયાર થઈ જાય કે એ વસ્તુનું કોઈ કારણ પણ નથી. અને સ્વભાવિક રીતે એવું ક્યારેય બન્યું નથી. આથી નિઃશંક ! એ વસ્તુનું કોઈ શખ્સથી વ્યક્ત થવું માનવીય શક્તિ બહારની વાત છે. આથી ચોક્કસ આ શખ્સ અલ્લાહ તરફથી મોકલાયેલા અને એના નબી છે.





## ★ મો'જિઝાના ચાર પ્રકારો ★

જ્યારે મો'જિઝા માટે એ જરૂરી અને અનિવાર્ય વસ્તુ છે કે તે કોઈને કોઈ દષ્ટિએ માનવીય શક્તિ બહારનું અને અસ્વાભાવિક વિરોધી હોય છે. આથી ધ્યાનથી જોવામાં આવે તો અસ્વાભાવિક હોવાના હિસાબે મો'જિઝાના ચાર પ્રકાર છે જે આ પ્રમાણે છે :–

**પ્રથમ** : તે વસ્તુ જે પોતે એવી હોવી જોઈએ જે બાહ્ય કારણો અને સ્વભાવની તદ્દન વિરૂધ્ધ હોય જેમ કે હુઝૂર صلى الله تعالى عليه وسلم નું ચંદ્રના બે ટુકડા કરી દેખાડવું, હઝરત મૂસા عليه السلام ની લાઠીનું સાપ બનીને જાદૂગરોના સાપોને ગળી જવું, હઝરત ઈસા عليه السلام નું મૃતકોને જીવતા કરવું વિગેરે.

**બીજું** : સ્વયં પોતે તે વસ્તુ તો સ્વાભાવ વિરોધી હોતી નથી, પરંતુ કોઈ ખાસ સમયે એકદમ અચાનક નબી દ્વારા એનું પ્રગટ થઈ જવું, એ દષ્ટિએ અસ્વાભાવિક બની જતી હોય છે. આથી એ પણ મો'જિઝો કહેવાશે. જેમ કે ખંદકના યુદ્ધ સમયે અચાનક એક ભયાનક આંધીનું આવી જવું જેનાથી કાફિરોના તંબુઓ ઉખડી ઉખડીને ઉડી ગયા અને ભારે ભારે દેગો ચૂલાઓ પરથી ઉલટ સુલટ થઈ દૂર જઈ પડી. અથવા બદરના યુદ્ધમાં ત્રણસો તેર મુસલમાનોના મુકાબલે કાફિરોના એક હજાર જોરાવર લશ્કરનું જે સંપૂર્ણ રીતે શસ્ત્રસજ્જ હતું તેનું પરાસ્ત થઈ કતલ અને કેદ પકડાઈ જવું. સ્પષ્ટ છે કે આંધીનું આવવું અથવા કોઈ લશ્કરનું પરાસ્ત થઈ જવું, તે સ્વયં પોતે કોઈ અસ્વભાવિક વાત નથી, બલ્કે આ તો હમેશાં થયા જ કરે છે. પરંતુ એક ખાસ પ્રસંગે જ્યારે રસૂલને રબ્બાની મદદની ખાસ જરૂરિયાત અનુભવાઈ ત્યારે કોઈ પણ જાહેરી કારણની તદ્દન વિરૂધ્ધ આંધીનું આવી જવું અને કાફિરોનુ વિશાળ સંખ્યા હોવા છતાં થોડાક જ મુસલમાનોથી પરાસ્ત થઈ જવું એને ખુદાવંદી મદદ, ગૈબી મદદ અને ઈમદાદ સિવાય બીજું કાંઈ પણ કહી ન શકાય. આ દષ્ટિએ ચોક્કસ આ અસ્વાભાવિક અને જાહેરી કારણોથી મુક્ત છે આથી આ પણ મો'જિઝો છે.

**ત્રીજું** : એક સ્વરૂપ એ પણ છે કે ન તો સ્વયં પોતે એ પ્રસંગ અસ્વાભાવિક હોય છે ન તો એના પ્રગટીકરણ ખાસ સમયે સ્વભાવ વિરોધી કોઈ વાત હોય છે. પરંતુ એ પ્રસંગ પ્રગટ થવાની રીત તદ્દન અદ્‌ભૂત

અસ્તિત્વ ધરાવતી અને અસ્વાભાવિક હોય છે. જેમ કે અંબિયા عَلَيْهِمُ السَّلَام ની દુઆઓથી એકદમ અચાનક વર્ષા થવી, બીમારોનું રોગમુક્ત થઈ જવું, મુસીબતો ટળી જવી.

સ્પષ્ટ છે કે આ વાતો ન તો અસ્વાભાવિક છે, ન તો એમના જાહેર થવાનો કોઈ ખાસ સમય છે, બલ્કે આ વસ્તુઓ તો હંમેશ થતી હોય છે પરંતુ જે રીતે અને જે કારણોસર આ વસ્તુઓ એકદમ જાહેર થઈ કે એકાએક નબીએ દુઆ માંગી અને તદ્દન અચાનક જ આ વસ્તુઓ અસ્તિત્વમાં આવી ગઈ. આ દષ્ટિએ ખરેખર નિ:શંક ! આ બધી વસ્તુઓ અસ્વાભાવિક અને સહજ કારણોથી અલગ અને મુક્ત છે. આથી આ વસ્તુઓ પણ મો'જિઝાઓ કહેવાશે.

**ચોથું** : ક્યારેક એવું પણ બને છે કે ન તો ઘટના સ્વયં અસ્વાભાવિક હોય છે, ન તો એના પ્રગટ થવાની રીત અસ્વાભાવિક હોય છે. પરંતુ કોઈ પણ સહજ કારણ વગર નબીને એ ઘટનાનું સમય પહેલાં ઈલ્મે ગૈબ પ્રાપ્ત થઈ જવું અને બનાવ બનતાં પહેલાં જ નબીનું એ બનાવની ખબર આપવી એ અસ્વાભાવિક હોય છે. જેમ કે અંબિયા عَلَيْهِمُ الصَّلٰوةُ وَالسَّلَام એ બનાવો બને તેની બહુ પહેલાં જ જે ગૈબી ખબરો આપી છે એ બધા જ બનાવો અસ્વાભાવિક અને મો'જિઝાઓ છે. તેથી મુસ્લિમ શરીફની રિવાયત છે કે એક દિવસે બહુ ભયાનક વાવાઝોડું ફૂંકાયું, ત્યારે હુઝૂર ﷺ મદીનાની બહાર હતા. આપે એ જ સ્થળે ફર્માવ્યું કે આ વાવાઝોડું મદીનાના એક મુનાફિક (દંભી)ના મૌત માટે ફૂંકાયું છે. પરિણામ રૂપે બન્યું પણ એમ જ કે જ્યારે લોકો મદીના પહોંચ્યા ત્યારે જાણ થઈ કે મદીનાનો એક મુનાફિક એ વાવાઝોડામાં મૃત્યુ પામ્યો. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૩૭)*

વિચાર કરો કે આ પ્રસંગમાં ન તો વાવાઝોડાનું ફૂંકવું અસ્વાભાવિક છે, ન તો કોઈ શખ્સનું આંધીથી હલાક થવું અસ્વાભાવિક છે. કેમ કે આંધી તોફાન હંમેશા આવતા રહે છે અને આંધીમાં કાયમ માણસો મરતા હોય છે પરંતુ આ પ્રસંગ પહેલાં જ હુઝૂર ﷺ ને જાણ થઈ જવી અને આપનું લોકોને એ અદશ્યના સમાચાર પહેલાં જ આપી દેવા ખરેખર, નિ:શંક ! આ ચમત્કાર અને મો'જિઝાઓ પૈકી છે.





# ★ પૂર્વકાલીન અંબિયા અને અંતિમ નબીના મો'જિઝાઓ ★

દરેક નબીનો મો'જિઝો એની નબુવ્વતના સબૂતની દલીલ હોય છે. આથી ખુદાવંદે આલમે દરેક નબીને તત્કાલીન વાતાવરણ અને એની ઉમ્મતની સમજ બુદ્ધિની પ્રકૃતિ અનુસાર મો'જિઝાઓથી નવાજ્યા. જેમ કે ઉદાહરણ રૂપે હઝરત મૂસા عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ના યુગમાં અને ચમત્કારિક પરાક્રમો તેની પ્રગતિના શિખરે પહોંચી ગયાં હતાં. આથી અલ્લાહ તઆલાએ આપને યદે બૈઝા (ચમકતો હાથ) અને અસા (લાઠી)ના મો'જિઝાઓ અર્પણ કર્યા હતા. જેનાથી આપે જાદૂગરોનાં જાદૂઈ પરાક્રમો પર એવી રીતે પ્રભુત્વ મેળવ્યું કે બધા જ જાદૂગરો સજદામાં નમી પડયા અને આપની નબુવ્વત પર ઈમાન લાવ્યા.

એ જ રીતે હઝરત ઈસા عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ના કાળમાં તબીબી વિદ્યા ઉન્નતિની પરાકાષ્ઠાએ પહોંચી હતી અને એ સમયના તબીબો અને ડોકટરોએ મોટા મોટા રોગોનો ઈલાજ કરીને તેમની કળાત્મક નિપૂણતાથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આથી અલ્લાહ તઆલાએ હઝરત ઈસા عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ને જન્મથી જ આંધળા અને કોઢીઓને રોગમુક્ત કરવા અને મૃતકોને જીવિત કરવાનો મો'જિઝો અર્પણ કર્યો હતો જેને જોઈને મસીહી યુગના તબીબો અને ડોકટરોના હોશ ઉડી ગયા હતા. તેઓ આશ્ચર્યચકિત અને સ્તબ્ધ થઈ ગયા અને આખરે તેમણે એ મો'જિઝાઓને માનવીય શ્રેષ્ઠતાઓથી ઉચ્ચતર માનીને આપની નબુવ્વતનો એકરાર કરી લીધો હતો.

એવી જ રીતે સાલેહ عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ના કાળમાં શિલ્પકળા અને પ્રતિમાઓ બનાવવાની કળાની બોલબાલા હતી. આથી ખુદાવંદે કુદૂસે આપને એ મો'જિઝો અતા કરીને મોકલ્યા કે આપે એક પહાડ તરફ ઈશારો કર્યો તો એની ચટ્ટાનમાં તિરાડ પડી ગઈ હતી અને એમાંથી એક અતિસુંદર અને તંદુરસ્ત ઊંટણી અને એનું બચ્ચું નીકળી આવ્યાં અને આપે ફર્માવ્યું કે : ''هٰذِهٖ نَاقَةُ اللّٰهِ لَكُمْ اٰيَةً''આ અલ્લાહની ઊંટણી છે જે તમારા માટે મો'જિઝો બનીને આવી છે.'' હઝરત સાલેહ عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ની કૌમ આપનો આ મો'જિઝો જોઈને ઈમાન લાવી.

એ જ રીતે દરેક નબીને એના સમયની પરિસ્થિતિ અનુસાર અને એની કૌમની પ્રકૃતિ તેમજ પ્રચલિત પ્રવાહ મુજબ કોઈને એક, કોઈને બે, કોઈને એનાથી વધારે મો'જિઝાઓ મળ્યા. પરંતુ આપણા હુઝૂર નબીએ આખિરુઝ્ઝમાં صلی اللہ تعالٰی علیہ وسلم કેમ કે તમામ નબીઓના નબી છે અને આપની પવિત્ર સીરત તમામ અંબિયા علیہم السلام ની પવિત્ર જિંદગીઓનો ખુલાસો અને આપની તા'લીમ અંબિયા કિરામની તા'લીમનું નિષ્કર્ષ છે. અને આપ દુનિયામાં એક વૈ□ક અને અંનતકાલીન ધર્મ લઈને તશરીફ લાવ્યા હતા. અને સમગ્ર સૃષ્ટિમાં આરંભિક અને અંતિમ તમામ કૌમો અને મિલ્લતો આપની પવિત્ર દા'વતનું સંબોધન હતા. આથી અલ્લાહ તઆલાએ આપની પવિત્ર હસ્તીને પૂર્વકાલીન તમામ નબીઓના સમસ્ત મો'જિઝાઓનો સમૂહ બનાવી દીધો અને આપને ભિન્ન ભિન્ન પ્રકારના એવા અસંખ્ય મો'જિઝાઓથી વિભૂષિત કર્યા જે દરેક વર્ગ, દરેક જૂથ, દરેક કૌમ અને બધા જ ધર્મના અનુયાયીઓના બુદ્ધિ અને સમજ બૂઝ માટે જરૂરી હતા. આથી આપની સૂરત અને સીરત, આપની સુન્નત અને શરીઅત, આપનું વર્તન અને શિષ્ટાચાર, આપના રાત દિવસના નિત્યકર્મ વગેરે એટલે કે આપની હસ્તી અને લક્ષણોની દરેક છટા અને દરેક વાત તેના પાલવમાં મો'જિઝાઓની એક દુનિયા ધરાવે છે. આપ પર જે ગ્રંથ નાઝિલ થયો તે આપનો સૌથી મોટો અને કયામત સુધી બાકી રહેનારો એવો કાયમી મો'જિઝો છે. જેની દરેક આયત સ્પષ્ટ દલીલોની આયતોનું પુસ્તક અને જેની એકે એક પંક્તિઓ મો'જિઝાઓનું ભવન છે. આપના મો'જિઝાઓ આલમે આ'લા અને આલમે અસ્ફલની સૃષ્ટિમાં એવી રીતે દશ્યમાન થયા કે ભૂમિથી આકાશ સુધી આપના મો'જિઝાઓની મહાનતાનો ડંકો વાગી રહ્યો છે. ધરતી પર નિર્જીવ પદાર્થ, વનસ્પતિ, પશુઓના સમગ્ર જગતમાં આપના વિવિધ મો'જિઝાઓનું એવું સર્વત્ર શાસન અને સલ્તનતનો ધ્વજ ફરકાવ્યો કે મોટા મોટા ઈન્કારીઓને પણ આપની સચ્ચાઈ અને નબુવ્વતની સામે માથુ નમાવવું પડયું અને શત્રુઓ સિવાય દરેક માણસ ભલે તે ગમે તે કૌમ કે મઝહબ સાથે સંબંધ ધરાવતો હોય અને તેના નમ્ર સ્વભાવ તથા બુદ્ધિમત્તાની દષ્ટિએ ગમે તેટલી ઉચ્ચ કક્ષાએ બિરાજમાન કેમ ન હોય પરંતુ આપના મો'જિઝાઓની વિપુલતા અને એમના પ્રકાર અને મહાનતાને





જોઈને એને એ વાત માનવી જ પડી કે નિઃશંક ! આપ સાચા નબી અને અલ્લાહના સાચા રસૂલ છો. ખૂદ આપની શારીરિક અને અંતઃકરણની અલ્લાહે અર્પેલી શક્તિઓ પર નજર નાખવામાં આવે તો જણાશે કે આપના પવિત્ર જીવનના વિવિધ તબક્કાઓના હતપ્રભ કરી દેનારા કાર્યો સ્વયં પોતે અતિમહાન મો'જિઝાઓ છે. ક્યારેક અરબના પરાસ્ત ન કરી શકાય એવા પહેલવાનો સાથે કુશ્તી લડીને એમને પછાડી દેવા, ક્યારેક પલકારામાં ધરતીથી સિદરતુલ મુન્તહા પર પસાર થતાં અર્શે મુઅલ્લાનું ભ્રમણ, ક્યારેક આંગળીઓના ઈશારે ચાંદના બે ટુકડા કરી દેવા, ક્યારેક આથમી ચૂકેલા સૂર્યને પાછો વાળવો, ક્યારેક ખંદકની ચટ્ટાન પર પાવડો મારીને રોમ અને પર્શિયાની સલ્તનતોમાં પોતાની ઉમ્મતને ઈસ્લામનો ધ્વજ ફરકતો દેખાડવો, ક્યારેક આંગળીઓથી પાણીના ઝરણાં જારી કરવાં, ક્યારેક મુટ્ઠી જેટલી ખજૂરથી એક ભૂખ્યા લશ્કરને એવી રીતે ખોરાક પહોંચાડવો કે દરેક સૈનિક ધરાઈ જાય વગેરે વગેરે મો'જિઝાઓ જાહેર કરવા ચોક્કસ નિઃશંક ! આ એ મો'જિઝાઈ પ્રસંગો છે કે દુનિયાનો કોઈ પણ બુદ્ધિ ધરાવતો શખ્સ પ્રભાવિત થયા વગર રહી શક્તો નથી.

## ★ અસંખ્ય મો'જિઝાઓમાંથી કેટલાક ★

હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ના મો'જિઝાઓની સંખ્યા હજાર બે હજારની ગણતરીથી ગણવી અતિ મુશ્કેલ છે. કેમ કે અમે લખી ચૂક્યા છીએ કે આપની પવિત્ર હસ્તી તમામ પૂર્વકાલીન અંબિયા علیہم السلام ના મો'જિઝાઓનો સંગ્રહ અને બરઝખે કુબ્રા છે. અને ઉપરાંત ખુદાવંદે કુદ્દુસે આપને અન્ય એવા અસંખ્ય મો'જિઝાઓ પણ અર્પણ કર્યા છે જે કોઈ નબી અને રસૂલને આપવામાં આવ્યા નથી. આથી એ કહેવું સૂર્યથી વધારે પ્રકાશિત હકીકત છે કે આપની પવિત્ર જિંદગીની બધી જ ક્ષણો વાસ્તવમાં મો'જિઝાઓનું એક જગત અને આશ્ચર્યજનક આચરણોનું એક વિ□ છે.

દેખીતું છે કે જ્યારે મોટા મોટા અને દળદાર પુસ્તકોના લેખકો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના તમામ મો'જિઝાઓને પોતપોતાના પુસ્તકોમાં એકત્રિત કરી શક્યા નથી તો અમારા આ નાનકડા પુસ્તકોનો સાંકડો પાલવ એ અસંખ્ય મો'જિઝાઓને કઈ રીતે સમાવી શકે છે ?! પરંતુ એ કહેવત જાણીતી

છે કે **માલા યુદ રકુ કુલ્લુહૂ લાયુત્રકુ કુલ્લહૂ.** અર્થાત જે વસ્તુને પૂરેપૂરી પ્રાપ્ત ન કરી શકાય એને તદન એમ જ જતી કરવી જોઈએ નહીં. આથી યોગ્ય લાગ્યું કે આ નાનકડા પુસ્તકમાં કેટલાક મો'જિઝાઓનું પણ વર્ણન કરી લઉં જેથી આ પુસ્તકનો પાલવ નબુવ્વતના મો'જિઝાઓના રંગબેરંગી ફૂલોથી તદન ખાલી ન રહી જાય. કેમ કે અમે કહી ચૂક્યા છીએ કે આપણા હુઝૂર આખિરુઝ્ઝમાં صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ આ નીચેની દુનિયા સુધી સીમિત નથી બલ્કે આ દુનિયા અને આકાશી દુનિયા બંને જગતમાં નબવી મો'જિઝાઓનું અધિપત્ય છે. આથી અમે અમુક પ્રકારના મો'જિઝાઓના કેટલાક ઉદાહરણો વિવિધ વિષયો હેઠળ પ્રસ્તુત કરીએ છીએ.

# ✪ આકાશી મો'જિઝાઓ ✪

## ★ ચંદ્રના બે ભાગ થઈ ગયા ★

અંતિમ નબી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓમાં ''શક્કુલ કમર'' ચંદ્રના બે ભાગ થવાનો મો'જિઝો અતિભવ્ય અને નિર્ણાયક મો'જિઝો છે. હદીષોમાં આવ્યું છે કે મક્કાના કાફિરોએ આપની પાસે એવી માંગણી કરી કે આપ પોતાની નબુવ્વતની સત્યતા અંગે દલીલરૂપે કોઈ મો'જિઝો અને નિશાની દેખાડો ? ત્યારે આપે એ લોકોને ''શક્કુલ કમર''નો મો'જિઝો દેખાડયો કે ચંદ્ર બે ભાગમાં દેખાયો. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ, હઝરત અનસ બિન માલિક, હઝરત ઝુબૈર બિન મુત્ઈમ, હઝરત અલી બિન અબી તાલિબ, હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર, હઝરત હુઝૈફા બિન યમાન رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ એ પ્રસંગની રિવાયત કરી છે. *(ઝુર્કાની, અલલ્ મવાહિબ, ભાગ–૫, પેજ–૧૨૪)*

એ રિવાયતોમાં સૌથી વધુ સહીહ અને પ્રમાણિત હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ની રિવાયત છે. જે બુખારી શરીફ, મુસ્લિમ શરીફ અને તિર્મિઝી શરીફ વગેરેમાં આ લેખાયેલ છે. હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ એ સમયે મૌજૂદ હતા અને તેમણે એ મો'જિઝાને પોતાની નજરે નિહાળ્યો હતો. તેમનું બયાન છે કે :–





''હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં ચંદ્રના બે ભાગ થઈ ગયા. એક ભાગ પહાડની નીચે દેખાઈ રહ્યો હતો. આપે મક્કાના કુફ્ફારોને એ દશ્ય દેખાડીને એમને કહ્યું કે સાક્ષી રહો, સાક્ષી રહો !'' *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૭૨૧, ૭૨૨, પ્રકરણ : કૌલા વઈન શક્કુલ કમર)*

આ મુબારક હદીષો ઉપરાંત એ મહાન મો'જિઝાનું વર્ણન કુર્આન મજીદમાં પણ છે. જેમ કે અલ્લાહનો ઈર્શાદ છે કે :–

اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ ○ وَاِنْ يَّرَوْا اٰيَةً يُّعْرِضُوْا وَيَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ ○

''કયામત નજીક આવી ગઈ અને ચંદ્ર ફાટી ગયો. અને આ કાફિરો જો કોઈ નિશાની જુએ છે તો એનાથી મુખ ફેરવી લે છે. અને કહે છે કે આ જાદૂ તો હંમેશથી થતો આવ્યો છે.''

આ આયતનો સાફ અને સ્પષ્ટ મતલબ એ જ છે કે કયામત નજીક આવી ગઈ અને દુનિયાની વયનો નજીવો ભાગ બાકી રહી ગયો. કેમ કે ચંદ્રના બે ભાગ થઈ જવા એ કયામતની નિશાનીઓમાંથી હતું તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં થઈ ચૂક્યું. પરંતુ આ અતિસ્પષ્ટ અને નિર્ણાયક મો'જિઝા જોઈને પણ મક્કાના કાફિરો મુસલમાન ન થયા, બલ્કે જાલિમોએ એમ કહ્યું કે, મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારા ઉપર જાદૂ કર્યો છે અને આવા પ્રકારના પ્રસંગો તો હમેશાં થતા રહે છે.

## ★ એક ગેરસમજનું નિવારણ ★

ઉપર્યુક્ત આયત બાબતે જે વિધર્મીઓ ''શક્કુલ કમર''ના મો'જિઝાના ઈન્કારીઓ છે, એમ માને છે કે આ શક્કુલ કમરનો મતલબ કયામતના દિવસે ચંદ્રના ટુકડે ટુકડા થવાનો છે જ્યારે કે આકાશ ફાટી જશે અને ચાંદ, તારાઓ ખરી પડીને વિખરાઈ જશે.

પરંતુ બુદ્ધિમાનો પર સ્પષ્ટ છે કે એ વિધર્મીઓની આ બકવાસ સદંતર નિરર્થક અને તદન પાયા વિહિન વાત છે કેમ કે પહેલાં તો કોઈ પણ ક્રમ વગર ઈનશક્કુ (ચંદ્ર ફાટી ગયો) માઝીની વાતને યન શક્કુ (ચંદ્ર ફાટી જશે) ભવિષ્યના અથમાં લેવો પડશે, જે તદન જરૂર વગરનું છે. બીજું એ કે ફાટી જવાનું વર્ણન કર્યા બાદ એમ ફર્માવવામાં આવ્યું છે કે :–

وَإِنْ يَّرَوْا آيَةً يُّعْرِضُوْا وَيَقُوْلُوْا سِحْرٌ مُّسْتَمِرٌّ **અર્થાત** : ચંદ્રના બે ભાગ થયાની ભવ્ય નિશાની જોઈને કાફિરોએ એ કહ્યું કે આ જાદૂ છે જે હંમેશથી થતો આવ્યો છે. જાહેર છે કે જ્યારે મક્કાના કાફિરોએ શક્કુલ્ કમરનો મો'જિઝો જોયો અને એને જાદૂ કહ્યું, નહીંતર ચોખ્ખી વાત છે કે કયામતના દિવસે જ્યારે આકાશ ફાટી જશે અને ચાંદ, તારાઓ ટુકડે ટુકડા થઈ ખરી પડશે અને બધા માણસો મરી જશે, તો એ સમયે એને જાદૂ કહેનારો કોણ હશે ? તેથી નિઃશંક ! આ આયતનો એ જ અર્થ નિશ્ચિત છે કે હુઝૂર ﷺ ના સમયમાં ચંદ્ર ફાટી ગયો અને એ મો'જિઝાને જોઈને કાફિરોએ એને જાદૂનો પરાક્રમ કહ્યો.

## ★ એક સવાલ અને જવાબ ★

હા, અલબત્ત અહીં એક સવાલ ઉપસ્થિત થાય છે જે મોટા ભાગે લોકો પૂછતા હોય છે કે શક્કુલ કમરનો મો'જિઝો જ્યારે મક્કામાં જાહેર થયો તો પછી આ મો'જિઝો બીજા દેશો અને બીજા શહેરોમાં કેમ દેખાયો નહીં ?!

આ સવાલનો જવાબ એ છે કે પહેલાં તો મક્કા મુકર્રમા ઉપરાંત અન્ય શહેરોના લોકોએ પણ જેમ કે હદીષોથી પુરવાર છે એ મો'જિઝાને જોયો. હઝરત મસ્રૂકે હઝરત અબ્દુલ્લાહ બન મસ્ઊદથી રિવાયત કરી છે કે આ મો'જિઝો જોઈને કાફિરોએ કહ્યું કે અબૂ કબ્શાના પુત્ર (મુહમ્મદ ﷺ)એ તમારા પર જાદૂ કરી દીધો છે. પછી એ લોકોએ પરસ્પર એ નિર્ણય કર્યો કે બહારથી આવનારાઓને પૂછવું જોઈએ, જોઈએ એ લોકો આ બાબતે શું કહે છે ? કેમ કે મુહમ્મદ ﷺ નો જાદૂ બધા લોકો પર ચાલી શકશે નહીં. આથી બહારથી આવનારા મુસાફરોએ પણ એ વાતની સાક્ષી આપી કે, ''અમે પણ ચંદ્રના બે ભાગ જોયા છે.'' *(શિફા કાઝી અયાઝ : ભાગ–૧, પેજ–૧૮૩)*

અને જો એમ સ્વકારી લેવામાં આવે કે બીજા દેશો અને શહેરોના નિવાસીઓએ એ મો'જિઝાને જોયો નહીં, તો કોઈ વસ્તુને ન જોવાથી એ કઈ રીતે અનિવાર્ય થઈ જાય કે તે બાબત બની જ નથી. આકાશમાં દરરોજ વિવિધ પ્રકારના દશ્યો સર્જાતાં હોય છે, જેમ કે રંગારંગ વાદળો, મેઘધનુષ્ય,





તારાઓનું ખરવું, પરંતુ આ બધાં દશ્ય એ જ લોકોને દેખાય છે જેઓ સંજોગોવશ આકાશ તરફ જોઈ રહ્યા હોય, અન્ય લોકોને દેખાતા નથી.

એ જ રીતે બીજા દેશો અને શહેરોમાં એ મો'જિઝો નહીં દેખાવાનું એક કારણ એ પણ હોઈ શકે છે કે, અલગ અલગ ઉદયના કારણે અમુક સ્થળોએ એક સમયે ચંદ્ર દેખાય છે અને એ સમયે અન્ય શહેરોમાં ચંદ્રનો ઉદય જ થતો નથી. એ જ કારણે જ્યારે ચંદ્રમાં ગ્રહણ લાગે છે તો બધા જ દેશોમાં ગ્રહણ દેખાતો નથી અને અમુક વખતે એવું પણ બને છે કે બીજા દેશો અને શહેરોમાં વાદળા કે પર્વત વગેરે અવરોધક હોવાને કારણે કોઈ કોઈ સમયે ચંદ્ર દેખાતો નથી.

આ પ્રસંગે ઉચિત એ જ જણાય છે કે અમે એ કોષ્ટક હુબહૂ રજૂ કરી દઈએ જે કાઝી મુહમ્મદ સલૈમાન સાહબ સલમાન મન્સૂરપુરીએ તેમના પુસ્તક ''રહ્‌મતુલ્ લિલ્ આલમીન''માં આલેખ્યો છે. જેનાથી એ જણાય છે કે જ્યારે મક્કા મુકર્રમામાં ''શક્કુલ કમર''નો મો'જિઝો સર્જાયો એ સમયે દુનિયાના મોટા મોટા દેશોમાં શું સમય હતો ? આ કોષ્ટકની જવાબદારી ''રહ્‌મતુલ્ લિલ્ આલમીન'''ના લેખક પર છે. અમે માત્ર અસલ પ્રમાણે નકલના જવાબદાર છીએ. એનું લખાણ અને કોષ્ટક આ પ્રમાણે છે.

''આનાથી આગળ વધીને અમે એ દેખાડવા માંગીએ છીએ કે, જો મક્કા મુઅઝ્ઝમામાં આ ઘટના રાતના ૯:૦૦ વાગે ઘટી હોય તો એ સમયે દુનિયાના મોટા મોટા દેશોમાં ક્યો સમય હતો ?''

| દેશનું નામ | કલાક | મિનિટ | દિવસ કે રાત |
|---|---|---|---|
| ભારત | ૧૨ | ૫૦ | રાત્રિ |
| મોરેશિયસ | ૧૧ | ૨૦ | રાત્રિ |
| રોમાનિયા, બલ્ગેરિયા, તુર્કી,ગ્રીસ, જર્મન, લકસમ્બર્ગ, ડેન્માર્ક, સ્વીડન | ૮ | ૨૦ | દિવસ |
| આઈસલેન્ડ, મિડેરિયા | ૫ | ૨૦ | દિવસ |
| પૂર્વ બ્રાઝિલ | ૩ | ૨૦ | મધ્ય રાત્રિ બાદ |
| મધ્ય બ્રાઝિલ અને ચીલી | ૨ | ૨૦ | મધ્ય રાત્રિ બાદ |

| | | | |
|---|---|---|---|
| બ્રિટિશ કોલંબિયા | ૧ | ૨૦ | બપોર પહેલાં |
| લોકૂન | ૯ | ૨૪ | બપોર પહેલાં |
| બ્રહ્મદેશ | ૧ | ૫૦ | મધ્ય રાત્રિ બાદ |
| સોમાલી લેન્ડ, મિડગાસ્કર | ૧૦ | ૨૦ | રાત્રિ |
| મલાયાના રાજ્યો | ૨ | ૨૦ | મધ્ય રાત્રી બાદ |
| સેન્ડૂકના ટાપુઓ | ૭ | ૫૦ | દિવસ |
| ઈંગ્લેન્ડ, આયર્લેન્ડ, ફ્રન્સ, બેલ્જિયમ, સ્પેન, પોર્ટુગલ, જિબ્રાલ્ટર (અલજીરિયા) | ૬ | ૨૦ | દિવસ |
| પેરૂ, પનામા, જમૈકા, ભાહિન, અમેરિકા | ૧ | ૨૦ | મધ્ય રાત્રિ બાદ |
| સમૂઆ | ૬ | ૨૦ | દિવસ |
| ન્યુઝીલેન્ડ | ૬ | ૫૦ | સવાર |
| ટાસ્માનિયા, વિકટોરિયા ન્યુ સાઉથ વેલ્સ | ૫ | ૨૨ | સવાર |
| દક્ષિણ ઓસ્ટ્રેલિયા | ૪ | ૫૦ | સવાર |
| જાપાન, કોરિયા | ૪ | ૨૦ | બપોર બાદ |
| પશ્ચિમી ઓસ્ટ્રેલિયા ઉત્તર બોર્નિયા ફિલીપાઈન્સના ટાપુઓ, હોંગકોંગ, ચીન | ૩ | ૨૦ | બપોર બાદ |

**નોંધ** : આ કોષ્ટક સ્ટાન્ડર્ડ સમય પ્રમાણે છે. *(રહ્‌મતુલિલ્ લિલ્ આલમીન, ભાગ–૩, પેજ–૧૯૦)*

## ★ સૂર્ય પાછો ફર્યો ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આકાશી મો'જિઝાઓમાં સૂર્યના પાછા આવવાનો મો'જિઝો પણ અતિભવ્ય મો'જિઝો અને નબુવ્વતની સચ્ચાઈની એક સ્પષ્ટ નિશાની છે. એનો પ્રસંગ એ છે કે હઝરત બીબી અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہا નું બયાન છે કે, ''ખૈબર'' પાસે ''મંઝિલે સહબા''માં હુઝૂર





صلی اللہ تعالیٰ علیہ وسلم અસરની નમાઝ પઢીને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના ખોળામાં પોતાનું પવિત્ર માથુ મૂકીને ઊંઘી ગયા અને આપ પર વહી નાઝિલ થવા લાગી. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પવિત્ર માથાને પોતાના ખોળામાં રાખી બેસી રહ્યા, એટલે સુધી કે સૂર્ય આથમી ગયો અને આપની નમાઝે અસર કઝા થઈ ગઈ. જ્યારે વહી પૂરી થઈ અને આપે પોતાનું પવિત્ર માથુ ઉઠાવ્યું અને આપને એ જાણ થઈ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની નમાઝે અસર કઝા થઈ ગઈ તો આપે આ દુઆ ફર્માવી કે, ''હે અલ્લાહ ! ખરેખર અલી તારી અને તારા રસૂલની સેવામાં હતા, તેથી તું સૂર્યને પાછો વાળી દે જેથી અલી અસરની નમાઝ પઢી શકે.''

હઝરત બીબી અસ્મા બિન્તે ઉમૈસ કહે છે કે મેં મારી નજરે જોયું કે આથમી ગયેલો સૂર્ય પાછો નીકળી આવ્યો અને પર્વતોના શિખરો પર અને જમીન ઉપર ચારેબાજુ પ્રકાશ ફેલાઈ ગયો. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૧૩ અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૧૮૫ અને મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૫૭)*

એમાં શંકા નથી કે બુખારીની રિવાયતોમાં આ મો'જિઝાનું વર્ણન નથી પરંતુ યાદ રાખો કે કોઈ હદીષનું બુખારીમાં ન હોવું એ વાતની દલીલ નથી કે એ હદીષ તદ્દન બેબુનિયાદ છે. ઈમામ બુખારીને ૬ લાખ હદીષો મોઢે યાદ હતી. એ જ હદીષોમાંથી વીણીને તેમણે બુખારી શરીફમાં જો મુકર્રરાત વ મુતાબિઆતને સામેલ કરીને ગણવામાં આવે તો માત્ર નવ હજાર બ્યાસી હદીષો લખી છે. અને જો મુકર્રરાત વ મુતાબિઆતને બાદ કરી ગણવામાં આવે તો કુલ હદીષોની સંખ્યા બે હજાર સાતસો એકસઠ (૨૭૬૧) રહી જાય છે. (મુકદમા ફત્હુલ બારી) બાકી હદીષો જે હઝરત ઈમામ બુખારી علیہ الرحمۃ والرضوان ને યાદ હતી. દેખીતું છે કે તે પાયા વગરની અને ખોટી નહીં હોય બલ્કે તે પણ ચોક્કસ સાચી અને ખરી હશે તો તે બધી ક્યાં છે ? અને ક્યાં ગઈ ?! તો એ બાબતે એ કહેવું પડશે કે બીજા મુહદ્દિષોએ એ જ હદીષોને અને કેટલીક બીજી હદીષોને પોતપોતાના પુસ્તકોમાં લખી હશે. આમ ''મંઝિલે સહબા''માં હઝરત અલી رضی اللہ عنہ ની નમાઝે અસર માટે સૂર્ય પાછા ફરવાની હદીષને ઘણા મુહદ્દિષોએ પોતપોતાના પુસ્તકોમાં લખી છે જેમ કે હઝરત શેખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી علیہ الرحمۃ والرضوان

એ ફર્માવ્યું કે હઝરત ઈમામ અબૂ જા'ફર તહાવી, અહમદ બિન સાલેહ, ઈમામ તિબ્રાની, કાઝી અયાઝે એ હદીષને પોતપોતાના પુસ્તકોમાં વર્ણવી છે. ઈમામ તહાવીએ તો એ પણ ફર્માવ્યું છે કે ઈમામ અહમદ બિન સાલેહ જેઓ ઈમામ અહમદ બિન હંબલના સમકક્ષ છે, તેઓ ફર્માવતા હતા કે આ રિવાયત શ્રેષ્ઠ મો'જિઝા અને નબુવ્વતની નિશાનીઓ પૈકી છે. આથી એને યાદ કરવામાં આલિમોએ પાછા હટવું ન જોઈએ કે ગફલત ન રાખવી જોઈએ. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૫૪)*

એ રીતે જે જે મુહદ્દિષોએ એ હદીષોને પોતપોતાના પુસ્તકોમાં વર્ણવી છે એમની એક ટૂંકી યાદી આ પ્રમાણે છે :–

૧. હઝરત ઈમામ અબૂ જા'ફર તહાવીએ મુશ્કિલલ્ આષારમાં.

૨. હઝરત ઈમામ હાકિમે મુસ્તદરકમાં.

૩. હઝરત ઈમામ તિબ્રાનીએ મુઅજમે કબીરમાં.

૪. હઝરત હાફિઝ ઈબ્ને મરદવૈહએ તેમના મુરવિય્યાતમાં

૫. હઝરત હાફિઝ અબુલ બશરે અઝઝુર્રિયાતુત્તાહિરહ્માં

૬. હઝરત કાઝી અયાઝે શિફા શરીફમાં

૭. હઝરત ખતીબ બગદાદીએ તલખીસુલ મુતશાબહમાં

૮. હઝરત હાફિઝ મુગલ તાઈએ અઝ્ઝહરુલ બાસિમમાં

૯. હઝરત અલ્લામા ઐનીએ ઉમ્દતુલ કારીમાં

૧૦. હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતિએ કશ્ફુલ લબિસમાં

૧૧. હઝરત અલ્લામા ઈબ્ને યૂસુફ દમિશ્કીએ મુઝય્યલુલ લબિસમાં

૧૨. હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વીએ ઈઝાલતુલ ખિફામાં

૧૩. હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીએ મદારિજુન્નબુવ્વતમાં

૧૪. હઝરત અલ્લામા મુહમ્મદ બિન અબ્દુલ બાકીએ ઝુર્કાની અલલ્ મવાહિબમાં

૧૫. હઝરત અલ્લામા કસ્તલાનીએ મવાહિબે લદુન્નિયામાં.





આ હદીષ પર અલ્લામા ઈબ્ને જૌઝીએ તેમના સ્વભાવ અનુસાર જે દલીલો કરી છે અને આ હદીષને ચર્ચાસ્પદ ઠેરવી છે. હઝરત અલ્લામા ઐનીએ ઉમ્દતુલ કારી, ભાગ–૭, પેજ–૧૪૬ માં લખ્યું છે કે અલ્લામા ઈબ્ને જૌઝીની દલીલો ધ્યાન આપવા લાયક નથી. હઝરત ઈમામ અબૂ જા'ફર તહાવીએ આ હદીષની સનદો લખીને ફર્માવ્યું છે કે હાઝાનિલ્ હદીષાનિ સાબિતાનિ વરુવાતહુમા ષિકાત.

**અર્થાત** : આ બંને રિવાયતો સાબિત છે અને એના રિવાયતકર્તા ષિકહ છે. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૧૮૫)*

એ જ રીતે હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વીએ પણ અલ્લામા ઈબ્ને જૌઝીની દલીલોને રદ કરી દીધી છે. અને એ હદીષના સહી અને સાચા હોવાનું સમર્થન કર્યું છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૫૪)*

એ જ રીતે ઈઝાલતુલ્ ખિફામાં અલ્લામા મુહમ્મદ બિન યુસૂફ દમિશ્કીના પુસ્તક "મુઝય્યલુલ્ લબિસ અને રદ્દુશ્શમ્સ"નું આ લખાણ નકલ કરેલ છે કે :–

"તમે જાણી લો કે આ હદીષને ઈમામ તહાવીએ તેમના પુસ્તક શરહ મુશ્કિલુલ્ આસાર"માં હઝરત અસ્મા બિન્તે ઉમૈસ رضی اللہ عنہا થી સનદો સાથે રિવાયતો કરી છે અને ફર્માવ્યું છે કે આ બંને હદીષો સાબિત છે અને એ બંનેના રિવાયત કરનાર ષિકહ છે. અને આ હદીષને કાઝી અયાઝે "શિફા"માં અને હાફિઝ ઈબ્ને સૈયદુન્નાસે "બુશરા અલ લબીબ" અને હાફિઝ અલાઉદ્દીન મુગલ તાઈએ પોતાના પુસ્તક "અઝ્ઝહરુલ્ બાસિમ"માં નકલ કરી છે અને અબુલ ફત્હ અઝવીએ આ હદીષને "સહીહ" જણાવી છે અને અબી ઝર્આ ઈરાકી અને અમારા શેખ જલાલુદ્દીન સિયૂતિએ "અદ્દર્રા અલ્ મુન્તશિરહ ફિલ અહાદીષુલ મુશ્તહેરહ્"માં આ હદીષને "હસન" જણાવી અને હાફિઝ અહમદ બિન સાલેહે ફર્માવ્યું કે તમને એ જ પૂરતી છે અને આલિમોએ આ હદીષથી પાછળ હટવું જોઈએ નહીં. કેમ કે આ નબુવ્વતના મોટા મોટા મો'જિઝાઓ પૈકી છે અને હદીષના હાફિઝોએ એ વાતને બુરી માની છે કે ઈબ્ને જૌઝીએ આ હદીષને "કિતાબુલ મોઝૂઆત"માં વર્ણવી દીધી છે.

## ★ સૂર્ય થંભી ગયો ! ★

હુઝૂર અકદસ ﷺ ના આકાશી મો'જિઝાઓ પૈકી સૂર્ય પાછા ફરવાનો મો'જિઝાની જેમ સૂર્યનું થંભી જવું પણ એક અતિ મહાન મો'જિઝો છે. જે મેઅ્રાજની રાત ગુજરીને દિવસે સર્જાયો. જેમ કે યૂનુસ બિન બુકૈરે ઈબ્ને ઈસ્હાકથી રિવાયત કરી છે કે જ્યારે કુરૈશના કાફિરોએ હુઝૂર અકદસ ﷺ થી પોતાના એ કાફલાની સ્થિતિ જાણી જે સીરિયાથી મક્કા આવી રહ્યો હતો. ત્યારે આપે ફર્માવ્યું કે હા, મેં તમારા કાફલાને બૈતુલ મુકદસના માર્ગે જોયો છે અને એ બુધવારે મક્કા આવી જશે. તેથી કુરૈશે બુધવારના દિવસે શહેરથી બહાર જઈને પોતાના કાફલાના આગમનનો ઈંતેજાર કર્યો, એટલે સુધી કે સૂર્ય આથમવા લાગ્યો અને કાફલો આવ્યો નહીં. ત્યારે હુઝૂર ﷺ એ અલ્લાહના દરબારમાં દુઆ માંગી, તો અલ્લાહ તઆલાએ સૂર્યને થંભાવી દીધો અને એક પહોર માટે દિવસને વધારી દીધો એટલે સુધી કે એ કાફલો આવી ગયો. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૬, શિફા શરીફ, ભાગ–૧, પેજ–૧૮૫)*

યાદ રાખો કે "હબ્સુશ્શમ્સ" અર્થાત સૂર્યને થંભાવી દેવાનો મો'જિઝો એ હુઝૂર ﷺ માટે જ વિશિષ્ટ નથી બલ્કે પૂર્વકાલીન અંબિયાઓમાંથી હઝરત યૂશેઅ બિન નૂન عليه السلام માટે પણ આ મો'જિઝો જાહેર થઈ ચૂક્યો છે. જેનો પ્રસંગ આ પ્રમાણે છે કે જુમ્આના દિવસે તેઓ બૈતુલ મુકદસમાં કૌમે જબ્બારીન સાથે જેહાદ કરી રહ્યા હતા ત્યારે અચાનક સૂર્ય આથમવા લાગ્યો અને એ ખતરો પેદા થઈ ગયો કે જો સૂર્ય આથમી ગયો તો શનિવારનો દિવસ આવી જશે અને શનિવારના દિવસે મૂસવી શરીઅત અનુસાર જેહાદ નહીં થઈ શકે. ત્યારે અલ્લાહ તઆલાએ એક ઘડી સુધી સૂર્યને ચાલવાથી સ્થગિત કરી દીધો, એટલે સુધી કે હઝરત યૂશેઅ બિન નૂન عليه السلام કૌમે જબ્બારીન પર વિજયી થઈને જેહાદથી ફારેગ થઈ ગયા. *(તફસીરે જલાલૈન, સૂરહ માઈદહ્, પેજ–૯૮, તફસીરે જુમલ, ભાગ–૧, પેજ–૪૮૦)*

## ★ મેઅરાજ શરીફ ★

હુઝૂર અકરમ ﷺ ના આકાશી મો'જિઝાઓમાંથી મેઅરાજનો પ્રસંગ પણ બહુ જ વધારે મહત્વપૂર્ણ અને અમારા ભૌતિક જગતથી તદન





વિપરીત અને માનવીય બુદ્ધિના કિયાસ અને ગુમાનોથી બહુ જ ઉચ્ચતમ છે.

મેઅરાજનું બીજું નામ "અસરા" પણ છે. અસરાનો અર્થ રાત્રે ચલાવવું કે રાત્રે લઈ જવું થાય છે. કેમ કે હુઝૂર અકદસ ﷺ ના મેઅરાજના બનાવને ખુદાવંદે આલમે કુર્આન મજીદમાં سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَیْلًا ના શબ્દોથી વર્ણન કર્યું છે. આથી મેઅરાજનું નામ "અસરા" પડી ગયું અને કેમ કે હદીષોમાં મેઅરાજનો બનાવ બયાન ફર્માવતાં હુઝૂર ﷺ એ "ઉરિ જ બી" (મને ઉપર ચઢાવવામાં આવ્યો)નો શબ્દ ઈર્શાદ ફર્માવ્યો આથી આ ઘટનાનું નામ મેઅરાજ પડી ગયું.

હદીષો અને સીરતના પુસ્તકોમાં આ ઘટનાને બહુ જ મોટી સંખ્યામાં સહાબાએ કિરામે બયાન ફર્માવી છે. આથી અલ્લામા ઝુર્કાનીએ ૪૫ સહાબીઓને નામ સાથે ગણાવ્યા છે જેમણે મેઅરાજની હદીષ રિવાયત કરી જેમ કે અમે પોતાના પુસ્તક "નૂરાની તકરીરો"માં એનું વિસ્તૃત વર્ણન કરી ચૂક્યા છીએ.

## ★ મેઅરાજ શરીફ ક્યારે થઈ ? ★

મેઅરાજની તારીખ, દિવસ અને મહિનામાં ઘણા મતભેદો છે. પરંતુ એ વાત પર બધાની સંમતિ છે કે મેઅરાજ વહીના ઉતરાણ બાદ અને હિજરત પહેલાંની ઘટના છે જે મક્કા મુઅઝ્ઝમામાં ઘટી અને ઈબ્ને દીનૂરી (મૃત્યુ હિ.સ. ૨૬૭) અને ઈબ્ને અબ્દુલબર્ર (મૃત્યુ હિ.સ. ૪૬૩) અને ઈમામ શાફઈ અને ઈમામ નવવીએ લખ્યું છે કે મેઅરાજનો બનાવ રજબ મહિનામાં બન્યો અને મુહદ્દિષ અબ્દુલગની મુકદ્દિસીએ રજબની સત્તાવીસ પણ નિશ્ચિત કરી દીધી છે અને અલ્લામા ઝુર્કાનીએ લખ્યું છે કે લોકોનો આના પર જ અમલ છે અને કેટલાક ઈતિહાસકારોનો મત છે કે એ જ સૌથી વધારે મજબૂત રિવાયત છે. *(ઝુર્કાની, ભાગ–૧, પેજ–૩૫૫ થી ૩૫૮)*

## ★ મેઅરાજ કેટલીવાર અને કઈ રીતે થઈ ? ★

મિલ્લતના તમામ આલિમોનો એ જ મઝહબ છે કે મેઅરાજ શરીફ શરીર અને રૂહ સાથે જાગૃત અવસ્થામાં માત્ર એક વખત થઈ. સહાબાઓ,

તાબઈન, ફકીહો, મુહદ્દિષો અને સૂફિયાએ કિરામનો એ જ મઝહબ છે. આથી અલ્લામા હઝરત મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ (ઉસ્તાદ ઔરંગઝેબ આલમગીર બાદશાહ)એ લખ્યું છે કે :–

وَالْاَصَحُّ اَنَّهٗ كَانَ فِى الْيَقْظَةِ بِجَسَدِهٖ مَعَ رُوْحِهٖ وَعَلَيْهِ اَهْلُ السُّنَّةِ وَالْجَمَاعَةِ فَمَنْ قَالَ اِنَّهٗ بِرُوْحٍ فَقَطْ اَوْ فِى النَّوْمِ فَقَطْ مُبْتَدِعٌ، ضَالٌّ، مُضِلٌّ فَاسِقٌ (تفسیرات احمدیہ بنی اسرائیل ص۴۰۸)

અને સૌથી વધારે સાચુ એ જ કથન છે કે મેઅરાજ શરીર અને રૂહ સાથે જાગૃત અવસ્થામાં થઈ. એ જ અહલે સુન્નત વલ જમાઅતનો મઝહબ છે. આથી જે શખ્સ એમ કહે કે મેઅરાજ શરીફ માત્ર રૂહાની થઈ કે મેઅરાજ શરીફ ફકત સ્વપ્નમાં થઈ તે શખ્સ બિદઅતી, ગુમરાહ કરનાર ગુનેગાર છે. *(તફસીરાતે અહમદિયા બની ઈસ્રાઈલ, પેજ–૪૦૮)*

## ★ અલ્લાહનો દીદાર ★

શું મેઅરાજમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુદાવંદે તઆલાને જોયો ?! આ પ્રશ્ને પૂર્વકાલીન આલિમોમાં મતભેદ છે. હઝરત આઈશા رضی اللہ عنہا અને અમુક સહાબાએ ફર્માવ્યું કે મેઅરાજમાં આપે અલ્લાહ તઆલાને જોયા નથી અને એ મહાનુભાવોએ "مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى"ના વિવરણમાં આ ફર્માવ્યું કે આપે ખુદાને જોયો નથી, બલ્કે મેઅરાજમાં હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والسلام ને એમના અસલ સ્વરૂપ અને ચેહરામાં જોયા કે એમની છસો પાંખો હતી અને કેટલીક પૂર્વકાલીન હસ્તીઓ જેમ કે હઝરત સઈદ બિન જુબૈર તાબઈએ એ પ્રશ્ને કે જોયો કે ન જોયો કંઈ પણ કહેવાથી મૌન રહ્યા. પરંતુ સહાબાએ કિરામ અને તાબઈન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના એક બહુ મોટા વર્ગે આ ફર્માવ્યું કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની આંખોથી અલ્લાહ તઆલાને જોયો. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૧૨૦ થી ૧૨૧)*

આથી અબ્દુલ્લાહ બિન હારિષે રિવાયત કરી છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત કા'બ رَضِیَ اللّٰهُ عَنْهُمْ એક બેઠકમાં ભેગા થયા તો હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસે ફર્માવ્યું કે કોઈ કંઈ પણ કહેતો રહે પરંતુ અમે બની હાશિમના લોકો એ જ કહીએ છીએ કે નિઃશંક ! હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ચોક્કસ પોતાના રબને મેઅરાજમાં બેવાર





જોયા. આ સાંભળી હઝરત કઅબે એટલી જોરથી નારો લગાડયો કે પર્વતો ગુંજી ઉઠયા અને ફર્માવ્યું કે, "નિઃસંદેહ ! હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ અલ્લાહ સાથે વાત કરી અને હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અલ્લાહ તઆલાને જોયા."

એ જ રીતે હઝરત અબૂઝર ગિફારી رضی اللہ عنہ એ "مَا كَذَبَ الْفُؤَادُ مَا رَاٰى" નું વિવરણમાં ફર્માવ્યું કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયો. એવી જ રીતે હઝરત મુઆઝ બિન જબલ رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કરી છે કે **રઅય્તુ રબ્બી** અર્થાત મેં મારા રબને જોયો.

મુહદ્દિષ અબ્દુર્રઝ્ઝાક નકલ કરે છે કે હઝરત ઈમામ હસન બસરી એ વાત પર સોગંદ લે છે કે ખરેખર હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયો. અને કેટલાકે લખ્યું છે કે હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ સહાબી رضی اللہ عنہ નો એ જ મત છે અને ઈબ્ને ઈસ્હાક પણ લખે છે કે મદીનાના હાકેમ મરવાને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી પ્રશ્ન કર્યો કે શું હઝરત મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના રબને જોયા ? તો આપે જવાબ આપ્યો કે, "હા !"

એ જ રીતે નક્કાશે હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہ અંગે વર્ણવ્યું છે કે આપે ફર્માવ્યું કે હું હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَا ના કથનને માનું છું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખુદાને જોયો ! જોયો ! જોયો ! એટલીવાર સુધી તેઓ જોયો ! જોયો કહેતા રહ્યા કે એમનો □ાસ તૂટી ગયો. *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૧૧૯ થી ૧૨૦)*

સહીહ બુખારીમાં છે કે હઝરત અનસ رضی اللہ عنہ થી શરીક બિન અબ્દુલ્લાહે જે મેઅરાજની રિવાયત કરી છે એના અંતમાં છે કે :–

حَتّٰى جَاءَ سِدْرَةَ الْمُنْتَهٰى وَدَنَا الْجَبَّارُ رَبُّ الْعِزَّةِ فَتَدَلّٰى حَتّٰى كَانَ مِنْهُ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى - (بخاری جلد۲ ص۱۱۲۰ باب قول اللہ وکلم اللہ الخ)

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સિદરતુલ્ મુન્તહા પર ગયા અને આદરણીય જબ્બાર (અલ્લાહ તઆલા) એટલે સુધી સમીપ થયો અને નજીક આવ્યો કે બે કમાનો અથવા એનાથી પણ ઓછું અંતર રહી ગયું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૧૧૨૦)*

ટૂંકાણમાં અહલે સુન્નતના આલિમોનો એ જ મસ્લક છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ શબે મેઅરાજમાં પોતાની નજરોથી અલ્લાહ તઆલાની પવિત્ર હસ્તીના દર્શન કર્યાં.

આ મામલામાં રિવાયત ઉપરાંત એક બૌદ્ધિક વાત પણ ખાસ ઉલ્લેખનીય છે અને તે એ છે કે પોતાના મહબૂબને અલ્લાહ તઆલાએ અતિ વૈભવી શાન અને ભવ્યતાથી પોતાનો મહેમાન બનાવી ઉચ્ચતમ ફલક પર બોલાવ્યો અને રહસ્યમય એકાંતમાં فَاَوْحٰٓى اِلٰى عَبْدِهٖ مَآ اَوْحٰى નીની નાઝો નિયાઝની વાતોથી સરફરાઝ કર્યાં. પરંતુ આ અસીમ એનાયતો ઉપરાંત પોતાના હબીબને દર્શન ન કરાવ્યા અને પર્દો રાખ્યો ! આ એક એવી વાત છે જે પ્રેમ અને ચાહતની પ્રકૃતિ નજીક મુશ્કેલીથી સ્વીકારપાત્ર હોઈ શકે છે. કેમ કે કોઈ મહાન યજમાન પોતાના શાનદાર મહેમાનને પોતાની મુલાકાતથી વંચિત રાખે અને એને પોતાના દર્શન ન કરાવે ! આ પ્રેમ ચાહતનો ઉમળકો રાખનારાઓના મતે આ એક અબૌદ્ધિક વાત છે. આથી અમે ચાહકોના જૂથની ટોળકી તો ઈમામ અહમદ બિન હંબલની જેમ પોતાના અંતિમ □ાસ સુધી કહેતી રહેશે કે :–

ઔર કોઈ ગૈબ ક્યા તુમસે નિહાં હો ભલા<br>
જબ ખુદા હી ન છુપા તુમ પે કરોળો દુરૂદ<br>
–(આ'લા હઝરત رضی اللہ عنہ)

## ★ મેઅરાજનું ટૂંકમાં વર્ણન ★

મેઅરાજની રાત્રે આપના ઘરની છત ખુલી અને અચાનક હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم અમુક ફરિશ્તાઓ સાથે આવ્યા અને આપને હરમે કા'બામાં લઈ જઈને આપની મુબારક છાતી પર કાપો મૂક્યો અને તેજસ્વી હૃદયને બહાર કાઢી ઝમઝમના પાણીથી ધોયું. પછી ઈમાની હિકમતથી ભરેલો એક થાળ આપની છાતી પર ઢોળી પેટનો કાપો બરાબર કરી દીધો. પછી આપ બુરાક પર સવાર થઈ બૈતુલ મુકદસ ગયા. બુરાકની ઝડપી ગતિની એ સ્થિતિ હતી કે એનું પગલું ત્યાં પડતું હતું જ્યાં એની નજરની અંતિમ સીમા હતી. બૈતુલ મુકદસ પહોંચીને બુરાકને આપે એ જગ્યાએ બાંધી દીધી જ્યાં અંબિયા عَلَيْهِمُ السَّلَام પોતપોતાની સવારીઓ બાંધતા હતા.





પછી આપે તમામ અંબિયા અને રસૂલોને જે ત્યાં હાજર હતા બે રકાત નફ્લ નમાઝ પઢાવી. *(તફસીરે રૂહુલ બયાન, ભાગ–૫, પેજ–૧૧૨)*

જ્યારે અહીંથી નીકળ્યા ત્યારે હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ મદિરા અને દૂધના બે પ્યાલા આપની સામે મૂક્યા. આપે દૂધનો પ્યાલો ઉઠાવી લીધો. આ જોઈને જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એ કહ્યું કે આપે પ્રકૃતિને પસંદ કરી. જો આપે મદિરાનો પ્યાલો ઉઠાવ્યો હોત તો આપની ઉમ્મત ગુમરાહ થઈ જાત. ત્યાર બાદ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم આપને સાથે લઈને આકાશ પર ચડયા. પ્રથમ આકાશ પર આદમ علیہ الصلوٰۃ والتسلیم સાથે, બીજા આકાશ પર હઝરત યહ્યા અને ઈસા عَلَيْهِمَا الصَّلٰوةُ وَالسَّلَامُ સાથે જે બંને માસિયાઈ ભાઈઓ હતા, મુલાકાતો થઈ અને કંઈક વાતચીત પણ થઈ. ત્રીજા આકાશ પર હઝરત યૂસુફ علیہ الصلوٰۃ والتسلیم , ચોથા આકાશ પર હઝરત ઈદ્રીસ علیہ الصلوٰۃ والتسلیم અને પાંચમાં આકાશ પર હઝરત હારૂન علیہ الصلوٰۃ والتسلیم અને છઠ્ઠા આકાશ પર હઝરત મૂસા علیہ الصلوٰۃ والتسلیم થી મુલાકાત થઈ તેઓ બૈતુલ મા'મૂર સાથે ટેકો ઈને બેઠા હતા જેમાં દરરોજ સિત્તર હજાર ફરિશ્તા દાખલ થાય છે, મુલાકાત સમયે બધા જ પૈગંબરોએ આવકાર આપ્યો. હે નેક પૈગબંર ! કહીને આપનું સ્વાગત કર્યું. પછી આપને જન્નતમાં ફેરવવામાં આવ્યા. ત્યારબાદ આપ સિદરતુલ્ મુન્તહા પર પહોંચ્યા. એ વૃક્ષ પર જ્યારે અન્વારે ઈલાહીની રોશની પડી ત્યારે એકદમ એનું રૂપ બદલાઈ ગયું અને એમાં વિવિધ રંગના નૂરની એવી રોશની દેખાઈ જેના દશ્યનું વર્ણન શબ્દોમાં થઈ શક્તું નથી. અહીં પહોંચીને હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم એમ કહીને ઉભા રહી ગયા કે હવે આનાથી આગળ હું વધી શક્તો નથી. પછી હક્ક عزوجل એ આપને અર્શ બલ્કે અર્શની ઉપર જ્યાં સુધી એણે ઈચ્છયું આપને બોલાવ્યા, આપ પહોંચી ગયા અને રહસ્યપૂર્ણ એકાંતવાસમાં નાઝો નિયાઝના એ સંદેશ અપાયા જેના લતાફત અને નઝાકત શબ્દોનો ભાર ખમી શક્તા નથી. આથી કુર્આન મજીદમાં فَاَوْحٰٓى اِلٰى عَبْدِهٖ مَآ اَوْحٰى ના સંકેત અને ઈશારાઓમાં ખુદાવંદે કુદૂસે એ હકીકતને બયાન ફર્માવી દીધી.

અલ્લાહના દરબારમાં અસંખ્ય ભેટો ઉપરાંત ખાસ ઈનામો અર્પણ થયાં જેની મહિમાઓને અલ્લાહ અને રસૂલ સિવાય બીજુ કોણ જાણી શકે છે ?!

(૧) સૂરહ બકરહની અંતિમ આયત (૨) આ ખુશખબરી કે આપની ઉમ્મતનો દરેક એ શખ્સ જેણે શિર્ક કર્યો ન હોય બક્ષી દેવામાં આવશે. (૩) ઉમ્મત પર પચાસ વખતની નમાઝ.

જ્યારે આપ ખુદાવંદી ભેટો લઈને પાછા ફર્યા ત્યારે હઝરત મૂસા عليه السلام એ આપને કહ્યું કે આપની ઉમ્મત એ પચાસ નમાઝોનો ભાર નહીં ઉપાડી શકે. તેથી આપ પાછા જાવ અને અલ્લાહ તઆલાથી ઘટાડા માટે દરખાસ્ત કરો. આમ હઝરત મૂસા عليه السلام ની સલાહથી અમુક વખત આપ અલ્લાહના દરબારમાં આવતા જતા અને રજૂઆત કરતા રહ્યા, એટલે સુધી કે પાંચ સમયની નમાઝો રહી ગઈ અને અલ્લાહ તઆલાએ તેના હબીબ صلى الله تعالى عليه وسلم થી ફર્માવ્યું કે મારું વચન ફરી શકે નહીં, હે મહબૂબ ! તમારી ઉમ્મત માટે આ પાંચ નમાઝો પણ પચાસ હશે. નમાઝો તો પાંચ હશે પરંતુ હું તમારી ઉમ્મતને એ પાંચ નમાઝો પર પચાસ નમાઝોનો સવાબ અને બદલો અર્પણ કરીશ.

ત્યારબાદ આલમે મલકૂતમાં બરાબર ફરીને અને અલ્લાહની નિશાનીઓનું અવલોકન કરીને આકાશ પરથી ધરતી પર પાછા આવ્યા અને બૈતુલ મુકદ્દસમાં પ્રવેશ્યા અને બુરાક પર સવાર થઈને મક્કા મુકર્રમા જવા માટે રવાના થયા. માર્ગમાં આપે બૈતુલ મુકદ્દસથી મક્કા સુધીની તમામ મંઝિલો, અને કુરૈશના કાફલાને પણ જોયો. આ બધા જ તબક્કાઓમાંથી પસાર થયા બાદ આપ મસ્જિદે હરામમાં પહોંચીને કેમ કે હજુ રાતોનો મોટો ભાગ બાકી હતો તેથી સૂઈ ગયા અને સવારે જાગ્યા અને જ્યારે રાત્રિના પ્રસંગોનું આપે કુરૈશીઓ સમક્ષ વર્ણન કર્યું ત્યારે કુરૈશના અગ્રણીઓને ઘણું આશ્ચર્ય થયું, એટલે સુધી કે કેટલાક અજ્ઞાનતાકાળમાં રાચનારાઓએ આપને જૂઠા કહ્યા અને કેટલાકે પ્રશ્નો પૂછયા, કેમ કે કુરૈશના મોટા ભાગના અગ્રણીઓએ બૈતુલ મુકદ્દસને વારંવાર જોયું હતું અને તેઓ એ પણ જાણતા હતા કે હુઝૂર صلى الله تعالى عليه وسلم ક્યારેય બૈતુલ મુકદ્દસ ગયા ન હતા. આથી પરીક્ષા રૂપે એ લોકોએ આપને બૈતુલ મુકદ્દસના દ્વાર, દીવાલો અને મેહરાબો વિગેરે બાબતે પ્રશ્નોની વર્ષા શરૂ કરી દીધી. એ સમયે અલ્લાહ તઆલાએ તરત જ આપની નજરે નબુવ્વતની સામે બૈતુલ મુકદ્દસની આખી ઈમારતનો નક્શો મૂકી દીધો. આમ કુરૈશના કાફિરો





આપને સવાલો પૂછતા રહ્યા અને આપ ઈમારતને જોઈ જોઈને એ સવાલોના જવાબો આપતા રહ્યા. *(બુખારી શરીફ, કિતાબુસ્સલાત, કિતાબુલ અંબિયા, કિતાબુત્તૌહીદ બાબુલ મેઅ્રાજ વિગેરે, મુસ્લિમ શરીફ, બાબુલ મેઅરાજ વ શિફા, ભાગ–૧, પેજ–૧૯૫ અને તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧૫, પેજ–૪ થી ૧૦ વિગેરેનો ખુલાસો)*

## ★ મેઅરાજની મુસાફરીની સવારીઓ ★

ઈમામ અલાઈએ તેમની તફસીરમાં લખ્યું છે કે મેઅરાજમાં હુઝૂર عليه السلام એ પાંચ પ્રકારની સવારીઓ પર મુસાફરી કરી. મક્કાથી બૈતુલ મુકદ્દસ સુધી બુરાક પર, બૈતુલ મુકદ્દસથી પ્રથમ આકાશ સુધી નૂરની નિસરણીઓ પર, પ્રથમ આકાશથી સાતમા આકાશ સુધી ફરિશ્તાઓની પાંખો પર, સાતમા આકાશથી સિદરતુલ્ મુન્હા સુધી હઝરત જિબ્રઈલ عليه السلام ના બાહુઓ પર, સિદરતુલ્ મુન્તહાથી કાબકૌસૈન સુધી રફરફ ઉપર. *(તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧૫, પેજ–૧૦)*

## ★ મેઅરાજની મુસાફરીની મંઝિલો ★

બૈતુલ મુકદ્દસથી મકામે કા'બ કૌસૈન સુધી પહોંચવામાં આપે દસ મંઝિલો પર રોકાણ કર્યું અને દરેક મંઝિલે કાંઈક વાતચીત થઈ અને ઘણી ખુદાવંદી નિશાનીઓ નિહાળી. (૧) પ્રથમ આકાશ (૨) બીજો આકાશ (૩) ત્રીજો આકાશ (૪) ચોથો આકાશ (૫) પાંચમો આકાશ (૬) છઠ્ઠો આકાશ (૭) સાતમો આકાશ (૮) સિદરતુલ્ મુન્તહા (૯) મુકામે મુસ્તવા જ્યાં આપે કુદરતના કલમના ચાલવાનો અવાજ સાંભળ્યો. (૧૦) અર્શે આ'ઝમ. *(તફસીરે રૂહુલ મઆની, ભાગ–૧૫, પેજ–૧૦)*

## ★ વાદળાં વિખેરાઈ ગયા ! ★

હઝરત અનસ બિન માલિક رضى الله عنه નું બયાન છે કે અરબસ્તાનમાં ભંયકર દુષ્કાળ પડયો હતો. એ સમયે જ્યારે આપ ખુત્બા માટે મિમ્બર પર ચઢયા તો એક અરબે ઊભા થઈને ફરિયાદ કરી કે, યા રસૂલલ્લાહ ! صلى الله تعالى عليه وسلم વરસાદ ન થવાથી પશુઓ પાયમાલ અને બાલબચ્ચાં ભૂખમરાનો ભોગ બની રહ્યાં છે. આથી આપ દુઆ ફર્માવો. એ સમયે આકાશમાં ક્યાય

વાદળાંઓનું નામો નિશાન ન હતું. પરંતુ જેવા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મુબારક હાથ ઉઠાવ્યા, ચારેબાજુથી પર્વતોની જેમ વાદળાં આવીને છવાઈ ગયાં અને હજુ તો આપ મિમ્બર પરથી ઉતર્યા ન હતા કે વરસાદનાં ટીપાં આપની નૂરાની દાઢી પર ટપકવા લાગ્યાં અને આઠ દિવસ સુધી સતત મૂશળધાર વરસાદ થતો રહ્યો, એટલે સુધી કે જ્યારે બીજા જુમ્આના દિવસે આપ ખુત્બા માટે મિમ્બર પર ચઢયા ત્યારે એ જ અરબ કે અન્ય કોઈ ઊભો થઈ ગયો અને જોર જોરથી ફરિયાદ કરવા લાગ્યો કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મકાનો પડી ગયાં અને ઢોરઢાંખર મરી ગયાં, તેથી દુઆ ફર્માવો કે વરસાદ થંભી જાય. આ સાંભળી આપે ફરી પોતાના પવિત્ર હાથ ઉઠાવી દીધા અને આ દુઆ ફર્માવી કે : "અલ્લાહુમ્મ હવલયના લા અલયના" હે અલ્લાહ ! અમારી આસપાસ વરસાદ થાય અને અમારા પર વરસાદ ન થાય, પછી આપે વાદળાં તરફ પોતાના મુબારક હાથથી ઈશારો કર્યો ત્યારે મદીનાની આસપાસથી વાદળાં વેરાઈને વિખેરાઈ ગયાં અને મદીના તેમજ તેની આસપાસ વરસાદ થંભી ગયો. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૧૨૭, બાબુલ ઈસ્તિસ્કા ફિલ જુમ્આ)*

## ★ એક જરૂરી સમીક્ષા ★

ઉપરોક્ત જે કેટલાક મો'જિઝાઓનું વર્ણન થયું તે એ વાતની દલીલ છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ખુદાએ અર્પણ કરેલી શક્તિથી આકાશી સૃષ્ટિ પર પ્રભુત્વ ધરાવે છે. આપની ખુદાએ અર્પેલી સલતનતની હકૂમત ધરતી સુધી જ સીમિત નથી, બલ્કે આકાશી મખ્લૂકમાં પણ આપના શાસનનો સિક્કો ચાલે છે. જેમ કે તિર્મિઝી શરીફની હદીષ છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والتسلیم એ ઈર્શાદ ફર્માવ્યો કે દરેક નબી માટે બે મંત્રીઓ આકાશવાળાઓમાં અને બે મંત્રીઓ ધરતીવાસીઓમાંથી હોય છે અને મારા બંને આકાશી મંત્રીઓ "જિબ્રઈલ અને મીકાઈલ" છે અને મારા ધરતીના બંને મંત્રીઓ "અબૂબક્ર અને ઉમર" છે. *(મિશ્કાત શરીફ, ભાગ-૨, પેજ-૫૬૦, પ્રકરણ : મનાકિબે અબૂબક્ર વ ઉમર)*

દેખીતું છે કોઈ બાદશાહના મંત્રીઓ એની સલ્તનતની હદોમાં જ રહેતા હોય છે. જો આકાશોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખુદાએ અર્પણ કરેલી





સલનતન ન હોત તો હઝરત જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم અને મીકાઈલ علیہ الصلوٰۃ والتسلیم આપના બે મંત્રીઓની હૈસિયતથી આકાશમાં કઈ રીતે સ્થાયી રહેતા ? આથી પુરવાર થયું કે મદીનાના શહનશાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની અલ્લાહે અર્પણ કરેલી બાદશાહત ધરતી અને આકાશની તમામ મખ્લૂક પર છે.

साहिबे रज्अते शम्सो शक़्क़ुल क़मर
नाईबे दस्ते क़ुदरतपे लाखों सलाम
अर्श ता फ़र्श है जिसके ज़ेरे नगीं
उसकी क़ाहिर रियासत पे लाखों सलाम

## ★ કુર્આન મજીદ ★

રસૂલે આ'ઝમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબુવ્વતના મો'જિઝાઓ પૈકી કુર્આન મજીદ પણ એક જલીલુલકદ્ર મો'જિઝો અને આપની સચ્ચાઈનું નિર્ણાયક પ્રતિક છે. બલ્કે જો એને આ'ઝમુલ મો'જિઝાત (સૌથી મહાન મો'જિઝો) કહી દેવામાં આવે તો આ એક એવી હકીકતની જાહેરાત હશે જેના પર પડદો પાડવો અશક્ય છે. કેમ કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અન્ય મો'જિઝાઓ તો તેના સમયે પ્રગટ થયા અને આપના સમયના જ લોકોએ એને જોયા. પરંતુ કુર્આન મજીદ આપનો એ મહાનતમ મો'જિઝો છે કે કયામત સુધી કાયમ રહેશે.

કોણ નથી જાણતું કે અલ્લાહ તઆલાએ અરબના ભાષા શાસ્ત્રીઓને કુર્આનના મુકાબલા માટે એક વખત આ રીતે પડકાર ફેંક્યો કે :–

قُلْ لَّئِنِ اجْتَمَعَتِ الْاِنْسُ وَالْجِنُّ عَلٰٓى اَنْ يَّاْتُوْا بِمِثْلِ هٰذَا الْقُرْاٰنِ لَا يَاْتُوْنَ بِمِثْلِهٖ وَلَوْ كَانَ بَعْضُهُمْ لِبَعْضٍ ظَهِيْرًا ۝ (بنی اسرائیل)

"(હે મહબૂબ !) કહી દો કે જો બધા જ માણસો અને જિન્નો એ કામ માટે ભેગા થઈ જાય કે કુર્આનનો નમૂનો લાવે તો નહીં લાવી શકે ભલે તેઓ એકબીજાની મદદ કરે." *(બની ઈસરાઈલ)*

પરંતુ કોઈ પણ એ ખુદાવંદી પડકાર ઝીલવા તૈયાર ન થયો.

પછી કુર્આને એકવાર આ રીતે ચેલેંજ કર્યો કે :–

*(સૂરએ હૂદ)* قُلْ فَاْتُوْا بِعَشْرِ سُوَرٍ مِّثْلِهٖ **અર્થાત** : જો તમે લોકો આખા

કુર્આનની જોડ નથી લાવી શક્તા તો કુર્આન જેવી દસ જ સૂરાઓ બનાવીને લાવો ! પરંતુ અતિ મથામણ બાદ પણ આ ન થઈ શક્યું. પછી કુર્આને આ રીતે લલકાર્યા કે :–

وَاِنْ كُنْتُمْ فِيْ رَيْبٍ مِّمَّا نَزَّلْنَا عَلٰى عَبْدِنَا فَاْتُوْا بِسُوْرَةٍ مِّنْ مِّثْلِهٖ وَادْعُوْا شُهَدَآءَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ

"(હે હબીબ !) આપ ફર્માવી દો કે જો તમો લોકોને એમાં કંઈક શંકા હોય જે અમે પોતાના ખાસ બંદા પર નાઝિલ કર્યું છે તો તમે એના જેવી એક જ સૂરહ લઈ આવો ! અને અલ્લાહ સિવાય તમારા બધા જ સમર્થકોને બોલાવી લો, જો તમે સાચા હોઉ." *(સૂરએ બકરહ્)*

અલ્લાહુ અકબર ! કુર્આને અઝીમની ભવ્ય અને મો'જિઝાવાળી સ્પષ્ટ ભાષા અને અલંકારિક વાણીની બોલબાલા તો જુઓ કે અરબના તમામ સુભાષી વક્તાઓ અને વાકછટા પ્રવક્તાઓ જેમની ભવ્ય અને સરળ વાણી તેમજ વાકછટાનો ચારેકોર ડંકો વાગી રહ્યો હતો પરંતુ તેઓ તેમની પૂરેપૂરી કોશિશો છતાં કુર્આનની એક સૂરતની જેમ પણ કોઈ લખાણ ન લાવી શક્યા. હદ થઈ ગઈ કે કુર્આન મજીદે અરબના વક્તાઓને એટલે સુધી કહી દીધું કે, فَلْيَاْتُوْا بِحَدِيْثٍ مِّثْلِهٖٓ اِنْ كَانُوْا صٰدِقِيْنَ **અર્થાત** : જો અરબના કાફિરો સાચા હોય તો કુર્આન જેવી કોઈ એક જ વાત લાવે. *(સૂરએ તૂર)* ટૂંકાણમાં કુર્આને મજીદે ચાર ચાર વખત અરબના ભાષાવિદોને લલકાર્યા, પડકાર ફેંક્યો, હચમાવ્યા કે કુર્આનનો એક નમૂનો બનાવીને લાવે, પરંતુ જગતનો ઈતિહાસ સાક્ષી છે કે ચૌદસો વર્ષોનો લાંબો ગાળો પસાર થઈ ગયો છતાં આજ સુધી કોઈ પણ શખ્સ એ ખુદાવંદી ચેલેન્જને સ્વીકારી ન શક્યો અને કુર્આનની જેમ એક સૂરહ બનાવીને લાવી ન શક્યો. આ સૂર્યથી પણ વધારે પ્રકાશિત દલીલનો એક અજોડ મો'જિઝો છે જેનો મુકાબલો ન કોઈ કરી શક્યો કે ન તો કયામત સુધી કરી શકે છે.

## ★ ઈલ્મે ગૈબ (અદશ્યનું જ્ઞાન) ★

હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم ના મો'જિઝાઓમાંથી આપનું અદશ્યનું જ્ઞાન (ઈલ્મે ગૈબ) પણ છે. આ વાત પર સમગ્ર ઉમ્મતની સર્વસંમતિ છે કે ઈલ્મે ગૈબ ઝાતી તો ખુદા સિવાય અન્ય કોઈને નથી, પરંતુ અલ્લાહ તઆલા





તેના નેક બંદાઓ અર્થાત પોતાના નબીઓ અને રસૂલો વિગેરેને અદશ્યનું જ્ઞાન અર્પણ કરે છે. આ અદશ્યનું જ્ઞાન અતાઈ (અર્પિત) કહેવાય છે. કુર્આન મજીદમાં છે કે :–

عٰلِمُ الْغَيْبِ فَلَا يُظْهِرُ عَلٰى غَيْبِهٖٓ اَحَدًا ۙ اِلَّا مَنِ ارْتَضٰى مِنْ رَّسُوْلٍ (جن)

"(અલ્લાહ) આલિમુલ ગૈબ છે તે તેના અદશ્ય (ગયબ) પર કોઈને જણાવતો નથી પોતાના પસંદગી પાત્ર રસૂલો સિવાય." *(સૂરએ જિન)*

એ જ રીતે કુર્આન મજીદમાં અન્ય જગ્યાએ અલ્લાહ عزوجل એ ફર્માવ્યું કે :–

مَا كَانَ اللّٰهُ لِيُطْلِعَكُمْ عَلَى الْغَيْبِ وَلٰكِنَّ اللّٰهَ يَجْتَبِيْ مِنْ رُّسُلِهٖ مَنْ يَّشَآءُ (آل عمران)

"અલ્લાહની એ શાન નથી કે હે લોકો ! તમને અદશ્યનું જ્ઞાન આપે, હા ! અલ્લાહ પસંદ કરી લે છે તેના રસૂલોમાંથી જેને ચાહે." *(સૂરએ આલે ઈમરાન)*

આમ અલ્લાહ તઆલાએ તેના હબીબ અકરમ صلى الله تعالى عليه وسلم ને અસંખ્ય અદશ્યોનું જ્ઞાન અર્પણ કરવામાં આવ્યું અને આપે હજારો અદશ્ય (ગયબ)ની જાણકારી પોતાની ઉમ્મતને આપી. જેમાંથી અમુકનું વર્ણન કુર્આન મજીદમાં છે. બાકી હજારો અદશ્યોની જાણકારીનું વર્ણન હદીષો, સીરતો અને ઈતિહાસના સંગ્રહોમાં કરવામાં આવ્યું છે.

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે કે :–

تِلْكَ مِنْ اَنْۢبَآءِ الْغَيْبِ نُوْحِيْهَآ اِلَيْكَ

"આ ગયબની ખબરો છે જેને અમે તમારી તરફ વહી કરીએ છીએ." –*(સૂરએ હૂદ)*

અમે અહીં એ અગણિત અદશ્યની જાણકારીઓ પૈકી ઉદાહરણ રૂપે કેટલીકનું વર્ણન કરીએ છીએ. પહેલાં એ કેટલીક અદશ્યની જાણકારીનું વર્ણન જોઈએ જેનો ઉલ્લેખ કુર્આન મજીદમાં કરવામાં આવ્યો છે :–

## ★ વિજેતા પરાજિત થશે ★

ઈ.સ. ૬૧૪ માં રોમ અને પર્શિયાના બંને બાદશાહોમાં એક

જબરજસ્ત જંગ શરૂ થઈ. છવ્વીસ હજાર યહૂદીઓએ પર્શિયાના બાદશાહના લશ્કરમાં સામેલ થઈ સાઈઠ હજાર ખ્રિસ્તીઓની કત્લેઆમ કરી. એટલે સુધી કે ઈ.સ. ૬૧૬ માં પર્શિયાના બાદશાહનો વિજય થયો અને રોમના બાદશાહનું લશ્કર તદ્દન પરાસ્ત થઈ ગયું અને રોમની સલ્તનતના ફરુચે ફુરચા ઉડાડી ગયા. રોમનો બાદશાહ અહલે કિતાબ અને ધર્મે ઈસાઈ હતો. જ્યારે પર્શિયાનો બાદશાહ જર્થુસ્ટ ધર્મનો પાબંદ અને અગ્નિપૂજક હતો. આથી રોમના બાદશાહના પરાજયથી મુસલમાનોને દુ:ખ થયું અને કાફિરોને અતિશય પ્રસન્નતા અને ખુશી થઈ. આથી કાફિરોએ મુસલમાનોને ટોણો માર્યો અને કહેવા લાગ્યા, તમે આ ઈસાઈ ગ્રંથવાળા છો અને અમે પર્શિયાવાસીઓ ગ્રંથ વગરના છીએ. જે રીતે અમારા ભાઈ તમારા ભાઈઓ પર વિજયી થઈ છવાઈ ગયા, એ જ રીતે અમે પણ એક દિવસે તમારા લોકો પર વિજયી થઈશું. કાફિરોના આ મહેણા ટોણાથી મુસલમાનોને વધારે દુ:ખ થયું.

એ સમયે રોમનોની એવી ખરાબ દશા હતી કે તેઓ તેમના પૂર્વના કબજાના એક એક ક્ષેત્રો ગુમાવી ચૂક્યા હતા, ખજાનો ખાલી હતો, લશ્કર વેરવિખેર હતું, દેશમાં બળવાઓ ફાટી નીકળ્યા હતા. રોમનો શહનશાહ નાલાયક હતો. એવા સમયે કોઈ વિચારી પણ ન હોતું શક્તું કે રોમનો બાદશાહ પર્શિયાના બાદશાહ પર વિજયી થઈ શકે છે. પરંતુ એવા સમયે નબીએ સાદિકે કુર્આનની વાણીથી મક્કાના કાફિરોને આ ભવિષ્યવાણી સંભળાવી કે :–

الٓمّٓ ۚ غُلِبَتِ الرُّوۡمُ ۙ فِیۡۤ اَدۡنَی الۡاَرۡضِ وَ ہُمۡ مِّنۡۢ بَعۡدِ غَلَبِہِمۡ سَیَغۡلِبُوۡنَ ۙ فِیۡ بِضۡعِ سِنِیۡنَ ۬ؕ (روم)

''રોમનો પરાજિત થયા નજીકની ધરતી પર અને તેઓ તેમના પરાજય બાદ નજીકમાં જ વિજયી થશે અમુક વર્ષોમાં.''
–(સૂરએ રૂમ)

અને થયું પણ એમ જ કે માત્ર નવ વર્ષ બાદ ખાસ ''સુલેહ હુદૈબિયા''ના રોજ રોમના બાદશાહનું લશ્કર પર્શિયાવાસીઓ પર વિજયી થઈ ગયું અને સાચી ખબર આપનારાની આ ગૈબની ખબર અસ્તિત્વમાં આવી ગઈ.





## ★ હિજરત બાદ કુરૈશની બરબાદી ★

હુઝૂર અકદસ ﷺ એ જે સાધન સામગ્રી વગર હિજરત ફર્માવી હતી અને સહાબાએ કિરામ જે પ્રતિકૂળતાઓ અને નિ:સહાયતાની પરિસ્થિતિમાં અમુક હબશા અને કેટલાક મદીના જતા રહ્યા હતા. આવા સંજોગોમાં વળી કોના મનમાં એ વિચાર આવી શક્તો હતો કે આ સાધન સામગ્રી વિહોણા અને ગરીબુલ વતન પરદેશી મુસલમાનોનો કાફલો એક દિવસે મદીનાથી એવો શક્તિશાળી બનીને નીકળશે કે જે કુરૈશના કાફિરોની અજેય લશ્કરી તાકાતને ધમરોળી નાખશે જેનાથી કાફિરોની જાહોજલાલીનો દીપ ઓલવાઈ જશે અને મુસલમાનોના જાનના દુશ્મન મુઠ્ઠીભર મુસલમાનોના હાથે તબાહ બરબાદ થશે. પરંતુ ખુદાવંદે અલ્લામુલ ગુયૂબનો મહબૂબ દાનાઓ ગુયૂબ ﷺ હિજરતથી એક વર્ષ પહેલાં જ કુર્આન પઢી પઢીને એ ગૈબની ખબરનો એલાન કરી રહ્યો હતો કે :–

وَ اِنۡ کَادُوۡا لَیَسۡتَفِزُّوۡنَکَ مِنَ الۡاَرۡضِ لِیُخۡرِجُوۡکَ مِنۡہَا وَ اِذًا لَّا یَلۡبَثُوۡنَ خِلٰفَکَ اِلَّا قَلِیۡلًا ﴿بنی اسرائیل﴾

''જો તેઓ તમને મક્કાની ધરતી પરથી ગભરાવી ચૂક્યા જેથી તમને એમાંથી કાઢી મૂકે તો તેઓ (મક્કાવાસીઓ) તમારા બાદ બહુ જ થોડા સમય સુધી બાકી રહેશે.''
–(સૂરએ બની ઈસ્રાઈલ)

આમ આ આગાહી શબ્દેશબ્દ પૂરી થઈ અને એક જ વર્ષ પછી બદ્રના યુદ્ધમાં મુસલમાનોના વિજયે કુરૈશના કાફિરોના સરદારોનો ખાત્મો કરી નાખ્યો અને મક્કાના કાફિરોની લશ્કરી તાકાતના મૂળ કપાઈ ગયાં અને તેમની જાહોજલાલીનો ખુરદો નીકળી ગયો.

## ★ મુસલમાનો એક દિવસ શહનશાહ થશે ★

હિજરત બાદ કુરૈશના કુફ્ફારો બદલાના આવેશમાં નિરંકુશ થઈ ગયા અને બદ્રના પરાજય બાદ તો બદલાની ભાવનાએ એમને પાગલ કરી મૂક્યા હતા. બધા જ અરબના કબીલાઓને જોશ અપાવી અપાવીને મુસલમાનો પર હુમલા માટે તૈયાર કરી દીધા હતા. આમ સતત આઠ વર્ષ સુધી લોહિયાળ યુદ્ધોનો ક્રમ ચાલુ રહ્યો, જેમાં મુસલમાનોને તંગી, ભૂખ, હત્યાઓ, ખૂનામરકી જેવી અનેક પ્રકારની મનોબળ તોડી નાખનારી

મુસીબતોનો સામનો કરવો પડયો હતો. મુસલમાનોને એક પળ માટે પણ ચૈન ન હતું. મુસલમાનો ભય અને ખૌફની સ્થિતિમાં રાત્રે જાગી જાગીને સમય પસાર કરતા હતા અને આખી આખી રાત રહમતે આલમના ઘરની ચોકી કરતા હતા અને બરાબર એ જ તકલીફો અને સાધન સામગ્રી વિનાના વાતાવરણમાં બંને જગતના સુલતાને કુર્આનનું એ એલાન જાહેર કર્યું કે મુસલમાનોને ''ભૂમિ પર ખિલાફત'' અર્થાત દીન અને દુનિયાની શહનશાહીનો મુગટ પહેરાવવામાં આવશે. આમ ગૈબના જાણનાર રસૂલે પોતાની મનોહર અને મધુર શૈલીમાં કુર્આનની એ આત્મીય અને ઈમાનવર્ધક આયતોને સૌની સામે તિલાવત કરવાનું શરૂ કરી દીધું કે :–

وَعَدَ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَعَمِلُوا الصّٰلِحٰتِ لَيَسْتَخْلِفَنَّهُمْ فِي الْاَرْضِ كَمَا اسْتَخْلَفَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ وَلَيُمَكِّنَنَّ لَهُمْ دِيْنَهُمُ الَّذِي ارْتَضٰى لَهُمْ وَلَيُبَدِّلَنَّهُمْ مِّنْۢ بَعْدِ خَوْفِهِمْ اَمْنًا (سورۂ نور)

''તમારામાંથી જે લોકો ઈમાન લાવ્યા અને નેક કર્મો કર્યાં ખુદાએ એમની સાથે વાયદો કર્યો છે કે એમને ધરતીના ખલીફા બનાવશે જેમ કે એણે એમની પહેલાં લોકોને ખલીફા બનાવ્યા હતા અને જે દીન એમના માટે પસંદ કર્યો છે એને દૃઢ કરી દેશે અને એમના ભયને શાંતિમાં ફેરવી નાખશે.''
*–(સૂરએ નૂર)*

મુસલમાનો જે પ્રતિકૂળ સંજોગો અને તકલીફોના વાતાવરણની દ્વિધાઓમાં સપડાયેલા હતા. આ પરિસ્થિતિમાં દુનિયાની ખિલાફત તેમજ દીન અને દુનિયાની શહનશાહીની મહાન ખુશખબર અતિ આશ્ચર્યજનક વાત હતી. વળી કોણ હતો જે એ વિચારી શક્તો હતો કે મુસલમાનોનું એક પીડિત અને નિઃસહાય જૂથ જેને મક્કાના કુફ્ફારોએ જુદા જુદા પ્રકારની વેદનાઓ આપીને કચડી નાખ્યું હતું અને એણે પોતાનું સર્વસ્વ ત્યજીને મદીનામાં આવીને થોડાક નેક બંદાઓ પાસે આશ્રય મેળવ્યો હતો. અને એને અહીં આવીને પણ સુખ અને શાંતિની ઊંઘ નસીબ થઈ ન હતી. વળી એક દિવસ એવો પણ આવશે કે આ જૂથને આવી શહનશાહી મળી જશે, કે ખુદાના આકાશ હેઠળ અને ખુદાની ધરતી પર ખુદા સિવાય એમને કોઈનો ભય નહીં હોય, બલ્કે સમગ્ર જગત તેમના જાહોજલાલથી ભયભીત થઈ ધ્રુજી ઉઠશે. સમસ્ત વિ□એ જોઈ લીધું કે આ ખુશખબર સાચી પુરવાર





થઈ અને એ મુસલમાનોએ શહનશાહ બનીને દુનિયા પર એવી રીતે સફળ શાસન કર્યું કે એની સામે તમામ સભ્ય હુકૂમતોનું સંગઠન વેરવિખેર થઈ ગયું અને સમગ્ર વિ□ના સુલતાનોના રાજ્યના ધ્વજો ઈસ્લામની મહાનતમ શહનશાહી સામે નમી પડયા. શું હજુ પણ કોઈને એ ભવિષ્યવાણીની સચ્ચાઈમાં વાળના કરોડમાં ભાગ બરાબર પણ શકાં કુશંકા હોઈ શકે છે ?!

## ★ મક્કાના વિજયની ભવિષ્યવાણી ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મક્કાથી એ રીતે હિજરત ફર્માવી હતી કે રાતના અંધકારમાં પોતાના ગુફાના સાથી સાથે નીકળી ''ગારે ષૌર''માં છુપાયેલા રહ્યા. આપના જાનના દુશ્મનો આપની શોધમાં મક્કાની ધરતીના ખૂણે ખૂણે ફરી વળ્યા અને આપ એ દુશ્મનોની નજરોથી છુપાતાં અને બચતાં અપરિચિત માર્ગોથી મદીના મુનવ્વરા પહોંચ્યા. આ પરિસ્થિતિમાં ભલા કોઈના સ્વપ્નમાંય એ આવી શક્તું હતું ?! કે રાત્રિના અંધકારમાં સંતાઈને અશ્રુમય આંખે પોતાના વહાલા વતન મક્કાને અલવિદા કરનાર સાચા રસૂલ એક દિવસ મક્કાના વિજેતા બનીને વિજયી જાહોજલાલ સાથે મક્કા શહેરમાં પોતાના ઝળહળતા વિજયનો ધ્વજ ફરકાવશે અને એમના શત્રુઓની જુલ્મી ફૌજ એમની સામે કેદી બનીને હાથ બાંધીને માથુ નમાવી ધ્રુજતી ઊભી હશે પરંતુ નબીયે ગૈબદાંએ કુર્આનની વાણીથી એ ભવિષ્યવાણીનું એલાન ફર્માવ્યું કે :–

اِذَا جَآءَ نَصْرُ اللّٰهِ وَالْفَتْحُ ۙ وَرَاَيْتَ النَّاسَ يَدْخُلُوْنَ فِيْ دِيْنِ اللّٰهِ اَفْوَاجًا ۙ فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَاسْتَغْفِرْهُ ؕ اِنَّهٗ كَانَ تَوَّابًا ۠ (سورہ نصر)

''જ્યારે અલ્લાહની મદદ અને વિજય (મક્કા) આવી જાય અને લોકોને તમે જુઓ કે અલ્લાહના દીનમાં લશ્કરને લશ્કર દાખલ થાય છે. ત્યારે પોતાના રબની પ્રશંસા કરતાં એની પવિત્રતા બોલો અને એનાથી ક્ષમા માંગો, નિઃશંક ! તે બહુ તૌબા કબૂલ કરનાર છે.'' *–(સૂરએ નસ્ર)*

અંતે આ ભવિષ્યવાણી શબ્દે શબ્દ સાચી પડી કે હિજરી ૮ માં મક્કા પર વિજય થઈ ગયો અને આપ વિજેતા હોવાની હેસિયતે અલ્લાહની ફૌજના જાહોજલાલ સાથે મક્કા મુકર્રમામાં દાખલ થયા અને કા'બા

મુઅઝ્ઝમામાં પ્રવેશીને આપે બે રકાત નમાઝ પઢી અને અરબવાસી ટોળેટોળા ઈસ્લામની ફૌજમાં દાખલ થવા લાગ્યા. પરિસ્થિતિ એ હતી કે આ અગાઉ એકલ દોકલ લોકો ઈસ્લામ કબૂલ કરતા હતા.

## ★ બદ્રના યુદ્ધમાં વિજયનું એલાન ★

બદ્રના યુદ્ધમાં જ્યારે કુલ ત્રણસો તેર મુસલમાનો હતા જેઓ તદ્દન નિઃશસ્ત્ર, નબળા અને સાધન સામગ્રી વગરના હતા. આ કોઈના વિચારમાં પણ આવી શક્તું હતું કે એમના મુકાબલામાં એક હજારનું મજબૂત લશ્કર જેની પાસે શસ્ત્રો અને લશ્કરી તાકાતનાં સાધનો અને હથિયારો મૌજૂદ હતાં તે પરાસ્ત થઈને ભાગી જશે અને સિત્તેર કતલ થશે અને સિત્તેર કેદ પકડાશે. પરંતુ બદ્રના યુદ્ધથી વરસો પહેલાં મક્કા મુકર્રમામાં આયતો ઉતરી અને બરહક્ક રસૂલે જગતને કેટલાય વર્ષો પહેલાં બદ્રના યુદ્ધમાં આ રીતે ઈસ્લામના ઝળહળતા વિજયની બશારત આપી કે :–

أَمْ يَقُولُونَ نَحْنُ جَمِيعٌ مُّنتَصِرٌ ۝ سَيُهْزَمُ الْجَمْعُ وَيُوَلُّونَ الدُّبُرَ ۝

"શું તે કાફિરો કહે છે કે અમે બધા એક, અને એકબીજાના મદદગાર છીએ. આ લશ્કર નજીકમાં જ પરાસ્ત થઈ જશે અને તેઓ પૂંઠ ફેરવીને ભાગી જશે." *(સૂરએ કમર)*

وَلَوْ قَاتَلَكُمُ الَّذِينَ كَفَرُوا لَوَلَّوُا الْأَدْبَارَ ثُمَّ لَا يَجِدُونَ وَلِيًّا وَّلَا نَصِيرًا ۝ (فتح)

"અને જો કાફિરો તમારા (મુસલમાનો) થી લડશે તો ચોક્કસ તેઓ પીઠ ફેરવીને ભાગી જશે, પછી તેઓ કોઈ હામી અને મદદગાર નહીં મેળવી શકે." *(સૂરએ ફત્હ)*

## ★ યહૂદીઓ પરાજિત થશે ★

મદીના મુનવ્વરા અને એની આસપાસના યહૂદી કબીલાઓ ઘણા માલદાર, અતિલડાયક અને બહુ મોટા યોદ્ધાઓ હતા. તેમને તેમની લશ્કરી તાકાત પર ભારે ઘમંડ અને અભિમાન હતું. બદ્રના યુદ્ધમાં મુસલમાનોના ઝળહળતા વિજયનું વર્ણન સાંભળીને એ યહૂદીઓએ મુસલમાનોને આ મ્હેણું માર્યું હતું કે કુરૈશના કબીલાઓ યુદ્ધકળાથી અજાણ અને કઢંગા હતા તેથી તેઓ યુદ્ધ હારી ગયા. જો મુસલમાનોને અમારા જેવા યોદ્ધાઓ અને





બહાદુરો સાથે પનારો પડશે તો મુસલમાનોને એમની છઠ્ઠીનું ધાવણ યાદ આવી જશે. અને ખરેખર પરિસ્થિતિ પણ એવી જ હતી કે સમજમાં આવતું ન હતું કે મુઠ્ઠીભર કમજોર અને સાધનો વગર મુસલમાનોથી યહૂદીઓના કબીલાઓનું આ શસ્ત્ર સજ્જ અને યોજના બદ્ધ લશ્કર પણ પરાસ્ત થઈ જશે. પરંતુ આ સ્થિતિ અને વાતાવરણમાં ગૈબની વાતોના જાણકાર રસૂલે કુર્આનની વાણીમાં એ અદશ્યની ખબરનું એલાન કર્યું કે :–

وَلَوْ آمَنَ أَهْلُ الْكِتٰبِ لَكَانَ خَيْرًا لَّهُمْ مِنْهُمُ الْمُؤْمِنُونَ وَأَكْثَرُهُمُ الْفٰسِقُونَ ۝ لَن يَضُرُّوكُمْ إِلَّا أَذًى ۖ وَإِن يُقَاتِلُوكُمْ يُوَلُّوكُمُ الْأَدْبَارَ ثُمَّ لَا يُنصَرُونَ ۝ (آل عمران)

"જો ગ્રંથવાળાઓ ઈમાન લઈ આવ્યા હોત તો તેમના માટે એ ઉત્તમ હોત, એમનામાં અમુક ઈમાનદાર અને મોટા ભાગના દુષ્ટ છે અને તેઓ તમને (મુસલમાનોને) નજીવી તકલીફ આપવા સિવાય કોઈ નુકસાન નથી પહોંચાડી શક્તા. અને જો તેઓ તમારાથી લડશે તો ચોક્કસ પીઠ ફેરવી દેશે, પછી એમનો કોઈ મદદગાર નહીં હોય." *(સૂરએ આલે ઈમરાન)*

આખરે એમ જ બન્યું કે યહૂદીઓના કબીલાઓમાંથી બનૂ કુરૈઝા કતલ કરી દેવાયા અને બનૂ નુઝૈર દેશ નિકાલ કરી દેવાયા અને ખૈબરને મુસલમાનોએ જીતી લીધું. અને બાકીના યહૂદીઓ અપમાન સાથે કર આપવા વિવશ થઈ ગયા.

## ★ નબવી કાળ બાદનાં યુદ્ધો ★

કુર્આને મજીદની ભવિષ્યવાણીઓ અને અદૃશ્ય (ગયબ)ની ખબરો માત્ર એ જ યુદ્ધો સાથે ખાસ સીમિત ન હતી જે નબવીકાળમાં થયાં બલ્કે એમના પછી ખલીફાઓના ખિલાફતકાળમાં અરબ અને બિનઅરબમાં જે મહાયુદ્ધો થયાં એમના સંબંધે પણ કુર્આન મજીદે પહેલાં જ ભવિષ્યવાણીઓ કરી દીધી હતી જે શબ્દે શબ્દ પૂરી થઈ. મુસલમાનોને રોમ અને ઈરાનની જબરદસ્ત હકૂમતો સાથે જે યુદ્ધો લડવાં પડયાં તે ઈસ્લામી ઈતિહાસનાં સોનેરી પાનાંઓ અને વિશિષ્ટ બનાવો છે. કુર્આન મજીદે વર્ષો પહેલાં એ યુદ્ધોના પરિણામોનું એલાન આ શબ્દોમાં કર્યું હતું :–

قُلْ لِّلْمُخَلَّفِيْنَ مِنَ الْاَعْرَابِ سَتُدْعَوْنَ اِلٰى قَوْمٍ اُولِىْ بَاْسٍ شَدِيْدٍ تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ ۚ (فتح)

"જેહાદમાં પાછળ રહી જનારા ગ્રામિણોને કહી દો કે નજીકમાં જ તમને એક સખત લડાયક કૌમ સાથે યુદ્ધ કરવા બોલાવવામાં આવશે. તમે લોકો એમની સાથે લડશો અથવા તેઓ મુસલમાન થઈ જશે." *–(સૂરએ ફતહ)*

આ ભવિષ્યવાણીની અભિવ્યક્તિ એવી રીતે થઈ કે રોમ અને ઈરાનની લડાયક કૌમો સાથે મુસલમાનોને યુદ્ધ લડવું પડયું જેમાં કેટલીક જગ્યાએ લોહિયાળ ઘર્ષણો થયા અને કેટલીક જગ્યાએ કાફિરોએ ઈસ્લામ સ્વીકારી લીધો. આમ આ પ્રકારની અનેક ગૈબની ખબરો કુર્આન મજીદમાં વર્ણવેલ છે. જેમને ગૈબના જાણનાર રસૂલે બનાવો બનવાના બહુ પહેલાં લોકો સમક્ષ જણાવી દીધું અને આ તમામ ગૈબની ખબરો સૂર્યની જેમ જાહેર થઈને લોકો સામે જાણે કે એલાન કરી રહી છે અને કયામત સુધી એલાન કરતી રહેશે.

ચશ્મે અક્વામ યે નઝ્ઝારહ અબ્દ તક દેખે
રફઅતે શાન રફઅન લક ઝિક્ર દેખે

## ★ હદીષોમાં ગૈબની ખબરો ★

## ★ ઈસ્લામી વિજયોની ભવિષ્યવાણીઓ ★

પ્રારંભિક ઈસ્લામના કાળમાં મુસલમાનો જે તકલીફો અને મુસીબતોમાં જકડાયેલા અને જે સાધનસામગ્રી વિનાની સ્થિતિમાં હતા ત્યારે કોઈ એમ વિચારી પણ શક્તું ન હતું કે કેટલાક નિઃશસ્ત્ર ભૂખ્યા અને સાધનો રહિત મુસલમાનો કૈસરો કિસરાની જાલિમ હુકૂમતોને પલટી નાખશે. પરંતુ ગૈબના જાણનાર પૈગંબરે સાદિકે એવી પરિસ્થિતિમાં પૂરેપૂરા સંકલ્પ અને દઢતાપૂર્વક પોતાની ઉમ્મતોને આ બશારતો આપી કે હે મુસલમાનો ! તમે થોડા સમયમાં જ કોન્સ્ટેન્ટીનોપલને જીતી લેશો અને કૈસરો કિસરાના ખજાનાની ચાવીઓ તમારા હાથોમાં આવી જશે. મિસર પર તમારા રાજ્યનો ધ્વજ લહેરાવશે. તમારાથી અને તુર્કો સાથે યુદ્ધ થશે જેમની આંખો નાની





નાની અને ચહેરાઓ પહોળા પહોળા હશે અને એ યુદ્ધોમાં તમને ઝળહળતી ફતેહ મળશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૪ થી ૫૧૩, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

ઈતિહાસ સાક્ષી છે કે ગૈબના જાણનાર નબીએ આપેલી આ બધી જ અદશ્યની જાણકારી જગજાહેર થઈ.

## ★ કૈસર અને કિસરાની બરબાદી ★

બરાબર એ જ સમયે જ્યારે કૈસર અને કિસરાના રાજ્યોના ધ્વજ પર અપાર જાહોજલાલી સાથે જગત પર લહેરાઈ રહ્યા હતા અને એ જોતાં એમની બરબાદીના કોઈ અણસાર દેખાતા ન હતા. પરંતુ અદશ્યને જાણનાર નબીએ પોતાની ઉમ્મતને આ અદશ્યની ખબર સંભળાવી કે :–

اِذَا هَلَكَ كِسْرٰى فَلَا كِسْرٰى بَعْدَهٗ وَ اِذَا هَلَكَ قَيْصَرُ فَلَا قَيْصَرَ بَعْدَهٗ وَ لَتُنْفَقَنَّ كُنُوْزُهُمَا فِىْ سَبِيْلِ اللّٰهِ۔

"જ્યારે કિસરા ખતમ થશે ત્યારે તેના પછી કોઈ કિસરા નહીં થાય અને જ્યારે કૈસર ખતમ થશે ત્યારે તેના પછી કોઈ કૈસર નહીં થાય અને ચોક્કસ એ બંનેના ખજાનાઓ અલ્લાહ તઆલાના માર્ગમાં (મુસલમાનોના હાથે) ખર્ચ કરવામાં આવશે." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૧, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

દુનિયાનો દરેક ઈતિહાસકાર એ હકીકતનો સાક્ષી છે કે હઝરત અમીરુલ મુ'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં કિસરા અને કૈસરની બરબાદી પછી ન તો કોઈએ પર્શિયાની સલતનતનો ખુસરવી મુગટ જોયો, ન તો રોમના સામ્રાજ્યનું ધરતી પર ક્યાંય અસ્તિત્વ દેખાયું. કેમ આમ ન બને કે આ ગૈબના જાણનાર નબીયે સાદિકની એ ગૈબની ખબરો છે જે આપ ખુદાવંદે અલ્લામુલ ગુયૂબની વહીથી આપી છે. તે કઈ રીતે શક્ય છે કે ગૈબ જાણનાર નબીની ભવિષ્યવાણીઓ વાળના કરોડમાં ભાગ બરાબર પણ ખોટી હોઈ શકે ખરી ?!

## ★ યમન, સીરિયા અને ઈરાક જીતી લેવાશે ★

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ યમન, સીરિયા અને ઈરાક પર વિજય

થયાના વર્ષો પહેલાં આ ગૈબની આગાહી કરી હતી કે :–

"યમન જીતી લેવાશે ત્યારે લોકો પોતાની સવારીઓને હાંકતા અને તેમના પરિવાર અને સેવકોને લઈને (મદીનાથી) યમન આવતા રહેશે, જો કે મદીનાનો જ વસવાટ એમના માટે બેહતર હતો. કદાચ તેઓ આ વાતને જાણે લેતા.

પછી સીરિયા જીતી લેવાશે ત્યારે એક કૌમ તેમના ઘરવાળાઓ અને તેમના માનનારાઓને લઈને સવારીઓ હાંકતા (મદીનાથી) સીરિયા આવતા રહેશે. જો કે મદીના એમના માટે ઉત્તમ હતું. કદાચ તેઓ આ વાતને જાણી લેતા.

પછી ઈરાક જીતી લેવાશે ત્યારે કેટલાક લોકો પોતાના ઘરવાળાઓ અને જેઓ એમનું કહેવું માનશે એ બધાને લઈને સવારીઓ હાંકતા (મદીનાથી) ઈરાક આવી જશે. જો કે મદીનાની જ વસાહત એમના માટે ઉત્તમ હતી. કાશ ! તેઓ આને જાણી લેતા. *(મુસ્લિમ, ભાગ–૧, પેજ–૪૪૫, પ્રકરણ : તરગીબુન્નાસ ફી સકનિલ મદીના)*

યમન હિજરી ૮ માં જીતી લેવાયું, સીરિયા અને ઈરાક તેના પછી જીતાયાં. પરંતુ ગૈબને જાણનાર સાચી ખબર આપનાર મુહમ્મદ ﷺ એ વર્ષો પહેલાં ગૈબની આ ખબરો આપી દીધી હતી જે શબ્દે શબ્દ પૂરી થઈ.

## ★ મિસરના વિજયની ખુશખબર ★

હઝરત અબૂઝર رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે તમે લોકો બહુ જલ્દી મિસર જીતી લેશો અને તે એવી ધરતી છે જ્યાંનું ચલણ "કીરાત" કહેવાય છે. જ્યારે તમે એને જીતી લેશો ત્યારે એના નાગરિકો સાથે સારો વર્તાવ કરજો. કેમ કે તમારી અને એમની વચ્ચે એક સંબંધ અને સગપણ છે. (હઝરત ઈસ્માઈલ علیہ السلام ની માં હાજરા મિસરનાં હતાં જેમની ઔલાદમાં આખુ અરબ છે.)

અને જ્યારે તમે જોશો કે ત્યાં એક ઈંટ જેટલી જગ્યા માટે બે શખ્સો લડે છે ત્યારે તમે મિસરથી નીકળી જજો. જ્યારે હઝરત અબૂઝરે પોતે પોતાની આંખે મિસરમાં આ જોયું કે અબ્દુર્રહ્‌માન બિન શુરજીલ અને





એમના ભાઈ રબીઆ એક ઈંટ જેટલી જગ્યા માટે ઝઘડી રહ્યા છે. આ દૃશ્ય જોઈને હઝરત અબૂઝર رضی اللہ عنہ હુઝૂર ﷺ ની વસિય્યત પ્રમાણે મિસર છોડી આવતા રહ્યા. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૧૧, પ્રકરણ : વસિયતુન્નબી ﷺ)*

## ★ બૈતુલ મુકદ્દસનો વિજય ★

બૈતુલ મુકદ્દસની જીત થઈ તેના વરસો પહેલાં હુઝૂર અકદસ ﷺ એ ગૈબની ખબર આપતાં પોતાની ઉમ્મતથી કહ્યું કે, કયામત પહેલાં છ વસ્તુઓ ગણી રાખો : (૧) મારી વફાત (૨) બૈતુલ મુકદ્દસની જીત (૩) પછી પ્લેગનો રોગચાળો જે બકરીઓ ગલફડાની જેમ તમારામાં વ્યાપી જશે. (૪) એટલી બધી પૈસાની રેલમછેલ થઈ જશે કે કોઈ વ્યક્તિને સો દીનાર આપવાથી પણ તે રાજી નહીં થાય. (૫) એક એવો ઉપદ્રવ ફેલાશે કે અરબનું કોઈ ઘર બાકી નહીં બચે જેમાં એ ઉપદ્રવ દાખલ થયો ન હોય. (૬) તમારા અને રોમનો વચ્ચે એક સંધિ થશે અને રોમનો વચનભંગ કરશે. તેઓ એંસી ઝંડા લઈને તમરા પર હુમલો કરશે અને દરેક ઝંડા હેઠળ બાર હજાર સૈનિકો હશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૫૦, પ્રકરણ : મા યહઝરુ મિનલ્ ગદર)*

## ★ ભયાનક માર્ગો સલામત થઈ જશે ★

હઝરત અદી બિન હાતિમ رضی اللہ عنہ નું બયાન છે કે હું બારગાહે રિસાલતમાં હાજર હતો, ત્યારે એક શખ્સે આવીને ભૂખની ફરિયાદ કરી. પછી એક બીજો શખ્સ આવ્યો તેણે માર્ગો પર લૂટમારની ફરિયાદ કરી. આ સાંભળીને શહનશાહે મદીના ﷺ એ ફર્માવ્યું કે, હે અદી ! જો તમારું આયુષ્ય લાંબુ હશે તો તમે જરૂર જોશો કે એક પર્દાનશીન સ્ત્રી એકલી "હીજાઝ"થી ચાલતી આવશે અને મક્કા આવીને કા'બાનો તવાફ કરશે અને એને ખુદા સિવાય કોઈનો ભય નહીં હોય.

હઝરત અદી કહે છે કે મેં મારા મનમાં કહ્યું કે, તો પછી કબીલા "તૈ"ના એ ડાકૂઓ જેમણે શહેરોમાં આગ લગાવી રાખી છે તેઓ ક્યાં ચાલ્યા જશે ?!

પછી આપે ફર્માવ્યું : કે જો તમે લાંબું આયુષ્ય ભોગવશો તો ચોક્કસ જોશો કે કિસરાના ખજાનાઓને મુસલમાનો પોતાના હાથે ખોલશે અને હે અદી ! તમારી ઉમર લાંબી હશે તો તમે જરૂર જરૂર જોશો કે એક મુટ્ઠી જેટલું સોનું અને ચાંદી લઈને શોધતો ફરશે કે કોઈ એનો સદકો સ્વીકારે, પરંતુ કોઈ શખ્સ એવો નહીં મળે જે એના સદકાને સ્વીકારે (કેમ કે દરેક પાસે પુષ્કળ સંપત્તિ હશે અને કોઈ ફકીર નહીં હોય.) હઝરત અદી બિન હાતિમનું કથન છે કે હે લોકો ! આ તો મેં મારી નજરે જોઈ લીધું કે ખરેખર "હિજાઝ"થી એક પર્દાનશીન સ્ત્રી એકલી કા'બાના તવાફ માટે ચાલી આવી છે અને તે ખુદા સિવાય કોઈનાથી ડરતી નથી અને હું પોતે એ લોકોમાંથી છું જેમણે કિસરા હુર્મુઝના ખજાનાઓને ખોલીને કાઢ્યા. આ બંને વસ્તુઓ તો મેં જોઈ લીધી. હે લોકો ! જો તમારા સૌની ઉંમરો લાંબી હશે તો જરૂર તમે સૌ ત્રીજી વસ્તુ પણ જોઈ લેશો (કે કોઈ ગરીબ નહીં મળે જે સદકો કબૂલ કરે.) *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૭ થી ૫૦૮, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

## ★ ખૈબરનો વિજેતા કોણ હશે ?! ★

ખૈબરના યુદ્ધ દરમ્યાન એક દિવસે ગૈબના જાણનાર નબીએ કહ્યું કે કાલે હું એ શખ્સના હાથમાં ધ્વજ આપીશ જે અલ્લાહ અને રસૂલ સાથે પ્રેમ કરે છે અને અલ્લાહ અને રસૂલ એનાથી પ્રેમ કરે છે. અને એના જ હાથે ખૈબર ફતેહ થશે. આ ખુશખબરી સાંભળી લશ્કરના તમામ મુજાહિદોએ એવી ઈન્તેજારીમાં બેચૈની સાથે રાત ગુજારી કે જોઈએ કોણ તે ખુશનસીબ છે ?! જેના માથે આ બશારતનો સહેરો બંધાય છે. સવારે દરેક મુજાહિદ એ આશાએ બારગાહે રિસાલતમાં હાજર થયો કે કદાચ એ પોતે જ એનો ભાગ્યશાળી બની જાય. દરેક શખ્સ સાંભળવા માટે આતુર હતો કે અચાનક શહનશાહે મદીનાએ ફર્માવ્યું કે અલી બિન અબી તાલિબ ક્યાં છે ? લોકોએ કહ્યું કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એમની આંખે દુઃખાવો છે. ફર્માવ્યું કે સંદેશો મોકલી એમને બોલાવો. જ્યારે હઝરત અલી رضی اللہ عنہ દરબારે રિસાલતમાં હાજર થયા ત્યારે હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમની આંખોમાં પોતાનું થૂંક મુબારક લગાડી દુઆ ફર્માવી, જેનાથી તે તરત જ





એવી નિરોગી થઈ ગઈ જાણે કે એમને ક્યારેય આંખોમાં દુઃખાવો થયો જ ન હતો. પછી આપે એમના હાથમાં ધ્વજ અર્પણ કર્યો અને ખૈબરનું મેદાન એ જ દિવસે એમના હાથે જીતાઈ ગયું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૦૫, પ્રકરણ : ગઝવએ ખૈબર)*

આ હદીષથી સાબિત થાય છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ એક દિવસ પહેલાં જ એ જણાવી દીધું હતું કે કાલે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ખૈબર ફતેહ કરશે. આ માઝા તકસિબુ ગદા. અર્થાત : "કાલે કોણ શું કરશે ?"નું અદશ્યનું જ્ઞાન છે જે અલ્લાહ તઆલાએ તેના રસૂલને અર્પણ કર્યું હતું.

## ★ ત્રીસ વર્ષ ખિલાફત પછી બાદશાહી ★

હઝરત સફીના رضی اللہ عنہ કહે છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારા પછી ત્રીસ વર્ષ સુધી ખિલાફત રહેશે ત્યાર બાદ બાદશાહી થઈ જશે. આ હદીષ સાંભળી હઝરત સફીના رضی اللہ عنہ એ ફર્માવ્યું કે તમે સૌ ગણી લો. હઝરત અબૂબક્રની ખિલાફત બે વર્ષ અને હઝરત ઉમરની ખિલાફત દસ વર્ષ અને હઝરત ઉસ્માનની ખિલાફત બાર વર્ષ અને હઝરત અલીની ખિલાફત ૬ વર્ષ આ કુલ ત્રીસ વર્ષ થઈ ગયા.

## ★ હિજરી ૭૦ અને યુવકોનું શાસન ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રાવી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે હિજરી ૭૦ નો આરંભ અને યુવકોના શાસનથી પનાહ માંગો. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૩૨૩)*

આ જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે મારી ઉમ્મતની બરબાદી કુરૈશના કેટલાક યુવકોના હાથે થશે. હઝરત અબૂહુરૈરહ્ رضی اللہ عنہ આ હદીષ સંભળાવી ફર્માવતા હતા કે જો હું ચાહું તો એ યુવકોનાં નામ બતાવી શકું છું. તેઓ ફલાણાના દીકરા અને ફલાણાના દીકરા છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૯, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

ઈસ્લામી ઈતિહાસ સાક્ષી છે કે હિજરી ૭૦ માં બનૂ ઉમૈયાના નાની વયના સત્તાધીશોએ જે ઉપદ્રવો સર્જ્યા તે ખરેખર એવા ઉપદ્રવો હતા કે જેનાથી દરેક મુસલમાનને ખુદાની પનાહ માંગવી જોઈએ. આ

પ્રસંગોની વર્ષો પહેલાં નબીયે બરહક્ક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી જે ચોક્કસ ગૈબની ખબર છે.

## ★ તુર્કીઓ સાથે યુદ્ધ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે ત્યાં સુધી કયામત નહીં સર્જાય જ્યાં સુધી તમે એવી કૌમ સાથે નહીં લડો જેમના જોડા વાળના હશે અને જ્યાં સુધી તમે તુર્કીઓ સાથે નહીં લડો જેઓ નાની આંખોવાળા, રાતા ચહેરાવાળા, ચપટ નાકવાળા. એમના ચહેરા જાણે કે હથોડીથી ટીચેલી ઢાળ જેવા (પહોળા ચપટા) હશે અને એમના પગરખાં વાળોનાં હશે.

અને બીજી રિવાયતમાં છે કે તમે "ખેઝ અને કિરમાન"ના બિન આરબો સાથે યુદ્ધ કરશો, જેમના ચેહરા રાતા, નાક ચપટાં, આંખો નાની હશે.

અને ત્રીજી રિવાયતમાં છે કે મયાત પહેલા તમે એવા લોકો સાથે યુદ્ધ કરશો જેમના પગરખાં વાળનાં હશે. તેઓ "બારઝવાળા" છે. (અર્થાત રણો અને મેદાનોમાં રહેનાર છે.) *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૭, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

ગૈબના જ્ઞાની નબીએ આ ખબર ત્યારે આપી હતી જ્યારે ઈસ્લામ હજુ સંપૂર્ણ રીતે હિજાઝની ધરતી ઉપર પણ ફેલાયો ન હતો. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે સાચી ખબર આપનાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ તમામ ભવિષ્યવાણીઓ પહેલી સદીના અંત સુધી પૂરી થઈ ગઈ કે ઈસ્લામના મુજાહિદોના લશ્કરોએ તુર્ક અને સેહરામાં રહેનાર બર્બરાઓ સાથે જેહાદ કર્યો અને ઈસ્લામની ઝળહળતી જીત થઈ. તુર્ક અને બરબર કૌમ ઈસ્લામની છાયામાં આવી ગઈ.

## ★ ભારતમાં મુજાહિદો ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ભારતમાં ઈસ્લામના પ્રવેશ અને છવાઈ જવાની ખુશખબરી સંભળાવતા ફર્માવ્યું કે :–

"મારી ઉમ્મતના બે જૂથો એવા છે કે અલ્લાહ તઆલાએ બંને જૂથોને જહન્નમથી મુક્ત ફર્માવ્યાં છે, એક એ જૂથ જે ભારતમાં જેહાદ કરશે અને એક એ જૂથ જે હઝરત ઈસા બિન મરયમ علیہ الصلوٰۃ والسلام ની સાથે હશે."





હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહ્યા કરતા કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમારા (મુસલમાનો)થી ભારતમાં જિહાદ કરવાનો વાયદો ફર્માવ્યો હતો, તો જ્યારે મેં એ સમય મેળવીશ ત્યારે તો હું એના માર્ગમાં મારા જાન માલને ન્યોછાવર કરી દઈશ અને જો હું એ જેહાદમાં શહીદ થઈ જઈશ તો હું શ્રેષ્ઠ શહીદ ઠરીશ અને જો હું જીવતો પાછો ફરીશ તો હું દોઝખથી મુક્ત થનારો અબૂ હુરૈરહ્ હોઈશ.

ઈમામ નસાઈએ હિજરી ૩૦૨ માં ઈન્તેકાલ ફર્માવ્યો અને તેમણે તેમના પુસ્તક સુલતાન મેહમૂદ ગઝનવીના ભારત પરના હુમલા હિજરી ૩૯૨ થી લગભગ સો વર્ષ પહેલાં લખ્યું હતું.

સમગ્ર જગતના ઈતિહાસકારો સાક્ષી છે કે ગૈબનું જ્ઞાન ધરાવતા નબીએ પોતાની મુબારક વાણીમાં ભારત બાબતે સેંકડો વર્ષ પહેલાં જ ગૈબની ખબરનું એલાન ફર્માવ્યું હતું તે શબ્દશઃ પૂરું થઈને જ રહ્યું કે મુહમ્મદ બિન કાસિમે સિન્ધ અને મકરાનની ધરતી પર જેહાદ ફર્માવ્યું અને મહમૂદ ગઝનવી તથા શહાબુદ્દીન ઘોરીએ ભારતના સોમનાથ તેમજ અજમેર વિગેરે પર જેહાદ કરીને આ દેશમાં ઈસ્લામનો ધ્વજ ફરકાવ્યો હતો, એટલે સુધી કે ભારતની ભૂમિ પર નાગાલેન્ડની પહાડીઓથી શરૂ કરીને હિંદુકુશ પર્વત સુધી અને કન્યાકુમારીથી હિમાલયના શિખરો સુધી ઈસ્લામનો ધ્વજ લહેરાવ્યો. જો કે સાચી ખબર આપનાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ ભવિષ્યવાણી ત્યારે કરી હતી જ્યારે ઈસ્લામ અરબની ધરતીથી આગળ પણ પહોંચી શક્યો ન હતો. આ ગૈબની ખબરોને શબ્દે શબ્દ પૂરી થતી જોઈને કોણ છે જે ગૈબના જ્ઞાનીના દરબારમાં આ રીતે શ્રદ્ધાસુમન રજૂ ન કરે :–

સરે અર્શ પર હૈ તેરી ગુઝર-દિલે ફર્શ પર હૈ તેરી નઝર
મલકૂતો મલક મેં કોઈ શય - વો નહીં જો તુઝપે અયાં નહીં.

## ★ કોણ ક્યાં મૃત્યુ પામશે ?! ★

બદ્રના યુદ્ધમાં યુદ્ધ પહેલાં જ હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સહાબાઓને લઈને મેદાને જંગમાં પહોંચી ગયા અને પોતાની સોટી વડે રેખા દોરીને બતાવ્યું કે આ ફલાણા કાફિરની કતલનું સ્થળ છે, આ અબૂજહલનું વધ સ્થાન છે, આ જગ્યાએ કુરૈશનો ફલાણો સરદાર માર્યો જશે. સહાબાએ

કિરામનું બયાન છે કે દરેક કુરૈશના સરદારના કતલ થવાની જે જગ્યાઓ નિશ્ચિત ફર્માવી દીધી હતી એ જ જગ્યાએ એ કાફિરની લાશ માટી લોહીમાં ખરડાયેલી જોવામાં આવી. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૧૦૨, પ્રકરણ : ગઝવએ બદ્ર)*

## ★ હઝરત ફાતિમાનું મૃત્યુ ક્યારે થશે ?! ★

હઝરત રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મરણ રોગ દરમ્યાન હઝરત ફાતિમા رضی اللہ عنہا ને પાસે બોલાવીને એમના કાનમાં કોઈ વાત કરી ત્યારે તેઓ રડવા લાગ્યાં, પછી થોડા સમય બાદ એમના કાનમાં એક બીજી વાત કરી ત્યારે તેઓ હસવા લાગ્યાં. હઝરત આઈશાએ ફાતિમા رضی اللہ عنہا થી હસવાનું કારણ પૂછયું, ત્યારે તેમણે સ્પષ્ટ જણાવી દીધું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નું રહસ્ય પ્રકટ કરી શકતી નથી. જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વફાત થઈ ગઈ ત્યારે હઝરત આઈશા رضی اللہ عنہا ના ફરી પૂછવાથી હઝરત ફાતિમા رضی اللہ عنہا એ કહ્યું કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પ્રમથવાર મારા કાનમાં એમ ફર્માવ્યું હતું કે હું મારી આ જ બીમારીમાં મૃત્યુ પામીશ. આ સાંભળી હું દુ:ખના આવેશમાં રડી પડી. પછી ફર્માવ્યું કે, હે ફાતિમા ! મારા ઘરવાળાઓમાં સૌથી પહેલાં તમે મૃત્યુ પામીને મને મળશો. આ સાંભળી હું હસી પડી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મારી જુદાઈનો ગાળો સૌથી ઓછો હશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૨)*

જ્ઞાન ધરાવનારા જાણે છે કે આ બંને ગૈબની ખબર શબ્દે શબ્દ સાચી પડી કે આપ એમની એ જ બીમારીમાં મૃત્યુ પામ્યા અને હઝરત ફાતિમા رضی اللہ عنہا પણ માત્ર છ મહિના બાદ મરણ પામીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જઈ મળ્યાં.

## ★ સ્વયં પોતાના મૌતની ખબર ★

જે વર્ષે હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ જગતથી વિદાય લીધી ત્યારે પહેલાથી જ પોતાના મૃત્યુનું એલાન કરવાનું શરૂ કરી દીધું હતું. જેમ કે હજ્જતુલ વિદાઅથી પહેલાં જ હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત મુઆઝ બિન જબલને યમનના હાકેમ બનાવીને રવાના કર્યા ત્યારે તેમને વિદાય કરતી વેળાએ આપે ફર્માવ્યું કે, હે મુઆઝ ! હવે આના પછી તમે મને નહીં





મળી શકો. જયારે તમે પાછા આવશો ત્યારે મારી મસ્જિદ અને મારી કબ્ર પાસેથી પસાર થશો. *(મુસ્નદ ઈમામ અહમદ બિન હંબલ, ભાગ–૫, પેજ–૩૫)*

એ જ રીતે હજ્જતુલ વિદાઅ વખતે જયારે અરફાતમાં એક લાખ પચ્ચીસ હજાર કરતાં પણ વધારે મુસલમાનોનો ભવ્ય ઈજતિમાઅ હતો. આપે ત્યાં ખુત્બા દરમ્યાન ફર્માવ્યું કે કદાચ આગામી વર્ષે તમે મને નહીં મળી શકો.

એ જ રીતે મરણરોગથી થોડાક દિવસો પહેલાં આપે કહ્યું કે અલ્લાહ તઆલાએ તેના એક બંદાને એ અધિકાર આપ્યો હતો કે તે ઈચ્છે તો દુનિયાના જીવનને અપનાવે અને ચાહે તો આખિરતનું જીવન સ્વીકારી લે ત્યારે એ બંદાએ આખિરતને સ્વીકારી લીધી. આ સાંભળી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ રડવા લાગ્યા. હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ કહે છે કે અમને સૌને ઘણું આશ્ચર્ય થયું કે આપ તો એક બંદા બાબતે આ ખબર આપી રહ્યા છે ત્યારે એના પર હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ના રોવાનું શું કારણ છે ?! પરંતુ જયારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એના અમુક જ દિવસો બાદ વફાત થઈ ત્યારે અમને સૌને જાણ થઈ કે તે અધિકાર અપાયેલ બંદો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ હતા અને અબૂબક્ર સિદ્દીક અમારા સૌમાં સૌથી વધુ જ્ઞાન ધરાવનાર હતા. (કેમ કે એમણે અમારા સૌથી પહેલાં એ જાણી લીધું હતું કે તે અધિકાર અપાયેલ બંદો પોતે હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم જ છે.) *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૯, પ્રકરણ : કૌલુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

## ★ હઝરત ઉમર અને ઉષ્માન શહીદ થશે ★

હઝરત અનસ رضی اللہ عنہ નું કથન છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એક દિવસે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضی اللہ عنہم ને સાથે લઈને ઉહદ પર્વત પર ચડયા. ત્યારે પર્વત ધ્રુજવા લાગ્યો તો આપે ફર્માવ્યું કે હે ઉહદ ! થંભી જા અને વિ□ાસ રાખ કે તારા ઉપર એક નબી છે, એક સિદ્દીક છે અને બે (ઉમર અને ઉષ્માન) શહીદ છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૯, પ્રકરણ : ફઝ્લે અબીબક્ર)*

નબી અને સિદ્દીકને તો બધા જાણતા હતા પરંતુ હઝરત ઉમર અને ઉષ્માન رضی اللہ عنہما ની શહાદત બાદ બધાને જાણ થઈ ગઈ કે એ બે શહીદ

કોણ હતા !

## ★ હઝરત અમ્મારને શહાદત મળશે ★

અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ અને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا નું બયાન છે કે હઝરત અમ્માર رضی اللہ عنہ ખાઈ ખોદી રહ્યા હતા એ સમયે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત અમ્માર رضی اللہ عنہ ના માથા પર પોતાના વહાલનો હાથ ફેરવીને ફર્માવ્યું કે અફસોસ ! એક બળવાખોર જૂથ તારી હત્યા કરશે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૯૫, કિતાબુલ્ ફિતન)*

આ ભવિષ્યવાણી એ રીતે સાચી પડી કે હઝરત અમ્માર જંગે સિફ્ફીનના રોજ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની સાથે હતા અને હઝરત મુઆવિયા رضی اللہ عنہ ના સાથીઓના હાથે શહીદ થયા.

અહલે સુન્નતનો અકીદો છે કે જંગે સિફ્ફીનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ચોક્કસ સત્ય પર હતા અને હઝરત મુઆવિયા رضی اللہ عنہ નું જૂથ અવશ્ય દોષિત હતું. પરંતુ એ લોકોની ખતા ઈજતેહાદી હતી, તેથી એ લોકો ગુનેહગાર થશે નહીં. કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે કોઈ મુજતહિદ જો તેના ઈજતેહાદમાં સાચા અને ખરા નિકાલ સુધી પહોંચી જશે ત્યારે એને બમણો સવાબ મળશે અને જો મુજતહિદે તેના ઈજતિહાદમાં ભૂલ કરી હશે તો પણ તેને એક સવાબ મળશે. *(હાશિયા બુખારી હવાલો કિર્માની, ભાગ–૧, પેજ–૫૦૯, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

આથી હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પ્રત્યે લઅનત મલામત હરગિઝ હરગિઝ જાઈઝ નથી. કેમ કે ઘણા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ એ યુદ્ધમાં હઝરત મુઆવિયા رضی اللہ عنہ સાથે હતા.

પછી એ વાત પણ અત્રે યાદ રાખવી જોઈએ કે મિસરી બળવાખોરોનું જૂથ જેમણે હઝરત અમીરુલ મુ'મિનીન ઉષ્માન ગની رضی اللہ عنہ ને ઘેરી લઈ શહીદ કરી દીધા હતા. આ લોકો જંગે સિફ્ફીનમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના લશ્કરમાં સામેલ થઈને હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ સામે લડી રહ્યા હતા. ત્યારે શક્ય છે કે ઘમસાણ યુદ્ધમાં એ જ બળવાખોરોના હાથે હઝરત અમ્માર رضی اللہ عنہ શહીદ થઈ ગયા હશે. આવા સંજોગોમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ ઈર્શાદ તદન સાચો છે કે, ''અફસોસ ! હે અમ્માર ! તને





એક બળવાખોર જૂથ મારી નાખશે.'' અને આ મારવાની જવાબદારીથી હઝરત મુઆવિયા رضی اللہ عنہ નો પાલવ તદન પાક છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

સારાંશ કે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ પ્રત્યે લઅનત મલામાત કરવી રાફઝીઓની રીત છે. હઝરાત અહલે સુન્નતે આનાથી બચવું, પરહેઝ કરવો જરૂરી છે.

## ★ હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની અજમાયશ ★

હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ કહે છે કે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم મદીનાના એક બગીચામાં ટેક દઈને બેઠા હતા ત્યારે હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ દરવાજો ખોલાવડાવી અંદર આવ્યા ત્યારે આપે એમને જન્નતની બશારત આપી. ત્યારબાદ હઝરત ઉમર رضی اللہ عنہ આવ્યા ત્યારે આપે એમને પણ જન્નતની ખુશખબરી સંભળાવી. ત્યાર બાદ હઝરત ઉષ્માન رضی اللہ عنہ આવ્યા ત્યારે એમને જન્નતની ખુશખબરીની સાથે સાથે એક અજમાયશ અને કસોટીમાં સપડાવાની ખબર પણ આપી. આ સાંભળી હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ સબ્રની દુઆ માંગી અને કહ્યું કે ''ખુદા મદદગાર છે.'' *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૭૭, પ્રકરણ : ફઝાઈલે ઉષ્માન)*

## ★ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની શહાદત ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم અને કેટલાક અન્ય સહાબાએ કિરામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે એક મુસાફરીમાં હતા, ત્યારે આપે ફર્માવ્યું કે હું જણાવી દઉં કે સૌથી વધુ દુર્ભાગી માણસો કયા છે ? લોકો એ કહ્યું કે હા ! યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જણાવો. આપે જણાવ્યું કે એક કૌમે ષમૂદનો રાતા રંગવાળો દુર્ભાગી જેણે હઝરત સાલેહ علیہ الصلوٰۃ والسلام ની ઊંટણીને કતલ કરી હતી અને બીજા એ દુર્ભાગી માણસ જે હે અલી તમને અહીંયા (ગરદન તરફ ઈશારો કર્યો) તલવાર મારશે. *(મુસ્તદરક હાકિમ, ભાગ–૩, પેજ–૧૪૦ થી ૧૪૧, હૈદરાબાદથી પ્રકાશિત)*

આ ગૈબની ખબર એ રીતે સાચી પડી કે ૧૭ રમઝાન હિજરી ૪૦ ના રોજ અબ્દુર્રહમાન મુલ્જિમ ખારજીએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم પર

તલવારથી પ્રાણઘાતક હુમલો કર્યો જેનાથી ઝખ્મી થઈને બે દિવસ બાદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم શહાદતને વર્યા. *(તારીખુલ ખુલફા)*

## ★ હઝરત સઅદ رضی اللہ عنہ માટે ખુશખબરી ★

હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ''હજ્જતુલ વિદાઅ''માં મક્કા મુઅઝ્ઝમામાં એવા સખત બીમાર પડયા કે એમને એમના જીવનની આશા ન રહી. એમને એ વાતની બહુ બેચૈની હતી કે જો હું મરી ગયો તો મારી હિજરત અપૂર્ણ રહી જશે. હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એમની પૃચ્છા માટે આવ્યા ત્યારે આપે એમની બેચૈની જોઈને આ□ાસન આપ્યું અને એમના માટે દુઆ પણ ફર્માવી અને આ બશારત આપી કે અત્યારે મૃત્યુ પામશો નહીં બલ્કે તમારું જીવન લાંબુ થશે અને ઘણા લોકોને તમારાથી ફાયદો અને ઘણા લોકોને તમારાથી નુકસાન પહોંચશે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૮૩, કિતાબુલ વસાયા)*

આ હઝરત સઅદ رضی اللہ عنہ માટે ઈરાનના વિજયની ખુશખબરી હતી. કેમ કે ઈતિહાસ સાક્ષી છે કે હઝરત સઅદ رضی اللہ عنہ એ ઈસ્લામી લશ્કરના કમાન્ડર બનીને ઈરાન પર આક્રમણ કર્યું અને થોડાક વર્ષોમાં મોટા મોટા યુદ્ધો બાદ ઈરાનના બાદશાહ કિસરાનું સિંહાસન છીનવી લીધું. આ રીતે મુસલમાનોને તેમનાથી બહુ મોટો લાભ થયો અને અગ્નિપૂજક (મજૂસી) કાફિરોને એમની જાતથી જબરદસ્ત નુકસાન પહોંચ્યું. ઈરાન હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં જીતી લેવાયું. એ યુદ્ધનો નક્શો પોતે અમીરુલ્ મુ'મિનીને યુદ્ધ નિષ્ણાતોના સલાહ મસ્લેહતોથી તૈયાર કરાવડાવ્યો હતો.

## ★ અરબસ્તાનની આગ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે કયામત ત્યાં સુધી નહીં આવે જ્યાં સુધી કે અરબસ્તાનની જમીનથી એક એવી આગ ન નીકળે જેના પ્રકાશમાં બુસરાના ઊંટોની ગરદનો દેખાશે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૯૩, કિતાબુલ ફિતન)*

આ ગૈબની ખબર ફળ સ્વરૂપે હિજરી ૬૫૪ માં અસ્તિત્વમાં આવી.





આમ હઝરત નવવીએ આ હદીષની સમજૂતીમાં લખ્યું છે કે એ આગ અમારા સમયમાં હિજરી ૬૫૪ માં મદીનામાં પ્રગટી. એ આગ એવી તો વિસ્તરી હતી કે મદીનાની પૂર્વ તરફથી લઈને ''હર્રા''ના પર્વતો સુધી ફેલાયેલી હતી. એ આગની સ્થિતિ સીરિયા અને બધા જ શહેરોમાં ક્રમિક રીતે મળી છે અને અમારાથી એ શખ્સે બયાન કરી જે ત્યારે મદીનામાં મૌજૂદ હતો. *(શરહે મુસ્લિમ નવવી, ભાગ–૨, પેજ–૩૯૩, કિતાબુલ્ ફિતન)*

આ જ રીતે અલ્લામા જલાલુદ્દીન સિયૂતી علیہ رحمۃ اللہ القوی એ લખ્યું છે કે ૩ જમાદિલ આખિર હિજરી ૬૫૪ માં મદીનામાં અચાનક એક ઘડઘડાટનો અવાજ સંભળાવા લાગ્યો, પછી ભયંકર ધરતીકંપ થયો જેના આંચકા થોડા થોડા સમયાંતરે બે દિવસ સુધી અનુભવાતા રહ્યા, પછી એકદમ એકાએક કુરેઝા કબીલાના પર્વતોમાં એવી ભયાનક આગ દેખાઈ જેના ઊંચા ભડકાઓ મદીનાથી એવા દેખાતા હતા કે જાણે કે એ આગ મદીના મુનવ્વરાના ઘરોમાં લાગેલી છે. પછી એ આગ વહેતા નાળાઓની જેમ પૂર સ્વરૂપે ફેલાવા લાગી અને એવું લાગતું હતું કે પર્વતો આગ બનીને વહેતા જઈ રહ્યા છે. પછી એના ભડકાઓ એવા ઊંચા થઈ ગયા કે આગનો એક પર્વત દેખાવા લાગ્યો, આગના તણખાઓ ચારેબાજુ વાતાવરણમાં ઝરવા લાગ્યા, એટલે સુધી કે પ્રકાશ મક્કા મુકર્રમાથી દેખાવા લાગ્યો. ઘણા લોકોએ બુસરા શહેરમાં રાત્રે એ જ આગના પ્રકાશમાં ઊંટોની ગરદનો જોઈ લીધી. મદીનાવાસીઓ એ વિકરાળ દશ્યથી ધ્રૂજતાં ધ્રૂજતાં ભય અને ગભરાટભરી સ્થિતિમાં તૌબા અને ઈસ્તિગફાર કરતાં કરતાં હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝા સુધી આશ્રય લેવા માટે એકત્રિત થઈ ગયા. એક મહિનાથી વધારે સમયગાળા સુધી એ આગ સળગતી રહી. પછી સ્વયં પોતે જ ધીરે ધીરે એ રીતે ઓલવાઈ ગઈ કે એનું કોઈ નિશાન સુદ્ધાં બાકી ન રહ્યું. *(તારીખુલ ખુલ્ફા, પેજ–૩૨૪)*

## ★ ફિત્નાઓના ઝંડાધારીઓ ★

હઝરત હુઝૈફા બિન યમાન સહાબી رضی اللہ عنہ નું બયાન છે કે ખુદાના સોગંદ હું જાણતો નથી કે મારા સાથીઓ ભૂલી ગયા છે અથવા તો જાણી જોઈને અજાણ્યા બની રહ્યા છે. વલ્લાહ ! દુનિયાના અંત સુધી જેટલાય

ફિત્નાઓના આવા આગેવાનો છે જેમના ચેલાઓની સંખ્યા ત્રણસો કે એનાથી વધારે હશે એ બધા ફિત્નાઓના ધ્વજવાહકોનાં નામ, એમના પિતાઓનાં નામ, એમના કબીલાઓનાં નામ રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને બતાવ્યાં છે. *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૨૩૧, કિતાબુલ ફિતન)*

આ હદીષથી પુરવાર થાય છે કે કયામત પર્યંત પૈદા થનારી ગુમરાહીઓ અને ફિત્નાઓના હજારો, લાખો નાયકો અને ઝંડાધારીઓના નામ પિતાઓના નામ સહિત અને રહેઠાણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના સહાબીઓને બતાવી દીધા દેખીતું છે કે આ ઈલ્મે ગૈબ છે જે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અર્પણ કર્યું હતું.

## ★ કયામત સુધીના બનાવો ★

મુસ્લિમ શરીફની હદીષ છે : હઝરત અમ્ર બિન અખ્તબ અન્સારી رضی اللہ عنہ કહે છે કે એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અમને ફજરની નમાઝ પઢાવીને મિમ્બર પર ગયા અને અમને ખુત્બો સંભળાવતા રહ્યા, એટલે સુધી કે ઝોહરની નમાઝનો સમય આવી ગયો. પછી આપે મિમ્બર પરથી ઉતરીને ઝોહરની નમાઝ પઢાવી. પછી ખુત્બો આપવામાં તલ્લીન થઈ ગયા. એટલે સુધી કે અસરની નમાઝનો સમય થઈ ગયો, ત્યારે આપે મિમ્બર પરથી ઉતરીને અસરની નમાઝ પઢાવી. પછી મિમ્બર પર ચડીને ખુત્બો આપવા લાગ્યા એટલે સુધી કે સૂર્યાસ્ત થઈ ગયો. આમ એ દિવસભરના ખુત્બામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને એ તમામ બનાવોની ખબર આપી દીધી જે કયામત સુધી થનારા હતા, તો જે શખ્સે જેટલો વધારે એ ખુત્બાને યાદ રાખ્યો તે અમારા સહાબામાં સૌથી વધુ ઈલ્મોવાળો છે. *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૫૪૩)*

**આવશ્યક ચેતવણી** : ઉપર્યુક્ત પ્રસંગોએ હજારો પ્રસંગો પૈકી માત્ર કેટલાક છે જેમાં હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ગૈબની ખબરો આપી છે. નિઃશંક ! હજારો પ્રસંગો જે સિહાહ સિત્તા અર્થાત હદીષોના ૬ મુસ્તનદ પુસ્તકો (૧) બુખારી (૨) મુસ્લિમ (૩) તિર્મિઝી (૪) અબૂ દાઊદ (૫) ઈબ્ને માજા (૬) નસાઈ અને હદીષના અન્ય પુસ્તકોમાં તારલાઓની જેમ ઝગારા મારી રહ્યા છે, ઉમ્મતને હચમચાવીને ચેતવી રહ્યા છે કે આદિથી





અંત સુધીના તમામ ઉલૂમે ગૈબિયા અર્થાત ગૈબના ઈલ્મોના ખજાનાઓ અલ્લામુલ ગુયૂબ જલ્લ જલાલહુએ તેના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નબવી હૃદયમાં સમાવી દીધા છે. આથી દરેક ઉમ્મતીએ એ આસ્થા ધરાવવી અનિવાર્ય અને આવશ્યક છે કે અલ્લાહ તઆલાએ તેના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ને ઈલ્મે ગૈબ અર્પણ કર્યું છે. આ અકીદો કુર્આન મજીદની પવિત્ર તા'લીમની એ સુગંધ છે જેનાથી અહલે સુન્નતના ઈમાનનું વિ□ સુગંધિત છે. જેમ કે સ્વયં ખુદાવંદે આલમ عزوجل એ ફર્માવ્યું કે :–

وَعَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَكَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ۝

''અલ્લાહે આપને એવી દરેક વસ્તુનું જ્ઞાન અર્પી દીધું જેને આપ જાણતા ન હતા અને આપ પર અલ્લાહની બહુ મોટી કૃપા છે.''

(આ વિષય પર વિસ્તૃત ચર્ચા અમારા પુસ્તક ''કુર્આની તકરીરેં''માં વાંચો)

## ★ નિર્જીવ જગતના મો'જિઝાઓ ★

અમે પહેલાં ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે હુઝૂર શહનશાહે કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓના શાસનની ધજા સૃષ્ટિની તમામ મખ્લૂકના સર્જન પર લહેરાઈ ચૂકી છે. કેટલાક આકાશી મો'જિઝાઓનું વર્ણન તો અમે કરી ચૂક્યા છીએ, હવે ઉચિત લાગે છે કે ધરતી પર જાહેર થનારા અસંખ્ય મો'જિઝાઓ પૈકી કેટલાક ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવે જેથી કરીને વાંચકોના મનમાં એ હકીકતની તજલ્લી સૂર્યની જેમ ઝગમગી ઉઠે કે ખુદાના સર્જનમાં કોઈ એવું ક્ષેત્ર નથી જ્યાં રહમતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ અને કરામતોનો સિક્કો ચાલતો ન હોય !

## ★ ચટ્ટાનનું વિખરાઈ જવું ★

ગઝવએ ખંદકના વર્ણનમાં અમે વિગતવાર લખી ચૂક્યા છીએ કે સહાબાએ કિરામ મદીનાની ચારેબાજુ કાફિરોના આક્રમણથી બચવા માટે ખાઈ ખોદી રહ્યા હતા. સંજોગોવશાત એક અત્યંત સખત ચટ્ટાન નીકળી આવી. સહાબાએ કિરામ તેમની સામૂહિક શક્તિ વડે ગમે તેમ તેને તોડવા

મથ્યા. પરંતુ તે કોઈ રીતે તૂટી ન શકી. પાવડાઓ એના પર પડી પડીને પાછા પડતા હતા. જ્યારે લોકોએ મજબૂર થઈને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સેવામાં ઉપસ્થિત થઈ આખી બીના કહી સંભળાવી ત્યારે આપ પોતે ઉઠીને આવ્યા અને પાવડો હાથમાં લઈને એક ઘા કર્યો અને તે રેતીની જર્જરીત ટેકરીની જેમ ચૂરેચૂરા થઈને વિખરાઈ ગઈ. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૮૮, ખંદક)*

## ★ ઈશારાથી મૂર્તિઓનું પડી જવું ★

આ દરેક શખ્સ જાણે છે કે મક્કાના વિજય પહેલાં ખાનએ કા'બામાં ત્રણસો સાઈઠ મૂર્તિઓની પૂજા થતી હતી. મક્કાના વિજયના દિવસે હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم કા'બામાં ગયા ત્યારે હાથમાં એક સોટી હતી અને મુબારક જબાનથી આ આયત તિલાવત ફર્માવી રહ્યા હતા કે :–

جَآءَ الْحَقُّ وَ زَهَقَ الْبَاطِلُ ؕ اِنَّ الْبَاطِلَ كَانَ زَهُوْقًا

''સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું, ચોક્કસ અસત્ય નાશ પામવા માટે જ હતું.''

આપ પોતાની સોટીથી જે મૂર્તિ તરફ ઈશારો કરતા હતા તે અડયા વગર માત્ર ઈશારો કરતાં જ ધપ દઈને જમીન પર પડી જતી હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૨૯૦, બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૧૪)*

## ★ પહાડોનું સલામ કરવું ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે, એક વખત હું હુઝૂરે અન્વર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે મક્કા મુકર્રમામાં એક તરફ ગયો ત્યારે મેં જોયું કે જે કોઈ વૃક્ષ અને પહાડ સામે આવે છે એમાંથી ''અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم''નો સાદ સંભળાય છે અને હું પોતે એ સાદ મારા કાને સાંભળી રહ્યો હતો. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩)*

એ જ રીતે હઝરત જા'બિર બિન સમુરહ رضی اللہ عنہ કહે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, મક્કામાં એક પથ્થર છે જે મને સલામ કર્યા કરતો હતો. હું હાલમાં પણ એને ઓળખું છું. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩)*





## ★ પહાડનું હાલવું ★

બુખારી શરીફની આ રિવાયતના કેટલાંક પાનાંઓ પહેલાં અમે લખી ચૂક્યા છીએ કે એક દિવસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની સાથે હઝરત અબૂબક્ર, હઝરત ઉમર અને હઝરત ઉષ્માન رضی اللہ تعالیٰ عنہم ને લઈને ઉહદ પહાડ પર ચઢયા. પહાડ (પ્રસન્નતાના આવેશમાં) ઝુમીને હલવા લાગ્યો. એ સમયે આપે પહાડને ઠોકર મારી આ ફર્માવ્યું કે, ''થોભી જા !'' અત્યારે તારી પીઠ ઉપર એક પૈગંબર છે, એક સિદ્દીક છે અને બે (હઝરત ઉમર અને હઝરત ઉષ્માન) શહીદ છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૯, પ્રકરણ : ફઝલે અબીબક્ર)*

## ★ મુઠ્ઠીભર માટીનું પરાક્રમ ★

મુસ્લિમ શરીફની હદીષમાં હઝરત સલ્લમા બિન અકવાઅ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે, જંગે હુનૈનમાં જ્યારે કાફિરોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ચારે બાજુથી ઘેરી લીધા. ત્યારે આપ પોતાની સવારી પરથી ઉતરી પડયા અને જમીન પરથી એક મુઠ્ઠી માટી લઈને કાફિરોના ચહેરા પર ફેંકી અને **''શાહતિલ વુજૂહ''** ફર્માવ્યું, ત્યારે કાફિરોના લશ્કરમાં કોઈપણ સૈનિક એવો બાકી રહ્યો નહીં જેની બંને આંખ એ માટીથી ભરાઈ ગઈ ન હોય. તેથી તેઓ પોતપોતાની આંખો મસળતા પીઠ ફેરવી ભાગી નીકળ્યા અને પરાજિત થઈ ગયા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના માલે ગનીમતને મુસલમાનોમાં વહેંચી દીધો. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૩૪, બાબુલ મો'જિઝાત)*

એ જ રીતે હિજરતની રાતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરનો ઘેરો નાખનારા કાફિરો પર જ્યારે એક મુઠ્ઠી માટી ફેંકી, ત્યારે આ મુઠ્ઠીભર માટી બધા જ કાફિરોનાં માથા પર પડી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ–૨, પેજ–૫૭)*

**સમીક્ષા** : ઉપર્યુક્ત પાંચેય પ્રમાણિત પ્રસંગો સાક્ષી આપી રહ્યા છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ અને પરાક્રમોનું પ્રભુત્વ નિર્જીવ જગત પર પણ છે. નિર્જીવ જગતની બધી જ વસ્તુઓ જાણે છે, ઓળખે છે

અને માને છે કે, આપ અલ્લાહ તઆલાના રસૂલે બરહક્ક છે. આપના આજ્ઞાપાલન અને તાબેદીરીને નિર્જીવ જગતની એકે એક વસ્તુ પોતાના માટે ઈમાનની અનિવાર્યતા અને ફરજિયાત અમલ સમજે છે. આ જ કારણ છે કે આપનો ઈશારો થતાં જ કાંકરીઓએ કલમો પઢયો. આપના મુબારક હાથમાં કાંકરીઓએ ખુદાની તસ્બીહ પઢી. આપની દુઆ પર દીવાલોએ "આમીન" કહ્યું. *(દલાઈલુન્નબુવ્વત વ શિફા, ભાગ–૧, પેજ–૨૦૧ થી ૨૦૨)*

# ★ વનસ્પતિ જગતના મો'જિઝાઓ ★

## ★ વૃક્ષ ગુચ્છનું ઉતરી પડવું ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما નું બયાન છે કે એક ગામડિયો બારગાહે રિસાલતમાં હાજર થયો. તેણે આપથી અરજ કરી કે મને કઈ રીતે વિ□ાસ થાય કે આપ અલ્લાહના પૈગંબર છો. આપે ફર્માવ્યું કે, આ ખજૂરના વૃક્ષ પર જે ગુચ્છ લટકી રહ્યો છે તેને જો હું મારી પાસે બોલાવું અને એ મારી પાસે આવી જાય તો શું તમે મારી નબુવ્વત પર ઈમાન લાવશો? તેણે કહ્યું કે, હા! નિઃશંક! હું આપનો એ મો'જિઝો જોઈને જરૂર આપને ખુદાના રસૂલ માની લઈશ. આપે ખજૂરના એ ગુચ્છને બોલાવ્યો, ત્યારે એ તરત જ ચાલીને વૃક્ષ પરથી ઉતરી પડયો અને આપની પાસે આવી ગયો. પછી આપે આદેશ કર્યો ત્યારે એ પાછો ફરીને વૃક્ષ પર એની જગ્યાએ ચોંટી ગયો, આ મો'જિઝાઓ જોઈને તે ગામડિયો તરત જ ઈસ્લામની છત્રછાયામાં આવી ગયો.

## ★ વૃક્ષ ચાલીને આવ્યું ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે, અમે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે એક મુસાફરીમાં હતા. એક ગામડિયો આપની પાસે આવ્યો. આપે તેને ઈસ્લામનું આમંત્રણ આપ્યું. તે ગામડિયાએ પ્રશ્ન કર્યો કે આપની નબુવ્વત પર કોઈ સાક્ષી છે? આપે ફર્માવ્યું કે, હા! આ ઝાડ જે મેદાનના કિનારા પર છે એ મારી નબુવ્વતની સાક્ષી આપશે. જ્યારે આપે એ વૃક્ષને બોલાવ્યું અને એ તરત જ જમીન ચીરીને એના સ્થાનેથી ચાલીને બારગાહે અકદસમાં હાજર થઈ ગયું. એણે





મોટા અવાજે આપની નબુવ્વતની સાક્ષી આપી. પછી આપે એને ઈશારો કર્યો ત્યારે એ વૃક્ષ જમીનમાં ચાલતું તેની જગ્યાએ જતું રહ્યું.

મુહદ્દિષ બઝ્ઝાર, ઈમામ બયહકી અને ઈમામ બગવીએ આ હદીષમાં આ રિવાયત પણ લખી છે કે એ વૃક્ષે બારગાહે અકદસમાં આવીને "અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ! صلی اللہ تعالیٰ علیہ وسلم " કહ્યું. ગામડિયો આ મો'જિઝો જોતાં જ મુસલમાન થઈ ગયો અને અકીદતના જોશમાં અરજ કરી, યા રસૂલલ્લાહ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને પરવાનગી આપો કે આપને સિજદો કરું! આપે ફર્માવ્યું કે **જો હું ખુદા સિવાય કોઈ અન્યને સિજદો કરવાનો હુકમ આપત તો હું સ્ત્રીઓને હુકમ આપતો કે તેઓ તેમના પતિઓને સિજદો કરે.** આવું ફર્માવીને આપે એને સિજદો કરવાની પરવાનગી ન આપી. પછી તેણે પૂછયું કે, યા રસૂલલ્લાહ! صلی اللہ تعالیٰ علیہ وسلم જો આપ છૂટ આપો તો હું આપના મુબારક હાથો અને પવિત્ર ચરણોને ચૂમું. આપે તેને એની છૂટ આપી દીધી. તેથી તેણે આપના પવિત્ર હાથ અને મુબારક પગોને પ્રેમપૂર્વક ચૂમી લીધા. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૨૮ થી ૧૩૧)*

એ જ રીતે હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે, મુસાફરીમાં એક પડાવ પર હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ઈસ્તિંજા માટે મેદાનમાં ગયા, પરંતુ ક્યાંય કોઈ આડશ દેખાતી ન હતી, હા! અલબત્ત એ મેદાનમાં બે વૃક્ષ દેખાયાં જે એકબીજાથી બહુ દૂર હતાં. આપે એક વૃક્ષની ડાળી પકડીને ચાલવાનો આદેશ આપ્યો ત્યારે તે વૃક્ષ એવી રીતે આપની સાથે ચાલવા લાગ્યું જેવી રીતે નકેલવાળો ઊંટ નકેલ પકડનારા સાથે ચાલવા લાગે છે. પછી આપે બીજા વૃક્ષની ડાળી પકડીને એને પણ ચાલવાનો ઈશારો કર્યો ત્યારે તે પણ ચાલવા લાગ્યું અને બંને વૃક્ષો એકબીજા સાથે મળી ગયાં. આપે એની આડમાં પોતાની હાજત દૂર કરી. ત્યારબાદ આપે આદેશ આપ્યો ત્યારે તે બંને વૃક્ષો જમીન ચીરતાં ચાલવા લાગ્યાં અને પોતપોતાની જગ્યાએ જઈને ઊભાં થઈ ગયાં. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૩૧ થી ૧૩૨)*

## ★ તાકીદ ★

આ જ એ મો'જિઝો છે જેનો હઝરત અલ્લામા બૂસેરી

عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان એ તેમના કસીદામાં ઉલ્લેખ કર્યો છે.

જાઅત્ લિ-દઅ-વતિહિલ અશ્જારુ સાજિદતન્
તમ્શી ઈલૈહિ અલા સાકિન્ બિલા ક-દમિ

**અર્થાત** : આપના બોલાવવાથી વૃક્ષો સિજદો કરતાં અને પગ વગર પોતાની પિંડી વડે ચાલતાં આપની પાસે હાજર થયાં. આમ પહેલી હદીષથી પુરવાર થાય છે કે દીનદાર બુઝુર્ગો જેમ કે આલિમો અને મશાઈખના આદર માટે એમના હાથ પગ ચૂમવા જાઈઝ છે. આ રીતે હઝરત ઈમામ નવવીએ તેમના પુસ્તક "અઝકાર"માં અને અમે અમારા પુસ્તક "નવાદિરુલ્ હદીષ"માં આ વિવાદને વિગતવાર લખ્યો છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

## ★ સોટી પ્રકાશિત થઈ ગઈ ★

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે કે બે સહાબી હઝરત ઉસૈદ બિન હુઝૈર અને અબ્બાદ બિન બશર رضی اللہ عنہ અંધારી રાતમાં મોડી રાત સુધી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે વાતો કરતા રહ્યા. જ્યારે તેઓ બંને બારગાહે રિસાલત પાસેથી તેમના ઘેર જવા માટે રવાના થયા ત્યારે એક સોટી અચાનક પ્રકાશિત થઈ ગઈ અને તેઓ બંને એ સોટીના પ્રકાશમાં ચાલતા રહ્યા. થોડાક અંતરે ચાલ્યા બાદ જ્યારે બંનેના ઘરોનો રસ્તો અલગ અલગ થઈ ગયો ત્યારે બીજી સોટી પણ પ્રકાશિત થઈ ગઈ અને બંને પોતપોતાની સોટીના પ્રકાશની મદદથી ગાઢ અંધારી રાતમાં પોતપોતાના ઘર સુધી પહોંચી ગયા. *(મિશ્કાત શરીફ, ભાગ-૨, પેજ-૫૪૪ અને બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૫૩૭)*

એ જ રીતે ઈમામ અહમદે હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે એક વખતે હઝરત કતાદા બિન નોઅ્માન رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે ઈશાની નમાઝ પઢી. એકદમ અંધારી રાત હતી, આકાશ પર કાળા ડિબાંગ વાદળાં છવાયેલાં હતાં. જતી વખતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મુબારક હાથે તેમને એક વૃક્ષની ડાળી અર્પણ કરી અને ફર્માવ્યું કે તમે જરાય ભય જોખમ વગર તમારા ઘેર જાવ. આ ડાળી તમારા હાથમાં એવી પ્રકાશિત થઈ જશે કે દસ માણસો તમારી આગળ





અને દસ માણસો તમારી પાછળ એના પ્રકાશમાં ચાલી શકશે અને જ્યારે તમે ઘેર પહોંચશો ત્યારે એક કાળી વસ્તુ જોશો. એને મારીને ઘરમાંથી કાઢી મૂકજો. અને થયું પણ એવું કે જેવા હઝરત કતાદા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઘરમાંથી નીકળ્યા ત્યારે ડાળી પ્રકાશિત થઈ ગઈ અને તેઓ એના જ પ્રકાશમાં ઘેર પહોંચી ગયા અને જોયું કે ત્યાં એક કાળી વસ્તુ મૌજૂદ છે. આપે ફર્માને નબુવ્વત અનુસાર એને મારીને બહાર કાઢી મૂકી. *(અલ્ કલામુલ મુબીન ફી આયતે રહ્મતુલ્ લિલ્ આલમીન, પેજ-૧૧૬)*

## ★ લાકડાની તલવાર ★

બદ્રના યુદ્ધ વખતે હઝરત ઉક્કાશા બિન મોહસિન رضی اللہ عنہ ની તલવાર તૂટી ગઈ ત્યારે હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને એક વૃક્ષની ડાળી આપીને ફર્માવ્યું કે, "તમે આનાથી યુદ્ધ લડો." એ ડાળી એમના હાથોમાં આવતાં જ એક અતિ ઉત્તમ અને શ્રેષ્ઠ તલવાર બની ગઈ જેનાથી તેઓ જિંદગીભર બધા જ યુદ્ધોમાં લડાઈ લડતા રહ્યા, એટલે સુધી કે હઝરત અમીરુલ્ મુ'મિનીન અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં તેઓ શહાદતને વર્યા.

એ જ રીતે હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ ની તલવાર ઉહદના યુદ્ધમાં તૂટી ગઈ ત્યારે તેમને પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક ખજૂરની ડાળી આપીને ફર્માવ્યું કે, "તમે આનાથી લડો." હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ ના હાથમાં આવતાં જ તે એક ચમકદાર તલવાર બની ગઈ. હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہ ની એ તલવારનું નામ "ઉર્જૂન" હતું. તે બની અબ્બાસના ખલીફાઓ સુધી બાકી રહી, એટલે સુધી કે "ખલીફા મોઅ્તસિમ બિલ્લાહ"ના એક શ્રીમંતે એ તલવારને બાવીસ દીનારમાં ખરીદી અને હઝરત ઉક્કાશા رضی اللہ عنہ ની તલવારનું નામ "ઔન" હતું. એ બંને તલવારો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ અને આપના ચમત્કારોની યાદગાર હતી. *(મદારિજુન્નબુવ્વત, ભાગ-૨, પેજ-૧૩૩)*

## ★ રડનારો સ્તંભ ★

મસ્જિદે નબવીમાં પહેલાં મિમ્બર ન હતો. ખજૂરના થડનો એક

સ્તંભ હતો એનો જ ટેકો લગાડીને આપ ખુત્બો પઢતા હતા. જ્યારે એક અન્સારી મહિલાએ લાકડીનો એક મિમ્બર બનાવડાવીને મસ્જિદે નબવીમાં મૂકાવ્યો ત્યારે આપે એના પર ઊભા રહીને ખુત્બો આપવાનું શરૂ કર્યું. અચાનક એ સ્તંભમાંથી બાળકોની જેમ રડવાનો અવાજ આવવા લાગ્યો. કેટલીક રિવાયતોમાં આવ્યું છે કે ઊંટણીઓની જેમ રુદન કરવાનો અવાજ આવ્યો. આ રિવાયતકર્તાઓના વિવિધ શૈલીના સંદર્ભે રુદન કરવાની વિવિધ ઉપમાઓ આપી છે. રિવાયતકર્તાઓનું તાત્પર્ય એ છે કે વિરહની વેદનાની પોક મૂકીને બેબાકળો થઈ સ્તંભ જોરજોરથી રડવા લાગ્યો. અને કેટલીક રિવાયતોમાં એ પણ વર્ણવાયું છે કે સ્તંભ એટલી જોરજોરથી રડવા લાગ્યો કે હમણાં કલ્પાંતના આવેશમાં ફાટી પડશે અને આ રડવાના અવાજને મસ્જિદે નબવીના બધા જ નમાઝીઓએ તેમના કાને સાંભળ્યો. સ્તંભનું રૂદન સાંભળીને હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺ મિમ્બર પરથી ઉતરી આવ્યા અને સ્તંભ પર સાંત્વના આપવા માટે પોતાનો પવિત્ર હાથ મૂકી દીધો અને એને પોતાની છાતી સરસો ચાંપી દીધો. ત્યારે તે સ્તંભ એવી રીતે હિબકાં ભરી રડવા લાગ્યો જેવી રીતે રડતા બાળકને જ્યારે ચુપ કરવામાં આવે છે ત્યારે તે હિબકાં લઈ લઈને રડવા લાગે છે. છેવટે જ્યારે આપે સ્તંભને સીનાથી લગાડી દીધો ત્યારે રાહત થતાં શાંત થઈ ગયો. અને આપે ફર્માવ્યું કે સ્તંભનું આ રડવું એ કારણે હતું એ પહેલાં ખુદાનો ઝિક્ર સાંભળતો હતો, હવે જે ન સાંભળ્યો તો રડવા લાગ્યો. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૨૮૧, પ્રકરણ : અન્નજ્જાર અને પેજ-૫૦૬, પ્રકરણ : અલામાતુન્નબુવ્વહ્)*

અને હઝરત બુરૈદહ رضی اللہ عنہ ની હદીષમાં એ પણ આવ્યું છે કે હુઝૂર અકરમ ﷺ એ સ્તંભને પોતાની છાતીથી લગાડીને એવું ફર્માવ્યું કે, હે સ્તંભ ! જો તું ઈચ્છે તો હું તને ફરી એ જ બગીચામાં તારી પહેલાંની જગ્યાએ પહોંચાડી દઉં જેથી તું પહેલાંની જેમ હરિયાળું વૃક્ષ બની જાય અને હંમેશ વૃદ્ધિ પામતું રહે. જો તારી ઈચ્છા હોય તો હું તને જન્નતના બગીચાનો એક ઝાડ બનાવી આપવા માટે ખુદાથી દુઆ ગુજારું, જેથી જન્નતમાં ખુદાના ઔલિયા તારાં ફળ ખાતાં રહે. આ સાંભળીને સ્તંભે એવા મોટા સાદે જવાબ આપ્યો કે આસપાસના લોકોએ પણ સાંભળી





લીધો. સ્તંભનો એ જવાબ હતો કે યા રસૂલલ્લાહ ! ﷺ મારી એ જ અભિલાષા કે જન્નતનો એક ઝાડ બનાવી દેવામાં આવે જેથી ખુદાના ઔલિયા મારા ફળો ખાતા રહે અને મને અનંત જીવન પ્રાપ્ત થઈ જાય. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, હે સ્તંભ ! મેં તારી એ આરઝૂ મંજૂર કરી લીધી ! પછી આપે હાજરજનોને સંબોધન કરતાં ફર્માવ્યું કે હે લોકો ! જુઓ, આ સ્તંભે નાશવંત જગતના જીવનને ઠુકરાવી સ્થાયી જગતના જીવનને અપનાવી લીધું. *(શિફા શરીફ, ભાગ-૧, પેજ-૨૦૦)*

એક રિવાયતમાં છે કે આપે એ સ્તંભને પોતાની છાતીથી લગાડી ઈર્શાદ ફર્માવ્યો કે મને એ હસ્તીના સોગંદ છે જેના કબજામાં મારા પ્રાણ છે ! જો હું સ્તંભને મારી છાતીથી ન લગાડતો તો તે કયામત સુધી રડતો જ રહેતો.

નોંધનીય છે કે સ્તંભના રુદનનો આ મો'જિઝો હદીષો અને સીરતના પુસ્તકોમાં અગ્યાર સહાબીઓથી વર્ણવાયેલો છે, જેમનાં નામો આ પ્રમાણે છે : (૧) જા'બિર બિન અબ્દુલ્લાહ (૨) ઉબય બિન કઅબ (૩) અનસ બિન માલિક (૪) અબ્દુલ્લાહ બિન ઉમર (૫) અબ્દુલ્લાહ બિન અબ્બાસ (૬) સહલ બિન સઅદ (૭) અબૂ સઈદ ખુદરી (૮) બુરૈદહ (૯) ઉમ્મે સલમા (૧૦) મુત્તલિબ બિન અબી વિદાઆ (૧૧) હઝરત આઈશા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) પછી સહાબાકાળ બાદ પણ દરેક કાળમાં રિવાયતકર્તાઓનું એક મોટું જૂથ એ હદીષ રિવાયત કરતું રહ્યું, એટલે સુધી કે અલ્લામા કાઝી અયાઝ અને અલ્લામા તાજુદ્દીન સુબ્કીએ ફર્માવ્યું કે સ્તંભના રુદનની હદીષ "નિરંતર ખબર" (મુતવાતિર)છે. *(શિફા શરીફ, ભાગ-૧, પેજ-૧૯૯ અને કલામુલ મુબીન, પેજ-૧૧૬)*

આ સ્તંભ બાબતે એક રિવાયત છે કે આપે એને પોતાના મિમ્બરની નીચે દફનાવી દીધો અને એક રિવાયતમાં છે કે આપે એને મસ્જિદે નબવીની છતમાં લગાડી દીધો. આ બંને રિવાયતોમાં હદીષવેત્તાઓએ આ રીતે સંકલન કર્યું છે કે પહેલાં હુઝૂર ﷺ એ એને દફનાવી દીધો, પછી એ વિચારે કે એ લોકોના પગ તળે પાયમાલ થશે. તેથી એને જમીનમાંથી કાઢીને છતમાં લગાડી દીધો. આ રીતે જમીનમાં દફન કરવા અને છતમાં લગાડવવાની બંને રિવાયતો બે સમયોમાં વાજબી છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ). પછી હુઝૂર અકદસ ﷺ પછી જ્યારે નવા બાંધકામ માટે

મસ્જિદે નબવી ધ્વસ્ત કરવામાં આવી અને આ સ્તંભ છતમાંથી કાઢવામાં આવ્યો તો એને જાણીતા સહાબી હઝરત ઉબય બિન કઅબ رضی اللہ عنہ એ એક પવિત્ર તબર્રુક સમજીને ઉઠાવી લીધો અને એને પોતાની પાસે રાખી લીધો, એટલે સુધી કે એ ઘણા સમયનો જૂનો થઈ જર્જરિત થઈ ગયો.

એ સ્તંભને દફન કરવા મુદ્દે અલ્લામા બર્કીએ આ લખ્યું છે કે, જો કે એ સૂકા લાકડાનો એક સ્તંભ હતો, પરંતુ દરજ્જાઓ અને શ્રેષ્ઠતાઓમાં એક મર્દે મો'મિન તરીકે ઠરાવાયો છે. કેમ કે આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સાથે પ્રિત અને પ્રેમનો વર્તાવ એ ઈમાનવાળાઓની વિશિષ્ટતા છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ) *(શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૦૦ અને ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૩૮)*

## ★ પશુ વર્ગના મો'જિઝાઓ ★

### ★ પશુઓનું સિજદહ્ કરવું ★

હદીષોના કેટલાક પુસ્તકોમાં થોડાક પરિવર્તન સાથે આ રિવાયત સમાવિષ્ટ છે કે એક અન્સારીનો ઊંટ વિફર્યો હતો અને કોઈનાથી કાબૂમાં આવતો ન હતો, બલ્કે લોકોને કરડવા માટે હુમલાઓ કરતો રહેતો. લોકોએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ખબર આપી. આપે સ્વયં પોતે એ ઊંટ પાસે જવાનો નિશ્ચય કર્યો ત્યારે લોકોએ આપને રોક્યા કે યા રસૂલલ્લાહ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ ઊંટ લોકોને દોડીને કૂતરાની જેમ કરડી ખાય છે. આપે ફર્માવ્યું કે, મને એનો કઈ ભય નથી. આટલું કહી આપ આગળ વધ્યા ત્યારે ઊંટે આપની સામે આવીને તેની ડોક નમાવી દીધી અને આપને સિજદો કર્યો. આપે એના માથા અને ગરદન પર પોતાના વહાલનો હાથ ફેરવ્યો ત્યારે તે એકદમ નરમ થઈ ગયો. તેમજ આજ્ઞાંકિત થઈ ગયો તથા આપે એને પકડીને એના માલિકને હવાલે કરી દીધો. પછી ફર્માવ્યું કે, ખુદાની દરેક મખ્લૂક જાણે છે અને માને છે કે હું અલ્લાહનો રસૂલ છું. પરંતુ જિન્નતો અને માનવીઓમાંથી જે કાફિરો છે તેઓ મારી નબુવ્વતનો એકરાર નથી કરતા. સહાબાએ કિરામે ઊંટને સિજદો કરતાં જોઈને કહ્યું કે, યા રસૂલલ્લાહ! صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે પશુઓ આપને સિજદો કરે છે ત્યારે અમો માનવોને તો સૌથી પહેલાં આપને સિજદો કરવો જોઈએ. આ સાંભળીને આપે ફર્માવ્યું કે **જો કોઈ**





**માનવીનું બીજા માનવીને સિજદો કરવું જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે તેઓ તેમના પતિઓને સિજદાઓ કરતી રહે.** *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૪૦ થી ૧૪૧ અને મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૪૦, પ્રકરણ : મો'જિઝાત)*

### ★ બારગાહે રિસાલતમાં ઊંટની ફરિયાદ ★

એક વખત હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એક અન્સારીના બગીચામાંથી પધાર્યા. ત્યાં એક ઊંટ ઊભો ઊભો જોરજોરથી ચીસો પાડી રહ્યો હતો. ત્યારે એકદમ ગળગળો થઈ ગયો અને એની બંને આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. આપે નજીક જઈ એના માથે અને લમણે પોતાનો વહાલભર્યો હાથ ફેરવ્યો ત્યારે સાંત્વન મેળવી એકદમ શાંત થઈ ગયો. પછી આપે લોકોને પૂછયું કે આ ઊંટના માલિક કોણ છે ? લોકોએ એક અન્સારીનું નામ જણાવ્યું. આપે તરત જ એમને બોલાવડાવ્યા અને ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ આ પશુઓને તમારા કબજામાં આપીને એમને તમારા તાબે કર્યા છે આથી તમારી ફરજ છે કે તમે એ પશુઓ પર દયા દાખવતા રહો. તમારા આ ઊંટે મને તમારી ફરિયાદ કરી છે કે તમે એને ભૂખ્યો રાખો છો અને એની શક્તિ કરતાં વધારે એનાથી કામ લઈને એને તકલીફ પહોંચાડો છો. *(અબૂ દાઊદ શરીફ, ભાગ–૧, પેજ–૩૫૨, મુજતબાઈ)*

### ★ દૂધ વગરની બકરીએ દૂધ આપ્યું ★

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ કહે છે કે હું એક નવયુવાન છોકરો હતો અને મક્કામાં કાફિરોના સરદાર ઉકબા બિન અબી મુઐતની બકરીઓ ચરાવતો હતો. સંજોગો વસાત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہ મારી પાસેથી પસાર થયા. આપે મને કહ્યું કે, હે યુવક! જો તમારી બકરીઓના આંચળમાં દૂધ હોય તો અમને પણ દૂધ પીવડાવો. મેં કહ્યું, હું આ બકરીઓનો માલિક નથી, બલ્કે એમનો ચરાવનાર હોવાને લીધે રખેવાળ છું. હું મારા માલિકની પરવાનગી વગર કઈ રીતે એ બકરીઓનું દૂધ કોઈને પીવડાવી શકું ?! આપે ફર્માવ્યું કે શું તમારી આ બકરીઓમાં કોઈ બચ્ચું પણ છે ?! મેં કહ્યું, હા! આપે ફર્માવ્યું, એ બચ્ચાને

મારી પાસે લાવો. હું લઈ આવ્યો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ બચ્ચાના પગ પકડી લીધા અને આપે એના આંચળને પોતાનો પવિત્ર હાથ લગાવ્યો તો એનું આંચળ દૂધથી ભરાઈ ગયું, પછી એક ઊંડા પથ્થરમાં એનું દૂધ દોહ્યું. પહેલાં પોતે પીધું, પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ને પીવડાવ્યું. હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ કહે છે કે, ત્યારબાદ મને પણ પીવડાવ્યું. પછી આપે એ બકરીના આંચળ પર હાથ મારીને ફર્માવ્યું કે, હે આંચળ ! તું સંકોચાઈ જા ! અને આમ તરત જ એનું આંચળ સૂકાઈ ગયું.

## ★ ઈસ્લામનો પ્રચાર કરનારો વરુ ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે, એક વરુએ એક બકરીને પકડી લીધી પરંતુ બકરીઓ ચરાવનારે વરુ પર હુમલો કરીને એનાથી બકરીને છોડાવી લીધી. વરુ ભાગીને એક ટેકરા પર બેસી ગયો અને કહેવા લાગ્યો કે, હે બકરીઓ ચરાવનાર ! અલ્લાહ તઆલાએ મને રોજી આપી હતી પરંતુ તેં એને મારાથી પડાવી લીધી. બકરીઓ ચરાવનારાએ આ સાંભળીને કહ્યું કે, ખુદાના સોગંદ ! મેં આજ કરતાં વધારે ક્યારેય કોઈ આશ્ચર્યજનક અને વિસ્મયકારક દશ્ય જોયું નથી કે એક વરુ અરબી ભાષામાં મારી સાથે વાતો કરે છે ! વરુ કહેવા લાગ્યો કે, હે બકરીઓ ચરાવનાર ! આનાથી વધુ આશ્ચર્યજનક વાત તો એ છે કે તું અહીં બકરીઓ ચરાવી રહ્યો છે અને તેં એ નબીને છોડીને તેમનાથી મુખ ફેરવી લીધું છે જેમનાથી વધુ મહાન અને ઉચ્ચ દરજ્જાવાળો કોઈ નબી આવ્યો નથી.

અત્યારે જન્નતના બધા જ દરવાજા ખુલેલા છે અને બધા જ જન્નતવાળાઓએ નબીના સાથીઓના જેહાદની ભવ્યતાના દર્શન કરી રહ્યા છે અને તારા અને એ નબીની વચ્ચે માત્ર એ જ એક ઘાટીનું અંતર છે. કાશ ! તું પણ નબીની સેવામાં ઉપસ્થિત થઈ અલ્લાહના લશ્કરનો એક સિપાહી બની જતો.

બકરીઓ ચરાવનારાએ એ વાતચીતથી પ્રભાવિત થઈ કહ્યું કે, જો હું અહીંથી જતો રહીશ તો મારી બકરીઓની રખેવાળી કોણ કરશે ? વરુએ જવાબ આપ્યો કે તારા પાછા ફરવા સુધી હું પોતે તારી બકરીઓની સંભાળ





રાખીશ. આથી બકરીઓ ચરાવનારે તેની બકરીઓને વરુને સુપરત કરી દીધી અને પોતે બારગાહે રિસાલતમાં હાજર થઈને મુસલમાન થઈ ગયો અને ખરેખર વરુના કહ્યા પ્રમાણે તેણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબાઓને જેહાદમાં વ્યસ્ત જોયા. પછી બકરીઓ ચરાવનારા ગોવાળે વરુની વાતચીત કરવાના પ્રસંગનું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ વર્ણન કર્યું ત્યારે આપે ફર્માવ્યું કે તમે જાવ ! તમે તમારી બકરીઓને સહી સલામત જોશે. આમ બકરીઓ ચરાવનાર જ્યારે પાછો ફર્યો ત્યારે એ દશ્ય જોઈને નવાઈ પામ્યો કે વરુ એની બકરીઓની રખેવાળી કરી રહ્યો છે તેમજ તેની કોઈપણ બકરી ઓછી થઈ નથી. ગોવાળે ખુશ થઈને વરુ માટે એક બકરી ઝબહ કરીને આપી અને વરુ એને ખાઈને ચાલતો થયો. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૩૫ થી ૧૩૬)*

## ★ ઈમાનનું એલાન કરનારી ઘો ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે, બની સુલૈમના કબીલાનો એક અઅ્રાબી (ગામડિયો) અચાનક હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નૂરાની મેહફિલ પાસેથી પસાર થયો. આપ પોતાના સહાબીઓ સાથે બેઠલા હતા. એ ગામડિયો જંગલમાંથી એક ઘો પકડીને લાવી રહ્યો હતો. ગામડિયાએ આપની બાબતે લોકોથી પૂછયું કે આ કોણ છે ?! લોકોએ જણાવ્યું કે આ અલ્લાહના નબી છે. ગામડિયો આ સાંભળીને આપની તરફ વળ્યો અને કહેવા લાગ્યો કે મને લાત અને ઉઝ્ઝાના સોગંદ છે કે હું ત્યાં સુધી આપ પર ઈમાન નહીં લાઉં જ્યાં સુધી મારી આ ઘો આપની નબુવ્વત પર ઈમાન નહીં લાવે. આટલું કહીને તેણે એ ઘોને આપની સામે મૂકી દીધી. આપે ઘોને પોકારી, તો તેણે "લબ્બૈક વ સઅ્દક" એવા ઊંચા સ્વરમાં કહ્યું કે, બધા જ હાજરજનોએ સાંભળી લીધું. પછી આપે પૂછયું કે, તારો મઅ્બૂદ કોણ છે ?! ઘોએ જવાબ આપ્યો કે મારો મઅ્બૂદ એ છે કે જેનું સિંહાસન આકાશમાં છે અને જેની બાદશાહી ધરતી પર છે અને જેની રહમત જન્નતમાં છે અને જેનો પ્રકોપ દોઝખમાં છે. આપ ફરી પૂછયું કે, હે ઘો ! એ જણાવી દે કે હું કોણ છું ?! ઘોએ મોટીથી કહ્યું કે, આપ રબ્બુલ આલમીનના રસૂલ છો અને અંતિમ નબી છો. જેણે આપને સાચા

માન્યા તે સફળ થઈ ગયો અને જેણે આપને નકાર્યા તો નિષ્ફળ થઈ ગયો. આ દશ્ય જોઈને ગામડિયો એવો પ્રભાવિત થયો કે તરત જ કલ્મો પઢીને મુસલમાન થઈ ગયો અને કહેવા લાગ્યો કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું જયારે આપની પાસે આવ્યો હતો ત્યારે મારી નજરમાં ધરતી પર આપથી વધારે નાપસંદ કોઈ શખ્સ ન હતો પરંતુ અત્યારે મારી સ્થિતિ એવી છે કે, આપ મારી નજીક મારા સંતાનો બલ્કે મારા પ્રાણ કરતાં પણ વધુ પ્રિય થઈ ગયા છો. આપે ફર્માવ્યું, ખુદા માટે પ્રશંસા છે જેણે તને આવા દીનની હિદાયત આપી જે હમેશાં છવાયેલો રહેશે અને ક્યારેય પ્રભાવહીન નહીં થાય. પછી તેને સૂરએ ફાતિહા અને સૂરએ ઈખ્લાસની તા'લીમ આપી. અરબ કુર્આનની એ બંને સૂરતોને સાંભળીને કહેવા લાગ્યો કે મેં મોટી મોટી સુગમ સરળ અને જટીલ અલંકારિક તેમજ લાંબી અને ટૂંકી દરેક પ્રકારની વાણીઓ સાંભળી છે, પરંતુ ખુદાના સોગંદ ! મેં આ જ સુધી આનાથી ચઢિયાતી અને આનાથી શ્રેષ્ઠ વાણી ક્યારેય સાંભળી નથી. પછી આપે સહાબાએ કિરામથી ફર્માવ્યું કે આ બની સુલૈમ કબીલાનો એક ગરીબ શખ્સ છે, તમે સૌ એની આર્થિક મદદ કરો. આ સાંભળીને ઘણા લોકોએ એને ઘણુ બધું આપ્યું, એટલે સુધી કે હઝરત અબ્દુર્રહ્માન બિન ઔફ رضی اللہ عنہ એ એને દસ ગાભણી ઊંટણીઓ આપી. એ અરબ બધો જ માલ સામાન લઈને જયારે તેના ઘર તરફ જવા લાગ્યો. ત્યારે રસ્તામાં જોયું કે એની કૌમ બની સુલૈમના એક હજાર સવારો ભાલા અને તલવારો લઈને આવી રહ્યા છે. તેણે પૂછયું કે, તમે લોકો ક્યાં અને ક્યા ઈરાદે જઈ રહ્યા છો ?! સવારોએ જવાબ વાળ્યો કે અમે એ શખ્સ સાથે લડવા માટે જઈ રહ્યા છીએ જે એવું ગુમાન કરે છે કે તે નબી છે અને અમારા દેવતાઓને બુરા અને ખોટા જણાવે છે. આ સાંભળીને અરબે બુલંદ અવાજે કલમો પઢયો અને તેણે આખો પ્રસંગ એ સવારોને કહી સંભળાવ્યો. એ સવારોએ જયારે અરબના મુખે એનું ઈમાનવર્ધક સંબોધન સાંભળ્યું ત્યારે સૌએ "લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદર્રુસૂલુલ્લાહ" પઢયું. પછી બધા બારગાહે નબુવ્વતમાં પહોંચ્યા, ત્યારે હુઝૂરે અન્વર એટલી ઝડપથી એ લોકોને આવકારવા માટે ઊભા થયા કે આપની ચાદર આપના પવિત્ર શરીર પરથી પડી ગઈ અને આ લોકો કલમો પઢતા પઢતા પોતપોતાની સવારીઓ પરથી





ઉતરી પડયા અને કહ્યું, યા રસૂલલ્લાહ ! આપ અમને જે આદેશ આપશો અમે તે આદેશોનું પાલન કરીશું. આપે ફર્માવ્યું કે તમે હઝરત ખાલિદ બિન વલીદના ધ્વજ હેઠળ જેહાદ કરતા રહો. હઝરત ઉમર رضی اللہ عنہ નું બયાન છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સમયમાં બની સુલૈમ સિવાય કોઈપણ કબીલો એવો ન હતો જેના એક હજાર શખ્સો એકી સાથે મુસલમાન થયા હોય. આ હદીષને તિબ્રાની, બયહકી, હાકિમ, ઈબ્ને અદી જેવા પ્રખર મુહદ્દિષોએ રિવાયત કરી છે. *(ઝુર્કાની, ભાગ–૫, પેજ–૧૪૮ થી ૧૪૯)*

**પ્રેરણા** : આવા પ્રકારના સેંકડો મો'જિઝાઓમાંથી કેટલાક પ્રસંગો એ વાતની સૂર્ય કરતાં વધારે તેજસ્વી દલીલો છે કે સમગ્ર ધરતી પરના તમામ પ્રાણીઓ હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને જાણે છે, ઓળખે અને માને છે કે આપ આખરી અને અંતિમ નબી છો અને તેઓ બધા જ આપની પ્રશંસાના પ્રવક્તા તેમજ આપના પવિત્ર ઈસ્લામી પ્રચારની છડી પોકારનારાં છે. તેઓ બધાં આપના અમરો નેહી (જે કરવાના હુકમો અને ન કરવાના હુકમો)ની સત્તાના વર્ચસ્વ તથા આપની સત્તા અને તાબેદારીના પ્રભુત્વને સ્વીકારતાં આપના દરેક ફર્માનને પોતાના માટે ઈમાનની આવશ્યકતા અને અમલની અનિવાયર્તા સમજે છે. આપના માન સન્માન અને આપના આદર અને સત્કારને પોતાના માટે જીવન ધન ગણે છે. કાશ ! આજના સમયના મુસલમાન કહેવાતા કલમો પઢતા અને પઢાવતા માનવીઓએ બોબડા જાનવરોથી રસૂલના આદર સત્કારનો પાઠ શીખતા અને હૃદયપૂર્વક એ સ્પષ્ટ વાસ્તવિક્તાથી ધ્યાન આપતા કે :–

અપને મૌલાકી હૈ બસ શાને અઝીમ
જાનવર ભી કરેં જિનકી તા'ઝીમ
સંગ કરતે હૈં અદબસે તસ્લીમ
પેળ સિજદેમેં ગિરા કરતે હૈં
હાં યહીં કરતી હૈં ચિડિયાં ફરિયાદ
હાં યહી ચાહતી હૈં હિરની દાદ
ઉસી દર પર શુતુરાને નાશાદ
ગિલએ રંજો અના કરતે હૈં

–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)

# ★ માનવ જગતના મો'જિઝાઓ ★

### *(થોડી વસ્તુ અધિક થઈ ગઈ)*

સમગ્ર જગત જાણે છે કે મુસલમાનોનો પ્રારંભિક કાળ દરિદ્રતા અને ગરીબાઈમાં પસાર થયો છે. કેટકેટલાય દિવસો વીતી જતા હતા પણ એ લોકોને કોઈ વસ્તુ ખાવા માટે મળતી ન હતી. એવી પરિસ્થિતિમાં જો રસૂલુલ્લાહ નો મો'જિઝાએ ભૂખ્યા મુસલમાનોની મદદ અને સહાયતા ન કરી હોત તો પછી એ ગરીબ અને ભૂખ્યા મુસલમાનોની શું દશા થાત ?

હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એ આકાશમાંથી ઉતરનારા ભોજનથાળના સાત રોટલા અને સાત માછલીઓથી સેંકડો લોકોને ધરાઈને જમાડયા. ખરેખર એમનો આ અતિભવ્ય મો'જિઝો છે જેનું વર્ણન બાઈબલ અને કુર્આન બંને પવિત્ર આકાશી ગ્રંથોમાં થયેલું છે. પરંતુ હુઝૂર રહ્‌મતુલ્‌ લિલ્‌ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક હાથો વડે સેંકડો વખત આવા પ્રકારના મો'જિઝાની બરકતો પ્રકાશમાં આવી કે થોડુંક ખાન પાન સેંકડો બલ્કે હજારો લોકોને પેટ ભરીને અને ધરાઈને ખાવા માટે પૂરતું થઈ ગયું. આવા પ્રકારના સેંકડો મો'જિઝાઓમાંથી અત્રે પ્રસ્તુત કેટલાક મો'જિઝાઓ આપના મો'જિઝારૂપે તસર્રુફાત (અધિકારો)ની નિશાનીઓ બનીને હદીષોના પુસ્તકોમાં એવી રીતે ચમકી રહ્યા છે જેવી રીતે આકાશમાં અંધારી રાત્રિઓમાં તારાઓ ચમકતા અને ઝળહળતા રહે છે.

## ★ ઉમ્મે સુલૈમની રોટલીઓ ★

એક દિવસે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ તેમના ઘરમાં આવ્યા અને તેમની પત્ની હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا ને કહ્યું કે શું તમારી પાસે ખાવા માટે કંઈક છે ? મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કમજોર અવાજથી એવું મહસૂસ કર્યું છે કે આપ ભૂખ્યા છે. ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا એ જવની બે રોટલીઓ ઓઢણીમાં લપેટીને હઝરત અનસ رضی اللہ عنہ દ્વારા આપની સેવામાં મોકલી આપી. હઝરત અનસ رضی اللہ عنہ જ્યારે બારગાહે રિસાલતમાં પહોંચ્યા ત્યારે આપ મસ્જિદે નબવીમાં સહાબાએ કિરામના સમૂહમાં બેઠા છે. આપે પૂછયું કે શું અબૂ તલ્હાએ તમારી સાથે ભોજન મોકલાવ્યું છે ? તેમણે કહ્યું, હા ! આ સાંભળીને આપ પોતાના સહાબાઓ સાથે ઉઠયા અને હઝરત અબૂ





તલ્હાના ઘરે ગયા. હઝરત અનસ رضی اللہ عنہ દોડીને બીબી ઉમ્મે સુલૈમને આ ખબર આપી કે હુઝૂર એક ટુકડી સાથે અમારા ઘરે આવી રહ્યા છે. હઝરત અબૂ તલ્હાએ મકાનમાંથી બહાર આવીને અત્યંત ઉત્સાહ સાથે આપનો સત્કાર કર્યો. આપે પધારીને હઝરત બીબી ઉમ્મે સુલૈમને કહ્યું કે જે કંઈ તમારી પાસે હોય તે લાવો. તેમણે એ જ રોટલીઓ રજૂ કરી દીધી જેને હઝરત અનસ رضی اللہ عنہ સાથે બારગાહે રિસાલતમાં મોકલી હતી. આપના કહ્યા પ્રમાણે એ રોટલીઓનો ચૂરો કરવામાં આવ્યો અને હઝરત બીબી ઉમ્મે સુલૈમે એ ભૂકા પર સેરવાની જેમ ઘી રેડી દીધું. એ અમુક રોટલીઓમાં આપના મો'જિઝાઈ અધિકારથી એવી બરકત થઈ કે આપ દસ દસ જણાંને મકાનમાં બોલાવી બોલાવીને ખવડાવતા રહ્યા અને એ લોકો બરાબર ધરાઈને જમતા અને જતા રહેતા, એટલે સુધી કે સિત્તેર કે એંસી લોકોએ ખૂબ પેટ ભરીને ધરાઈને ખાધું. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૫, અલામતુન્નબુવ્વહ અને બુખારી શરીફ, બુખારી, ભાગ–૨, પેજ–૯૮૯)*

## ★ હઝરત જાબિર رضی اللہ عنہ ની ખજૂરો ★

હઝરત જાબિર رضی اللہ عنہ ના પિતા યહૂદીઓના દેવાદાર હતા અને ઉહદના યુદ્ધમાં શહીદ થઈ ગયા. હઝરત જાબિર رضی اللہ عنہ બારગાહે અકદસમાં હાજર થયા અને અરજ કરી કે, હે રસૂલુલ્લાહ ! મારા પિતા પોતાના પર દેવુ મૂકીને મૃત્યુ પામ્યા છે અને ખજૂરો સિવાય મારી પાસે દેવું ચૂકવવા માટે કોઈ વસ્તુ નથી. માત્ર ખજૂરોની પેદાશથી કેટલાય વર્ષો સુધી આ દેવુ ચૂકવી શકાશે નહીં. આપ મારી સાથે વાડીમાં આવો જેથી કરીને આપના આદર વિવેકથી યહૂદીઓ તેમનું દેવુ વસૂલ કરવામાં મારા પર સખ્તાઈ ન કરે. જેથી આપ વાડીમાં પધાર્યા અને ખજૂરોનો જે ઢગલો પડયો હતો એની ફરતે ફેરો લગાડી દુઆ ફર્માવી અને પોતે ખજૂરના ઢગલા પર બેસી ગયા. આપના મો'જિઝા અને દુઆની તાસીરથી એ ખજૂરોમાં એટલી બરકત થઈ કે બધુ જ દેવુ ચૂકવાઈ ગયું અને જેટલી ખજૂરો લેણદારોને આપવામાં આવી એટલી જ બાકી બચી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૫, અલામાતુન્નબુવ્વહ)*

## ★ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની થેલી ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું બયાન છે કે હું હુઝૂર અકદસ ની સેવામાં હાજર થયો ત્યારે આપે મને થોડીક ખજૂરો આપી, તો મેં કહ્યું કે, હે રસૂલુલ્લાહ ! આ ખજૂરોમાં બરકતની દુઆ કરો. આપે એ ખજૂરોને એકઠી કરીને બરકતની દુઆ ફર્માવી અને કહ્યું કે, તમે આને તમારા ભાથાના વાસણમાં રાખી લો અને તમે જ્યારે ઈચ્છો હાથ નાખીને એમાંથી કાઢતા રહો, પરંતુ એ ભાથાના વાસણને ક્યારેય ખંખેરી ખાલી ન કરી દેતા. આમ હઝરત અબૂ હુરૈરહ્ ત્રીસ વરસ સુધી એ ખજૂરોને ખાતા અને ખવડાવતા રહ્યા, બલ્કે કેટલાય મણ એમાંથી દાન પણ કરી ચૂક્યા છતાં તે ખતમ ન થઈ.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ હંમેશા એ થેલીને તેમની કમરમાં બાંધેલી રાખતા હતા, એટલે સુધી કે હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદતના દિવસે એ થેલી એમની કમરમાંથી નીકળીને ક્યાંક પડી ગઈ. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૪૨, મો'જિઝાત તથા તિર્મિઝી, ભાગ–૨, પેજ–૨૨૪, મનાકિબે અબૂ હુરૈરહ્)*

એ થેલીના ગુમ થવાનો ગમ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને જીવન પર્યંત રહ્યો. તેઓ હઝરત ઉષ્માન رضی اللہ عنہ ની શહાદતના દિવસે વ્યથા સભર અને દુઃખમય સ્વરમાં શેઅર પઢતા ફરતા રહ્યા કે :–

લિન્નાસિ હમ્મુન્ વલી હમ્માનિન્ બૈનહુમ
હમ્મુલ જુરાબિ વહમ્મુશ શયખિ ઉષ્માના
*–(મિર્કાત શરહે મિશ્કાત)*

લોકો માટે એક દુઃખ છે અને મારા માટે બે દુઃખ છે. એક થેલીનું અને બીજું શૈખ ઉષ્માન رضی اللہ عنہ નું દુઃખ.

## ★ ઉમ્મે માલિકની મોટી કુપ્પી ★

હઝરત ઉમ્મે માલિક رضی اللہ عنہا પાસે એક કુપ્પી હતી જેમાં તેઓ હુઝૂર નબી صلی اللہ تعالٰی علیہ وسلم ને ભેટમાં ઘી મોકલાવતા હતા. એ કુપ્પીમાં એવી ભારે બરકત પ્રગટી કે જ્યારે પણ ઉમ્મે માલિક رضی اللہ عنہا ના પુત્રો શાક





માગતા અને ઘરમાં કોઈ શાક ન હોય ત્યારે એ કુપ્પીમાંથી ઘી કાઢીને તેમના પુત્રોને આપતા હતા. એક લાંબા સમય ગાળા સુધી તેઓ હંમેશ એ કુપ્પીમાંથી ઘી કાઢી કાઢીને ઘરમાં શાક બનાવતા રહેતા. એક દિવસે તેમણે એ કુપ્પીને નીચોવીને એકદમ ખાલી કરી નાખી. જ્યારે બારગાહે નબુવ્વતમાં હાજર થયા, ત્યારે આપે પૂછયું, શું તમે એ કુપ્પીને નીચોવી નાખી ?! તેમણે કહ્યું, "હા !" આપે ફર્માવ્યું કે, જો તમે એ કુપ્પીને નીચોવતા નહીં અને એમ જ રહેવા દીધી હોત તો હમેશાં એમાંથી ઘી નીકળતું રહેતું. આ હદીષ મુસ્લિમે વર્ણવી છે. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૩૭, બાબુલ મો'જિઝાત)*

## ★ બરકતી વાટકો ★

હઝરત સમુરહ્ બિન જુન્દુબ رضی اللہ عنہ કહે છે કે, હુઝૂર પાસે એક વાટકો ભરીને ભોજન હતું અને દસ દસ જણા વારાફરતી સવારથી સાંજ સુધી એ વાટકામાંથી નિરંતર ખાતા રહેતા. લોકોએ પૂછયું, એક જ વાટકો ભોજન હતું, તો ક્યાંથી વધતું રહેતું હતું ? (કે લોકો આટલી સંખ્યામાં દિવસભર એ ખાતા રહ્યા.) તો તેમણે આકાશ તરફ ઈશારો કરીને કહ્યું, "ત્યાંથી." *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૦૩, પ્રકરણ : માજાઅ ફી આયાતિ નબુવ્વતુન્નબી صلی اللہ تعالٰی علیہ وسلم )*

## ★ નાનકડા ભાથાની મોટી બરકત ★

હુઝૂર અકદસ صلی اللہ تعالٰی علیہ وسلم ૧૪૦૦ શખ્સોના એક સમુદાય સાથે એક પ્રવાસમાં હતા. સહાબાએ કિરામે ભૂખથી અસ્વસ્થ થઈને સવારીની ઊંટણીઓ ઝબહ કરવાનો વિચાર કર્યો ત્યારે આપે મનાઈ ફર્માવી. અને હુકમ આપ્યો કે બધા જ સિપાહીઓ પોતપોતાનું ભાથુ એક જગ્યાએ ભેગું કરે. તેથી જેની પાસે જે કંઈ હતું તે લાવીને મૂકી દીધું, ત્યારે સમસ્ત ભાથુ એટલી જગ્યામાં આવી ગયું કે જેના પર એક બકરી બેસી શકે. પરંતુ ૧૪૦૦ લોકોએ એમાં પેટ ભરીને ખાધું અને પોતપોતાનું ભાથુ ભરી લીધું. ખાધા પછી અમે પાણી માંગ્યું. એક સહાબી એક વાસણમાં થોડુંક પાણી લાવ્યા. આપે એને પ્યાલામાં ઠાલવી લીધું તેમજ પોતાનો મુબારક હાથ

એમાં નાખી દીધો ત્યારે ૧૪૦૦ જણાએ એમાં વુઝૂ કર્યો. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૮૧, પ્રકરણ : ઈસ્તિહબાબ ખ લતુલ અઝવાદ)*

## ★ બરકતવાળી કલેજી ★

એક મુસાફરીમાં હુઝૂર અન્વર صلی اللہ تعالٰی علیہ وسلم ની સાથે ૧૩૦ સહાબાએ કિરામ સાથે હતા. આપે લોકોને પૂછયું કે, શું તમારી પાસે ખાદ્યસામગ્રી છે ? આ સાંભળી એક શખ્સે એક સાઅ લોટ લાવ્યો અને તે બાંધવામાં આવ્યો. પછી એક તંદુરસ્ત કદાવર કાફિર બકરીઓ હંકારતો આપની પાસે આવ્યો. આપે એની પાસેથી એક બકરી ખરીદી અને ઝબહ કર્યા બાદ એની કલેજી શેકવાનો હુકમ કર્યો. ત્યારબાદ ૧૩૦ લોકોમાંથી દરેકનો એ કલેજીમાંથી એક એક ટુકડો કાપીને ભાગ કર્યા. જે ત્યાં હાજર હતો ત્યારે તેને આપી દીધો અને જે ત્યાં ન હતો તેનો હિસ્સો છુપાવી રાખી દીધો. જ્યારે તરકારી તૈયાર થઈ ત્યારે એમાંથી બે પ્યાલા ભરીને અલગ મૂકી દીધાં. પછી બાકીનું માંસ અને એક સાઅ લોટના રોટલાથી એકસો ત્રીસ લોકોનો સમૂહ પેટ ભરીને ખાઈને ધરાઈ ગયો અને બે પ્યાલા ભરીને તરકારી વધી જે ઊંટ પર મૂકી દેવામાં આવી. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૧૧, પ્રકરણ : મિન અકલ હત્તા શબઅ)*

## ★ હઝરત અબૂ હુરૈરહ્ અને એક પ્યાલો દૂધ ★

એક દિવસે હઝરત અબૂ હુરૈરહ્ ભૂખથી બેહાલ થઈ રસ્તામાં બેસી ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ત્યાંથી પસાર થયા તો તેમનાથી તેમણે કુર્આન મજીદની એક આયત અંગે પૂછયું. આશય એ હતો કે કદાચ તેઓ મને પોતાના ઘરે લઈ જઈને કંઈક ખવડાવી દેશે. પરંતુ તેમણે ચાલતાં ચાલતાં આયત અંગે જણાવી દીધું અને જતા રહ્યા. પછી હઝરત ઉમર رضی اللہ عنہ એ બાજુ નીકળ્યા. તેમને પણ તેમણે એક આયતનો મતલબ પૂછયો. ઉમ્મીદ એ જ હતી કે તેઓ કંઈક ખવડાવશે. પરંતુ તેઓ પણ આયતનો અર્થ બતાવીને જતા રહ્યા. ત્યારબાદ હુઝૂર આવ્યા અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નો ચેહરો જોઈ પોતાની ખુદાએ બક્ષેલી બુદ્ધિમત્તાથી જાણી લીધું કે, "તેઓ ભૂખ્યા છે." આપે તેમને બોલાવ્યા. તેમણે જવાબ આપ્યો અને





સાથે થઈ ગયા. જ્યારે તેઓ હુઝૂરના ઘરે પહોંચ્યા ત્યારે ઘરમાં દૂધ ભરેલો એક પ્યાલો જોયો. ઘરવાળાઓએ આપને એ શખ્સનું નામ બતાવ્યું જેણે દૂધનો આ હદિયો મોકલ્યો હતો. આપે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને આદેશ આપ્યો કે જાઓ અને બધા જ અસ્હાબે સુફ્ફાને બોલાવો. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તેમના મનમાં વિચારવા લાગ્યા કે એક જ પ્યાલો દૂધ છે. એ દૂધનો સૌથી મોટો હક્કદાર તો હું હતો ! જો મને મળી જાત તો ભૂખની તકલીફમાંથી રાહત મળત. હવે જોઈએ અસ્હાબે સુફ્ફાના આવી ગયા બાદ મને એમાંથી કંઈક મળે છે કે નહીં ? એમના મનમાં આ જ વિચારો ચક્રાવો લઈ રહ્યા હતા પરંતુ અલ્લાહ અને રસૂલનું આજ્ઞાપાલન જરૂરી હતું તેથી તેઓ સુફ્ફાવાળાઓને બોલાવીને લઈ ગયા. તેઓ પોતપોતાની જગ્યાએ એક હરોળમાં બેસી ગયા. પછી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે તમે પોતે જ તેમને સૌને આ દૂધ પીવડાવો.

ત્યારબાદ તેમણે બધાને બોલાવવાનું શરૂ કરી દીધું. જ્યારે બધા ધરાઈને પી ચૂક્યા ત્યારે હુઝૂર અકરમ صلی اللہ تعالٰی علیہ وسلم એ પોતાના હાથમાં એ પ્યાલો લઈ લીધો અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ તરફ જોઈને સ્મિત કર્યું અને ફર્માવ્યું કે હવે માત્ર આપણે બંને બાકી રહી ગયા. આવો ! બેસો ! અને તમે પીવાનું શરૂ કરી દો. તેમણે પેટ ભરીને દૂધ પીને પ્યાલો મૂકવાના જ હતા કે આપે ફર્માવ્યું કે, "હજુ પીઓ !" આથી તેમણે ફરી પીધું. આપ વારંવાર ફર્માવતા કે, "હજી પીઓ ! હજી પીઓ !" એટલે સુધી કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ અરજ કરી કે યા રસૂલલ્લાહ ! મને એ હસ્તીના સોગંદ છે ! જેણે આપને સત્ય સાથે મોકલ્યા છે કે હવે મારા પેટમાં જરાય ગુંજાઈશ નથી. ત્યારબાદ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم એ એ પ્યાલો લઈ લીધો અને જેટલું દૂધ વધ્યું હતું, આપે **બિસ્મિલ્લાહ** પઢીને પી લીધું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૯૫૫ થી ૯૫૬, પ્રકરણ : કયફ કાન અયશુન્નબી)*

આ એ જ મો'જિઝો છે જેની તરફ સંકેત કરતાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું કે :–

ક્યૂં જનાબે બૂહુરૈરહ્ કૈસા થા વો જામે શીર ?
જિસસે સત્તર સહાબોં કા દૂધસે મુંહ ફિર ગયા

# ⊛ રોગ મુક્તિ ⊛

## ★ આંખનો દુઃખાવો ★

અમે ખૈબરના યુદ્ધના વર્ણનમાં વિગતે આ મો'જિઝો લખી ચૂક્યા છીએ કે જ્યારે વિજય ધ્વજ આપવા માટે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ને બોલાવાયા ત્યારે જાણ થઈ કે એમની આંખોમાં દુઃખાવો છે અને મુસ્નદ બિન હંબલની રિવાયતથી જણાય છે કે, એ આંખનો દુઃખાવો એટલો તીવ્ર હતો કે હઝરત સલ્લમા બિન અવાઅ્ رضي الله عنه તેમનો હાથ પકડીને સાથે લાવ્યા હતા. આપે એમની આંખોમાં પોતાનું થૂંક મુબારક લગાડી દીધું અને દુઆ ફર્માવી તો તેઓ તરત જ રોગ મુક્ત થઈ ગયા હતા. અને એવું લાગતું હતું કે, એમની આંખોમાં ક્યારેય દુઃખાવો ન હતો. અને તેઓ તે જ વખતે ધ્વજ લઈ રવાના થઈ ગયા અને જેહાદના જુસ્સામાં જીવ સટોસટ જંગ લડયા. ખૈબરનો કિલ્લો એમના સત્યનિષ્ઠ હાથે એ જ દિવસે જીતાઈ ગયો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૨૫, મનાકિબે અલી બિન અબી તાલિબ)*

## ★ સાપનું ઝેર ઉતરી ગયું ! ★

હિજરતના પ્રસંગમાં અમે વિસ્તૃત રીતે વર્ણવી ચૂક્યા છીએ કે જ્યારે ગારે ષૌરમાં (ષૌરની ગુફામાં) હઝરત અબૂબક્ર સિદ્દીક رضي الله عنه ના પગે સાપે દંશ દીધો અને દર્દ તેમજ પીડાની તીવ્રતાથી વ્યાકૂળ થઈ રડી પડયા ત્યારે આપે એમના ઝખ્મ પર પોતાનું થૂંક મુબારક લગાડી દીધું, જેનાથી તુરંત એ દર્દ મટી ગયું તેમજ સાપનું ઝેર ઉતરી ગયું. *(ઝુર્કાની, અલલ્ મવાહિબ, ભાગ–૧, પેજ–૩૩૯)*

## ★ ભાગેલો પગ સંધાઈ ગયો ★

બુખારી શરીફની એક લાંબી હદીષમાં છે કે હઝરત અબ્દુલ્લાહ બિન અતીક رضي الله عنه જ્યારે અબૂ રાફેઅ યહૂદીને કત્લ કરી પાછા ફરવા લાગ્યા તો એની મેડીના દાદર પરથી પડી ગયા જેનાથી એમનો પગ ભાગી ગયો. તેમના સાથીઓ તેમને ઉપાડીને બારગાહે નબુવ્વતમાં લાવ્યા. હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم એ એમના મુખે અબૂ રાફેઅના કત્લનો પ્રસંગ સાંભળ્યો





પછી એમના ભાગેલા પગ પર પોતાનો મુબારક હાથ ફેરવી દીધો ત્યારે તે તરત જ સંધાઈને સાજો થઈ ગયો તેમજ એવું જણાવા લાગ્યું કે એમના પગમાં ક્યારેય ચોટ વાગી જ ન હતી. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૭૭, પ્રકરણ : કત્લે અબી રાફેઅ)*

## ★ તલવારનો ઘા રૂઝાઈ ગયો ★

ખૈબરના યુદ્ધમાં હઝરત સલ્લમા બિન અકવઅ્ رضي الله عنه ના પગ પર તલવારના ઘા વાગવાથી ઝખ્મ થઈ ગયો, ત્યારે તેઓ તરત જ બારગાહે નબુવ્વતમાં પહોંચ્યા. આપે એમના જખ્મ પર ત્રણ વખત પઢીને દમ કર્યો. પછી એમને ક્યારેય દુઃખાવાની કોઈ તકલીફ ન રહી, માત્ર ઝખ્મનો નિશાન રહી ગયો હતો. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૦૫, ગઝવએ ખૈબર)*

## ★ અંધને દૃષ્ટિ મળી ★

હુઝૂર અકદસ  ની મુબારક સેવામાં એક અંધ આવ્યો અને તેની તકલીફ જણાવી. આપે ફર્માવ્યું કે, જો તમારી ઈચ્છા હોય તો હું દુઆ ગુજારું અને ઈચ્છો તો સબ્ર કરો એ જ તમારા માટે બહેતર છે. તેણે દરખાસ્ત કરી કે, યા રસૂલલ્લાહ !  મારી આંખોની દૃષ્ટિ માટે દુઆ ફર્માવો. આપે કહ્યું કે, તમે બરાબર વુઝૂ કરીને આ દુઆ માંગો કે, "ખુદાવંદા ! તારા રહમતવાળા પૈગંબરના વસીલાથી મારી હાજત પૂરી કરી દે." તિર્મિઝી શરીફ અને હાકિમની રિવાયતમાં એટલું જ લખાણ છે પરંતુ ઈબ્ને હંબલ અને હાકિમની બીજી રિવાયતમાં એ પણ છે કે એ નેત્રવિહીને એવું કર્યું ત્યારે તે તરત સાજો (દૃષ્ટિવાન) થઈ ગયો. અને તેની આંખો જ્યોતિમય થઈ ગઈ. *(મુસ્નદ ઈબ્ને હંબલ, ભાગ–૪, પેજ–૧૩૮, તથા મુસ્તદરક, ભાગ–૧, પેજ–૫૨૬)*

## ★ ગૂંગો બોલવા લાગ્યો ★

હજજતુલ વિદાઅ પ્રસંગે હુઝૂર અન્વર صلى الله تعالى عليه وسلم ની સેવામાં "ખશ્અમ" કબીલાની એક સ્ત્રી તેના બાળકને લઈને આવી અને કહેવા લાગી કે, યા રસૂલલ્લાહ ! આ મારો એકનો એક પુત્ર બોલતો નથી. આપે પાણી મંગાવ્યું અને એમાં હાથ ધોઈને કુલ્લી (કોગળો) કરી અને કહ્યું કે, આ

બાળકને પીવડાવી દો અને થોડુંક એના પર છાંટી દો. બીજા વર્ષે તે સ્ત્રી આવી ત્યારે તેણે લોકોને કહ્યું કે તેનો દીકરો સાજો થઈ ગયો અને બોલવા લાગ્યો છે. *(ઈબ્ને માજા, પેજ–૨૬૦, બાબુન્ન૨૨૯)*

## ★ હઝરત કતાદા رضی اللہ عنہ ની આંખ ★

ઉહદના યુદ્ધમાં હઝરત કતાદા બિન નોઅ્માન رضی اللہ عنہ ની આંખમાં એક તીર વાગ્યું, જેનાથી એમની આંખ એમના ગાલે વહીને આવી ગઈ. તેઓ દોડીને હુઝૂર પાસે આવ્યા. આપે તરત જ પોતાના મુબારક હાથ વડે એમની વહી જતી આંખને આંખના ગોખલામાં મૂકીને પોતાનો પવિત્ર હાથ ફેરવ્યો, ત્યારે એ જ ક્ષણે આંખ સારી થઈ ગઈ અને આ આંખ એમની બીજી આંખ કરતાં વધારે સુંદર અને પ્રકાશિત થઈ !

એક રિવાયતમાં એ પણ આવ્યું છેકે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, જો તમે ચાહો તો તમારી આ આંખ તેની જગ્યાએ મૂકી દઉં અને તે સારી થઈ જાય અને જો તમે ચાહો તો સબ્ર કરો અને તમને આના બદલામાં જન્નત મળશે. તેમણે કહ્યું કે, યા રસૂલલ્લાહ ! જન્નત નિઃશંક ! બહુ મોટી નેઅમત છે. પરંતુ મને કાણિયો થવું ગમતું નથી. આથી આપ મારી આંખ બરાબર કરી દો અને મારા માટે જન્નતની દુઆ ફર્માવી દો. હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ જાંબાઝ પર વહાલ આવી ગયું અને આપે એમની આંખ આંખની જગ્યાએ મૂકી હાથ ફેરવી દીધો ત્યારે એમની આંખ સારી થઈ ગઈ અને એમના માટે જન્નતની દુઆ પણ ફર્માવી દીધી અને તેઓ બંને નેઅમતોથી સરફરાઝ થયા. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૭૮, હવાલો : બયહકી)*

**ફાયદો** : આ મો'જિઝો બહુ જ જાણીતો છે અને હઝરત કતાદા બિન નોઅ્માન رضی اللہ عنہ ના વંશમાં હંમેશ એ વાતનો ગર્વ રહ્યો કે એમના પૂર્વજની આંખ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક હાથની બરકતથી સારી થઈ ગઈ. આમ હઝરત કતાદા બિન નોઅ્માન رضی اللہ عنہ ના પૌત્ર હઝરત આસિમ رضی اللہ عنہ જયારે ખલીફએ આદિલ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ઉમવી رضی اللہ عنہ ના દરબારમાં પહોંચ્યા ત્યારે તેમણે પોતાનો પરિચય કરાવતાં પોતાનો આ મુક્તક સંભળાવ્યો :–





અનબ્નુલ્લઝી સાલત્ અલલ્ ખદ્દિ અયનુહૂ
ફરુદ્દત્ બિકફ્ફિલ્ મુસ્તફા અૈયમા રદ્દિ
ફઆદત્ કમા કાનત્ લિઅવ્વલિ અમ્રિહા
ફયા હુસ્ન માઅય્નિંવ્ વયા હુસ્ન મારદ્દિ

**અર્થાત** : હું એ શખ્સનો પુત્ર છું કે જેની આંખ એના ગાલ ઉપર નીકળી આવી હતી, ત્યારે હઝરત મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હથેળીથી તેને તેની જગ્યાએ બહુ જ સારી રીતે મૂકી દેવાઈ હતી અને ત્યાર પછી એ જેવી અગાઉ હતી તેવી જ થઈ ગઈ. એ કેવી સારી આંખ હતી અને કેવું સારું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એ આંખને એની જગ્યાએ મૂકવું હતું. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૮૯)*

## ★ ઉલ્ટીમાં કાળુ ગલુડિયું પડયું ★

એક સ્ત્રી તેના બાળકને લઈને હુઝૂર રિસાલત મઆબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાસે આવી અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! મારા આ બાળક પર સવાર સાંજ પાગલપણાનો હુમલો થાય છે. આપે એ બાળકની છાતી પર પોતાનો રહમતનો હાથ ફેરવી દીધો અને દુઆ કરી, ત્યારે એ બાળકને એક જોરદાર ઉલ્ટી થઈ અને એક કાળા રંગનું ગલુડિયું એ ઉલ્ટીમાં પડયું જે દોડતું ફરી રહ્યું હતું અને બાળક રોગ મુક્ત થઈ ગયું. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૪૧, મો'જિઝાત)*

## ★ પાગલપણું મટી ગયું ★

હઝરત યઅ્લા મુર્રહ رضی اللہ عنہ નું બયાન છે કે મેં એક પ્રવાસમાં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝા જોયા. પહેલો મો'જિઝો એ કે એક ઊંટને જોયો કે તેણે આક્રંદ કરી પોતાની ગરદન આપની સામે નમાવી દીધી. આપે એ ઊંટના માલિકને બોલાવડાવ્યો અને તેને ફર્માવ્યું કે આ ઊંટે કામના અતિરેક અને ભોજનની કમીની મારાથી ફરિયાદ કરી છે, તો તમે એની સાથે સારું વર્તન કરતા રહો.

બીજો મો'જિઝો એ છે કે એક પડાવ પર આપ સૂઈ રહ્યા હતા ત્યારે મેં જોયું એક ઝાડ ચાલીને આવ્યું અને આપને ઢાંકી દીધા અને પાછા

વળીને તેની જગ્યાએ જતું રહ્યું. જ્યારે આપ જાગ્યા અને મેં આપને એનું વર્ણન કર્યું ત્યારે આપે ફર્માવ્યું કે એ વૃક્ષે પોતાના રબથી મંજૂરી લીધી હતી કે તે મને સલામ કરે, ત્યારે ખુદાએ એને મંજૂરી આપી દીધી અને તે મને સલામ કરવા માટે આવ્યું હતું.

ત્રીજો મો'જિઝો એ છે કે એક સ્ત્રી તેના બાળકને લઈને આવી, જે પાગલ પણાનો રોગી હતો, ત્યારે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ બાળકના નથણાને પકડીને ફર્માવ્યું કે નીકળી જા ! કેમ કે હું મુહમ્મદુર્રસૂલુલ્લાહ છું. પછી અમે ત્યાંથી જતા રહ્યા અને પાછા ફરીને ત્યાં જ પહોંચ્યા અને આપે એ સ્ત્રીને એ બાળક બાબતે પૂછયું ત્યારે તેણે કહ્યું કે, એ હસ્તીના સોગંદ ! જેણે આપને સત્ય સાથે મોકલ્યા છે કે આપના ગયા પછી આ બાળકને કોઈ તકલીફ થતી અમે જોઈ નથી. *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૪૦, મો'જિઝાત)*

## ★ બળેલું બાળક સારું થઈ ગયું ★

મુહમ્મદ બિન હાતિબ رضی اللہ عنہ એક સહાબી છે. તેઓ તેમની માંના ખોળામાંથી આગમાં પડી ગયા અને થોડાક બળી ગયા. એમની માં એમને લઈને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે આવ્યાં. આપે પોતાનું થૂંક મુબારક એમના પર લગાડી દુઆ ફર્માવી. મુહમ્મદ બિન હાતિબ رضی اللہ عنہ ની માં કહેતાં હતાં કે હું બાળકને લઈને હજુ તો ઊભી પણ નહોતી થઈ કે બાળકનો ઝખ્મ સારો થઈ ગયો. *(મુસ્નદે ઈબ્ને હંબલ, ભાગ–૪, પેજ–૨૫૯ અને ખસાઈસે કુબ્રા, ભાગ–૨, પેજ–૬૯)*

## ★ ભૂલી જવાની બીમારી દૂર થઈ ★

શબ્દોનો ફેરફાર અને અમુક વાક્યોના વધારા ઘટાડા સાથે બુખારી શરીફની અનેક રિવાયતોમાં આ મો'જિઝાનું વર્ણન છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ પોતાની યાદ શક્તિની નબળાઈની વાત કરી ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને કહ્યું કે તમારી ચાદર ફેલાવો. તેમણે ફેલાવી આપે પોતાનો મુબારક હાથ એ ચાદર પર મૂક્યો. પછી કહ્યું કે હવે એને વાળી લો. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ કહે છે કે મેં એમ જ કર્યું ત્યાર બાદ ક્યારેય કોઈ વાત ભૂલ્યો નહીં. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૨૨, પ્રકરણ : હિફ્ઝુલ ઈલ્મ)*





## ★ દુઆની સ્વીકૃતિ ★

અમે પહેલાં જ ઉલ્લેખ કરી ચૂક્યા છીએ કે હઝરાત અંબિયા علیہم السلام ની દુઆઓથી એકદમ અચાનક પ્રવર્તમાન પ્રકૃતિ વચ્ચે કોઈ અનુપેક્ષિત પ્રસંગનું પ્રગટ થવું એની પણ મો'જિઝામાં ગણના થાય છે. આથી અલ્લાહ તઆલા અંબિયા علیہم السلام ની દુઆઓથી મોટી મોટી સમસ્યાઓનું નિવારણ લાવી દે છે અને ભિન્ન ભિન્ન પ્રકારની આપત્તિઓ ટળી જાય છે અને ખૂબ જ અનુપેક્ષિત બાબતો પ્રગટ થઈ જાય છે. જેમ કે હુઝૂર ખાતમુન્નબીયીન صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓ પૈકી આપની દુઆઓની સ્વીકૃતિ પણ છે કે આપે જ્યારે પણ મુશ્કેલીઓમાં અને હાજતોની જરૂરત વખતે ખુદાની ગૈબી મદદનો સહારો શોધવા માટે દુઆઓ માંગી ત્યારે દરેક સમયે હક્ક તઆલાએ આપની દુઆઓ માટે સ્વીકૃતિનો દરવાજો ખોલી દીધો અને આપની દુઆઓથી એવી એવી અનુપેક્ષિત અને અકલ્પનીય વસ્તુઓ અસ્તિત્વમાં આવી ગઈ કે જેમને મો'જિઝાઓ સિવાય બીજું કોઈ નામ આપી શકાય નહીં. એમાંથી કેટલાક મો'જિઝાઓનું વર્ણન આ મુજબ છે :–

જ્યારે કુરૈશના કાફિરો હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم અને સહાબીઓ પર અત્યાચાર ગુજારવા લાગ્યા જે અસહનીય હતા. ત્યારે આપે એ બળવાખોરોની બંડખોરીનો ઉપચાર કરવા એ લોકો માટે દુષ્કાળની દુઆ કરી. તો અલ્લાહ તઆલાએ એ લોકો ઉપર દુષ્કાળનો સખત પ્રકોપ ઉતાર્યો કે મક્કાવાસીઓ સખત મુસીબતમાં સપડાઈ ગયા, એટલે સુધી કે ભૂખથી ટળવળીને મૃત પ્રાણીઓનાં હાડકાંઓ અને સૂકા ચામડાંને ઉકાળી ઉકાળીને ખાવા લાગ્યા. ટૂંકાણમાં એ સિવાય કોઈ ઉપાય નજર ન આવ્યો કે હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં રહમતનો દરવાજો ખટખાટવે અને એમની સામે પોતાની ફરિયાદો રજૂ કરે. આમ અબૂ સુફયાન કુફ્રની હાલતમાં અમુક કુરૈશના અગ્રણીઓને સાથે લઈને આપના રહમતી નિવાસસ્થાને હાજર થયો અને કરગરીને કહેવા લાગ્યો કે, હે મુહમ્મદ ! તમારી કૌમ બરબાદ થઈ ગઈ ! ખુદાથી દુઆ કરો કે આ દુષ્કાળનો પ્રકોપ ટળી જાય. આપને એ લોકોની વેદના અને આક્રંદ પર દયા આવી ગઈ. જેથી આપે દુઆ માટે હાથ ઉઠાવ્યા કે તરત જ આપની

દુઆ કબૂલ થઈ અને એવો જોરદાર વરસાદ થયો કે આખું અરબ તરબોળ થઈ ગયું અને મક્કાવાસીઓને દુષ્કાળથી છૂટકારો મળ્યો. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૩૭, અબ્વાબુલ ઈસ્તિસ્કા અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૭૧૪, તફસીરે સૂરએ દુખાન)*

## ★ કુરૈશના સરદારોનો સર્વનાશ ★

એક વખત હુઝૂર  હરમમાં નમાઝ પઢી રહ્યા હતા કે કુરૈશના કાફિરોના કેટલાક વિદ્રોહી શરારતખોરોએ નમાઝની હાલતમાં આપની મુબારક ગરદન પર એક ઊંટની હોજરી નાખી દીધી અને અને ખૂબ જોર જોરથી હસવા લાગ્યા અને હંસીમાં ઓળઘોળ થઈ એકબીજા પર પડવા લાગ્યા. હઝરત ફાતિમા رضی اللہ عنہا એ આવીને એ હોજરી આપની પીઠ પરથી હટાવી. ત્યારે આપે સિજદામાંથી માથુ ઊંચું કર્યું તો એ દુષ્ટોનું નામ લઈ લઈને આ દુઆ માંગી કે, હે અલ્લાહ ! તું એ બધાને તારી પકડમાં લે ! અને થયું પણ એવું કે એ બધા બદ્રના યુદ્ધમાં અતિ અપમાનિત થઈ કત્લ થયા. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૬૫, ગઝવએ બદ્ર)*

## ★ મદીનાની આબોહવા શુદ્ધ થઈ ગઈ ★

પહેલાં મદીનાની આબોહવા સારી અને શુદ્ધ ન હતી. ત્યાં ભિન્ન ભિન્ન પ્રકારના રોગચાળાની અસર હતી. આથી હિજરત બાદ કેટલાય મુહાજિરો માંદા પડી ગયા હતા અને માંદગીની હાલતમાં તેમના વતન મક્કાને યાદ કરીને વેદનાસભર શૈલીમાં શેઅર પઢતા હતા. આપે એ લોકોની આ દશા જોઈને આ દુઆ ફર્માવી કે :–

"ઈલાહી ! મદીનાને અમારા માટે એવું જ પ્રિય બનાવી દે જેમકે મક્કા પ્રિય છે, બલ્કે એનાથી પણ વધુ પ્રિય બનાવી દે. ઈલાહી ! અમારા "સાઅ" અને "મુદ"માં બરકત આપ અને મદીનાને અમારા માટે નિરોગી બનાવી દે અને અહીંના તાવને "જોહફા"માં ફેરવી નાખ."

આપની દુઆ અક્ષરશઃ સ્વીકારાઈ અને મુહાજિરોને મદીના શહેર સાથે એવો પ્રેમ અને ગાઢ સ્નેહ બંધાયો કે એ જ હઝરત અબૂબક્ર અને હઝરત બિલાલ رضی اللہ عنہما જેઓ થોડાક દિવસ પહેલાં મદીનાની





બીમારીઓથી ગભરાતા હતા અને તેમના વતન મક્કાની યાદમાં વિલાપી શેઅર પઢતા હતા પણ પછી તેઓ મદીનાના એવા ચાહક બની ગયા કે ફરી ક્યારેક ભૂલથી પણ મક્કામાં વસવાટનું નામે ન લીધું અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્વપ્નમાં એ દેખાડયું કે મદીનાની બીમારીઓ મદીનામાંથી ખતમ થઈ ગઈ અને મદીનાની આબોહવા સ્વસ્થ્યપ્રદ થઈ ગઈ છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૫૮, પ્રકરણ : મુકદ્દમુન્નબી અને બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૧૦૪૨, પ્રકરણ : મિરઅતુસ્સોદા)*

## ★ ઉમ્મે હરામ માટે શહાદતની દુઆ ★

એક દિવસે હુઝૂર  હઝરત બીબી ઉમ્મે હરામ رضی اللہ عنہا ના ઘરે ખાધા પછી આરામ ફર્માવી રહ્યા હતા કે અચાનક ઊંઘમાંથી હસતા હસતા જાગ્યા. હઝરત બીબી ઉમ્મે હરામ رضی اللہ عنہا એ હસવાનું કારણ પૂછયું ત્યારે ફર્માવ્યું કે મારી ઉમ્મતમાં મુજાહિદોનું એક જૂથ મારી સામે રજૂ કરવામાં આવ્યું જે જેહાદના હેતુસર દરિયામાં હોડીઓમાં બેસી એવી રીતે મુસાફરી કરશે જે રીતે સિંહાસન પર બાદશાહ બેઠેલા હોય છે. આ સાંભળીને તેમણે દરખાસ્ત કરી કે, યા રસૂલલ્લાહ ! દુઆ ફર્માવી દો કે હું પણ એ મુજાહિદોના જૂથમાં સામેલ રહું. આપે દુઆ ફર્માવી દીધી. ફળ સ્વરૂપે હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના સમયમાં જયારે સમુદ્રી યુદ્ધોનો સિલસિલો શરૂ થયો ત્યારે હઝરત બીબી ઉમ્મે હરામ رضی اللہ عنہا પણ મુજાહિદોની એક ટુકડી સાથે હોડીમાં સવાર થઈને રવાના થયાં અને સમુદ્ર પર કરીને જયારે ભૂમિ પર આવ્યાં ત્યારે સવારી પરથી પડી ગયાં અને શહાદતનું સદ્‌ભાગ્ય મેળવ્યું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૧૦૩૬, બાબુર્રુયા બિન્નહાર)*

## ★ સિત્તેર વર્ષનો યુવાન ★

સહાબી હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ દુઆ ફર્માવી કે :– اَفْلَحَ وَجْهُكَ اَللّٰهُمَّ بَارِكْ لَهٗ فِيْ شَعْرِهٖ وَبَشَرِهٖ ۔

**અર્થાત** : ભલાઈવાળો થઈ જાય તારો ચેહરો, હે અલ્લાહ ! એના વાળ અને ત્વચામાં બરકત આપ.

હઝરત કતાદા ૭૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા. પરંતુ એમનો એક

પણ વાળ ધોળો થયો ન તો શરીરે કરચલીઓ પડી. ચેહરા પર યુવાનીની એક ચમક હતી કે જાણે હજી પંદર વર્ષના યુવાન છે. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૬૮, હવાલો : દલાઈલુન્નબી બયહકી)*

## ★ ઔલાદ માટે બરકતની દુઆ ★

હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ના પત્ની હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا બહુ જ બુદ્ધિશાળી અને હુઝૂર  પર પ્રાણ ન્યોછાવર કરનારાં હતાં. એમનું બાળક માંદુ થઈ ગયું અને હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ઘરમાં હાજર ન હતા કે બાળકનું મૃત્યુ થઈ ગયું. હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا એ બાળકને એક બીજા ઘરમાં સૂવડાવી દીધું. જ્યારે અબૂ તલ્હા رضی اللہ عنہ ઘરમાં દાખલ થયા અને પત્નીને પૂછયું કે બાળક કેવું છે ? પત્નીએ કહ્યું એનો □ાસ થંભી ગયો છે અને મને ઉમ્મીદ છે કે તે રાહતમાં છે. હઝરત અબૂ તલ્હા સમજ્યા કે તે સ્વસ્થ છે. ત્યારબાદ બંને પતિ પત્ની એક જ પથારીમાં ઊંઘ્યા પરંતુ સવારે ગુસ્લ કરીને મસ્જિદે નબવીમાં ફજરની નમાઝ પઢવા માટે જવા લાગ્યા ત્યારે પત્નીએ બાળકના મૃત્યુની જાણ કરી. હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ રાતની આખી વાત બારગાહે નબુવ્વતમાં અરજ કરી, ત્યારે આપે ફર્માવ્યું કે મને આશા છે કે ખુદાવંદ તઆલા તમારી આજની રાતમાં બરકત અર્પણ કરશે. અતઃ એ રાત્રિની બરકત નિશ્ચિત મહીનાઓ બાદ જાહેર થઈ કે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ ના સુપુત્ર હઝરત અબ્દુલ્લાહ જન્મ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને પોતાના ખોળામાં લઈને અને અજવહ ખજૂર ચાવીને એમના મોઢામાં નાખી અને એમના ચેહરા પર પોતાનો રહમતી હાથ ફેરવ્યો અને અબ્દુલ્લાહ નામ રાખ્યું.

એક અન્સારી હઝરત અબાયા બિન રફાઆનું બયાન છે કે નબવી દુઆની બરકતની એવી અસર થઈ મેં અબૂ તલ્હાની નવ સંતાનોને જોઈ જે સર્વે કુર્આન મજીદના કારી (કુર્આન મજીદ શુદ્ધ ઉચ્ચારો સાથે પઢનાર) હતા. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૯૨, પ્રકરણ : ફઝાઈલે ઉમ્મે સુલૈમ અને બુખારી, ભાગ–૧, પેજ–૧૭૪, પ્રકરણ : મંલ્લમ યુઝહિર ઈન્દલ મુસીબા)*





## ★ હઝરત જરીર માટે દુઆ ★

હઝરત જરીર બિન અબ્દુલ્લાહ સહાબી ઘોડાની પીઠ ઉપર બરાબર વ્યવસ્થિત બેસી શકતા ન હતા. હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમને "ઝુલ ખલસા"ના ઉપાસના ગૃહને તોડવા જવા જણાવ્યું ત્યારે તેમણે આ જ કારણ દર્શાવ્યું કે, યા રસૂલલ્લાહ ! હું ઘોડા પર વ્યવસ્થિત બેસી શક્તો નથી. આપે એમની છાતી પર હાથ માર્યો અને આ દુઆ ફમાવી કે, હે અલ્લાહ ! એમને ઘોડા પર વ્યવસ્થિત બેસવાની શક્તિ અર્પણ કર અને એમને માર્ગદર્શક અને રાહબર બનાવ." આ દુઆ બાદ હઝરત જરીર رضی اللہ عنہ ઘોડા પર સવાર થયા અને અહમસ કબીલાના એકસો પચાસ સવારોનું લશ્કર લઈને રવાના થયા અને એ ઉપાસના ગૃહની તોડફોડ કરીને બાળી નાખ્યું અને અવરોધ કરનારા કાફિરોને પણ કત્લ કરી નાખ્યા. જ્યારે પાછા ફર્યા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એમના માટે અને કબીલએ અહમસ માટે દુઆ ફર્માવી. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૨૯૭, ફઝાઈલે જરીર)*

## ★ દૌસ કબીલાનો ઈસ્લામ સ્વીકાર ★

હઝરત તુફૈલ દૌસી رضی اللہ عنہ તેમના કેટલાક સાથીઓ સાથે બારગાહે અકદસમાં હાજર થયા અને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! દૌસ કબીલાએ ઈસ્લામનું નિમંત્રણ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો છે. આથી આપ એ કબીલાની બરબાદી માટે દુઆ ફર્માવો ! લોકોએ પરસ્પર એવું કહેવાનું શરૂ કરી દીધું કે હવે આપની બરબાદીની દુઆથી એ કબીલો ફના થઈ જશે. પરંતુ રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ દૌસ કબીલા માટે આ રહમત સભર દુઆ ફર્માવી, "ઈલાહી ! તું દૌસ કબીલાને હિદાયત આપ અને એમને મારી પાસે લાવ."

રહ્મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ દુઆ કબૂલ થઈ અને આખો કબીલો મુસલમાન થઈ બારગાહે નબુવ્વતમાં હાજર થયો. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૩૦૭, પ્રકરણ : ફઝાઈલે ગિફાર અને દૌસ વિગેરે.)*

## ★ એક અહંકારીનું પરિણામ ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم સામે એક શખ્સ ડાબા હાથે જમવા લાગ્યો.

આપે ફર્માવ્યું કે, "જમણા હાથે ખાઓ" તેમણે અહંમપૂર્વક કહ્યું, "હું જમણા હાથે નથી ખાઈ શક્તો !" કેમ કે તે ઘંમડીએ ઘમંડમાં આમ કહ્યું હતું. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કહ્યું કે, "ખુદા કરે આમ જ થાય !" જેથી ત્યાર બાદ એમ જ થયું કે તેના જમણા હાથને ઉઠાવીને તેના મ્હોં સુધી લઈ જઈ શક્તો ન હતો. *(મુસ્લિમ શરીફ, ભાગ–૨, પેજ–૧૭૨, પ્રકરણ : આદાબુત્તઆમ)*

## ★ મૃતકો જીવિત થઈ ગયા ★

ખુદાના હુકમથી મૃતકોને જીવિત કરી દેવા એ હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام નો એક અતિ પ્રખ્યાત મો'જિઝો છે. પરંતુ કેમ કે રબ તઆલાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તમામ અંબિયા علیہم السلام ના મો'જિઝાઓનો સંગ્રહ બનાવ્યો છે, તેથી આપને પણ એ મો'જિઝો અર્પણ કર્યો હતો. આમ આવા પ્રકારના કેટલાક મો'જિઝાઓ હદીષો અને સીરતે નબવીના પુસ્તકોમાં મૌજૂદ છે.

## ★ બાળકી કબરમાંથી બહાર આવી ★

રિવાયત છે કે હુઝૂર અકરમ  એ એક શખ્સને ઈસ્લામનું નિમંત્રણ આપ્યું, ત્યારે તેણે કહ્યું કે હું ત્યાં સુધી આપ પર ઈમાન લાવી શક્તો નથી જ્યાં સુધી મારી મૃત બાળકી જીવિત ન થઈ જાય. આપે એને કહ્યું કે મને એની કબર દેખાડો ! તેણે પોતાની બાળકીની કબર દેખાડી દીધી. હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાળકીનું નામ લઈ બોલાવી, ત્યારે એ બાળકીએ કબરમાંથી બહાર આવીને જવાબ આપ્યો કે, હે હુઝૂર ! હું આપના દરબારમાં હાજર છું. ત્યારબાદ આપે એ બાળકીને પૂછયું, શું તું ફરી આ દુનિયામાં પાછી આવવાનું પસંદ કરે છે ?! બાળકીએ જવાબ આપ્યો કે ના, યા રસૂલલ્લાહ ! મેં અલ્લાહ તઆલાને મારા માં બાપ કરતાં પણ વધુ કૃપાળુ અને આખિરતને દુનિયાથી બેહતર જોઈ. *(ઝુર્કાની, અલલ્ મવાહિબ, ભાગ–૫, પેજ–૧૮૨, અને શિફા શરીફ, ભાગ–૧, પેજ–૨૧૧)*

## ★ રંધાયેલી બકરી જીવિત થઈ ગઈ ★

હઝરત જાબિર رضی اللہ عنہ એ એક બકરી ઝબહ કરીને એનો ગોશ્ત રાંધ્યો અને રોટલીઓનો ચૂરો કરીને ચૂરમો બનાવ્યો અને એને બારગાહે નબુવ્વતમાં લઈને હાજર થયા. હુઝૂર  અને સહાબાએ કિરામે એને ખાધો.





જ્યારે બધાએ જમી લીધું ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બધાં હાડકાં એક વાસણમાં ભેગા કર્યા અને એ હાડકાંઓ પર પોતાનો મુબારક હાથ મૂકી કંઈક કલમો પઢયો ત્યારે આ મો'જિઝો પ્રગટ થયો કે તે બકરી જીવિત થઈને ઊભી થઈ ગઈ અને પૂંછડી હલાવવા લાગી. ત્યારબાદ આપે ફર્માવ્યું કે, હે જાબિર ! તમે તમારી બકરી તમારા ઘરે લઈ જાઓ. આથી હઝરત જાબિર જ્યારે એ બકરી લઈને તેમના ઘરમાં દાખલ થયા ત્યારે તેમના પત્નીએ આશ્ચર્ય પામતાં પૂછયું કે આ બકરી ક્યાંથી આવી ગઈ ? હઝરત જાબિર رضی اللہ عنہ એ કહ્યું કે અમે અમારી આ બકરીને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم માટે ઝબહ કરી હતી, આપે અલ્લાહ તઆલાથી દુઆ માંગી ત્યારે અલ્લાહ તઆલાએ એ બકરીને જીવતી કરી દીધી. આ સાંભળીને તેમની પત્નીએ બુલંદ અવાજે કલમાએ શહાદત પઢયો.

આ હદીષને જલીલુલ કદ્ર મુહદ્દિષ અબૂ નુઐમે રિવાયત કરી છે અને પ્રખ્યાત હદીષોના હાફિઝ મુહમ્મદ બિન અલ્ મુન્ઝરે પણ "કિતાબુલ અજાઈબ વલ ગરાઈબ"માં આ હદીષ નકલ કરી છે. *(ઝુર્કાની, અલલ મવાહિબ, ભાગ–૫, પેજ–૧૮૪ અને ખસાઈસે કુબ્રા, ભાગ–૩, પેજ–૬૭)*

## ✪ જિન્નાતોના મો'જિઝાઓ ✪

હઝરત સવાદ બિન કારિબ رضی اللہ عنہ નું બયાન છે કે એક જિન્નાત મારા તાબે થઈ ગયો હતો. તે અગાઉથી મને માહિતી આપતો હતો અને હું લોકોને એ માહિતી આપીને ભેટો મેળવતો રહેતો. એક વખત જિન્નાતે મને જગાડયો ને કહ્યું કે ઉઠ અને ભાનમાં આવ ! જો તારામાં કંઈક સભાનતા હોય તો ચાલ અને બની હાશિમના સરદારના દરબારમાં હાજર થઈને એમના દર્શન કર. જેઓ લુવૈ બિન ગાલિબની ઔલાદમાં પૈગંબર થઈને અવતરિત થયા છે. હઝરત સવાદ બિન કારિબ કહે છે કે સતત ત્રણ રાત્રિઓ એવી પસાર થઈ કે મારો એ જિન્નાત મને ઊંઘમાંથી જગાડી જગાડીને મને આજ કહેતો રહ્યો, એટલે સુધી કે મારા મનમાં ઈસ્લામની ચાહત અને મહોબ્બત પૈદા થઈ ગઈ અને હું મારા ઘરેથી રવાના થઈને મક્કા મુકર્રમામાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની પવિત્ર સેવામાં હાજર થયો. આપે મને જોઈને આવકાર્યો અને કહ્યું કે હું જાણું છું કે ક્યા કારણસર તમે અહીં આવ્યા છો ? મેં અરજ

કરી કે, યા રસૂલલ્લાહ ! મેં આપની પ્રશંસામાં એક કસીદો લખ્યો છે, પહેલાં આપ એને સાંભળી લો. આપે કહ્યું, પઢો ! ત્યારબાદ મેં મારો કસીદએ બાઈયા જે હુઝૂર ﷺ ની તારીફમાં લખ્યો હતો તે રહમતે આલમ ﷺ ને વાંચી સંભળાવ્યો. એ કસીદાનો અંતિમ શેઅર આ છે કે :–

વકુલ્લી શફીઅન્ યવ્મ લા ઝૂ શફાઅતિન્
સિવા ક બિમુગ્નિન્ અન્ સવાદિબ્નિ કારિબિ

**અર્થાત** : આપ એ દિવસે મારા શફીઅ (સિફારિશ કરનાર) બની જાઓ, જે દિવસે આપના સિવાય સવાદ બિન કારિબની કોઈ સિફારિશ કરનાર નહીં હોય, કે ન તો કોઈ ફાયદો પહોંચાડનાર હશે. આ હદીષને ઈમામ બયહકીએ રિવાયત કરી છે. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૮૭, હવાલો બયહકી)*

## ★ જિન્નાતોના સલામ અને સંદેશ ★

ઈબ્ને સઅદને જઅદ બિન કૈસ મુરાદીથી રિવાયત કરી છે કે અમે ચાર જણાં હજ્જનો ઈરાદો કરીને પોતાના વતનથી રવાના થયા. યમનના એક જંગલમાંથી અમે પસાર થઈ રહ્યા હતા કે અચાનક અશ્આર પઢવાનો અવાજ આવ્યો. અમે એ અશ્આર ધ્યાનથી સાંભળ્યા, એનો ભાવાર્થ એ છે કે, હે સવારો ! જ્યારે તમે ઝમઝમ અને હતીમ પર પહોંચો ત્યારે હઝરત મુહમ્મદ ﷺ ની મુબારક સેવામાં અમારી સલામ કહેજો જેમને અલ્લાહ તઆલાએ પોતાનો રસૂલ બનાવીને મોકલ્યા છે અને અમારો આ સંદેશ પહોંચાડી દેજો કે અમે આપના દીનના પાલનકર્તા છીએ. કેમ કે હઝરત મસીહ બિન મરયમ عليه السلام એ અમને એ વાતની વસિયત કરી હતી. (ચોક્કસ એ યમનના જંગલમાં રહેનારા જિન્નતોનો અવાજ હતો.) *(અલ્ કલામુલ મુબીન, પેજ–૯૩)*

## ★ જિન્નાત સાપના રૂપમાં આવ્યો ★

ખતીબ હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે અમે એક મુસાફરીમાં રસૂલુલ્લાહ ﷺ સાથે હતા. આપ એક ખજૂરના વૃક્ષ નીચે આરામ ફર્માવી રહ્યા હતા કે એકદમ અચાનક એક લાંબા કાળા સાપે આપની તરફ મુખ ફેરવ્યું ત્યારે લોકોએ એને મારી





નાખવાનો વિચાર કર્યો. પરંતુ આપે ફર્માવ્યું કે એને મારી પાસે આવવા દો. જ્યારે તે આપની પાસે પહોંચ્યો ત્યારે તેનું માથું આપના કાનો તરફ કરી દીધું. ત્યારબાદ આપે એ સાપના મુખ પાસે પોતાનું મુખ કરીને ધીમે ધીમે કંઈક કહ્યું. ત્યાર પછી એ જ જગ્યાએ એકાએક તે સાપ એવી રીતે અદશ્ય થઈ ગયો જાણે કે જમીન એને ગળી ગઈ. હઝરત જાબિર رضی اللہ عنہ કહે છે કે અમે અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! આપે સાપને પોતાના કાનો સુધી પહોંચવા દીધો આ દશ્ય જોઈને અમે સૌ ડરી ગયા કે ક્યાંક એ સાપ આપને દંશ ન મારે. આપે ફર્માવ્યું કે, એ સાપ ન હતો, બલ્કે જિન્નતોના સમૂહમાંથી મોકલાવાયેલો એક જિન્નાત હતો. ફલાણી સૂરતમાંથી કેટલીક આયતો એ ભૂલી ગયો હતો. એ આયતોને પૂછવા માટે જિન્નાતોએ એને મારી પાસે મોકલ્યો હતો. મેં એને આયતો બતાવી દીધી અને એ એમને યાદ કરતો કરતો જતો રહ્યો. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૯૪)*

## ✪ ચાર તત્વોની દુનિયામાં મુબારક મો'જિઝાઓ ✪

## ★ આંગળીથી નહેરો ★

હદીષોના સંશોધન અને તલાશથી જાણકારી મળે છે કે આપની મુબારક આંગળીઓએથી લગભગ ૧૩ પ્રસંગોએ પાણીની નહેરો જારી થઈ. એ પૈકી માત્ર એક પ્રસંગનું વર્ણન અત્રે પ્રસ્તુત કરીએ છીએ :–

હિ.સ. ૬ માં રસૂલે અકરમ ﷺ ઉમરહના ઈરાદે મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમા જવા માટે રવાના થયા અને હુદૈબિયાના મેદાનમાં ઉતરી પડયા. વિશાળ જનસમૂહના કારણે હુદૈબિયાનો કૂવો સૂકાઈ ગયો હતો. લોકો પાણીના એક એક ટીપા માટે મોહતાજ બની ગયા. ત્યારે રહમતે આલમ ﷺ ના કૃપાસાગરમાં મોજાં ઉછળ્યાં અને આપે એક મોટા પ્યાલામાં પોતાનો મુબારક હાથ મૂકી દીધો, અને આપની મુબારક આંગળીઓથી એવી રીતે પાણીની નહેરો વહેવા લાગી કે પંદરસોના લશ્કરે ધરાઈને પાણી પીધું, લોકોએ વુઝૂ પણ કર્યું અને ગુસ્લ પણ, પશુઓને પાણી પીવડાવ્યું, બધા જ એ પ્યાલા અને વાસણો ભરી લીધાં. પછી આપે પ્યાલામાંથી મુબારક હાથ હટાવી લીધો અને પાણી ખતમ થઈ ગયું. હઝરત જાબિર رضی اللہ عنہ થી લોકોએ પૂછયું કે ત્યારે તમે સૌ કેટલા હતા, તો તેમણે ફર્માવ્યું કે અમે સૌ પંદરસો જેટલા

હતા. પરંતુ પાણી એટલું બધું હતું કે **લવ કુન્ના મિઅત અલ્ફિ લ–કફાના.** (મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૨૫૩, બાબુલ મો'જિઝાત) જો અમે એક લાખ પણ હોત તો બધાને એ પાણી પૂરતું થઈ જાત. આ હદીષ બુખારી શરીફમાં પણ છે અને હઝરત જા'બિર رضی اللہ عنہ ઉપરાંત હઝરત અનસ અને હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہما ની રિવાયતોથી પણ આંગળીઓથી પાણીની નહેરો જારી થવાની ઘણી હદીષો રિવાયત થઈ છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૦૪ અને પેજ–૫૦૫, અલામાતુન્નબુવ્વહ્)*

સુબ્હાનલ્લાહ ! એ જ સુંદર દશ્યનું ચિત્રણ કરતાં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ એ કેવું સુંદર આલેખન કર્યું છે :–

ઉંગલિયાં હૈં ફૈઝ પર તૂટે હૈં પ્યાસે ઝુમકર
નદ્દિયાં પંજાબે રહમત કી હૈં જારી વાહ વાહ

## ★ જમીને લાશને ઠુકરાવી ★

એક ખ્રિસ્તી મુસલમાન બની દરબારે નબુવ્વતમાં રહેવા લાગ્યો સૂરએ બકરહ્ અને સૂરએ આલે ઈમરાન પઢી ચૂક્યો હતો. તે સુંદર અક્ષરે લખાણ લખનાર હતો આથી તેને વહી લખવાનું કામ સોંપવામાં આવ્યું. પરંતુ તે બદ્નસીબ ફરી ધર્મ પરિવર્તન કરી કાફિરો સાથે ભળી ગયો અને કહેવા લાગ્યો કે નબી  માત્ર એટલું જ જ્ઞાન ધરાવે છે જેટલું હું એમને લખીને આપતો હતો. અલ્લાહના પ્રકોપે એ અવજ્ઞાકારીને ઝડપી લીધો અને તે મૃત્યુ પામ્યો, ખ્રિસ્તીઓએ એને દફન કર્યો પરંતુ જમીને એની લાશને બહાર ફેંકી દીધી. ખ્રિસ્તઓએ ઊંડામાં ઊંડી કબર ખોદી ત્રણ વખત એને દફન કર્યો. પરંતુ દર વખતે જમીને એની લાશને બહાર ફેંકી દીધી. જેથી ખ્રિસ્તીઓએ પણ એ વાતનો વિ□ાસ કરી લીધો કે એની લાશને બહાર ફેંકવી એ કોઈ માણસનું કામ ન હતું. આથી એ લોકોએ એની લાશને જમીન પર નાખી દીધી. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૧, અલામાતુન્નબુવ્વહ્)*

## ★ ખંદકના યુદ્ધની આંધી ★

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે નુસિર્તુ બિસ્સબા વઉહ્લિકત્ આદુન્ બિદબૂર. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૫૮૯, ગઝવએ ખંદક)*





**અર્થાત** : પૂર્વીય પવનથી મારી મદદ કરવામાં આવી અને કૌમે આદ પશ્ચિમના પવનથી નષ્ટ કરી દેવાઈ.

એ બનાવ આ રીતે છે કે ખંદકના યુદ્ધમાં કુરૈશ અને ગત્ફાનના કબીલાઓ તથા કુરૈઝા અને બની નુઝૈરના યહૂદીઓ તેમજ બીજા મુશ્રિકોએ સંયુક્ત લશ્કરી દળો સાથે મદીના પર હુમલો કરી દીધો અને મુસલમાનોએ મદીનાની ફરતે ખાઈ ખોદીને એ ફૌજી હુમલાથી રક્ષણ મેળવ્યું, ત્યારે એ શૈતાની લશ્કરોએ મદીનાનો એવો સખત ઘેરો ઘાલ્યો કે મદીનામાં મદીનાની બહારથી એક ઘઉંનો દાણો અને પાણીનું એક ટીપું પણ લઈ જવું મુશ્કેલ બની ગયું હતું. સહાબાએ કિરામ આ મુસીબતો અને અતિરેકથી જો કે હેરાન હતા પરંતુ એમના ઈમાની જુસ્સાની દઢતામાં વાળ જેટલો પણ ફેર પડયો ન હતો. બરાબર એ જ હાલતમાં નબીયે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો આ મો'જિઝો જાહેર થયો કે પૂર્વ તરફથી એક એવો જોરદાર પવન ફૂંકાયો જેમાં કડકડતી ઠંડી પણ હતી અને એમાં એવા તીવ્ર સુસવાટા અને ઝપાટા હતા કે ધૂળ અને ડમરીઓનો વાદળ છવાઈ ગયો. કાફિરોની આંખો ધૂળ અને કાંકરીઓથી ભરાઈ ગઈ. એમના ચૂલાઓની આગ ઓલવાઈ ગઈ અને મોટી મોટી દેગો ચૂલાઓ પરથી આડી અવળી થઈને ગબડતી ગબડતી દૂર ફેંકાઈ ગઈ. તંબુઓના ખૂંટા ઉખડી ગયા અને તંબુઓ ઉડી ઉડીને ફાટી ગયા.

ઘોડાઓ એકબીજા સાથે અથડાઈને લડવા લાગ્યા. મતલબ આ આંધી કાફિરો માટે એક એવો સખત પ્રકોપ બનીને તૂટી પડી કે કાફિરોના પગ નિર્મૂળ થઈ ગયા, એમની હિંમત તૂટી ગઈ અને તેઓ નાસી જવા માટે વિવિશ થઈ ગયા અને બેબાકળા થઈ આંધળી દોટ મૂકી. આ એ જ આંધી છે જેનું વર્ણન ખુદાવંદે કુદૂસે પોતાના પવિત્ર ગ્રંથ કુર્આન મજીદમાં આ શબ્દોમાં કહ્યું કે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا ؕ وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ۚ (احزاب)

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહનો ઉપકાર તમારા પર યાદ કરો, જ્યારે તમારા પર કેટલાક લશ્કરો આવ્યાં ત્યારે અમે એમના પર આંધી અને લશ્કર મોકલ્યાં જે તમને દેખાતાં ન હતાં અને અલ્લાહ તમારાં કામોને જુએ છે." *(સૂરએ અહઝાબ)*

## ★ આગ બાળી ન શકી ★

હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓમાં ઘણા એવા પ્રસંગો છે કે આગ એ વસ્તુઓને બાળી ન શકી જેમને આપની હસ્તી સાથે કોઈ સંબંધ હોય ?!

જેમ કે કુત્બુદ્દીન કસ્તલાની علیہ الرحمۃ والرضوان એ તેમના પુસ્તક "જુમલુલ ઈજાઝ ફિલ એજાઝ"માં લખ્યું છે કે એ આગ જે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ગૈબની ખબર અનુસાર ૬૫૪ હિજરીમાં મદીના મુનવ્વરા પાસે કુરૈઝા કબીલાની પહાડીઓમાંથી પ્રગટ થઈ તે પથ્થરોને બાળી નાખતી હતી અને કેટલાક પથ્થરોને ઓગાળી દેતી હતી. એ આગ જ્યારે વધતાં વધતાં હરમે મદીનાની પાસે પહોંચી એક પથ્થર નજીક પહોંચી જેનો અડધો ભાગ હરમે મદીનામાં હતો અને અડધો ભાગ હરમે મદીનાની બહાર હતો ત્યારે પથ્થરનો જે ભાગ હરમની બહાર હતો તેને આગે બાળી નાખ્યો. પરંતુ જ્યારે એ અડધા ભાગ સુધી પહોંચી જે હરમે મદીનામાં હતો. ત્યાં તે તરત જ ઓલવાઈ ગઈ.

આ રીતે ઈમામ કુર્તબી علیہ الرحمۃ والرضوان એ લખ્યું છે કે એ આગ મદીના તૈયબાની નજીક દેખાઈ હતી અને સમુદ્રની જેમ ઉછાળા મારતી યમનના એક ગામ સુધી પહોંચી ગઈ અને એને બાળીને ભસ્મ કરી નાખ્યું પરંતુ મદીના તૈયબા તરફ એ આગમાંથી ઠંડા ઠંડા પરોઢિયાના પવન જેવો પવન વાતો હતો. એ આગનો પ્રસંગ થોડાક પાનાંઓ પહેલાં અમે વિગતવાર લખી ચૂક્યા છીએ. *(અલ્ કલામુલ્ મુબીન, પેજ–૧૦૭)*

એ જ રીતે "નસીમુર્રિયાઝ"માં લખ્યું છે કે અદીમ બિન તાહિર અલ્વી પાસે ચૌદ "મુબારક વાળ" હતા તેમણે તે અમીરે હલબના દરબારમાં રજૂ કર્યા. અમીરે હલબે ખુશ થઈને એ પવિત્ર તોહફાને સ્વીકારી લીધો અને અલ્વી સાહબનું ખૂબ માન સન્માન કરતાં તેમને ભેટ સોગાદોથી નવાજી માલમાલ કરી દીધા. પરંતુ ત્યાર પછી જ્યારે ફરી અલ્વી સાહબ અમીરે હલબના દરબારમાં ગયા ત્યારે અમીરે કપાળે વળ દઈ બહુ જ વ્યગ્રતાથી વાતચીત કરી અને એમની તરફથી ઉપેક્ષા સાથે મોઢું ફેરવી લીધું. અલ્વી સાહબે એ ઉપેક્ષા અને વ્યગ્રતાનું કારણ પૂછયું ત્યારે અમીરે હલબે કહ્યું કે મેં લોક મુખે સાંભળ્યું છે કે તમે જે મુબારક વાળ મારી પાસે લાવ્યા હતા એમનું





કોઈ પ્રમાણ અને સનદ નથી. અલ્વી સાહબે કહ્યું, આપ એ પવિત્ર વાળ મારી સામે લાવો. જ્યારે તે લાવવામાં આવ્યા ત્યારે તેમણે આગ મંગાવી અને મુબારક વાળ ભભૂકતી આગમાં નાખી દીધા. સંપૂર્ણ આગ બળી બળીને રાખ થઈ ગઈ પરંતુ મુબારક વાળને ઉની આંચ પણ ન આવી.બલ્કે આ દશ્ય જોઈને હલબના અમીરે અલ્વી સાહબના ચરણો ચૂમ્યા અને પછી અલ્વી સાહબને ભેટ સોગાદથી એવા તો નવાજ્યા કે દરબારીઓ એમના સન્માન અને પ્રભાવને જોઈ સ્તબ્ધ થઈ ગયા. *(અલ્ કલામુલ મુબીન, પેજ–૧૦૮)*

એ જ રીતે હઝરત અનસ رضی اللہ عنہ ના પાથરેલા ભોજનની રિવાયત મશહૂર છે, કેમ કે એ ભોજન પાથરણાથી હુઝૂર અકદસ علیہ الصلوٰۃ والسلام એ પોતાના મુબારક હાથ અને મોઢું સાફ કર્યું હતું. આથી એ ભોજન પાથરણું આગના ભભૂકતા તંદૂરમાં નાખી દેવામાં આવતું તો પણ આગ એને બાળતી ન હતી બલ્કે એને વધુ સ્વચ્છ કરી નાખતી હતી. *(મષ્નવી શરીફ, મૌલાના રૂમી)*

## ★ એક જરૂરી તાકીદ ★

સુલતાને કૌનૈન વ શહનશાહે દારૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ના એ હજારો મો'જિઝાઓમાંથી આ થોડાક માત્ર છે. જેમના વર્ણનોથી હદીષો અને સીરતના પુસ્તકો ભરપૂર છે. અમે એ પૈકીના કેટલાક મો'જિઝાઓ કોઈપણ પ્રકારે મઠાર્યા વગર સરળ શબ્દોમાં અતિ સંક્ષિપ્તમાં લખી દીધા છે. જેથી કરીને એ નૂરાની મો'જિઝાઓ વાંચીને વાંચકોની છાતીઓમાં મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહાનતા અને રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતના હજારો ઈમાની દીવાઓ પ્રજ્વલિત થઈ જાય. અને દરેક મુસલમાન પોતાના વહાલા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના માન આદર અને એમની કૃપાઓ શ્રેષ્ઠતાઓની બુલંદીઓને ઓળખી લે અને એના ઈમાનના બગીચામાં દરેક પળે, દરેક ક્ષણે રસૂલના પ્રેમ અન મહાનતાના પુષ્પો ખિલતા રહે. અને તેઓ ઈર્ફાનના આવેશ અને ઈમાનની ભાવના સાથે બંને લોકમાં આ એલાન કરતો રહે કે :–

સર તા કદમ અલ્લાહ કી શાન હૈં યેહ
ઉનસા નહીં ઈન્સાન, વોહ ઈન્સાન હૈં યેહ
કુર્આન તો ઈમાન બતાતા હૈ ઉન્હેં
ઈમાન યે "કહતા" હૈ મેરી જાન હૈં યેહ

અને કદાચ એ લોકોને પણ એનાથી કંઈક બોધ મળે જેમણે સીરતે નબવિયાના વિષય પર કલમો ઘસી અને કાગળો કાળા કરીને સરવરે અંબિયા મહબૂબે કિબરીયા ﷺ ની પવિત્ર પૈગંબરી જિંદગીને એક સામાન્ય માનવીના રૂપમાં રજૂ કરી છે અને વારંવાર પોતાનો એ નાપાક દષ્ટિકોણ અને ગંદા હેતુની જાહેરાત કરતા રહે છે કે ખુદાના પૈગંબરની સીરતમાં આવી કમાલોનું વર્ણન કરવું નહીં જોઈએ.

સંક્ષિપ્તમાં જોઈએ કે એના પર બધા જ સત્યપ્રેમીઓની સર્વસંમતિ અને એકમતી છે કે અલ્લાહ તઆલાએ તમામ અંબિયા કિરામને જે જે મો'જિઝાઓથી નવાજયા છે એ તમામ મો'જિઝાઓને હુઝૂર અકરમ ﷺ ની વિશિષ્ટતાપૂર્ણ જાતમાં એકત્રિત કરી દીધા છે અને એ ઉપરાંત અસંખ્ય એવો મો'જિઝાઓથી પણ હઝરતે હક્ક જલ્લ જલાલહૂએ પોતાના અંતિમ પૈગંબર શફીએ મેહશર ﷺ ને અજોડ બનાવી દીધા જે આપની વિશેષતાઓ કહેવાય છે. અર્થાત આ આપના ચમત્કારો અને મો'જિઝાઓ છે કે જે કોઈ નબી અને રસૂલને આપવામાં આવ્યા નથી. જેમ કે :–

## ★ કેટલીક ઉચ્ચતમ વિશેષતાઓ ★

૧. આપની જન્મની હેસિયતે "અવ્વલુલ્ અંબિયા" પ્રથમ નબી હોવું જેમ કે હદીષમાં આવ્યું છે કે, **કાન નબીયૌં વઆદમુ બૈનરૂહિ વલ્ જસદિ** અર્થાત : હુઝૂર એ સમયે નબુવ્વતથી નવાજાઈ ચૂક્યા હતા જ્યારે કે હઝરત આદમ علیہ السلام શરીર અને રૂહના તબક્કામાંથી પસાર થઈ રહ્યા હતા. *(ઝુર્કાની અલલ મવાહિબ, ભાગ–૫, પેજ–૨૪૨)*

૨. આપનું અંતિમ નબી હોવું.

૩. સમગ્ર સૃષ્ટિનું સર્જન આપના માટે થયું.

૪. આપનું પવિત્ર નામ અર્શ અને જન્નતના માથે અંકિત કરવામાં આવ્યું.

૫. બધા જ આકાશી ગ્રંથોમાં આપની ભવિષ્યવાણી કરવામાં આવી.

૬. આપના જન્મ સમયે બધી જ મૂર્તિઓ ઊંધી થઈ પડી ગઈ.

૭. આપનું શક્કે સદ્ર (છાતી છેદન) થયું.

૮. આપને મેઅરાજ અર્પણ કરવામાં આવી અને આપની સવારી માટે





બુર્રાક બનાવવામાં આવી.

૯. આપ પર અવતરિત થનારો ગ્રંથ પરિવર્તન અને ફેરફારથી સુરિક્ષત કરી દેવાયો અને કયામત સુધી એના સ્થાયિત્વ અને રક્ષણની જવાબદારી અલ્લાહ તઆલાએ પોતે સ્વીકારી.

૧૦. આપને આયતુલ કુર્સી અર્પણ કરવામાં આવી.

૧૧. આપને ધરતીના તમામ ખજાનાઓની ચાવીઓ અર્પણ કરવામાં આવી.

૧૨. આપને "જવામિઉલ કલિમ"ના મો'જિઝાથી નવાજવામાં આવ્યા.

૧૩. આપને સાર્વત્રિક રિસાલતના પદથી વિશિષ્ટ કરવામાં આવ્યા.

૧૪. આપના સમર્થન અને પુષ્ટિ માટે ચંદ્રના બે ભાગ થવાનો મો'જિઝો અસ્તિત્વમાં આવ્યો.

૧૫. આપના માટે માલેગનીમતને અલ્લાહ તઆલાએ હલાલ ઠેરવ્યો.

૧૬. સમગ્ર ધરતીને અલ્લાહ તઆલાએ આપને માટે મસ્જિદ અને પવિત્રતા પ્રાપ્ત કરવા તયમ્મુમનું સાધન બનાવી દીધું.

૧૭. આપના કેટલાક મો'જિઝાઓ (કુર્આન મજીદ) કયામત સુધી કાયમ રહેશે.

૧૮. અલ્લાહ તઆલાએ તમામ અંબિયાઓને તેમનું નામ લઈ સંબોધ્યા. પરંતુ આપને સારા સારા ઈલ્કાબોથી સંબોધ્યા.

૧૯. અલ્લાહ તઆલાએ આપને "હબીબુલ્લાહ"ના આદરણીય લકબથી ઉત્કૃષ્ટ કર્યા.

૨૦. અલ્લાહ તઆલાએ આપની રિસાલત, આપની જિંદગી, આપના શહેર, આપના યુગના સોગંદ સાથે યાદ ફર્માવ્યા.

૨૧. આપ સમગ્ર આદમ علیہ السلام નાં સંતાનના સરદાર છે.

૨૨. આપ અલ્લાહ તઆલાના દરબારમાં અકરમુલ ખલ્ક (મખ્લૂકમાં શ્રેષ્ઠ) છે.

૨૩. કબ્રમાં આપની બાબતે મુન્કર નકીર સવાલ કરશે.

૨૪. આપના પછી આપની પુનિત પત્નીઓ સાથે નિકાહ કરવો હરામ ઠરાવાયો.

**૨૫.** દરેક નમાઝી પર અનિવાર્ય કરી દેવાયું કે નમાઝમાં **અસ્સલામુ અલૈક અય્યહુન્નબીયુ** (એટલે કે યા **નબી સલામ અલૈક** એટલે હે નબી ! તમારા પર સલામ) પઢીને આપને સલામ કરે.

**૨૬.** જો કોઈ નમાઝીને નમાઝની હાલતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોકારે તો તે નમાઝ છોડીને આપના પોકાર પર દોડી જાય. આ તેના પર વાજિબ અનિવાર્ય છે. અને આમ કરવાથી તેની નમાઝ તૂટશે નહીં.

**૨૭.** અલ્લાહ તઆલાએ પોતાની શરીઅતના આપને અધિપતિ બનાવ્યા છે, આપ જેના માટે જે ચાહે હલાલ ફર્માવી દે અને જેના માટે જે ચાહે હરામ ફર્માવી દે.

**૨૮.** આપના મિમ્બર અને કબરે અન્વર વચ્ચેની જમીન જન્નતના બગીચાઓમાંથી એક બગીચો છે.

**૨૯.** સૂર ફૂંકાતાં સૌ પ્રથમ આપ પોતાની કબરમાંથી બહાર આવશે.

**૩૦.** આપને મુકામે મહમૂદ આપવામાં આવ્યો.

**૩૧.** આપને ઉચ્ચતમ શફાઅતના બહુમાનથી નવાજવામાં આવ્યા.

**૩૨.** આપને કયામતના દિવસે "લિવાઉલ હમ્દ" અર્પણ કરવામાં આવ્યું.

**૩૩.** આપ સૌ પ્રથમ જન્નતમાં દાખલ થશે.

**૩૪.** આપને હૌઝે કૌષર આપવામાં આવ્યો.

**૩૫.** કયામતના દિવસે દરેક શખ્સનો વંશ સંબંધ કપાઈ જશે પરંતુ આપનો વંશ સંબંધ કપાશે નહીં.

**૩૬.** આ સિવાય કોઈ નબી પાસે હઝરત ઈસરાફીલ علیہ السلام ઉતર્યા નથી.

**૩૭.** આપના દરબારમાં ઊંચા સ્વરે બોલનારના નેક કર્મો નષ્ટ કરી દેવાય છે.

**૩૮.** આપને હુજરાઓની બહારથી પોકારવાનું હરામ ઠરાવાયું.

**૩૯.** આપની સહેજ પણ ગુસ્તાખી (અવિવેક) કરનારની સજા કત્લ છે.

**૪૦.** આપને તમામ અંબિયા علیہم السلام થી વધારે મો'જિઝાઓ અર્પણ કરવામાં આવ્યા. *(ઝુર્કાની, અલલ્ મવાહિબ, ભાગ–૫)*





**(પ્રકરણ-૨૧)**

# ઉમ્મત પર હુઝૂર ﷺ ના હક્કો

હર ગરીબોં કે આકા પર બેહદ દુરૂદ
હમ ફકીરોં કી ષરવત પે લાખોં સલામ

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ઉમ્મતના માર્ગદર્શન અને સુધારણા તેમજ તેમની ભલાઈ અને કલ્યાણ માટે જે જે તકલીફો સહન કરી અને એ માર્ગમાં આપે જે જે મુશ્કેલીઓનો સામનો કર્યો એનું અમુક વર્ણન આપ આ પુસ્તકમાં વાંચી ચૂક્યા છો અને આપને પોતાની ઉમ્મત સાથે જે અપાર પ્રેમ અને એની મુક્તિ અને મગફિરતની ચિંતા અને એક એક ઉમ્મતી પર આપનું વાત્સલ્ય અને કૃપાની જે સ્થિતિ છે એના પર કુર્આનમાં ખુદાવંદે કુદ્દૂસનું ફર્માન સાક્ષી છે કે :–

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ

"નિઃશંક ! તમારી પાસે આવ્યા તમારામાંથી એ રસૂલ જેના પર તમારું તકલીફમાં પડવું અસહ્ય છે. તમારી ભલાઈના અતિ ચાહનારા, મુસલમાનો પર બહુ જ અતિકૃપા કરનાર છે." *(સૂરએ તૌબા)*

આખી આખી રાત જાગીને ઈબાદત કરવામાં વ્યસ્ત રહેતા અને ઉમ્મતની મગફિરત માટે અલ્લાહના દરબારમાં અતિવ્યાકૂળ થઈ રૂદન કરતા રહેતા, એટલે સુધી કે ઊભા રહેવાને કારણે આપના મુબારક પગો પર સોજો ચડી જતો હતો.

સ્પષ્ટ છે કે હુઝૂર સરવરે અંબિયા મહબૂબે કિબરીયા علیہ الصلوٰۃ والسلام એ પોતાની ઉમ્મત માટે જે જે તકલીફો સહન કરી એનો તકાઝો એ છે કે ઉમ્મત પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના કેટલાક હક્કો છે જેને પૂરા કરવા દરેક ઉમ્મતી પર ફર્ઝ અને અનિવાર્ય છે.

હઝરત અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ આપના પવિત્ર હક્કોને તેમના પુસ્તક "શિફા શરીફ"માં ખૂબ જ વિગતવાર વર્ણવ્યા છે. અમે અત્રે અતિસંક્ષિપ્તમાં એનો ખુલાસો રજૂ કરતાં આઠ હક્કોનું વર્ણન કરીએ છીએ.

(૧) રસૂલુલ્લાહ પર ઈમાન (૨) રસૂલની સુન્નતનું અનુસરણ (૩) રસૂલનું આજ્ઞાપાલન (૪) રસૂલનો પ્રેમ (૫) રસૂલનો આદર (૨૬) રસૂલના ગુણગાન (૭) દુરૂદ શરીફ (૮) કુર્આનની ઝિયારત.

## ★ રસૂલ صلی اللہ علیہ وسلم પર ઈમાન ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની નબુવ્વત અને રિસાલત પર ઈમાન લાવવું અને જે કંઈ આપ અલ્લાહ તઆલાના તરફથી લાવ્યા છે, સાચા હૃદયથી એને સાચું માનવું દરેક દરેક ઉમ્મતીની મૂળ ફરજ છે અને દરેક મો'મિનનું એના પર ઈમાન છે કે રસૂલ પર ઈમાન લાવ્યા વગર કદાપિ કદાપિ કોઈ મુસલમાન થઈ શક્તો નથી. કુર્આનમાં ખુદાવંદે આલમ عزوجل નું ફર્માન છે કે :–

وَمَنْ لَّمْ يُؤْمِنْ بِاللّٰهِ وَرَسُوْلِهٖ فَاِنَّآ اَعْتَدْنَا لِلْكٰفِرِيْنَ سَعِيْرًا ۝ (فتح)

"જે અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન ન લાવ્યો તો ચોક્કસ અમે કાફિરો માટે ભભૂકતી આગ તૈયાર રાખી છે." *–(સૂરએ ફત્તહ)*

આ આયતે તદ્દન ખુલાસો અને સ્પષ્ટતા સાથે એ ફૈસલો કરી દીધો કે જે લોકો રસૂલની રિસાલત પર ઈમાન નહીં લાવે તેઓ ભલે તૌહીદનો ડંકો ઉંમરભર પીટતા રહે છતાં પણ તેઓ કાફિર અને જહન્નમી બની રહેશે. આથી ઈસ્લામનો બુનિયાદી કલમો અર્થાત **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** છે. અર્થાત મુસલમાન થવા માટે ખુદાની તૌહીદ અને રસૂલની રિસાલત બંને પર ઈમાન લાવવું જરૂરી છે.

## ★ રસૂલની સુન્નતનું અનુસરણ ★

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક સીરત અને આપની પવિત્ર સુન્નતનું અનુસરણ અને અનુકરણ દરેક મુસલમાન પર ફરજ અને





અનિવાર્ય છે. રબ્બુલ ઈઝ્ઝત જલ્લ જલાલહૂનું ફર્માન છે કે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَ يَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ ۝ (آل عمران)

"(હે રસૂલ !) ફમાવી દો કે જો તમે અલ્લાહથી પ્રેમ કરો છો તો મારું અનુસરણ કરો, અલ્લાહ તમને પોતાનો પ્રિય બનાવી લેશે અને તમારા ગુનાહોને માફ કરી દેશે અને અલ્લાહ ઘણો માફ કરનારો અને કૃપા કરનારો છે." *–(સૂરએ આલે ઈમરાન)*

આથી જ ઉમ્મતના આકાશના ચળકતા તારાઓ, હિદાયતના તેજસ્વી તારલાઓ, અલ્લાહ અને રસૂલના વહાલા સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین આપની દરેક સુન્નતે કરીમાના અનુસરણ અને અનુકરણને પોતાની જિંદગીના દરેક પળ અને દરેક પગલે પોતાના માટે ઈમાનની અનિવાર્યતા અને અમલની આવશ્યક્તા સમજતા હતા. અને ક્યારેય કોઈપણ પ્રસંગે પોતાના વ્હાલા રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર સુન્નતોની અવગણના કે ત્યાગને પસંદ કરી શક્તા ન હતા.

## ★ સિદ્દીકે અકબરની અંતિમ ઈચ્છા ★

અમીરુલ મુ'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ તેમના મૃત્યુના માત્ર અમુક કલાક પહેલાં અમીરુલ મુ'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا થી પૂછયું કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક કફનમાં કેટલાં કપડાં હતાં ? અને આપનું મૃત્યુ ક્યા દિવસે થયું ? આ પ્રશ્નોનું કારણ એ હતું કે આપની એવી પરમ ઈચ્છા હતી કે જીવનની દરેક પળોમાં તો મેં મારા બધા જ વ્યવહારોમાં હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક સુન્નતોનું પૂર્ણ રીતે અનુસરણ કર્યું છે. મૃત્યુ બાદ કફન અને વફાતના દિવસે પણ મને આપની સુન્નતનું અનુસરણ પ્રાપ્ત થાય. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૮૬, બાબ મૌતુલ ઈસ્નૈન)*

## ★ હઝરત અબૂ હુરૈરહ અને શેકેલ બકરી ★

એક વખત હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એક એવા જૂથ પાસેથી પસાર થયા જેની સામે ખાવા માટે શેકેલી એક આખી બકરી મૂકેલી હતી.

લોકોએ આપને ખાવા માટે બોલાવ્યા ત્યારે આપે એમ કહીને ખાવાનો ઈન્કાર કરી દીધો કે હુઝૂર નબીયે કરીમ ﷺ દુનિયામાંથી ગયા અને ક્યારેય જવની રોટલી પેટ ભરીને ખાધી નહીં, ત્યારે હું કેવી રીતે લિજ્જતદાર અને સ્વાદિષ્ટ વાનગીઓ આરોગી શકું ?! *(મિશ્કાત, ભાગ–૨, પેજ–૪૪૬, પ્રકરણ : ફઝલુલ ફુકરા)*

## ★ હઝરત અબ્બાસના ઘરનું પરનાળુ ★

રિવાયત છે કે હઝરત અબ્બાસ رضی اللہ عنہ નું ઘર મસ્જિદે નબવી સાથે જોડાયેલું હતું અને એ મકાનના પરનાળાનું પાણી વરસાદમાં આવતા જતા નમાઝીઓ ઉપર પડતું હતું. અમીરુલ્ મુ'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ એ પરનાળાને ઉખેડી નાખી. હઝરત અબ્બાસ رضی اللہ عنہ આપની પાસે આવ્યા અને કહ્યું કે, ખુદાના સોગંદ ! આ પરનાળાને રસૂલુલ્લાહ ﷺ એ મારા ખભા પર બેસીને પોતાના પવિત્ર હાથોથી લગાડી હતી. આ સાંભળીને અમીરુલ્ મુ'મિનીને ફર્માવ્યું કે, હે અબ્બાસ ! મને એની જાણ ન હતી. હું આપને કહું છું કે, આપ મારા ખભા પર બેસીને એ પરનાળાને ફરી એ જ જગ્યાએ લગાડી દો. પછી એમ જ કરવામાં આવ્યું. *(વફાઉલ વફા, ભાગ–૧, પેજ–૩૪૮)*

## ★ રસૂલનું આજ્ઞાપાલન ★

આ પણ દરેક ઉમ્મતી પર રસૂલે ખુદા ﷺ નો હક્ક છે કે દરેક ઉમ્મતી દરેક સંજોગોમાં આપના દરેક આદેશનું આજ્ઞાપાલન કરે અને આપ જે વાતનો આદેશ આપી દે તો વાળના કરોડમાં ભાગ બરાબર પણ એના ઉલ્લંઘનનું સ્મરણ સુદ્ધાં ન કરે. કેમ કે આપનું આજ્ઞાપાલન અને આપના આદેશો સામે માથું નમાવી દેવું દરેક ઉમ્મતીની પર ફરજ છે. કુર્આન મજીદમાં ઈર્શાદે ખુદાવંદી છે કે :–

(૧) اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ

''આદેશ માનો અલ્લાહનો અને આદેશ માનો રસૂલનો.'' *(સૂરએ નિસા)*

(૨) مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ





''જેણે રસૂલનો હુકમ માન્યો નિઃશંક ! તેણે અલ્લાહનો હુકમ માન્યો.'' *(સૂરએ નિસા)*

(૩) وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ؕ (نساء)

**(3)** ''અને જેઓ અલ્લાહ અને એના રસૂલનું આજ્ઞાપાલન કરશે તેને તેમનો સંગાથ મળશે જેમને અલ્લાહે પુરસ્કૃત કર્યા. અર્થાત અંબિયા, સિદ્દીક, શહીદ અને નેક લોકો, તેઓ ઘણા જ સારા સાથી છે.'' *(સૂરએ નિસા)*

કુર્આન મજીદની આ પવિત્ર આયતો એલાન કરી રહી છે કે, રસૂલના આજ્ઞાપાલન કરનારાઓ માટે જ એવા એવા બુલંદ દરજ્જાઓ છે કે તેઓ બધા અંબિયા, સિદ્દીકો, શહીદો અને નેક લોકો સાથે રહેશે.

દરેક ઉમ્મતી માટે રસૂલના આજ્ઞાપાલનની શું ભવ્યતા હોવી જોઈએ એના દર્શન કરવા હોય તો આ રિવાયત ધ્યાનપૂર્વક વાંચો.

## ★ સોનાની વીંટી ફેંકી દીધી ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને જોયો કે તેણે સોનાની વીંટી પહેરેલી છે. આપે એના હાથમાંથી વીંટીને કાઢીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે, શું તમારામાંથી કોઈ એમ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં નાખે ?! હુઝૂર ﷺ ના ગયા બાદ લોકોએ એ શખ્સને કહ્યું, તું તારી વીંટી ઉપાડી લે (અને એને વેચીને) એનો ફાયદો ઉઠાવી લે. તો તેણે જવાબ આપ્યો કે ખુદાના સોગંદ ! જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ એ વીંટી ફેંકી દીધી તો હવે હું એ વીંટીને ક્યારેય ઉઠાવી શકતો નથી ! (અને એ તે એને છોડીને ચાલ્યો ગયો.) *(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૩૭૮, પ્રકરણ : અલ ખાતિમ)*

## ★ રસૂલનો પ્રેમ ★

એ જ રીતે દરેક ઉમ્મતી પર રસૂલુલ્લાહ ﷺ નો હક્ક છે કે તે સમગ્ર જગત કરતાં વધારે આપની સાથે પ્રેમ રાખે અને સમગ્ર દુનિયાની

પ્રિય વસ્તુઓને આપના પ્રેમના ચરણો પર ન્યોછાવર કરી દે. ખુદાવંદે કુદૂસ જલ્લ જલાલહૂનું ફર્માન છે કે :–

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَاِخْوَانُكُمْ وَ اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَاَمْوَالُ ۨاقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ تَخْشَوْنَ كَسَادَهَا وَمَسٰكِنُ تَرْضَوْنَهَاۤ اَحَبَّ اِلَيْكُمْ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ وَجِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ اللّٰهُ بِاَمْرِهٖ ؕ وَاللّٰهُ لَا يَهْدِى الْقَوْمَ الْفٰسِقِيْنَ ۝ (توبہ)

"(હે રસૂલ !) આપ ફર્માવી દો જો તમારા પિતા અને તમારા પુત્રો અને તમારા ભાઈ અને તમારી પત્નીઓ અને તમારું કુટુંબ અને તમારી કમાણીનો માલ, અને એ સોદો જેના નુકસાનનો તમને ભય છે અને તમારી પસંદગીના માલ, આ વસ્તુઓ અલ્લાહ અને એના રસૂલ અને એના માર્ગમાં લડવાથી વધુ પ્રિય હોય તો રાહ જુઓ એટલે સુધી કે અલ્લાહ તેનો હુકમ લાવે અને અલ્લાહ દુષ્ટોને માર્ગ નથી દેખાડતો." *(સૂરએ તૌબા)*

આ આયતથી પુરવાર થાય છે કે દરેક મુસલમાન પર અલ્લાહ તઆલા અને એના રસૂલનો પ્રેમ પ્રથમ ફરજ છે. કેમ કે આયતનો ભાવાર્થ એ છે કે, હે મુસલમાનો ! જ્યારે તમે ઈમાન લાવ્યા છો અને અલ્લાહ અને એના રસૂલના પ્રેમનો દા'વો કરો છો તો હવે એના પછી જો તમે કોઈ અન્યના પ્રેમને અલ્લાહ અને રસૂલના પ્રેમ પર પ્રાધાન્યતા આપો તો બરાબર સમજી લો કે તમારો ઈમાન અને અલ્લાહ અને રસૂલના પ્રેમનો દા'વો તદ્દન ખોટો છે અને તમે અલ્લાહના પ્રકોપ તેમજ અલ્લાહના ક્રોધથી નહીં બચી શકો.

એ જ રીતે આયતના અંતિમ ભાગથી એ પણ પુરવાર થાય છે કે, જેના દિલમાં અલ્લાહ અને રસૂલનો પ્રેમ નથી, ચોક્કસ ! નિઃશંક ! એના ઈમાનમાં ગડબડ છે.

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, તમારામાંથી કોઈ ત્યાં સુધી મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી કે હું એની નજીક એના પિતા, એની ઔલાદ અને બધા જ લોકો કરતાં વધારે પ્રિય ન થઈ જાઉં. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૭, પ્રકરણ : હુબ્બે રસૂલ)*





સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن ને હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم થી કેવો ગાઢ પ્રેમ હતો ? જો આપને એની ઝાંખીઓનાં દર્શન કરવા છે તો અત્રે પ્રસ્તુત પ્રસંગોને બોધગ્રહણ કરતી નજરે જુઓ અને બોધ ગ્રહણ કરો.

## ★ એક વૃદ્ધાની પ્રેમભાવના ★

આપ ઉહદના યુદ્ધના બયાનમાં જોઈ ચૂક્યા છે કે શૈતાને એવી જૂઠી અફવા ફેલાવી દીધી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم શહીદ થઈ ગયા. આ ભયાનક અફવા જ્યારે મદીના મુનવ્વરા પહોંચી ત્યારે ત્યાંની ધરા ધ્રુજી ઉઠી, એટલે સુધી કે ત્યાંની પર્દાનશીન સ્ત્રીઓનાં મન અને મસ્તિષ્કમાં દુ:ખના આઘાતનો ભૂંકપ આવી ગયો અને બની દીનારના કબીલાની એક સ્ત્રી તેના આવેશમાં ગળાડૂબ થઈ તેના ઘરથી નીકળી ગઈ અને યુદ્ધના મેદાન તરફ ચાલવા લાગી. માર્ગમાં તેને તેના પિતા, ભાઈ અને પતિની શહાદતની જાણ થઈ, પરંતુ તેણે કોઈ પરવા ન કરી અને લોકોને એમ પૂછતી રહી કે મને એ કહો કે રસૂલુલ્લાહ કેવા છે ? જ્યારે તેને જણાવવામાં આવ્યું કે, અલ્હમ્દુલિલ્લાહ ! તેઓ સહી સલામત છે, ત્યારે એનાથી પણ વૃદ્ધાને સાંત્વન ન મળી અને કહેવા લાગી કે તમે મને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના દર્શન કરાવી દો. જ્યારે લોકોએ તેને રહમતે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ લઈ જઈને ઊભી કરી દીધી અને તેણે નબુવ્વતનું રૂપ જોયું ત્યારે અનાયાસે તેના મુખે આ શબ્દો સરી પડયા કે, **કુલ્લુ મુસીબતિન્ બઅ્દઅક જલલુન.** આપ છો ત્યાં સુધી દરેક તકલીફ નગણ્ય છે. *(સીરતે ઈબ્ને હિશામ, ભાગ–૩, પેજ–૯૯, મિસરમાં પ્રકાશિત)*

બઅ્દહૂ ઉસને રુખે અન્વર કો જો દેખા તો કહા
તૂ સલામત હૈ તો ફિર હૈચ હૈ સબ રંજો અલમ
મૈં ભી ઔર બાપ ભી શૌહર ભી બિરાદર ભી ફિદા
અય શહે દીં ! તેરે હોતે ક્યા ચીઝ હૈં હમ ?!

## ★ હઝરત ષુમામાનું પ્રેમનું એલાન ★

હઝરત ષુમામા બિન ઉષાલ رضی اللہ عنہ ઈમાન લાવીને કહેવા લાગ્યા

કે, હે મુહમ્મદ  ખુદાના સોગંદ ! પહેલાં મારી નજીક ધરતી પર કોઈ ચહેરો આપના ચેહરાથી વધારે દ્વેષી ન હતો પરંતુ આજે આપનો એ જ ચેહરો મને બધા જ ચેહરાઓ કરતાં વધુ પ્રિય છે. ખુદાના સોગંદ ! મારી નજીક કોઈ દીન આપના દીનથી વધુ દ્વેષી ન હતો પરંતુ હવે આપનો એ જ દીન મારી નજીક બધા દીનો કરતાં વધારે પ્રિય છે. ખુદાના સોગંદ ! મારી નજીક કોઈ શહેર આપના શહેરથી વધારે દ્વેષી ન હતું. પરંતુ હવે આપનું એ જ શહેર મારી નજીક બધા શહેરો કરતાં વધુ પ્રિય છે. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૬૨૭, પ્રકરણ : વફદ બની હનીફ)*

## ★ મરણ પથારીએ રસૂલનો પ્રેમ ★

હઝરત બિલાલ رضی اللہ عنہ ના મૃત્યુનો સમય આવ્યો તો તેમની પત્નીએ દુઃખથી ભાંગી પડતાં કહ્યું કે, "વ અહરબાહ્" (હાય રે દુઃખ !) આ સાંભળીને હઝરત બિલાલ رضی اللہ عنہ એ મરણ શૈયાએ તડપતાં કહ્યું કે : **વાતરબાહુ ગદન અલ્કલ્ અહિબ્બહૂ મુહમ્મદૌં વસહ્બિહિ.** *(ઝુર્કાની, અલલ્ મવાહિબ)*

"વાહ રે ખુશી ! કાલે તમામ મિત્રોથી અર્થાત મુહમ્મદ  અને આપના સહાબાઓથી મળીશ."

## ★ હઝરત અલી અને રસૂલનો પ્રેમ ★

હઝરત અલી رضی اللہ عنہ થી કોઈએ પૂછયું કે, આપને રસૂલુલ્લાહ  થી કેટલો પ્રેમ છે ?! ત્યારે આપે ફર્માવ્યું કે, ખુદાના સોગંદ ! હુઝૂર  અમારા માલ, અમારી ઔલાદ, અમારા પિતા, અમારી મા અને સખત તરસ વખતે પાણી કરતાં પણ વધારે અમને પ્રિય છે. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૧૮)*

## ★ અબ્દુલ્લાહ બિન ઉમરની ચાહના ★

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમરનો પગ નિશ્ચેત થઈ ગયો, ત્યારે લોકોએ તેમને એ રોગના ઈલાજ માટે એ અમલ બતાવ્યો કે સમગ્ર જગતમાં આપને સૌથી વધુ જેનાથી ચાહના હોય તેને યાદ કરીને પોકારો, આ રોગ મટી જશે. આ સાંભળીને આપે "યા મુહમ્મદ !"નો ના'રો લગાડયો અને આપનો પગ સાજો થઈ ગયો. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૧૮)*





## ★ કોળાથી પ્રેમ ★

હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે એક દરજીએ હુઝૂર ﷺ ની દા'વત કરી. હું પણ સાથે હતો. જવની રોટલી અને સેરવો આપની સામે લાવવામાં આવ્યો. જેમાં સૂકા ગોશતની બોટીઓ અને દૂધીના ટુકડાઓ પડેલા હતા. મેં જોયું કે હુઝૂર ﷺ પ્યાલામાંથી દૂધીના ટુકડા વીણીને ખાતા હતા. આથી જ હું પણ એ દિવસથી દૂધીને ખૂબ પસંદ કરું છું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૮૧૭, બાબુલ મર્ક)*

આ લખાયેલ છે કે હઝરત ઈમામ અબૂ યૂસુફ (શિષ્ય ઈમામ અબૂ હનીફા) علیہ الرحمۃ والرضوان સામે એ રિવાયતનું વર્ણન થયું કે, હુઝૂર ﷺ ને દૂધી બહું પ્રિય હતી. એ બેઠકમાં એક શખ્સે કહ્યું કે, "અના માઉહિબ્બુહુ." (હું તો એને પસંદ કરતો નથી) આ સાંભળીને હઝરત ઈમામ યૂસુફે તલવાર ખેંચી લીધી અને ફર્માવ્યું કે :–

**جَدِّدِ الْإِيمَانَ وَإِلَّا لَأَقْتُلَنَّكَ અર્થાત** : "પોતાના ઈમાનને તાજુ કર ! નહીંતર હું તમને જરૂર મારી નાખીશ." *(મિર્કાત શરહ મિશ્કાત, ભાગ–૨, પેજ–૭૭)*

## ★ ઊંઘતા સમયે રસૂલની યાદ ★

અબ્દહ બિન્તે ખાલિદ બિન મઅ્દાનનું બયાન છે કે રોજ રાત્રે હઝરત ખાલિદ બિન મઅ્દાન رضی اللہ عنہ જ્યારે પોતાની પથારીએ ઊંઘતા તો અત્યંત ઉત્કંઠ અને ઉમળકા સાથે હુઝૂર ﷺ આપના સહાબાઓ મુહાજિરીન અને અન્સારનાં નામો લઈ લઈને યાદ કરતા અને એ દુઆ માગતા કે, હે અલ્લાહ ! મારું હૃદય આ મહાપુરુષના પ્રેમમાં વ્યાકૂળ છે અને મારી ઉત્કંઠા હવે હદ વટાવી ચૂકી છે. હવે તું મને વહેલી તકે મૃત્યુ આપી એ લોકો પાસે પહોંચાડી દે. આ જ પ્રમાણે કહેતાં કહેતાં એમને ઊંઘ આવી જતી હતી. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૧૭)*

અલ્લાહુ અકબર !

મૈં સો જાઉં યા મુસ્તફા કેહતે કેહતે
ખુલેં આંખ સલ્લિ અલા કેહતે કેહતે

## ✪ રસૂલના પ્રેમની નિશાનીઓ ✪

યાદ રાખો કે રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પ્રેમનો દા'વો કરનાર તો ઘણા છે પરંતુ ધ્યાન રાખો કે એની કેટલીક નિશાનીઓ છે જેને જોઈને એ વાતની ઓળખ થઈ જાય છે કે ખરેખર એના દિલમાં રસૂલના પ્રેમનો દીપક પ્રકાશિત છે. એ નિશાનીઓ પૈકી કેટલીક આ પ્રમાણે છે :–

**(૧)** આપના ઉપદેશ અને કાર્યોનું અનુસરણ કરે, આપની સુન્નતો પર અમલ, આપના આદેશો અને આજ્ઞાનું પાલન, આપની પવિત્ર શરીઅત પર સંપૂર્ણપણે અમલકર્તા થઈ જવું.

**(૨)** આપનું પુષ્કળ રટણ કરવું, અતિશય પ્રમાણમાં દુરૂદ શરીફ પઢવાં, આપની ઝિક્રની મુબારક મજલિસો જેમ કે મીલાદ શરીફ અને દીની જલ્સાઓમાં રુચિ અને હાજરી.

**(૩)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم અને એ બધા જ લોકો અને એ વસ્તુઓ સાથે પ્રેમ તેમજ તેમનો આદર સત્કાર જેમને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે સંબંધ અને નિસ્બત પ્રાપ્ત છે. જેમ કે સહાબાએ કિરામ, પુનિત પત્નીઓ, મુબારક ઘરાવાળા (એહલે બૈત), મદીના શહેર, કબ્રે અન્વર, મસ્જિદે નબવી, મુબારક અવશેષો, નિરીક્ષણ કરેલી વસ્તુઓ, પવિત્ર કુર્આન મજીદ અને હદીષો બધાનું માન સન્માન તેમજ તેમનો આદર વિવેક જાળવવો.

**(૪)** હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મિત્રો સાથે મિત્રતા અને એમના શત્રુઓ સાથે શત્રુતા અર્થાત બેદીનો અને અધર્મીઓ સાથે દુશ્મની રાખવી.

**(૫)** દુનિયા સાથે અરુચિ અને ગરીબાઈને માલદારી કરતાં બેહતર સમજવી, કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે, મારી સાથે પ્રેમ કરનાર તરફ ભૂખ ગરીબી એના કરતાં પણ વધારે તીવ્રતાથી પહોંચે છે જેમ કે પાણીનું પૂર તેની પરાકાષ્ઠા તરફ. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૫૮, અબ્વાબુઝ્ઝહદ)*

## ★ રસૂલનો આદર ★

ઉમ્મત પર હુઝૂર علیہ الصلوۃ والسلام ના હક્કો પૈકી એક અત્યંત મહત્વપૂર્ણ અને ખાસ અતિ ખાસ હક્ક એ પણ છે કે બધા જ ઉમ્મતીઓ પર અનિવાર્ય





છે કે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપની સાથે નિસ્બત ધરાવતી બધી જ વસ્તુઓનું માન સન્માન તેમજ તેમનો વિવેક આદર જાળવે અને ક્યારેય કદાપિ એમના પ્રત્યે કોઈ અનાદર ન કરે. અહકમુલ હાકિમીન જલ્લ જલાલહૂનું પરમ ફર્માન આ છે કે :–

إِنَّا أَرْسَلْنَاكَ شَاهِدًا وَّمُبَشِّرًا وَّنَذِيرًا ۙ لِّتُؤْمِنُوا بِاللَّهِ وَرَسُولِهِ وَتُعَزِّرُوهُ وَتُوَقِّرُوهُ وَتُسَبِّحُوهُ بُكْرَةً وَّأَصِيلًا

"બેશક ! અમે તમને (હે રસૂલ !) મોકલ્યા હાજરા હજૂર, ખુશખબરી આપનાર અને ડરાવનારા જેથી હે લોકો ! તમે અલ્લાહ અને એના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલનો આદર વિવેક કરો અને સવાર સાંજ અલ્લાહની પવિત્રતાનાં ગુણગાન કરો." *(સૂરએ ફત્હ)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું અપમાન કરનાર કાફિર છે ★

હઝરત અલ્લામા કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું છે કે, એ વાત પર ઉમ્મતના બધા જ આલિમોની સર્વસંમતિ છે કે :–

"હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ગાળો આપનાર અથવા એમની જાત, એમના કુટુંબ, એમના દીન, એમની કોઈ ટેવમાં ખામી કાઢનાર અથવા એ તરફ ઈશારો સંકેત કરનાર અથવા હુઝૂરને બદગોઈના માર્ગે કોઈ વસ્તુ સાથે સરખાવનાર અથવા આપ પર એબ લગાડનાર અથવા એમની મહાનતાને જૂઠાડનાર અથવા આપનો તિરસ્કાર કરનારને ઈસ્લામના બાદશાહના હુકમથી કતલ કરી નાખવામાં આવશે. એ જ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર લઅનત કરનાર અથવા આપના માટે બદ્દુઆ કરનાર અથવા આપની તરફ કોઈ એવી વાત જોડનાર જે આપના પદને લાયક ન હોય અથવા આપના માટે કોઈ નુકસાનની ખેવના કરનાર અથવા આપની મુબારક હસ્તી તરફ એવી વાણી ઉચ્ચારનાર જેનાથી આપની શાનને લાંછન લગાડનાર હોય અથવા કોઈ અજમાયશ કે કસોટીની વાતોથી આપને લાજ અપાવનારને પણ ઈસ્લામના સુલતાનના હુકમથી કતલ કરી દેવામાં આવશે અને એ એને મુર્તદ ઠરાવશે અને તેની તૌબા કબૂલ કરવામાં નહીં આવે. અને આ પ્રશ્ને આલિમો વચ્ચે કોઈ મતભેદ નથી કે એવા શખ્સને કાફિર

ઠરાવીને કત્લ કરી દેવામાં આવશે. મુહમ્મદ બિન સુહનૂન عليه الرحمة والرضوان એ ફર્માવ્યું કે, નબી صلى الله تعالى عليه وسلم ની શાનમાં બદગોઈ કરનાર અને આપની નિંદા કરનાર કાફિર છે અને જે તેના કુફ્ર અને અઝાબમાં શંકા કરે તે પણ કાફિર છે અને રિસાલતનું અપમાન કરનારની દુનિયામાં એ સજા છે કે તે કતલ કરી દેવાશે.'' *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૧૮૯, ૧૯૦)*

એ જ રીતે હઝરત અલ્લામા કાઝી અયાઝ رحمة الله عليه એ હુઝૂર عليه الصلوة والسلام ના સંબંધિતો અર્થાત આપના સહાબીઓ, આપના એહલે બૈત, આપની પુનિત પત્નીઓ વગેરેને ગાળો આપનાર બાબતે ફર્માવ્યું કે :–

''હુઝૂર عليه الصلوة والسلام ના એહલે બૈત (ઘરાવાળા) અને આપની પુનિત પત્નીઓ અને આપના સહાબીઓને ગાળો આપવી અથવા એમની નિંદા કરવી હરામ છે અને એવું કૃત્યુ આચરનાર લઅનતપાત્ર છે.'' *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૨૫૫)*

એ જ કારણે સહાબાએ કિરામ હુઝૂર અકદસ صلى الله تعالى عليه وسلم નો એટલો આદર અને વિવેક જાળવતા હતા અને આપની પવિત્ર બારગાહમાં એવા માન સન્માનનું પ્રદર્શન કરતા હતા કે હઝરત ઉર્વહ બિન મસ્ઊદ ષકફી رضى الله عنه જ્યારે કે મુસલમાન થયા ન હતા અને કાફિરોના પ્રતિનિધિ બનીને હુદૈબિયાના મેદાનમાં ગયા હતા તો ત્યાંથી પાછા ફરીને તેમણે કાફિરોના સમૂહમાં જાહેર સંબોધન કર્યું હતું કે :–

''હે મારી કૌમ ! રોમના બાદશાહ કૈસર અને પર્શિયાના બાદશાહ કિસરા અને હબશાના બાદશાહ નજાશી બધાનો દરબાર જોયો છે. પરંતુ ખુદાના સોગંદ ! મેં કોઈ બાદશાહના દરબારીઓને તેમના બાદશાહનું આટલું સન્માન કરતા જોયા નથી, જેટલું સન્માન મુહમ્મદ صلى الله تعالى عليه وسلم ના સહાબીઓ મુહમ્મદ صلى الله تعالى عليه وسلم નું કરે છે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૩૮૦, પ્રકરણ : અશ્શરુતફીલ જિહાદ વિગેરે.)*

આથી અત્રે પ્રસ્તુત કેટલાક ઉદાહરણોથી એ અંદાજ લગાડી શકાય છે કે, હુઝૂર صلى الله تعالى عليه وسلم ના સહાબીઓ પોતાના આકાએ નામદારના દરબારમાં કેવા આદર (સત્કાર)ની ભાવનામાં તરબોળ રહેતા હતા.





## ★ માથા પર ચકલીઓ ★

હઝરત અમીરુલ્ મો'મિનીન અલી મુર્તુઝા كرم الله تعالى وجهه الكريم મજલિસમાં સાથીઓ સાથે હુઝૂર عليه الصلوة والسلام ના પવિત્ર ચરિત્રનું વર્ણન કરતાં ફર્માવે છે કે :–

''જ્યારે આપ સંબોધન કરતા હતા ત્યારે આપની મજલિસમાં બેસનાર સહાબાએ કિરામ એવી રીતે માથું નમાવીને ચૂપચાપ મૌન ધારણ કરીને બેસી રહેતા હતા જાણે કે એમના માથા પર પક્ષીઓ બેઠેલા હોય ! જ્યારે આપ અશાંત થઈ જતા ત્યારે સહાબાએ કિરામ વાતચીત કરતા અને ક્યારેય આપની સામે સંબોધનમાં વિવાદ ન કરતા. અને આપની સામે જો કોઈ વાત કરતો ત્યારે આપ ધ્યાન દઈ એની વાત સાંભળતા રહેતા ત્યાં સુધી કે શાંત થઈ જતો. *(શમાઈલે તિર્મિઝી શરીફ, પેજ–૨૫, પ્રકરણ : માજાઅ ફી ખુલ્કુન્નબી صلى الله تعالى عليه وسلم)*

## ★ હઝરત અમ્ર બિન આસના ત્રણ સમયકાળ ★

હઝરત અમ્ર رضى الله عنه એ તેમની મરણશૈયાએ તેમના સુપુત્રને તેમના જીવનના ત્રણ સમયકાળનું વર્ણન કરતા ફર્માવ્યું કે :– મારો પ્રથમ સમયકાળ એવો હતો કે, હું કુફ્રની હાલતમાં સૌથી વધુ રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم નો જાની દુશ્મન હતો. જો હું એ સ્થિતિમાં મરી જાત તો ચોક્કસ હું જહન્નમી હોત. બીજો સમયકાળ મુસલમાન થયા બાદનો છે કે, ત્યારે કોઈ શખ્સ મને રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم કરતાં વધારે પ્રિય ન હતો અને મારી નજરોમાં આપ કરતાં વધારે મહાનતા અને પ્રભાવવાળો કોઈ ન હતો. અને હું આપની હૈબતના કારણે આપની તરફ ભરપૂર નજરે જોઈ શક્તો ન હતો. એ જ કારણે મને જો હુઝૂર عليه الصلوة والسلام નો દેખાવ પૂછવામાં આવે તો હું બરાબર વ્યક્ત કરી શક્તો નથી. જો હું એ સ્થિતિમાં મરી ગયો હોત તો મને આશા છે કે હું જરૂર જન્નતીઓમાંથી હોત. મારો ત્રીજો સમયકાળ ગર્વનર તરીકેનો અને હુકૂમતનો હતો જેમાં મને મારી સ્થિતિની જાણ નથી. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૭૬, પ્રકરણ : કૌનુલ ઈસ્લામ યહદમ માકાન કિબ્લા)*

## ★ કોણ મોટો ? ★

અમીરુલ મુ'મિનીન હઝરત ઉષ્માન બિન અફ્ફાન رضی اللہ عنہ એ હઝરત કુબાષ બિન અશ્યમને પૂછ્યું કે, તમે મોટા છો કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ? તેમણે કહ્યું કે, મોટા તો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم જ છે, પણ મારો જન્મ હુઝૂરથી પહેલાં થયો છે. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૦૨, પ્રકરણ : માજાઅ ફી મીલાદુન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

## ★ હઝરત બરાઅનો વિવેક ★

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ કહે છે કે, હું હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કંઈક પૂછવાની ઈચ્છા ધરાવતો હતો પરંતુ વિવેકની પરાકાષ્ઠા અને આપની હૈબતથી વર્ષો સુધી પૂછી શક્તો ન હતો. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૩૨)*

# ⍟ આપના અવશેષોનો આદર ⍟

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર હસ્તીના વિવેક અને આદરને સહાબાએ કિરામ તેમના ઈમાનનો જીવ સમજતા હતા, બલ્કે એ વસ્તુઓ જેને આપની જાત સાથે કંઈક સંબંધ કે નિસ્બત હોય એના વિવેક અને વિનયને પોતાના માટે ઈમાનની અનિવાર્યતા સમજતા હતા. એ જ રીતે તાબેઈન અને બીજા સદાચારી પૂર્વજો પણ આપના અવશેષોનો અપાર આદર અને એમનું માન સન્માન કરતા હતા. એના કેટલાક દાખલાઓ અમે અહીં રજૂ કરીએ છીએ જે ઈમાનવાળાઓ માટે અત્યંત બોધપ્રદ અને નસીહત સભર છે :–

**(૧)** હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ની ટોપીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના થોડાક પવિત્ર વાળ સીવેલા હતા. કોઈ યુદ્ધમાં એમની ટોપી માથા પરથી પડી ગઈ ત્યારે આપે એવું જબરજસ્ત આક્રમણ કર્યું કે, ઘણા મુજાહિદો શહીદો થઈ ગયા. આપના સેનાનીઓએ એક ટોપી માટે આવા સખત હુમલાને પસંદ ન કર્યો. લોકોના મેણા સાંભળીને આપે ફર્માવ્યું કે, મેં ટોપી માટે આ હુમલો કર્યો ન હતો, બલ્કે મારા હુમલાનું કારણ એ હતું કે મારી એ ટોપીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળ છે. મને એવો ભય



સીરતે મુસ્તફા صلی اللہ علیہ وسلم

થયો કે હું એમની બરકતોથી વંચિત ન થઈ જાઉં અને ક્યાંક તે કાફિરોના હાથોમાં પહોંચી ન જાય. આથી મેં મારા જાનના જોખમાં એ ટોપીને ઉપાડીને જ જંપ લીધો. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૪૪)*

**(૨)** હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મિમ્બર શરીફ પર જે જગ્યાએ આપ બેસતા હતા, ખાસ એ જ જગ્યાએ તેમનો હાથ ફેરવી તેમના ચહેરા પર ફેરવતા હતા. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૪૪)*

**(૩)** હઝરત અબૂ મહ્દૂરહ رضی اللہ عنہما જેઓ સહાબી અને મસ્જિદે હરામના મુઅઝ્ઝિન છે. એમના માથાના આગળના ભાગમાં વાળોનો એક જૂડો હતો. જ્યારે તેઓ જમીન પર બેસતા અને એ જૂડાને ખોલી દેતા તો વાળ જમીન પર અડતા હતા. કોઈએ એમને કહ્યું કે આપ આ વાળ કપાવતા કેમ નથી ?! આપે જવાબ આપ્યો કે હું એ વાળ કપાવી શક્તો નથી. કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા આ વાળો પર તેમનો મુબારક હાથ ફેરવ્યો હતો.

**(૪)** હઝરત ષાબિત બુનાની رضی اللہ عنہ કહે છે કે, મને સહાબી હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ એ એ વસિયત કરી કે આ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો પવિત્ર વાળ છે, જ્યારે હું મરણ પામું ત્યારે તમે એને મારી જીભ નીચે મૂકી દેજો. આથી મેં એમની વસિયત મુજબ એમની જીભ નીચે મૂકી દીધા અને તેઓ તે જ સ્થિતિમાં દફનાવાયા. *(ઈસાબા ભાષાંતર અનસ બિન માલિક)*

એ જ રીતે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ઉમવી ખલીફએ આદિલ رضی اللہ عنہما નો મૃત્યુ સમય નજીક આવ્યો ત્યારે તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના થોડાક મુબારક વાળ અને નખ દેખાડીને લોકોને વસિયત કરી કે આ અવશેષોને તમે મારા કફનમાં મૂકી દેજો. આથી એમ જ કરવામાં આવ્યું. *(તબ્કાત ઈબ્ને સઅ્દ, ભાગ–૫, પેજ–૩૦૦)*

**(૫)** હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નું બયાન છે કે ઈમામ માલિક رحمۃ اللہ علیہ એ મને કેટલાક ઘોડા એનાયત ફર્માવ્યા, તો મેં કહ્યું, એક ઘોડો તમે તમારી સવારી માટે રાખી લો. તો તેમણે ફર્માવ્યું કે, મને ઘણુ

અસહ્ય લાગે છે કે, જે શહેરની ભૂમિ પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આરામ ફર્માવી રહ્યા છે એ શહેરની ભૂમિને મારી સવારીના જાનવરની ખરીઓથી રગદોળુ ! (તેથી હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ તેમના જીવનપર્યંત મદીનામાં જ રહ્યા. પરંતુ ક્યારેય કોઈ સવારી પર મદીનામાં સવાર ન થયા.) *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૪૪)*

**(૬)** હઝરત અહમદ બિન ફદલવયા જેમનો ઈલ્કાબ ''ઝાહિદ'' છે તેઓ બહુ મોટા મુજાહિદ હતા. તીરંદાજીમાં ઘણી નામના ધરાવતા હતા. તેમનું કથન છે કે, જ્યારથી મેં આ હદીષ જાણી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મુબારક હાથથી કમાન પણ ઉઠાવી છે ત્યારથી કમાનની એટલી અદબ જાળવું છું કે વુઝૂ વગર કોઈ કમાનને અડતો નથી. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૪૪)*

**(૭)** હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ સામે કોઈએ એમ કહી દીધું કે, ''મદીનાની માટી ખરાબ છે !'' આ સાંભળીને ઈમામે એ ફત્વો આપ્યો કે એ દુષ્ટને ત્રીસ કોરડા ફટકારવામાં આવે તેમજ કેદમાં પૂરી દેવામાં આવે અને એ પણ કહ્યું કે, એ શખ્સને કતલ કરી દેવાની જરૂર છે જે એવું કહે કે, મદીનાની માટી સારી નથી. *(શિફા શરીફ, ભાગ–૨, પેજ–૪૪)*

**(૮)** એક દિવસે સકીફા બની સઅદના ઓરડામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાના સહાબીઓ સાથે બેઠા હતા. આપે સહલ બિન સઅદને કહ્યું કે અમને પાણી પીવડાવો. આથી હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہ એ એક પ્યાલામાં આપને પાણી આપ્યું. હઝરત અબૂ હાઝિમનું બયાન છે કે, અમે હઝરત સહલ બિન સઅદના મેહમાન બન્યા. ત્યારે તેમણે એ જ પ્યાલો અમારા માટે કાઢયો અને બરકત મેળવવા માટે અમે સૌએ એમાંથી પાણી પીધું. એ પ્યાલાને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ઉમવી ખલીફએ આદિલ رضی اللہ عنہما એ હઝરત સહલ બિન સઅદથી માંગીને પોતાની પાસે રાખી લીધો. *(સહીહ મુસ્લિમ, ભાગ–૨, પેજ–૧૬૯, પ્રકરણ : અબાહતુન નબીઝિલ્લઝી)*

**(૯)** જ્યારે બનૂ હનીફાનું પ્રતિનિધિમંડળ રિસાલતના દરબારમાં હાજર થયું, ત્યારે એ પ્રતિનિધિમંડળમાં હઝરત સય્યાર બિન તલક યમામી





رضی اللہ عنہ પણ સામેલ હતા. તેમણે કહ્યું કે, યા રસૂલુલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને આપના કમીઝનો એક ટુકડો એનાયત કરો, હું એનાથી મારું મન મનાવતો રહીશ. હુઝૂરે એમની દરખાસ્ત મંજૂર કરી એમને કમીઝનો એક ટુકડો આપી દીધો. એમના પૌત્ર મુહમ્મદ બિન જાબિરનું બયાન છે કે મારા પિતા કહેતા હતા કે, એ પવિત્ર ટુકડો અમારી પાસે વર્ષો સુધી રહ્યો અને અમે એને ધોઈને રોગ મટાડવા માટે દર્દીઓને પીવડાવતા હતા. *(અસાબા, ભાષાંતર સય્યાર બિન તલક)*

**(૧૦)** એક સહાબિયા કબ્શા رضی اللہ عنہا ના ઘરે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ગયા અને એમની પખાલના મ્હોં સાથે પોતાનું મ્હોં લગાડીને પાણી પી લીધું. તો હઝરત કબ્શા رضی اللہ عنہا એ એ પખાલનું મ્હોં કાપીને પોતાની પાસે અવશેષ પેટે રાખી લીધું. *(ઈબ્ને માજા, પેજ–૨૫૩, બાબુશ્શર્બકાઈમન)*

**(૧૧)** હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર તલવાર ''ઝુલ્ફિકાર'' હઝરત ઝૈનુલ આબેદીન પાસે હતી. જ્યારે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ની શહાદત બાદ તેઓ મદીના મુનવ્વરા પાછા આવ્યા ત્યારે હઝરત મિસ્વર બિન મખ્રમા સહાબી رضی اللہ عنہ એ એમને કહ્યું કે, મને એવો ભય લાગી રહ્યો છે કે, બનૂ ઉમૈયા આપની પાસેથી આ તલવાર છીનવી લેશે, આથી આપ એ તલવાર મને આપી દો. જ્યાં સુધી મારા શરીરમાં જીવ છે ત્યાં સુધી કોઈ મારી પાસેથી એને છીનવી નહીં શકે. *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૪૩૮, પ્રકરણ : મા ઝિક્ર મિનવર્દઉન્નબી صلی اللہ تعالیٰ علیہ وسلم)*

## ★ રસૂલની પ્રશંસા ★

બધા જ ઉમ્મતીઓ પર આ પણ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો હક્ક છે જેને અદા કરવો ઉમ્મત પર અનિવાર્ય છે કે રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની તારીફ અને પ્રશંસાનું હંમેશ એલાન અને ચર્ચા કરતા રહે અને એમની શ્રેષ્ઠતાઓ અને પરાક્રમોનું છડેચોક બયાન કરતા રહે.

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શ્રેષ્ઠતાઓ અને ભલાઈઓનું વર્ણન રબ્બુલ આલમીન જલ્લ જલાલહૂ અને તમામ અંબિયા તેમજ મુર્સલીનની પવિત્ર રીત એ છે કે હઝરત હક્ક જલ્લ મજદહૂએ કુર્આને કરીમને પોતાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસા અને વખાણના ભિન્ન ભિન્ન પકારના રંગારંગનો એક

સુંદર પુષ્પગૃચ્છ બનાવીને અવતરિત કર્યો છે અને પૂરા કુર્આનમાં આપની પવિત્ર નેઅમતો અને વિશેષતાઓની આયતો એવી રીતે ઝળહળીને ઝગમગી રહી છે જેવી રીતે આકાશમાં તારલાઓની જાન પોતાની તેજસ્વીતાનો નૂર ફેલાવતી રહી છે અને પૂર્વ અંબિયાઓના પવિત્ર આકાશી ગ્રંથો પણ એલાન કરી રહ્યાં છે કે બધા જ નબી અને રસૂલ અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્રશંસાના છડીદાર અને વિશેષતાઓ તેમજ ખૂબીઓના પ્રવકતા બનીને જીવનપર્યંત મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની શ્રેષ્ઠતાઓ, વિદ્વતાઓ અને એમની જાહોજલાલીનો ડંકો વગાડતા રહ્યા. આ જ કારણ છે કે, સહાબાએ કિરામના મુબારક સમયમાં હજારો સહાબીઓ દરેક શેરીઓ, બજારો અને રણક્ષેત્રોમાં નઅતે રસૂલના ગીતો દ્વારા મહાન ક્રાંતિ સર્જીને એવા એવા સર્વોત્તમ શાહકાર અસ્તિત્વમાં લાવ્યા કે સૃષ્ટિમાં હિદાયતની સૌરભથી હજારો ઉદ્યાન મહેકી ઉઠયા અને સહાબાના સમયથી આજદિન સુધી વહાલા રસૂલના ભાગ્યશાળી પ્રશંસકોએ ગદ્ય અને પદ્યમાં નઅતે પાકનો જેટલો મોટો સંગ્રહ ભેગો કરી દીધો છે કે જો એની ગણતરી કરવામાં આવે તો ગ્રંથોનાં પાનાંઓ તો શું ધરતીની વિશાળ સપાટી પણ એના માટે ઓછી પડે.

હઝરત હસ્સાન બિન ષાબિત, હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા અને કઅબ બિન ઝુબૈર વગરે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ એ દરબારે નબુવ્વતના શાયર હોવાની હૈસિયતે એવા એવા નઅતે પાકના નમૂના પેશ કર્યા કે આજ સુધી મોટા મોટા સુવિખ્યાત શાયરો એમને સાંભળીને માથું ધુણતા રહે છે અને ઈન્શાઅલ્લાહ તઆલા ! કયામત સુધી હુઝૂર સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના યશોગાન (પ્રશંસા)ની ચર્ચા ગદ્ય અને પદ્યમાં આ જ મહાનતા સાથે થતી રહેશે.

રહેગા યૂં હી ઉનકા ચર્ચા રહેગા, પડે ખાક હો જાએં જલનેવાલે

## ✪ દુરૂદ શરીફ ✪

બધા જ મુસલમાનો પર અનિવાર્ય છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ શરીફ મોકલતા રહે એવો સૃષ્ટિ સર્જક જલ્લ જલાલહુનો આદેશ છે કે :–





اِنَّ اللّٰہَ وَ مَلٰٓئِکَتَہٗ یُصَلُّوْنَ عَلَی النَّبِیِّ ط یٰٓاَیُّھَا الَّذِیْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَیْہِ وَسَلِّمُوْا تَسْلِیْمًا ۝

''નિ:શંક ! અલ્લાહ અને એના ફરિશ્તા નબી પર દુરૂદ મોકલતા રહે છે. હે મો'મિનો ! તમે પણ એમના પર દુરૂદ મોકલતા રહો અને એમના પર સલામ મોકલતા રહો જેવી રીતે કે સલામ મોકલવાનો હક્ક છે.'' *(સૂરએ અહઝાબ)*

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે કે જે મારા પર એક વાર દુરૂદ શરીફ મોકલે છે અલ્લાહ તઆલા એના પર દસ વાર દુરૂદ શરીફ મોકલે છે.

અલ્લાહુ અકબર ! શહનશાહે કૌનૈન صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહબૂબિયતની શાનનું શું પૂછવું ?! એક તુચ્છ અને વામન બંદો ખુદાના પૈગંબરે જમીલની બારગાહે અઝમતમાં દુરૂદ શરીફનો હદિયો મોકલે છે તો ખુદાવંદે જલીલ એના બદલામાં દસ રહમતો એ બંદા પર અવતરિત કરે છે.

દુરૂદ શરીફ પઢવાની કૃપાઓ અને ફાયદાઓ તો અતિશય છે. અમે ટૂંકાણની દષ્ટિએ અત્રે એનું વર્ણન કર્યું નથી. ખુદાવંદે કરીમ આપણને સૌ મુસલમાનોને વધારેમાં વધારે દુરૂદ શરીફ પઢવાની તૌફીક અર્પણ કરે. આમીન

اَللّٰھُمَّ صَلِّ وَ سَلِّمْ وَ بَارِکْ عَلٰی حَبِیْبِکَ دَائِمًا اَبَدًا وَّ عَلٰی اٰلِہٖ وَصَحْبِہٖ صَلٰوۃً دَائِمَۃً بِدَوَامِ الْمَلِکِ الْحَیِّ الْقَیُّوْمِ ۝

## ✪ કબ્રે અન્વરની ઝિયારત ✪

હુઝૂર અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ના પવિત્ર રોઝાની ઝિયારત સુન્નતે મુઅક્કિદા વાજિબ સમીપ છે. અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું છે કે :–

وَلَوْ اَنَّھُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَھُمْ جَآءُوْکَ فَاسْتَغْفَرُوا اللّٰہَ وَاسْتَغْفَرَ لَھُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰہَ تَوَّابًا رَّحِیْمًا ۝ (نساء)

''અને જો આ લોકો જ્યારે પોતાના પર જુલ્મ કરે છે. આપની પાસે આવી જતા અને ખુદાથી માફી માગતા અને રસૂલ એમના માટે માફીની દુઆ ફર્માવતા તો આ લોકો ખુદાને ઘણો માફી આપનાર જોતા.'' *(સૂરએ નિસા)*

આ આયતમાં ગુનેગારોના માફી માટે અર્હમુરાહિમીને ત્રણ શરતો લગાડી છે. પ્રથમ, દરબારે રસૂલમાં હાજરી, બીજી ઈસ્તિગફાર, ત્રીજી રસૂલની દુઆએ મગફિરત.

અને આ આદેશ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જાહેરી દુનિયવી જીવન સુધી મર્યાદિત નથી, બલ્કે રોઝએ અકદસમાં હાજરી પણ ખરેખર દરબારે રસૂલમાં જ હાજરી છે. જેમ કે આલિમોએ સ્પષ્ટતા કરી દીધી છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના દરબારની આ ખાસિયત આપના પવિત્ર વિસાલ બાદ પૂરી થઈ નથી. તેથી જે ગુનેગાર કબ્રે અન્વર પાસે હાજર થાય અને ત્યાં ખુદાથી ઈસ્તિગફાર કરે અને કેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો પોતાની નૂરાની કબ્રમાં પોતાની ઉમ્મત માટે ઈસ્તિગફાર ફર્માવતા જ રહે છે, તેથી એ ગુનેગાર માટે મગફિરતની ત્રણ શરતો જોવા મળી. આથી ઈન્શાઅલ્લાહ તઆલા એની જરૂર મગફિરત થશે.

આ જ કારણ છે કે ચારેય મઝહબોના આલિમોએ હજ્જ અને ઝિયારતના મનાસિકના પુસ્તકોમાં એ લખ્યું છે કે, જે કોઈ શખ્સ મુનવ્વર રોઝા ઉપર હાજરી આપશે એના માટે એ આયત પઢવી મુસ્તહબ છે અને પછી ખુદાથી તેની મગફિરત માટે દુઆ માંગે.

ઉપરોક્ત વર્ણવેલ આયત ઉપરાંત અસંખ્ય હદીષો પણ રોઝએ મુનવ્વરાની ઝિયારતની શ્રેષ્ઠતાઓ માટે આવેલી છે. જે અલ્લામા સમ્હૂદી رحمۃ اللہ علیہ તેમના પુસ્તક ''વફાઉલ વફા'' અને બીજા સનદી પૂર્વકાલીન પ્રખર દીનના આલિમોએ પોતપોતાના પુસ્તકોમાં વર્ણવી છે. અમે અહીં ઉદાહરણરૂપે માત્ર ત્રણ હદીષો વર્ણવીએ છીએ :–

مَنْ زَارَ قَبْرِیْ وَجَبَتْ لَهٗ شَفَاعَتِیْ (دار قطنی وبیهقی وغیره)

**(૧)**''જેણે મારી કબ્રની ઝિયારત કરી એના માટે મારી સિફારશ અનિવાર્ય થઈ ગઈ.'' *(દારકુત્ની, બયહકી વગેરે)*

مَنْ حَجَّ الْبَیْتَ وَلَمْ یَزُرْنِیْ فَقَدْ جَفَانِیْ (کامل ابن عدی)

**(૨)**''જેણે બૈતુલ્લાહની હજ્જ કરી અને મારી ઝિયારત ન કરી, તેણે મારા પર જુલ્મ કર્યો. *(કામિલ ઈબ્ને અદી)*

مَنْ زَارَنِیْ بَعْدَ مَمَاتِیْ فَكَاَنَّمَا زَارَنِیْ فِیْ حَیَاتِیْ وَمَنْ مَاتَ بِاَحَدِ الْحَرَمَیْنِ بُعِثَ مِنَ الْاٰمِنِیْنَ یَوْمَ الْقِیَامَةِ

**(3)**''જેણે મારી વફાત પછી મારી





ઝિયારત કરી તેણે જાણે મારી હયાતીમાં મારી ઝિયારત કરી અને જે હરમૈન શરીફૈનમાંથી એકમાં મરી ગયો તો કયામતના દિવસે શાંતિવાળાઓમાં ઉઠાવવામાં આવશે. *–(દારકુત્ની વગેરે)*

આથી સહાબાએ કિરામના પવિત્ર સમયથી આ જ સુધી તમામ દુનિયાના મુસલમાનો કબ્રે અન્વરની ઝિયારત કરતા અને આપની પવિત્ર હુઝૂરીમાં વસીલા અને મદદનો પોકાર કરતા રહે છે અને ઈન્શાઅલ્લાહ તઆલા ! કયામત સુધી આ મુબારક સિલસિલો જારી રહેશે.

આથી હઝરત અમીરુલ મુ'મિનીન અલી મુર્તુઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે, વફાતે અકદસના ત્રણ દિવસ બાદ એક મુસ્લિમ અઅ્રાબી આવ્યો અને કબ્રે અન્વર પર પડીને ભેટી પડયો. પછી થોડીક માટી તેના માથા પર નાખીને આમ કહેવા લાગ્યો કે :–

''યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપે જે કંઈ ફર્માવ્યું અમે એના પર ઈમાન લાવ્યા છીએ. અલ્લાહ તઆલાએ આપ પર કુર્આન અવતરિત કર્યું જેમાં એણે ફર્માવ્યું કે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ. તો યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં મારા જીવ પર (ગુના કરીને) જુલ્મ કર્યો છે તેથી હું આપની પાસે આવ્યો છું. જેથી કરીને આપ મારા હક્કમાં મગફિરતની દુઆ ફર્માવો. અઅ્રાબીની એ ફરિયાદના જવાબમાં કબ્રે અન્વરથી અવાજ આવ્યો કે, ''હે અઅ્રાબી ! તું માફ કરી દેવાયો'' *(વફાઉલ વફા, ભાગ–ર, પેજ–૪૧ર)*

**જરૂરી સૂચના :** વાંચકભાઈઓ આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ જશે કે મેં સ્વયં મારી નજરે જોયું છે કે ગુંબદે ખિઝરામાં રૌઝએ અકદસની સામે અને એની નજીક મસ્જિદે નબવીની દીવાલો પર કબ્રે મુનવ્વરની ઝિયારતની વિશિષ્ટતાઓ અંગે જે હદીષો કોતરાયેલી હતી, નજદી હુકૂમતે એ હદીષો પર રસાયણ લગાવડાવીને એમને ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો છે. આમ છતાં હજુ પણ એના કેટલાક અક્ષરો દેખાય છે. એ જ રીતે મસ્જિદે નબવીના ગુંબદોના આંતરિક ભાગો પર કસીદાઓ અર્થાત પ્રશસ્તિ કાવ્યોની જે શેઅરોમાં વસીલા અને મદદનો

ઉલ્લેખ હતો એ સર્વેને ભૂંસી નાખવામાં આવ્યા છે. શેઅર શાયરીઓ ગુંબદો પર ત્યાં સુધી બાકી હતી. મેં જે કંઈ જોયું છે તે જુલાઈ ૧૯૫૯ નો પ્રસંગ છે. ત્યારબાદ ત્યાં શું પરિવર્તન આવ્યું ? એની વિગતો નવાગંતુક હાજીઓથી પૂછવી જોઈએ.

## ★ ઈબ્ને તૈમિયાનો ફત્વો ★

કેટલાક લોકો અંબિયાએ કિરામ, ઔલિયા અને શહીદોના મઝારો તરફ મુસાફરી કરવાને હરામ અને અનુચિત ઠેરવે છે. એ મુજબ વહાબીઓના વંશ પ્રવર્તક ઈબ્ને તૈમિયાએ ખુલ્લા શબ્દોમાં આ ફત્વો આપી દીધો છે કે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝએ મુબારકના ઈરાદે મુસાફરી કરવી ગુનો છે આથી એ મુસાફરીમાં નમાઝોમાં કસર જાઈઝ નથી. (મઆઝલ્લાહ)

ઈબ્ને તૈમિયાના આ ફત્વાથી સીરિયા અને ઈજિપ્તમાં જબજસ્ત ઉપદ્રવ ફેલાઈ ગયો હતો. આથી સીરિયનોએ ઈબ્ને તૈમિયા બાબતે સાચા આલિમોથી ફત્વો માંગ્યો. તેથી અલ્લામા બુરહાન બિન અલફુર્કાહ્ ફુઝારીએ લગભગ ચાલીસ લીટીઓમાં ફત્વો લખીને ઈબ્ને તૈમિયાને ''કાફિર'' ઘોષિત કર્યો અને અલ્લામા શહાબ બિન જહબલે એ ફત્વા પર તેમના સમર્થનની મહોર લગાડી. પછી ઈજિપ્તમાં એ જ ફત્વો હનફી, શાફઈ, માલિકી અને હંબલી એમ ચારેય મસ્લકના કાઝીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. એ મુજબ અલ્લામા બદ્ર બિન જમાઆ શાફઈએ એ અંગે એ ચુકાદો આપ્યો કે ઈબ્ને તૈમિયાને આવા અસભ્ય ફત્વાઓ આપવાથી સખ્તાઈથી રોકવામાં આવે, જો તેમ છતાં ન માને તો કેદ કરી લેવામાં આવે. મુહમ્મદ બિન અલ્ જુરૈરી હનફીએ એ આદેશ આપ્યો કે અત્યારે જ સમયે કોઈ પણ શરત વગર એને કેદ કરવામાં આવે. મુહમ્મદ બિન અબીબક્ર માલિકીએ એ હુકમ કર્યો કે એના પર એવા પ્રકારની સખ્તાઈ કરવામાં આવે કે તે ફરી આવુ દુષ્ટ કૃત્ય ન કરે. અહમદ બિન ઉમર મુકદસી હંબલીએ પણ આવો આદેશ આપ્યો. પરિણામ એ આવ્યું કે ઈબ્ને તૈમિયાને શાબાન હિજરી ૭૨૬ માં દમિશ્કના કિલ્લામાં કેદ કરી દેવાયો અને જેલમાં જ ૨૦ ઝિલકદ હિજરી ૭૨૮ માં તે આ દુનિયાથી વિદાય થયો. આખિરતની પૂછતાછ હજુ બાકી છે. *(મન્કૂલ, અઝ : સીરતે રસૂલ અરબી, પેજ–૫૩૩)*





## ★ લાતુશદ્દુર્રિહલ હદીષ ★

ઈબ્ને તૈમિયા અને એની કહેવાતી ઔલાદ અર્થાત વહાબી ફિર્કો કબ્રે અન્વરની ઝિયારતથી રોકવા માટે બુખારીની આ હદીષને દલીલ તરીકે પ્રસ્તુત કરે છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે :–

لَا تُشَدُّ الرِّحَالُ اِلَّا اِلٰی ثَلٰثَةِ مَسَاجِدَ الْمَسْجِدِ الْحَرَامِ وَمَسْجِدِ الرَّسُوْلِ وَالْمَسْجِدِ الْاَقْصٰی

''બેઠક પલાણ બાંધવામાં ન આવે સિવાય કે ત્રણ જ મસ્જિદો અર્થાત મસ્જિદે હરામ, મસ્જિદે રસૂલ અને મસ્જિદે અકસા તરફ.'' *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૫૧૮, પ્રકરણ : ફઝલુસ્સલાત ફી મસ્જિદ મક્કા વલ મદીના)*

આ હદીષનો સાદો સરળ અર્થ જેને બધા જ હદીષવેત્તાઓએ સમજ્યો છે તે એ જ છે કે સમગ્ર જગતમાં ત્રણ જ મસ્જિદો અર્થાત મસ્જિદે હરામ, મસ્જિદે રસૂલ, મસ્જિદે અકસા એવી મસ્જિદો છે જેમને દુનિયાની તમામ મસ્જિદો પર સવાબ અને પૂણ્યના અનુસંધાનમાં એક ખાસ શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. તેથી એ ત્રણે મસ્જિદો તરફ બેઠક પલાણ બાંધી દૂર દૂરથી મુસાફરી કરીને જવું જોઈએ. પરંતુ આ ત્રણ મસ્જિદો સિવાય કેમ કે જગતની બધી જ મસ્જિદો સવાબ અને બદલાના સંદર્ભે સમાન છે આથી એ ત્રણે મસ્જિદો સિવાય કોઈ અન્ય મસ્જિદ તરફ બેઠક પલાણ બાંધીને દૂર દૂરથી મુસાફરી કરવાની જરૂર નથી. આ હદીષને દર્શન અને મકબરા તરફ સફર કરવા કે ન કરવાથી તો કોઈ સંબંધ નથી.

જો આ વાતને આલિમોની ભાષામાં સમજવી હોય તો એમ સમજી લો કે આ હદીષમાં ''ઈલ્લા ઈલા સલા સતિ મસાજિદ'' મસ્તસ્ના મુફર્રગ અર્થાત અલગ અને મુક્ત છે. અને ''મુસ્તસ્ના મુફર્રગ''માં ''મુસ્તસ્ના મિન્હુ'' (વસ્તુ કે વ્યક્તિ જેમાં મુસ્તસ્નાને અલગ કરવામાં આવે.) અર્થાત એ જ અર્થ લેખાશે કે જે મુસ્તસ્નાનો પ્રકાર હોય. જેમ કે ''માનીઅની ઈલા ઝેદ''માં શબ્દ શરીર કે પશુને ''મુસ્તસ્ના મિન્હુ'' લખાણમાં ગણાશે નહીં અને એ લખાણનો મતલબ ''માજીઅની જિસ્મનુ ઈલ્લા ઝૈદુન અથવા માજીઅની હયવાનુન ઈલ્લ ઝૈદ નહીં માનવામાં આવે, બલ્કે એનો અર્થ એ જ માનવામાં આવશે કે, ''માજાઅની રજલુન ઈલ્લા ઝૈદુન.'' તો આ

હદીષમાં પણ "મુસ્તસ્ના મિન્હુ" મસ્જિદ શબ્દ સિવાય અન્ય કોઈ ન હોઈ શકે. આથી હદીષનું અસલ લખાણ આ પ્રમાણે થયું કે, "લાતુશદ દુર્રિહાલુ ઈલ્લા મસ્જિદિન ઈલ્લા ઈલા સલાસતિ મસાજિદ." અર્થાત ત્રણ મસ્જિદો સિવાય કોઈ બીજી મસ્જિદ તરફ બેઠક પલાણ બાંધવામાં ન આવે.

એ જ રીતે આ હદીષની કેટલીક રિવાયતોમાં આ શબ્દ પણ આવ્યો છે. જેમ કે એક રિવાયતમાં આ પ્રમાણે છે કે :–

لا ینبغی للمطی ان تشد رحاله الی مسجد یبتغی فیه الصلوٰۃ
غیر المسجد الحرام والمسجد الاقصیٰ ومسجدی ھذا

–*(કસ્તલાની વ ઉમ્દતુલ કારી)*

**અર્થાત** : સવારીઓ પર જીન બેઠક કોઈ મસ્જિદ તરફ નમાઝ પઢવાના ઈરાદે બાંધવામાં ન આવે સિવાય કે મસ્જિદે હરામ અને મસ્જિદે અકસા અને મારી આ મસ્જિદના.

જુઓ આ હદીષમાં "મુસ્તસ્ના મિન્હુ" વર્ણવવામાં આવ્યું છે અને તે "ઈલ્લા મસ્જિદિન" છે. ટૂંકાણમાં વહાબિયોએ રસૂલની અદાવતમાં આ હદીષનો અર્થ બયાન કરવામાં એવી મોટી અજ્ઞાનતાનો પરિચય આપ્યો છે કે કયામત સુધી બધા જ ઈલ્મવાળા એમની એ અજ્ઞાનતા પર માતમ કરતા રહેશે.

## ★ બારગાહે ખુદાવંદીમાં રસૂલનો વસીલો ★

હુઝૂરે અકદસ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બારગાહે ખુદાવંદેમાં વસીલો બનાવી દુઆ માંગવી જાઈઝ છે બલ્કે મુસ્તહબ છે. એને જે વાસ્તો, મદદ અને સિફારિશ વગેરે વિવિધ શબ્દો સાથે નિર્દિષ્ટ કરવામાં આવે છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને ખુદાના દરબારમાં વસીલો બનાવવો એ અંબિયા અને રસૂલોની સુન્નત અને પૂર્વકાલીન મહાપુરૂષોની પવિત્ર રીત છે અને આ વસીલો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જન્મ પહેલાં, આપની હયાતીમાં અને આપના વિસાલ બાદ ત્રણે અવસ્થાઓમાં પુરવાર છે. આથી અમે અહીં ત્રણ અવસ્થાઓમાં આપના વસીલા અંગેના થોડાક ઉદાહરણો અતિસંક્ષિપ્તમાં વર્ણવીએ છીએ :–





## ★ જાહેરી પહેલો વસીલો ★

રિવાયત છે કે, હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام એ દુનિયામાં આવી અલ્લાહ તઆલાથી આ રીતે દુઆ માંગી કે :–

یَا رَبِّ اَسْئَلُكَ بِحَقِّ مُحَمَّدٍ اَنْ تَغْفِرَ لِیْ

"હે મારા પરવરદિગાર ! હું તારાથી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી સવાલ કરું છું કે તું મને માફ કરી દે."

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે, હે આદમ ! તમે મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم)ને કેવી રીતે ઓળખ્યા, જો કે મેં હજુ સુધી એમને પૈદા પણ કર્યા નથી. હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે, હે મારા પરવરદિગાર ! જ્યારે તેં મને પૈદા કરીને મારા શરીરમાં રૂહ ફૂંકી ત્યારે માથુ ઊંચું કરીને જોયું કે અર્શેમજીદના પાયાઓ **لَا اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ)** લખેલું છે. આના પરથી મેં સમજી લીધું કે તેં જેના નામને પોતાના સાથે મિલાવી અર્શ પર લખાવડાવ્યું છે તે ચોક્કસ તારો સૌથી મોટો પ્રિય હશે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, હે આદમ ! (علیہ الصلوٰۃ والسلام) બેશક ! તમે સાચું કહ્યું છે કે તે મારી સમીપ સમગ્ર સૃષ્ટિ કરતાં વધુ પ્રિય છે, તમે એમને મારા દરબારમાં વસીલો બનાવ્યો છે. આથી મેં તમને માફ કરી દીધા અને સાંભળી લો કે જો મુહમ્મદ (صلی اللہ تعالیٰ علیہ وسلم) ન હોત તો હું તમને પણ પૈદા ન કરત. આ હદીષ ઈમામ બયહકીએ રિવાયત કરી છે. *(રૂહુલ બયાન, સૂરએ અહઝાબ, પેજ–૨૩૦)*

## ★ જાહેરી હયાતે અકદસમાં વસીલો ★

સહાબાએ કિરામ આપની પવિત્ર મજલિસોમાં હાજર થઈ જેવી રીતે પોતાના દીન અને દુનિયાની બધી જરૂરિયાતોની માંગ કરતા હતા એ જ રીતે પોતાની દુઆઓમાં આપને વસીલો પણ બનાવતા હતા, બલ્કે પોતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ કેટલાક સહાબાઓને એ તા'લીમ આપી હતી કે તેઓ તેમની દુઆઓમાં રસૂલની પવિત્ર હસ્તીને ખુદાવંદ તઆલાના દરબારમાં વસીલો બનાવે. કેમ કે "મો'જિઝાઓ"ના વર્ણનમાં આપ એક અંધ વિશે આ હદીષ વાંચી ચૂક્યા છો કે :–

એક અંધ બારગાહે અકદસમાં હાજર થયો અને અરજ કરી કે આપ અલ્લાહ તઆલાથી દુઆ કરો કે તે મને સ્વસ્થતા આપે. આપે ફર્માવ્યું કે જો તું ચાહે તો હું દુઆ કરી દઉં છું અને જો તું ચાહે તો સબ્ર કર, સબ્ર તારા માટે સારું છે. જ્યારે એણે દુઆ માટે હઠ પકડી ત્યારે આપે એને કહ્યું કે તમે સારી રીતે વુઝૂ કરી આ રીતે દુઆ માંગો કે :–

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ وَ اَتَوَجَّهُ اِلَيْكَ بِنَبِيِّكَ مُحَمَّدٍ نَّبِيِّ الرَّحْمَةِ يَا مُحَمَّدُ اِنِّیْ تَوَجَّهْتُ بِكَ اِلٰى رَبِّیْ فِیْ حَاجَتِیْ هٰذِهٖ لِتُقْضٰى لِیْ اَللّٰهُمَّ فَشَفِّعْهُ فِیَّ ـ

"હે અલ્લાહ ! હું તારી બારગાહમાં માંગ કરું છું અને તારા નબી નબીએ રહમતનો વસીલો રજૂ કરું છું, હે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મેં મારા પરવરદિગારની બારગાહમાં આપનો વસીલો રજૂ કર્યો છે. મારી આ જરૂરિયાત જેથી તે પૂરી થઈ જાય. હે અલ્લાહ ! તું મારા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સિફારિશ કબૂલ ફર્માવ."

આ હદીષને તિર્મિઝી શરીફ અને નસાઈએ રિવાયત કરી છે અને તિર્મિઝીએ ફર્માવ્યું કે, "હાઝા હદીષે હસન સહીહ ગરીબ" અને ઈમામ બયહકી અને તિબ્રાનીએ પણ આ હદીષને સહીહ કહી છે. પરંતુ ઈમામ બયહકીએ એ પણ કહ્યું છે કે એ અંધ વ્યક્તિએ એવું કર્યું અને એની આંખો સારી થઈ ગઈ. *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૪૨૦)*

## ★ દુઆએ નબવીમાં વસીલો ★

હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની વાલેદા સાહેબા હઝરત ફાતિમા બિન્તે અસદ رضی اللہ عنہا નું જ્યારે મૃત્યુ થયું અને એમની કબર તૈયાર થઈ ગઈ. ત્યારે પોતે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાના મુબારક હાથે એમની કબર ખોદી પછી એ કબરમાં સૂઈને આપે આ દુઆ ફર્માવી કે :–

"હે અલ્લાહ ! મારી માં (કાકી) ફાતિમા બિન્તે અસદને બક્ષી દે અને એના પર એની કબ્ર પહોળી કરી દે, પોતાના નબીના વસીલાથી અને એ નબીઓના વસીલાથી જે મારા પહેલાં થયા છે, કેમ કે તું અર્હમુર્રાહિમીન છે." *(વફાઉલ વફા, ભાગ–૨, પેજ–૮૯)*

જ્યારે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم બાળપણમાં અબૂ તાલિબની





સારસંભાળ હેઠળ હતા, તો હુઝૂરનાં આ કાકી અર્થાત અબૂ તાલિબનાં પત્ની ફાતિમા બિન્તે અસદ આપનું બહુ ધ્યાન આપતાં હતાં. આ એ જ ઉપકારનો બદલો હતો કે આપે પોતાની ચાદરનો કફન પહેરાવ્યો અને સ્વયં પોતાના રહમતી હાથથી એમની કબરની લહદ (બગલી કબર) ખોદી તેમજ તેમની કબરમાં થોડીકવાર સૂઈને દુઆ ફર્માવી.

અલ્લાહુ અકબર ! વલ્લાહ ! આ કબ્રમાં કયામત સુધી રહમતના પુષ્પોની વર્ષા થતી રહેશે જે કબ્રવાળા પર રહ્‌મતુલ્ લિલ્ આલમીનની રહમતની આવી વિશાળ કૃપા થઈ.

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدِیْ يَا رَسُوْلَ اللّٰهِ صلی اللّٰهُ تَعَالٰی عَلَيْكَ وَسَلَّمَ

## ✪ પવિત્ર મૃત્યુ બાદનો વસીલો ✪

વફાતે અકદસ બાદ પણ સહાબાએ કિરામ તેમની જરૂરિયાતો અને મુશ્કેલીઓના સમયે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તેમની દુઆઓમાં વસીલો બનાવતા હતા, બલ્કે આપને પોકારીને આપથી મદદની યાચના કરતા હતા.

## ★ વરસાદ માટે મદદ ★

હઝરત અમીરુલ્ મુ'મિનીન ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં દુષ્કાળ પડયો તો હઝરત બિલાલ બિન હારિષ સહાબી رضی اللہ عنہ એ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્રે અન્વર પર હાજર થઈ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મત માટે વરસાદની દુઆ ફર્માવો, તે નાશ પામી રહી છે. રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્વપ્નમાં તેમને કહ્યું, તમે હઝરત ઉમર પાસે જઈને મારી સલામ કહો અને ખુશખબરી આપી દો કે વર્ષા થશે અને એ પણ કહી દો કે તેઓ નરમાઈ અપનાવે. એ શખ્સે બારગાહે ખિલાફતમાં હાજર થઈને ખબર આપી. હઝરત ઉમર رضی اللہ عنہ આ સાંભળી રડયા, પછી કહ્યું, હે રબ ! હું ગફલત નથી કરતો પરંતુ એ જ વસ્તુમાં કે જેમાં હું લાચાર છું. *(વફાઉલ વફા)*

## ★ જીત માટે આપનો વસીલો ★

અમીરુલ મુ'મિનીન હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ હઝરત અબ્દુલ્લાહ બિન કુર્ત رضی اللہ عنہ દ્વારા તેમનો પત્ર લશ્કરી વડા હઝરત ઉબૈદહ

બિન અલજર્રાહ رضی اللہ عنہ ના નામે "યરમૂક" મુકામે મોકલ્યો અને સલામતીની દુઆ માંગી. હઝરત અબ્દુલ્લાહ બિન કુર્ત رضی اللہ عنہ જ્યારે મસ્જિદે નબવીમાંથી બહાર આવ્યા ત્યારે તેમને યાદ આવ્યું કે મારાથી બહુ મોટી ભૂલ થઈ કે હું રોઝા મુબારક પર સલામ કરવાનું ભૂલી ગયો. તેથી પાછા ફરીને જ્યારે કબ્રે અન્વર પર આવ્યા ત્યારે ત્યાં હઝરત આઈશા, હઝરત અબ્બાસ, હઝરત અલી, હઝરત ઈમામ હુસૈન અને હઝરત ઈમામ હસન رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن હાજર હતાં. હઝરત અબ્દુલ્લાહ બિન કુર્ત رضی اللہ عنہ એ એ સૌને જંગે યરમૂકમાં ઈસ્લામના વિજય માટે દુઆની દરખાસ્ત કરી, ત્યારે હઝરત અલી અને હઝરત અબ્બાસ رضی اللہ عنہما એ હાથ ઉઠાવીને આ પ્રમાણે દુઆ માંગી કે :–

"હે અલ્લાહ ! અમે એ નબીએ મુસ્તફા રસૂલે મુજતબા કે જેમના વસીલાથી હઝરત આદમ علیہ السلام ની દુઆ કબૂલ થઈ ગઈ અને ખુદાએ તેમને માફ કરી દીધા, એમના જ વસીલાથી દુઆ કરીએ છીએ કે તું હઝરત અબ્દુલ્લાહ બિન કુર્ત પર એમનો માર્ગ સરળ બનાવી દે અને દૂરને નજીક કરી દે અને તારા નબીના સહાબીઓની મદદ કરી તેમને જીત અર્પણ કર."

ત્યારબાદ હઝરત અલી رضی اللہ عنہ એ હઝરત અબ્દુલ્લાહ બિન કુર્ત رضی اللہ عنہ ને કહ્યું કે હવે આપ જાવ. અલ્લાહ તઆલા હઝરત ઉમર, હઝરત અબ્બાસ, અલી, હસન અને હુસૈન અને નબીની પુનિત પત્નીઓ (رضی اللہ عنہم)ની દુઆને રદ નહીં કરે. જ્યારે કે એ લોકોએ એની બારગાહમાં એ નબીનો વસીલો પકડયો છે જેઓ સર્વશ્રેષ્ઠ છે. *(ફુતૂહુશ્શામ, ભાગ–૧, પેજ–૧૦૫)*

## ★ હઝરત ઉમરની દુઆમાં વસીલો ★

હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે અમીરુલ્ મુ'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ જ્યારે એમના ખિલાફતકાળમાં દુષ્કાળ પડી જતો હતો, ત્યારે તેઓ વરસાદ માટે આ રીતે દુઆ માંગતા હતા કે :–

"હે અલ્લાહ ! અમે તારા નબીને વસીલો બનાવીને દુઆ માંગતા હતા ત્યારે તું અમને વરસાદ આપતો હતો. હવે અમે તારા દરબારમાં તારા નબીના કાકા (હઝરત અબ્બાસ)ને વસીલો બનાવીને દુઆ કરીએ છીએ, હવે તું અમને વરસાદ આપ." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૩૭,*





*પ્રકરણ : સવાલુન્નાસ અલ ઈમામુલ ઈસ્તિસ્કા)*

ટૂંકમાં જોઈએ તો સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પછી તાબેઈન, તબેતાબેઈન અને અન્ય પૂર્વકાલીન સદ્ગૃહસ્થોમાં હંમેશાં હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન صلی اللہ تعالٰی علیہ وسلم ની ઝાતે અકદસથી વસીલો અને મદદનો સિલસિલો જારી રાખ્યો અને બિહમ્દિહી તઆલા અહલે સુન્નત વલ જમાઅતમાં આજ સુધી એનો સિલસિલો જારી છે અને ઈન્શાઅલ્લાહ ! તઆલા કયામત સુધી જારી રહેશે. આ બાબતે સેંકડો ઈમાનવર્ધક પ્રસંગો નજર સમક્ષ છે. પરંતુ પુસ્તકની લંબાઈની આશંકાએ કલમ પર કર્ફયુ લાદી દીધો છે. આમ છતાં કેટલાક પ્રસંગો પ્રસ્તુત કરું છું :–

## ★ હુઝૂરે એંસી દીનાર અર્પણ કર્યા ★

સુવિખ્યાત હાફિઝુલ્ હદીષ હઝરત મુહમ્મદ બિન મુન્કદિર (વફાત : હિજરી ૨૦૫)નું બયાન છે કે એક શખ્સે મારા પિતા પાસે એંસી દીનાર અમાનત રૂપે રાખ્યા હતા અને એમ કહીને જેહાદ પર જતો રહ્યો કે મારા પરત ફર્યા સુધી જો તમને એની જરૂર પડે તો તમે ખર્ચ કરી લેજો. પિતાએ દુષ્કાળમાં એ નાણાં ખર્ચી નાખ્યાં. એ શખ્સે જેહાદમાંથી પાછા આવીને તેની રકમની માંગણી કરી. પિતાએ એને વાયદો કરી લીધો કે કાલે આવજો અને રાત્રિ મસ્જિદે નબવીમાં પસાર કરી. ક્યારેક કબ્રે અન્વર સાથે વગળી પડતા, ક્યારેક પવિત્ર મિમ્બરને ભેટતા. એ જ સ્થિતિમાં સવાર થઈ ગઈ. હજુ થોડુંક અંધારું હતું જ કે અચાનક એક શખ્સ દેખાયો. તે એવું કહી રહ્યો હતો કે, હે અબૂ મુહમ્મદ ! આ લો ! પિતાએ હાથ લંબાવ્યો, ત્યારે શું જુએ છે કે તે એક થેલી છે જેમાં એંસી દીનાર છે. સવારે પિતાએ દીનાર એ શખ્સને આપી દીધા.

## ★ કબ્રે અન્વરમાંથી રોટલી મળી ★

વિખ્યાત ગૃહસ્થ અને સૂફી હઝરત ઈબ્ને જિલા رحمۃ اللہ علیہ નું બયાન છે કે હું મદીના મુનવ્વરામાં દાખલ થયો અને ભૂખ લાગેલી હતી. મેં કબ્રે અન્વર પર હાજર થઈને અરજ કરી કે યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالٰی علیہ وسلم "હું આપનો મેહમાન છું." એટલું કહીને ઊંઘી ગયો. સ્વપ્નમાં હુઝૂર નબીયે

કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને એક રોટલી એનાયત કરી. અડધી મેં ખાઈ લીધી. જ્યારે આંખ ખુલી ત્યારે અડધી રોટલી મારા હાથમાં હતી.

## ★ ઈમામ તિબ્રાનીને કેવી રીતે ભોજન મળ્યું ?! ★

ઈમામ અબૂબક્ર મુકરી કહે છે કે હું અને ઈમામ તિબ્રાની અને અબૂ શૈખ ત્રણ હરમે નબવીમાં ભૂખ્યા હતા, જ્યારે ઈશાનો સમય આવ્યો ત્યારે મેં કબ્રે શરીફ પાસે જઈને અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم "અમે સૌ ભૂખ્યા છીએ." આટલું કહીને હું પાછો આવી ગયો. ઈમામ અબુલ કાસિમ તિબ્રાનીએ મને કહ્યું કે, બેઠા થાવ ! રિઝ્ક આવશે અથવા મૌત. અબૂબક્ર મુકરીનું બયાન છે કે હું અને અબૂ શૈખ તો સૂઈ ગયા. પરંતુ તિબ્રાની બેઠેલા હતા કે એક અલ્વીએ આવીને બારણું ખખડાવ્યું. અમે ખોલ્યું, તો શું જોઈએ છીએ કે એમની સાથે બે ગુલામ છે. જે પૈકી દરેકના હાથમાં એક ટોપલી છે. જે ભાત ભાતની વાનગીઓથી ભરપૂર છે. અમે સૌએ ખાધું અને વિચાર કર્યો કે વધેલું ભોજન ગુલામ લઈ જશે. પરંતુ તે બચેલું ભોજન પણ અમારી પાસે મૂકીને જતો રહ્યો. જ્યારે અમે ખાઈ પરવાર્યા ત્યારે અલ્વીએ અમને કહ્યું કે શું તમે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફરિયાદ કરી હતી ?! કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્વપ્નમાં મને હુકમ કર્યો કે હું તમારી પાસે ભોજન લઈ જાઉં.

## ★ એક જુલ્મીને લકવો થયો ★

એક શખ્સે રોઝએ અકદસ પાસે નમાઝે ફજર માટે અઝાન આપી અને જેવું જ તેણે **અસ્સલાતુ ખૈરુમ્મિનન નૌમ** કહ્યું કે મસ્જિદના સેવકોમાંથી એક શખ્સે ઊભા થઈને તેને એક તમાચો મારી દીધો. તેણે રોતાં રોતાં અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم આપના દરબારમાં મારી સાથે આવું વર્તન કરવામાં આવે છે ? એ જ સમયે એ સેવકને લકવો થયો અને એને ત્યાંથી ઉપાડીને લઈ ગયા ત્યારબાદ તે ત્રણ દિવસ પછી મરી ગયો. *(તઝકેરતુલ હુફ્ફાઝ મિસ્બાહુઝ્ઝુલામ અને કિતાબુલ વફા વિગેરે.)*

આ રીતે અંબિયા علیہم السلام અને ઔલિયાએ ઉઝ્ઝામ رضی اللہ عنہم થી વસીલો અને મદદ માગવી જાઈઝ છે બલ્કે ઉત્તમ છે. આ જ કારણ છે કે લાખો ઉલ્માએ રબ્બાનીય્યીન અને ઔલિયાએ કામિલીન





દરેક યુગમાં દીનના બુઝુર્ગોથી ગદ્ય અને પદ્યમાં વસીલો અને મદદ માંગે છે અને આ જ અહલે સુન્નત વલ જમાઅતનો પવિત્ર અકીદો (આસ્થા) છે.

## ★ હઝરત ઈમામે આ'ઝમનો મદદ માટે પોકાર ★

જો અમે એનાં ઉદાહરણો લખીએ તો પુસ્તક બહુ મોટુ થઈ જશે. ઉદારણ રૂપે અમે માત્ર ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના કસીદામાંથી ત્રણ અશ્આર પ્રસ્તુત કરીએ છીએ. જેમાં ઉપર્યુક્ત ઈમામે કેવી રીતે દરબારે રિસાલતમાં પોતાની મદદની યાચના રજૂ કરી છે એને બોધગ્રહણ કરનારી નજરે જુઓ અને આ જ અશ્આર પર અમે અમારું પુસ્તક પૂરું કરીએ છીએ :–

યા સૈયદસ્ સાદાતિ જિઅતુ-ક કાસિદન
અર્જૂ રિદા-ક વઅહ્તમી બિહિમા-ક
અન્તલ્લઝી લવ્લા-ક મા ખુલિકમ્ રૂઉન્
કલ્લા વલા ખુલિકલ્ વરા લવ્લા-ક
અના તામિઉન બિલજુદિ મિન્ક વલમ યકુન
લિઅબી હનીફ-ત ફિલ્ અનામિ સિવા-ક

–*(કસીદએ નોઅ્માનિયા)*

**અનુવાદ** : "હે સૈયદુસ્સાદાત ! હું આપની પાસે ઈરાદો કરીને આવ્યો છું. હું આપની પ્રસન્નતાનો યાચક છું અને આપના આશ્રયસ્થાનમાં આશ્રિત છું. આપની એ હસ્તી છે કે જો આપ ન હોત તો કોઈ શખ્સ પૈદા કરવામાં ન આવતો અને ન તો કોઈ મખ્લૂક અસ્તિત્વમાં આવી હોત. હું આપની દયા અને કૃપાનો અભિલાષી છું. આપ સિવાય સમગ્ર સર્જનમાં અબૂ હનીફાનો કોઈ સહારો નથી."

وآخر دعوانا ان الحمد للہ رب العٰلمین
واکرم الصلوٰۃ وافضل السلام علیٰ سید المرسلین
وآلہ الطیبین واصحابہ المکرمین وعلیٰ اھل
طاعتہ اجمعین برحمتہ وھوارحم الراحمین ۰
اٰمین یا رب العٰلمین

આલેખન પ્રારંભ ૧ જમાદિષ્ષાની, હિજરી ૧૩૯૫, અંત ૧ શાબાન હિજરી ૧૩૯૬

# હદિયએ સલામ

(બ હુઝૂર عليه الصلوة والتسليم)

સલામ અય મુસ્તફા મહબૂબે રહમાં, યા રસૂલલ્લાહ !

સલામ અય મુજતબા મહબૂબે યઝ્દાં, યા રસૂલલ્લાહ !

સલામ અય મત્લએ અન્વારે સુબ્હાં, યા રસૂલલ્લાહ !

સલામ અય મમ્બએ અન્હારે એહસાં, યા રસૂલલ્લાહ !

સલામ અય તાજદારે બઝ્મે ઈમ્કાં, યા રસૂલલ્લાહ !

સલામ અય શહરયારે મુલ્કે ઈર્ફાં, યા રસૂલલ્લાહ !

સલામ અય યાવરે મોહતાજો સુલ્તાં, યા રસૂલલ્લાહ !

સલામ અય ગૌહરે તાજે સુલૈમાં, યા રસૂલલ્લાહ !

સલામ અય કારસાઝે દર્દમંદાં, યા રસૂલલ્લાહ !

સલામ અય સરફરાઝે અર્શે યઝ્દાં, યા રસૂલલ્લાહ !

સલામ અય કિબ્લએ દિલ કા'બએજાં, યા રસૂલલ્લાહ !

સલામ અય રૂહી મિલ્લત જાને ઈમાં, યા રસૂલલ્લાહ !

સલામ અય ખાતિમે દૌરે રસૂલાં, યા રસૂલલ્લાહ !

સલામ અય કાશિફે અસરારે પિન્હાં, યા રસૂલલ્લાહ !

(صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)





بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

# દુઆ

અય ખુદાવંદે જહાં ! અય કિર્દગાર !
તેરી રહમતકા હૂં મૈં ઉમ્મીદવાર

ગો કે મૈં એક બંદએ નાકાર હૂં
બેકસો મજબૂર હૂં, બે યારા હૂં

તેરી રહમત સે મગર દિલશાદ હૂં
નેઅમતોં કે બાગ કા શમ્સાદ હૂં

તૂને ઐસા ફઝ્લ મુઝ પર કર દિયા
રહમતોંસે મેરા દામન ભર દિયા

મેરી કિસ્મત ઈસ તરહ નૂરી હુઈ
સીરતે ખત્મુર્રસૂલ પૂરી હુઈ

કિસ ઝબાંસે શુક્ર તેરા હો અદા
મૈં તેરા બંદા હૂં, તૂ મેરા ખુદા

અય ખુદા ! જબ તક રહેં લૈલો નહાર
હો જહાં મેં હો યે મેરી યાદગાર

ગુન્ચએ ઉમ્મીદ ખિલ કર ફૂલ હો
નૂર કી સરકાર મેં મકબૂલ હો

આંખ રોશન પઢ કે હો દિલ સૈર હો
ઔર મેરા ખાતમા બિલ ખૈર હો

હોં મેરે માંબાપ યા રબ ! જન્નતી
અઝ તુફૈલે રબ્બિ હબ્ લી ઉમ્મતી

મેરે સબ ઉસ્તાદ ભી અહબાબ ભી
જન્નતુલ ફિરદૌસ પા જાએં સભી

કર દુઆએ આ'ઝમી યા રબ ! કુબૂલ
બેહરે અસ્હાબે નબી, આલે રસૂલ

# આસીયોં પર નઝરે રહમત કીજીયે

**અઝ** : હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરી-મુંબઈ
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم શફકત કીજીયે
આસીયોં પર નઝરે રહમત કીજીયે

રોઝે મહશર લબપે હોગી બસ એક સદા
શાફએ ઉમ્મત શફાઅત કીજીયે

દાફએ જુમ્લા બલા ભી આપ હૈં
ગમકો આક઼ા જલ્દ રુખ્સત કીજીયે

ઝિલ્લે ઉમ્મી તા અબદ મુઝ પર રહે
ઉમ્ર મેં ઉન્કી તવાલત કીજીયે

જા રહા હૂં ફિર મદીનેસે હુઝૂર
જલ્દ આનેકી ઈજાઝત દીજીએ

ઈલ્મે નાફેઅ હો અતા મુઝકો હુઝૂર
દૂર મુઝસે અબ જહાલત કીજીયે

દરકે ટુકળોં પર ગુઝારા હૈ મેરા
રિઝ્ક મેં મેરે ભી વુસ્અત કીજીયે

ગૌષે આ'ઝમ કા તસદ્દુક઼ અય હબીબ !
મુઝકો બખ્શિશ કી ઈનાયત કીજીયે

દામને **"શાકિર"** હૈ ફૈલા અય કરીમ
સદક઼ા અચ્છોં કા ઈનાયત કીજીયે

★ ✪ ☆ ✪ ★ ✪





# ★ લાખોં સલામ ★

(અઝ : આ'લા હઝરત "ઈમામ અહમદ રઝા" ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમએ બઝમે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલી
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીકકે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

શબે અસરા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝમે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગરીબોંકે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

કાશ ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર,
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં **"રઝા"**
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ

## અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો ( રૂા. ૨૦૦/–) "વાર્ષિક મેમ્બર"** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબોમાં ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/–) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને–વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

અંજુમને રઝાએ મુસ્તફા, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ,
ફોન નં. (૦૨૬૪૨–૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧)

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)





## "સુન્ની દા'વતે ઈસ્લામી" થકી દીની તા'લીમ તથા તર્બિયત મેળવી મુબલ્લિગ બનો !

### મદ્રસા બરકાતે ખ્વાજા–આમોદ ખાતે.....

- ❊ કુર્આન શરીફ સહી પઢતાં શીખવાડવામાં આવે છે.
- ❊ ઈબાદતોના અરકાન તથા તેને લગતા મસાઈલ શીખવાડવામાં આવે છે.
- ❊ સરકારે દો જહાં ﷺ ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ મહોબ્બત જગાડી તેની તાલીમ આપવામાં આવે છે.
- ❊ દીનના મુખ્લિસ મુબલ્લિગ તૈયાર કરવા દીની ઈલ્મી જ્ઞાન પીરસવામાં આવે છે.

**દીનના હમદર્દ નવ યુવાનોને અપીલ છે કે દુનિયા કમાવાની સાથોસાથ** દીની પ્રચારની પણ ફિક્ર પેદા કરો અનેત્રણ માસ, છ માસ કે એથી વધુ જ્યાં સુધી રહી શકો **આમોદ**માં ઉમદા કારી–મુબલ્લિગો થકી તાલીમ મેળવો અને દીનના કામમાં લાગી જાવ.

**વિનંતિ : ઉપરાંત આપણા આ મદ્રસામાં કારી, હાફિઝના રેગ્યુલર વર્ગો પણ ચાલે છે તો આપનાં ઝહીન બાળકોને અહીં દાખલો અપાવો, જ્યાં ખાવા, પીવા, રહેવાની મફત સગવડ છે. તેમજ સખી દાતાઓ દરેક રીતે ભરપૂર સહકાર કરે તેવી નમ્ર અપીલ છે.** એ માટે નીચેના સરનામે સંપર્ક કરો :–

MADRASA BARKATE KHWAJA-AMOD
PH. (02641) 246192, 246292
GRWB/056/BHARUCH/02
At. Amod, Char Rasta, Di-Bharuch-Guj.

**મદ્રસા બરકાતે ખ્વાજા**

ઠે. ચાર રસ્તા, રઝા મસ્જિદ પાસે, મુ. **આમોદ**, જિ. ભરૂચ પિન : ૩૯૨૧૧૦,
ફોન નં : (૦૨૬૪૧–૨૪૬૧૯૨) અથવા(૦૨૬૪૨–૨૮૨૯૧૧)